Advertise,(ઍડ્વર્ટાઇઝ્)*vt.* [L. *ad* & *verto*, I turn.] To publish:જાહેર કo; પ્રસિદ્ધ કo; જાહેર ખબર આપવી. 2. To inform: જણાવવું.
Advertisement,(ઍડ્વર્ટાઇઝ્મેન્ટ્) *a.* Public notice;intelligence:જાહેર ખબર-નામું,વિજ્ઞાપના.
Advice,(ઍડ્વાઇસ્)*n* [L.*ad* & *video*,I see] Suggestion;counsel:સલાહ; ઉપદેશ, બોધ. 2. (*pl*) Intelligence; notice: સમાચાર; બાતમી.
Advisable,(ઍડ્વાઇઝ઼બલ્) *a* Prudent; fit:મુનાસબ; લાયક; ઉચિત; યોગ્ય; દુરસ્ત; ઠીક.
Advisability, (ઍડવાઇઝ઼બિલિટિ) } *n.* Qua-
Advisableness,(ઍડ્વાઇઝ઼બલ્નેસ્) } lity of being advisable:લાયકાત; યોગ્યતા.
Advise,(ઍડ્વાઇઝ્) *vt.* To counsel; to admonish:સલાહ આપવી;શિખામણ દેવી;બોધ કo.2.To inform;to apprise: જણાવવું; માહિત કo;ખબર આપવી. *vi.* To deliberate:વિચારવું;વિચાર કo.
Advocacy,(ઍડ્વૉકસિ) *n.* Defence;vindication:વકીલાત; ઉપરાણું; પક્ષ; હિમાયત.
Advocate,(ઍડ્વૉકેટ્)*n.*[L.*ad* & *voco*,I call.] A counsellor; a pleader;an intercessor:મધ્યસ્થ;વકિલ;હિમાયતી;પક્ષધારી.*vt.* To support: પક્ષ ધરીને બોલવું;હિમાયતકo;-ની તરફેણ કo.
Abvowson,(ઍડવાઉસન્)*n.* [L. *ad* & *voco*, I call.]:દેવળમાં પાદરી મુકરર કરવાનો હક.
Adytum,(ઍડીટમ્) *n.* [L.] A secret place: છુપી જગા;રહસ્ય સ્થળ. [તાસણી.
Adze,(ઍડ્ઝ) *n.* A carpenter's tool: વાંસલો;
Aegis,(ઇજીસ્) *n.* [L *agis*, a goat skin.] A shield: ઢાલ. 2. Protection: રક્ષણ.
Aerial,(ઍઈરિઍલ્)*a.* Pertaining or belonging to air: હવા સંબંધી;હવાઇ;વાયુરૂપ; વાતમય; આકાશસ્થ;વાયુગામી.2 High;lofty:ઉંચું;ઉન્નત.
Aeriform,(ઍઅરિફૉર્મ્)*a.*[L.*aer*,air & *forma*, form.]Having a form of air:વાયુરૂપ;હવા જેવું.
Aerify,(ઍઅરિફાઈ)*vt.*[L *aer* & *facio*,I make.] To infuse air into: હવાથી ભરવું. 2. To change into air:હવાની સ્થિતિમાં રૂપાંતર કo.
Aerolite,(ઍઅરૉલાઈટ્)*n* [Gr. *aer* & *lithos*, a stone.] A meteoric stone: ખરતા તારામાંથી પડેલો પથ્થર;ઉલ્કા.
Aerology,(ઍઅરૉલૉજી) *n.* [Gr, *aer* & *logos*, discourse.] A treatise on the air:વાયુવર્ણન.
Aerometer,(ઍઅરૉમેટર્)*n.*[Gr.*aer* & *metron*, measure.] An air measurer:વાયુમાપક યંત્ર;

હવામાન;હવાનુ વજન કરવાનું યંત્ર.

Aeronaut,(ઍઅરૉનૉટ્)*n*.[Gr.*aer* & *nautes*,a sailor.] આકાશગામી; વિમાનમાં ફરનારો.

Afar,(ઍફૉર્)*adv*.At a distance:દુર; લાંબે;છેટે.

Affability,(ઍફ્ફૅબિલિટિ)*n*.Civility;urbanity: સભ્યતા;ભલમનસાઇ;સુજનતા;અશરાફી;ભલાઇ.

Affable,(ઍફ્ફૅબલ્)*a*.[L.*ad* & *fari*,I speak.] Courteous:મળતાવડું; મિલનસાર;ભલું;સભ્ય.

Affair,(ઍફ્ફેર્)*n*.[L. *ad* & *facio*, I do.] Business;transaction:કામ;કાર્ય;વ્યાપાર;મામલો;ખટપટ.2. An endeavor: પ્રયાસ; પ્રયત્ન.

Affect,(ઍફ્ફેક્ટ્)*vt*. [L.*ad* & *facio*,I do.] To act upon:અસર ક૦-થવી;2.To touch:પીગાળવું; અસર ક૦.To make a show of:ડોળ ઘાલવો;ઢોંગક૦.

Affectation,(ઍફ્ફેક્ટેશન્)*n*. False pretence: ઢોંગ;ડોળ;આરોપ;તોર;દંભ;અભિનય;હાવભાવ;નખરાં.

Affected, (ઍફ્ફેક્ટેડ્)*pa*. Given to false show:ઢોંગી; દંભી. 2. Not natural: ઢોંગ ભરેલું; કૃત્રિમ;મિથ્યા;દાંભિક.*Well* a. *to*:નિષ્ઠ;સક્ત;વફાદાર.

Affection,(ઍફ્ફેકશન્)*n*.Fondness:મમતા;સ્નેહ; પ્રીતિ; પ્રેમ; અનુરાગ; વાત્સલ્ય; પ્યાર.

Affectionate-ed,(ઍફ્ફેકશનેટ્-ટેડ્)*a*.Loving; tender:મમતાળુ;માયાળુ;પ્યારૂ;સ્નેહશીલ;વત્સલ.

Affiance, (ઍફ્ફાઇઍન્સ્) *n*. [L. *ad* & *fido*, I trust.]Trust:confidence:ભરોસો;વિશ્વાસ;શ્રદ્ધા. 2.Marriage contract:વિવાહ;વેવિશાળ; સગાઈ. *vt*. To betroth: વિવાહ-સગાઇ ક૦.

Affidavit, (ઍફ્ફિડેવિટ્) *n*. [L. *ad* & *fido*, I trust.] (*Law*)A sworn statement in writing:કસમપર જુબાની; ઇકરારનામું; ઈકરાર.

Affiliate, (ઍફ્ફિલિઍટ્) *vt*. [L. *ad* & *filius*, a son.] To adopt: દત્તક કરી લેવું.2. To ally: સાથે જોડવું;મેળવવું.3.To receive into society: મંડળીમાં દાખલ કરી ગુપ્ત વાતોથી જાણીતું ક૦.

Affiliation,(ઍફ્ફિલિઍશન્)*n*.Adoption:દત્તકકરી લેવું તે.2.The assignment of a bastard to its father:છિનાળાના છોકરાનેતેના બાપને સ્વાધીન કરવો.

Affinity, (ઍફ્ફિનિટિ)*n*.[L.*ad* & *finis*,boundary.] Relationship by marriage: લગ્નસંબંધ;યોગ.2.Conformity; relation: મળતાપણું; સરખાપણું. 3. Attraction: સ્નેહાકર્ષણ.

Affirm,(ઍફ્ફર્મ)*vt*.[L.*ad* & *firmus*,strong.] To confirm: બહાલ-મંજુર રાખવું; કાયમ ક૦. 2. To assert with confidence: હા કહેવી; ખાતરીથી બોલવું; નિશ્ચયપૂર્વક કહેવું. *vi*. To declare positively:ખાત્રિપૂર્વક કહેવું.2.To testify under affirmation:સોગન-પ્રતિજ્ઞા ઉપર જુબાની આપવી.

Affirmation,(ઍફ્ફર્મેશન્)*n*. Averment: દૃઢ પ્રમાણ-વચન;હકાર 2.Ratification:બહાલી;મંજુરી. 3 A solemn declaration:પ્રતિજ્ઞા;ઇકરાર;સોગન.

Affirmative,(ઍફ્ફર્મેટિવ્)*a*.Asserting as opposed to negative:હા છે એમ બતાવનારૂ.2.Confirmative:સ્વીકાર-અંગીકારસૂચક. 3. Positive: જેમાં+ચત્તાનું ચિન્હ હોય તેવું.*n*. A word expressing assent, as, yes: હા;હકાર;વિધિવાક્ય.

Affix, (ઍફ્ફિક્સ્) *vt*. [L. *ad* & *figo*, I *fix*.] To unite;to connect:જોડવું;લગાડવું;સાંધવું.*n*.A suffix:શબ્દને છેડે જોડેલો અક્ષર;પ્રત્યય.

Afflatus, (ઍફ્ફ્લેટસ્)*n*.[L. *ad* & *flo*, I breathe.] A breath; a blast of of wind: શ્વાસ; પવનનો સપાટો તે. 2. Inspiration:ઇશ્વરપ્રેરણા.

Afflict, (ઍફ્ફ્લિક્ટ્) *vt*. [L. *ad* & *fligo*, I strike.]To torment;to grieve;to harass:પીડવું;દુઃખ દેવું;રીબાવવું;કષ્ટ દેવું; દુઃખી કરવું.

Afflicting,(ઍફ્ફ્લિક્ટિન્ગ્)*pa*. Grievous;painful: પીડાકારક; દુઃખ કરે તેવું; દુઃખદ.

Affliction, (ઍફ્ફ્લિક્શન્)*n*. Cause of pain: દુઃખનું કારણ.2.Distress:કલેશ;ખેદ;પીડા;કષ્ટ;દુઃખ.

Afflictive, (ઍફ્ફ્લિક્ટિવ્)*a*.Painful: દુઃખકારક; ખેદયુક્ત;પીડાકારી;કલેશાવહ;દુઃખદાયક;કલેશકારક.

Affluence, (ઍફ્ફ્લ્યૂએન્સ્) *n*. Exuberance; wealth;opulence:સમૃદ્ધિ;દોલત;સંપત્તિ;છત;લક્ષ્મી.

Affluent,(ઍફ્ફ્લ્યૂએન્ટ્)*a*.Wealthy:શ્રીમંત;ધનવાન.*n*.A stream:નાની નદી;વહેળીયું;વોંકળુ;ઉપનદી.

Afflux, (ઍફ્ફ્લક્સ્)*n*.[L. *ad* & *fluo*,I flow.] A flowing to: વહેવું તે; પ્રવાહ; છોળ.

Afford,(ઍફ્ફૉર્ડ્)*vt*.[L.*ad*&*forum*,a market.] To reduce; to yield:;નિપજવું; દેવું;-આપવું. 2. To be able to sell,expend or grant:પાલવવું; પરવડવું;શક્તિમાન હોવું. 3. Confer: આપવું;દેવું.

Affray,(ઍફ્ફ્રે)*n*.[L. *ad* & *frigidus*, cold] Encounter; fight:મારામારી;લડાઇ. 2. Tumultuous quarrel:ટંટો;બખેડો;દંગો; ફિસાદ;તોફાન.

Affright,(ઍફ્ફ્રાઇટ્)*vt*.To alarm;to frighten: ભડકાવવું;બિવડાવવું.*n*. Terror: ભય; બીક; ત્રાસ.

Affront,(ઍફ્ફ્રન્ટ્)*n* [L *ad* & *frons*, front.] Insult;outrage:અપમાન; અવજ્ઞા;માનભંગ; તિરસ્કાર.*vt* To offend; અપમાન ક૦; માઠું લગાડવું.

Affusion, (ઍફ્ફ્યૂઝન્)*n*. [L. *ad* & *fundo*, I pour.] Act of pouring upon:રેડ;ધાર.

Afloat,(ઍફ્લૉટ્)*adv*.or *a*. Floating:તરતું;ફેલાતું.2.Moving without control:બારેવાટ જતું.

Afoot, (ઍફુટ્) *adv*. On foot: પગે ચાલતાં. 2. In action: ચાલુ;જારી.

Afore, (ઍફૉર્) *prep*, Before:આગળ; પૂર્વે.

Aforesaid, (ઍફૉર્સેડ્) *a*. Recited before: પ્રથમ કહેલું; સદહું; પૂર્વોક્ત; મજકુર.

Aforetime,(ઍફૉર્ટાઇમ્) *adv* In a former time:આગલા વખતમાં;અસલના વખતમાં;ગતકાલમાં.

Afraid,(ઍફ્રેડ્)*a*.[*pp*,of *afray*.] Impressed with fear; fearful: ભયભીત;બીનેલું; ભયાન્વિત.

Afresh,(ઍફ્રેશ)*adv*.Again:ફરીથી;તાજું;બીજીવાર.

Aft, (ઍફ્ટ્)*adv*. & *a*.Astern; abaft: વહાણના પાછલા ભાગમાં; ડબુસાનું.

After, (ઍફ્ટર્)*a. adv.* More aft: વધારે પાછળ. 2.Later in time:હવે પછીનું;આવતું;પછી. *prep.* Later in time:પછી.2.Behind in place:પાછળ; પછી.3.Following:પાછળ;શોધમાં.4.In imitation of:મુજબ;અનુસાર;પ્રમાણે.5.Concerning:વિષે.

After-ages, (ઍફ્ટર્-એજેઝ્)*n.(pl.)*Posterity: હવે પછીનો જમાનો;ઉત્તરકાલ;પુત્રપૌત્ર;અનુજ.

After-all, (અફ્ટર્-ઓલ્) *adv.* When all has been said or done: અંતે;સઘળું છતાં;આખરે.

After-birth, (ઍફ્ટર્-બર્થ્)*n.* The placenta in which the fetus is involved: ઓર.

After-life, (ઍફ્ટર્-લાઇફ્) *n.* Old age: ઉત્તર વય;ઉત્તરકાળ;વૃદ્ધાવસ્થા.૨.પેલે જન્મ;આગળ.

After-noon, (ઍફ્ટર્-નૂન્)*n.*The part of the day following noon:પાછલો પહોર;વિકાલ.

After-pains, (ઍફ્ટર્-પેન્ઝ્)*n.(pl.)*The pains succeeding child-birth:પ્રસવ પછીની વેદના.

After-thought,(ઍફ્ટર્-થૉટ્)*n.* Subsequent thonght:પશ્ચિમ બુદ્ધિ;પાછળથી ઉઠેલો વિચાર.

Afterword-s, (ઍફ્ટર્વર્ડ્-ડર્ઝ્) *adv.* Subsequently:પછી;પછવાડે;આગળ;વળતી.

Again, (ઍગેન્) *adv.* Another time; once more:ફરીથી;વળી.2.In return:જવાબમાં;પાછો.

Against,(ઍગેન્સ્ટ્) *prep* Facing: opposite to:સન્મુખ;સામું.2.In opposition to:વિરૂદ્ધ;ઉલટું.

Agape,(ઍગેપ્) *adv.*or *a.*Having the mouth wide open:ડાચું ફાડીને; મોહું વિકાસીને.

Agate,(ઍગેટ્)*n.*A precious stone;a variety of quartz:ગોમેદ;અકીક.2. એક જાતના અક્ષરો.

Age, (એજ્)*n.* [L. *ætas*, age.] Whole duration:આવરદા;આયુષ્ય.2.Part of duration:ઉમ્મર; વય. 3. Decline of life: ઘડપણ;વૃદ્ધાવસ્થા. 4. Mature years:પાકી-લાયક ઉમ્મર. 5. Generation:પેઢી. 6. Century:સૈકો;સદી.6.યુગ;જમાનો.

Aged, (એજેડ્) *a.* Old:વૃદ્ધ;બુઢું;ઘરડું;જીર્ણ.

Agency, (એજેન્સિ) *n.*[L. *ad* & *ago*, I do.] Instrumentality:આડત;કારણ;મારફત.2.Power; action:સત્તા;શક્તિ;કર્તૃત્વ.3.આડત; ગુમાસ્તગિરી.

Agent, (એજેન્ટ્) *n.* One exerting power: કર્તા;કારક.2.An attorney;a substitute:વકીલ; આડતિયો;મુનીમ;પ્રતિનિધિ;ગુમાસ્તો 3.An active cause or power:શક્તિ;હેતુ;કારણ; સાધન.

Agglomerate, (અગ્ લૉગ્મ રેટ્) *vt.* [L. *ad* & *glomero*, I wiud up.]To wind into a ball: ગોળ વિંટાળવું;પિંડ કo;વાળવું.*vi.*To gather into a mass: ગોળો થઇ જવો; ઢગલો થઈ જવો.

Agglutinate, (અગ્-ગ્લૂટિનેટ્) *vt* [L. *ad* & *glutino*, I glue.] To canse to adhere; to unite:ચોંટાડવું;વળગાડવું.

Agglutination,(અગ્-ગ્લૂટિનેશન્)*n.*Adhesion (of parts);union(ofwords):સંબંધ;સંયોગ;મિલાપ.

Aggrandize, (ઍગ્રૅન્ડાઇઝ્)*vt.*[L.*ad* & *grandis*, large.] To increase: મોટું કo; વધારવું; વૃદ્ધિ કo.2.To promote:ચઢાવવું;ઉન્નતિ કo.

Aggrandization,-Aggrandizement, (ઍગ્રૅન્ડાઇઝેશન્, ઍગ્રૅન્ડાઇઝ્મેન્ટ્)*n.* Exaltation:ચઢતી;વૃદ્ધિ;ઉત્કર્ષ;ઉન્નતિ; ઉદય; અભ્યુદય.

Aggravate,(ઍગ્રૅવેટ્) *vt.* [L. *ad* & *gravis*, heavy.] To increase:વધારો કo.2. To make worse: વધારવું; વધારે ખરાબ-ભારે કo 3. To exaggerate:અતિશયોક્તિ કo;4.To tease:ખીજવવું.

Aggravation, (ઍગ્રૅવેશન્) *n.* Addition to what is wrong:વધારે ખરાબ કo તે. 2.Heightened description:અતિશયોક્તિ.3. Provocation:ખીજવણી;ઉદ્દીપન;પ્રકોપ.

Aggregate,(ઍગ્રીગેટ્)*vt.* [L. *ad* & *gregis*,a herd.]To collect:ભેગું કo;એકત્ર કo;સંગ્રહ-સંચય કo.*n.*A mass:સંગ્રહ;સમૂહ;સમુદાય;જથો.*a.*Formed into a mass:એકંદર;જુમલે;કુલ; એકત્ર.

Aggregation, (ઍગ્રીગેશન્) *n.* Collection: સમૂહ; જુમલો; સમુદાય; જથો.

Aggress, (ઍગ્રેસ્) *vt.* [L. *ad* & *gradus*, a step.]To invade first:પહેલી ચઢાઇ કo;પહેલ કo. *n.*Attack:પહેલો હુમલો;પહેલ.

Aggression, (ઍગ્રેશન્)*n.* An assault:પહેલી [ચઢાઇ;કજીઆનીપહેલ.

Aggressive, (ઍગ્રેસિવ્)*a.*Making first attack:પહેલો હુમલોકરે તેવું;કજીઓ શોધતું;પહેલકરતું.

Aggrieve, (ઍગ્રીવ્) *vt.* [L. *ad* & *gravis*, heavy.] To afflict:દુઃખ દેવું;સંતાપવું;જુલમ કo.

Aghast, (ઍઘસ્ટ્)*adv.* or *a.* Stupified with horror:ગભરાયલું;બાવરું;હેરતમંદ;બિયેલું;ભયભીત.

Agile, (ઍજીલ્) *a.* [L. *ago*, I do.] Active; nimble: ચપળ;ચકોર;ચાલાક;ચંચળ.

Agileness,(ઍજીલ્નેસ્) } *n.*Activity; Liveli-
Agility, (ઍજીલિટિ) } ness: ઝડપ; ચાલાકી.

Agitate, (ઍજીટેટ્)*vt.*[L.*ago*,I do.] To move violently:ખળભળાવવું;હલાવવું.2. To perturb: વ્યાકુળ કo;વ્યગ્ર કo;ગભરાવવું 3.To debate:વાદવિવાદ કo;ચર્ચવું; ચર્ચાવવું; ચર્ચા-ચળવળ ચલાવવી.

Agitation, (ઍજીટેશન્)*n.* Commotion:ખળભળાટ.2.Excitement: મનનો ગભરાટ; વ્યાકુળતા; ઉદ્વેગ. 3. Discussion:સંવાદ; વાદવિવાદ; ચર્ચા.

Agitator,(ઍજીટેટૉર્)*n.*One who excites(discontent): ખળભળાટ મચાવનાર;ક્ષોભક.

Agnate, (ઍગ્નેટ્) *a.* [L.*ad* & *natus*, born.] Related by father's side:સગોત્ર;ગોત્રજ.2.Allied:સંયુક્ત;સંબંધ ધરાવતું.*n.* See **agnation.**

Agnation,(ઍગ્નેશન્)*n.*Relation by father's side only:ગોત્રસંબંધ;પિતૃપક્ષનો સંબંધ.

Ago, (ઍગો) *a.*or *adv.*Past;gone: થયું; ગયું;વાત ઉપર;અગાઉ;ઉપર. [eagerness: આતુર;ઉત્કંઠિત.

Agog,(ઍગૉગ્)*a* or *adv.* Highly excited by

Agoing, (ઍગોઇન્ગ્)*adv.*In motion:ચાલુ;જારી.

Agonize, (ઍગોનાઇઝ્)*vt.* [Gr. *agon*,a strug-

gle.]To torture:અતિ દુ:ખ દેવું;રીબાવવું;કષ્ટ આપવું.*v.t.*To feel extreme pain:અતિ વેદનાથવી; રીબાવું. [કષ્ટ; સંતાપ; વેદના; વ્યથા; પીડા.

Agony, (ઍગૅાનિ) *n.* Anguish; pangs: અતિ

Agrarian,(ઍગ્રૅરિઍન્) *a.* [L. *ager*, a field.] Relating to land:જમિન-ક્ષેત્ર-ભૂમિસંબંધી-વિષે.

Agree(ઍગ્રી)*vi.*[L.*ad* & *gratus*, pleasing.] To concur:એકમત-સમંત થવું.2.To be in concord:સંપસંપીને રહેવું;બનવું.3.(*to*)To yield assent to:કબૂલ રાખવું.4.To come to terms:કરાર-બોલી કo.5.To resemble: મળતું આવવું. 6.To suit:માફક આવવું;સદવું.*vt.*To be of one mind: એકમત થવું.2.To make friends:મિત્રાચારી બાંધવી;પાછા જોડાવું.

Agreeable, (ઍગ્રીઍબલ્) *a.* Conformable: માફક;અનુકુળ.2.In accordance:મુજબ;પ્રમાણે;3. Pleasant;welcome:ખુશકારક; મનગમતું; પ્રિય.

Agreement, (ઍગ્રીમેન્ટ્)*n.*Union;harmony: સંપ;ઐકય;બનાવ;મેળ 2.Concord:સમન્વય;એકરૂપતા.3.A bargain;a contract:સાટું;બોલી;શરત; ઠરાવ;કબૂલત. *Written* a.:કરારનામું.

Agricultural,(ઍગ્રીકલ્ચ્યૂરૅલ્)*a.*Relating to husbandry: ખેતીવાડી સંબંધી.

Agriculture,(ઍગ્રીકલ્ચ્યૂર્)*n.*[L.*ager*, field & *colo*,I till.]Husbandry:ખેતીવાડી;ખેતી;કર્ષણ

Agricluturist,(ઍગ્રીકલ્ચ્યૂરિસ્ટ્) *n.* A husbandman:ખેડુત;કૃષિવલ;ક્ષેત્રી;વૈશ્ય.

Ague,(ઍગ્યૂ)*n.* [L.*acuo*, I sharpen.] Chilliness:શીત;કંપ; ધૂજારી. 2. An intermittent fever: ટાઢિઓ તાવ.*Tertian* a.:એકાંતરીઓ તાવ. *Quartian* a.: ચોથીઓ તાવ.

Ah,(આં) *interj.* An exclamation: હં ! હેં !– અરેરે ! હાયહાય !–છટ! છિ! હત! વાહવા! શાબાશ! અહહ–અધધધ ! ઓ ! ઓરે !

Ahead,(ઍહેડ્)*adv.*Further on: સામે; અગાડી; મોખરે;આગળ 2.Headlong:ઊંધેમાથે;વગરવિચારે.

Aid,(ઍડ્)*vt.*[L.*ad* & *juvo*,I help.]To assist; મદદ-સહાય કo;કુમક આપવી.*n.* Help; support: કુમક;આશ્રય.2,A helper:મદદ કરનાર;મદદગાર.

Aid-de-camp,(ઍડિકૉંગ્)*n.* (Fr.) An officer attendant on a general: મુસાહીબ; નકીબ.

Ail,(ઍલ્)*vt.*To pain:દુ:ખ દેવું;પીડા કo.*vi.*To be in uneasiness:દુ:ખ થવું;પીડાવું;*n.*Pain;દુ:ખ;દરદ.

Ailment,(ઍલ્મેન્ટ્)*n.*Indisposition:દરદ; રોગ; દુ:ખ;વ્યાધિ;બેચેની;અસુખ;આજાર

Aim,(ઍમ્)*vi.* [L. *oestimo*, I estimate.] To point at with a missive weapon:તાકવું;નિશાન ધારવું.2. To endeavour after:-નો લોભ-પ્રયત્ન કo;ઈચ્છા થવી;તાકવું;તકાવવું.*vt.*To direct(a weapon):નેમ તાકવો.*n.*The object aimed at: નેમ; નિશાન;ચોટ.Purpose;intention: ધારણા; હેતુ; મુરાદ;લક્ષ;આશય.3.Conjecture: કલ્પના; અટકળ.

Air,(ઍર્)*n.*[L. *aer*, air.] Atmosphere: હવા; વાયુ;પવન;વાતાવરણ.2. Breeze:પવનની લહેર. 3. Publicity;જાહેરાત;પ્રકાશ.4. A tune;રાગ;સુર;તાલ. 5.The peculiar look,manner,mien or carriage of a person:ચહેરો;દેખાવ;આકાર;મુદ્રા;રૂપ; ડોળ.6.(*pl.*)Haughtiness:અક્કડાઇ; મિજાજ; પત્રાજી.*v.t.*To ventilate;હવામાં મુકવું;સુકવવા મુકવું.

Air-gun(ઍર્ગન્)*n.*A gun to discharge bullets by means of air:હવાભરીને ફોડવાની બંદુક.

Air-hole,(ઍર્–હોલ્) *n.* A hole to admit or discharge air:જાળીયું;બારી;વાતાયન;ગવાક્ષ.

Airiness,(ઍરિનેસ્)*n.* Gaiety;liveliness: ખુશ મિજાજ;મોજ;2.Exposure to the air:ખુલ્લીહવા.

Air-pump,(ઍર્પમ્પ્)*n.*A pump for exhausting the air from a vessel:વાતાકર્ષક-વાતશોષકયંત્ર.

Airy,(ઍરિ)*a.*Consisting of air:વાયુરૂપી; હવાવાળું.2.Open to air-હવાવાળું.3.Unsubstantial:ફોકું;હલકું;નકામું;અસાર 4 Vain:ફોકટ; વ્યર્થ; પોકળ;ખાલી.5.Gay;lively:આનંદી;રંગીલું;મોજી.

Aisle,(આઇલ્)*n* [L *ala*,a wing.](*a*)A wing or side of a church:દેવળની બાજુનો ભાગ. (*b*) A wing of a building:મકાનનીબાજુ-પડખુ-ભાગ-પાંખ.

Ajar,(ઍજાર્)*adv.*Partly open: અડધું ઉઘાડું.

Akin,(ઍકિન્)*a.*Related to:સગું;સંબંધી;સગોત્ર; સજાતીય 2 Resembling:મળતું;સરખું;સમાન;જેવું.

Alabaster,(ઍલૅબૅસ્ટર્)*n.*(Gr.*a.*& *alabe*,a handle.]A kind of stone resembling marble: આરસપહાણના જેવો એક જાતનો પત્થર.

Alack-a-day,(ઍલૅક્,ઍલૅકડે)*interj.* An exclamation expressive of sorrow:હાય હાય! અફસોસ !

Alacrity, (ઍલૅક્રિટિ) *n.* [L. *alacer*, lively.] Liveliness;આનંદ;ઉત્સાહ;હોંશ 2.Promptitude: ઉલટ;ઉતાવળ;શીઘ્રતા.

Almode,(આંલૅમોડ્) *adv.* According to the fashion:રિવાજ-રીતિ પ્રમાણે.*n.*કાળું ઝીણું રેશમ.

Alarm,(ઍલાંર્મ્)*n.* A call to arms: હથિઆર બંધ થવાનો--સજ્જ થવાનો હુકમ.2. A signal of danger:ભયનીસૂચના-ચેતવણી;ભયધ્વનિ.3.Fright; terror:ધાસ્તી;દહેશત; ત્રાસ; ભય. *vt.* To call to arms:હથિયાર સજ્જ કરવા હુકમ કo. 2. To surprise with fear:ચોંકાવવું;ભયભીતકo;બ્હીવડાવવું. 3.To give notice of danger:ભયનીખબરઆપવી.

Alarm-bell, (ઍલાંર્મ્બેલ) *n.* A bell giving notice of danger:ભયની ચેતવણી આપનાર ઘંટ.

Alarming,(ઍલાંર્મિંગ્)*pa.* Terrifying: બીવડાવતું;ત્રાસજનક; ભયાનક; ચેતવણી આપતું.

Alas,(ઍલૅસ્)*interj.* An exclamation expressive of weariness,grief,pity,etc:અરેરે!હાય! હાય હાય ! અફસોસ !તોબા ! તોબા !

Albeit (ઑલ્બીઇટ્) *adv.* [*all*, *be* & *it.*] Notwithstanding;although:તોપણ;અગરજો કે.

Albino,(અલ્બીઇનો)*n.*A person whose skin & hair are preternaturally white: અદ્ભુત ધોળી ચામડી તથા વાળવાળું માણસ.

Album,(અલ્બમ્)*n.*[L.*albus*,white.]A blank book for the insertion of autographs of celebrated persons: પ્રખ્યાત માણસોનાં ચિત્ર વિગેરે સંગ્રહ કરવાની કોરી ચોપડી.

Albumen, (ઍલ્બ્યૂમેન્) *n.* The white of an egg;ઇંડાની સફેતી.[alchemy:કીમિયાગર;રસાયણી

Alchemist,(ઍલ્કેમિસ્ટ્)*n.*One who practises

Alchemy-ymy(ઍલ્કેમિ--કિમિ)*n.* A science, which aimed to transmute metals into gold:રસાયન;કીમિયો;રસવિદ્યા; રસસિદ્ધિ.

Alcohol, (ઍલ્કોહોલ્) *n.* Pure spirits: દારૂનો અર્ક;મદ્યસાર;મદ્યાર્ક.

Alcove, (ઍલ્કોવ્) *n.* A recess containing seats for company: એકાંત સ્થળ; એકાંત. 2. A recess in a garden:કુંજ;વાડીનો માંડવો;પર્ણશાળા.

Alderman,(ઑલ્ડર્મેન્)*n.*A magistrate of a town corporate:શહેરનો કોટવાળ; મતાદાર.

Ale,(એલ્)*n.*A liquor made from an infusion of mat જવનો બનાવેલો એક જાતનો દારૂ.A. *house*:પીઠું;કલાલની દુકાન.

Alert,(અલર્ટ્)*a.*[L *rego*,I rule.]Vigilant: સાવધ;જાગૃત;સાવધાન.2. Brisk:ચંચળ;ચપળ.

Alertness,(ઍલર્ટ્નેસ્)*n.*Vigilance:હોશિયારી; સાવધપણું: ચંચળાઈ;ચપળતા.

Algebra, (ઍલ્જબ્રૅ)*n.*The science of computing by symbols: બીજગણિત; અક્ષરગણિત.

Algebraic-al, (ઍલ્જીબ્રૅઇક્-કલ્)*a* Pertaining to Algebra:બીજગણીતને લગતું; બીજવિષયક.

Alias, (ઍલિઍસ્) *adv.* [L. *alius*, other.] Otherwise: ઉર્ફે; બીજે નામે; બીજું નામ.

Alibi, (ઍલિબિ) *n* [L] Elsewhere: અન્યસ્થળે.

Alien,(ઍલ્યેન્)*a.*[L. *alius*, another.] Foreign: પરાયા દેશનું; પારકું;વિદેશીય;પરાયું. 2. Adverse:વિરૂદ્ધ;ઉલટું;ભિન્ન;વિરોધી.*n.*A foreigner: પરદેશી; વિદેશી; અજાણ્યો; બીનઓળખીતો.

Alienable,(ઍલ્યેનૅબલ્) *a.* Capable of being transferred or sold to another: બીજાને નામે ચઢાવાય--વેચાય--હવાલે કરાય તેવું.

Alienate, (ઍલ્યેનેટ્) *v. t.* To transfer to another: બીજાને હવાલે ક૦;સોંપવું 2.(with) To estrange:સ્નેહ તોડવો;પ્યાર ઉતારવો.*a.*Estranged:તજાયેલું; છૂટું પડેલું;ઉલટું;વિરૂદ્ધ.

Alienation, (ઍલ્યેનેશન્) *n.* A transfer of title,etc:હવાલો;વેચાણ;ઇનામ;બહારખળું.2. An estrangement:જુદાઇ;મન ઉતારો;વિરાગ;વિરક્તિ. 3. Delirium: બેશુદ્ધિ;ચિત્તભ્રમ;ઘેલછા.

Alight,(ઍલાઈટ્) *vi.* To dismount:(ગાડી ઘોડેથી) ઉતરી પડવું--નીચે ઉતરવું.2. To lodge: મુકામ ક૦;ઉતરી-આવી બેસવું;ઉતરવું;પડવું.

Align,(ઍલાઇન્)*vi.* [L *a.* & *linea*, a line.]To form in a line:હારબંધ ઉભું રહેવું-ગોઠવવું.2.To lay out a ground plan:ખુંટીઓ મારી હદ મુકરર ક૦.

Alike,(ઍલાઇક્)*a.* Similar;like: સમાન; સરખું; બરાબર; તુલ્ય;સમ.*adv.* In the same manner or form: તેજ પ્રમાણે; સરખી રીતે.

Aliment,(ઍલિમેન્ટ્)*n* [L.*alo*,I feed.]Food; nutriment:આહાર;ભોજન;ખોરાક;અન્ન;પોષકદ્રવ્ય.

Alimony,(ઍલિમોનિ)*n.*[L.*alo*,I feed.]An allowance to wife, legally separated from her husband:છાંડેલી બૈરીને આપેલી ખોરાકીપોષાકી

Aliquot, (ઍલિક્વૉટ્) *a.* Dividing exactly or without a remainder: નિરશેષભાજક.

Alive, (ઍલાઇવ્)*a.* Having life:સજીવ; જીવતું. 2.Unexpired:ચાલુ;જારી;અમલમાં.3.Cheerful; lively:આનંદી;ચપળ;ચાલાક.

Alkali (ઍલ્કલિ) *n.* [*pl.* **Alklies.**] A substance which when combined witn an acid produces a neutral: ક્ષાર; ખાર.

Alkaline(ઍલ્કૅલાઈન્)*a.*Having the properties of alkali:ખારના ગુણવાળું; ક્ષારધર્મક-વિશિષ્ટ.

All, (ઑલ્)*a.*Whole of; every part of;every one of; a large part:આખું;બધું;સમસ્ત; સકળ; સઘળું;સર્વ.*n* The whole;the total:સર્વસ્વ;સર્વે; બધું; સઘળું.*adv.*Entirely;completely:મૂળગું; છેક; તદન. 2. At the moment:તે ક્ષણે;તરતજ.

Allay, (ઍલે) *vt.* [L. *ad* & *levis*, light.] To pacify; to soothe:શાંત ક૦; મનમનાવવું. 2. To abate; to repress: ઓછું ક૦;મટાડવું; સમાવવું.

Allegation (ઍલીગેશન્) *n.* Positive assertion; a plea: નિશ્ચયપૂર્વક કહેવું--કહેલું તે; દલીલ; તકરાર; દોષારોપ

Allege (ઍલેજ્) *vt.* [L *ad* & *lego*, I send.] To adduce; to assert:ખાતરીથી કહેવું. 2. To produce, as a plea:તકરાર- દલીલ દાખલ કહેવું.

Allegiance,(ઍલીજિઍન્સ) *n.* [L. *ad* & *ligo*, I bind.]Loyalty;fealty:વફાદારી;નિષ્ઠા;પ્રજાધર્મ; રાજભક્તિ; અનુરાગ;રાજનિષ્ઠા.

Allegoric-cal,(ઍલીગૉરિક્--કલ્) *a.* Figurative: દૃષ્ટાંતરૂપી; લાક્ષણિક; રૂપકમય; અલંકારી.

Allegory,(ઍલીગૉરિ) *n.* [Gr. *allos*, other & *agora*,an oration.]A speech or discourse which conveys a meaning different from the literal one:દૃષ્ટાંતરૂપી કથા; રૂપકથન; રૂપક.

Alleluia-h, (ઍલીલ્યૂયૅ) *n.* A song of praise to God: ઈશ્વરસ્તુતિનું ગીત.

Alleviate, (ઍલીવિઍટ્) *vt* [L. *ad* & *levis*, light.]To mitigate;to assuage:કમ-હલકું ક૦; નરમ પાડવું; સમાવવું; ઓછું--કમતી ક૦; ઘટાડવું.2. To extenuate: ઓછું કરવું;--છાવરવું; ઢાંકવું.

Alleviation(ઍલીવિઍશન્) *n.* Mitigation; extenuation; ધરાડો; શાંતિ; શમન; સાંત્વન.

Alley,(ઍલી) *n. pl.* **Alleys.** A walk in a garden:બાગમાંની વાટ;પગથી;વીથિ 2.A narrow way in a city: ચાલી;ગલી;ગલી કુંચી.

All-fool's-Day, (ઑલ્ફુલ્સ્ ડે) *n.* The first of April:અપ્રિલ મહીનાની પહેલી તારીખ; અપ્રેલ ફુલ.

All-hail,(ઑલ્હેલ્)*interj.* All health: મજેમાં; સુખચેનમાં; આનંદમાં; કુશળતામાં.

Alliance,(ઍલાયૅન્સ્)*n.*[L.*ad* & *ligo*,I bind.] Union by marriage,etc: વિવાહસબંધ; સંબંધ; સગાઇ 2.Treaty;league:સંધિ;સલાહ; મિત્રાચારી;મિલાપ;સંપ.3.Persons allied:સાથી;મિલાપી.

Alligation, (ઍલિગેશન્) *a.* A rule in arithmetic.અંકગણિતનો એક પ્રકાર;મિશ્રગણિત;મિશ્રરાશિ.

Alligator, (ઍલિગેટર્) *n.* [L. *lacerta,* a lizard.] A crocodile: મગર;સુસવાટ.

Alliteration,(ઍલિટરેશન્)*n.*[L.*ad* & *litera,* a letter.]The repetition of the same letter at the beginning of two or more words in close succession: ઝડઝમક; અક્ષરસગાઈ.

Allocate, (ઍલ્લૉકેટ્) *vt.* [L. *ad* & *locus,* a place.]To distribute; to assign:ખંડી-વ્હેંચી આપવું;હિસ્સો આપવો;કોઇને વાસ્તે જૂદું કરી રાખવું.

Allocution,(ઍલ્લૉક્યૂશન્)*n* [L.*ad* & *loquor,* I speak.] An address: સંભાષણ.

Allodial, (ઍલ્લૉડિઍલ્)*a.*[Fr.]Free of rent or service:સ્વસત્તાનું;ઇનામી;પસાયતી;બહારખલી.

Allot, (ઍલ્લૉટ્) *vt.* To distribute by lot: ચિઠ્ઠી નાંખી વહેંચવું. 2. To distribute to each individual:ભાગ પાડવા;વહેંચણ કo.3.To give, assign or appoint in general:આપવું; ઠરાવવું.

Allotment, (ઍલ્લૉટ્મેન્ટ્) *n.* Share or part assigned: ભાગ; હિસ્સો; વાંટો;વિભાગ;અંશ.

Allow, (ઍલાઉ) *vt* [L. *ad.* & *loco*,I place] To grant:આપવું; દેવું. 2. To own:કબૂલ-માન્ય કo.3.To approve:પસંદ-મંજુર કo;બહાલ રાખવું. 4.To deduct (a sum):છુટ મુકવી; મજરે આપવું. 5. To permit: રજા આપવી; પરવાનગી આપવી.

Allowance,(ઍલાઉઍન્સ્)*n.* Acknowledgment: કબૂલાત;અનુમોદન; સ્વીકાર.2 License; permission:રજા;પરવાનગી.3. Indulgence:છૂટ; સ્વતંત્રતા.4.A portion appointed: લવાજમ;પગારરોજ.5.Deduction:છુટ; ઘટાડો;માફી; દરગુજર. 6. A customary deduction from the gross weight of goods:વળતર;બાદ;કપાત; નિકલ;ઘટ.

Alloy, (ઍલ્લૉઈ) *vt.* [L *ad.* & *lex,* a law.] To reduce the purity of by mixing with a less valuable substance:(ધાતુને)ભેગવાળું કo; મિશ્રણ કo.2.To corrupt;to impair:ભેગ કરીને હલકું કo; બગાડ-ભંગ કo.*n* A metallic compound:ધાતુનો ભેગ;મિશ્રધાતુ.2.ભેળ;ભેગ;મિશ્રણ.

Allspice, (ઑલ્સ્પાઇસ્) *n.* A spice of mildly pungent taste: ચીનીકબાલા; કબાબચીની.

Allude, (ઍલ્લ્યૂડ્)*vi.*[L.*ad* & *ludo,* I play.] To suggest;to refer:સૂચનાકo;વિષેબોલવું-કરવું.

Allure,(ઍલ્લ્યૂર્)*vt.* To entice:લાલચ દેખાડવી; લોભ-મોહમાં નાખવું;ફસાવવું;આકર્ષવું;મનહરવું.

Allurement,(ઍલ્લ્યૂર્મેન્ટ્) *n.* Temptation; attraction:લાલચ; લોભ;મોહ;આકર્ષણ;પ્રલોભન.

Allusion,(ઍલ્લ્યૂઝન્) *n.* A hint;a suggestion:ઇશારો;સૂચના;સૂચન;ઉદ્દેશ. [સૂચનાકરવું;સૂચક.

Allusive,(ઍલ્લ્યૂસિવ્) *a.* Hinting at:ઇશારો-

Alluvion, (ઍલ્લ્યૂવિઑન્) *n* [L. *ad* & *luo,* I wash.] Deposits of earth, sand, gravel &c. made by rivers,floods,&c:નદીના પ્રવાહથી ઘસડાઇ આવેલી રેતી,કાદવ,માટી,ઇo એવો;ચંગુ.

Ally,(ઍલાઈ) *vt.* [L. *ad* & *ligo*, I bind.] To unite by marriage or treaty: વિવાહસબંધ કo;સગાઇકo;સંપકo; દોસ્તી-મિત્રાચારી કo. 2.To bind;to join;to associate:જોડવું;બાંધવું;સામેલ થવું.*n.*Confederate:મદદગાર;કુમકી;મિત્ર;સહાયકારી.

Alma-mater,(ઍલ્માં-મેટર્) [L. Fostering mother.]A college or seminary where one is educated:પોતે કેળવણી લીધેલી પાઠશાળા;શાળા.

Almanac,(ઑલ્મૅનક્)*n.*A calender of days, weeks, & month: ટીપણું; પંચાંગ.

Almighty,(ઑલ્માઇટિ) *a.* Omnipotent; possessing all power:સર્વશક્તિમાન;સર્વસમર્થ. *n.* Omnipotent God:ઇશ્વર;સર્વશક્તિમાન પરમેશ્વર.

Almond, (આંમન્ડ્) *n.* Nut of the almond tree:બદામ.The tree: બદામડી.

Almonry, (ઍલ્મૉન્રિ) *n.* The place where alms are distributed:સદાવ્રત;દાનગૃહ;દાનશાળા.

Almost, (ઑલ્મૉસ્ટ્) *adv.* Mostly; for the greatest part:ઘણું કરીને;નજદીક;લગભગ;છેક.

Alms,(આંમ્ઝ્) *n. pl.* Charity or charitable gift: દાન;ધર્મ;ભિક્ષા;ખેરાત;ભિખ.

Alms house,(આંમ્ઝ્હાઉસ્)*n.*A house where poor persons are lodged and supported: ભિક્ષાગૃહ;અનાથગૃહ;ધર્મશાળા.

Aloe, (ઍલૉ) *n.*[L]A succulent plant, with broad prickly leaves:કુંવારનુ ઝાડ-પાઠું;કુંવાર.

Aloes, (ઍલૉઝ્)*n. pl.* The juice of the aloe:

Aloft (ઍલૉફ્ટ્)*adv* On high:ઉંચે;ઉપર.[એળિઓ.

Alone, (ઍલૉન્)*a.* Single;solitary:એકલું;છડું. *adv.*Separately;by itself:માત્ર;ફક્ત;નોખું;એકલું.

Along,(ઍલૉન્ગ્)*adv.*& *prep* Lengthwise:કલ્લુ; સીધુ.2 Onward:આગળ.3. In company:સાથે.

Alcof, (ઍલૂફ્) *adv.* Apart: દુર; વેગળે;આઘે.

Aloud, (ઍલાઉડ્)*adv.*Loudly:મોટે સાદેથી; પોકારીને; ઘાંટો કાઢીને.

Alpaca,(ઍલ્પૅકે)*n.*A kind of sheep: એકજાતનું ઘેટું.2.Cloth made of its wool:આલ્પાકો.

Alphabet, (ઍલ્ફૅબેટ્) *n.* [Gr. *alpha* & *beta,* the first & second letters of the Gr.alpha-

bets.]The letters of a language arranged in order:મુળાક્ષર.*vt.*To arrange in order of an alphabet:અક્ષરના અનુક્રમે ગોઠવવું.

Alphabetic-cal, (ઍલ્ફ્બેટિક્-કૅલ્) *a.* Relating to or in order of an alphabet: અક્ષરના અનુક્રમનું--માં ગોઠવેલું;કક્કાવાર.2.Literal:અક્ષરશઃ.

Already, (ઓલ્રેડિ) *adv.* Sometime ago; now;at this time:ક્યારનું;અગાઉથી;પહેલાનું.[વળી.

Also, (ઓલ્સો) *adv.* or *conj.* Likewise: પણ;

Altar, (ઓલ્ટર્) *n.* [L *altus*, high.] An elevated place on which sacrifices were offered:બળી આપવાની જગા;યજ્ઞકુંડ;વેદી; ચૈત્ય.

Alter, (ઓલ્ટર્) *vt.* [L. *alter*, another.] To change:ફેરવવું; બદલવું;--નું રૂપાન્તર ક૦;થોડો ઘણો ફેરફાર ક૦.2.To change entirely: તદન ફેરવવું; અન્યથા ક૦. *vi.* To vary:બદલાવું;ફરવું.

Alteration,(ઓલ્ટરેશન્)*n.* Partial change; variation:ફેર;ફેરફાર;વિકાર;વિપર્યય;વિકૃતિ.

Altercate,(ઓલ્ટર્કેટ્)*vi* [L.*alter*,other] To wrangle:જોરસાથી--તપી જઇને તકરાર ક૦.

Altercation,(ઓલ્ટર્કેશન્)*n.*Warm contention: બોલાબોલી;રકઝક;તકરાર;કલહ;વાદવિવાદ.

Alternate,(ઓલ્ટર્નેટ્)*a.*[L.*alter*,other.]Reciprocal:એક પછી એક;અવારનવાર.*vi.*To happen by turns: વારા ફરતી થવું; અદલ બદલ થવું.

Alternation,(ઓલ્ટર્નેશન્)*n.*Interchange;reciprocal succession:ફેરફાર;વિપર્યય;અદલાબદલી.

Alternative, (ઓલ્ટર્નેટિવ્) *a.* Offering a choice of two things:બેમાંથી એક પસંદ કરવાનું બતાવવું. *n.* A choice given of two things: ઇલાજ;વિકલ્પ પક્ષ; પક્ષાંતર; ઉપાય.

Although, (ઓલ્ધો) *conj.*Be it so; notwithstanding;however:જોકે;અગરજો;જોપણ;યદ્યપિ.

Altitude, (ઍલ્ટિટ્યૂડ્) *n.* [L. *altus*, high.] Height:ઉંચાઇ 2. Highest point:કેન્દ્ર.

Altogether,(ઓલ્ટુગેધર્)*adv.*Entirely;wholly:બિલકુલ; છેક્જ;બધું; તમામ; તદન.

Alum,(ઍલમ્)*n* [L.*alumen.*]A mineral salt: ફટકડી;સોરાષ્ટ્રી. *vt.* ફટકડીના પાણીમાં ઝબોળવું.

Alumnus, (ઍલમ્નસ્)*n.* [L *alo*,I nourish.] A pupil:શાગીર્દ;શિષ્ય;વિદ્યાર્થી; નિશાળિઓ.

Alvine,(ઍલ્વાઇન્)*a.*[See supra]Pertaining to the lower belly:પેટ-પેડુને લગતું;આંતરડાં સંબંધિ

Always, (ઓલ્વેઝ્)*adv.* At all times;constantly;continually:હમેશાં;સર્વકાળ;નિરંતર;સદા.

Am,(ઍમ્)The first pers.sing present tense of the verb *to be*:છું.

Amain, (અમેન્) *adv.* Violently: મોટા વેગથી; જોરસાથી 2.Suddenly:એકાએક;એકદમ;તાબડતોબ.

Amalgam,(અમૅલ્ગૅમ્)*n.* [Gr *malasso*,I soften.]A compound of mercury with another metal:પારા સાથે કોઇપણ ધાતુનો ભેળ;કાંસું;મિશ્રધાતુ.2.Amixture:ભેળ;મિશ્રણ; મેળવણી;ભેગ.*vi.*To form an amalgam: મેળવણી--ભેગ થવો.

Amalgamate,(અમૅલ્ગૅમેટ્)*vt.*To mix quicksilver with another metal:પારાસાથે બીજીધાતુ મેળવવી.2.To unite:ભેગું ક૦;મેળવી-જોડી દેવું. *vi.* To blend; to coalesce:જોડાવું;મિશ્ર--ભેગું થવું.

Amalgamation, (અમૅલ્ગૅમેશન્) *n.* A mixture: મેળવણી;મિશ્રણ; સંમેલન;સંયોજન.

Amaranth, (ઍમૅરૅન્થ્)*n.*[Gr *a.*priv.& *maraino*,I fade.] A genus of annual plants: ગુલમખમલ; કલગો; માટની ભાજી. 2. A color inclining to purple:જાંબુરંગને સહેજ મળતો રંગ. 3. A flower that never fades:ન કરમાતુ ફુલ.

Amass,(અમૅસ્)*vt* [L.*massa*, a lump.]To accumulate;to heap up: એકઠું--સંગ્રહ ક૦; ઢગલો ક૦; સંચય ક૦;ધનનો સંચય ક૦;ખજાનો તર ક૦.

Amassment, (અમૅસ્મેન્ટ્) *n.* A collection: ઢગલો; સંચય; સંગ્રહ.

Amateur, (ઍમૅટ્યૂર્)*n.*[L.*amo*,I love.]One who has a taste for study or arts: વિદ્યાકળાનો શોખી. [મોહક; પ્રેમશીલ.

Amative, (ઍમૅટિવ્) *a.* Amorous:પ્રીતિજનક;

Amatorial, (ઍમૅટોરિઅલ્) *a.* The same as **Amative**. 2. Produced by illicit sexual intercourse: જારજ;વ્યભિચારોત્પન્ન;રાંડના પેટનું.

Amaze,(અમેઝ્)*vt.* To perplex;to astonish: ભયથી ગભરાવવું-તાજુબ ક૦; વિસ્મય પમાડવું; દંગછક કરીનાંખવું.*n.*Wonder:આશ્ચર્ય;વિસ્મય;ગભરાટ.

Amazement,(અમેઝ્મેન્ટ્)*n.*Wonder;confusion: વિસ્મય; અચરતી;અચંબો; આશ્ચર્ય.

Amazing,(અમેઝિંગ્)*pa.* Exciting astonishment:તાજુબ કરે એવું;અચરતી ભરેલું;વિચિત્ર;અજબ.

Amazon, (ઍમૅઝોન્)*a.*[Gr. *a*, priv.& *mazos*, the breast.] A virago:બહાદુર સ્ત્રી; વીરાંગના.

Ambassador, (ઍમ્બૅસ્સૅડૉર્)*n* A representative of a sovereign power at the court of another:રાજ્યદુત;એલચી;વકીલ.

Amber,(ઍમ્બર્)*n.*A yellow or reddish resin highly electric:કેરબો;તૃણમણિ.

Amber-gris,(ઍમ્બર્ગ્રીસ્)*n.*A fragrant,solid, ash-coloured opaque substance:અમ્બર.

Ambidexter, (ઍમ્બિડેક્સ્ટર્) *n.* [L. *ambo*, both & *dexter*,the right hand.] A person using both hands with equal force:બંને હાથે સરખી રીતે કામ કરી શકે તેવો;ઉભયહસ્તકુશળ.2.A. double dealer: બંને તરફનાને સમજાવનારો.

Ambiguity, (ઍમ્બિગ્યૂઇટિ)*n.*[L.*ago*,I drive.] Doubtfulness of signification:શક ભરેલો અર્થ; દ્વિઅર્થ;સંદેહાર્થ;સંદિગ્ધતા.

Ambiguous, (ઍમ્બિગ્યૂઅસ્) *a.* Uncertain; equivocal:શકભરેલું;અસ્પષ્ટ;દ્વિઅર્થી;શકમંદ;સંદિગ્ધ.

Ambit, (ઍમ્બિટ્) *n* [L. *ambio*,I go about.]

Compass; circuit:ફેર;ઘેરાવો;ઘેર;મંડલ;વર્તુલ.

Ambition, (ઍમ્બિશન્) *n.* [L. *ambio,* I go about.] Aspiration; greediness:માન-મ્હોટાઇ મેળવવાની આતુર ઇચ્છા;કીર્તિસ્પૃહા; મહત્વાકાંક્ષા.

Ambitious, (ઍમ્બિશસ્) *a.* Aspiring: રાજ્ય લોભી; મહત્વાકાંક્ષી;કીર્તિલોભી;માનાભિલાષી.

Amble, (ઍમ્બલ્) *vi.*[L.*ambulo,*I walk.] To go between a walk & trot:રવાલ ચાલ ચાલવી.*n.* A pace between a walk & a trot:રવાલ ચાલ.

Ambrosia, (ઍમ્બ્રોઝીઅ) *n.* [Gr. *a,* priv. & *brotos,*mortal.]The imaginary food of the gods:અમૃત;સુધા;પિયૂષ; દેવનું અન્ન;દેવાન્ન.

Ambrosial, (ઍમ્બ્રોઝીઅલ્)*a.* Delicious: અમૃતમય;સ્વાદિષ્ટ,અમૃતતુલ્ય;મધુર;ખુશબોદાર;સુવાસિક.

Ambulance, (ઍમ્બ્યૂલૅન્સ્) *n.* [L. *ambulo,* I walk.]A cart for conveying the wounded: ઘાયલ થએલાને લઇ જવા સારૂ ગાડી.

Ambulatory, (ઍમ્બ્યૂલૅટૉરિ) *a.* Having the power of walking:ચાલવાની શક્તિવાળું; ચાલતું. 2. Moving;ભટકતું; ફરતું. *n.* A place to walk in:ચાલી; પરસાળ.

Ambuscade, (ઍમ્બસ્કેડ્) *n.* The act of
Ambush, (ઍમ્બુશ્) attacking an enemy unexpectedly from a concealed station:સંતાઇ રહેલા સ્થળેથી દુશ્મન ઉપર એકદમ તુટી પડવું તે.છાપો મારવો તે; છાપો 2. દુશ્મન ઉપર એકાએક ધસારો કરવા માટે લશ્કરને સંતાવાની જગા. 3. એકદમ ધસારો કરવા માટે સંતાઈ રહેલું સૈન્ય-છુપું લશ્કર;ગુપ્તદળ.*vt.* To lie in wait for:ઓરાઈ-સંતાઇ બેસવું;છાપો મારવા માટે સંતાઈ રહેવું.

Ameliorate, (ઍમીલિઑરેટ્)*vt.*[L.*ad* & *melior,*better.]To make better:સુધારવું;સારૂ ક૦; ઉદય ક૦;ઉન્નતિ ક૦.*vi.*To grow better:સારૂ થવું.

Amelioration,(ઍમીલિઑરેશન્) *n* Improvement:સુધરવું-સુધારવું તે;સુધારો;વર્ધન;સમુન્નતિ;ઉદય.

Amen, (એમેન્) Be it so:તથાસ્તુ;એવતુ;આમીન.*n.* A title of Christ:ક્રાઇસ્ટનું નામ.

Amenable, (ઍમીનૅબલ્) *a.* [L.*a* & *mino,* I drive.]Responsible;accountable:જોખમદાર; જવાબદાર 2 Submissive:આધીન;આજ્ઞાધીન;વશ.

Amend, (ઍમેન્ડ્)*vt* L.*e* & *menda,*a stain] To improve:સુધારવું;દુરસ્ત ક૦;શોધવું;શુદ્ધ ક૦.

Amendment,(ઍમેન્ડ્મેન્ટ્)*n* Correction; reformation:સુધારો:ફેરફાર;સંશોધન;દોષશોધન;ત્યાગ

Amends, (ઍમેન્ડ્ઝ્)*n. sing* & *pl* Compensation; recompense:બદલો;અવેજ;પ્રતિઉપકાર;સાટુ

Amenity,(ઍમેનિટિ) *n.* Pleasantness: શોભા; સૌંદર્ય;રમ્યતા;રમણીયતા 2.Manners:સુજનતા;ભલાઇ.

Amercement, (ઍમર્સ્મેન્ટ્) *n.* Pecuniary punishment:દંડ.2 સજા;શાસન;શિક્ષા.

Amethyst, (ઍમીથિસ્ટ્)*n.* A jewel of a bluish violet color:અસ્માની રંગનું ઝવાહેર;યાકુત.

Amiability, (ઍમિઍબિલિટિ)
Amiableness, (ઍમિઍબલ્નેસ્) *n.* Loveliness: ભલાઈ;સૌજન્ય;સદ્ભાવ;સુશીલતા; મળતાવડાપણું.

Amiable, (ઍમિઍબલ્) *a* [L. *amo,*I love.] Charming;પ્યારૂં;પ્રીતિપાત્ર;ભલું;મળતાવડું;સુશીલ.

Amicable,(ઍમિકૅબલ્)*a.*[L *amicus,*a friend.] Friendly:મિલનસાર;માયાળુ;મિત્રાચારીભરેલું.

Amid, (ઍમિડ)
Amidst,(ઍમિડસ્ટ્) *prep.* In the middle of;among;surrounded by: વચ્ચે;મધ્યે;અંતરે;અંદર;માં છતાં.

Amiss,(ઍમિસ્)*a.* Wrong;improper:ખોટું;અનુચિત;અયોગ્ય.*adv* Improperly:ખોટી રીતે.

Amity,(ઍમિટિ)*n* [L.*amo,*I love]Harmony: friendship:મિત્રાઇ;સ્નેહભાવ;દોસ્તી;સલાહસંપ;સંધી.

Ammonia, (ઍમ્મોનિઅ) *n.*An alkali, which is gaseous in its uncombined state:નવસાર.

Ammunition, (ઍમ્યૂનિશન્) *n.* [L. *ad* & *munio,* I fortify.] Military stores:લડાઇનો સામાન;દારૂગોળો;યુદ્ધસામગ્રી;યુદ્ધસાહિત્ય.

Amnesty, (ઍમ્નેસ્ટિ)*n.*[L.*amnestia.*] A general pardon of offences against government:રાજદ્રોહી ગુન્હેગારોને આપેલી સામાન્ય માફી.

Among, Amongst,(ઍમન્ગ્)ઍમન્ગસ્ટ્ *prep.* Amidst;mixed with:અંદર;માં;મધ્યે;માંનું.

Amoret, (ઍમૉરેટ્)
Amorist, (ઍમૉરિસ્ટ્) *n.*A lover; a gallant: આશક; રમણ.

Amorous, (ઍમૉરસ્) *n.* [L. *amo,* I love.] Inclined to love;loving:ઇશ્કી;કામી;વિલાસી;રસિક 2.Enamoured;fond:માયાળુ;હેતાળ;શોખીન.

Amount, (ઍમાઉન્ટ્) *vi.* [L. *ad* & *mons,* a mountain.] To go up:ઉપર જવું; ચઢવું 2. To come in the whole:જુમલે થવું;એકંદર-સામટું-બધું મળીને થવું 3.To be equivalent:તાત્પર્ય હોવું; સારાંશ-સાર હોવો;સરખું થવું-હોવું;પહોંચવું *vt.*To increase:વધારવું *n.*Sum total:સરવાળો;જુમલો; બેરિજ.2.Result:સાર;ફળ;અર્થ;પરિણામ.3.Sum: રકમ; સંખ્યા; આંકડો; અવેજ.

Amour, (ઍમર્) *n.* [L. *amor,*love.] A love intrigue:ઇશ્કબાજી; રંડીબાજી;પરસ્ત્રીસંગ.

Amphibious,(ઍમ્ફિબિઅસ્) *a.* Having the power of living in air & water: ભૂજળચર; ઉભયચર;જળવાયુગ;સ્થળજળચર 2. Partaking of two natures:દ્વિધા ગુણ-ગાત-ધર્મવાળું.

Amphibology, (ઍમ્ફિબૉલૉજિ) *n.* [Gr. *amphibos,*doubtful & *logos,*speech.]A phrase, or discourse,susceptible of two meanings: બે અર્થનું વાક્ય-ભાષણ.

Amphitheatre, (ઍમ્ફિથીઍટર્) *n.* [Gr. *amphi,*both & *theatron,*theatre.]An edifice in circular form:લંબગોળાકાર રંગશાળા;રંગભૂમિ.

Ample, (ઍમ્પલ્)*a.*[L. *pleo,*I fill.] Wide; extended:વિશાળ;વિસ્તીર્ણ;મોટું.2.Copious;fully

sufficient:પુષ્કળ;પેટપુર;જોઇએ તેટલું;ધરાઈને;યથેષ્ટ.

Amplification, (ઍમ્પ્લિફિકેશન્)*n*. Enlargement;discussion:વિસ્તાર;વૃદ્ધિ;સવિસ્તર વર્ણન.

Amplify, (ઍમ્પ્લિફાઈ)*vt*. [L. *amplus*, large & *facio*,I make]To enlarge:વધારવું;વિસ્તારવું;વૃદ્ધિ ક૦ 2 To treat copiously:વિસ્તારપૂર્વક વર્ણન ક૦.*vi*.To grow large:મોટું થવું:વધવું.2.To speak copiously:વિસ્તારીને કહેવું-બોલવું.

Amplitude, (ઍમ્પ્લિટયૂડ) *n*. Ampleness; wideness:પુષ્કળતા;વિશાળપણું;વિસ્તાર;ફેલાવો;લંબાઇ; પહોળાઇ. 2. Extent of capacity or resourses:બુદ્ધિ; સામર્થ્ય;ધારણશક્તિ;ધનસામર્થ્ય.

Amply,(ઍમ્પ્લિ) *adv*.Copiously:સારી પેઠે.

Amputate, (ઍમ્પ્યૂટેટ્)*vt*. [L.*amb*,about & *puto*, I prune] To cut off, as a limb:અંગ કાપવું-છેદવું. 2. To prune:સોરવું:છાટવું.

Amputation (ઍમ્પ્યૂટેશન્)*n*.The act of cutting off a limb:અંગછેદન;છેદ;કાપ.

Amulet, (ઍમ્યૂલેટ્)*n* [L *amolior*, to drive away]A charm against evils or mischiefs: મંત્રેલું માદળિયું:તાવિજ;દોરાચિઠી:જંત્ર;રક્ષા.

Amuse, (ઍમ્યૂઝ્)*vt*. [L *musa*,a Muse.] To occupy in a pleasant manner:મનરંજન ક૦; ગમતમાં નાંખવું;ગમત-ક્રીડા ક૦;રમાડવું. 2. To deceive:રમાડવું;તાળવે ગોળ ચોંટાડવો;છેતરવું.

Amusement (ઍમ્યૂઝ્મેન્ટ્) *n*. Recreation; entertainment:ગમત;તમાસો.વિનોદ;વિલાસ;મજા.

Amusing,-sive, (ઍમ્યૂઝિંગ-ઝિવ્)*pa*.Pleasing:રમુજી;મનોરંજક;વિનોદી;ગમતી.

An,(ઍન્) This word is properly an *adj*.but is commonly called an *indefinite article*, and signifies *one* or *any*:આ શબ્દ વાસ્તવરીતે વિશેષણ છે પરન્તુ સામાન્ય રીતે ઇંગ્રેજીમાં તેને ઇન્ડેફિનિટ્ આર્ટિકલ,' કહે છે અને તેનો અર્થ 'એક,' 'એકાદ,' 'કોઈએક,' 'કંઇક' એવો થાય છે.

Anachronism, (ઍનૅક્રાનિઝમ્) *n*. [Gr. *ana*, up & *chronos*,time.]An error in chronology:પ્રાચીન બનાવોના વૃત્તાતમાં-કાળગણનામાંભૂલ ચૂક.

Anal (ઍનલ્)*a* [L. *anus*] Pertaining to, or situated near,the anus:ગાદ-મળદ્વાર-સંબંધી નજીક

Analeptic, (ઍનૅલેપ્ટિક્) *a*. [Gr.*analeptikos*, restorative.]Invigorating;giving strength બળવર્ધક;પુષ્ટિકારક;પૈષ્ટિક.*n* A medicine which gives strengh:પૈષ્ટિક-પુષ્ટિકારક-ઓષધ-દવા.

Analogical, (ઍનલૉજિકલ્)*a*. Founded on analogy:ઉપમા સાદૃશ્યતા પ્રમાણે કરેલું-સ્થાપેલું.

Analogous, (ઍનૅલોગસ્) *a*. Correspondent; similar:સદૃશ;સમાન;તુલ્ય;અનુરૂપ,સરખું,મળતુ.

Analogy, (ઍનૅલૉજિ) *n* [Gr *ana*, according to & *logos*, ratio.] Similarity or likeness between things in some circumstances:મુકાબલો;સરખાપણું;સમાનતા;સાદૃશ્ય;ઉપમા;સમપ્રમાણ.

Analysis, (ઍનૅલિસિસ્)*n*. [Gr. *ana*, again & *lyo*,I loosen] *(a)* A resolution of any thing into its original elements:મૂળતત્વ જુદાં પાડવાં તે;વ્યવચ્છેદ;વિભાગ.*(b)* An examination of the component parts each separately: કોઇ વસ્તુના અંગોનો પૃથક્ પૃથક વિચાર-વિવેચન;પદચ્છેદ;વ્યાકરણ 2.*(a)*A brief illustration of the principles of a science:synopsis:શાસ્ત્રસાર; સાર;સારગ્રંથ;પૃથક્કરણ *(b)*. (*Chem.*)The separation of a compound by chemical processes into its constituents:પૃથક્કરણ.[પૃથક્કરણકર્ત્તા.

Analyst, (ઍનલિસ્ટ) *n*. One who analyzes:

Analytics, (ઍનલિટિક્સ્)*n*. The science of analysis:મૂળતત્વશોધનવિદ્યા;પૃથક્કરણવિદ્યા.

Analyze, (ઍનૅલાઇઝ્) *vt* To separate into component parts: પૃથક્કરણ ક૦.

Anapest,(ઍનૅપેસ્ટ્)*n* [Gr.*ana*,back & *paio*, I strike.]A poetical foot of three syllables, first two short & the last long: બે લઘુ અને એક ગુરૂ એવા અક્ષરના ગણવાળું ચરણ;સગણવાળુ ચરણ.

Anarchic-cal,(ઍનાર્કિક્-કલ્)*a*. Without rule or government:અરાજક;અંધેર; અવ્યવસ્થિત.

Anarchy,(ઍનાર્કિ)*n*.Want of law or Government:અંધેરરાજ્ય;ગેરબંદોબસ્ત;અંધાધુંધી.2 Confusion in general:ગોટાળો;ગુંચવણ: અવ્યવસ્થા.

Anatomist,(ઍનૅટૅમિસ્ટ્) *n* One skilled in anatomy:કાપકુપની વિદ્યામાં પ્રવીણ; શરીરવૈદ્ય

Anatomy,(ઍનૅટૅમિ)*n* [Gr.*ana*,up & *temno*, I cut.] Dissection:શરીરછેદન.વિચ્છેદન 2 The doctrine of the structure of the body,learned by dissection: શરીરછેદનવિદ્યા;શારીરશાસ્ત્ર.

Ancestor,(ઍન્સેસ્ટર્)*n* [L *ante*,before & *cedo*, I go] A forefather; a progenitor: બાપદાદા;પૂર્વજ;વડાવા;વડવા.

Ancestral,(ઍન્સેસ્ટ્રલ્)*a*. Pertaining to or descending from ancestors:વડાવાનુ-થી ચાલ્યું આવેલું;વંશપરંપરાગત-નું.

Ancestry,(ઍન્સેસ્ટ્રિ) *n*. Lineage: વંશ; પેઢી; કુળ;ઓલાદ.2 Birth:ખાનદાની; કુલીનતા.

Anchor,(ઍન્કર્)*n*. [L.*ancora*, a bend.] An iron instrument for holding a ship at rest in water:બિલાડી;લંગર;નાંગર. 2. That which gives safety or security:રક્ષણ-સલામતી આપનાર;આધાર.3 Any contrivance designed to hold fast:પકડ *To cast* a :લંગર નાંખવું; લંગરવું.*To weigh* a લંગર ઉપાડીને ઉંચકવું *vt*. To place at anchor:નાગરવું; બંદર ક૦.2. To fasten:મજબુત-દૃઢ ક૦ *vi*.To come to anchor:લંગરવાર થવું 2. To fix or stop:સ્થિર થવું

Anchor age-ground, (ઍન્કરેજ-ઍન્કરેજ ગ્રાઉન્ડ્) *n* A place for anchoring: લંગરવાની જગા; લંગરવાડો.2.Anchor and all necessary takcle

for anchoring:લંગરવામાટે જોઇતો સામાન સંગરવિ૦.

Anchoret ite,(ઍન્કૉરેટ્-ઍન્કૉરાઇટ્)[Gr.*ana*, back & *choreo*,I go.]A hermit;a recluse: વનવાસી;યોગી;તપસ્વી;સન્યાસી;વાનપ્રસ્થ;વૈરાગી.

Ancient,(ઍન્શેન્ટ્)*a.*[L *ante*, before.] Old: પ્રાચીન;પુરાતન;જુનું 2 Advanced in years:અસલી;પુરાણું;જુનું.3.Experienced;versed:કાબેલ;નિપુણ;અનુભવી.*n* (*pl.*) Those who lived in former ages:પુરાતન કાળનામાણસો;અસલનાલોક.

Ancon-e,(ઍન્કૉન્-કોન્)*n.*Elbow;angle:કોપરીયું.ટેકો;લાફો.

And, (ઍન્ડ) *conj.* A particle, connecting words or sentences together:અને;તથા;ને;હવે.

Anecdote, (ઍનેક્ડોટ્) *n.* [Gr. *a*, priv., *ek*, away&*didomi*,to publish.]A story;a tale: વાર્તા:કહાણી;કથા;આખ્યાયિકા;ઉપાખ્યાન;વાત.

Anent,(ઍનેન્ટ્)*prep.*About;concerning: વિશે;સંબંધી.2 Over against:સામા;સન્મુખ.

Anew (ઍન્યૂ)*adv* Afresh:ફરીથી.પાછું;નવેસરથી.

Anfractuare, (ઍન્ફ્રૅક્ટ્યૂર્) *n.* A mazy winding:ભુલભુલામણી.

Angel,(ઍન્જેલ્) *n.* [L. *angelus*, an angel.] A messenger:દૂત,જાસુસ;કાસદ.2. A spirit or spiritual being:દેવદૂત;ફિરસ્તો; સ્વર્ગદૂત. 3. A beautiful person:ખુબસુરત માણસ.**A.***of death*: યમદૂત. [to angel:દેવદૂતસંબંધી-સરખું.

Angelic cal, (ઍન્જેલિક્ કૅલ્) *a.* Pertaining

Anger,(ઍન્ગર્)*n.*[L *ango*, I torture.] Resentment;rage;wrath: રીસ;કોપ;ક્રોધ; ગુસ્સો; રાગ;રોષ *v.t* To irritate: ગુસ્સે-ક્રોધાયમાન ક૦.

Angle,(ઍન્ગલ્)*n.* [L. *angulus*, a corner.] A corner:કોણ;ખુણો.2. A finishing tackle: માંછલા પકડવાનોઆંકડો;ગલ.3.A gull:ભોળીઓ;મહારાજાધિરાજ.*A right* **a** :કાટખુણો.*An obtuse* **a**.: પોહોળો ખુણો *An acute* **a** :સાંકડો ખુણો.*vi.* To fish with a hook:આંકડાથી માંછલી પકડવી. 2. (for) To intrigue;to scheme:યુક્તિ રચવી;છળપ્રપંચ-ક૦;દાવપેચ ખેલવા;લાલચ બતાવીમેળવવાનું ક૦.

Angler, (ઍન્ગ્લર્) *n.* One who fishes with an angle:ગલવતી માંછલાં પકડનાર.

Anglican,(ઍંગ્લકૅન્)*a.* English: અંગ્રેજી; ઇંગ્લાંડને લગતું,*n.*A member of the church of England:ઇંગ્લાંડના દેવળનો એક માણસ.

Anglicism,(ઍંગ્લિસિઝમ્) *n.* An English idiom:અંગ્રેજી ભાષાની રૂઢી. [lish:અંગ્રેજી ક૦.

Anglicize, (ઍંગ્લિસાઇઝ્) *vt.* To make Eng-

Anglo,(ઍન્ગ્લો)A prefix meaning the same as English:અંગ્રેજી.

Angrily,(ઍંગ્રિલિ)*adv.*Peevishly: furiously:રીસથી;ડોળા કાઢીને;રોષથી;ગુસ્સે થઇને;ક્રોધપૂર્વક.

Angry,(ઍંગ્રિ) *a.* [See **anger**] Provoked; passionate; irritated: ક્રોધાયમાન; કોપાયમાન; ખફા.2.Showing anger:ક્રોધી; ક્રોધયુક્ત-સૂચક; લાલચોળ;રાતું;લાલ 3.Vigorous: ઉત્તેજિત સતેજ; જોરાવર;ઉત્કટ.4 Raging:furious:તોફાની; જબરૂ.

Anguish, (ઍંગ્વિશ્) *n.* [L *ango*, I cause pain.]Grief;distress; pang:દુઃખ;વેદના;પીડા.

Angular,(ઍન્ગ્યૂલર્) *a.* Having an angle or corner; pointed:ખુણાવાળું;ખુણેદાર

Anile,(ઍનાઇલ્)*a.*[L. *anus*, an old woman.] Old;imbecile: કમજોર; ઘરડું; અશક્ત; નબળું; મંદબુદ્ધિનું;

Anility-Anileness, (ઍનિલિટિ, ઍનાઇલ્નેસ્) *n.* Dotage:ઘરડી ડોશીના જેવી અવસ્થા;સાઠીબુદ્ધિ.

Animadvert, (ઍનિમૅડવર્ટ્) *vi.* [L. *animus*, the mind & *verto*,I turn.]To turn the mind with intent to notice:મન-લક્ષ-ધ્યાન આપવું-દેવું ઘાલવું.2.To comment; to blame:ઠપકો દેઇ બોલવું:ટીકા-ચર્ચા-નિંદાક૦;ગુણદોષ બતાવી કહેવું.

Animal, (ઍનિમૅલ્) *n.* [L. *anima*, breath.] A living being endowed with sensation and the power of voluntary motion:દેહવાળો પ્રાણી;દેહી:પ્રાણી;જીવ.2 Irrational being: પશુ; જાનવર;હેવાન.*a.*Relating or belonging to animals:પ્રાણી-જીવ વિશે સંબંધી.2 Consisting of the flesh of animals:માંસનું-વાળું.3. Pertaining to the sentient part of a creature: સચેતન:ઇંદ્રિયજન્ય;*a pleasures*:વિષયસુખ;વિષય.

Animalcule, (ઍનિમૅલ્ક્યૂલ) *n.* A little invisible animal: અલ્પજંતુ;પોરા;ક્ષુદ્રજંતુ.

Animality-ness, (ઍનિમૅલિટિ નેસ્) *n.* Animal existence or nature:હેવાનપણું; પશુત્વ.

Animalize,(ઍનિમૅલાઇઝ્) *vt.* To give animal life:સજીવન-સચેત ક૦;પ્રાણીના ધર્મવાળું ક૦.2.To regard as merely animal:પશુતુલ્ય ગણવું-ક૦

Animate,(ઍનિમેટ્)*v t.*[L.*anima*,breath.]To give natural life to: સજીવન-જીવતું ક૦. 2. To stimulate;to incite;ઉત્તેજન આપવું;ઉત્સાહી બનાવવું.હિમ્મત આપવી;ફરફેરવું.*a* Alive:સજીવ;જીવતું.

Animated,(ઍનિમેટેડ્)*pa.* Lively; vigorous: સજીવ;સચેતન; ઉત્સાહી,પ્રફુલ્લ,ઉલ્લાસિત.

Animation, (ઍનિમેશન્)*n.* The act of animating:જીવસંચારણ;જીવપ્રદાન. 2. Liveliness; vivacity:દમ;જીવ;તેજ;ઉત્સાહ;ઉલ્લાસ; હોશ.

Animosity,(ઍનિમૉસિટિ)*n.* Active enmity; શત્રુવટ;વૈરભાવ;અદાવત; દ્વેષ;વિરોધ,વેર;ખાર.

Animus,(ઍનિમસ્)*n.*(L) Intention: purpose; temper:હેતુ;કપટ;અંટસ;આંટી;અદાવત;દ્વેષ;આવેશ.

Anise,(ઍનિસ્)*n.*An aromatic plant:સુવાનો છોડ.**A.***seed*:સુવા.

Ankle,(ઍન્કલ્)*n.*The joint connecting the foot with the leg:પગની ઘુંટી;ઘુંટણ.

Anklet, (ઍન્ક્લેટ્)*n.* An ornament for the ankle:કડી;સાંકળા;તોડા;લંગર;ઝાંઝર.

Annalist,(ઍન્નૅલિસ્ટ્) *n.* A writer of annals: સાલવાર તવારીખ--ઇતિહાસ લખનાર; ઇતિહાસકાર

Annals,(ઍન્નૅલ્ઝ્)*n pl.* [L *annus*, a year] A history of events, in the chronological order: સાલવાર--પ્રતિવાર્ષિક ઇતિહાસ--વૃત્તાંત; સાલવારખબર; વાર્ષિકવૃત્તાન્ત; ચરિત્રાખ્યાન.

Anneal (ઍન્નીલ્)*vt.* To heat to fluidity & then cool slowly: (ધાતુ--કાચ ઇ૦) ઉનું કરી પિગાળીને ધીમે ધીમે ઠંડુ ક૦; ટીપાય તેવી રીત્યે તપાવીને ધીમે ધીમે ઠંડુ ક૦; તપાવવું; પકવવું.

Annex,(ઍન્નેક્સ્)*vt* [L. *ad.* to & *necto*, I tie.] To subjoin: છેડે જોડવું--લગાડવું; સામેલ ક૦. 2. To add, as a smaller thing to a greater: મેળવી દેવું; ખાલસા ક૦; જોડીદેવું. 3. To connect: લગાડવું; જોડવું; છેડે લખવું *v i.* To be united: જોડાઇ જવું; સંધાવું; *n* Something joined: જોડાએલો ભાગ; અનુબંધ; સાંધણ; જોડાણ.

Annexation,(ઍન્નેક્સેશન્)*n.* Conjunction; addition: જોડી દેવું;-ખાલસા ક૦ તે; સંયોગ; સંયોજન. 2. A thing *annexed*: અનુબંધ; સાંધણ; જોડાણ.

Annihilate,(ઍન્નાઇહિલેટ્)*vt.* [L. *ad* & *nihil*, nothing.] To reduce to nothing; to destroy: નાશ--ફના ક૦; જડમુળથી ઉખેડી નાંખવું.

Annihilation, (ઍન્નાઇહિલેશન્) *n.* Destruction; ruin: નાશ; ક્ષય; ઉચ્છેદ; વિનાશ; પ્રલય; લય; લોપ.

Anniversary,(ઍનિવર્સરિ)*a.* [L *annus*, year & *verto*, I turn.] Yearly; annual: વાર્ષિક; દરેક વરસે આવતું; સાંવત્સરિક. *n.* A day celebrated each year: વાર્ષિકદિવસ; વાર્ષિકોત્સવ; **a.** *of birth*: જન્મદિવસ; વર્ષગાંઠ; સાલગિરી; **a** *of death*: મૃતતિથિ; વર્ષી.

Anno Domini, (ઍન્નોડોમિનાઈ) Contracted A D. In the year of the Lord: ઈસુખ્રિસ્તને વર્ષે; ઈસવીસન.

Annotate,(ઍન્નોટેટ્) *vi.* [L. *ad* & *nota*, a mark.] To make comments: ટીકા--ભાષ્ય ક૦.

Annotation,(ઍન્નોટેશન્)*n.* A comment on a passage of a book (generally used in *pl.*) ટીકા; ભાષ્ય; વ્યાખ્યાન; ટિપ્પણી. 2. Symptoms of an intermittent fever: મુદતના તાવની એક નિશાની.

Announce,(ઍન્નાઉન્સ્)*n.* [L. *ad*: & *nuncio*, I relate.] To proclaim; to publish; to make known: પ્રસિદ્ધ--જાહેર ક૦; ખબર આપવી; કહેવું.

Announcement, (ઍન્નાઉન્સ્મેન્ટ્) *n* Proclamation; publication: જાહેરખબર; જાહેરનામું; ખ્યાપન; નિવેદન; વાર્તા; સમાચાર; સંદેશો.

Annoy,(ઍન્નૉઇ) *vt.* [L. *ad* & *noceo*, I hurt.] To trouble; to molest: દુઃખ દેવું; સંતાપવું; ઇજા ક૦; પીડા ક૦.

Annoyance,(ઍન્નૉઇઍન્સ્)*n.* Vexation; molestation: ત્રાસ; હરકત; કંટાળો; દુઃખ; પીડા; વ્યથા; કલેશ.

Annual,(ઍન્યૂઅલ્)*a.* [L. *annus*, a year.] Yearly: વાર્ષિક; વર્ષે વર્ષે આવતું; સાંવત્સરિક 2. Lasting a year: એક વર્ષ ચાલે--ટકે તેવું. *n.* A book published yearly: વર્ષે વર્ષે છપાતું ચોપાનિયું; વાર્ષિક પુસ્તક 2. A plant that lasts a year only: એક વર્ષ રહે એવો રોપો--છોડવો.

Annuity,(ઍન્યૂઇટિ)*n.* An yearly allowance: વર્ષાશન; વાર્ષિકનિમણોક; સાલ; સાલિયું; વરસોંત; સાલીયાણું.

Annul,(ઍન્નલ્)*v.t.* [L *ad*, to & *nullus*, none.] To repeal; to abrogate: રદ્દ--બાતલ ક૦; કાઢીનાંખવું.

Annular,(ઍન્યૂલૅર) } *a.* [L. *anulus*, a
Annulary,(ઍન્યૂલૅરિ) } ring.] Having the form of a ring: વીંટીના આકારનું; કંકણાકાર; વલયાકાર. **Annular** *eclipse*: કુંડલાકાર ગ્રહણ.

Annulet,(ઍન્યૂલેટ્)*n.* A little ring: નાની વીંટી; ગોળ કડી. 2. A small flat fillet: નાડું; આલર; કોર.

Annulment,(ઍન્નલ્મેન્ટ્)*n.* Abolition; revocation: બાતલ--રદ્દ ક૦તે; લોપ.

Annumerate, (ઍન્યૂમરેટ્) *vt.* [L. *ad* & *numerus*, number.] To add: ઉમેરો--વધારો ક૦.

Anodyne,(ઍનોડાઇન્)*n.* [Gr. *a.* neg. & *odyne*, pain.] A medicine, that allays pain: દુઃખ નરમ પાડનારું--કમી કરનારું ઔષધ. *a.* દુ. ખહર.

Anoint,(ઍનોઇન્ટ્)*vt.* [L. *in* & *ungo*, I smear.] (*a*) To rub or smear with oil: તેલ ચોપડવું-ચોળવું; લેપક૦; અભ્યંગ ક૦. (*b*) To pour oil upon; to spread over: ઉપર તેલ રેડવું; પાથરવું; રેડવું.

Anointed,(ઍનોઇન્ટેડ્)*pa.* Consecrated with oil: તેલ ચોપડી પવિત્ર કરેલું; અભિષિક્ત; લિપ્ત.

Anomalism,(ઍનોમૅલિઝમ્) *n.* A deviation from rule: નિયમવિરૂદ્ધતા.

Anomalistic-cal, Anomalous, (ઍનોમૅલિસ્ટિક્-કલ્, ઍનોમૅલસ્)*a.* [Gr. *a*, neg. & *homos*, same.] Irregular: ગેરશિરસ્તે--કાયદે; ગેરવાજબી.

Anomaly,(ઍનોમૅલિ) *n.* A departure from rule; irregularity: નિયમવિરૂદ્ધતા; કાયદાથી ઉલટી રીત; વિલક્ષણતા; નિયમભંગ; ગેરશિરસ્તપણું.

Anon,(ઍનોન્)*adv.* Quickly; soon: ઝટપટ; તરત; જલદી. 2. At another time; again: બીજેવખતે; ફરીથી. *Ever* & a. frequently: વારેઘડીએ; વારંવાર.

Anonymous,(ઍનોનિમસ્)*a* [Gr. *an* neg. & *onoma*, a name.] Nameless: વગર નામનું; નનામું.

Anorexy,(ઍનોરેક્સિ)*n.* [Gr. *an.* neg & *orxo*, I desire.] Want of appetite: અરૂચી; મંદાગ્નિ.

Another,(ઍન્અધર્) *a* [*an* & *other.*] Different: અન્ય; જુદું; બીજું. 2. One more: બીજું એક.

Answer,(ઍન્સર્)*vt.* To respond to: જવાબ-પ્રત્યુત્તર આપવો; જવાબ વાળવો-દેવો. 2. To refute: ખંડન ક૦; તોડવું. 3. To act in return to: બદલો-પ્રતિકાર ક૦. 4. To be or act in compliance with: મરજી પ્રમાણે વર્તવું-થવું 5. To face: સામસામા હોવું; સન્મુખહોવું. 6. To be sufficient for: મતલબ પુરી પાડવી; ગરજ સારવી; કામમાં-ખપમાં આવવું. 7. To render accounts to: હીસાબ-જવાબ આપવો. *vi.*

(*to,for.*) Same as *vt n.* A reply:ઉત્તર;જવાબ; પ્રત્યુત્તર.2.Response:પડઘો;પ્રતિધ્વનિ.3.Solution: હિસાબ;જવાબ.4.Confutation:રદીઓ; ખંડન.

Answerable, (ઍન્સરૅબલ્) *a.* Capable of being answered satisfactorily: સંતોષપૂર્વક જવાબ અપાય એવું.2.Responsible:જવાબદાર;જુમ્મેદાર.3.Suitable:યોગ્ય;લાયક;બંધબેસતું.4 Equal: સરખું; બરાબર; અનુકુળ; જેવું.

Ant, (ઍન્ટ્)*n.* A pismire;an emmot:કીડી.*Black* **a.**;મંકોડો.*Red* **a.**:ઝીમેલ. *White* **a** : ઉધઇ.

Antagonism, (ઍન્ટૅગોનિઝમ્)*n.*Contrariety of thing or principles.વિરૂદ્ધતા;વિરોધ;વૈર;દુશ્મનાઈ

Antagonist, (ઍન્ટૅગોનિસ્ટ્) *n.* [Gr. *anti*, against & *agon*,a struggle.]An opponent; an adversary:વિરોધી;શત્રુ;પ્રતિસ્પર્ધી;પ્રતિપક્ષી.

Antarctic, (ઍન્ટાર્કટિક્) *a.* Opposite to the northern or arctic pole: દક્ષિણધ્રુવ સંબંધી.**A.** *circle*: દક્ષિણ ધ્રુવવૃત્ત.

Antecedent, (ઍન્ટીસીડેન્ટ્)*a* [L.*ante*,before & *cedo*,I go.] Previous;foregoing:આગળનું; પૂર્વનું.*n.*That which goes before:આગલી બીના-બાબત.2.(*pl.*)A man's earlier events:પહેલાની ચાલ ચલગતનો ઇતિહાસ–હેવાલ-સ્થિતિ; પૂર્વચરિત.3. (*Gram*) A noun to which a relative refers:તત્પદ;પૂર્વશબ્દ. 4. (*Math.*) The first two terms of a ratio: પ્રમાણમાંનું પહેલું પદ;અગ્રપદ.5.(*Logic.*) The first of two propositions in an enthymeme:પ્રતિજ્ઞાવાક્ય.

Antecessor (ઍન્ટીસેસૉર્) *n.* Predecessor; પૂર્વજ;વડીલ. 2. A leader: નાયક;નેતા;આગેવાન.

Antechamber, (ઍન્ટીચૅમ્બર્) *n.* An outer apartment:દીવાનખાનાની બહારનો ઓરડો.

Antedate, (ઍન્ટીડેટ્) *n.* Prior date: આગલી તારીખ;પૂર્વમિતિ.*vt.*To date before the true-time: આગલી ગયેલી તારીખ નાંખવી-માંડવી.

Antelope, (ઍન્ટીલૉપ્) *n.* [Gr. *anthos*, beautiful & *ops*,an eye.]A sort of quadrupeds, intermediate between the deer and goat: હરણ;મૃગ;કાળિયાર.

Ante-meridian, (ઍન્ટીમીરિડિઅન્)Contracted. **A.M.** *a* Being before noon: બપોર-મધ્યાન્હ પહેલાનું.

Ante-penult, (ઍન્ટીપીનલ્ટ્)*n.* The last syllable except two:ઉપાંત્યપદ પૂર્વનું પદ.

Antepenultimate, (ઍન્ટીપીનલ્ટિમૅટ્)*a.* Relating to the last syllable but two:ઉપાંત્ય અક્ષરનીપૂર્વેનું.*n.*Same as **antepenult.**

Ante-port, (ઍન્ટીપૉર્ટ્)*n.* An outer gate or port:આગલો દરવાજો.

Anterior, (ઍન્ટીરિઅર્)*a* Antecedent;before in time or place:પૂર્વનું;આગલું;પ્રથમનું.

Anthem, (ઍન્થેમ્) *n.* [Gr.*anti*, against & *phone*,voice.] A sacred song or hymnset to music:ભજન;કીર્તન;સ્તોત્ર.

Ant-hill, (ઍન્ટ્હિલ્) *n.* A hillock formed by ants,for their habitation:કીડીનું દર;રાફડો.

Anthology, (ઍન્થૉલૉજિ) *n.* [Gr. *anthos*, flower, & *lego*, I gather.] A discourse,on flowers:પુષ્પવર્ણન.2.A collection of flowers: ફુલનો સંગ્રહ;હાર.3.સુંદર કવિતાનો સંગ્રહ.

Anthracite, (ઍન્થ્રેસાઇટ્) *n.* [Gr. *anthrax*, a burning coal.]A hard,compact mineral coal:એક જાતનો કઠણ કોયલો.

Anthropology, (ઍન્થ્રોપૉલૉજિ)*n.* [Gr. *anthropos*, man & *logos*, discourse.] The doctrine of human mind and body:મનુષ્યના બાંધા વિષેનો મત.2.The natural history of the human species:મનુષ્ય જાતની ઉત્પત્તિની તવારીખ.

Anthropophagi, (ઍન્થ્રોપૉફૅજિ) *n.* [Gr. *anthropos*,man & *phægo*,I eat.] Cannibals; man-eaters:મનુષ્યમાંસહારી;રાક્ષસો.

Atheistic-cal, (એથીઈસ્ટિક્-કૅલ્) *a.* Pertaining to atheism:નાસ્તિકના મત સંબંધી.2. Impious:દેવનિંદા કરનારો;પાપી;નાસ્તિકવૃત્તિવાળો.

Athirst.(ઍથર્સ્ટ્)*a.*Thirsty; wanting drink: તરસ્યું; પ્યાસું 2.Desirous: આતુર; ઇત્સુક.

Athlete,(ઍથ્લીટ્)*n.*[Gr.*athlos*,a contest.] A contender for victory:જીત માટે લડનાર;પહેલવાન;મલ્લ;તાલીમબાજ.

Athletic, (ઍથ્લેટિક્)*a.* Relating to exercises:કસરત સંબંધી; મલ્લક્રીડા સંબંધી. 2.Robust; lusty:મલ્લ; લઠ્ઠ; તાલિમબાજ; બળવાન; જોરાવર. A. exercises,કસરત;જોર;કુસ્તી;મલ્લવિદ્યા.

Athwart,(ઍથ્વૉર્ટ્) *adv.* Sidewise; crossly; wrong:આડી રીતે;ગેરરીતે.*prep* Across:વાંકું;આડું.

Atlantic,(ઍટ્લૅન્ટિક્)*a.* The ocean between Europe & America:અમેરિકા અને યુરોપ વચ્ચેનો આટલાંટિક મહાસાગર.

Atlas,(ઍટ્લૅસ્)*n.*A collection of maps in a volume:નકશાનું પુસ્તક.2.A volume of plates: છાપ;ચિત્રનુંપુસ્તક.3 એક જાતનું રેશમી લુગડું.

Atmospher,(ઍટ્મૉસ્ફીર્)*n.*[Gr.*atmos*,smoke & *spaaira*, sphere.] The air surrounding the earth:વાતાવરણ;ગગન; આકાશ. 2.Any surrounding influence: આવરણ.

Atmospheric-cal,(ઍટ્મૉસ્ફેરિક્-કૅલ્) *a.* Pertaining to atomsphere:વાતાવરણ સંબંધી.

Atom,(ઍટૉમ્)*n* [Gr.*a*,not & *temno*, I cut.] An indivisible particle:a molecule: અણુ; પરમાણુ;રજ;કણ,લેશ.2.અતિસૂક્ષ્મપદાર્થ;રજ.

Atomic-cal(ઍટૉમિક્-કૅલ્)*a.*Extremely minute:અણુનું-સંબંધી;ઝીણું;પરમાણુમય;સૂક્ષ્મ.

Atone, (ઍટોન્) *vi.* [L.*ad* & *unus*,one.]To make reparation or amends for:બદલો-સાટું-વાળવું;અવેજ આપવો.*vt.* To reconcile:સલાહ-સમાધાનક૦.2.To expiate:પ્રાયશ્ચિત્ત-પાપનિવારણક૦.

Atonement, (ઍટોન્મેન્ટ્) *n.* Expiation; reparation: પ્રાયશ્ચિત્ત;પાપનિવારણ.2. Reconciliation;concord:મેળાપ;સમજુતી;સમાધાન;મેળ.

Atrocious,(ઍટ્રોશસ્)*a* Extremely heinous or cruel:અતિદુષ્ટ;મહાઘાતકી;ઘોર;પાપિષ્ટ;ક્રુર;ક્રૂર.

Atrocity,(ઍટ્રોસિટિ)*n.*[L *atrox*,cruel.]Enormous wickedness:કેર;ગજબ;ઘોર-દુષ્ટકર્મ;મહાપાપ

Atrophy,(ઍટ્રૉફિ) *n.* [Gr. *a*, priv. & *trepho*, I nourish.] A wasting away for want of nourishment:ક્ષય;અશક્તિ;કમતાકાતી;ક્ષયરોગ.

Attach, (ઍટૅચ્)*vt.*[L*ad* & *tango*,I touch.] To fasten: બાંધવું;જોડવું;સાંધવું; સામેલ ક૦.2.To take by legal authority:કબજબંધિ-જપ્તિ લાવવી;ટાંચ મારવી;જપ્ત ક૦ 3 To take,seize & lay hold of by force: બળાત્કારથી લેવું-પકડવું-ઝાલવું. 4.To win the heart of:મન હરી લેવું;તરફ ખેંચવું-દોરવું;પ્રીતિ કરાવવી.5.To connect in a figurative sense:માનવું;ધારવું;ગણવું;લેખવવું.

Attache(ઍટૅશે)*n*One attached to the suite of an ambassador:રાજાના એલચીનો કોઇએકચાકર.

Attachment, (ઍટૅચ્મેન્ટ્) *n.* Adherence; fidelity;affection:વળગણ;પ્રીતિ; સ્નેહ; અનુરાગ; પ્યાર;સાત.2 A seizure:ટાંચ;જપ્તિ;કબજબંધી.

Attack,(ઍટૅક્) *vt.* [L.*tango*, I touch.] To assault:તુટી પડવું;હુમલો ક૦.2.To begin a controversy with:વાદવિવાદ ક૦;લઢવું:લડત ચલાવવી; સામે લખવું.*n.*An onset;an invasion:ચડાઇ;હલ્લો; છાપો; હુમલ્લો. A. of robbers:ધાડ; દરોડો.

Attain,(ઍટેન્) *vt.* [L *tango*, I touch.] To arrive by motion, bodily exertion or efforts;to reach:પહોંચવું; આવીપહોંચવું.2.To arrive by an effort of mind:પ્રાપ્ત થવું;સંપાદનથવું.*vt.*To achieve;to gain:મેળવવું; સંપાદન ક૦.

Attainable,(ઍટેનૅબલ્)*a.*Capable of being attained:પહોંચી-મેળવી શકાય એવું;સાધ્ય;પ્રાપ્ય.

Attainder,(ઍટેન્ડર્) *n.* The stain; forfeiture;corruption:કલંક;બટ્ટો;લાંછન;અપયશ.

Attainment, (ઍટેન્મેન્ટ્) *n.* The act of attaining;acquisition:મેળવવું તે;પ્રાપ્તિ;સંપાદન;લાભ 2.(*pl.*)Acquirements:સંપાદન કરેલાગુણ;ગુણ.

Attaint,(ઍટેન્ટ્)*vt* [L.*ad* & *tango*,I touch.] To stain;to disgrace: બટ્ટો-કલંક-લાંછન-દૂષણ લગાડવું;કલંકિત ક૦ 2. To corrupt:ભ્રષ્ટ ક૦;બગાડવું *n.*Taint;spot:ડાઘ;દોષ;ડપકો; કલંક;લાંછન;બટ્ટો.2.A writ which lies after judgment to inquire whether a jury has given false verdict:જ્યૂરીએ ખોટો ચૂકાદો-મત આપ્યો છે કે કેમ તેની તપાસ માટે જજમેંટ (ઠરાવ) પછી નિકળેલ હુકમ.

Attemper,(ઍટેમ્પર્)*vt.* [L.*ad* & *tempero*, I soften.] To modify;to reduce:ઘટાડવું;સમાવવું;ઓછું ક૦.2.To soften:નરમ ક૦;શાંત ક૦.3.To regulate:નિયમમાં આણવું;અનુકુળ ક૦;અનુસરતુંક૦.

Attempt,(ઍટેમ્પ્ટ્)*vt.* & *vi.* [L.*ad* & *tempto*,I try.] To endavor:યત્ન-પ્રયત્ન-પ્રારંભ-કોશીસક૦.2.To attack:હલ્લો-હુમલો ક૦.*n.* Effort; trial;endeavor:અજમાયેશ;તજવીજ;પ્રયત્ન.

Attend,(ઍટેન્ડ્) *vt.* [L. *tendo*, I stretch.] To give heed to;to regard:સાંભળવું;ગણકારવું. 2.To go or stay with;to wait on:સાથે જવું-આવવું-રહેવું;હાજર રહેવું;ખિજમતમાં રહેવું. 3. To accompany:-માં રહેવું;સાથે હોવું.*vi.*(*to*)To consider;to give heed to(*on*,*upon*):ધ્યાન આપવું; મન લગાડવું;સાંભળવું;લક્ષ દેવું.2.To accompany; to wait on:ખિજમત-સેવા-ચાકરીમાં રહેવું.

Attendance,(ઍટેન્ડૅન્સ્) *n.* Service:હાજરી; ખિજમત,ચાકરી;સેવા.2.Train; retinue:હાજર રહેનાર માણસો;હાજરી; સ્વારી.3.Attention; regard:લક્ષ;ધ્યાન;મન;ચિત્ત.

Attendant,(ઍટેન્ડેન્ટ્)*a.*Being present:જનાર-આવનાર;સાથે રહેનાર.2Accompanying: લગતું;અનુષંગી.*n.*Companion;servant:સેવક;સાથી;ચાકર;અનુચર;ખિજમતદાર;હજુરીઓ; અનુયાયી.

2. Concomitant:અનુસંગી;સહચારી પદાર્થ.
Attention,(ઍટ્ટેન્શન)*n.*Heed;care;consideration:લક્ષ;ચિત્ત:મન;અપ્રમાદ;ધ્યાન;પરાયણતા.2 Act of civility or courtesy:આદરમાન;સત્કાર
Attentive,(ઍટ્ટેન્ટિવ્)*a.*Mindful;watchful; observant:સાવધ;ચોકસ;સાવધાન;તત્પર;સત્કારયુક્ત
Attenuate,(ઍટ્ટેન્યૂએટ્)*vt* [L *ad* & *tenuo*,I make thin.]To make thin;to subtilize:ઝીણું-પાતળું-બારીક ક૦.2.To comminute:ભૂકા-ચૂરો ક૦.3.To extend in length:ખેંચવું;લંબાવવું.*vi.* To become thin,tender or fine;to grow less: પાતળું-બારીક-ઝીણું-નાજુકથવું;કૃશ-ક્ષીણ-ઓછુંથવું;ઘટવું.
Attest, (ઍટ્ટેસ્ટ્)*vt.* [L.*testis*,a witness.]To certify;to bear witness to:સાક્ષી પુરવી-ક૦.2. To give proof of:સિદ્ધ ક૦;સાબેતી આપવી.
Attestation,(ઍટ્ટેસ્ટેશન)*n.*Testimony;evidence: સાક્ષી;પ્રમાણ;સાખ.
Attester or **Attestor,** (ઍટ્ટેસ્ટર્)*n.*One who attests: સાક્ષી આપનાર-કરનાર.
Attic,(ઍટ્ટિક્)*n.*The uppermost story of a house:ઘરનું કાતરિયું.2.Pure;elegant:સફાઇદાર;સુંદર.
Attire,(ઍટ્ટાઇર)*vt.*To dress;to array:વસ્ત્ર પહેરાવવાં;પોશાક પહેરાવવો;શણગાર સજાવવો.*n.*Clothes;ornamental dress:વસ્ત્ર;સુંદર પોશાક;અલંકાર.
Attitude,(ઍટ્ટિટ્યૂડ) *n.* [L.*apto*,I fit.] Posture of a person:શરીર-અંગસ્થિતિ:ઢબ;ડોળ;આસન;વૃત્તિ.2 Position of thing:દેખાવ;આકાર;ડોળ
Attorney,(ઍટ્ટર્નિ) *n.* [L. *ad* & *torno*, I turn in lathe.] One who takes the place or turn of another:મુનીમ;પ્રતિનિધિ. 2. One who is legally appointed by another to transact any business for him:મુખત્યાર;વકિલ.
Attract, (ઍટ્ટ્રૅક્ટ્) *vt.* [L. *ad* & *traho*, I draw.] To cause to adhere: ખેંચવું; આકર્ષણ ક૦;તાણવું.2.To allure:લલચાવવું;મનહરવું;આકર્ષવું.
Attraction,(ઍટ્ટ્રૅક્શન) *n.* The force which draws bodies towards each other: આકર્ષણ શક્તિ.2. Enticement;charm:મોહ;આકર્ષણ. *A. of gravition*:ગુરૂત્વાકર્ષણ;*capillary* a.કેશાકર્ષણ.
Attractive, (ઍટ્ટ્રૅક્ટિવ) *a.* Having the power of drawing:આકર્ષક;આકર્ષણશીલ.2.Engaging;alluring:મોહક; મનોહર;ચિત્તાકર્ષક.
Attractiveness, (ઍટ્ટ્રૅક્ટિવ્નેસ્) *n.* Power of attracting:મનોહરપણું;મનોહરતા; આકર્ષકતા.
Attribute,(ઍટ્ટ્રિબ્યૂટ્)*vt.* [L. *ad* & *tribuo*, I give.]To assign: ને લીધે છે એમ માનવું;લગાડવું; કારણ જાણવું;આરોપવું;આરોપ કરવો.*n* Property; quality:ધર્મ;ઉપાધિ;ગુણ.
Attribution, (ઍટ્ટ્રિબ્યૂશન) *n.* Quality ascribed:ગુણ;ધર્મ.2.Ascription:આરોપ;આરોપણ.
Attributive,(ઍટ્ટ્રિબ્યૂટિવ્)*n.* Arributing: ગુણ બતાવતું;લગતું;વાચ્ય.*n.*A word expressing quality:વિશેષણ. [સાઈ ગએલું.
Attrite, (ઍટ્ટ્રાઇટ્)*a.* Worn by friction: ઘ-
Attrition, (ઍટ્ટ્રિશન)*n.* [L. *ad* & *tero*, I rub.]Act of wearing;abrasion:ઘસારો; ઘર્ષણ. 2. Grief for sin:અનુતાપ;પશ્ચાતાપ.
Attune, (ઍટ્ટ્યૂન)*vt.*To adjust: રાગ-સુર મેળવવો-ઉતારવો;મળતું બંધ બેસતું ક૦; અનુકુળ ક૦.
Auburn, (ઓબર્ન્)*a* Reddish brown:રતાસપર ભુરો; રાતુંભુરૂં: ગૌર;પાંડુવર્ણ.
Auction,(ઓક્શન)*n.*[L.*augeo*, I increase.] A public sale of property to the highest bidder; a vendue: હરાજી;લિલામ.
Auctioneer,(ઓક્શનીર્)*n.*Person who sells at auction: હરાજી-લિલામ કરનાર.
Audacious,(ઓડેશસ્) *a.* Bold;intrepid:બહાદુર;નિર્ભય;છાતીચલો;બેઅદબ;સાહસિક; ધૃષ્ટ.
Audaciousness,(ઓડેશસ્નેસ)*n.*[L.*audeo*, I dare.] Insolence;effrontery:બેઅદબી; ઉદ્ધતાઈ.નિર્લજ્જતા.2.Venturesomeness:હિમ્મત;સાહસ.
Audacity, (ઓડૅસિટિ) *n.* Insolence; boldness:ઉદ્ધતાઇ;નિર્લજતા;બેઅદબી; ધૃષ્ટતા.
Audible,(ઓડિબલ્)*a.*[L.*audio*,I hear.]Capable of being heard:સાંભળી શકાય એવું;સ્પષ્ટ.
Audience, (ઓડિએન્સ્)*n.*A hearing: શ્રવણ; સાંભળવું તે.2. Admittance to a hearing; reception to an interview:સાંભળવા સારૂ મુલાકાત. 3.An auditory:સાંભળનારા;શ્રોતાજન;શ્રોતા;પ્રેક્ષકો.
Audit,(ઓડિટ્)*n.*[L.*audio*,I hear.](*a*)Examination in general:તપાસ;તપાસણી;પરીક્ષા. (b)Examination of accounts:હિસાબની તપાસણી.*vt.*& *vi.*To examine & adjust an account: હિસાબ તપાસી નક્કી ક૦.
Auditor,(ઓડિટર)*n.*A hearer:શ્રોતા;સાંભળનાર; શ્રવણ કરનાર. 2. A person appointed to audit an account:હિસાબ તપાસનાર-લેનાર;ઓડિટર.
Auditory,(ઓડિટોરિ)*a.*(*a*) Having the power of hearing:શ્રવણ શક્તિવાળું.(*b*,Pertaining to the sense of hearing:શ્રુતિવિષયક-સંબંધિ;શ્રવણસંબંધિ.*n.*Audience:સાંભળનારી મંડળી;શ્રોતા. 2.Place for lectures:ભાષણમંદિર;વ્યાખ્યાનશાળા.
Auger,(..ગર્)*n.*A carpenter's instrument for boring large holes:શારડી; ગ્રેપણ.
Aught, (ઑટ્)*n.*Any thing: કંઇ પણ વસ્તુ.
Augment, (ઑગ્મેન્ટ્) *vt.* [L *augeo*, I increase.]To increase:વધારવું.વૃદ્ધિ ક૦. *vi.* To grow large:વધવું *n* Increase: વૃદ્ધિ;વધારો
Augmentation,(ઑગ્મેન્ટેશન)*n.* The act of augmenting:વધારવુંતે;વર્ધન. 2. The state of being augmented:વૃદ્ધિ.3.Addition:વધારો.
Augmentative,(ઑગ્મેન્ટૅટિવ્)*a.*Having the quality of increasing:વધારો કરે એવું.*n.*A derivative work denoting an increase:વૃદ્ધિ

દર્શક શબ્દ-નામ.

Augur(ઓગર્)*n*.[L.*avis*,a bird.]A soothsayer;a foreteller: શુકન જોઇને ભવિષ્ય કહેનાર;દૈવજ્ઞ; શુકન જોનાર;ભવિષ્ય જાણનાર.*vt*.To conjecture:અનુમાન-તર્ક કo; અટકળ બાંધવી;-થી જણાઈ આવવું. *vt*.To forebode;to presage:ભવિષ્ય ભાખવું-કહેવું.

Augury,(ઓગ્યૂરિ)*n*.A prediction:શુકન 2.Art of foretelling events: ભવિષ્ય કહેવાની વિદ્યા.

August,(ઓગસ્ટ્)*a*. Majestic;solemn:પ્રતાપી; પ્રૌઢ;ભભકાદાર;મ્હોટું.*n*. The eighth month of the Christian era:ઇંગ્રેજી વર્ષનો ૮ મો મહિનો.

Aunt,(આંન્ટ્)*n*.The sister of one's father or mother:ફોઇ; માશી.2.Wife of the brother of one's father or mother:કાકી; મામી.

Aura,(ઓર)*n*.[Gr. *ao*,I blow.] Any subtile, invisible fluid supposed to flow from a body:પદાર્થમાંથી નિકળતી મનાતી તેજ જેવી વસ્તુ; તેજપુંજ; દીપ્તિ; પ્રભા.

Aurated,(ઓરેટેડ) } *a*.[L. *aurum*,gold.]
Aureate,(ઓરીએટ્) } Gold-colored;gilded; golden:સોનાજેવું;સોનેરી;પીળું;ઢોળ ચઢાવેલું.

Aurelia,(ઓરીલિઅ)*n*. [L.*aurum* gold.] The chrysalis of an insect: કોશવાશી જીવડો.

Aureola-e (ોરીઑલ-લે) *n*. A circle of rays; halo of light:કીર્તીનું ચક્ર; કીર્તિનું તેજ; તેજોમંડલ.

Auricle,(ઓરિકલ્)*n*.[L.*auris*, an ear.] The external ear:બહારનો કાન.2.One of the two muscular sacs situated at the base of the heart:હૃદયની નીચેની બે કોથલીમાંની એક.

Auricular,(ઓરિક્યૂલર્)*a*.Pertaining to the ear:કાનનું-વિશેનું.2.Told in the ear;secret:કાનમાં કહેલું;છુપું;ગુપ્ત 3.Known by the sense of hearing:સાંભળેલું;દીઠેલું નહિ તેવું;કાને પડેલું.4.Traditional:કાનોકાન આવેલું-ઉતરેલું;પરંપરાગત;આખ્યાયિક.

Auriform,(ઓરિફોર્મ્)*a*.Ear-shaped: કર્ણાકાર.

Aurora,(ઓરોરે)*n* (L.)The dawn of the day: પ્રાતઃકાળ;પરોઢ;વહાણું;અરૂણ.**A**.*borealis*:ઉત્તરગોળાર્ધમાં થતો પ્રકાશ; સુમેરૂ જ્યોતિ; અરૂણોદય. **A**. *australis*:દક્ષિણ ગોળાર્ધમાં થતો પ્રકાશ-અરૂણોદય;કુમેરૂજ્યોતિ.

Auspice, (ઓસ્પિસ) *n*. [L. *avis*, a bird & *specio*, I look.] The omens drawn from birds;augury:પક્ષિની ગતિપરથી લીધેલા શુકન;નિમિત્ત;પૂર્વલક્ષણ 2.(*pl*).Favour;protection;patronage:કૃપાદૃષ્ટિ;આશ્રય;નેકનજર;અનુગ્રહ;આશ્રય.

Auspicious, (ઓસ્પિશસ્) *a*. Having good omens:શુભ;મંગળ;માંગલિક.2.Prosperous;propitious:આબાદ;શ્રેયસ્કર;અનુકૂળ; કલ્યાણકારક.

Austere, (ઓસ્ટીર્)*a*. [Gr.*aso*,I parch up.] Sour;acerb:ખાટું;તુરૂ;રૂક્ષ.2.Severe;rigorous: કઠોર;આકરૂં;સખ્ત;કરડું;તીવ્ર;ઉગ્ર.

Austereness, (ઓસ્ટીરનેસ્) *n*. Harshness in taste:તુરાશ;ખટાશ.2.Austerity (which see)

Austerity,(ઓસ્ટેરિટિ)*n*. Severity of manners or life:આકરાપણું;કઠોરતા;વૈરાગ્ય;ઉગ્રતા; તપશ્ચર્યા.*Power acquired through* **a** :તપોબળ.

Authentic cal,(ઓથેન્ટિક્-કલ્)*a*. Genuine; true:ખરૂં;અસલ;ખાતરીનું;સત્ય;સપ્રમાણ.

Authenticate,(ઓથેન્ટિકેટ્)*vt*. To prove as real or true:સાબિત-સાચું-સત્ય ઠરાવવું;સપ્રમાણ કo.

Authentication,(ઓથેન્ટિકેશન્)*n*.Confirmation:સાબિત-ખરૂ કરી આપવું તે; મંજુરી.

Authenticity,(ઓથેન્ટિસિટિ)*n*.Genuineness: સત્યતા;ખરાપણું;સપ્રમાણતા;અસલતા.

Author,(ઓથર્) *n*. [L. *augeo*, I increase.] The first mover;the beginner:મૂળકર્ત્તા;કર્ત્તા; પ્રવર્તક;ઉત્પાદક,જનક 2.The writer of a work: ગ્રંથકાર-કર્ત્તા;લેખક. [ગ્રંથ કરનારી સ્ત્રી;ગ્રંથકર્ત્રી.

Authoress,(ઓથરેસ) *n*. A female writer:

Authoritative,(ઓથોરિટેટિવ્)*a* Commanding:સ્વામિત્વસૂચક;દબદબા ભરેલું;દાબવાળું.2.Positive;peremptory:સપ્રમાણ;પ્રમાણયુક્ત;આપ્ત.

Authority, (ઓથોરિટિ) *n*. Legal power; dominion:અધિકાર;અખત્યાર;સત્તા;ઐશ્વર્ય.2.(*pl*) Government;a ruling body:સત્તાધિકારી;સરકાર;અધિકારી.3.(*a*) The power derived from opinion,respect or esteem:પ્રમાણ;આધાર.(*b*) Credit:વજન;વકર;આબરૂ.4.Testimony;witness:સાક્ષી;સાબિતિ;આધાર;પ્રમાણ;પુરાવો.5.(*a*)A precedent:દાખલો;પ્રમાણ;ઉદાહરણ. (*b*) An official statement;order;સનદ;હુકમ;અધિકાર-પત્ર; આજ્ઞા;શાસન.6.Credibility:સત્યતા;વજનદારી.

Autherize,(ઓથોરાઇઝ્) *v.t*. To empower:સત્તા-અધિકાર આપવો.2.To legalize:કાયદાસર કo. 3.To give credit or authority:પુષ્ટી-ટેકો-આધાર આપવો.4.To establish by authority, as by usage or public opinion:પ્રમાણ-રૂઢી-વિધિ-લોકાચારથી સ્થાપવું;લોક રૂઢિથી પ્રચલિત કo.

Authorship,(ઓથર્શિપ્)*n*.State of being an author: ગ્રંથકારપણું.

Autobiographer,(ઓટોબાઇઓગ્રફર્)*n*. One who writes his own life:સ્વચરિત્ર લખનાર.

Autobiography,(ઓટોબાઇઓગ્રફિ) *n*. [Gr. *autos*,one's self,*bios*,life & *grapho*,I write.] Memoirs of one's own life written by one's self: સ્વચરિત્ર-વર્ણન-કથન; આત્મચરિત્ર.

Autocracy,(ઓટોક્રસિ)*n*. [Gr. *autos*, self & *kratos*,power]Self-supremacy;supreme authority:સ્વતંત્ર અધિકાર;મુખત્યારી;આપઅખત્યારી.

Autocrat,(ઓટોક્રેટ્)*n*.An absolute prince or. sovereign:સ્વતંત્રરાજા;અધિરાજ;આપઅખત્યારરાજા.

Autograph, (ઓટોગ્રફ્) *n*. One's own handwriting;an original manuscript or signature સ્વહસ્તાક્ષર; પોતાના હાથનો લેખ-સહી.

Automatic-cal,(ઑટોમૅટિક્-કૅલ્)*a.*Self-acting:પોતાની મેળે હાલતું-ચાલતું;સ્વયંવહ;આત્મચાલક.
Automatism,(ઑટોમૅટિઝમ્)*n.*Power of self-moving:સ્વયંવાહિની શક્તિ;આત્મચલનશક્તિ.
Autumn,(ઑટમ્) *n.* [L. *augeo,* I increase.] Third season of a year or the one between summer & winter:શરદ્‌ઋતુ;શરત્કાલ;ખરીફનો સમય (in England.)the fall:પાનખર ઋતુ 2.Decline: third stage:પડતી;ઉતરતી.
Autumnal,(ઑટમ્નૅલ્) *a.* (*a*) Belonging to autumn:શરદ્‌ઋતુ સંબંધી-વિષેનું.(*b*) Produced in autumn:શરદ ઋતુમાં ઉત્પન્ન થતું-નિપજતું.(*c*) Flowering in autumn:શરદમાં ફુલ આવતું-ફુલતું.2.Past the middle of life;in the third stage:ત્રીજીવીશીનું;ઉતરતી વયનું.
Auxiliar-ry,(ઑગ્ઝિલિઅૅર્-રિ)*a.* [L. *augeo,* I increase.]Subsidiary:મદદગાર; સહાયકારક. *n.* A helper:મદદ કરનાર.2.(*pl*) Foreign troops employed in war:પારકાદેશનું કુમકે આવેલું લશ્કર. 3.A verb helping to form the moods & tenses of other verbs: સહાયકારક ક્રિયાપદ.
Avail,(અૅવેલ્)*v.t.*[L.*ad*&*valeo,*I am strong] To profit;to benefit: ફાયદો લેવો; કામમાં લેવું; કામ સાધી લેવું;લાભ લેવો;કામ લાગવું.2.To assist or aid;મદદ-સહાય ક૦,-થી ચાલવું-વળવું-ફળ થવું;કામમાં આવવું.*v.i.*To be of advantage;to answer the purpose of:ઉપયોગી થઈ પડવું;કામમાં આવવું;થી ચાલવું-વળવું-ફળ થવું-કામ પાર પડવું *n.*Benefit;use: ઉપયોગ;ફલ;ફાયદો;હિત;ગુણ.2.(*pl.*)Proceeds(of a sale:)ઉત્પન્ન;પેદાશ.*Of no* a. useless:વ્યર્થ;નિષ્ફળ.
Available, (અૅવેલૅબલ્) *a.* Advantageous; profitable:મળી શકે એવું;ઉપયોગી;લાભકારક;હિતાવહ:પ્રાપ્ય;ફળપ્રદ.2.Valid:મજબૂત;યોગ્ય;જબરૂં.
Avalanche,(અૅવેલૅન્શ)*n.* [L. *ad* & *vallis,*a valley.]A large mass of snow rolling down from a mountain:પહાડ ઉપરથીપડતોબરફનોઢગલો.
Avarice,(અૅવેરિસ્)*n.*[L.*aveo,*I strive after.] Cupidity:દ્રવ્યલોભ;તૃષ્ણા;લાલચ;લાલસા;ધનાશા.
Avaricious,(અૅવેરિશસ્) *a.* Greedy of gain: ધનલોભી; કૃપણ.
Avast,(અવાસ્ટ્)*interj.*Cease;stop;સબુર;થોભ.
Avaunt,(અૅવૉન્ટ્)*interj.*Begone:કાળુંકર;ચલજા; નિકળ;હટ.
Avenge,(અૅવેન્જ્)*vt.*[L. *vindico,* I punish.] To vindicate(without malice);to punish, (as a duty): બદલો વાળવો;વેર લેવું.
Avenue,(અૅવીન્યૂ)*n.*[L *ad,*to&*venio,*I come.] Passage:માર્ગ;રસ્તો;દરવાજો;દ્વાર. 2. An alley: કુંજગલી;તરુપંક્તિ.3.A wide street.પહોળો રસ્તો.
Aver,(અૅવર્)*v.t.* [L. *ad* & *verus,* true.] To assert;to declare positively:ખાતરીથી કહેવું; નિશ્ચયપૂર્વક બોલવું; પ્રતિજ્ઞા ઉપર કહેવું.
Average,(અૅવરેજ્)*n.*[L.*habeo,*I have.]A mean proportion:મધ્યપ્રમાણ; સરાસરી.*a.* Medial:મધ્યમ;મધ્ય પ્રમાણનું.*vt.*To find the mean of:સરાસરી કાઢવી *vi.*To form a mean sum:સરાસરી.
Averment,(અૅવર્મેન્ટ્)*n.* Affirmation:ખાતરીથી બોલવું તે; પ્રતિજ્ઞા;દૃઢવચન.
Averse,(અૅવર્સ)*a.*[L.*verto,*I turn.]Disinclined to;unwilling:પ્રતિકૂળ;નારાજ;અણગમતું;વિમુખ.
Averseness,(અૅવર્સ્‌નેસ્) } *n.* Dislike;repugnance:નાખુશી;અભાવ;પ્રતિકૂળતા;વિરાગ;અપ્રીતિ;દ્વેષ.
Aversion, (અૅવર્શન) }
Avert,(અૅવર્ટ્)*vt.*[L.*ad* & *verto,* I turn.] To turn aside;to prevent:ફેરવવું;અટકાવવું;દુર ક૦.
Aviary(એવિઅૅરિ)*n.*[L. *avis,*a bird.]A building or inclosure for keeping birds:પક્ષિવન-શાળા;પક્ષીઓને રાખવાની જગા;ખડો; પાંજરૂં.
Avidity, (અૅવિડિટિ) *n.* [L. *aveo,* I desire.] Eagerness:આતુરતા;ઘણી ઇચ્છા-હોંશ;અતિસ્પૃહા.
Avid-ious,(અૅવિડ્-ડિઅસ્)*a.* Eager; greedy: લોભી;ભુખ્યો;બાવરો.
Avocation,(અૅવોકેશન)*n.*[L.*ad* & *voco,*I call] The business which calls off;occupation; calling:કામકાજ;ધંધો;પેશો;કાર્ય;વ્યાપાર;વૃત્તિ.
Avoid,(અૅવોઇડ્) *vt.* [L.*e* & *vito,*I shun.] To shun;to escape:છોડી દેવું;તજવું;-થી અલગ દૂર-વેગળા રહેવું;વર્જવું.2.To evade: ઉડાવવું;અખાડા ક૦.
Avoidable, (અૅવોઇડૅબલ્) *a.* Capable of being shunned or escaped: તજવા જોગ; દુર રાખવા જોગ;વર્જનીય; નામંજુર કરી શકાય તેવું.
Avoirdupois, (અવર્ડ્યૂપૉઈઝ્) *n.* Weight of which a pound contains 16 ounces or7000 grains troy:એકજાતનું વિલાયતી તોલ જેમા એક પૌન્ડના સોળ આંસ ગણાય છે.
Avouch,(અવાઉચ્)*vt.* [L. *ad* & *voco,* I call.] To affirm;to maintain:નિશ્ચય પૂર્વક બોલવું-કહેવું.
Avow,(અવાઉ) *vt.* [L.*voveo,*I vow.] To own or confess frankly: ખુલ્લી રીતે કબૂલ ક૦-માનવું;સ્વીકાર-અંગીકાર ક૦.
Avowal,(અવાઉઅૅલ્)*n.*An open declaration: ખુલ્લી કબૂલાત;અંગીકાર;સ્વીકાર.[manner:સ્પષ્ટરીતે
Avowedly, (અવાઉઅેડ્લિ) *adv.* In an open
Await, (અૅવેટ્)*vt.* To wait or look out for; to expect: વાટ-રાહ જોવી; થોભવું. 2. To be in store for;to attend:તૈયાર-સારૂ રાખેલું હોવું.
Awake-n, (અૅવેક્-કન્) *v.t.* To rouse from sleep;to wake:જગાડવું; ઉઠાડવું.2.To put into action, or new life:સચેતન-સજીવન-જાગૃત-સાવધ ક૦.*vi.*To break from sleep:જાગવું;સાવધ થવું.
Awake,(અૅવેક્)*a.* Not sleeping;in a state of action:જાગૃત;સાવધ;હોશીયાર;જાગતું.
Awakening, (અૅવેકનિંગ્) *p. a.* Exciting જગાડતું;જાગૃત કરતું;પ્રબોધક.*p.n.*Act of awaking;

a revivalof religion:પ્રબોધ;પ્રબોધન;નિંદ્રાભંગ.
Award,(ઍવૉર્ડ્)*vt*.To adjudge: ફેંસલો-ચૂકાદો નિવેડો કરીનેઆપવું-અપાવવું. *vi*.To determine: નિવેડો-નિર્ણય-ફેંસલો-ચૂકાદો ક૦.*n*.A judgment; final decision:નિવેડો;ચૂકાદો;ફેંસલો;નિર્ણય.2.Paper containing a judgment:ફેંસલનામું હુકમનામું.
Aware,(ઍવેર્)*a*.(*a*)Vigilant: સાવધ;સચેત; સાવધાન.(*b*)Cognizant:વાકેફ;જાણીતું; માહિતગાર.
Away,(ઍવે) *adv*. Absent; at a distance: ગેરહાજર;આઘે;દૂર;છેટે.
Awe, (ઑ)*n*.Reverential fear;fear mingled with admiration;dread;reverence:આદરયુક્ત ભય;ધાસ્તી;દબદબો;દાબ;ધાક; ત્રાસ. *vt*. To strike with fear & reverence:બીવડાવવું;ધાક દેખાડવી.
Awful,(ઑફુલ્)*a*.Solemn;dreadful:પ્રૌઢ;ધાસ્તી-ધાકભરેલું;ઘોર;દારૂણ;ભીષણ;ભયંકર; પૂજ્ય.2.Detestable;ugly:ધીક્કારવા જોગ;બેઢંગું;કઢંગુ.
Awfulness,(ઑફુલનેસ્)*n*.Solemnity: ગંભીરપણું;દબદબો;ઘોરતા;દારૂણતા;ભયંકરતા.
Awhile, (અહ્વાઈલ્) *adv*. For some time; for short time:થોડીવાર સુધી;કંઈકવાર.
Awkward,(ઑક્વર્ડ્)*a*.Wanting dexterity; without skill: અનાડી; અણકીસબી; અણઘડ;(*b*) Clumsy (*things*): બેડોળ, બદશિકલ; કઢંગુ. 2. Unpolite:અસભ્ય;અનાડી.3 Unfavourable;adverse:પ્રતિકૂળ;નાપસંદ;અનઘડવાળું.
Awkwardness, (ઑક્વર્ડનેસ્) *n*. Want of dexterity;ungracefulness in manners:બેડોળપણું;બેઅદબી;અનાડીપણું;અકુશળતા;અણઘડતા.
Awl, (ઑલ્) *n*. A pointed instrument for making holes in leather or wood:સોયો.(મોચીનું) ટોચણું;આર.
Awn, (ઑન્)*n*.[Gr.*achne*,chaff.]The bristle of corn or grass;arista:અનાજ-ઘાસનું સુંપણું.
Awning, (ઑનિંગ્)*n*.A cover of canvas to shelter from sun's rays:ચંદરવો;છત;ચંદની;છાટ.
Ax-e, (ઍક્સ્) *n*. [Gr. *axo*, I break]An instrument of iron for hewing: કુહાડી;કુહાડો.
Axial, (ઍક્સિઅલ્)*a*.Pertaining to an axis: ધરીને લગતું-ના જેવું. [બગલ.
Axil, Axilla, (ઍક્સિલ્ લૅ)*n*. The armpit:
Axiom, (ઍક્સિઓમ્)*n*. [Gr, *axido*,I deem worthy.]A self evident truth: પ્રત્યક્ષ પ્રમાણ. 2.An established principle:સિદ્ધ વાક્ય;સિદ્ધાંત.3.Maxim:વચન;સૂત્ર.
Axiomatic-cal, (ઍક્સિઓમેટિક્-કલ્) *a*. Pertaining to axiom:પ્રત્યક્ષ પ્રમાણ સંબંધી-ની રીત-નું;સ્વતઃસિદ્ધ;પ્રત્યક્ષ;સ્વયંસિદ્ધ.
Axis,(ઍક્સિસ્)*n*. [Gr. *axon*, an axle.] A straight line passing through a body on which it revolves: ધરી; આંસ;અક્ષ; ધુરા;ગુણ.
Axle-tree,(ઍક્સલ્-ટ્રી)*n*.The pole on which a wheel turns:ધરી.[indeed:હા;સારૂં;ઠીક;ખચિત.
Ay, Aye, (આઈ)*adv*. [L. *aio*,I say.] Yes;
Aye, (આઈ) *n*. An affirmative:હકાર.
Aye, (એ)*adv*. Always;ever:હમેશાં;સદા;નિત્ય.
Azimuth,(ઍઝિમથ્)*n* An arc of the horizon between Meridian of the place & the vertical circles:સમાંશ.*The co*-a:દિગાંશ.
Azote, (ઍઝોટ્) *n*. [Gr. a & *zao*, I live.] Nitrogen gas:એક જાતની ઝેરી હવા.
Azure,(ઍઝ્યૂર્)*a*. Sky-coloured: આસ્માની; વાદળી રંગનું;નીલવર્ણું.*n*.Fine blue color of the sky:વાદળી-આસ્માની રંગ;નીલોવર્ણ.

B.

B, The second letter & first consonant in English language:ઇંગ્રેજી મૂળાક્ષરનો બીજો અક્ષર અને પહેલો વ્યંજન; બ.
Baa.(બૅ)*n*.The cry or bleating of sheep:ઘેટાબકરાનો શબ્દ;બેં બેં *vi*.To bleat:બેં બેં કરવું.
Babble, (બૅબલ્) *vi*. To utter words unintelligibly: તોતડું બોલવું.2. To talk irrationally:લવરી કરવી;બકવું; બબડવું;લવવું 3 To tell secrets; to blab: છાની વાત બહાર પાડવી; વાત ફોડવી. 4. To make a constant murmuring noise:ખળ ખળ અવાજક૦.*v.t*.To prate.બડબડવું-લવારોક૦*n*.Idle talk:બકવા;લવરી;બકબક;ખળખળાટ.
Babe-by,(બેબ્,બેબિ)*n*.An infant:બાળક;બચ્ચું. 2. A doll for children: છોકરાઓનું રમકડું-ઢીંગલું. [વસ્થા-ગડબડ;ઘાંધળ;કોલાહલ.
Babel, (બેબલ્)*vt*.Confusion;disorder:અવ્ય-
Babyish or **Babish**, (બેબિશ્)*a* Childish: છોકરવાદ; નાદાન. [of monkey: એક જાતનું વાંદરૂં.
Baboon, (બૅબૂન) *n*. [L. *baboynus*]. A kind
Bachhanal-ian,(બૅક્કનૅલ્-બૅક્કનેલિઅન) *n*. [L. & Gr.*Bachhus*,the God of wine.]A drunkard:છાકટું;દારૂડીયું-માણસ *a* Riotous: છાકટું;તોફાની;દારૂડીયો; પ્યાલી-ખુશાલી સંબંધી.
Bachhanals,(બૅક્કનૅલ્ઝ્)*n pl*.Drunken feasts: દારૂડીયાની મીજબાની;પાનોત્સવ; પાનસમારંભ.
Bachelor,(બૅચેલર્) *n*. [L. L. *baccalarius*, bachelor arts.] An unmarried man: વાંઢો; કુંવારો.2. A person who has taken the first degree in the liberal arts at a college or university:પાઠશાળાની પહેલી પદવી મેળવનાર.
Back,(બૅક્)*n*. The upper part in animals and thehinder part in men:પીઠ;પુંઠ;વાંસો;બરડો 2.A broad high ridge:કરોડ.3.The outward or upper part of a thing: પાછલો ભાગ; પુંઠ;પૃષ્ઠ ભાગ.4.The hinder part:નીચેનોપૃષ્ઠભાગ.5.The part out of sight:અદૃશ્ય ભાગ; બીજો ભાગ-છેડો.6.The thick and strong part of a

cutting tool:કાપવાના હથિયારનો ઉપરનો જાડો ભાગ;જાડો ભાગ;પીઠ.*adv.*To the place from which one came: પાછા ફરીને. 2. To a former state or condition:અસલની સ્થિતિએ.3.Away from contact:પાછું;પ્રતિ.4.Behind:પુંઠે;પછવાડે;વાંસે.5. Away from the present:પાછળ;વાંસે.6.Again in return:પાછા;ફરીને.*v t* To mount:સ્વારી કરવી;ચઢવું;-ઉપર બેસવું.2.To support:મદદ-પુષ્ટિ-ઉત્તેજન આપવું 3.To cause to recede:પાછા હઠાવવું.4.To make a back for:પુંઠું કરવું-ચઢા વું. *v.i.*To move back:પાછા હઠવું *a.* Remote:પહેલાંનું.2.Backward in direction: વળતું.

Back-bite, (બૅક્‌બાઇટ્‌) *vt.* To speak ill of a person behind his back:ચાડી ખાવી;પાછળ ભુંડું બોલવું;નિંદા કરવી;ભાંડવું. *v. i.* To censure the absent: ચાડી ચૂગલી કરવી.

Back-biter,(બૅક્‌બાઇટર્‌) *n.* A secret calumniator:ચાડી ચૂગલી-નિંદાકરનાર;ચાડીઓ;ચૂગલીખોર.

Back-biting,(બૅક્‌બાઇટિંગ્‌) *n.* Secret calumny: ચાડી;ચૂગલી; નિંદા.

Back-bone, (બૅક્‌બોન) *n.* The bone of the back:કરોડ.

Backgammon,(બૅકગૅમોન્‌)*n.*A game played with a box & dice:એક જાતની ચોપટ જેવી રમત.

Back-ground,(બૅક્‌ગ્રાઉન્ડ્‌)*n.*Ground in the rear:પાછલો ભાગ.2. A place of obscurity:ગુપ્ત સ્થળ-સ્થિતિ.In the **B.**ગુપ્ત;અપ્રસિદ્ધ;પાછળ.

Back-house,(બૅક્‌હાઉસ)*n.*(*a*) A building behind the main one:ઘરની પાછળનો ભાગ.(*b*) A privy;necessary:જાજરૂ;વાડો; સંડાસ.

Back-side,(બૅક-સાઇડ)*n* (*a*)The hinder part of any thing:પાછલો-પૃષ્ઠભાગ;ગાંડ.(*b*)The rear of a house:ઘરની પાછળનો ભાગ;વંડો;વાડો.

Back-slide, (બૅક્‌સ્લાઇડ્‌)*vi.* To apostatize: ધર્મભ્રષ્ટ-પતિત થવું;સ્વધર્મત્યાગ કo;સન્માર્ગ છોડવો.

Back-stairs,(બૅક્‌સ્ટેર્સ્‌)*n.*Stairs on the back part of a house:પાછલો-છુપો-ચોર દાદર-જીનો.

Backsword,(બૅકસોર્ડ્‌)*n*, A sword with one sharp edge:એકધારી તલવાર.2.A kind of stick: એક જાતની લાકડી.

Backward,(બૅક્‌વર્ડ્‌)*a.*Unwilling:નારાજ;વિમુખ;પાછળ પડતું;પછાત 2. Dull:મંદ;ઠોઠ;સુસ્ત. 3. Late in time:મોડું આવેલું,પાછોતર.૪ અવળું;ઉંધુ.

Backwards.(બૅકવર્ડ-ડર્સ્‌)*ad.*With the back in advance:પાછા પગલે.2. On the back:ચતા; ચતુ 3.Towards the back:પાછા;પુંઠે;પાછળ 4.In past time or events:થઈ ગએલું.5.Contrarily: અવળું;ઉલટું.To go **b.** બગડીજવું;ઉતરતીદશા થવી.

Bad,(બૅડ્‌)*a.*Wanting good qualities,corrupt: ખરાબ; દુષ્ટ; ભુંડું; નઠારૂં.2. Injurious;hurtful: નુકશાનકારક;ઇજા કરે તેવું.3. Offensive;unwholesome:દુષ્ટ;બાધક;અહિતકારક;નઠારૂં;બગડેલું.4. Defective;unskilful:વાંધા પડતું,આછીઆવડતનું;કાચું. 5 Ill;evil:નઠારૂં;દુષ્ટ;ખરાબ;નકામું;નરસું;અશુભ:ખોટું.

Bade,(બૅડ્‌)The past tense of **bid:** ફરમાવ્યું.

Badge, (બૅજ્‌)*n.* A distinctive mark worn on person: ચિન્હ;પટ્ટો;ચપરાશ. 2. Something that gives prominence:નિશાની;લક્ષણ; ચિન્હ.

Badger,(બૅજર્‌)*n.* A kind of animal:એક જાતનું પ્રાણી.2.A brush made of the badger's hairs by artists:બ્રશ; કુચડી; પિંછી *v t.* (*a*) To pester;to tease:છેડવું;સંતાપવું.(*b*)To pursue eagerly:વાંસે લાગવું;મંડવું.

Baffle,(બૅફલ્‌) *vt.* To elude: વ્યર્થ-નિષ્ફળ કo. 2. To frustrate or defeat: ગુંચવવું; હરાવવું; ચાલતા-ફાવવા-વળવા ન દેવું; પરાજય કo.

Bag,(બૅગ્‌)A sack or pouch:થેલો-લી;કોથળો-ળી. 2. A sort of silken purse:રેશમની કોથળી. 3. Quantity held in the bag:કોથળામાં સમાય તેટલું;કોથળો. *vt.* To put into a bag: થેલીમાં ભરવું; કોથળો-ળી ભરવો-વી 2.To capture; to entrap:પકડવું;સપડાવવું. *vi.* To swell like a full bag:ભરેલી થેલી માફક ફુલવું;ફુલીને દડો થવું.

Bagatelle, (બૅગેટેલ્‌) [L.*bacca*, berry.]*n.* A trifle;a thing of no importance:નજીવી-હલકી-માલ વગરની વાત;ક્ષુદ્રવિષય.2.એક જાતની રમત.

Baggage, (બૅગેજ્‌) *n.* The tents & other necessaries of an army:તંબુ વીગેરેલશ્કરનો સામાન 2.The trunks,carpet,bags &c.used to contain the necessaries of a traveller:મુસાફરનો ખટલો-પેટી.3.A low woman:કુપાત્ર નીચસ્ત્રી.

Bagnio, (બૅન્યો) *n.* [L. *balneum*, bath] A bath:હમામખાનું.2.A brothel:અખાડો;ખાંજરૂ.

Bagpipe, (બૅગ્પાઇપ્‌) *n.* A musical wind instrument:વાંસળી.મોરલી;શરણાઇ.

Bail, (બેલ્‌) *vt.* [L. *bajus*, a bearer.] To liberate on security of another: જામિનપર છોડવું.2.To deliver,as goods in trust:અનામત સોંપવું.3 To free from water:પાણી ઉલેચવું. કાઢી નાંખવું.*n.*Surety for another: જામીન. 2. Security given for the release of a prisoner:જામીનગીરી.3.The handle of a kettle or other vessel:કીટલી કે તેવા વાસણનો હાથો.4.The top of the wicket in the cricket: ક્રીકેટમાં ખોસેલાં દાંડા ઉપર મુકવાની ફરકડીઓ.

Bailable, (બેલૅબલ્‌) *a.* Admitting to bail: જામિન લઈ શકાય તેવું-ઉપર છોડી શકાય તેવું.

Bail-bond(બેલ-બૉન્ડ્‌)*n.* A written security for the appearance of a prisoner at the trial:જામીન ખત; જમાની ખત; જામીનતકબો.

Bailiff,(બેલિફ્‌)*n.*An officer of justice:બેલીફ; સમન્સ બજાવનાર.2.An overseer on an estate જાગીર ઉપર દેખરેખ રાખનાર.

Baliwick,(બેલિવિક્‌)*n.*The limits of a bailiff's authority:નાજરની હુકમત.

Bait,(બેટ્)*n.*Any substance put on a hook to entice fish to swallow it:ગલમાં ભરાવેલું ભક્ષ. 2. Enticement: લાલચ; ગલ; મધલાળ; રસ્તામાં ખાવાનું ભાથું.*vt.* To allure by food: ખોરાક આપી લલચાવવું. 2. To give food or drink to a beast in journey:જાનવરને ઘાસ નીરવું-દાણો ખવરાવવો-પાણી પાવું*vi.*To refresh with food and drink in a journey:ભાથું ખાવું;હાજરી કરવી.

Bait,(બેટ્)*vt.*To provoke & harass:હેરાન કરવું; કુતરાં ભસાવવાં;દુઃખ દેવું;ખીજવવું;સતાવવું.

Bake,(બેક્)*vt.*To heat,dry & harden:પકવવું; શેકવું;તપવવું.2.To harden by cold: ઠંડકથી કઠણ થવું.*vi.* To do the work of baking:ભઠીયારાનું કામ કરવું;શેકવું;પકવવું.2.To be baked;to dry & harden in heat:શેકાવું;ચઢવું;સુકાવું.

Balance,(બૅલૅન્સ્)*n.*[L.*bis,* twice & *lanx*,a scale.]A pair of scales:કાંટો;ત્રાજવું;તાજવું. 2. Excess on one side of an account: શિલક; બાકી;શેષ.3.Estimate:ગણત્રી;વિચાર;તુલના.4.An equipoise or just proportion:ધડો;સમતોલ.5. The wheel in a watch:ઘડીયાળનું ચક્ર. 6. A sign of the zodiac:તુલા રાશી *vt.*To weigh in a balance:તોળવું.2.To counterpoise:સમતોલ. કરવું;ધડો ક૦3.To estimate:-નું તોલ ક૦;-ની તુલના ક૦;તોળી લેવું.4.To settle:માંડી વાળવું;ચુકવવું;પતાવવું. *vi.* To be equipoise: સમતોલ હોવું. 2.To hesitate:આનાકાની કરવી; સંકલ્પવિકલ્પ રાખવો.

Balance sheet,(બૅલૅન્સ્ટ્) *n.* A paper giving balance of accounts: સરવૈયું.

Balcony,(બૅલ્કોનિ)*n.*[L.*belco*,beam.]A projecting gallery: કઠેરો;ગોખ;ઝરૂખો;છજ્જુ.

Bald, (બોલ્ડ્) *a.* Wanting hair: તાલ પડેલું. 2. Unadorned;inelegant:અલંકાર-શોભા રહિત;અસભ્ય;નિરસ.3.Destitute of natural covering: છાલ-પીંછાવગરનું;આચ્છાદનરહિત;નગ્ન; ઉઘાડું.

Balderdash,(બોલ્ડરડૅશ)*n.*Bad,mixed liquor: ભેગવાળો દારૂ.2.Nonsense;trash:જંગલી બોલી.

Baldrick(બોલ્ડ્રીક્) *n.* [L.*baltens*,a belt.] A girdle;a belt:કમરપટો;મેખલા;રાશિચક્ર.

Bale,(બેલ્)*n* A bundle of goods:ગાંસડી;પોટલી; બિંડલી.*vt.*To make up in a bale:ગાંસડી બાંધવી. 2.To free from water by dipping:પાણી ઉલેચવું.

Bale,(બેલ્)*n.*Calamity;misfortune:સંકટ;દુઃખ; આપત્તિ વિપત્તિ;શોક;આપદા;આફત;વિપદ.

Baleful,(બેલ્ફુલ્)*a.*Calamitous;destructive: સંહારક;અનર્થકારક;વિનાશી;દુઃખદાયક; દુઃખિત.

Balk,(બોક્)*n.*A ridge of unploughed land: સેડો;પડતર-વગર ખેડેલી જમીન.2.A great beam: મોભ; ભારવટિઓ 3.Disappointment:નાઉમેદી; નિરાશા.*vt.*To leave untouched in ploughing: પડતર રાખવું;સેડો રાખીને ખેડવું. 2. To frustrate: નિરાશ-નિષ્ફળ ક૦.*vi.*To stop abruptly in one's course:ચાલતાં ચાલતાં એકદમ અટકી પડવું.

Ball,(બોલ્)*n.* [L *pila.*] A round body: દડો; ગોળો;પીલ્લુ;ગોટો.2.Any protuberant part of the body:શરીરનો આગળ પડતો દડા સરખો ભાગ; આંખનો ડોળો 3.Musket balls:ગોળી.

Ball, (બોલ્) *n.* [Gr. *ballo*,I heap.]A social assembly for the purpose of dancing:નાચ; નૃત્યોત્સવ;નૃત્યસમારંભ.

Ballad(બૅલૅડ્)*n.*A simple popular song:ગીત; લાવણી;ગરબી.*vi.*To sing ballads:ગીત ગાવાં.

Ballast, (બૅલૅસ્ટ્) *n.* Heavy substance to sink a vessel to a certain depth so as to keep it steady:નેહાવ;નીરમ.2 Broken stones: ભાગેલા પથરા;કાંકરા. A ship in b-s.ખાલી વહાણ.

Ballet,(બૅલ્લે)*n.*A kind of dance:એક જાતનો નાચ;હાવભાવપૂર્વક નૃત્ય.

Balloon,(બૅલ્લૂન્)*n.*A hollow vessel of light material filled with gas so as to rise in the air:બલુન;ગબારો;વિમાન.2.A ball on the top of a pillar:થાંભલા ઉપરનો ગોળ ભાગ.3.A ball stuffed with combustibles:સળગી ઉઠે એવા પદાર્થથી ભરેલો ગોળો;હવાઇ.

Ballot,(બૅલ્લૉટ્) *n.* (*a*) A little ball used in voting:મત આપવાની ગોળી;લખોટી (*b*)Hence,a piece of paper used for the same purpose: મત આપવાની ચિઠ્ઠી.(c) The whole amount of votes cast:પાડેલા-આવેલા સર્વ મત;મતસમસ્ત.*vi.* To vote or decide by ballots:ચીઠ્ઠીથી મતઆપવો.

Balm, (બાંમ્) *n.* [L.*balsamum*,balsam]A fragrant plant: ખુશબોદાર છોડ. 2. Aromatic sap of certain trees:કોઇઝાડનો ખુશબોદાર રસ; ગુગળ.3Any fragrant ointment:ખુશબોદાર લેપ-મલમ-ઉટણું.4.Anything which heals pain: દુઃખ નિવારક-ઔષધ *vt.*To annoint with balm: લેપ કરવો ચોળવો2.To mitigate:મટાડવું;શમાવવું.

Balmy,(બાંમિ)*a.*Odoriferous;aromatic:સુગંધીદાર;ખુશબોદાર;સુવાસિત 2. Assuaging; soothing:શાંતિકારક;સુખકર;મિઠું;ગુલાબી;નરમ;શામક.

Balsam,(બાલ્સૅમ્)*n.* Soothing ointment of an oily nature:ખુશબોદાર તેલ;અભ્યંજન. 2.A species of tree:એક જાતનું ઝાડ.

Baluster,(બૅલસ્ટર)*n.*[L.*balanstium.*]A little pillar:નાનો થાંભલો;કઠેરાનોસળીયો.[lars:કઠેરો.

Balustrade(બૅલસ્ટ્રેડ્)*n.* A row of little pil.

Bamboo, (બૅમ્બૂ)*n.* A strong Indian reed with hollow jointed stems:વાંસ.*Manna of the* b:વાંસકપુર;વંશલોચન.*vt.*To flog with the bamboo:વાંસથી ઝુડવું-મારવું-કુટવું.

Bamboozle,(બૅમ્બૂઝલ્)*vt.*To deceive;to confound:છેતરવું;ગુંચવું;ઠગવું;છેતરપંડી ક૦;ફસાવવું.

Ban,(બૅન્)*n.*A public notice, mendatory or prohibitory:ઢંઢેરો;દાંડી.2. (*pl.*);A proclama-

tion in church:લગ્નના ઠરાવની જાહેરખબર; લગ્ન થવાનું છે તેની જાહેર ખબર. 3. An interdiction; prohibition:મના;આણ દુવાઇ 4.A curse:શ્રાપ; શાપ;બદદુવા. 5.A pecuniary penalty: દંડ.*vi.* To curse: શ્રાપ દેવો;બદદુવા આપવી.

Banana(બૅનૅનૅ)*n* An herbaceous plant & its fruit:સોનેરી કેળ તથા સોનેરી કેળું.

Band, (બૅન્ડ્)*n.* A narrow strip of cloth for binding;fillet:પાટા;દોરી;બંધ;પટો;પટી.2.Means of unionbetween persons:સંપ;સંબંધ;સાંકળ;શ્રેણી 3.A linen ornament for clergymen:પાઘડીનો ડોકે બાંધવાનો પટો (*a*)A companyof persons;multitude assembled:મંડળી;જમાત;ટોળી; ઝુંડ; સમાજ;સમૂહ (*b*)લશ્કરની ટુકડી;પલટણ *vt.* To bind: બાંધવું. 2. To unite: એક સંપ કરવો.

Bandage (બૅન્ડેજ્)*n.*A fillet or roller used in dressing wounds: પાટો. 2. Something resembling a bandage:બંધન;બંધ;પાટો.*vt.*To bind with a bandage:પાટો બાંધવો.

Bandit,(બૅન્ડિટ્)*n.*A robber;a brigand:બારવટીયો;લૂંટારો;ધાડપાડુ;વાટપાડુ.

Bandog,(બૅન્ડૉગ્)*n.* A large, fierce kind of dog; mastiff:વિકાળ કુતરો

Bandy,(બૅન્ડિ)*n.*A bent club for striking a ball at play:ગેડી;દંડો.2 The play with such a club:ગેડી દડાની રમત.*vt.* To beat to & fro: આમ તેમ ફેંકવું.2.To exchange:ટપાટપી-વાદવિવાદ કo.*vi.*To contend at a game:ટપાટપી કo.

Bane,(બેન્) *n* (*a*) Poison of a deadly quality:હળાહળ ઝેર;વિષ.(*b*)hence,any fatal cause of mischief or destruction:વિષનો પ્યાલો;વિષનું ઘર;વિનાશહેતુ;અનર્થમૂળ.2.Ruin:નાશ;મરણ;કાળ.

Baneful,(બેન્ફુલ્)*a.* Poisonous:ઝેરી; નાશકારક

Bang,(બૅન્ગ્)*vt* To handle roughly;to beat: પ્રહાર કo;મારવુંઝાપટવું.2.To excel: ચઢીયાતું થવું; ઉપર ટપી જવું. *n.* A heavy blow: સપાટો; ઝપાટો;પ્રહાર.2.An intoxicating drug:ભાંગ.

Bangle,(બૅન્ગ્લ)*n.*An ornamental ring worn on the arms & ankle in India & Africa: બંગડી; ચૂડો;કલ્લી;ગુજરી; ચુડી.

Banian,(બૅનિઍન્)*n.*A Hindu merchant: વાણીઓ;વેપારી.2. A morning gown:બદન; બંડી; ગંજીફરાક.3.The Indian fig tree:વડ.

Banish,(બૅનિશ્)*vt.* To condemn to exile:દેશનિકાલ કરવો;દેશપારકo.2.To drive away:કાઢી મુકવું. [banished:દેશનિકાલ;દેશવટો.

Banishment, (બૅનિશ્મેન્ટ્) State of being

Bank,(બૅન્ક્) *n.* A mound, pile or ridge of earth:બાંધ;પુસ્તો;કિનારો;પાળ;કોટ.2.Any steep ascent rising from a water course:કિનારો; કાંઠો.3.A shoal;a shallow:બાઢુ.4.An establishment for the custody,or the loaning,exchange,or issue of money:પેઢી;શરાફી દુકાન;કોઠી; બેંક.*vt.*To embank:ધોરો-બાંધ-પુસ્તો બાંધવો.*vi.* To carry on banking:શરાફી કામ કરવું.

Banker,(બૅન્કર્)*n.*One who traffics in money:શરાફ;પેઢીવાળો;શાહુકાર;નાણાવટી.

Bank-note(બૅન્કનોટ્)*n* A promissory note issued by a bank:તરત મુદતની હુંડી.

Bankrupt,(બૅન્ક્રપ્ટ્)*n.*[L *ruptus*, broken.] A trader who fails to pay his debts: દેવાળીયો;નાદાર. *a.* Insolvent: નાદાર.*vt.*To make insolvent:દેવાળુ કઢાવવું.

Bankruptcy, (બૅન્ક્રપ્ટ્સિ) *n.* Failure in trade:દેવાળું;નાદારી. [bank:બેંકના શેર.

Bank-stock, (બૅન્ક્સ્ટૉક્) *n.* Share of a

Banner, (બૅનર્)*n.*A flag or ensign:વાવટો; નિશાન;પતાકા;ધજા. [નાનો વાવટો.

Bannerol,(બૅનરોલ્) *n.* A little flag: ધજા;

Banquet,(બૅન્ક્વેટ્) *n.*A feast:મિજબાની; ઉજાણી;જયાફત;ખાણું *vt.* To treat with a feast: મિજબાની આપવી;ખાણું આપવું.

Banter(બૅન્ટર્)*vt.*To joke:મશ્કરી-હાંસી-ઠઠ્ઠા-કo. *n.* A joking:વિનોદ;ઉપહાસ;ઠઠ્ઠો;મજાક.

Bantling, (બૅન્ટ્લિન્ગ્)*n.* A young child:બાળક; બચ્ચું.

Banyan, See, **banian.** 3.

Baptism,(બૅપ્ટિઝ્મ્) *n.* [Gr. *bapto*, I dip in water]An initiating sacrement of the Christian religion:ધર્મ નિવેશાર્થ જળસંસ્કાર;બાપ્તિસ્મ.

Baptist, (બૅપ્ટિસ્ટ્) *n.* One who administers baptism:જળસંસ્કાર કરનાર.

Baptistic, (બૅપ્ટિસ્ટિક્)*a.* Pertaining to baptism: જળસંસ્કાર સંબંધી.

Baptize,(બૅપ્ટાઇઝ્)*n.*To christen:સંસ્કાર કરવો.

Bar, (બાર્) *n.* Bolt:ભુંગળ; ગજ; આગળો. 2. An obstruction:વિઘ્ન;અડચણ;આડખીલ.3.A sand bank at the entrance to a river:નદીના મોં આગળનું બાઢું. 4. (*a*) The railing enclosing the space which counsels occupy in courts of justice:અદાલતમાં વકિલોને બેસવાની જગાની આસપાસનો કઠેરો.(*b*)The whole body of lawyers:સમસ્ત વકીલ મંડળ. 5. Lump of gold or other metal:ધાતુનું ચોસલું;રૂપાની ઇંટ-ગઠ્ઠો;સોનાની રણી.*vt.*To fasten with a bar:ભુંગળ દેવી-ખેંચવી.2.To obstruct:અટકાવવું;અડચણ-નડતર-વિઘ્ન કo;બંધકo.3.To except:બાતલ કરવું;અપવાદ ગણવો.

Barb,(બાર્બ્)*n.* [L.*barba*, beard.]A beard: દાઢી. 2. The point that stands backward in an arrow: આંકડો-ડી; કાંટો. 3 A defensive armour anciently warned by horses: અસલ વપરાતુ ઘોડાનું બખતર;પાખર. 4. A horse of Barbary noted for speed: બારાબરી દેશનો ઘોડો. *vt.* To furnish with barbs:આંકડાવાળું-કાંટાદાર કo. 2. To clothe a horse with arm-

our:ઘોડાને બખ્તર પહેરાવવું.

Barbarian,(બાર્બેરિઅન્) *n.* [L. *barbarus*, rude.] An uncivilized person: જંગલી-અભણ-અસભ્ય માણસ;રાનવો. 2. A cruel man: ઘાતકી ક્રૂર-નિર્દય માણસ.*a.* Rude: જંગલી; અસભ્ય;અણઘડ 2 Brutal; cruel: ઘાતકી;ક્રુર; નિર્દય.

Barbarism, (બાર્બારિઝ્મ્) *n.* Savagism: જંગલીપણું;ક્રુરતા;નિર્દયતા. 2. Solecism: અશુદ્ધ ભાષણ;અપશબ્દ;અશુદ્ધ પ્રયોગ.

Barbarity, (બૅર્બેરિટિ) *n.* Savageness; inhumanity:નિર્દયતા;ક્રુરતા;અસભ્યતા;નિષ્ઠુરતા.

Barbarize,(બાર્બારાઇઝ્)*vt.*To use or adopt foreign mode of speech:અશુદ્ધ ભાષા વાપરવી. *vt.*To make barbarous:જંગલી-અસભ્ય-અણઘડ કo

Barbarous, (બાર્બારસ્) *a.* [L. *barbarus*, foreign.] *a.* Uncivilized:જંગલી;રાની; અસભ્ય;અડાણી.2.Cruel;ferocious:ઘાતકી;ક્રુર; નિર્દય.

Barbary, (બાર્બેરિ) *n.* [L. *barbaria.*] A Barbary horse:બારબરી દેશનો ઘોડો.

Barbate,(બાર્બેટ્) *a.* [L. *barbatus*, having a beard.] Bearded:દાઢીવાળું; વાળના ગુચ્છાદાર.

Barbed, (બાર્બ્ડ્)*a.* Bearded; armed: આંકડાદાર;અણીદાર;કાંટાદાર. [હજામ;ગાંયજો;વાળંદ;રાત.

Barber,(બાર્બર્)*n.*One who shaves beards:

Barberry, (બાર્બેરિ) *n.* A wild bush or its fruit;એક જાતનો જંગલી છોડ અને તેનું ફળ.

Bard, (બાર્ડ્)*n.*[L *bandus.*] A poet:ભાટ;ચારણ;બારોટ;બંદિજન:કવિ.

Bardic, (બાર્ડિક્) *a.* Pertaining to the bard or his poetry:ભાટ-ચારણ કવિ-સંબંધિ;તેમની કવિતા સંબંધિ-વિશે-બાબત.

Bardism,(બાર્ડિઝ્મ્)*n.* The learning & maxims of bards:ભાટ ચારણના ઉખાણા-કહેવત;ભાટાઈ.

Bare,(બેર્) *a.* Naked:ખુલ્લું;નાગું;બોડું.2.With the head uncovered from respect: ઉઘાડું; બોડું.3. Plain; unadorned: સાદુ;લુખું;અલંકાર રહિત 4.Destitute;empty:વિનાનું; રહિત;ખાલી. 5. Much worn;threadbare: જુનુ ખાખ થઈ ગયેલું;ખખળી ગયેલું;જીર્ણ.6.Mere;alone:એકલું;છડું.

Bare-faced, (બેર્ફેસ્ડ્) *a.* With face uncovered:ખુલ્લા મોંવાળું;બુરખા વગર;મોં ઢાંકયા વગરનું. 2.Shameless;impudent:લાજવગરનું,નિર્લજ;ધૃષ્ટ.

Bare-foot, (બેર્ફુટ્) *a.* & *ad.* With the feet bare:ઉઘાડા પગવાળુ-પગે;અડવા પગવાળું;અડવા પગે.

Bare-headed(બેર્-હેડેડ્)*a.*Having the head uncovered:ખુલ્લા માથાવાળું;બોડું;બોડુ માથુ રાખેલું.

Bareness,(બેર્નેસ્) *n.* A nakedness; indigence:નાગાઈ;દૂબળાઇ;શૂન્યતા;ક્ષીણતા.

Bargain, (બાર્ગેન્) *n.* An agreement: કરાર; સાટું;બોલી;પકુણ 2.A gainful or satisfactory transaction: નફો પડતો સોદો; કિફાયતનું વેચાણ-ખરીદી.*vi.* To agree:સાટું કo;સોદો કo;પેડવું. *vt.* To transfer for a consideration: વેચવું.

Barge,(બાર્જ્)*n.*A boat:હોડીનૌકા;હોડી.

Bark,(બાર્ક્)*n.* The rind:છાલ;છોતું;છોડું.*vt.* To peel:છાલ-છોતું ઉતારવી.2.To cover with bark: છાલથી છાજી લેવું.3. To tan:કમાવવું.

Bark, (બાર્ક્) *n.* The noise made by a dog: કુતરાનું ભસવું તે. *vi.* To make the noise of a dog:ભસવું.2 To clamour:ભસવું;નિરર્થક નિંદાકo.

Bark,(બાર્ક્)*n* A small ship:ન્હાનું વહાણ.

Bark-pit,(બાર્ક્પિટ્)*n.* A pit filled with water to steep hides for tanning:ચામડિયાનોકુંડ.

Barley,(બાર્લી)*n.*A well-known grain:જવ.

Barm,(બાર્મ્)*n.*The foam rising upon beer: બીર જાતના દારૂનું ફીણ;ખમીર.

Barn,(બાર્ન્)*n.*A covered building for farm produce:છાપરાવાળુ ખળું.2 A house for stabling cattle & horses:તબેલો;કોડ;ગમાણ.

Barometer,(બૅરૉમેટર્)*n.* [Gr.*baros*,weight & *metron*,a measure.]An instrument for determining the atmosphere:વાયુભારમાપક યંત્ર;હવામાન;વાયુમાપક યંત્ર.

Barometric-cal,(બૅરૉમેટ્રિક્ કલ્)*a.* Pertaining to barometer:વાયુભારમાપક યંત્રનું-સંબંધિ.

Baron,(બૅરૉન્)*n* [L. *baro*, a simple man.] In England a title or degree of nobility ઉમરાવની પદ્વી.2. One who holds that title: ઉમરાવ.3.A husband:પતિ;ધણી.

Baronage,(બૅરૉનેજ્) *n.* The whole body of barons: ઉમરાવ મંડળ. 2. The dignity of a baron:બૅરૉનની પદ્વી.3.The land which gives title to a baron:બૅરૉનની જાગીર; ઉમરાવનું વતન.

Baroness, (બૅરૉનેસ્)*n.* A baron's wife:ઉમરાવની સ્ત્રી.

Baronet,(બૅરૉનેટ્)*n.*The title next below a baron: ઉમરાવથી ઉતરતી પદ્વીનો પુરૂષ.-**cy**. The title & dignity of a baron:બૅરૉનેટની પદ્વી.

Baroscope,(બૅરૉસ્કોપ્)*n.* [Gr. *baros*, heavy & *scopio*,I view.]An instrument showing changes in atmosphere: વાયુમાપકયંત્ર.

Barouche,(બૅરૂશ)*n.*[L.*barotus*,from *bis*,two & *rota* a wheel.]A four-wheeled carriage with a falling top:ચારપૈડાની ખુલીગાડી; ચારક.

Barque,(બાર્ક્)*n.* A small ship:એક જાતનું ન્હાનું વહાણ.

Barrack,(બૅરૅક્) *n.* A hut or house for soldiers especially in garrison: લશ્કરી સિપાહઓને રહેવાનું ઝુંપડું-ઘર;'બરાક.'

Barratry,(બૅરૅટ્રિ)*n.*Fraud in a ship-master against the owners as embezzling goods or running away with ship: વહાણના માલીક પ્રત્યે, વહાણના નાયકે કરેલો દગો-ગેરવર્તણુંક.2. The practice of encouraging law-suits:દા-

વા ઉઠાવવાની ઉશ્કેરણી કરવી તે.

Barrel, (બૅરલ્) *n.* A round cask of more length than breadth bulging in the middle: પીપ.2.The quantity which a cask contains: એક પીપમાં જેટલું માય તેટલું.3.A tube:નળી;કોઠી; નાળ.*vt.* To pack in a barrel:પીપમાં ભરવું.

Barren, (બૅરેન્) *n.* Not producing offspring: વાંઝિયું;વંધ્યા. 2.Unproductive; sterile:કજડ; અફળદ્રુપ;રૂક્ષ 3. Not producing fruits:વાંઝિયું. 4. Empty:શુષ્ક;વ્યર્થ; નિષ્ફળ;નકામું; નિરસ;નિરુપયોગી;ખાલી 5.Dull; stupid:મંદ;બોથડ;શૂન્ય.

Barrenness,(બૅરેન્નેસ્)*n.*Unfruitfulness;sterility:વાંઝીયાપણું;નિષ્ફળતા;વંધ્યત્વ;શુષ્કતા.

Barricade,(બૅરિકેડ્)*n.*A fortification made in haste in defence against enemies:શત્રુ સામે બચાવ માટે ઉતાવળમાં કરેલો કિલ્લો;લક્કડકોટ. 2.Any obstruction or means of defence: બચાવનું સાધન;અટકાવ.*vt.*To obstruct:અટકાવવું;શત્રુને અટકાવવા માટે કામચલાઉ કોટ બાંધવો.

Barrier, (બૅરિઅર્) *n.* A fence made in a passage:શત્રુને ખાળવા કરેલો કોટ.2. A fortress on the frontier of a country:સરહદઉપરનો કીલ્લો.3.Any thing which hinders approach or attack:અટકાવ;અંતરાય;વિઘ્ન;અડચણ.4.Any limit or boundary:હદ;સીમા;મર્યાદા;સરહદ.

Barrister,(બૅરિસ્ટર્)*n.*An advocate:પહેલા વર્ગનો સનંદી વકીલ;બારિસ્ટર.

Barrow, (બૅરો) *n.* A light carriage moved by hand:હાથગાડી;ઠેલણગાડી.2.A hog,especially a male hog castrated:ડુક્કર;ખાંસી કરેલું ડુક્કર.3.A mound of earth:મટોડીનો ઢગલો;ટેકરો.

Barter,(બાંર્ટર્)*vi.*To traffic by exchanging one commodity for another:સાટું-બદલો કo; *vt.*To exchange:અદલબદલ કo.*n.* Exchange; dealing:સાટું;સાટાપાટી;અદલાબદલ.

Barth,(બાર્થ્)*n.*A place of shelter for cattle: ઢોર બાંધવાનો વાડો-માંડવો.

Basal(બૅસલ્)*a.*Forming a base:તળીયાને લગતું.

Basalt, (બૅસાલ્ટ્)*n.*[L *basaltes*,a species of a narble.]A dark greyish black-stone: એક જાતનો ભૂરો કાળો પથ્થર. 2. A kind of black porcelain:એક જાતનાં કાળાં ચીનાઈ વાસણ.

Base,(બૅસ)[L.*bassus*,low.] *a.*(*a*) Of humble birth & low degree(persons):હલકા કુળનું;નીચ;હીણ;પાજી;ખળ;દુષ્ટ (*b*)Mean(things):હલકું;નજીવું;ક્ષુલ્લક.2 Of illegitimate birth:રાંડના પેટનું; હરામજાદુ.3.Low in value:હલકી કિંમતનું;હલકું; રાશી 5.Not classical or refined:હલકુ:અધમ. 6.Deep(in sound):ઊંડું,ગંભીર;ખરજ. *n.* The bottom:તળિયું; પાયો; મૂળ;તળ; આધાર. 2. The lower part of a wall:ભીંતનો પાયો.3.That extremity of a leaf,fruit,&c., at which it is attached to its support:દીંટું.4.A principal element of a compound:કોઇપણ રસાયણિક મિશ્રણનો મુખ્ય ભાગ.5 The intersection of a cone by plane:પાયો(ભૂમિતિ)*vt.*To found:પાયો નાંખવો.

Base-Born,(બૅસ્બૉર્ન્)*a.*Born out of wedlock: જારજ;હરામજાદુ.2.Born of low parentage:નીચા કુળનું. [નિરાધાર;નિર્મૂળ;આધારશૂન્ય.

Base less (બૅસ્લેસ્)*a.*Without foundation:

Bashful(બૅશફુલ્)*a* Very modest;shy;sheepish:શરમાળ;લજ્જાળુ;ગોમુખું;ગરીબડું.

Bashfulness,(બૅશફુલ્નેસ્)*n.*Modesty in excess:શરમ;લજ્જા;વિનય;લાજ;સંકોચ.

Basify,(બૅસિફાઇ)*vt.*[L *basis*, base & *facio*,I make.] To convert into a base:પાયાનુ રૂપ આપવું; પાયો કરવો.

Basil,(બૅઝિલ્)*vt* To form the edge of a tool: ધાર કાઢવી.*n* A pot-herb:તુળસી.2.The skin of a sheep tanned:મેંઢાનું પકવેલું ચામડું.

Basilic. } (બૅઝિલિક્) [Gr. *basilikos*, kingly.] A large hall used for administering jutice:ન્યાયકોર્ટ;ન્યાયશાળા;દરબાર; કોર્ટ. 2 A royal palace: દરબાર: રાજગૃહ. 3. A digest of the laws of Justician translated by order of Basil I:કાયદાનું પુસ્તક.
Basilich }

Basilicon,(બૅઝિલિકૉન્)*n.* [L. *basilicus*] An ointment composed of wax,pitch,resin & olive oil:એક જાતનો મલમ-લેપ.

Basilisk,(બૅઝિલિસ્ક્) *n.* [L.*basilicus*,a little king.]A fabulous serpent with a crest on the head:મણીધર કલ્પિત નાગ.

Basin,(બૅસિન્) *n.* A hollow vessel to hold water for washing:છીછરૂ વાસણ;તપેલું;તસ્ત;વાડકો.2. Any hollow place containing water: હોજ;કુંડ;તળાવ.3 Coal formations:કોયલાનું પડખેતર.4.The entire tract of country drained by a river:દેશના જે ભાગનું પાણી નદીમાં જતું હોય તે આખો ભાગ-પ્રદેશ.

Basis,(બૅસિસ્)*n pl* **bases** [Lat.*basis* a base] The foundation of anything:પાયો; મૂળ; તળીયું;આધાર.2.The pedestal of a pillar:થાંભલાની બેસણી-કુંભી.

Bask,(બૅસ્ક્)*vi.* To lie in warmth:તડકે બેસવું; તડકો ખાવો,સુખ ચેન-ચમન-મજા કo.*vt.*To warm with genial heat:શેકવું-ઉનું કરવું.

Basket,(બૅસ્કેટ્)*n.* A vessel made of twigs: ટોપલી-લો;કંડિયો;છાબડી *vt.*To put in a basket: ટોપલામાં ભરવું.

Bass,(બૅસ)*n.*The lowest part in a musical composition:ખરજ.*adj* Low;deep:હલકો;ગંભીર.

Bass,(બાંસ)*n.* A door-mat: બારણા આગળ નાંખવાની ચટાઇ-સાદડી.

Bass-relief,(બૅસ્-રીલીફ્)*n.*Sculpture whose

figures do not stand out far from the plane: બહાર થોડુંક ઉપસી આવેલું કોતરકામ;પ્રતિચ્છાયા.

Bastard(બૅસ્ટર્ડ્)*n*.Spurious child;one born of an illicit union:છીનાળના પેટનું છોકરૂ; દાસી પુત્ર;જારજ સંતાન;અનૌરસ પુત્ર; લોંડીજાયો; હરામજાદો.2. An inferior quality of sugar: હલકી જાતની ખાંડ.*a*.Illegitimate:છીનાળના પેટનું;જારજ;અનૌરસ;હરામજાદુ. 2. Spurious:ખોટું; કૃત્રિમ; બનાવટી.

Bastardy,(બૅસ્ટર્ડિ)*n*.Illegitimacy:જારજાવસ્થા; વ્યભિચારોત્પત્તિ:અનૌરસતા;હરામજાદાપણું.

Bastile,(બૅસ્ટીલ્)*n*. Any tower or fortification: કિલ્લો;બુરજ;કેદખાનું.

Bastinade-o(બૅસ્ટિનેડ્-ડો)*n* A sound beating with a stick:લાકડીના મારના ઝપાટા;કુંદાપાક;દંડ પ્રહાર.*vt*.To beat with cudgel especially on the sole of a foot:પગના તળીયે-લાકડીવતી મારવું.

Bastion, (બૅસ્ટિયૉન્) *n*. A mass of earth in front of a fortification:કિલ્લાની આગળનો બુરજ.

Bat,(બૅટ્)*n* [L *batuo*,I beat.]A heavy stick: દંડો;દંડુકો;ગેડી;બેટ;પાટીયું 2 A sheet of cotton prepared for filling quilts: ગોદડુ-રજાઇ ભરવા કરેલું રૂનું પડ.*vi*.To play with a bat:બેટ લઇ રમવું.

Bat,(બૅટ્)*n* [L.*batta*,a night moth.]A small animal:વાગોળ;ચામાચિડિયું;*wild* b.:વડવાગોળ.

Batch,(બૅચ્)*n*.Quantity of bread baked at one time:એક વખતનો રોટલીનો ઘાણ 2. An assortment:એક જાતની વસ્તુનો સમૂહ;જથો.

Bate,(બેટ્)*vt*.To abate:ઓછું કરવું;ઘટાડવું.2.To except: મુકી દેવું; બાતલ કo. *vi*. To remit or retrench a part:કમી કરવું;ઓછુ કo;મજરે આપવું;કાપવું;ઘટાડવું.2. To flutter:પાંખ ફફડાવવી.

Bath,(બાંથ્)*n*.A place to bathe in:ન્હાવાની જગ્યા;હમામખાનું;સ્નાનાગાર.2. A receptacle of water to bathe:ન્હાવાનું વાસણ-પીપ 3.The act of exposing the body for the purposes of cleanliness to water:સ્નાન;અંઘોળ;ન્હાવણ.

Bathbrick,(બાંથ્બ્રિક્) *n*. A brick used for cleaning knives:છરીઓ માંજી સાફ કરવાની ઇંટ.

Bathe,(બેધ્)*vt*.To wash by immersion:સ્નાન કરાવવું;નવાડવું.2.To moisten with a liquid: ભીંજાવવું;પલાળવું *vi*.To be in a bath:ન્હાવું.

Bathing,(બેધિંગ્)*n*.The act of washing the body in water:સ્નાન;અંઘોળ;ન્હાવણ.

Batlet,(બૅટ્લેટ્)*n*.[See **bat**]A flat piece of wood for beating linen in washing:કુંડી કરવાની મોગરી;કુંડી.

Baton-Batoon,(બૅટોન્,બૅટૂન્)*n*. A staff used for various purposes:ડંગોરો;દંડ;ગદા.

Battalia,(બૅટ્ટલિયાં)*n*.[L.*battuo*,I strike]The order of battle for action:વ્યૂહરચના;રણ-સેના રચના.2.Army in array:વ્યૂહિત સૈન્ય.

Battalion,(બૅટ્ટલિયૉન્) *n*. A body of about 800 soldiers:૮૦૦ માણસના લશ્કરની ટુકડી;પલટણ.

Batten,(બૅટ્ન્)*n*.A piece of board or scantling: પટી; ચીપ. 2. The moveable bar of a loom:સાળનો ફરતો ગજ.*vt*.To fasten with battens:ચીપ-પટીથી બંધ કo-સાંધવું-જોડવું.

Batter,(બૅટર્)*vt*.][L*batuo*, I beat.] To beat with successive blow;*specifically*, to attack with artillery:ઉપરા ચાપરી ઠોકવું;તોડી પાડવું; તોપનો મારો ચલાવવો. 2. To impair with beating:માર મારી નરમ કo.*vi*.To slope gently backward:પછવાડે નમી પડવું. *n*. A backward slope in the face of a wall: પાછલા ભાગ તરફ ભીંતનો ઢોળાવ.

Battering-ram,(બૅટરિંગ-રૅમ્)*n*.An engine used to beat down the walls of a besieged place:કિલ્લો તોડાવાનું યંત્ર.

Battery,(બૅટરિ) *n*. Any place where canons are mounted for battering: મોરચો. 2.Number of guns & mortars ranged for firing:મોરચાપર ગોઠવેલી તોપો.3.An apparatus for generating galvanic electricity:વિજળીનો વેગ ઉત્પન્ન કરનાર એક યંત્ર;વિજળીની પેટી.

Battle(બૅટલ્)*n*.[Lat.*batuo*,I strike.]A fight between enemies;an engagement:લડાઇ;વિગ્રહ;સંગ્રામ;યુદ્ધ.*Brave in* b.:રણશૂર;રણધીર;રણસિંહ.*Field of* b.:રણભૂમિ-ક્ષેત્ર;રણાંગણ;સમરાંગણ. *vi*.To join in battle:લડવું;યુદ્ધ કo;હલ્લો ચીલવો.

Battle-array,(બૅટલ્-અરે)*n*.Order of battle: યુદ્ધરચના;વ્યૂહ.

Battle-axe,(બૅટલ્ ઍક્સ્)*n*.An axe formerly used as an offensive weapon:ફરશી;પરશુ.

Battlement,(બૅટલ્મેન્ટ્)*n*.A notched parapet:જંગીવાળી ભીંત;બારીયોવાળો કોટ.

Bauble,(બૉબલ્)*n*.[L *babulus*, foolish.]*n*.A showy trifle;a gewgaw: દેખાવડી નજીવી ચીજ.

Bawd,(બૉડ)*n*.A procuress(*usually applied to females*):કુટણી;ભડવેણ;દૂતી.

Bawdiness,(બૉડિનેસ્)*n*. Lewdness:વ્યભિચાર;છીનાળું. [નાળુ;બીભત્સ.

Bawdy,(બૉડિ)*a*.Obscene;unchaste:બુંડું;છી-

Baw-house,(બૉડ્-હાઉસ્)*n*.A house of lewdness & prostitution:છીનાળનું ઘર;ખાંજરૂ.

Bawl,(બૉલ્)*vi*. [Lat, *balo*,I bleat.] To cry with vehemence:બુમ પાડવી;પોકારવું;ઘાંટો કાઢવો. 2.To cry loud:આરડવું;ગાંગેડવું.*vt*.To proclaim by outcry: બુમ પાડી ખબર આપવી-જાહેર કo. *n*. A loud cry:મોટી બુમ;રાડ;ચીસ.

Bay(બે)*a*.[L*badius*,brown.]Red or reddish: રતાસ પડતું;રાતુ લાલ.

Bay(બે)*n*.An inlet of the sea:અખાત;ઉપસાગર.

Bay,(બે)*n*.[L.*baca*, berry.] A laurel tree:લૉ-

રલ નામનું ઝાડ;તજનુંઝાડ.*Bark of* **b.**:તજ.

Bay,(બે)*n.*[L.*ad* & *baubari*,to bark gently.] The bark of a dog:કુતરાનું ભસવું. *To keep at* **b**; સામા થવું; દુર રાખવું. *vi.* To bark at:સામું ભસવું-થવું.

Bayonet,(બેયોનેટ્)*n.*A steel dagger at the end of a gun:સંગીન.*vt.*To stab with a bayonet:સંગીન ભોકવું.2.To drive by the bayonet:સંગીનથી જરૂર પાડવી-જબરજસ્તી કo.

Bay-salt,(બે-સૉલ્ટ્)*n.* Salt obtained by evaporation of seawater:દરિયાનું મીઠું.

Bazar-aar,(બૅઝાર્)*n.*A place where goods are exposed to sale:બજાર; ચૌટું.

Bdellium,(ડેલિઅમ્)*n.*[L]A gumy substance of an agreeable odour:ગુગળ;દેવધુપ.

Be,(બી)*vi.*To exist:હોવું. 2. To become:થવું 3. To be present in a place:હોવું;આવવું.*Let it* **b.**,be it so:અસ્તુ;ભવતુ;**b.***that as it may*:at all events;in spite of:ગમેતેમ થાય તોપણ;છતાં;તથાપિ.

Beach, (બીચ્) *n.* The shore of the sea or a lake;the strand:દરિયા કે સરોવર કાંઠો; કિનારો; તટ;તીર; દરિયાકાંઠો. *vt.* To run upon a beach: કિનારે અથડાવવું-ચઢાવવું.

Beacon,(બીકન્)*n.*A signal fire to notify the approach of an enemy:શત્રુ પાસે આવ્યાની સૂચના માટે સળગાવેલો દેવતા.2. A lighthouse or signal to direct navigation:દીવાદાંડી;આકાશ દિવો.3.That which gives notice of danger ભયસૂચક નિશાની.*vt.*To light up;to illumine રોશની કરવી;ભયની સૂચના આપવી.

Beaconage, (બીકનેજ્) *n.* Money paid for maintaining a beacon: દીવાદાંડી ચાલુ રાખવા આપેલા પૈસા.

Bead,(બીડ્)*n.*A small ball pierced for hanging on a string:મણકો;કાચનો મણકો.*A rosary of* **b.**s:જપમાળા;બેરખો;સ્મરણી.2.A bubble on spirit:દારૂપરનો પરપોટો.3.A drop:ટીપું-ટપકું.

Beadle, (બીડલ્)*n.*A messenger or crier of a court:અદાલતનો ચોપદાર; પટાવાળો;ચપરાશી.2. An officer in a university: પાઠશાળાનો ચોપદાર;દંડધર.

Beagle,(બીગલ્)*n.*A small hound or hunting dog:નાનો શિકારી કુતરો.

Beak,(બીક્)*n.* The bill or nib of a bird:પક્ષીની ચાંચ;મ્હોડું;મુખ;ડાંચું.2.The pointed forepart of a ship:વહાણના આગલા ભાગની અણી.3 Anything ending in a point:અણી.

Beaker,(બીકર)*n.*[L *bacar*,wine-glass.]*n.* A large drinking cup:વાડકો;પ્યાલો.

Beam,(બીમ્)*n.* Any large & long piece of timber or iron:આરવટિયો; મોભ.2.The width of a vessel:વહાણની પહોળાઇ.3.The part of a balance from the ends of which the scales are suspended:ત્રાજવાની દાંડી.4.The horn of a stag:સાબરનું શિંગડું.5.The pole of a carriage:ધોંસરિયો:ગાડી-ગાડાની ઉંધ. 6. A part of a loom:તોર;તુરી.7.A collection of rays:કિરણ; રશ્મિ.*vt.*To send forth;to omit: પાડવું; ફેંકવું; આપવું.*vi.*To shine:તગતગવું;ચકચકવું;પ્રકાશવું.

Beamy,(બીમિ)*a.* Shining:ચળકતું;ચકચકિત.2. Massy:ભારે;મજબુત. 3. Having horns:શિંગડાવાળું.

Bean,(બીન્)*n.* A leguminous plant & its seeds:કઠોળ;શિંગ-જેવાં કે પાપડી,વાલોળ વિગેરે.

Bear,(બૅર્)*vt.*[Lat.*ferro*,I bear.] To support;to hold up:વહેવું;ઉચકી રાખવું; ઝાલવું. 2. To convey:ઉઠાવી લેઇ જવું;ઉચકી જવું.3.To exercise: વાપરવું;ચલાવવું.4.To wear:રાખવું;ધારણ કરવું.5. To entertain;to cherish:મનમાં રાખવું;ધરાવવું. 6.To endure; to undergo:સહેવું;ખમવું; વેઠવું; સહન કo.7.To sustain or be answerable for: માથે લેવું-રાખવું; જુમ્મેદાર હોવું.8. To bring forward:બતાવવું;દેખાવવું;જણાવવું.9. To carry on; to have:સામેલ થવું;ભાગ લેવો.10. To admit or be capable of:લાગવું;-નું થઇ શકવું.11. To behave:ચાલવું;વર્તવું.12.To afford:-માં રહેવું;સાથે રહેવું. 13.To bring forth;to give birth to:-ને લાગવું; આવવું;જન્મ આપવો;-ને પેટેથી થવું.*To* **b** *the bell*, to be the first: આગેવાન-અગ્રણી થવું. *To* **b.** *dawn*,to overthrow:હરાવવું;હઠાવવું.*To* **b.***off* (*a*)to restrain:અટકાવવું;દૂર રાખવું.(*b*)To carry away:લઇ જવું; લઇને નાશી જવું. *vi.* To suffer; to endure:દુઃખ ખમવું; સહનકo;હિમ્મતરાખવી.2. To be fruitful:ફળ લાગવાં-આવવાં.3. To press, (with *on* or *upon*):દબાવવું-થી દબાણ થવું;દબાવું;પાછળ લાગવું-પડવું.4.To take effect:લાગુ પડવું સફળ થવું;પાર પડવું.To behave:વર્તવું;-ની માફક વર્તવું.6. To be situated as to the point of compass:હોવું;મ્હો હોવું;અભિમુખ હોવું.7. To relate,to refer(with *on*,*upon*):સંબંધ હોવો ધરાવવો-રાખવો;લાગવું-વળગવું.To **b** *against*, to approach for attack:તલપ મારવી;ધસવું.To **b.***back* to retreat:પાછા હઠવું-ફરવું.To **b.***off*, to steer away from the land:જમીનથી દુર ખેંચાવું-જવું. To **b.***up*;to have fortitude:હિમ્મત રાખવી;ધીરજ પકડવી.To **b.***upon*, to act upon:ની અસર થવી; અસર થાય એવી સ્થિતિમાં હોવું.

Bear,(બૅર્)*n.*[Lat.*fera*,a wild beast.]A wild animal covered with rough shaggy hair: રીંછ.2.મંદી ખાનાર વેપારી.*The Greater* **b.**,*Ursa Major*:સપ્તર્ષિ.*The Lesser* **b.**:ધ્રુવપુચ્છ;ધ્રુવ આગળનો સાત તારાનો ઝુમખો.

Bear-able,(બૅરેબલ્)*a.* Tolerable:ખમાય એવું.

Beard,(બીર્ડ)*n.*[L *barba*,beard.]*n.*The hair that grows on the lips,chin and adjacent

parts of the face:દાઢી.2.The awn or sharp prickles on the ears of corns:સુખળાં.3.Sharp point of an arrow:આંકડો.4.Rays of a comet ધૂમકેતુની પુછડી. *vi.* To take by or seize the beard:દાઢી પકડવી-તાણવી-ખેંચવી. 2. To set at defiance:સામુ થવું;ગ્હોંપર કહેવું;અપમાન ક૦.

Bearer,(બેરર્)*n.*One who bears or carries: લઈ જનાર;લાવનાર;ઉચકનાર.2.One who carries a dead body to the grave: ખાંધિયો;મુડદું ઉચકનાર.3. A supporter, as a wallpost or stud:ધારણ કરનાર;ટેકો;લાકો.

Bearing,(બૅરિન્ગ્)*a.* Without a post stamp: ટપાલની ટીકીટ ચોડયા વિનાનો; નોટપેડ. *n.* Mien; behaviour:ચાલચલગત;વર્તણુંક;આચરણ.2. Relation:સંબંધ;અવસ્થાન;સ્થિતિ.

Beast, (બીસ્ટ્) *n.* [L. *bestia*, a beast.] (*a*) Any fourfooted animal: પશુ; ઢોર. (*b*) Any irrational animal:હેવાન;જનાવર.2.A brutalman:પશુ-હેવાન જેવું માણસ.

Beastings, *n. pl.* See **Beestings,**

Beastliness,(બીસ્ટ્લિનેસ્)*n.*Brutality;filthiness:પશુવૃત્તિ;ક્રુરતા;નિર્દયતા;નિષ્ઠુરતા;મલિનતા.

Beastly, (બીસ્ટ્લિ) *a.* Having the form & nature of a beast:પશુજેવું-સંબંધિ.2. Brutal; filthy:પશુતુલ્ય;મલિન;મેલું;ગંદુ;ઘાતકી

Beat,(બીટ્)*vt.* To knock;to strike often: મારવું; કુટવું; અફળાવવું; વગાડવું. 2. To break, or pulverize by beating: ખાંડવું; કચરવું; ભુકો ક૦. 3.To hammer:ટીપવું;ટીપી ટીપીને વધારવું.4. To scour or range over in hunting:રખડવું;ઘસડવું.5.To tread,as a path:રસ્તો કાપવો;ચાલવું.6 To thrash:ઝુડવું;ઝાટકવું. 7. To vanquish; to conquer:હરાવવું; જીતવું; પરાજય પમાડવું. *To* b. *back*:હઠાવવું;પાછું ફેરવવું.*To* b.*an alarm*:ઢંઢેરો પીટી ભયની સૂચના આપવી.*To* b *down*:તોડી પાડવું;પાડી નાંખવું;ઢોળી પાડવું;સુવાડી દેવું; દબાવી દેવું; કચરી નાંખવું;બેસારી દેવું;ભાવ ઘટાડવો-ઉતારવો;–થી ભાવ બેસી જવો.*To* b *off*,to repel:પાછા હઠાવવું; કાઢી મુકવું.*To* b.*up*:છાપો મારવો; ઓચિંતો હુમલો કરવો.*To* b.*the bush*: ગોળગોળ વાત ક૦. *To* b *about the bush*:ભૂલભરેલી રીતેવિચારવું-તર્ક ક૦; ઢોંગ ધરવો;મનાવવું;ગણાવવું; સમજણ-ગમ ન પડવી; લંબાવવું;આડા ઉતરવું.*To* b.*all hollow*: સર્વોપરી થવું;ચઢિયાતા થવું.*vi.* To knock: ઠોકવું; ઠેલવું. 2. To throb:ધડકવું; ધબકવું. 3. To dash or fall with force: જોરમાં થવું–આવવું–અફળાવું 4. To fluctuate;to be in doubt:ડચુપચુ હોવું;શક લાવવો.5.To make progress against the direction of the wind: પવન સન્મુખ ચાલવું. *n.* A stroke:માર;ઝપાટો;ધક્કો;તાડન.2.A pulsation:ધબકારો;સ્ફુરણ.3.A round or course frequently gone over:ફેરો;ચક્કર;આંટો.4.The rise or fall of hand in regulating the division of time (*in music*):તાલ.5.A. place of frequent resort:બેઠક;સ્થાન;રહેઠાણ.B.*of clock or watch*:ટકટક.

Beaten,(બીટન્)*a.*Warn by use;trodden:વાટી નાંખેલો;જાવ આવ થએલો;ઘસાઈ ગયેલો.2. Become common:સાધારણ થઇ પડેલું.

Beater,(બીટર્)*n.*An instrument for pounding:સાંબેલું;ઘાણ;દંડો;મોગરી.

Beatific-al, (બીઍટિફિક્-કલ્) *a.* Imparting blissfulenjoyment: સ્વર્ગસુખદાયક; સુખદાયક; સુખપ્રસાદ કર.

Beatification,(બીઍટિફિકેશન્)*n.*Blessedness: પરમાનંદ;સ્વર્ગસુખ;મુક્તિ પ્રાપ્તિ પ્રસિદ્ધ કરવી તે.

Beatify,(બીઍટિફાઈ)*vt.* [L *beatus*, happy & *facio*,I make]To regard as happy:સુખી ગણવું-માનવું. 2 To make happy:સ્વર્ગસુખ-મુક્તિ આપવી;પરમાનંદ આપવો;મોક્ષ આપવો.

Beatitude,(બીઍટિટ્યૂડ્)*n.*The felicity of the highest kind:પરમસુખ;મોક્ષ;નિર્વાણ;નિઃશ્રેયસ;મુક્તિ.

Beau,(બો)*pl.***Beaux,***n* [L-*bellus*,gay.]A fine gay man:ફક્કડ;વરણાગિયો;છેલલાલ;લાલાજી;બાંકેરાવ.

Beauish(બોઈશ્)*a.*Foppish; fine: અક્કડબાજ; ફાંકડુ;બાંકુ;છેલ;ફક્કડ.

Beauteous-tiful,(બ્યૂટીઅસ્-ટિફુલ્)*a.*Very fair: elegant in form:સુંદર;ફુટડું;શોભિતું;ખૂબસુરત; મનોહર;સુશોભિત;રળિયામણું;રૂપાળું;સોહામણું.

Beautify(બ્યૂટિફાઈ) *vt.* To adorn; to grace: સુંદર-રૂપાળુ-શોભિતું કરવું;શણગારવું.*vi* To become beautiful:સુંદર-રૂપાળુ દેખાવું;શોભવું.

Beauty,(બ્યૂટિ)*n* [L.*bellus*,pretty.]The graces & properties in any person or thing that delight the eye:ખુબસુરતી;સૌંદર્ય;ફુટડાઇ; શોભા;કાંતિ 2. A particular grace,feature or excellence:ખુબી;ગુણ;રસ.3 Beautiful woman. ફુટડી સ્ત્રી;સુંદરી;મહેતાબ;પરી;અપ્સરા;રૂપવંતી સ્ત્રી.

Beauty-spot,(બ્યૂટિસ્પૉટ્) *n.* A spot placed on the face to heighten beauty:ચાંલ્લો;છુંદણું

Beaver,(બીવર્) *n.* An amphibious animal valued for its fur:જળ-સ્થળ ચર રૂવાંવાળું પ્રાણી. 2.A hat or cap made of the fur:તે જનાવરનાં રૂવાંની બનેલી ટોપી.

Becalm,(બિકાંમ્)*vt.* To appease: સ્થિર–શાન્ત ક૦;સમાવવું;ચેન પાડવું.2.To keep from motion: અટકાવવું;ચાલતુ બંધ ક૦;-થી અટકવું.

Because,(બીકૉઝ્) *conj.* For the cause that; on this account that:કારણ કે;કેમકે;તેથી; કાંજે.

Bechance,(બીચૅન્સ્)*vt.*To befall: આવી પડવું; વિતવું;ગુજરવું *ad.*By chance:અકસ્માત્;એકદમ.

Back,(બેક્)*n.*A significant nod of the head or hand:અણસારો;સાન;ઈસારો;સંજ્ઞા; ઇશારત.*vt.* To notify or call by a nod of the head or hand:સાનમાં સમજાવવું;ઈસારો કરી બોલાવવું.*vi.*To

nod or make a sign:અણુસારો-ઇસારો-સાન કરવી

Beck,(બેક્)*n.* A small brook:નાળું;વહેળીયું.

Beckon,(બેકન્)*vt.* [See **Beck**] To make a sign to another by nodding or a motion of the hand or finger:હાથ કે આંગળી વતી ઇસારો-સાન ક૦;સંકેત-સૂચના ક૦.*vt.*To summon:બોલાવવું;તેડવું.*n.*A sign made without word;a beck: ઇશારત:સાન;અણુસારો;સૂચના,સંકેત;સંજ્ઞા.

Becloud,(બીક્લાઉડ્)*vt.*To obscure:ઝાંખુ પાડવું;-થી ઢંકાઇ જવું;જંખવી નાંખવું.

Become,(બીકમ્)*vi.* To pass from one state to another:થવું;બનવું; થઈ જવું.*To* **b.** *of*, to be the fate of;to be the end of:થવું;પરિણામ આવવું;વલે ગતિ થવી.*vt.*To suit;to befit: શોભવું;દીપવું;છાજવું;સારૂં દેખાવું. Becoming *a.* Suitable: લાયક;યોગ્ય;લાજમ;ઉચિત;ઘટિત.

Bed,(બેડ્)*n.*Something to sleep or take rest on;a couch:પથારી;તળાઇ;બિછાનું.2.Marriage; lawful co-habitaion:લગ્ન;અભિગમન.3 Level piece of ground in a garden:ક્યારો;તકતો;ક્યારી.4.The bottom of a river or other body of water:તળીયું.5.A layer;a stratum:પડ;થર. *To put* to **b**:જણાવવું *To go to* **b.**:સુઇ રહેવું-જવું. *vt.*To plant & cover:રોપવું;ઘાલવું 2 To lay in any hollow place inclosed:દાટવું;પૂરવું.*vt.* To go to bed;to cohabit:ભેગા સુવું;સંભોગ ક૦.

Bedabble,(બડૅબ્લ્)*vt* To wet:છાંટવું;પલાળવું.

Bedaub,(બડૉબ્)*vt* To besmear:ચોપડવું.

Bedazzle, (બડૅઝ્લ્) *vt* To make dim by lustre:આંજી નાંખવું;ઝંખવાવી દેવું;ઝાંખ વાળવી.

Bed-chamber, (બેડ્ચેંમ્બર્) *n.* A room in which there is a bed:સુવાનો ઓરડો;શયનગૃહ.

Bedding,(બેડિન્ગ્)*n.*Materials of a bed:બિછાનું;તળાઈ;પથારી;ગોદડાં;પાથરણું;પાથરણું.

Bedfellow, (બેડ્ફેલો) *n.*One who lies in the same bed:સાથે સુનાર;શયનબંધુ;શયનસખા.

Bedeck,(બીડેક્)*vt* To adorn:શણગારવું.

Bedew,(બીડ્યૂ)*vt.*To wet as with dew:ઝાકળથી ભીનું ક૦;પલાળવું;આર્દ્ર ક૦;-થી પલળી જવું;ઝાંખુ થવું.

Bedhangings, (બેડ્હૅંગિંગ્ઝ્) *n.* Curtains of a bed:મચ્છરદાની. [અંધારૂં-ઝાંખુ ક૦.

Bedim,(બીડિમ્)*vt* To make dim;to darken:

Bedlam.(બેડ્લૅમ્)*n.*A madhouse:ગાંડાનોઇસ્પિતાલ.2.An insane;a lunatic:ગાંડો.3.A place where there is a great deal of noise:જ્યાં શોરબકોર થતો હોયતેવી જગ્યા *a* Belonging to or fit for a mad-house:ગાંડા સંબંધી-માટે લાયક.

Bed-rid-riden,(બેડ્રિડ્-ડન્)*pa.* Wholly confined to bed by age or sickness: ખાટલે પડેલું; ખાટલાવશ;શય્યાગ્રસ્ત;પથારીવશ થયેલું.

Bedrop, (બડ્રૉપ્) *vt.* To cover or sprinkle with drops:ટીપાં પાડવાં; છાંટવું.

Bed-stead,(બેડ્સ્ટેડ્)Wooden or iron framework of a bed:ખાટલો;પલંગ.

Bed-tick,(બેડ્-ટિક્) *n.* The case for holding materials of a bed: ખોળિયું;ખોળ. [વાંણું કરવું.

Be-dust,(બીડસ્ટ્)*vt.* To soil with dust: ધૂળ-

Bee,(બી) *n.* An insect that makes honey & wax:મધમાખી;મધુમક્ષિકા;મધુકર.2 An industrious & careful person: ઉદ્યોગી પુરૂષ.*To have* **b. s.** *in the head*: બેચેન રહેવું; અજંપામાં રહેવું; ફરેલ માથાના હોવું;કડક થવું.

Bee garden,(બી ગાર્ડ્ન્) *n.* An enclosure where bees are reared:માંખીઓને ઉછેરવાનોવાડો.

Bee-hive,(બી હાઇવ્) *n.* A case intended or used as a habitation for bees:મધપુડો.

Bees-wax,(બીઝ્-વૅક્સ્) *n.* The wax collected by bees:મીણ.

Beef,(બીફ્)*n.* [L. *bovis*, an ox.] An animal of the genus *Bos*: બળદ; ગાય; ગોધો. 2. The flesh of bovine animals:ગોધાનું માંસ;ગોમાંસ.

Beer,(બીર્)*n.*[L.*bibo*,I drink.]A fermented liquor made from malted grain:જવનો દારૂ.

Beestings,(બીસ્ટીન્ગ્ઝ્) Also spelt **Biesting**, First milk given by a cow after calving: વિયાએલી ગાયનું પહેલું દુધ; ખરેડુ.

Beet, (બીટ્) *n.* [L. *beta*] A garden or field vegetable with large roots:એક જાતનું કંદમૂળ.

Beetle,(બીટ્લ્) *a.* A heavy wooden mallet: મ્હોટી મોગરી. 2. A general name of insects having a horny wing cover:ઢંદો.To hung or extend out:ઝઝુમી રહેવું;બહાર નિકળવું-પડવું.

Beetle headed,(બીટ્લ્હેડેડ્)*a.* Dull; stupid: મૂર્ખ;ઠોઠ;અક્કલશૂન્ય;જડ;ઢ.

Befall,(બીફૉલ્) *vt.* To happen to:આવી પડવું; વિતવું:ગુજરવું *vi.* To come to pass:થવું,બનવું.

Befit,(બીફિટ્)*vt.* To suit:લાયક-યોગ્ય હોવું; ઘટવું.

Befool,(બીફૂલ્)*vt.* To lead astray: બેવકૂફ બનાવવો;ભૂલથાપ દેવી.

Before,(બીફોર્) *prep.* In front of: આગળ;સામું;સન્મુખ 2 Preceding in time;earlier than: પહેલાં;અગાઉ;પૂર્વે.3 In presence of:સમક્ષ;રૂબરૂ; દેખતાં.*adv.*In front:અગાઉ;આગળ.2.Already: ક્યારનું;પહેલાં;પૂર્વે.**B.hand**,*adv.*Sooner in time at first:આગળથી; પહેલેથી.

Befoul,(બીફાઉલ્)*vt.*To soil:ખરડવું;મેલું ક૦;બગાડવું.

Befriend, (બીફ્રેન્ડ્) *vt.* To assist; to favour: મિત્રતા-કૃપા રાખવી; મદદ આપવી;ઉપકાર કરવો.

Beg, (બેગ્) *vt.* To ask earnestly; to solicit charity:વિનંતી-આજીજી ક૦; ભીખ માગવી.2. To take for granted;to assume:ખરૂં ધારવું;અનુમાન ક૦. *vt.* To ask alms or charity:ભીખ માગવી.

Beget(બીગેટ્) *vt.* To generate; to produce: જન્મ આપવો;પેદા ક૦.2. To produce as an ef-

fect:ઉપજાવવું;ઉત્પન્ન કo;-થી ઉત્પન્ન થવું.

Beggar.(બેગર્)*n.* A mendicant:ભીખારી;માગનાર;માગણ. *vt.* To reduce to poverty:ભીખ માગતું કરી નાંખવું; દરિદ્રિ કરી નાંખવું. To **b.** *description*:વર્ણન ન થઈ શકવું.

Beggarly,(બેગર્લિ)*a.*Mean;poor:ગરીબ;કંગાલ.

Beggary,(બેગરિ)*n* State of great poverty: દરિદ્રાવસ્થા;ગરીબી;કંગાલિયત.

Begin,(બીગિન્) *vi.* To commence:આરંભ-શરૂ થવું;મંડાણ થવું.*vt.*To enter on;to commence: આરંભવું;શરૂ કરવું;કરવા માંડવું.

Beginner,(બીગિનર્)*n.* One who begins: શિખાઉ;આરંભ કરનાર. [પ્રારંભ;મંડાણ;શરૂઆત.

Beginning, (બીગિનિંગ્) Origin; source:

Begird, (બીગર્ડ્) *vt.* To bind with a band: કમર બાંધવી;પટો બાંધવો.2 To enclose:ઘેરો ઘાલવો.

Begone.(બીગોન્)*interj.*Depart:નિકળ! કાળુ કર!

Begrudge,(બીગ્રજ્) *vi.* To grudge; to envy the possession of:અદેખાઈ કરવી;નાખુશ થવું.

Beguile,(બીગાઈલ્)*vt.*To deceive or impose on:ઠગવું;છેતરવું 2. To evade by craft:થાપ દેઇ ઉડાવવું-નજર ચુકાવવી.3. To amuse:નિર્ગમન કo.

Beguilement,(બીગાઇલ્મેન્ટ્) *n.* Act of deceiving:ભુલથાપ;ઠગાઈ. [હિત;લાભ;બચાવ;પક્ષ.

Behalf, (બીહૅફ્) *n.* Advantage; favour:

Behave,(બીહેવ્)*vt.*To conduct;to manage; to bear: ચાલવું;વર્તવું.

Behaviour, (બીહેવિયર્) *n.* Conduct, good or bad;manners:ચાલ;વર્તણુંક;આચરણ;આચાર; વર્તન;ચાલચલગત. [ગરદન મારવું;માથુ કાપી નાંખવું.

Behead,(બીહેડ્)*vt.*To sever the head from:

Behest,(બીહેસ્ટ્)*n.*Command; injunction: આજ્ઞા;હુકમ;ફરમાન 2.A vow:વચન;બાધા.

Behind,(બીહાઈન્ડ્)*prep* On the other side of:પાછળ;પુઠે.2.Left after the departure of: પછવાડે;પાછળ.*Close* **b**.:છેક નજીક; લગોલગ; અડીને. *adv* In the rear:પાછળ પડતું.2. Backward: પાછું 3.Remaining:બાકી રહેલું.4.Past:આગળનું ગયા વખતનું; ગઈ ગુજરી.

Behind-hand,(બીહાઈન્ડ્ હૅન્ડ્) *a.* Not equally forward:પાછળ રહી ગયેલું.

Behold,(બીહોલ્ડ્)*vt.* To look at; to observe with care:નિહાળવું;ધ્યાનપૂર્વક જોવું; નિરખવું. *vi.* To look:જોવું.

Beholden,(બીહોલ્ડન્)*a.*Bound in gratitude; indebted:આભારી; ઓશીઆળું;ઉપકારી.

Behoove, (બીહૂવ્) *vt* To be fit for; to be necessary for:અગત્યનું;જરૂરનું હોવું;ઘટવું;છાજવું

Being(બીઇન્ગ્)*n.*Existence in fact or thought: હોવાપણું;અસ્તિત્વ;સદ્ભાવ.2.That which exists or lives:જીવ;પ્રાણી.

Belabour, (બીલેબર્) To ply diligently:ખુબ ઉદ્યોગ કરવો; મહેનત કરવી. 2. To beat soundly (*fig*):ખૂબ મારવું-કુટવું;પ્રસાદી આપવી.

Belay,(બીલે) *vt.* To block up or obstruct: ઘેરો ઘાલવો.2 To adorn: પહેરાવવું;શણગારવું.3. To fasten or make fast:તાણી-કઠણ બાંધવું.

Belaud,(બીલૉડ્)*vt.* To praise greatly:અતિશય પ્રસંશા કરવી.

Belch, (બેલ્ચ્)*vt.* To eject or throw up violently from the stomach:ઓડકાર ખાવો-આવવો.2.To cast forth:બહાર કાઢવું.*vi.* To eject wind from the stomach: વાછુટ થવી; ઓડકાર આવવો *n.* Eructation:ઓડકાર;ઓડકાર;ડકાર.

Beldam, beldame, (બેલ્ડૅમ્) *n.* An old woman:ડોસી;ડોસલી.2.An ugly old woman; a hag:કુભજા;ડાકણ;શાકણ;તંત્રી;બદસુરત બૈરી.

Belecture, (બીલેક્ચૂર્) *vt* To vex with lectures:ભાષણો કરી કંટાળો આપવો.

Belesprit, (બેલિસ્પ્રી) *pl.* **beauxes-prits**, *n.* A fair genius:અક્કલબાજ; હાજરજવાબી.

Belfry,(બેલ્ફ્રિ) *n.* A moveable tower erected by besiegers: ઘેરો ઘાલવા અને બચાવ કરવા લશ્કરમાં રાખેલો છુટો બુરજ.2. A bell-tower:ઘંટ રાખવાનો બુરજ-ઘુમટ;ઘંટાલય.

Belial,(બીલિઍલ્) *n.* An evil spirit: સેતાન; દૈત્ય. *adj* Worthless:નિરૂપયોગી.

Belie,(બીલાઇ)*vt* To show to be false:જૂઠું-ખોટું પાડવું;જુઠું છે એમ સાબીત કo.2.To give a false account of:જુઠું કહેવું 3To slander:જુઠી બગદોઇ કo;નિંદા કo;નિંદવું;ભાંડવું.4.To counterfeit;to mimic:નકલ કo;ચાળાપાડવા.

Belief.(બીલીફ્)*n.*Conviction;partial assurance:ભરોસો;પતીજ;ઇતબાર;વિશ્વાસ.2.Faith:આકીન;શ્રદ્ધા;ભાવ.3.Doctrine;tenet:ધર્મ;પંથ;મત;માર્ગ 4 Opinion:માન્યતા મતિ;મત;વિચાર;અભિપ્રાય.

Believe,(બીલીવ્) *vt.* To regard as true;to place confidence in:સત્ય માનવું-જાણવું;વિશ્વાસ-ઇતબાર રાખવો; માનવું. *vi.* To have a firm persuation:ભરોસો કo:શ્રદ્ધા આકીન-ભાવ રાખવો. 2.To think;to suppose:ધારવું;માનવું.

Believer, (બીલીવર્) *n.* One who believes: માનનાર;શ્રદ્ધાવાન;શ્રદ્ધાળું:આસ્તિક.2 (*a*)One who believes in the scriptures, as revelation from God:શાસ્ત્ર ઇશ્વરોક્ત છે એમ માનનાર; આસ્તિક. (*b*) A professor of Christianity: ખ્રિસ્તી ધર્મ માનનાર;વિશ્વાસી.

Belike,(બીલાઈક્)*adv.*Probably;it is likekly; perhaps:ઘણું ખરૂ-કરીને.દૈવયોગે;કદાચિત;કદાચ

Bell,(બેલ્)*n*A hollow metallic vessel which gives a sound:ઘંટ;ઘંટડી;ઘુઘરો.2. Anything in the form of a bell:ઘંટના આકારનું; ઘંટાકાર વસ્તુ.To *lose the* **b**.:હારવું. *vi.* To bellow:બરાડવું.2.To grow in the form of a bell:ઘંટાકા-

રે ઉગવું; ને ઘંટ બાંધવો.

Belle,(બેલ્)*n.*[L. *bellas*, fine.]A young lady of superior beauty & much admired:રૂપાળી-છેલછબીલી સ્ત્રી;રંભા;સુંદરી;પ્રમદા; લલના.

Belles lettres, (બેલ્ લેટ્ર્) *pl. n.* Polite or eligant literature:અલંકારશાસ્ત્ર; અલંકારવિદ્યા.

Bell-founder,(બેલ્ફાઉન્ડર્)*n.* A man whose occupation is to cast bells:ઘંટ પાડનાર બનાવનાર.

Belligerent,(બેલિજરેન્ટ્)*a.*[L.*bellum*, war & *gero*,I wage.]Waging war:લડાઈ સંગ્રામ-યુદ્ધ મચાવનાર-કરનાર.2.Tending to war: લડાઇ કરે ઉપજાવે તેવું.*n.*Nation or power carrying on war:લડાઇ ચલાવનાર પ્રજા-રાજ્ય.

Bell-metal, (બેલ્ મેટલ્) *n.* Alloy of copper & tin used for making bells:કાંસું.

Bellow,(બેલ્લો)*vi.* To make a loud noise as a bell:બરાડવું;ગરજવું 2.To clamor:આરડવું; બુમ પાડવી.3.To roar:ગર્જવું-ઘોંઘાટ કરવો;ધુધુ કo;સુસવાટા લેવા.*n* A loud outcry:ધુધવાટ;ગર્જના;ઘોંઘાટ;બૂમ.

Bellows,(બેલ્લોઝ્) *n. Sing.* & *pl.* [L *bulga* belly, womb.] An instrument supplying the pipes with wind:ધમણ.

Bell-pull (બેલ્પુલ્) *n.* A bell cord: ઘંટ વગાડવાનું દોરડું.

Bell-wether, (બેલ્વેધર્) *n.* A sheep which leads a flock:ઘંટવાળો મેંઢો-ઘેટો; આગેવાન ઘેટો.

Belly,(બેલિ) *n.* The abdomen:પેટ; ઉદર: કોઠો; જઠર.2. The womb:ગર્ભસ્થાન;કુખ.3.The part of any thing which resembles human belly in protuberance:પેટની માફક કોઇપણ ચીજનો આગળ પડતો-ઉપસેલો ભાગ *vi.*To swell & become protuberant like the belly:ઉપસવું;ફુલવું.

Belly-band,(બેલિબૅન્ડ્)*n.* A band that fastens the saddle of a horse; ઘોડાનો તંગ.

Belly-ful,(બેલિફુલ્) *a.* As much as fills the belly or satisfies the appetite:પેટપુર;ધરાઇને. 2. More than enough:પુષ્કળ; હદ ઉપરાંત.

Belong,(બીલૉન્ગ્)*vi.*To be the property of; to appertain:-નું હોવું; તાબામાં હોવું. 2. To be a part of or connected with:-નો ભાગ હોવો; હદમાં હોવું.3. To be native of or to have a legal residence:ના રહેવાસી-રહીશ-વતની હોવું.4. To be the proper business of:-નું કામ હોવું.

Beloved,(બીલવ્ડ્)*n.* Greatly loved; near to the heart:વાહાલું;પ્યારું;જીવજાન;પ્રિય.

Below,(બીલો)*prep.*Beneath;under in place: તળે;નીચે. 2. Inferior to:હલકું; ઉતરતું. 3. Unworthy:અયોગ્ય;નાલાયક;અઘટિત;અણઘટતું. *adv.* In a lower place; beneath:હેઠળ;નીચે.2.On the earth as opposed to heaven: પૃથ્વીપર; આ લોકમાં; ઇહલોકમાં.3. In hell:નરકમાં.

Belt,(બેલ્ટ્) *n.* [*balteus*, border] A band; a girdle:પટો;બંધ;કંદોરો;કમરબંધ;મેખલા;કટિબંધ; કટિમેખળા;સાંકળી.2.That which restrains like a girdle:પટાની માફક જે કંઈ બંધમાં રાખે તે;મર્યાદા; હદ 3. One of the zones which surround the planet Jupiter:બૃહસ્પતિની આસપાસ આવેલો કટિબંધ.4.A narrow passage or strait: સામુદ્રધુનિ;નેર 5 *vt.* To encompass:પટો બાંધવો;ઘેરી લેવું;ચારે પાસ વિંટલાઇ વળવું.2.To shear (sheep):વાળ ઉતારવા-કાતરી લેવા.

Bemire,(બીમાઇર્)*vt.*To drag in the mire or dirt: કીચડમાં રગદોળવું-ખરડાવું.

Bemoan,(બીમૉન્)*vt.*To lament:રૂદનકo;ખેદકo.

Bench,(બેન્શ્)*n.*A long seat:પાટલી;બાંક.2.The seat of justice:ન્યાયાસન;ધર્માસન.3.The persons who seat as judges;the court:ન્યાયાધીશ;ઇનસાફદાર.*vt.*To furnish with benches:પાટલીઓ મુકવી.2.To place on a seat of honor: માન આપવું;-ના આસને બેસાડવું. *vt.* To sit on a seat of justice:ન્યાયાસને બીરાજવું.

Bend,(બેન્ડ્)*vt.*To crook:વાંકુવાળવું;મરડવું.2.To direct:તરફ વાળવું-ફેરવવું.3 To exert;to apply: ઘણી મહેનત કo;લગાડવું;ચોંટાડવું. 4. To subdue: તાબે-આધીન-કo;કબજે રાખવું. 5. To fasten, as one rope to another:સંધાડવું;બાંધવું;જોડવું.*vt.* To jut; to overhang; to bow:વાંકુ થવું-વળવું; નમવું;મરડાવું 2.To be inclined:બહાર પડવું-નિકળવું;-નો નિશ્ચય કરી બેસવું;વલણ હોવું;-ને ચઢવું-વળવું. 3.To bow in prayer:નમવું.*n.*A curve:a bow: વાંક;રાંટ;ખાંચો 2.A knot:ગાંઠ;સાંધો.

Beneath,(બીનીથ્)*prep* Lower in place with something on:તળે;નીચે. 2. Under, as from the effect of pressure:દટાયલું;તળીયે;તળે. 3. Unbecoming:હલકું;ઉતરતું;અયોગ્ય;અઘટિત; અણછાજતું *adv.*In a lower place:તળેથી;નીચેથી.

Benediction,(બેનીડિકશન્)*n.* [L. *bene*, well & *dico*,I say.]Act of blessing:આશીર્વાદ દેવો તે; મલુ ઇચ્છવું તે.2.Expression of gratitude; blessing:આશીર્વચન; આશીર્વાદ:દુવા; આશિષ;ધન્યવાદ.3.A short prayer:પ્રભુની સ્તુતિ;સ્તુતિ.

Benedictive,(બેનીડિક્ટિવ્)*a.*Giving a blessing:આશીર્વાદયુક્ત; દુવા દે એવું;આશીર્વાદાત્મક.

Benedictory, (બેનીડિક્ટૉરિ) *a.* Expressing wishes for good:શુભવાચક;આશીર્વાચક;માંગલિક **B** *stanza*:નાંદિશ્લોક.

Benefactor,(બેનીફૅક્ટર્)*n.*One who confers a benefit,especially,a charitable one:કલ્યાણકર્તા; પરગજુ;દાતાર; પ્રિયકરનાર.

Benefice, (બેનીફિસ્) *n.* An advantage; benefit: લાભ;ઉપકાર;બક્ષીસ. 2. An ecclesiastical living:ધર્માદાય; પુરોહિતવૃત્તિ.

Beneficence, (બીનેફિસેન્સ્)*n.* Active goodness;kindness or charity: પરોપકાર;દયા;કૃપા;

લોકોપકાર;પાડ;હિત.

Beneficent,(બીનેફિસેન્ટ્)*a*.Doing good;performing acts of charity: ઉપકારશીલ; ઉપકારી; દયાળુ;કૃપાળુ;હિતકર;હિતકારી;હિતાવહ; કલ્યાણકારી.

Beneficial (બેનીફિશિઅલ્) *a*. Useful;profitable:ગુણકારી;ઉપયોગી; લાભકારી; હિતાવહ; કલ્યાણકારક;સુખપ્રદ;હિતકારક.

Beneficiary,(બેનીફિશિઅરિ)*a*. Holding some office in subordination to another:પરાધીન; પરતંત્ર;માંડલિક *n*.One who holds a benefice & uses its proceeds:કોઇ ધર્મસ્થાનનો શેવક;પૂજારો;ઉપાધ્યા;પુરોહિત.2.One who is maintained by charity:ઉપકારજીવી;દાનાશ્રયી.3.હિતાધિકારી.

Benefit,(બેનીફિટ્)*n*. Advantage; profit:લાભ, નફો:ફાયદો; ફળ; હિત; હાંસલ; ગુણ. *For public* b: પ્રજાર્થે;સાર્વજનિક લાભાર્થે 2.A performance at a theatre: સઘળા પાત્રો પૈકી એકજ પાત્રને કિંવા કોઇ સાર્વજનિક ખાતાને કે ધર્માદામાં જેની પેદાશ આપી હોય તેવો નાટ્યપ્રયોગ. *vt*.To be useful to;to do good to:હિત-સારૂ-કલ્યાણ કo.-થી લાભ ગુણ થવો. *vi*. To gain advantage:લાભ મળવો; ગુણ થવો.

Benevolence,(બીનેવૉલેન્સ્)*n*. [L. *bene*, well & *volo*,I wish.]Good will;kindness:કૃપા;ઉદારતા;ભલાઈ;દયા;પરમાર્થબુદ્ધિ; પરહિતેચ્છા; પરોપકારબુદ્ધિ.2.Good done; charity given: પરોપકાર.

Benevolent,(બીનેવૉલેન્ટ્)*a*. Possessing love to mankind; kind:દયાળુ;પરોપકારી;પરગજુ.

Benign,(બીનાઈન્)*a*.[L.*bonus*, good & *genus*, birth.]Gracious;generous;favourable:કૃપાળું;માયાળું;અનુકૂળ;પરોપકારી.2.Manifesting kindness:ઉદાર;સખી:દાતાર.3 Wholesome:ગુણકારી; રોગહારી(ઔષધ)આરોગ્યકારી;સાત્ત્વિક:સૌમ્ય;હિતાવહ.

Benignity,(બીનિગ્નિટિ)*n*.[L *benignus*,kind] Goodness;kindness:કૃપા;મહેરબાની; પરોપકાર; ઉપકાર;અનુગ્રહ;દયા.2.Salubrity: આરોગ્યજનકતા; સૌમ્યતા.

Bent,(બેન્ટ્)*a*.Curved;crooked: વાંકુ;વક્ર;વળેલું. *n*.Curvity;flexture:વાંક;વક્રતા;મરડાટ.2.Slope: ઢાળ;ઢોળાવ.3.Propensity; inclination: વલણ; ઈચ્છા;રૂખ;ઝોક. [coarse grass: ડાભ;દર્ભ.

Bent, Bentgrass, (બેન્ટ્ ગ્રૅસ્) *n*. A kind of

Benumb, (બીનમ્) *vt*. To stupefy; to make torpid:બહેર મારી જવું;જુઠુ પડવું;જડ-મંદ થઇ જવું.

Benzoin,(બેન્ઝોઇન્)*n*.A resinous substance having a fragrant odour:લોબાન.

Bequeath (બીક્વીથ્)*vt*.To give or leave by will:વારસામાં આપવું-મુકીજવું.2.To hand down; to transmit:વંશ માથે મુકવું.

Bequest, (બીક્વેસ્ટ્)*n*. Legacy:વારસો;વસિયત.

Bereave,(બીરીવ્) *vt*. To deprive:નિરાધાર કo; છીનવી લેવું;રહિત-વિનાનું કરવું.2. To take away from:-માંથી-પાસેથી લઇ લેવુ.

Bereavement,(બીરીવ્મેન્ટ્)*n*. Deprivation: છીનવી લેવું તે;હાનિ;નાશ;વિરહ;મરણથી થયેલો વિયોગ.

Berry(બેરિ)*n*.A small fruit containing seeds: ઠળીયાવાળું બોર જેવું નાનું ફળ.2.A mound:ટેકરો; ટેકરી.*In* b.:ઇંડાથી ગાભણું.*vi*.To bear or produce berries:બોર જેવાં ફળ લાગવાં.*vt*.To impregnate with eggs: ગાભણું કo.

Berth, (બર્થ્) *n*. The place where ship lies at anchor:વહાણ લંગરવાની જગા. 2 A place in a ship to sleep in:વહાણમાં સુવાનો ઓરડો. 3. Official situation:હોદ્દો;નોકરી; ચાકરી;જગો. *vt*. To give an anchorage to: વહાણ લાંગરવું. 2. To allow or furnish berths to: વહાણમાં સુવાનો ઓરડો આપવો-પુરો પાડવો;લાંગરવાની જગા આપવી.

Beryle,(બેરિલ્)*n*. [L. *beryllus*.] A mineral of great hardness;aqua-marine:નીલમણી;પિરોજો

Beseech,(બીસીચ્)*vt*.To implore:વિનતિ-અરજ આજીજી કo. 2. To solicit; to beg: યાચના કo; વિનંતિ કરી માગવું. [શોભવું.

Beseem, (બીસીમ્) *vt*. To befit: છાજવું; ઘટવું;

Beseemly,(બીસીમ્લિ) *vd*. Fit; suitable; becoming:લાયક;ઘટતું;છાજતું;યોગ્ય; મુનાસબ;લાજમ.

Beset,(બીસેટ્) *vt*. To set or place on, in or round:જડવું;બેસાડવું 3.To way-lay;to besiege:લુંટવાસારૂ ભરાઈ બેસવું;ઘેરો ઘાલવો;આંતરવું;ઘેરી લેવું.3.To perplex;to harass:ગુંચવવું;અમુઝાવવું.

Beshrew,(બીશ્રુ) *vt*. To execrate: શ્રાપ દેવો.

Beshrowded, (બીશ્રાઉડેડ્) *a*. Covered with a shroud:કફન ઓરાઢેલું;ઢાંકેલું;કફનીવાળું.

Beside, (બીસાઇડ્) *prep*. At the side of; at one side of:પાસે; જોડે; પડખે; બાજુએ;સોડે. 2. Aside from; out of:આડું:બહાર;વિનાનું. Over & above:ઉપરાંત; શિવાય. *To be* b. *one's self*: ઘેલું થવું;અક્કલ-ભાન જવું-ઠેકાણે નહીં હોવું.

Beside, Besides, (બીસાઇડ્-બીસાઇડ્ઝ્) *adv*. Moreover;in addition:વળી;બીજું;શિવાય;ઉપરાંત.

Besides,(બીસાઇડ્ઝ્) *prep*.Over & above;in addition to:ઉપરાંત;સિવાય;વિશેષમાં.

Besiege,(બીસીજ્)*vt*. To beset;to block up: ઘેરો ઘાલવો;ઘેરવું;ચોગરદમ આંતરવું-ઘીગસરાવું-ઘેરાવું.

Besmear,(બીસ્મીર્)*vt*. To soil:લપડવું;ખરડવું.

Besom,(બીઝમ્) *n*. A broom:સાવરણી;સાવરણો; ઝાડુ: બુહારી.*vt*. To sweep as with a broom: ઝાડુ કાઢવું;વાળવું;સાફ કરવું;પુંજો-કચરો કાઢવો.

Besotted.(બીસૉટેડ્) *a*. Stupid; infatuated: છકેલ;છાકટું;ગાંડું;મૂઢ;ઘેલું;છકી ગયેલું.

Bespangle,(બીસ્પેન્ગ્ગલ્) *vt*. To adorn with spangles: ચાંલ્લા-તારા ટપકીયોથી શણગારવું.

Bespatter,(બીસ્પૅટ્ટર્) *vt*. To sprinkle with dirt,or water & dirt:કાદવથી ખરડવું-છાંટી ભરવું. 2.To asperse with reproach:નિંદા કરવી;ભાંડવું.

Bespeak(બીસ્પીક્)*vt.*To speak beforehand: અગાઉથી નક્કી કરી-કહી-રાખી મૂકવું.2.To foretell: અગાઉથી સૂચવવું;સૂચના આપવી.3. To speak; to address:પ્રત્યે બોલવું-કહેવું.4.To indicate by external marks:જણાવું;માલમ પડવું;કહીઆપવું;દર્શાવવું.

Besprinkle,(બીસ્પ્રિન્કલ્)*vt.*To sprinkle over; to scatter over:છાંટવું;રેડવું;સિંચવું;ઉપર નાંખવું.

Best,(બેસ્ટ્)*ad.*(*Superl,*of *good*)Most good: ઉત્તમ;શ્રેષ્ઠ; સૌથી સારૂં;અવ્વલ; સરસ; બેશ.2. Most advanced:most complete:આગળ પડેલું;સૌથી પ્રવીણ;સંપૂર્ણ.(in comp.)વર્ય;વર;રત્ન*n.*Utmost; highest endeavour:બને તેટલું;યથાશક્તિ.*At* **b**. *or at the* **b**.:છેવટ;આખરે; સમગ્ર રીત્યે જોતાં. *To make the best of*:ઘણુંજ સુધારવું;સારો નફો થાય તેવો ઉપયોગ કo.*For* **b**.:છેવટે;આખરે;હમેશને માટે. *adv.*To the highest degree:બહુજ;ઘણુંજ;અત્યંત.2.Most thoroughly:સંપૂર્ણરીતે;ઘણુંજ;અત્યંત

Bestial(બેસ્ટિઅલ્)*a.*Pertaining to or having the quality of a beast:પશુના જેવું;અતિમલિન.

Bestiality,(બેસ્ટિઍલિટિ)*n.*Brutism:પશુ સરખી રીતભાત.2. Unnatural connection with a beast:પશુ સાથે સંભોગ; સૃષ્ટિક્રમવિરૂદ્ધમૈથુન.

Bestir, (બિસ્ટર્) *vt.* To put into vigorous actions:જાગ્રત-સાવધાન કo;હોશીયાર થઇ જવું.

Bestow,(બીસ્ટૉ)*vi.*To lay up in store:સંઘરવું; એકઠું કo;રાખી મુકવું 2.To use;to apply:ઉપયોગ કo;વાપરવું:લગાડવું.3.To give;to confer:આપવું; બક્ષીસ-અર્પણ-સમર્પણ કo. 4. To give in marriage:પરણાવવું;લગ્નકરવાં;દેવું.

Bestowal,(બીસ્ટૉઅલ્)*n* Disposal:અર્પણ;દાન.

Bestowment,(બીસ્ટોમેન્ટ્)*n.*Bestowal:અર્પણ; દાન.2. Donation:બક્ષીસ;દાન;ઇનામ.

Bestrew,(બીસ્ટ્રૂ)*vt* To sprinkle:વેરવું;નાંખવું.

Bestride,(બીસ્ટ્રાઇડ્)*vt.* To stride over: ઘોડો પલંગી બેસવું 2.To step over:ઓળંગવું;કુદીનેજવું.

Bet,(બેટ્)*n.*That which is pledged or staked; wager:હડપ;હોડમાં મુકેલીવસ્તુ;હોડ; શરત;પણ.*vt.* To wager:શરત કરવી-હોડ મારવી-બકવી.

Betake,(બીટેક્)*vt.*To apply;to resort:આશ્રય લેવો;મન લગાડવું;કરવા માંડવું;ઉપાય-ઉપયોગ કo.

Betel,(બીટલ્)*n.*A species of pepper the leaves of which are chewed with betel nut:નાગરવેલ-પાનનો વેલો;**b**.*leaf*:પાન.**B** root:પાનની જડ.

Betel-nut,(બીટલ્નટ્)*n* The nut of the areca palm:સોપારી;પુંગીફલ.

Bethink,(બીથિન્ક્)*vt.*To recollect:યાદ કo-લાવવું;સંભારવું.*vi.*To think;to consider:સાંભરવું; યાદઆવવું;વિચારવું.

Betide,(બીટાઇડ્)*vt.*To befall:ગુજરવું;આવી પડવું; વિતવું. *vi.* To happen:બનવું;થવું;ગુજરવું.

Betimes(બીટાઇમ્ઝ્)*adv.*Seasonably:ટાંકણાસર; વખતસર;બરોબર વખતે;ખરી વેળાએ.2.Soon:વહેલું; જલદી;થોડીવારમાં.

Betoken, (બીટોકન્) *vt.* To show by signs: સૂચના આપવી;-થી જણાવું-દેખાવું.2.To foreshow by present signs:ભવિષ્ય સૂચવવું.

Betray,(બીટ્રે)*vt.* [L. *trado,* I give up.] To give up treacherously or faithlessly:વિશ્વાસઘાતથી-દગાથી સોંપી દેવું;હવાલે-સ્વાધીન કo.2.To violate the confidence of: વિશ્વાસઘાત કરવો; વિશ્વાસ તોડવો.3.To disclose or discover: ઉઘાડુ પાડવું;કહીદેવું.4 To show or indicate:ઉપરથી દેખાવું જણાવું;કહી આપવું 5.To deceive:છેતરવું;છેહ દેવો [વિશ્વાસઘાત;દગો;છેહ;દગલબાજી.

Betrayal, (બીટ્રેઅલ્) *n.* Act of betraying:

Betroth,(બીટ્રૉથ્) *vt.* To alliance:વિવાહ-વેવિશાળ ચાંલ્લો કરવો.2 To espouse:સાથે પરણવું.

Betrothal, (બીટ્રૉથલ્) *n* Act of betrothing: લગ્ન; વિવાહ.

Better,(બેટ્ર્)*a. Compar. of good.* Having good qualities in a greater degree: વધારે સરસ-સારૂ.2 Preferable: પસંદ કરવા જોગ; ચઢિયાતું.3. Improved in health: સારૂં-સાજુ થયેલું. *To be* **b**. *off*:વધારે સારી હાલતમાં હોવું;સુખી રહેવું. *adv.*(*compav. of well*)In a more excellent manner:ઉત્તમ-ચઢતી-સરસ રીતે;વધારે ચતુરાઇથી. 2.More correctly:વધારે સારી-શુદ્ધ રીતે. *vt.* To meliorate:સુધારવું; ચઢિયાતું કo.2. To surpass in excellence:ચઢવું;વધવું; ચઢીયાતું થવું. 3. To support:ફાયદો કo.*n.*(*pl.*)Superiors:ઉપરી;વડીલ.

Better(બેટ્ર્) *n.* One who bets or lays a wager:સરત મારનાર-બકનાર.

Between, (બીટ્વીન્) *prep.* In the middle: મધ્યે;વચ્ચે.2 From one to another of:-માં;-ની વચ્ચે 3 Having mutual relation:માંહેમાંહે; અંદર અંદર. [Between:વચ્ચે.

Betwixt,(બીટ્વિક્સ્ટ્)*prep* [See **between.**]

Beverage, (બેવરેજ) *n.* [L. *bibo,* I drink.] Liquor for drinking:પીવાનો દારૂ;શરબત.

Bevy,(બેવિ)*n.* A flock of birds:પક્ષીનું ટોળું;જુથ. 2.A collection of persons; especially of ladies:ટોળું;મંડળ;જથો;સ્ત્રીવૃંદ;મંડળી; જમાવ.

Bewail(બીવેલ્)*vt* To lament:શોક-ખેદ-વિલાપ કરવો.*vi.*To express grief:દીલગીર થવું.

Beware,(બીવેર્)*vt.*To be cautious;to take heed:સાવધ-હોશીયાર-સાવચેત રહેવું;-થી દુર રહેવું.

Bewilder, (બીવાઇલ્ડર્) *vi.* To perplex; to puzzle:ગુંચવવું; વ્યાકુળ-બાવરૂ કo-બનાવવું.

Bewilderment, (બીવાઇલ્ડર્મેન્ટ્)*n.*State of being bewildered:ગભરાટ;ગુંચવણ; અકળામણ; મુંઝવણ.

Bewitch,(બીવિચ્)*vt.*To charm;to fascinate: જાદુ-કામણ કo.2.To affect by witch-craft or sorcery:મોહ પમાડવો;વશીકરણ કo;નજરબંધી કo.

Bewitching, (બીવિચિન્ગ્) *a.* Charming: મનોહર;કામણગારૂં;મોહિણી રૂપ.

Beyond,(બાયૉન્ડ્)*prep* & *adv.*On the further side of:પેલીમેર-તરફ.2.Before:આગળ; અગાડી 3. Out of reach of;past:પાર;ઉપરાંત;વગરનું.4.In a degree exceeding or surpassing:કરતાં-ચડિઆતું-અધિક.

Bezoar,(બીઝોર્)*n.* A calculous concretion found in the stomach of certain animals formerly regarded as antidote to poison: કેટલાંક પ્રાણીના પેટમાં થતો પદાર્થ;ઝેર ઉતારનાર ઔષધ; સાપનો મ્હોરો.

Biangular, (બાઈઍન્ગ્યુલર્) *a.*[L.*bis* & *angulus*,a corner.]Having two angles:દ્વિકોણ.

Bias,(બાઇઍસ્)*n.*Inclination;prepossession: વલણ;પક્ષપાત;તરફદારી;ભાવ.2.*A* wedge-shaped piece of cloth:લુગડાની કળી.*adv.*Cross-wise; diagonally:આડું;ત્રાંસું;વાંકું.*vt.*To prepossess: તરફદારી કરાવવી;મન ફેરવવું;પક્ષપાત કરવો.

Bibber,(બિબર્)*n.* A man given to drinking:છાકટો:દારૂડિયો.

Bible, (બાઇબલ્) *n.* [Gr. *biblos*, a book.] A sacred book containing the principles of Christian faith;scriptures:ખ્રીસ્તિધર્મ પુસ્તક-શાસ્ત્ર; બાઇબલ. [છાકટો.

Bibler,(બિબ્લર્)*n.*A great drinker:દારૂડિયો;

Biblical, (બિબ્લિકલ્) *a.*Pertaining to the Bible:ખ્રીસ્તીધર્મ શાસ્ત્રનું.

Bibliography,(બિબ્લિઑગ્રફિ)*n.*[Gr.*biblion*, a book & *grapho*, I write.] A history of literature:પુસ્તકોનું વર્ણન: પુસ્તકવિદ્યા.

Biblist,(બિબ્લિસ્ટ્) *n.*One who makes the scriptures the sole rule of faith:ખ્રિસ્તી ધર્મ ઉપર ખરૂં આકીન રાખનાર 2. One who is conversant with the Bible:બાઇબલમાં પ્રવીણ.

Bibulous, (બિબ્યૂલસ્) *a* [L.*bibo*,I drink.] Spongy:શોષક; ચૂસી લે તેવું; જલશોષક.

Bicipital-tous, (બાઈસિપિટલ્ ટસ્) *a.* [L. *bis*, twice & *caput*,the head.]Having two heads: બે માથાં-ડોકાંવાળુ. Having two origins, as a muscle:બે સ્થાનમૂળ-ઉત્પત્તિવાળું.

Bicker,(બિકર્)*vi.*To quarrel;to conted in words:કજીઓ કરવો;ટંટો-કંકાસ થવો;ટપાટપી કo. 2.To move quickly: જવું;હાલવું;ડોલવું.

Bickering,(બિકરિન્ગ્)*p.n.*Quarrelling:કલહ; ટંટો:કજીઓ;લડાઇ;કંકાસ;b. flame, હાલતી જ્યોત.

Bid,(બિડ્)*vt.*To offer to pay;to propose:કહેવું; માગણી કરવી (at an auction).2.To declare as a wish:જણાવવું; આપવું: ઇચ્છા જણાવવી. 3. To order;to command:હુકમ કo;આજ્ઞા કo;ફરમાવવું. 4.To invite;to call in:નિમંત્રણ કo; બોલાવવું. To b. *fair*:સારૂ થશે-નિકળશે એવું જણાવું-દેખાવું.*n.* An offer of a price:માગણી.(at auction).

Bidder,(બિડર્)*n.* One who bids:માગનાર.

Bidding,(બિડિંગ્)*n.*Command;offer;proposal of a price; invitation: હુકમ;આજ્ઞા;માગણી; આમંત્રણ;નિમંત્રણ;ન્હોતરૂં.

Bide,(બાઈડ્)*vt.*To inhabit:વસવું;રહેવું. *vt.* To remain firm under;to suffer:ટકવું;ખમવું;નભવું. 2.To wait for:વાટ જોવી; રાહ જોવી.

Bidental,(બાઇડેન્ટલ્)*a.*[*Bis*, twice & *dens dentis*,a tooth.]Having two teeth:બેદાંતવાળુ; દ્વિદંતક.

Bidet,(બિડેટ્)*n.*A small horse:ટટ્ટુ; વછેરો.

Biennial, (બાઈએનિઅલ)*a.* [L. *bis*,twice & *annus*,year.]Happening once in two years: દ્વિવાર્ષિક;બબે વર્ષે થતું. 2. Continuing for two years:બે વર્ષ સુધી જીવનાર રહેનાર-ચાલનાર.

Bier,(બીર્)*n.*A carriage,a frame of wood to carry dead bodies to grave:મુડદાં સ્મશાનમાં લેઇ જવાની ખાટલી;ઠાઠડી;કરકટી;નનામી;શબવાહિકા.

Biestings, (બીસ્ટિન્ગ્સ્) *n.pl.*The first milk given by a cow after calving: ગાયનું ખરેટું.

Bifarious,(બાઇફેરિઅસ્) *a.* [L *bis*,twice, & *fari*,to speak.]Twofold;in two rows:બેવડું; બે હારમાં.2 Pointing two ways:દોપટ;બેતરફનું.

Biferous, (બિફેરસ્)*a.*[L.*bis*,twice & *ferro*,I bear.] Bearing fruits twice a year:વર્ષમાં બે વાર ફળતું. [દુપટ;બમણું.

Bifold,(બાઈફોલ્ડ્)*a.*Two fold;double:બેવડું;

Biform-ed, (બાઇફોર્મ્-મ્ડ્)*a.* [L.*bis*,twice & *forma*,shape.] Having two forms,bodies or shapes:બેવડા આકારનું;દ્વિવિધ; દ્વિગુણ.

Bifercate-ed,(બાઈફર્કે-ટ્-ટેડ્)*a* Forked: divided into two branches:બે શાખા-પાંખાવાળું.

Big,(બિગ્)*a.*Large;great;bulky:મોટું;જાડું;ભારે. 2.(*a*) Pregnant:બેજીવ;દહાડાવાળી;ગર્ભવતી.(*b.*) Full:ભરપુર;ભરેલું 3 Brave:હિમ્મતવાન;બહાદુર.

Bigg,(બિગ્)*n* A kind of barley:એક જાતનો જવ.

Bigamist,(બિગૅમિસ્ટ્)*n.*[L.*bis*, twice & Gr. *gamos*,marriage.]One who has two wives or husbands at one time:બે વહુ કે વર કરનાર; બેપત્નીનો વર:બેપતિની પત્ની.

Bigamy, (બિગૅમિ) *n.*The crime of having two wives or husbands at a time:બેવર-વહુ કરવા તે.

Bigot,(બિગૉટ્)*n.*One unreasonably wedded to a particular religious creed,opinion,practice or ritual;a devotee:ધર્માન્ધપુરૂષ;સ્વમતાગ્રહી; ધર્મચુસ્ત:મતાંધ

Bigot ed,(બિગૉટ્-ટેડ્)*a.*Obstinately & blindly attached to some creed,opinion,practice or ritual:દુરાગ્રહી;ધર્માન્ધ;સ્વમતાગ્રહી;સ્વમતવાદી.

Bigotry, (બિગૉટ્રિ)*n.* Perverse or blind at

tachment to a particular creed;excessive zeal:ધર્માંધપણું;દુરાગ્રહ;સ્વમતાગ્રહ;મતાભિમાન.
Bijou,(બીઝૂ)*a*.[L.*bis*,twice,& *joco*,I jest.)A trinket;a jewel:દાગીનો; ઝવેર.
Bilbo,(બિલ્બો)*n*.A rapier:હેડ;પગનીબેડી.2.તરવાર.
Bile,(બાઇલ્)*n*.[L.*bilis*.]A yellow,greenish, bitter,nauseous fluid secreted by the lever: પિત્ત.2.Bitterness of feeling:ચીઢીઓ સ્વભાવ.
Bilge,(બિલ્જ્)*n*. The protuberant part of a cask:પીપનું પેટ-નો વચલો જાડો ભાગ.2.The broad est part at ship's bottom of floor: વહાણના તળીયાનો ઉપસેલો ભાગ.*vi*.To suffer a fracture in the bilge:વહાણને તળીયે ગાબડું પડવું.
Bilge water,(બિલ્જ્.ડવૉટર્)*n*.Water which enters a ship & lies upon her bilge:ગાબડાથી વહાણમાં આવેલું પાણી.
Bilingual-ar,(બાઇલિન્ગ્વૅલ્-અર્લૅર્) *a*. [L. *bis*, twice & *lingua*,tongue.]Containing two languages:દુભાષી;બે ભાષાનુ.
Bilious,(બિલિઅસ્)*a*.[L *bilis*, the bile.] Pertaining to the bile:પિત્તવાળું-સંબંધી.
Bilk,(બિલ્ક્) *vt*. To disappoint; to defraud: નાઉમેદ-ક૦; ઠગવું.
Bill,(બિલ્)*n*. The beak of a fowl: પક્ષીની ચાંચ; ચંચું.*vt*.To join bills:ચાંચે ચાંચ મેળવવી 2. To caress in fondness:લાડ કરવાં-લડાવવાં.
Bill,(બિલ્) *n*. A curved cutting instrument with a handle:દાતરડું;*hedge* **b**.:ધારીયું.
Bill,(બિલ્)*n*.[L.*bulla*,anything rounded.] A declaration in writing:વાદીની અરજી; ઇકરાર. 2. A security for money: નાણાં બદલ આપેલી હામી;હુંડી. 3. A proposed or projected law: નવા કાયદાનો ખરડો-મુસદ્દો;બીલ.4.An account of goods sold or delivered or work done: બીલ;ભરતીયું.5.Any paper containing a statement of particulars:વિગતવાર યાદી;ટીપ;લેખ;તપસીલ.**B**.*of divorce*:ફારગતી;તલ્લાકનામું;છેડાછૂટા **B**. *of exchange*:હુંડી;**B**.*at sight*.દર્શની હુંડી;તરત મુદતની હુંડી.**B**.*of lading*:વહાણમાં ચઢાવેલા માલની વહાણવાળાની સહી સાથેની પહોંચ;ભરતિયું. **B**. *of sale*:વેચાણનો કબાલો;વેચાણખત;આનાખત
Billet, (બિલટ) *n*. A short letter: ચીઠ્ઠી; ટિકેટ. *vi*. To direct by a ticket where to lodge: સિપાઇઓને મુકામ જણાવવો.
Billet,(બિલેટ્)*n*. A small stick: નાની લાકડી
Billet-boux,(બિલે-ડૂ)*n*.[**Billet**,& L *dulcis*, sweet.]A love note or letter:પ્રીતિપત્ર;પ્રેમપત્ર
Billiards,(બિલિઅર્ડ્ઝ)*n*.A game played on a table:દડા લાકડીની મેજ ઉપર રમવાની રમત.
Billion,(બિલિઑન્) *n*. According to French method, a thouand millions, 1,000, 000; 000,(according to English method a million of millions:1,000 000,000000):મહા પદ્મ *Ten* **b** s:શંકુ.*A hundred* **b** s:જલધિ.*A thousand* **b**.s: અંત્ય. *Ten thousand* **b**.s:મધ્ય. *A hundred thousand* **b**.s: પરાર્ધ.
Billow,(બિલ્લો)*n* A great wave or surge of the sees:મોટું મોજું ; હેલો;છોળ; તરંગ. *vt* To rise & fall in large waves: મોજાં આવવાં.
Billowy,(બિલ્લોઇ)*a*. Turgid:તરંગ-છોળવાળું.
Bin,(બિન્)*n* [L.*benna*,a kind of carriage]A box or inclosed place used as a repository of any commodity:કોઠાર; કોઠી.
Binary,(બાઇનેરિ)*a* [L *bini*,two]Compounded of two:બે; બેવડું; દ્વિગુણ.
Binate,(બાઇનેટ્)*a*.[L.*bini*,two & two.]Growing in pairs:જોડબે ઉગતું; સાથે ફૂટતું.
Bind,(બાઇન્ડ્) *vt*. To tie to-gether:બાંધવું; જકડી લેવું.2 To confine or hold by physical force or influence of any kind:બાંધવું; પકડી રાખવું. 3. To prevent or restrain from customary or natural action:બંધ-કબજ ક૦; -થી કબજ રહેવું; બંધકોશ ક૦; મળાવરોધ ક૦.4.To protect or strengthen by a band or border: મુગજી-કોર મુકવી.5.To sew or fasten together: બાંધવું;શીવવું.6.To oblige, restrain or hold: વચન કે બીજા કરારથી બાંધવું-કબજે રાખવું. *vi*. To grow hard or stiff:કઠણ થવું.2 To be restrained from motion:બંધ-પડવું;અટકી પડવું.3.To be obligatory:બંધક ફરજીયાત રહેવું-હોવું.
Binder,(બાઇન્ડર્)*n*.A person who binds.બાંધનાર.2.Bandage:પાટો;બંધ;દોરી;પટી.
Binding,(બાઇન્ડિન્ગ્)*a*.Obligatory:બંધનકારક; અગત્યનું; ફરજીયાત. *n*. The act of fastening with a band:પાટો બાંધવો તે.2.Bandage; the cover of a book; something that secures the edge of cloth from ravelling:બંધ;બંધન; પાટો;ચોપડીનું પુઠું; બાંધણી;મગજી; કોર; ચીપ.
Binocle,(બાઇનૉકલ્)*n*. [L.*bini* two & two,& *oculus*,eye.] A kind of telescope:દુરબીન.
Binocular,(બાઇનૉક્યૂલર્)*a*.Having two eyes: બે આંખવાળું;દ્વિનેત્ર.2.With or pertaining to both eyes:બે આંખ સંબંધિ.
Binomial,(બાઇનોમિઍલ્) *n*. [L.*bis*,twice & *nomen*,a name.]An expression consisting of two terms connected by the sign plus or minus:ઓછા કે વત્તાની નિશાનીથી જોડાયલાં બે પદ;દ્વિપદ. *a*.Consisting of two terms:દ્વિપદ.
Biographer,(બાઇઑગ્રૅફર્)*a*.A writer of lives:જન્મવૃત્તાંત-ચરિત્ર લખનાર;ચરિત્રકવિ.
Biographic-cal,(બાઇઑગ્રૅફિક્-કલ્)*a*.Pertaining to biography:જન્મચરિત્ર સંબંધિ-વાળું.
Biography, (બાઇઑગ્રૅફિ) *n*. [Gr. *bios*, life & *grapho*,I write.]The history of the life &

character of a particular person:જન્મવૃત્તાંત 2.Biographical writings in general:ચરિત્ર લેખ;ચરિત્રવર્ણન;ચરિત્રનિરૂપણ; ચરિત્રાખ્યાન.

Biology,(બાઇઑલૉજિ)*n.*[Gr.*bios*,life & *logos*, discourse.]The science of life:પ્રાણીધર્મગુણવિદ્યા.

Biped,(બાઇપેડ્)*n.*[L.*bis*,twice & *pes,pedis*,a foot.]An animal having two feet:બેપગુપ્રાણી.

Biped,Bipadel,(બાઈપેડ્-ડેલ્)*a.* Having two feet:બે પગુ;દ્વિપાદ.

Biquadrate, (બાઈક્વૉડ્રેટ્) *a* [L.*bis*,twice & *quatuor*,four.]The fourth power arising from the multiplication of a square number or quantity by itself:વર્ગનો વર્ગ;ચતુર્ઘાત.

Birch,(બર્ચ્ *n.*A tree of several species:ઝાડનું નામ;ભોજપત્ર.

Bird,(બર્ડ્)*n.*A feathered flying animal:પક્ષી; પંખી;ખગ;ખેચર;પંખેરૂં;વિહંગમ **B.***s of the same feather*:એક માળાના મણકા;એક તળાવનાં પાણી.

Bird catcher,(બર્ડકૅચર્)*n.*A fowler:પારધી.

Bird-eyed,(બર્ડ્ આઇડ્)*a.*Quicksighted:બારિક નજરનું-વાળું;સુપર્ણાક્ષ.

Bird's-eye,(બર્ડ્ઝ્આઇ)*a.*General;not minute or entering into details:ઉપલક;ઉપરચોટિયું.

Birth,(બર્થ્)*n.*The act of coming into life or of being born:જન્મ;અવતાર;સંભવ;ઉત્પત્તિ *Blind from* **b.**:જન્માંધ.*Rich from* **b.**:ગર્ભેશ્વર;ગર્ભશ્રીમંત.2.Lineage;descent:કુળ;વંશ;ખાનદાન;કુલીનતા.3.Natural state or position:જન્મસ્થિતિ; જન્માવસ્થા.4.The act of bringing forth:પ્રસવ. 5.Origin;beginning:ઉત્પત્તિ;આરંભ;મૂળ.

Birth-day,(બર્થ્-ડે) *n.* The day on which a person is born:જન્મતિથિ-દિવસ;વર્ષગાંઠ;શાલગિરી.

Birth-place,(બર્થ્-પ્લેસ્)*n.* The town,city or country in which a person is born: જન્મભૂમિ;વતન;સ્વદેશ;જન્મદેશ;દેશ.

Biscuit,((બિસ્કિટ્)*n.*[L.*bis*,& *coctus*,cooked.] A kind of unfermented bread, baked hard:એક જાતની રોટલી; બિસ્કુટ. 2. A kind of earthernware:એક જાતનું માટીનું વાસણ.

Bisect, (બાઈસેક્ટ્) *vt.* [L.*bis*, twice & *seco*,I cut.] To cut or divide into two parts:બે સરખા ભાગ કરવા;દુભાગવું.

Bisection(બાઇસેક્શન્)*n.*The act of cutting into two equal parts:દુભાગવુંતે;દ્વિધાકરણ.

Bishop(બિશપ્)*n.*[L.*episcopus*Gr.*epi*,over& *scopeo*,I look.]A spiritual superintendent or ruler.ઉપરી;ધર્માધ્યક્ષ.

Bishop, (બિશપ્) *n.* A mixture of wine, oranges,& sugar:નારંગીનું અથાણું-મુરબ્બો. *vt.* To favour:કૃપા મહેરબાની કરવી.

Bishopric, (બિશપ્રિક્) *n.* The district over which the jurisdiction of a bishop extends: ધર્માધ્યક્ષના તાબાનો પ્રદેશ.2 Office of a bishop: ધર્માધ્યક્ષનો હોદ્દો

Bissextile,(બિસ્સેક્સ્ટાઇલ્)*n* [L.*bis* & *sextus*, the sixth of the calends of March.] Leap year:જે વર્ષમાં ફેબ્રુઆરીમાં ૨૯ દીવસ આવે છે તે વર્ષ.

Bit,(બિટ્)*n.*The iron part of bridle to which the reins are fastened:લગામનું ચોકડું.*vt.*To put the bit in the mouth of:ચોકડું ચઢાવવું; લગામ ઘાલવી-ચઢાવવી.

Bit,(બિટ્) *imp.* & *pp.* of **bite,**

Bit,(બિટ્) *n.*A mouthful; a morsel;hence, a small piece of anything;a little:કોળીયો;બુકો;ગ્રાસ;કટકો;ટુકડો **B.***by* **b.**:કકડે;વિગતવાર.

Bitch, (બિચ્) *n.* The female of the canine kind,as of dog,wolf & fox:કુતરી;વરૂ વિગેરેની માદા.

Bite, (બાઇટ્) *vt.* To cut or seize with the teeth:કરડવું-બચકુ લેવું-ભરવું.2.To cheat;to trick: ઠગવું;છેતરવું.3.To cause sharp pain,or smarting to:ઝાટકો લગાડવો;ઝમઝમાટ કરવો:; થી ચચરવું. 4.To take hold of:વળગી રહેવું;ચોટવું.5. To reproach with sarcasm:દુઃખ લાગે તેવું કહેવું;મેંણુ મારવું;ઠપકો દેવો. *n.* The act of seizing with the teeth or mouth: બચકુ; લોચરૂ. 2. The wound made by the teeth or something analogous:ડંખ;દંશ.3.A morsel;mouthful: કોળીયો;બુકો.4.A cheat;a trick: ઠગાઇ; કાવતરૂ; દગો.5. A sharper:ઠગ;ધૂર્ત;ગંઠીઓ.

Bitmouth, (બિટ્માઉથ્) *n.* The bit or that part of a bridle which is put in a horse's mouth:ચોકડું;લગામ.

Bitter, (બિટર્) *a.* Having a peculiar acrid, biting tasto:કડવું;કડવું વિખ.2.Piercing;painful:તીવ્ર;આકરૂં;સખત;કડકડતી 3.Calmitous:દુઃખદાયક; વેદનાકારક.4.Harsh;stern: કઠણ; નિર્દય.5. Sharp;reproachful:કડવું;તીક્ષ્ણ; કટુ; તીવ્ર; ઠપકાનું;કઠોર. [sorrowfully:બહુજ;પોકેપોક;છાતીફાટ.

Bitterly,((બિટર્લિ) *adv.* In a bitter manner;

Bitterness,(બિટર્નેસ્)*n.*The quality of being bitter: કડવાસ. 2. Keenness of reproach or sarcasm;deep distress of mind:તીક્ષ્ણ ભાષણ;મેંણું;મર્મ.3.Severity of temper:આકરાપણું; સખતાઇ. [pitch:શિલાજીત.

Bitumen, (બિટ્યૂમેન્) *n.* [L.] A mineral

Bivaulted,(બાઇવૉલ્ટેડ્)*a.*[L *bis*,twice & *volvo*,I roll].Having two vaults:બેકમાનવાળું.

Blab,(બ્લૅબ્)*vt.*To utter or tell unnecessarily:લવરી કરવી;વિચાર્યાવગર બોલવું;બકવું;રહસ્ય બોલવું.*vi.*To tattle: બકવું; લવારો કરવો.*n.* A telltale:બહુબોલો;છુપી વાત ફોડનાર-જાહેર કરનાર.

Blabber,(બ્લૅબર્)*n.*A tattler;a tell-tale:લવારો કરનાર;આછકલા પેટવાળો;બહુબોલો;જલ્પક.

Black, (બ્લૅક્) *a.* Destitute of light; of the

colour of soot or coal:અંધારાવાળું;કાળું; શ્યામ; કૃષ્ણ.2.Dismal;gloomy:ઉદાસી;દીલગીરીભરેલું.3. Horrible; wicked:ઘાતકી;કાળું;અતિદુષ્ટ.*n*.The darkest colour:શ્યામવર્ણ;કાળો રંગ.2 A negro: હબસી;સિધી.3.A black dress:શોકનાં લુગડાં.*vt*. To blacken; to soil:કાળુ-મેલુ કo.

Blackamoor,(બ્લૅકૅમૂર)*n*. A negro;a black-man:હબસી;સિધી.[magic:જાદુ;મેલીવિદ્યા;કુવિધા.

Black-art, (બ્લૅક્ આર્ટ્) *n*. Conjuration;

Black-board, (બ્લૅક્-બૉર્ડ્) *n*. A board used in schools, &c., for various purposes of instruction:નિશાળનું કાળુ પાટીયું.

Black coat,(બ્લૅક્ કોટ્)*n*.A clergymen:પાદરી.

Blacken, (બ્લૅકન) *vt*. To make or render black:કાળુ-શ્યામ કo. 2. To darken:-માં અંધારૂ કo.3 To sully, to make infamous: બટ્ટો-લાંછન-એબ લગાડવી-લાગવી;બેઆબરૂ કરવી-થવી. *vi* To grow dark:.કાળુ પડવું-થઈ જવું.

Black-guard. (બ્લૅક્ગાર્ડ) *n*. A dirty fellow of the meanest kind:નીચુ; હલકુ-ગંદુ માણસ; પાજી.2.A person of low character:હલકો માણસ;ચંડાળ;હબાડી.*a*.Abusive:ભાંડ;ખરાબ; પાજી; હલકુ.*vt*.To revile in scurrilous language: ગાળ દેવી;નિંદા કo. [ભારા પડવું-મારવું

Blackish, (બ્લૅકિશ્) *a*. Somewhat black: કા-

Blach-leaa, (બ્લૅક્લેડ્) *n*. A plumbago; graphite:પેનસીલ બનાવવાનો ખનિજ પદાર્થ.

Black-mail,(બ્લૅક્-મૅલ્) *n*. A rate of money, &c.,anciently paid to robbers for exemption from pillage:ચોરોને આપવામાં આવતી ખંડણી.2 Extortion of money by threats:ધમકી આપી પૈસા કઢાવવા તે:ધમકીથી કઢાવેલા પૈસા.

Blackmoor,(બ્લૅક્ મૂર)*n* See **Blackamoor**,

Blackness,(બ્લૅક્નેસ્)*n*. Black colour;darkness:કાળાપણું;કાળોરંગ;અંધારૂં.2. Enormity of wickedness:ઘાતકીપણું;દુષ્ટતા.

Black-smith, (બ્લૅક્ સ્મિથ) *n* A smith who works in iron;an ironsmith:લુહાર;લવાર.

Blackwood,(બ્લૅક્-વૂડ્) *n*. A kind of precious wood:સિસમ.

Bladder,(બ્લૅડર્)*n*. A bag or sac in animal: કોથળી;આશય.2.Any vesicle or blister filled with air or a thin watery liquor: ફોલ્લો;ઝબેલો 3 (*Fig*) Anything inflated, empty or unsound:પરપોટો;અસાર વસ્તુ.

Blade,(બ્લેડ્) *n* The leaf of a plant:ઘાસનું પાંતરૂં-પત્ર. 2. The cutting part of an instrument:પાનું,ફળ.3.The broad part of an oar:હલ્લેસાનો પહોળો ભાગ.*vt*. To furnish with a blade:પાનાવાળું કo.*vi*.To have a blade:પાનું હોવું.

Blain,(બ્લૅન્)*n*. A blister:ફોલ્લો;ગડ;ગુમડું.

Blamable,(બ્લૅમૅબલ્)*a*.Deserving of censure; faulty;culpable:દોષપાત્ર;ઠપકાજોગ-પાત્ર.

Blame,(બ્લૅમ્)*vt* [Gr.*blasphemein*,to speak ill.]To find fault with:ઠપકો દેવો;દોષ મુકવો-કાઢવો;ખોડ કાઢવી.*n*.Censure;imputation of fault: ઠપકો;દોષારોપ;દુષણ.2.Fault;crime:દોષ-વાંક;ગુન્હો.

Blameless,(બ્લૅમ્લેસ્)*a*. Innocent; guiltless: નિરપરાધી;નિર્દોષ;નિષ્કલંક;દોષરહિત.

Blameworthy,(બ્લૅમ્-વર્ધિ) *a*. Deserving blame;reprehnsible:દોષ મૂકવા યોગ્ય;ઠપકાપાત્ર.

Blandish,(બ્લૅન્ડિશ્)*vt*.[L *blandus*,mild.]To caress:લાડ લડાવવાં;ચઢાવવું; ખુશામત કo. *vt*. To speak affectionately:વિવેકી થવું;પ્રેમથી બોલવું.

Blandishment, (બ્લૅન્ડિશ્મેન્ટ્) *n*. Artful caresses:લાડ; નખરાં;હાવભાવ;ચાળા;લાલિત્ય.

Blank,(બ્લૅન્ક)*a*. Of a white or pale color: સફેત;ઝાંખું;ફિકું.2. Pale from fear or terror; confused;dejected:ફિકું;ગભરુ; ધોળુ ફકક;આકુળ; ઉદાસી.3.Empty:કોરૂં;ખાલી;પોલું.4.Rare;mere: કેવળ;તદન. 5. Without rhyme:અનુપ્રાસ રહિત; યમક વગરનું.*n*.Any void space:ખાલી-કોરી જગ્યા. 2. A ticket in a lottery which draws no prize:ખાલી ગએલી ચીઠ્ઠી-ટીકેટ. 3 A paper unwritten:કોરો કાગળ.*vt*. To annul:રદ કo. 2. To dispirit:મન ભાંગવું;ઉદાસી કo.

Blanket,(બ્લૅન્કેટ્)*n*.A coarse loosely woven cover of wool: કામળો; ધાબળી; બન્નુસ. *vt*. To cover with a blanket:ધાબળી લપેટવી-ઢાંકવી.

Blaspheme, (બ્લૅસ્ફીમ્) *vt*. [Gr. *blapsis*, injury & *pheme*,speech.]To speak reproachfully of God:ઇશ્વરની-દેવનિંદા કo;-નુંભુંડું બોલવું. 2. To speak wicked of:-ની નિંદા-બગદોઈ કo. *vi*. To utter blaspheme:ઇશ્વરની નિંદા કo.

Blasphemous,(બ્લૅસ્ફીમસ્)*a*. Impiously reproachful towards God: ઈશ્વર નિંદક;દેવનિંદક.

Blasphemy,(બ્લૅસ્ફીમિ) *n*. Indignity offered to God by words or writing:ઈશ્વરનિંદા.

Blast,(બ્લૅસ્ટ્) *n*. A gust of wind:પવનનો ઝપાટો-સપાટો.2 A forcible stream of air:ફુંક; ફુંફાડો. 3 The sound made by blowing a wind instrument:મ્હોંડે વગાડવાના વાજીંત્રમાંથી નિકળતો અવાજ.4.The rending of rocks:સુરંગથીપ્હાડનું ફાટવું તે;ધડાકો.5 A blight:મરકી;નાશકારક અસર.*vt*.To blight:કરમાવી-મારી-ચીમળાવી નાંખવું.2.To injure;to destroy:ભાંગી-તોડી પાડવું; ભંગ કo;ઉતારવું.3.To confound:ગભરાવવું.4 To blow up by gunpowder:સુરંગથી ફાડવું-ઉડાડવું. *vi*. To be blighted or withered:કરમાઇ જવું.

Blaze,(બ્લૅઝ્) *n*. Flame: ભડકો; જ્વાળા; ઝાળ.2. Expanded light:તેજ; અજવાળું; ઉજેસ. 3. A white spot on the forehead of horse:ઘોડાના કપાળ ઉપરનો ધોળો ડાઘ-ચાંદું. 4. A sport made on trees by chipping off the bark:ઝા,

ડની છાલ કાપ્યાથી તે પર પડેલો ડાઘ. 5. A bursting out:શોરબકોર; ઘોંઘાટ. *vt.* To shine with flame:બળવું-ભડકો થવો;સળગવું 2 To send forth light:પ્રકાશવું.:3 To be conspicuous:પ્રખ્યાત થવું.*vt.* To make public:પ્રગટ જાહેર ક૦. 2. To mark as a tree by chipping off a part of its bark: ઝાડની છાલ ઉખાડી નિશાની ક૦.

Blazing-star,(બ્લૅઝિન્ગ્-સ્ટાર્) *n.* A comet: પૂછડિયો તારો;ધૂમકેતુ.

Blazon (બ્લૅઝૉન્)*vt.* To display:બતાવવું; પ્રગટ-જાહેર-ખુલ્લુ ક૦.2. To adorn:શણગારવું; શોભાવવું. *n.*Representation of coats of arms:યુદ્ધશાસ્ત્રનું ચિત્રામણ-પ્રગટ ક૦.તે.2 Ostentatious display; show:ભભકો; આડંબર.3.કુળચિન્હવર્ણન; કુળમુદ્રા.

Bleach,(બ્લીચ્)*at.*To whiten:ધોળુ ક૦;નિખારવું. *vi.* To grow white:કોઈ રીતે ધોળુ-સફેત થવું.

Bleak,(બ્લીક્) *a.* Desolate & exposed:આશ્રય વગરનું;ખુલ્લુ.2.Chill:ઠંડું;શર્દ;શિતળ.

Bleakness, (બ્લીક્નેસ્) *n.* Exposure to the wind:ખુલ્લુ;અનાશ્રયપણું.2.Coldness:શરદી;ઠંડક.

Blear-eyed, (બ્લીર્-આઈડ્) *a.* Having sore eyes:દુઃખવા આવેલી આંખવાળું. 2. Dim-sighted:જેને ઝાંખ વળતી હોય તે.

Bleat,(બ્લીટ્) *vi.* To cry, as sheep:બેં બેં ક૦; મેંઢાની પેઠે બોલવું. *n.* A sheep's cry: બેં બેં.

Bleb, (બ્લેબ્) *n.* A little tumor, vesicle or blister;a bubble,as in water:નાનોફોલ્લો;પરપોટો.

Bled,(બ્લેડ્)*Imp. & pp.* of**bleed**.

Bleed,(બ્લીડ્)*vi.* To loose blood:લોહી નિકળવું. -વહેવું.2. To die a violent death:કપાઈ મરવું; કમોતે મરવું;અકાળ મૃત્યુ થવું.3.To lose sap,gum, or juice:રસ ઝરવો-નિકળવો.

Blemish,(બ્લેમિશ્) *vt.* To injure or impair what is excellent:ખોડ-એબ-ખામી આણવી;બેડોળ-કુરૂપ ક૦.2.To tarnish; to defame:ફજેતી ક૦;ગેરઆબરૂ ક૦; બટ્ટો લગાડવો *n* Any mark of deformity:ખામી;ખોડ;એબ;દોષ;ખાંપણ.2.Taint; disgrace:બટ્ટો;કલંક;અપયશ; લાંન્છન.

Blench,(બ્લેન્શ્) *vi* To shrink; to give way: પાછા હઠવું;હઠીજવું.*vt.*To baffle:નિષ્ફળ ક૦;હરાવવું.

Blend,(બ્લેન્ડ્)*vt.*To mix or mingle together; to confound:સેળભેળ ક૦-થવું; મિશ્ર ક૦; મેળવવું. *vi.* To be mixed:મળી જવું;એકઠું થવું.

Bless,(બ્લેસ્) *vt* To make happy; to confer prosperity upon: સુખી-આબાદ ક૦;-નું કલ્યાણ-કુશળ-મંગળ-સારૂં ક૦.2.To invoke a blessing: આશીર્વાદ દેવો; દુવા માગવી;આશીર્વચન ક૦. 3. To praise;to glorify:સ્તુતિ-વખાણ ક૦.

Blessed,(બ્લેસેડ્) } *a.*Happy;highly favoured:સુખી;કુશળ;કૃતકૃત્ય;કૃતાર્થ.
Blest, (બ્લેસ્ટ્) } 2.Imparting bliss:સુખદ;સુખરૂપ.3 Enjoying spiritual happiness: સ્વર્ગસુખી; સ્વર્ગીય. 4. Heavenly:તેજસ્વી; દીવ્ય.

Blessedness,(બ્લેસેડ્નેસ્)*n.* Happiness;felicity:સુખ;કલ્યાણ;કૃતકૃત્યતા;ઇશ્વર કૃપાનો અનુભવ.

Blessing. (બ્લેસિન્ગ્) *n.* A means of happiness:સુખસાધન;લાભ.2.Benediction:આશીર્વાદ-વચન;વરદાન: દુવા. 3. A gift accompanied with kind wishes:પ્રસાદ;બક્ષીસ.

Blight,(બ્લાઈટ્)*vt* To blast:કરમાવી નાંખવું;બાળી નાંખવું (tree):નિષ્ફળ ક૦; ભંગ ક૦. (hopes).*n.* Mildew:છારી;છોડનો કોઇપણ જાતનો રોગ;રાળો. 2. A plant louse:છોડને નાશ કરનાર કીડો. *vi.* To injure,as by a blight:કરમાવું;બળીજવું.

Blind,(બ્લાઇન્ડ્)*a.*Destitute of the sense of seeing:આંધળું; અંધ. 2. Unable to judge; ignorant:અજાણ્યું; હૈયાફુટું; અજ્ઞાન. 3. Morally depraved:વિવેકશૂન્ય-હીન.4.Closed:બંધ;અંધેર. 5.Indiscriminating;inconsiderate:અવિચારી;બેપરવા *vt.*To make blind: આંધળું ક૦ 2.To darken;to conceal:કાળુ-ઝાંખુ ક૦; ઢાંકી દેવું.*n.* Screen; cover: પડદો; ચક. 2.Something to mislead the eye or the understanding: અંધારપિછોડો; આંધળાપાટા;નજરબંધી; અંધારી.

Blindfold, (બ્લાઇન્ડ્ફોલ્ડ્)*a.*Having the eyes covered: આંખે પાટો બાંધ્યો હોય તેવું; ભુલાવામાં પડેલું.2.Having the mental eye darkened: હૈયાફુટું; મનનું આંધળું. *vt.* To cover the eyes of:આંખે પાટો-બાંધવો; અંધારી બાંધવી.

Blindly,(બ્લાઈન્ડ્લિ)*adv.* Without sight or understanding:આંખ મીંચીને;વગરવિચારે;આંધળીયાં કરીને; કારણ જાણ્યા વિના: વિવેકવગર.

Blind-man's-buff,(બ્લાન્ડ્-મેન્સ્-બફ્)*n.*A play in which one person is blind-folded, & hunts out the rest:સંતાકુકડી;દાઈનોધોડો.

Blindness, (બ્લાઇન્ડ્નેસ્) *n.* State of being blind:અંધાપો; અંધત્વ. 2 Ignorance: અજ્ઞાન; અવિવેક;અવિચાર;અજાણપણું.

Blink,(બ્લિન્ક્)*vi* To twinkle with the eye: વારે વારે આંખ મીંચવી ને ઉઘાડવી.2.To glimmer (as a lamp):ઝાંખુ તેજ આપવું-બળવું.*vt.*To avoid: ઉડાવવું: ટાળી દેવું.*n.*Glimpse or glance:કટાક્ષ; ઝાંખી.2 Glimmering light:આભાસ;ઝાંખીરોશની.

Blinkard,(બ્લિન્કાર્ડ્)*n.* One who has bad eyes:ચુંચળી આંખનો માણસ;ચુંચળો.

Bliss, (બ્લિસ્)*n.* Blessedness; heavenly joy: પરમસુખ;અત્યાનંદ;સુખાવસ્થા;પરમાનંદ.

Blissful, (બ્લિસ્ફુલ્)*a* Full of joy & felicity: પરમ સુખનું;સુખાવહ; પરમસુખમય.

Blister, (બ્લિસ્ટર)*n.*A thin bladder on the skin:ફોલ્લો;ઝળેલો.2.Vesicatory:ફોલ્લો ઉઠાડવા મારેલી પટી;પલાસ્તર.*vi*To rise in blisters:ફોલ્લા ઉઠવા.*vt.*To raise blisters upon:ફોલ્લા ઉઠાડવા.

Blithesome, (બ્લાઇધ-સમ્) *a.* Gay; merry;

cheerful:આનંદી; મોજી; હસમુખું; ઉલ્લાસી;ખુશમિજાજ.

Block,(બ્લૉક્)*n*.A solid mass of wood,stone, &c.:ગચ્છિયું:ઢીમચું:ગટ્ઠો 2.The wooden mold on which hats &c are shaped: ટોપી વીગેરે બનાવવાનું લાકડાનું માથું.3.A connected row of buldings:ઘરોનીહાર-આળ;ચાલ;ચાલી.4.A hinderance:obstacle:નડતર. અડચણ; ખલેલ; હરકત.5 A blo k-head: ઠોઠ; શંખ; પથરો; ઢટ્ટો. *vt*. To hinder egress or passage;to stop:બંધ ક૦; રોકવું. (followed by *up*). 2. To secure or support by means of block:ઢીમચાથી ટેકવવું.

Blockade,(બ્લૉકેડ્)*n*.The shutting up of a place:ઘેરો;નાકાબંધી.*vt*.To shut up:ઘેરો ઘાલવો.

Block head, (બ્લૉક્ હેડ્) *n*.A stupid fellow;a dolt:ઠોઠ-મૂર્ખ-પુરૂષ:શંખ;પથરો.

Blockish (બ્લૉકિશ્)*a*.Stupid:મૂરખ;અનાડી.

Blonde, (બ્લૉન્ડ્) *n*. A person of very fair complexion:ગોરૂં માણસ.*a*.Fair:ગોરૂ;ગબરૂ.

Blood,(બ્લડ્)*n*.The fluid which circulates through veins of body:લોહી;રૂધિર;રક્ત.2. Consanguinity:સગપણ;સગાઇ;તુખમ;લોહી. 3. Honorable birth;royal lineage:કુલીનતા;વર્ણશ્રેષ્ઠતા;ખાનદાની; ઉંચું કુળ; રાજ્યવંશ.4. Murder; shedding of blood:ખુન;ઝપાઝપી 5.A man of fire; rake:રંડીબાજ; કામી.*vt*.To bleed:લોહી કાઢવું. 2. To stain with blood:લોહીવાળું કરવું. 3.To inure to blood(as a hound):લોહી ચખાડવું–ટેવવવું.*vi*.To bleed:લોહી નિકળવું.

Blood-heat,(બ્લડ્-હીટ્)*n*.Heat equal to the temperature of blood:લોહી જેટલી ગરમી.

Blood-horse, (બ્લડ્-હાર્સ્)*n*.A horse whose lineage is derived from purest origin:ઉંચા તુખમનો ઘોડો.

Blood-hound, (બ્લડ્-હાઉન્ડ્)*n*. A variety of dogs remarkable for acuteness of its smell:એક જાતનો શિકારી કુતરો.

Blood-less,(બ્લડ્લેસ્)*a*.Without blood:dead: લોહી વગરનું :મુએલું 2.Without slaughter:ખુનરેજી વગરનું 3.Without spirit:દમવગરનું ;નિર્જીવ.

Blood shed,(બ્લડ્ શેડ્)*n*.Slaughter;waste of life:કતલ; કાપાકાપી; ખુનરેજી.

Blood-shot,(બ્લડ્-શૉટ્)*a*.Inflamed by turgid state of the blood vessels:લાલચોળ.

Blood-thirsty, (બ્લડ્ થર્સ્ટિ) *a*. Desirous to shed blood:લોહીનું તરસ્યું;ખુની:હિંસક.

Blood vessel,(બ્લડ્-વેસ્સેલ્)*n*.A vein:નસ;રગ.

Bloody, (બ્લડિ)*a*.Stained with or containing blood:લોહીલોહાણ.2. Murderous: ઘાતકી; કુર:ખુની;હત્યારૂં.3 Attended with blood-shed: ખુનરેજીનું; કાપાકાપી થઇ હોય તેવું. *vt*. To stain with blood:લોહીલોહાણ ક૦.

Bloom,(બ્લૂમ્)*n*.A blossom;the flower of a plant:મોર:ફુલ.2.Flowers open or in a state of blossoming:વિકાસ;ખીલેલાં ફુલ.3.A state of development into beauty, vigour, &c.:જોબન;નવયૌવન;ભરજોબન.*vi*To yield flowers:મોર આવવો; ખીલવું; ફુલ બેસવાં 2. To show beauty & freshess,as of flowers:જોબનમાં આવવું;ખિલવું.

Blooming,(બ્લૂમિન્ગ્)*a* Flowering:ખીલતું. 2. Thriving in health,beauty & vigour:ભરજુવાનીવાળું.

Blossom,(બ્લૉસૅામ્)*n*.The flower of a plant: ફુલ;મોર:પલ્લવ;પુષ્પ.*vi*.To bloom:ફુલ લાગવાં;મોર આવવો 2 To flourish & prosper:ખીલવું;ફુલવું ફુલવું.

Blot,(બ્લૉટ્)*vt*.To spot;to stain,as with ink: ડાઘો-ડપકો પાડવો.(શાહીનો)2.To tarnish;to disgrace:બટ્ટો-ડાઘ-એબ-લાંચ્છન લગાડવું.3 (*out*) To obliterate:છેકી–ચેરી-ભૂસી નાંખવું;ચેરવું;છેકવું.4. (*out*)To efface;to destroy:ભુસી નાંખવું;મનમાંથી કાઢી નાંખવું; માફ ક૦.*n*. A spot or stain(of ink):ડાઘો;છાંટો; ડપકો.2. An obliteration of something written:છેકી-ચેરી નાંખવું તે;વિસમરણ. 3. A disgrace; blemish:લાંછન; ડાઘ; બદનામી; કલંક; બટ્ટો; એબ.

Blotting-paper,(બ્લૉટિન્ગ્પેપર્)*n*.A kind of paper which serves to imbibe wet ink: સાહીચુસ કાગળ.

Blow,(બ્લૉ) *n*. A stroke with the fist or an instrument:મુકકી;લપડાક;ઘોલ;ધપ્પો;ઠોંસો;તમાચો;સપાટો; ઝટકો; પ્રહાર; ફટકો. 2. A sudden or severe calamity:વિપત્તિ;આફત; ગજબ;ધક્કો:ધોક્કો.3.A violent wind;gale:પવનનો ઝપાટો-તોફાન-લહેર.*At a* **b**.,suddenly:એક તડાકે;પહેલી વખત.

Blow,(બ્લૉ) *vi*. To produce a current of air with the mouth:ફુંક મારવી:ફુકવું 2.To move, as air:વાવું;આવવું.3.To pant;to puff:હાંફવું 4 To sound as(a horn):વાગવું. 5. To boast;to brag:ફુલાઈજવું;ગર્વ ક૦ *To* **b**.*out*:ભુંડું બોલવું.*To* **b**. *over*:વિખરાઈ જવું; થઈ-જતું રહેવું. *To* **b**. *up*: ઉડવું;સુરંગથી કકડેકકડા થઈ જઇને ઉડવું.*vt*.To throw a current of air upon with the mouth or by other means:ફુંકવું; ફુંક મારવી; વા નાંખવો. 2.To impel:ઘસડી જવું;ખેંચાઇ જવું.3.To sound વગાડવું:ફુંકવું.4.To publish;to betray:ખુલ્લું ક૦; 5.To deposit, as eggs by flies:આસન મુકવું. 6.To form by inflation;to blow through: પરપોટા ક૦.*To* **b**.*hot* & *cold*:બંન્ને બાજુની ઢોલકી બજાવવી.*To* **b** *off*,to let off:કાઢવી;જવા દેવી;-થી ખસેડાઈ જવું-ખરી પડવું.

Blow-pipe,(બ્લૉપાઈપ્)*n*. A tube for driving a current of air through a flame: ભુંગળી.

Blowth, (બ્લૉથ્) *n*. Bloom or blossoms in general:ફુલ;મોહોર. 2. State of blossoming:

ફુલાવો. [woman:ભારેરાતા મ્હોં વાળી બૈરી.
Blowze, (બ્લાઉઝ્) *n.* A ruddy fat-faced
Bludgeon,(બ્લડ્જન્) *n.* A short stick with one end loaded or thick:ડાંગ;ડંગોરો;ગદા.
Blue, (બ્લ્યૂ) *n.* A color of the clear sky or one resembling it: વાદળી-નીલો-આશમાની રંગ. 2.(*pl*)Low spirits:ખિન્નતા;ઉદ્વેગ; દિલગીરી;ઉદાસી;શોક.*a.*Of the color called b.:વાદળી-આશમાની રંગનું. 2. Melancholy: ઉદાસી; ખેદયુક્ત; શોકાતુર.
Blue-stocking,(બ્લૂ-સ્ટૉકિન્ગ્) *n,* A literary lady;a female pedant: પાંડિત્ય ધરાવનારી સ્ત્રી.
Blue-vitriol,(બ્લૂ-વિટ્રિઑલ્) *n.* Sulphate of copper:મોરથુથુ. [નીલાશ પડતું.
Bluish,(બ્લ્યૂઇશ્)*a.* Blue in a small degree:
Blunder, (બ્લન્ડર્) *vi.* To mistake grossly; to stumble:મોટી ભૂલ ખાવી; ઠોકર ખાવી. *n.* A gross mistake:મોટી ભૂલ-ચૂક-ગોથું;સ્ખલન.
Blunder-head,(બ્લન્ડર્હેડ્) *n.* A stupid fellow;one who blunders: બેવકુફ;મૂર્ખ.
Blunt, (બ્લન્ટ્) *a.* Having a thick edge or point,as an instrument:બુઠ્ઠું હથિયાર. 2 Dull in understanding:જડ;ઠોઠ;બોથડ.3. Abrupt in address: અસભ્ય; તોછડું. *vt.* To dull the edge or point of:બુઠ્ઠું કo;ધાર ખાંડી કo.2. To weaken-ની અસર ઓછી કo;-નું જોર દબાવવું.
Bluntness,(બ્લન્ટ્નેસ્)*n.*Want of point:બુઠ્ઠાપણું.2.Coarseness of address:અસભ્યતા.
Blur,(બ્લર્)*n.*A stain;a blot:ડાઘો;ડાઘ;ડપકો.2. A dim appearance:ઝાંખ;અંધાધુંધી.3 A blot, stain or injury:બટ્ટો; લાંચ્છન; એબ; કલંક;દૂષણ. *vt.*To obscure by a dark spot:ડાઘ-ડપકો પ-ડવો.2.To dim:ઝાંખું કo.3.To sully;to blemish: કલંક-એબ-લાંછન લગાડવું કલંકિત કo.
Blurt, (બ્લર્ટ્) *vt.* To utter suddenly: ઉતાવળ કરી બોલવું; લપલપ કo; બડકાવવું. *To* b. *at,* to revile; to ridicule:ધિક્કારવું;તિરસ્કાર કo.
Blush,(બ્લશ્)*vi.*To grow red:રાતું થવું;રાતા રંગથી દીપવું;ખિલવું.2. To redden in the cheeks or face: શરમાવું; ફિકુ-ઝાંખું પડવું; લજવાઈ-શરમાઇ જવું;મ્હોંએ શેરડા પડીજવા; શરમ-લાજ લાગવી *n.* A red colour; a rosy tint:રતાશ; લાલી; રાતો રંગ.2.Red color of the cheeks or face:શરમથી થએલી મોંપરની લાલાશ-ગુલાબી;શેરડો.3.Sudden appearance; view:પહેલોજ દેખાવ; પ્રથમ દર્શન.
Blushing, (બ્લશિન્ગ્) *pa.* Showing blushes; blooming: શરમાળ; ખીલતુ. *n.* :Appearance of reddish color upon cheeks:શરમ; લાલાઇ.
Bluster,(બ્લસ્ટર્) *vi.* To be windy & boisterous:જોરમાં વાવું.(પવન). 2. To swagger:પતરાજી બડાઈ-ફુલ કo-મારવી;ફુલાઇ જવું.*vt.* To utter with noisy violence:ગરાડાપાડી-મ્હોટેથી બોલવું.*n* Fitful noise & violence:સુસવાટો;ઝપાટો. 2. Noisy & violent talk:પતરાજ;બડાઇ;શેખી.
Boa-constrictor, (બોઆ-કૉન્સ્ટ્રિક્ટર્) *n.* [L. *con* & *stringo*,I strain.]A large & powerful serpent:અજગર.
Boar,(બોર્)*n.* The wild hog:ડુક્કર;ભુંડ; સુવર.
Board,(બોર્ડ્) *n.* A plank: પાટિયું; ફલક. 2. A table to put food upon:ખાણું પીરસવાનું ટેબલ -મેજ.3.Food;provision:ખાણું;જમણ;સુખડી.4. A council:સભા;મંડળી 5 The deck or interior of a ship:વહાણનું સુકાનનો અંદરનો ભાગ.6. The side of a ship:વહાણનું પડખું-બાજુ.7.A table or frame for a game:બાજી;પાટીયું.8 A pasteboard:પુંઠાનો જાડો કાગળ *vt.* To cover with boards:પાટીયાં જડવાં.2.To furnish with food for compensation:પૈસા લેઇ ભોજન કરાવવું-ખાવાનું પુરૂં પાડવું. *vi.*To obtain food or diet for compensation:પૈસા આપી ખાવું પીવું.
Boarding-house, (બોર્ડિન્ગ્-હાઉસ્) *n.* A house in which borders are kept:વીશી.
Boarding-school,(બોર્ડિન્ગ્-સ્કૂલ્)*n.*A school in which scholars receive board & lodging as well as instruction: વિદ્યાર્થીઓ માટે ખાવા અને સુવા બેસવાનુંપણ હોય તેવી શાળા. નિર્દય;ક્રુર.
Boarish, (બોરિશ્) *a* Brutal; cruel: ઘાતકી;
Boast, (બોસ્ટ્) *vi.* To brag one's self:શેખી-પતરાજ-બડાઈ મારવી;ફુલાવું;ગર્વકo.*vt.*To display ostentatiously:શેખી-બડાઇ-ગર્વકo. 2 To dress,as a stone, with a board chisel:પથ્થર ઉ-તારવો-છોલવો 3. To shape roughly:ડોળીયું કo. *n.* A vaunting:પતરાજ;બડાઈ-શેખી; ફુલાસ;ગર્વ.
Boastful,(બોસ્ટ્ફુલ્) *a.* Given to boasting: પતરાજખોર;બડાઇ હાંકનાર;ફુલણજી.
Boasting,(બોસ્ટિન્ગ્) *n.* Glorifying; vaunting:અહંકાર;બડાઈ;ગર્વ; ફિસીયારી; શેખી; ફુલાસ.
Boat,(બોટ્)*n.*A small open vessel:હોડી;મછવો; નાવ.*vt.*To transport in a boat:હોડીએ ચઢાવવું-થી લેઇ જવું.*vi.*To go in a boat:હોડીમાં બેસી જવું.
Boatsman, (બોટસ્મેન્) *n.* The rower of a boat:હોડીવાળો;ખારવો;ખલાસી.
Boatswain, (બોટ્સ્વૅન્) *n.* An officer who has charge of a boat, sails, &c.: વહાણનો મુખ્ય ટંડેલ;સરંગ.
Bob,(બૉબ્)*n.*A pendant:લોલક;મણુકો;ઝુમખો.2. A knot of rags used in angling:માછલી પકડવા રાખેલુ ચીંથરાનું ઝુમખું. 3. The ball of a pendulum:(ઘડીઆળના) લોલકનો ઓળ-ભારે ભાગ. 4.A short jerking action:ઝોલો.5. A blow; a shake or jog: સહજ ધક્કો; અડસેલો. *vt* To move in a short jerking manner: હલાવવું; ધુણાવવું.2.To strike with a light blow:ધક્કો-

ઠોંસો મારવો.3. To cheat:ઠગવું; છેતરવું. *vi.* To play loosely:ઝુલવું;લટકવું.2. To angle with a bob:લોલકથી માછલી પકડવી.

Bobbin,(બૉબિન્)*n.* [L.*bomby*,a silk-worm.] A spool:સુતર વિંટાળવાની ફિરકી-ફિરકડી;બાબીન.

Bode,(બૉડ્)*vt.*& *vi.*To portend; to presage: પૂર્વ-સૂચન-દર્શન કo;અગાઉથી સૂચવવું-જણાવવું.

Bodement,(બૉડ્-મેન્ટ્) *n.* Omen;portent:શુકન;ભાવીચિન્હ;પૂર્વસૂચન-દર્શન.

Boding,(બોડિંગ્) *p.a.* Foreshowing:અગાઉથી સૂચના આપવું;સૂચક.*n.*An omen;a prognostic: શુકન;ભાવિ ચિન્હ;ભવિષ્ય;સૂચના.

Boddice,(બૉડિસ્) *n.* A corset; stays: ચોળી; સ્ત્રીઓનો કબજો-બદન;કાંચળી;કંચુકી. [નિરાકાર.

Bodiless,(બૉડિલેસ્) *a.* Incorporeal: વિદેહી;

Bodily,(બૉડિલિ)*a.*Having a body;corporeal: શરિર-દેહવાળું;શરીરમત;દૈહિક;કાયિક;શારીરિક;સાંગ. *ad.*દેહ-શરીરસહિત.2. Entirely:-બધું;તદ્દન.

Bodkin, (બૉડ્કિન્) *n.* An instrument for making holes:કાણું પાડવાની મ્હોટી સોય-સોયો. A sharp tool for picking out letters in making corrections:પ્રુફ સુધારતાં અક્ષર ખેંચવા મુકવાનો ચીપીઓ;પીન્ચીસ.3 A species of rich cloth of silk & gold:કીનખાબ;રૂપેરો.

Body,(બૉડિ) *n.* The frame of an animal:શરીર;અંગ;તન; કાયા;દેહ. 2. The main parts of an animal, tree,army,&c.:ધડ;મુખ્યભાગ;થડ. 3.A person:human body:માણસ;જણ. 4 A corporation:સમૂહ;સભા;મંડળ;સમાજ 5 (*a*) A united mass;general collection:કોડ;સંગ્રહ; સંહિતા.(*b*)Troop: સેના;દળ;લશ્કર;ફોજ. 6 Any substance distinct from others:પદાર્થ;વસ્તુ.7. Consistency; thickness: ઘટ્ટપણું; જાડાશ 9. Characteristic quality; strength:કસ;માલ; જીવ;સત્વ;દમ;પોત;વાણોતાણો.

Body-guard,(બૉડિગાર્ડ્) *n.* A guard to protect the person:અંગ-પ્રાણરક્ષક;હજુરી;પરિચારગણ.

Bog,(બૉગ્)*n.*A marsh;a morass:પોચી ધાસવાળી જમીન;પંક.*vt* To whelm in mud:કળી જવું.

Boggle,(બૉગલ્)*vi* To stop or hesitate as if in doubt:ખંચાવું;વિચાર-સંદેહમાં પડવું;આનાકાની. કo *vt.*To embarass with difficulties:ગુંચવવું; ગભરાવવું;બિવડાવવું. [ઘાસવાળું.

Boggy, (બૉગિ) *a.* Swampy: કળાય તેવું પોચું;

Bogey, (બૉગે)
Bogy, (બૉગિ) *n.*A bug bear;a specter
Bogle, (બૉગલ્) બડાક;ધોધર;ભૂત.
Boggle, (બૉગલ્)

Boil (બૉઇલ્)*vi.* [L. *bullio*, I bubble up.] To bubble:ઉકળવું;ખદબદવું;ઉનું થવું.2.To be similarly agitated by any other cause:ઉછળવું;તળેઉપર થવું.3.To be excited:ઉકળવું;તપીજવું;ઉશ્કેરાઇ જવું;ચડવું;રંધાવું;બફાવું.*vt.*To cause to be agitated by the application of heat:ઉકાળવું;ઉનું કરવું; ખદખદાવવું. 2. To form by boiling or evaporation:ઉકાળી-બાળીને બનાવવું.3.To subject to the action of heat:બાફવું;ઉકાળવું;રાંધવું.

Boil,(બૉઇલ્)*n.*A hard,painful tumor which discharges pus mixed with blood:ગુમડું;ગડ.

Boiler,(બૉઇલર્)*n.*One who boils:રાંધનાર.2.A vessel in which anything is boiled:કડાઇ-યું;ડેઘ;ચરૂ;દેગડો.3.A strong metallic vessel in which steam is generated:બોઇલર.

Boisterous,(બૉઇસ્ટરસ્)*a.* Violent; roaring: જબરો;પ્રચંડ;સુસવાટાભેર વાતો (પવન).2. Noisy; turbulent;rough:ગરબડીયું;ધાંધળ.યું;તોફાની.

Bold,(બૉલ્ડ)*a.*Daring;intrepid;courageous: હિંમતવાન;સાહસિક; છાતીચલું; જવાંમર્દ.2. Rude; impudent:ઉદ્ધત;નિર્લજ;તોછડું;બેઅદબ.3 Somewhat overstepping usual bounds:અમર્યાદ; નિર્લજ.4 Striking to the eye:વિસ્મોત્પાદક;ખુલ્લુ.

Bolden,(બૉલ્ડન્) *vt* To make bold;to give confidence:હિમ્મત આપવી-મળવી; ખાતરીકo.

Bold-faced,(બૉલ્ડ-ફેસ્ડ્)*a.*Impudent:બેશરમું; નિર્લજ;ઉદ્ધત;તોછડું;બેઅદબ.

Boldness,(બૉલ્ડનેસ્)*n.* Courage:હિમ્મત; છાતી; શૂર;શૌર્ય 2.Rudeness, impudence: અવિનય; અમર્યાદા;ઉદ્ધતાઈ;તોછડાઇ;ઉદ્ધતપણું.

Bolster,(બૉલ્સ્ટર્)*a.*A long pillow or cushion: ઓસીકું.2. A pad or quilt:ગાદી; તકીયો. 3. A cushioned or padded part of a saddle:ખોગીર 4. The principal cross beam of a cartruck: માદળીયું; ગાડીનો ભાર ઝીલતો આડો ભારવટીયો.*vt* To support with a bolster:નીચે તકિયો મુકવો;ઓસીકે મુકવું;-નો ટેકોઆપવો.*vi.* To lie together on the same bolster:એક ઓસીકે સાથે સુવું.

Bolt,(બૉલ્ટ્)An arrow;dart:બાણ;ભાલો;તીર.2.A strong pin of any material to fasten a door આગળી;ભુંગળ;સાંકળ;આડ.3.A thunder-bolt;a stream of lightening:વજ્ર;વિજળીનો ચમકારો-ઝબુકો.4.A shackle:બેડી.*vt* To fasten with a bolt:સાંકળ-આગળી ભુંગળ દેવી.2 To fasten;to restain:બાંધવું; અટકાવવું; પુરવું. 3. To utter or throw out:ફેંકવું: ઉતાવળુ-ઓચિંતું-ઝડપથી બહાર નિકળવું 4.To swallow without chewing:ચાવ્યાવિના ઉતારવું-ગળી જવું.

Bolt,(બૉલ્ટ્)*vt.*To sift with a bolster or other means:ચારણી કે બીજા સાધનથી ચાળવું-સાફ કo.2. (*out*)To examine,as by sifting:ધ્યાન દઇ તપાસીને જોવું 3.To start or cause to spring forth: ભડકાવું; ચમકાવું; બહાર કાઢવું. *vi.* To spring or move abruptly:ઝડપથી-ઓચિન્તુ બહાર નિકળવું-આવવું 2.To fall suddenly:ઓચિન્તુ પડવું-અફળાવું.

Bolter,(બૉલ્ટર્)*n.*One who bolts:ઓચિન્તો-અ-

ચણુચ ચાલ્યો જનાર;ભડકેલ ઘોડો.2. An instrument for separating bran from flour:ચાળણી

Bolus,(બૉલસ્)*n.* (L. *bolus*, morse.] A large pill:મ્હોટી ગોળી.2.A variety of clay:માટી.

Bomb,(બમ્)*n.*[L *bombus*, Gr bombos, deep sound.](*Mil.*)A hollow ball or shell of cast iron filled with explosive materials(now called shells): છરાનો ગોળો; ગરભછાંટ. 2. The stroke upon a bell:ટકોરો;રણકો.

Bombard,(બમ્બાંર્ડ્)*vt* [L.*bombus.*]To attack with bombs:છરાના ગોળાનો માર ચલાવવો.

Bombardier, (બમ્બાંડીર્) *n.* An artillery man:ગોલંદાજ.

Bombardment,(બમ્બાંર્ડમેન્ટ્)*n.* An attack with bombs:ગરલ છાંટના મારનો હુમલો.

Bombast,(બમ્બાસ્ટ્)*n.* (*Fig.*) High-sounded words;an inflated style:ભભકાદાર ભાષણ.

Bombastic,(બમ્બાંસ્ટિક્)*a.* High sounding: ભભકાદાર-અર્થ રહિત (ભાષણ);ડોળવાળું;ડોળી.

Bombyx,(બૉમ્બિક્સ્) *n.* [L.] A silk-worm:રેશમનો કીડો.

Bond,(બૉન્ડ્)*n.*A band;ligament:બંધ;દોરી;સાંકળ.2.(*pl.*)Captivity;chain: કેદ; બેડી; શૃંખલા. 3.A binding force or influence;a uniting tie:સંબંધ;સંયોગ;ગાંઠ.4.A moral obligation: ફરજ;બંધન.5.(*Law*)A deed:ખત;લેખ. *vt.* To give bond for:ખત-દસ્તાવેજ લખી આપવો.

Bondage,(બૉન્ડેજ્)*n.* Slavery; captivity:કેદ; ગુલામગીરી;દાસત્વ.2.Obligation: બંધન;ફરજ.3. Villenage:ખીજમત-ચાકરી-માટે આપેલી જમીન.

Bondmaid,(બૉન્ડ્મેંડ્)*n.* A female-slave:દાસી;લોંડી;ગુલામડી.

Bondman,(બૉન્ડ-મૅન્)*n.*A man-slave or one bound to serve without wages:ગુલામ; દાસ. 2.A tenant in villenage:ખાડુતી;હુંડો.

Bondsman,(બૉન્ડ્સ્મૅન્)*n.*A surety:હામીદાર.

Bone,(બૉન્)*n.*A hard,white substance composing firmer part of animal body: હાડકું; અસ્થિ.*A* **b.***of contention*:તકરારનો વિષય;વિવાદ વિષય. *To be upon the* **b.** s: હુમલો કo. *To make no* **b.** s:અંદેશો-શંકા-સંશય નાહ લાવવો; -ને વાર નહિ લાગવી-લગાડવી. *To pick a* **b.** *with any one*:તકરાર કo.*vt.*To take out bones from the flesh:માંસમાંથી હાડકાં વીણી કાઢવાં.

Boned,(બૉન્ડ્) *a.* Having bones:હાડકાવાળું.

Bonelace,(બૉન્લેસ)*n.*A lace made of linen thread:શણની ફીત.

Bonfire,(બૉન્ફાઇર્)*n.*[Fr.*bon*, good & fire] A fire made in token of public joy or amusement:લૌકિક આનંદ-જયસૂચક અગ્નિ.

Bonnet,(બૉન્નેટ્)*n.*A covering for the head for females: સ્ત્રીઓની ટોપી. 2. An elevated part of a parapet:કોટનો ઉંચો ભાગ.

Bonny,(બૉનિ)*a.*[Fr.*bon*,good.] Handsome; beautiful:સુંદર;ફુટડું;રૂપાળું.2.Gay; cheerful: આનંદી;ગમતી;ખુશમિજાજી. 3.Plump; well-formed:ગોળમટોળ;ભરેલું; તાજું; હૃષ્ટપુષ્ટ.

Bonus,(બૉનસ્)*n.*[L.]A premium for a loan: વ્યાજ;મંડામણ.2.An extra dividend paid to shareholders:વ્યાજ ઉપરાંત નફામાંથી ભાગીદારોને અપાતા પૈસા.3.A sum paid to a company's servants in addition to pay:સુખડી.

Bony,(બૉનિ) *a.* Of bones;full of,or pertaining to,bones:હાડકાનું-વાળું-સંબંધિ.2.Stout; strong:મજબૂત:જબરૂ;લઠ્ઠ;જોરાવર.

Booby,(બૂબિ)*n* A kind of fowl:એકજાતનું પક્ષી. 2.A dunce;a bubber:જડ-ઠોઠ-મૂરખ પુરૂષ.

Book,(બુક્)*n.*A collection of blank,written or printed papers bound to-gether:પુસ્તક; પોથી;ગ્રંથ;કિતાબ;ચોપડી.2.A part of a treatise of literary work:ખંડ; ભાગ;બાબ; અધ્યાય. 3. Volume of sheets in which accounts are kept:શરાફી નામાનો ચોપડો;વહી.*In the* **b.** s *of*: in favour with:માનીતું;વહાલું.*vt.* To enter or write in a book:નોંધવું;લખી રાખવું;ચઢાવવું.

Book-binder, (બુક્બાઈન્ડર્) *n.* One whose occupation is to books:ચોપડી બાંધનાર.

Book-binding,(બુક્બાઇન્ડિંગ્) *n.* The art or practice of binding:ચોપડી બાંધવાનો હિંસબ.

Bookish,(બુકિશ્)*a.* Fond of study; learned from books:વિદ્યાવ્યસની;વાંચવાનો શોખીન;વેદિયું.

Book-keeper, (બુકીપર્)*n.* One who keeps accounts:હિસાબી કારકુન; મહેતો.

Book-keeping,(બુકીપિંગ્)*n.*The art of keeping accounts:નામુ લખવાની કળા;રીત; નામુંઠામું.

Book-worm,(બુક્વર્મ્)*n.*A worm that eats holes in books:આંતરી; ઉધાઈ. 2. A student closely attached to study;a reader without appreciation:પુસ્તકવ્યસની;બુજ ત્રણ્યા વિના ફક્ત વાંચવામાં આસક્ત હોય તે; વિદ્યાવ્યસની.

Boom, (બૂમ્) *n.* A long pole for extending bottom of sails:શઢ નીચેની કાઠી.2 A post set up for the guidance of seamen:સમુદ્રમાં થોડું પાણી હોય ત્યાં નિશાની તરીકે રોપેલી કાઠી.5.A hollow roar:ધુધવાટો; સુસવાટો;ગર્જના. *vt.* To cry with a hollow note: જાડા સ્વરથી બોલવું; ધાંટો પાડવો. 2. To make a hollow sound as of waves or cannon:ધુધવાટો-ગર્જના કo.

Boon,(બૂન્) *n.* [L. *bonus*, good.] A gift; a present:બક્ષિસ;દાન;પ્રસાદ.2.A request:પ્રાર્થના; અરજી;આજીજી.*a.*Merry;jovial:આનંદી;રંગેલું;ગમતી.2. Kind; bountiful:દયાળુ;ઉદાર.

Boor,(બૂર્) *n.* A rustic; a clown: ગામડિયો;ગમાર;રોચો. [ભણુ;ગામડિયું;જંગલી શનઠું.

Boorish,(બૂરિશ્) *a.* Awkward; illiterate: અ-
Boose-zo, (બૂઝ્) *vi.* To drink excessively: ખૂબ પીવું; છાકટું બનવું. [dled:છાકટો; દારૂડીયો.
Boosy-zy,(બૂઝી)*a.* A little intoxicated;fud-
Boot, (બૂટ્) *vt.* To profit: નફો-લાભ હોવો. *n.* Profit;gain:લાભ;નફો; ફાયદો. *To* **b** :વધારામાં.
Boot,(બૂટ્)*n.*[Gr.*butis*,flask.]A cover for the foot & leg, ordinarily of leather:ઘુંટી સુધી આવે એવા બૂટ-જોડા.2. An apron or leathern cover for a carriage:ગાડી ઉપર નાંખવાનો ઓઢો. *vt.*To put boots on: જોડા પહેરવા.
Booth,(બૂથ્) *n.* A house built temporarily of boards,boughs of trees &c.:છાપરૂ;માંડવો
Bootless,(બૂટ્લેસ્)*a.*Unavailing; useless:નિષ્ફળ;મિથ્યા;ફોકટ; વ્યર્થ;નિરર્થક;પોકલ;નકામુ;ખાલી.
Boot-tree,-last,(બૂટ-ટ્રી-લાસ્ટ્)*n.* An instrument to widen the legs of a boot:કાલબૂત.
Booty,(બૂટિ)*n.* Spoils taken in war;plunder:લૂંટ;લૂટફાટ.
Borax,(બૉરૅક્સ્) *n.* A salt formed by combination of boracic acid with soda:ટંકણખાર.
Border,(બૉર્ડર્)*n.*Margin;boundary:કોર;છેડો; કોરાણ;કાંઠો;સેડો; કિનારો;પાળ; સંજાપ;પાલવ;મગજી; સીમાડો;સરહદ *vi.*To be contiguous or adjacent:હદપર હોવું-આવવું. 2. To come near to: આવી પહોંચવું; લગભગ હોવું; મળતું આવવું. *vt.* To make a border for: કોર-મગજી મૂકવી 2. To reach to:સુધી પહોંચવું-આવવું-હદ હોવી.
Bore,(બૉર) *vt.* To pierce: સારવું; શાર-વે-કાણું પાડવું.2.To vex:હેરાન કo;પકવવું;પજવવું.3 To go through with difficulty:મહા મુશ્કેલીએ પસાર કo.*vi.*To pierce by boring:સારવું 2. To be pentrated:વે પડવો;શારાવુ.3.To push forward: આગળ ચાલ્યા કo. *n.* Hole made by boring, hence, cavity of a gun or other firearm: વેહ;કાણું;બાકું; શાર;ગ્હો;કાન; છિદ્ર; પોલાણ. 2 A person or thing that wearies by iteration: વારેવારે કહી-બહી કંટાળો ઉપજાવનાર-માથુ પકવનાર. (*fi*):ઉપાધિ; પીડા; જંજાળ; હાડખીલ.
Bore,(બૉર)*n.*A tidal flood:ભારે ભરતી-રેલ;ઘેડો.
Boreas, (બૉરીઍસ્) *n.* [L *boreas*, storm.] A cold northernly wind:ઓતરાતો ઠંડોપવન;ઉત્તરાણ.
Born,(બૉર્ન્)*pp.* of *Bear.* Brought into life; produced:જન્મેલું;અવતરેલું;ઉદ્ભૂત;પેદા થયેલું.
Borne,(બૉર્ન્)*pp.*of **Bear**.Carried; conveyed;supported:ખમેલું;લઇ ગયેલું.
Borough, (બરૌ) *n.* [L *burgus*, a city.] A corporate town;(in England)a town that sends members to Parliament:સનંદીયા ગામ.
Borrow,(બૉરૌ) *vt.* To take or receive from another on trust or credit:ઉછીનું લેવું વ્યાજે લેવું-કાઢવું.2.To appropriate;to assume: ઉતારી લેવું ધારણ કo;સ્વીકારવું; ગ્રહણ કo.3. To copy from the book of another author:બીજાના પુસ્તકમાંથી ઉતારી લેવું [folly:દમદમાટ;ખોટી વાત;મૂર્ખાઇ.
Bosh,(બૉશ્)*n* Mere show;hence, nonsense;
Bosom,(બૂઝમ્) *n.* The breast of human being:છાતી;વક્ષ;વક્ષસ્થળ.2.The seat of passions, affection,&c.:હૃદય;અંતકરણ;કાળજુ;મન;ચિત્ત.3. The interior:અભ્યંતર;ગર્ભ;પેટુ.4.The reservoir of secrets:મન;પેટ.5 Intimate;confidential: પ્રિય;વહાલું;દીલોજાન;તદબદન *vt* To inclose in the bosom;to cherish intimately:પેટ-મનમાં રાખી મૂકવું.2.To conceal:ઢાંકવું;સંતાડવું.
Boss,(બૉસ્)*n.*A stud;a knob:બુટ્ટો; બહાર પડતી ગાંઠ.2.A round,swelling body:ઉપસેલી ગોળાકૃતિ.3.A wooden vessel for the mortar:કેલ ભરવાનું વાસણ;તગારૂં.4.A wild ox:ગોધો; સાંઢ.
Botanic-al,(બૉટૅનિક્-કલ્) *a.* Relating to, or containing plants:વનસ્પતિ સંબંધિ-વિદ્યાનું; ઉદ્ભિજવિદ્યા વિષયક.
Botanist,(બૉટૅનિસ્ટ્)*n.* One skillen in botany:વનસ્પતિવિદ્યાવેત્તા;વનસ્પતિજ્ઞ.
Botany,(બૉટૅનિ)*n* [Gr.*botane*,fodder.] The science which treats of the structure,&c of plants:વનસ્પતિવિદ્યા,ઉદ્ભિજવિદ્યા.
Botch,(બૉચ્)*n.*A swelling on the skin:ગોડ; ફોલ્લો; ગડ; ગુમડું. 2. A patch of a garment mended in a clumsy manner:બેડોળ થિંગડું. 3.Clumsy performance:બેડોળ-ઢંગ ધડા વિનાનું કામ.*vt* To mend with a needle in a clumsy manner:બેડોળ થિંગડુ દેવું.2.To mend or repair awkwardly:કઢંગી રીતે સુધારવું;લોચો વાળવો.
Botchy,(બૉચી)*a.*Full of botches:ડાઘવાળું.
Both, (બૉથ્) *a* & *pron* [L. *ambo*, both.] The two;the pair:બન્ને,બેય;ઉભય.
Bother,(બૉધર્) *vt.* To tease or perplex:માથું પકવવું-દુઃખવવું;કાયર કo; પજવવું; પીડવું.
Bottle, (બૉટલ્) *n.* A hollow vessel of any material with a narrow mouth for holding liquids:સીસો બાટલી;કુપ્પી;કુંડી;કુલ્લી *A* **b** *of hay*, a bundle of hay:ઘાસની પુળી.
Bottom, (બૉટમ્) *n.* The lowest part of anything:તળીયું;તળેટી 2.Foundation;base: તળ;આધાર;પાયો;બેસણી.3 A dale,valley:ખીણ; ખો.4 Stamina;power of endurance:પાણી; જીવ;દમ;જોર.5.Dregs;sediment:મેલ;કચરો;રગડો 6.Limit:હદ;પાર,થાગ;છેડો *To the* **b** :પુરતી રીતે. *To be at the* **b**.*of*: કારણ હોવું;-માં સામેલ હોવું. *At* **b**.:વસ્તુતઃ; સત્ય રીત્યે *vt.* To furnish with a seat or bottom:તળીયું ચાલવું;પડથી બેસાડવી; *vi.* To be based:આધાર રાખવો.
Bottomless, (બૉટમ્લેસ્) *a.* Without a bottom;hence,fathomless:અથાગ; અગાધ.

Bottomry,(બૉટ્ટોમ્રિ)*n.* A contract by which the owner of a ship hypothecates the ship as security for the repayment of a loan for the use of the ship:વહાણનું ખોખું ઘરેણે મુકવું તે.
Boudair,(બૂડ્વેર્) *n.* A small private room to receive friends or to retire alone: ન્હાનું ખાનગી ઘર-ઓરડો. [of a tree:ડાળ;ડાળી; શાખા.
Bough, (બાઉ) *n.* The arm or large branch
Bought,(બૉટ્)*imp.& pp of* **buy** q.v.ખરીદ્યુ.*n.* A twist;a link:વળ;આમળો.2. The part of a sling which holds a stone:ગોફણનું ચાડું.
Bounce,(બાઉન્સ)*vi.*(L.*bombus*,deep sound.] To spring suddenly:કુદકો-છલંગ મારવી. 2.To beat or thump:ધબકવું; ઠોકવું.3. To boast or bully:પતરાજી કo;બડાઇ હાંકવી.*vt.*To drive against anything suddenly & violently:અફાળવું;પછાડવું.*n.*A sudden leap or bound:ફલંગ; કુદકો.2.A heavy blow or thump:ધક્કો;આંચકો; ધબાકો 3. A bold lie:હડહડતું જુઠાણું.
Bound,(બાઉન્ડ્)*n.*Limit;boundary:હદ;સીમા; મર્યાદા.*vt.*To limit;to terminate:હદ-સીમા બાંધવી;દાબમાં રાખવું.2.To mention the boundary of:ખુંટ લખવા.
Bound,(બાઉન્ડ્)*n.* [L.*bombus,* deep sound.] A leap;a spring: કુદકો; છલંગ; તલપ;ત્રાપ.2. A spring from one foot to other:(નાચમાં)ઠેકડો.*vi.*To leap:કુદવું;ઠેકડો મારવો 2.To rebound (as,an elastic ball):ઉછળવું; પાછું ઠોકાવું. *vt.*To make to bound or leap:ઉછાળવું;ધબકાવવું.
Bound,(બાઉન્ડ્) *imp & pp.*(of **bind.**) Made fast by band or chains;confined:બાંધેલું;પુરેલું.*a.*Going or intending to go:જતું; જનાર.
Boundary,(બાઉન્ડેરિ) *n.* That which indicates a limit as of territory:હદ;સીમા;મર્યાદા.
Bounden, (બાઉન્ડેન્)*a.* Obligatory;binding: જરૂરનું;અગત્યનું.
Boundless, (બાઉન્ડ્લેસ્) *a.* Unlimited; immeasurable:અપાર;અનંત;બેસુમાર; બેહદ.
Bountiful eous, (બાઉન્ટિફુલ્ ટીઅસ્) *a.* Generous;munificent:ઉદાર;દાતાર;સખી.
Bounty,(બાઉન્ટિ)*n.*[L. *bonus,* good] Generosity;munificence:ઉદારતા;દાન;અનુગ્રહ.2.Premium offered to encourage any branch of industry:કોઇ પણ ઉદ્યમે વળવા લાલચ દેવું ઇનામ.
Bouquet, (બુકે) *n.* A nosegay: ગોટો; કલગી 2. An agreeable perfume:ખુશબો;સુવાસ.
Bout,(બાઉટ્)*n.*A conflict;attempt: ધમાધમી; તકરાર;કોશીશ.2.A turn:ખેપ;ફેરો;વખત.
Bovine, (બૉવાઇન્) *n.* [L. *bos, bovis,* an ox.] Pertaining to oxen or cows:ગાય-બળદનું-સંબંધિ;ગોવિષયક-સંબંધિ.
Bow,(બાઉ)*vt.*To bend; to make crooked or curved:વાંકું વાળવું;નમાવવું.2.To bend;to turn: ફેરવવું; વાળવું 3. To bend or incline, as the head or body in token of respect:પગે પડવું; પ્રણામ કo. 4. To subdue: તાબે-વશ કo. *vi.* To bend in token of respect or civility:નમવું; પગે લાગવું;નમસ્કાર કo.*n.*An inclination of the head or bending of the body in token of respect,&c.:નમસ્કાર; પ્રણામ; અભિવંદન.2.The stem of a ship:વહાણનો ગોળ મોખરાનો ભાગ.
Bow, (બૉ) *n.* Anything bent;the part of a yoke which embraces the neck,&c :વક્ર વસ્તુ;જોતર. 2. A weapon of a strip of wood with a cord connecting both ends used to propel arrows:કામઠું;ધનુષ્ય;ગાંડિવ.3. An instrument to produce sound:ગવૈયાની તંબુરો વીગેરે વગાડવાની નાની કામટી.
Bowels, (બાઉએલ્ઝ્) *n.* (*pl.*) [L. *botellus,* a small sausage]. An entrail, especially of man; a gut:આંતરડાં.*To move the* **b.**:ઝાડા-દસ્ત થવા.2.Interior part of anything: અભ્યંતર; ગર્ભ;પેટું. 3. Compassion:દયા;કૃપા;કરૂણા.*vt.*To take out the bowels of:આંતરડાં કાઢવાં.
Bower, (બાઉઅર્)*n* A country seat:બેઠક;ઝુંપડી.2 An arbor:માંડવો;કુંજ;મંડપ. [ખંજર.
Bowie knife, (બૉએનાઇફ્) *n* A long knife:
Bowl,(બૉલ્)*n.* A concave drinking cup or vessel:પ્યાલો;વાડકો;છાલુ.2.The hollow part of anything:ચાડું;ખામણું 3.[L.*butta*,a ball.] A ball used in play:દડો.*vt.*To roll:ગબડાવવું;ફેંકવું. *vi.* To play with bowls:.દડે રમવું.2.To roll the ball:દડો નાંખવો. [ધાંરી;તિરંદાજ.
Bow-men (બૉમન્)*n.*An archer:ધનુર્ધર;ધનુ-
Bow shot, (બૉશૉટ્) *n.*The space which an arrow may pass when shot:બાણ;ગોચર;તીરવો.
Bow-string, (બૉસ્ટ્રિન્ગ્) *n* The string of a bow:કામઠાની દોરી;પણછ;જ્યા.
Bow window,(બૉવિન્ડો) *n.* A window forming a bay in a room:બારી;ગોખ;ઝરૂખો.
Box, (બૉક્સ્) *n.* [L. *boxus,*the boxtree.] A case or receptacle of any material & of any size:પેટી;પટારો;ડબીઓ;દાબડો.2 A seat in a theater or other place of public amusement:નાટકમાંની બેઠક.3 A money-chest:પૈસા રાખવાની પેટી;ગલ્લો;તીજોરી.*n.* A driver's seat in a carriage:ગાડીમાં ચાકરને બેસવાની જગો.*In a* **b** :ગુંચવણમાં;વીટંબણામાં.*In a wrong* **b**.:ભુલેલું; ભુલમાં.*vt.*To inclose in a box:પેટીમાં મુકવું-ઘાલવું.2.To furnish with boxes,as a wheel: પૈડાને નારખુ ઘાલવું 3 To strike the ear or side of the head:ધોલ-થપડાક મારવી.
Box,(બૉક્સ્)*n.*The blow on the head or ear with the hand:મુક્કી;તમાચો;થપડાક;ધોલ.*vt* To

fight with the fist:મુક્કામુક્કી-ઠોંસાઠોંસી લડવું.
Boxing,(બૉક્સિંગ્)*n*.A combat with the fist: મુક્કામુક્કી;મુષ્ટિયુદ્ધ;ધપ્પાધપ્પી.
Boy,(બૉઈ)*n*.A male child;a lad:છોકરો; પોરિઓ;કુમાર.Sometimes it is used in contempt or familiarity for a man:હલકો માણસ;નોકર.
Boy-hood, (બૉઈહુડ્) *n*.The state of immature age:બાળપણ;બચપણ;ન્હાનપણ.
Boyish,(બૉઇઇશ્)*a*.Childish:છોકરવાદ;નાદાન.
Brace,(બ્રેસ્)*n*.[L.*brachia*,arms.] A prop or support:આધાર;ટેકો.2.A bandage:પાટો;દોરી;પટો; બંધ.3.A sign to show that the words or lines it connects are tobe taken to-gether: એક વધારે લીંટી કે શબ્દને જોડનાર નિશાની;કૌંસ.4. A pair:જોડી;જોડ.5.A thick strap:નાડી.6 (*pl.*) Straps;suspenders:સુરવાલ કે લેંઘાને તંગ રાખવા ખભે ભરવાના પટા.7.(*pl.*) Cords of a drum for tightening the heads:ઢોલ કે નરઘાં-ઉપર તેને તંગ કરવા રાખેલી દોરીઓ.9.State of being tight: બંધ;મજબૂતી.*vt*.To support;to prop: ટેકો દેવો-આપવો;ટેકવવું.2.To tighten;to stregthen:શક્તિ-કૌવત આપવું;તંગ કo;ખેંચીને મજબૂત બાંધવું.3.To hold firmly:ટકી રહેવું;પાર પાડવું.
Bracelet,(બ્રેસ્લેટ્)*n*.[L.*brachium*,arm.]An ornament for the wrist, worn mostly by ladies:ચુડી;બંગડી;કડું;ગુજરી;સાંકળાં; પોંચી;કંકણ; પાટલી.2.A piece of defensive armour for the arm:હાથના રક્ષણ માટેનું બખ્તર.
Bracket,(બ્રેકેટ્)*n* A piece or combined pieaes of wood &c ,projecting from or fastened to a wall:આધાર;ટેકો.2 One of two hooks, [].used for various purposes, called also **crotchets**:કૌંસ. *vt*. To place within a bracket:કૌંસ દોરવો.
Brackish,(બ્રેકિશ્)*a*.Saltish:થોડું ખારૂં.
Brad,(બ્રેડ્)*n*.A kind of nail:ચૂંક;નાનો ખીલો.
Brag,(બ્રેગ્)*vi*.To boast;to vaunt(with *of*):બડાઇ-પતરાજ-શેખી-ફુલાસ મારવી.*n*. Boasting; praise of one's own deeds:અહંકાર;ગર્વ;બડાઇ; શેખી;ડંફાસ;આત્મપ્રશંસા;પતરાજ;ફુલાશ.
Braggadocio, (બ્રૅગૅડોશિઓ) *n*.A braggart: ફુલણજી;પતરાજખોર;તિસમારખાં.2. Mere brag; pretention:ઢોંગ;ફીફટ પતરાજ;શેખઈ.
Braggart,(બ્રૅગૅર્ટ્)*n*.A boaster;a vain fellow: બડાઈખોર-પુરૂષ.*a*.Boastful:પતરાજખોર;અહંકારી.
Braid, (બ્રેડ્) *vt*.To weave to-gether or entwine:ગુંથવું;વણવું.2.To mingle by rubbing fluid:હલાવવું;ચોળવું.*n*.A texture formed by weaving different strands to-gether:ગુંથેલી દોરી;નાડું;કસ.B.*of bair*:અંબોડો;વેણી.
Brain,(બ્રેન્) *n*. A whitish soft mass in the skull of man:મગજ;ભેજું.2.The understanding:બુદ્ધિ;અક્કલ;સમજણશક્તિ;મતિ.
Branless,(બ્રેન્લેસ્)*a*.Silly:બેવકુફ;મૂર્ખ;અબુજ.
Brainpan,(બ્રેન્પેન્)*n*.The skull:ખોપરી;કપાળ.
Brait,(બ્રેટ્)*n*.A rough diamond:હીરાનો પથ્થર.
Barke,(બ્રેક્)*n*.A machine to break flex or hemp:શણ ઝુડવાનો સાંચો-હથિયાર 2.The handle by which a pump is worked:બંબો ચલાવવાની લાટ.3 A baker's kneading trough:કથરોટ; થાળી.4.A sharp bit:કડક લગામ 5.A contrivance for confining horses while shoeing them;an inclosure to restrain cattle &c : ઘોડાને નાળ જડતી વખત કબજે રાખવાની કરામત;ઢોરનો ડબ્બો.6.A large,heavy harrow for breaking clods:સમાર.7.A piece or mechanism for stopping motion of a car by friction: ગાડીની ગતિ અટકાવવાનું યંત્ર;અટકણ; બ્રૅક (આગગાડીનું).9.A cart without a body used in breaking in horses:જેસલો.[કાંટાવાળુ ઝાડ-જાળુ-કાંટો.
Bramble,(બ્રૅમ્બલ્)*n*.A rough prickly shrub:
Bran, (બ્રૅન્) *n*. The coating of the seed of wheat or other grain:છાલાં;છોતરાં.
Branch,(બ્રૅન્શ્)*n*.A shoot of a tree or plant: ડાળ;શાખા;ડાળી.2.Any arm or part shooting from the main body of a thing:ફાંટો;ફણગો; પાંખુ;શાખા. 3.A section;a department (of science);ભાગ;અંગ;અધ્યાય; પ્રકરણ. 4. A line of family descent:વંશ; પેઢી;શાખા. 5. A descendant of such line:વંશજ,સંતાન.6.A chandelier:ઝુમર;ઝાડ(દીવાનું).*vi*.To shoot in branches:ડાળી-શાખા-ફણગો ફુટવો;વિસ્તરવું.2.To divide into parts:જુદું પડવું.*vt*.To divide:વિભાગ-ફાંટા પાડવા 3.To adorn with needlework:ગુંથી-ભરીને ઝાડ,ફુલ પાડી શણગારવું;-ઉપરવેલચિકન પાડવી.
Brand,(બ્રૅન્ડ્)*n*. A burning piece of wood: બળતું લાકડું; ખોરીયું 2. Sword: તરવાર. 3. A mark:વેપારમાં અમુક જણસની જાત વીગેરે બતાવવા પાડેલી નિશાની.Hence(*fig*)kind; quality:જાત;નમુનો.4.A mark put upon criminals with a hot iron:ડામ. Hence,a mark of infamy; stigma:કલંક;બટ્ટો;લાંછન;ડાઘ.*vt*.To impress a mark with a hot iron:ડામ દેવો; ડામવું;આંકવું; નિશાની કo.2.To fix a mark of infamy: બટ્ટો-કલંક લગાડવું;કાળીટીલી લગાડવી.
Brand-iron, (બ્રૅન્ડ્-આઈઅર્ન્)*n*. A branding iron:ડામણ;ડમેણું.2.A trivet:તિરપાઇ;ઘોડી.
Brandish,(બ્રૅન્ડિશ્)*vt*. To wave;to shake or flourish as a weapon:ફેરવવું;પટા ખેલવા.
Brandnew,(બ્રૅન્ડ્ન્યૂ)*a*.Quite new;bright as a brand of iron:કોરૂં કડકડતું;નવુંનકોર;તાજું.
Brandy,(બ્રૅન્ડિ)*n*.An ardent spirit distilled from wine:એક જાતનો જલદ દારૂ;બ્રાન્ડી.
Brangle,(બ્રૅન્ગલ્)*n*.Wrangle:ટંટો;કજીઓ; લડાઈ.

Bran-new,(બ્રૅન્‌ન્યૂ) *a.* (See, **Brandnew.**)

Brasier,(બ્રૅઝર્) *n.* An artificer who works in brass:કંસારો.

Brass,(બ્રૅસ્)*n.*An alloy,of copper & zinc:પિત્તળ.2.Impudence:ઉદ્ધતાઈ;તોછડાઈ.3.Utensils, &c., made of brass:પિત્તળની જણસો.

Brassy,(બ્રૅસિ) *a.* Pertaining to,hard as, or having the color of,brass:પિત્તળનું-સંબંધિ-ના જેવું કઠણ-ના જેવા રંગવાળુ; પિત્તળમય.2. Impudent:ઉદ્ધત;તોછડું.

Brat,(બ્રૅટ્)*n.*A child so called in contempt: છોકરું;બચ્ચુ.**B.** & *bantling*:બાળબચ્ચાં.

Bravado,(બ્રૅવેડો) *n.* An arrogant menace: શેખી;ધમકી;ફિશિયારી;બડાઇ.

Brave,(બ્રૅવ્)*a.*Bold; intrepid: હિમ્મતવાન્;બહાદુર;વીર;જવાંમર્દ.2.Lofty;excellent:ઉમદા;ખાનદાન;ઉદાર.*n.*A brave person:છાતીચલો-બહાદુર માણસ;વીર પુરૂષ 2. A hector; a man daring beyond decency:અતિશય-વગર વિચારે છાતી ચલાવનાર-લડાયક પુરૂષ.*vt.*To defy;to challenge: છાતી ચલાવી લઢવું;સામા નમી રહેવું-ટક્કર ઝીલવી.

Bravery,(બ્રૅવરિ)*n.* Noble courage; intrepidity:શૂરપણું;હિમ્મત;બહાદુરી;જવાંમર્દી;છાતી;પરાક્રમ 2.Splendour:ઉમદાપણું;તેજ;ચમકો.

Bravo,(બ્રૅવો) *n.* A daring villain:મારો;ખુની; ઘાતક.Well-done:શાબાશ;વાહ ! વાહ !

Brawl,(બ્રૉલ્) *vi.* To quarrel noisily & undecently:ગાળાગાળી-કજીઓ-ટંટો-કo.2.To scold: ધોધાટ-શોરબકોર કo; ધમકાવવું. 3. To roar as water:(પાણી જેવો)ઘુઘવાટો-શોર કo:ઘુઘુ કo.*n.* A noisy quarrel:ઘોંઘાટ; કજીઓ; ટંટો;કલહ.

Brawny,(બ્રૉનિ)*a.* Muscular fleshy;strong: જોરાવર;માતુ;શરીરે ભરવું;મજબુત.

Bray,(બ્રે)*vt.*To pound, beat or grind small: કુટવું;ખાંડવું;કચરવું;ઝીણું દળવું.*vi* To utter harsh cry,as an ass:ભૂકવું.2To make a harsh,grating noise:જાડો-ખોખરો અવાજ કાઢવો *n.* The roar of an ass:ગધેડાનું ભૂકવું તે;ખોખરો;જાડો અવાજ.

Braying,(બ્રેઇંગ્)*pa* Making a harsh,noise: જાડો અવાજ કરતું.*n.*The noise of an ass:ગધેડાનું ભૂકવું.2 Roar;noise:ઘોંઘાટ;ખળભળાટ.

Brazen,(બ્રેઝન્) *a.* Pertaining to, or made of brass:પિત્તળનું-સંબંધિ.2.Impudent:ઉદ્ધત; તોછડું;બેશરમુ;છટેલું;ફાટેલ.

Brazen-faced,(બ્રેઝન્ફેસ્ટ્) *a.* Impudent;shameless:ઉદ્ધત;તોછડું;નિર્લજ;નફટ;બેહયા.

Brazenness,(બ્રેઝન્નેસ્) *n.* Impudence:નિર્લજપણું;બેશરમપણું;ઉદ્ધતાઇ; તોછડાઇ.

Breach, (બ્રીચ્) *n.* Fracture: ફાટ; ચીરો. 2. A gap made by breaking;rupture:બાકોરું;કાણું; બગદાળુ.3.Violation:ઉલ્લંઘન;ભંગ;તુટ;ફુટ.

Bread,(બ્રેડ્) *n.* An article of food made of flour by baking it:રોટલી;રોટલો.2.Food:ખોરાક; ભોજન 3.Support of life in general:ગુજરાન; આજીવિકા;આધાર *To quarrel with one's* **b.**& *butter*:મર્યા ભાણાને ઠેસ મારવી.

Breadth,(બ્રેડ્થ) *n.* Width:પોહોળાઇ;પનો.

Break, (બ્રેક્) *vt* (*a*) To sever by fracture: તોડવું;ભાગવું; ફોડવું. (2) To rend: તોડવું; ઓડી નાખવું;ફોડવું.(3)To lay open:કઢી દેવું;ખુલ્લુ કo. (*b*)To infringe;to violate:તોડવું;ઉલ્લંઘન કo; ભંગ કo.(*c*)To interrupt:મંગાળુ પાડવું;બરખાસ્ત કo; અંત આણવો. 2. To dash or shatter to pieces:ચુરેચુરા-કડકેકડકા કo.3.To destroy the strength or firmness:કચરી-પીસી નાખવું;-નું જોર-ભાંગવું-નરમ-કમીકo.4.To weaken or impair, as health:નરમ-ઢીલું-નિર્બળ કo;બગાડવું. (*c*) To diminish the force of,as a fall or blow:-નો જોશ-વેગ-જોર નરમ-હલકું પાડવું. 5. To impart cautiously:ધીમે ધીમે સંભાળપૂર્વક કહેવું-જણાવવું-સમાચાર આપવા.6.To tame;to reduce to subjection:કેળવવું;પલોટવું;શિખવવું.7.To destroy the financial credit of;to make bankrupt: દેવાળુ કાઢવું;વટ ખોવરાવવો;ભાગવું.*To* **b.** *down*, તાબે-કબજે કo;જીતવું.*To* **b** *off*:તોડવું;ફાંસવું;નિર્મૂળ કo;નાશ કo-અટકાવવું *To* **b** *open*:તોડવું;(બારણું) ઉતારવું.*To* **b.***up*:વધેરવું;બરખાસ્ત-બંધ કo;વિસર્જન કo.*To* **b.** *the back, neck, &c*.: હાડકાં ભાગવાં; (ડોક) મરડી નાંખવી; (હાથ, પગ) ઉતારવો. *To* **b.** *ground*,(*a*)જમીન ખેડવી-ઉથલપાથલ કo. (*b*) પાયા ખોદવા માંડવા: મુહૂર્ત કo,(ઘેરો ઘાલવા) ખાડા ખોદવા શરૂ કo;આરંભવું (*c*):કંઇપણ કામનું મંડાણ કo-નકશો ખોદવો.*To* **b**.*the heart*:નિરાશ-નાઉમેદ-આશાભંગ કo.*To* **b.** *the ice*: શરૂઆત કo; રસ્તો પાડવો;ચાલતુ કo.*To***b.***upon a wheel*,(ગુનેગારને) ફાંસી દેવો;રીબાવવું.*To* **b** *wind*:વાછુટ કo;પાદવું *vi.*To burst asunder:ભાગવું;તુટવું;છુટું પડવું.2. To open spontaneously: ફાટવું.3. To burst forth;to appear;to dawn:થવું;ઉગવું: ફાટવું. 4. To burst forth violently:ઓચીંતુ થવું;ચઢી આવવું.5.To lose health or strength:નબળું-નરમ પડવું;ઓગળી જવું;બેહાલ થવું.6.To become bankrupt:દેવાળુ કાઢવું ભાગવું.7.To fall out: કજીયો-અણબનાવ થવો:-સાથે મેળ ન હોવો-બગડવું;લઢાઇ થવી; (દોસ્તી)તુટવી.*To* **b.** *away*: ઓચિંતા ચાલ્યા જવું; પોબારા ગણવા;જતું રહેવું; *To* **b.***down*:તુટી પડવું; ભાગી નીચે બેસવું-પડવું;પાછા પડવું; નિષ્ફળ થવું. *To* **b** *forth*:નિકળવું; (અવાજ) થવો; છુટવું. *To* **b**. in or *in upon*:એકદમ અંદર આવવું-ઘુસવું;માથું મારવું. *To* **b** *loose*:છટકી જવું;છુટી નાસવું;કેદ-બંધનમાંથી નાસી જવું *To* **b.***off*:તુટી જુદુ પડવું;બંધ પડવું. To **b** *out*:(આગ)લાગવી;(રોગ) થવો-ચાલવો.ફાટી નિકળવું.*To* **b.** *up*:તુટી જવું-પડવું;ઉઠી જવું; વિસર્જન થવું;વિખરાઇ જવું.*To* **b.** *with*:કજીઓ-અણબનાવ-

વિરોધ-લડાઇ થવી;દોસ્તી તુટવી. *n.* An opening made by fracture or disruption:ફાટ;બાકોરૂ; બગદાળુ.2.Pause:અટકાવ;વિરામ; તુટ;ભંગ. 3.In writing or printing a short line,noting a pause or an abrupt change of sense:લખવા કે છાપવામાં અર્થ તુટયો છે એમ બતાવવા દોરેલી લીટી. 4.The dawn:પ્રભાત;વાણું;પ્રાતઃકાળ; મળસકું;અરૂણોદય.5.Change of direction:વાંક;ખુણો.

Breakage,(બ્રૅકેજ્)*n.* A breaking:મંગાણ;ભાંગવું-તુટવું તે.2.An allowance for things broken in transportation:ભાગ્યાતુટયા માટે મુકેલી છુટ.

Break-fast, (બ્રેક્‌ફૅસ્ટ્) *n.*The first meal in the day:હાજરી;નાસ્તો;ઢુંગો.2.A meal after fasting,or food in general:પાયણું;ઉપવાસના બીજા દિવસનું જમણ.*vi.* To breakfast in the morning:પાયણું કરવાં;નાસ્તો-હાજરી કo;શીરાવું.

Break-water, (બ્રૅક-વૉટર્) *n.* A structure raised to protect harbour,&c.,from the force of waves:બાંધ;પુસ્તો;આડ.

Breast,(બ્રૅસ્ટ્)*n.*The forepart of the body between the neck & belly: છાતી; વક્ષઃસ્થળ. 2.The protuberant glands in front of the chest of the female or man:થાન;ધાઇ;સ્તન; કુચ;પયોધર;(of some other mamalia)આંચળ. 3 The heart:હૈયું;છાતી;હૃદય;ચિત્ત;મન.*To make a clear* **b.**:દીલ ખોલવું;છાની વાત કહી દેવી;મોકળે મને વાતકo.*vt.*To oppose manfully:ટક્કરઝીલવી; છાતી ધરી સામા થવું;સામા હામ ભીડવી.

Breast-deep, (બ્રૅસ્ટ્-ડીપ્) *a.*As high as the breast:છાતી પુર;છાતી જેટલું ઉંચું;છાતીભર.

Breast-plate,(બ્રૅસ્ટ્-પ્લૅટ્)*n.*A plate worn on the breast:છાતીનું કવચ.2 A strap that runs under the horse's breast:તંગ;ઘોડાનો પટો.

Breath,(બ્રૅથ્)*n.*The air inhaled & exhaled in the respiration of animals:શ્વાસ;સાસ;દમ. *In a* **b.**એકદમ;ક્ષણમાં.2.The power to breathe freely:છુટથી દમ લેવાની શક્તિ.3.Life:જીવ;પ્રાણ; દમ;પ્રાણવાયુ.4.Respite;pause:વિરામ;થાક;વિસામો;દમ;સાસ.5 A single respiration;an instant:શબ્દ;બોલ;શુકન;પળ. 6.An oder:વાસ;ગન્ધ.

Breathe,(બ્રીધ્) *vi.* To respire; to inhale & exhale air;hence to live:શ્વાસ લેવો-કાઢવો;દમ લેવો;જીવવું 2.To take breath:દમ ખાવો-પકડવો; થાક ખાવો 3.To emanate:નિકળવું;વાવું;આવવું.*vt.* To inhale & exhale in the process of respiration:શ્વાસોશ્વાસ લેવો.2.To infuse:ઘાલવું; ફુંકવું.3. To utter softly: ધીમેથી બોલવું. 4. To cause to sound by breathing:ફુંકવું;મ્હોંથી વગાડવું.5.To suffer to take breath: થાક-દમ ખવરાવવો-આરામ આપવો.*To* **b.***one's last*:મરી જવું; દેહ છોડવો;સ્વર્ગવાસ કo;પ્રાણ મુકવો.

Breathing,(બ્રીધિન્ગ્) *n.* Respiration: શ્વાસ; દમ;શ્વાસોશ્વાસ.2.Air in gentle motion:પવનની લહેર;મંદ મંદ વાયુ. 3. Aspiration:અભિલાષા. 4. Utterance:ઉચ્ચારણ;ઉદ્‌ગાર.5.Vent:બાકું;રંધ્ર;છીદ્ર.

Breathless,(બ્રૅથ્‌લેસ્)*a* Out of breath:શ્વાસ-દમવગરનું;હાંફતું.2.Dead;expired:મૃત;મરીગએલું.

Breech,(બ્રીચ્)*n.*The lower part of the body behind:કુલા;ગાંડ;નિતંબ.2 The hinder part of a cannon or other firearm: તોપ કે એવા બીજા હથિયારના મોં પછવાડેનો ભાગ;કુંદો.*vt* To put into breeches: સુરવાળ પહેરાવવો.2. To fit or furnish with a breech:કુંદો-પાછલો ભાગ બેસાડવો.

Breeches,(બ્રીચેઝ્)*n pl.*[L *braca,* trowsers.] Garment worn by men covering hips & thighs:સુરવાળ;તંગીયો;ઇજાર;ચોરણો.*To wear the* **b.**:(સ્ત્રીએ)મરદનું કામ કo,ધણીની સત્તા છીનવી લેવી.

Breeching, (બ્રીચિન્ગ્) *n.* A whipping on the breech:ઠુમચી;પુંછડી;લટકણીયું.:

Breed,(બ્રીડ્)*vt.*To beget;to hatch: પેદા-ઉત્પન્ન કo;સેવવું 2 To bring up:ઉછેરવું;મોટું કo;પાલણ-પોષણ કo 3.To educate;to instruct:શિખવવું; કેળવણી આપવી.4.To cause:ઉપજાવવું;બનાવવું;-થી થવું.5.To be the native place of:નિપજવું;પેદા ઉત્પન્ન થવું;-માં થવું-પાકવું.*vi.*To produce a fetus: ગર્ભ રહેવો;હમેલ-દહાડા રહેવા.2.To be formed in the parent or dam: આકાર થવો-બંધાવો; ગર્ભનું સચેતન થવું-ઉછરવું 3.To be produced:પાકવું;પેદા થવું; જન્મવું. *n.* A progeny from the same parents or stock:સંતાન;વંશ;સંતતિ; ઓલાદ.2. A caste; a kind:ઓલાદ;જાત;વર્ગ;ન્યાત.

Breeding,(બ્રીડિન્ગ્) *n.* Nurture;education: કેળવણી;શિક્ષા;શિક્ષણ;પાલન.2.Manners; knowledge of ceremony:વિનય;સભ્યતા;સુશીલતા;ઢંગ.

Breeze, (બ્રીઝ્) *n.* A gentle gale:પવનની લહેર; મંદ-ઠંડો વાયુ.2 Ashes & cinders used for burning bricks:ઈંટો પકવવાની ભરસાળ-ઉનીરાખ.

Brethren, (બ્રેધ્રેન્) *n pl.* of **brothers:** ભાઇબંધ;ભાઈભાંડુ;બંધુવર્ગ;બંધુજન.

Breve,(બ્રીવ્) *n.* [L. *brevis,*short] (*Law.*) A writ whereby anything is commanded to be done in the king's court:સમન;કોરટમાં હાજર રહી કંઇ કાર્ય કરવાનો હુકમ.

Brevet,(બ્રેવેટ્)*n* A royal warrant granting a favour,privilege,title,&c.:સનદ;હલકાબ પત્ર.

Breviary,(બ્રીવિઍરિ) *n.* An abridgment;an epitome;summary:સંક્ષેપ;ટુંક હેવાલ;સંહિતા;સંગ્રહ.

Brevity,(બ્રેવિટિ) *n.* Shortness of duration: ટુંકાણ;સંક્ષેપ;સમાસ;સંહાર.3.Shortness;conciseness:ટુંકાપણું;સંક્ષિપ્તતા.

Brew,(બ્રૂ) *vt.* To boil or seethe:ઉકાળવું; ઉના પાણીમાં બાફવું.2.To prepare,as a liquor;જવનો કે બીજી ચીજનો દારૂ ગાળવો-બનાવવો.2.To contrive;to plot:રચવું;તરકટ કo; તદબીર કo; ધાર થ-

ઠવો;ચોજવું. *vi.* To perform the business of brewing:કલાળવાનું કામ ક૦.2. To be forming or gathering:તૈયારી હોવી-થવી;થવા માંડવું.

Brewage,(બ્રૂઍજ્)*n* Malt liquor:જવનો દારૂ.

Brewery,(બ્રૂઅરિ)*n.*A brewhouse:ભઠ્ઠી; કંડ.

Bribe, (બ્રાઇબ્) *n.* Illegal gratification: લાંચ; રૂશવત 2. Allurement:લાલચ.*vt* (*a*)To give or promise a reward or consideration to preent the judgment or corrupt the conduct:લાંચ–રૂશવત આપવી.(*b*)To hire for bad purpose:નીચ કામને માટે રાખવું.2.To gain by a bribe:રૂશવત આપી તરફેણમાં આણવું.

Bribery,(બ્રાઇબરિ)*n.*The practice of giving or taking rewards for corrupt practices: રૂશવત આપવા લેવાનો ચાલ;લાંચખોરી;લાંચલુચ.

Brick,(બ્રિક્)*n.*A hard body of clay & sand: ઇંટ.2.A kind of loaf of the shape of a brick: ઇંટના આકારનો રોટલો;પાંઉ. *vt.* To lay or pave with bricks:ઇંટથી ચણવું;ચોરસાં જડવાં.

Brick bat,(બ્રિક્–બૅટ્)*n.*A piece or fragment of a brick:રોડું;ઇંટાળો;બટકો.

Brick-kiln,(બ્રિક્ કિલ્ન્)*n.*A furnace,in which bricks are burnt:ઇંટ પકવવાની ભઠ્ઠી;ઇંટવાડો.

Brick-layer,(બ્રિક્-લેઅર્)*n.* A mason:કડીઓ.

Brick-maker,(બ્રિક્મેકર્)*n.* One who makes bricks: ઈંટ પાડનાર; હલવાઇ; કુંભાર.

Bridal,(બ્રાઇડૅલ)*a.*Nuptial: કન્યા લગ્ન સંબંધિ; વૈવાહિક;વિવાહયોગ્ય.*n.*The nuptial festivity; marriage:લગ્ન; લગ્નોત્સવ; લગ્નકાર્ય.

Bride,(બ્રાઈડ્)*n.* A woman recenly married: વહુ;તરત પરણેલી સ્ત્રી; નવોઢા; કન્યા. 2. Woman espoused or contracted to be married:કન્યા.

Bride groom (બ્રાઈડ્–ગ્રૂમ્)*n.* A man newly married or about to be married:વરરાજા:વર.

Bride-s-maid, (બ્રાઈડ્-ઝ્-મેડ્) *n.* A woman who attends a bride at her wedding:કન્યા તરફની સ્ત્રી;માંડવિયેણ.

Bride-well,(બ્રાઇડ્ વેલ્)*n.* A house of correction for the confinement of disorderly persons:બંધિખાનું-કેદખાનું.

Bridge,(બ્રિજ્)*n.* A structure raised over a river or other water-course:પૂલ;સેતુ; ધારણ. *Wooden* **b**:લાકડાપૂલ. 2. The small arch at right angles to the string of a violin,&c: ઘોડી;બેઠી;ટેકી **B** *of the nose*:નાકની દાંડી *Draw* **b.**,*swing* **b**:ખેંચી લેવાય એવો પૂલ.*Suspension* **b.**:ઝુલતો પૂલ;ઝોલાપૂલ. *vt.* To build a bridge over:ઉપર પૂલ બાંધવો.*To* **b.***over a difficulty* હરકત–અડચણ દૂર ક૦;-નો રસ્તો કાઢવો.

Bridle,(બ્રાઇડલ્) *n.* An instrument with which a horse is governed:લગામ;રશ્મિ.2 A curb:અંકુશ; દાબ;અટકાવ; લગામ. *vt* To put a bridle upon:લગામ ચઢાવવી.To curb:દાબ-અંકુશમાં-કબજે-રાખવું.*vi.*To hold up the head as an expression of pride:ગર્વ કે તિરસ્કારમાં માથુ ઉંચુ ક૦;અક્કડ રહેવું.

Brief,(બ્રીફ્)*a.*[L.*brevis*,short.]Short in duration:ટુંકું;સ્વલ્પ;ક્ષણિક 2.Concise:સંક્ષિપ્ત;પરિમિત:ટુંકું 3 Common:સાધારણ;ચાલુ *n.*An epitome: ટુંકું પત્ર;સાર;સંક્ષેપ.2 (*a*)An abridgment of a client's case made for the instruction of counsel on a trial:મુકર્દમાનો સંક્ષિપ્ત હેવાલ;બ્રીફ. (*b*) A writ summoning a man to answer to any action: કોઈ કામમાં જવાબ આપવા કાઢેલો સમન-હુકમ *vt.*To make an abstract:ટુંકી નોંધ ઉતારવી. *In* **b.**, ટુંકામાં.

Brier, (બ્રાઇઅર્) *n.* A prickly shrub:કાંટાવાળો છોડ.2 (*Bot.*)Species of rose: જંગલી ગુલાબ.

Briery,(બ્રાઇઅરિ)*a.* Thorny: કાંટાવાળું;કંટકવંત.

Brig, (બ્રિગ્) *n.* (Abbrev. of **brigantine**) A vessel with two masts:બેડોલવાળું વહાણ.

Brigade,(બ્રિગેડ્) *n.* A body of troops whether, cavalry, artillery or infantry commanded by a brigadier-general:લશ્કરની મોટી ટુકડી; સૈન્યદળ.

Brigadier-general, (બ્રિગેડીર્-જનરલ્) *n.* An officer commanding a brigade:બ્રીગેડનો સરદાર;ચમૂપતિ.

Brigand,(બ્રિગૅન્ડ્) *n.* A robber; plunderer a freebooter:લૂટારો;પિંઢારો;ચોર;ધાડપાડુ;વાટપાડુ.

Brigandage,(બ્રિગૅન્ડેજ્)*n.* Theft; robbery; plunder:લૂટ;ચોરી;ધાડ;લૂટારાનું કામ.

Bright,(બ્રાઈટ્)*a.*Shining; luminous; splendid:ચળકતું;ભભકાદાર;ઝગઝગતું;ચકચકિત;તેજસ્વી.2. Clear;transparent:સ્વચ્છ;નિર્મળ; નીતરેલું;શુદ્ધ 3. Glorious;illustrious: મનોહર;નામીચું;વિખ્યાત; પ્રસિદ્ધ;નામાંકિત.4 Active:હોંશીઆર;ચપળ;ચાલાક;તીવ્ર.5 Clear; evident: સ્પષ્ટ; ખુલ્લું; સાફ. 6. Promising good:શુભ-કલ્યાણ-લાભદર્શક-સુચક.

Brighten,(બ્રાઇટન્)*vt.* To make to shine;to increase the lustre of:ઉજ્વળ-તેજસ્વી-ચકચકિત ચળકતું ક૦.2.To make illustrious:પ્રખ્યાત-નામીચું;પ્રતાપી-નામાંકિત ક૦ 3.To make cheerful: આનંદી-હસમુખ-ઉલ્લાસિ-ખુશીમય ક૦ 4. To make acute or witty:હોંશીયાર-તીવ્ર-ચાલાક-ચપળ ક૦. *vi.* To grow bright:રૂંજેશવાળું-ખુલ્લું થવું.

Brightness,(બ્રાઈટ્નેસ્) *n.* Splendor; lustre; brilliancy:તેજ; પ્રભા; કાન્તિ; ઉજેશ;ઝળે; તેજી. 2. Sharpness of wit:તીક્ષ્ણ બુદ્ધિ;ઝીણી નજર;તીવ્રતા.

Brilliance-y, (બ્રિલિઅૅન્સ-સિ) *n.* Splendor; glitter:ભભકો;ચળકાટ;પ્રતાપ;તેજ;ઉજેશ;ઝળે;પાણી.

Brilliant,(બ્રિલિઅૅન્ટ્) *a* [L *beryllus*,a precious stone of a seagreen color.]Sparkling with lustre;glittering:ચળકતું;ઝગઝગતું; ઝળક-

ઙું;ઝગઝગાટ;ભભકાદાર.2.Illustrious:પ્રતાપી;તેજસ્વી;પ્રખ્યાત; મહાભારત. *n.* A diamond of the finest cut:ઘણા પાણી વાળો-તેજદાર હીરો.

Brim, (બ્રિમ્) *n.* The border of any vessel or other thing:કાનો;કોર;કાંઠો;ભાથું;કિનાર.2.The edge or margin:કાંઠો;તીર;કિનારો *vt.* To fill to the brim or top:કાના સુધી ભરવું;છલોછલ ભરવું *vi.* To be full to the brim: છલોછલ હોવું.

Brimful,(બ્રિમ્ફુલ્)*a.* Full to the top;completely full:છલોછલ;પરિપૂર્ણ; કાંઠોકાંઠ; ભરપુર.

Brimstone, (બ્રિમ્સ્ટોન્) *n.* Sulphur: ગંધક. *a.* Made of,or pertaining to brimstone: ગંધકનું બનેલું;ગંધકનું.B.b.*matches*:ગંધકની દીવાસળીઓ.

Brinded·dled,(બ્રિન્ડેડ્-ન્ડલ્ડ્) *a.* Spotted; variegated:કાબરચિતરૂં;અટાપટાદાર;પચરંગી;બુટ્ટીદાર.

Brine,(બ્રાઇન્)*n.*Water saturated with salt: ખારૂં પાણી;મીઠાવાળું પાણી.2. The ocean;sea:દરિયો;સમુદ્ર;સાગર.3.Tears so called from their saltness:આંસુ.*vt.*To steep in the brine:ખારા પાણીમાં બોળવું 2To mix salt with:મીઠું ચઢાવવું.

Brine·pan,(બ્રાઇન્-પૅન્)*n.*A pit of salt-water where,by the action of the sun,salt is formed by crystallization:મીઠાનો અગર.

Bring, (બ્રિન્ગ્) *vt.*To fetch:લાવવું;આણવું.2. To procure:મેળવવું;પ્રાપ્ત થવું 3 To induce;to prevail on:લલચાવવું;દોરવું;કબૂલ કરાવવું; સમજાવવું 4 To convey;to carry:લેઈ જવું;ખસેડવું;ચલાવવું.*To* b.*about*:સાધવું; પાર ઉતારવું *To* b *down*: હલકું પાડવું;ગર્વ ઉતારવો;માનખંડન કo *To* b. *forth*:જન્મ આપવો;જણવું;(ફળ)લાગવું-આવવું;પ્રકટ થવું;નિપજવું.*To* b *off*.લઇ જવું;નસાડવું;મુક્ત કo.*To* b *on*, (*a*):શરૂ કo;માંડવું;(*b*)ઉત્પન્ન કo;પેદા થવું;આવવું.*To* b.*out*.પકડવું;ખોળી કાઢવું;ખુલ્લું મુકવું.*To* b.*over*: તરફ લેઇ લેવું;પક્ષમાં ખેંચી લેવું;ફોડવું.*To* b *round*: સારૂં-સાજું કરવું;તબીયત ઠેકાણે લાવવી.*To* b. *to*,: સાવચેત કo;શુદ્ધિમાં લાવવું.*To* b.*under*:તાબે-વશ કo.*To* b *up*,to nurse; to educate;to rear: પાલણપોષણ કo;ઉછેરવું;કેલવણી આપવી; શિખવવું. *To* b.*home to*:સાબિત કo;નક્કી-નિર્ણય-ફડચો-તોલનિકાલ કo;ખુલાસો માગવો. *To* b *to light*: ઉઘાડા પાડવું;જણાઇ આવવું;ખુલ્લા થવું-કo.

Brink, (બ્રિન્ક્) *n.*Verge;border:કોર;ધાર;કિનારો;કાંઠો.

Briny, (બ્રાઇનિ) *a.* Pertaining to the brine or to the sea salt:મીઠાના પાણીનું;દરિયાનું;ખારૂં.

Brisk,(બ્રિસ્ક્)*a.*Full of liveliness & activity; agile:ચપળ;ચંચળ;ખુશમિજાજ 2.Full of spirit or life;effervescing:તેજ; જલદ. *vt.* To make lively;to animate:ચપળ-ચંચળ કo;સ્ફુરતા આપવી.*To* b *up*,to cheer:ચાલાક-ચપળ-રંગીલા થવું.

Brisket, (બ્રિસ્કેટ્) *n.* The breast of an animal: છાતી;ઉર;વક્ષ.

Briskness,(બ્રિસ્કનેસ)*n.*Liveliness;vivacity: ચાલાકી;ચપળતા;ખુશમિજાજ;હુંશીઆરી;તેજી.

Bristle (બ્રિસલ્) *n.* Short, stiff,coarse hair: જાડા-ટુંકા વાળ 2.A species of pubescence on plants in the form of a stiff,roundish hair: છોડ ઉપર એક જાતના ઉગતા સુંવાળા વાળ;રૂંવાટા *vt.* To erect the bristles of:વાળ ઉભા-ટટ્ટાર કo.

British, (બ્રિટિશ) *a.* Pertaining to great Britain or its inhabitants:ગ્રેટ બ્રિટનનું-ના રહેવાસીઓનું;અંગ્રેજી.

Briton,(બ્રિટૉન્)*n.*A native of Britain:અંગ્રેજ

Brittle, (બ્રિટલ્) *a.* Easily broken; fragile; not tough:બરડ;તકલાદી;કાચલું;ભંગુર.

Brittleness,(બ્રિટલ્નેસ)*n.*Fragility:તકલાદીપણું

Broach, (બ્રોચ્) *vt.*A spit (*obs.*) લોઢાની સીક. 2. An awl;a bodkin:આરી;ટાંચણું;સોયો 3. A tool of steel for smoothing or enlarging holes in metal: મારગ મારવાની શારડી. 4. A rod of tough, pliant wood, sharpened at both ends:શંકુ;બંને છેડે અણીદાર લાકડી.*vt.*To pierce as with a spit:શારવું;ચોંચવું.2 To tap; to let out:વ્હેતો છોડવું;કાઢવું.3.To open for the first time:ખોલવું;ઉઘાડવું.4.To make public; to give out:પ્રકટ કo;બહાર પાડવું;શરૂ કરાવવું.

Broad,(બ્રૉડ્)*a.*Wide;extended from side to side:પહોળું; વિશાળ; વિસ્તીર્ણ; બોહોળું;ચોડું. 2. Spread abroad;open:ખુલ્લું; ઉઘડેલું;વિસ્તૃત.3. Extended; comprehensive: બધાને લાગુ પડે તેવું. વ્યાપક. 4 Unrestrained: બેલગામ. **B.** *compliment*:વિનયહીન અભિવંદન.**B.***nonsense*: હડહડતી મૂર્ખાઇ.

Broad·axe,(બ્રૉડ્-ઍક્સ્) *n.* A military weapon: ફરશી. 2 An axe with a broad edge for hewing timber:કુહાડો;કુહાડી.

Broad·cloth,(બ્રૉડ્ક્લૉથ્)*n* A kind of broad woolen cloth:બનાત.

Broad·gauge,(બ્રૉડ્-ગેજ્)*n.*A wide distance between the rails on railway:પહોળું માપ.

Broad·sword, (બ્રૉડ્-સૉર્ડ્) *n.*A sword with a broad blade:પહોળા પાનાની તરવાર.

Broaden,(બ્રૉડન્) *vi.*To grow broad:પથરાવું; પહોળું-મોટું થવું.*vt.*To render more comprehensive:પહોળું કo;વિશેષ સ્પષ્ટ-ખુલાસા ભરેલું કરવું.

Brocade,(બ્રોકેડ્)*n.*Silk stuff wrought with variegated gold & silver threads:કિનખાબ.

Brocaded (બ્રોકેડેડ્) *a.* Woven or worked, with gold & silver:કિનખાબનું;જરીનું;કસબી. 2 Dressed in brocade:કસબી પોશાક પહેરેલું.

Brochure,(બ્રોશૂર્)*n.*A pamphlet:ચોપાનીયું.

Brocket, (બ્રૉકેટ્) *n.* A red deer two years old:બે વર્ષનું લાલ હરણ.

Broil,(બ્રૉઇલ્)*n.*A tumult;contention:કજીયો; ટંટો;અણબનાવ;કલહ. *vt.* To dress or cook by

direct exposure to heat over coals:શેકવું: ભુંજવું *vi* To sweat with heat:પરસેવો છુટવો.

Broken,(બ્રૉકન્)*p.a.*Made in fragments:ભાગેલું;ફુટેલું;તુટેલું. 2. Made weak; infirm:દુબળુ પડેલું;કમજોર;દેવાળુ કાઢેલું.3.Subdued;humbled; contrite:વશ કરેલું;અતિદીન;શોકાતુર.

Broken-hearted, (બ્રૉકન્-હાર્ટેડ્) *a.* Having the spirits depressed with grief or despair નિરાશ;દિલગીર;શોકમાં ગરક થએલું;શોકાતુર.

Broken-ness,(બ્રૉકન્નેસ્)*n.*Unevenness:તુટ; ખડબચાટ.

Broker,(બ્રૉકર્)*n.*An agent:દલાલ;આડતિયો; મારફતિયો.2.A pimp;a procurer:ભડવો;કુટણો.

Brokerage,(બ્રૉકરેજ્)*n.* The business of a broker:દલાલનો ધંધો;દલાલું;આડત;મારફત.2.Fee or commission charged by a broker: દલાલી;હકસાઇ;દસ્તુરી.

Bronchial,(બ્રૉન્કિઅલ્)*a.*[Gr. *brong-chos,* the windpipe.]Belonging to ramifications of the lungs:કંઠમાંની નળીઓનું-સંબંધિ.

Bronchitis, (બ્રૉન્કાઇટિસ્)*n.*An inflamation of any part of brochial membrane: કંઠની નળીયોનો સોજો.

Bronze,(બ્રૉન્ઝ્)*n.*An alloy of copper,tin, & zinc:કાંસુ.2. A statue or other work of art cast in bronze:કાંસાની મૂર્તિ કે બીજી ચિજ. 2.A brown color:ભૂરો રંગ.4.Boldness;impudence:ઉદ્ધતાઇ;છાતિ;હિમ્મત;તોછડાઇ; નિર્લજતા. *vt.*To make brown:મિશ્ર ધાતુના જેવું કo:કાંસાના રંગનું-ભૂરુ કo.2.To brazen:કઠણ-લજ્જ સરખુ કo.

Brood, (બ્રુડ્) *vi.* To sit over & cover eggs for warming & hatching the young:સેવવું; -નું સેવન કo.2.To sit quietly:શાન્ત-ચૂપકીથી બેસવું. 3.To havethe mind uninterruptedly dwell a long time on one subject:અમુક બાબત મનમાં ઘોળાયાં કo-નો વિચાર આવ્યાં કo;-નું ચિંતન કર્યા કo;-વિષે ચિંતાતુર રહેવું *vt.*To sit over; cover&cherish:સેવવું.*n.*Offspring:progeny: સંતાન;સંતતિ;ઓલાદ;પ્રજા. 2 Product:ફલ;નિપજ.3.A hatch:એક વેતરનાં ફાલનાં બચ્ચા 4.Sort; જાત;ભાત.

Brook,(બ્રુક્)*n.*A rivulet::વહેળીયું;ઝરો;નાળુ;

Brook, (બ્રુક્) *vt.* To bear; to endure:ખમવું; સહેવું;સાંખવુ;સહન કo;વેઠવું.

Broom, (બ્રૂમ્)*n.*A genus of leguminous plants:ટીંબાળો એક જાતનો છોડ 2.A besom or brush with along handle for sweeping floors:સાવરણી;ઝાડુ;બુહારી;સાવરણો;કરાંટો.

Broth, (બ્રૉથ્) *n.*Liquor in which flesh or the anything is boiled & macerated:માંસની કઢી;સેરવો.*Many cooks spoil* b: સાત સુતારણીએ બેતર વંડે.

Brothel,(બ્રૅથેલ્)*n.*A house of lewdness:a bawdy-house:વેશ્યા-કસબણ-રાંડનું ઘર;ખાંજરૂ.

Brother, (બ્રધર્) *n pl.* **brothers,** or **brethren,**(in solemn style.)[L *frater,*a brother] One born of the same parent with another:ભાઇ;બાંધવ;સહોદર.2.An associate: બંધુ;મિત્ર;ભાઈબંધ;દોસ્તદાર; બંધુજન; સોબતી. 3. One that resembles another in manners or traits of character:ભાઇ.*vt.*To call or treat as a brother:ભાઈ કo;ભાઇ-બંધુ સમાનગણવું.

Brother-hood, (બ્રધર્-હુડ્) *n.* The state of being a brother:ભ્રાતૃત્વ;ભાઇબંધી;ભ્રાતૃભાવ.2. An association for any purpose;fraternity: મંડળ;સભા;મંડળી; પંક્તિ સમાજ. 3.A class of individuals of the same kind,profession or occupation:એક જાતના ધંધાના માણસ;જોડે બેસનાર.

Brother-in-law,(બ્રધર્-ઇન્-લૉ)*n.*The elder brother of a husband:જેઠ.His younger brother:દિયેર.Wife's brother:સાળો.A sister's husband:બનેવી.

Brotherly, (બ્રધર્લિ) *a.* Pertaining to brothers; kind; affectionate:ભાઈનું; ભાઇના જેવું; માયાળુ;સ્નેહશીલ;મમતાળુ;બંધુયોગ્ય.

Brougham,(બ્રૅઅમ્ or બ્રૂમ)*n.*A two or four-wheeled single or double carriage for general use:બે કે ચાર પૈડાંની ઘોડાગાડી;બ્રુમ્.

Brow,(બ્રાઉ)*n.*Theprominent ridge over the eye with hairs on it:ભ્રમર;ભ્રું.2.The forehead:કપાળ;લલાટ;ભાલ.3.The general air of the countenance:મ્હોંના ચહેરાનોસામાન્યદેખાવ; મુખમુદ્રા.4.The edge of a steep place:કોર; ધાર;કાંઠો.*To knit the* b.s:ભવાંચઢાવવાં;ગુસ્સે થવું. *vt.*To bound;to limit:સીમા-હદ બાંધવી.

Brow-beat, (બ્રાઉ-બીટ્) *a.*To depress with haughty looks or arrogant speech:દબડાવવું; સપડાવવું;ડોળા કાઢી બોલવું. [રમું;નિર્લજ;નફ્ફટ.

Browless,(બ્રાઉલેસ્)*a.*Without shame:બેશ-

Brown,(બ્રાઉન્) *a.*Dusky:શામળું;ભુરૂં;બદામી.*vt.* To make brown or dusky:ભુરૂં તપખિરીયા કo.

Brownish,(બ્રાઉનિશ્)*a.*Some what brown: ભુરાશ પડતું.

Brownstudy, (બ્રાઉન્સ્ટડિ) *n.* A state of mental abstraction:સમાધિ; ધ્યાન.

Browser,(બ્રાઉઝર્)*n.*An animal that browses:સાંઠપાલો ખાનારું જનાવર.

Brain,(બ્રેઇન્)*n* A bear:રીંછ.

Bruise,(બ્રુઝ્)*vt.*To injure or crush,as bycollision of,or against,a solid body:કચરવું;ખાંડવું;છુંદવું;વાટવું-નો ચૂરો કo;ઉઝરડો થવો.2.To box: મુક્કામુક્કીકo;ઠોંસાઠોંસીકo.*n.* Aconfusion: સોજો; આમડું;ચાઠું;ઢીમચું;ચાંદુ;ઉઝરડો.

Brumal.(બ્રુમૅલ્)*a.*[L *bruma*,winter] Belonging to the winter:શિયાળુ:શિયાળાનું-સંબંધિ.

Brunette,(બ્રૂનેટ્)*n* [Fr.]A woman with a brown or dark complexion: શ્યામ-ઘઉંવરણી સ્ત્રી કળુઠા રંગની સ્ત્રી.

Brunt,(બ્રન્ટ્)*n* The utmost violence of an onset; the strength of any contention:ઝપાટો;જોર;જોસ;ધુમ;તડાકો 2. A collision: ધક્કો; આંચકો;હેલો.3.A sudden contact or engagement .ઝપાઝપી;તડાકો;ધક્કો.

Brush,(બ્રશ્)*n*.An instrument composed of bristles or other like materials used for clearing dust:કુચડો–ડી,બ્રશ;કલમ;પિંછી.2.Branches of trees lopped off:ઝાડવાં;કાપેલી ડાળીયો 3.A thicket of shrubs:બાંટવાં ઘુંગાં.4.A skirmish: ન્હાની લડાઈ;ઝપાઝપી.*vt.* To rub,clear, paint, &c ,with a brush:કુચડાથી સાફ કo-રંગ દેવો 2 To touch in passing:અડકવું; ઘસાઇને જવું *vi.* To move nimbly in haste:ચપચપ ચાલ્યા જવું.

Brushwood,(બ્રશ્ વુડ)*n*.A thicket or coppice of small trees or shrubs:ઝાડી;ઝાડવાં 2. Small branches of trees cut off:કાપેલી-મોરેલી ઝાડની ડાળીયો;કહ્વા. [બચડું;ગુચ્છાદાર.

Brushy,(બ્રશિ,)*a*.Rough;shaggy:બ્રશ જેવું ખર.

Brusque,(બ્રુસ્ક્)*a* Rude;blunt:જંગલી;અસભ્ય; તોછડું;ઉતાવળુ.

Brutal,(બ્રૂટલ્) *a*. Pertaining to a brute:પશુનું-સંબંધિ: as,b.*nature*:પશુવૃત્તિ. 2. Savage; cruel:પશુના જેવું;જંગલી;નિર્દય;ઘાતકી;નિષ્ઠુર.

Brutality,(બ્રૂટલિટિ)*n*.Quality of being brutal;inhumanity:પશુધર્મ;પશુપણું;નિર્દયતા;ક્રૂરતા.

Brutalize, (બ્રૂટૅલાઈઝ્) *vt*. To make brutal, churlish or inhuman:જંગલી-નિર્દય કo.

Brute,(બ્રૂટ્)*a*.[L.*brutus*,stupid.]Senseless; unconscious:જડ;અચેતન 2.Not possessing reason; irrational:અજ્ઞાન; ઢોર સરખું.3. Unintelligent જડબુદ્ધિનું;જનાવરજેવું.4.Bestial:પશુ. જનાવર સરખું;જાનવરી.5 Rough; uncivilized: અસભ્ય;જંગલી;મૂર્ખ.*n*.A beast:હેવાન;પશુ;જનાવર. 2.A brutal person;an unfeeling man:પશુ જેવું ઘાતકી;-અસભ્ય માણસ;દુરાચારી;કર્મચંડાળ;દૈત્ય;ખવાસ.

Brutish,(બ્રૂટિશ)*a* Savage;cruel;insensible; stupid:પશુનું-ના સમાન;જડ;મૂર્ખ;અજ્ઞાન;ક્રૂર;ઘાતકી.

Brutism.(બ્રૂટિઝ્મ)*n*.Extreme stupidity:પશુપણું;ક્રૂરતા;નિર્દયતા;અજ્ઞાનતા;મૂર્ખતા;જડતા;

Bubble,(બબલ્)*n* A small vesicle of water or other fluid:પરપોટો.2 A vain project; a false show;a cheat:અસાર;સ્વપ્નવત્ વસ્તુ;માયા; જાળ;છળપ્રપંચ; છળયુક્ત યોજના. *vi*. To rise in bubbles:પરપોટા થવા.3.To run with a gurgling noise:ખળખળ વેહેવું.*vt*.To cheat:ઠગવું;છેતરવું

Bubbler,(બબ્લર્)*n*.One who cheats:ઠગારો; ઠગ;ધૂતારો.

Bubby.(બબિ)*n* A woman's breast:સ્તન;થાન. 2 A word applied to small boys:ભાઈ;બાપુ;કીકો.

Buccaneer-nier,(બકૅનીર્)*n*. A pirate:વહાણનો લૂટારો;ચાંચિયો.

Buck,(બક્)*n*.The male of the fellow, deer: કાળિયાર;હરણ;-of the goat:બકરો; બોકડો. 2. A gap, dashing young fellow:ફક્કડ;ફાંકડો.

Buck,(બક્)*n*.Lye in which cloth is soaked in the operation of bleaching:કપડું નિખારવાનો ખાર;ખારનું પાણી.2.A wash of clothes:નિખારેલાં કપડાં.*vt*. To sack in lye:ખારમાં નિખારવાં-બોળવાં.

Bucket,(બકેટ) *n*. A vessel for drawing up water:કોસ;બોખ;ડોલ;ડોલચી;દોણી;ચંબુ.

Bucketful,(બકેટ્ ફુલ)*n*. The quantity held by a bucket:ડોલપુર;કોસભર.

Buckish(બકિશ્)*a*.Pertaining to a gay young fellow;foppish:નખરાંબાજ;ઈશ્કી;ફાંકડું;છેલછબીલું.

Buckle,(બકલ્)*n*.[L *buccula*,a little check or mouth.]An instrument,or metal used for fastening things together:આંકડો.2. A curl,as of hair:(વાળનો)ગુચ્છો. *vt*. To fasten with a buckle:આંકડી ભેરવવી. [જાતની ઢાલ.

Buckler, (બકલર્) *n*. A kind of shield: એક

Bud,(બડ્)*n*.An undeveloped branch or flower:અંકુર;ફણગો પીલો;કળી *vi*.To put forth buds: અંકુર-ફણગો;પીલો ફુટવો;કળી બેસવી-આવવી.2. To begin to grow: ખીલવું.*vt*.To inoculate as a plant:(ઝાડને)કલમ કo-સંધાડવી.

Budge,(બજ)*vt*. To move off: ખસવું;ચાલવું.

Budgero,(બજેરો)*n*.A large Bengal pleasure boat:એક જાતની બંગાળી ક્રીડા-સહેલ કરવાની હોડી.

Budget,(બજેટ્)*n*.A bag with its contents: ભરેલો થેલો; કોશ; સંચય; સંગ્રહ.2. An annual statement:ઉપજ ખરચના અડસટ્ટાનો હિસાબ.To open *the* b.:કાયદા ઘડનાર સભાને આવક ખરચના અડસટાનો હિસાબ આપવો.

Buff,(બફ્)*n*.A sort of dressed leather prepared from the skin of the buffalo & other animals:ભેંસ વિગેરેનું સાફ કરેલું ચામડું.2.લશ્કરી ડગલો.3.આછો રાતો પીળોરંગ.4 A blow: ઠોંસો. *a*. Of the colour of buff leather: આછા રંગનું 2. Firm:દૃઢ.

Buffalo,(બફ્ફેલો)*n*. [L. *bos, bovis*, an ox.]A species of the genus Bos:પાડો *Female* b:ભેંસ.

Buffer, (બફર્) *n*. A cushion with strong springs to deaden concussion:રેલ ગાડીને દરેક ખુણે બીજી ગાડીનો ધક્કો જીરવવા રાખેલા ટેકા;ઠકરો.

Buffet,(બફેટ્)*n*.A blow with the hand:મુક્કો. 2.A violent force of winds & waves:ઝપાટો. 3.A small stool:નાનું સ્ટૂલ.*vt*.To box:મુક્કી મારવી.

Buffoon,(બફ્ફુન્)*n.*A clown; a mimic:મશ્કરો; ભાંડ.*vt.*To make ridiculous:અણુગમું કo.
Buffoonery,(બફ્ફુનરિ)*n.* Low jests:મશ્કરી.
Bug,(બગ્) *n.* An insect:માંકણ-માંકડ.
Bugbear,(બગ્બેર્)*n.* Something frightful: હાઉ.*a* Causing needless fright:ખાલી બ્હીવડાવવું
Buggy,(બગિ)*a.*Abounding with bugs:માંકણથી ભરેલું.*n.*A light one-horse chaise:ઘોડાગાડી
Bugle, (બ્યૂગલ્) *n.* A musical instrument: રણશિંગુ;રણશિંગડું;તૂરતુરાઈ.
Build,(બિલ્ડ્) *vt.* To construct:બાંધવું.*5.* To b.*castles in the air*:શેખચલ્લીના-વિચાર કo. 2. *n.* general figure:બાંધો. [કડીઓ.
Builder,(બિલ્ડર્)*n.*One who builds:બાંધનાર;
Building,(બિલ્ડિન્ગ્)*n.* The act of constructing:બાંધવાનું.2. The art of constructing: બાંધણી.3 An edifice: મકાન.
Bulb, (બલ્બ્) *n.* [L. *bulbus.*] A spheroidal body growing from a plant below the ground:કંદ.2.A name given to certain parts resembling certain bulbous roots:કાંદાના આકારના શરીરના અવયવ.B.*of a tooth*:અવાળુ.B.*of the eye*;eyeball:આંખનો ડોળો.2. ઉપસેલો ભાગ.
Bulbous,(બલ્બસ્)*a.*Having a bulb: કંદવાળું.
Bulbul,(બુલ્બુલ્)*n.*The Persian nightingale: બુલબુલ પક્ષી.
Bulge,(બલ્જ)*vi.*To swell:ઉપસી આવવું. 2. To bilge, as a ship:માં ગાબડું પડવું.
Bulimy,(બૂલિમિ)*n.* [L. *bulimus.*] A disease having a perpetual appetite for food:જેમાં ઘણી ભુખ લાગે એવો રોગ;ભસ્મરોગ.2.Voracious appetite:રાક્ષસી ભુખ.
Bulk,(બલ્ક્)*n.*Size:કદ;મહત્વ;પ્રમાણ.2.The principal portion:પ્રધાન ભાગ 3.The whole cargo of a ship when stowed:વહાણમાં ભરેલો માલ. 4.A projecting part of a shop:ઘર કે દુકાનનો આગળ પડતો ભાગ.To *break* b :માલ ઉતારવો. *To sell in* b.:ઉચ્ચક્કું વેચવું.
Bulky,(બલ્કિ)*a.* Of great size:મોટું.
Bull,(બુલ્) *n* The male of any bovine quadruped:આખલો;ગોધો; સાંઢ.2. Taurus,one of the twelve signs of the zodiac:વૃષભ(રાશિ.) 3 તેજવાળો.*a.*Of large size (used in comp. મ્હોટું.
Bull,(બુલ્) *n.* [L. *bulla*, a stamp.] The seal & briefs of the Pope: પોપના આજ્ઞા પત્ર ઉપર લગાડેલી મ્હોર છાપ.2 A letter or edict of the Pope:પોપનું આજ્ઞાપત્ર 3.A blunder:ભૂલ;ગોથુ.
Bull-baiting,(બુલ્બેટિન્ગ્)*n.*The practice of exciting bulls with dogs: કુતરાં પાસે ગોધાને લઢાવવાં તે. [terrible;a bugbear:હાઉ; બ્હાઉ.
Bull-beggar, (બુલ્બેગર્) *n.* Something
Bull-dog,(બુલ્ડૉગ્)*n.*A ferocious doghead: એક જાતનો મ્હોટા માથાવાળો કુતરો.
Bulled,(બુલ્ડ્) *a.* Swollen:સુજેલું.
Bullet, (બુલ્લેટ્) *n.* [L. *bulla*, a bubble.] A small ball of lead:બંદુકની ગોળી.
Bulletin, (બુલ્લેટિન્) *n.* [Fr.] A brief statement issued by the authority for:અમલદાર તરફથી નિકળતું સમાચાર પત્ર.૨.સમાચારની જાહેરખબર.
Bull-fly-bee,(બુલ્ફ્લાઇ-બી) *n.* A stinging insect which torments cattle:ડાંસ.
Bull-head,(બુલ્હેડ્)*n.*A kind of fish:એક જાતની માછલી.2.A stupid fellow: મૂર્ખ. 2. A small black water-insect:એક નાનું કાળા રંગનું જળચર જંતુ.
Bullion,(બુલિયન્) *n.* [L. *bulla*, a bubble.] Uncoined gold or silver:સોના રૂપાની લગડી.
Bullock, (બુલૉક્) *n.* An ox or castrated bull:બળદ.
Bull's-eye, (બુલ્ઝ્-આઈ) *n.* An oval block used for connecting rigging:વહાણનાં દોરડાંને ટેકો આપનાર લાકડાનો કટકો.2 A police man's lantern:ચોર ફાનસ.3.The centre of a target નાની ઢાલનું મધ્યબિંદુ;ગોળ ડોકા બારી;નાનું ઘડિયાળ
Bully,(બુલિ)*n.* A quarrelsome person:લડંગો *a.*Jovial;merry:આનંદી;ખુશી મિજાજી.*vt.*To insult with noise:ધાંધલ કરી સપડાવવું-અપમાન કo.
Bullying,(બુલિઇન્ગ્)*n.*The act or behaviour of a bully:ધાંધળ કરી ઉતારી પાડવું તે;ડરા-સતાવણી.
Bulwark,(બુલ્-વર્ક્)*n.*A bastion:બુરજ;કોટ.(*pl*).
Bum,(બમ્)*n.*The buttocks:ગાંડ; કુલા;ત્રગડા.
Bump, (બમ્પ્) *n.* A thump; a heavy blow: મુક્કો;ધપ્પો;ઠોંસો.2.A swelling:ઢીમણું;ગાંઠ;ગુમડુ.*vt.* To strike, with:સાથે અફાળવું;પછાડવું.
Bumper,(બમ્પર્)*n* A cup or glass filled to the brim:છલ્લોછલ ભરેલો પ્યાલો.
Bumpkin,(બમ્પ્કિન્)*n.*An awkward,rustic; a clown;a country lout.ગામડીયો;ગમાર;રોંચો.
Bun,(બન્)*n.*A small sweet cake:ચાનકી;પુરી.
Bunch,(બન્શ્)*n.* A hunch;a lump:ખુંધ;ઢેકો; ઢીમું.2 A cluster;a collection:ઝુમખું;ઝુમ;આરોસમુદાય;જથ્થો;સમૂહ.*vt.* To swell out: ખુંધ-ઢેકો નિકળવો.
Bunchy,(બન્શિ) *a* Massy: ઝુમરખાદા-વાળું. 2. Resembling a bunch;having tufts:ગુચ્છાદાર.
Bundle,(બન્ડલ્)*n* A number of things bound together;a roll:ગાંસડી.*vt.*To tie in a bundle: ગાંસડી-પોટલી બાંધવી. *vi.* To prepare for departure:જવાની-વિદાય થવાની તૈયારી કo.
Bung,(બન્ગ્) *n.* The stopper of the orifice in the bilge of a cask:પીપનો દાટો;બુચ.
Bungalow,(બન્ગૅલો)*n.* A house of a single floor:ઘર;બંગલો.
Bunghole,(બન્ગ્હોલ્)*n.* The hole or orifice

in the bilge of a cask:પીપના પેટામાંનું કાણું
Bungle,(બન્ગ્લ્) *vt.* To work in a clumsy, awkward manner: બેડોળ-ઢંગી રીતે ક૦ *n.* Inaccuracy:ઢંગ ઘડા-બલીવાર વગરનું કામ.
Bungler,(બન્ગ્લર્) *n* An awkward, unskilful workman:અનાડી વર્ણસંકર અણુકિસબી-ધ. કારીગર
Bunion,(બનિઅન્) *n*. An enlargement of the joint of the great toe:અંગુઠાના સાંધ નું ફુલવું; અંગુઠાના સાંધાપરની રસોળી.
Bunk, (બન્ક્) *n*. A wooden box used as a seat:બિછાના તથા પથારી તરીકે વપરાતી પેટી.
Bunker,(બન્કર્) *n*.A large bin or receptacle for various things:કોઠાર;મ્હોટી કોઠી.2 A sort of chest in a window:જેનું ઉઘાડેલું ઢાંકણું બેઠક તરીકે વાપરી શકાય એવી બારીમાં મુકેલી પેટી.
Bunt,(બન્ટ્) *n*.The middle part of a sail:શઢનું પેટ.*vt*. To swell out:ફુલવું.
Bunting,(બન્ટિન્ગ્) *n*.A thin woolen stuff for flags:વહાણની ધજા વાવટાનું કપડું.
Buoy.(બૉય)*n*.[L. *boja*.] A floating mark to point out the position of objects beneath the water:છછરાપાણી,ખડક વગેરે સૂચવવા માટે તરતી મુકેલી વસ્તુ *vt*. To keep afloat:તરતું રાખવું
Buoyancy,(બૉયન્સિ)*n*.Lightness: હલકાપણું.2.Cheerfulness;vivacity:ઉત્સાહ.
Buoyant,(બૉઇઅન્ટ્) *a*. Having the quality of floating in a fluid:તરતું;હલકું-ડુબે નહિ તેવું
Bur-r,(બર્) *n*.Any rough or prickly envelope of the seeds of plants:કાંટાવાળું કોટલું પડ-છોડું રહી ગએલી ધાર.(*b*)The neck left on a bullet in casting:બીબામાં પડતાં ગોળી ઉપ . રહેલી કોર 3 બાલો ટેકાવવાની નકુચી-કડી.
Burden,(બર્ડન્) *n*.(written also **burthen**.) A load:ભાર બોજો;હેલ **B** *of a favour received* આભાર **B**.*of proof*:દાવામાં મુદ્દાના સાબિત નો બોજો *vt*.To load:ભાર-બોજો-ભરવો મુકવો.
Burden, (બર્ડન્) The verse repeated in a song:ગાયનમાં વારેવારે બોલાતી ટુંક,ટેક; ધ્રુવપદ.
Burdensome,(બર્ડન્સમ્) *a*.Grievous; heavy; ઘણું ભારે;બોજા રૂપ.
Bureau,(બ્યુરો)*n*.A desk or writing table with drawers:ટેબલ;ખાનાવાળું મેજઅલમારી.2 Office where business is transacted:આફીસ ;કચેરી 3. A body of subordinate officers: ખાતુ.4. A chest of drawers:લુગડાંની પેટી.
Bureaucracy, (બ્યુરોક્રસિ) *n*. Government carried on in departments each under a chief:એકેક અમલદારના તાબામા જુદા જુદાં ખાતાના રાજ્યપદ્ધતિ. [of helmet: લડાઇના ટોપી-ટોપ.
Burganet-gonet,(બર્ગનેટ્-ગોનેટ્) *n*. A kind
Burgess, (બર્જેસ્) *n*. An inhabitant of a borough:શહેરનો વતની,2.દરબારના પ્રતિનિધી.
Burgher, (બર્ગર્) *n*. An inhabitant of a borough:શહેરનો વતની;વકીલ.
Burglar,(બર્ગ્લર્) *n*. One guilty of housebreaking by night:રાત્રે ઘર ફોડી ખાતર પાડનાર
Burglary, (બર્ગ્લરિ) *n*. A housebreaking to commit a felony:ઘર ફોડવાનો અપરાધ.
Burgo-master, (બર્ગો-માસ્ટર્) *n*. A burghmaster:કોટવાળ;એક જાતનું જળચર પક્ષી.
Burgundy, (બર્ગન્ડિ) *n*. A superior kind of wine:એક જાતનો ઉત્તમ દારૂ. [ભૂમિદાહ; દફન.
Burial, (બેરિઅલ્) *n*. The act of burying:
Burin,(બ્યુરિન્)*n*.An engraver's tool;a graver ખોદવા-કોતરવાનું હથિયાર;કોતરણી.
Burl,(બર્લ્)*n*. A knot or lump in thread or cloth:દોરાની ગાંઠ.
Burlesque,(બર્લેસ્ક્)*a*. Jocular:હાસ્યજનક. *n*. Ludicrous representation:મશ્કરી; ભરેલી નકલ ટોળ. *vt*. To turn into ridicule: હાસ્યજનક ભાષણ ક૦.
Burly,(બર્લિ)*a*. Full in figure:મ્હોટું;કદાવર;અડાબડ-જાડું;જબરૂ.2. Coarse:અસભ્ય.
Burn (બર્ન્) *vt*. To consume with fire:બાળવું; બાળીને ભસ્મ ક૦.2. To injure by fire:દઝાડવું; તપાવવું.ક૦ or:બળવું;આગ ઉઠવી-બળવી; દાઝવું;ઝાળજ્વાળા ઉઠવી; ચચણવું; દઝાડવું. 3. *To* b. *a bowl* (*Game of bowls*):(રમતમાં)દડો અનાયાસે ખસેડવો.*To* b.*one's fingers*:અણુધારી મુશીબતમાંઆવી પડવું.*vi*.To be on fire;to flame:બળવું;સળગવું;લાગવું.To be in a state of strong passion or desire:બળ્યાં ક૦;બળવું. 5. To act or rage with destructive violence:ધમધોકાર-ચાલવું. *n*. A hurt or injury caused by the action of fire:ચપકો;ડામ. [ઝરણું;નાની નદી.
Burn,(બર્ન્)*n* A small stream;a brook:વેહેળિ
Burner,(બર્નર્) *n*. A person who sets fire to anything:બાળનાર; દાહક;દાહકર્તા.
Burning,(બર્નિન્ગ્) *n*. Combustion; inflammation:ઝાળ;આગ Very hot:અતિશય ગરમ. 2. Powerful;vehement:અતિશય;જબર.
Burning-glass,(બર્નિંગ-ગ્લૅસ્)*n*.A glass for producing intense heat by converging the sun's rays to a focus:આગિયો કાચ.
Busnish, (બર્નિશ્) *vt*. To make smooth:ઓપવું.2 To render bright:તેજ મારવું ક૦.
Burnisher,(બર્નિશર્)*n*.One who burnishes; ઓપનાર;સિકલીગર.2.ઓપણી.
Burr,(બર્) *n*. (See **Bur**.) *vi*. To whisper hoarsely; to murmur:ખોખારે અવાજે બોલવું.
Burrow,(બરો)*n*.A hole in the ground made by rabbits,&c.:દર;બોડ;રાફડો.2.Any heap of weeds:કચરાનો ઢગલો.*vt*.To excavate a hole; દર-દોતર પાડવું.2.To hide:સંતાઇ જવું.

Bursar,(બર્સર્) *n.* [L. Lat. *bursa*,a purse.] A treasurer or cashkeeper: ખજાનચી. ૨ A student whom a stipend is paid:સ્કોલર-શીપ લેનાર–વિદ્યાર્થી.

Bursary,(બર્સરિ) *n.* The treasury of a college or monastery:પાઠશાળા-કિંવા મઠનો ખજાનો.

Burst,(બર્સ્ટ્)*vi.* (*imp.* & *pp.* **Burst**) To fly or break open with force:જોરથી ફાટવું 2 To rush in with violence:જોરથી અંદર ઘુસવું-જવું. 4.*vt.*To open:જોરથી તોડવું. *n.*A sudden breaking forth;a sudden explosion:ધડાકો.

Burthen,(બર્થન્)*n.*&c.(See **Burden**).

Bury,(બેરિ)*vt.*To conceal by covering:દાટવું; સંતાડવું.2.To inter with funeral ceremonies: ભૂમિદાહ કo.*To* **b**.*the hatchet*:લડાઈનાં હથિયાર મૂકી,બધું વિસારે નાખી સલાહ કo.

Burying-ground-place,(બેરિંગ્-ગ્રાઉન્ડ્-પ્લેસ્) *n.* A grave-yard,a church-yard:સ્મશાનભૂમિ;મશાણ;દખમું;કબરસ્તાન.

Bush,(બુશ્)*n.*A thicket:ઝાડી;ઝાડવાં.**B.***metal*: તાંબા અને કલાઇનું મિશ્રણ.*vi.*To support with bushes:ઝાડવાંનો ટેકો આપવો.2.To use a bush-harrowon:સમારને બદલેઝાડવું-ફેરવવું.

Bushel, (બુશેલ્) *n.* A measure,containing eight gallons:આઠ ગેલનનું માપ.2.A vessel of the capacity of a bushel:બુશલ માય એવા માપનું વાસણ.

Bushy,(બુશિ)*a* Full of branches:સઘન;ગુચ્છાદાર;જાડું.2.Full of bushes:ઝાડવાંવાળું.

Business, (બિઝિનેસ્) *n.*Employment:ધંધો; ઉદ્યમ;રોજગાર;ઉદ્યોગ;કામ.2.A mercantiletransaction:વેપાર રોજગાર;વ્યવહાર.3 Affair;transaction:કામકાજ;કામ;પ્રયોજન;કારણ.4.Duty:ફરજ; ધર્મ;કામ.

Busket,(બસ્કેટ્)*n.*A small bush:નડાની ઝાડી.

Buskin,(બસ્કિન્)*n.*A covering for the foot: ઉંચી એડીના અડધા જોડા.2.A tragedy:કરૂણારસ નાટક;કરૂણારસાત્મકબનાવ.

Busky,(બસ્કિ)*a.*Bushy;wooded:ઝાડીવાળું.

Buss,(બસ્)*n.*[L *basium*, kiss]. A kiss:માન આપવા કરેલી બચ્ચી-બોકી 2.A small vessel of from *50* to *70* tons:૫૦ થી ૭૦ ટનનું વહાણ.

Bust,(બસ્ટ્)*n.*A piece of statuary representing the head,shoulders&breast:પેટથી ઉપરના ભાગની છબી–પુતળુ-બાવલુ-૨ છાતી.

Bustle,(બસલ્)*vi.*To stir quickly:ધામધુમ-ગરબડ-ધાંધળ કo.*n.*Great stir:ધાંધળ; ધામધુમ.

Busy,(બિઝિ)*a.*Full of business:ઉદ્યોગી;મહેનતુ વ્યગ્ર સાચી;ઉદ્યમી.2. Constantly active;restless: ઉદ્યોગી; 3. Officious. ધાલમેલીયું. *vt.* To employ;to occupy:કામમાં રોકવું.

Busy-body(બિઝિ-બૉડિ)*n.*A meddling person: ધાલમેલ [illegible];ખટપટીઓ;બીજાના કામમાં માથુ મારનાર

But,(બટ્)*prep.*&*conj.*Except; besides:save;. શિવાય;[illegible];વળી;ફક્ત.2.Save that;were it not that નહોતતો; શિવાય. 3. Only: માત્ર.4 Still; however:તોપણ;છતાંપણ,પરંતુ.

Butcher, (બુચર્) *n* One whose occupation is to kill animals for food:ખાટકી; કસાઇ.*vt.* To kill as animals for food:કાપી મારી નાખવું.

Butchery, (બુચરિ) *n.* The business of a butcher:કસાઈ–ખાટકીનો ધંધો.2.Great slaughter:[illegible];વધ.3 The shambles:કસાઇવાડો.

But-end (બટ્-એન્ડ્)*n.* The blunt end of a thing:છેડાનોબુઠ્ઠો જાડો ભાગ.

Butler,(બટલર્)*n.*A servant whose principal business is to take charge of the liquors, &c:બુટલેર;સાહેબનું ખાણું પીરસનાર.

Butment,(બટ્મેન્ટ્)*n.*A buttress of an arch: ટેકો;પુસ્તો.

Butt,(બટ્)*n.* An end:છેડો;હદ;સીમા 2.A mark to be shot at:નિશાન;ચોટ;નેમ.3 The person to whom ridicule,jest.&c ,is directed:જેની મજાક-મશ્કરી-થતી હોય તે;રમકડું.4.A push:માથું; ટક્કર.5.A large cask:પીપ **B.**s& *bounds*:સીમા;સીમાડો.*vi.*2.To strike by thrusting the head forward:માથુ-ગોથુ મારવું.

Butter,(બટર્) *n.* [L. *butyrum.*] An oily, unctuous substance obtained from cream or milk by churning: માખણ; મસ્કો. *vt.* To cover or spread with butter:માખણ લગાડવું, ચોળવું *Clarified* b.:ઘી. [insect:પતંગિયું.પોપટ.

Butter-fly,(બટરફ્લાય્)*n.* A kind of winged

Butter-milk, (બટ્ટમિલ્ક્) *n.* whey: છાસ.

Buttery,(બટરિ) *a.* Having the qualities, of butter:માખણ સરખું લીસું.*n.*An apartment in which butter,milk,&c., are kept:માખણ દુધ વિગેરે રાખવાની કોટડી.

Buttock,(બટૉક્) *n.*The rump or protuberant part of the body behind:કુલો;ચગડો;થાપો.

Button,(બટન્)*n.* A knot;a small ball:બહાર પડતી ગાંઠ 2.A catch of various forms:બટન; બોરિયું.3 *vt.*To fasten with a button:બોરિયાં ઘાલવાં-ભેરવવાં.નાં બોરિયાં આવવાં.

Button-hole,(બટન-હોલ્)*n.*The hole in which button is caught:બોરિયાં ભેરવવાનું કાણું;નાકું;ગાજ

Buttress (બટ્રેસ્)*n.* A support to the exterior of a wall:ટેકો *vt.*ટેકો દેવો.

Buxom,(બક્સમ્)*a.*Yielding: આજ્ઞાધીન; નરમ; ગરીબ 2 Brisk;jolly:ચપળ;ચાલાક;રંગીલુ.

Buy,(બાઇ) *vt.* To purchase: વેચાતું લેવું. 2. To procure by a consideration,deemed worth the thing bought:થી મેળવવું-પ્રાપ્ત કo. 3. To bribe:લાંચ આપવી;ચાંપવું.*To* **b**.*off*, (*a*) to in-

fluence to compliance:મનમનાવવું; સમજાવવું. (b) *To* b.*on credit*:ઉધારે વ્હોરવું-ખરીદવું.

Buzz,(બઝ્) *vi.* To make a low, continuous humming sound:ગણગણવું;ગુણગુણ થવો.*vt.* To sound forth:ગણગણાટ કરી જણાવવું.

Buzzard,(બઝર્ડ્) *n.* [L. *buteo*, a falcon.] A bird of prey of the falcon family એક જાતનું બાજ પક્ષી 2 A blockhead;a dunce મૂર્ખ.

By,(બાઇ) *prep.* Next to:પાસે; બાજુએ 2. Near to in motion, past: આગળ-પાસે થઇને 3 Through means of;with aid of:વડે;થી;લીધે. 4.According to; after:પ્રમાણે.5.At the rate of;in measure or quantity of:ભાવે;દરથી.*By & by*;(*ad*)immediately;at once(*obs*):તરતજ; એકદમ.(b)આસ્તે આસ્તે;ધીમે ધીમે.

By-Bye,(બાઇ)*n.*A thing not directly aimed at: વચમાં મળેલી વસ્તુ. **By** the **bye,** in passing; apropos to the matter in hand: ફરતાં ફરતાં;ધીમે ધીમે.

By-corner,(બાઇકોર્નર્)*n.* A private corner: [ચોર ખુણો.

By-design end, (બાઈ-ડિઝાઈન્-એન્ડ્) *n.* An incidental purpose; secret purpose:ખાનગી કામ;સ્વાર્થ;છુપી મતલબ.

By-expenses, (બાઈ-એકસ્પેન્સીસ્) *n.* Out of way expenses:ઉપલગ ખર્ચ;ગેરવાજબી ખર્ચ.

By-gone,(બાઇ-ગૉન્)*a.* Past; gone by:ગત. *n.* A past event:ગઈ ગુજરી વાત.

By-lane, (બાઇલેન્) *n.* A private lane;one out of the usual road:આડો રસ્તો;ચોરગલી.

By-law,(બાઈ-લૉ) *n.* A local or subordinate law:પેટાકાયદો;પેટાધારો;ગામ-કસ્બાનો કાયદો.

By-name, (બાઇનેમ્) *n.* A nickname:અડક.

By-path-road way, (બાઇ-પૅથ-રોડ્-વે) *n.* A private path;an obscure way:આડો રસ્તો.

Byssine,(બાઇસિન્) [L. *byssus*, fine flax.] Made of silk:રેશમનું બનાવેલું:રેશમી

By-stander,(બાઇ-સ્ટૅન્ડર્)*n* One who stands near;a spectator:પાસે ઉભેલું-જોનાર માણસ.

By-stock-store,(બાઇ-સ્ટૉક્ સ્ટોર્) *n.*A round about estimation:અડસટો;ગણત્રી.

By-story,tale, (બાઈ સ્ટોરિ-ટેલ્) *n.* A story by the way;an incidental tale:આડકથા.

By-street, (બાઈસ્ટ્રીટ્) *n.*A separate street: અલગ રસ્તો-ગલી;ચોગલી;આડવાટ.

By-word,(બાઈ-વર્ડ્)*n.* A common saying; a proverb:કહેણી;કહેવત;દ્રષ્ટાંતાસ્પદ.

C.

C. (ક્-સ્) The 3rd letter of the English alphabet:અંગ્રેજી મૂળાક્ષરમાં ત્રીજો વર્ણ;એનો સમાન્ય બે ઉચ્ચાર છે "ક્" અને 'સ્';a,o,u,l,r,s,t.ની પૂર્વે અને છેડે એનો ક્ ઉચ્ચાર થાય છે અને,e, i, yની પૂર્વે સ્ થાય છે.ch ના ચ્,છ્ અને ષ એવા ત્રણ ઉચ્ચાર થાય છે.2. પ્રાચીન રોમને લોકમાં સોનો આંકડો.

Caaba,(કૅઍબ)*n.* The temple of Mecca: કેબા નામની મક્કામાં મસજીદ; આ નામનો મસજીદનો પથ્થર,જેની મુસલમાન લોક યાત્રા કરે છે.

Cab,(કૅબ્) *n.* A covered carriage with two or four wheels:બે ચાર પૈડાની ઘોડાગાડી.

Cabal (કૅબલ્)*n.*A number of persons united in some secret intrigue:કાવતરાંખોરની ટોળી. 2 Secret artifice;તરકટ;*vi.*To plot:કાવતરૂં ક૦.

Cabal-la,(કૅબલ-લૅ) *n.* A tradition or a mysterious kind of science among the Jews: યાહુદી લોકની ગુઢ દંતકથા.૨.ગૂઢવિદ્યા;મંત્રવિદ્યા.

Cabalistic,cal, (કૅબલિસ્ટિક્-કલ્) *a.*Containing an occult meaning;occult:મર્મિક;ગૂઢ;ગુપ્ત.

Caballer,(કૅબલર્)*n.*One who intrigues:કાવતરાંખોર;ખટપટીઓ;કારસ્તાન કરનાર;કારસ્તાની.

Cabbage,(કૅબેજ્)*n.* [L.*caput*,the head.] A culinary vegetable:કોબીજ;વિલાયતી મુળો ૨. લુગડાં વેતરનારે ચોરેલું કપડું.*vt.*To form a head in growing:કોબીજમાં ગડો બંધાવો-થવો.

Cabin,(કૅબિન્)*n.*(Fr.)A small room:નાની કોટડી.2. A cottage; hut: ઝુંપડું;છાપરી. 3. Any covered place:માંડવો;તંબુ;રાવટી.4.An apartment in a ship:વહાણમાંઉતારૂઓ સારૂ ઓરડી; ડબુસો.

Cabinet, (કૅબિનેટ્) *n.* A closet:નાની-એકાંત ઓરડી.2.A private room for holding consultations:મસલત કરવાની એકાત ઓરડી;મંત્રગૃહ. 3.The collective body of ministers of state: મંત્રિમંડળ 4.જાપતાની જગા:5.અરમારી;કબાટ.

Cabinet-council, (કૅબિનેટ્-કાઉન્સિલ્) *n.* A secret council of ministers:ખાસ મંત્રિઓની એકાંતે ભરાએલી સભા.૨.સલાહકાર મંડળ.

Cable,(કૅબલ્)*n.*[L.*captum*,a rope]A large strong rope or chain:વહાણ લંગારવાની સાંકળ; લંગર.તારનું દોરડું **C.**'s *length*:દોર જેટલી લંબાઈ; ૭૨૦ ફીટ.To *serve the* **C**.:દોરથી બાંધવું.*vt* To fasten with a c.:દોરથી બાંધવું.

Caboose,(કૅબૂસ્)*n.*[L.*kabuse*,a small room.] A cookhouse on desk:વહાણમાં રસોઈખાનું; રસોડું.

Cabriolet,(કૅબ્રિઓલે)*n.*[L.*caper*,a hegoat.]A kind of pleasure carriage:છત્રીવાળીઘોડાગાડી.

Cachexy,(કકેક્સિ) *n*,[Gr.*kakos*.bad & *exis*, state.]A depraved condition of the system:

એક જાતનો રોગ;ખરાબપ્રકૃતિ;દુઃસ્થિતભાવના.

Cack,(કૅક્)*vi*:[L.*cacao.*]To ease the body by stool:ઝાડેફરવાજવું;નેજીવનેચેન કરવું.2.ઝાડે ફરવા જવું.

Cackle,(કૅકલ્)*vt.*To make a sharp broken sound:હંસ અથવા મરઘીની પેઠે અવાજ ક૦.2.To laugh with a sharp, broken noise:*n* હીહીકરીને હસવું 2.To prattle:બકબક ક૦;લવારો ક૦;ટકટકક૦. The broken noise of a goose or hen:હંસ શબ્દ.ધ્વનિ;હંસનાદ.Idle talk:બકબ ;ટકટક;લવારો.

Cacochymy,(કૅકોચાઇમિ)*n.*[Gr *kakos*,bad & *chymos*,juice] A vitiated state of the blood:ત્રિદોષવિકાર;સન્નિપાત;દોષવિકાર.

Cacophony, (કૅકોફોનિ) *n.* [Gr. *kakos*,*bad* & *phone*,sound.]An uncouth or disagreeable sound of wood:કઠોર ઉચ્ચાર;કૂક્ષ ચ્ચાર.

Cactus,(કૅક્ટસ)*n.*A kind of prickly plant: કંટાળુથોર;શુવેર;થોર.

Cad,(કૅડ્)*n.*The conductor of an omnibus: ઓમનીબસ નામની ગાડી ચલાવનાર માણસ. 2. A messenger:કાસદ;દૂત;જાસૂદ;હલકારો;ખેપીઓ.

Cadaver,(કડૅવર્)*n.*[L *cado*,I fall.]A corpse: મડદું;શબ;લાસ;મડું.

Cadaverous, (કડૅવરસ્) *a.* Pertaining to a dead body:શબ-લાસ-મડદાનું-સંબંધી 2. Having the appearance of a dead body;pale;ghastly:મડદા જેવું;ધોળું ફક;બિહામણું.

Caddy, (કૅડિ) *n.* A small box for keeping tea:ચાહ રાખવાની પેટી-ડબ્બો.

Cade,(કેડ્)*n.*[L.*cadus* a jar.]A cask:પીપ *vt.* To nourish:પાળવું *a.*Domesticated:પાળેલું.

Cadence, (કેડેન્સ્) *n.* [L.*cado*,I fall] The sinking of the sun:(સૂર્યનું) અસ્ત-થવું તે.2. A fall of the voice in reading:વાંચતાં વાક્યને છેડે ધીટોનીચોઉતારવોતે;સ્વરપાત 3 A just proportion observed by a horse in his motion:ઘોડાની એક સરખી ચાલ.4 A pause at the end of an air:રાગને છેડે લેવાતો વિસામો.5 સાદ;અવાજ.

Cadet,(કૅડેટ્)*n.*[Fr.] (*a*)The younger of two brothers:બે ભાઈમાંનો નાનો ભાઈ.(*b*)The youngest son:નાનો પુત્ર;કનિષ્ઠ પુત્ર.2.A young man in a military school:યુદ્ધશાળાનો વિદ્યાર્થી.

Cadi,(કૅડિ)*n.*A judge in civil affairs among the Turks:ન્યાયાધીશ;કાજી;કોટવાલ.

Caduceus, (કૅડ્યૂસિઅસ્) *n.* [L.] Mercury's rod entwined by two serpents & surmounted by two wings:બુધ (ગુરુ)નો દંડ.જેની આસપાસ બે સર્પ વિંટાયેલા તથા ટોચે બેપાંખો હોયછે.

Cag,(કૅગ્)*n.*A small cask or barrel:નાનું પીપ.

Cage,(કેજ્)*n.*[L *cavea*,a cavity.]An inclosure formed of wire, twigs,etc., for confining birds or beasts:પાંજરૂ.2.A prison for criminals:પાંજરૂ.*vt.*To confine:પાંજરામાં ઘાલવું.

Cairn,(કેર્ન્)*n.*A heap of stones,erected as a sepulchral monument: કબરને બદલે કરેલો પથરાનો ઢગલો.2.A heap of stones:પથ્થરનો ઢગ-ઢગલો.ટેકરો ટેંબો; પથ્થરનું બાણ.

Caitiff,(કેટિફ્)*n* [L.*capio*, I take] A mean villain: હરામખોર માણસ; લુચ્ચો; ચંડાળ;નીચ માણસ.

Cajole,(કજોલ્)*vt.*To deceive by flattery;to coax:ફોસલાવી ખાવું;પટાવવું;સમજાવી લેવું.

Cajolement,(કજોલ્મેન્ટ્) } *n.* Coaxing language;a wheedling:પટામણું;સવાસલું;ખુશામત;મસ્કો;ફોસલામણી.
Cajolery,(કજોલરિ) }

Cake,(કેક્)*n.*A composition of flour,butter,sugar,etc., baked into a small round mass:રોટલો;રોટલી;ભાખરી;પુરી;અંગાકરી;ચાનકી;ટીકડી;ચકતીઓળ.છાણું.

Calabash,(કૅલૅબૅશ્)*n.* The fruit of the calabash-tree:દુધી;તુબડું. [દુરંગ;જેલ.

Calaboose,(કૅલૅબૂઝ્)*n.*A prison;a jail:કેદખાનું;

Calamitous,(કૅલૅમિટસ્)*a.*Miserable:દુઃખભરેલું.

Calamity,(કૅલૅમિટિ) *n.*[L. *cado*,I fall.]Any great misfortune:સંકટ;વિપત્તિ.C.*from Heaven & kings or Government*:અસ્માની-સુલતાની.

Calamus,(કૅલૅમસ્)*n.* *pl.*calami. [L.*calamus*,reed.]The Indian cane:નેતર 2.A species of medianal:ઘોડાવજ.

Calash, (કૅલૅશ્) *n* A light hooded carriage with low wheels:એકજાતનીઘોડાગાડી;ચારક;બગી.

Calcar, (કૅલ્કૅર્)*n* [L *Calcaria*,lime-kiln.] A kind of furance in use at glass manufactory:કાચના કારખાનાની ભઠ્ઠી.

Calcine,(કૅલ્સાઈન્)*vt.* [L.*Calx*,lime.] To reduce to powder by the action of heat:બાળીને રાખ ક૦;ભસ્મ ક૦.

Calciner, (કૅલ્સાઈનર્) *n.* One who or that which calcines:ભસ્મ-ખાખકરનાર;ધાતુમારનારો.

Calcuble, (કૅલ્ક્યૂબલ્) *a.* Capable of being calculated:ગણવું.ગણવું;ગણિતથી નક્કી ક૦.

Calculate, (કૅલ્ક્યૂલેટ્)*vt.*[L.*Calculus.* a pebble].To compute:ગણવું.2.To ascertain by reckoning: ગણવું, ગણિતથી નક્કી ક૦.

Calculation, (કૅલ્ક્યૂલેશન્)*n.* Computation: અજમાયશ;આંકડો;હિસાબ; ગણતરી;ગણના;ખ્યાલ.

Calculative,(કૅલ્ક્યૂલેટિવ્)*a.*Tending to calculate:હિસાબ ગણી કામ કરનારો.2.Pertaining to calculation:ગણિત્રિનું-ના સંબંધિ.

Calculous, (કૅલ્ક્યૂલસ્)*a.* Like stone:કઠણ.2. Affected with the gravel:પથરીના દરદવાળું.

Calculus, (કૅલ્ક્યૂલસ્) *n.* *pl.* Calculi. [L. *Calculus*,a pebble]Any hard concretion, formed in the bladder:પથરી.

Caldron,(કોલ્ડ્રન્)*n.*[L.*caleo*,I am warm.]A

large kettleorboiler:દેધડો;ધુણીઓ;હાંડો;તાવડો.
Calendar, (કૅલૅન્ડર્) *n.* [L. *calenarium*,an account book.]An almanac:પંચાગ.C.*month*, solar month:સૌરમાસ.
Calender,(કૅલેન્ડર્)*n.*[L.*caleo*,I am hot.] A machine orhot press, usedtopress cloths, paper, etc.:કાપડ અથવાકાગળનેદાબી-ઘુંટીને સફાઈ અથેલ આપવાનુંયંત્ર 2 Onehavingthebusiness of calendering:કુન્દીકર;અસ્તરી કરનાર;બંધારો.
Calf, (કાફ્)*n. pl.* **Calves,**The young of the cow or of the bovine genus:વાછરડો-ડી-ડું.
Calibre, (કૅલિબર્) *n.* [L.*qua,libra*,of what weight.]The weight of a gun: તોપના ગોળા તથા બંદુકનું વજન. 2. Compass of mind:ગજુ; ગુંજાસ. [meter of:વ્યાસ કાઢવો.
Calibrate,(કૅલિબ્રેટ્)*vt* To ascertain the dia·
Calico,(કૅલિકો) Plain white cloth of cotton: એક જાતનું સુતરાઉ સાદું કાપડ;છીંટ.
Calid,(કૅલિડ્)*a.*[L.*caleo*,Iam hot.] Burning; ardent:ઉષ્ણ;ગરમ.
Caligraphy, (કૅલિગ્રૅફિ)*n.*[Gr.*kalos*,beautiful & *grapho*,I write.] Fair or elegant penmanship:સુંદર લિપિ;સુંદર લેખ;કલમ
Calipers,-compasses, (કૅલિપર્ઝ,કૅલિપર્ઝ.કમ્પાસિઝ) *n. pl.* Compasses with curved legs for measuring the diameter of round bodies:ગોળ પદાર્થનું વ્યાસ માપવાનું યંત્ર.
Calix,(કૅલિક્સ્)*n.* Same as **calyx.**
Calk, (કોક્) *vt.* [Fr.] To drive oakum into the seams of a ship,to renderthem watertight:(વહાણના)સાંધામાં કાથાના છુંછા ધાલી મજબુત કરવું.*n.* A pointed iron on a horseshoe: ઘોડાની નાળનો ખીલો
Call,(કોલ્)*vt.*[L.*Calo*,I talk.] To invite:બોલાવવું.2.To give a nameto;to name:નામકહેવું.3.To utter aloud:પોકારવું;હાક મારવી. *To* **c.** *back*:રદ્દ કo.*To* **c.***for*:માગવું.*To* **c.***forth*:વાપરવું.*To* **c.***in*,(*a*)વસુલ ક·.(*b*)તેડવું.*To* **c.***off*: મન ખસેડવું *To* **c.***out*:લઢાઇ માગવી.*To* **c.** *up*:મનનજર આગળ લાવવું.*To* **c.***a spade a spade*:ખરેખરૂં કહી દેવું;કાણાને કાણો કહેવો;રોકડું પકડાવવું;ઓળખવું.*To* **c** *in question*:ને માટે શકમંદ હોવું.*vi.* To cry on:બુમ પાડવી. 2. (*at.*) To make a short visit:આવવું.3.(*on or upon*) (*a*) To make a brief visit to:મળવા જવું-આવવું.(*c*) To pray:સ્તુતિ કo;આવાહનકo;*n.*A vocal address of summons or invitation: હાક. 2 A demand;requisition:ઉઘરાણી. 3. Divine vocation:ઈશ્વરનું તેડું.4.A brief visit or stay: મુલાકાત;મેળાપ. [**graphy,**
Calligraphy, (કૅલિગ્રૅફિ) *n.* Same as **Cali·**
Calling,(કોલિન્ગ્) *p.n.*A naming:જવાબ મેળવવા માટે દરેક સભાસદનાં નામ બોલી જવાં તે.2. Occupation:ધંધો:ઉદ્યમ;રોજગાર.
Callous,(કૅલસ્)*a.*[L *callus*, hard.] Hardened:કઠણ.2.Unfeeling;insensible:કઠોર;કઠણ.
Callow, (કૅલો) *a.* [.*calxus*,bald.]Destitute of feathers;naked:પિંછાવગરનું;પિંછારહિત;બોડું.
Calm,(કામ્)*a.*Serene;quiet:સ્થિર;શાંત. 2. Not agitated; tranquil: સ્વસ્થ; નિવૃત્ત. *n.* Tranquillity:સ્વસ્થતા-સ્થિરપણું.*vt.*To render quiet: શાંત પાડવું.2.To pacify:ઠંડુ પાડવું.
Calmly,(કામ્લિ)*adv* Quietly:ઠંડા મિજાસથી.
Calmness,(કામ્નસ્)*n* Quietness:સ્થિરપણું.2.
Calmy,(કામિ)*a.*See **Calm** [Sedateness:શાંતિ.
Calomel,. (કૅલોમેલ્) *n.* (Gr. *kalos*, good, & *melas*,black.)A preparation of mercury: પારાની માત્રા;રસકપુર.
Caloric,(કૅલોરિક્)*n.*[L.*caler*,heat.]The principle of heat:ઉષ્ણતા;ગરમીનું મૂળતત્વ.
Calorific, (કૅલોરિફિક્) *a.* [L. *calor*, heat & *facio*,I make.]Causing heat:ઉષ્ણતાજનક.
Calotype, (કૅલોટાઈપ્) *n* [Gr.*kalos*,beautiful, & *tupos*,type.)An invention for making pictures on paper by the agency of light: પ્રકાશથી ચિત્ર પાડવાની વિદ્યા.
Caltrop,(કૅલ્ટ્રૉપ્) *n* A genus of plants and its fruit:ગોખરૂનું ઝાડ;ગોખરૂ.
Calumba,(કૅલમ્બે)*n.*Akindof root,used as a tonic;[called also *colombo*and *calombo*]:કલમકાચલી;કોલંબો.
Calumet, (કૅલ્યૂમેટ્) *n.* [L. *calamus*, reed.] A kind of pipe,for smoking tobacco:હુક્કો.
Calumniate, (કૅલમ્નિએટ્)*vt.* [L *calvor*,I devisetricks.]Toaccusefalsely:જુઠોઆરોપમુકવો.
Calumniation, (કૅલમ્નિએશન્)*n.* Aspersion: defamation:ખોટીફજેતી;નિંદા;આળ;ચુગલીબદબોઈ.
Calumniator, (કૅલમ્નિએટર્) *n* Lampooner; backbiter:જુઠાં આળ મુકનાર-ચઢાવનાર;નિંદા-ચુગલીખોર. [લગાડે એવું;અદબોઈભરેલું.
Calumnious,(કૅલમ્નિઅસ્)*a.*Libellous: એબ.
Calumny,(કૅલમ્નિ)*n.*See Calumniation.
Calvary,(કૅલ્વરિ)*n* [L *calvus*,bald.] Aplace of skulls,and particularly the place near Jerusalem,where Christ was crucified:જેરૂસલેમની પાસે જે ટેકરી ઉપર ક્રાઈસ્ટને મારી નાંખ્યો હતો તે ટેકરી.
Calve,(કાવ્)*vi.*To bring forth a calf: વાછરડું જણવું 2.To produce offspring:વિયાવું;જણવું.
Calvinist,(કૅલ્વિનિસ્ટ્)*n.* A follower of Calvin:કેલ્વિનના મત પ્રમાણે ચાલનારો;કેલ્વિનમતવાદી.
Calx,(કૅલ્કસ્)*n.Eng.pl.***calxes**.L *pl*.**calces.** [L *calx*alimestone.] Limeofchalk:કળીચુનો; સફેતો;ધાતુનીભસ્મ;ખાખ.

Calyx,(કૅલિક્સ્) *n. Eng. pl.* **calyxes** *L.pl.* **calyces**.The outer coveringof a flower: ફુલનું હિંડું [arch on the topof a beam:કમાન

Camber,(કૅમ્બર્)*n*.[L.*camera*.a vault.] An

Cambric,(કૅમ્બ્રિક્) *n*. [L. *camaracum*.] A fine, white fabric of flax:શણનું ઝીણું કપડું.

Camel,(કૅમેલ્)*n*.[L.*camelus*.] A large quadruped in Asia & America: ઉંટ. [ખુંધો

Camel-backed,(કૅમેલ્બૅક્ડ્)*a*.Hump-backed:

Camelopard,(કૅમેલૉપં.ડ્) *n*. [L, *camelus*,& *pardlis*,the female panther.]The giraffe: જીરાફ.

Camera-obscura,(કૅમરૅ-ઑબ્સ્કયૂરૅ)*n*.An instrument in which the images of external objects are thrown on a white surface સુરજના કિરણથી છબી-ફોટોગ્રાફ પાડવાનું યંત્ર.

Camlet, (કૅમ્લેટ્) *n*. Sometimes written **Camelot**.A stuff made of silk:રેશમી.

Camp,(કૅમ્પ્)*n*.[L.*campus*,a field.]The spot on which tents of an army,etc.,are pitched:છાવણી;મુકામ;પડાવ.2.A game at ball:નાચ મીજ-લસમાં એકજાતની રમત.*vt*.મુકામ કરાવવો.*vi*. To pitch tents;to encamp:તંબુ ઠોકવા;મુકામક૦

Campaign,(કૅમ્પેન્)*n*.An open field:ખુલ્લું મેદાન.*vt*.To serve in a campaign:લઢાઇમાં જવું.

Campanology,(કૅમ્પૅનૉલૉજી) *n*. [L.*campana*,bell & Gr.*logos*,discourse.]The art of ringing bells:ઘંટ વગાડવાની વિદ્યા.

Camphor, (કૅમ્ફર્) *n*. A solid concrete fragrant substance:કપુર.

Camphorate, (કૅમ્ફરૅટ્) *vt*. To impregnate with camphor:કપુરવાળું ક૦.

Can,(કૅન્)*n*.[L.*canna*,a reed]A cup or vessel:પ્યાલો;વાડકો;કટોરો;તાંસળું; બરણી; બદનો. *vi*. To be able:શકવું.*Cannot but*:થયાવગર રહેનહીં.

Canaille,(કૅનૅલ્)*n*[L.*canis*,a dog]The vulgar હલકટ-અધમલોક.

Canakin,(કૅનૅકિન્)*n*. [Dim. of can.]A little cup:નાનો પ્યાલો-વાસણ-વાડકી-છાલીયું.

Canal,(કૅનૅલ્)*n*.[L.*canna*,a reed] An artificial water-course:પાણીની ન્હેર.

Canary,(કૅનૅરિ)*a*.[L.*canis*,a dog.] Of Canary:કૅનેરીબેટનું 2.Of a yellowish color:પીળારંગનું.

Cancel,(કૅન્સેલ્)*vt*.[L *cancello*,I strike out] To blot out:ચહેરી-છેકી-ભૂસી નાખવું;રદ્દ ક૦.2.To revoke:રદ ક૦. 3. To strike out:ઠરાડી દેવું.

Cancellation,(કૅન્સેલેશન્)*n*. A cancelling: છેકો;ચેહેરી નાખવું તે 2.The operation of striking out common factors: છેદ ઉડાડવા તે; છેદ.

Cancer,(કૅન્સર્)*n*.[L.*cancer*, crab, ulcer.] The crab: કરચલો; કાચબો. 2. A sign of the zodiac,resembling a crab:કર્કરાશિ.3. A hard tumour resembling a crab:સખતગાંઠ;નાસુર.

Cancerate,(કૅન્સરૅટ્)*vi*.To grow into cancer: નાસુર પડવું. [નાસુર-વિદ્રધિવાળું.

Cancerous,(કૅન્સરસ્)*a*.Affectedwith cancer

Candent,(કૅન્ડેન્ટ્)*a*.[L.*candeo*, I an white.] Heated to whiteness:બહુ તપાવેલું;તાપથી ધોળું થયેલું.[Frank:નિષ્કપટી.2.Impartial:નિષ્પક્ષપાતી.

Candid,(કૅન્ડિડ્)*a*. [L. *candeo*,I am white.]

Candidate,(કૅન્ડિડૅટ્)*n*.[L.*candidus*,white] One who aspires to some office:ઉમેદવાર.

Candidacy, (કૅન્ડિડૅસિ)
Candidateship, (કૅન્ડિડૅટ્શિપ્)
Candidature, (કૅન્ડિડૅટ્યૂર્) } *n* The position of a candidate:ઉમેદવારી;ઉમેદવારપણું.

Candidly,(કૅન્ડિડ્લિ)*adv*.Openly:ખુલ્લા મનથી.

Candidness,(કૅન્ડિડ્નેસ્) *n*. See **candour**.

Candle,(કૅન્ડલ્) *n*.[L *candeo*, I am white.] A cylindrical body of tallow,wax&c.,formed on a wick,for giving light:મિણબત્તિ.

Candlemas,(કૅન્ડલ્મૅસ્)*n*.A festival on the 2nd of February:ફેબ્રુઆરીની બીજી તારીખે થતો ઉત્સવ.

Candlestick,(કૅન્ડલ્સ્ટિક્)*n*.An instrument to hold candles:મિણબત્તિની શમેઈ;શમેદાન.

Candour, (કૅન્ડર્) *n*. [L. See **candid**.] Frankness; sincereness: નિખાલસપણું; દીલપાકી;સરળતા નિષ્કપટતા;નિષ્પક્ષપાતપણું.

Candy,(કૅન્ડિ) *vt*. To boil in sugar:ખાંડ પાવી. 2.-ના ગાંગળા ક૦*n* A conserve or confection of sugar: મીઠાઈ;સાકર.

Cane, (કૅન્) *n*. [L. *canna*, a reed.] Plant of several pieces:નેતરનો છોડવો; નેતર;શેલડી;2. A walking stick:સોટી; લાકડી વાંસ. *sugar*.c: શેલડી. To beat with a cane:નેતરની સોટી મારવી.2.To furnish with cane:નેતર ભરવી.

Cane-mill,(કૅનિમલ્)*n* A mill for grinding sugar-canes:શેરડી પીલવાનો કોલું;કોલ.

Caninal, (કૅનાઇનૅલ્)
Canine, (કૅનાઇન્) } *a*. [L. *canis*, a dog.] Pertaining to or having the qualities of a dog:કુતરાના જેવું.

Canister,(કૅનિસ્ટર્)*n*. [L. *canistum*,a basket.] A small basket of reeds:નેતર-વાંસની ટોપલી-છાબડી.2 A case for tea:ચાહ ભરવાની પેટી.

Canker, (કૅન્કર્) *n*. [L *cancer*, a crab.] An ulcer in a mouth: ચાંદી. 2. Anything that corrodes:સળો.3.A caterpiller: રેશમનો કીડો.*vt*. To corrode:સળી જાય-ખવાઈજાય તેવું ક૦.

Canker-worm,(કૅન્કરવર્મ)*n*.The caterpiller સળો-ઉધઇનો કીડો;ઉધઈ. [Unkind:દ્વેષી;અદેખું.

Cankery, (કૅન્કરી) *a*. Rusty: ખવાઈગએલું. 2.

Cannibal,(કૅનિબૅલ્)*n*.A man-eater;an anthropophagite:મનુષ્યાહારી.

Cannibalism,(કૅનિબૅલિઝ્મ્) *n*. The act or practice of eating human flesh;barbarity: મનુષ્યભક્ષણ.

Cannon,(કૅનન) *n*. [L. *canna*,a reed.] A large piece of ordinance;a great gun:તોપ.

Cannonade,(કૅનનેડ્)*n*. An attack with cannon:તોપનો માર. *vt*. & *vi* To attack with cannon-shot:તોપનો માર ચલાવવો.

Cannon-ball, (કૅનનબૉલ્) *n*. A ball of a cannon:તોપનો ગોળો. [cannon:ગોલંદાજ;તોપચી.

Cannoneer,(કૅનનીર્)*n*.One who manages

Canoe,(કૅનૂ)*n*. [Fr.] A boat hollowed out of the trunk of a tree:હોડકું.

Canon,(કૅનોન)*n*.[L. *canon*,a rule.] A law; rule:કાયદો.2.A rule of doctrine:ખ્રિસ્તિધર્મસભાનો ઠરાવ-ધારો. 3. The genuine books of the Holy Scriptures:ખ્રિસ્તિધર્મના અસલ ગ્રંથો. 4.A kind of musical composition:એક જાતનો રાગ 5A dignitary of the church:ખ્રિસ્તિધર્મગુરૂ

Canonic-cal,(કૅનૉનિક્ કૅલ્) *a*. According to the rule pertaining to a canon:ધારા પ્રમાણે

Canonicals,(કૅનૉનિકલ્ઝ્)*n.pl*.The full dress of the clergy:ધર્મગુરૂનો પોશાક.

Canonist,(કૅનૉનિસ્ટ્)*n*.A professor of canon law:ધર્મના કાયદામાં પ્રવીણ;ધર્મશાસ્ત્રી.

Canonize, (કૅનૉનાઈઝ્) *vt*. To enroll in the canon as a saint:સંતની પંક્તિમાં નામ દાખલ કo

Canopy, (કૅનોપિ) *n*. [L. *canopium*, sofa] A covering over the head:ચંદની; ચંદરવો.

Canorous, (કૅનૉરસ્) *a*. [L. *cano*, I sing.] Melodious:મધુર ગાયનવાળું.

Cant, (કૅન્ટ્) *vt*. [L. *Cano*, I sing.] To incline:નમાવવું.2.To jerk:આંચકો-ઠોકર મારવી. *n* An inclination from a horizontal line:વાંક.

Cant,(કૅન્ટ્)*vi*. [L. *cano*, I sing.] To speak in a whining voice: ચાપીચાપીને-ગાવાની પેઠે બોલવું.2.To sell by auction:હરાજી કo;હરાજીમાં માગણી કo તે.2.The idioms or peculiarities of speech in any profession: પરિભાષા. 3. Slang:હલકી બોલી;કુભાષા;ફરશી;સમસ્યા. *a*. Affected:હલકું;દાંભિક.

Canteen,(કૅન્ટીન) *n*. A vessel used by soldiers for carrying liquor:સિપાઇઓને દારૂ ભરવાનું વાસણ.2.(*a*)The sutler's shop in a garrison:છાવણીમાં નેસ્તીની દુકાન.(*b*)A chest:પેટી.

Canter, (કૅન્ટર્) *vi*. To move,as a horse:છારકી ચાલથી જવું. *vt*. To ride upon a canter: છાલકી ચાલથી ચલાવવું.*n*મીઠી છારકી.

Canter,(કૅન્ટર્) *n*. A beggar:ભીખારી.

Canterbury tale, (કૅન્ટર્બરિટેલ્) *n*. A fabulous story:કલ્પિત વાર્તા;કહાણી.

Canthus,(કૅન્થસ્)*n*.[Gr.*canthos*, the corner of the eye.] The corner of the eye:આંખનો ખુણો;નેત્રકોણ.

Canticle.(કૅન્ટિકલ્) *n*. [L. *cano*, I sing.] A little song:ટુંકુ ગીત;સોલોમનનું ગીત-પદ.

Canto,(કૅન્ટો)*n*. [L. *cano*, I sing.]A part or division of a poem;a book:કાવ્યનો ભાગ;સર્ગ.

Canton,(કૅન્ટૉન) *n*. A small portion of territory:તાલુકો;મહાલ;પ્રગણું.2 A small clan:નાનીટોળી.3. A small territory having a distinct government: સંસ્થાન.*vt*. To allot separate quarters:જુદો જુદો મુકામ આપવો.

Cantonment, (કૅન્ટૉન્મેન્ટ્) *n*. A part of a town assigned to a particular body of troops:છાવણી;કાંપ.

Canvas,(કૅનવૅસ્)*n*.[L. *cannabis*, hemp.] A coarse cloth made of hemp or flax:કંતાનનું જાડું લુગડું;કંતાન;ટાટ.વહાણના સઢ.

Canvass,(કૅનવૅસ્) *vt*.To scrutinize: બારીકીથી તપાસ કo 2. To go through, as a district for votes:ઠેકાણે ઠેકાણે મત ઉઘરાવવા માટે જવું.*n*. Effort:(મત) મેળવવાનો પ્રયત્ન-કોશીસ-માગણી.

Cany,(કૅનિ)*a*. Full of canes:નેતરથી ભરપુર.

Caoutchouc,(કૂચૂક્)*n*. A very elastic gum called India rubber:રબ્બર.

Cap,(કૅપ્) *n*. A covering for head:ટોપી. 2. The top:શિખર.*To set one's c for*:પરણવાના ઇરાદાથી પુરૂષની પ્રીતિ સંપાદન કરવાના ઉપાય કo. *To c. proverb*:સામા સામી ઉખાણા કહેવા.*vi*.To uncover the head:માનની ખાતર ટોપી ઉતારવી

Capability,(કેપેબિલિટિ) } *n*. Power of
Capableness,(કેપેબ્લ્નેસ્) } understanding; capacity:શક્તિ;મનશક્તિ; કાબેલિયત;મગદૂર;ગજુ.

Capable,(કેપેબલ્)*a*. [L *capio*,I take.] (*a*) Having sufficient ability:શક્તિમાન;શક્તિવાળું.2.Competent:અક્કલમંદ;કાબેલ;સમર્થ;હોશિયાર.

Capacious,(કેપેશસ્) *a*. [L. *capio*, I take.] Spacious:વિશાળ;વિસ્તીર્ણ;મોટું; ધારક.

Capacitate, (કૅપૅસિટેટ્) *vt*. To qualify; to enable:લાયક-શક્તિમાન કo.

Capacity, (કૅપૅસિટિ) *n*. [L. *capio*, I take.] Power of containing; extent of space or room:સમાવેશ કરવાની જગા;વિસ્તાર.2.Comprehensiveness of mind.ગ્રહણ-ધારણ શક્તિ.3 Ability:ગજુ.4.The solid contents of a body ઘનફળ. [over:પગથી માથા સુધી;નખશીખ;સર્વાંગે.

Capapie (કૅપૅપી)*adv*.From head to foot;all-

Caparison,(કૅપૅરિસૉન)*n*. [L *cor*,*cardis*,the heart.] The covering for the saddle;trappings:આસરવાળો સુશોભિત ધાસિઓ.2.Rich clothing: ઉમદા-ભારે પોશાક. *vt*. To cover, as a horse,with rich cloth:ઘોડા ઉપર ઉમદા ધાસીઓ નાખી શણગારવો-સજવો કo.

Cape(કેપ)*n.*[L. *caput*,the head.] A headland:અશિર. 2. The neck-piece of a cloak: ગરદન ઉપરથી લટકતું પહેરવાનું વસ્ત્ર.

Caper,(કેપર્) *vi.* [L. *caper*, a he-goat.] To spring; to dance: છલંગ મારવી; કુદવું. *n.* A skip:કુદકો.2.A Dutch privateer:ડચલોકનું લુટારૂ વહાણ.

Capias,(કેપિઍસ્)*n.*[L.Thou mayest take.] A writ to arrest a person:કેદ પકડવાનું હુકમનામું.

Capillary,(કેપિલ્લૅરિ)*a.* [L *capillus*, hair.] Resembling a hair;minute:વાળ જેવું; ઝીણું. C.*attraction*.See **Attraction**,*n.* A fine vessel:ઝીણી નળી.2.The minute vessels:ઝીણી રગો.

Capital,(કેપિટૅલ્) *a.* [L. *caput*, the head.] Pertaining to head: માથાનો. 2. Affecting the head or life:દેહાન્ત.3.Chief:શ્રેષ્ઠ. C.*letter* મોટા અક્ષર. 4. Excellent: ઉત્કૃષ્ટ; સરસ; ઉમદા; તોફુ. C. *stock*: વેપારમાં નાંખેલાં નાણાં. *n.* The head of a column: થાંભલાની મથોટી; સ્તંભશીર્ષ.Metropolis:મુખ્યશહેર;રાજધાની.3. The stock of a bank or a trading company: મુંડી.4.Influence:સત્તા;અધિકારત્વધારવાનોઉપાય.

Capitalist, (કેપિટેલિસ્ટ્) *n.* A man having large property: પુંજીવાળો. 2. A man who has a stock or capital in trade:વેપારમાંનાણાં રોકનાર;મુંડી કાઢનાર.

Capitalize, (કેપિટૅલાઇઝ્) *vt.* To convert into capital,as money: મુંડીના રૂપમાં લાવવું 2. To print in capital letters:મોટાઅક્ષરથીછાપવું

Capitally, (કેપિટેલિ) *adv.* By a capital punishment:પ્રાણાન્તશિક્ષાથી.2.Prominently: અચ્છી રીતે.

Capitation; (કેપિટેશન્) *n.* Numeration by the head:માથા દીઠ ગણત્રી.2 A poll-tax:માથાદીઠ વેરો;માથા વેરો;મુડકાવેરો.

Capitol,(કેપિટૉલ્)*n.* The temple of Jupiter, in Rome:રોમ શહેરનુંબૃહસ્પતિનું દેવળ. 2 The edificefor holding congress:રાજસભા-મંડળી ભરવાનું મકાન;ધારાસભાનું મકાન;સરકારવાડો.

Capitulate,(કેપિટ્યૂલેટ્)*vi* [L *capitulum*,a chapter.]To surrender by treaty:કોલ કરારથી વશ થવું.2.To draw up the heads of an agreement:કલમવાર લખવું.*vt.* To surrender: કરાર કરીને શરતોથી તાબે ક૦.

Capitulation, (કેપિટ્યૂલેશન્) *n.* (*a*)A reducing to heads or articles: કલમબંધિ. (*b*) Formal agreement:રીતસર ઠરાવ-બોલી;શરત

Capon, (કેપૉન્)*n.*[L.*capo*] A gelded cock: ખાસી કુકડો-મરઘો.*vt.*To castrate:ખાસી ક૦.

Caprice, (કૅપ્રીસ્) *n.* [L.*capra*, a goat.] A freak;awhim;afancy:તુરંગ;લહેર;સ્વચ્છંદ;છંદ.

Capricious, (કૅપ્રિશસ્) *a.* Whimsical; freakish:તુરંગી;ઠેકાણા વગરનું;લહેરી;સ્વચ્છંદી;ચંચળ.

Capriciousness, (કૅપ્રિશસ્નેસ્) *n.* Fickleness:લહેરીપણું;તુરંગીપણું.

Capricorn, (કૅપ્રિકૉર્ન)*n.*[L *caper*,a he-goat & *corny*,a horn.]One of the 12 singns of the zodiac:મકરરાશિ;મકર.

Capsicum, (કૅપ્સિકમ્) *n.* [L.*capsa*,box] A genus of plants producing fruits:મરચી.

Capsize (કૅપ્સાઇઝ્)*vt.* To upset or overturn: ઉંધું વાળવું:ઉથલાવી દેવું.*n.*An upset:ઉથલો.

Capstan,(કૅપ્સ્ટૅન્)*n.*[L *capistrum*, halter.] A strong column of timber:લંગરનું યંત્ર.

Capsular, (કૅપ્સ્યૂલર્) } *a.* Pertaining to or
Capsulary,(કૅપ્સ્યૂલૅરિ) } hollowlike, acapsule; શીંગસબંધી-નાજેવું; પેટીનું; પેટી-ટોટી ડાબડી જેવું-નું.

Capsule,(કૅપ્સ્યૂલ્)*n.* [L.*capsa*,a chest from *capio*,I take.]A seed-pod:બીજની શીંગ-ફળી. 2 A small saucer of clay:રસાયન પ્રયોગમાં વપરાતી એક જાતનીરકાબી.3.A metallicseatover a bottle:શીશાના દાટા ઉપર ચોડવાની ધાતુની મોહોરટોપી.4.A percussion cap:બંદુકની ટોટી.

Captain, (કૅપ્ટેન્) *n.*[L. *Caput*, the head] (*a*) A chief military officer:પલટણનો સરદાર. (*b*) A commander of a ship:વહાણનો નાખુદા; નૌકાધ્યક્ષ.

Captaincy, (કૅપ્ટેન્સિ) } *n.* The rank,
Captainship,(કૅપ્ટેન્શિપ્) } post or commission of a captain: નાયકનો હોદ્દો; સરદારી.

Captation,(કૅપ્ટેશન્)*n.* [L *capio*, I take.] The act of winning favor by flattery:ખુશામતથી મહેરબાની મેળવવી તે.

Captious, (કૅપ્શસ્) *a* [L. *capio*, I take.] Disposed to find fault:ચીડીયું;હુજતખોર.

Captivate,(કૅપ્ટિવેટ્) *vt* [L *capio*,I take.] To capture;to subdue:પકડવું. 2.To charm: મોહ પમાડવું;મોહિતક૦;-નું મન હરી-ચોરી લેવું.

Captivating,(કૅપ્ટિવેટિન્ગ) *a.* Fascinating; charming;enchanting:મોહક;મનોહર;મનમોહક

Captive, (કૅપ્ટિવ્)*a* Made prisoner: કેદી. *n.* A prisoner taken in war:લડાઈમાં પકડાએલો કેદી.

Captivity,(કૅપ્ટિવિટિ) *n.*The state of being a prisoner:કેદ;બંધન;દાસત્વ;પરવશપણું.

Captor, (કૅપ્ટર્) *n.* One who takes,as a prisoner or a prize:કેદી પકડનાર;લુંટ લેનાર.

Capture, (કૅપ્ટ્યૂર્)*n.* [L. *capio*,I take] 1. Seizure; arrest:પકડવું તે.2.Prize, taken by force:લુટથી મળેલી વસ્તુ;શિકાર;લૂંટ; જીતદ્રવ્ય.*vt.* To take by force or surprise:બળથી લેવું.

Car,(કાર્)*n* [L *carrus*,a four wheeled waggon.] A small vehicle moved on wheels:ગાડી;રથ.2.The constellation called the Bear;

સાત તારાનો ઝુમખો;સપ્તઋષિ.

Carbine, (કાર્બાઇન્) } *n.* A kind of short gun
Carabine, (કૅરૅબાઇન્) } or firearm:નાની બંદુક.

Carabineer, (કૅરૅબિનીર્) *n.* One who carries a carbine: કારબીન બંદુક રાખનાર સિપાઈ.

Carac cle, (કૅરૅક્ કલ્) *n.* [L. *carrus,* waggon.] A large ship of burden: માલ લઇ જવાનું એક જાતનું મોટું ઝાઝ.

Caracole, (કૅરૅકોલ) *n.* A half-turn which a horseman makes:ઘોડાનું આડું અવળુ ચક્કર ખાવું તે.2.A staircase in a spiral form: ભમરિયાના આકારની ગોળ નીસરણી. [તાંબડી જેવું વાસણ.

Carafe, (કૅરૅફ્) *n.* A glass water.bottle: કાચનું

Carat, (કૅરૅટ્) *n* 2.The weight of four grains: મોતી-ઝવેરાત તોલવાનો ચાર ગ્રેન બરાબર તોલ. 2. સોનાના કસમાં વપરાતો ચોવિસમો ભાગ;ચોવિસાંશકસ.

Caravan, (કૅરૅવૅન્) *n.* A company of travellers:કાફલો.2.ઢબનાવાળી મોટી ગાડી.

Caravansary, (કૅરૅવૅન્સૅરિ) } *n.*A kind of an
Caravansera, (કૅરૅવૅન્સેરૅ) } inn in the East: ધર્મશાળા;મુસાફરખાનું;પાંથશાળા;સરાઇ.

Caraway, (કૅરૅવે) *n.* [L *carlum.*]A bionnial plant of the parsley family: અજમાનો છોડ.

Carbine, (કાર્બાઇન્) *n.* See **Carabine.**

Carbon, (કાર્બોન્) *n.* [L *carbo,* coal.] Pure charcoal:કારબોન નામનો પદાર્થ,શુદ્ધ કોયલો.

Carbonaceous (કાર્બોનેશસ્) *a.*Pertaining to or containing carbon:કારબોનવાળું;કાર્બનમય.

Carbonate, (કાર્બોનેટ્) *n.*A salt formed by the union of carbonic acid with a base: ક્ષાર.

Carbonic, (કાર્બોનિક્) *a* Of,or pertaining to carbon: કારબન સંબંધી;કોલસાને લગતુ.

Carboniferous, (કાર્બોનિફ્રસ્) *a.* Producing carbon:જેમાંથી કારબન નિકળે-પેદા થાય એવું.

Carbonize, (કાર્બોનાઇઝ્) *vt.* To convert into carbon: કારબન-કોલસાના રૂપમાં લાવવું.

Carboy, (કાર્બોઇ) *n.* A large bottle inclosed in basket work:શીશો;કેરબો.

Carbuncle, (કાર્બન્કલ્) *n.* [L *carbunculus,* a small coal.] A beautiful gem of a fiery red color:માણેક;લાલ.2.A tumor:ગાંઠ;ફોલ્લો;પાઠું.

Carcanet, (કાર્કનેટ્) *n* A chain or collar of jewels: રત્નમાળા,જડાવનો હાર.

Carcass, (કાર્કસ્) *n* [Written also *carcase.*]A dead body;a corpse:શબ;મડદું;લાસ;કલેવર.

Card, (કાર્ડ્) *n.*[L *charta,*a paper.]A piece of thick paper,prepared for various uses:ગંજીફાનું પાનું;કાર્ડ.*To speak by the* **c.**પાકે પાયે કહેવું.

Card, (કાર્ડ્) *n* [L.*cardus,* thistle.]An instrument for combing & breaking wood or flax પંજેટી;કાંસકો;કાંસકી.*vt.*To comb with a card: પંજેટીથી પિંજવું-ઓળવું.

Cardamom, (કાર્ડૅમૉમ્) *n.*[L *cardamomum.*] Species of plant:એલચીનુંઝાડ;ઇલાયચી; એલચી.

Carder, (કાર્ડર્) *n.* One who cards wool: ઊન પીંજનાર.2.A gamester:પાના-ગંજીફો રમનાર.

Cardinal, (કાર્ડિનૅલ્) *a.* [L. *cardo,*a hinge.] Chief:મુખ્ય;શ્રેષ્ઠ.**C.***points*:ચાર મુખ્ય દિશાઓ;એટલે ઉત્તર,દક્ષિણ,પુર્વ,પશ્ચિમ.**C.***virtues*:ચાર સદ્ગુણ, વિવેક,ન્યાયીપણું, મિતાહારપણું અને સહન શીલતા. *n.* An ecclesiastical prince in the Rom. Cath church:રોમન કેથોલિક દેવળનો ધર્મગુરૂ.

Care, (કેર્) *n.* [L.*cura,*care.]Charge: દેખરેખ; સંભાળ.2.Solicitude:ફિકર;કાળજી;ચિન્તા.*vi.*To be-anxious or concerned:ફિકર-કાળજી-ચિન્તા રાખવી.

Career, (કરીર્) *n.* [L. *carrus,*a car.] A race-course:ઘોડદોડ; શરત દોડવાની જગા.2. General course of action:વર્તણુંક;કાર્કીર્દી;વર્તનક્રમ.

Careful, (કેર્ફુલ્) *a.* Attentive:કાળજી-ફિકરવાળું. 2. Cautious:સાવધ.3. Anxious; solicitous: ચિંતાતુર;ચિંતાયુક્ત.

Carefulness, (કેર્ ફુલનેસ્) *n.* The quality of being careful;caution:કાળજી;ફિકર;સાવધાની; ખબરદારી. [from care:બેફિકરૂં;ન ધરેલ.બેફિકર.

Careless, (કેર્લેસ્) *a.* Heedless:ગફલત.2 free

Carelessness, (કેર્લેસ્નેસ્) *n.* Inattention; thoughtlessness:બેકાળજી;બેદરકારી; બેપરવાઈ.

Caress, (કેરેસ્) *vt.*[L. *carus* dear.] To treat with affection;to fondle:પ્રીતિ બતાવવી;લાડ લડાવવાં.*n.*An act of endearment:લાડ.

Caret, (કૅરેટ્) *n.*[L.*caro,*I want.]A mark( ) which shows that something wanting in the line,is mentioned above:મોરપગલું.

Care-worn, (કેર્વોર્ન્) *a.*Vexedwithcare:ચિંતાતુર;ફિકરથીદુબળો થઈ ગએલો;ચિંતાગ્રસ્ત.

Cargo, (કાર્ગો) *n pl.***Cargoes**The freight of a ship;the goods:વહાણમાં ભરેલો માલ.

Caricature, (કૅરિકૅટ્યૂર્) *n.* [L.*carrus,* a car.] Exaggeration:અતિશયોક્તિભરેલું વર્ણન.*vt.* To representbycaricature:હાસ્યજનકવર્ણનઆપવું.

Caries, (કૅરીઝ્) } *n.* [L. *caries,*rot-
Cariosity, (કૅરિઑસિટિ) } tenness.] An ulceration of a bone:હાડકામાં સળો.

Cariole, (કૅરિઓલ્) *n.*[Fr.]A small open carriage of four wheels:ચાર પૈડાની ગાડી;બગી,

Carman, (કાર્મૅન્) *n.*A man who drives a cart or car:ગાડાવાળો;ગાડીત;રાવત;ગાડું હાંકનારો.

Carminative, (કાર્મિનેટિવ્) *a.* [L.*carmen,*a song.]Expelling windfromthebody:વાતહર.

Carmine, (કાર્માઇન્) *n.* A pigment of crimson color used by painters:કીરમજીરંગનીવડી.

Carnage, (કાર્નેજ્) *n.*[L *caro,carnis,*flesh.] The flesh of slain animal:કાપેલા-કપાયેલાપ્રાણીનું માંસ.2.Massacre:કાપાકાપી;ખુનરેજી.

Carnal,(કાર્નલ્)*a.*Pertainingtoflesh;fleshy sensual: ઇન્દ્રિયજન્ય; દૈહિક. 2. Libidinous; lustful:કામી; વિષયી; વિષયાસક્ત; આશાબદ્ધ C. *knowledge,* sexual intercourse:મૈથુન.

Carnalist,(કાર્નલિસ્ટ્)*n.*One given to sensual appetites:કામાતુર-કામીપુરૂષ;વિષયી.[વિષયાસક્તિ.

Carnality,(કાર્નલિટિ)*n.*Sensualgratification:

Carnation,(કાર્નેશન્)*n.*Flesh color.માંસનો રંગ

Caniltion,(કાર્નીલિઅન્)*n.*[L *corny,* horn.]A flesh colored stone:અકીક.

Carnival,(કાર્નિવલ્)*n* [L.*cara,* flesh&*vale,* farewell.]A festival;time of luxury:રોમન કૅથૅલિક લોકનો એક ધર્મોત્સવ.

Carnivora,(કાર્નિવૉરે)*n.pl.*[L.] An order of animals which subsist on flesh:માંસાહારી પ્રાણીઓ.

Carnivorous,(કાર્નિવૉરસ્)*a.*[L.*cara,*flesh,& *voro,*I devour.]Feeding on flesh:માંસાહારી.

Carol,(કૅરોલ્)*n.* [L.*chorus,*a choral dance.] A song of joy:આનંદ ગીત;કીર્તન; ભજન.*vt.* To celebrate in song:હર્ષના ગીત ગાવાં.*n.*A small closet to sit or read in:વાંચવાની ઓરડી.

Carousal(કૅરાઉઝલ્)*n.*A noisy drinking revelling feast:દારૂની મસ્તી ભરેલી મિજબાની.

Carouse, (કૅરાઉઝ્) *vi.* To drink hard with noisy jollity:આનંદમાં દારૂ બહુ ઢાંસવો.

Carp,(કાર્પ્)*vi.*[L.*carpo,*I pick.](*at.*)To find fault with;to cavil: ખોટી ચૂક-દોષ કાઢવા; અદેખાઈ કo:છિદ્ર કાઢવાં ખોતરણાં કાઢવાં.

Carpenter, (કાર્પેન્ટર્) *n.* [L. *carpentum,*a waggon,] One who works in timber; a builder of houses & ships:સુતાર.

Carpentry, (કાર્પેન્ટ્રિ) *n.* The trade, art or work of a carpenter:સુતાર કામ-ધંધો-હુન્નર.

Carpet, (કાર્પેટ્) *n.* [L. *carpo,* I pluck.] A heavy fabric,used as a covering for floors, etc:શેત્રંજી C.*knight*: લડાઇનાં સંકટો વેઠયા પછી આરામ અને ચેન ભોગવતો "નાઇટ."*To be on the* c.,to be under consideration: વિચાર ઉપર હોવું;પ્રસ્તુત હોવું. [ખલતો; કોથળો.

Carpet-bag,(કાર્પેટ્-બૅગ્)*n.*A travelling bag:

Carpeting, (કાર્પેટિંગ્) *n.* (*a.*) Materials for carpet:ગલીચા;શેત્રંજી બનાવવાનો સામાન.

Carping,(કાર્પિંગ્)*p.n.*Censure;cavil:ઠપકો.

Carriage,(કૅરિજ)*n.* [L.*carrus,*a car.] Burden;baggage:બોજો.2.Act of carrying:લઈ જવું તે.3.That which carries;a vehicle:ગાડી.4. Behavior:ચાલચલગત;વર્તન;આચરણ;વર્તણુક;ચાલ.

Carrier,(કૅરિઅર્)*n.* One who carries;a messenger:કાસદ;દૂત;2.A porter:મજુર;વેતરો.

Carrion,(કૅરિઓન્) *n.* [L. *caro,* flesh.] The putrefying flesh of animal:કોહેલું હરામ માંસ.

Carrot, (કૅરોટ્)*n.*A yellowish or reddish esculent root of a tapering form:ગાજર.

Carry,(કૅરિ)*vt.* To transport: એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવું.2.To impel:ઠેલવું; ધકેલવું.3. To transfer as from one column,page or book: એક જગેથી બીજી જગાએ લાવવું.4.To gain:પાર પાડવું 5 To conquer:જીતવું 6.To sustain or hold ટેકી રાખવું.7.To imply;to contain:માંહેલું:-નું લાગવું.8.To behave;to conduct: ચાલવું; વર્તવું. *To* C.*coals*:તિરસ્કાર ખમવો.*To* C.*coals to Newcastle.* to lose one's labor: ખાલી મહેનત કo; *to* C. *off*: મારી નાંખવું;-થી મરી જવું. *To* C. *on*:આગળ વધારવું.*To* C.*through,* to support: ટક્કર ઝીલવી તરવું;તરી જવું. *To* C. *out*. (*a.*) પાર પાડવું;સિદ્ધ કo.(*b*) અમલમાં લાવવું;*To* C *away*: ભાગી નાંખવું. *vi.* To convey or propel: ઠેલાવું. 2. To hold up the head:માથું ઊંચું રાખવું.*To* c *on,*to conduct in a wild manner: જંગલી રીત્યે-અણઘડ વર્તવું.

Carry-all, (કૅરિઑલ્) *n.* [*Corrupted* from *cariole*.] A light one horse vehicle of four wheels:ચાર પૈડાની એક ઘોડા ગાડી.

Cart,(કાર્ટ) *n.* [L. *carrus.*] A carriage with two wheels for heavy burden:ગાડું: ભારખરદારી ગાડું.

Cartage, (કાર્ટેજ) *n.* The act of carrying in a cart:ગાડામાં લઇજવું તે.2.The price paid for carting:ગાડાભાડું.[house:વિશીમાં ખાધાનું બીલ.

Carte,(કાર્ટ્) *n.* A bill of fare at an eating-

Carte blanche, (કાર્ટ્-બ્લૅન્શ) *n.* A blank, paper signed at the bottom,with a persons name:મતાવાળો કોરો કાગળ; કોરે કાગળ મતુ.

Cartel, (કાર્ટેલ્) *n.* An agreement between enemies for the exchange of prisoners:કેદીઓ અદલ બદલ કરવા બાબતનું શત્રુ વચ્ચેનું કરારનામું.

Carter,(કાર્ટર્) *n.* A cart driver;a teamster: ગાડીવાન;ગાડું હાંકનાર;ગાડાવાળો.

Cartoon,(કાર્ટૂન)*n.*[L.*charta,*paper.]The large thick paper on which designs are drawn for fresco subjects:ચિત્ર કાઢવાનો જાડો કાગળ.

Cartouch,(કાર્ટૂશ) *n.*[L. *charta,* paper.]A tablet for ornament, etc:ઘરેણુ ઇo મુકવાસારૂ તક્તિ.2.A case of paper holding a charge for a fire arm:બંદુકનો ટોટો;કારતુસ.તોસદાન.

Cartridge,(કાર્ટ્રિજ્)*n.*[L *charta,* a paper.] (*Mil.*) A charge of gunpowder & ball put up in paper:કારતુસ;બંદુકનો ટોટો.*Blank* c.,a cartridge without a ball;ગોળા વગરની કારતુસ.

Cartridge-paper, (કાર્ટ્રિજ્ પેપર્) *n* Thick stout paper, of which cartridges are made:કારતુસ બનાવવાનો જાડો કાગળ.

Cartwright,(કાર્ટ્રાઇટ્)*n.* An artificer who

makes carts:ગાડાં બનાવનાર સુથાર.

Carve, (કાર્વ) *vt.* To cut in a decorative manner:કોતરવું;નકશી કાઢવી.*To c.out* to plan: યોજવું *vt.*To engrave:કોતરવું;કોરવું.2 (*For*)To cut up meat:માંસ કાપી મુકવું.

Carver,(કાર્વર) *n.* A sculptor: કોતરનાર. 2 A large table knife for carving: જમતી વખતે માંસ કાપવાનો મોટો છરો.

Carving, (કાર્વિંગ) *n.* The act of engraving:નકશી કોતરવી.

Cascade,(કૅસ્કેડ)*n* [L.*cado*,I fall.]A waterfall;a small cataract:પાણીનો ધોધવો-ધોધ.

Case,(કેસ)*n.* [L. *capsa,* a chest] A covering:ઘર;ખાનું.2 A box:પેટી.*vt.* To cover with a case:ઉપર આચ્છાદાન ઢાંકણુ ઘર ક૦.

Case(કેસ)*n.* [L *cado*,I fall] State: સ્થિતિ. 2 A particular instance: દાખલો. 3. A suit in court:મુકદ્દમો;કામ.4.A change of termination,in nouns:વિભક્તિ.*In c*,In the event or contingencies;if:તેવું થાય તો;જો. *Put the c* ,suppose the event:ધારો કે;સમજો કે; માનો કે.

Case-harden,(કેસહાર્ડન)*vt.* To harden the surface of, as iron:ઉપરથી-ઉપલુ પડ કઠણ ક૦.

Case-man,(કેસ્મેન)One who works at the case;compositor:ખીબાં ગોઠવનાર;કમ્પોઝીટર.

Casement,(કેસ્મેન્ટ)*n.*[L. *cata*,a cottage.]A window sash; (*poetically*) window:બારીનું ચોકઠું;જાળીયું;બારી.

Caseous,(કેસીઅસ) *a.* [L *caseus,* cheese.] Having the qualities of cheese:પનીરજેવું-સરખું-ના ગુણવાળું.

Cash(કૅશ) *n.* [L. *capsa*,a chest.] A place where money is kept;a money box:નાણું મુકવાની જગા;તીજોરી.2 (*a*) Coin or specie;also bank notes drafts,etc:નાણું;રોકડ.*C.account*: રોકડમેળ.*C.credit*; કંઇ અવેજ રાખી બેંકે ધીરેલાં નાણાની રકમનું ચાલુ ખાતું.*vt.*.To exchange for money:નગદી નાણાં લેવાં-આપવાં.

Cash-book,(કૅશ-બૂક) *n.* A book of account of money; received & paid:રોકડ મેળ.

Cashew,(કૅશ્યુ)*n.*A tree of the West Indies bearing fruits:કાજુનું ઝાડ;કાજુ.

Cashew-nut,(કૅશ્યુનટ)*n.*A nut contained in the fruit of the cashew-tree:કાજુકળીઓ.

Cashier,(કૅશીર) *n.* A cash-keeper:સરાફ.

Cashier,(કૅશીર)*vt* [L.*cassul*,empty.]To dismiss;to discharge:કાઢી મુકવું; રજા આપવી. To dismiss with ignominy from military service:લશ્કરી કે બીજી નોકરીમાંથી ડામીસ કરી કાઢી મુકવું.

Casing,(કેસિંગ)*p.n.*The act of inclosing in or covering,with a case or substance:ચઢાવવું-લપેટવું-ઢાંકવું તે.2. A covering;a case:ગલેફ.

Cask,(કૅસ્ક)*n.*[L.*quassare*,to break.]A close vessel for containing liquors:પીપ.

Casket,(કૅસ્કેટ)*n.*A small chest for jewels: ઘરેણું વિ૦ મુકવાનો દાબડો. 2. Anything containing,or intended to contain,something highly esteemed:કંઇ પ્રિય કિંમતી ચીજ ધારણ કરનાર રાખનાર પદાર્થ.

Casque,(કૅસ્ક)*n.*[See,*cask*.]A piece of defensive armor for head;a helmet:શિરસ્ત્રાણ;ટોપ.

Cass, (કૅસ) } *vt* [L.*cassus*,empty.] To
Cassate, (કૅસેટ) } reject; to quash:રદ કરવું.

Cassia,(કૅશિઅ)*n* [L.](*a*)A genus of leguminous plants:ગરમાળો (*b*)A species of Laurus: સુવર્ણક.2.Chinese cinnamon:ચીનની તજ.

Cassino,(કૅસિનો)*n.*A game at card:એક જાતની પાનાની રમત. *Great* c.: ચોકડીનો દસ્સો. *Little* c :ફુલેવરનો દુઓ.

Cassock(કૅસૉક)*n.*[L *casa*, a cottage.] A loose gown:ઉપર પહેરવાનો ખુલ્લો ઝભો.

Cast,(કૅસ્ટ)*vt.*(*imp.& pp.* **cast.**) To fling: ફેંકવું.2.To direct or turn,as the eyes:નજર. આંખ ફેરવવી.3.To drop:નાંખવું 4.(*a*)To throw down,as in wrestling:હરાવવું.(*b*)To condemn: હલકું પાડવું.5 To throw up:ઉલ્ટું ક૦;ચણી દેવું. 6.To bring forth prematurely:અધુરે જણવું. 7.To compute:ગણવું;નક્કી ક૦.8 To contrive; to plan:યોજના ઘડવી.9. To defeat,in a lawsuit:દાવો વિરૂદ્ધ ઉતારવો ક૦.10.To overbalance: ઉલટાવી નાંખવું.11.To found:ખીબાથી ઘાટ પાડવો બનાવવો.*To c anchor*:(વહાણ)લંગરવું. *To c. a shoe*:નાળ પાડી નાંખવો.*To c.above*:વાદળથી અંધારૂં ઘોર થવું-છવાઇ જવું.*To c.down*,to deject:મનોભંગ ક૦ *To c in one's lot with*:કોઇના નસીબમાં ભાગ લેવો.*To c lots*:ચીઠીઓ નાંખવી *To c. one's self* **on** or **upon,** to yield: સામાના ખોળામાં માથુ મુકવું.*To c young*:કસુવાવડ થવી;અધુરે જણવું-જવું *To c.a nativity*:જન્માક્ષર ક૦.*To c eye on*: નજર દેખરેખ-તપાસ રાખવી.*To c the water*, to examine urine: મૂત્ર-પેશાબ તપાસવો. *vi.* To shape in a mould:ઘાટ ઉતારવો;-નો ઘાટ થવો-પડવો ઘડાવો-બંધાવો.2.To vomit:ઓકવું;નાંખવું.*n.* A throw:નાંખવું-ફેંકવું તે;પ્રક્ષેપ;ક્ષેપ. 2. The thing thrown:ફેંકેલી ચીજ-વસ્તુ-પદાર્થ.3. The act of casting in a mould:ખીબામાં પાડવું તે;(ધાતુનું) ભરત.4.Form;mien; appearance:દેખાવ;ડોળ; રૂપ.શિકલ;ચહેરો;શકોઠબ;છટા.5 A chance;opportunity:લાભ; તક; સંધિ; યોગ;પ્રસંગ.*The last c*, the last effort; the last chance:છેલ્લો દાવ.

Castanet(કૅસ્ટેનેટ)*n.*[L.*castanea*,the chestnut tree.] An instrument of two small concave shells of hard wood placed together,fastened to the thumb & beat with middle finger:મંજીરો;કરતાલ; ઝાંઝરી.

Castaway, (કૅસ્ટવે) *n* (*a*) That which is thrown away:ફેંકી દીધેલી ચીજ.(*b*) An abandoned person: તજેલો પુરૂષ. 2. A reprobate: ઇશ્વરનો વિસારેલો-છાંડેલો પુરૂષ.

Caste,(કૅસ્ટ્)*n.* [L.*castus*,pure.] A distinct hereditary order of people among the Hindoos:જ્ઞાતિ;વર્ણ;વર્ગ;જાત;ન્યાત.

Castellated. (કૅસ્ટેલેટેડ) [L. *castellum*, a fortified place.]*a.*Inclosed in a building: કિલ્લામાં પુરેલું.

Caster, (કૅસ્ટર્) *n.* One who casts: નાંખનાર. 2 A phial, used to contain condiments at the table:મસાલો રાખવાની નાની શીશી.

Castigate,(કૅસ્ટિગેટ્)*vt.*[L *castus*,pure,&*ago*, I do.]To punish by stripes:ફટકા મારવા.

Castigation, (કૅસ્ટિગેશન્) *n.* Punishment; penance:સજા;ચાબકાની શિક્ષા;શાસન.

Castigator,(કૅસ્ટિગેટર્) *n.* One who castigates or corrects:શિક્ષા-શાસન-દંડ-સજા કરનાર.

Casting-voice,(કૅસ્ટિન્ગ્-વૉઇસ્) } *n.* The **Casting-vote**,(કૅસ્ટિન્ગ્-વોટ્) } vote of a presiding officer બંને પક્ષના મત બરાબર ઉતરે ત્યારે પ્રમુખનો વધુ મત.

Cast-iron,(કૅસ્ટ્-આઇઅર્ન)*n.* Iron run from the melting furnace into pigs: જુદો જુદો સામાન બનાવવા ગાળીને પાડેલા લોઢાનાં ચોરસાં.

Castle,(કૅસલ્) *n.* [L *castrum*, a fort.] A fortress;a fortification:કિલ્લો;ગઢ.2. શેત્રંજનો હાથી. A C *in the air*; sometimes called C. *in Spain*:ગઢ.શેખશલ્લીનો મનસુબો.

Castle builder,(કૅસલ્ બિલ્ડર્) *n.* One who forms visionary schemes: શેખચલ્લી.

Cast-off,(કૅસ્ટ્ ઑફ્)*a* Laid aside:ઉતારેલાં.

Castor, (કૅસ્ટર્) *n.* The beaver: બીવર જાતનું પ્રાણી.2. A substance of strong smell & bitter taste:બીવરના પ્રાણીના આંતરડામાંથી નિકળતો એક જાતનો કડવો પદાર્થ.ફવાંટીની બનાવેલી ટોપી.

Castor and pollux,(કૅસ્ટર્ ઍન્ડ્ પૉલક્સ્) *n* An electrical phenomenon supposed to portend a cessation of storm:અશ્વિનિકુમાર.

Castor bean,(કૅસ્ટર્-બીન્)*n.*The seed of the castor oil plant:દીવેલી;એરંડાની બીજ.

Castor oil, (કૅસ્ટર્ ઑઇલ્) *n.* Oil obtained from the seeds of a plant:એરંડીઉં;દીવેલ.

Castrate,(કૅસ્ટ્રેટ્)*vt.* [L *castro*, I geld.] To deprive of testicles:ખાસી કo.

Casual,(કૅઝ્યૂઅલ્)*a* [L *cado*, I fall] Coming by chance:અણધાર્યું ઓચિંતું;સહજ;આગન્તુક.

Casually,(કૅઝ્યૂઅલિ)*adv* Fortuitously;occasionally:આકસ્મિક રીતે.દૈવયોગે;પ્રસંગે પ્રસંગે.

Casualty,(કૅઝ્યૂઅલ્ટિ)*n.*That which comes without design:ઓચિન્તો બનાવ;દૈવયોગ.2.Any injury of the body from accident:અણધારી શરીર વ્યથા;મોત;હાણ;કજા.

Casuist, (કૅઝ્યૂઇસ્ટ્) *n.* One who studies cases of conscience:દોષાદોષ-કાર્યાકાર્ય જ્ઞાતા.

Casuistry, (કૅઝ્યૂઇસ્ટ્રિ) *n.* The science of determining cases of conscience: દોષાદોષ વિવેક;કાર્યાકાર્યવિવેક જ્ઞાન.

Cat,(કૅટ)*n.*A domestic animal of the feline tribe:બિલાડી.2.Akind of ship:એક જાતનું વહાણ. 3 A tackle:લંગર ખેંચવાની ગરેડી.A C.*of nine tails*:નવ સાટાનો કોરડો *To turn a C. in a pan* સબળા પક્ષમાં ભરાઇ જવું.*To rain cats & dogs*: ખૂબ વરસવું. [Deluge: મહા જળપ્રલય.

Cataclysm,(કૅટક્લિઝમ્)*n.*[L. *cataclysmos.*]

Catacomb, (કૅટકોમ્)*n.* [Gr. *kata*, down & *kumbos*,a cavity.]A cave anciently used for the burial of the dead:મુડદાં દાટવાની ગુફા.

Catalepsy,(કૅટલેપ્સિ)*n.*[Gr.*kata*,downward & *lambano*,I seize.]A sudden suspension of the action of the senses:તત્સ્થવાયુ.

Catalogue,(કૅટલૉગ્) *n.* [Gr *kata*, & *logos*, speech.] A list or enumeration: નોંધ;યાદ; ટીપ;પત્રક *vt.* To make a list of:નોંધવું; પત્રક કરવું.

Catamenia,(કૅટમીનિઅ)*n* [Gr *kata*,back & *mens*,a month.]Menstrual discharges;menses:ઋતુ;રજ;ઓપટી.

Catamite, (કૅટમાઇટ્) *n.* [L. *catamitus.*] A boy kept for unnatural purposes;an ingle: ગાંડુ; ગાંડ મરાઉ.

Cataplasm,(કૅટપ્લૅઝમ્) *n.* [L.*cataplasma*] A poultice:પોટીસ;પ્રલેપ;ઉપચાર.

Cataract,(કૅટરૅક્ટ્)*n.*[Gr.*kata*,down & *regnuo*, I break.] A great cascade or waterfall:પાણીનો મોટો ધોધ. 2 An opacity of the crystalline lens:મોતીઓ;પડળ.

Catarrh,(કૅટાર્) *n.*[Gr.*kata*, down & *rheo*, I flow]A discharge of fluid from the mucous membrane:સલેખમ; રસ પડણી;રસ.

Catastrophe,(કૅટસ્ટ્રોફી) *n.* [Gr. *kata*, down & *strepho*,I turn.] A final event, usually of a calamitous or disastrous nature:દુઃખદાયક પરિણામ;હોનારત. [ment:વાજું-સિસોટી.

Cat call, (કૅટ્-કૉલ્) *n.* A squeaking instru-

Catch,(કૅચ્)*vt.imp.&pp* **caught**. [L.*capeo*, I take.] To lay hold on: પકડવું.2. To take captive;પકડવું;કેદ કo.3.To fasten:માં પસરવું.4. To please:રીઝવવું.5.(*a*)To take or receive: નિકળવું(*c*)To take by contagion:ને ઉડીને વળગવું. 6. To overtake: પકડી પાડવું;પકડવું. *To C. up*:ઝડપ મારવી.*To C. a Tartar*:દુશ્મનને પકડવા જતાં અવળા ફસાઇ જવું. *To C. at straws*:નકામું-ફોગટ-નિરૂપયોગી હોવું.To C *alikeness*:નકલ ઉ-

તારવી. *To* c.the *idea of*:સમજવું *n*.That by which anything is caught:પકડ;હાથો;નાકુ 2. Profit; advantage: ચોટ;લાભ; ભક્ષ. 3.Opportunity:પ્રસંગ;તાકડો. [Contagious:ઉડતો;ચેપી.

Catching,(કૅચિન્ગ્)*a*.Charming:મનોહર 2.

Catch-penny,(કૅચ્‌ પેન્નિ)*n*.Something worthless;a worthless book:પૈસા કમાવાના ઈરાદાથી લખેલું પુસ્તક.

Catch-word,(કૅચ્‌-ઉવર્ડ્)*n*.The last word of the preceding speaker:રંગભૂમીઉપરથી ગયેલા વેશધારીનો છેલ્લો બોલ.

Catechetic-cal,(કૅટીકેટિક્ કૅલ્)*a*.Relating to asking questions and receiving answers: પ્રશ્નોત્તર સંબંધી-નું-વિષે;પ્રશ્નોત્તર રૂપ.

Catechise,(કૅટીકાઇઝ્)*vt*.To instruct by asking questions and receiving answers:પ્રશ્નોત્તર કરીને-સવાલ જવાબ પૂછીને શિખવું.

Catechism,(કૅટીકિઝ્મ)*n*.A form of instruction by questions and answers:પ્રશ્નોત્તરથી શિખવવાની રીત;પ્રશ્નોત્તરાવળી. [extract:કાથો.

Catechu,(કૅટીક્યૂ)*n*.A dry,brown astringent

Categorical, (કૅટેગૉરિકૅલ્)*a*. Pertaining to category:પંક્તિ સંબંધી 2.Absolute; positive: સાફ;સ્પષ્ટ;ખુલ્લી;નિશ્ચયાત્મક;નિરપેક્ષ

Category,(કૅટીગૉરિ)*n* [L. *categoria*, an assembly]Predicament:પદાર્થ;જાત;પંક્તિ;કોટિ 2. State;condition:સ્થિતિ;હાલત;દશા; અવસ્થા.

Catenate,(કૅટીનેટ્)*vt*. [L *catena*,chain.]To connect,in a series of links;to chain:જોડવું.

Catenation,(કૅટીનેશન્)*n*. Regular connection:સંબંધ;અન્વય.

Cater,(કેટર્)*vi*. To provide food (with *for*): ખોરાક પૂરો પાડવો.*n*.[L *ad* & *capio*,I seize.]A provider:મોદી. [મોદી.

Caterer,(કેટરર)*n*. A provider: પૂરો પાડનાર;

Caterpillar, (કૅટર્‌પિલ્લર્) *n*. A kind of insect:એક જાતનો કીડો 2.એક જાતનો છોડ.

Catery,(કેટરિ)*n*.The place where provisions are deposited:ખોરાક ભરી રાખવાનો ભંડાર.

Cates,(કેટ્સ)*n.pl* Provisions: ખોરાક.

Cat-eyed (કૅટ-આઈડ્) *a*. Having eyes like a cat:માંજરૂં;માંજરી આંખવાળુ.

Cat-gut,(કૅટ્ ગટ્) *n*. A kind of a cord made from the intestines of sheep: પશુઓનાં (વિશેષે ઘેટાનાં)આતરડાંમાં બનાવેલી તાંત.

Cat-hammed,(કૅટ્-હૅમ્ડ)*a*.Bald:તાલવાળું;બોડું;

Catharist,(કૅથૅરિસ્ટ્)*n*. One who pretends to great purity:વધારે ચોખ્ખાઈ પાળવાનું-સુધડ રહેવાનું ડોળ ઘાલનાર.[Purgative:રેચક; પેટ લાવે એવું

Cathartic,(કૅથાર્ટિક્)*a*.[Gr, *katharos*,clean]

Cathedral, (કૅથીડ્રલ્) *n*. [Gr. *kata*, &*hedra*,a seat.]The principal church: બીશપનાધર્માસનવાળું મુખ્યદેવળ.

Catheter,(કૅથીટર્)*n*. [Gr *kata*,down, &*eio*,I send.]A tubular instrument to be introduced into the bladder to draw off the urine:પિશાબ કરાવવાની સળી; મૂત્રશલીકા.

Catholic,(કૅથૉલિક્) *a*. [Gr. *katholikos*, universal.]Universal:સામાન્ય.2.Liberal: ઉદાર3. Pertaining to the Roman Catholics: રોમનકૅથોલિકલે કોસંબંધી *n*.An adherent of the Roman Catholic Church:રોમન કૅથોલિકધર્મનેમાનનાર.

Catholicism,(કૅથૉલિસિઝ્મ્) } *n*. Quality of
Catholicity, (કૅથૉલિસિટિ) } being catholic: સામાન્યપણું. 2. The orthodox faith of the whole Christian church:મૂળ ખ્રિસ્તિ ધર્મ-મત 3 Liberality of sentiment: ઉદાર વિચાર.

Catholicise,(કૅથૉલિસાઇઝ્) *vt*. To become a Roman Catholic:રોમન કૅથૉલિક થવું.

Catholically,(કૅથૉલિકૅલ્લિ) *adv* Generally; universally:સામાન્ય રીતે;સાધારણ રીતે.

Catholicon,(કૅથૉલિકૉન્)*n*.[Gr *kata*,throughout & *holos*,whole.] A universal remedy: બધા દરદો ઉપર સામાન્ય ઓસડ.

Cats-paw, (કૅટસ્-પૉ) *n* Light air: આછો વા પવન 2 A dupe:ભોળો;હોળીનુ નાળિયેર;હૈયાફૂટો.

Cattle,(કૅટલ્)*n pl*.Domestic quadrupeds:ઢોર.

Cattle-show,(કૅટલ્-શૉ)*n*. An exhibition of animals:પ્રાણી ઢોરનું પ્રદર્શન.

Caudal,(કૉડૅલ્)*a* [L *cauda*,a tail.] Pertaining to a tail:પૂછડા સંબંધી-નેલગતુ.

Caudle,(કૉડલ્)*n* [L *calidus*, warm.]A kind of warm drink for sick person: માંદા માણુસને માટે કાવો-ઉકાળો-કાઢો.

Caul, (કૉલ્) *n*. A net or covering for the head:માથા ઉપર પહેરવાનો ટોપ.

Cauliflower, (કૉલિફ્લાઉઅર્) *n*. [L. *caulis*, a cabbage.]A cabbage:ફ્લાવર;કોબીજ.

Causal,(કૉઝૅલ્)*a* [L.*causalis*]Relating to a cause:કારણ સંબંધી.*n*.(*Gram.*)A word that expresses cause:જે શબ્દ કારણ બતાવેછે તે;પ્રયોજ્ય

Causality, (કૉઝૅલિટિ) *n*. The agency of a cause:કારણત્વ. 2 The supposed faculty of tracing effects to their causes:કાર્યનાંકારણ શોધવાની શક્તિ.[Expressing a cause:કારણદર્શક.

Causative,(કૉઝેટિવ)*a* [L *causa*, a cause.]

Cause, (કૉઝ્)*n*. [L. *causa*, a cause.] That which produces or effects a result:કારણ; હેતું; સબબ. 2. A suit or action in court; ground of action:મુકદ્દમો 3. The side of a question or controversy:પક્ષ *Material*.c.: સમવાયીકારણ. *Formal cause*:રીતસર બિંબનુરૂપ કારણ.*Efficient*.c.:નિમિત્ત કારણ *Final*.c.:હેતુ. *Primary* c.:બીજ.*vt*.To produce:ઉત્પન્ન-પેદા કર

Causeless, (કૅઝલેસ) *a.* Having no cause: કારણ રહિત;નિષ્કારણ;અમથું.
Causeway,(કૉઝવે) } *n.* [L. *cax* heel.] A
Causey, (કૉઝી) } way raised above the natural surface of the ground:બાંધેલો રસ્તો.
Caustic cal,(કૉસ્ટિક્‌ કલ્‌)*a.*[Gr.*kaustikos*,fr. *kaio*,I burn.]Burning:દાહક.2 Severe:સખત. *Caustic* silver:પારો.*n.*Any substance which burns or destroys the texture:દાહકઔષધ.
Cauter,(કૉટર્‌)*n.*A hot iron for searing:ડામ દેવા તપવેલું લોઢું.
Cauterization,(કૉટરાઇઝેશન્‌) *n.* The act of searing some morbid part by the application of caustic:કાસ્ટિક લગાડી બાળવું-ડામવું.
Cauterize, (કૉટરાઇઝ્‌) *vt.* To burn or sear with a cautery or caustic:કાસ્ટીકથી ડામ દેવો.
Cautery,(કૉટરિ)*n.*A burning with hot iron or by application of caustic:ડામવું તે.
Caution, (કૉશન્‌) *n.* [L. *caveo*,I take]Provident care:સાવધાની;ખબરદારી.2. Warning advice;સાવચેતી.C.*money*;જામીનગીરીમાં મુકેલા પૈસા.*vt* To warn:ભયની ચેતવણી આપવી.
Cautious,(કૉશસ્‌)*a.*Circumspect;watchful: સાવધ;હોશીયાર;સાવચેત. [સાવચેતીથી;સાવધપણે.
Cautiously,(કૉશસ્લિ)*adv.*With caution.
Cavalcade,(કૅવૅલ્કેડ્‌)*n.* [L. *cavallus*,an inferior horse.]A procession of persons on horseback:પાયગાની સ્વારી;અશ્વારોહશ્રેણી.
Cavalier,(કૅવેલિઅર્‌)*n.*A military man serving on horseback:હથિયારબંધ ઘોડેસ્વાર;'નાઇટ' *a.* Gay;easy;offhand:ફક્કડ;બાંકો;ડફાર.
Cavalierly,(કૅવેલીર્લિ)*adv.*In a disdainful manner:ગર્વિષ્ઠપણે;તોરથી;મિજાજથી.
Cavalry,(કૅવલ્‌રિ)*n.* A military force which serves on horseback:ઘોડેસ્વારની ફોજ.
Cave,(કેવ્‌)*n.*[L.*cavus*,hollow.]A den:ભોંયમાં ગુફા.C *lion*: પથરની કુદરતી સિંહાકૃતિ. *To* c *in*, to fall in and leave a hollow:ઢળી-ફસાઇ પડવું
Caveat, (કેવીઍટ)*n.* [L.*caveat*,let him beware.]A notice given not to do a certain act in a court:સામા પક્ષનો પુરાવો લીધાવગરફેંસલો નહિં આપવો એવી મતલબનો અરજ ખાસ્ત C.*emptor*, let the purchaser beware:ખરીદનારને જોઈ તપાસીને અને ગમે તો ચીજ ખરીદ કરવા માટેની ચેતવણી.
Cavern,(કૅવર્ન)*n.*[L *cavus*, hollow.] A deep hollow place;a large cave જમીનમાં ઉંડી ગુફા
Cavernous, (કૅવર્નસ્‌)*a.* Full of caverns;resembling a cavern;hollow:પોલું;પોકળ.
Cavil,(કૅવિલ્‌)*vi.*[L *cavus*,hollow.] To raise captious & frivolous objections:ખોટા નજીવા દોષ કાઢવા.*vt.*To find fault with:નો દોષ કાઢવો *n.* A false or frivolous objection:ખોટી-નકામી હરકત [reason:દોષગ્રાહી;ચુકો કાઢતું;દોષદ્રષ્ટી.
Cavilus,(કૅવિલસ્‌)*a.* Apt to object without
Cavity,(કૅવિટિ)*n.*A hollow place:પોલી જગા. 2.The state of being hollow:પોલાણ;પોલ.
Caw, (કૉ) *vi.*To cry like a crow:કાકા કરવા.*n.* The noise made by the crow:કાકા.
Cawing,(કૉઇન્ગ્‌)*p p* Crying of the crow:કા, કા,,કા;કો,કો,કો.
Cayenne-Pepper, (કેએન્‌-પેપ્પર્‌) *n.*A very pungent pepper:ઘણું તિખાંમરી.
Cazzon,(કેઝ્ઝૉન્‌)*n.*The dried dung of cattle used for fuels:છાણાં;અડાયાં.
Cease, (સીસ્‌) *vi* [L. *cedo*,I withdraw.] To come to an end:બંધ પડવું.2.To put a stop to:બંધ પાડવું. [અખંડ;નિરંતર;જાધુ;સદાકાળનું.
Ceaseless,(સીસ્‌લેસ્‌)*a.*Incessant;continual:
Ceaselessly,(સીસ્‌લેસ્લિ)*adv.*Without intermission or end:નિરંતર;જાધુ;અટકાયાવગર;સદાકાળ.
Cecity,(સીસિટી)*n.*[L.*caecus*, blind] Blindness:આંધળા હોવું તે;અંધાપો.
Cecutiency, (સીક્યૂશન્સિ) *n.* Partial blindness:ઓછું-ઝાંખું દેખાવું તે.ઝાંખ.
Cedar,(સીડર્‌)*n.* [L. *cedrus*.] The name of evergreen trees:દેવદાર ઝાડ.
Cede,(સીડ્‌)*vt.*[L. *cedo*,I give.] To yield or surrender:આપવું;છોડી દેવું;શરણ કo.[આપેલું;સોંપેલું.
Ceded, (સીડેડ્‌) *a.* Surrendered; given up:
Ceduous,(સીડ્યૂઅસ્‌)*a.*[L *caedo*,I cut down.] Fit to be felled:પાડવા-કાપવા લાયક-યોગ્ય-જેવું.
Ceil,(સીલ્‌)*vt.* [L *coelum*, vault.]To overlay: છાપરાને છત કo;થેપદેવો.
Ceiling,(સીલિન્ગ્‌) *n.* The inside lining of a room over head:છત.2.The inner planking of a vessel:વહાણનાં અંદરના ભાગમાં પાટીઆં.
Celature,(સેલૅટ્યૂર્‌)*n* [L *calare*, to engrave in relief.] The art of engraving:કોતરવાની કળા.2.That which is engraved:કોતરેલી વસ્તુ.
Celebrant,(સેલીબ્રૅન્ટ્‌) *n.* One who performs a public religious right: લોકની તરફની જાહેર ધર્મક્રિયા કરનાર.
Celebrate,(સેલીબ્રેટ્‌) *vt.* [L. *celer*, famous.] To extol in a solemn manner: સ્તુતિ-વખાણ કo 2.To observe duly:વિધિપૂર્વક કo;-નો ઉત્સવ-સમારંભ કo;as,*to* c *a marriage*:લગ્ન સમારંભ કo.
Celebrated, (સેલીબ્રેટેડ્‌) *a.* Distinguished: પ્રખ્યાત;વિખ્યાત;નામિચું;પ્રસિદ્ધ;પ્રતિષ્ઠિત.
Celebration, (સેલીબ્રેશન્‌) *n.* Commendation:સ્તવન;સ્તુતિ;કિર્તન 2. Observance:ક્રિયાકર્મથી ઉત્સવ દાખલ પાળવું તે;ઉજમણું.
Celebrity,(સેલીબ્રિટિ)*n.* Fame:ખ્યાતિ;પ્રતિષ્ઠા; નામ.2.A person of distinction:પ્રખ્યાત માણસ
Celerity,(સીલેરિટિ)*n* [L. *celer*, swift] Swift-

ness, rapidity of motion:ઝડપ;તાકીદ:ઉતાવળ.
Celestial (સીલેસ્ટિઅલ) *a.* [L. *Coelum*, heaven.] Heavenly: સ્વર્ગનું-સંબંધી. 2. A native of China:ચિનો ચિનદેશનો રહીશ C *city*,heaven વૈકુંઠ.C. *empire*, China:ચિનદેશ.
Celiac,(સીલિઍક્) *n.*Pertaining to the abdomen:પેટ-ઉદર સંબંધી-નું.
Celibacy,(સેલિબૅસિ)*n* [L *coelebus*,unmarried] The state of being unmarried:કુંવારાપણું.
Celibate, (સેલિબૅટ્) *n.* Celibacy:કુંવારાપણું. 2. One who is unmarried:કુંવારો; વાંઢો.
Celibatist, (સેલિબૅટિસ્ટ્) *n.* One who lives unmarried:કુંવારો;પરણ્યા વગરનો.
Cell, (સેલ્) *n.* [L. *celo*, I hide.] A very small and close apartment: ઘણી ન્હાની અને સાંકડી ઓરડી.2.A small religious house attached to a monastery:મઠ-ધર્મસ્થાન તાબાની એક નાની ઓરડી 5. A minute, inclosed sac:ઝીણું કાણું.ખાનું.*vt.*To place in a cell:ભોયરામાં મૂકવું
Cellar(સેલ્લર્)*n*[L.*cella*,store room.]A room under a house or other building:ભોંયરૂં.
Cellarage,(શેલ્લરેજ્) *n.* The store rooms of a cellar:ભોંયરાના ખંડ 2.ભોંયરાનું ભાડું.
Celliferous(સેલિફરસ્)*a.*[L *cella*,cell,& *fero* I bear.] Bearing cells:ભોંયરાંવાળું.
Cellular,(સેલ્યૂલર્)*a.*[L *cellula*,a little cell] Consisting of cells:છિદ્રવાળું.
Celt,(સેલ્ટ્)*n.* [L. *celtis*, a chisel.]A weapon or implement of stone or metal:વિંધણા જેવું સેલ્ટિક લોકનું ઓજાર હથિયાર.
Cellule,(સેલ્યૂલ)*n.*[L. *cellula*, dim of *cella*.] A small cell:ન્હાનું-ઝીણું કાણું-છિદ્ર;ભોંયરૂ.
Celtic,(સેલ્ટિક્)*a.*[L *celticus*] Pertaining to the Celts:સેલ્ટલોક અથવા તેમની ભાષા સંબંધિનું.*n.*સેલ્ટ લોકની ભાષા.
Celticism,(સેલ્ટિસિઝમ્) *n.* A custom of the Celts or an idiom of their language:સેલ્ટ લોકની ચાલ-રીતભાત-વહિવટ ભાષા રૂઢી.
Cement,(સીમેન્ટ્) *n*, [L. *coementum*,rough stone.] Any substance used for making bodies adhere to each other:વસ્તુઓને ચોઢનાર પદાર્થ 2.The powder used in cementation કરવામાં વપરાતો ધાતુનો ભૂકો 3 Bend of union બંધ;ગાંઠ *vt.*To unite.કોલ વીગેરેથી ચોટાડવું.2 To unite firmly:મજબુત જોડવું;ચોઢવું;સજ્જડકરવું.
Cementation,(સીમેન્ટેશન્)*n.* The act or process of cementing:અગતા પદાર્થ વડે જોડવું તે.
Cementery,(સેમેટરિ)*n.* Gr.*koimao*,I put to bed.] A grave yard:સ્મશાન;મશાણ;કબ્રસ્તુ.
Cenobite,(સીનોબાઇટ્) *n.*[Gr. *koinos*, common,& *bios*, life.]One of a relgious order dwelling in a convent:મઠવાસી,જોગી;ગોસાંઇ;બાવો;
Cerotaph,(સેનોટૅફ્)*n.*[Gr. *kenos*? empty & *taphos*, a tomb.]An empty tomb erected in honor of a person: ખાલી કબર; અન્યસ્થળે મરેલા માણસની કબર-દેવડી.
Cense, (સેન્સ્) *vt.* To perfume with odors from burning gums & spices:ધૂપ દેવો.
Censer,(સેન્સર્)*n.*A vase or a pan in which incense is burned:ધૂપદાની.લોબાનદાની;ધૂપ.
Censor,(સેન્સર્)*n.* [L *censeo*,I value.] One of two magistrates of Rome:પ્રાચીન રોમના લોકોનો એક માજીસ્ટ્રેટ.2.An examiner of books before publication:દોષ કાઢનાર;ચૂક-વાંક કાઢનાર
Censorial-censorian, (સેન્સૉરિઍલ-સેન્સૉરિઍન્) *a.* Belonging to a censor, or to the correction of public morals:' સેન્સર' નામના અધિકારી સંબંધી;લોકની નીતિ સુધારવા સંબંધી.
Censoricus,(સેન્સૉરિઅસ્)*a.*Apt to blame.દોષ વાંક કાઢવામાં પ્રવીણ;છિન્દ્રાન્વેષી. 2. Expressing censure:નિંદાયુક્ત.
Censurable,(સેન્સ્યરૅબલ્)*n* Blamable;reprehensible:ઠપકાપાત્ર;દોષપાત્ર; દૂષણીય;નિન્ધ દૂષિત.
Censure,(સેન્સ્યૂર્)*n* [L *censor*.]Blame:ઠપકો; દૂષણ.2.Judicial:ન્યાયાધીશે-ધર્માધ્યક્ષેકરેલી શિક્ષા.*vt.*To find fault with:ઠપકો દેવો.
Census,(સેન્સસ્)*n* [L.]A numbering of the peopleof:વસ્તિગણના;વસ્તિપત્ર - Anofficialregistration for the same:વસ્તિપત્રકનું રજીસ્ટર.
Cent, (સેન્ટ્) *n.* [L *centum*, hundred.] A hundred: સેંકો. 2 A coin of the United States:અમેરિકાનાયુનાઇટેડસ્ટેટ્સમાંવપરાતોસિક્કો.
Centage ,(સેન્ટેજ્)*n* Rate by the cent;percentage:સેંકડા-સેંકા સોનો ભાવ દર;ટકા.
Centaur,(સેન્ટૉર્)*n* [L.*centaurs*] A fabulous being represented as half horse:અડધો નર અને અડધો ઘોડો એવું કલ્પિત પ્રાણી.
Centenarian, (સેન્ટેનેરિઍન્) *n.* [L.*centum*, hundred, and *annus*, year.] A person hundred years old:શતાયુપુરૂષ;સોવર્ષનું માણસ.
Centenary(સેન્ટેનૅરિ)*n* [L *centum*,hundred,] The aggregate of ahundredsinglethings; સૈંકા સો 2.Thecelebrationofaneventwhich occurred a hundred years before:શતાબ્દિ.
Centennial,(સેન્ટેનિઅલ્) *a.* [L. *centum*, hundred,& *annus*,year.] Relating to the commemoration of an eventthathappened a hundred years before:સોમો વાર્ષિક દિવસ-વર્ષગાંઠ-વરસીને લગતું;શત વાર્ષિક.
Center-tre,(સેન્ટર્)*n.*[L *centrum*, centre] The middle point:મધ્યબિંદુ;મધ્યભાગ;ગર્ભ;કેન્દ્ર C *of gravity*:ગુરૂત્વ મધ્યબિંદુ C.*of gyration*:ભ્રમણસમયગતિઆકર્ષકમધ્યબિંદુ C *of inertia* એક કે વધારેજડપદાર્થનું ગુરૂત્વમધ્યબિંદુ.*vi.*To be

central:મધ્યેહોવું.2.To be concentrated:એક બિંદુમાં ભેગા થવું લક્ષ સ્થિર કo.

Centesimal, (સેન્ટેસિમૅલ્) *a.* [L. *centum*, hundred.]Hundredth;hundred:શતાંશસંબંધી.*n.*A hundredth part:સોમો ભાગ.

Centifolious,(સેન્ટિફોલિઅસ્)*a.*[L. *centum*, hundred & *folium*,a leaf]Having a hundred leaves:સોપાંદડાંવાળું.

Centigrade, (સેન્ટિગ્રેડ્) *a.* [L. *centum*,and *gradus*,degree]Graduated into a hundred divisions: સો અંશ-ભાગવાળું. **C.** *thermometer*:સોડિગ્રી(અંશ)નામાપવાળું થરમોમિટર.

Centipede. (સેન્ટિપેડ્) *n.* [L.*centum*,& pes, *pedis*,foot]A species of insect:કાનખજુરો.

Central, (સેન્ટ્રલ)*a.*[L. *centrum.*]Relating to the centre:મધ્યબિંદુનું;મધ્યનું;મધ્યગત.

Centralize. (સેન્ટ્રલાઇઝ્) *vt.* To draw to a centre point:મધ્યબિંદુમણી ખેંચવું;એકઠુંથવું કo

Centrifugal,(સેન્ટ્રિફ્યૂગૅલ્)*a.*[L*centrum*, & *fugio*,Ifly.]Tending to recede from the center: મધ્યેકેન્દ્રત્યાગી; કેન્દ્રાપગામી **C.** *force*: મધ્યબિંદુત્યાગીબળ.

Centripetal (સેન્ટ્રિપેટૅલ)*a* [L *centrum* &*peto*, I move toward.]Tending or causing to approach the center:મધ્ય-કેન્દ્રતરફ જવું-લઇજવું કેન્દ્રાભિ મુખ **C.***force*:મધ્ય-કેન્દ્રાભિ સ રી બળ.

Centrolineal,(સેન્ટ્રોલિનિઍલ્)*a* [L *centrum*, & *linea*,a line.]Converging to a centre: એકબિંદુ-કેંદ્રતરફ વળવું.

Centuple,(સેન્ટયૂપલ્)*a.*[L*centum* & *plico*, I fold.] Hundredfold: સોગણું; સોપુટ *vt.* To increasea hundred-foldસોગણુંકo;સોપુટ કo.

Centurial, (સેન્ટયૂરિઍલ્) *a.* Relating to a century:એક શદી-શતક-સૈકાને લગતું નું.

Centurion, (સેન્ટયૂરિઑન્) *n* [L. *centum*, hundred.]A captain of 100 foot-soldiers: સો સિપાઇની ટુકડીનો કપ્તાન–સરદાર.

Century,(સેન્ટયૂરિ)*n* [L.*centum*, hundred.] (*a*)Hundred.સો;શતક (*b*)An aggregate of hundred things:સો **2.** A period of a hundred years:સોવર્ષ;સૈકા;સદી;સૈંકડો.

Cephalalgic, (સીફૅલૅલ્જિક્) *a* Relating or affected with head-ache:માથાનાદુઃખસંબંધી.

Cephalalgy-gia (સીફૅલૅલ્જિ-જિઍ) *n.* [Gr. *kephale*,head & *algos*,pain.] Pain in the head;headache:માથાનું દુઃખ-દરદ.

Cephalitis, (સીફૅલિટિસ) *n* [Gr]A disease in the brain:મગજનો સોજો;મગજના રોગ.

Cephalotomy,(સીફૅલૉટૉમિ) *n.* [Gr *kephale*, & *temno*, I cut] The dissection of the head:માથાની વાઢકાપ પૃથક્કરણ.

Ceraceous, (સીરેશસ્) *a.* [L.*cera*, wax.] Wax-like;waxy:મીણ જેવું–ને મળતું.

Cerate,(સીરેટ્) *n.* [L.*cera*,wax.]A kind of ointment:મીણ-તેલ વિoનો બનાવેલો મલમ.

Cerberus (સીર્બેરસ્) *n.* [L.] A monster,in the shape of a three-headed dog:કુતરાના રૂપધારી રાક્ષસ.

Cere,(સીર્)*vt* [L *cera*,wax.] Towax;tocover or closewithwax:મીણલગાડવું–થી બંધ કo-ઢાંકવું.

Cereal(સીરીઍલ્)*a.*[L.*cerealis*, pertaing to Ceres,&hence,to agriculture.]Pertaining to edible seeds:અનાજ સંબંધિ.*n.*અનાજ.

Cerebellum, (સેરીબેલમ્) *n. pl.* **Cerebellums** or **Cerebella.**[L dim of *cerebrum*, brain.]The large lobe of the hind brain: the little brain:મગજનો પાછલો ભાગ;મસ્તિક.

Cerebral,(સેરીબ્રૅલ્)*a.* [L. *cerebrum*, brain.] Of or pertaining to the cerebrum:મગજ સંબંધિનું.*n.*મુર્દ્ધન્ય અક્ષર.

Cerebrum,(સેરીબ્રમ્)*a pl.* **Cerebra**,(*Anat.*) The seat of the reasoning faculties & the will;brain:મનોવ્યાપારસ્થાન;મગજ;ભેજું;મગજકેકલાં.

Cerecloth,(સીર્‌ક્લૉથ) *n.* A cloth smeared with melted wax:મિણીયું;ગુહરાટેલુ કપડું.

Ceremonial, (સેરીમોનિઍલ્) *a.* Relating to ceremony;ritual:કર્મ-વિધિ-ક્રિયા સંબંધી-વિષેનું **2** C remonious:રીતભાતમાં ચોકસ-માં આદરસત્કારી.

Ceremonial, (સેરીમોનિઍલ્) *n.* Outward form :ક્રિયા;વિધિ;રિવાજ **2** The book containing the rules prescribed to be observed on solemn occasions:પદ્ધતિનું પુસ્તક.

Ceremonious, (સેરીમોનિઅસ્) *a.* Consisting of outward forms. See **ceremonial,** *n.*According to prescribed or customary rules:કર્મનિષ્ટ;યથાવિધિ.

Ceremony,(સેરીમોનિ) *n.* [L.*Cceremonia*, ceremony.] Outward rite: ક્રિયા; કર્મ. **2.** Forms of civility:આદરસત્કાર;વિવેક.

Ceriferous,(સિરિફેરસ્)*a* [L.*cera*,wax & *fero* I bear.]producing wax:મીણ ઉત્પન્ન કરનારૂં.

Certain,(સર્ટેન્)*a* [L. *certus*, certain.] Assured in mind:ખાતરીવાળુ.2 Not to be doubted or denied; established as a fact:ખરૂં; ચોકસ;મુકરર.**3.** Sure to happen; inevitable: ભાવ્ય;અચૂક;નિઃસંદેહ **4.**Unfailing: રામબાણ;સચોટ **5** Fixed:નિશ્ચિત *For* **c**.,assuredly: બેશક.

Certainly, (સર્ટેનલિ) *adv.* Without doubt; unquestionably:નક્કી;નિશ્ચે;ખચિત;મુકરર;અવશ્ય.

Certainty,Certainness,(સર્ટેન્ટિ સર્ટેનનેસ્) *n.* Exemption from doubt: નિશ્ચય;ખાતરી.**2.** Clearness;lucidity:સ્પષ્ટતા,નિઃશંકતા.

Certes,(સર્ટીઝ્)*adv.*[L*certus*] Certainly; in truth;verily:નક્કી;ખચિત;મુકરર;સત્યરીતે.

Certificate,(સર્ટિફિકેટ્) A written testimony to the truth of any fact: પ્રતીતિપત્ર. 2. *Trial by* c.:સર્ટિફિકેટ આપનારની જુબાની ઉપર મુખ્ય આધાર રાખતી હોય એવી તપાસ *vt.*To verify by certificate:પ્રમાણપત્રથી ખાતરી કરી આપવી.

Certificated,(સર્ટિફિકેટેડ્) *a.* & *p.* Having a certificate: સર્ટીફીકેટવાળો; સનંદી.

Certifier,(સર્ટિફાઇઅર્) *n.*One who certifies or assures:પ્રમાણપત્ર આપનાર;ખાત્રી કરનાર.

Certify,(સર્ટિફાઇ)*vt.*[L *certus* certain,&*facio* I make.]To assure:ખાતરી કરી આપવી.2.To testify to in writing:લખિત પ્રતિજ્ઞા ક૦-થીકહેવું.

Certitude,(સર્ટિટ્યૂડ્)*n.* [L *certus.*] Assurance;certainty:ખાતરી; નિશ્ચય; નિઃસંશયપણું.

Cerulean,(સીર્યૂલીઅન્)*a* [L *cæruleeus*,dark blue.]Sky-colored;blue;azure:આસમાની;વાદળી.

Ceruse, (સીર્યૂસ્) *n* [L. *cerussa.*] White lead:સફેતો-સફેદો.2.સીસાનો દેશી કારબનમય ક્ષાર.

Cespitose,(સેસ્પિટોઝ્) *a.* [L. *cœspes*, turf.] Growing in turfs;turf-like:દેફાની આકૃતિનું.

Cess,(સેસ્)*n.*[L. *census.*] A rate or tax:વેરો; ધારો;કર *vt.*To rate:કર નાખવો.

Cessant,(સૅસેન્ટ્)*a* Inactive:ઢંઘણસી;આળસુ.

Cessation,(સેસેશન્)*n.*Stop:વિરામ.*Cessation of arms*:થોડા વખત માટે કીધેલી સલાહ.

Cessible,(સેસિબલ્)*a.* Giving way;yielding (*obs.*):નમતું;તાબે થાય એવું.

Cession,(સેશન્)*n.*[L. *cedo*, I give way.] A yielding to physical force (*obs.*):હથિયાર મુકી દેવાં તે.2. Concession: સ્વીકાર 3. A surrender,as of property or rights:સોંપાઆપી દેવું તે.

Cesspool,(સેસ્પૂલ્)*n.*Privy vault:ખાળકુવો;ટટ્ટણ.

Cestus,(સેસ્ટસ્)*n* [L.]A girdle,particularly that of Venus:(કામદેવની સ્ત્રી)રતીનો કમ્મરપટો.

Cetacea,(સીટેશીઅ)*n.pl*, [L.*cetus*, whale.] An order of the marine mammals including whales:વેલ વ૦ આંચળવાળાં દરીઆઈ પ્રાણી.

Cetaceous,(સીટેશસ્) *a.* Of or pertaining to the cetacea:મગર-મચ્છરનું-સંબંધી.

Chafe,(ચેફ્) *vt.* [L. *calidus*, hot & *facio*, I make] To excite heat: ઘસીને ઉનુ-ગરમ ક૦. 3. To fret: ચોળીને ઘસી નાખવું *vi.* To rub: ઘસાઇ જવું 2 To be vexed:ચીઢાઇ જવું.*n.* Heat excited by friction:ઘસવાથી થયેલી ગરમી.

Chafer,(ચેફર્)*n* One who chafes: (*a*) ઘસીને ઉનું કરનાર.(*b*)ચીઢવનાર 2 A vessel for heating water:ગરમ કરવાનું વાસણ. [ભમરી;ઢંઢો

Chafer,(ચેફર્)*n.*A kind of beetle:એક જાતની

Chaff,(ચૅફ્) *n.* The husks of grains:છાલાં 2 Worthless matter:કચરો.3 Straw or hay cut up fine for the food of cattle:ઘાસના પુળા-પુળો. *v.t.*To banter:મશ્કરી કરવી.[ળાક કરનાર;ઉડાવનાર.

Chafier,(ચૅફર્)*n.*One who chaffs:મશ્કરી-મ-

Chaffer,(ચૅફર્)*n.*Bargaining.વેપારની જણસ. *vi.* To bargain;to negotiate:ભાવ ઠરાવવા ભાંજગડ-સોદો ક૦.2.To buy or sell:ખરીદ ક૦;વેચવું

Chafferer,(ચૅફરર્)*n.* One who chaffers, a bargainer:માથાફોડ-સોદો કરનાર;ભાવ ઠરાવનાર.

Chaffery,(ચૅફરિ)*n.* Traffic: વેપાર;ખરીદી.

Chaffy, (ચેફિ) *a.* Abounding in or resembling chaff:છાલા-ફોતાંવાળું જેવું.

Chaffing, (ચૅફિંગ્) *n.* The act of rubbing or wearing by friction: ઘસવું-ઘસીનેઉનું કરવું તે.*C.dish*,a portable grate for coals:શઘડી.

Chagreen,(શૅગ્રીન્) *n.* (See *Shagreen.*)

Chagrin,(શૅગ્રીન્)*vt.*To excite ill humor in; ચીડવવું. 2 To be vexed or annoyed: ચીડીયા કરવાં.*n.*Mortification:રીસ;ચીડ;ગુસ્સો;ખેદ.

Chain,(ચેન્)*n.* [L *catina.*] A series of connected links or rings:સાંકળ;શેર;સાંકળી.2,That which confines,fetters; a bond: બેડી. 3. A series of things linked together: સંકળના; માળા;શ્રેણી;હાર. 4. An instrument consisting of links used in measuring land:જમીન માપવાની સાંકળ.C.*mail*:સાંકળનું બખ્તર *vt.*To enslave:બેડી જડવી-પહેરાવવી;ગુલામ ક૦.2.To unite closely and strongly:સજ્જડ અને મજબુત જોડી દેવું.3.To measure with a chain:સાંકળથી ભરવું.

Chain-bridge, (ચેન્-બ્રિજ્) *n.* A suspension bridge:સાંકળોથી લટકાવેલો પૂલ; ઝુલતો પૂલ.

Chainlet(ચેનલેટ્)*n.*A small chain:ન્હાની સાંકળ.

Chain-rule,(ચેન્ રૂલ્)*n.*(*Arith,*) A theorem for solving numerical problems by composition of ratios:સાંકળરીતિ.

Chain-shot,(ચેન્ શૉટ્)*n.* Two balls,or half balls, connected by a chain:જંજીરી ગોળો.

Chair,(ચેર્)*n* [*L.cathedra*,chair.]A movable single seat with a back:ખુરશી.2.An official seat:હોદ્દાનુ આસન.3.A sedan:નાલખી; તાવદાન C.*days*: ઘડપણનો એશઆરામનો વખત. *To put into the* c.:પ્રમુખ નિમવો *To take the* c.:સભાના પ્રમુખાસને બેસાવવું-પ્રમુખ થવું.

Chairman, (ચેર્મેન્) *n.* The presiding officer of a committee:અધ્યક્ષ;પ્રમુખ;સભાપતિ.

Chair-man ship,(ચેર્ મેન્ શિપ્)*n.*The office of a chairman: અધ્યક્ષ-પ્રમુખનો હોદ્દો.

Chaise, (શેઝ) *n.* A two-wheeled carriage: એક જાતનો બે પૈડાનો રથ.

Chalcedony,(કૅલ્સેડોનિ)*n.*[L. *chalcedonius*, Chalcedon,a town in Asia Minor.](*Min.*) An uncrystallized, translucent variety of quartz:શિવધાતુ; ચકમકનો પથ્થર.

Chalcographer-phist, (કૅલ્કૉગ્રૅફર્ કૅલ્કૉગ્રૅફિસ્ટ્)*n.*An engraver on copper and brass;

તાંબા અને પીતળના ઉપર કોતરણી કરનાર-કોતરનાર

Chalice,(ચૅલિસ્)*n*.[L *calix*] A cup especially,used in the sacrament of the Lord's supper:પ્યાલો;પંચપાત્ર;પવાલું.

Chalk,(ચૅાક્)*n* [L. *calx*, limestone.] A soft, substance consisting of carbonate of lime: સફેતો;ચાક:ખડી.*By a long* **c**.:by a long way: લાંબે રસ્તે.**C**.*drawing*:ચિત્રચલાકાથી પાડેલું ચિત્ર**C** *line*,a cord rubbed with chalk used for marking straight lines on boards:દોરી.*vt*.To rub or mark with chalk:ચાક ઘસીને નિશાન ક૦.*To* **c**. *out*,to outline:ડોળીયું કાઢવું;યોજવું.

Chalky, (ચૅાકિ) *a*. Resembling, consisting of, or containing chalk:ચાક સફેદાના જેવું.

Challenge,(ચૅલ્લેન્જ્)*n*.[L. *calumnia*, false accusation]An invitation to contest:હોડ. 2 A claim:હક 3. An exception to a juror or jurors: પંચમાંનો ફલાણો શખ્સ નહિ જોઇએ એવી હરકત લેવાનો કેદીનો કે પક્ષકારનો હક-દાવો.**C**.*to the array*:જુરીમાં બોલાવેલા સઘળાઓ માટે વાંધો લેવો તે.**C**.*to the polls*,નિમેલા પૈકી કોઇ એક કે વધારે જ્યુરર(પંચ)ના સંબંધમાં વાંધો ઉઠાવવો તે.*vt* To call to a contest of any kind;to defy: હોડ બકવી 2.To blame:ઠપકો દેવો દોષ-આળ મુકવું. 3.To take exception to:વાંધો ઉઠાવવો.5.To object to:ન જોઈએ એમ કહેવું;સામે પડવું.6.To object as not qualified to vote:'વોટ'-મત આપવા નાલાયક છે એવી હરકત લેવી.*vi*.To assert a right:હક બતાવવો-થી માગવું.

Chalybean, (કૅલિબીન્) *a*. [L *chalybs*,steel.] Pertaining to chalybes,an ancient people of Pontus in Asia Minor:લોઢાનું કામ કરવામાં કુશળતા ધરાવનાર કેલીબીસ લોકનું-સંબંધી.

Cham,(કૅમ્)*n*.The sovereign prince of Tartary:તાતાર દેશનોશાહજાદો.

Chamber, (ચૅમ્બર્) *n*. [L *camera*,vault.] A retired room:એકાંત-આરામ લેવાની કોટડી 2 *pl*. Apartments:ખંડ.3.(*a*)A hall:સભાગૃહ.4.An assembly:સભા.5.A room or rooms where a judge transacts such official business as may be done out of court;જજ્જ-ન્યાયાધિશને પરચુરણ સરકારી કામ કરવા માટે બેસવાનો ઓરડો.**C**. *of commerce*:એકવેપારીમંડળ.**C**.*council*:ગુપ્તમંડળ.*To sit at* **c** *s*, to do business in chambers,as a judge:(જજ્જે)ચેમ્બરમાં કામ ક૦.

Chamber-counsel, (ચૅમ્બર્-કાઉનસેલ્) *n*. A counsellor who gives his opinion in private:ખાનગી સલાહકારી વકીલ.

Chamber-lain, (ચૅમ્બરલૅન્) *n*. [L.*camera*.] An attendant who has the charge of the chambers:ઓરડાઓનો-મંડળનો અધિપતિ; (*b*) in Europe one of the high officers of a court:કોર્ટનો ઉપરી અધિકારી; કોઠીવાળો. 2. A treasurer of public money:સરકારી ખજાનચી.

Chamber-lye,(ચૅમ્બર્-લાઈ)*n*.Urine:મૂતર.

Chamber-maid, (ચૅમ્બર્-મૅડ્) *n* A woman who has the care of chambers:ચાકરડી;દાસી.

Chamber practice, (ચૅમ્બર્-પ્રૅક્ટિસ્) *n*. The practice of counsellors at law,who give their opinion in private:ખાનગીમાં કાયદાની સલાહ.

Chameleon. (કૅમીલીઑન્) *n*. [Gr.*chamai*, creeping&*leon*,lion.] A reptile:કાંકીડો;કાચંડો.

Chamfer, (ચૅમ્ફર્) *vt*. To cut a groove or channel in:ખાંચણ-નીક કાઢી કાપવું.

Chamfret, (ચૅમ્ફ્રેટ્) *n*. A small gutter of furrow:ખાંચણ;નીક;નેર.

Champ,(ચૅમ્પ્)*vt*. [L *campus*,field.] To bite with the teeth:બરડ બરડ ચાવવું.

Champagne,(શૅમ્પેન્)*n*.Light wine of several kinds:જુદી જુદી જાતનો ફુલદારૂ;શૅમ્પેનદારૂ.

Champaign શૅમ્પેન્)*n*.A flat,open country મોટું-ખુલ્લુંમેદાન. *a*. Flat:સપાટ.

Champion,(ચૅમ્પિઑન્)*n*. [L. *campus*, the field.]A defender:બીજાની તરફથી લઢનાર;વીરપુરૂષ;યોદ્ધો.*vt*.To challenge:દ્વન્દ્વયુદ્ધ કરવા બોલાવવું

Chance,(ચૅન્સ્)*n* [L *cado*,I fall.] Fortune: કિસમત;નસીબ 2.An accident:અચાનક બનાવ. 3.A possibility;likelihood:બનવાનો જોગ;સંભવ;સંભાવના;તાકડો.4.Probability: સંભાવ્યતા. *To mind one's* **c** s:દરેક તક-પ્રસંગનો લાભ લેવો *adv By* chance:દૈવયોગે. *vi*. દૈવ જોગે બનવું-થવું.

Chancel,(ચૅન્સેલ્)*n* [L. *cancelli*, lattices.] That part of a church,where the altar or communion table is placed:યજ્ઞદેવી.**C**.*aisle*: યજ્ઞદેવી આસપાસનો સભા મંડપ.

Chancellor,(ચૅન્સેલર્)*n*. [L.*cancelli*,lattices.]A judicial officer:ન્યાય કોરટનો મુખ્ય ન્યાયાધીશ.**C**.*of a University*:કોલેજનો અધ્યક્ષ.*Lord high* **c** of *England*:રાજ્યમાં મોટામાંમોટો ન્યાયાધશ

Chancery, (ચૅન્સેરિ) *n*. In England formerly the highest court of judicature:પેહેલાંની -પાર્લામેન્ટથી ઉતરતી સદરઅદાલત.

Chancre,(શૅન્કર્)*n*.[Fr.]A venereal sore or cancer:સ્ત્રી સંભોગથી થતી ચાંદી-ચાઠું,

Chandelier, (શૅન્ડીલીર્) *n*. A frame with branches to hold a number of lights:ઝુમર; (દિવાનું)ઝાડ.

Chandler,(ચૅન્ડ્લર્)*n*.[L*candela*,'a candle.] A maker or seller of candles: મિણબત્તિ બનાવનાર વેચનાર.

Chandlery-Chandry, (ચૅન્ડ્લરિ-ચૅન્ડ્રિ) *n*. Commodities of chandler:વેપારીની વેપારની ચીજો

Chanfrin, (શૅનફ્રિન્) *n*. The forepart of a horse's head:ઘોડાના માથાનો આગલો-કપાળનો ભાગ

Change,(ચેન્જ્)*vt* [L, c mbo, I exchange.] To alter:બદલવું 2 To exchange:અદલબદલ કo. *To c.a horse*: ઘોડાનું માથું ડાબા જમણી ફેરવવું. *To c.hands*,to change owners:ધણી-માલિક બદલવા *vi*.To be altered:બદલાવું.*n*.Any variation:ફેરફાર;ફેર;અદલાબદલી.2 A passing from one phase to another:અવસ્થાન્તર;રૂપાન્તર 3 Small money:પરચુરણ;પૈસો,ખુરદો.

Changeable (ચેન્જબલ્) *a*. Capable of changes:બદલાય એવું 2.Appearing different [વાળું.

Changeful,(ચેન્જ્-ફુલ) *a*. Inconstant:ફેરફાર

Changeless, (ચેન્જલેસ્) *a*. Not admitting alteration:દૃઢ;સ્થિર;અચર.

Changeling. (ચેન્જ્લિન્ગ્) *n*. A child left or taken in the place of another:બીજાને બદલે લીધેલું-મુકેલું છોકરૂં.2 Inconstant:ચપળ.

Changer (ચેન્જર્) *n*.One who changes the form of anything:કોઇ પણ પદાર્થ-ચીજનું રૂપ બદલનાર.2 One who deals in money:શરાફ.

Channel,(ચેનેલ્)*n*. [L. *cana*,a pipe.] The hollow bed where a stream of water runs: નેહેર:નાળું:વહેળો;નીક:કાંસ. 2 A strait:ખાડી. 3 That through which anything passes:રસ્તો:માર્ગ;વાટ *vt*. To groove:ખાંચણ પાડવી.કાંસ-નેહેરનીક ખોદવી 2. To course through:ખાડીકાંસમાં વહેવું.

Chant,(ચેન્ટ્)*vt*.& *vi*. [L *cano*, I sing.] To sing:ગાવું.2 To sing after:ગાવું.*vi*. To sing: રાગ ખેંચવો.*To c horses*:ના ગુણ ગાવા.*n* Song:રાગ.

Chanter,(ચેન્ટર્)*n*.A singer: ગવૈયા; ગાંધર્વ.

Chantress,(ચેન્ટ્રેસ્)*n*. A female chanter or singer:ગાનારી;ગાનારી સ્ત્રી.

Chantry,(ચેન્ટ્રિ)*n*.An endowment for the chanting of masses:કીર્તન કરવાની જગા

Chaos,(કેઑસ્)*n* [Gr *chaos*,fr.*cha*,to yawn.] An empty,immeasurable space:અગાધ ઉંડી જગ્યા;ખાઈ 2 Confusion: ખીચડો;ધાંધલમેલ;ઘોટાળો

Chaotic,(કેઑટિક્)*a* Resembling chaos;confused:અસ્ત વ્યસ્ત;વેરણખેરણ અવ્યવસ્થિત.

Chap.(ચેપ) *vt*. To split:ચીરવું. To strike:મારવું:ઠોકવું.*vi*.To crack or open in long slits: ફાટવું;ચીરાવું;તડ પડવી 2. To rap:ચોલ મારવી. *n* A cleft:તડ.2.A blow:લપડાક.

Chap,(ચેપ)*n*. One of the jaws:જડબું; ડાચું.

Chap, (ચેપ) *n*. A youth: જુવાન પુરૂષ. 2. A buyer:ખરીદનાર.

Chape,(ચેપ) *n*. [L *cappa*.] The catch of anything:અટકણ. 2. The transverse guard of a sword or dagger: તરવાની મુઠ.

Chapel, (ચૅપેલ્) *n*. A subordinate place of worship:ન્હાનું મંદિર;દેવળ.2.A choir of singers:ગાનારાઓની ટોળી.

Chaperon,(શૅપેરૉન્) *n* A hood or cap:સાધુનો ટોપ.2.A device placed on the foreheads of horses: ઘોડાઓના કપાળ ઉપર કરવામાં આવતું નિશાન.3. A matron:આધેડ સ્ત્રી.

Chap fallen,(ચૅપફૉલન્) *a* Dejected: ઉદાસ; મ્હો ઉતરેલું-ઝુરમા વિનાનું [has a chapel:પાદરી

Chaplain,(ચૅપ્લેન્) *n*. An ecclesiastic who

Chaplet,(ચૅપ્લેટ્)*n*. A garland or wreath to be worn on the head: માથે પહેરવાની ફુલની વાડી;માળા.

Chapman,(ચૅપ્મૅન્) *n*. *pl*. **chapmen**, [L. *ceapian*, to buy.] A purchaser:વેચનાર 2. A peddlar:ફેરીઓ.

Chapter,(ચૅપ્ટર્)*n* [L.*caput*, head.]A division of a book:પ્રકરણ;અધ્યાય; પર્વ;સ્કંધ;બાળ. (*a*)An assembly of monks:ધર્મોપદેશકોની મંડળી.(*b*)A business meeting:કામ કરવાને માટે મળેલી સભા 3 An organized branch of some society:કોઈ સમાજની શાખા.4 A chapter house મઠ;મંદિર;દેવળ.*vt*.To censure:સુધારવું:ઠપકો દેવો.

Char,(ચંર્)*n*.Work done by day:છુટક-ઉધડું કામ.*vt*.To perform;to do:કરવું. 2. To hew: પથ્થર ઉપર કોતરી ઘાટ કાઢવો.

Char,(ચાંર્)*vt*.To burn or reduce to coal or carbon:બાળીને કોયલો કo.

Character.(કૅરૅક્ટર્)*n* [Gr.*charassin*,to engrave]A letter:અક્ષર;હરફ; 2 A handwriting:લખવાની અથવા છાપવાની રીત-પદ્ધતિ હરફ;વર્ણ, લીપિ 3.Distinguishing qualities:વિશેષ ગુણ. 4.Moral quality:સદ્ગુણ;શીલ;ચરિત્ર.5.Quality:યોગ્યતા.6 The estimate of a person આબરૂ. શાખ 7. A certificate:આબરૂ-પત્ર;સરટિફિકેટ. 8. One of the persons of a drama or a novel: પુરૂષ;9 સખસ;મૂર્તિ;માણસ;વ્યક્તિ.

Characteristic cal, (કૅરૅક્ટરિસ્ટિક્-કૅલ્) *a*. Peculiar: વિશિષ્ટ;લાક્ષણિક; સૂચક; સ્વધર્મ–લક્ષણ સૂચક–દર્શક. [shing truth: લક્ષણ;ખુબી.

Characteristic(કૅરૅક્ટરાઇઝ્)*n*.A distingui-

Characterize, (કૅરૅક્ટરિસ્ટિક્) *vt*. To mark with a peculiar stamp:નિશાનચિન્હ કo.2.To engrave or imprint:કોતરવું;મુદ્રિત કo. 3. To express the character of: નીવર્તવું;ગુણબતાવવા.

Charade,(શૅરાડ્)*n*.[Fr.]An enigma based upon a word:શબ્દ સમસ્યા;ઉખાણો;કોયડો.

Charcoal(ચાંર્કોલ્)*n*.Coal made by charring wood:કોયલો *Animal c*;તૈયાર થયેલો સુંદર કોલસો.

Chare,(ચૅર્)*n*.A small street:સાંકડો મ્હોલો શેરી.

Charge, (ચાંર્જ) *n*.The load:ભાર. 2. A trust: સોંપલી વસ્તુ;હવાલો. 3. Responsibility;duty; management:કામ;કારભાર. 4. Care:ચિન્તા.5.

An address containing instruction or exhortation:તાકીદ;હુકમ. 6. An accusation: તહોમત;આળ;બટ્ટો;ઓતાનુ.7Costs:ખરચ. 8. The price demanded for a thing or service: કિંમત;મૂલ.9.A sudden onset:હુમલો. 10 The position of a weapon fitted for attack:હુમલા માટે તૈયાર કરેલા હથિયારની સ્થિતિ. *vt.* To make subject to:કામનો બોજો ભાર મૂકવો.2 (*a*) To impose as a task,duty or trust:કંઇ કામ; ફરજ કિંવા ટ્રસ્ટ તરીકે સોંપવું-માથે નાખવું. (*b*) To command:હુકમ ક૦ 4.To fix or demand as price:કિંમત રાખવી લેવી.5.To debit:ખાતે ઉધારવું;નામે લખવું 6.To lay the responsibility on:ને માથે ભાર મુકવો.7.To load;to fill:(બંદુકનો) ભાર ભરવો.8 To assume as:ચિન્હ તરીકે ધારણ ક૦.9.To debit on an account:ખાતે-નામે ઉધારવું.

Chargeable,(ચાર્જેબલ્)*a* Capable of being charged:ઉપર મુકવા રાખવા જોગ.2.Liable:તહોમત આળ મુકવા લાયક 3.Costly:ખરચ કરાવે તેવું.

Charger,(ચાર્જર્)*n* One who,or that which charges:તોહોમત આળ મૂકનાર.2 A horse used in battle:લડાઇનો ઘોડો;રણઘોડો;યુદ્ધાશ્વ.

Charily,(ચૅરિલિ)*adv.*Carefully.frugally;cautiously:સાવચેતીથી;કરકસરથી;સંભાળપૂર્વક;સાવધાનીથી.

Chariot,(ચૅરિઅટ્) *n.* A war-car or vehicle: યુદ્ધરથ; લડાઇનો રથ; ગાડી; ચારઠ.

Charioteer, (ચૅરિઑટીર્)*n.*The person who drives a chariot: ગાડી-રથ હાંકનાર.

Charitable, (ચૅરિટેબલ્)*a.*Benevolent:પરોપકારી;દયાળુ;રૂખ 2 Generous:ઉદાર 3 Pertaining to charity:દાન-પુણ્ય સંબંધી; માયાળુ;ધર્માર્થ.

Charitably,(ચૅરિટેબ્લિ)*adv.*liberally:ઉદારતાથી.

Cowl, (કાઉલ્) *n*. [L. *cucullus*, hood.] A monk's hood:બાવા-સાધુનો લુગડાનો ટોપ 2.જોગી; વેરાગી.[A place where cows are kept:ગૌશાળા.

Cowpen shed-or house(કાઉપેન્-શેડ્-હાઉસ્)*n*.

Cow-pox,(કાઉ–પૉકસ્) *n*. (*Med.*)A pustular eruption of the cow preserved from small pox:ગોશિતલા;બળીયા;સહીયદ;શીતળા.

Cowry,(કાઉરિ)*n*. A small shell:કોડી.

Cox-comb,(કૉકસ્ કૉમ્) *n*.(*a*) A strip of red cloth:લાલ લુગડાની પટી.2.(*b*) A cap:ટોપી. 3. A fop:અક્કડબાજ.

Cox-combical, (કૉકસ્કૉમિકલ્) *a*. Foppish; conceited;fanciful:અક્કડબાજીનું;ભભકાદાર.

Coy,(કૉઇ)*a*. [L. *quietus*,quiet.] Bashful:શરમાળ. *vt*. To allure: લલચાવવું.

Coyish,(કૉઇશ)*a*. Somewhat coy:શરમાળ.

Cozen,(કઝન્)*vt*. To cheat:છેતરવું; ઠગવું.

Cozenage,(કઝનેજ્) *n*. Artifice:ઠગાઇ;કપટ.

Cozy, (કોઝિ) *a*. Comfortable: સુખદાયક;સગવડ ભરેલું. 2. Chatty:વાતોડીઉં.

Crab,(ક્રૅબ્)*n*.A kind of animal:કરચલો.2.The constellation Cancer:કર્કરાશિ.*To catch a* c.: હલેસું મારવું.To embitter:સદા ઉદાસ-ચીડિઉં ક૦.

Crab,(ક્રૅબ્)*a* [L. *acerbts*,sour; harsh.]Sour; rough;austere:કડુવું;કઠોર;કરડું;કર્કશ.

Crabbed,(ક્રૅબેડ્)*a*. Harsh;cross:કઠોર;ચીડિઉં;

Crack, (ક્રૅક્) *vt*. To break: ભાગવું. 2. (*a*) To rend with grief or pain: દુઃખ ભેદાઈ જવું.(*b*) To disorder:મગજ ખસી જવું.3. To cause to sound suddenly and sharply:ફટકાવવું;-વગાડવું. 4.To utter smartly & sententiously:મશ્કરી. ક૦.To c *a bottle*:શિશો ઉઘાડીને તેમાં હોય તે બધું પીજવું.*vi*.To utter a loud,sharp sudden sound:કડાક અવાજ થવો.*n*.A crevice:ફાટ. 2.The tone of voice when changed at puberty: ઉમ્મર લાયક થયે ઘાટી ફુટવી તે;ઘાંટો બદલાવો તે 3. A crazy or crackbrained person:ગાંડી,

Crack-brained, (ક્રેક્ બ્રૅન્ડ્) *a.* Having an impaired intellect;whimsical;crazy:મગજનો ફાટેલો-ખસેલો;તુરંગી;વાયલ;ઉન્મત્ત.

Cracker,(ક્રૅકર્) *n.*One who,or that which cracks:તરડ-ફાટ પાડનાર.2.A small firework: ફટાકો;ફટાકીઓ;ટેટા.3.કઠણ રોટલી.4.દાંત.

Crackle,(ક્રૅકલ્)*vi.* To make slight cracks; to decrepitate:તડતડ થવું;તડતડવું;તણતણ થવું.

Cradle,(ક્રેડલ્)*n.* (*a*)A movable bed:ઘોડીયું; પારણું;ઝોળી;ખોઇ.(*b*) The place of origin in which anything is nurtured in the earlier period of existence: પ્રારંભ. *vt.* To lay in a cradle; to quiet:પારણામાં સુવાડવું.

Craft,(ક્રૅફ્ટ્)*n.* Art:કળા;ચતુરાઇ; હુન્નર; યુક્તિ.2. Manual art;a trade:કસબ;ધંધો;કસબરોજગાર. An artifice: કપટ; પેચનું દાવ પેચ. 3. Vessels of any kind:વહાણ;મછવો.

Craftily,(ક્રૅફ્ટિલિ)*adv.* Artfully;cunningly: યુક્તિથી;કળાથી;છળથી; કાવાદાવાથી.

Craftiness,(ક્રૅફ્ટિનેસ્)*n.* Artifice:ખંધાઇ; પકાઇ;કાવાદાવા;છળ;પ્રપંચ;પેચ;યુક્તિ;ધુતારવેડા.

Craftsman,(ક્રૅફ્ટ્સ્મૅન્)*n.pl.***Craftsmen,**An artificer;a mechanic:કારિગર.

Crafty,(ક્રૅફ્ટિ)*a.* Relating to skill:યુક્તિ-કળા સંબંધિ. 2. The neck:કપટી,પેચી;ખંધું;દાવપેચી.

Crag, (ક્રૅગ્) *n.* A steep rugged rock:ખડક. 2 The neck or throat:ગર્દન;ડોક,ગળુ; ગળચી.

Cragged, (ક્રૅગેડ્) *a.* Full of crags; rough; rugged:ખડબચડું; ખડકવાળું.

Cragginess,(ક્રૅગિનેસ્)*vt* The state of being craggy: ખડકવાળી જગ્યા.

Cram,(ક્રૅમ્) *vt.* To stuff:ઠાંસવું; ભરવું. *vi.* To eat greedily: અકરાંતિયાપણે ખાવું. 2. To make preparation for an examination by a hasty review of studies: પોતાનાં પાઠ જલદીથી તપાસી જઈને પરીક્ષાને માટે તૈયાર થવું તે.

Cramming Cram,(ક્રૅમિન્ગ્ ક્રૅમ્)*n.* The act of making preparation for an examination by readingoften andoften:પરિક્ષા માટે તૈયારી.

Cramp,(ક્રૅમ્પ્)*n.*A limit:પ્રતિબંધ.2. A piece of iron bent at the ends:છેડેથી વાળેલો લોઢાનો સળીઓ *vt.* To confine and contract; to check:સંકોચવું.2 To fasten or hold with a cramp:ચાપડો-ચાંપ જડવી-બેસાડવી.

Crane,(ક્રેન્) *n.* A wading bird:બગલું. 2. A bent pipe for drawing liquors out of a cask: પીપમાં પ્રવાહી પદાર્થ બહાર કાઢવાને માટે વાળેલી નળી.

Craniology,(ક્રેનિઑલૉજિ)*n.*[Gr.*kara* head & *logos*,speech]Phrenology:કપાળશાસ્ત્રવિદ્યા; કપાલ સામુદ્રિક.

Cranium,(ક્રેનિઅમ)*n. pl.* **crania.**(*Anat.*) The skull of an animal:ખોપરી;કપાળ.

Crank,(ક્રૅન્ક્)*n.*A bent portion of an axis serving as handle for communicating circular motion:ચક્રાકારમાં સંચો હલાવવાને કરેલો પેચ. *a.* Liable to overset:ઉંધું વળે એવું. 2. Brisk:જુસ્સાવાળું.

Cranny,(ક્રૅનિ)*n.*Fissure:તરડ;ફાડ.2.A secret retired place:ખૂણો ખોચરો.*a.*Quick:ફતાવળીયું. To make crannies:કાણાં-ફાટો-ચીરા પાડવા.

Crape,(ક્રેપ્)*n.*[*L.crispus,* curled] A thin, stuff,made of raw silk:કાચા રેશમનું પારદર્શક લુગડું.*vt.*To form into ringlets:ગુચ્છા બનાવવા.

Crash (ક્રૅશ્) *vt.* To break to pieces:જોરથી ભાગીને કડકે કકડા કo.*vi.*To make a loud,clattering noise: કડાકો-ધડાકો થવો. 2. Sound of things breaking:કડાકો;ધડાકો; કડડભૂસ.

Crass,(ક્રૅસ્)*a.*[L.*crassus,*thick.]Thick:જાડું.

Crassament,(ક્રૅસ્સૅમેન્ટ્) *n.* [L *crassare,*to make thick.] The thick part of blood:લોહીનો લાલગલફાવાળોજાડો ભાગ;લોહીની ગાંઠ-ડબ.

Crassamentum, (ક્રૅસ્સૅમેન્ટમ્) *n.* Purport; moral: સારાંશ;સાર;

Crate,(ક્રેટ્)*n.*[L. *crates*] A basket: કંડીઓ.

Crater, (ક્રેટર્) *n* [L.*crater.*]The mouth of a volcano:જ્વાળામુખી પર્વતનું મ્હોં.

Craunch,(ક્રૉન્ચ્)*vt.*To crush with the teeth; to chew with violence and noise:દાંતથી ચાવી નાંખવું;બચડબચર ચાવી જવું

Cravat,(ક્રૅવૅટ્)*n.*A neck cloth:ગલેબંધ;ગલપટો.

Crave,(ક્રેવ્)*vt.*To beg:કાલાવાલા કરીને માંગવું2. To long for:તૃષ્ણા હોવી; તળવવું; લબા મારવાં.

Craven (ક્રેવન્)*n.*A recreant; a coward:નામર્દ;બાયલો;નાહિંમત.*a.*Cowardly:નામર્દ.*vt.*To make weak or cowardly:બ્હીકણ બાયલો કo.

Craving,(ક્રૅવિન્ગ્)*n.*Earnestness:અતિ ઉત્કંઠા.

Crawl, (ક્રૉલ્) *vt.*To creep: પેટે-ભાંખડીએ ચાલવું. 2.To insinuate one's self:ધીમે ધીમે-યુક્તિથી દાખલ થવું.

Crayon,(ક્રૅઑન્)*n* [L *creta,*chalk.]A piece of chalk or other soft stone used in drawing:ચિત્ર કાઢવાના કામમાં આવતો ચાક અથવા બીજા નરમ પથ્થરનો કડકો.2. A drawing made with a crayon:ચિત્રશલાકાથીપાડેલુંચિત્ર *vt.*To sketch ચિત્રનો આકાર કાઢવો;ખરડો-ડોળિયું કo.

Craze, (ક્રેઝ્) *vt.* To break into pieces:કકડે કકડા કo.2.To weaken:જર્જરીત કo;અશક્ત કo3. To render insane:ગાંડું.દિવાનું-ઘેલું કo.

Craziness, (ક્રેઝિનેસ્)*n.*The state of being broken:અશક્તપણું.2 Derangement:ગાંડાઇ.

Crazy(ક્રેઝિ)*a.*Decrepit:નિર્બળ;નિર્જીવ 2.Deranged:ગાંડું;ઘેલું;દિવાનું;ચસ્કેલું;વાયલ.

Creak.(ક્રીક્)*vi.*To make a sharp,harsh,sound:તીણુંચરરચુંઈ કરીને અવાજ થવો.*n.* The so-

und produced when anything creaks:કોઇ ચીજ ચરરર-ચમચમ થવાથી અવાજ થાય છે તે.

Cream,(ક્રીમ્)*n.*[L. *cremor*, thick juice or broth.] The oily, substance when milk stands unagitated in a cool place:તર;મલાઇ. 2.The best part of a thing: ઉત્તમાંશ. 3. A cosmetic:લેપ.*Cold* c:એક પ્રકારનો લેપ.*C gauge*: દુધની કસોટી કાઢવાનું યંત્ર.*vt.*To skim: તર-મલાઇ કાઢી લેવી. *vi*. To form or become covered with cream: ઉપર તર;મલાઇ બાઝવી.

Crease,(ક્રીસ્)*n.*A mark made by folding: કોઈ વસ્તુને વાળ્યાથી પડેલી નિશાની-સળ; વળ. *vt.* To make a mark by folding:સળ પાડવો.

Create,(ક્રીએટ્)*vt.* [L. *creo*, I create.] To bring into being:સરજાવવું;પેદા કરવું-ઉત્પન્ન ક૦ સરજવું.2 To appoint:નિમવું;બનાવવું;ઠરવું.

Creation,(ક્રીએશન્)*n.*The act of creating or causing to exist:ઉત્પત્તિ;સૃષ્ટિ.2.Appointment:નિમવું-નિમણુંકતે. C. *of the mind*:માનસીસૃષ્ટિ.3.રચના;ઘાટ;તુક્કો;તરંગ;ખ્યાલ.

Creative, (ક્રીએટિવ્) *a* Having the power to create:ઉત્પાદક;ઉત્પન્ન કરવાની શક્તિવાળું.

Creator, (ક્રીએટર્) *n.* One who creates or produces:બનાવનાર;સરજનહાર 2.The Supreme Being:જગત્કર્તા;સૃષ્ટિ નિમિતા.

Creature, (ક્રીટ્યૂર્) *n.*Any thing created: ઉત્પન્ન થયેલી ચીજ-વસ્તુ;પ્રાણી;જીવ;દેહી;મનુષ્ય;માણસ.2.A servile dependent:ખુશામતીયો.

Credence, (ક્રેડેન્સ્) *n.*[L *credo*,I believe.] Belief.ભરોસો.2 That which gives a claim to belief or credit:જેથી ભરોસો-વિશ્વાસ રાખવામાં આવે તે *A letter of* c :વિશ્વાસ પત્ર.*vt.*To believe:ના ભરોસો રાખવો.

Credendum,(ક્રીડેન્ડમ્)*n.pl* **credenda.** A thing to be believed:article of faith:શ્રદ્ધા.

Credentials,(ક્રીડેન્શિઅલ્સ્)*n.pl.*Testimonials showing that a person is entitled to credit:અખત્યારનામું;મુખતીયારનામું;સનદ;પ્રમાણપત્ર.

Credibility, (ક્રેડિબિલિટિ) *n.*The quality or state of being credible;credibleness:વિશ્વાસ.

Credible,(ક્રેડિબલ્)*a.*Worthy of belief;trustworthy:ભરોસો-વિશ્વાસ રાખવા જેવું;માનવા લાયક.

Credibly,(ક્રેડિબ્લી) *adv.* In a manner that deserves belief:ઇતબારથી;વિશ્વાસથી.

Credit,(ક્રેડિટ્)*n.* ઇતબાર;પતીજ.Belief:ભરોસો; વિશ્વાસ.2.Reputation:આબરૂ;પ્રતિષ્ઠા(*a*)(*Com.*) Trust given or received: ઉધાર. (*b*) Mercantile reputation entitling one to be trusted:આબરૂ. 3 The side of an account on which are entered all items:જમાપાસુ. *Public* c.:સરકારની આંટ.*vt.*To put trust in: ઉપર ભરોસો વિશ્વાસ-ઇતબાર રાખવો.2.To enter upon the credit side of an account:જમા ક૦.3.To reflect credit:શાબાશી આપવી.

Creditable,(ક્રેડિટેબલ્)*a.*Worthy of belief: વિશ્વાસ રાખવા લાયક 2.Reputable;estimable: ઇજતદાર;પ્રતષ્ઠિત;આબરૂદાર.

Creditably,(ક્રેડિટેબ્લિ)*adv.*Reputable:શાબાશીથી;નામ રાખીને;વખાણવા જોગ રીતે.

Creditor, (ક્રેડિટર્)*n* One to whom money is due:માગનાર;લેહેણદાર:ધીરનાર.

Credulity, (ક્રેડ્યૂલિટિ) *n.*Easiness of belief: ભોળપણ;તરત માની લેવાનો સ્વભાવ;શ્રદ્ધાળુતા.

Credulous, (ક્રેડ્યૂલસ્) *a.* Easily convinced ભોળો.2.Capable of being easily believed: સહેલાઇથી માની શકાય એવું.

Creed, (ક્રીડ્) *n.* [L. *credo*, I believe.] A summary of Christian belief:ખ્રિસ્તિ મતનાં કાનુન;માર્ગ;મત;પંથ;ધર્મ;ધોરણ;કાનુન.

Creek,(ક્રીક્) *vt* &*vi.*To make a sharp,harsh noise:તીણો ચરરર કરીને અવાજ કરવો.*n.*A small inlet:નહાની ખાડી.2.A small brook:નાળું;વહેળીયું.3.Any turn or winding:વાંક;વળણ;ખાંચો.

Creel,(ક્રીલ્)*n.*An osier basket:વાંસની ટોપલી.

Creep, (ક્રીપ્) *vi.* To crawl: પેટે ચાલવું. 2. To move slowly: ખડી ખડીને પગલું ભરવું; લથડીયાં ખાવાં.3. To move stealthily: અજાણતાં-છુપી રીતે-છાનામાના જતા રહેવું;ફાંફાં મારવાં.

Creeper, (ક્રીપર્)*n.*One who creeps:પેટે-માંખડીએ ચાલનાર.2.A plant which clings by rootlets: વેલ; વેલો. 3. A fixture with iron points:લોઢાના અણીઓવાળી વિલાયતી પાવડી.

Creepingly, (ક્રીપિન્ગ્લિ) *adv.*Slowly:ધીમેથી; પેટેથીચાલીને;કીડીની માફક.

Cremation, (ક્રીમેશન્)*n.* [*cremo*,I burn.]A burning of the dead:બાળવું;દાહ;દહન;પ્રેતદહન.

Creole,(ક્રીઓલ્)*n.*One born in America,of European ancestors: યૂરોપીઅન ઓલાદનો અમેરિકાનોવતની.

Crepane-ce,(ક્રીપેન-પેન્સ્)*n.*[L.*crepo*,I crack] An injury in a horse's leg: ઘોડાના પગની ઇજા.

Crepitate,(ક્રેપિટેટ્)*vi*[L.*crepito*,I crackle.] To crackle;to snap:તડતડવું;તણતણવું.

Crepucule, (ક્રીપસ્યૂલ્) *n.* [L.*creper*,dusky, dark.]Twilight:ઝગઝગું;ઝગઝગીયું;ઝગમગું.

Crepusculor, (ક્રીપસ્કયૂલર્) *a* Glimmering; imperfectly lumminous:ઝગઝગતું.

Crescent, (ક્રેસેન્ટ્) *a.*[L *cresco*,I grow.] increasing or growing: મોટું થતું. 2. Shaped like a crescent:અર્ધચંદ્રાકાર.*n.*The increasing moon:નવચંદ્રકળા.2.(*a*)The Turkish power:તુર્કી સત્તા-રાજ્ય.*vt.*To ornament with something of crescent form: નવીન ચંદ્રના આકાર જેવી ચીજથી શણગારવું;ચાંદો મૂકવો.

Cresset, (ક્રૅસેટ્) *n.* Any great light:આકાશ દીવો;આકાશદીપ;મ્હોટી મશાલ.

Crest, (ક્રૅસ્ટ્)*n.* [L *cresco*,I grow.]A tuft or other naturalornament,growingon ananimal's head:માંજર.2.The plume of feathers: પીછાનું છોગું-કલગી.3. (*a*)The helm or head: તાજ.3. The highest part or summit of a hill:ટેકરી-ડુંગરીની ટોચ; શિખર. તોર;ગર્વ;રાખ.C. *jewel*: ચૂડામણી. *vi.* To furnish or adorn with a crest:છોગુ-કલગી-તાજ મૂકવો.

Crest fallen, (ક્રેસ્ટ્ ફૉલેન્) *a.* Dispirited;તોર ઉતરેલું; નાઉમેદ;નિરાશ;હોંશ-જોર વગરનું.2.Having the crest hanging to one side (*said of a horse.*):એકજ બાજુએ લટકતા વાળ વાળું.

Crevice, (ક્રેવિસ્) *n.* [L. *crepo*,I crack.]A cleft:તરડ;ચીર.*vt.*To crack:તરડ પાડવી.

Crew, (ક્રૂ) *n.*An assemblage of people:ટોળું. 2. The company of seamen who man a ship,vessel or boat:વહાણ કે હોડીના ખલાસીઓ.

Crib,(ક્રિબ્)*n.* A feeding place:ઢોરની ગમાણ. 2.A stall for oxen or other cattle:બળદ અથવા બીજા ઢોરને બાંધવાનો તબેલો 3. A box for storing grain,salt &c :દાણા;મીઠું વિગેરે ભરી મૂકવાની પેટી;કોઠી.4.A translation or key to aid a student: ભણનારની સુગમતાને માટે કરેલી કુંચી કિંવા ભાષાંતર.*vt.*To confine:પાંજરામાં મૂકવું.

Cribbage, (ક્રિબેજ્) *n.* A game at cards:એક જાતની પાનાની રમત

Cribbie, (ક્રિબલ્) *n.*[L. *cribrum*, sieve.]A coarse sieve or screen:ચાળવાની ચારણી.*vt* To cause to pass through a sieve;to sift:ચાળવું.

Crick,(ક્રિક્)*n.*The creaking of a door:બારણાનો કડકડાટ. 2. A spasmodic and acutely painful affection of some part of the body:ચસકા;તાણ,કળતર;વા.

Cricket,(ક્રિકેટ્)*n.*A kind of insect: જીવજંતુ.

Cricket,(ક્રિકેટ્)*n.*A game played with a bat and a ball:એક પ્રકારની ગેડીદડા જેવી રમત; ક્રીકેટ.

Crier, (ક્રાઇઅર્) *n.*One who cries;one who makes proclamation:પોકારનાર;બુમ-શબ્દ કરનાર;દાંડી પીટનાર.

Crime,(ક્રાઈમ્) *n* [L.*cerno*,I decide judicially.]Any violation of law;અપરાધ;ગુન્હો;વાંક; તકસીર;પાતક 2.That which occasions crime: ગુન્હાનું કારણ.*Capital*c :દેહાંત દંડને યોગ્ય ગુન્હો

Criminal,(ક્રિમિનૅલ્)*a.*Guilty of crime:ગુન્હેગાર;અપરાધી.2. Involving a crime: પાપી.3. Relating to crime:ફોજદારી.C.*conversation*: adultery: પરદારાસંગ. *n.*One who is found guilty by verdict or proof:ગુન્હેગાર;અપરાધી.

Criminality,(ક્રિમિનૅલિટિ)*n.* The quality or state of being criminal:દોષ;અપરાધ;પાતક.

Criminally, (ક્રિમિનૅલિ)*adv.*In violation of law:તકસીરવાન-ગેરવાજબી રીતે;ફોજદારી રાહે.

Criminate,(ક્રિમિનૅટ્)*vt.* [L.*crimen*] To accuse or charge with a crime,to convict of crime:ગુન્હામાં લાવવું;ગુન્હેગાર ઠરાવવું;અપરાધ મૂકવો.

Crimination,(ક્રિમિનૅશન્)*n.*The act of accusing:તહોમત;આરોપ;દોષારોપ;દોષારોપણ.

Criminatory,(ક્રિમિનૅટૉરિ)*a.* Relating to or involving crimination;accusing:દોષ લાવતું.

Crimp,(ક્રિમ્પ્)*a.* Friable:ફકરૂં;બરડ.

Crimp, (ક્રિમ્પ્) *vt.* To crimple:ગુચ્છા-ઝુમખાં વાળવાં. 2. To pinch: ચીમટામાં લેવું. *n.* A coal broker:કોયલાનો દલાલ-આડતિયો. 2. A game at cards:પત્તાંની એક રમત.

Crimson,(ક્રિમ્ઝન્)*n.* A deep-red color tinged with blue:કરમજી રંગ.*vt.*To dye with crimson or deep red:કરમજી ક૦.

Cringe, (ક્રિન્જ્) *vt.*To cause to shrink:સંકોચવું.*vi* To bend with base humility:ભડ્ડીને ટુંટીઆં વાળવાં;ખુશામત ક૦.*n.*Servile civility;a mean bow:ખુશામત;આર્જવ.

Cringeling,(ક્રિન્જલિન્ગ્)*n.*One who cringes meanly:ખુશામત કરનારો;ખુશામતીઓ.

Cripple, (ક્રિપલ્) *n* One who creeps:લંગડો; પાંગળો.*a* Lame:લંગડો. *vt* To lame:લંગડું-લુલું પાંગળું ક૦. 2. To deprive of strength or activity:અશક્ત-બળહીન-દુર્બળ ક૦.

Crisis, (ક્રાઈસિસ્) *n.* [L] *pl.* **Crises.** The turning point:અણી;અણીનો સમય;બારીક સમય.

Crispy, (ક્રિસ્પિ) *a* [L.*crispus.*] Formed in short curls or ringlets:ટુંકા-નાના ગુચ્છા-ગુંચળાં કરેલું-બનાવેલું.2.Brittle:તરત ભાગી જાય એવું.

Criterion, (ક્રાઈટીરિઅન્) *n pl*, **criteria.**[Gr. *crites*,a judge.] A standard of judging: approved rule or test:કસોટી;પરીક્ષા;પારખું.

Critic,(ક્રિટિક્)*n.*[L *criticus*]One skilled in judging of the merits of literary works: ગ્રંથ વિવેચન કર્તા;પરીક્ષક;વિવેચક;રસજ્ઞ.2.A harsh examiner or judge: આકરો વિવેચક-પરીક્ષક. 2. The art of criticism: ટીકા. *a.* Relating to criticism:બારીક તપાસ-શોધનું-સંબંધી.

Critical, (ક્રિટિકૅલ્)*a.* Qualified to criticize: વિવેચન કરવાની યોગ્યતાવાળું;ગુણદોષ વિવેચન સંબંધી;બારીક.(*a*)Pertaining to or indicating a crisis:અણી-અંતના સમયનું.અણીનું.(*b*)Dangerous:દહેશત ભરેલું.

Criticise, (ક્રિટિસાઈઝ્) *vt.* To examine and judge as a critic:ના ગુણ દોષનું વિવેચન ક૦.2. To animadvert;to find fault with:ખોડ-ખાંપણ-ખોતરણાં-ભૂલચૂક કાઢવી.

Criticism,(ક્રિટિસિઝ્મ્)*n.*The art of judging of the beauties and faults of a literary

production:વિવેચનશાસ્ત્ર-કળા;ગુણદોષ નિરૂપણ;ગુણાગુણ પરીક્ષા;વિવેચન;ટીકા.

Critique,(ક્રિટીક્) *n.*[Gr *kritike*, the critical art.]The art of criticism: વિવેચનશાસ્ત્રકળા; નિબંધ; વાર્તિક. 2. A critic:વિવેચક;ટીકાકાર.*vt.* To criticise: ટીકા કરવી.

Croak, (ક્રોક્) *vi.* To make a low, hoarse noise in the throat:ગળામાં ભારે ધીમે સાદે બોલવું;ઘરડવું; બડ બડવું; રોદણાં રોવાં. *n.* grumbling ગણગણાટ;બડબડ.

Croaker, (ક્રોકર્) *n.*One who croaks:બડબડનાર; રોદણાં રોનાર.

Croceous, (ક્રોશસ્) *a.* [L. *crocus*, saffron.] Consisting of,or like saffron:કેસર જેવું.

Crock,(ક્રોક્)*n.*An earthen pot:મટોડીનું વાસણ. *vt* To lay up:માટીના વાસણમાં મૂકવું.

Crock, (ક્રોક્) *n.* Soot: કાજળ. *vt.* To blacken with soot:કાળું કરવું; કાળો રંગ કાઢી નાંખવો.

Crockery, (ક્રોકરિ) *n.*Earthenware:હલકાં ચિનાઇ વાસણ;હલકું ચિનાઇ ખાતું.

Crocky,(ક્રોકિ)*a.*Smutty:કાજળ-મેશવાળું;કાળું.

Crocodile, (ક્રોકોડાઇલ્) *n.* [L. *crocodius.*] A large reptile:મગર.**C** *tears*,false:જૂઠાં-આંસુ.

Croft,(ક્રોફ્ટ્)*n* (A. S. *croft*, a field.]A small close or inclosed field:નાનું વાડબંધ ખેતર.

Crone; (ક્રોન્) *n.* An old ewe:ઘરડી ઘેટી.2.An old woman:ડોશી;ડોકરી.

Crony, (ક્રોનિ) *n.*An intimate companion;a familiar friend; ખૂદ-ખરો ભાઇબંધ; ગોઠીઓ; પ્રિયમિત્ર;રાત દિવસનો સોબતી.

Crook,(ક્રૂક્)*n.*Curve:વાંક;વલણ 2.A trick:કપટ. 3.Any implement having a bent or crooked end:ગમે તે કોઇ છેડો વાળેલું ઓજાર (*a*) The staff used by a shepherd:ગોવાળીયાનો દંડ.(*b*) A bishop's staff:પાદરીનો દંડ.*By hook or* **C.**, by fair means or foul: ગમે તેમ કરીને. *vt.*To bend:મરડવું.*vi.*To be bent:વાંકું હોવું.

Crooked,(ક્રૂકેડ્)*p.a.*Bent:વાંકું; આડે રસ્તે ચાલનાર.2.False:ખોટું.**C**.bodied:કદરૂપું.

Crop, (ક્રોપ્) *n.* The top of a plant: ટોચ. 2. Harvest:ફસલ;પાક 3 Grain or other product of the field while standing:ઉભું અનાજ;પદાર્થ *vt* (*Fig.*)To cut off:કાપી નાખવું. *vi.*To yield harvest:નિપજવું.*To crop out* (*a*)to appear above the surface: સપાટી ઉપર જણાવું.*To* **c.** *up*,to spring up:જન્મ પામવો;ફુટી નીકળવું.

Cross, (ક્રોસ્) *n.* [*crux*, a cross.]A gibbet consisting of two pieces of timber placed transversely upon each other: બેઆડાં લાકડાંનો બનાવેલો વધસ્તંભ; ક્રૂસ. 2. The religious import of the death of Christ:ક્રાઇસ્ટના મૃત્યુ સૂચક ચિન્હ 3.The ensign and chosen symbol of Christianity:ખ્રિસ્તિમત-ધર્મનું નિશાન.4. A monument in the form of a cross:ક્રોસ'ના આકારનો કીર્તિસ્તંભ;હાથનો કરેલો સાથીઓ.5.Any thing that thwarts:વિઘ્ન;ખલેલ;હરકત;અડચણ; નડતર.6.A mixing of breeds:સંકર;સંકર જાતી. *To take up the* **c.**:સંકટ ખમવું.*a* Oblique:ત્રાંસુ;ત્રાંકું 2.Adverse:વિપરીત.3. Ill-humoured: ચીઢીયું.**C**.*action*:સામો દાવો.**C** *wind*,unfavorable wind:પ્રતિકુળ પવન.*Prep* Athwart:વાંકું; આડું.*vt.*To put across:ત્રાંસુ-આડું મૂકવું. 2. To traverse: પેલે પાર જવું. 3. To interfere and cut off,to debar:અટકાવ કરવો. To rase:છેકવું. *To* **c.** *one's path*:કોઈની ધારણા-મનસુબો મુરાદ-યુક્તિની આડે આવવું.

Cross bow,(ક્રોસ-બો)*n.*(*Archery*)A weapon used in discharging arrows:તીર મારવાના કામમાં આવતું હથિયાર;કામઠું;ગલેલ.

Cross examine, (ક્રોસ્ એગ્ઝામિન્) *vt.* To examine or question, as a witness who has been called:ઉલટ પાલટ સવાલ કo.તપાસ કo.

Cross grained, (ક્રોસ્ગ્રેન્ડ્) *a.* Having the grain or fibres crossed or intertwined:આડા અવળી રેશાવાળું;વિલોમ.

Crossness, (ક્રોસ્નેસ્)*n.*Peevishness;fretfulness;ill-humour:આડાઇ;અવળાઈ;હઠીલાઈ;જીદ.

Cross purpose,(ક્રોસ-પર્પસ)*n.*A counter purpose:ઉલટો વિચાર.To be at *cross-purposes*: અજાણતાં એક બીજાથી ઉલટું વર્તવું,આંધળે બહેરું કુટાવું.

Cross wise,(ક્રોસ-વાઇઝ)*adv.*In the form of a cross; across:વધસ્તંભના આકારમાં;આડું; ત્રાંસું.

Crotch, (ક્રોચ) *n.*The angle formed by the intersection of two legs or branches:બે પગ અથવા ડાળાં એક બીજાને આડાં મૂકવાથી થયેલો ખૂણો.

Crotchet,(ક્રોચેટ્)*n.*A forked piece of wood: લાકડાનો હાથાવાળો કકડો 2. The arrangement of a body of troops:લશ્કરની ગોઠવણ-રચના.

Croton oil, (ક્રોટોન્-ઓઇલ) *n.* The oil of euphorluaceous plants:જમાલ ગોટાનું તેલ.

Crouch (ક્રાઉચ્)*vi.*To bend down:દબીજવું;નીચું નમવું;દબાઇને બેસવું.2.To fawn;to cringe:ગાંડ. ગુલામી કo;ખુશામત કo;ટેક મુકીને નમવું.

Croup,(ક્રૂપ્)*n.*The place behind the saddle: ઘોડાની જીનની પાછળનો ભાગ;ઘોડાના ધગડા-થાપા.

Croupier, (ક્રૂપિઅર્) *n.*One who presides at a gaming table and collects the stakes: જુગટામાં મુખ્ય આસને બેસીને હોડો ભેગી કરનાર.

Crow,(ક્રો)*n.*A large bird,usually black,of the genus cornus:કાગડો.2.A bar of iron:કોશ 3. The voice of the cock:કુકડીકુક;કૂક;કૂક.*vi.* To make the shrill sound characteristic of a cock:કૂકડીકૂક કo;કૂકડાના જેવું બોલવું;કુલાવું.

Crow bar, (ક્રોબાર્) *n.*A bar of iron sharpened at one end:પરાઇ;કોશ.

Crowd,(ક્રાઉડ્)*vt*.To press, urge or drive together:સચડાય એવું ભરવું;માં ભીડ ક૦ *vi*.To press together in numbers:ખીચોખીચ ભચડાતા આવવું;ભીડ થવી.*n*.A number of things collected or closely pressed together:ટોળું; સમુદાય; ભીડ;ગીરદી જથો;દાટી;ઠઠ.

Crown, (ક્રાઉન્) *n*. [L *corona*, crown.] A royal headdress or cap of sovereignty: મુગટ.2.Sovereign:બાદશાહ; રાજા. 3. Anything which imparts beauty:શોભા. 4. The summit;the topmost part of any thing:શિખર; ટોચ;માથું;મથક.5 The dome of a furnace:મઠ્ઠીનો ઘુમટ. 6. A size of writing paper: એક અમુક કદનો કાગળ. 7. A denomination of money:શિક્કા-નાણાનુંનામ;અઢી રૂપૈયાનો શિક્કો.8. Completion:પૂર્ણતા;પરિપૂર્ણતા; સિદ્ધિ; સરસાઈ.9 A garland:હાર;ગજરો.C.*prince*:યૂવરાજ.*vt*. To cover,with a crown:મુગટ તાજ પહેરાવવો.2.To complete:સંપૂર્ણપરિપૂર્ણ-સિદ્ધ ક૦.

Crucial, (ક્રૂશિયૅલ) *a*. [L.*crua*, a cross.] Transverse:ત્રાંસુ;આડું.2.Severe:સખત.

Cruciate,(ક્રૂશિએટ્)*vt*.[L *crua*,cross.]To torment:દુઃખ;કષ્ટ આપવું-દેવું;રીબાવવું.

Crucible, (ક્રૂશિબલ્) *n*. A vessel used for melting metals:ધાતુઓ વિગેરે ગાળવાની કુલ્લી.

Crucifix,(ક્રૂસિફિક્સ્)*n*.[L.*crux*,cross & *figo*, I fix.] A cross, with the figure of Christ crucitied upon it:ઇસુ ખ્રિસ્તને સુળીએ ચઢાવ્યો હતો તે સુળી સાથે તેની મૂર્તિ.

Crucifixion,(ક્રૂસિફિક્શન્)*n*. The act of nailing a person to a cross,for the purpose of putting him to death:કોઈ માણસને ક્રોસ ઉપર ખીલા જડીને મારી નાંખવો તે.

Crucify,(ક્રૂસિફાઇ)*vt*.[L. *crux* & *figo*, I fix.] To put to death by nailing the hands and feet to a cross:ક્રૂસપર હાથ પગપર ખીલા ઠોકીને મારી નાંખવું.2. To vex or torment: ઈજા-દુઃખ-સંકટ ક૦-દેવું આપવું;ખેદ કરાવવો.

Crude,(ક્રૂડ્)*a*.[L.*crudus*,raw.]In its natural state:પકવ્યા-રાંધ્યા વગરનું.2.Unformed:અધુરૂં.3 Without culture and profoundity;કેળવણીવિનાનું.

Crudely,(ક્રૂડ્લિ)*adv*.In a crude immature or hasty manner;rudely:પુખ્ત વિચાર વગર.

Crudeness,(ક્રૂડ્નેસ્)*n*.Unripeness:અપૂર્ણતા.

Cruel,(ક્રૂએલ્) *a*. [L. *crudelis* from *crudus*, raw.] Inhuman:નિર્દય;ઘાતકી;ક્રૂર;કઠોર;નિષ્ઠુર.

Cruelly,(ક્રૂએલિ)*adv*.With cruelty: ક્રૂરપણાથી

Cruelty,(ક્રૂએલ્ટિ)*n*. Inhumanity:ક્રૂરતા; નિર્દયતા;ઘાતકીપણું;નિષ્ઠુરતા.2. Cruel deed:ક્રૂરકર્મ.

Cruentate,(ક્રૂએન્ટેટ)*a*.Smeared with blood: લોહીમાં રગદોળાયેલું;લોહીવાળું.

Cruetstand, (ક્રૂએટ્-સ્ટૅન્ડ્) *n*. A frame for holding cruets:નાની શીશી મૂકવાનુંખાનું;શીસીખાનું

Cruise,(ક્રૂઝ્)*vi* To go back and forth on the ocean:સમુદ્ર પર્યટન કર્યા ક૦.*n*.A voyage made in various directions:સમુદ્ર પર્યટન.

Cruiser, (ક્રૂઝર્) *n*. One who or a ship that cruises:સમુદ્ર પર્યટન કરનાર વહાણ-અગર માણસ.

Crumb,(ક્રમ્) *n*. A small fragment: ટુકડો. 2. The soft part of bread: રોટલીનો નરમ ભાગ.

Crumble,(ક્રમ્બલ્)*n* A very small fragment: ઘણો નાનો કકડો; ચુરો; ભૂકો. *vt*. To break into pieces:કરચો-ચુરા ક૦. *vi*. To fall into small pieces:કરચો;ચૂરા થવા.

Crumenal,(ક્રૂમેનૅલ્)*n*.[L.*crimenta*,purse.]A purse:કોથળી;થેલી.

Crump,(ક્રમ્પ્) *a*. Crooked:વાંકું;આડું.

Crumple,(ક્રમ્પલ્)*vt* To draw or press into wrinkles:કરચલી વાળવી; સંકોચવું. *vi* To contract:કરચલી વળવી;સંકોચાવુ;ચોળાવુ.

Crupper, (ક્રપર્) *n*. A strap of leather which is buckled to a saddle:દુમચી.*vt*.To place a crupper upon:ના ઉપર દુમચી ચઢાવવી.

Crural,(ક્રૂરૅલ)*a* [*crus*,*cruris*,leg.]Belonging to the leg:પગનું.*The* c.*arteries*:પગની ધોરી નસો.

Crusade,(ક્રૂસેડ્)*n*.[L.*crux*, cross.] A military expedition undertaken by christian powers for the recovery of the Holy Land from the Mohammedans:જેરૂસલમ શેહેર મુસલમાન લોકો પાસેથી પાછું મેળવવાને ખ્રિસ્ત લોકોએ કરેલી સ્વારી-લઢાઈ.*vi*.To engage in a crusade: ધર્મ સંબંધી લઢાઈમાં જવું.

Crusader,(ક્રૂસેડર્)*n*.A person engaged in a crusade:પાલેસ્ટાઇન પાછું મેળવવાને કરેલી લઢાઇમાં જનાર લઢવૈયો.

Cruse,(ક્રૂસ્)*n*.A small cup or bottle:એક નાનો પ્યાલો અથવા સીસી.

Cruset, (ક્રૂસેટ્) *n*. A goldsmith's melting pot:સોનું ગાળવાની કુલ્લી;મુસ.

Crush,(ક્રશ)*vt*.To press:કચરવું;છુંદવું;ચગદવું;પીલવું 2. To subdue totally: બીલકુલ કમજોર કરી નાંખવું. *To* c. *a cup*, to drink:પીવું;ગટગટાવી જવું.*To* c *out*, to force or separate by pressure:દાબી-ચાંપીને કાઢવું.*n*.A violent collision or compression:જોરમેર ધડાકો.

Crust,(ક્રસ્ટ્)*n*.[L *crusta*.] An exterior surface:પોપડો;પોપટી;ખપોરી 2.The hard surface of bread:રોટલીની કઠણ કપોટી 3.The exterior portion of the earth:પૃથ્વીનું ઉપલું થર.*vt*. To incrust: ના ઉપર કઠણ પડ ક૦.

Crusta(ક્રસ્ટૅ)*n*.[L.*crusta*,shell; inlaid work.] A shell:છીપ.2 A gem engraved:કોતરેલું નંગ.

Crustacea,(ક્રસ્ટૅસીઍ)*n*.*pl*. One of the classes of avriculated animals:કાચબા વગેરે કઠણ પડવાળાં પ્રાણી.

Crustily,(ક્રસ્ટિલિ)*adv*.In a crusty, peevish manner:મીજાજથી;છણકાથી;ચીડથી.

Crusty, (ક્રસ્ટિ) *a.* Having the nature of crust:પોપડા જેવું;કઠણ.2. Peevish:ચીઢીયું,

Crutch,(ક્રચ્)*n.*A staff with a cross-piece at the head,placed under the arm or shoulder લંગડાની ઘોડી;કાખલા ઘોડી. *vt.* To support on clutches:કાખમાં લાકડી ઝાલી ઉભા રહેવું.

Cry, (ક્રાઈ) *vi.* [Fr. *crier*] To utter a loud voice:બૂમપાડવી;શોરબકોર-પોકાર ક૦.2.To utter a loud sound expressive of pain:પોક મુકવી મોટેથી પોતાનું દુ:ખ જણાવવું;દિલગીરી ક૦.*To c out against*,to complain loudly or with a view to censure:બૂમ પાડીને વખોડવું-નિંદવું.*To c to*,to implore:-ને આજીજી ક૦. *vt.* To make public and oral proclamation of:વિષે નોંઢંઢેરો પીટવો 2. To publish the bonds of marriage: લગ્ન કરાવવાની જાહેર ખબર આપવી. To c *down* વખોડવું;નિંદવું.*n.pl.***cries.**A loud utterance: ચીસ;પોકાર;શોર;રાડ;બૂમાબૂમ.2. Any expression of grief with tears:રૂદન; વિલાપ;આક્રંદ. 3 Loud expression of triumph: હર્ષનાદ.4. Common report;fame:લોક-વાયકા; લોકવાણી.

Crypt,(ક્રિપ્ટ્) *n.*A cell:ભોંયરૂં. 2. The space hidden from view: નજરથી છુપી-સંતાડેલી જગ્યા. 3. કબર;ઘોર.

Crystal, (ક્રિસ્ટલ્) *n.* [Gr. *crystallos*, ice.] A species of glass more perfect in its composition and manufacture than the common glass:બિલોર;કાચમણિ 2. The glass of a watchcase:ઘડીઆળની ડબીનો કાચ.

Crystalline, (ક્રિસ્ટલાઇન્) *a.* Consisting of crystal:બિલોરીનું;બિલોર જેવું-સ્વચ્છ.

Crystallization, (ક્રિસ્ટલાઈઝેશન્) *n.* The act or process by which a substance in solidifying assumes the form and texture of a crystal: ગાંગડા પાસલા બાંધવા-બંધાવા તે.

Crystallize,(ક્રિસ્ટલાઈઝ્)*vt.*To cause to form crystals:પાસલી-લા બાંધવા; ગાંગડા-ગઠ્ઠા બાંધવા.

Cub,(કબ્)*n.* [L.*cubo*,I lie down.] A young of bear or tiger:વાઘનું-રીંછનું બચ્ચું;શાવક.

Cub,(કબ્) *n.* [L. *cubo*, I lie down.] A stall for cattle:ઢોરને ખાવાની ગમાણ.2.A cupboard કબાટ.*vi.*To bring forth:જણવું;પેદા-ઉત્પન્ન ક૦.

Cube,(ક્યૂબ્) *n.* A regular solid body with six equal square sides:ઘન-કૃતિ; ઘન. 2. The product of a number multiplied twice into itself: ઘન. *Cube root:* ઘનમૂળ. *vi.* To raise to the third power.-નો ઘન ક૦.

Cubeb,(ક્યૂબેબ્)*n.*The small,spicy berry of a tropical plant:ચીનીકબાલા; કબાબચીની.

Cubic-cal,(ક્યૂબિક્-કલ્) *a.* Having the form of a cube:ઘનાકાર.

Cubit,(ક્યૂબિટ્)*n.* [L.*cubitum*, elbow.] The forearm:આગળો હાથ.2.A measure:(ભરતનો)હાથ

Cuckold,(કકોલ્ડ્)*n.* [L.*cuculus*, cuckoo.]A man whose wife is false to his bed;the husband of an adulteress:છિનાળનો ધણી.*vt.* To make cuckold:ને ભડવો કરવો.

Cuckoo,(કકૂ)*n.* [L. *cuculus.*] A bird of the genus cuculus:કોયલ; કોકિલા.

Cucumber,(ક્યુકમ્બર્)*n.*[L.*cucumis*](*Bot.*) well-known plant and its fruit, of the genus Cucumis:કાકડી;ખીરૂં;તુરીયું;આરીયું.

Cud,(કડ્) *n.* That portion of food which is brought up into the mouth by ruminating animals from their first stomach, and chewed a second time:વાગોળ.*To chew the c.*,to ruminate:વાગોળવું.

Cuddle,(કડ્લ્)*vi.*To crouch:છુપાઇ સંતાઇ જવું. *vt.* To embrace closely; to hug;to fondle: દૃઢઆલિંગન દેવું;બાથમાં લેવું;લાડ લડાવવું.

Cudgel,(કજેલ્)*n.*A short thick stick: ડંડુકો. *To take up the c.s for*,to engage in a contest in behalf of:-ને માટે લઢાઇમાં ઉતરવું.*vt.*To beat with a cudgel:ડંડુકા-ડંગોરા-બુધાથી મારવું.

Cue,(ક્યૂ)*n.*[L. *canda*, a tail.] The tail:પૂછડું. 2. Any hint or intimation: ઈસારો. 3. Straight rod used in playing billiards: 'બિલયર્ડ' રમત રમવાની સીધી લાકડી.

Cuff,(કફ્) *n.* A blow with the open hand: થપ્પડ;ધોલ;તમાચો.*vt.*To strike with the palm or plat of the hand:તમાચો-ધોલ-લપડાક મારવી.

Cuff,(કફ્)*n.*The fold at the end of a sleeve: બાંહનો વાળેલો ભાગ;કફ.

Cuirass,(ક્વિરેસ્)*n.*[L *corium*, leather.] A price of defensive armor covering the body from the neck to the girdle: ગળાથી કેડ લગીનું બખતર;ઉરસ્ત્રાણ.

Culinary,(ક્યૂલિનરિ)*a.*[L.*culina*, kitchen.] Relating to the kitchen: રસોઈ વિષે.

Cull,(કલ)*vt.* [L. *con* & *lego*, I gather.] To select:વિણવું;ચૂંટી કાઢવું.

Cullender,(કલેન્ડર્)*n.*A strainer:ચાળણી,ઢવાલો.

Cully,(કલિ)*n.*A person who is easily tricked: ભોળો;જલદી ઠગાઇ જાય એવો માણસ.*vt.*To cheat: ઠગવું,છેતરવું;ધુતવું.

Culminate,(કલ્મિનેટ્)*vi* [L. *culmen*,top or ridge.] To reach the highest point:ઉંચામાં ઉંચુ આવવું.2.To reach the highest point as of rank,size,&c.:પરાકાષ્ઠાએ પહોંચવું.

Culminating,(કલ્મિનેટિંગ્) *a.* Reached at the highest altitude or rank: સહુથી ઉંચું; ચઢતી સ્થિતિએ પહોંચેલું;ઉન્નત;ઉંચેરું; પરિસીમાનું.

Culmination,(કલ્મિનેશન્)*n.*Attainment of the highest pitch of power:ઉંચામાં ઉંચી સ્ટ

જાણે થતું તે.

Culpability,(કલ્પેબિલિટિ) *n.* The quality or condition of being culpable:વાંક;તકસીર;દોષ.

Culpable, (કલ્પેબલ્) *a.* [L. *culpa,* fault.] Deserving censure:વાંક-કસુરવાળું-ઠપકા યોગ્ય.

Culprit,(કલ્પ્રિટ્)*n.* [L.*culpa,* fault.] A person accused of a crime:અપરાધી;ગુન્હેગાર.

Cultivate, (કલ્ટિવેટ્) *vt.* [L.*colo,*I till.] To till:ખેડવું.2.To direct special attention to: -ના તરફ ખાસ ધ્યાન આપવું-નો વિશેષ અભ્યાસ કo.3. To impart culture to:ઉપર મહેનત કરી સુધારવું

Cultivation, (કલ્ટિવેશન્) *n.* Tillage: ખેતી કૃષિકર્મ. 2, Fostering care:સુધારો કરવાને મહેનત અભ્યાસ.3.Refinement-કેળવણી; સુધારો.

Cultivator, (કલ્ટિવેટર) *n* One who cultivates:ખેડુત. 2. One who labors to educate or refine:જે કેળવણી આપવાને અથવા સુધારવાને યત્ન-મહેનત કરે છે તે.

Culture,(કલ્ટ્યૂર) *n.* [L.*colo,*I till.] The act or practice of cultivating:ખેતી.2 Civilization:કેળવણી;સુધારો;વૃદ્ધિ. *vt.* To cultivate;to educate:ખેડવું;કેળવવું.

Culver, (કલ્વર્) *n.* A dove:કબુતર.2.A small piece of ordnance:નાની તોપ.

Cumbent,(કમ્બેન્ટ્)*a* [L.*cumbo,*I lie down.] Lying down;recumbent:નીચે-હેઠળ પડેલું.

Cumber,(કમ્બર્) *vi.* [L.*cumulus,*heap.]To be burdensome:ભારે મારવું. *n.* Oppression; trouble;embarrassment:નડાવ; અડચણ.

Cumbersome, (કમ્બર્સમ્) *a.* Burdensome: ભારે મારે એવું 2 Not easily managed:જલદીથી સહેલાઈથી ચલાવી શકાય નહિ એવું.

Cumbrance, (કમ્બ્રન્સ) *n.* Encumbrance; hindrance:ભાર;અડચણ;અટકાવ;પ્રતિબંધ;જોખમ.

Cumbrous, (કમ્બ્રસ) *a.* burdensome:અગવડ ભરેલું 2 Giving trouble:કંટાળો ઉપજાવે એવું.

Cuminseed, (કમિન્સીડ્) *n.* The seed of a dwarf umbelliferous plant:જીરૂ.

Cumulate, (ક્યૂમ્યૂલેટ) *vt.* [L. *cumulus,* a heap.]To gather or throw into a heap:એકઠું-ઢગલા કo;ઢગ કo.

Cumulation,(ક્યૂમ્યૂલેશન્)*n.*The act of heaping together;a heap:ઢગલો; ઢગ; સંચય.

Cumulative, (ક્યૂમ્યૂલેટિવ્) *a.* Forming a mass:ઢગલા કરતું.2. Augmenting:વર્ધમાન. 3. Given by the same testator to the same legatee:પ્રથમ જે માણસે જેને વારસો આપ્યો હોય તેનેજ પાછું તેણે આપેલું.

Cunning,(કનિંગ્) *a.* Artful:હારસ્થાની; કપટી; ખંધું.*n.* Deceit:ખંધાઈ;પક્કાઈ;દાવાદાવા;પેચ;છળ.

Cup,(કપ્)*n.* A small vessel:પવાલું;પ્યાલો;જામ. 2.(*pl.*) Excessive drinking:દારૂપિવાનો અતિશય છંદ.To be in one's *cups*:પિધેલ-છાટકા-હોવું.

Cup-board,(કબર્ડ્) *n.* A small closet in a room:કબાટ,ઘાટડું.*vt.*To hoard: એકઠું-ભેગું કo.

Cupel,(ક્યૂપેલ્) *n.* [L. *cupella,* small cask.] A small vessel used in refining precious metals:કિમતી ધાતુઓ ગાળવાની કુલ્ફી.

Cupid,(ક્યૂપિડ્)*n.*[L.*cupido,*I desire.](*Myth*) The god of love:કામદેવ;મદન; અનંગ.

Cupidity,(ક્યૂપિડિટિ)*n.*Covetousness:લોભ.

Cupola,(ક્યૂપોલ)*n.*[L. *cupa,* a tub.] A spherical or domelike vault on the top of an edifice:ઘુમટ;કળશ.

Cupreous,(ક્યૂપ્રીઅસ્)*a.*[L.*cuprum,*copper.] Consisting of copper:તાંબા જેવું બનાવેલું.

Cur, (કર્)*n.*A worthless dog:હલકી જાતનું કુતરૂં-માણસ. [મટાડી શકાય તેવું;સાધ્ય;ચિકિત્સાધીન.

Curable,(ક્યૂરેબલ્)*a.*Capable of being cured:

Curate, (ક્યૂરેટ્)*n.*[L *cura,* care] A clergyman:અવેજી પાદરી-ધર્મગુરૂ.

Curative,(ક્યૂરેટિવ્)*a.* Relating to the cure of diseases;tending to cure:રોગ મટાડે એવું.

Curator, (ક્યૂરેટર્) *n* [L. *cura,* care.] One who has the care and superintendence of any thing:કોઇ ચીજ સાચવનાર-જાળવનાર. **C.** *of a depot*:ગ્રંથશાલાધિકારી.

Curb,(કર્બ્)*n.*[L. *curus,* bent.] That which curbs, restrains:સંયમ;અંકુશ.*vt.*To subdue: અંકુશમાં રાખવું;સંયમમાં હાથમાં-તાબામાં રાખવું.

Curd,(કર્ડ્)*n.* The thickened part of milk: દહીં.2.The coagulated part of any liquid: કોઇ પ્રવાહી પદાર્થનો જામેલો ભાગ. *vt.* To curdle: જમાવવું.

Curdle,(કર્ડલ્)*vi.*To change into curd:જામી-બાઝી આખરી જવું.*vt.*To change into curd:મેળવવું.

Cure,(ક્યૂર્)*n.*[L *cura,*care.] The office of a curate:પાદરીનું કામ.2. Remedial treatment of disease:ઓસડ કo તે;ઉપચાર.*vt.* To heal:મટાડવું. 2. To restore health: સાજા કo. *vi.* To become relieved:-થી મુક્ત થવું;સુધરવું.

Curfew,(કર્ફ્યુ) *n.* The ringing of a bell at nightfall to extinguish all fires:બધે ઠેકાણેથી દીવો દેવતા હોલવી નાંખવાનો રાત પડે થતો ઘંટનાદ.

Curiosity,(ક્યૂરિઑસિટિ) *n.* [L. *curiosus.*] Inquisitiveness:જીજ્ઞાસા;શોધબુદ્ધિ.

Curious, (ક્યૂરિઅસ્) *a.* [L. *cura,* care.] Careful or anxious to learn:જીજ્ઞાસુ;શોધક.2. Awakening surprise; singular; strange:વિલક્ષણ;તરેહવાર.3. બારીક;ઝીણું.

Curl,(કર્લ)*vt.*To twist or form into ringlets: ગુચ્છા વાળવા. 2. To raise in undulations; to ripple:ઉછાળવું.*n.*ગુચ્છો;વાંકડી;ગુચડું.

Curly,(કર્લિ)*a.* Having curls:ગુચ્છાવાળું.

Currency,(કરેન્સિ) *n.* [L. *curro*, I run.] General acceptance;circulation:પ્રચાર;રિવાજ;ચલણ.2. Current value; general estimation:ચાલતી સાધારણ કિંમત.

Current,(કરેન્ટ) *a.* Running or moving rapidly:જલદીથીદોડતું.2 Passing from person to person or from hand to hand;common: સાધારણ;ચાલતું 3. Now passing in its progress;ચાલતું;રૂઢ;ચલણી.*n.*A stream: પ્રવાહ;વહેણ; રેલો;ધાર.2.General course:ક્રમ;સંકળના.

Currently,(કરેન્ટ્લિ) *adv.* Generally; commonly:સાધારણ રીતે;સર્વ લોકમાં;ઘણું કરીને.

Curricle,(કરિકલ્) *n.* [L. *curro*, I run.] A small or short course:નાનો અથવા ટુંકો રસ્તો-માર્ગ.2.A chaise with two wheels:બેપૈડાંનીગાડી

Curriculum,(કરિક્યૂલમ્) *n.* A fixed course of study:અભ્યાસ કરવાનો ઠરેલો-મુકરર કરેલો ક્રમ.

Currier,(કરિઅર્)*n.* [L.*coriarius.*] One who curries,dresses and colors leather:ચામડિયો

Curry,(કરિ) *vt.* To dress or prepare for use (ચામડાં) નાક કo;કમાવવું.2. To rub or cleanse the skin of:ખરેરો કo 3.To cook with curry: કઢીની સાથે બીજું કાંઇ રાંધવું. *To* **c.** *favor,* to seek or gain favor by flattery:ખુશામતથી વહાલા થવા જવું *n* A kind of sauce much used in India;containing red pepper and other strong spices:કઢી.

Curry-comb, (કરિ-કોમ્) *n.* An instrument for currying or rubbing horses:ખરેરો.

Curse, (કર્સ) *vt.* To utter a wish of evil against: શાપ દેવો. *n.* Malediction: શાપ. 2. Affliction:આપદા;ઉપાધિ;સંકટ.

Cursed,(કર્સેડ્)*a.* Deserving a curse:શાપિત. 2.Producing trouble or vexation:અતિદુખદ.

Cursory,(કર્સોરિ)*a.* [L.*cursor* a runner.] Slight;superficial;careless: ઉપર ટપકાનું;ઉપલક;બેદરકારી;ઉપર ચોટિયું.

Curt,(કર્ટ)*a* [L. *curtus.*]Short:ટુંકું ને તોછડું.

Curtail,(કર્ટેલ્)*vt.*To shorten:ટુંકું-સંક્ષિપ્ત કo. ઓછું-ન્યૂન કo;કાપવું;કાતરવું

Curtain,(કર્ટૅન્)*n* A cloth screen:પડદો;ચક; પટ 2 *Mosquito* **c**:મચ્છરદાની. *Behind the* **c.** in concealment:ગુપ્ત; છાનું. *To draw the* **c** (*a*) to hide or disclose an object:પડદો ખેંચવો (*b,To drop the curtain*:વાત પૂરી કo.**C.** *lecture*:સ્રીએ પોતાના પતિને આપેલો ઉપદેશ.

Curvated,(કર્વેટેડ)*a* [L.*curvus* bent]Bent in regular form; curved:વાંકુ;ત્રાંસુ.

Curvation, (કર્વેશન્)*n.* [L. *curvatio*] The act of bending or crooking:વાંકું વાળવું તે.

Curvature,(કર્વેચ્યૂર્)*n.* [L. *curvo*,I curve] The continual flexture or bending of a line:વક્રીભવન;વાંક;વલણ; કુટિલતા;વક્રીભાવ;વક્રતા.

Curve,(કર્વ્)*n.*A bending without angles: વાંક.*vt.*To bend:વાળવું. *vi.* To bend: અમુક દિશામાંથી ધીમે ધીમે બાજી દિશામાં વળવું.

Curvet,(કર્વેટ્)*n.*A particular leap of a horse: ઘોડાની અમુક તરેહની છલંગ; ઉડાણ. *vi.* To leap and frisk: કુદીને ગેલ કરવું. *vt.* To cause to frisk or leap:કુદાવવું;ગેલ કરાવવું.

Curvilinear,(કર્વિલિનીઅર્)*a.* [L. *curva* and *linea*, line.] Consisting of curved lines; bounded by curved lines:વાંકી લીટીવાળું.

Curvity,(કર્વિટિ)*n.* [L.*curvus.*]The state of being curved;crookedness:વાંક;વાંકાપણું.

Cushion, (કુશન્) *n.* A soft pillow or pad: ગાદી; તકીયો. *vt.* To seat on a cushion:ગદેલી-ગાદી ઉપર બેસવું.

Cusp,(કસ્પ્)*n* [L *cuspis* point.] A pendant of a pointed arch: અણીદાર કમાનની ઝાલર.2. The point or horn of the crescent moon: ચંદ્રકોર.

Custard,(કસ્ટર્ડ)*n.*[L. *custa*, crust.] A dish composed of milk and eggs,sweetened and boiled:દુધ અનેઇંડાં સાકર ભેગાં કરીને ઉકાળેલી રાબડી.

Custard-apple,(કસ્ટર્ડ ઍપલ્)*n.*(*Bot*)A fruit a species of the anona:સીતાફળી;સીતાફળ.

Custodian,(કસ્ટોડીઅન્)*n.*[L *custor*, a guard.] One who has care:રખવાળ;જાળવનાર.

Custody,(કસ્ટોડિ) *n.* [L. *custos*, guard.] A keeping or guarding:હવાલો; નિઘેબાની; સંભાળ.2 Confinement:કેદ;જાપતો;પહેરો.

Custom (કસ્ટમ્)*n.*[L *consuetumen*,custom.] Ordinary manner:ચાલ;રિવાજ; રૂઢિ. 2.Habitual buying of goods:ઘરાકી.3. To pay custom for:-ને માટે-વાસ્તે જકાત આપવી.

Customs,(કસ્ટમ્સ)*n.*The customary toll:જકાત;દાણ;મેહેસુલ;દસ્તુરી.

Customary,(કસ્ટમૅરિ) *a* According to custom;conventional;habitual:રીત-રિવાજ-રૂઢીનું Holding or held by custom:દસ્તુર મુજબ.

Customer, (કસ્ટમર્) *n.* One who collects customs or duties:જકાત-મેહેસુલ એકઠું કરનાર. 2. A purchaser:ઘરાક;ગ્રાહક.

Custom-house,(કસ્ટમ્હાઉસ્)*n.*The building where customs are paid:જકાત ખાતું;માંડવી.

Cut, (કટ્) *vt.* To sever: કાપવું. 2 To carve: કોતરવું. 3.To pierce: નું હૃદય ભેદવું.4.To intersect:છેદવું.**C.***and dried*,prepared beforehand: તૈયાર. To **c.***down.* (*a*)to fell: પાડવું; કાપી નાખવું.(*b*)To lessen:ઓછું કo.*To* **c.***the knot or the Gordian knot*, to dispose of a difficulty summarily:મુસીબત;અડચણનો ઝટ ગ્રહને કુડચો લાવવો.*To* **c.***lots*,to draw lots:ભાગ પાડવા *To* **c.***off*

(*a*)to sever:કાપી નાંખવું;જુદું કo.(*b*)To fashion: વેતરવું;ડોહોળિયું કo:કોતરીને ઊઝ-ઘાટ કાઢવો.(*c*)To debar:અટકાવવું;રોકવું.(*b*)To slaughter:કતલ કo. ચલાવવી.*To* c *short*: ટુંકું કo. *To* c. *teeth*, to put forth teeth: દાંતફુટવા. *To have* c. *one's eye teeth*:ચંચળ થવું; હોશીયાર થવું. *To* c. *one's wisdom teeth*,to come to years of discretion:સમજણના ઘરમાં આવવું.

Cut,(કટ્) *vi*. To admit of incision:કપાવું.2. To perform the operation of dividing:કાપવું-જુદું પાડવું વગેરે કo. *To* c *across*, to pass over or through in the most direct way: સૂસરૂં-સીધું જવું. *To* c. *in or into*, to interrupt:વચ્ચે પડવું;ખલેલ કo.

Cut,(કટ્) *n*. A wound:કાપ;ચીરો 2. A stroke or blow with an edged instrument: વાઢ; ઘા;જખમ;ટચકો. 3. That which wounds the feelings:કઠોર વચન;મહેણું.4. A furrow:ખોભણ;ખાંચું.5 A portion severed:કકડો; ટુકડો. 6. An engraved block:બીબું; છાપ. 7. The act of dividing a pack of cards:કાપણી;વહેંચણી. *A short* c., a cross route which shortens the way:ટુંકો રસ્તો.

Cutaneous,(ક્યૂટેનીઅસ)*a*.[L.*cutis*,skin.] Belonging to the skin: ચામડી સંબંધીનું

Cuticle, (ક્યૂટિકલ્)*n*. [L. *cutis*, skin] The scarf skin:ઉપલી ખાલ-ત્વચા-ચામડી.2.The thin external covering of the bark of a plant: ઝાડની ઉપલી છાલ.

Cutlass,(કટ્લૅસ્)*n* [L *cutter*,knife.]A broad curving sword:એક ધારવાળી પહોળી વાંકી તલવાર

Cutler,(કટ્લર્)*n*.[L *cutler*,knife.] One who makes knives and other cutting instrument:કાપવાના હથીઆર બનાવનાર અને વેચનાર લવાર

Cutlery,(કટ્લરિ)*n*.The business of a cutler: હથિયાર બનાવવાનો હુન્નર.

Cut-purse,(કટ્પર્સ્)*n*.A pickpocket:ગજવાંકાતરૂ;ચોર;ઉચક્કો; બામટો; ગઠીઓ.

Cutter,(કટર્) *n*. One who cuts or hews:કાપનાર.2. An instrument used for cutting: કાપવાનું-વાઢવાનું હથિયાર.3.A foretooth:આગલો દાંત. 4. A small boat:નાની હોડી. 5. A small onehorse sleigh:એક ઘોડાવાળી નાની ગાડી.

Cut-throat,(કટ્થ્રોટ)*n*.One who cuts throats an assassin:ફાસીઓ;ગળુકાપનાર;ગળાકાપુ:

Cutting,(કટિંગ્)*n*.The act or operation of making an incision &c.:કાપ;છેદ;કડકો; કલમ. 2. Something cut or cut off; a cut:કાપી નાંખેલી-છેદેલી ચીજ-પદાર્થ; કાપલા;છાંટ.

Cycle,(સાઈકલ) *n*. [Gr. *kuklos*,a circle.] A periodical space of time marked by the recurrence of something peculiar:કાળચક્ર; સંવત્સર ચક્ર;યુગ.

Cyclic ca.:(સાઇકિલક્-સાઈકિલકૅલ્)*a*Pertaining to cycles:કાળચક્ર સંબંધી. C *poets*, certain epic poets:કેટલાક ઐતિહાસિક કાવ્યો લખનાર-કવિઓ

Cyclone,(સાઇક્લોન્)*n*.[Gr.*kuklos*,a circle]A rotatory storm: વટોળીઓ;તોફાન.

Cyclopedia,(સાઈક્લોપીડિઆ)*n*.[Gr.*kuklos*,a circle and *paedia*,education.] The circle or compass of the arts and sciences: સર્વ વિદ્યા-માળાસંગ્રહ;જ્ઞાનાવળી.

Cyclops,(સાઈક્લોપ્સ્)*n*.[Gr.*kuklos*,circle and *ops*, eye.] A class of giants, having one eye in the middle of the forehead:એક આંખવાળા રાક્ષસ;ભાલલોચન રાક્ષસ.

Cylinder,(સિલિન્ડર્)*n*. [Gr. *kulindror*.] A body of roller-like form:ભુંગળું;નળાકાર.

Cylindrical, (સિલિન્ડ્રકૅલ્) *a*. Having the form of a cylinder:ભુંગળા જેવું;નળીઆના આકારનું સંબંધી.

Cymbal,(સિમ્બૅલ્)*n*.[Gr.*kumbos*,a cavity.] A musical instrument of brass,of a circular form like a dish:ઝાંઝ;તાલ;કાંશી;કરતાલ

Cynic cal, (સિનિક્ સિનિકૅલ્) *a*. [Gr. *kuon*,a dog] Surly:ચીઢીલ ; રીસાળ; કુટીલ.2. Pertaining to the dog-star:લુબ્ધકના તારા સંબંધી-નું.

Cynicism,(સિનિસિઝ્મ)*n*. The practice of a cynic:કુતરા જેવો સ્વભાવ;સંસારના વૈભવનો ચીઢથી તિરસ્કાર.

Cynosure,(સાઈનોઝ્યૂર્)*n*.[Gr *kuon*,a dog & *oura*,tail]The constellation of the Lesser Bear:ધ્રુવનો તારો.2.બધાનું ચિત્ત ખેંચનાર વસ્તુ.

Cypress,(સાઇપ્રેસ્)*n*. [L.*cupressus*,the cyprus.] A kind of tree *Cupressus*:સરૂનું ઝાડ સરૂવર.

Cyprus, (સાઈપ્રસ્) *n*. A thin transparent black stuff:એક જાતનું પાતળું કાળું લુગડું.

Cytherean, (સિથેરીઅન્)*a*. [Gr. *ceriyo*, an island in the Ægean sea] Pertaining to Venus:શુક્રને લગતું.

Czar,(ઝાર્)*n*. [L. *coesar*.] The Emperor of Russia:રૂશ દેશનો શેહેનશાહ. [રૂશ દેશની રાણી.

Czarina,(ઝારીનૅ)*n*.The Empress of Russia

Czaro-witz,(ઝારોવિટ્સ્) *n*. The eldest son of the Czar of Russia:ઝારના પાટવી કુંવર.

D.

D,(ડ્)The fourth letter of the English alphabet: ઇંગ્રેજી મુળાક્ષરનો ૪ થો અક્ષર. When softly sounded it is represented by ડ્ or ર્ when aspirated,by ધ્.As a numeral it stands for 500.

Dab,(ડૅબ્) *vt*. To strike gently:ટીપવું. *n*. A.

sudden blow;hit:થપ્પડ. 2. A skilful hand: ચાલાક માણસ.

Dabble,(ડૅબ્બલ્)*vt.* To sprinkle:ભીંજવવું;પલાળવું *in.*To play in water:પાણીમાં મસ્તી કo. 2 To do superficially:ઉપલગ કામ કo;માથું ઘાલવું

Dabbler, (ડૅબ્બલર્) *n.* One who dabbles: બોળનાર;ભીંજવનાર;ચંચુ પ્રવેશ કરનાર.

Dacoit,(ડૅકૉઈટ્)*n.*A gang-robber: ધાડપાડુ.

Dacoity(ડૅકૉઈટિ)*n.*The practice of gangrobbery:ચોરી;ધાડ; ડકાયટી.

Dactyl,(ડૅક્ટિલ્)*n.*A poetical foot:પહેલો અક્ષર ગુરૂ અને પછીના બે અક્ષર લઘુ હોય છે તે ગણ ભગણ.

Dactylology,(ડૅક્ટિલૉલૉજી) *n.*[Gr.*dactuloe*, finger & *logos*, speech.]The art of talking with fingers like the deaf & dumb:કરપલ્લવી.

Dagger,(ડેગર્) *n.* A short sword::ખંજર. 2. A mark of reference:કટારના આકારનું નિશાન; (†);કટારી.*To look* or *speak* **d.**s:આંખો કાતરવી; ગુસ્સાથી જોવું-બોલવું *To be at* **d.**s *drawn*:સામા હોવું.*To plunge a* **d.**(*fig*):ના પેટમાં કટાર મારવી.

Daggle,(ડૅગ્ગલ્)*vt.*To dip:પલાળવું.*vi.* To run or go through water and mud:ખરડાઈ જવું.

Dahlia, (ડેલિઅ) *n.* A genus of plants of Maxico:ગુલદાઉદી જાતનું ફુલઝાડ; ગુલદાઉદી.

Daily,(ડેલિ)*adv.*Everyday:દરરોજ.*a* Happening each successive day:રોજનું;નિત્યનું; આહીક;અરાકસ.*n.*A publication which appears regularly every day:રોજીંદુ(પત્ર);આન્હિક.

Dainty,(ડેન્ટિ)*a.*[L. *dens*,*dentis*,tooth]Delicious to the palate:સ્વાદિષ્ટ;મિષ્ટ;રૂચિકર;લહેજતદાર *n.*A delicacy:મિષ્ટાન્ન;મિષ્ટ ભાવતું ભોજન.

Dairy (ડેરિ)*n.*A place or room where milk is kept and converted into butter:ગોરસશાળા.

Dairy-maid,(ડેરિમેડ્)*n.* A female servant whose business is to attend to the dairy: ગોરસશાળા ઉપર રાખેલી સ્ત્રી.

Dais,(ડેઇસ્)*n.*[L *discus*,a quat.]The platform slightly raised above the floor of a hall:આસન;સિંહાસન;ઉંચુ આસન.

Dale,(ડેલ)*n* [Gr *dolos*,a rotunda.]A vale: બે પહાડ વચ્ચેની જગો;ખીણ.

Dalliance, (ડૅલિએન્સ) *n.* Interchange of caresses;wanton play:સ્ત્રી પુરૂષનું રમવું;વિલાસ;કામક્રીડા;વિષયક્રીડા.

Dally,(ડૅલિ)*vi.* To waste time in voluptuous pleasures:એશઆરામમાં વખત કાઢવો.

Dam,(ડૅમ્)*n.*[L.*domina*,a mistress.]A female parent,especially of beast:માદા.2.A humanmother:માતા.3. A crowned man in draughts:શેત્રંજનો રાજા.4.A barrier to prevent the flow of a liquid:પાણી ખાળવાને બાંધેલી પાળ;બાંધ; પુસ્તો.*vt.*To confine by constructing a dam:પાળ બનાવીને અટકાવવું-પ્રવાહ બંધ કરવો.

Damage,(ડૅમેજ્)*n.*[L *damnum*,loss.] Detriment;injury; harm:નુકશાન; ખરાબી; હાની; ખલેલ;ધક્કો ;ચોકો & (*Pl*)(*Law*)Reparation in money for injury:નુકશાનીબદલો.*Vindictive* **d.**s:અપરાધીને શિક્ષા માટેજ ખાસ અપાવેલી નુકશાની. *vt.*To hurt;to injure:નુકશાન-હાની પહોંચાડવી.

Damask,(ડૅમેસ્ક્)*a.* [*Damascus* a town in Turkey in Asia.] Resembling manufactures of Damascus:ડમાસ્કસ શેહેરની બનાવટનું-ના જેવું ને મળતું. *n.* A kind of stuff woven with figures and flowers:અસલ ડમાસ્કસ શહેરની બનાવટનું રેશમી કાપડ

Dame, (ડેમ) *n.* [*domina* a mistress.] A mistress:બાઇ.2. The mistress of a family: ઘરખટલો ચલાવનારીસ્ત્રી.3. A mother:મા.

Damn,(ડૅમ્) *vt.* [*damnum*, loss.]To condemn:શિક્ષા પાત્ર ઠેરવવું;દુષિત ઠેરવવું.2.To consign to perdition:નરકમાં નાંખવું. 3. To condemn as bad:ધિક્કારી કાઢવું.

Damnable,(ડૅમ્નેબલ્)*a.*Worthy of or liable to damnation:નરકમાં નાખવા જેવું;નરકપાત્ર;દુષ્ટ.

Damnation,(ડૅમ્નેશન્) *n.* Condemnation; censure:નરકવાસ;દુર્ગતી;અધોગતિ.

Damnatory, (ડૅમ્નેટોરિ) *a.* Condemning to damnation;condemnatory:ધિક્કારવું;દુષ્ટ ઠરાવવું

Damp,(ડૅમ્પ) *a.* Moderately wet:હવાયલું. 2. Dejected: ઉદાસ. *n.* Moisture: ભીનાશ. *vt.* To moisten:હવાવાળું કo.2. (*a*) To depress: દાબી દેવું;ઉદાસ કo (*b*) To make dull:નરમ કરી દેવું. (*c*) To weaken:આશાભંગ-ઉત્સાહ ભંગ કo.

Damsel,(ડૅમ્ઝેલ્)*n* A young unmarried girl a maiden:કન્યા;કુમારી;છોકરી;જુવાન બેરી;યુવતી; તરૂણી;મુગ્ધા. *Bevy of* **d.**s: તરૂણીગણ. *Celestial* **d** :અપ્સરા.

Dance,(ડૅન્સ)*vi.* To move with measured steps: નાચવું. *vt.* To cause to dance; to dandle:નાચવું.*n.*A leaping or stopping with motions of the body adjusted to the measure of a tune:નાચ;નૃત્ય;નાટ્ય.2.A tune by which dancing is regulated: જે રાગ નાચથી કરવામાં આવે છે તે.ધ્રુપદ [રામજણી;નાયકો.

Dancing-girl,(ડૅન્સિન્ગ-ગર્લ્) *n.* Danceress:

Dander,(ડૅન્ડેર્)*n.*Scurf on the head:ખોડો. 2.Anger:ગુસ્સો;ક્રોધ.*vi* To wander about;to talk incoherently: ભટકવું; રગવવું; આડી અવળી ગમે તેવી વાત કo.

Dandle,(ડૅન્ડલ્)*vt.* To move up and down on the knee:હાથ-ખોળામાં ઉછાળીને રમાડવું. 2. To wheedle:ફોસલાવવું.

Dandy,(ડૅન્ડિ)*n.*A fop;a coxcomb:છેલ;ફક્કડ.

Danger,(ડેન્જર્)n [L.*damnum*,loss & *gero* I bear.] Exposure to loss: જોખ (મો;ભય. 2. Difficulty:સંકટ; કષ્ટ.

Dangerous,(ડેન્જરસ્)*a*.Full of risk:જોખમનું; જોખમ ભરેલું; ભયંકર; દહેશત ભરેલું; હાનિકારક.2. Causing danger:ભય પમાડતું-લગાડતું.

Dangerously,(ડેન્જરસ્લિ)*adv*.Hazardously; perilously:દહેશત રાખવા જેવું;ધાસ્તી ભરેલી રીત્યે.

Dangle, (ડૅન્ગલ્) *vi*.To hang loosely:લટકવું; ઝુલવું;લડબડવું. To **d**.*about*,to court the favour of:નીખુશામત કo. [ture:ભીનાશ;શરદી.

Dank,(ડૅન્ક્)*a*.Moist:ભિનું;શરદ.*n*.A mois-

Dapper,(ડૅપર્)*a* (*a*)Little and active:ઠીંગણું અને છકું.(*b*)Spruce:સાફસૂફ રહેનાર.

Dapple,(ડૅપલ્)*n*.Oneofthe spots,on a dapple animal:કાબર ચીતરા જનાવર ઉપરનાડાઘામાંનો એક ડાઘ *vt*.To variegate with spots:કાબરચીતરૂ-રંગ બેરંગી બનાવવું.*a*.Spotted:કાબરચીતરૂં.

Dare,(ડેર્)*vi*.Not to be afraid:ધૈર્ય હિમ્મત-છાતી ચાલવી.*vt*.To have courage;to venture (to do) કરવાને હિંમત ધરવી.2. To challenge; to provoke;to defy:ચડસે ભરાવવું.

Daring, (ડેરિન્ગ્) *a*.Bold:બહાદુર; હિંમતવાન.*n*. Boldness:સાહસિકકામ;હામ;ધૈર્ય;સાહસ;મર્દામી.

Dark,(ડાર્ક્)*a*.Destitute of light:અંધારાવાળું; કાળું;અસ્પષ્ટ;ગુપ્ત;ગૂઢ 2.Mysterious:ન સમજાય એવું; Unrefined:અજ્ઞાન;અવિદ્ય;મૂર્ખતાનું.4 secret:છાનું;ગુપ્ત;5 Forboding evil:ભયાનક; ભયંકર;માઠું 6.Blind:આંધળું. 7. wicked;siniter:વાંકું;પાપી; અનીતિનું.Not fair: સાંવળું;કાળું;*n* Obscurity: અંધારૂં;તિમિર.2.State of ignorance:અજ્ઞાન,

Darken,(ડાર્કન્)*vt*.To deprive of light:અંધારૂં કo.2. To render dim:ઝાંખું કo.3 To render ignorant:શોકાતુર કo.4 To render less clear or intelligible:સમજવામાં-અઘરૂં પડે એવું ન સમજાય એવું-અગમ્ય કરવું.*vi*.To grow dark:કાળુંશ્યામ થવું. [જેવું તેવું કાળું-ઝાંખું.

Darkish (ડાર્કિશ્)*a*.Somewhat dark;dusky!

Darkness, (ડાર્ક્નેસ્) *n* Gloom:અંધકાર.2.A state of privacy;secrecy:છાનું રાખવું તે. 3 A state of ignorance:અજ્ઞાનપણું; અજ્ઞાન.

Darksome,(ડાર્કસમ્)*a*.Dark:gloomy:obscure:અંધારૂં;કાળું;અંધકારમય.

Darling, (ડાર્લિન્ગ્) *a*.Dearly beloved:વહાલું. *n*.One dearly beloved:લાડકું;પ્રાણ પ્યારૂં.

Darn.(ડાર્ન)*vt*.To mend a rent by imitating the texture of the cloth in which it is:રફુ કરવું;તુણવું.

Dart, (ડાર્ટ) *n*.[L.*trudo*;I push.]A javelin; any missile weapon:ફેંકવાનો ભાલો;તીર.2.An arrow:તીર.*vt*.To throw or hurl as a missile weapon:ફેંકવું.2.To send;નાંખવું;ફેંકવું.*vi*.To be let fly:(તીરની પેઠે)આવવું.

Dash,(ડૅશ્)*vt*.To cause to strike violently: અફળાય એમ જોરથી ફેંકવું.2.To shatter:તોડી પાડવું. 3.To erase by a stroke:;છેકવું;ચેરી નાખવું.*vi*. To rush with violence;to come in collision: અથડાવું.*n*.A violent striking of two bodies; crash:અથડાઅથડી.2. A rapid movement:ધસારો.3 A mark or line,thus[-]ગુરૂરેખા.

Dashing,(ડૅશિન્ગ્)*a*. Rushing:ધસનારૂં.

Dastard,(ડૅસ્ટર્ડ્)*n*.An arrant coward:બીકણ; બાયલું માણસ.*a*.Cowardly:બીકણ.

Dastardly,(ડૅસ્ટર્ડ્લિ)*adv*. Meanly:નામર્દાઇથી.

Date,(ડેટ)*n*.[L.*do* I give.]*pl*.[*Sing* **Datum**.] A ground of inference:મુદ્દાની વાતો;આધાર.

Date,(ડેટ્)*n*. [L.*do*, I give.]That addition to a writing, inscription coin &c,which specifies the time when it was given or executed:તારીખ;દહાડોવાર;મિતિ;તિથિ 2 Precise period;epoch:વરસ-વર્ષ 3 Duration:મુદત. 4. The fruit of the date palm:ખજુર;ખારેક.*vt*. To note the time of writing:તારીખ-લખવી-*vi*.To have beginning: આરંભ-પ્રારંભ-મંડાણ હોવું 2.To have a date:તારીખ હોવી.

Date tree,(ડેટ્ટ્રી)*n*. (*Bot*.) The genus of palms which bear dates:ખજુરી;ખારેકી.

Dative,(ડેટિવ્)*n*. [L,*do*,I give.]1. (*Gram*) The case of a noun which expresses the remoter object:ચોથી વિભક્તિ.

Daub, (ડૉબ્) *vt*. [L. *de* & *albus*, white.] To smear with soft,adhesive matter:લપેડવું 2. To paint in a coarse manner:લપેડવું. 3 To disguise:ઢાંકવું 4.To deck awkwardly:કઢંગી રીતે શણગારવું 5 A picture coarsely executed જેમાં રંગના ડબકા ડબકા પાડી મૂકેલી હોય એવી છબી.

Dauby,(ડૉબિ)a.Viscous;adhesive:ચિકણું;ચિકટ.

Daughter, (ડૉટર્) *n*.The female offspring: of the human species:છોકરી;પુત્રી;દીકરી;બેટી; કન્યા.2 A female descendant:કુળપુત્રી,સ્ત્રીસંતાન.3.Adaughterin-law:છોકરાની વહુ.

Daunt,(ડૉન્ટ્)*vt*.[L *domo*,I tame.]To intimidate:હિંમત વિગેરે દાબી નાંખવું;ડરાવવું; નાહિંમત કo;ધૈર્યભગ કo;અકડાવવું;ચમકાવવું;બિગાડવું.

Dauntless,(ડૉન્ટ્લેસ્)*a*.Bold:હિંમતવાન;ધીટ.

Dawdle,(ડૉડલ્)*vi*.To trifle:વખત ગુમાવવો.

Dawn,(ડૉન્) *vi*.To grow light: અજવાળું થવા માંડવું;પ્રભાત થવું 2 To begin to appear:ઉગવા-ખીલવા માંડવું.*n*.The break of day:સવારનું પહોર;મળસકુ;પરોઢીયું;પ્રભાત;પ્રાતઃકાળ.2. First apperance:શરૂઆત;આરંભ;પ્રારંભ;ઉદય.

Day,(ડે)*n*.The time of light; the time between sunrise & sunset: દહાડો; દિવસ;દિન.2. The period of the earth's revolution on

its axes:દહાડો-રાત. *Auspicious* d.:સારો દહાડો. *Now-a-days*:આજકાલ.*From* d.*to* d:દિવસ જતાં.*To win the* d.,to gain the victory: જય મેળવવો. *Week* d.:રવિવાર શિવાયનો અઠવાડિયાનો દિવસ.3.Age:કાળ;જમાનો.

Day-bed,(ડે-બેડ્)*n*. A couch or sofa:કૉચ;પલંગ.

Day-book,(ડે-બુક્)*n*.A journal of accounts: રોજમેળ;રોજનામું;કાચોમેળ.

Day-break-spring, (ડે-બ્રેક્-સ્પ્રિન્ગ્) *n*. The time of the first appearance of light in the morning:પ્રભાત;પ્રાતઃકાળ;મળસકું;પરોઢ;અરૂણોદય.

Day-maid,(ડે-મેડ્)*n*.A dairy maid:દુધવાળી.

Day-star, (ડે સ્ટાર્) *n*. The morning star which ushers in the day:શુક્રનો તારો.

Dazzle,(ડૅઝલ્)*vt*.To overpower with light: આંજી નાંખવું;ઝંખવી નાંખવું. 2. To strike with admiration or surprise:આશ્ચર્ય પમાડવું;છેક-ચક્તિ ક૦; છક્ક કરી દેવું.*n*.A light of dazzling brilliancy:આંજી નાંખે એવું તેજ:ઝળઝળાટ.

Deacon,(ડીકન્)*n*. [L.*diaconus*,a servant.] In the Roman Catholic and Episcopal churches,a person admitted to the lowest order in the ministry,subordinate to the bishops and priests:ખ્રિસ્તિ ધર્મનોએક ઉતરતી પદવીનો અધિકારી,ડીકન.

Dead,(ડેડ્)*a*.Deprived of life:મુએલું;મરેલું. *A* d *body*:મુડદું.2. Inanimate:નિર્જિવ;જડ.3 Resembling death in appearance or quality; deathlike:મરી ગયા જેવું.4.Soundless:અવાજ ન નિકળે એવું.5.Not brilliant:ફિક્કું;ઝાંખું;બોઠું;મંદ. D *shot*, (*a*) An unerring marksman: રામબાણ નિશાન તાકનાર-તિરંદાજ. D. *language*, a language which is no longer in common use:નહિ બોલાતી-બોલાતી બંધ થઇ ગયેલી ભાષા.*A* d *letter*:ન ધણીઆતો કાગળ.*n*.Those who are dead:મરી ગયેલાં માણસો.

Deaden,(ડેડન્)*vt* To impair in vigour, force or sensibility; to blunt: અશક્ત ક૦ 2. To retard: -નો વેગ ઓછો-કમી ક૦. 3. To make spiritless:ટાઢું પાડવું.

Deadly, (ડેડ્લિ) *a* મારક. Fatal: પ્રાણઘાતક; 2. Implacable:કટ્ટ.3.Subject to death:વિનાશી. D of night:અરધીરાત. D. wound;કારીઘા.

Dead march,(ડેડ્-માર્ચ્)*n*.A piece of solemn music intended to be played as an accompaniment to a funeral procession: મુડદાં દાટવા લઇ જતી વખતે લશ્કરી વાજામાં જે રાગ વગાડવામાં આવે છે તે.

Deaf, (ડેફ્) *a*. Partially or wholly wanting sense of hearing: બહેરૂં; બધિર;સુનકાર 2 Regardless:બેદરકાર.3.Deafened:છેક સુનકાર.

Deafen,(ડેફન્)*vt*.To make deaf:બહેરૂં કરવું.

Deaf-mute,(ડેફ્મ્યૂટ્)*n*.A person who is deaf and dumb:બહેરૂં તથા મુગું માણસ.

Deal, (ડીલ્) *n*. A share: ભાગ: as *a* d. *trouble*.ઘણી મુશીબત.2.The distribution of cards:વહેંચણી. 3. A board or plank: દેવદાર; પાટિયું.*vt*. To distribute:માંથી ભાગ કાઢી આપવો;વહેંચી આપવું; વહેંચવું; લગાવવું; મારવું. *vi*. To distribute cards:પાનાં વહેંચવાં;વહેંચવું. 2. To trade:ધંધો-વ્યાપાર-વેપાર લેવડ-દેવડ હોવી. 3 To act:કામ ચાલવું;સાથે કામ લેવાનું હોવું *To* d.*by*, to treat either well or ill:વર્તવું. *To* d *in*,to buy & sell:વેચવું સાટવું;-નો વેપાર ક૦. *To* d *with*,to treat in any manner:ગમે તેમ વર્તવું;ચાલવું.

Dealer,(ડીલર્)*n*.A trader;a shopkeeper:ધંધો વેપાર કરનાર;વેપારી;ગંજીફાના પાના વેંચનાર.

Dealing,(ડીલિન્ગ્)*n*.Trade:ધંધો;વેપાર.2.Conduct:વર્તણુંક;ચાલ;વર્તન.3 વહેવાર;આપલે;લેવડ;દેવડ.

Dean, (ડીન્) *n*.[L.*decem*,ten]An ecclesiastical dignitary:ઇંગ્લાંડમાં અધ્યક્ષથી ઉતરતા દરજ્જાનો એક ધર્માધિકારી.2.An officer in a university or college: યુનીવર્સિટી તથા કોલેજનો એક અધિકારી.

Deanery,(ડીનરિ)*n*.The office or revenue of a dean:"ડીન" ધર્માધિકારીની પેદાશ અથવા હોદ્દો; મુલક.2.The residence of a dean:"ડીન"નું મકાન.

Dear, (ડીર્)*a*. Costly: ભારે કિંમતનું.2 Marked by scarcity or dearth:મોંઘવારીનું;મોંઘું. 3. Beloved: વહાલું; લાડકુ. *adv*. Dearly;at a high rate:ઘણી કીમતે.

Dear-born,(ડીર્-બૉર્ન્)*n*.A light four wheeled carriage:એક હલકી ચાર પૈડાની ગાડી.

Dearly,(ડીર્લિ)*adv* Affectionately:પ્યારથી.2. At a high price:ઘણીભારે કીમતે;ભારે.

Dearth,(ડર્થ્)*n*.Scarcity:અછત;તોટો; મોંઘવારી; ખોટું;અભાવ;અપ્રાપ્તિ; તંગાશ. 2. Want;famine: કાળ;દુકાળ;દુષ્કાળ;દુકાળ.

Death,(ડેથ્)*n* Extinction;decease:મોત;મરણ. *Hour of* d :અંતકાળ 2.Extinction: નાશ;લોપ. 3.The destoryer of life:કાળ;એક જાતનો ઝેરી સાપ.D *bell*:મરણ ઘંટ;મરણ સુચક ઘંટ.D.*warrant*, an order from the proper authority for the execution of a ciminal: ગુન્હેગારને ફાંસી દેવાને માટે યોગ્યસત્તાધીશ તરફનો હુકમ.D *wound*, (*a*)a fatal wound:પ્રાણઘાતક ઘા.To *be the* d. *of*,to be the cause of death to: ના મરણનું કારણ હોવું.*Civil* d ,the separation of a man from civil society: સરકાર તરફથી દેશનિકાલ મળ્યો હોય એવી સ્થિતિ. *Spiritual* d : ધર્મમાથી પતન;પતિતપણું.

Death-bed,(ડેથ્બેડ્)a. The bed on which a person dies:મરણશૈયા;મરણ;પથારી.

Deathless, (ડેથ્લેસ્) *a*.Not subject to death

or destruction:મરે નહિ એવું;અમર.

Debar,(ડીબાર)*vt* To shut out:વચ્ચે આવી નડવું.

Debark,(ડીબાર્ક્)*vt* To land from a ship:વહાણમાંથી કાંઠે-કિનારે ઉતારવું.*vi*. To go on shore: કાંઠે-કિનારાપાર જવું.

Debase,(ડીબેસ્)*vt* To degrade:હલકું પાડવું-ક૦.

Debasement, (ડીબેસ્મેન્ટ્) *n*. The act of debasing:નીચ સ્થિતિ માનહાનિ;બગાડો;ઘટાડો.

Debasing, (ડીબેસિન્ગ્) *a*. Capable of being debased:નીચે પાડે એવું;નીચું-હલકું પાડનાર.

Debate, (ડીબેટ્) *n*. A fight; contention or strife:લડાઇ;કજીઓ;તકરાર.2. Dispute: વાદયુદ્ધ; વાદવિવાદ 3.To discuss;to argue: વિષે તકરાર ચલાવવી;વિષે સામ સામા વાદ ક૦-લેવો તકરાર ક૦; વાકયુદ્ધ ક૦;ટપાટપી ક૦. [વાદ કરવામાં હુશિયાર.

Debater,(ડીબેટર્)*n*.One who bebates:વાદ વિ-

Debauch,(ડીબોચ્) *vt*. To lead away from purity:નું મન ચળાવવું;નેબદફેલી શિખવવી;ને ભ્રષ્ટ ક૦-નું પતિવ્રત ભંગ ક૦.*n*.Drunkenness:છાકટાઇ.

Debauchee,(ડીબોશી)*n*.A libertine:છીનાળવો; લંપટ,વ્યભિચારી;રંડીબાજ;બદફેલ.

Debauchery,(ડીબોચરિ) *n*. Seduction from duty or allegiance;sensuality: બદકર્મ; રંડીબાજી;વ્યભિચાર. દુર્વ્યસન;છાકટાઇ.

Debenture,(ડીબેન્ચ્યૂર્)*n*. [L. *debeo* I owe.] A writing acknowledging a debt:લેહેણાની વ્યાજુ ચીઠી;ખત.2. A custom-house certificate entitling an exporter of imported goods to a drawback of duties paid on their importation:દેશમાં માલ આણતી વખતે તે માલ ઉપર લીધેલી જકાત;માલ મોકલનારને પાછીવાળી આપવાને જકાત ખાતા તરફથી મળેલો હુકમ;વડાવડ ચિઠ્ઠિ.

Debilitate,(ડબિલિટેટ્)*vt*. [L *de* & *habilis*, able.]To impair the strength of:શક્તિ ઘટાડવી

Debility,(ડીબિલિટિ) *n*. Want of strength; weakness;imbecility: કમકૌવત; નાકૌવત.

Debit,(ડેબિટ્)*n* [L *debeo* I owe] A recorded item of debt:જમા-જમે રકમ.(*b*) The side of an account in which every indebtedness is entered:જમાબાજુ (*c*) Money or anything due;debt: લેહેણું. *vt*. To charge with debt: ખાતે લેહેણું કહાડવું; ખાતે લખવું;ખર્ચ લખવું-પાડવું.

Debonair,(ડેબોનેર્)*a*. Courteous: સભ્ય;નમ્ર

Debris,(ડેબ્રી) *n*. Fragments detached from a rock:ખડક-પહાડમાંથી જુદા પડેલા તળેટીના પથરા.

Debt,(ડેટ્)*n*. [L. *de* & *habeo*, I have.] Due-liability:કરજ;દેવું *The* d *of nature*:મરણ.

Debtor, (ડેટર્) *n* The person who owes another money:કરજદાર;દેવાદાર.

Debut,(ડેબ્યૂ)*n*.A beginning:શરૂઆત;પ્રારંભ.

Decade,(ડેકેડ્)*n* [Gr *deca* ten]The sum or aggregate of ten (esp of years.)દશકો;દસકો.

Decagon,(ડેકેગૉન્)*n*.[Gr.*deka* ten and *gonia* an angle.](*Geom*.)A plane figure having ten sides and ten angles: દશ ખૂણા તથા દશ બાજુની આકૃતિ.

Decalogue,(ડેકેલૉગ્)*n*. [Gr. *deka* & *logos*, discourse.]The ten commandments given by God to Moses: મૂસા પેગંબરને ઇશ્વરે કરેલી દશ આજ્ઞા.

Decamp,(ડીકૅમ્પ્)*vi*.[L.*de* & *camp*.] (*a*) To break up a camp:છાવણી ઉઠાવવી;મુકામ ઉઠાવવો.

Decant-tate,(ડીકૅન્ટ્-ડીકૅન્ટેટ્)*vt*.[Gr.*kantharos*, a large drinking vessel.]To pour off gently:નિતારવું;ઉપર ઉપરથી નીતારી લેવું.

Decanter,(ડીકૅન્ટર્)*n*. A vessel used to decant liquors:પાણી-દૂધ-દારૂ વિગેરે પ્રવાહી પદાર્થ ચોખ્ખે નીતરવાનું વાસણ.

Decapitate,(ડીકૅપિટેટ્)*vt*. [L. *de* & *caput* the head.] To cut off the head of;to behead:નું માથું;ડોકું કાપવું;ગર્દન મારવું;શિરચ્છેદ કરવો

Decapitation (ડીકૅપિટેશન્) *n*. The act of beheading:માથું-ડોક કાપવું-ગર્દન મારવું તે.

Decay,(ડીકે) *vi*. [L. *de* & *cado*, I fall.] To perish:નાશ પામવું;ચીમળાઈ જવું.*vt*.To cause to fail:બગાડવું.*n*. Corruption:પડતી.2. Cause of decay:પડતીનું કારણ.3.Destruction: નાશ.

Decease,(ડીસીસ્)*n*.[L.*de* & *cedo*,I go.]Departure:મરણ;મોત. [*n*.One who dies:મરનાર.

Deceased,(ડીસીસ્ડ્)*a*.Dead:ગત થયેલું; મરનાર.

Deceit,(ડીસીટ્)*n*. Fraud;deception: લુચ્ચાઈ; ઠગ વિદ્યા.ઠગ.2 (*Law*.)A trick or underhand practice used to defraud another:બીજાને છેતરવાને-ઠગવાને કરેલી યુક્તિ-દગો;છળ;પ્રપંચ.

Deceitful, (ડીસીટ્ ફૂલ્)*a*. Cheating: કપટી;દગલબાજ;પ્રપંચી; ધૂર્ત;ઠગ.

Deceitfulness, (ડીસીટ્ ફુલ્નેસ્) *n*. The disposition to deceive:ઠગવાની ટેવ;દગલબાજી;ઠગ વિદ્યા;કપટ.2.The tendency to deceive:છેતરી નાંખે-દગો કરે-ભૂલવે એવો ગુણ.

Deceive,(ડીસીવ્)*vt*.[L.*de* & *capio*,I take.] To delude;to cheat: છેતરવું; ઠગવું. 2. To defraud:દગો ક૦; ભોળાવવું;ભરમાવવું: છળ-પ્રપંચ ક૦.

Deceiver, (ડીસીવર) *n*. A cheat:દગો કરનાર.

December,(ડીસેમ્બર્)*n*. [L.*decem*, ten.]The last month in the year:ઇંગ્રેજી છેલ્લો મહિનો.

Decency,(ડીસેન્સિ) *n*. Seemliness;freedom from obscenity:લાયકી;વિનય.સભ્યતા;યોગ્યતા.

Decennial,(ડીસેનિઅલ્)*a*. [L. *decem*, ten & *annus*,year.]Consisting of,or happening, every ten years:દશ વર્ષનું;દસ વર્ષ સ્થાયી.

Decent,(ડીસેન્ટ્) *a*. [L. *decus* glory, honor.] Becoming: ઘટિત;લાયક; યોગ્ય; ઉચિત. 2. Graceful,wellformed: ખૂબીવાળું; દેખાવડું. 3. (*a*)

Respectable (*persons*): આબરૂદાર; (*things*) નઠારૂં ન દેખાય-કહેવાય એવું;તક;-વ્યવહારિક.

Decently, (ડીસેન્ટ્લિ) *adv.* In a becoming manner:યોગ્ય રીતે;યથાયોગ્ય;ઘટિત રીતે.

Deception,(ડીસેપ્શન)*n.* The act of deceiving or misleading: છેતરવું તે; છેતરવાનો પ્રયત્ન. 2. Artifice;fraud:કપટ;છળ;ઠગો,છેતરપંડી.

Deceptive,(ડીસેપ્ટિવ્)*a.*Tending to deceive or mislead:ભુલાવામાં નાંખે એવું;ભ્રાન્તિજનક.

Decerp, (ડીસર્પ્) *vt.* [L. *decerpere* to pluck off.]To pluck off;to gather:ચૂંટવું;કાપવું;વીણવું.

Decidable,(ડીસાઇડેબલ્)*a.* Capable of being determined:નક્કી કરવા યોગ્ય;ઠરાવવા યોગ્ય.

Decide,(ડીસાઇડ્) *vt.* [L. *de* & *cædo* I cut.] To settle:ચૂકવવું;નો નિવેડો-ફેંસલો ક૦.

Decided,(ડીસાઇડેડ્)*a.*Evident:નિશ્ચિત;સિદ્ધ.2. Determined:નિશ્ચયવાળું; શક-શંકા વિનાનું.

Decidedly,(ડીસાઇડેડ્લિ) *adv* In a decided manner;clearly:સ્પષ્ટ-સાફ રીતે.

Decimal,(ડેસિમૅલ્)*a.* [L. *decem*, ten.] Increasing or decreasing by ten times:દશાંશ **D** *fractions*:દશાંશ અપૂર્ણાંક.**D** *point*:દશાંશ ચિન્હ.*n.*A decimal fraction:દશાંશ અપૂર્ણાંક;દશાંશ *Circulating or circulatory* **d** :પુનરાવર્તિ દશાંશ

Decimate,(ડેસિમેટ્)*vt.*[L. *decem*, ten.] To take the tenth part of:નો દશમો ભાગ-દશાંશ લેવો. 2. To select by lot and punish with death every tenth man of:માંના દશમા દશમા માણસને-દર દશમા માણસને મોતની શિક્ષા ક૦.

Decipher, (ડીસાઇફર્) *vt.* To translate from a cipher into intelligible terms:અર્થ ક૦.કહેવો-બેસાડવો;ઉકેલવું;સમજાવવું.2. To mark:અંકિત ક૦;ને માટે પંકાવું ચિન્હ-નિશાન ક૦.

Decision,(ડીસિઝન) *n.* The act of separation:કાપવું-ભાગ પાડવા તે;કાપણી.2. Settlement ઠરાવ;નિવેડો ફેંસલો;તોડ 3. An account of adjudication: નિવેડા-ફેંસલાનો હેવાલપત્ર. 4. Unwavering firmness:દૃઢતા;સંકલ્પ;દૃઢનિશ્ચય.

Decisive,(ડીસાઇસિવ)*a.* Final:નિશ્ચયકારક.

Deck,(ડેક્)*vt.*To cover;to overspread: ઢાંકવું; ઉપર પાથરવું 2.To array:આચ્છાદિત ક૦,પેહેરાવવું; શણગારવું. 3. To furnish with a deck, as a vessel:(વહાણનું) તુતક જડવું.*To clear the* **d.** to prepare for action:સઘળી લડાઇની તૈયારી ક૦.

Declaim,(ડીક્લેમ્)*vi* [L. *de* & *clamo*,I cry out.]To speak rhetorically:જ્હોરે સાદે ભાષણ ક૦ 2. બરાડવું; બખાળા પાડવા.*vt.* To speak in favor of:કોઇની તર્ફેણમાં-પક્ષમાં બોલવું.

Declamaton,(ડેક્લેમેશન) *n.* The delivery of a speech:ભાષણ આપવું તે. 2. Pretentious rhetorical display:શબ્દ પંડિત્ય.

Declamatory, (ડીક્લૅમેટોરિ) *a.* Pertaining to declamation:અલંકારિક.2. Without solid sense:શબ્દ પાંડિત્યવાળું.

Declaration,(ડેક્લેરેશન) *n.* Proclamation: પ્રસિદ્ધિ;પ્રકટીકરણ.2.Anouncement:કહેલી વાત; સ્પષ્ટવચન.3.The document in which something is declared:જાહેર ખબર;ઇકરાર; જાહેરનામું.4.The narration of the plaintiff's case: એકરાર.*A solemn* **d.**:પ્રતિજ્ઞા.

Declarative,(ડીક્લૅરેટિવ્)*a.*Explanatory;assertive:જાહેર કરે એવું;એકરાર-પ્રતિજ્ઞાવાળું.

Declare,(ડીક્લેર્)*vt.*[L.*de* & *clarus*, clear.] To make plain;to clear:સાફ-સ્પષ્ટ ક૦.2. To assert:છાતી ઠોકીને-ખાત્રીથી કહેવું. *To* **d.** *off*,to recede from an agreement: ઠરારમાંથી ખસી જવું.*vi.*To proclaim one's self:જણાઈ આવવું. પ્રગટ થવું.

Declension, (ડીક્લેન્શન) *n.* Declination:ઉતરતો ઢાળ-ઢોળ-ઢોળાવ; ઝોક. 2. A refusal:નકાર. 3 (*Gram.*) Inflection of a word:વિભક્તિરૂપ; વિભક્તિપદ્ધતિ.

Declinable,(ડીક્લાઇનેબલ્)*a.*Capable of being declined: જેને વિભક્તિનાં રૂપો લાગે એવું.

Declination,(ડેક્લિનેશન)*n.*Inclination:નિચું નમવું-નમાવવું તે.2.Decay:પડતી દશા 3.Obliquity:આડાં-વાંકા ચાલવું તે 4. Refusal:નકાર. 5. Distance from the celestial equator:ક્રાંતિ 6.The arc of the horizon:દૃષ્ટિ મર્યાદાનું વર્તુલ.

Decline,(ડીક્લાઇન)*vi.*[L.*de* & *clino*,I bend] To lean:નમવું;ઘટવું; ઓછું થવું;-ની પડતી આવવી. 2.To refuse:-ના કહેવી. *vt.* To inflect:ને વિભક્તિ લગાડવી;-ને વિભક્તિ રૂપાખ્યાન આપવું. *n.* A falling of:ઉતરતી અવસ્થાકળા;પડતી.**D.** *of life*: ઉતારવય.2.(*Med.*)(*a*)The time of the disease being abated:રોગ ઓછા થતો હોય તે વખત.

Declivity,(ડીક્લિવિટિ)*n* [L. *de* & *clivus*,a slope.]Descent of surface: ઉતરતો ઢાળ;ઢોળાવ.

Declivous,(ડીક્લાઇવસ્)*a* Gradually descending;sloping:ધીમે ધીમે ઉતરતું;ઢાળ ઢોળાવ.

Decoction,(ડીકોક્શન)*n.* [L. *de* & *coquo*,I cook.] The act of preparing for use by boiling:ઉકાળીને ખપને માટે તૈયાર કરવું તે;ઉકાળો.

Decompose, (ડીકોમ્પોઝ્) *vt* [L *de*,from & *compose*.]To resolve into original elements: મૂળતત્વો જુદાં પાડવાં.

Decomposition,(ડીકોમ્પોઝિશન)*n.* Separation into constituent parts:પૃથક્કરણ;વિઘટન.

Decompound,(ડીકોમ્પાઉન્ડ્)*vt.* To form by a second composition:ફરીથી-બીજીવાર મેળવવું. *a.* Compounded a second time:બીજીવાર-ફરીથી મેળવેલું

Decorate,(ડેકોરેટ્)*vt.*[L. *decus*,ornament.] To adorn:શણગારવું;દેખાવડું ક૦;શોભાયમાન ક૦

Decoration,(ડેકોરેશન્)*n.*The act of adorning;ornamentation:પહેરાવવું.શોભાયમાન કo તે. 2. Any mark or honor;ચાંદ.

Decorative,(ડિકોરેટિવ્)*a.*Suited to embellish;adorning:શણગારવા યોગ્ય;અલંકૃત કરવા યોગ્ય.

Decorous,(ડીકોરસ્)*a.*Becoming;seemly;befitting:યોગ્ય;યથાયોગ્ય;શોભે એવું;ઘટિત.

Decorum,(ડીકોરમ્)*n.*Propriety of manner, behaviour;decency:યોગ્ય;યથાયોગ્ય વર્તણૂંક.

Decoy,(ડીકોઈ) *vt.* To deceive;to entrap:ફાંદા પેચમાં નાંખવું-ફસાવવું; લલચાવવું. *n.* Anything intended to lead into a snare; a bait:લલચાવનાર;ફાંદામાંનાંખનાર.

Decrease,(ડીક્રીસ્)*vi.*]L.*de* & *cresco*,I grow.] To become less:ઓછું-કમી-ન્યૂન-ટુંકું કo.*vt.*To cause to lessen:ઓછું-કમી-ન્યૂન-ટુંકું-ન્હાનું કo. *n.* The wane of the moon:કળાક્ષય.

Decree,(ડીક્રી)*n.*[L *de* & *cerno*,I judge.] (*a*) An order from one having authority,deciding what is to be done by a subordinate:હુકમ નામું;ફેંસલો.2.The purpose of God concerning future events: પરમેશ્વરે ભવિષ્ય વિષે નિશ્ચિત કરેલી વાત.*vt.*To determine judicially a decree: હુકમનામું-ઠરાવ કo. *vt.* To determine decisively:છેવટનો ફેંસલો-ચુકાદો.

Decrement,(ડેક્રીમેન્ટ્)*n.* Decrease:ઘટ;ન્યૂનતા.2.The quantity lost by gradual diminution:ઘટ;ખૂટ;તૂટ.

Decrepit,(ડીક્રેપિટ્)*a.*[L.*de* & *crepo*,I crack.] Broken down with age:ઉમરને લીધે લબડી ગયેલું; જરાગ્રસ્ત.

Decrepitude,(ડીક્રેપિટ્યુડ્)*n.*Infirm old age: ઘડપણથી થયેલું અશક્તપણું-રહિતપણું;જરાવસ્થા.

Decrescent,(ડીક્રેસેન્ટ્)*n.*Decreasing:ઓછું થતું

Decretal,(ડીક્રીટલ્)*a* Containing a decree: કાયદા-ઠરાવ સંબંધિ. *n.* An authoritative order or decree:સત્તાથી કરેલો કાયદો-આજ્ઞા;પોપના ઠરાવ-કાયદા હુકમનો સંગ્રહ.

Decrial,(ડીક્રાઇએલ્)*n.*Condemnation by censure:ઠપકો દઇને ધિક્કારી કાઢવું તે;આક્ષેપ;અપવાદ.

Decry,(ડીક્રાઈ)*vt.* To clamor against:to discredit:વખોડી-નિંદી નાંખવું;અપમાન કરી કાઢવું.

Decumbent,(ડીકમ્બેન્ટ્)*a* [L.*de* & *cubo*,I lie down.] Prostrate;recumbent:સુતેલું;પડેલું.

Decuple,(ડેક્યૂપલ્)*a.*[L.*decem*,ten.]Tenfold; multiplied by ten:દશગણું;દશપુટ.*n.*A number ten times repeated:દશગણી રકમ-સંખ્યા. *vt.* To make tenfold:દશગણું કo.

Dedecorate, (ડીડેકોરેટ્) *vt.* To deprive of honour:માનભંગ કo.

Dedicate,(ડેડિકેટ્) *vt.* [L. *de* & *deco*,I proclaim.] To denote solemnly:અડાવવું; અર્પણ કo;ધર્મના-પવિત્ર ઉપયોગને માટે કાઢવું.2.To devote or give (*oneself*) wholly or earnestly:ને તનમન અર્પણ કo.3.To inscribe or address: અર્પણ કo;ગ્રંથાર્પણ કo.

Dedication, (ડેડિકેશન્) *n.* Solemn appropriation:અર્પણ 2.The act of devoting(*oneself*):-ને તનમન અર્પણ કo. 3. An address to a patron:ગ્રંથાર્પણ.

Dedicatory,(ડેડિકેટોરિ) *a.* Serving as a dedication:જેમાં ગ્રંથ કોઇને અર્પણ કર્યાનું લખ્યું હોય એવું;અર્પણાત્મક.

Deduce,(ડીડ્યૂસ્)*vt.*[L *de* & *duco*,I lead.]To lead forth:-માંથી કાઢવું;દોરવું.2.To deduct:ઓછું કમી કo 3.To derive:અનુમાન સિદ્ધાંત કાઢવો.

Deducement,(ડીડ્યૂસ્મેન્ટ્)*n.*The act or process of deducing;inference:અનુમાન;તર્ક.

Deducible,(ડીડ્યૂસિબલ્)*a.*Capable of being deduced:અનુમાન સાધ્ય.2.Capable of being brought down:સિદ્ધાંત પૂર્વક અનુમાન થઇ શકે એવું.

Deduct,(ડીડક્ટ્)*vt* [L *de* & *duco*,I lead.]To lead out or from:બહારદોરી લઇ જવું;દોરવું.

Deduction, (ડીડકશન્) *n.* Act or process of deducing or inferring:અનુમાન-તર્ક કo તે. 2. An inference;conclusion: અનુમાન; સિદ્ધાંત પૂર્વક અનુમાન.

Deductive,(ડીડક્ટિવ્)*a.*Of,or pertaining to deduction:અનુમાનથી કાઢી શકાય એવું.

Deed,(ડીડ્)*n.* An act:કામ.2. Achievement: પરાક્રમનું કામ.3(*Law.*)A written instrument લેખ;દસ્તાવેજ.**D.***of acquittance*: ફારગતી; શાંતિનામું. *In* **d**, in fact in truth:ખેચક;ખરીવાત.

Deem, (ડીમ્)*vt.*To account:ધારવું. *vi.* To be of opinion:વિચારકo.

Deep, (ડીપ્) *a.* Extending far below the surface:ઊંડું. 2. Penetrating: પહતું; ઉંડું. 3. Profound:અરપૂર;ઘોર;ગાઢ;પુરૂ.*knee* **d.**:ઘુંટણપુર. 4. Strongly colored:ઘેરા રંગનું.5. ગુઢ; ગહન; ભારે. *n.* The deep: દરીઓ; સમુદ્ર; દરિયાવ. 2. That which is incomprehensible:સમજી શકાય નહિ તે.

Deepen, (ડીપન્) *vt.* To make deep:ઊંડું કo. ખોદવું.2.To make darker or more intense: વધારે ઘેરૂં-ઘાડું-ઘાડા રંગનું કo.3.To make more grave or low in tone:વધારે ગંભીરઘેરૂં બેઠી આપણીનું કo. *vi* To become deeper:વધારે ઊંડું થતાં જવું;ગંભીર થતા જવું.

Deep laid,(ડીપ્લેડ્)*a.*Laid deep:પક્કાઇથી રચેલું;સજ્જડ;ચતુરાઈ-હોશીઆરીથી બનાવેલું.

Deeply,(ડીપ્લિ)*adv.* Far below the surface: ઘણે ઊંડે સુધી.**D.***versed*:પારંગત;પુરેપુરો ચતુર-હોશીઆર. 2. With great sorrow: ઘણી દીલગીરીથી.3.Gravely:ગંભીરપણે. 4. With profound

skill:ઘણી-સંપૂર્ણ-પૂરેપૂરી ચતુરાઇથી;સંપૂર્ણ.

Deepness-depth, (ડીપ્નેસ-ડેપ્થ) *n.* The state of being deep:ઊંડાઇ,ગાંભીર્ય; ગાઢતા;પ્રૌઢતા;ગંભીરતા.

Deer,(ડીર્)*n.* A ruminant quadruped:હરણ; સાબર.સાબરી;કૃષ્ણસાર.

Deer-hound, (ડીર્ હાઉન્ડ્)*n.* A hound for hunting deer: મૃગ હરણનો શિકારી કૂતરો.

Deface,(ડીફેસ)*vt.* [L.*de* & *facio*,I do.] To disfigure:-ની સુરત બગાડવી; ઢંગરૂપ કo. 2. To injure or spoil by effacing:છેકીને નુકસાન કo.

Defacement, (ડીફેસ્મેન્ટ્)*n.* The act of defacing:-ની સૂરત બગાડવી-છેકી નાંખવું.

Defalcate,(ડીફેલ્કેટ્)*vt.*[L.*de* & *falx,falcis,* a sickle.]To cut off:ઘટ કાતરવી.*vi* To embezzle money held in trust:ભરોંસે મૂકેલા પસાનાણાં ખાઈ જવાં.

Defalcation, (ડીફૅલ્કેશન્) *n.* A cutting off; diminution:ઘટાડો;ઘટ;કપાત.2.That which is cut off or abated:જેમાંથી કાપકુપ કરવામાં આવે છે તે.3 An embezzlement:પચાવા પડવું તે;ઉચાપત

Defamation(ડેફૅમેશન્)*n.*Slander;calumny; aspersion:આબરૂ ઈજ્જત લેવી તે;નાલેશી.

Defamatory,(ડીફૅમેટોરિ)*a.* Calumnious:આબરૂને નુકસાન પહોંચે એવું;આબરૂ જાય એવું;અપકીર્તિકર.

Defame,(ડીફેમ)*vt.*[L.*de* & *fama* a report.] To disgrace:આબરૂ-પ્રતિષ્ઠા-લેવી 2.To charge: તોહોમત-આરોપ મૂકવો.*n.* Dishonor:ગેરઆબરૂ.

Default,(ડીફોલ્ટ)*n.*[L.*de* & *fallo*,I deceive] Failure:ભૂલ;ચૂક;ગફલત;કસુર.2. Fault:ગુન્હો;ખરાબ-નઠારૂં કામ. 3. A neglect of some step necessary to secure the benefit of law:કસુર;ગફલત. *In* d. *of*;એમ ન થાય તો.

Default,(ડીફોલ્ટ)*vt.* To fail to perform:કરવાનું-મનાવવાને ભૂલ-ચૂક કo.2 To enter a default against:-ની સામે ગુન્હો રજુ-દાખલ કo. *vi.* To offend:અપરાધ-ગુન્હો-તકસીર કo;ભૂલ-ચૂક-કસૂર કo. 2. To fail to appear in court:કોરટમાં હાજર થવાનું ચૂકી જવું.

Defaulter,(ડીફોલ્ટર્)*n.*(*a*) One who makes default:ચૂક-ગફલત કરનાર;હિસાબ ચોર. (*b*) One who fails to appear in court when called કોરટે ઠરાવેલે દહાડે હાજર નહિં રહેનાર.

Defeasance, (ડીફીઝન્સ) *n.* A defeat:હાર. 2. A rendering null or void:વ્યર્થ-રદ કo 3. A condition relating to a deed by which the deed is defeated: મુખ્ય દસ્તાવેજ રદ થાય એવી કોઈ શરત.

Defeasible,(ડીફીઝિબલ્)*a* Capable of being defeated or made void:રદબાતલ કરવા યોગ્ય.

Defeat,(ડીફીટ્)*vt.*(*a*)To render null & void: રદબાતલ કo.(*b*) To frustrate:ધૂળ મેળવવું.

3. To vanquish: હરાવવું. *n.* Destruction: નાશ.2.An overthrow:હાર;પરાજય;પરાભવ.

Defecate,(ડેફીકેટ્)*vt.* [L.*de* & *foex foecis;* dregs.] To clarify:સાફ-નિર્મળ કo.2. To free from polluting matter:ખરાબ પદાર્થ કાઢી નાંખવો.

Defect,(ડીફેક્ટ્) *n.* [L. *de* & *facio*, I do.] Deficiency:ખામી;અપૂર્ણતા;ખોડ. 2. Blemish; fault:ખામી;દોષ;એબ;ભૂલ;કસર.

Defection,(ડીફેક્શન્) *n.* falling away; apostacy; backsling:પરિત્યાગ;ત્યાગ;ફિતુર;તોફાન.

Defective, (ડીફેક્ટિવ્) *a.* Deficient: અપૂર્ણ; કસર-ખોડ-ખામીવાળું;અંગહીન;દોષયુક્ત;એબદાર.2. Lacking some of the forms of conjugation: ક્રિયાપદનાં રૂપાખ્યાન ન આપી શકાય એવું.

Defedation,(ડીફેડેશન્) *n.* [L. *de* & *foedus* foul] Pollution:બીગાડ;ખરાબ;વટાળ;ભ્રષ્ટતા.

Defence,(ડીફેન્સ્) *n.*The act of defending: બચાવ-રક્ષણ; Shelter:શરણ;આશ્રય;રક્ષણ.3.The defendant's plea or answer: પ્રતિવાદીનો જવાબ;રદીઓ;ઉત્તર;બચાવ.

Defenceless, (ડીફેન્સલેસ્) *a.* Unprotected: બચાવ-રક્ષણ વિનાનું-રહિત;આશ્રય વિનાનું; અશરણ.

Defend,(ડીફેન્ડ્)*vt.*[L.*de* & *fendo*,I strike.] To protect: બચાવ-રક્ષણ કo;-નો બચાવ કo. 2. To oppose or resist as a claim;to contest: સામી તકરાર લેવી;સામો જવાબ આપવો.

Defendant,(ડીફેન્ડન્ટ્)*n.*One who defends: રક્ષક.2.The party that opposes a complaint પ્રતિવાદી.*a.* Proper for defence:બચાવ કરવાને માટે લાયક-યોગ્ય.

Defender,(ડીફેન્ડર્)*n.* One who defends; a champion:બહાદુર-શુરવીર માણસ;રક્ષક;પાલક.

Defensible,(ડીફેન્સિબલ્)*a.*Capable of being defended:રક્ષણીય;રક્ષણ-બચાવ થઈ શકે એવું;રક્ષ્ય.

Defensive,(ડીફેન્સિવ્)*a.* Proper for defence: બચાવ કરવાને લાયક-યોગ્ય;બચાવ-રક્ષણ કરે એવું.**D.** *weapons*:રક્ષણોપયોગી-રક્ષક શસ્ત્રો.2. In a state to defend:રક્ષણ-બચાવ કરવાની સ્થિતિમાં હોય એવું.

Defer,(ડીફર્)*vt.* [L.*dis*, & *ferro*,I bear] To delay:મુલતવી રાખવું 2.To lay before;to refer :-ની આગળ મૂકવું-લઇ જવું;-ને રજુ કo.3 To render or offer:અર્પણ કo. *vi.* To put off;to delay: વાર લગાડવી.2.To submit to:તાબે થવું.

Deference,(ડેફરેન્સ)*n.*Regard;respect;complaisance:માન;અદબ;વિનય;મર્યાદા નમન.

Deferential,(ડેફરેન્શિઅલ્)*a.*Expressing deference:માન-અદબ-મર્યાદા રાખનારૂં;મર્યાદાશીલ.

Defiance,(ડીફાઈઅન્સ્)*n.*[L.*dis* & *fides* faith] A challenge:કોઈ પણ તેહની લડાયમાં લડવા બોલાવવું તે.2. A casting aside: અવગણના; બેદરકારી.To *bid* d.,*to set at* d.,to defy:તુચ્છકારવું

Defiant,(ડીફાઈઅન્ટ્)*a.*Bold;full of defiance;

લડવાને તત્પર;કેડ બાંધીને ઉભેલું; બેદરકારીનું;ઉદ્ધત.

Deficiency,(ડેફિશેન્સી)*n.* Want, failure; inadequacy:કમીના;કોતાઇ;ખોટ;ખુટકો;ઘટ;કસર;ન્યૂનતા.

Deficient,(ડેફિશેન્ટ્)*a.*[L *de* & *facio*, I make.] Not sufficient;defective:ખુટતું; ઘટતું;કસરવાળું;થોડું;ઓછું;અધુરૂં;કમી;ન્યૂન;અપૂર્ણ.

Deficit,(ડેફિસિટ્)*n.* Deficiency; lack:ખોટ;કસર;ઘટ;ન્યુનતા;ખાધ;ઉણપ;કમીનો.

Defile,(ડીફાઈલ્)*n.*A long narrow pass:સાંકડો સાંકડો રસ્તો;નેળ;ગલી;નાળ;દુર્માર્ગ.2. (*Fort.*) The act of raising the exterior works of a fortress to protect the interior: કિલ્લાના અંદરના ભાગનું રક્ષણ કરવાને આગળનો ભાગ ઉંચો ક૦ તે. *vt.*To make foul:મેલું-ગંદુ ક૦.2.To injure in purity of character;to corrupt:અપવિત્ર ક૦.4 To corrupt the chastity of:નું પતિવ્રતભંગ ક૦. 5.To make ceremonially unclean:વટલાવવું.

Defile,(ડીફાઇલ્)*vi.* To march off file by file: હારબંધ કુચ ક૦-ચાલવું.

Defilement,(ડીફાઈલ્મેન્ટ્) *n.* Foulness; uncleanliness:બિગાડ;મલિનતા; અપવિત્રતા; ભ્રષ્ટતા; વટાળ;આભડછેટ.2.Corruption of chastity:પતિવ્રત ભંગ.

Definable,(ડીફાઇનેબલ્)*a.* Determinable; ascertainab'e:જેની વ્યાખ્યા કહી શકાય એવું.

Define,(ડીફાઈન્)*vt.*[L.*de* & *finis*,a boundary.] To mark the limits of:-ની મર્યાદા બાંધવી;-ના સિમાડો નક્કી ક૦.ઠેરવવો 2.To ascertain clearly ચોકસ રીતે કહી-બતાવી આપવું.3.To explain:નો અર્થ કહેવો;-ની વ્યાખ્યા કહેવી.

Definite,(ડેફિનિટ્)*a.*Having certain limits; limited;fixed:મુકરર હદ-સીમાવાળું.

Definiteness,(ડેફિનિટ્નેસ્)*n.* Determinateness;precision;certainty:હદ-મર્યાદાનું ચોકસપણું;અર્થનું નક્કીપણું;ચોકસાઈ.

Definition,(ડેફિનિશન્) *n.* The act of defining:બરાબર અર્થ ગુણ-લક્ષણ કહેવાં તે. 2. (*a*) An explanation of the meaning of a word or term:વ્યાખ્યા.

Definitive,(ડેફિનિટિવ્) *n.* Positive; final; conclusive;express:મર્યાદા બાંધી આપનારૂં.

Definitively,(ડેફિનિટિવ્લિ)*adv.* Finally,conclusively positively:નક્કી.

Deflagration,(ડેફ્લૅગ્રેશન્)*n.*(*Chem*) A sudden and sparkling combustion: જોશ ભરેલું એકાએક ઉઠેલું બળતું;એકદમ તણખા નિકળે એવું.

Deflect,(ડીફ્લેક્ટ્)*vi.*[L *de* & *flecto*, I bend.] To turn aside:સિધા માર્ગથી આડેમાર્ગે જવું. *vt.* To cause to turn aside:સિધામાર્ગથી આડેમાર્ગે કાઢવું;ખસેડવું.

Defloration, (ડીફ્લૉરેશન્) *n.* The act of deflouring:નવી કૌડવીનુંકૌમાર ભંગ ક૦ તે.

Deflour,(ડીફ્લૌર્) *vt.* [L. *de* & *flos*,flower.] To deprive of flower: ફુલ-ફુલો ઉતારી લેવાં. 2. To take away the prime beauty and grace of:મુખ્ય-પુષ્પ ખુબ સુરતીનો નાશ-ભંગ ક૦.

Defluxion,(ડીફ્લક્શન્)*n.*[L *de* & *fluo*,I flow.] A discharge or flowing off of humors:રસનું ઉતરવું-નીચે વેહેવું તે;(જેમકે રસપુણી;શ્લેષ્મ;સળેખમ)

Defoliation,(ડીફોલિએશન્)*n.*[L.*de* & *folium* leaf] The fall of the leaf or shedding of leaves:પાંદડા પડવાં-ખરી પડવાં તે.

Deform,(ડીફૉર્મ્)*vt.*[L *de* & *forma*, shape.] To disfigure:આકાર-ડોળ બગાડવો;કદરુ-બદસુરત બે ડોળ-બદશિકલ ક૦.*a.*Deformed:કદરૂપું;બદશીકલ

Deformity, (ડીફૉર્મિટિ) *n.* Ugliness: કદરૂપાપણું;ખોડ;દોષ;બદસુરતી; કુબળાપણું;ખામી;એબ.

Defoul,(ડીફાઉલ્)*vt.*To pollute: બગાડવું; ખરાબ-અપવિત્ર ક૦;ભ્રષ્ટ-મેલું-ગંદુ ક૦.

Defraud,(ડીફ્રૉડ્)*vt.*[L *de* & *fraus*, *fraudis*, fraud.]To cheat:ઠગવું; દગો કરવો-રમવો; દગો કરીને ઉતરવું;ઠગાથી લઈ લેવું;પચાવી પડવું;ધુતવું.

Defray,(ડીફ્રે)*vt.*To pay or discharge:આપવું. 2 To satisfy;to content:સંતોષ પમાડવું.

Defunct,(ડીફંગ્કટ્)*a.* [L *de* & *fungo*, I do.] Dead;deceased:મરેલું; મુવેલું; મરી ગયેલું. *n.* A dead person:મરી ગયેલો માણસ.

Defy,(ડીફાઈ) *vt.* [L. *dis* & *fides* faith.] To renounce:ના કહેવી 2. To set at defiance:ન ગણકારવું;પતન ક૦;તુચ્છ ગણવું.3. To challenge; આવીજા એમ કહેવું;લડવાનુંઆમંત્રણ કરવું.

Degeneracy,(ડીજેનરૅસિ) *n.* The act of degenerating:નબળું પડવું તે 2. Decay, loss of goodness:નબળી ઉતરતી દશા ;ક્ષીણતા,ભ્રષ્ટતા;

Degenerate, (ડીજેનરેટ્)*vi.* [L. *de* & *genus*, race.] To grow worse: બગડતા-નબળા પડતા જવું.*a* Degraded:બગડેલું;ભ્રષ્ટ;પતિત.

Degeneration, (ડીજેનરૅશન્) *n.* Same as **degeneracy**,2.The thing degenerated: બગડેલી-નબળી પડી ગયેલી ક્ષીણતાને પહોંચેલી ચીજ.

Deglutition, (ડીગ્લ્યૂશન્) *n.* The act of swallowing:ગળવું તે;ગળે ઉતારવું તે.

Degradation,(ડેગ્રેડેશન્) *n.* Deposition;diminution:હલકી પાયરી-દરજ્જે ઉતારી નાખવું તે 2. Baseness:કિંમત-માન-વજનનો ઘટાડો.

Degrade,(ડીગ્રેડ્)*vt.*[L.*de* & *gradus*,a step.] To lower in rank: પદભ્રષ્ટ ક૦; બેઆબરૂ ક૦. 2. To lessen the value of:ની કિંમત ઘટાડવી;-ની ચું-હલકું પાડવું *vi.*To degenerate:નીચું-હલકું થવું

Degraded,(ડીગ્રેડેડ્) *a.* Sunken: નીચું; હલકું; પમાર;પતિત;સ્થાનભ્રષ્ટ; પદભ્રષ્ટ; માનભ્રષ્ટ.

Degree,(ડીગ્રી)*n.*[L. *de* & *gradus*,a step.] Grade:પ્રમાણ;દરજ્જો;પદ,સ્થાન; ક્રમ; અનુક્રમ. 2. Position:દરજ્જો;પદવી; પાયરી. 3. Measure of

advancement:અંશ.4.(*Geom*.)A 360th part of the circumference of a circle: ગોળ વર્તુલના પરીઘનો ૩૬૦ મો ભાગ.D.*of latitude*:અક્ષાંસ. D.*of longitude*:રેખાંશ.5. Grade or rank to which scholars are admitted by a college or university:વિદ્યાલયતરફથી અપાતી પદવી છાપ; ડીગ્રી.By *degrees*:ધીમે ધીમે.*To a* d exceedingly:ઘણુંજ;બેહદ;બેસુમાર.

Dehort,(ડીહૉર્ટ્)*vt*.[L.*de* & *horteo*,I urge.]To urge to the rank of deities:-થી આઘા રેહેવાનો-ને તજી દેવાનો ઉપદેશ કરવો.

Deification,.(ડીઈફિકેશન્)*n*.The act of exalting to the rank of deities:દેવની પદવીએ ચડાવવું તે; દેવ તરીકે માનવું તે.

Deiform,(ડીઇફૉર્મ્)*a*.[L *deus* god and *forma* shape.]Like a god;of a godlike form:દેવના જેવું;દેવના આકારનું;દેવાકાર;દેવરૂપ.

Deify,(ડીઈફાઈ)*vt* [L.*deus*, god and *facio*, I make] To make a god of: દેવ તરીકે માનવું; દેવગણવો;દેવની હાર-પંક્તિમાં મૂકવું. 2 To praise as a deity:દૈવત ગણવું-કરીને માનવું;ઇશ્વરરૂપે ગણવું.

Deign,(ડેન)*vi* [L.*dignus* worthy.]To think worthy;to vouchsafe:યોગ્ય જાણવું;બક્ષવું;ની કૃપા-મેહેરબાની કo. *vt*. To esteem worthy; to condescend to:લાયક ગણવું,સ્વીકારવું;માનવું.

Deism,(ડીઇઝમ્)*n*.[L.*deus* God.]The doctrine or creed of a deist:ઇશ્વરવાદ;કેવલેશ્વરમત.

Deist,(ડીઇસ્ટ્)*n*.[L *deus*,God.] One who believes in the existence of a God,but denies revealed religion: ઇશ્વર છે પણ ધર્મ કોઈ તેનો કહેલો નથી એવો મત ધરાવનાર.

Deity,(ડીઈટિ)*n*. [L. *deus* God.] Divinity: દેવપણું;ઈશ્વરત્વ.2.A god or goddess: દેવ;દેવી; દેવતા;દૈવત.

Deject,(ડીજેક્ટ્)*vt*.[L.*de* & *jacio*, I throw.] To dispirit: ઉદાસ-દિલગીરકo; ના ઉમેદ કo. *a*. Lowspirited:ઉદાસ;દીલગીર;ખિન્ન.

Dejected,(ડીજેક્ટેડ્)*a*.Sad;afflicted; heavy: ઉદાસ;દિલગીર;નરમ;નરમ ઘેંશ;ખિન્ન;દીન.

Dejection, (ડીજેક્શન્) *n*. Disheartenment: અફસોસ;ઉદાસી;દિલગીરી;ના ઉમેદી;નિરુત્સાહ;વિષાદ. 2.Weakness;a low condition:નબળાઇ.

Delay, (ડીલે) *vt*. [L. & *fero*, I carry] To put off;વાર-ઢીલ કo.2. To retard: ખોટી કo.*n*. Procrastination:ઢીલ;વાર.2.Detention:રોકાણ.

Dele,(ડીલી)*vt* [L.*deleto*,I destroy or blot out.] (*Print*.)To erase:to remove:છેકી નાંખવું.

Delectation,(ડીલેક્ટેશન્)*n* [L.*delecto*, I delight.]Great pleasure:અતિશય આનંદ.

Delegate,(ડેલીગેટ્)*vt* [L.*de* & *lego*,I choose.] To commission;to depute: વકીલ-મુખત્યાર-પ્રતિનિધી કરવો-બનાવવો;-ને સત્તા-અધિકાર સોંપવો. *n*.Representative:પ્રતિનિધી; મુખત્યાર; વકિલ.

Delegation,(ડેલીગેશન્) *n*. The act of delegating:વકીલની નિમણૂંક.

Deleterious, (ડેલીટીરિઅસ્) *a*. [L. *deleo*, I destroy.] Destructive; pernicious: નુકશાન કરે એવું;ઝેરી;ઘાતક.

Delf,(ડેલ્ફ)*n*. A pit dug:ખાણ;ખોદેલો ખાડો. 2. Earthenware,covered with white glazing ધોળું રોગાન ચઢાવેલાં માટીનાં વાસણ.

Deliberate,(ડીલિબરેટ્)*vt* [L *de* & *libro*, I weigh.]To consider maturely:પુખ્ત-પાકો વિચાર કo. *a*. Slow: ધીરૂં; ઢાવકું. 2. Formed with deliberation; carefully considered: પુખ્ત વિચારયુક્ત;વિચારથી કરેલું.

Deliberately,(ડીલિબરેટ્લિ)*adv*.Intentionally જાણી જોઇ-બુઝીને;બુદ્ધિપુરઃસર;વિચાર પૂર્વક;વિચાર કરીને.

Deliberation,(ડીલિબરેશન્) *n*. Careful consideration: પુખ્ત-ઠરેલ-સંભાળ પૂર્વક વિચાર. 2. Consultation:સલાહ;મસલહત,મનસુબો.

Deliberative,(ડીલિબરેટિવ્) *a*. Proceeding by deliberation:વિચાર-મનસુબા-મસલહતથી ગયેલું

Delicacy,(ડેલિકેસિ)*n*.[L.*de* &,*lacio*,I entice.] Agreeableness to the senses:રમણીયતા;સુંદરતા;લાલિત્ય;રૂચિરતા 2.(*a*) Softness: કોમલતા; મૃદુતા;નરમાશ.(*b*)Weakness: દુર્બળતા. Effeminacy: નાજુકાઇ. Critical niceness: બારીક સમજ;સૂક્ષ્મદૃષ્ટિ.3.Dainty:મિષ્ટાન્ન;સ્વાદિષ્ટ જમણ.

Delicate,(ડેલિકેટ્)*a*. Luxurious:વિલાસી;એશઆરામી. 2. Nice; fine;elegant: શોભીતું;મધુર. Fine or slender:પાતળું;ઝીણું;નાજુક;કાવલું.Soft: સુંવાળું;મુલાયમ. Fastidious: ચિપાસીયું; ચીકણું.

Delicately, (ડેલિકેટ્લિ) *adv*. Luxuriously: nicely;softly:એશઆરામથી; મોજશોખથી; સુંદરસુવાળી રીતે.

Delicious, (ડીલિશિઅસ્) *a*. Delightful: ખુશકારક;મધુર.D.*landscape*:રમણીય;સુહિરશોભા.2. Sweet to the taste:મિઠું;મધુર;સ્વાદિષ્ટ;રૂચિકર.

Delight,(ડીલાઇટ્)*n* [L.*de* & *lacio*,I allure.] Joy:હરખ;હર્ષ; આનંદ. *vt*. To please highly: ને ખુશ કo-સંતોષ પમાડવું.

Deighted,(ડીલાઇટેડ્)*a* Full of delight:ખુશ; આનંદી;સંતોષી;હર્ષિત;ઉલ્લાસિત.

Delightful,(ડીલાઈટ્ફુલ્)*a* Charming: આનંદજનક;હર્ષજનક;રમણિય;આનંદકારી; મઝેનું.

Delineament,(ડીલિનીઍમેન્ટ્) *n*. Sketch;picture:રેખાચિત્ર;છબીનું ડોળિયું;વર્ણન; ચિત્ર;આલેખન.

Delineate,(ડીલિનીએટ્)*vt*. [L. *de* & *linea*, line.]To draw:ચીતરવું; રેખા કાઢવી; આલેખવું. 2. To describe:વર્ણવવું.

Delineation, (ડીલિનીએશન્) *n*. The act of representing:નું ડોળિયું-ચિત્ર છબી કાઢવી તે; ચિત્ર; ચિત્રારંભ.2 Sketch:વર્ણન.

Delinquency,(ડીલિન્કવેન્સિ)*n.*A fault;a misdeed;a crime:કસુર;તકસીર;ખોટું કામ;અપરાધ.

Delinquent,(ડીલિન્કવેન્ટ્)*n.*[L.*de* & *linquo*, I leave.]A culprit: દોષવાન્ ;તકસીરવાન્ ; પાપી અપરાધી;ગુન્હેગાર.

Deliquate, (ડીલિક્વેટ્) *vi.* [L. *de* & *liquo*, I make liquid.]To melt or be dissolved:પીગળવું. *vt.* To cause to melt:પીગાળવું.

Deliquescence;(ડીલિક્વેસ્સેન્સ્)*n.* The act or state of being liquefied:પાણી જેવું-પ્રવાહી ક૦ થવું તે;પ્રવાહીકરણ.

Deliquescent,(ડીલિક્વેસ્સેન્ટ્)*a.* Liquefying in the air: હવાથી ઓગળી જનારૂં-પાણી થઇજનારૂં.

Delirious,(ડીલિરિઅસ્)*a.* [L.*de* & *lira*,a furrow.]Insane:ચાળો-સનેપાત થયેલું;બકવા-લવારાપર ચડેલું;ભ્રાંતચિત;સનેપાત થયા સરખુ.

Delirium, (ડીલિરિઅમ) *n.* Mental aberration:ચાળો-લવારો-બકવા:ગ રમોહ;ઉન્મત્તતાયુ:ચિત્તભ્રમ.

Deliver,(ડીલિવર્)*vt.* [L.*de* & *libero*,I free] To set at liberty:છોડવવું;બચાવવું; છુટકારો ક૦. 2.To make over:આપવું;આપી દેવું;સ્વાધીન ક૦. 3.To utter:કહેવું;જણાવવું. 4. To relieve of a child in child birth:જણાવવું;પ્રસવ કરાવવો.

Deliverance,(ડીલિવરૅન્સ્) *n.* The act of delivering;rescue:બચાવ;છુટકો.2 Act of bringing forth children: પ્રસવક્રિયા; પ્રસવ; પ્રસૂતિ. 3.Act of speaking; utterance:ઉચ્ચારણ.

Delivery,(ડીલિવરિ)*n.* Rescue; release;liberation:છુટકારો;બચાવ. 2. Surrender:શરણ. 3. Manner of speaking:બોલવાની છટા;છુટકો;વાકશૈલી.4.The act of giving birth:પ્રસવ.

Dell, (ડેલ્) *n.* A small valley; a ravine:એક ન્હાની ખીણ;ખો.2.A young woman:જુવાન સ્ત્રી

Delta,(ડેલ્ટ) *n.* The Greek letter:યુનાની ભાષાનો ત્રિકોણાકાર અક્ષર.2.The space between two mouths of a river:કોઇ નદીનાં બે મુખ મ્હોંટાંની વચલી જગ્યા.

Delude,(ડીલ્યૂડ્) *vt.* [L. *de* & *ludo*,I play.] To beguile; to dupe: ભોળવવું; છેતરવું. 2. To disappoint:નાઉમેદ ક૦.

Deluge,(ડેલ્યૂજ્) *n* [L. *de* & *lavo*,I wash:] A flood:રેલ;જળપ્રલય. *vt.* To inundate:પાણી-જ પાણી કરી મૂકવું;જળમય ક૦.2.To cover:ડુબાડવું.

Delusion (ડીલ્યૂઝ્હન્)*n.*Deception: છેતરવું તે; કપટ;ભુલવણી.2.The state of being misled:મોહ;ભ્રાંતિ.2.False belief:માયા;ભ્રમ; ભ્રાન્તિ;ભુલાવો.

Delusive-sory, (ડીલ્યૂસિવ્-ડીલ્યૂસૅારિ) *a.* Deceptive:છેતરે-ભૂલ થાપ દે-એવું; ભ્રામક.

Delve,(ડેલ્વ્) *vt.* To dig: ખોદવું. 2. To trace out:મુળ ખોળી કાઢવું. *vi.* To labour with the spade:પાવડાથી મેહેનત-મજુરી ક૦.

Demagogue, (ડેમૅગૅાગ્) *n.* [Cr. *demus*, the people,& *ago*,I lead.]A leader of the people;an artful political orator:લોકોનો સરદાર.

Demand,(ડીમૅન્ડ્)*vt* [L.*de* & *mando*,I order] To ask or call for as due by right: માગવું. 2.To ask;to question:પૂછવું.3.To require as necessary:માગવું;-ની જરૂર હોવી.4.To call into court:કોરટમાં બોલાવવું.*vt.*To ask: પૂછવું.*n.* Requisition:માગણી.2.Thing claimed:દાવો કરેલી ચીજ;દાવો.3 (*a*)The asking for what is due: ઉઘરાણી;માગણી;દાવો. (*b*)A thing claimed to be due:લેહેણું;માગણુ.*On* **d.**:માગે ત્યારે.

Demandable,(ડીમૅન્ડૅબલ્)*a* Capable of being demanded, claimed or asked for:માગવા-દાવો કરવા યોગ્ય.

Demandant,(ડીમૅન્ડૅન્ટ્)*n.*One who demands:વાદી;ફરિ;કરનાર;માગનાર;અર્થી.

Demarkation, (ડીમાર્કેશન્) *n.* [L. *de* & *marka*,a limit.] The act of ascertaining; a limit:સીમા-હદ-મર્યાદાનક્કી ક૦ તે;હદ; મર્યાદા.

Demean,(ડીમીન્)*vi.*[L.*de* & *mineo*,I threaten.] To conduct:ચાલવું; વર્તવું; આચારવું.2. To debase:હલકું,નીચું પાડવું-ક૦.

Demeanour,(ડીમીનર્)*n.*Behaviour: વર્તણુક.

Demency, (ડીમેન્સિ) *n.* [L *de* & *mens*, the mind.]Insanity:ગાંડપણ;ઘેલાપણું;બુદ્ધિભ્રંશ.

Dement,(ડીમેન્ટ્) *vt.* To make mad:ગાંડું-ઘેલું ક૦-બનાવવું (*a*)Demented:ગાંડું;ઘેલું;દિવાનું.

Dementate,(ડીમેન્ટેટ્)*a.*Deprived of reason: ગાંડું;ઘેલું;દીવાનું.*vi.*To deprive of reason:ગાંડું

Demerit,(ડીમેરિટ્)*n.*[Fr.*de* & L.*mereo*,I deserve.] Fault;crime:દોષ;પાપ; અપરાધ;વાંક.

Demesmerize,(ડીમેસ્મેરાઇઝ્) *vt.* To relieve from mesmeric influence:યોગના બેભાનમાંથી મૂક્ત ક૦;છોડાવવું;સચેત ક૦;ચેતનામાં લાવવું.

Demi,(ડેમિ) [L. *dis* & *medius*, middle.] A prefix signifying half:અર્દ્ધ-અડધું એવું બતાવનારો પ્રત્યય.

Demi-god,(ડેમિગૅાડ્)*n.*Half a god:અર્ધદેવ.

Demise,(ડીમાઇઝ્) *n.* [L.*de* & *mitto*,I send.] Death of any distinguished indivdual:કોઇ પ્રખ્યાત નામાંક્તિ માણસનું મોત-મરણ.

Democracy, (ડીમૅાક્રસિ) *n.* [L. *demos*, the people,and *kratos*,strength.] Government by the people:પ્રજાસત્તાક રાજ્ય.2.The people collectively:લોક સમસ્ત.

Democrat, (ડેમૅાક્રૅટ્) *n.* One who is a promoter of the government by people:પ્રજાસત્તાક રાજ્ય થાય એવી ઉસ્કેરણી કરનાર-ઇચ્છનાર.2 A member of the democratic party:પ્રજાથી નિમાયેલા માણસોમાંનો એક.

Democratic-al,(ડેમૅાક્રેટિક્-ડેમૅાક્રેટિકૅલ્)*a.* Ap-

pertaining to or favoring democracy:પ્રજાસત્તાક રાજ્ય સંબંધી-ને લગતું-પ્રવર્તક.

Demolish, (ડીમૉલિશ) *vt.* [L. *de* & *moles,* a mass.] To raze:ભાંગી-તોડી નાંખવું; તોડી પાડવું; જમીન દોસ્ત-સપાટ કo.

Demolition,(ડીમૉલિશન) *n.* Ruin;destruction;utter overthrow:પાયમાલી;નાશ.

Demon,(ડીમૉન)*n.*[L. *demon,* a spirit.] A departed soul:મરી ગયેલો-ગત થયેલો આત્મા. 2. An evil spirit;a devil:ભૂત;પિશાચ.

Demoniac nial, (ડીમૉનિઍક્-ડીમૉનિઍલ્) *a.* Pertaining to demons:પિશાચ;અસુર સંબંધી 2.Influenced by demons-ભૂત ભરાયેલું.

Demoniac,(ડીમૉનિઍક્) *n.* A human being by a demon or evil spirit:ભૂત આવેલું માણસ

Demonstrable,(ડીમૉન્સ્ટ્રેબલ્)*a.* Admitting of decisive proof:સિદ્ધ-સાબિતકo યોગ્ય-જોગ.

Demonstrate,(ડીમૉન્સ્ટ્રેટ્)*vt* [L *de* & *monstro,*I show.] To point out; to exhibit: બતાવવું;દેખાડવું.2.To prove:સાબિત-સિદ્ધકo.

Demonstration, (ડેમૉન્સ્ટ્રેશન) *n.* An exhibition:સિદ્ધાંત;પ્રતિપાદન.as *occular* **d**.:પ્રત્યક્ષ પ્રમાણ.2 A manifestation;a show:દેખાવ.3. The act of proving by the syllogistic process: અવયવ સિદ્ધાન્ત; પ્રતિપાદન. 5. (*Mil.*) A decisive exhibition of force:આડંબર.

Demonstrative, (ડીમૉન્સ્ટ્રેટિવ્)*a.* Making evident:સ્પષ્ટ-ખુલ્લી રીતે બતાવી આપે એવું;પ્રતિપાદક.**D.***proncun* (*Gram*):દર્શક સર્વનામ.

Demoralization,(ડીમૉરૅલાઈઝેશન)*n.*The act of corrupting morals:આચારભ્રષ્ટતા.

Demoralize,(ડીમૉરૅલાઇઝ્)*vt.*To corrupt the morals of:બગાડવું;નીતિભ્રષ્ટ કo.

Demotic,(ડીમૉટિક્)*a.* Popular:લોકપ્રિય.

Demulcent,(ડીમલ્સેન્ટ્)*a.*[L.*de* & *mulceo,*I soften.]Softening:નરમ;પોચું કરનારૂં.

Demur,(ડીમર્)*vi.* [L. *de* & *mora,*a delay.] To delay;to pause; to hesitate:ખમચાવું;અચકવું;ઢચુપચુ રાખવું;આંચકો ખાવો 3.To raise an objection:હરકત લેવી.*vt.* To have doubt of: નો-ને વિષે શક-વહેમ હોવો-હોવું; આનાકાની-વિલંબ કરાવવો *n.*Stop;pause:અટકાવ;આંચકો;વિચાર;વાંધો.

Demure, (ડીમ્યુર્) *a.* Of modest look:ડાહ્યું; ગંભીર;ઠાવકુ;ગરીબ;રાંકડું; નમ્ર; શરમાળ. 2. Affectedly modest:ગૌમુખુ;ગરીબડું; શાણીબાઇ બગઋષિ.*vt.*To look demurely:નમ્ર-ગંભીર-ગરીબડા દેખાવનું હોવું.

Demurrage,(ડીમરેજ્)*n.* (*a*)The detention of a vessel by the freighter beyond the time allowed in her charter-party for loading,unloading or sailing:કરાર-ખતમાં ઠરાવ્યા કરતાં માલ ચઢાવવા ઉતારવામાં માલધણી તરફથી વહાણને વધારે વખત થયેલું રોકાણ.(*b*) The payment made for such delay:આવી રોકાણને માટે માલધણીએ વહાણ વાળાને આપેલી નુકશાની;ડામરેજ.

Demurer,(ડીમરર્) *n.*One who demurs:વાંધો લેનાર. 2. A stop by a party to an action: કાયદાનો વાંધો.

Demy,(ડીમાઇ)*n.*A size of paper about 22 by 18:૨૨ તસુ લાંબો અને ૧૮ તસુ પહોળો,એવી તકતીનો કાગળ;ડીમાઈ કાગળ.

Den, (ડેન્) *n.* A hollow place in the earth: જમીનમાં ભરાઈ રહેવાની જગા; ગુફા. *vi.* To dwell as in a den:ગુફા-કોતરમાં રહેવું.

Dendrology,(ડેન્ડ્રૉલૉજિ)*n.* [Gr. *dendron,* a tree & *logos,* discourse.] A discourse or treatise on trees:વૃક્ષવર્ણન-વિદ્યા.

Denial,(ડીનાઇઍલ્)*adv.*The act of refusing ની ના કહેવી-ખરૂં નથી એમ કહેવું તે;ઇનકાર. 2 A refusal to grant:આપવાની ના;પ્રતિષેધ;નકાર.**D.** *of one's self*:ઇંદ્રિયદમન;નિગ્રહ.

Denizen,(ડેનિઝન્)*n.* An adopted or naturalized citizen:શહેરી તરીકે ગણેલો પરદેશી 2.A stranger admitted to residence in a foreign country:આવીને રહેવાની જેને પરવાનગી મળી હોય એવો પરદેશી.

Denominate,(ડીનૉમિનેટ્)*vt.*[L.*de* & *nomen,* a name.]To entitle;to name;to designate નામ-સંજ્ઞા આપવી.

Denomination, (ડીનૉમિનેશન) *n.* The act of naming:નામ પાડવું તે; નામ કરણ.2.An epithet;a name:નામ;સંજ્ઞા 3.A sect:પંથ;ટોળી;પક્ષ.

Denominator, (ડીનૉમિનેટર્) *n.* Origin or source of a name:નામ-સંજ્ઞાનું મુળ. 2. That number placed below the line:લીંટી દોરીને તેની નિચે લખેલો આંકડો;છેદ.

Denotable,(ડીનૉટેબલ્)*a.* Capable of being marked:અભીધેય;લક્ષણીય;સુચનીય;દર્શનીય.

Denotation,(ડીનૉટેશન)*n.*The act of denoting:નિશાની;ચિન્હ;નિર્દેશ;સૂચન.

Denote,(ડીનૉટ્)*vt.*[L.*de* & *nota,* mark.] To indicate;to point out:બતાવવું.2.To be the sign of:-ની-નીશાની હોવી.

Denouement,(ડીનૂમૉન્)*n.* The solution of a mystery:છૂપો ભેદ પ્રગટ-થવો તે;ખુલાસો;સ્ફોટ.

Denounce,(ડીનાઉન્સ્)*vt.*[L. *de* & *nuncio,*I announce.] To give notice of:-ની ખબર-સુચના આપવી 2.To accurse:ઉપર તહોમત-દોષ આરોપ-બદનામી મુકવી 3 To satirize publicly:ધિક્કારવું.

Denouncement,(ડીનાઉન્સ્મેન્ટ્) *n.* Notification of threat:ધમકી-બીક બતાવવી તે; તહોમત; આરોપ;દૂષણ;નિંદન.

Dense,(ડેન્સ્)*a.* [L. *densus,* thick.] Close; thick;compact:જાડું;ઘટ્ટ;ગાઢ;ગહન;ઘન;ઘાડું.

Density-seneess, (ડેન્સિટિ-ડેન્સનેસ્) *n.* The quality of being dense,or thick;compactness:જાડાપણું;જાડાઈ-શ.2. The proportion of mass of matter:પદાર્થના જથ્થાનું પ્રમાણ.

Dent,(ડેન્ટ્)*n.* [L. *dens,dentis*,a tooth.] A stroke:ઘા;કાપો;છેકો;ખાંચ.2.The mark made by a blow:ઘાથી થયેલી નિશાની.3 A tooth as of a wheel:દાંતો.*vt.*To indent:ખૂણો પાડવો.

Dental,(ડેન્ટલ્)*a.* Pertaining to the teeth: દાંતને લગતું-સંબંધી;દંતી;દંત્ય.

Dentifrice, (ડેન્ટિફ્રિસ્)*n.* [L.*dens* & *frico*,I rub.]A powder to be used in cleaning the teeth:દાંત ઘસવાનું-સાફ કરવાનું મંજન;દંત મંજન.

Dentist, (ડેન્ટિસ્ટ્) *n.* [L. *dentis*,a tooth.]A dental surgeon:દાંતનો વૈદ્ય;દંતવૈદ્ય.

Dentistry,(ડેન્ટિસ્ટ્રિ)*n.*The art or profession of a dentist:દાંતસાફકરવા વિગેરેનો હુન્નર;દંતવિદ્યા.

Denudation,(ડીન્યૂડેશન્)*n.*The act of stripping off covering:છેક ઉઘાડું-ખુલ્લું-સાફ કરવું તે.

Denude, (ડીન્યૂડ્) *vt.*[L. *de* & *nudo*,I make bare.]To make bare:ખુલ્લું-ઉઘાડું-નાગું કo.

Denunciate,(ડીનન્સિએટ્)*vt.*[L.*de*&*nuncio*, I tell a message.]To denounce:ખબર આપવી.

Denunciation,(ડીનન્સિએશન્)*n.*The act of declaring: સુચના-ધમકી આપવી. 2. Threat of evil:ખોટાને માટે ધમકી આપવી તે;નિંદા;આરોપ.

Deny, (ડીનાઇ) *vt.* [L.*de*&*nego*, I say no.]To declare not to be true:ની ના કહેવી; ખરૂં નથી એમ કહેવું.2.To with-hold;to refuse to grant -ની ના કહેવી;આપવાની ના કહેવી.

Deobstruct,(ડીઑબ્સ્ટ્રક્ટ્)*vt.*To remove obstructions:અડચણ કાઢી નાંખવી-દૂર કo;નિર્વિઘ્ન કo.

Deobstruent,(ડીઑબ્સ્ટ્રૂએન્ટ્) *a.* (*Med*) Removing obstructions:અડચણ કાઢીનાંખનાર.*n.* An aperient:રેચ;જુલાબ.

Deodorize, (ડીઑડરાઈઝ્) *vt.* [L. *de* & *oder*, smell.]To deprive of order:ગંધ-વાસ વિનાનું કo.

Deoxidize,(ડીઑક્સાઇડાઇઝ્)*vt.*To deoxidate: કોઈ પદાર્થમાંથી પ્રાણવાયુ"ઑક્સીજન"છૂટો કo.

Depart, (ડીપાર્ટ્) *vi.*[L. *de* & *pars* a part.] To go forth or away:જવું;નિકળીજવું.2. To pass away:નાશ પામવું;જતુ રહેવું.3.To die:મરી જવું.To part:પાસેથી-હાથમાંથી જવા દેવું.To leave: છોડી-તજી દેવું;છોડી દેવું-ને જવું.

Department, (ડીપાર્ટ્મેન્ટ્) *n.* Appointed sphere or province:ખાતું;કારખાનું;પ્રકરણ.2 A part, portion or subdivision: ભાગ;વિષય.3. Province:પરગણું; મહાલ. 4. A military subdivision of a country:કોઈ દેશનોલશ્કરી મહાલ.

departmental,(ડીપાર્ટ્મેન્ટલ્)*a.* Pertaining to a department:ખાતાનું-સંબંધી;ખાતાને લગતું.

Departure,(ડીપાર્ચ્યૂર્)*n.*The act of departing or going away:મૂકીને જવું તે;ગમન.2.Death પરલોકગમન.3. Deviation or abandonment: પ્રમાણે ન ચાલવું તે.4.Separation:છૂટકારો.

Depauperate,(ડીપૉપરેટ્)*vt.* [L.*de*&*pauper*, poor.]To impoverish:ગરીબ કરી નાંખવું.*a* (*Bot*) Falling short of the natural size:સુકાઈ જવું.

Depend,(ડીપેન્ડ્)*vi.*[L.*de*&*pendeo* I hang.] To rely for support:આધાર માટે ભરોંસો રાખવો. 2.To rely;to trust: ભરોંસો રાખવો. 3. To act as a dependent:આશ્રિત-તાબેદાર તરીકે વર્તવું.

Dependence,(ડીપેન્ડેન્સ્)*n.*Mutual support, relation:અરસપરસ સંબંધ અને ટેકો.2 Subjection to the disposal of another:તાબેદારી;પરાધીનતા.3.Reliance:ભરોંસો.4.That on which one *d*epends:આધાર.

Dependency, (ડીપેન્ડેન્સિ) *n.*Subordination: તાબેદારી;ભરોંસો 2.That which is attached to something else:જે બીજાને આધારે છે એવી વસ્તુ; અનુયાયી.3.A colony:તાબાનોમુલક.

Dependent-ant, (ડીપેન્ડેન્ટ્) *a.* Not self-sustaining: પરાધીન; તાબેદાર.*a.*One who depends:તાબેદાર;આશ્રિત. [વસ્તી વગરનું કo.

Depeople,(ડીપીપલ્)*vi.*To depopulate:ઉજ્જડ

Depict,(ડીપિક્ટ્)*vt.* [L.*de* & *pingo*,Ipaint.] To portray:ચિતરવું;આળેખવું;નીછબીપાડવી.2.To represent in words:વર્ણન કo;નિરૂપણ કo.

Depilate,(ડીપાઇલેટ્)*vt.*[L.*de*&*pilus*,hair.]To strip of hair:વાળ ખેંચી-ટૂંપી નાંખવા.

Depilous,(ડીપાઇલસ્) *a* [L*de* & *pilus*,hair.] Without hair;hairless:વાળ વિનાનું-વગરનું.

Deplorable,(ડીપ્લૉરેબલ્)*a.*Lamentable;pitiable:દીલગીરી-દયા ઉપજે એવું;શોચનીય.

Deplore, (ડીપ્લૉર્) *vt.* To bewail, lament:ને માટે દિલગીરી–દુ:ખ લાગવું; વિલાપ-શોક કo.

Deploy, (ડીપ્લૉઇ) *vt*[L *de* & *plico*,I fold.]To open:હારબંધ ઉભા કo (દંડવ્યૂહમાં)ઉભા રહેવું.*vi.* (*a*)To form in line of battle from column: વ્યૂહ રચનામાંથી દંડવ્યૂહમાં હારબંધ ઉભા રહેવું.

Deplume, (ડીપ્લ્યૂમ્) *vt.*[L.*de* & *pluma*,feather.] To strip off the feathers of:નાં પીછાં તોડી લેવાં.

Depone,(ડીપોન્)*vt.*[L *de* & *pono*, I put.]To wager:હોડ મારવી.2.To assert under oath;to depose:સોગન ખાઇને-લઇને પ્રતિજ્ઞા ઉપર કહેવું.

Deponent, (ડીપોનેન્ટ્) *a.*Having a passive meaning:અર્થ મૂળભેદ અને રૂપ સહભેદનું હોય એવું. *n.*One who deposes or gives a deposition under oath:શાહેદ;સાક્ષી;જુબાની આપનાર.

Depopulate,(ડીપૉપ્યૂલેટ્)*vt* [L *de*&*populus*, people.]To dispeople:વસ્તી ઓછી કરી નાંખવી.

Depopulation,(ડીપૉપ્યૂલેશન્)*n.* Destruction or expulsion of inhabitants:વસ્તીની ખરાબી

Deport, (ડીપોર્ટ્)*vt.*[L.*de* & *porto*, I carry] To exile:સમુદ્ર-દેશ પાર મોકલવું;દેશ નિકાલ ક૦.2. To conduct:ચાલવું;વર્તવું.

Deportation,(ડીપોર્ટેશન્)*n.*Banishment:દેશ-સમુદ્ર પારની શિક્ષા;દેશનિકાલ;દેશવટો.

Deportment, (ડીપોર્ટ્મેન્ટ્) *n.*Behavior;demeanor;conduct:ચાલ ચલગત;વર્તણુક;આચરણ.

Deposal,(ડીપોઝ઼લ)*n.*The act of deposing or divesting of office:પદભ્રષ્ટ ક૦ તે.

Depose, (ડીપોઝ્)*vt.* [L. *de*&*pono*,I put.]To dethrone:ગાદી-પદવી ઉપરથી ઉઠાડી મુકવું;રાજપદભ્રષ્ટ ક૦.To aver upon oath: સોગનપર ખાત્રીથી કહેવું-બોલવું; પ્રતિજ્ઞા ઉપર સાહિદી આપવી. *vi.* To bear witness:પ્રતિજ્ઞાપર કહેવું.

Deposit,(ડીપોઝિટ્)*vt.*[L.*de* & *pono*,I put.] To lay down:મૂકવું.2.To put up:થાપણ મુકવું,ભરી રાખી મુકવું.3.To entrust:સોંપવું; 'બેંક'માં મુકવું. *n.*That which is deposited or laid;matter deposited:ઘસડાઇ આવેલી ચીજ;ચંગુ;કાંપ;કાર. 2. 2.That which is placed for safe keeping: અનામત મૂકેલી થાપણ;વિક્ષેપ;ડડપ.

Depositary, (ડીપોઝિટેરિ)*n.* A person with whom anything is left in trust:જેને ત્યાં-જેની પાસે કંઇ અનામત મૂક્યું છે તે;અનામત રાખનાર. 2 (*Law.*)One to whom goods are bailed: જેને જામીનપર માલ આપવામાં આવે છે તે.

Deposition, (ડીપોઝિશન્) *n.* The act of deposing:ઘસડાઇ આવવું તે.2. The act of bringing before:presentation:ની આગળ મૂકવું-બતાવવું તે;પ્રદર્શન.3 (*Law.*)Written affirmation: ઈકરાર;જબાની; સાક્ષી. *a.* 4. Displacement;removal:ગાદી ઉપરથી કાઢી મૂકવું તે; રાજભ્રષ્ટતા;પદભ્રષ્ટતા.5. Incrustation.

Depository, (ડીપોઝિટોરિ) *n* A place where any thing is deposited for sale:ભંડાર;વખાર.

Depot,(ડીપો)*n.*A ware house:ભંડાર;વખાર;કોઠી. 2.A military station where stores and provision are kept:જે લશ્કરી મુકામે-સ્થળે ભંડાર તથા ખોરાક ભરી મુકવામાં આવે છે તે.

Depravation, (ડેપ્રેવેશન્) *n.* Censure; ill-natured criticism:કોઇનું ખોટું બોલવું તે;નિંદા 2. The act of degrading or defaming:બગાડવું-ભ્રષ્ટ ક૦ તે.3.Degeneracy:દુષ્ટબુદ્ધિ;ભ્રષ્ટતા.

Deprave,(ડીપ્રેવ્)*vt* [L.*depravus*, crooked.] To speak ill of:-નું-બુરું બોલવું.2.To impair; to corrupt:બગાડવું;ખરાબ ક૦,નીતિ ભ્રષ્ટ ક૦.

Depraved,(ડીપ્રેવ્ડ્)*a* Impaired:બગડેલું;ખરાબ; દુષ્ટ;પાપી;ભ્રષ્ટ;આચારભ્રષ્ટ;પતિત;હરામી.

Depravity, (ડીપ્રેવિટિ) *n.* Want of virtue: extreme wickedness;absence of religious feeling&principle:તદ્દન દુષ્ટતા;મલિનતા ભ્રષ્ટતા; દુષ્કર્મ;કુકર્મ;બિગાડ;દુર્બુદ્ધિ;નીતિ ભ્રષ્ટતા.

Deprecate,(ડેપ્રીકેટ્)*vt.*[L.*de* & *precare*,to pray.] To disapprove of strongly:નિવારણ થાય-અમલમાં ન આવે એવું માગવું;છુટકારો માગવો: માફ-ક્ષમા માગવી;અફસોસ ક૦.2.ના પસંદગી બતાવવી.

Deprecation, (ડેપ્રીકેશન્) *n.* A prayer against evil:ખોટું કામ નિવારણ થવાને માટે કરેલી પ્રાર્થના;નાપસંદગી.

Deprecatory,(ડેપ્રીકેટોરિ)*a.* Tending to remove or avert evil by prayer:દુર-નિવારણ થાય તે માટે કરેલી પ્રાર્થનાનું-સંબંધી.

Depreciate,(ડીપ્રીશિએટ્)*vt.*[L.*de*&*pretium*, price.]To lessen in price:ની કિંમત ઘટાડવી; વખોડવું.*vi*To fall in value:ની કિંમત ઘટવી.

Depreciation, (ડીપ્રીશિએશન્) *n.*The act of lessening the price or value:કિંમત ઘટાડવી તે. 2. The state of being depreciated: કિંમત ઓછી થવી-ઘટવી તે.

Depreciatory,(ડીપ્રીશિએટોરિ)*a.* Tending to depreciate:કિંમત ઘટે એવું;કિંમત ઘટાડતું;નિન્દક.

Depredate, (ડેપ્રીડેટ્) *vt.* [L. *de* & *proeda*, plunder.]To despoil:લુંટી લેવું.2. To destroy by eating: ખવાઇ જઇને નાશ ક૦.*vi.*To take plunder:લુંટ લેવી.

Depredation, (ડેપ્રીડેશન્) *n.*The act of depredating:લુંટફાટ;દરોડો.2. The act of despoiling or making inroads:લુંટ; ધાડ.3.બગાડ.

Depredator,(ડેપ્રીડેટર)*n.*A spoiler;a wasteer; a robber:લુંટારો;પીંઢારો;તારાજ કરી મુકનાર.

Depress,(ડીપ્રેસ્)*vt.*[L.*de*& *premo*,I press.] To let fall;to lower:નીચું ક૦-રાખવું; ઉતારવું;નમાવવું.2.To humble:ભાગવું;તોડવું.3.To sadden: ઉદાસ દિલગીર ક૦.4. To lessen the activity of:ની ચાલાકી ચતુરાઇ-ચંચળાઇ-તેજી ઘટાડવી.5.To lessen the price of:-ની કિંમત ઘટાડવી.

Depression,(ડીપ્રેશન્)*n.* The act of causing to fall: પાડવું-નમાવવું તે.2.The state of being depressed;a sinking:નમન;પતન:3.Humiliation (*pride.*):નરમપડવું તે;ઘટાડો.4.Dejection:ઉદાસી; હર્ષભંગ;ઉત્સાહ ભંગ.5.Inactive dullness:મંદી.

Depressive,(ડીપ્રેસિવ્)*a.*Tending to depress or cast down:દબાવે-નમાવે-નીચું પાડે એવું.

Deprivation,(ડીપ્રિવેશન) *n,* The act of depriving:છીનવી લેવું તે.2.Loss: હાનિ; તંગી.

Deprive,(ડીપ્રાઇવ્)*vt.* [L.*de* & *privus*, one's own.] To take away:લેઇ લેવું. 2 To dispossess:પાસેથી લેઈ-છીનવી લેવું;હરીલેવું.3.To divest of office:અધિકાર ઉપરથી કાઢી મૂકવું; પદભ્રષ્ટ ક૦.D.of wealth:નિર્ધનથી ક૦.D.of authority: અધિકાર ભ્રષ્ટ ક૦.

Depth,(ડેપ્થ)*n.* Deepness:ઉંડાઈ;ઉંડાણ.2.The middle part:મધ્યભાગ. 3. The comprehension;સમજણ શક્તિ. 4.ગુઢતા;ગહનતા;પાતાળ.5.ગંભીર-

રતા ગંભીર્ય;ઊંડતા.

Depthless, (ડેપ્થ્લેસ્) *a.* Having no depth: ઉંડાઇ-ઉંડાણ વિનાનું;છાછરૂં;છાલકું.

Depulse,(ડીપલ્સ્)*vt.*[L.*de* & *pulsus*,driven] To drive away:હાંકી-કાઢી મૂકવું.

Depurate,(ડેપ્યૂરેટ્)*vt.*[L.*de* & *purus*,pure.] To free from impurities: કચરો કાઢી નાંખવો; સાફ-સ્વચ્છ-નિર્મળ;શુદ્ધ ક૦.

Deputation,(ડેપ્યૂટેશન) *n.* The act of deputing or of appointing a representative: પ્રતિનિધિ બનાવવું-નિમવું તે;મુખ્ત્યારી.2.The person or persons deputed by another person to act on their behalf:પ્રતિનિધિ;મુખ્ત્યાર.

Depute,(ડેપ્યૂટ્)*vt.*[L.*deputo*,I send an ambassador.]To appoint as an agent; to delegate:-વતિનું કામ કરવાને નિમવું;પ્રતિનિધિ ક૦.

Deputy,(ડેપ્યૂટિ)*n.*A representative;delegate a vicar:મુખ્ત્યાર;પ્રતિનિધિ;વકિલ;મુનીમ;ડિપુટી.

Derange,(ડીરેન્જ્) *vt.* [L. *dis* & *rang*,row.] To throw into embarrassment:ગરબડ સરબડ ક૦;ગુંથી નાંખવું; અવ્યવસ્થિતિ ક૦. 2.To disturb in the action or function: કામ બગાડવું. 3. To render insane: ગાંડું-ઘેલું-દિવાનું-ચળેલ ક૦.

Deranged,(ડીરેન્જડ્)*a.* Disordered;insane: અવ્યવસ્થિત;ચસકેલું;બુદ્ધિભ્રષ્ટ; ભ્રાન્તચિત્ત;ગાંડું.

Derangement, (ડીરેન્જમેન્ટ્)*n* Confusion: વિકાર;બગાડ; અવ્યવસ્થા; ગરબડ સરબડ; ખલલ. 2. Insanity:દિવાનાપણું;વિકલતા; ચિત્તભ્રમ.

Deray,(ડીરે)*n.*[L.*dis* & *rai*,order.]Disorder; merriment:ગેરબંદોબસ્ત;બગાડ;વિકાર;અવ્યવસ્થા

Derelict, (ડીરીલિક્ટ્) *n.* [L.*de* & *linquo*, I leave](*a.*)A thing voluntarily abandoned છોડી દીધેલી ચીજ.(*b*)A tract of land left dry by the sea; land for cultivation: દરિયાનું પાણી નહિં ફરી વળેલો અને ખેતીવાડીને માટે ઉપયોગી એવો જમીનનો કકડો. *a* Left and abandoned:છોડી દીધેલું.

Dereliction,(ડીરીલિક્શન) *n.* An utter forsaking;abandonment: ત્યાગ;વર્જન; ત્યાગકર્મ.

Deride,(ડીરાઇડ્)*vt.*[L. *de* & *rideo*,I laugh] To laugh at with contempt:-ની તરફ ધિક્કારથી હસવું;નીમજાક-મશ્કરી-ઠાંસી ક૦;હસી કાઢવું.

Derision,(ડીરિઝન)*n.* Mockery: ઠઠ્ઠો; મશ્કરી; મજાક;હાંસી.2.An object of derision,ઉપહાસ પાત્ર

Derisive,(ડીરિસિવ)*a.*Expressing derision: મશ્કરી-ઠઠ્ઠા ભરેલું;હસી કાઢતું;ઉપહાસ સૂચક;મશ્કરી.

Derivable,(ડીરાઇવેબલ્)*a.*Capable of being known by inference:અનુમાન-તર્કથી જણાય એવું.

Derivation,(ડેરિવેશન)*n.*The act of procuring an effect from a cause:કંઇ કારણ-મૂળપર થી પરિણામ મેળવવું તે. 2. The act of tracing origin-નું મૂળ-ઉત્પત્તિ;વ્યુત્પત્તિ બતાવવી-કાઢવી તે; મૂળ;વ્યુત્પત્તિ.3.A derivative:સાધિત શબ્દ;ધાતુ.

Derivative,(ડેરિવેટિવ્)*a* Derived;secondary બીજા ઉપરથી નિકળેલું-બનેલું; સાધિત. *n.* A word formed from another word by a prefix or suffix:ઉપસર્ગ અથવા પ્રત્યય-લગાડયાથી બીજા ઉપરથી નિકળેલો શબ્દ.

Derivatively,(ડેરિવેટિવ્લિ) *adv.* In a derivative manner;by derivation: સાધિત રીતે.

Derive,(ડીરાઇવ્)*vt.*[L.*de* & *rivus*,a stream] To receive:મેળવવું;કાઢવું;-ને મળવું.2. To trace the origin:-નું મૂળ-ઉત્પત્તિ-વ્યુત્પત્તિ કાઢવી-બતાવવી.

Derm,(ડર્મ્)*n.*The skin:ત્વચા;ચામડી.

Dern,(ડર્ન્)*a* Hidden; secret:સંતાડેલું;છુપું-છાનું રાખેલું.2.Lonely;sad:શોકાતુર;દીલગીર.

Derne,(ડર્ન્)*vi.*To hide:સંતાડવું;છુપાવવું.

Dernful,(ડર્ન્ ફુલ્)*a.*Sad;mournful:દીલગીર.

Dernier,(ડર્નિઅર્)*a.*Last;final:છેવટનું;અંતનું; છેલ્લેનું;છેલ્લું;નિદાન.

Derogate,(ડેરોગેટ્)*vt.*[L. *de* & *rogo*,I ask.] To restrict; to limit the action of: ની હદ-મર્યાદા ક૦-બાંધવી 2.To depreciate:ઘટાડવું;હલકું ક૦.*vi.*To take away:-માંથી લેઇ લેવું.2.To act beneath one's rank:પોતાની સ્થિતિ,પદ્વી કે કુળને ન છાજે એવું કામ ક૦.

Derogation (ડેરોગેશન)*n.*Detraction; depreciation:હલકું પાડવું તે;કિમત હલકી પાડવી તે.

Derogative-tory,(ડેરોગેટિવ્-ડેરોગેટોરિ)*a.*Detracting;depreciating:હલકું પાડે એવું.

Dervise-sh,(ડર્વિસ્)*n.*A persian monk:ઇરાની ફકીર;દર્વેસ.

Descant,(ડેસ્કેન્ટ્)*n*[L.*dis* & *cantus*,singing] A variation of an air:રાગ-સુર ફેરવીને ગાવું તે. 2.A comment:ટીકા; ભાષ્ય;ભાષણ. *vi* To sing a variation:સુર-રાગ-તાન ફેરવીને ગાવું.2.To comment:ટીકા કરવી;લંબાણ-વિસ્તારથી બોલવું.

Descend,(ડીસેન્ડ્)*vi.*[L.*de* & *scando*,I climb.] To come down:ઉતરવું 2.To come suddenly and with violence:તુટી પડવું.3. To proceed by generation:વંશ-કુળ-ઓલાદમાં હોવું.

Descendant,(ડીસેન્ડેન્ટ્)*n.*One who descends:વંશનું માણસ;વંશજ;સંતતિ;સંતાન; ઓલાદ.

Descendent,(ડીસેન્ડેન્ટ્)*a.* Descending;falling:નિચે પડતું;ઉતરતું

Descending(ડીસેન્ડિંગ્)*p a.* (*a*)Of or pertaining to descent:ઢોળાવને લગતું-નું-સંબંધિ-વિષે.

Descent,(ડીસેન્ટ્)*n.* The act of descending or coming down:ઉતરવું તે; ઉતાર. 2. Extraction:વંશ;કુળ;ઓલાદ.3.Transmission by inheritance:વારસાથીહાથમાં આવવું.4.હલ્લો;હુમલો

Describable(ડીસ્ક્રાઇબેબલ્)*a.*Capable of being described;વર્ણન કરવા લાયક;વર્ણનીય.

Describe, (ડીસ્ક્રાઇબ્) *vt.* [L. *de* & *scribo*, I

write.] To give the account of:કાઢવું વર્ણન. કરવું.2.To give an account of;to sketch in writing:વર્ણવવું-નું વર્ણન-બ્યાન કo.

Descrier,(ડીસ્ક્રાઇઅર્)*n*. One who descries or sees:જોનાર;દેખનાર.

Description,(ડીસ્ક્રિપ્શન્)*n*.The act of describing:દોરવું;કાઢવું-પાડવું તે 2. An account:વર્ણન;બ્યાન;નિરૂપણ.3.The class:જાત;તરેહ; પ્રકાર; લક્ષણ.

Descriptive, (ડીસ્ક્રિપ્ટિવ્) *a*. Tending to describe;containing description:દર્શાવે એવું વર્ણવનાર;વર્ણન રૂપ. [discover:શોધી કાઢવું.

Descry,(ડીસ્ક્રાઈ) *vt*. To espy:જોવું;દેખવું.2.To

Desecate,(ડેસીકેટ્)*vt*.[L *de* & *seco*,I cut.]To cut,as with as cythe;to mow:કાપણી કo;લણવું.

Desecrate,(ડેસીક્રેટ્)*vt*.[L.*de* & *sacer*,sacred.] To divest of a sacred character of office; to profane:વટલાવવું;-થી વટાલવું;પતિતકo.

Desecration,(ડેસીક્રેશન્)*n*.The act of divesting of a sacred character or office:વટાળ.

Desert,(ડીઝર્ટ્)*vt* [L. *de* & *sero*, I join.] To abandon:મૂકી-તજી-છોડીદેવું 2.To leave without permission: રજા સિવાય છોડી-મૂકી-તજી દેવું. *vi*. To quit a service without permission:રજા સિવાય નોકરી મૂકી દેવી;બેવફાઈ કo.*a*. Forsaken: નિર્જન;ઉજ્જડ;સુનુ; વેરાન; ખારજ.*n*. A wilderness:વેરાન પ્રદેશ;જંગલ;રાન;વગડો.2.રેતીનું મેદાન. 3. Merit:લાયકી;ગુણપાત્રતા;યોગ્યતા;ગુણદોષ.

Deserter,(ડીઝર્ટર્) *n*.One who forsakes his duty:ફરજ સોંપેલું કામ; પક્ષ અથવા દોસ્તી મૂકી છોડી દેનાર;નિમકહરામ;બેવફાઈ કરનાર.

Desertion,(ડીઝર્શન્)*n*.The abandonment of a service:નોકરી;ફરજ,પક્ષ કે સોંપેલા કામનો ત્યાગ.

Deserve,(ડીઝર્વ્)*vt*.[L *de* & *servio*,I serve.] To be worthy of:ને લાયક-પાત્ર-યોગ્ય હોવું. *vi*. To be worthy of recompense: બદલાને યોગ્ય -લાયક થવું;-ને ઘટવું.

Deservedly,(ડીઝર્વેડ્લિ)*adv* Justly:વાજબી રીતે ખરી ન્યાયીરીતે:યથાયોગ્ય,ઘટારત પ્રમાણે;ઉચિતપણે.

Deserving,(ડીઝર્વિંન્ગ્)*a*. Meritorious:લાયક.

Desiderate,(ડીસિડરેટ્)*vt* [L *desider*,I long for.]To lack;to want:ની ખોટ-જરૂરમાગવી.

Desiderative, (ડીસિડરેટિવ્) *a*. Expressing desire:ઈચ્છા બતાવવું;ઈચ્છાર્થક.*n*. An object of desire:જેને માટે ઈચ્છા છે એવી વસ્તુ;ઈષ્ટપદાર્થ.

Desideratum,(ડીસિડરેટમ્)*n*.That of which the lack is felt:જેની ખોટજરૂર છે એવી વસ્તુ.

Desidious,(ડીસિડિઅસ્)*a*. [L. *de* & *sideo*, I sit.]Idle;lazy:આળસુ;સુસ્ત.

Design,(ડીઝાઇન્)*vt* [L.*de* & *signum*,a mark. To delineate:-નો-ચિત્ર-આકાર-કાઢવો; આળેખવું. 2. To show:બતાવવું. 3.To form an idea of; to project:-ની યોજના-તજવીજ કo.*vi*.To start in accordance with a settled plan:ધારેલી યુક્તિ ઇરાદા-વેત-મનસુબા પ્રમાણે વર્તવું.*n*.A sketch નકશો;આલેખન.2. Device; plot:ઘાટ; યુક્તિ;તદબીર;રચના 3.વિચાર;બેત;ઇરાદો.4.નકશી;બુદ્ધિ;જ્ઞાન.

Designate, (ડેસિગ્નેટ્) *vt*. To indicate; to show:દેખાડવું;સૂચવવું 2. To point out by distinguishing from others: ફલાણું તે આ એમ બતાવી આપવું 3 To appoint:ની નીમણુંક કરવી.

Designate-ted,(ડેસિગ્નેટ્-ડેસિગ્નેટેડ્)*a*.Indicated;appointed:બતાવી આપેલું;નિમેલું.ઓળખાવેલું.

Designation,(ડેસિગ્નેશન્)*n*.Denomination: નું નામ પાડી આપવું તે;નિમણુક;યોજના 2 Distinctive title;appellation:ખિતાબ;નામ; સંજ્ઞા.

Designedly, (ડીસાનેડ્લિ) *adv*. purposely; intentionally:ઈરાદાથી;જાણી જોઇને-બૂઝીને.

Designer, (ડીસાઇનર્) *n*. One who designs: યોજનાર;રચનાર. A plotter:કાવત્રાંખોર.

Designing,(ડીસાઈનિન્ગ્)*a*.Artful;scheming: દગલબાજ;દગાખોર કરતું;કાવત્રાંખોર.

Desipient,(ડેસિપિએન્ટ્) *a*.[L. *de* & *sapeo*,I am wise.] Foolish; silly:મૂર્ખ;બેવકૂફ.

Desirable,(ડીઝાઇરૅબલ્)*a*.Worthy of desire; pleasing;agreeable:ઇચ્છવા ચહાવા લાયક-યોગ્ય.

Desire,(ડીઝાઇર્)*vt* [L. *desidero*,I wish for.] To wish:લેવા-મેળવવા ચહાવું;ઈચ્છવું;વાંચ્છા રાખવી. *n*. The indulged inclination: ઇચ્છા. 2. Object of longing:ઇષ્ટ વસ્તુ-પદાર્થ.3.Excessive longing:લાલસા; અતિશય લોભ.*Carnal* **d.**:કામ.

Desirous,(ડીઝાઇરસ્)*a*.Solicitous; covetous; eager:ઈચ્છા રાખનાર; ચાહનાર; લોભી;ઇચ્છાતુર.

Desirously,(ડીઝાઇરસ્લિ) *adv*. With desire; eagerly:ઇચ્છાથી;આતુરતાથી;ઉત્કંઠિતપણે.

Desist,(ડીસિસ્ટ્)*vi*.[L.*de* & *sisto*,I stand.]To stand aside; to cease to proceed:કોરે જવું; થી દૂર-વેગળા રહેવું;આગળ વધતાં બંધ પડવું;અટકવું; -ને છોડી દેવું;ખસીજવું.

Desk,(ડેસ્ક્)*n*.A table with top sloping forward: ઢળતું મેજ. 2. The pulpit:પાદરીને માટે બનાવેલી ઉંચી જગા-આસન. *vt*. To shut up,as in a desk:ઢળતા મેજમાં.મૂકી બંધ કo.

Desolate,(ડેસોલેટ્)*vt*.[L.*de* & *solus*, alone.] To leave alone;to make desert:એકલું રહેવા દેવું.2. To lay waste: નાશ-ઉજ્જડ ખેદાનમેદાન કo; ધૂળધાણી-પાયમાલ કo. *a*. Deserted: વસ્તી વિનાનું-રહિત;વેરાન;ઉદ્દસ્ત.2.Destroyed:પાયમાલ; નાશ થયેલું; ખેદાનમેદાન; ખરાબખસ્ત; તારાજ. 3. Forsaken;lonely:એકલું;નિરાધાર;નિરાશ્રિત.અનાથ

Desolation,(ડેસોલેશન્) *n*. The act of desolating; destruction:નાશ;પાયમાલી;ખરાબી;તારાજી.2. A desolate place:ઉજ્જડ જગા.

Despair,(ડીસ્પેર્)*vi*. [L.*de* & *spero*,I hope.]

To be without hope:નિરાશ થવું.*vt.*To cause to despair:નાઉમેદ.નિરાશ કo.*n.*Loss of hope: નાઉમેદી;આશા-ભંગ;નિરાશા; વિષાદ.

Despatch,(ડેસ્પૅચ્)*vt.*[L.*pe* & *spatior*,I go.] Same as dispatch.

Desperado,(ડેસ્પરૅડો)*n.*A desperate fellow; a reckless man:સાહસિક;સાહસી; મરણીઓ.

Desperate,(ડેસ્પરેટ્)*a.* Hopeless:નિરાશ;નિરૂપાય;અસાધ્ય 2.Reckless:સાહસિક;મરણિયું.

Desperation,(ડેસ્પરેશન્)*n.* A giving up of hope:નાઉમેદી. 2. The state of despair: નિરાશાપણું;મરણિયાપણું.

Despicable,(ડેસ્પિકેબલ્)*a.*Mean;vile;worthless:નીચ;હલકું;હમડીનું;કોડીનું;ટકાનું;પાજી;નિકૃષ્ટ;ક્ષુદ્ર

Despise,(ડીસ્પાઇઝ્)*vt* [L.*de* & *specio*,I look.] To scorn;to disdain:હલકું-તુચ્છ નીચ ગણવું;ધિક્કારવું;-ની અવગણના-અનાદર તિરસ્કાર કo;તરછોડવું.

Despite,(ડીસ્પાઇટ્)*n.*Malignity; ખાર; અદાવત. દ્વેશ;ખૂન;કીનો *vt.*To vex:ચીઢાવવું;સતાવવું. *prep.* In spite of: એમ છતાં.

Despiteful,(ડીસ્પાઇટ્ ફુલ્)*n* Malicious;malignant:દ્વેષી;ખારીલું;ડંશીલું;ખુની;દ્રોહી;કપટી;કીનાખોર

Despoil,(ડીસ્પૉઇલ્) *vt.* [L. *de* & *spolium*, spoil]To strip; to rob: લૂટી લેવું;હરણ કo. *n.* Despoliation:નું લુટી-હરી લેવું તે.

Despond,(ડીસ્પૉન્ડ્)*vi.* [L. *de* & *spondeo*, I promise.]To give up; to lose courage:આશા છોડવી;જવું *n.*Despondency:નિરાશા;નાઉમેદી.

Despondency, (ડીસ્પૉન્ડેન્સિ) *n.* Abandonment of hope; discouragement: નાહિંમત, નિરાશા;નાઉમેદી;ઉદાસી;વિષાદ;મનોભંગ.

Despondent, (ડીસ્પૉન્ડેન્ટ્)*a.* Given to despondence:નાહિંમત;નિરાશ;નિરૂત્સાહ;નાઉમેદ.

Desponding,(ડીસ્પૉન્ડિન્ગ્)*a.* Discouraging: નાહિંમત કરવું;નિરાશ કરવું.

Despot,(ડેસ્પૉટ્) *n* [Gr. *despotes.*]An absolute sovereign:કુલ અખ્તિયારભોગવનાર રાજા.

Despotic cal,(ડેસ્પૉટિક્ કૅલ્) *a.* Absolute in power;tyrannical;arbitrary:કુલ અખ્તિયાર.

Despotism,(ડેસ્પૅટિઝ્મ્)*n.* Absolute control: કુલ અખ્તિયાર;અપ્રતિબદ્ધસત્તા; સ્વતંત્રતા;જહાંગીરી. 2.An arbitrary government:જયાં રાજા પોતાની મરજીમાં આવે તેમ ચાલી શકે છે એવું રાજ્ય.

Dessert,(ડેઝર્ટ્)*n.*[Fr.*de* & *servio*,I serve] A service of fruits or sweetmeats, at the close of an entertainment:મુખવાસ

Destination,(ડેસ્ટિનેશન્)*n.* Predetermined end:આગળથી ધારી મુકેલી વાત;નિર્માણ; નિર્મિતવાદી.2.Place or point aimed at:ધારેલી જગા.

Destine,(ડેસ્ટિન્)*vt* [L.*de* & *sto*,I stand.]To ordain;to allot;to doom: નક્કી કo; ઠેરવવું; નિર્માણ કo. [કરેલું;ઠેરવેલું; નિમેલું;નિર્મિત.

Destined,(ડેસ્ટિન્ડ્)*a.*Ordained;alloted:નક્કી.

Destiny,(ડેસ્ટિનિ) *n.* Fate: નિર્માણ; બ્રહ્મ લેખ; 2. Fixed order of things: નશીબમાં લખેલી વાત;ભવિષ્ય;નસીબ;કિસમત;ભાવિ;પ્રારબ્ધ;દૈવ.

Destitute, (ડેસ્ટિટ્યૂટ્) *a.* In want; devoid: વિનાનું;હીન 2. Needy:તંગીવાળું; ગરીબ;લાચાર; નિરાધાર;દરિદ્રિ;રંક;અશરણ;અનાથ.

Destitution, (ડેસ્ટિટ્યૂશન્) *n.* Deprivation; lack;poverty;utter want:દીનતા;અભાવ;તંગી.

Destory, (ડીસ્ટ્રૉઇ) *vt* [L *de*&*struo*,I build.] To pull down;to demolish: પાડી-ભાંગી તોડી નાખવું.2.To ruin:નાશ કરવો.3.To kill:મારીનાંખવું.

Destroyer,(ડીસ્ટ્રૉઇઅર્)*n* One who destroys or kills:નાશ કરનાર;મારનાર;સંહારક.

Destructible,(ડીસ્ટ્રક્ટિબલ્)*a.*Capable of being destroyed:નાશ પામે એવું;નાશવંત.

Destruction, (ડીસ્ટ્રક્શન્)*n.*Demolition;devastation: સંહાર; ક્ષય; નાશ. 2. The state of being destroyed:સત્યાનાશ;પાયમાલી;ઉચ્છેદ.

Destructive,(ડીસ્ટ્રક્ટિવ્)*a.*Ruinous;pernicious;fatal:પાયમાલ-તારાજ-નાશનુકશાન કરે એવું.

Desuetude, (ડેસ્વીટ્યૂડ્) *n.*[L. *de* & *suesco*,I am accustomed.] The cessation of use; disuse:ઉપયોગ-ચાલ-વહીવટ નિકળી જવો તે.

Desultory,(ડેસલ્ટોરિ)*a,* [L.*de*,*salio*,I leap.] Disconnected;immethodical;aimless:મોઢા માથા વગરનું;જેમ તેમકીધેલું;અવ્યવસ્થિત;અસ્થિર.

Desume,(ડીસ્યૂમ્)*vt.* [L *de* & *sumo*,I take.] To take from; to borrow:ની પાસેથી લેવું;ઉછીનું-ઉધાર લેવું.

Detach, (ડીટૅચ્) *vb.*To part:છુટું પાડવું; 2. To separate from a special object: અમૂક મુકરર બાબત ઉપયોગમાંથી છુટું-જુદુ,પાડવું કo.

Detached,(ડીટૅચ્ડ્)*a.*Separate;unconnected: છુટું છુટું;જુદું;પૃથક;ભિન્ન;અલગ.

Detachment, (ડીટૅચ્મેન્ટ્) *n.* The act of separating:જુદું છુટું-જુદું થવું તે;2.The state of being separated:છુટું-જુદું થવું તે; વિભાગ; વિયોગ.3.A body of troops:ટુકડી;ટોળી

Detail,(ડીટેલ્)*vt.*To relate in particulars:વિગતવાર કહેવું;તપસીલવાર જણાવવું.2.To appoint for a particular service as officer or a troop:લશ્કર-સરદારને કોઇ અમુક કામગિરી ઉપર મોકલવો-નિમવો *n* A particular:વિગત;તપસીલ. *In* d.:સવિસ્તર;વિગતવાર.

Detain,(ડીટેન્)*vt.*[L *de* & *teneo*,I hold.] To withhold:અટકાવી રાખવું 2.To restrain from proceeding:આગળ જતાં-વધતાં રોકવું.3.To hold in custody:કેદખાનામાં રાખવું.

Detainment,(ડીટેન્મેન્ટ્)*n.*The act of detaining:detention:રોકાણ;અટકાવ.

Detect, (ડીટેક્ટ્) *vt.* [L.*de*&*tago*,I cover.]To

find out:શોધી કાઢવું.2.To accuse:તોહોમત મૂકવા.

Detection,(ડીટેક્શન્)*n.*The act of detecting; discovery:શોધ;તપાસ;ભાળ;ખોળ;પત્તો.

Detective,(ડીટેક્ટિવ્)*a.*Fitted for or skilled in detecting:શોધી-પકડી કાઢવાને લાયક;માં ચતુર. *n.*A policeman whose business is to detect rogues secretly:છૂપી પોલીસ;ડીટેક્ટિવ.

Detention,(ડીટેન્શન્)*n.*The act of detaining or holding back:ન આપવું-અટકાવીરાખવું તે;રોકાણ.2 Confinement:restraint;delay:તજવીજ કેદ.

Deter, (ડીટર્)*vt.*[L*de* & *terreo*,I frighten.] To prevent:અટકાવવું;રોકવું;ખાળવું.

Deterge, (ડીટર્જ)*vt* [L.*de* & *tergeo*,I rub.] To cleanse;to purge away as foul matter: લૂછી સાફ કo;મેલ કાઢી નાંખવો.

Detergent,(ડીટર્જેન્ટ્)*a.*cleansing;purging:મેલ કાઢે-સાફ કરે એવું.*n.*A medicine that has the power of cleansing:સાફ કરે એવી દવા.

Deteriorate, (ડીટીરિઓરેટ્)*vt.* [L.*deterior*, worse.]To make worse:બગાડવું *vi.*To grow worse;to degenerate:બગડવું;ખરાબ થવું.

Deterioration, (ડીટીરિઓરેશન્) *n.*The state of growing worse:વિકાર;અપકર્ષ;અધોગતિ;બગાડ.

Determinate, (ડીટર્મિનેટ્)*a*, Established: અમુક;નક્કી;નિયમિત;હદ.Positive:શક ન રહે એવું 2.Resolute:દૃઢ;નિશ્ચયવાળું.*vt.*To bring to an end:છેડો-અંત આણવો.

Determination,(ડીટર્મિનેશન્)*n.*The act of determining:નિર્ધાર;નિર્ધારણ.2. Bringing to an end:તોડ;ફડચો;નિકાલ;નિવેડો;ફેંસલો; ચુકાદો 3. Purpose:વિચાર;નિશ્ચય;સંકલ્પ.4.Tendency:વલણ.5.Resoluteness:આગ્રહ;દૃઢતા.

Determine, (ડીટર્મિન્)*vt.*[L.*de*&*terminus*, an end.]To fix the boundaries of:ની હદ -સીમા બાંધવી.2.To bring to an end:અંત આણવો.3.To regulate:-નો તોડ;ફડચો કo. 4 To fix the course of:-નું નક્કી કo 5.To find out the specific name of:ચોકસ નામ શોધી કાઢવું.6.To resolve on;to have a fixed intention of:-નો વિચાર-ઇરાદો કo;મન સાથે નક્કી કo;નિર્ણય કo.

Determined, (ડીટર્મિન્ડ્)*a.*Resolved on;definitely ascertained: દૃઢનિશ્ચય-સંકલ્પવનું; નિશંક; વજ્ર સંકલ્પી;ધીર;ધીટ.

Detest, (ડીટેસ્ટ્) *vt* [L. *de* &*testor*,I call to witness.]To loathe;to abhor:ધિક્કારવું-નો ધિક્કાર કરવો;તિરસ્કાર કરવો.

Detestable,(ડીટેસ્ટેબલ્)*a*,Abominable:ધિક્કારવા જોગ-યોગ્ય;ધિક્કાર-ગુસ્સો આવે એવું.

Detestation, (ડીટેસ્ટેશન્)*n.*Abhorrence:ધિક્કાર કરવો તે;ધિક્કાર;નિંદા.

Dethrone, (ડીથ્રોન્) *vt.*[L.*de*&*thronus*,throne.]To depose:ગાદી-તખ્ત રાજ્યાસન ઉપરથી કાઢી-ઉઠાડી મૂકવું;રાજ્યભ્રષ્ટ કરવું.

Dethronement,(ડીથ્રોન્મેન્ટ્)*n.*Removal from a throne:રાજ્યભ્રષ્ટતા;રાજ્યભ્રંશ.

Detinue,(ડેટિન્યૂ) *n.*A person or thing detained:અટકાવેલો માણસ-ચીજ.

Detonate,(ડેટોનેટ્)*vt.*[L *de* & *tono*,I thunder.]To cause to explode:ફોડાવવું;ફોડવું;ઓડવું.

Detort,(ડેટૉર્ટ્)*vt* [L *de* & *torqueo*,I twist.] To pervert;to wrest:ફેરવવું;લપેટવું;વળ દેવો.

Detour,(ડીટૂર્)*n.*[L.*de's* & *tour*.]A turning: ચક્કર;ફેરો;ચકરાવો;ફેરાવો;અવળો રસ્તો.

Detract,(ડીટ્રેક્ટ્)*vt.*[L.*de* & *traho*, I draw.] To take away:લેઇ લેવું;ઓછું કo;ઘટાડવું;વખોડવું. 2.To defame:માન-આબરૂ ઓછી કo.

Detraction,(ડીટ્રેક્શન્)*n.* The act of taking away or withdrawing: હલકું પાડવું-ઓછું કo તે;માનાપકર્ષ;ગુણાપકર્ષ;નિંદા;બદબોઇ;હીણાપદ.

Detractive,(ડીટ્રેક્ટિવ્)*a.*Tending to detract: માનભંગ કરતું;વખોડતું;નિંદક.

Detriment,(ડેટ્રિમેન્ટ્)*n.*[L *de* & *tero* I rub.] Mischief;harm;damage:નુકશાન;હાનિ;ખલલ; બિગાડ;જાન;ક્ષતિ.2.A charge:ખરાજાત;ચઢતર. *vt.* To hurt:ઇજા કo;નુકશાન કo.

Detrimental,(ડેટ્રિમેન્ટલ્)*a.*Injurious;hurtful:નુકશાન પહોંચાડે એવું;નુકશાન હાનિકારક.

Detrition,(ડીટ્રિશન્)*n* [L *de* & *tero*,I rub.]A wearing off or away:ઘસારો;ઘસાઇ જવું તે.

Detritus,(ડીટ્રાઇટસ્)*n.*A mass of substances worn off from solid bodies:નક્કર પદાર્થ ઘસવાથી પડેલો કચરો.

Deturbation,(ડીટર્બેશન્) *n.* The act of deturpating;degradation:હલકું પાડવું તે;માનભંગ.

Deturpate,(ડીટર્પેટ્)*vt* [L *de* & *turpis*,ugly.] To defile:ખરાબ-અપવિત્ર કo;ભ્રષ્ટ કo.

Deuce,(ડ્યૂસ્)*n.* [L. *dusis*,armor.] An evil spirit;the devil:ભૂત;પિશાચ; રાક્ષસ.

Deuterogamy,(ડ્યૂટરૉગમિ)*n* [Gr. *deuteros*, second,& *gamos*,marriage.]A second marriage,after the death of the first husband or wife:પહેલી પરિણીત સ્ત્રી અથવા પુરૂષના મર્યે પછી બીજીવાર કરેલું લગ્ન;બીજલગ્ન.

Devast,(ડેવૅસ્ટ્)*vt.*[L *de* & *vastus* waste.] To lay waste;to plunder:ઉજાડ કo;લુંટવું.

Devastate,(ડેવૅસ્ટેટ્)*vt.*[L.*de*& *vasto*,I waste.]To desolate:ખરાબ કo;મેદાન-વેરાન કરી મુકવું.

Devastation,(ડેવૅસ્ટેશન્)*n.*The act or state of devastating:ખરાબી;પાયમાલી;વેરાની;નાશ.

Develop,(ડીવેલપ્)*vi.*[L.*de* & *volvo*, I roll.] To go through a process of outgrowth: ખીલવું 2.To be formed by natural growth: કુદરતિ ઉત્પત્તિથી બનવું-પેદા થવું;પક્વાવસ્થામાં આવવું .

Development, (ડીવેલપ્મેન્ટ) *n.* The act of

disclosing or the state of being disclosed that which is unknown: જે અજાણ્યું હોય તે જાણીતું ખુલ્લું-સ્પષ્ટ કરતે;પ્રકાશ;પ્રાદુર્ભાવ;વિકાસ.

Devergence-cy,(ડીવેર્જેન્સ્-ડીવેર્જેન્સિ) *n.* A receding from each other in radiating lines:ઢોળાવ;ઉતરાણ;ઢાળ.

Devex,(ડીવેક્સ્)*a.*[L.*de* & *veho*,I carry.]Bending down;sloping:નીચું નમતું;વાંકું વળતું;ઢળતું.

Deviate,(ડીવિએટ્)*vi.*[L. *de* & *via*,way.] To err;to wander; to go out of one's path: માર્ગ મૂકીને આડાજવું;ખસવું;ચળવું;આડા ફાટવું.

Deviation,(ડીવિએશન્)*n.*The act of deviating:રસ્તો મૂકી આડું જવું તે.2. An act of sin: પાપનું કામ;અપરાધ;ભૂલ;ચુક;તકસીર.

Device,(ડીવાઇસ્)*n.*[L. *divido* I separate.] A contrivance:યુક્તિ;તદબીર;કળા;હિકમત;કરામત;ઉપાય.2.An invention:બનાવટ.

Devil,(ડેવિલ્)*n.*Satan:દૈત્ય;ભૂત 2.A machine for cutting rags,cotton,&c.:ચિંથરાં-સુતર વિગેરે કાપવાનો સંચો;કાતર.3.A very wicked person:ઘણો ક્રૂર નઠારો માણસ.D's *dealer*:ભૂવો. *vi. To play the* d.*with*,to ruin:નાશ કo;ખરાબ કo.

Devilish,(ડેવિલિશ્)*a.* Diabolical: ભૂત સંબંધી,સેતાન જેવું;અતિદુષ્ટ; ખરાબ.

Devious,(ડીવિઅસ્)*a.* [L. *de* & *via*, way.] Out of a straight line;winding:આડું;વાંકું ચૂંકું

Devisable,(ડીવાઇઝેબલ્)*a.*Capable of being devised or contrived: કલ્પના કરવા જોગ. 2. Capable of being given by will: વારસામાં આપવા સરખું.

Devise,(ડીવાઈઝ્)*vt* [L.*divido*, I divide.] To invent:શોધી વિચારી કાઢવું;યુક્તિ કાઢવી;યોજવું.2. To give by will:વસિયતનામું કરીને આપવું.*vt* To contrive:શોધવું *n.*The act of giving real-estate by will: વસિયતનામાથી સ્થાવર મિલ્કત આપવી તે.2.A will of real estate:સ્થાવર મિલ્કતનું વસિયતનામું.

Devisee,(ડીવાઇઝી)*n.* [*Law.*] One to whom real estate is given by will:જેને વસિયતનામાથી સ્થાવર મિલ્કત મળી છે તે.

Deviser,(ડીવાઈઝર્)*n.*An inventor:તદબીર કાઢનાર-રચનાર.

Devisor,(ડીવાઇઝર્)*n* (*Law.*)One who gives real estate by will:વસીયતનામું કરી આપનાર.

Devoid, (ડીવૉઇડ્) *a.* Void; empty; vacant: ખાલી; પોકળ; ફોકટ. 2. Destitute:વિનાનું; રહિત; હીન;શૂન્ય;નિરાળું;વેગળું.

Devolution (ડીવૉલ્યૂશન્) *n.* Removal from one person to another:એક પાસેથી બીજા પાસે જવું ના હાથમાં આવવું તે.

Devolve,(ડીવૉલ્વ્)*vt.*[L. *de* & *volvo* I roll.] To roll onward or downward:ઉતરવું. 2. To hand over:હાથોહાથ આપી દેવું.*vi.*To be handed over or down:મળવું;-ના હાથમાં આવવું.

Devote,(ડીવોટ્) *vt.* [L. *de* & *voveo* I vow.] To dedicate:અર્પણ કo-માં વાપરવું.2. To give up wholly:-માં મચવું-મચ્યા રહેવું.3.સ્વાધીન કo.

Devoted, (ડીવોટેડ્) *a.* Addicted: સોંપી દીધેલું; તત્પર;પરાયણ;આસક્ત;તલ્લીન;ફિદા;એકનિષ્ઠ;માલિક.

Devotee, (ડીવોટી) *n.* One who is wholly devoted: વૈરાગી; ભક્ત; યોગી;જોગી;સંત;પુજારી 2. A bigot:દુરાગ્રહી-સ્વમતાગ્રહી જન;ધર્માંધ.

Devotion, (ડીવોશન્) *n.* The state of being devoted: એકનિષ્ઠા. 2. Act of devoutness; manifestation of strong attachment:ભક્તિ; અનન્ય ભાવ;સેવા. 4.An object of devotion: જેની પૂજા-ભક્તિ કરાય છે તે;મૂર્તિ.

Devotional,(ડીવોશનલ્)*a.*Pertaining to devotion,suited to devotion:ભક્તિ-પૂજા સંબંધી.

Devour, (ડીવાઉર્) *vt* [*de*&*voro*,I eat whole.] To eat greedily:ઘણી ઉત્કંઠાથી ખાઇ જવું.

Devout,(ડીવાઉટ્)*a* Pious; reverent:સાત્વિક;પરમભક્તિવાળું-વાન;પરમધાર્મિક 2 Expressing devotion or piety ઈશ્વરનિષ્ઠ હોય એવું.

Dew. (ડ્યૂ) *n.* Moisture deposited on the ground from the atmosphere:ઓસ;ઝાકળ.

Dew-lap, (ડ્યૂ-લૅપ્)*n.*The flesh that hangs from the throats of oxen or cows:બળદ-ગાયને ગળા નીચે જે માંસ લટકતું હોય છે તે.[ઝાકળનું ભરેલું.

Dewy, (ડ્યૂઇ) *a.* Dewlike: ઝાકળ-તુષારના જેવું

Dexter,(ડેક્સ્ટર્)*a* Right:જમણું.

Dexterity, (ડેક્સ્ટેરિટિ) *n.* [L. *dexter*, right hand.]Physical activity and skill: શરીરની શારીરિક ચાલાકી;ચપળતા;હોંશિયારી; ખબરદારી. 2, Quickness and skill:ખબરદારી;કુશળતા; દક્ષતા.

Dexterous-trous (ડેક્સ્ટરસ્-ડેક્સ્ટ્રસ્)*a.*Skilful and active with the hands: હાથની ચાલાકી ચતુરાઈનું;ઝડપનું;ચંચળ;દક્ષ 2. Expert: ખબરદાર.3 Skilful:ચતુરાઇથી કરેલું.

Diabetes,(ડાઇએબીટીઝ્)*n.*A disease attended with excessive discharge of urine:સાકરિઓ પરમિયો;મુત્રાતિસાર;જેના પેસાબમાં સાકર જાય તે.

Diabolical,(ડાઇઍબૉલિકલ્)*a.*[Gr.*diabolos*,the devil]Devilish;infernal:સેતાનના જેવું.

Diadem.(ડાઈઍડમ્)*n.*[Gr.*dia*,throughout,& *deo*,I bind.]An ornamental head-fillet;a crown:શણગારેલો માથાનો મુગુટ.

Diagnosis,(ડાઈએગ્નોસિસ)*n.*[Gr *dia*,through &*gignosko*,I know.]The determination of a disease by means of distinctive marks: ચિકિત્સા;રોગનિદાન. 2. Scientific determination of any kind:કોઈ જાતનો શાસ્ત્ર નિયમાનુસાર-શાસ્ત્રાનુસારી નિશ્ચય-ઠરાવ.

Diagonal; (ડાઇઍગૉનલ્) *a.*[Gr.*dia*,through & *gonia*,an angle.]Crossing at an angle

with one of the sides:કર્ણરેખાકૃતિનું,કર્ણાકૃતિનું.

Diagram,(ડાઇઍગ્રૅમ્)*n*.[Gr *dia* & *grapho*,I describe.] A figure made to illustrate a statement:સિદ્ધાંતસિદ્ધકરીઅતાવવાને કાઢેલીઆકૃતિ.

Dial,(ડાઇઍલ્)*n*.[*dies* day.] Aninstrument for measuring time by the sun's shadow: શંકુયંત્ર;ચંદો.2.A mariner's compass:ખલાસીનું હોકાયંત્ર.

Dialect,(ડાઇઍલેક્ટ્)*n*.[Gr.*dia*&*lego*,I speak. Language:ભાષા;જબાન;બોલી 2.A branch of a language:બોલી;દેશભાષા.

Dialectical, (ડાઇઍલેક્ટિકલ્)*a* Pertaining to dialect:ભાષા-નું.2.Logical:તર્કશાસ્ત્ર વિષેનું.

Dialectics,(ડાઇઍલેક્ટિક્સ્)*n*.That branch of logic which treats the mode of reasoning: ન્યાય;ન્યાયશાસ્ત્ર;તર્કશાસ્ત્ર.

Dialectician,(ડાઇઍલેક્ટિશિઅન્)*n*.A logician a reasoner:ન્યાયશાસ્ત્રવેત્તા;ન્યાય જાણનાર.

Dialogue, (ડાઇઍલૉગ્) *n*. [Gr. *dia* & *lego*,I speak.] A conversation between two or more persons:બે અથવા વધારે માણસો વચ્ચે વાતચીત-સવાલ જવાબ સંવાદ.*vi*.To discourse together;to confer:સવાલ જવાબ-સંવાદ કo.

Diameter,(ડાઇઍમેટર્)*n*. [Gr. *dia*&*metron* measure.] A straight line which bisects the chords drawn in a curve parallel to a tangent at its vertex: મધ્યવ્યાસરેખા; ગર્ભ;ગર્ભસૂત્ર 2.Width; પહોળાઇ.

Diametric-cal, (ડાઇઍમેટ્રિક્-ટ્રિકલ્)*a*.Relating to a diameter:વ્યાસનું;વ્યાસ રૂપી. 2. Directly adverse:તદ્દન વિરૂદ્ધ-ઉલટું.

Diametrically,(ડાઇઍમેટ્રિકલિ)*adv*.Directly. ઠેક;તદ્દન;ખરેખરૂં;શુદ્ધ;સીધું.

Diamond,(ડાઇઍમૉન્ડ્)*n*.[Gr *a*,and *damao*,I subdue.] A gem: હીરો. 2 One of a suit of cards: ગંજીફાનાં ચોકડીનાં પાનાં; ચોકડી. 3. The smallest kind of type used in English printing: ઇંગ્રેજી છાપવામાં આવતુ એક જાતનું નાનામાં નાનું બીબું;ઝીણા ટાઈપ D *bit*:હીરાકણી.

Diaper,(ડાઇઍપર્)*n*.Figured linen & cloth: શણનું ચિત્ર-ચિત્રામણવાળું લુગડું. *vt*. To variegate with figures:તરેહ-બુટ્ટા-ચિત્ર કાઢવા.*vi*.To draw figures,as upon a cloth:લુગડાં ઉપર બુટ્ટા-તરેહ કાઢવી.

Diaphanous,(ડાઇઍફેનસ્)*a*.[Gr *dia*,through &*phaino*,I show.] Pellucid; transparent; clear:પારદર્શક;સ્વચ્છ;નિર્મળ.

Diaphoretic, (ડાઇઍફોરેટિક્) *a*. Having the power to increase perspiration in fever: પરસેવો વધારવાની જેનામાં શક્તિ હોય એવું; તાવમાં પરસેવો લાવનારી દવા.

Diaphragm,(ડાઇઍફ્રૅમ્)*n*.[Gr.*dia* & *phrasso* fence]A thin partition:પાતળો આંતરો-પડદો., 2 A muscle separating the chest;the midriff:પેટ માંહેનો વચ્ચેનો પડદો.

Diarrhœa,(ડાઇઍરીઆ)*n*.[Gr. *dia* & *rheo*, I flow.] Purging:અતિસાર;સંગ્રહણી.

Diary,(ડાઇઍરિ)*n*.[L.*dies*, a day.] A journal; a daily record:દિનચર્યા;લેખ-પોથી;નિત્યનોંધ.

Diatribe (ડાઇઍટ્રાઇબ્)*n*.[L *diatriba*,a learned discussion.](*a*)A continued discourse: ટાહાયલું;સંવાદ (*b*)A strain of reproach:ઠપકો.

Diatribist,(ડાઇઍટ્રાઇબિસ્ટ્)*n*.The author of a diatribe:વાદવિવાદ-સંવાદ-ટહાયલું કરનાર.

Dibble,(ડિબ્બલ્)*n*. A pointed hand instrument:હાથાવાળું અણીદાર હથિયાર; ફરસી. *vt*. To plant with a dibble:કોદાળીથી ખોદીને વાવવું.

Dice,(ડાઇસ્)*n*. *Pl* of **die** (*a*) Small cubes used in gaming: રમવાના પાસા (*a*)A game: એક જાતની (પાસે રમવાની) રમત;જુગાર.

Dicephalous, (ડાઇસેફ્લસ્) *a*. Having two heads on one body:એક ધડ ઉપર બે માથાવાળું.

Dictate,(ડીક્ટેટ્)*vt*. [L *dico*, I say.] To utter so that another may write down:બીજો લખી લે તેવી રીતે બોલવું;લખાવવું.2 To command: ઉપરીપણાથી હુકમ કરીને કહેવું.

Dictate,(ડીક્ટેટ્)*n* A command; as dictates of conscience:આજ્ઞા;હુકમ;ફરમાન;પ્રેરણા;સૂચના.

Dictation,(ડીક્ટેશન્) *n*. The act of prescribing;બોલીને લખાવવું તે.

Dictator,(ડીક્ટેટર્) *n*. One who dictates:લખાવનાર;હુકમ આપનાર 2 Oneinvested with absolute authority:કુલ અધિકારી.

Dictatorial, (ડીક્ટટોરિઅલ્) *a*. Absolute unlimited:કુલ;અપ્રતિબંધ. 3. Imperious:અમિતઆરી હોય એવું,જહાંગીરી;તોરી.

Diction,(ડિક્શન્)*n* [L *dico*,I say.]Choice of words;mode of expression;language:શબ્દોની પ્રસંદગી;શબ્દ પાડવાની રીત;ઈબારત;શૈલી; ભાષા.

Dictionarian,(ડિક્શનેરિઅન્) *a*. One who writes a dictionary:શબ્દ સંગ્રહ લખનાર; કોષકાર.

Dictionary,(ડિક્શનેરિ)*n*. A lexicon;a vocabulary:શબ્દકોષ;શબ્દસંગ્રહ;ડીક્ષનેરી;ફરહંગ.

Dictum,(ડિક્ટમ્)*n.pl* **Dicta** [*dico*, I say.] An authoritative assertion:વચન;વાક્ય;ઉક્તિ. (*a*)A judicial opinion expressed by judges on points that do not necessarily arise in a caste:મુકદ્દમામાં મુદ્દાની બાબત ન હોય તેનો ચૂકાદો.

Did,(ડિડ્)*Pasttense* of do:કર્યું.

Didactic-cal,(ડિડૅક્ટિક-ડિડૅક્ટિકલ્) *a*. [Gr *didasco*, I teach.]Intended to instruct:બોધ ઉપદેશ કરવાને યોજેલું;બોધાત્મક;ઉપદેશાત્મક

Dido,(ડિડો)*n*.(*a*)A trick:કાવતરૂં.(*b*)An antic: મશ્કરે;ઠઠ્ઠાબાજ માણસ.(*c*)A caper:રંગ;ઠેકડો.

Die,(ડાઈ)*vi.*To cease to live;to expire:મરવું;દેહત્યાગ ક૦;રામ રમી જવા.2 To become imperceptible:જતા રહેવું;નાશ પામવું.To **d.** *in the last ditch*,to fight till death:મરણ પર્યંત લડવું;કેસરિયાં કરવાં. *To* **d** *out,* to cease gradually: ધીમે ધીમે બંધ પડવું.

Die,(ડાઈ)*n.*A small cube used in gaming: પાસો.2.A stamp for coining: સીક્કા પાડવાની મુદ્રા.*The* **d.**is *cast*:હવે તો જે બનવાનું હોય તે બનો

Diet,(ડાઇએટ્)*n* [L *doeta*,manner of living.] Habitual food:ખાણું;ભોજન;.ખાનપાન; ખોરાક. 2. A deliberate convention; a council: મંત્રસભા; રાજસભા.2.Regimen:પથ્ય;પરેજી;કરી. *vt.* To. feed:જમાડવું; ખવાડવું.

Dietetic·cal,(ડાઈએટેટિક્ ક્લ્)*a.*Pertaining to diet:પથ્ય-પરહેજી સંબંધી;પથ્ય-આહાર સંબંધિ.

Differ,(ડિફ્ફર્) *vi.* [L. *dis* & *ferro*,I carry] To disagree:જુદા પડવું;જેવાં સરખાં ન હોવું;પૃથક-ભિન્ન હોવું;તફાવત હોવો.

Differenec,(ડિફ્ફરેન્સ)*n.*Distinction:ફેર;તફાવત *Slight* **d.**:હેરફેર. 2. The remainder left after deducting the one from the other: બાકી.*vt.* To make different:ભેદ ગણવો.

Different,(ડિફ્ફરેન્ટ્)*a.* Distinct:જુદું;નિરાળું; ..ચારૂં.2.Dissimilar:વિજાતીય.

Differentia,(ડિફ્ફરેન્સિઍ)*n.*(*Logic.*)*pl.* **differentiæ.** Specific difference:વિશેષ.

Difficult,(ડિફ્ફિકલ્ટ્)*a.*[L.*dis* & *facilis*,easy.] Not easy:જડ;કિલષ્ટ;કઠણ;અઘરૂં; મહેનતનું;દુર્ઘટ. 2. Austere; stubborn:કડક.

Difficulty,(ડિફ્ફિકલ્ટિ)*n.* Hardness: મુશ્કેલપણું;મુશ્કેલી;ગુંચવણ;કઠીણતા.2.An objection; a controversy:તકરાર;હરકત;અડચણ.

Diffide,(ડિફ્ફાઈડ્)*vi* [L *dis* & *fido*,I trust.]To have no confidence:-મા ભરોસો ન રા૦ હોવો.

Diffidence,(ડિફ્ફિડન્સ)*n.* Distrust; want of confidence:ભરોસો-ખાત્રી ન રાખવી તે;અણવિશ્વાસ.2. Lack of self reliance:આત્મશંકા.

Diffident,(ડિફ્ફિડન્ટ્) *a.* Distrustful: ભરોસોવિશ્વાસ ન કરે એવું. 2. Notself-reliant: પોતાની જાત માટે શંકિત રહેનાર.

Diffuse,(ડિફ્ફયૂઝ્)*vt.*[L.*dis* & *fundo*,I pour] To pour out and spread:ફેલાવવું;પ્રસારવું;પસારવવું;વિસ્તારવું. [ફેલાવો;વિસ્તાર;લંબાણ.

Diffuseness, (ડિફ્ફયૂઝનેસ) *n.* Copiousness:

Diffusible,(ડિફ્યૂઝિબલ્)*a.* Liable to be diffused;diffusive:પથરાય-વિસ્તાર કરાય એવું.

Diffusion,(ડિફ્ફયૂઝન)*n.*Dissemination;extension;circulation:પ્રસાર;ફેલાવો;વિસ્તાર;પ્રચારણ

Diffusive,(ડિફ્ફયૂસિવ્)*a* Extending;copious diffuse:વ્યાપક;પ્રસરે-ફેલાય એવું.

Dig,(ડિગ્)*vt imp.&p.p.* **dug.** To turn up and throw up as the earth;to loosen:ખોદીને મટોડી તરીકે ફેંકવું-નાંખવું.2.To excavate:પોલું ક૦; ખોદીને ખાડો ક૦.3.To thrust,to poke:આંગળીઓ ઘોચવી; ગોદા મારવા. *vi.* To work with a spade;to do servile work:કોદાળીથી ખોદવું *n.* A thrust:ધક્કો.

Digest,(ડીજેસ્ટ્)*vt.*[L *dis* & *gero*,I bear.] To arrange methodically:ગોઠવવું2.To separate into nutritive elements;to turn into chyme પાચન કરે એવા તત્વમાં ફેરવવું;પચવવું;પાચન ક૦.*vi.* To undergo digestion:પચવું;પાચન-હજમ થવું; જરવું.*n.*A body of laws:કાયદાનો ગ્રંથ;કાયદાસંગ્રહ.

Digestible,(ડાઇજેસ્ટિબલ્)*a.*Capable of being digested:પચે હજમ-પાચન થાય એવું;પચનીય.

Digestion,(ડીજેશન) *n.* The act of digesting:પાક;પરિપાક.2. Conversion of food into chyme: પાચનક્રિયા. *Slowness of* **d.**:મંદાગ્નિ; અગ્નિ મંદતા.

Digestive, (ડિજેસ્ટિવ્)*a.*Causing to digest; producing digestion:પાચન કરવું;પચાવે એવું *n* (*a*) A tonic: કૌવતનું ઓષડ. (*b*) A substance which promotes suppuraion: પરૂ ભરાવનાર પદાર્થ.2.That which aids digestion:પાચનને મદદગાર.

Digit,(ડિજિટ્)*n.* [L.*digitus.*] A finger: આંગળી 2 The measure of a finger's breadth; three fourths of an inch:એક આંગળીની પહોળાઇનું માપ;તસુનો પોણો ભાગ;પોણોતસુ.3.One of the ten figures or symbols:મીંડાથી માંડીને ૯ સુધીનો કોઇ પણ આંકડો.*vt* To point at or out with the finger:આંગળીથી બતાવવું.

Dignification,(ડિગ્નિફિકેશન) *n.* [L *dignus*, worthy and *facio*,I make.]The act of dignifying,exaltation:મહાન-મોટું દમામવાળું ક૦.

Dignified,(ડિગ્નિફાઈડ્) *a* Suited to inspire respect;stately:પ્રૌઢ;ગૌરવવાળું; મ્હોટાડોળવાળું.

Dignify,(ડિગ્નિફાઇ)*vt.*To make illustrious;to exalt in rank;to honor:મોહોટું-પ્રતિષ્ઠિત ક૦.

Dignitary,(ડિગ્નિટરિ)*n.* One who possesses exalted rank:કુલીન પુરૂષ;ઉંચી પદવીનો ધર્માધિકારી

Dignity,(ડિગ્નિટિ) *n.* Elevation of mind or character:મ્હોટાઇ;પ્રભુતા;માહાત્મ્ય.2 Elevated rank:મ્હોટી પદવી.3.Loftiness:રુઆબ;દાબ;દમામ.*n.*Elevation;grandeur:પ્રતાપ.*To stand upon one's* **d.**: પોતાના દરજ્જા કિંવા માન પ્રતિષ્ઠાનો મ્હોટો ફાંકો રાખવો.

Digress,(ડિગ્રેસ્)*vi* [L.*dis* & *gradior*,I walk.] To deviate:આડે રસ્તે જવું.2. To turn aside from the right path:સિદ્ધા રસ્તામાં જતા રહેવું.

Digression, (ડિગ્રેશન) *n.* A part of a discourse deviating from the main design: ફાંટો;શાખા. 2. A turning aside from the

right path:સિદ્ધા માર્ગમાંથી આડા જવું તે.

Dike,(ડાઇક્) *vi.* To dig: ખોદવું. *n.* A ditch: નહેર;પાણીનો માર્ગ. 2. A mould thrown up to prevent low lands from being inundated by the sea or a river:બાંધ;ધારણ; પુસ્તો.*vt.* To drain by a dike:ભીંત-બાંધ વડે પાણી કાઢી નાંખવું.

Dilacerate,(ડાઇલૅસરેટ્)*vt.* [L.*dis*&*lacero*,I tear.]To separate by force:જોરથી જુદું કo.

Dilapidate, (ડિલૅપિડેટ્) *vt.*[L *dis* & *lapis*,a stone.] To bring into a condition of decay: ભાંગી-તોડી નાંખવું. 2. To diminish by waste:વાપરી વાપરીને ઓછું કo.

Dilapidated, (ડિલૅપિડેટેડ્) *a.* Decayed; destroyed:ભાંગી-તૂટી પડેલું; નાશ પામેલું;ખંડેર.

Dilapidation,(ડિલૅપિડેશન્)*n.*(*a*)The act of dilapidating,તોડી-ભાંગી પાડવું તે.(*b*)The state of being dilapidated: પાયમાલી; ખંડેર. 3.(*Law*)The pulling down of a building: મકાન-ઘરને જમીન બરોબર કરી નાંખવું તોડી નાંખવુંતે.

Dilatation, (ડાઇલૅટેશન્)*n.*Expansion:ફેલાવો. 2.(*Surg.*)The enlargement of a canal:કોઇ પણ શિરા કિંવા બીજી ઇંદ્રિયનો વિસ્તાર-ફેલાવો.

Dilate, (ડાઇલેટ્) *vt.* [*dis* & *latus*, wide]To expand:ફેલાવવું. 2. To enlarge upon:વિસ્તાર કરીને બોલવું.*vi.*To grow wide:પહોળું થવું;પ્રસરવું 2 To speak copiously:વિસ્તાર કરીને બોલવું.

Dilation,(ડાઇલેશન્)*n* [L *dilatio.*]Delay:ઢીલ; વાર લગાડવી તે;વાર.2.Expansion:ફેલાવો.

Dilatory,(ડીલૅટરિ)*a* [L *dis* & *latus*,carried] Delaying: ઢીલ કરવું. 2. Tardy: ઢીલું. 3. Intended to make delay:વાર લાગે એવું.

Dilatoriness,(ડીલૅટોરિનેસ્)*n.*Lateness;slowness;tardiness:મંદપણું;ધીમાપણું;ધીમાશ;સુસ્તી.

Dilection, (ડાઇલેકશન્) *n.* [L.*dilecto*]Love; preference;choice:પ્રીતિ;પસંદગી.

Dilemma, (ડિલેમ્મે) *n.*[*dis*,twice & *lemma*, an assumption.] (*Logic.*) An argument which is equally conclusive:બેઉ તરફથી બરોબર રીતે બાંધી લે એવી તકરાર. 2. A difficult choice or position:વિટંબના;આપદા.

Dilettante, (ડિલેટેન્ટ્) *n pl.*Dilettanti,An admirer of the fine arts;an amateur:સારા રસિક હુન્નરોને વખાણનાર-પસંદકરનાર.

Diligence, (ડિલિજેન્સ્) *n.* [L. *dis* & *lego*,I choose.] Careful attention: મહેનત; ઉદ્યોગ. *To do one's* d , *give* d., *use* d., to exert one's self:પોતાની મેળે-જાતે યત્ન કo.

Diligent, (ડિલિજેન્ટ્) *a.* Painstaking; not careless: ખંતથી-ધ્યાન લક્ષ આપનારૂં. 2. Industrious:મહેનતુ;ઉદ્યમી.

Diligently,(ડિલિજેન્ટ્લિ)*adv.*With industry: ઉદ્યોગ-કાળજીથી;મહેનતથી.

Dili-dally, (ડિલિ-ડૅલિ) *vi.* To loiter or trifle: રસળવું;રમવું;નકામો વખત ગુમાવવો.

Dilucidate,(ડિલ્યૂસિડેટ્)*vt.*[L.*dis*&*lux*,light.] To make clear; elucidate:સાફ સ્વચ્છ ક.

Diluent, (ડાઇલ્યૂએન્ટ) *a.*Making more thinner: વધારે પાતળું કરવું *n.* That which thins or weakens:જે કોઇ પાતળું બનાવે છે તે.

Dilute,(ડાઇલ્યૂટ્)*vt.* [L.*dis* & *luo*, I wash.] To make more thin or liquid:વધારે પાતળું-પ્રવાહી-નરમ-પોચું કર;નરમ કરવું.

Dilute-ted,(ડાઇલ્યૂટ્-ડાઇલ્યૂટેડ્)*a.*Thin;reduced in strength:પાતળું;નરમ;કમજોર;નિર્બળ.

Dilution,(ડાઇલ્યૂશન્)*n.*The act of diluting, or the state of being diluted:વધારે નરમ કo.

Diluvian,(ડાઇલ્યૂવિઅન્)*a.*Pertaining to a deluge:રેલને-રેલ આવી હોય તે વખતને લગતું.

Diluvium, (ડાઇલ્યૂવિઅમ્) *n.*[L.*de* & *lavo*,I wash.]A deposit of superficial sand,pebbles &c.,caused by the action of the sea: દરિયાના પાણીના જોસથી ઘસડાઇ આવેલી રેતી.

Dim, (ડિમ્) *a.* Not bright: ઝાંખું. 2. Dull of apprehension:ઉપર ચોટીઉં દેખાય એવું. *vt.* To darken:નો પ્રકાશ તેજ લઇ લેવો-જવું રહે એમ કo; ઝાંખુ કo.

Dimension,(ડિમેન્શન્)*n* [L.*dis* & *metior*,I measure.] Measure in a single line as length, breadth, height or thickness:એકજ લીટીમાં-નું માપ, જેવું કે લંબાઇ, પહોળાઇ,ઉંચાઇ;જાડાઇ.3.*pl.*Extent;size:વિસ્તાર;ક્ષેત્રફળ.

Diminish, (ડિમિનિશ) *vt.* [L *dis* & *minus*, less.]To lessen:ઘટાડવું;ઓછું કo.2.To degrade:નબળું પાડવું;માન ભંગ કo. 3.To take away: -માંથી લેઇ લેવું.

Diminutive,(ડિમિન્યૂટિવ્)*n* The act of making less:ઓછું કo-ઘટાડવું 2.(*Law.*)Omission or defect in a record:ખત-લેખમાં ભૂલ-ખોટ-કાંઈ લખ્યા વિના રહી જવું તે.

Dimissory,(ડિમિન્યૂસૉરિ)*a.*Of small size:નાના કદનું;ઝીણું.*n.* (*Gram.*) A derivative from a noun denoting a small or young object of the same kind:અલ્પાર્થ સાધિત નામ.

Dimissory (ડિમિસ્સૉરિ)*a.* [L.*dis* & *mitto*,I send.]Dismissing to another jurisdiction; પરવાનારૂપ;મોકલી દેવું. 2. Granting leave to depart:જવાની રજા આપવું-આપનારૂં.

Dimity, (ડિમિટિ)*n.*[Gr.*dis*,twice & *mitos*,a thread of the warp]A kind of stout,white figured cotton cloth:એકજાતનુંચોળું સુતરાઉકાપડ.

Dimly,((ડિમ્લિ)*adv.*Not brightly:અસ્વચ્છ સાફ નહિં એવી રીતે;ઝાંખું.

Dimness,(ડિમ્નેસ્)*n.*Lack of lustre:ઝાંખું હોવું તે.2.Dullness of intellectual perception:

મંદબુદ્ધિ;સમજશક્તિ.

Dimple,(ડિમ્પલ્)*n*.A slight natural depression on the cheek or chin: ગાલઅગર હડપચીઉપરનો સ્હેજ ખાડો.*vi*.To form dimples:ખાડો-ખંજન-કુપિકા પડવી.

Din,(ડિન્)*n*.A long,stunning voice:શોરબકોર.*vt*.To stun with nise:અવાજથી કાન ફોડવા-બહેરા ક૦.

Dine,(ડાઈન્)*vi*.[L.*dis* & *jejunus*,fasting.]To take dinner:દહાડાનું મુખ્ય ખાણું ખાવું.*vt*.To give a dinner to:ને જમાડવું-ભોજન આપવું.*To* **d.** *with* Duke *Humphrey*, to go without dinner:ભૂખે મરવું.

Ding-dong,(ડિન્ગ્ડૉન્ગ્)*n*.The sound of bells: ઘંટનો અવાજ;કડીંગ કડીંગ;ઘંટાનાદ.

Dingle,(ડિન્ગલ્)*n* A valley:ખીણ.

Dingy,(ડિન્જિ)*a*.Sullied:કાળા-ધૂળના રંગનું.

Dinner,(ડિનર્)*n*.The principal meal of the day:દહાડાનું મુખ્ય ભોજન;જમણ.An entertainment:ઉજાણી.

Dint, (ડિન્ટ્) *n*. A blow: ઝપાટો. 2.The mark left by a blow: ગોબો;ઘા.3. Force:બળ.*vt*. To make a mark or cavity on, by blow:ઘાથી નિશાની ક૦.

Diocesan,(ડાઈઑસેસૅન્)*a*.Pertaining to diocese:"બિશપ"ના વિષયને લગતું-સંબંધી.*n*.A bishop viewed in relation to his diocese:નામનો ખ્રિસ્તી ધર્માધિકારી.

Diocese, (ડાઇઑસીસ્) *n*.[Gr. *dia* & *oikos*,a house.]The circuit or extent of a bishop's jurisdiction: પાદરીની હકુમતની સરહદનો મુલક.

Diorama,(ડાઇઑરામૅ)*n*. [Gr.*dia* & *horao*, I see.] A mode of scenic representation: ચિત્ર જેવું હોય તેના કરતાં વધારે ભભકાદાર અને સરસ દેખાય એવી યુક્તિ-યંત્ર.

Dip,(ડિપ્) *vt* To withdraw again;to plunge: બોળવું;ડબોળવું.2.To immerge for baptism:જળ સંસ્કાર-બેપ્ટિઝમને માટે બોળવું.3.To plunge or engage thoroughly in any affair:કોઇ કામમાં પુરેપુરા ઉતરવું;-માં ખરડવું.*To* **d.***the colours*:વાવટા નમાવીને પાછા ઠેકાણે મૂકવા.*vi*. To enter slightly or cursorily:ઉપલક ઉપલક જોવું.*n*. The action of dipping or plunging: બુડકી. 2. Gravy: સેરવો.3.A dipped candle:બોળેલી દિવેટ-બત્તિ.

Dipthong,(ડિપ્થાન્ગ્) *n*.[Gr.*dis* & *pthongos*, sound.] Two vowels sounded together in one syllable:સંધિસ્વર;દ્વિસ્વર.

Diploma,(ડિપ્લોમૅ)*n*.*pl*.[Gr. *diplos*, twofold.] A writing conferring some power,privilge, honor,&c:પદવી-અધિકાર દાયક પત્ર;સનદ;પરવાનો.

Diplomacy, (ડિપ્લોમૅસિ) *n*. The science or art of conducting negotiations between nations:પ્રજા વચ્ચે તહનામું કરાવવુંતે; એલચીપણું.

Diplomatic-cal (ડિપ્લોમૅટિક્ ડિપ્લોમૅટિકલ્) *a*. Furnished with a diploma:સનંદી.2.Consisting of envoys of state:દેશ-રાજના રાજદૂતો-એલચીઓનું.3. Dexterous:ખબરદાર.

Diplomatist(ડિપ્લૉમૅટિસ્ટ્)*n*.A person skilled in diplomacy:એલચીના કામમાં કુશળતા ધરાવનારે.

Dipper,(ડિપ્પર્) *n*. One who or that which dips:ડુબાવનાર;બોળનાર. 2. A vessel used to dip liquor:કડછી;કડછો;પળી.

Dire,(ડાઈર્)*a*. [L. *dirus*] Dismal;horrible: ભયાનક. 2. Ill-boding:અપશુકનિયું.

Direct, (ડિરેક્ટ્) *a*. [L. *dis* & *rego*, I rule.] Straight:સીધું;પાધરું.2. Express: સાફ. 3. In a line of descent:પેઢીનું;અનુલોમ 4.(*Astron.*) In the direction from west to east; not retrograde:પશ્ચિમથી પૂર્વ દીશાનું. *vt*. To aim: તાકવું;-નો લાગ સાધવો.*To* **d.***the eye*:નજર ફેરવવી. 2.To regulate:કારભાર ક૦-ચલાવવો. 3.To put upon the right track; to guide:ખરા-સિદ્ધા રસ્તા ઉપર મૂકવું.4.To instruct as a superior; to order:હુકમ ક૦ *vi*.To point out a course: રસ્તો-માર્ગ બતાવવો.

Direction,(ડિરેક્શન્)*n*.Guidance: કારભાર; અમલ;વહિવટ.2 Order: હુકમ. 3. Line or point of tendency: દિશા. 4. Board of directors: કારભાર ચલાવનારાઓ.*In all* **d.**ક:ચારેવાટ.

Directly,(ડિરેક્ટલિ)*adv*.In a direct manner: સિધુ ને સિધુ;બારોબાર. 2. Instantly; without delay:તરતજ;તાબડતોબ;લાગલોજ.

Directness, (ડિરેક્ટ્નેસ) *n*. Straightness; straight forwardness:પાધરા-સિધાપણું.

Director,(ડિરેક્ટર્) *n*. A manager or superintendent: ચલાવનાર; ઉપરી; કારભાર કરનાર.

Directorate,(ડિરેક્ટોરેટ્)*n*.A body of directors the office of directors:કારભાર ચલાવનારાઓ.

Directorial,(ડિરેક્ટૉરિઍલ્)*a*. Directive:રસ્તો દેખાડવું;હુકમ આપવું.2.Pertaining to a director: રાજકારભાર ચલાવનારાને લગતું.

Directory,(ડિરેક્ટૉરિ)*n* A collection of directions:આજ્ઞાસંગ્રહ ગ્રંથ.2.A book containing the names and residences of the inhabitants of a place:કોઈ જગા-શહેરના રહેવાશીઓનાં નામ અથવા નિશાન,રેહેઠાણ વિગેરેની યાદીનું પુસ્તક; ડાયરેક્ટરી. [નાશકારક.

Direful,(ડાઈર્ફુલ)*a*.Dreadful;terrible: ભયંકર;

Dirge,(ડર્જ્)*n* [L.*dirge*.]A funeral song:શોકગીત;મરસીયા;પરજીઆ;કરૂણાજનક ગીત;રાજીઆ.

Dirk,(ડર્ક્)*n*.A kind of dagger:એક જાતની કટારી. *vt*. To stab with a dagger: કટારી-ખંજર ભોંકવું.Dark:ઝાંખું.

Dirt,(ડર્ટ્) *n*. Any foul or filthy substance;

મેલ;કચરો;કિટ્ટ.2.Meanness:હલકાપણું.
Dirtiness,(ડર્ટિનેસ્) *n.* Filthiness;baseness; sordidness:મલિનપણું.
Dirty,(ડર્ટિ)*a.*Foul; filthy:મેલું.2.Sordid:નીચ. 3.Clouded:ઝાંખું;ડેરૂં.4.Sleety; stormy: તોફાની.*vt.*To make filthy:ગંદુ-મેલું.
Disability,(ડિસ્ઍબિલિટિ) *n.* Deprivation of ability:અશક્ત-નિર્બળપણું.2.Want of legal capacity:અયોગ્યતા;નાલાયકપણું.
Disable,(ડિસ્ઍબલ્) *vt.* To render unable; શક્તિહીન-અશક્ત ક૦.2.(*Law.*) To deprive of legal right:યોગ્ય હક વિનાનું ક૦.
Disabuse,(ડિસ્ઍબ્યૂઝ્)*vt.*To free from mistake:ભૂલ-ભ્રાંતિ કાઢી નાંખવી-ટાળવી-દૂર ક૦.
Disadvantage,(ડિસ્ઍડ્વૅન્ટેજ્) *n.* Unfavorable quality, circumstance: પ્રતિકૂળતા. 2. Loss:ગેરફાયદો.
Disadvantageous,(ડિસ્ઍડ્વૅન્ટેજસ્) *a.*Unfavorable to success:નુકશાનકારક,પ્રતિકૂળ.
Disaffect,(ડિસ્ઍફેક્ટ્) *vt.* To diminish the affection of:-નો પ્યાર-મમતા-ભાવ ઘટાડવો. 2. To lack the affection for: ભાવ-પ્યાર ઓછો ક૦-ઘટાડવો.
Disaffected,(ડિસ્ઍફેક્ટેડ્)*a.*Disliked;indisposed towards:જેનો ભાવ-પ્રીતિ ઉઠી ગયેલી એવું.
Disaffection,(ડિસ્ઍફેકશન્)*n.* Want of affection:નારાજપણું;અપ્રતિ;અસંતોષ.2.Disorder: ગેરબંદોબસ્ત.
Disaffirm,(ડિસ્ઍફર્મ્) *vi* To contradict:ના પાડવી;ના કહેવી.2 To refuse to confirm:નામંજુરક૦
Disagree,(ડિસ્ઍગ્રી) *vi.* Not to agree: જુદા પડવું;ને મળતા ન આવવું.2.To differ in opinion: વિચાર-અભિપ્રાય-મતમાં જૂદા પડવું.3.To beunsuited:માફક ન આવવું.
Disagreeable,(ડિસ્ઍગ્રીઍબલ્)*a* Not agreeable: માફક ગમતું ન આવે એવું. 2. Unpleasant: નાપસંદ.
Disagreement,(ડિસ્ઍગ્રીમેન્ટ્)*n.* Dissimilitude:જૂદાપણું;ભિન્નતા.2 Difference of opinion:વિચાર-મતભેદ.3. A falling out: અણબનાવ; ફાટફૂટ. [tion:નામંજુર ક૦.
Disallow,(ડિસ્ઍલાઉ) *vt.* To refuse to sanc-
Disallowance,(ડિસ્ઍલાઉઍન્સ્)*n.* Refusal to admit;disapprobation:નાપસંદગી;નામંજુરી.
Disanimate,(ડિસ્ઍનિમેટ્)*vt.* To deprive of life:જીંદગી-આવરદા વિનાનું ક૦.2.To discourage:નાહિંમત ક૦;જોશ ઓછો ક૦.
Disappear,(ડિસ્ઍપીર્)*vi* To vanish from the sight:અલોપ-ગુમ થઈ જવું. 2. To cease to be:જતાં રહેવું.
Disappearance,(ડિસ્ઍપીરૅન્સ્)*n.* Removal from sight;vanishing:લોપ;અદ્રશ્યતા.
Disappoint, (ડિસ્ઍપૉઇન્ટ્)*vt.* To deprive of expectation or hope:આશાભંગ-નિરાશ-નાઉમેદ ક૦.2.To frustrate:ની ઉમેદ ધૂળ મેળવવી.
Disappointed,(ડિસ્ઍપૉઇન્ટેડ્)*a.*Defeated of expectation or hope:નિરાશ;આશાભંગ.
Disappointment,(ડિસ્ઍપૉઇન્ટ્મેન્ટ્)*n.*The act of disappointing:નિરાશ;આશાભંગ.
Disappreciate,(ડિસ્ઍપ્રીસિએટ્)*vt.*To undervalue;not to esteem:ની ઓછી કિંમત કરવી.
Disapprobation,(ડિસ્ઍપ્રોબેશન્)*n.*The act of disapproving:નાપસંદગી;ઈનકાર;અસ્વીકાર;નિંદા
Disapproval,(ડિસ્ઍપ્રુવૅલ્) *n.* Disapprobation;dislike:ગેરખુશી;નાપસંદગી;ઈનકાર;અસ્વીકાર.
Disapprove, (ડિસ્ઍપ્રુવ્) *vt.* To condemn by an act of the judgment:ના પસંદ ક૦.
Disarm,(ડિસ્આર્મ્) *vt.*To deprive of arms: હથિયાર વિનાનું ક૦ 2.To divest of the power to terrify:.નો ભય મટાડવો.
Disarrange,(ડિસ્ઍરેન્જ્)*vt.*To unsettle the order of;to throw out of order:અવ્યવસ્થિત ક૦
Disarrangement,(ડિસ્ઍરેન્જમેન્ટ્) *n.* Confusion;disorder:અવ્યવસ્થા;ઉથલપાથલ.
Disarray, (ડિસ્ઍરે) *vt.* To throw into disorder:ઉથલપાથલ ક૦ 2.To take off the dress of;to unrobe:-નો પોશાક કપડાં ઉતારી લેવાં. *n.* Disorder:ઉથલપાથલ.
Disaster,(ડિઝૅસ્ટર્)*n.* [*dis* & Gr.*aster*,a star.] An unpropitious aspect of a planet:ગ્રહ તારાનો અશુભ-અમંગળ-પ્રતિકુળ દેખાવ. 2. Misfortune:વિપત્તિ.
Disastrous,(ડિઝૅસ્ટ્રસ્) *a.* Unpropitious: અશુભ.2.Unfortunate:આફત-દુઃખ ભરેલું.
Disavow,(ડિસ્ઍવાઉ) *vt.* To refuse to own; to disclaim;to disown:ના કબૂલ ક૦;ના મુકર જવું.
Disavowal, (ડિસ્ઍવાઉલ્) *n.* Disowning; rejection:નાકબૂલાત; ઇનકાર; નકાર.
Disband,(ડિસ્બેન્ડ્)*vt.*To scatter: વિખેરી નાંખવું;લશ્કરી નોકરી ચાકરીમાંથી રજા આપવી. 2. To set free: છુટા-સ્વતંત્ર ક૦ *vt.* To become separated:છુટા કરવું.
Disbar,(ડિસ્બાર્) *vi* (*Law*) To expel from the bar:(બારિસ્ટર વકીલ)ની સનદ લેઇ છીનવી લેવી.
Disbelief (ડિસ્બીલીફ્) *n.* The act of disbelieving;distrust:અણવિશ્વાસ;અમાન્યતા.
Disbelieve,(ડિસ્બીલીવ્)*vt.* Not to believe: ન માનવું;વિશ્વાસ ન રાખવો.
Disbeliever,(ડિસ્બીલીવર્) *n* One who disbelieves or refuses belief:ખોટું માનનાર.
Disblame,(ડિસ્બ્લેમ્)*vi.*To clear from blame ઠપકો ન મળે એવું ક૦;ઠપકામાંથી મુક્ત ક૦.
Disburden,(ડિસ્બર્ડન્)*vt.*To unload:ભારબોજવિનાનું ક૦;હલકું ક૦;બોજો દૂર ક૦.[ખર્ચ વ્યય ક૦:

Disburse,(ડિસ્બર્સ્) *vt.* To pay out: ખરચવું;

Disbursement,(ડિસ્બર્સ્મેન્ટ્) *n.* The act of disbursing or paying out:ખરચવું-ખરચ કo તે.

Disburthen,(ડિસ્બર્થન્) *vt.* To disburden;to relieve of a load:બોજો ખસેડવો;હલકું કo.

Disc,(ડિસ્ક્) *n.* A flat circular plate or surface:ચકતું;ચકતી; ચંદો 2. The face (of a celestial body):બિંબ.3.A quoit:ચક;ચક્કર.

Discard,(ડિસ્કાર્ડ્) *vt.* To throw out of hand: હાથમાંથી નાંખી દેવું.2.To discharge:કાઢી મૂકવું. 3.To put or thrust away:કાઢી નાંખવું.

Discern,(ડિસ્સર્ન્) *vt* [L *dis* & *cerno*, I separate.]To behold as separate:પારખવું; પારખી કાઢવું.2 To perceive with the mind:મન વડે સમજવું;સમજી લેવું. *vi.* To make distinction: ભેદ સમજવો.

Discernible,(ડિસ્સર્નિબલ્) *a.* Discoverable: distinguishable:શોધી શકાય એવું;દૃશ્ય;દૃષ્ટિગોચર.

Discerning,(ડિસ્સર્નિન્ગ્) *a.* Skilful; of keen perception:વિવેકી;ચતુર; બારીક-તિક્ષ્ણ નજરવું.

Discernment, (ડિસ્સર્નમેન્ટ્) *n.* The act of discerning:ઓળખી પારખી કાઢવું તે.2.Sagacity ઓળખી-પારખી કાઢવાની શક્તિ;વિવેક;તીવ્રબુદ્ધિ,વિચારણા; પરીક્ષા; દૂર-દીર્ઘદૃષ્ટિ.

Discharge, (ડિસ્ચાર્જ) *vt.*[*dis* & *charge.*] To empty of a load or cargo:માલ ખાલી કo. To fire off:ફોડવું.2.To relieve of something: વાળવું;અદા કo;ફેડવું.3 To dismiss:કાઢી મૂકવું. 4. To set at liberty:છોડી મૂકવું;તહોમતમાંથી મુક્ત કo.6 To perform: કરવું; બજાવવું. 7. To give forth;to emit or send out:-માંથી વહેવું-નિકળવું. *n.* The act of discharging;unloading: માલભાર-સામાન-ઉતારવો તે.2 Firing off;explosion; letting off:છોડવું-ફોડવું-તે;બહાર;ધડાકો;ભડાકો.3. An act of relieving:છુટકારો; નિકાલ. Dismissal:બરતરફી. 3. Acquittal: છૂટકો; છૂટકબારો. 4. Emission:ઉદગાર;ઉચ્ચારણ.

Discide,(ડિસ્સાઇડ્) *vt* [L.*dis* & *cædo*, I cut.] To divide;to cut into pieces:ભાગ કo;કકડા કo

Disciple,(ડિસ્સાઇપલ્) *n.*[L.*disco*, I learn.]A scholar:શિષ્ય;વિદ્યાર્થી.2.A follower; ચેલો.

Disciplinarian,(ડિસિપ્લિનેરિઅન્) *a.* Pertaining to discipline:કાયદા-બંદોબસ્તનું-ને લગતું-સંબંધી. *n.* One who excels in maintaining discipline:બંદોબસ્ત રાખવામાં હુશીઆર.

Disciplinary,(ડિસિપ્લિનેરિ) *a.* Intended for discipline;belonging to a course of training: કેળવણી-બંદોબસ્ત શિક્ષા-કાયદા-નિયમ સંબંધીનું ને લગતું;સુધારવા નિયમમાં રાખવાના હેતુથી કીધેલું.

Discipline,(ડિસિપ્લિન્) *n.* Training:શિક્ષણ; કેળવણી 2.Drill:કવાયત.3.Control:બંદોબસ્ત;વ્યવસ્થા.2.Severe training:સખ્ત કેળવણી; સખ્તી. 3. A system of essential rules & duties: અવશ્યક નિયમો તથા કર્તવ્યોની શ્રેણી-વાળા. *vt.* To train:કેળવણી આપવી.2 To bring under control:બંદોબસ્ત-નીતિ-નિયમમાં લાવવું.

Disclaim,(ડિસ્ક્લેમ્) *vt.* To disavow: હક-દાવો નથી એમ કહેવું.2.To disavow another's claim: બીજાનો હક ના કબૂલ કo.

Disclose,(ડિસ્ક્લોઝ્) *vt.* To unclose;to open: ઉઘાડવું 2.To lay open:બહાર કાઢવું 3 To bring to light:નજરે ખુલ્લું મૂકવું;નજરે પાડવું-પડે એમ કo.

Disclosure, (ડિસ્ક્લોશ્યૂર્) *n.* Bringing to light:ઉઘાડું કરવું તે 2.That which is disclosed કહી દીધેલી-કહેલી વાત.

Discoid,(ડિસ્કૉઇડ્) *n* [Gr.*dixos*,a round plate: & *eidos*,form.]Anything having the form of a disk:ચકતાના-ચંદા આકારની ચીજ-પદાર્થ.

Discolour,(ડિસ્કલર્) *vt.* To alter the natural hue of:-નો કુદરતી રંગવર્ણ-રૂપ બદલી નાંખવું; જુદું રૂપ આપવું.

Discolouration,(ડિસ્કલરેશન્) *n.* Alteration of hue or appearance:વર્ણવિકાર.2. A stain: ડાઘો;ડપકો

Discomfit,(ડિસ્કૉમ્ફિટ્) *vt.*[L *dis,con* & *figo*, I fix.] To defeat:હરાવવું 2.To balk:-ની યુક્તિ ધૂળ મેળવવી.*n* Dejection:નાઉમેદી.

Discomfiture,(ડિસ્કૉમ્ફિટ્યૂર્) *n.* Rout;defeat; frustration:પરાજય;હાર;આશાભંગ નિરાશા.

Discomfort,(ડિસ્કમ્ફર્ટ્) *n* Uneasiness;sorrow બેચેની.*vt.*To make uneasy:બેચેન કo;હેરાન કo.

Discomfortable,(ડિસ્કમ્ફર્ટેબલ્) *a.* Making sad:બેચેન કરતું 2.Disagreeable:અણગમતું.

Discommode,(ડિસ્કૉમ્મોડ્) *vt.*[L.*dis* & *commodus*,fit.] To molest;to trouble:હેરાન કo.

Discompose,(ડિસ્કૉમ્પોઝ્) *vt.* To interfere with:અવ્યવસ્થા કo;ચોળી નાંખવું 2.To throw into disorder:સંતાપમાં નાંખવું;કo;આકુળવ્યાકુળ કo.

Discomposure,(ડિસ્કૉમ્પોઝ્યૂર્) *n* Disorder: અકળામણ;સંતાપ;ક્ષોભ. 2. Discordance:ગરબડ સરબડ.

Disconcert, (ડિસ્કૉન્સર્ટ્) *vt.* To throw into disorder:ધૂળ મેળવવું;નિષ્ફળ કo.2.To discompose:ગભરાવવું *n.* Want of concert:બેરાગ.

Disconnect,(ડિસ્કૉન્નેક્ટ્) *vt.* To sever;to separate;to disperse:ભાગ પાડવા;જુદું-છુટું પાડવું.

Disconnection,(ડિસ્કૉન્નેકશન્) *n.* Separation; want of union:સંબંધનો નાશ-ભંગ;પૃથકતા;વિયોગ.

Disconsolate,(ડિસ્કૉન્સોલેટ્) *a* [L.*dis,con* & *solor*, I comfort.] Melancholy; filled with grief: દુઃખમાં ગરક થયેલું. *vt.* To throw into dejection:ઉદાસ દીલગીર-દુઃખી કo.

Disconsolation,(ડિસ્કૉન્સોલેશન્) *n.* Want of comfort;dejection;grief:બેચેની;ઉદાસી;દીલગીરી

Discontent,(ડિસ્કૉન્ટેન્ટ્)*a* Uneasy;dissatisfied:બેદિલી.*n* Dissatisfaction: બેદિલી; અસંતોષી *vt.* To make uneasy; to dissatisfy:અસંતુષ્ટ-નારાજ ક૦

Discontented,(ડિસ્કૉન્ટેન્ટેડ્)*a.* Uneasy;dissatisfied:બેચેન;અસંતોષી;નારાજ;બેદિલ.

Discontinuance,(ડિસ્કૉન્ટિન્યૂઅન્સ્)*n.*Breaking off;intermission;cessation:તૂટ; વિરામ.

Discontinue, (ડિસ્કૉન્ટિન્યૂ) *vt.* To cause to cease:બંધ પાડવું;તોડવું;તજવું.*vi.*To be broken off:-માં તૂટ થવી.2.To be separated: ભાગ થવા.

Discontinuity,(ડિસ્કૉન્ટિન્યૂઇટિ)*n* Disunion of parts:ભાગ જુદા પડવા તે;ખંડિતત્વ.

Discord,(ડિસ્કૉર્ડ્)*n* [L.*dis* & *cor*,the heart.] Strife:વિરોધ;અણબનાવ 2.Dissonance:કર્કશતા; બેસુરાપણું.*vi.*To jar:વિરોધ કુસંપ ઉંચું મન થવું.

Discordance-cy,(ડિસ્કૉર્ડન્સ-ડિસ્કૉર્ડન્સિ)*n.*Disagreement;inconsistency:વિરૂદ્ધતા;વિરોધ.

Discordant,(ડિસ્કૉર્ડન્ટ્)*a.*Disagreeing; opposing:ઉલટું.2.Dissonant;harsh:બેસુર;બદસૂર-કઠોર;કર્કશ.

Discount,(ડિસ્કાઉન્ટ્)*n* An allowance made upon an account:વટાવ 2 The rate of discount: વટાવનો દર. *vt.* To deduct from an account or debt: છૂટ મૂકવી 2. To take no notice of:-ની દરકાર સંભાળ ન રાખવી. *vi.* To lend money abating the discount: વટાવ કાપી નાંખીને હુંડીનાં નાણાં આપવાં.

Discountenance, (ડિસ્કાઉન્ટેનેન્સ્) *vt.* To put to shame:શરમાવવું.2.To discourage:-નાહિંમત ક૦;સહાય ન આપવી. *n.* Unfriendly regard;cold treatment:બેરમહેરબાની;અવકૃપા.

Discourage,(ડિસ્કરેજ્) *vt.* To dishearten; નાહિમત ક૦.2.To deter one from:મન ફેરવી નાંખવું.*n.*Lack of courage:નાહિંમતપણું;નામર્દાઈ.

Discouragement, (ડિસ્કરેજ્મેન્ટ્) *n.* Depression of confidence;dejection:નાહિંમત.

Discourse,(ડિસ્કૉર્સ્)*n* [L. *dis* & *curro*, I run.] Reasoning:વિચારસંકલના 2. Talk: વાતચિત. 3. A formal treatise: નિબંધ. *vi.* To speak:પોતાના વિચાર જણાવવા *vt.* To talk to: ની સાથે વાતચીત ક૦;બોલવું

Discourteous,(ડિસ્કૉર્ટીઅસ્)*a* Uncivil;rude; impolite (*Person*):અસભ્ય;બેઅદબ;નાલાયક.

Discourtesy (ડિસ્કૉર્ટેસિ) *n.* Ill manners:અસભ્યતા;બેઅદબી;અવિનય;અાગ્રહાચાર.

Discover, (ડિસ્કવર્) To disclose: જણાવવું. બતાવવું 2 To find out:શોધી કાઢવું.*vt* To show one's self:દેખાવું:પોતાનું આપું ઓળખાવવું.

Discovery,(ડિસ્કવરિ) *n.* Exposure to view: બતાવવું તે.2.A making known: પ્રસિદ્ધ ક૦ તે; પ્રથમવારની શોધ.

Discredit,(ડિસ્ક્રેડિટ્) *n.* Ill-repute: અપકીર્તિ. 2 .The act of disbelieving: અવિશ્વાસ. *vt.* Not to accept as true:ખરૂં છે એમ ન કબૂલ ક૦ 3.To bring reproach upon:નામોશી લગાડવી.

Discreditable,(ડિસ્ક્રેડિટેબલ્)*a.*Disgraceful; disreputable:નામોશી ભરેલું;અપજશીયું.

Discreet,(ડિસ્ક્રીટ્)*a* [L.*dis* & *cerno*,I separate.]Prudent;cautious:ડહેલ:ચતુર;વિચારવંત.

Discreetly,(ડિસ્ક્રીટ્લિ) *adv.* Prudently; circumspectly:ડહાપણથી;ચોકસાઈથી;ચતુરાઇથી.

Discrepance cy,(ડિસ્ક્રેપૅન્સ-ડિસ્ક્રેપૅન્સિ)*n.*Disagreement;inconsistency:વિરોધ;ઉલટાપણું.

Discrepant, (ડિસ્ક્રેપૅન્ટ્) *a.* Discordant;disagreeing:વિરૂદ્ધ;ઉલટું;જુદું;વિરોધી.

Discrete,(ડિસ્ક્રિટ્)*a*-Separate: જુદું; છુટું; અલગ;નિરાળું.2 Disjunctive:જુદું-છુટું પાડનારૂં.

Discretion (ડિસ્ક્રેશન્)*n.* Separation: જુદાઈ; છુટા જુદા પડવું તે 2 Sagacity:ચતુરાઈ;પક્વવિચારડહાપણ.3.Unrestrained exercise of choice or will:વિચાર-મરજીમાં આવે તેમ કરવાની છુટ.*At discretion*:મરજી મુજબ.

Discretional-nary,(ડિસ્ક્રેશનૅલ-ડિસ્ક્રેશનૅરિ)*a.* Unrestrained except by discretion or judgment:વિચારપર રાખેલું;વિચારાધીન;વિવેકાધીન.

Discriminate,(ડિસ્ક્રિમિનેટ્) *vt.* [L. *dis* & *cerno*,I separate.]To separate: છુટું પાડવું; જુદું પાડવું;ઓળખી કાઢવું; પારખવું. *vi.* To distinguish accurately: બારીકાઈથી સમજવું- પરખવું;જુદું પાડીને ઓળખવું.

Discriminating, (ડિસ્ક્રિમિનેટિન્ગ્) *a.* Distinguishing:ભેદ જાણનારૂં,ભેદવાળું.

Discrimination,(ડિસ્ક્રિમિનેશન્) *n.* The act of distinguishing:બરોબર પરીક્ષા. 2. Acute discernment:પરખવાની તીવ્ર શક્તિ.

Discriminative, (ડિસ્ક્રિમિનેટિવ્) *a.* Characteristic;distinctive:જુદું પડી આવે એવું.

Discriminous,(ડિસ્ક્રિમિનસ્) *a.* Hazardous; dangerous:જોખમ-ભય-સંકટ ભરેલું.

Discrown, (ડિસ્ક્રાઉન્) *vt.* To deprive of a crown:મુગટ-તાજરૂપી શોભા વિનાનું કરવું.

Disculpate,(ડિસ્કલ્પેટ્)*vt.* [L. *dis* & *culpa*, fault.]To free from blame or fault;to excuse:ડપકા-ગુન્હાથી સ્વતંત્ર-મુક્ત ક૦;માફ ક૦.

Discursive, (ડિસ્કર્સિવ્) *a.* Rational:અક્કલબુદ્ધિવાળું;તાર્કિક.2.Passing from one thing to another:બહુ બાબતોપર-ચોતરફ ફરી વળનાર.

Discus,(ડિસ્કસ્)*n* A circular stone: ગોળ પથ્થર 2 A disk:બિંબ.ચક્ર;ચકતુ-તી.

Discuss,(ડિસ્કસ્)*vt* [L.*dis* & *quatio*,I shake.] To examine;to debate:વિષે વિચાર-તકરાર ક૦; ચર્ચવું;:પાસવું.

Discussion,(ડિસ્કશન્)*n.* The act of discus-

sing or dispersing:ગુમડું ફોડી પરૂ-પાચ કાઢી નાંખવું તે.2.Examination by argument;debate disputation:ચર્ચા;વાદવિવાદ;તકરાર;પરીક્ષા.

Discutient,(ડિસ્કયૂશિએન્ટ્)*a.* Discussive:દુષ્ટ ધાતુનાશક;ગુમડું મટાડી દે એવું.*n.*A medicine to disperse a tumor:ગુમડું બેસાડી નાંખે એવું ઓષડ.

Disdain(ડિસ્ડેન)*vt* [L.*dis* & *dignus*,worthy.] To look with scorn upon: હલકું-તુચ્છ ગણવું; ધિક્કારવું.*n.*A feeling of contempt;scorn:ધિક્કાર.

Disdainful,(ડિસ્ડેન્ફુલ્)*a.*Scornful contemptuous:તિરસ્કાર ભરેલું;ઉદ્ધત;મગરૂર.

Disdainfully(ડિસ્ડેન્ફુલિ)*adv.*Contemptuously;with scorn:તિરસ્કાર ભરેલી રીતે;મગરૂબાઈથી.

Disease(ડિઝીઝ્)*n.*Uneasiness; distress:બેચેની;દુઃખ;સંકટ 2 Malady;sickness:રોગ;વ્યાધિ. *vt.* To afflict: દુઃખ દેવું. 2. To afflict with a malady or sickness:માંદા પડવું.

Diseased,(ડિઝીઝ્ડ્)*a.* Afflicted with disease of a morbid state:આજારી;રોગી;રોગિષ્ટ;બગડેલું.

Disembark(ડિસ્એમ્બાર્ક્)*vt.*To put on shore; to land:(વહાણ ઉપરથી)નીચે-કિનારાપર ઉતારવું.

Disembarrass,(ડિસ્એમ્બૅરૅસ)*vt.*To free from perplexity;to extricate:ગભરાટમાંથી કાઢવું.

Disembodied,(ડિસ્એમ્બૉડિડ્)*pp a.*Divested of the body;freed from the flesh:શરીર-દેહ-કાયા વિનાનું કરેલું.

Disembody, (ડિસ્એમ્બૉડિ) *vt.* To divest of the body;to free from the flesh: શરીર-દેહ-કાયા વિનાનું ક૦.

Disembroil,(ડિસ્એમ્બ્રૉઈલ્)*vt.* To free from perplexity:ગભરાટમાંથી મુક્ત ક૦.

Disembowel,(ડિસ્એમ્બૉવેલ્)*vt* To take out the bowels of:-નાં આંતરડાં કાઢી લેવાં.

Disenchant,(ડિસ્એન્ચૅન્ટ્)*vt.*To deliver from the power of spells: જંતર-મંતરમાંથી મુક્ત ક૦.

Disencumber,(ડિસ્એન્કમ્બર્)*vt.*To free from encumbrance:પીડા-ડરકતમાંથી મુક્ત ક૦.

Disengage,(ડિસ્એન્ગેજ્)*vt* To disentangle: છુટકો ક૦;ફંફેલવું;છુટું જૂદું ક૦;છોડવવું.

Disengaged,(ડિસ્એન્ગેજ્ડ્)*a.*Being at leisure released:નવરૂં;છુટું;ફારગત;નકામું.

Disengagement, (ડિસ્એન્ગેજ્મેન્ટ્) *n.* The act of setting free:છુટું-જૂદું ક૦-છોડવવું તે. 2 Leisure:નવરાશ;ફુરસદ.

Disenroll, (ડિસ્એન્રૉલ્)*vi.* To erase from a roll or list:યાદીમાંથી (નામ)છેકી-કાઢી નાંખવું.

Disentangle,(ડિસ્એન્ટૅન્ગલ્)*vt.* To reduce to orderly arrangement:ગુંચ કાઢવી;ફંફેલવું 2. To extricate from perplexity:ગભરાટમાંથી મુક્ત ક૦.

Disenthral,(ડિસ્એન્થ્રૉલ્)*vt.*To release from slavery:ગુલામગીરીમાંથી મુક્ત ક૦.

Disenthrone,(ડિસ્એન્થ્રોન્) *vt.* To dethrone ગાદી ઉપરથી ઉઠાડી મૂકવું.

Disentrance,(ડિસ્એન્ટ્રૅન્સ્)*vt.*To arouse from a trance:સમાધીમાંથી જાગૃત ક૦;સચેત ક૦.

Disesteem,(ડિસ્એસ્ટીમ્)*n.*Want of esteem: બેઆબરૂ.*vt.*To regard with disfavor;to slight: નાપસંદ ક૦.

Disfavor, (ડિસ્ફેવર્) *n.* Disesteem:ગેરમેહેરબાની;ઘતરાજી. *vt.* To withdraw favor from: ઈતરાજીથી જોવું.

Disfiguration(ડિસ્ફિગ્યૂરેશન્)*n.*Defacement; deformation;disfigurement:બદશીકલ;રૂપનાશ.

Disfigure,(ડિસ્ફિગ્યૂર્)*vt* To mar the figure of; to deface;to deform:ઘાટ બગાડવો;બદશીકલ ક૦.

Disfigurement,(ડિસ્ફિગ્યૂર્મેન્ટ્) *n.* The act of disfiguring:બદસુરતી;બદશીકલ.

Disfranchise,(ડિસ્ફ્રૅન્ચાઇઝ્)*vt.*To deprive of a franchise or chartered right:સરકાર-રાજા તરફથી મળેલો હક લઇ લેવો;સનદ ખૂંચાવી લેવી.

Disgarnish,(ડિસ્ગાર્નિશ્)*vt.*To deprive of ornaments:ઘરેણાં ઉતારી લેવાં. [છોડી દેવું.

Disgorge,(ડિસ્ગૉર્જ્)*vt.*To give up:આપી દેવું;

Disgrace,(ડિસ્ગ્રેસ્)*n* Disesteem; અપમાન. 2. Act of unkindness;disfavor: ગેરમેહેરબાનીનું કામ *vt* To deprive of favor;to dismiss with dishonor:આબરૂ લેવી 2.To upbraid;to revile: દૂષણ દેવું-આળ ચઢાવવું.

Disgraceful,(ડિસ્ગ્રેસ્ફુલ્)*a.*Shameful;infamous;dishonorable:શરમ ભરેલું;નામોશી ભરેલું.

Disguise, (ડિસ્ગાઈઝ્)*vt.* To change the appearance of;to conceal by an unusual dress વેષ લેવો;-નો આકાર બદલવો.*n.*A dress put on for purposes of concealment or of deception.વેષ 2 A false appearance:કપટ;વેષ.

Disguised, (ડિસ્ગાઈઝ્ડ્) *a.* Having the appearance concealed; masked:વેશ બદલેલો.

Disgust,(ડિસ્ગસ્ટ્)*n* [L *dis* & *gustus*, taste.] Distaste:કંટાળો; તિરસ્કાર. *vt.* To offend the taste of:સુગ લગાડવી;કંટાળો આપવો.

Disgustful,(ડિસ્ગસ્ટ્ફુલ્) *a.* Provoking disgust;offensive to the taste:કંટાળા ભરેલું.

Dish,(ડિશ)*n.*A broad open vessel,used for serving up food at the table:થાળી;રકાબી.2. The food served in a dish:ભાણું; જમણ. *vt.* 2.To frustrate:ના કમેદ ક૦-*To* **d.***out*,to serve out of a dish:થાળીમાંથી પિરસવું.

Dishabille,(ડિશૅબિલ્)*n.*An undress; dishabille:ઢીલો પોશાક;સવારમાં પેરવાનો એક જાતનો ઢીલો હલકો પોશાક.

Dishearten,(ડિસ્હાર્ટન્)*vt.*To discourage;to deject:નાહિમત ક૦;મન ભંગ ક૦.

Dishevel,(ડિશેવેલ્) *vt.* To hang in a loose manner:છુટું લટકાવવું;વિખેરી નાંખવું.*vi.* To be

spread:વિખેરાઈ જવું;છુટું થવું.
Dishevelled, (ડિશેવેલ્ડ્) *a.* Loose: છુટું કરેલું; વિખરાએલું;લબડતું;લટકતું.
Dishonest, (ડિસ્ઑનેસ્ટ્) *a.* Wanting in honesty:દગાખોર;બેઈમાન.2.Disgraceful:નામોશી લગાડે એવું.*vt.*To bring shame upon:ને શરમ લગાડવી.
Dishonestly, (ડિસ્ઑનેસ્ટલિ) *adv.* In a dishonestmanner:અપ્રમાણિકપણાથી;ગેરવાજબી રીતે.
Dishonesty,(ડિસ્ઑનેસ્ટિ)*n.*Want of honesty;faithlessness:અપ્રમાણિકપણું; દગાખોરી.
Dishonor,(ડિસ્ઑનર્)*n.*Reproach:અપમાન;બેઆબરૂ.2.The nonpayment or non-acceptance of commercial paper:હુંડી ન સ્વીકારવી તે; અસ્વીકાર. *vt.* To deprive of honor:અપમાન-બે આબરૂ કરવી.2.To violate the chastity of: -નું પતિવ્રત ભંગ ક૦.3.To refuse to accept or pay:ન સ્વીકારવું.
Dishonorable,(ડિસ્ઑનરેબલ્)*n.* Disgraceful: અપમાન ભરેલું;શરમ ભરેલું.2.Wanting in honor: આબરૂ વગરનું.
Disimprove,(ડિસઈમ્પ્રુવ્)*vt.*To make worse: કથલાવવું;વધારે ખરાબ નઠારું ક૦;બગાડવું.
Disincarcerate,(ડિસ્ઈન્કાર્સરેટ્)*vt.* To liberate from prison:કેદખાના-બંદીખાનામાંથી છોડાવવું.
Disinclination,(ડિસ્ઈન્કિલનેશન્)*n.*Dislike; aversion:કમન;અપ્રીતિ;અરૂચી;ગેરમરજી.
Disincline, (ડિસ્ઈન્કલાઈન્)*vt.*To excite the dislike:-નું મન ઉઠાવવું;-ની અપ્રીતિ ક૦.
Disinfect, (ડિસઇન્ફેક્ટ્) *vt.* To cleanse from infection:લાગેલો ચેપ કાઢવો
Disinfectant, (ડિસઇન્ફેક્ટન્ટ્) *n.* That which disinfects:ચેપ-દુર્ગંધી દૂર કરનાર-ઓસડ-ઉપાય; ગંધનાશક ઔષધ.
Disingenuous, (ડિસઇન્જેન્યૂઅસ્) *a.* Mean; unworthy:પાપબુદ્ધિનું;હલકું;અધર્મ;મેલામનનું; મેલું.
Disingenuousness, (ડિસઇન્જેન્યૂઅસનેસ) Unfairness;want of candor;low craft:પાપબુદ્ધિ.
Disinherit, (ડિસ્ઈન્હેરિટ્)*vt.*To cut off from hereditary right:વારસાનો હક લેઈલેવો-ન આપવો.
Disintegrate, (ડિસ્ઇન્ટીગ્રેટ્)*vt* [L *dis* & *integer*,whole.] To break up the cohesion of:ભાગો છુટા પાડવા;ટુકડા ક૦
Disintegration, (ડિસઇન્ટીગ્રેશન્) *n.*Destruction of cohesion:ભૂકો-કડકા થઇ જવા તે.
Disinter, (ડિસ્ઇન્ટર્) *vt.* To take out of the grave:ઘોરમાંથી બહાર કાઢવું;ખોદી કાઢવું.
Disinterested, (ડિસ્ઇન્ટરેસ્ટેડ્) *a.*Free from considerations of private advantage:સ્વાર્થ વિનાનું;નિર્લોભી;સ્વાર્થરહિત;બેગરજ;નિસ્પૃહ.
Disinterestedness,(ડિસ્ઈન્ટરેસ્ટેડ્નેસ્)*n.*The quality of being disinterested;impartiality: બેગરજી;બેપરવા;નિર્લોભબુદ્ધિ; નિસ્પૃહતા;અસ્વાર્થતા.
Disinterment, (ડિસ્ઈન્ટર્મેન્ટ્)*n.* The act of taking out of the earth: (ઘોરમાંથી) ખોદી કાઢવું તે;ખનિતોદ્ધાર.
Disinthralment, (ડિસિન્થ્રોલ્મેન્ટ્) *n.* Disenthralment:દાસપણા.ગુલામગીરીમાંથી કાઢવું તે.
Disinvole, (ડિસઇન્વૉલ્વ્) *vt.*To uncover: ખુલ્લું-ઉઘાડું-ક૦.
Disjoin,(ડિસજ્વોઈન્)*vt.*[L.*dis* & *jungo*,I join.] To disunite: છુટું જૂદું પાડવું. *vt.*To become separated:છુટું-જૂદું પાડવું.
Disjoint, (ડિસ્જોઈન્ટ્) *vt.* To separate the joints of:ના સાંધા છુટા-જૂદા પાડવા. To make incoherent:અસંબંધ ક૦.
Disjointed,(ડિસ્જોઈન્ટેડ્)*a.* Put out of joint: ઉતરી ગયેલું;સ્થાનભ્રષ્ટ.
Disjunct, (ડિસ્જન્ગ્કટ્) *a.* [L.*dis* & *jungo*,I join.]Disjoined:છુટું;અલગ;જૂદું;નિરાળું.
Disjunction, (ડિસ્જન્કશન્) *n.* Disunion; separation;a parting:વિયોગ;જુદાઈ.2. A disjunctive proposition:વિરૂદ્ધાર્થ વાકયયોગી.
Disjunctive, (ડિસ્જન્કટિવ્) *a* Separating; disjoining:છુટું-જૂદું પાડનારૂં.*n.*(*Gram.*)A disjunctiveconjunction:વિરૂદ્ધાર્થ-ભિન્નાર્થવાકયયોગી.
Disk, (ડિસ્ક્) *n.* [L. *discus*,a quoit]A flat or circular plate:ચપટગોળચકતું-ચકતી.2.A discus: ચક્ર;ચક્કર;બિંબ;મંડળ.3.The face of a celestial body:બિંબ.
Dislike,(ડિસ્લાઇક્)*n.*Displeasure:નાખુશી;નારાજી. *vt.* To have an aversion to:નાપસંદ ક૦. 2.To displease:નાખુશ-નારાજ ક૦.
Dislikeness, (ડિસ્લાઈકનેસ) *n.* Unlikeliness; dissimilitude:નાપસંદગી;અરૂચી;અભાવ.
Dislocate,(ડિસ્લૉકેટ્)*vt.* [L. *dis* & *locus*, a place.]To displace:સાંધામાંથી છુટું-જૂદું પાડવું.
Dislocated, (ડિસ્લૉકેટેડ્) *a.* Displaced; disjointed:સાંધામાંથીછુટું પડેલું;ખસી ગયેલું;લચકાયેલું.
Dislocation, (ડિસ્લૉકેશન્) *n.*The act of displacing or the state of being displaced:સાંધામાંથી છુટું-જુદું પાડવું-પડવું તે.
Dislodge, (ડિસ્લૉજ્) *vt.*To drive out from a place of hiding or defence:સંતાઇ રહ્યું હોય તેવી જગ્યામાંથી કાઢી મૂકવું-નસાડવું.
Disloyal,(ડિસ્લૉઈયલ્)*a.*(*a*)Faithless;treacherous:નિમકહરામ;બેઇમાન;બેવફા.(*b*)Faithless to a sovereign:રાજ્યદ્રોહી;રાજા સાથે બેવફાઇ કરનાર.
Disloyalty,(ડિસ્લૉઇયલ્ટિ)*n.*Violation of allegiance:બેવફાઈ;નિમકહરામી;રાજદ્રોહી;બેઈમાનદારી.
Dismal, (ડિઝ્મલ્) *a.* [L. *diesmalus*,an evil day.] Gloomy to the eye or ear:ઝાંખું; ભયાનક;બીહામણું;ક્રૂર;દારૂણ;ઘોર.
Dismantle,(ડિસ્મેન્ટલ્)*vt.*To deprive of dress;

to strip:કપડાં-પોશાક ઉતારી લેવા.2. (કિલ્લા-શહેરનો)સરંજામ-નારક્ષણનાં સાધન કાઢી લેવાં-તોડી પાડવાં
Dismarch, (ડિસ્માર્ચ) *vi.* To march away: સ્વારી-કૂચ કo;જતા રહેવું.
Dismask,(ડિસ્મૅસ્ક્)*vt.*To strip a mask from to uncover:ની પાસેથી બુરખો ઝુંટવી લઇ લેવો.
Dismast,(ડિસ્મૅસ્ટ્)*vt.*To deprive of a mast or masts:(વહાણના)ડોળ-કુવા ભાંગી-તોડી નાંખવાં,
Dismay,(ડિસ્મે)*vt.*To terrify;to daunt;to appal:દહેશત-બીક ઘાલવી-દેવી.*n.* Overwhelming terror:ગભરાટ;બીક.
Dismember, (ડિસ્મેમ્બર્) *vt.* To separate the members of;to mutilate:-નાં અવયવો છુટાં-જુદાં પાડવાં;તોડી પાડવું.
Dismemberment,(ડિસ્મેમ્બર્મેન્ટ્)*n.* Mutilation;division;separation:ભિન્નતા; ભાગ;જુદાઇ.
Dismiss,(ડિસ્મિસ)*vt.*[L.*dis* & *mitto,* I send.] To send away;to give leave to go: મોકલી દેવો.2. To remove from office: નોકરીપરથી રજા આપવી. [charge:રજા;છુટી;બરતરફી;રૂકસદ;
Dismissal,(ડિસ્મિસૅલ્) *n* Dismission; dis-
Dismission, (ડિસ્મિશન્) *n.* Permission to leave;dismissal:જવાની રજા-છુટ; રજા;બરખાસ્તી. 2. Removal from office or employment; discharge either with honor or disgrace: નોકરીપરથી બરતરફી;વિદાયગીરી.
Dismount, (ડિસ્માઉન્ટ્) *vi.* To bring down from an elevation: ઉંચી જગ્યા પરથી ઉતારવું-ઉતારી પાડવું-નાંખવું 2 To remove from a horse;to unhorse:ઘોડા ઉપરથી ગબડાવી પાડવું.3. To throw from carriages:ગાડીઓપરથી ઉતારી પાડવું. *vi.* To come down: નીચે આવવું. 2. To alight from a horse:ઘોડાપરથી ઉતરવું-ઉતરી પડવું
Disobedience,(ડિસઑબીડિએન્સ)*n.* Violation of command:આજ્ઞાનોભંગ;અવગણના;અનાદર.
Disobedient,(ડિસઑબીડિએન્ટ્)*a.*Neglecting to obey;હુકમ ના માને એવું.
Disobey,(ડિસઑબે) *vt* & *vi.* To neglect or refuse to obey:આજ્ઞા તોડવી;પતન કo; નમાનવું.
Disoblige,(ડિસઑબ્લાઇજ્) *vt.* To displease; to be unaccommodating to:માઠું લગાડવું;નાખુશ કo.2.To release from obligation:બંધન ફરજમાંથી મુક્ત કo. [displeasing:અનુપકારી.
Disobliging,(ડિસઑબ્લાઈજિંગ્)*a.*Offensive;
Disorder,(ડિસઑર્ડર્) *n.* Confusion: અવ્યવસ્થા.2. Neglect of order: અનિયમિતપણું. 3. Tumult:બખેડો.4.Disease:આજાર;દરદ;રોગ. *vt.* To throw into confusion: ગુંચવણ-ગભરાટમાં નાંખવું. [ed:અવ્યવસ્થિત.
Disordered,(ડિસઑર્ડર્ડ)*a.*Confused;derang-
Disorderly,(ડિસઑર્ડર્લિ) *a.* Not in order: marked by disorder:અવ્યવસ્થિત;બંદોબસ્ત વગરનું.2.Tumultuous:તોફાની.
Disorganization,(ડિસઑર્ગનાઈઝેશન)*n.*The act of destroying order:-નું બંધારણ-બંદોબસ્ત તોડી નાંખવો તે.
Disorganize,(ડિસઑર્ગનાઇઝ્)*vt* To throw into utter disorder:બંદોબસ્ત તોડવો; ઉથલપાથલ કo.
Disown,(ડિસઓન્)*vt.*To refuse to acknowledge as one's own:પોતાનું નથી એમ કહેવું;ખ્યાલ ન રાખવું.2 To refuse to acknowledge:ના કહેવી.
Disparage, (ડિસ્પૅરેજ્)*vt.*[L.*dis,par,* equal & *ago,* I impel.] To dishonor by an unequal marriage:અયોગ્ય વિવાહસંબંધ કo.2.To debase:નિંદા કરવી.*n.*Inequality in marriage; કજોડું.
Disparagement,(ડિસ્પૅરેજ્મેન્ટ્)*n.*Marriage with a person of inferior rank or condition:અયોગ્ય વિવાહ.2 Disgrace:નામોશી.
Disparity,(ડિસ્પૅરિટિ)*n* [L.*dis* & *par*, equal.] Inequality;dissimilitude:ફરક;ફેર;તફાવત;ભેદ.
Dispart, (ડિસ્પાર્ટ્)*vt.* & *vi.*To separate; to sever:જૂદું પાડવું;ભાગ પાડવા;કાપવું.
Dispassion, (ડિસ્પૅશન્) *n.* An undisturbed state of the mind;apathy:ઠંડો મિજાજ;શાંતિ.
Dispassionate, (ડિસ્પૅશનેટ્) *a.* [L. *dis* & *patior*,I suffer.] Calm:ઠંડું; ઠંડા મિજાજનું. 2. Impartial:નિષ્પક્ષપાત;ઉદાસીન.
Dispatch,(ડિસ્પૅચ્)*vt.*[L.*de* & *patior*,I go.] To send off:મોકલવું;મુકામ પહોંચાડવું;દોડાવવું.2. To put to death:મારી નાંખવું.3. To dispose of:-નો નિકાલ કાઢવો.4.To rid;to free: છુટું-મુક્ત કo.5.To send away hastily:મોકલી દેવું.*n.*The sending off:મોકલવું. 2. Prompt execution: ઉતાવળ 3 Official message or letter:સરકારી લખોટો.5.A message sent by telegram:તાર.
Dispel,(ડિસ્પેલ્)*vt.*[L.*dis* & *pello*,I drive.]To drive away;to banish:રૂડાવી દેવું; દૂર કo.
Dispensary,(ડિસ્પેન્સૅરિ)*n.*A place in which medicines are dispensed to the poor:ધર્મનું-ધર્માદા દવાખાનું;ઔષધશાળા.
Dispensation,(ડિસ્પેન્સેશન)*n.*The act of dispensing: વહેંચણી. 2. A system of divine laws:ઈશ્વરી વ્યવસ્થા.
Dispensatory,(ડિસ્પેન્સેટોરિ)*a.* Granting or authorized to grant dispensation:વહેંચવાની શક્તિ ધરાવતું.*n.*A book which treats of the method of preparing medicines:દવા બનાવવાની-તૈયાર કરવાની રીતની ચોપડી.
Dispense, (ડિસ્પેન્સ્) *vt.* [L *dis* & *pendo,* I weigh.] To distribute:વહેંચવું.2.To execute; to carry out:અમલમાં આણવું. 3 To exempt: છુટ-માફી આપવી.*vi.* To compensate:-નો બદલો વાળવો.2.To allow by dispensation:માફી આપ

પવી; ની રજા-પરવાનગી આપવી.

Dispenser,(ડિસ્પેન્સર્)*n.*One who dispenses: આપનાર;વહેંચનાર;વાંટનાર.

Dispeople,(ડિસ્પીપલ્)*vt.* To deprive of inhabitants;to depopulate:ઉજ્જડ-નિર્જન ક૦.

Disperse, (ડિસ્પર્સ) *vt.* [L.*dis* & *spargo*, I scatter.] To scatter here and there:અહિં-તહિં વિખેરવું.*vi.*To separate:જુદું પડવું;જતા રહેવું.

Dispersion,(ડિસ્પર્શન્)*n.*The act of scattering:વેરવું-વિખેરવું તે.2.The separation of light into its different coloured rays: પ્રકાશ-અજવાળાના તેના જુદા જુદા રંગનાં કીરણોમાં વિખરાઈ-છુટા પડવું તે.

Dispirit,(ડિસ્પિરિટ્)*vi.*To deprive of cheerful spirits; to discourage:ના હિંમત ક૦;-મન ભાંગવું;નિરૂત્સાહ કરવું.

Displace,(ડિસ્પ્લેસ્)*vt.*To remove: ખસેડવું; લઇ લેવું-જવું.2.To discharge:(કામગીરી ઉપરથી) દૂર ક૦.3.To take the place of:-ની જગા લેવી.

Displacement,(ડિસ્પ્લેસ્મેન્ટ્) *n.* The act of displacing:ખસેડવું-બરતર્ફ ક૦ તે;સ્થાન નાશ-ભ્રંશ.

Displant, (ડિસ્પ્લૅન્ટ્) *vt.* To unsettle and take away:ઉખેડી નાંખવું.

Display,(ડિસ્પ્લે) *vt.*[L.*dis* & *plico*, I fold.] To unfold:ખોલવું.2.To show: બતાવવું 3. To parade:ભભકો બતાવવો.*n.*Manifestation: પ્રદર્શન.2.Ostentatious show:ભભકાદાર દેખાવ.

Displease,(ડિસ્પ્લીઝ્)*vt.*To be disagreeable to:-થી ગુસ્સે થવું;નાખુશ ક૦.*vi.*To give displeasure:કંટાળો ઉપજાવવો;-ને માઠું લગાડવું નારાજ કરવું.

Displeasure, (ડિસ્પ્લેઝ્યૂર્)*n.* Dislike; dissatisfaction:નાપસંદગી; અપ્રસન્નતા. 2. That which displeases:નાખુશીનું કારણ 3.The state of disgrace:અપમાન-અપજશ પામવું તે.

Displode,(ડિસ્પ્લોડ્)*vt.*[L. *dis* & *plaudeo*, I clap.] To discharge: બહાર ક૦; ફોડવું. *vi.* To burst with a loud report:બહાર-ભડકો થવો.

Displosion, (ડિસ્પ્લોઝન્) *n.* The act of disploding;an explosion:ભડાકો;ધડાકો; બહાર.

Disponge,(ડિસ્પૉન્જ્)*vt.*To sprinkle as with water from a sponge:વાદળીમાંથી પાણી છાંટવું.

Disport,(ડિસ્પૉર્ટ્)*n.* Play:રમત; ગમત. *vi.* To play:રમવું 2.To remove from a port: બંદરમાંથી ખસેડવું.

Disposal,(ડિસ્પૉઝૅલ)*n.*Arrangement:રચના;ગોઠવણ 2.Power to dispose of: અખ્તિયાર;અધિકાર

Dispose,(ડિસ્પૉઝ્)*vt* [L.*dis* & *pono*,I put.] To arrange: ગોઠવવું. 2. To regulate: ગોઠવણ ક૦.3.To deal out:વહેંચી આપવું.4.To adapt: ઇચ્છા કરાવવી.To *dispose* of,(*a*)to assign for a use:ઉપયોગ-ને માટે નક્કી ક૦.(*b*)To bestow:-નું ઠેકાણું-નિકાલ ક૦. *vt.* To bargain; to make terms:વેચાણનો બંદોબસ્ત ક૦.

Disposition,(ડિસ્પૉઝિશન્) *n.* Disposal:વહીવટ 2.Arrangement:રચના.3.Propensity:મન; ઇચ્છા.4.Tendency; nature: સ્વભાવ.

Dispossess, (ડિસ્પૉઝેસ્) *vt.* To put out of possession;to disseize:કબજો મૂકાવી-તોડાવી લેવું

Dispossession,(ડિસ્પૉઝ્ઝેશન્)*n.* The act of putting out of possession:કબજો મૂકાવી લઇ લેવું તે.2 (*Law.*)The putting out of possession wrongfully;ouster:ગેરકાયદે કબજો લેઇ લેવો તે.

Dispraise,(ડિસ્પ્રેઝ્) *vt.* To withdraw praise from:વખોડવું;નિંદા ક૦;ઠપકો દેવો.*n.*Blame;censure:અપ્રશંસા;નિંદા;ઠપકો.

Disprivilege,(ડિસ્પ્રિવિલેજ્)*vt* To deprive of a privilege:હક લઇ લેવો;હક વિનાનું ક૦.

Disprofit,(ડિસ્પ્રૉફિટ્)*n.*Loss:નુકસાન;ખોટ;ટોટો. 2.To lose:ખોવું;નુકશાન-ટોટો ખમવો [ન;વિરૂદ્ધતા.

Disproof,(ડિસ્પ્રુફ્)*n.*Confutation:રદીઓ; ખંડ-

Disproportion, (ડિસ્પ્રૉપૉર્શન્) *n.* Want of proportion or symmetry:વિષમ પ્રમાણ.2.Unsuitableness:અયોગ્યતા. *vt.* To violate symmetry:પ્રમાણમાં નાના-મોટા ક૦.

Disproportional-nate,(ડિસ્પ્રૉપોર્શનૅ-ડિસ્પ્રૉપૉર્શનેટ્) *a.* Unequal:અસમાન.

Disproportioned,(ડસ્પ્રૉપોર્શન્ડ્) *a.* Not having proportion:પ્રમાણ નહિં કીધેલું.

Disprove,(ડિસ્પ્રુવ્)*vt.*To prove to be false: ખોટું-જુઠું-બનાવટનું છે:એમ સાબિત ક૦ 2. To refute:નામંજુર.

Disputable,(ડિસ્પ્યૂટબલ્) *a.* Capable of being disputed;controvertible:તકરાર-વાંધો લેવા જેવું.2.Contentious:હુજ્જતી.

Disputant,(ડિસ્પ્યૂટન્ટ્)*n.*One who disputes; a controvertist:તકરાર લેનાર;વાદી;તાર્કિક *a.*Disputing:.વાદ કરતું;તકરાર લેતું.

Disputation, (ડિસ્પ્યૂટેશન્) *n.* The act of disputing:વાદવિવાદ. 2. Exercise in which parties reason:અભ્યાસાર્થેવાદ.

Disputatious,(ડિસ્પ્યૂટેશસ્)*a.*Inclined to dispute;apt to cavil:વાંધાખોર;તકરારી;લડવાડીયું.

Dispute,(ડિસ્પ્યૂટ્)*vi* [L.*dis* & *puto*,I reckon.]To discuss;to debate:કજીઓ ક૦;વાદ લેવો. 2.To strive: સામે થવું; સામા ભીડવું. *vt.* To discuss:તકરારથી નિર્ણયપર આવવું.2 To oppose by argument:દલીલથી સામા થવું.3 To struggle against: ના સામે કજીઓ ક૦.*n.*Discussion ભાંજગડ.2 Contest:કજીઓ

Disqualification(ડિસ્ક્વૉલિફિકેશન્) *n.* Disability:નાલાયકપણું;અયોગ્યતા.

Disqualify, (ડિસ્ક્વૉલિફાઈ)*vt.*To render unfit;to incapacitate:નાલાયક-અયોગ્ય ક૦.

Disquiet,(ડિસ્ક્વાયેટ્)*vt.*To make uneasy or

restless:બેચેન ક. *n.*Uneasiness;restlessness: બેચેની.*a.*Deprived of quiet:બેચેન.

Disquietly, (ડિસ્કવાઇએટ્લિ) *adv.* Uneasily; anxiously:બેચેનીથી;ચિંતાથી;ઉચાટપણે.

Disquietude,(ડિસ્કવાઇએટ્યૂડ્)*n.*Uneasiness: agitation;anxiety:બેચેની;ફચાટ;ઉદ્વેગ;આકુળતા.

Disquisition,(ડિસ્કિઝિશન્)*n.*[L *dis* & *quoero,*I seek.] Elaborate essay:પ્રબંધ; નિબંધ; નિરૂપણ;વિવેચન.

Disregard,(ડિસ્રીગાર્ડ્)*vt.*To pay no heed to; ન ગણકારવું;ન લેખવું.*n.*Neglect:બેતમા;બેપરવા.

Disrelish, (ડિસ્રેલિશ્) *n.* Distaste: અરૂચિ.2. Bad taste: બદસ્વાદ.*vt.*Not to relish: ન ભાવવું 2.To deprive of relish: સ્વાદવિનાનું ક૦.

Disrepair, (ડિસ્રીપેર્)*n.*A state of being in bad condition and wanting repair: ખરાબ થયેલું હોવું તે;મરામત કરવા જેવું હોય તે.

Disreputable,(ડિસ્રેપ્યૂટેબલ)*a.*Not in esteem dishonourable:આબરૂ વિનાનું.

Disrepute,(ડિસ્રેપ્યૂટ્)*n.*Loss of reputation: આનભંગ; અપકીર્તિ; નામોશી. *vt.* To bring into disreputation:નું અપમાન ક૦.

Disrespect,(ડિસરીસ્પેક્ટ્)*n.*Disesteem:બે અદબી.*vt.*To show disrespect to:અપમાન ક૦.

Disrespectful,(ડિસરીસ્પેક્ટ્ ફુલ્)*a.* Wanting in respect;uncivil:નીચું;અપમાન ભરેલું;નાલાયક.

Disrespective, (ડિસરીસ્પેક્ટિવ્)*a.* Showing want of respect:disrespectful:નાલાયક;અમર્યાદ.

Disrobe,(ડિસરોબ્)*vt.*To divest of garments; to undress:લુગડાં વિનાનું કરવું-ઉતારી લેવાં.

Disrout,(ડિસરાઉટ્)*vt.*To scatter in flight:જુદી જુદી દિશામાં દોડાવી નસાડીમૂકવું;નસાડી મૂકવું.

Disrupt, (ડિસરપ્ટ્) *a.* [L. *dis* & *rumpo,* I break.]Torn asunder: ચીરાયેલું. *vt.*To rend: પાડવું-ભાગવું જુદું કરવું;ફાડ પાડવી.

Disruption,(ડિસરપ્શન્)*n.* Breach: ટુટ;બિગાડ; ખલેલ;ચીરો;અણબનાવ.

Disruptive, (ડિસરપ્ટિવ્) *a.*Causing disruption;bursting:બિગાડ કરતું;ફાટતું;ભાંગતું.

Dissatisfaction,(ડિસ્સૅટિસ્ફૅક્શન્)*n* The state of beingdissatisfied:નાખુશી;અસંતોષ;અપ્રસન્નતા

Dissatisfactory, (ડિસ્સૅટિસ્ફૅક્ટોરિ) *a* Giving discontent;displeasing:નાખુશ;અસંતોષકારી.

Dissatisfy,(ડિસ્સૅટિસ્ફાઇ)*vt.* To render unsatisfied:to displease:અસંતુષ્ટ-નાખુશ-અપ્રસન્ન ક૦

Dissect, (ડિસ્સેક્ટ્) *vt* [L *dis*&*secto,*I cut.]To cut into pieces:કકડે કકડા કરવા;અવયવ છેદન ક૦, ચીરવું.2.To analyse:ફાડી-તોડીને જોવું.

Dissection, (ડિસ્સેક્શન્)*n.* Anatomy:અવયવ-શરીરછેદન.2.An analysis:વિવેચન;પૃથક્કરણ.

Disseize, (ડિસ્સીઝ્) *vt.*(*Law.*)To deprive of possession:નો કબજો છોડાવવો;કબજ ક૦;લઈ લેવું.

Dissemblance, (ડિસ્સેમ્બ્લૅન્સ) *n.* Want of resemblance:તફાવત;ફેરફાર.

Dissemble,(ડિસ્સેમ્બલ્)*vt.* [L *dis* & *similis,* like.] To hide under a false seeming:હોય તેથી જુદું બતાવવું. 2.To make pretence of:-નું બહાનું-બતાવવું.

Dissembler, (ડિસ્સેમ્બ્લર્) *n.* One who dissembles;a hypocrite:કપટ રચનાર;ઢોંગી;વેષધારી.

Disseminate,(ડિસ્સેમિનેટ્)*vt.*[L *dis*&*semen* seed.] To spread abroad: પાથરવું. 2. To spread by dispersion:ફેલાવવું.

Dissemination,(ડિસ્સેમિનેશન્)*n.*Dispersion diffusion;scattering:પ્રસારણ;ફેલાવો;વિસ્તાર.

Dissention, (ડિસ્સેન્શન્) *n.* Strife; discord; quarrel:કજીઓ;ઝઘડો;વિરોધ;ફુટફાટ;કલહ;કુસંપ;ફૂટ.

Dissensious, (ડિસ્સેન્શસ) *a.* Quarrelsome; contentious:કજીઆ-ટંટા-લડાઈખોર;કલેશ કરાવનાર.

Dissent,(ડિસ્સેન્ટ્)*vi.* [L.*dis* &*sentio,*I feel.] To differ in opinion;to disagree: મત-અભિપ્રાયમાં જુદા પડવું. 2. To differ from the doctrines or rites of a church: કોઇ સ્થાપિત મત કે ક્રિયાથી જુદા પડવું. *n.* Difference of opinion:મતભેદ.

Dissenter,(ડિસ્સેન્ટર્)*n.*One who differs in opinion or declares his disagreement:મત-અભિપ્રાયમાં જુદો પડનાર;મતભેદ પાડનાર.2.A non-conformist:રાજ્યસ્થાપિતદેવળનામતથીજુદોપડનાર.

Dissentient,(ડિસ્સેન્શિએન્ટ્)*a.* Disagreeing; dissenting:જુદો મત ધરાવતું;નાકબૂલ;ગેરરાજી.*n.* One who disagrees:જુદો મત ધરાવનાર.

Dissertation, (ડિસ્સર્ટેશન્) *n.* [L.*dissero,*I argue.]A disquisition;an essay:નિબંધ;દલીબાજી;વ્યાખ્યાન;પ્રબંધ;વિવરણ.

Disserve, (ડિસ્સર્વ) *vt.*To injure;to hurt;*to* harm:દુ:ખ દેવું; ઈજા ક૦;હાનિ-નુકશાન ક૦.

Disservice, (ડિસ્સર્વિસ્)*n.*Injury;harm;mischief:હાનિ;નુકશાન;માઠું.

Disserviceable,(ડિસ્સર્વિસેબલ્)*a.* Mischievous;harmful:હાનિ-નુકશાનકારક.

Dissever,(ડિસ્સેવર્)*vt.*To part in two:બે ભાગ ક૦-પાડવા;જુદું ક૦.

Dissidence, (ડિસ્સિડેન્સ્) *n.* [*dis* & *sedeo,* I sit.]Disagreement;dissent:મતભેદ;મતાંતર.

Dissident, (ડિસ્સિડેન્ટ્) *a.*Not agreeing;dissenting:મતભેદ પાડનાર;મતાંતર ગણનાર.

Dissimilar,(ડિસ્સિમલિર્)*a.*Unlike;not similar:અસમાન;ભિન્ન;જુદું.

Dissimilarity, (ડિસ્સિમિલૅરિટિ) *n.* Unlikeness;dissimilitude:ભિન્નતા;ભેદ;જુદાપણું;તફાવત.

Dissimilitude, (ડિસ્સિમિલિટ્યૂડ્)*n.* Unlikeness;dissimilarity:જુદાપણું;ભેદ;તફાવત;ભિન્નતા.

Dissimulation,(ડિસ્સિમ્યૂલેશન્)*n.*Afeigning

false pretension;hypocrisy:છળભેદ;કપટ;માયા.

Dissipate, (ડિસ્સિપેટ્) *vt.* [L.*dis* & *supo,* I throw.] To scatter: વિખેરી નાંખવું. 2. To consume: ખાઇ જવું. *vi.* To be extravagant or luxurious:ઉડાવી-ખરચી નાંખે એવું હોવું-થવું.

Dissipated, (ડિસ્સિપેટેડ્) *a* Extravagant:ઉડાઉ;દુરાચારી;અદફેલ;વિષયલંપટ.

Dissipation, (ડિસ્સિપેશન્) *n.* Waste:ઉડાવીને નાંખવું તે.2. Dissoluteness:ઉડાઉપણું.

Dissocial, (ડિસ્સોશિઅલ્) *a.* Unfriendly to society;selfish:એકલપેટું;સાંકડા મનનું;સ્વાર્થપરાયણ.

Dissociate, (ડિસ્સોશિએટ્)*vt.*[L.*dis*&*socius,* a companion.]To separate:જુદા પાડવું;અલગ કo;ભાગ પાડવો.

Dissoluble, (ડિસ્સોલ્યૂબલ્) *a.* Convertible into fluid:પ્રવાહી થઈ શકે એવું. 2. Capable of being disunited:જોડવા-ભેગુ કરવા લાયક નહિ એવું

Dissolubility,(ડિસ્સોલ્યૂબિલિટિ) *n.* Capacity of being dissolved by heat:ગરમી કે તાપથી ઓગળી-પીગળી-જઇને રસ-પ્રવાહી પદાર્થ થવો તે.

Dissolute, (ડિસ્સોલ્યૂટ્) *a.* Wanton; lewd; debauched:રમતિયાળ;દુર્વ્યસની;લંપટ.

Dissolution, (ડિસ્સોલ્યૂશન્) *n.* The act of dissolving:પીગળાવું તે.2.Melting:પ્રવાહી થવું તે.3.The dispersion of an assembly; the breaking up of a partnership:તુટાતુટ;ફાટ.4. Decomposition: વિચ્છેદ. 5. Death: મોત. 6. Destruction:નાશ.7. Corruption of morals: લંપટપણું;વ્યભિચાર.

Dissolvable,(ડિઝ્ઝોલ્વેબલ્)*a.*Soluble: પિગાળવા-ભાગ પાડવા લાયક; પીગાળવા-ઓગાળવા લાયક.

Dissolve, (ડિઝ્ઝોલ્વ્) *vt.* [L. *dis* & *solvo,*I lose.] (*a*) To separate into component parts:જોડાયેલા-મિશ્રિત ભાગમાં જુદું પાડવું 2.To disconnect:છુટું પાડવું 3.To melt:પીગાળવું.4. To solve:(સંશય)દુર કo-છેદવો. 5.To annul:નામંજુર કરી કાઢી નાંખવું *vi.*To be decomposed: ભાગી જવું-નું પૃથક્કરણ થવું.2.To be melted:પ્રવાહી થવું; પીગળવું.3.To fade away:જતાં રહેવું.

Dissolvent, (ડિસ્સોલ્વેન્ટ્) *a.* Having power to melt or dissolve:ઓગાળી-પીગાળી શકે એવું.

Dissonance, (ડિસ્સોનેન્સ્) *n.*A mingling of discordant sounds;discord:બેસુર અવાજ-રાગ.

Dissonant,(ડિસ્સોનેન્ટ્)*a.* [L. *dis* & *sono,* I sound.]Discordant;harsh:બેસુર;બેરાગ;કઠોર.

Dissuade,(ડિસ્સ્વેડ્)*vt*]L.*dis* &*suadio,*I advise]To advise against:કહલી-ઉ ધી શીખામણ.

Dissuasion, (ડિસ્સ્વેઝન) *n.*The act of dissuading;dehortation:કહલી-ઉંધી શિખામણ

Dissuasive,(ડિસ્સ્વેસિવ્)*a* Tending to dissuade from a purpose;dehortatory:નિવારણ પ્રમેક;નિષેધાર્થક;મન ફેરવનારું.

Dissyllable, (ડિસ્સિલ્લૅબલ્) *n.*A word consisting of two syllables only:ફક્ત બે સ્વર-પદવાળો શબ્દ.

Distaff, (ડિસ્ટૅફ્) *n.* The staff: રેંટીઆની ત્રાક; ચરખાની દાંડી.2.The female sex:સ્ત્રી જાત.

Distain,(ડિસ્ટેન)*vt*.[L *dis* & *tingo,*I dye.]To stain;to discolor:ડબકો પાડવો;ડાઘ પાડવો.

Distance, (ડિસ્ટન્સ)*n.* An interval or space between two objects:બે પદાર્થ વચ્ચેનું છેટું-અંતર.2.Remoteness of place:કોઇ જગ્યાનું છેટું. 3.A space between bodies of troops:લશ્કરની બે ટુકડીઓ વચ્ચેની જગા-છેટું-અંતર.4.Interval of time: વખતનો આંતરે-અંતર. *To keep one's* **d.**, to stand aloof:થી દુર રહેવું.

Distant, (ડિસ્ટન્ટ્) *a.* [L.*dis* & *sto,*I stand.] Separated:at a distance:જુદું;લાંબુ;દુર; વેગળું.

Distaste,(ડિસ્ટેસ્ટ્)*n.* Disrelish:અભાવ;અરૂચિ. 2.To disrelish:બેસ્વાદ થવો.

Distasteful, (ડિસ્ટેસ્ટ્ફુલ્) *a.* Unpleasant to the taste:બેસ્વાદ.2.Offensive:ન ગમે-ન પસંદ પડે એવું.

Distemper, (ડિસ્ટેમ્પર્)*n.*Disorder:રોગ. 2.Ill humor:બેચેની.3.Tumult:લડાઇ;ટંટો;બખેડો. *vt.* To disorder:બિમારી થવી.

Distend, (ડિસ્ટેન્ડ્)*vt.*[L *dis* & *tendo,*I stretch]To lengthen out:લંબાવવું; વિસ્તારવું. *vt.* To become expanded:ઉપસવું.

Distention, (ડિસ્ટેન્શન્) *n.* The act of distending:ઉપસાવો વિસ્તાર.2.Breadth:પહોળાઇ.

Distich,(ડિસ્ટિક્)*n.*[Gr.*dis* & *stichos,*a row.] A couplet of two lines:બે લીંટીની કડીનો છંદ.

Distil,(ડિસ્ટિલ્)*vi.*[L.*de* & *stillo,*I drop.] To drop:ટપકવું. 2. To rectify:અર્ક;દારૂરૂપે કાઢવું. 3. To dissolve:ઓગાળવું.

Distillation, (ડિસ્ટિલેશન્) *n.* The act of falling or pouring drops: ટપકાંથી-ટપકાંરૂપે પાડવું-રેડવું. 2. That which falls in drops: જે ટપકાં રૂપે પડે છે તે. 3. The operation of extracting spirit:અર્ક કાઢવાની રીત.

Distillery, (ડિસ્ટિલરિ) *n.*The building and works where distilling is carried on:અર્ક વિગેરે કાઢવાની જગ્યા.

Distinct, (ડિસ્ટિન્ગ્કટ્) *a.* [L. *dis* & *tinctus,* marked off.]Having the difference marked:તફાવત-ફેર હોય એવું. 2. Separate in place: જુદું જુદું.3.Clear:સ્પષ્ટ;ખુલ્લું.

Distinction,(ડિસ્ટિન્ગ્શન્)*n* A note or mark of difference: ફેર-તફાવતની નિશાની. 3 Discrimination:સારા સાર-વિવેક.4. Distinguishing quality:ફેરફાર 5.Estimation of difference:ભેદદ્દષ્ટિ.6. Eminence: પ્રખ્યાતિ.

Distinctive,(ડિસ્ટિન્ગ્કિટવ્) *a.* Having the

power to distinguish:પારખનાર; ઓળખનાર.

Distinctly,(ડિસ્ટિન્ગ્ક્ટ્લિ) *adv.* Clearly:સાફ સ્પષ્ટ-ખુલ્લી રીતે.

Distinguish,(ડિસ્ટિન્ગ્વિશ્) *vt.* [L. *dis* & *tingua*,I quench.] To separate by visible marks:ઓળખાવવું.2.To separate:-ના ભાગ-વિભાગ પાડવા.3.To discern by quality: ઓળખવું. 4.To make eminent or known:પ્રખ્યાત-પ્રસિદ્ધ ક૦.*vi.*To perceive the difference:તફાવત-ફેર શોધી કાઢવો-બતાવવો.

Distinguished,(ડિસ્ટિન્ગ્વિશ્ડ્) *a.* Eminent; known;illustrious:પ્રખ્યાત;વિખ્યાત;નામીચું.

Distnguishing,(ડિસ્ટિન્ગ્વિશિન્ગ્) *a* Peculiar;charcteristic:વિલક્ષણ;ભેદદર્શક.

Distort,(ડિસ્ટૉર્ટ્)*vt* [L *dis* & *torqueo*,I twist] To twist out of natural form:કુદરતી આકૃતિ-આકાર બદલી નાંખવો.

Distortion, (ડિસ્ટૉર્શન) *n.* A twisting out of regular shape:વાંકાપણું.2.Crookedness: ફરી જવું તે.

Distract,(ડિસ્ટ્રૅક્ટ્)*vt.*[L.*dis* & *traho*,I draw.] To draw apart or away;to divide:જુદું ખેંચવું.2.To confuse:ગરબડ કરાવી મૂકવી;ગભરાવવું. 3.To render insane:ગાંડું ક૦.

Distracted,(ડિસ્ટ્રૅક્ટેડ્) *a.* Confused;insane; mad:ગભરાયેલું;ચળેલું;ગાંડું;ઘેલું;દિવાનું.

Distraction,(ડિસ્ટ્રૅક્શન)*n.*A drawing apart: જુદું પાડવું તે 2.Perplexity:ગુંચવણ.3.Disorder: બખેડો. 4. Agitation from violent emotions:ટળવળાટ; ડામાડોળ; ગભરાટ. 5. Derangement:ગાંડાઇ.

Distrain,(ડિસ્ટ્રેન) *vt.* [L. *dis* & *stringo*, I draw tight.] To rend; to tear:માગવું 2. To seize for debt:કરજના બદલામાં (માલ જપ્ત કરી) પકડવું;જપ્ત-કબજે કરવું.

Distress,(ડિસ્ટ્રેસ્) *n.* Extreme pain of body દુ:ખ.2.Misfortune દુ:ખ; આફત. 3. A state of danger:આપત્તિ.4.(*a*) The act of distraining:માગણા-લેણીઆને પેટે કબજે-જપ્ત ક૦ તે. *vt.*To pain:દુ:ખ નાંખવું.

Distressful,(ડિસ્ટ્રેસ્ફુલ્) *a.* Afflicting bringing distress:દુ:ખદાયક;દુ:ખદાયી.

Distressing,(ડિસ્ટ્રેસિન્ગ્) *a.*Painful;distressful:દુ:ખદાયી; પીડાકારી;સતાવતું;ક્લેશ પ્રદ.

Distribute,(ડિસ્ટ્રિબ્યૂટ્) *vt.* [L. *dis* & *tribuo*, I give.] To deal out: વહેંચવું. 2. To divide as in classes; to classify:-ના વિભાગ ક૦.

Distribution, (ડિસ્ટ્રિબ્યૂશન) *n.* The act of distributing:વહેંચવું-ભાગ ક૦ તે. 2.Classification:વ્યવસ્થા;વર્ગીકરણ;વિભાગ.3.The arranging of the types:બીબાં ગોઠવવાં તે;કમ્પોઝ છોડવું તે.

Distributive, (ડિસ્ટ્રિબ્યૂટિવ્) *a.* Serving to divide:દરેકને તેનો બરે.બર હિસ્સો પાડી આપતું.A d *adjective or pronoun*:વિયોજક વિશેષણ કે સર્વનામ.

Distributively,(ડિસ્ટ્રિબ્યૂટિવ્લિ)*adv.*By distribution; singly;not collectively:એકેક અનેકેક;જૂદું જૂદું.

District,(ડિસ્ટ્રિક્ટ્) *n.*[L *dis* & *stringo*,I draw tight.] A defined portion of a state or city:જીલ્લો;પ્રાંત 3 A region;a country:મુલક.

Distriction,(ડિસ્ટ્રિક્શન) *n* Flash; glitter:ચળકારો;ચળકાટ.

Distrust, (ડિસ્ટ્રસ્ટ્) *vt.* To doubt:વિશ્વાસ-ભરોસો ન રાખવો. *n.* Want of confidence or faith:અણવિશ્વાસ;શંકા વહેમ.

Distrustful,(ડિસ્ટ્રસ્ટ્ ફુલ્) *a.*Apt to distrust: અણવિશ્વાસ-ભરોસો રાખવું રાખવા લાયક.

Distrustfulness, (ડિસ્ટ્રસ્ટ્ ફુલ્નેસ્) *n.* Want of confidence:અણુવિશ્વાસ;અણભરોસો.

Distrustless, (ડિસ્ટ્રસ્ટ્લેસ્) *a.* Trustful; free from distrust:વિશ્વાસ રાખવા લાયક;વિશ્વાસવાળું.

Disturb,(ડિસ્ટર્બ્)*vt.*[L *dis* & *turba*,tumult] To throw into confusion: ગભરાટમાં નાંખવું. 2. To interrupt:-ને હરકત કરવી.

Disturbance,(ડિસ્ટર્બન્સ્) *n.* Disorder:હરકત. 2. Perplexity:ગભરામણ 3.Tumult:હુલ્લડ.

Disunion,(ડિસ્યૂનિઅન) *n.* Separation:જુદાઇ. 2. Contention:કજીઓ.

Disunite,(ડિસ્યૂનાઇટ્) *vt.*To divide:છુટું જુદું ક૦ *vi.* To part:જુદું પડવું.

Disunity,(ડિસ્યૂનિટિ)*n* A state of separation a want of union of feeling:જુદાઇ;કુસંપ.

Disuse,(ડિસ્યૂસ્)*n.*[L *dis* & *usus*,use]Cessation of use:અવ્યવહાર;ગેરવહિવટ;બિનરિવાજ;*vt.* To cease to use:ઉપયોગમાંથી કાઢી નાંખવું.

Disutilized, (ડિસ્યૂટિલાઇઝ્ડ્) *a.*Deprived of utility;worthless:વાપરવિનાનું.

Disvouch,(ડિસ્વાઉચ્) *vt.*To discredit:ન માનવું;વિશ્વાસ ન રાખવો;ઉલટું કહેવું.

Ditch,(ડિચ્) *n.*A trench for draining wet land:ખોદેલી ખાડી.*vt.*To dig a ditch:ખાઇખોદવી.

Dition,(ડિશન)*n.*[L.*do*,I give.]Rule; power; government;dominion:કાયદો;ધારો;સત્તા.

Ditto,(ડિટ્ટો)*n*[L.*dictum*,said.]The aforesaid thing:ઉપર કહેલી વાત.

Ditty,(ડિટ્ટી) *n.* [L. *dico*,I say.] A saying or utterance:બોલવું ઉચારવું તે;ઉચ્ચાર.2 A song;a sonnet:ગાન;ગીત;ગાણું.*vi* To sing:ગાવું;રાગ કાઢવો.

Diuretic,(ડાઇયૂરીટિક્) *a.* [Gr. *dia* & *ouron*, urine.]Tending to increase the secretion & discharge of urine:મૂત્રવર્ધક;મૂત્રોત્પાદક.

Diurnal,(ડાઈઅર્નલ્) *a.* [L. *dies*, a day.] Relating to the daytime:દહાડા-સંબંધી.2.Daily

કરેરોજનું.*n*. A daybook:રોજમેળ; ચોપાનિયું.
Divan,(ડિવૅન્)*n*.A book:ચોપડી. 2 The court of justice:ઠરાવ કરનારી સભા. 3. The council chamber: દિવાનખાનું. 4. A chief officer of a state:દિવાન.
Divaricate,(ડાઇવૅરિકેટ્)*vt*.[L. *dis* & *varus*, bent.] To part into two branches: બે ભાગ-ફાંટા કo. 2. To diverge widely: પહોળું હોવું.
Dive,(ડાઇવ્)*vi*. To descend or plunge into water:પાણીમાં ડુબકી મારવી-ખાવી.2. To study thoroughly:-ના વિષે સંપૂર્ણ જાણવું.*n*.A plunge into water:ડુબકી.
Diver, (ડાઇવર્) *n*. One who dives:ડુબકી મારનાર.2.One who goes deeply into a study or business:કોઈ કામ તથા અભ્યાસમાં ઉંડો ઉતરનાર-પેસનાર.
Diverge,(ડિવર્જ) *vi*. [L. *dis* & *vergo* I incline.]To proceed from a common point in different directions:.મધ્ય બિંદુમાંથી નિકળીને આડા જુદી જુદી દિશામાં ફંટાતાં જવું.
Divergence-cy, (ડિવર્જન્સ-ડિવર્જન્સિ) *n*. A receding from each other in radiating lines:કેંદ્રાપસરણ.2. Disagreement:ફેર;તફાવત.
Divergent, (ડિવર્જન્ટ્) *a*. Departing: આડું ફાટનારૂ.
Diverse,(ડાઈવર્સ) *a* [L. *dis* & *verto*,I turn.] Various:જુદું જુદું. 2 Several:કેટલાંએક.
Diverse, (ડિઇવર્સ) *a*. Different:તરેહનું; જુદું. જુદુ. *vi*. To turn aside:આઘું ખસેડવું.
Diversification, (ડિવર્સિફિકેશન્)*n*.The act of changing forms: આકાર-રૂપ બદલવું તે. 2. Change;alteration:ફેરબદલી;બદલાવું તે;ફેર.
Diversify, (ડિવર્સિફાઇ) *vt*. [L. *diversus* and *facio*,I make] To make various in form or qualities:જુદી જુદી જાત.
Diversion,(ડિવર્શન્) *n*. The act of turning aside from any course: ફેરફાર; પરિવર્તન. 2. Sport:વિલાસ;રમત
Diversity, (ડિવર્સિટિ) *n*. Dissimilitude: જુદા જુદા પણું. 2. Variety:ભેદ;ભિન્નતા.
Divert,(ડિવર્ટ્)*vt*.[L.*dis* & *verto*,I turn.]To turn aside:આડું ચલાવવું-ફેરવવું. 2. To amuse: ગમત કo;મનરંજન કo.
Diverting,(ડિવર્ટિંગ્)*a*.Amusing; entertaining:ખુશકારક;ખુશ કરતું:મનોરંજક.
Divertisement,(ડિવર્ટાઈઝ્મેન્ટ્)*n* Diversion; amusement;recreation:રમત;ગમત;વિનોદ;વિલાસ
Divest,(ડિવેસ્ટ્)*vt*.[L.*dis* & *vestio*,I clothe.] To strip(*as of clothes, arms, &c.*):ઉતારી લેવું; લુગડાં ઉતારવાં; નાગું-નવસ્ત્ર કo. 2. To deprive:છીનવી લેવું.
Dividable,(ડિવાઇડેબલ્) *a*. Divisible:વહેંચવા જેવું;વિભાજ્ય.2. Divided;separate:ભાગેલું;જુદું વહેંચેલું. [જુદું જુદું થયેલું;વહેંચાયેલું.
Divident,(ડિવિડેન્ટ્) *a*. Different;separate:
Divide,(ડિવાઇડ્)*vt*. [L. *divido*,I divide] To separate:-ના ભાગ વિભાગ કo.2. To cause to be separated:જુદું કo પાડવું.3.To distribute: વહેંચી આપવું.4.To disunite in opinion:મતફેર-ભેદ પડાવવો.5 To separate into parts (*according to votes*):(મત પ્રમાણે)બે ભાગ પાડવા *vi*. To be separated:ભાગ થવા-પડવા;જુદું થવું પડવું.
2.To vote by separating a legislative house into two parts:બે ભાગે જુદાં જુદાં બેસીને મત આપવો.3.To have a share:ભાગ લેવો; માં હિસ્સો.
Dividend, (ડિવિડેન્ડ્) *n*. A sum divided: ફાળો;વાંટો; લાભ; હિસ્સો; ભાગ. 2. A quantity which is to be divided:ભાજ્ય.
Divider,(ડિવાઇડર્)*n*.One who or that which divides:ભાગનાર;છેદક;ભોજક 2.A distributor: વહેંચનાર.
Divination, (ડિવાઇનેશન્) *n*. A foretelling future events:ભવિષ્યમાં બનવાના બનાવ કહેવા તે.
Divine,(ડિવાઇન્)*a*.[L.*divus*,a God]Belonging to God: ઇશ્વરી. 2. Religious: ધાર્મિક. 3. Godlike: દિવ્ય. *n*. A priest: પાદરી. *vt*. to foresee:ભવિષ્ય કહેવું.*vi*.To afford omens or auguries:શુકન-ભવિષ્ય કહેવું. 2. To guess:અટકળ ધારણા બાંધવી.
Divinity,(ડિવિનિટિ)*n*.The nature or essence of God;deity; godhead:ઇશ્વરપણું; પરમેશ્વર.
Divisibility(ડિવિઝિબિલિટિ)*n* The quality of being divisible:વહેંચાઇ જવાનો ગુણ.
Divisible, (ડિવિઝિબલ્) *a*. Capable of being divided or separated:ભાગ પાડવા લાયક.
Division,(ડિવિઝન્)*n*.The act of dividing: ભાગ પાડવા-જુદું પાડવું તે. 2. The state of being divided;separation:વહેંચણ;વિભાગ;વાટણી. 3.That which divides;a partition:પડદો;પડ; 4 (*a*) The portion separated by the dividing of a mass:અંશ;કકડો.3.Discord:વિરોધ. 4. The reverse of multiplication:ભાગાકાર. 5. The distribution of a discourse into parts:પ્રકરણ.
Divisive, (ડિવાઈઝિવ્) *a*. Forming division: ભાગ પાડતું.2.Creating discord:કુસંપ કરતું.
Divisor,(ડિવાઇઝોર્)*n*. (*Arith*)The number by which the dividend is divided:ભાજક.
Divorce,(ડાઇવૉર્સ્)*n*.[L *dis*&*verto*,I turn.]A legal dissolution of the bonds of metrimony:ફારગતી.2.The decree or writing by which a marriage is dissolved: લગ્નનો છુટો છેડો કરનાર હુકમ-આજ્ઞાપત્ર. *vt*. To separate by divorce:છુટા છેડા કo.

Divorcement, (ડિવૉર્સ્‌મેન્ટ્‌) *n*.Dissolution of the marriage tie;divorce:છુટા છેડાની ચીઠ્ઠી.

Divulge, (ડિવલ્જ્‌) *vt*. [L *dis* & *vulgus*,the multitude.]To make public:પ્રકટ-પ્રસિદ્ધ કo. 2. To impart: આપવું;જણાવવું;કહેવું.*vi*.To become publicly known:ફેલાવું પડવું.

Dizziness, (ડિઝિનેસ્‌) *n*.Giddiness;vertigo: તમ્મર;ફેર;ચક્કર;ચકરી.

Dizzy, (ડિઝિ) *n*. Giddy: ફેર, ચક્કર આવતું. 2. Causing dizziness: ફેર-તમ્મર-ચક્કર લાવે એવું. *vt*.To make giddy:ભમ્મર ચક્કર આવે એમકo.

Do,(ડૂ)*vt*.To cause:કરાવવું;કરવું 2. To perform as an action:કૃત્ય કo.3.To finish:પૂર્ણ કo 4.To make ready for use, as food by cooking: કામમાં આવે એમ તૈયાર કo *To* **d**.*away* with,to remove;to destroy:કાઢી નાંખવું *To* **d**. *one's business*,to ruin one: નું કાટલું કo; નું કામ કાઢી નાંખવું.*To* **d**.*to death*,to put to death: મારી નાંખવું.To accomplish thoroughly:બરોબર પુરે-પુરૂં કo.*To* **d** *with*,to dispose of:ની વ્યવસ્થા-ગોઠવણ કo.*To have to* **d**.*with*:નું કામ હોવું;-ની સાથે નિસબત હોવી.*Done up* (*a*) Ruined:નાશ પામેલું.*vi*.To act or behave in any manner: ગમે તેવી રીતે ચાલવું. 2. To fare:તબીઅત-મિજાજ-પ્રકૃતિ હોવી.*To* **d** *withal*,to help or prevent: અટકાવવું રોકવું.

Doab, (ડોઅબ્‌) *n*. A tract of land included between two rivers:બે પાણી વચ્ચેનો મૂલક.

Doat,(ડોટ્‌)*vi*.See **Dote**

Docible,(ડૉસાઇબલ્‌)*a*.Docile;teachable:જલદી-સેહેલાઇથી શીખવી-પાળી-શકાય એવું;નમ્ર.

Docile,(ડૉસાઇલ્‌)*a* [L.*docio*,I teach.]Teachable:શીખવી શકાય એવું;શીખવાને તત્પર.

Docility,(ડૉસિલિટિ) *n*.Teachableness; readiness to learn:શીખવાને તત્પર હોવું તે;ગરીબાઇ.

Docimacy,(ડાસિમૅસિ)*n*.[Gr.*dokimos*,tested.] The act or practice of applying tests to ascertain the nature:કુદરત-વસ્તુના કસની તપાસ.

Dock,(ડૉક્‌)*n*.Space between two piers for the reception of ships:વહાણ આવે તેને રાખવાને માટે બે પથ્થરના થાંભલા વચ્ચેની જગ્યા 2.The place where a criminal stands in court: ગુન્હેગારને કોરટમાં ઉભા રહેવાની જગા;પાંજરૂ. *Dry* **d**.:જેમાંથી પાણી ઉલેચી નંખાય અગર દુર રાખી શકાય એવી ગોદી.*Wet* **d**: વહાણ આવ જા કરી શકે એટલું પાણી જેમાં રાખેલું હોય એવી ગોદી.

Dockage,(ડૉકિજ્‌)*n*.A charge for the use of a dock:ગોદીનું ભાડું.

Docket,(ડૉકેટ્‌)*n*.A summary or digest:ટાંચણ.2 A label:માલપર ચોહોડેલી ચીઠ્ઠી;માલ સાથે બાંધેલી ચીઠ્ઠી.3.(*Law*)A list of causes ready for trial: કોરટના મુકદ્દમાની નોંધ. 4. On the *docket*,in hand:હાથમાં. *vt*. To abstract and enter in a book:લેખવું સુચિપત્ર કo.

Dock-yard,(ડૉક્‌યાર્ડ્‌)*n*.A yard or magazine near a harbour for containing all kinds of naval stores and timber:વહાણના સામાનની વખાર;ગોદી.

Doctor, (ડૉક્ટર્‌) *n*. [L. *doceo*, I teach.] A teacher;a learned man:પંડિત;વિદ્વાન 2. One who has received the highest degree in a faculty:એકાદ વિદ્યામાં સૌથી મ્હોટી પદ્દી મેળવી હોય એવો પુરૂષ.3. A physician: દાક્તર;વૈદ. *vt*. To treat as a physician:દવા કરવી.

Doctrinal, (ડૉક્ટ્રિનલ્‌) *a*.Pertaining to doctrine:મત સંબંધી. 2. Pertaining to the act or means of teaching:ઉપદેશ રૂપ.

Doctrine,(ડૉક્ટ્રિન્‌)*n*.Teaching:ઉપદેશ;શિક્ષા.2. A tenet:જે શિખવવામાં આવે છે તે;મત.*Traditional* **d**:સંપ્રદાય.**D**.*of evolution*:પરિણામવાદ.

Document,(ડૉક્યૂમેન્ટ્‌)*n* [L.*doceo*, I teach] Anything furnishing proof or evidence: લેખ;દસ્તાવેજ.

Documental-ry, (ડૉક્યૂમેન્ટલ્‌-રિ) a. Pertaining to written evidence:લેખી; દસ્તાવેજ.

Dodecagon;(ડોડેકૅગોન્‌)*n*.[Gr.*dodeka*,twelve & *gonia*,angle.]A regular figure bounded by twelve equal sides and containing twelve equal angles:બાર સરખી બાજુ અને બાર સરખા ખૂણાવાળી આકૃતિ

Dodge,(ડૉજ્‌) *vi*. To start suddenly aside: એકા એક ખસી જવું. 2. To play fast & loose: છળભેદ કo.*vt*.To evade by craft:ફેડાવવું;માથેથી કાઢી નાંખવું. *n*. A clever contrivance: પેચ; દાવપેચ;છળ.

Doe,(ડો)*n*.A she-deer;the female of the fellow-deer:મૃગલી;હરણી;સાબરી;મૃગી.

Doff, (ડૉફ્‌)*vt*.To put off:ઉતારવું;(લુગડાં)કાઢવાં;દુર કo.2.To rid one's self of:કાઢી નાંખવું. *vi*.To take off the hat:ટોપી ઉતારવી

Dog, (ડૉગ્‌) *n*.A quadruped:કુતરો-રી-રૂં;શ્વાન.2. A mean worthless fellow:દુષ્ટ;અધમ-માણસ 3. One of the two constellations in the southern hemisphere:લુબ્ધકનો તારો.4. An iron for holding wood in fire-place;a firedog:ચીપીઓ.A **d** *in the manger*:ઘાસની ગંજીનો કુતરો **D** *cheap*,very cheap:ઘણું સોંઘુ-સસ્તું,*To give or throw to the* **d**,to throw away:નજીવું-નકામું હોવાથી ફેંકી-નાંખી દેવું. To go the *dogs*, to be ruined:નાશ-પાયમાલ થવું.

Dog-cart, (ડૉગ્‌કાર્ટ્‌) *n*. A two wheeled or a four wheeled carriage;one horse vehicle for sportsman: શિકારીઓને સારૂ બે અથવા ચાર પૈડાંની એક ઘોડે જોડવાની ગાડી;ડાકીયાડું.

Dog-ear.(ડૉગ્ઇઅર્)*vt.* To turn down the leaf of a book:ચોપડીના પાનાનો ખુણો વાળવો.

Dog-fox,(ડૉગ્ફૉક્સ્) *n.* A male fox:નર લોંકડી.

Dogged,(ડૉગ્ડ્)*a.* Obstinate:સદા ઉદાસ;હઠીલું.

Doggerel,(ડૉગ્ગરેલ્)*a.* Low in style and irregular in measure:જેવી તેવી ગોઠવેલી.*n* Low styled and irregular verse:જેવી તેવી ગોઠવેલી અને હલકી-કવિતા.

Doggish,(ડૉગિશ્)*a.* Like a dog;churlish:કુતરા જેવું;ધુરકતું;હઠીલું;કઠોર.

Dogma, (ડૉગ્મે) *n.* [Gr. *dokeo,* I think.] A tenet; a doctrine: વિષય; મત; વાકય. **2.** An established tenet:સ્થાપિત મત-વાત.

Dogmatic-cal, (ડૉગ્મૅટિક્-કૅલ્) *a.* Pertaining to an established doctrine: સ્થાપિત-સિદ્ધ મત સંબંધી.

Dogmatism, (ડૉગ્મૅટિઝમ્) *n.* Arrogance or positiveness in opinion:સ્વમતાભિમાન.

Dogmatist,(ડૉગ્મૅટિસ્ટ્)*n.* A positive asserter:સ્વમતાભિમાની;સ્વમતવાદી; સ્વમતાગ્રહી.

Dogmatize, (ડૉગ્મૅટાઇઝ્) *vi.* To teach with bold and undue confidence: બહુજ ખાતરજમાથી મત-અભિપ્રાયશિખવવો.

Dog-sleep,(ડૉગ્સ્લીપ)*n.* Pretended sleep:ઢોંગ કરીને ઉંઘવું તે;શ્વાનનિદ્રા.

Dog star,(ડૉગ્-સ્ટાર્)Sirius: લુબ્ધકનો તારો.

Dog-tooth, (ડૉગ્ટુથ્) *n.* A sharp pointed human tooth:કુતરીઓ દાંત;રાક્ષસી દાંત.

Doily, (ડૉઇલિ) *n.* A species of wooden stuff: એક જાતનું ઉનનું લુગડું.

Doit, (ડૉઇટ્) *n.* A small dutch coin worth about half a farthing:એક નાનો આશરેમે પાઇની કિંમતનો ડેન્મર્કનો શિક્કો.

Dole,(ડૉલ્)*n.* Distribution:ભાગ પાડીને વહેંચવું તે;વહેંચણી.*vt.* To deal out in small portions: આપવું.

Doleful, (ડૉલ્ફુલ્) *a.* Full of grief;expressing sorrow;melancholy:શોકાતુર;દિલગીરી ભરેલું.

Dolent-le-some, (ડૉલેન્ટ્-ડૉલ્સમ્) *a.* Sorrowful;dismal:દિલગીરી ભરેલું;શોકાતુર.

Doll,(ડૉલ્)*n* A puppet or baby for a child: છોકરાંને રમવાની પૂતળી; પુતળું-રમકડું ઢીંગલી.

Dollar,(ડૉલર્)*n.* A silver coin: (આશરે સવા બે રૂપિયાની કિંમતનો યુરોપ તથા અમેરિકાના કેટલાક દેશમાં ચાલતો)રૂપાનોસિક્કો.

Dolour,(ડૉલર્)*n* [.L.*doleo,*I feel pain.]Pain; grief;distress:દુઃખ;સંકટ;શોક;ખેદ.

Dolorous,(ડૉલરસ્)*a.* Sorrowful;dismal:શોકકારક;ખેદકારક.

Dolphin, (ડૉલ્ફિન્) *n.*[L.*dolphinus.*]A kind of fish:એક જાતનું માછલું;શિશુમાર.

Dolt,(ડૉલ્ટ)*n.* A blockhead: ઠોઠ-જડી-મંદ બુદ્ધિનો માણસ;પથરો;ગધેડો *vi.* To waste time foolishly:મૂર્ખાઇથી વખત ગુમાવવો.

Doltish,(ડૉલ્ટિશ્)*a.* Dull in intellect:મૂર્ખ;જડ-જાડી-મંદબુદ્ધિનું.

Domain, (ડૉમેન્) *n.* [L. *dominus,* a lord.] Dominion:રાજ્ય.**2.** The territory over which authority is exerted:પ્રદેશ.**3.** The land about the mansion house of a lord and in his immediate occupancy:વતની જમીન.

Dome, (ડૉમ્)*n.*[L.*domus,*a house]A building;a house: ઈમારત; ઘર. **2.** A cupola: ઘુમટ; ડેરું;કળશ.

Domestic, (ડૉમેસ્ટિક્) *a.* Belonging to the house or home:ઘર કુટુંબનું-સંબંધી.**2.** Remaining much at home:જાયુ રહેનાર.**3** Tame:પાળેલું.**4** Made in one's own house or country: ઘરઘરાઉ;ઘરગતું;પોતાના દેશમાં બનેલું,ગામઠી;દેશી;તળબદુ.*n* A house servant;ઘરનો ચાકર:કિંકર;સેવક **2.** Cotton goods:દેશી સુતરાઉ માલ(કાપડ).

Domestical, (ડૉમેસ્ટિકૅલ્)*a.* Domestic:કુટુંબઘરસંબંધી *n.* A family;a household: કુટુંબ-ઘર.

Domesticate, (ડૉમેસ્ટિકેટ્) *vt.* To make domestic;to accustom to home:ઘરમાં-ઘર કામમાં રહેવાનીટેવ પાડવી **2.** To tame:હેળવવું;પાળવું; વશ-આધીન ક૦.

Domestication,(ડૉમેસ્ટિકેશન્)*n.* The act of accustoming to home or of taming wild animals:ઘેર-ઘર કામમાં રહેવાની ટેવ પાડવી તે.

Domicile,(ડૉમિસાઇલ્)*n.* An abode:રહેઠાણ.*vt.* To domicilate:વસાવવું;કોઈનાં ઘરબાર વસાવવાં.

Dominant,(ડૉમિનૅન્ટ્)*a.* Ruling;governing; predominant:જબર;પ્રબલ;પ્રધાન;શ્રેષ્ઠ;સત્તાચલાવતું

Dominate,(ડૉમિનેટ્)*vt.*[L.*dominus,*a lord.] To rule:ઉપર રાજ્ય ચલાવવું.*vi.* To predominate: જબરદસ્ત-પ્રાબલ્યવાન થવું.

Domination, (ડૉમિનેશન્)*n.* Dominion:અધિકાર રાજ્ય કરનારી ટોળી.

Domineer,(ડૉમિનીર્)*vi* To rule with insolence:ઉદ્ધતાઈથી રાજ ક૦-હુકુમત ચલાવવી.

Dominicans, (ડૉમિનિકૅન્સ્) *n. pl.* A sect of monks:મઠવાસીઓ;બાવાઓ.

Dominion, (ડૉમિનિઑન્) *n.* Empire:રાજ્ય.**2.** That which is governed; territory: રાજ્ય; તાબાનો મુલક.

Domino, (ડૉમિનો) *n* A kind of hood:એક જાતનો લુગડાનો ટોપ. **2** A mourning veil:શોકમાં પહેરાતો ઘુમટો.**3.** A person wearing a domino લુગડાના ટોપવાળી ટોપી પહેરનાર માણસ.

Don,(ડૉન્)*vt.* To put on:પહેરવું. *n.* A grand personage:મ્હોટા માણસ.

Donate,(ડૉનેટ્)*vt.* [L.*dono,*I give.]To give; to grant:આપવું;બક્ષવું;બક્ષીસ તરીકે આપવું.

Donation, (ડૉનેશન્) *n.* The act of giving: આપવું-બક્ષવું તે. 2. A gift:બક્ષિસ;ભેટ.
Donative, (ડૉનેટિવ્) *n.* A gift; a present: ભેટ. 2. A benefice:ઉપાધ્યાય-પુરોહિતની વૃત્તિ.
Done, (ડન) *p p.* Performed; executed or finished:કરેલું;કીધેલું;પુરૂં કરેલું.
Donee, (ડૉની) *n.* The person to whom the gift or donation is made: જેશખ્સ-માણસને બક્ષિસ મળી હોય તે.
Donkey,(ડૉન્કી) *n.* An ass or mule: ખચર.2. A stupid fellow:મૂર્ખ-જડ માણસ.
Donor,(ડૉનર્)*n* A benefactor:ભેટ કરનાર;દાતા.
Doodle,(ડૂડલ્)*n.* A trifler;a simple fellow: ભોળો માણસ;ભોળાનાથ. [ડોળી.
Dooly,(ડૂલિ)*n.* A palanquin; a litter:પાલખી;
Doom, (ડૂમ્) *vt.* To judge:-નો ઈનસાફ કo. 2. To condemn:શિક્ષા.સજા-દંડ ઠરાવવો.3.To destine:નિર્માણ કo;નિર્મવું.*n.*Unhappy fate or destiny:દુર્દૈવગતિ.2.Ruin;death:મોત;પાયમાલી નાશ
Dooms-day,(ડૂમ્ઝ્ડે)*n.* A day of sentence: કયામતનો દિવસ.2 The day of the final judgment:છેલ્લો ન્યાય ચૂકવવાનો દિવસ;કયામત.
Dooms-day-dook,(ડૂમ્ઝ્ડેબૂક્)*n.*A bookcompiled by order of William the Conqueror, containing a survey of all the land in England, their ownership, value, &c.: પહેલા વિલિયમ રાજાના હુકમથી તૈયાર કરવામાં આવેલું ઇગ્લાંડની સઘળી જમીનની માપણી;તેમની માલકી તથા કિંમત વિગેરેનું દફતર.
Door, (ડૉર્) *n.* An entrance:બારણું; દરવાજો. 2. A frame of boards:બારણું. 3. Passage: પ્રવેશમાર્ગ. Out of *door* or without *doors*, abroad:બહાર.*To lie at one's* **d.**,to be chargeable: ને માથે આવવું.
Door-case,(ડૉર્કેસ્)*n.*The frame which incloses a door:બારણાનું ચોકઠું.
Door-keeper,(ડૉર્કીપર્)*n.*A porter:દરવાન દ્વારપાળ;પ્રતિહાર.
Door-post,(ડૉર્પોસ્ટ્)*n.*The post or side piece of a doorway:બારસાખ; દ્વારશાખા.
Door-way,(ડૉર્વે)*n.* The passage of a door: બારણાનો રસ્તો;વાટ;દરવાજો.
Dormancy, (ડૉર્મન્સિ) *n.* Abeyance;quiescence:આરામ;ઉંઘ;વિશ્રાન્તિ.
Dormant,(ડૉર્મન્ટ્)*a.* [L *dormio* I sleep.] Sleeping:ઉંઘતું *n.* A partner:ભાગીદાર.*Table* **d.**, a stationary table:લખવાનો સરસામન રાખવાનું મેજ.
Dormitory,(ડૉર્મિટરિ)*n.* A bed room; a lodging house: સુવાની જગા-ઓરડો; શયનગૃહ.
Dormouse,(ડૉર્માઉસ્)*n.*[L.*dormis* & *mouse*] A wild mouse:રાની-જંગલી ઉંદર.
Dorsal,(ડૉર્સલ્) *a.* [L. *dorsum*, the back.] Pertaining to the back:વાંસા-પીઠનું-સંબંધી.
Dose,(ડોસ્)*n.*[L.*do*,I give.] The quantity of medicine given or prescribed to be taken at one time:એક વખતને માટે કહેલી-આપેલી દવા.
Dost,(ડસ્ટ્) The second person of *do*: 'ડુ'નો બીજો પુરૂષ.
Dot, (ડૉટ્) *n.* A small point or spot: નાનું ટપકું.*vt* To mark with dots,specks:ટપકું મુકવું.
Dotage,(ડૉટેજ્)*n.* Imbecility of mind: સાઠી બુદ્ધિ.2. Excessive fondness: અતિ પ્રેમ;ગાંડાઇ.
Dotard, (ડૉટર્ડ્) *n.* A man whose intellect is impaired by age:ઘડપણને લીધે ખસેલી બુદ્ધિનું માણસ;સાઠીબુદ્ધિનું;ક્ષીણબુદ્ધિ.
Dotation,(ડૉટેશન્)*n.*[L.*dotis*,dower.] The act of endowing a marriage portion on a woman:કોઇપણ સ્રીને પરણવાની રીત આપવી તે.
Dote-Doat,(ડૉટ્)*n.* [L *do* I give.]*vi.* To be weakminded: મગજ-બુદ્ધિ નબળી થવી. 2. To love to excess:અત્યંત-બેહદ ચાહવું.
Dotingly,(ડૉટિન્ગ્લિ)*adv.* Foolishly;unduly fondly:મૂર્ખાઇથી;કમઅકલથી; ઘેલા-ગાંડાપણાથી.
Dotish,(ડૉટિશ્)*a.* Foolish; weak; imbecile: મૂર્ખ;કમઅક્કલનું;નબળું;નબળા મનનું.
Double,(ડબલ્)*a.*[L.*duo*,two & *plico*,I fold] Twofold: બેવડું. 2. In pairs: જોડ. **D.** *play*: એકજ વખતે બે રમનારાનો દાવ થઇ રહે તેવી રમત. *adv.*Twice;twofold:બમણું.*vt.* To multiply by two:બમણું કo.2.To pass around ;by:-ની પ્રદક્ષિણા દo. *vi.* To increase or grow to twice as much:બેવડું-બમણું થવું.
Double-barrelled, (ડબલ્બૅરેલ્ડ્) *a.* Having two barrels:બે નળી વાળું.
Double dealing,(ડબલ્-ડીલિન્ગ્)*n.* Duplicity deceit:પ્રપંચ;તર્કટ,કપટ;દગો.
Double-entendre,(ડબલ્-આંન્ટાંન્ડ્ર)*n.*A word, or expression admitting of a double interpretation:દ્વીઅર્થી બે અર્થનો શબ્દ-વાક્ય.
Double faced,(ડબલ્-ફેસ્ડ્) *a.* Showing two faces;deceitful:બે ચ્હેરાનું;દગાખોર; ઉભયમુખ.
Double hearted,(ડબલ્-હાર્ટેડ્):*a* Deceitful; treacherous:દગાખોર;પ્રપંચી;કપટી.
Double-minded,(ડબલ્-માઇન્ડેડ્) *a.* Having an unsettled or wavering mind:ચળીત-અમતા મન વાળું.
Doublet, (ડબ્લેટ્) *n.* A pair; a couple: જોડું; જોડ.2.A word unintentionally set up the second time:ઇરાદા વિના બીજીવાર છપાઇ ગયેલો શબ્દ. 3.A waistcoat or a vest:બદન;બંડી.
Doule-tongued, (ડબલ્-ટન્ગ્ડ્) *a.* Making different declarations:બે બોલીવાળું.
Doubling,(ડબ્લિન્ગ્) *n.* The act of making

double:બેવડું-બેગણું-બમણું ક૦ તે; પ્રદક્ષિણા.
Doubly,(ડબ્લિ) *adv.*In twice the quantity; to twice the degree:બેવડું;બમણું;દ્વિગુણ.
Doubt,(ડાઉટ્) *vi.*[L. *dubitus,* doubtful.] To hesitate:સંશય-શંકા લાવવી. *vt.* To withhold assent to:અણુવિશ્વાસ રાખવો. *n.* Uncertainty of mind:સંશય. 2. Suspicion: વહેમ. *No* **d.** undoubtedly:બેશક;નિઃસંશય.
Doubtful, (ડાઉટ્ ફુલ્) *a.* Undetermined:અનિશ્ચિત.2. Admitting of doubt:શક ભરેલું.3. Dubious:સમજાય નહિં એવું.
Doubtless, (ડાઉટ્લેસ) *a.* Free from fear or apprehension:નિઃશક. *adv.*Without doubt or question:બેશક.
Doubtlessly,(ડાઉટ્લેસ્લિ) *adv.* Unquestionably:નિશ્ચે;ખચિત,નક્કી;નિશ્ચય પૂર્વક;સંદેહ વિના.
Dough,(ડો)*n.*Paste of bread:બાંધેલો લોટ; કણક.
Doughty,(ડાઉટિ)*a.*Patient:ધીરજવાન; પરાક્રમી; પ્રતાપી;જવાંમર્દ. [જોરું;નરમ;પોચું.
Doughy,(ડોઇ)*a.* Like dough; soft;pale: કણેક
Douse, (ડાઉસ) *vt.* To dip:પાણીમાં ઝંપલાવવું; ડુબકી મારવી.2.To lower in haste:ઉતાવળથી ઉતારવું 3. To extinguish:ઓલવી નાંખવું. *vi.* To fall suddenly into water:એકદમ પાણીમાં પડવું.
Dove,(ડવ્)*n.* A tame pigeon:પાળેલું ખબૂતર.
Dove cot(ડવ્કૉટ્)*n.*Any apartment or house for doves:કબૂતરખાનું.
Dovelet,(ડવ્લેટ્)*n.* A young or small dove: કબૂતરનું બચ્ચું;નાનું કબૂતર.
Dove-like,(ડવ્લાઇક્) *a.* Like a pigeon:કબૂતર જેવું;ગરીબ;નરમ.
Dove-tail,(ડવ્ટેલ્)*n.*The fastening boards or timbers to-gether:સાલ. *vt.* To fit skilfully:સાલ બેસાડવાં.
Dowager,(ડાઉએજર) *n.* A widow having a jointure:જે વિધવાને પોતાના સ્વામીના મરણપછી ભોગવટો કરવાને મિલ્કત-ધન મળ્યું હોય તે.2. A title applied to the widows of personages of rank:મરનાર રાજા કે અમીરની વિધવાનો ખિતાબ.
Dowdy,(ડાઉડિ) *n.* An awkward, inelegant woman:કદરૂપી-બદસુરત સ્ત્રી.*a.* Awkward; ill-dressed;inelegant:કદરૂપું;બદસુરત-શિકલ;બેડોળ.
Dowers,(ડાઉઅર્) *n.* [L, *doto,*I endow.] Endowment:બક્ષિસ;ઇનામ.2.That which a woman brings to a husband in marriage: પલ્લું,પેહેરામણી.
Down,(ડાઉન) *n* Fine;soft,hairy outgrowth (on the skin of animals):રૂવાં;પર *vt.*To cover or stuff with down:રૂ દાબીને ભરવું. *n.* A hillock of sand:રેતીનો ઢગલો. ખરાબાની જમીન; ખરાબો;મેદાન.2.A road for shipping in the English channel:ઇન્ગ્લીશ ખાડીમાં વહાણો નારવાનો રસ્તો. *Prep.* From a higher to a lower state upon or within: નીચે. 2. Towards the mouth of a river:નદીના મુખ-બારા તરફ. **D.** *with,* put down:નાંખી-ફેંકી દેવું. *Up. and.***d.**,with rising and falling motion:ઉપર નીચે. *To be* **d**.*on,* to dislike:તિરસ્કારથી વર્તવું.
Downcast,(ડાઉન્કૅસ્ટ્)*a.*Cast downward;dejected:ઉતરી ગયેલું;ઉદાસ.
Downfall, (ડાઉન્ફૉલ્) *n.* A falling downward:નીચે પડવું તે;ધોધ;ધોધવો.2. Destruction; ruin:નાશ;પાયમાલી;ખરાબી;પડતી;સત્યાનાશ; ક્ષય.
Downhill,(ડાઉન્હિલ)*n.* Descent;slope:ઢોળાવ; ઉતરણ;ઉતાર.*a.*Descending;sloping:ઢળતું; ઢોળાવ-ઉતારવાળું.
Down-right, (ડાઉન્-રાઇટ્) *adv.* Absolutely: સાફ.2.Without delay:ઢીલ-વાર કીધા સિવાય; તરત.*a* Plain:દેખીતું.2.Artless:કાવતરા વિનાનું.
Down-sitting, (ડાઉન્-સિટિન્ગ્) *n.* Repose; resting:આરામ;વિશ્રાન્તિ.
Down-trodden, (ડાઉન્-ટ્રોડન્) *a.* Trodden down;trampled down:ચગદી નાંખેલું.
Downward-s, (ડાઉન્વર્ડ્-ડાઉન્વર્ડ્ઝ્) *adv.* In descending direction:નીચે;તળે. 2. From a higher to a lower condition:ઉંચી સ્થિતિમાંથી નીચી સ્થિતિ-હાલતમાં;કંગાલ સ્થિતિમાં. *a.* Declivous:ઢોળાવ પડતું.
Downy,(ડાઉનિ) *a.* Covered down:રૂવાંથી ઢાંકેલું.2.Soft;calm;quiet:નરમ;સુવાળું;કોમળ;સુકુમાર
Dowry,(ડાઉરિ)*n.* A gift;a given fortune:બક્ષિસ;ઇનામ આપેલો પૈસો 2.The portion given with a wife; dower:પહેરામણી;પલ્લું; સ્ત્રીધન.
Dowse, (ડાઉસ) *vt.* To plunge into the water:પાણીમાં બોળવું.2.To beat:મારવું *n.* A blow on the face:ધોલ;તમાચો.
Doxology,(ડૉક્સૉલૉજિ)*n* [Gr.*do na,*glory & *logos,*speech]In Christian worship, a hymn expressing praise and honor to God:ખ્રિસ્તિ લોકોની પ્રાર્થનામાં ઇશ્વરની સ્તુતિ-વખાણ અને કીર્તિ અર્થે ગાવાનું ભજન;સ્તુતિપદ.
Doxy,(ડૉક્સિ) *n.* A sweetheart;a loose wench:વેશ્યા;છિનાળ;પાતર.
Doze ,(ડોઝ્) *vi.* To slumber:લહેર આવવી. *vt.* To pass or spend in drowsiness: ઉંઘ-સુસ્તીમાં કાઢી નાંખવું 2.To make dull: આળસુ-સુસ્ત ક૦.
Dozen,(ડઝન્)*n.*[L.*duo,*two & *decem,*ten]A set of twelve:બારનો સમૂહ;ડઝન. A *baker's* **d.**,*a devil's* **d.**,thirteen:તેર.
Dozing-zy,(ડૉઝિન્ગ્-ડૉઝિ)*a.*Drowsy: ઝોંકા ખાતું ખાતું;નિદ્રાવાળું;સુસ્ત;ભારે ઉંઘણસી.
Drab,(ડ્રૅબ્)*n.*A low wench:વેશ્યા;કુલટા.*vi.*To wench: છિનાળું ક૦. *n.* A kind of woolen cloth of a gray colour:ભૂખરા-કાબરચીતરા રંગનું

એક જાતનુંઉનનું કાપડ-કપડું.

Dracunculus,(ડ્રેકન્કયૂલસ)*n.pl.***Dracunculi** (*Bot.*)A kind of plant:એક જાતના છોડવો.

Draff,(ડ્રૅફ્)*n.*Refuse;lees;dregs:કચરો;છુંછાં;કીટો;કીટું;મેલ;છોડાં.

Draffy-ish. (ડ્રૅફિ-ડ્રૅફિશ)*a.* Worthless:draffy, waste:વ્યર્થ;હલકું;કચરા-કીટાવાળું;મલિન;અસાર.

Draft,(ડ્રૅફ્ટ્)*n.*The act of drawing:ઘસડવું.ખેંચવું તે. 2. A selection of men from a military land:લશ્કરી ટુંકડીમાંથી માણસોની ચુંટણી-પસંદગી. 3. A bill of exchange: હુંડી.4. A delineation:નમુનો. 5. A current of air:હવાનો પ્રવાહ-વહેણ; પવનની લહેર-સપાટો-ઝપાટો. 6. The first rough sketch of a written composition:ખરડો *vt.*To draw the outline of:નું ચિત્ર-ડોળિયું કાઢવું.2. To compose and write:મુસદો-ખરડો કરી લખવું. 3. To transfer by draft: હુંડીથી મોકલી દેવું.

Drafts-horse,(ડ્રૅફ્ટસ્-હૉર્સ્) *n.*A horse employed in drawing heavy loads:ભારનોઘોડો.

Draftsman,(ડ્રૅફ્ટસ્મૅન્)*n.*One who is skilled in drawing designs:નમુના ચિત્ર કાઢનાર.

Drag,(ડ્રૅગ્)*vt.*[L.*traho,*I draw.]To pull:જમીન ઉપર ઘણાજ જોરથી ખેંચવું.2. To draw along as something burdensome:કંઈ ભારની માફક વહેવું. *n.* પાણીને તળીએ ખોવાયેલી-ડુબેલી જણસો ઉપર લાવવાની બિલાડી.

Drag-bar-bolt, (ડ્રૅગ્બાર્-ડ્રૅગ્બૉલ્ટ્) *n.* A coupling:આગળો;ખેંચવાનો-જોડવાનો સળીઓ.

Drag-hook,(ડ્રૅગ્ હુક્)*n.*A hook to catch fishes:માંછલી પકડવાનો ગલ.

Drag-man,(ડ્રૅગ્મૅન્)*n.*A fisherman:માછી.

Draggle-tail (ડ્રૅગલ્-ટેલ્) *n.* A slut:ગંદી સ્ત્રી.

Dragoman,(ડ્રૅગોમૅન્)*n.pl* **Dragomans.** An interpreter:દુભાષિઓ;સમજાવનાર.

Dragon, (ડ્રૅગૉન્)*n.* [Gr.*drakon.*]A fabulous winged serpent:પાંખોવાળો કલ્પિત સાપ. 2. A short musket:એક નાની બંદુક.

Dragoon, (ડ્રૅગુન્) *n.* [L *draco,*dragon.]Nog, a cavalry man:ઘોડેસ્વાર;બરકંદાજ.2.A variety of pigeon:એક પ્રકારનું કબુતર.

Dran, (ડ્રેન્) *vt.*To cause to flow gradually out or off:ધીમે ધીમે બહાર વહેવરાવવું.2. (*a*)To make gradually dry or empty: ધીમે ધીમે ખાલી થાય-પાણી નિકળી જાય એમ ક૦.(*b*)To exhaust,&c.:ખાલીખમ ક૦. 3. To filter:ગાળવું;ગળવું. *vi.*To flow off gradually: ધીમે ધીમે વહેવું. 2. To be emptied:પાણી નિકળી જવું;ખાલી થવું. *n.* A channel:ખાળ;મોરી.

Drainable, (ડ્રેનેબલ્) *a.* Capable of being drained:પાણી ખાલી થઇ શકે એવું.

Drainage, (ડ્રેનેજ્) *n.* A gradual flowing of any liquid:કોઇ પ્રવાહી પદાર્થ ધીમે ધીમે વહી નીકળી જવો તે;પાણીનો નિકાસ. 2. The system of drains by which water is removed from towns and their works:શહેર-દેશમાંથી પાણીને જવાની ગટર.

Drainer, (ડ્રેનર્)*n.* One who drains:ગાળનાર. 2.ગળણી;ગયણી.

Drake,(ડ્રેક્)*n.* The male of the duck kind: બતકનો નર.2.A drake fly:નરમાંખી.

Dram, (ડ્રૅમ્) *n.* [L.*drachma.*] A weight of the eighth part of ounce,or sixty grains: એક આંસનો આઠમો ભાગ. 2. The sixteenth part of an ounce:એક આંઉસનો સોળમો ભાગ. (સાધારણ તોલમાં.) 3. As much spirituous liquor as is drunk at once:એકદમ જેટલો પીવામાં આવે તેટલો દારૂ.

Drama,(ડ્રૅમે)*n.*[Gr.*drao,*I act or do.] A real series of events that are invested with a dramatic unity and interest:નાટક;રૂપક;પ્રહસન.

Dramatic-cal, (ડ્રૅમૅટિક્ડ્રૅમૅટિકલ્) *a.* Pertaining to the drama:નાટકનું-સંબંધી-ના જેવું.

Dramatist, (ડ્રૅમૅટિસ્ટ્) *n.* The author of dramatic composition:નાટક બનાવનાર.

Dramatize,(ડ્રૅમૅટાઈઝ્)*vt.*To compose in the form of the drama:નાટકના રૂપમાં રચવું-રૂપી ક૦.

Dran,(ડ્રૅન્)*n.*A male of a bee:મધમાખીનો નર.

Drape, (ડ્રેપ્) *vt.* To cover or adorn with drappery:વસ્ત્રાભૂષણ પહેરાવવાં-થી શણગારવું.

Draper,(ડ્રેપર્)*n.*A dealer in clothe: કપ્પડનો વેપારી-વેચનાર;કાપડીઓ.

Drapery, (ડ્રેપરિ) *n.* The occupation of a draper:કાપડીઆનો ધંધો. 2. Cloth:કાપડ;કપ્પડ. 3 Hangings of any kind:કોઈપણ જાતના પડદા.

Drastic, (ડ્રૅસ્ટિક્) *a.* [Gr.*drao,*I act.]Acting with strength:સખત;કડક.(*Med.*)A medicine that purges quickly:આકરો જુલાબ.

Draught, (ડ્રૅફ્ટ્) *n.*The act of drinking પીવું તે.2.That which is drawn:જે ખેંચવામા આવે છે તે;ખેંચાયેલી વસ્તુ.(*a*)A quantity drawn in at once by drinking:a portion:ઘુંટ;ઘૂંટડો.(*b*) A current of air:પવન-વાયુનો આવતો પ્રવાહ.2. That which draws: ખેચનાર. (*a*) A drain; a sewer: મોરી; નીક; ખાળકુવો. 3. Capacity of being drawn:ખેંચવું તે. 4.The depth of water necessary to float a ship:વહાણને તરવાને જોઇએ તેટલી ઉંડાઈ.

Draught-board, (ડ્રૅફ્ટ્બોર્ડ) *n.* A board on which drafts are played:રમત રમવાનું પાટીયું.

Draught-horse, (ડ્રૅફ્ટ્-હૉર્સ)*n.* A horse to carry a cart:ગાડુ ખેંચનારો ઘોડો;ભારબરદારા ઘોડો.

Draughts,(ડ્રૅફ્ટસ્)*n.*Checkers: સોકટાંની રમત; સોકટાબાજી.

Draughtsman, (ડ્રૅફ્ટ્સ્મૅન્) *n.* One who draws writings or designs:ચિત્ર કાઢનાર;નકશા ચીતરનાર. 2. A piece used in the game of draughts:શેત્રંજનું મ્હોરૂં.

Draw, (ડ્રૉ) *vt Imp.* **drew** *p. p.* **drawn.** To pull along:ખેંચવું. 2. To bring forth: બહાર લાવવું. (*a*) To take from a place of deposit:થાપણ મૂકેલી હોય ત્યાંથી ઉપાડવું.(*b*)To select by drawing lots:ચિઠ્ઠીઓ નાંખી ચૂંટી કાઢવું. 3. To inhale;to inspire:શ્વાસ લેવો.4.To represent by a picture:નું ચિત્ર આપવું;આલેખવું. *Drawn* game or *battle*; one in which neither party gains:જે રમત અથવા લડાઈમાં કોઇ પક્ષની ફતેહ-જીત ન થઇ હોય તે.*To* **d.** *a line*,to fix a limit or boundary: સરહદ નક્કી ક૦. *To* **d.** *cuts* or *lots*: ચિઠ્ઠીઓ નાંખવી-કાઢવી. *To* **d.** *off*, to withdraw: કાઢવું; ખેંચવું. *To* **d.** *out*, (*a*) to protract; to spread out: લંબાવવું.(*b*) To beat out:ટીપી ટીપીને લાંબુ ક૦.(*c*) To induce by motion;કોઈ હેતુથી લલચાવવું.*To* **d.***the long bow*;to exaggerate: અતિશયોક્તિ ક૦.To arrange in array:હારબંધ-વ્યૂહ રચનામાં ગોઠવવું-ઉભું રાખવું. *vt.*To unsheathe:મ્યાનમાંથી (તરવાર)બહાર કાઢવી.2 To sketch;to form the figures:ચિત્ર કાઢવું 3.To become contracted; to shrink: સંકોચાઈ જવું; નાનું નાનું થતા જવું.4. To make a draft for payment of money: નાણાં માટે ચિઠ્ઠી-રૂક્કો-હુંડી લખવી. *To* **d.***up*,to form in array: હારબંધ વ્યૂહ રચનામાં ગોઠવાવું ઉભા રહેવું.

Draw-back, (ડ્રૉબૅક્)*n.*A loss of advantage: નફાની-ખોટ. 2. Money paid back: છૂટ મૂકેલાં નાણાં;જગાતપરતનાં નાણાં.

Draw-bridge,(ડ્રૉબ્રિજ્)*n.*Abridge of which either the whole or a part is made to be raised up or let down:આખો અથવા કોઇ ભાગ ઉપાડી લેવાય તથા પાછો મૂકાય એવો પુલ.

Drawee,(ડ્રૉઈ)*n* The person to whom a bill of exchange is addressed:હુંડી સીકારનાર.

Drawer,(ડ્રૉઅર્)*n* (*a*)One who draws liquor for guests:પરોણાને માટે જે માણસ દારૂલાવે છે-પૂરો પાડે છે તે. (*b*) One who draws a bill of exchange:હુંડી લખનાર ધણી.2.(*a*)A sliding box: ટેબલનું ખેંચવાનું ખાનું. (*b*) *pl.* A close undergarment worn on the lower limbs:સુરવાળ; ચોઇણો;પાયજામો.

Drawing,(ડ્રૉઇન્ગ્)*n.* The act of pulling or attracting;ખેંચવું-આકર્ષણ ક૦ તે;આકર્ષણ.2 Delineation;picture:નકશો;ચિત્ર;આલેખન;છબી.3. The distribution of prizes in a lottery: લોટરીમાં ઇનામ કાઢવું તે;નિકાલ;આંકણી.

Drawing-master,(ડ્રૉઇન્ગ્-માસ્ટર્)*n.*One who teaches the art of drawing: "ડ્રોઇંગ માસ્તર" ચિત્ર વિદ્યાપક.

Drawing-room, (ડ્રૉઇન્ગ્રૂમ્) *n.* A room appropriated for the reception of company: મંડળી ભરવાનો ઓરડો;દિવાનખાનું;દર્શન ગૃહ.

Drawl.(ડ્રૉલ્) *vt.* & *vi.* To utter in a slow, lengthening tone:ધીમેથી લંબાવીને-ઉંઘણસીની પેઠે બોલવું.

Dray, (ડ્રે) *n.* A low cart to draw loads:ભાર ખેંચવાનું નીચું ગાડું.*A* **d.***horse*:ભારબરદારી ઘોડો.

Dread, (ડ્રેડ્) *n.* Terror:ભય;બ્હીક;બીક.2.Awe: ધાસ્તી.3.Cause of dread: ભય-ધાસ્તીનું કારણ.*a.* Inspiring awe: સાનંદાશ્ચર્યોત્પાદક; પૂજ્ય;*vt.* To fear in a great degree:ઘણુંજ બીવું-ભય પામવો.

Dreadful, (ડ્રેડ્ફુલ્) *a.* Full of dread or terror:ભય-ધાસ્તી ભરેલું.2.Fearful:ભયંકર.

Dreadless, (ડ્રેડ્લેસ્) *a.*Intrepid;dauntless: બહાદુર; હિંમતવાન; ભયરહિત. 2. Exempt from fear of danger:secure:નિર્ભય.

Dream,(ડ્રીમ્)*n.*A sleeping vision:સ્વપ્નું.*vi.* To experience sleeping visions: સ્વપ્નું આવવું. 2. To form a conception: માનમાં મોતીના ચોક પુરવા;વિચારવું;ધારવું.*vt.* To imagine, to think of:ખ્યાલ કરવો.

Dreamy, (ડ્રીમિ) *a.* Full of dreams: સ્વપ્નાથી ભરેલું-ભરપૂર;સ્વપ્નાજેવું;અસાર.

Drear,(ડ્રીર્)*n.*Dread;dismalness: ભય;ધાસ્તી. *a.* Dismal:દિલગીરી ઉપજાવે એવું.

Dreary, (ડ્રીરિ)*a.*Dismal;gloomy:દિલગીરી ઉપજાવે એવું;ઉદાસ;સુનકાર;નિર્જન;ઉદાસીનું.

Drege,(ડ્રેજ્)*n.*(*a*)A drag-net for taking up oysters from the bottom of water:પાણીના તળીએથી કાલુ નામની માછલી મોતીની છીપો કાઢવાની જાળ.*vi.*To catch or gather with a dredge: જાળથી પકડવું-એકઠું ક૦. 2. To sprinkle flour on:નાકપર લોટ છાંટવો.

Dreggy-ish, (ડ્રેગિ-ડ્રેગિશ્) *a.* Full of dregs; foul:કચરો ભરેલું;મેલું.

Dregs,(ડ્રેગ્ઝ્)*n.*Refuse:કચરો;2.The vilest & most worthless part of anything:કચરો; અસાર;અધમ.**D.**s *of society*:નીચ-હલકા માણસો.

Drench, (ડ્રેન્શ) *vt.* To dose by force: આડું નાંખીને પાવું; બળે બળે પાવું.
2. To soak: પલાળવું; ભિંજવવું; બોળવું. *n.* A drink; a draught:ઘૂંટડો.

Dress, (ડ્રેસ્) *vt.* To nurse with curative appliances:-ને મલમ પટ્ટા ક૦; ને ઘોઇ સાફ કરી ઓસડ ચોપડવું. 2. To clothe; to deck: લુગડાં પહેરાવવાં;શણગારવું *vi.* To clothe one's self: લુગડાં પહેરવાં. *n.* Clothes:લુગડાં. **D.***of honour presented*:ખિલત;પોશાક.

Dresser,(ડ્રેસર્) *n.* One who dresses:પોશાક

પહેરાવનાર.2.(*a*)A table on which meat and other things are prepared for use: ખાણું તૈયાર કરવાનો પાટ-ટેબલ. (*b*) A cupboard to receive dishes and cooking utensils:રાંધવાના વાસણો મુકવાનું કબાટ.3 An assistant in a hospital for dressing:દવાખાનામાં મલમપટ્ટા કરનાર.

Dressing, (ડ્રેસિન્ગ્) *n.* Dress: લુગડાં. 2. An application to a sore or wound:ગુમડા અથવા ઘાને મારવાનો મલમ પટ્ટો.3Gum, starch,&c, to prepare linen or silken fabrics:શણ અથવા રેશમનાં કપડાં બનાવવામાં વપરાતો આર;ખેળ.

Dressing-gown, (ડ્રેસિન્ગ્-ગાઉન્) *n.* A light gown, such as is used by a person while dressing:ઘરમાં પહેરવામાં આવતો ઝભ્ભો.

Dressy, (ડ્રેસિ) *a.* Showy in dress: સોખિન વરણાગીઉં.

Dribble,(ડ્રિબ્બલ્) *vt.* To fall in drops:ઝરવું. 2. To fall weakly and slowly: નબળા અને મંદ-ધીમા પડવું.

Dribblet,(ડ્રિબ્લેટ્)*n.*A small piece or part: નાનો કકડો અથવા ભાગ: નાની સંખ્યા-રકમ. In *dribblets*:કકડે કકડે.

Drift, (ડ્રિફ્ટ્) *n.* A driving: ઝપ. 2. The force which impels or drives:વેગ;પ્રવાહ.3. Intention:હેતુ.(*a*)Import or meaning of a sentence or discourse:તાત્પર્ય.4.A mass of matter driven by wind or water: પવન કે પાણીથી ઘસડાઇ આવેલા પદાર્થનો-ઢગ ઢગલો. *vi.* To drive or carry:ખેંચવું.

Drill,(ડ્રિલ્)*vt.*To train in the military art: કવાયત શિખવવી.*vi.* To muster for exercise: કવાયત માટે એકઠું-ભેગું કo.*n.* The exercise of training soldiers in military art: કવાયત; લશ્કરની તાલીમ.

Drill-sergeant,(ડ્રિલ્-સાર્જન્ટ્)*n.*A non-commissioned officer whose office it is to train soldiers to military evolutions:સિપાઇઓને કવાયત વિગેરે શિખવનાર બીન સનંદી અધિકારી.

Drink, (ડ્રિન્ક્) *vt.* To swallow as liquids: પીવું. 2. To absorb: ચુસી લેવું. *To* d. *off* or *up,* to drink the whole at a draught:એકે ઘુંટડે બધું પી જવું;ગટગટાવી જવું.*To* d.*the health* or *to the health of,*to signify good will to by drinking: અમુકનું નામ દઇને તેનું ભલુ થજો એમ જણાવી દારૂ પીવો. *vi.* To take liquors to excess:છાકટા થવું.*n.* Any fluid to be taken into the stomach:પીવાનો પદાર્થ.

Drinking,(ડ્રિન્કિન્ગ્)*n.*Drunkenness;intemperance:છાકટાપણું;અતિશય દારૂ પીવાની ટેવ.

Drip,(ડ્રિપ્)*vi.*To fall in drops:ટીપાં-ટપકાં પડવાં.*vt.* To let fall in drops:ટપકાં પાડવાં.*n.* A falling in drops:ટપકું;ચાવ.

Drive,(ડ્રાઇવ્) *vt. imp.***Drove, drave** *p.p.* **Driven.** To compel to move on:હાંકવું. 2. To convey in a vehicle:ગાડીમાં બેસારીને લઇ જવું-ઘેર પહોંચાડવું. 3. To dig horizontally: આડું ખોદવું. 4. To force; to constrain:જબરજસ્તી કરવી. 5 To clear by forcing away what is contained:હાંકી કાઢવું;નસાડી મુકવું.*vi* To be forced along: ઘસડાઇ જવું. 2. To go by carriage:ગાડીમાં બેસીને જવું. *n.* An excursion in a carriage:ગાડીમાં બેસીને બહાર ફરવા જવું-સેહેલ ખાવી તે.

Drivel, (ડ્રિવેલ્) *vi.* To slaver:લાળ ગળવી. 2. To be weak: નિર્બળ થવું. *n.* Slaver; saliva flowing from the mouth: લાળ; થુંક. 2. A servant;a drudge:ચાકર;નોકર;મજુર;વૈતરો.

Driveller,(ડ્રિવેલર્) *n.* A slaverer; a fool:લાળચુતો;મૂર્ખ માણસ;દિવાનો. [ઘેલાઇ;સાઠી બુદ્ધિ.

Drivelling,(ડ્રિવેલિન્ગ્)*n.* Foolishness:ગાંડાઇ;

Driver, (ડ્રાઇવર્) *n.* One who drives: આગળ ખસેડનાર. 2. A coachman:ગાડી હાંકનાર 3. The driving wheel of a locomotive: આગગાડીનો સાંચો ચલાવનારૂં પૈડું.

Drizzle,(ડ્રિઝલ્) *vi.* To rain gently in very small drops:ઝરમર ઝરમર વરસવું.

Droll,(ડ્રોલ્)*a.* Fitted to provoke laughter; હાંસી કરાવે એવું. *n.* A jester:મશ્કરી કરનાર 2. Something exhibited to raise mirth:આનંદ ઉપજાવે-હસાવે એવી ચીજ.*vi.*To jest:મશ્કરી કo

Drollery,(ડ્રોલરિ)*n.*Sportiveness:હાસ્યવિનોદ.2. (*a*)A puppet show: :પુતળાંની રમત-નાચ. (*b*) A lively or comic picture: હસવું આવે એવી ખુશકારક છબી-ચિત્ર;હાસ્યોત્પાદકચિત્ર.

Dromdary,(ડ્રૉમેડરી)*n.*[Gr.*dramo,* I run.]A species of camel;the Arabian female camel:સાંઢણી;અરબી ઉંટ.

Drone,(ડ્રોન્)*n.*The male of the honey-bee: મધમાખીનો નર.*vi.*To givea low, dull sound: ગણગણાટ કo.

Dronish,(ડ્રોનિશ્)*a* Idle;sluggish;lazy; slow: સુસ્ત;આળસુ;હરામનું ખાનારૂં.

Droop,(ડ્રૂપ્) *vi.* To sink or hang down:નમી-લબડી જવું 2. To grow languid: નરમ-નબળુ પડવું.

Drop,(ડ્રૉપ્) *n.* The smallest easily measured portion of a fluid: ટીપું. 2. A curtain which falls in front of the stage of a theatre: નાટકશાળાની રંગભૂમિનો આગલો પડદો. *vt.* To pour in drops:ટપકાં રૂપે રેડવું. 2. To let fall:નાંખવું;ડબકાવી-ધબકાવી દેવું.3. To send by dropping into the post-office box:પોસ્ટ આફિસની પેટીમાં નાંખીને મોકલવું;લખીને મોકલવું. *vi.* To let drops fall:ટપકાં પડવા દેવાં. 2.To

come unexpectedly:ઓચિંતા-અણધાર્યા આવવું *To* d. *down*, to sail towards the sea:દરિયા તરફ વહાણ હંકારવું.

Dropsical, (ડ્રૉપ્સિકલ્) *a.* Diseased with dropsy:જલંદરના રોગવાળો;ઇદરરોગી.

Dropsy,(ડ્રૉપ્સિ)*n.*[Gr.*hydor* water and *ops*, face.]An unnatural collection of serious fluid in any cavity of the body:ઇદરરોગ.

Dross, (ડ્રૉસ્) *n.* The scum or extraneous matter of metals:ધાતુનો મેલ-મળ ભાગ-કીટો.

Drossy,(ડ્રૉસિ) *a.* Impure; worthless:મેલ ભરેલું;કચરાવાળું;મલિન;નકામું.

Drought,(ડ્રાઉટ્)*n.*Want of rain or of water અનાવૃષ્ટિ;સુકવણું;અવૃષ્ટિ;અવર્ષણ.2.Thirst;want of drink:તરસ 3. Scarcity; lack:દુકાળ; તંગી; ખોટ;ભીડ.

Droughty,(ડ્રાઉટિ)*a.*Wanting rain;arid:સુકું.

Drove,(ડ્રૉવ્) *n.*A collection of cattle driven:ઢોરનું ટોળું. 3.A road for driving cattle: ઢોર હાંકવાનો-હાંકી લઇ જવાનો રસ્તો.

Drover, (ડ્રૉવર્) *n.* One who drives cattle: ઢોર હાંકી જનાર.

Drovy,(ડ્રૉવિ) *a.* Turbid; muddy; filthy: કચરાવાળું;મેલું;બગડેલું;ગંદુ;મલિન;અસ્વચ્છ.

Drown,(ડ્રાઉન્) *vt* To immerse: ડુબાવી-બુડાડી દેવું.To be drowned in reflection:ચિંતામાં મગ્ન થઈ જવું. 2. To overpower:ડુબાવી દેવું. *vi.* To perish in water:પાણીમાં ગુંગળાઈ મરી જવું.

Drowse,(ડ્રાઉઝ્)*vt.*To make dull:સુસ્ત-એદીક૦, આળસુ ક૦ *vi*-To slumber:ઉંઘવું.*n.*A slight or imperfect sleep:થોડી-જરાક અથવા અપૂર્ણ ઉંઘ.

Drowsy,(ડ્રાઉઝિ) *a.* Heavy with sleepiness: ઉંઘથી ભારે-સુસ્ત; ઉંઘણસી. 2. Disposing to sleep:ઉંઘ આવી જાય એવું.

Drubbing,(ડ્રબિન્ગ્)*n.* Beating with sticks: લાકડીવતી મારવું તે;લાકડી-કુંદામાર;ડફણાં.

Drupge,(ડ્રજ્)*vi.* To work hard:સખ્ત મેહેનત ક૦;*n.* મજુર;વૈતરો;વેઠીઓ.

Drudgery, (ડ્રજરિ) *n.* Hard labor; toilsome work;ignoble toil:સખ્ત મજુરી;વેઠ;વૈતરૂં;નિત્યશ્રમ

Drug,(ડ્રગ્) *n.*Any substance used in medicine:દવામાં કામ આવતો-વપરાતો સામાન;ઔષધિ;કરીઆણું 2.A drudge:મજુર.*vi.*To.season with drugs:કરીઆણાથી મસાલેદાર ક૦;મસાલો ચઢાવવો

Druggist,(ડ્રગીસ્ટ્)*n.*One who deals in drugs: ઓસડ-કરીઆણા વેચનાર;ગાંધી.

Druid,(ડ્રયૂઈડ્)*n.* [Gr. *drus*, an oak.]Celtic priest:અસલ કેલ્ટ લોકોનો પાદરી-ધર્માચાર્ય-ગુરૂ.

Druidism,(ડ્રયૂઇડિઝમ્)*n.*System of philosophy or rites and ceremonies taught by the Druids:દ્રુઇડ ધર્માચાર્યોનો શીખવેલો ધર્મ-ફિલસુફી વિ૦

Drum, (ડ્રમ્) *n.* An instrument of music: પડઘમ;ઢોલ. 2. The tympanum of the ear: કાનનો પડદો.*vi.*To beat a drum with sticks: પડઘમ-ઢોલને લાકડીથી વગાડવું. 2. To collect:ભેગું-એકઠું ક૦.

Drummer,(ડ્રમર્) *n.* One whose office is to beat drum:પડઘમ વગાડનાર;તબલચી.

Drunk, (ડ્રન્ક્) *a.* Overcome by drinking: પીધેલ;છાકટું;કેફ થયેલું;મસ્ત.

Drunkard, (ડ્રન્કાર્ડ) *n.* One who habitually drinks to excess:દારૂડીઓ;નીશાબાજ; છાકટો.

Drunken,(ડ્રન્કેન્) *a.* Intoxicated: પીધેલ;છાકટું;બહુ પીવાની ટેવવાળો.

Drunkenness,(ડ્રન્કેન્નેસ્) *n.* Intoxication; inebriety:દારૂની કેફ;અમલ;નીશો; છાકટાપણું.

Druxy,(ડ્રક્સિ)*a.*Having decayed spots:સડીજતી-સડેલાં ટપકાંવાળું;છંદાયલું; ચાંદા-છાંદાવાળું.

Dry, (ડ્રાઈ) *a.* Free from moisture of any kind:સુકું;નીરસ.(*a*) Not givingmilk:દુધ ઉડી ગયું હોય એવી (*b*)Needing drink:તરસ્યું. (*c*)2. Destitute of that which amuses; plain:અસાર;નીરસ.D.*light*,(*a*)pureunobstructed light: ખુલ્લું-સાફ અજવાળું.*vt.*To free from moisture સુકવવું;કોરૂં ક૦-પાડવું.*vi.*To evaporate wholly: સઘળું-બધું વરાળ રૂપે ખેંચાઈ જવું.

Dryad,(ડ્રાઇઍડ્)*n.*A female deity or nymph of the woods:વનદેવી.

Dry-foot, (ડ્રાઇફુટ્) *n.* A dog that pursues game by the scent of the foot'શિકારી કુતરો.

Dry-goods,(ડ્રાઇગુડ્ઝ્)*n.* Cloths:કપડાં; કપ્પડ.

Dry-shod, (ડ્રાઇ-શૉડ્) *a.* Without wetting the feet:કોરે પગે;પગ ભિંજાયા વગર.

Dual,(ડયૂઍલ્)*a.*[L *duo*, two.]Expressing or consisting of,the number two:બે સંખ્યા બતાવનારૂં-વાળું;દ્વિવાચક;દ્વિસંખ્ય.

Dualism,(ડયૂઍલિઝ્મ્) *n.* (*a*) The dividing into two:દ્વૈતવાદ.(*b*)A system which accepts two original principles, the good & the evil:પુણ્ય અને પાપ બે અનાદિ વસ્તુ છે એવો મત 2. The doctrine that all mankind are divided into two classes, the elect and the reprobate: મનુષ્ય જાતના દૈવી અને આસુરી એવા બે વિભાગ છે એવો મત.

Duality, (ડયૂઍલિટિ) *n.* The quality or condition of being two or twofold:દ્વૈતભાવ;દ્વૈત.

Dub, (ડબ્) *vt.* To ornament: શણગારવું. 2.To rub smooth: લીસું-સાફ ક૦. *vi.* To make a quick noise:જલદીથી અવાજ ક૦.

Dubber, (ડબર્) *n.* One who or that which dubs:જે હોદો-ઇલકાબ આપે છે તે 2. A globular vessel to hold ghee:કુલ્લી;કુપ્પી;ડબ્બો.

Dubious, (ડયૂબિઅસ્) *a.*[*dubius.*]Wavering: અસ્થિર; વહેમવાળું. 2. Occasioning doubt;

not clear or plain:સંદિગ્ધાર્થ;સમન્વય નહિ એવું; શક ઉપજે એવું.

Ducal,(ડયૂકલ્)*a*.[L.*dux*,leader.] Pertaining to a duke:ડયુકને લગતું;અમીરી;ઉમરાવનું.

Ducat,(ડકેટ્)*n*.[L.*dux*,leader.]A coin either of gold or silver:રૂપા અથવા સોનાનો-સિક્કો.

Duchess (ડચેસ્)*n*.The consort or widow of a duke:ડયુકની સ્ત્રી;ડયુકની વિધવા.

Duchy,(ડચિ)*n*. The territory or dominions of a duke:ડયૂક અથવા અમીરના તાબાનો મુલક-પ્રગણું.

Duck, (ડક્) *n*. A species of coarse cloth:એક જાતનું જાડું કપડું.2 A water-fowl:બતક. 3. The light clothes worn by sailors:ખારવાઓને પહેરવાનાં ઝીણાં કપડાં. *To make d.and drakes*: પાણી ઉપર પથરી સરરર ચાલે એવી રીતે આડકતરી ફેંકવી.To play at *duckes* and *drakes*,to squander away money:પૈસો ઉડાવી દેવો. *vt*.To bow; to stoop;to nod:ડોકું નીચું નમાવવું-વાળવું.

Duckling,(ડકિલન્ગ્)*n*. A young, littleduck: બતકનું બચ્ચું;નાની બતક.

Duct, (ડક્ટ્) *n*.[L.*duco*,I lead.] A tube:નળી; નસ;શિરા.2 Direction:દોરવણી;શિક્ષા.

Ductile, (ડક્ટાઇલ્) *a*. Easily drawn out: નરમ,2.Capable of being drawn out into wires:વાળા ખેંચવાલાયક; ના વાળા કરવા લાયક.

Ductility,(ડક્ટિલિટિ)*n*.Tractableness:વળકણાપણું;તાર ખેંચાય-ટીપાય એવો ગુણ;પ્રસારણ; યોગ્યતા

Duds,(ડડ્ઝ્)*n pl*.Old clothes:જૂનાં લુગડાં-કપડાં; ફાટેલાં લુગડાં;ચિથરાં.

Due,(ડયૂ)*a*.[L *dubeo*,I owe.] Owed:માગતુ.2. Proper: વાજબી. 3. Sufficient:બરોબર. 4.Required to arrive at a given time:અમુક વખતે આવનારૂં-આવવાના વખતવાળું. 5. Owing;ascribable: ને લીધે થનારૂં. *adv*. Directly: સિધું.*n*. That which is owed;debt:દેવું.2.Toll:કર;દાણ; વેરો.3.Right:હક;વાજબી દાવો.

Duel, (ડયૂએલ્) *n*.[L *duo*,two]A combat between two persons: બે પુરૂષો વચ્ચેની લડાઈ. *vi*. To fight in a single combat: એકલમએકલી લડાઇમાં લડવું;દ્વંદ્વયુદ્ધ કરવું.

Duelist, (ડયૂએલિસ્ટ્) *n*.One who fights in a single combat:દ્વંદ્વયુદ્ધ કરનાર માણસ.

Duet,(ડયૂએટ્)*n*.A composition of two performers:બે જણ સાથે ગાઈ વગાડી શકે એવું ગાયન.

Dug,(ડગ્)*vt.Imp.&p.p.*of **dig**: "ડિગ"નો ભૂતકાળ અને ભૂતકૃદંત.(ખોદ્યું-ખોદેલુ.)

Duke, (ડયૂક્) *n*.[L.*dux*,a leader.]A leader;a chief:સરદાર. 2. One of the highest orders of nobility next below the prince of Wales:"પ્રિન્સ ઑફ વેલ્સ" "થી બીજા દરજ્જાનો અમીર. *To dine with* Duke *Humphry*, to go without dinner:ભૂખે મરવું.

Dukedom,(ડયૂક્-ડમ્)*n*.The possession of a duke:"ડયૂક "ના તાબાનો મુલક; અમીર-ડયૂકનું રાજ્ય.2.The title or quality of a duke:"ડયૂક" ની પદવી.

Dulcet, (ડલ્સેટ્) *n*. [L *dulcis*,sweet.]Sweet to the taste:luscious:સ્વાદેમીઠું-ગળ્યું;સ્વાદિષ્ટ.

Dulcify, (ડલ્સિફાઇ) *vt*. [L. *dulcis*,sweet and *facio*,I make.] To sweeten; to free from acrimony:મિઠું-ગળ્યું-સ્વાદિષ્ટ ક૦.

Dulcimer, (ડલ્સિમર્) *n*. [*dulcis*&Gr.*melos*, melody.]A stringed instrument:એક જાતનું તારથી વગાડવાનું વાજીંત્ર.

Dull, (ડલ્) *a*. Stupid:મૂર્ખ. 2.Awkward:બહેર મારી ગયેલું.3.Lacking sharpness:blunt:ધારવિનાનું;બુઠું.4. Dim:ઝાંખું. 5 Uninteresting: મઝા વગરનું.*vt*.To make dull or stupid:મૂર્ખ ઢોર જેવું ક૦.To disappoint:દિલગીર-ના ઉમેદ ક૦.

Dullard (ડલર્ડ્)*a*.Doltish:જડ;મંદબુદ્ધિનું. *n* A. stupid person;a block-head:બેવકૂફ માણસ.

Dullness, (ડલ્નેસ્) Stupidity: મૂર્ખાઇ;જડપણું થંડી;મૂઢતા;જડતા;મંદી;ગ્લાનિ.

Dully,(ડલિ)*adv* In a due manner; properly; regularly:વાજબી-ઘટતી રીતે;જેમ જોઇએ તેમ.

Dumb, (ડમ્) *a*. Destitute of the power of speech:મૂગું. *To strike* **d.**, to render silent by disappointment:ઝાંખા પડી બંધ કરી દેવી.

Dumb-bells, (ડમ્બેલ્સ્) *n*. A weight, for exercise,consisting of two spheres of iron or other heavy material, connected by a short bar for a handle:મગદળ.

Dumble-dor,(ડમ્બલ્ડૉર્)*n*.A bumble-bee:ભ્રમર;ભમરો.

Dumfound, (ડમ્ફાઉન્ડ્) *vt*.To silence;to confound:ચુપ કરી નાંખવું;મ્હો બંધ કરી દેવું.

Dummy, (ડમિ) *n*. One who is dumb: મૂગું માણસ. 2. A model:નમુનો. *a*. Silent:મૂગું;ચુપ અવાજ વિનાનું.2.Fictitious:બનાવટનું;ખોટું.3 A dolt:મૂર્ખ;ઠોઠ;જડ.

Dump, (ડમ્પ્)*n*.Absence of mind:બેભાનપણું; ગાફેલી.2.A melancholy strain in music:શોકજનક સૂર.*vt*.To knock heavily:પાડી નાંખવું.

Dumpy, (ડમ્પિ) *a* Short and thick:ટુંકું અને જાડું;બટકું.2.Sullen and discontented:ઉદાસી. અને અસંતોષી

Dun, (ડન્) *a*.Of a dull brown color:કાળા અને ભુરા રંગનું;તપખીરીયા-બદામી રંગનું;કળુંદું.

Dun,(ડન્)*vt* To ask,as a debtor for payment: ચાંપીને ઉઘરાણી ક૦. [બેવકૂફ;મૂર્ખ.

Dunce,(ડન્સ્)*n*.A dullard;a fool;a thickskull:

Duncify, (ડન્સિફાઇ)*vt*.To make stupid in intellect:બેવકૂફ;મૂર્ખ ક૦-બનાવવો.

Dung,(ડન્ગ્)*n*.The excrement of an animal:

લાદ;લીંડી;અધાર;છાણ.*vt.*To manure with dung: છાણ વિગેરેનું ખાતર નાંખવું;પુરવું.

Dungeon,(ડન્જૅન)*n.*A place of confinement: ભોયમાં બનાવેલું ઘોરઅંધાર કેદખાનું; અંધારી કોટડી.

.Dung-hill,(ડન્ગહિલ્)*n.*A heap of dung:છાણનો ઢગલો;ઉકરડો 2.A vile abode: ખંદકખાનું.

Duo-decimal, (ડ્યૂઑડેસિમૅલ્) *a* [L *duo*,two &*decem*,ten.]Proceeding in computation by twelves:દ્વાદશ ગુણનું;બારસફાનું.

Duo-decimo, (ડ્યૂઑ ડેસિમૉ) *a.* Of twelve leaves to a sheet:એક તાવનાં બાર પાનાં પાડેલું. *n.pl.***Duodecimos. A** book in which its sheet is folded into twelve leaves:બારબાર પાનાં પાડયાં હોય તેવા કદની ચોપડી.

Dupe,(ડ્યૂપ)*n.*One who is misled:ભોળો;સહેલાઇથી ઠગાઈ જાય એવો માણસ.*vt.*To deceive;to trick:ઠગવું;ફસાવવું;છેતરવું.

Duple-lex,(ડ્યુપલ્-ડ્યૂપ્લેક્સ)*a.*[L *duo*,two & *plico*,I fold.]Two fold:બેવડું;બમણું;દ્વિગુણ.

Duplicate, (ડ્યૂપ્લિકેટ્) *a.* [L.*duo*,two and *plico*,I fold.]Double:બેવડું. *n.* A copy:નકલ; બીજો ઉતારો. *vt.* To make a copy of:-ની નકલ-ઉતારો ક૦.

Duplicity, (ડ્યૂપ્લિસિટિ) *n.*Doubleness:બેવડું-બમણું-બેગણું હોવું તે 2 Doubleness of heart or speech:દોરંગીપણું;કપટભાવ;કપટ.

Duply,(ડ્યૂપ્લાઈ)*n.*Second answer:બીજોજવાબ.

Durable,(ડ્યૂરૅબલ્)*a.* [L *durus*,hard.]Lasting;not changeable:મજબૂત;ટકાઉ;સ્થાયી.

Durance, (ડ્યૂરૅન્સ્) *n.*[L *durans*]Continuance:મુદત.

Duration, (ડ્યૂરેશન્) *n.* Durability; power of continuance:ટકાવ;સ્થિતિ; નિભાવ 2. Continuance in time:મુદત;કાળમર્યાદા.*Of long* **d.**: દીર્ઘસ્થાયી.*Of short* **d.**:ક્ષણભંગુર;ક્ષણિક.

Duress,(ડ્યૂરેસ્)*n.*[L.*durus*,hard.]Hardship constraint;imprisonment:બળાત્કાર; દુઃખ.

During,(ડ્યૂરિન્ગ્)*adv.* In the time of;as long as the action or existence of:સુધીમાં.

Dusk, (ડસ્ક્) *a.*Darkish:ઝાંખું;કાળાશ પડતું. *n.* Imperfect obscurity:twilight:સળસાંખરૂં;ઝળઝળું.*vt.*To make dusky:ઝાંખું ક૦.

Dusky,(ડસ્કિ) *a.*Partially dark:આંધળું ધુંધળ; ઝાંખું 2.Partially black;not bright: કુળઠારંગનું;કાળાશ પડતા રંગનું.

Dust;(ડસ્ટ્) *n.* Powder:ભૂકો;બારીક રેતી; રજ 2 The earthly remains of human body once alive:માટી;મટોડી. *To throw* **d** *in one's eyes* to mislead: છેતરવું; ઠગવું. *vt.* To free from dust:ધૂળ સાફ ક૦.2.To sprinkle with dust: ધૂળ છાંટવી.

Dusty, (ડસ્ટિ) *a.* Filled or covered with dust:ધુળ ભરેલું;ધૂળે ઢંકાઇ ગયેલું;ધુળવાળું.

Duteous-tiful,(ડ્યૂટીઅસ્-ડ્યૂટિફુલ્)*a.*Performing that which is due:આજ્ઞાંકિત; મર્યાદશીળ.

Dutiable,(ડ્યૂટિઍબલ્)*a* Subject to payment of a duty:જકાતી;જકાત લેવા લાયક.

Duty,(ડ્યૂટિ)*n.*That which is due from one person to another;that which is owing:ફરજ;ધર્મ.2.Respect:માન;ભક્તિ.3.Tax;customs: ઘેરો;જકાત;દાણ.

Duumvirate,(ડ્યૂઅમ્વિરેટ્)*n.*[L *duumvir.*] The office,dignity or government of two men:બે રાજાનો દરજ્જો.

Dwarf,(ડ્વાર્ફ્)*n.*A diminutive man:ઠીંગણો-ન્હાનો માણસ;વામનજી.*vt.* To lessen; to make small;to stunt:ઓછું-કમી ક૦;ન્હાનું-ટુંકુ ક૦.

Dwarfish, (ડ્વાર્ફિશ) *a.* Like a dwarf;low; very small:વામનજી જેવું;ઠીંગણું;ઘણું ન્હાનું.

Dwell,(ડ્વેલ્)*vi* To inhabit for a time:વસવું-રહેવું *To dwell on* or *upon*,to continue on: લંબાણ કરવું. [મકાન;ઘર;વાસો;ગૃહ;રહેઠાણ.

Dwelling,(ડ્વેલિન્ગ્) *n.* Habitation;abode:

Dwindle,(ડ્વિન્ડલ્)*vi.*To diminish:ન્હાનું થવું; ઘટવું;ઓછું થવું;ક્ષીણ થવું.

Dye,(ડાઈ)*vt* To stain:રંગવું. *n.* Color:રંગ;વર્ણ. 2.A lot:ભવિષ્ય;નશીબ.

Dyeing,(ડાઇઇન્ગ્)*n.*The art of dyeing:રંગવાની કળા *p pr* Coloring;tinging:રંગતાં;રંગીને.

Dyer,(ડાઈઅર્) *n.* One whose occupation is to dye cloth: રંગરેજ.

Dying,(ડાઇઇન્ગ્)*n.* Mortal; perishable:નાશવંત;વિનાશી;મરતું.2.Pertaining to death:મોત-મૃત્યુનું-સંબંધી.

Dynamics,(ડાઇનૅમિક્સ્)*n Sing.*The science of moving forces:ગતિશાસ્ત્ર;સારશક્તિ-શાસ્ત્ર.

Dynasty,(ડિનૅસ્ટિ)*n* [Gr.*dynesles*,a chief.]A race of kings of the same line:એકજ વંશકુળના રાજાઓ;રાજની વંશાવળી.

Dysenteric cal, (ડિસેન્ટેરિક્ ડિસેન્ટેરિકૅલ્) *a.* Pertaining to or proceeding from dysentery:મરડા-સંગ્રહણીનું-સંબંધી-થી થયેલું.

Dysentery(ડિસેન્ટેરિ)*n.* [Gr.*dys*, bad & *enteron*,intestines.]Constant desire to evacuate the bowels,and discharges of mucus and blood:લોહીઆળ મરડો;સંગ્રહણી; અતિસાર.

Dyspepsia sy, (ડિસ્પેપ્સિઍ-ડિસ્પેપ્સિ) *n.* [Gr. *dys*,bad & *pepto*,I digest.]A state of stomach in which its functions are disturbed:અજીર્ણ;અપચો;બદહજમી.

Dyspeptic, (ડિસ્પેપ્ટિક્) *a* Afflicted with or pertaining to dyspepsia:જેને અજીર્ણ થયેલું છે એવું;અજીર્ણવિકારી; અજીર્ણ રોગી.

Dysphagia, (ડિસ્ફેજીઍ) *n* [Gr.*dys*,ill &

phogein,to eat.]Difficulty in swallowing: અપચો;અજીર્ણવિકાર.

Dyspnœa, (ડિસ્નીઍ) *n.* [Gr. *dys* &*pneo*,I breathe.]Difficulty of breathing:શ્વાસાવરોધ.

Dysury,(ડિસ્યૂરિ)*n.*[Gr.*dys* & *ouron*,urine.] Difficulty in discharging the urine:પેશાબ કરવાની અડચણ;મૂત્રકચ્છ;મૂત્રાવરોધ.

E.

E,(ઇ,અ,એ.)The second vowel and the fifth letter of the English alphabet:ઇંગ્રેજી મુળાક્ષરનો બીજો સ્વર અને પાંચમો અક્ષર;ગુજરાતીમાં એનો અર્થ ઈ અથવા એ થાય છે. 2. The tride tone in music:સારીગમનો ત્રીજો સૂર.

Each,(ઇચ્)*a.*Everyone of the two or more individuals:પ્રત્યેક;દરેક;હરેક;પ્રતિ;પરસ્પર;અન્યોન્ય.

Eager, (ઇગર્) *a.* [L.*acer*,sharp.]Ardent to pursue;earnest:આતુર;ઉત્કંઠિત.

Eagerly,(ઇગર્લિ)*adv.*Ardently;earnestly:આતુરતાથી;ઉત્કંઠાથી.

Eagerness,(ઇગર્નેસ્)*n.* Earnestness:આતુરતા;ઉત્સાહહર્ષ;હોંશ;ઉત્સુકતા.

Eagle,(ઇગલ્)*n.*[L.*aquila*,eagle.]A rapacious bird of the falcon family:ગરૂડપક્ષી;પક્ષીરાજ.

Eagle-eyed,(ઇગલ્આઇડ્)*a.*Having an acute sight:તીક્ષ્ણ-બારીક-ઝીણી નજરવાળું.

Eaglet, (ઇગલેટ્) *n.* ગરૂડપક્ષીનું બચ્ચું.

Eame, (ઇમ્) *n.* Uncle:મામા.

Ear,(ઈર્)*n.*[L.*auris*.]The organ of hearing: કાન. 2. The sense of hearing: the perception of sound:શ્રવણેન્દ્રિય. 3.Attention:લક્ષ. 4.The head of a plant of Indian corn:કણી. To set by the *ears*:અફળાવવું;લઢાવવું;કજીઓ ટંટો કરાવવો.*To give* **e**,to pay attention:કાને ધરવું. *To poison one's ears*,to speak ill of others: -ના કાન ભંભેરવા;બોલી મન ફેરવવું *Up to the ears*, deeply absorbed:ગરક થઈ ગયેલો. *To turn a deaf* **e**.to,not to listen: ન સાંભળવું;ન ગણકારવું.**E**.*finger*,the little finger: ટચલી આંગળી.

Ear,(ઇર્)*vt.*To put forth the ear in growing; to form ears,as corn:કણસું ફુટવું;કણસા આવવાં

Ear-ache,(ઇર્એક્)*n*, Pain in the ear:કર્ણશૂળ.

Ear-borer, (ઈર્બોરર્) *n.*One who bores the ear;કાન વિંધનાર.

Ear-drop, (ઇર્ડ્રૉપ્) *n.* An earring for the ear: કાનની કડી;કુંડળ.

Ear-finger, (ઇર્ ફિંગર્) *n.* Last and short finger of the hand:ટચલી આંગળી.

Earl,(અર્લ્)*n* A nobleman of England ranking below a marquis,and above a viscount: ઇંગ્લાંડ મધ્યે એક અમીરી પદવી;અર્લ.

Earldom,(અર્લ્ડમ્)*n.*The jurisdiction of an earl:અર્લની પદવી અમલ-મહાલ-તાબો-હકુમત.

Earless,(ઇર્લેસ્)*a.*Without ears; deaf or unwilling to hear:કાન વગરનું; સાંભળવાને નારાજ.

Earliness, (અર્લિનેસ્) *a.* The state of being early or forward:ઝડપ;તાકીદ.

Ear-lock, (ઇર્લૉક્) *n.*A lock or curl of hair near the ear;a lovelock:ગુચ્છો; ગુલ્લું.

Early,(અર્લિ)*a.*In good season;prior in time: સવેળું;વહેલું;નૂતન.E *days*: નાહાનપણ;બાલ્યાવસ્થા. *adv.*Soon;betimes:વહેલું;જલદી;પ્રભાતે;પ્રાતઃકાળે.

Earn, (અર્ન્) *vt.*To merit or deserve by labour: કંઇ કરીને યોગ્ય અથવા લાયક થવું. 2. To acquire by labour;to deserve & receive as compensation:કમાવવું;રળવું.

Earn, (અર્ન્) *vi.* To feel anxiety: આતુરતાથી ઇચ્છવું;ચિન્તાગ્રસ્ત થવું2.To curdle:જામવું;અખરાવું.

Earnest,(અર્નેસ્ટ્)*n.*Seriousness:ખરાપણું;સત્યભાવ. 2. Something given by the buyer to the seller, by way of token, to bind the bargain:બાનું.*To be* **e**.(*a*)to be determined: ખરા ભાવથી.*a.*Eager to obtain:ઉત્સાહી.

Earnestly,(અર્નેસ્ટ્લિ)*adv.*Warmly:આતુરતાથી.

Earnestness,(અર્નેસ્ટ્નેસ્)*n.*Eagerness;fixed attention:ઉત્કંઠા;આતુરતા.

Earnings,(અર્નિંગ્સ્)*n.*Wages; reward:કમાઈ.

Ear-pick,(ઇર્પિક્)*n.*An instrument to clean the ear:કાન ખોતરણી.

Ear-ring,(ઈર્રિંગ્)*n* Ear-drop:કાનની કડી.

Ear-shot,(ઇર્શૉટ્)*n.*Reach of the ear:સંભળાઇ શકે એટલું છેટું;ઘાંટાનોટપ્પો;કર્ણપથ;શ્રવણગોચર-વિષય.

Ear-stud,(ઇર્સ્ટડ્)*n.*Eardrop:લવીંગિયું;કાપ.

Earth,(અર્થ્)*n.*The globe which we inhabit: પૃથ્વી. 2. The dry land: જમીન. 3. Soil:the ground: માટી; મટોડી. 4. The people on the globe:દુનિયા જગત;સૃષ્ટિ.*Face of the* **e**.:ભૂતળ. *vt* To bury:ભૂમિદાહ કo.

Earthen,(અર્થન્)*a.*Made of earth or baked clay:માટી-કાદવનું.

Earthling, (અર્થ્લિંગ્)*n.* An inhabitant of earth;a mortal:મૃત્યુ લોકનું મનુષ્ય;માનવી;મર્ત્ય.

Earth-apple, (અર્થ્-ઍપલ્) *n.* A cucumber: કાકડી.2.A potato:બટાટો.

Earth-quake, (અર્થ્ કવેક્) *n.* A shaking of the earth:ધરતીકંપ;ભૂમિ-ભૂકંપ.

Earth-knowledge-lore,(અર્થ્ નૉલેજ્ લૉર્)*n.* Geology:ભૂસ્તર વિદ્યા.

Earth-worm, (અર્થ્વર્મ્) *n.* The common worm found in the soil without legs: ભૂજંતુ;અળસીયું.

Earthly, (અર્થ્લિ) *a.* Pertaining to earth: પૃથ્વીપરનું.2.Made of earth:મટોડીનું;મૃણ્મય.

Ear-trumpet,(ઇર્ટ્રમ્પેટ્)*n.*An instrument to aid in hearing:બેહેરાને સાંભળવાને કાન ભુંગળુ.
Ear-wax,(ઇરૂવેક્સ્)*n.*The cerumen:કાનનો મેલ.
Ear-witness,(ઇર્વિટ્નેસ્)*n.*One who hears a thing:કાને સાંભળેલી વાત કહેનાર સાક્ષી.
Ease,(ઈઝ્)*n.*Relief from labor or effort;rest; આરામ; ચેન. 2. Tranquillity: નિરાંત;સુખ. 3. Freedom from constraint: સ્હેલાઇ. *At.* **e**, free from pain: કુશળ. *vt.* To free from anything that pains; to give rest: આરામ આપવો;ચેન પાડવું. 2. To release from pressure:આસ્તેથી ખસેડવું.
Easeful,(ઇઝ્ફુલ્) *n.* Full of ease:સ્થિર;શાંત; સ્વસ્થ;નિશ્ચિંત.
Easeless,(ઇઝ્લેસ્)*a.*Wanting ease:બેચેન;અસ્વસ્થ;શાન્તિ વગરનું;ઉંચા જીવનું.
Easement,(ઇઝ્મેન્ટ્)*n.*That which gives relief:શાંતતા;સુખ;હક;ઇઝમેંટ.
Easily,(ઇઝિલિ)*adv.*Without difficulty; with ease:સહેલાઇથી.2.Smoothly:ધીમે;હળવે.
East, (ઇસ્ટ્)*n.*[Gr.*eos*,the dawn.] The point in the heaven where the sun rises: પૂર્વ-ઉગમણી દિશા.
Easter,(ઇસ્ટર્)*n.*Good Friday:ઇસ્ટરના દિવસો.
Easterly,(ઈસ્ટર્લિ)*a* Coming from the eastward:પૂર્વ તરફથી આવતું;પૂર્વનું-તરફનું.
Eastern, (ઇસ્ટર્ન) *a.* Situated in the east: oriental:પૂર્વતરફનું;પૂર્વ તરફ જતું.
Eastward,(ઈસ્ટ્વર્ડ્)*adv.* Toward the east: પૂર્વતરફ ઉગમણી દિશાએ.
Easy, (ઈઝિ) *a.*Free from pain, or disgust: સુખી;શાંત.2.Affording rest:આરામ આપનાર 3. Furnishing comfort:સગવડ ભરેલું. 4. Yielding:રાંકડું. 5. Not straitened as to money matters: પૈસાની ટાંચ ના હોય એવું; તંગી વગરનું; ભીડ વગરનું.
Eat,(ઈટ્)*vt.imp.***ate** *pp.***eaten**,[L.*edo*,Ieat.] To chew & swallow as food: ખાવું. 2. To corrode as metal, by rust: ખાઇ જવું-નાખવું. *To* **e.** *one's words*: થુકીને ચાટવું. *To* **e.***out*,to consume completely: ખાઇ-ખવાઇ જવું. To take food:to feed:વિશીમાં ખાવું.
Eatable,(ઇટેબલ્)*a.*Capable of being eaten esculent:ખાવા લેગનું.*n.*That which is used as food:જમણ;ખાવાની વસ્તુ.
Eaves,(ઇવ્ઝ્)*n.pl.*The edges or lower borders of the roof of a building,which overhang the walls,and cast off the water that falls on the roof:છાપરાની પાંખ;નેવ.
Eavesdrop,(ઇવ્ઝ્ડ્રોપ્)*vi.*To listen secretly: બીજાની ગુપ્ત વાત છાનામાના સાંભળવી. *n.* The water falling from the eaves:નેવનાં પાણી.
Ebb, (એબ્) *a.* The reflux of the tide: ઓટ. 2 Time of passing away: પડતી. *vi.* To flow back: ઓટ થવી; ભરતી ઉતરી જવી. 2. To decline:ઉતરતી દશા હોવી.
Ebb-tide, (એબ્-ટાઇડ્) *n.*The reflux of tide water;the retiring tide:ઓટ.
Ebony, (એબોનિ) *n.*[L.*ebenus.*]A species of hard,heavy,durable wood:અબુસનનું લાકડું.
Ebriety,(ઇબ્રાઇટિ) *n.* [*ebrietas*,intoxicated.] Intoxication by spirituous liquors:છાકટાપણું.
Ebriosity, (ઇબ્રિઑસિટિ) *n* [L.*ebrious*,given to drinking.]Partial intoxication:નીશાખોરી.
Ebrious,(ઇબ્રિઅસ્)*a.*Partially intoxicated: દારૂડીઓ;પીધેલ;છાકટો;નિશાખોર.
Ebullient,(ઇબ્યૂલિએન્ટ્)*a.* [L.*bulla*,bubble.] Boiling over as a liquor; effervescing:ફદફદતું;ઉભરો આવતું:જોસવાળું.
Ebullition, (ઈબ્યૂલિશન્)*n.*The operation of boiling:ફદફદવું તે;જોશ.2 Effervescence:ઉભરો.
Ecaudate,(ઈકૉડેટ્)*a.*[L.*ex*,out of and *cauda*, a tail.]Without a tail or spur:પુંછડીવગરનું;બાંડું.
Eccentric, (એક્-સેન્-ટ્રિક્)*a.*[L.*ex*&*centrum*, centre.]Departing from the centre:મધ્યબિંદુમાંથી આઘું જતું;મધ્યબિંદુત્યાગી.3.Not having the same centre:અસમકેંદ્ર;જેનું મધ્યબિંદુ એક નહિ એવું. 4. Irregular; odd:વિલક્ષણ.*n.* A circle having not the same centre:એક મધ્યબિંદુ વિનાનું ચક્ર.
Eccentricity, (એક્સેન્ટ્રિસિટિ)*n.* The state of being eccentric:મધ્યબિંદુ ત્યાગ2.The distance between the centre of an ellipse and its focus:વિષમકેંદ્રતા.3.Deviation from the customary line of conduct:વિલક્ષણતા.
Ecclesiastic, (એક્લીઝિએસ્ટિક્)*n* [Gr. *ekklesia*,the church.]A clergyman;a priest:પાદરી.
Ecclesiastical, (એક્લીઝિએસ્ટિકલ્) *a.*Relating to the Government of the church;not secular:ખ્રિસ્તી મંડળી સંબંધીનું:ખ્રિસ્તીધર્મસંબંધી.
Echo, (એકો)*n.*[L.*echo*]A sound reflected to the ear:પડઘો;પ્રતિશબ્દ;પ્રતિધ્વનિ.*vt.*To repeat in sound:પડઘો પડવો.
Eclaircissement,(એક્લૅર્સિસ્માંન્)*n.*The explanation of an offensive word:સમજુતી.
Eclat,(એક્લા)*n* [Gr. *clao*.I break.] Brilliancy of success:ભભકો;શોભા.2.Demonstration of admiration:જયશબ્દ.
Eclectic,(એક્લેક્ટિક્)*a* Selecting:ચુંટી કાઢવાનું.
Eclipse,(ઇક્લિપ્સ્)*n* [L.*eclipsis*,failing.]An interception of the light of the sun,moon or other luminous body by the intervention of some other body,either between it and the eye or between the luminous

body and that illuminated by it:ગ્રહણ.*vt.* To extinguish the beauty:આંજવું;ઝાંખું પાડવું.

Ecliptic,(ઇક્લિપ્ટિક્)*n.*A great circle of the celestial sphere:રવિમાર્ગ;અયનવૃત્ત;ક્રાંતિવૃત્ત.

Economical,(ઇકોનૉમિકલ્)*a.* [L. *economicus.*] Domestic:ઘરના બંદોબસ્તનું-વિષે. 2. Relating to economy:કરકસરીઉં.

Economist, (ઇકૉનૉમિસ્ટ્) *n.* One who expends money:કરકસરીઓ.2.One who is conversant with political economy:અર્થશાસ્ત્રી.

Economize, (ઇકૉનૉમાઇઝ્) *vt.* To use with prudence:કરકસરથી વાપરવું.*vt.*To manage pecuniary concerns with frugality:કરકસર કo.

Economy, (ઈકૉનૉમિ)*n.* [L. *œconomiæ*, or *oikos*, a house and *nomos* a law.] The management of domestic affairs:ઘર ખરચની વ્યવસ્થા.2.The pecuniary management of any undertaking,corporation:ત્રેવડ;કારભાર. *Political* e.:અર્થશાસ્ત્ર 3.Thrifty and frugal housekeeping:કરકસર.

Ecstasy,(એક્સ્ટસિ)*n.*[Gr.*ek* aside and *stais*, a standing.] Excessive joy:અત્યાનંદ.

Ecstatic, (એક્સ્ટૅટિક્) *a.* Suspending the senses:સમાધિસ્થ 2. Rapturous:ખુશખુશ.

Ecumenical,(એક્યૂમેનિકલ્)*a* [L. *cecumenicus.*]General;universal:સામાન્ય;સાધારણ.

Edacious, (ઇડેશસ્) *a.* [L. *edase* from *edo*, I eat.] Greedy;voracious:ઘણું ખાનારૂં.

Edacity,(ઇડૅસિટિ)*n.* Voracity;rapacity:ખાઉધરાપણું.

Edder,(ઍડર્)*n.*An adder or serpent:સાપ *vt.* To make tight by edder:ખીટી કરવાને અણીવાળા લાકડાથી મજબૂત બાંધવું.

Eddy, (એડિ) *n.* A current of air or water running in a direction contrary to the main current;પાણીનો પાછો મારતો ઓધ 2. A whirlwind:વંટોળીઓ.*vi.*To move as an eddy:વાવંટોળીઓ થવો.*vi.*To collect as into an eddy:ચક્રમાં ફરવું.

Edge.(એજ્)*n.*[L.*acies*.Gr.*ake* a point.]The thin cutting side of the blade of instrument:ધાર;અણી. 2. Margin:-કોર; કિનારો;ધાર; પાળ. *vt.* To sharpen: ધાર ચઢાવવી. *To edge away*: વહાણ અથવા કિનારાથી આઘા આઘા જવું.

Edged,(એજ્ડ્)*a.*Having an edge;sharp:તીક્ષ્ણ;કોરવાળું;ધાર-અણીદાર.

Edging,(એજિંગ્) *n.* That which forms an edge:કોર;ઝાલર;સંબંધ-પ;મગજી.

Edgeless,(એજ્લેસ્)*a.*Not sharp; blunt:બુઠું.

Edgetool,(એજ્ટૂલ્)*n.* An instrument having a sharp edge:ધારવાળું હથિયાર.

Edge-wise,(એજ્વાઈઝ્)*adv.*In the direction of edge:ધાર આગળ કરીને;પાસું આગળ કરીને.

Edible,(એડિબલ્)*a.* [L.*edo*, I eat] Fit to be eaten as food;esculent:ખાવા યોગ્ય; ભક્ષણીય.

Edict,(ઇડિક્ટ્)*n.*[L *e.* out & *dico*, I say.]A public command; or ordinace by sovereign power:રાજાનો હુકમ.*The* e.s. *of Ashoke*: અશોકની આજ્ઞાઓ

Edification,(એડિફિકેશન્)*n.*[L.*aedes*,a house and *facio*, I make.] The act of edifying; instruction in useful knowledge:જ્ઞાનવૃદ્ધિ. 2.A building or edifice:ઈમારત;હવેલી.

Edifice,(એડિફિસ્)*n* A building;a fabric:ઇમારત;હવેલી;મંદીર;મહેલ;બાંધણી; ગૃહ;ઘર.

Edify, (એડિફાઈ) *vi.* To build:બાંધવું. 2. To teach or persuade:સમજાવવું.

Edifying,(એડિફાઇન્ગ્)*a.*Instruction:જ્ઞાનવર્ધક.

Edit,(એડિટ્)*vt.*[L.*e.*and *do*,I give.]To conduct; to manage:ગ્રંથ-ચોપાનિયું વગેરે છપાવવાનાં કામ ઉપર તપાસ રાખવી;પ્રકટ. કo.

Edition, (એડિશન્) *n.* The publication of any literary work:ગ્રંથ છપાવી પ્રગટ કo તે;પ્રકાશન;શોધન.2.The whole number of the copies of a work published at once:આવૃત્તિ;પ્રત.

Editor,(એડિટર્) *n.* One who edits and corrects a book:વર્તમાન પત્રનો અધિપતિ; લેખક.

Editorial,(એડિટૉરિઅલ્)*a* Pertaining to the editor:વર્તમાન પત્રના અધિપતિનું વિષેનું.*n* An editorial article:અધિપતિની કલમથી લખાયેલો વિષય

Editorship,(એડિટરશિપ્) *n.* The business of an editor:અધિપતિનું કામ-હોદ્દો.

Educate,(એડ્યૂકેટ્)*vt.*[L. *e.* out and *duco*,I lead]To bring up as a child; to instruct; to breed:કેળવણી આપવી;શિક્ષણ આપવું.

Educator,(એડ્યૂકેટર્)*n.*One who educates: શિક્ષક;શિખનાર;પ્રબોધક.

Education,(એડ્યૂકેશન્)*n.*The act of educating;the result of educating;skill;discipline:વિદ્યા;સાક્ષરતા;કેળવણી;શિક્ષા;તાલીમ;શિક્ષણ.

Educational,(એડ્યૂકેશનલ્)*a.* Pertaining to or derived from education:કેળવણી-વિદ્યા સંબંધી. **E.** *department*:કેળવણી ખાતું.

Educationist,(એડ્યૂકેશનિસ્ટ્)*n.*One who is versed in or who advocates and promotes education:કેળવણી આપવામાં પ્રવીણ.

Educe,(ઈડ્યૂસ્)*vs*[L.*e*,out and *duco*,I lead.] To bring or draw out;to extract:કાઢી લેવું.

Edulcorate,(ઇડલ્કોરેટ્)*vt* [L *e*,out & *dulcis*, sweet.] To sweeten:સ્વાદિષ્ટ-ગળ્યું કo. 2. To free from acids;to purify:સ્વચ્છ-ચોખ્ખું કo.

Eel,(ઇલ્) *n.* A snake-like fish:બામમાછલી.

Effable,(એફ્ફેબલ)*a.*[L *ex*, out and *fari*,to speak.]Utterable:બોલાય તેવું;બોલવા જેવું.

Efface, (એફ઼ેસ્) *vt.* [L. *ex* and *faies*, face.] To rub out; to render illegible: ચેરી નાંખવું. *vi.* To make erasures: છેકો માર.

Effacement, (એફ઼ેસ્મેન્ટ્) *n.* The act of effacing: છેકી નાંખવું તે; લેપ.

Effect, (એફ઼ેક્ટ્) *n.* [L. *ex*, and *facio*. I make.] Execution: અમલ 2. Manifestation: સિદ્ધિ. 3. Consequence: અસર. 4. *Cause* & e.: કાર્યકારણ. 5. Impression produced: અસર 6 Force; importance; account: જોસ; અર્થ. 7. Purpose: અભિપ્રાય. 8 (*pl.*) Goods; movables: પુંજી; માલમત્તા. *In* e., in fact: ખરેખર. *Of no* e., *or none* e., *to no* e. *or without* e., fruit-less: ફોકટ. *To give* e *to* અમલમાં મૂકવું. *To take* e, to become operative: -નો ગુણ લાગવો; -ની અસર થવી. *vt.* To produce as a cause; to cause to be: ઉત્પન્ન ક૦.

Effection, (એફ઼ેકશન્) *n.* Creation; a doing: સૃષ્ટિ; ઉત્પત્તિ; કાર્ય; સાધન; ઘટના.

Effective, (એફ઼ેક્ટિવ્) *a.* [L. *effectivus.*] Efficient: અસરકારક. *n.* One who is capable of active service: બરોબર કામમાં આવી શકે એવું.

Effectively, (એફ઼ેક્ટિવ્લિ) *adv.* With effect; powerfully; thoroughly: અસરકારક રીતે.

Effectual, (એફ઼ેક્ટ્યૂઅલ્) *a.* Adequate; operative; efficient: અસરકારક; ઉપયોગી; ફળોત્પાદક.

Effectuate, (એફ઼ેક્ટ્યૂએટ્) *vt.* To bring to pass; to achieve: પારપાડવું; સાધવું.

Effeminacy-tion, (એફ઼ેમિનેસિ-એફ઼ેમિનેશન્) *n.* Unmanliness: બાયલાપણું; નામર્દાઇ.

Effeminate, (એફ઼ેમિનેટ્) [*es* & *femina*, a woman.] *a.* Tender: બાયલું. 2. Womanly: સ્ત્રી સરખું. *vt.* To unman; to weaken: નામર્દ-બાયલાક.

Efferous, (એફ઼ેરસ્) *a.* [L. *fera* wild beast] Fierce; savage: જંગલી; ક્રુર.

Effervesce, (એફ઼ર્વેસ્) *vi.* [L *ex* out of, and *ferveo*, I boil.] To be in a state of natural ebullition: ખદખદવું; ઉભરો આવવો.

Effervescence, (એફ઼ર્વેસેન્સ્) *n.* A kind of natural ebullition: ઉભરો; જોસ; જુસ્સો.

Effervescent, (એફ઼ર્વેસેન્ટ્) *a.* Gently boiling by means of the disengagement of gas: ઉકળતું; ઉભરાતું; ખદખદતું.

Effervescible, (એફ઼ર્વેસિબલ્) *a.* Capable of producing effervescence: ઉભરો આવે એવું.

Effete (એફ઼િટ્) *a.* [L. *ex*, out of & *foetul*, offspring.] No longer productive; barren: વાંઝીયું.

Efficacious, (એફ઼િકેશસ્) *a* [L. *ex* & *facio*, I make.] Powerful: અસરકારક; રામબાણ; જબરૂં; સફળ; પ્રબળ.

Efficaciously, (એફ઼િકેશસ્લિ) *adv.* Effectually: અસરકારક રીતે; સફળતાથી.

Efficacy, (એફ઼િકેસિ) *n.* Power to produce effects: સત્તા; અસર; બળ; પ્રભાવ, સામર્થ્ય; સફળતા; ગુણ.

Efficience-y, (એફ઼િશિએન્સ્-સિ) *n.* Effectual agency; efficient power: ધારેલી મતલબ પાર પાડવાની શક્તિ; ક્ષમતા; કાર્યસિદ્ધિ.

Efficient, (એફ઼િશિએન્ટ્) *n.* A prime mover: કાર્યસાધક. *a.* Actively operative: ફળદાયક; ગુણકારી.

Effigy, (એફ઼િજી) *n.* [L. *ex* & *fingo*, I form.] An imitative figure: પુતળું; મૂર્તિ. 2. The print upon a coin to represent the head of the prince by whom it was issued: નાણા ઉપર પાડેલું ટોકું.

Efflate, (એફ઼્લેટ્) *vt.* [L. *ex* out and *flo*, I blow.] To puff up; to fill with air: ફુલવવું; ફુગવવું.

Efflorescence, (એફ઼્લૉરેસેન્શ) *n.* The time of flowering: ફુલ ખિલવાની મોસમ 2. The crust itself thus formed: ઉપર ફૂટી નિકળેલો ખાફુગ;.

Efflorescent, (એફ઼્લૉરેસેન્ટ્) *a.* Liable to effloresce on exposure: ફુટી આવતું.

Effluence-y, (એફ઼્લ્યૂએન્શ-ન્સિ) *n.* A flowing out; emanation: વહેવું તે; પ્રવાહ.

Effluent, (એફ઼્લ્યૂએન્ટ્) *a.* [L. *ex* and *fluo* I flow.] Flowing out: વહેતું. *n.* A stream that flows out of another stream: (નદીની શાખા.)

Effluvium, (એફ઼્લ્યૂવિઅમ્) *n.* Exhalation perceived by the sense of smell: દુર્ગંધ.

Efflux, (એફ઼્લક્શ) *n.* Effusion; flow: પ્રવાહ.

Effluxion, (એફ઼્લક્શન્) *n.* Effusion: પ્રવાહ. 2. Effluvium, emanation: નિ:સાર; નિર્ગમ; વહી નીકળવું તે.

Effort, (એફ઼ોર્ટ્) *n.* [L. *ex* and *fortis*, strong] An exertion of strength: પ્રયત્ન; મહેનત.

Effray, (એફ઼્રે) *vt.* [L. *ex* and *frigus*, cold.] To frighten: બીવડાવવું.

Effrontery, (એફ઼્રન્ટેરિ) *n* [L *ex* and *frontis*, the forehead.] Impudence; assurance; shamelessness: નિર્લજ્જપણું; નાફ્ફટઈ; ધૃષ્ટતા; નઠોરપણું.

Effulgence-y, (એફ઼્લ્જન્શ-ન્સિ) *n.* [L. *ex* & *fulgeo*, I shine.] Extreme brilliancy; a flood of light; splendor: અતિશય પ્રકાશ; તેજ; ચળકાટ.

Effulgent, (એફ઼્લ્જેન્ટ્) *a.* Shinning; splendid; પ્રકાશિત.

Effume, (એફ઼્યૂમ્) *vt.* To breathe: બહાર કાઢવું.

Effuse-effund, (એફ઼્યૂઝ-એફ઼ન્ડ્) *vt.* [L. *ex* out and *fundo*, I pour.] To issue; to spill: ઢોળવું.

Effusion, (એફ઼્યૂઝન્) *n.* The act of pouring out: બહાર રેડવું તે; સ્રાવ; ઉત્સર્ગ. 2. The escaping of fluids from the vessel: શિરામાંથી લોહીનો પ્રવાહ.

Effusive, (એફ઼્યૂસિવ્) *a.* Pouring out; pouring forth largely: પુષ્કળ રેડતું.

Eft, (એફ઼ટ્) *n.* A European lizard: સરડો.

Egg, (એગ્) *n.* [L. *avum.*] The roundish body

formed in the female of animal species: ઇંડું. *vt.* To instigate:ઉશ્કેરવું.
Egg-plant,(એગ્પ્લૅન્ટ્)*n.*A plant bearing an egg-shaped fruit:વેંગણનો છોડવો;વેગણી;વંત્યાકડી.
Eggler-er,(એગ્લર્-ગર્)*n.*One who collects or deals in eggs ઇંડાનો વેપારી.
Egoism,(ઇગોઇઝમ્) *n.* [L. *ego,* I.] The doctrine of a supposed sect of the disciples of Descartes: ડેસકાર્ટીસના ચેલાનો મત. 2. An excessive love of self: અહંકાર અહંભાવ.
Egoist,(ઇગોઇસ્ટ્)*n.*A follower of Descartes; one given to egoism:ડેસકાર્ટીસનો ચેલો.
Egotism,(ઇગોટિઝમ્)*n.*Self-praise; self-commendation:હુંપદ;આપવડાઈ;સ્વપ્રસંશા.
Egotist,(ઈગોટિસ્ટ્)*n.*One who speaks much of himself:બડાઈ ખોર-હાંકનાર.
Egotistic, (ઈગોટિસ્ટિક્) *a.* Addicted to or manifesting egotism:પોતાને મોઢે પોતાની તારીફ કરે એવું.
Egotize,(ઈગોટાઈઝ્)*vi.*To write much of oneself:પોતાને મોઢે પોતાની તારીફ.આત્મસ્તુતિ કo.
Egregious,(એગ્રીજસ્)*a.*[Le.out and *gregis,* heard]Remarkable:મ્હોટું પ્રખ્યાત.
Egregiously,(એગ્રેજસ્લિ) *adv.* Greatly; enormously;shamefully:ઘણુંજ; અત્યંત; અતીવ.
Egress,(ઈગ્રેસ્) *n.* [L. *ex* & *gradior*; I go] Departure:બહાર નિકળવું;નિર્ગમન 2. The passing off from the sun's disk of an inferior planet, into a transit:સૂર્યના માર્ગમાંથી જવું આવવું તે.
Egression,(ઇગ્રેશન્)*n.*The act of going out from an inclosure; escape:નિર્ગમન; બહાર નીકળવું તે. [હીરા વગેરેનો શીરપેચ.
Egrette,(ઇગ્રેટ્)*n.*An ornament of ribbons
Eh,(એહ્)*Interj.*An expression of surprise: એ! અરે! રે! [delight:અહા!
Eigh,(એહ્)*Interj.*An expression of sudden
Eight,(એટ્)*a.*An island in a river:નદીનો બેટ. 2. Seven and one:આઠ. [eight:અરાઢ ૧૮.
Eighteen, (એટીન્) *a.* The sum of ten and
Eightfold, (એટ્ફોલ્ડ્) *a.* Eight times the number or quantity:આઠગણું.
Eighth,(એટ્થ્)*a.*The quotient of a unit divided by eight:આઠમું.
Eighty,(એટિ)*a.*Eight times ten;fourscore:૮૦.
Either, (ઈધર્) *a.* & *pron.* One of two:એક અથવા બીજું. 2. Each of two; the one and the other; two:બન્ને;દરેક.*Con.* The correlative to *or*:કાંતો.
Ejaculate,(ઇજૅક્યુલેટ્)*vt.*[L.e,.out & *jacio,*I throw.] To shoot: ફેંકવું. 2. To utter by a brief impulse:બાર કઈને બોલવું.
Ejaculation,(ઇજૅક્યૂલેશન્)*n.*The act of darting forcibly: ઘણીજ જલદીથી બહાર આવવાનું કામ. 2.Uttering of a short,sudden exclamation:ઉદ્ગાર;ઉચ્ચારણ.
Eject,(ઈજેક્ટ્)*vt.*[L *e* out and *jacio,*I throw.] To throw out:બહાર ફેંકવું; કાઢી નાંખવું.2. To drive away:ખસેડી મૂકવું.3. To dispossess of ownership:નો કબજો પડાવી લેવો.
Ejection,(ઈજેક્શન્)*n.*Discharge:કાઢી મૂકવું તે. 2. Dispossession:કબજો લેઇ લેવો.
Ejectment, (ઇજેક્ટ્મેન્ટ્) *n.* A casting out: બહાર કાઢી મૂકવું તે.2.આડુત પાસે કબજો મુકાવવાની ફરિયાદી.
Eke,(ઇક્)*vt.*[L. *avgeo,*I increase.] To increase; enlarge:વધારવું;વૃદ્ધિ કo. 2. To add: પુરૂં પાડવું;ઉમેરવું. *adv,*In addition:ઉમેરામાં.*n.* An addition ઉમેરો;વધારો;વૃદ્ધિ.
Elaborate,(ઇલૅબોરેટ્)*vt* [L.*e.*out and *labor,* labour]To produce with labour:મહેનત-કષ્ટથી તૈયાર કo. *a.* Finished with great care: મહેનતથી કીધેલું.
Elapse,(ઇલૅપ્સ્)*vi.*[L.*e.*out and *labor,*I fall.] To slide;to slip:ગુજરવું પુરૂં થવું;જવું.
Elastic, (ઇલૅસ્ટિક્) *a.* [Gr. *elaso,* I drive.] Springing back:સ્થિતિસ્થાપક.
Elasticity,(ઇલૅસ્ટિસિટિ,*n.*The quality of being elastic;springiness:સ્થિતિસ્થાપકતા.
Elate, (ઇલેટ્) *a.* [L *ex* & *latus,* carried.] Elevated:ફુલેલું;ઉપસેલું 2 Flushed with confidence:છકી ચળી ગયેલું; ફુલણજી. *vt.* To make proud:મગરૂર કo.
Elation, (ઈલેશન્) *n.* An inlation of mind; pride resulting from success: ફુલાસ: અભિમાન;મગરૂરી.
Elbow,(એલ્બો)*n.*The outer angle made by the arm:કોણી. 2. The jointed part of any structure:હાથો; કોણી. *At the* e.:પાસે;નજદીક. *Out at* e.,in needy circumstances:ગરીબ. *vt.*To push with the elbow: કોણીથી ધકેલવું.
Elbow-room,(એલ્બો-રૂમ્)*n.*Room to extend the elbows on each side:પુરતો અવકાશ; છૂટ; મોકળાશ.
Elder,(એલ્ડર્)*a.* One who is elder:વડિલ; પૂજ્ય. 2.An ancestor; a predecessor:પૂર્વજન; વડિલો;બાપદાદા.
Elderly,(એલ્ડર્લિ)*a.*Somewhat old;bordering on old age:ઉતર વયનું;ઘરડું થવા આવેલું;વયસ્થ.
Eldest(એલ્ડેસ્ટ્)*n.*Most advanced in age:જ્યેષ્ઠ
Elect,(ઇલેક્ટ્)*vt.*[L.*e,*out and *lego,*I choose] To pick out: પસંદ કo. 2. To select: મતથી ચૂંટી કાઢવું.*a.* Chosen:પસંદ કરેલું.
Election,(ઇલેક્શન્.) *n.*Choice:પસંદગી;ચુંટણી.

2 The act of choosing a person to fill an office or employment: નિમણુંક. 3. Divine choice:પસંદગી. 4. Those who are elected: પસંદ કરેલા માણસ.

Electioneer, (ઇલેક્શૅનીર્) *vi.*To make interest for a candidate at an election:કોઈ ઉમેદવારને ચૂંટી કાઢવાને માટે ઉપાયો યોજવા.

Elective, (ઇલેક્ટિવ્) *a.* Making selection: પસંદ કરવાનું.

Elector,(ઇલેક્ટર્)*n.*One who elects:પસંદ કરનાર;ચૂંટનાર 2 A person legally entitled to vote:મત આપવાને માટે અધિકાર વાળો.

Electric-cal,(ઇલેક્ટ્રિક્-કલ્)*a.* [Gr. *electrum,* amber.]Pertaining to electricity:વીજળીનું. 2.Containing electircity:જેની અંદર વિજળી હોય તેવું.

Electrician,(ઇલેક્ટ્રિશિઍન્)*n.*A person who studies electricity:વિજળીના પ્રયોગ જાણનાર.

Electricity, (ઇલેક્ટ્રિસિટિ) n. A power in nature often termed the electric fluid: વીજ;વિજળી.

Electrify,(ઈલેક્ટ્રિફાઈ) *vt.* To charge with electricity: વીજળીથી ભરવું. 2. To give an electric shock to:વીજળીની અસર લગાડવી. *vi.* To become electric:વિજળીવાળું થવું.

Electrize,(ઈલેક્ટ્રાઇઝ્) *vt.* To electrify:વિજળી ભરવી.

Electrum, (ઈલેક્ટ્રમ્) *n.* An alloy of gold and silver:સોના રૂપાની મિશ્રધાતુ. 2 German silver plate:જરમન સિલ્વરની રકાબી.

Eleemosynary,(એલીમૉસિનૅરિ) *a.* [Gr. *eleemosyne.eleos,*pity] Relating to charity or alms giving:ધર્માદા ખાતેનું. *n.* One who subsists on charity; a dependant:ભિક્ષાથી ગુજરાન ચલાવનાર.

Elegance,(એલીગૅન્સ્)*n.*[L *eligo,*I choose.] The state or quality of being elegant:સફાઈ;કાંતિ;શોભા;સૌન્દર્ય;ખૂબી; ખુબસૂરતી

Elegant,(એલીગૅન્ટ્) *a.* Pleasing nice;graceful:સુશોભિત; રૂપવાન. 2. Exercising a nice choice:રસિક;લાવણ્યતાવાળું.

Elegiacal,(એલીજીએકલ્)*a.*Pertaining to elegy:શોક ભરેલું;શોક સૂચક.

Elegy, (એલીજી) *n.* [L. *elegia,* Gr. *elegos,* a lament.]A mournful or plaintive poem;a funeral song:શોક સૂચક કવિતા;શોકગીત;મરજીઓ.

Element,(એલીમેન્ટ્)*n.*[L. *elementum*] One of the simplest or essential parts of which anything consists: મૂળતત્વ. 2. One of the ultimate parts which are variously combined in any thing:અવયવ;ભાગ.3.(*pl*)Rudiments:મૂળતત્વ.4.That which ancient philosophy supposed to be simple and undecomposable:પંચમહાભૂત.5 (*pl.*) The bread and wine used in the eucharist: (ખ્રીસ્તી) પ્રભુ ભોજનમાં જે રોટલી અને દ્રાક્ષરસ વપરાય છે તે.

Elemental,(એલીમેન્ટલ્)*a.*Pertaining to the elements:મૂળતત્વ સંબંધી-નું.2.Rudimentary: ભૌતિક;પંચભૂતાત્મક.

Elementary, (એલીમેન્ટરિ) *a.* Having only one constituent part:સાદું; એક ભાગવાળું. 2. Rudimental:મૂળતત્વનું.

Elephant,(એલિફૅન્ટ્)*n.* [L. *elephantus.*] A quadruped of the tribe of pachyderms: હાથી;હસ્તી.

Elephantine, (એલીફૅન્ટાઇન્) *a.* Pertaining to the elephant;huge:હાથીના જેવું;ઘણું મ્હોટું.

Elevate,(એલીવેટ્)*vt.*[L *e.*out and *levo,*I lift up.] To exalt;to lift up: ઉંચકવું; ઉંચું કરવું. 2. To promote;to raise to a higher station: મ્હોટી પદવીએ-ઉંચે દરજ્જે ચઢાવવું.

Elevation, (એલીવેશન્) *n.* Act of raising from a lower state to a higher: ઉન્નતિ. 2. Height; exaltation;ઉંચાઈ.3.A hill:ટેકરી.4. The angle which the style makes with substylar line:ખૂણો.

Elevator,(એલીવેટર્) *n.* One who raises or lifts:ઉંચે ચઢાવનાર.(*a*)A contrivance for lifting grain,&c.:દાણા વિગેરે ઉંચકવાનો સંચો.

Eleven,(ઇલેવન્)*a.*Ten and one added:અગિયાર.2 The eleven men selected to play on one side in a match:ક્રિકેટની મેચમાં એક બાજુનાં અગિયાર માણસો.

Elf, (એલ્ફ્)*n.*[*pl.* **Elves.**] [L.*elf,*spright.] An imaginary being,supposed to exert a mysterious power over man:પિશાચ;ભૂત;પ્રેત

Elfin,(એલ્ફિન્)*a.* Relating or pertaining to elves:પિશાચને લગતું *n.*A little elf:નાનું પિશાચ

Elicit,(ઇલિસિટ્)*vt.*[L.*e,* out and *laceo,*I entice]To draw out:સત્ય-ખોળી-શોધી કાઢવું.

Elide,(ઈલાઇડ્)*vt.*[L.*e,*out and *lædo,*I strike off.] To crush:ચગદી નાંખવું.

Eligible,(એલિજીબલ્)*a.*Proper to be chosen: યોગ્ય;લાયક.2. Preferable:પસંદ કરવા લાયક.

Eliminate,(ઇલિમિનેટ્)*vt* [L.*e,*out and *limen,* threshold.] To expel:કાઢી મૂકવું; છુટું મૂકવું.2. To leave out of consideration: વિચારમાંથી પડતું મૂકવું.

Elixir, (ઈલિક્સિર્)*n.* A tincture with more than one base:મિશ્રિત રસાયણ.2.The refined spirit: અર્ક. 3. Any cordial or substance which invigorates:પુષ્ટિકારક ઓસડ.

Elk, (એલ્ક્)*n.*[L.*aeces.*]A quadruped of the stag kind:એક જાતનું મ્હોટું સાબર.

Ell,(એલ્)*n.*[L.*ulna.*]A measure of the yards: કાપડ ભરવાનું એક માપ.

Ellipse, (એલિપ્સ્) *n* [L.*ellipsis.*] An oval or oblong figure:દીર્ઘ વર્તુલ;અંડાકૃતિ.

Ellipsis, (એલિપ્સિસ્) *n.* [*pl.* **Ellipses.**] Omission:અધ્યાહાર;પદન્યૂનતા.

Elliptical, (એલિપ્ટિકલ્)*a.* Pertaining to an ellipse:અંડાકૃતિનું.2. જેમાં કંઈ અધ્યાહાર છે એવું.

Elocution, (એલોક્યૂશન્) *n.* [L. *e* out and *loquor*,I speak.]Expression of thought by speech: બોલિને વિચાર બતાવવાની શક્તિ. 2. Manner of speaking in public:વાક્ શક્તિ.

Elocutionist,(એલોક્યૂશનિસ્ટ્)*n.*One who is versed in elocution: છટાદાર-ભાષણ કરનાર.

Elongate, (ઇલોન્ગેટ્) *vt.*[L *longus*,long]To lengthen:લંબાવવું.*vi.*To depart:છૂટા પડવું

Elongation, (ઇલોન્ગેશન્) *n.* Protraction; extension:લંબાણ.2.Departure:દૂર-જેદું હોવું તે.

Elope.(ઇલોપ્)*vt.*To run away privately: નિકળી જવું;યાર સાથે જવું રહેવું; સ્ત્રી લઇને નાશી જવું.

Eloquence, (એલોક્વેન્સ્) *n.* [L. *eloquens*] Fluency;speech in public:શબ્દપાંડિત્ય; બોલવાની છટા. 2. That which is eloquently uttered:સુભાષણ.

Eloquent,(એલોક્વેન્ટ્) *a.* Having the power of expressing strong emotions in an elevated manner:સુભાષણ કરનાર;ભાષણકાર.

Else,(એલ્સ્)*a* &*pron.*[L.*alius*] Otherone or something beside:બીજું;અન્ય.*adv.*Besides: બીજું;સિવાય 2 Otherwise:નહિં તો.

Elsewhere, (એલ્સવ્હેર્) *adv.* In any other place:કોઇ બીજી જગોએ;અન્યસ્થળે

Elucidate,(ઇલ્યૂસિડેટ્)*vt.* [L *lucidus*,full of light]To make clear or manifest;to illustrate:ઉઘાડું-ખુલ્લું-સમજ પડે એવું કo.

Elucidation, (ઇલ્યૂસિડેશન્) *n.* A making clear;explanation:સ્પષ્ટીકરણ;ખુલાસો;ઉદાહરણ.

Elucidative,(ઇલ્યૂસિડેટિવ્)*n.* Making clear: જેથી સ્પષ્ટ-ખુલ્લું સમજાય-સમજ પડે એવું.

Elucidator, (ઇલ્યૂસિડેટર્) *n* One who explains;an expositor:ખુલાસો કરનાર;વિવરણકાર.

Elude,(ઇલ્યૂડ્)*vt* [L.*e*,out and *ludo* I play.] To avoid by artifice:ચુકવવું;ટાળવું;નિષ્ફળ કo.

Elusion, (ઇલ્યૂઝન્)*n.*An escape by artifice; a cheat;a mockery:ઠગાઈ;નજર ચૂક;છળભેદ;પ્રપંચ.

Elusive-sory, (ઇલ્યૂસિવ્ઇલ્યૂસોરિ) *n.*Evasive; fraudulent;deceitful:ચોરવે-ચૂકાવે એવું.

Elutriate,(ઇલ્યૂટ્રિએટ્)*vt.*[L.*elutreo*,I purify] To purify by washing:ધોઇને સાફ કo.

Elysian,(ઇલિઝિઅન્)*a* [L *elysjum.*]Pertaining to an abode of the blessed after death: સ્વર્ગનું-સંબંધી.2.Beatific:પરમાનંદ પ્રદ.

Elysium,(ઇલિઝિઅમ્)*n.* A dwelling place assigned to happy souls after death:સ્વર્ગ.

Emaciate,(ઇમેશિએટ્)*vi* [L *e* out and *macero*, I make soft.]To waste away in flesh:ઝુરવું; *a.*Emaciated:ગળી-સુકાઇ-ગયેલું.

Emaciation, (ઇમેશિએશન્) *n* The state of being emaciated:ક્ષીણતા;શરીરશોષણ.

Emanant, (એમેનન્ટ્) *a.* Issuing or flowing forth;emanating:નીકળતું;વહેતું;ઉદ્ભુત.

Emanate,(એમેનેટ્)*vi* [L.*e*.and *mano*,I flow.] To issue forth from a source: નિકળવું;-માંથી આવવું પ્રસરવું.

Emanation,(એમેનેશન્)*n.*Act of flowing as from a fountain:નિકળવું તે;નિઃસરણ.

Emanative,(એમેનેટિવ્)*a.*Issuing forth:નિકળતું;વહેતું;ઉદ્ભૂત;ઉત્પન્ન;જાત;જન્ય.

Emancipate,(ઇમેન્સિપેટ્)*vi.*[L.*e*,*manus*,the hand,*&* *capio*,I take.]To liberate:ગુલામગીરી-બંધનમાંથી છોડવવું. 2. To free from:-માંથી મુક્ત કo 3.To deliver from migratory existence:મુક્તિ મોક્ષ આપવો.

Emancipation,(ઇમેન્સિપેશન્)*n.* Act of setting free from slavery:છૂટકો;છૂટકારો;મોક્ષ.

Emancipator, (ઇમેન્સિપેટર્) *n.* One who liberates from bondage:મુક્ત-છૂટકો કરનાર;મોક્ષક.

Emasculate,(ઇમેસ્કયૂલેટ્)*vt* [L.*e*,&*masculus*, male.] To deprive of virile power:ખસી-નપુંસક કo. 2. To deprive of masculine strength;to render effeminate:નામર્દ કo.

Emasculation,(ઇમેસ્કયૂલેશન્)*n.* Act of depriving virility;castration:ખસી; વૃષણચ્છેદ.

Embalm,(એમ્બામ્)*vt.*To anoint with balm; to keep from putrefaction:સડો ન લાગવા દેવાને મસાલો-સુગંધ ભરવો. 2. To perpetuate in grateful remembrance;to cherish tenderly the memory of:મમતાથી યાદ રાખી મૂકવું

Embargo, (એમ્બાર્ગો) *n.*A prohibition to sail: બંદરમાં વહાણ આવવા જવાની મના.*vt.*To hinder from sailing out of port:બંદરમાંથી બહાર જતાં અટકાવવું.

Embark,(એમ્બાર્ક્)*vt.*To go on board a ship: વહાણપર ચઢવું. 2. To invest in any affair: નાખવું;ઝોકાવવું.*vt.*To engage in any business to enlist:માથે લેવું;પડવું.

Embarkation, (એમ્બાર્કેશન્) *n.* An act of putting or going on board of a vessel:વહાણપર ચઢવું;ચઢાવવું તે;નૌકારોહણ.

Embarrass,(એમ્બેરૅસ્)*vt.* [L *barra*,a bar of metal or wood.] To perplex: ગુંચવવું;સપડાવવું 2. To incumber with debt:નાણાંની ભીડતંગીમાં હોવું.3.To impede:ને બાધ આવવો.

Embarrassment, (એમ્બેરૅસ્મેન્ટ્) *n.* Perple-

xity:ગુંચવણ;ગભરાટ.2.Perplexity from temporary inability to discharge debts:નાણાંની ભીડ-તંગી.

Embassy, (એમ્બૅસિ)*n.* [L. *ambascia.*]The public function of an embassador: એલચીગિરી.2.The persons sent as embassadors: એલચી;વકીલ મંડળ.

Embattle,(એમ્બૅટ્લ્)*vt.*To arrange in order of battle:વ્યુહ રચવું;વ્યૂહ રચના કo-માં ગોઠવવું.

Embattlement,(એમ્બૅટ્લમેન્ટ્)*n* An indented parapet;battlement:લઢાઇની રચના;વ્યૂહરચના; મોરચો.

Embay, (એમ્બે) *vt.* To inclose in a bay or inlet-to landlock:અખાતમાં બંધ કરવું-પુરવું.

Embellish,(એમ્બૅલિશ્)*vt.*[M.*bellus*,pretty.] To make beautiful by ornaments:શણગારવું; સુશોભિત કo.

Embellishment, (એમ્બેલિશ્મેન્ટ્) *n.*The act of adorning:શણગારવાનું કામ.2. That which adds beauty:ઘરેણું;ભૂષણ. [અંગારા.

Embers,(એમ્બર્સ્)*n* Cinders:ચીણગારા; ઝીણા

Embezzle,(એમ્બેઝલ્)*vt.* To apply to one's private uses by a breach of trust:ખાઈ જવું; હોઈયાં કરી જવું;ઉંચાપત કરી જવું;પચાવી પડવું.

Embezzlement, (એમ્બેઝલ્મેન્ટ્)*n.*The act of fraudulently appropriating to one's care and management:ખાઇ જવું.પચાવી પડવું તે.

Embitter, (એમ્બિટર્) *vt.*To make bitter;to render distressing:કડવું-દુ:ખી કo;કલેશ કરાવવો.

Emblazon, (એમ્બ્લેઝૉન્) *vt.* To adorn in glaring colours:રંગદાર-ઝળકદાર કo;શણગારવું.

Emblem, (એમ્બ્લેમ્)*n.* [Gr.*em*,and *ballo*,I cast.]A typical designation:સંકેત;નિશાની.

Emblematical,(એમ્બ્લેમૅટિકલ્)*a.*Pertaining to an emblem;symbolic:નિશાની-ચિન્હનું;ચિન્હ.

Emblematize,(એમ્બ્લેમૅટાઈઝ્)*vt.*To symbolize:દર્શાવવું;સુચક-દર્શક હોવું.

Embodied,(એમ્બૉડિડ્)*a.*Having a body:દેહી; દેહધારી.*The e spirit*:શરીરાભિમાની આત્મા.

Embody,(એમ્બૉડિ)*vt.* To form into a body; to make corporeal:દેહી-શરીરી કo;દેહધારી કરવું. 2 To form or collect into a body;to concentrate:સંગ્રહ કo; એક ઠેકાણે આણવું. *vt.* To unite into a mass:એકઠું-સંગ્રહ કo.

Embolden,(એમ્બૉલ્ડન્)*vt.*To give boldness: હિમ્મત આપવી;છાતીવાળું કo;ધૈર્ય-દિલાસો આપવો.

Embolus, (એમ્બૉલસ્) *n. pl.* **emboli.** [L.] Something inserted or acting in another: ચકલી;દાટો.

Emborder. (એમ્બૉર્ડર્) *vt.*To adorn with a border;to imborder:તોઈ-ફીત મૂકીને શણગારવું.

Emboss,(એમ્બૉસ્)*vt.*To ornament in relief: ઉપસી નિકળે એવી આકૃતિ પાડવી;નકસીદાર કo.2.To hide in a thicket:સંતાડી રાખવું;ગુપ્ત રાખવું;ઢાંકવું.

Embossment, (એમ્બૉસ્મેન્ટ્) *n.* The act of forming raised figures or the state of being so formed:ઉપસી આવેલો આકાર.

Embouchure, (આંમ્બૂશૂર્) *n.* A mouth;an aperture;opening:મ્હોડું;મુખ;ન્ડે;નાળું.

Embowel, (એમ્બાઉવેલ્) *vt.* To remove the bowels of;to free from visceca:જાનવરનાં આંતરડાં કાઢવાં.2.To imbed;to bury:દાટવું;સંતાડવું.

Embower, (એમ્બાઉઅર્) *vt* To cover with a bower:ના ઉપર મંડપ-માંડવો કo.

Embrace, (એમ્બ્રેસ) *vt.* To inclose in the arms:છાતી સરસું ચાંપવું.2.To cling to;to love: વ્હાલું;-પર પ્રીતિ રાખવી 3.To comprehend;to takein:-માં સમાવેશ થવો;-માં આવવું-આવીજવું.*vi.* To join in an embrace:કોટી કo;બાથમાં લેવું.

Embrasure.(એમ્બ્રેઝ્યૂર્)*n.*An embrace:બાથ;આલિંગન;ભેટો;કોટિ.2.An opening in a wall through which cannons are pointed and discharged:બાકોરૂં;જંગી;જંજીરી;તોપની બારી.

Embrocate,(એમ્બ્રોકેટ્)*vt.* [Gr.*em*&*brecho*,I wet.] To moisten and rub, as a diseased part:ચોળવું;પાલીસ કo;રગડવું.

Embroider,(એમ્બ્રોઈડર્)*vt.*To cover with ornamental needle-work;ઉપર ભરત ભરવું;-ઉપર નકશી-વેલ-બુટ્ટા કાઢવા.

Embroidery,(એમ્બ્રૉઈડેરિ)*n.*Work in silver, silk or thread by the needle on cloth:ભરત;વેલ;નકશી;નકશી કામ.

Embroil, (એમ્બ્રૉઈલ્) *vi.* To throw into perplexity;to entangle:ગુંચવણમાં નાંખવું;લઢાઇમાં ગુંચવવું.

Embryo-n,(એમ્બ્રિઑન્)*n.*[Gr.*em* in &*bryo*, I swell.]The first rudiments of an organized being the womb: તરતનો રહેલો-કાચોગર્ભ. *In embryo*:અપરિપક્વ.

Emendable,(ઇમેન્ડૅબલ્)*a.*[L *e*,out&*menda*, blemish.]Capable of being corrected:ભુલનો સુધારો કo;લાયક;સુધરી શકે એવું.

Emendation, (ઇમેન્ડેશન્) *n.* The act of altering for the better:ભુલનો સુધારો;ભુલ સુધારવી તે. 2. Removal of errors from a document:સુધારો.

Emendator,(ઇમેન્ડેટર્)*n.*One who amends by correcting faults:સુધારનાર;શોધક;દુરસ્ત કરનાર.

Emerald,(એમેરૅલ્ડ્)*n.* [L. *emaragdus.*] A precious stone of a rich green colour:પાનું; લીલમ.*a.*Of a green rich colour:લીલા રંગનું.

Emerge,(ઇમર્જ્)*vi.*[L.*e*,out & *mergo*,I dip.] To rise out of a fluid:-માંથી નીકળવું.

Emergence,y, (ઇમર્જેન્સ-સિ) *n.* Act of ris

ing out of a fluid:બહાર આવવું;-માંથી નીકળવું તે.3.A sudden occasion:ઓચિંતો-બનાવ;અવસર.4.Exigency:જરૂર.

Emergent,(ઇમર્જેન્ટ્)*a*. Issuing; coming to light:બહાર આવતું; નિકળતું. 2. Suddenly appearing:જરૂરનું;અગત્યનું;આકસ્મિક;આવશ્યક.

Emersion, (ઈમર્શન્) *n*. [L. *emergo*] The act of rising out of or coming forth to view:પાછું દેખાવું તે.

Emery, (ઈમેરિ) *n*. Corundum intimately blended with oxide of iron: ધાતુને ઘોવાનો એક ઘણી કઠણ ધાતુનો ભુકો.

Emetic,(ઇમેટિક્)*a*.Inducing to vomit:ઉલટી પેદા કરે એવું. *n*. A medicine which causes vomiting:ઉલટીનું ઓસડ.

Emeute,(એમ્યૂટ્)*n*.[L *e*.out and *motus*,moving.] A sedition:હુલ્લડ;બખેડો.

Emiction,(ઇમિકશન્)*n*.[L.*e*.out and *mingo*,I make water.] The discharging of urine: પીશાબ કરવો તે;પીશાબ;મુત્ર

Emigrant,(એમિગ્રેન્ટ)*a*.[L.*e* from & *migro*,I remove.] Pertaining to an emigrant:સ્વદેશ ત્યાગ કરીને ગયેલું. *n*. One who removes his habitation:દેશાંતર ગયેલું માણસ.

Emigrate,(એમિગ્રેટ્)*vi*.To remove from one country to another for the purpose of residence:સ્વદેશ છોડી પરદેશ રહેવા જવું.

Emigration, (એમિગ્રેશન્) *n*. Removal of inhabitants from one country to another for residence:સ્વદેશ છોડી પરદેશ જવું તે;દેશત્યાગ. 2.A body of emigrants:દેશત્યાગ કરનાર લોકો.

Eminence, (એમિનેન્સ્) *a*. That which is exalted;a height;an elevation:ઉંચાણ;ટેકરી. 2.An elevated situation among men;exaltation;high rank:મ્હોટાઇ;આબરૂ;ઉત્કર્ષ;ખ્યાતિ.

Eminent, (એમિનેન્ટ્) *a*. Exalted in rank: પ્રખ્યાત;પ્રસિદ્ધ.

Emissary,(એમિસ્સેરિ)*n*.[L.*e*,out & *mitto*,I send.]A person sent on a mission:દુત;કાસદ.

Emission,(ઇમિશન્) *n*. The act of sending or throwing out:-માંથી નીકળવું.2.That which is sent out:ધાતુસ્રાવ.

Emit,(ઇમિટ્)*vt*.[L *e* out and *mitto*,I send.] To send forth: મોકલવું. 2. To issue forth: છાપીને ફેલવો ક૦.

Emmet,(એમ્મેટ્)*n*.An ant or pismire:કીડી.

Emolliate,(ઇમોલિએટ્)*vt*.[L.*e*.& *mollis*,soft.] To soften;to effeminate:નરમ-સુંવાળું ક૦.

Emollient,(ઈમોલિએન્ટ્)*n*. An external application to allay irritation:નરમ-પોચું કરનારૂં.

Emolument,(ઇમોલ્યૂમેન્ટ્)*n*.[L.*e*. & *molior*, I exert myself.] The profit arising from office:પેદાશ;આવક;પ્રાપ્તિ.2.Profit;advantage: નફો;ફાયદો;લાભ.

Emolumental,(ઈમોલ્યૂમેન્ટલ્) *a*. Yielding profit:લાભકારક;પેદાશવાળું.

Emotion,(ઇમોશન્)*n*.[L.*e*.and *moveo*,I move] A moving of the mind:મનોવિકાર;મનોભાવ.

Empale,(એમ્પેલ્)*vt*.[L.*em* and *palus*,pale.] To surround with a line of stakes:લાકડાના સળીઆથી પુરવું. 2. To inclose:રોકવું.3. To put to death by fixing on a stake: સુળીએ ચઢાવવું.

Empannel,(એમ્પૅન્નેલ્)*n*. A list of jurors; a panel:જુરરોની યાદી. *vt*. To write down the names of jurors:જુરરોનાં નામ લખી લેવાં.

Emperor,(એમ્પરર્)*n*.[L.*em*,and *paro*,I prepare.]The sovereign of an empire:બાદશાહ;શાહેનશાહ;રાજાધિરાજ.

Emphasis,(એમ્ફેસિસ્) *n*. [L. *emphasis*.] A particular stress of utterance:શબ્દપર ભાર.

Emphasize, (એમ્ફેસાઈઝ્) *vt*. To lay stress upon:શબ્દ-વાક્યપર જોર-ભાર મુકીને ઉચ્ચાર.

Emphatical,(એમ્ફેટિકલ્) *a*. Uttered with emphasis:જોર-ભારવાળું;જોરભાર મુકવા યોગ્ય.

Empire, (એમ્પાઈર્) *n*. [L. *imperium*, command.] The dominion of an emperor: બાદશાહત;શાહેનશાહત;મોટું ચક્રવર્તિ રાજ્ય.

Empiric,(એમ્પિરિક્)*n*.[L. *em*, in and *peira*, trial.] Depending upon the observation of phenomina:શાસ્ત્ર-વિદ્યાની અજમાયશથીથયેલું.

Empiricism,(એમ્પિરિસિઝમ્)*n*. The method of an empirid:અનુભવસિદ્ધ ચાલવું તે.

Employ,(એમ્પ્લૉય)*vt* [L *in* and *plico*,I fold.] To inclose; to infold: કામમાં લેવું; વાપરવું. 2. To use as an instrument for accomplishing some purpose:હથિયાર-સાધન તરીકે કામમાં લેવું.3.To use as an agent or servant;to intrust:ચાકરીમાં રાખવું.*n*.Employment:કામ ધંધો.

Employee(એમ્પ્લૉઈ)*n*.One who is employed નોકરીમાં રાખેલું માણસ;નોકર;ચાકર;સેવક.

Employment,(એમ્પ્લૉઈ મેન્ટ્)*n*. The act of employing:કામમાં લેવું તે.2. That which engages:ધંધો;રોજગાર.

Emporium,(એમ્પોરિઅમ્)*n*.[L *em* & *poros*, way.]A place of extensive commerce;mart: વેપારનું મથક;મુખ્ય બંદર.

Empower, (એમ્પાઉઅર્) *vt*. To give legal power to;to authorize:સત્તા આપવી.

Empress, (એમ્પ્રેસ્) *n*. A consort of an emperor:રાજાની ધણિયાણી; રાણી. 2. A female who governs an empire:મહારાણી.

Emption,(એમ્પશન્)*n*.[L.*emo*,I buy.]The act of buying:ખરીદવું તે;ખરીદી;વિક્રય.

Empty,(એમ્પ્ટિ)*a* Containing nothing:ખાલી. 2.Destitute of sense or knowledge: જ્ઞાન શૂન્ય-હિન;મૂર્ખ.*vt*.To exhaust;to make void: ખાલી કo. *vi*. To pour or flow out;to discharge itself:ખાલી કo.

Empty-headed,(એમ્પ્ટિ-હેડેડ્)*a*.Having few ideas:ખાલી મગજનું;મૂઢ.

Empurple,(એમ્પર્પલ્)*vt*. To tinge or dye of a purple colour:જાંબુડો રંગ દેવો.

Empyreal,(એમ્પાઈરીઅલ્)*a*. [Gr. *empyros*, infire.]Formed of purefire:અગ્નિ-તેજનું બનેલું.

Empyrean,(એમ્પાઇરીઅન્)*a*.Empyreal:અગ્નિમય;તેજોમય.*n* The highest heaven:સત્ય લોક.

Emulate,(એમ્યૂલેટ્)*vt*.[L. *æmulus*,striving with.]To strive to exceed in qualities or actions:ની બરોબરી-સરસાસરસી કo.

Emulation, (એમ્યૂલેશન્) *n*. The act of attempting to excel in actions: ચરસા ચરસી. 2.Competition:લડાઇ;કજીઆ;ટંટો.

Emulator,(એમ્યૂલેટર્)*n*.One who emulates; a rival;a competitor:સરસાસરસી કરનાર.

Emulge,(ઇમલ્જ્) *vt*. To milk out: દૂધના જેવું કo;દૂધ કાઢવું. [દૂધ જેવી દવા;નરમ દવા.

Emulsion,(ઇમલ્શન્)*n*.A soft,liquid remedy:

Emulsive,(ઇમલ્સિવ્)*a*. Softening; નરમ;દૂધ જેવું.2.Producing a milklike substance: દૂધના જેવો પદાર્થ પેદા કરતું.

Enable, (એનેબલ્) *vt*. To give strength: શક્તિવાન કo 2 To render competent for:અખત્યાર આપવો.

Enablement,(એનેબલ્મેન્ટ)*n*.The act of enabling:સામર્થ્ય;શક્તિ;તાકાદ;કૌવત.

Enact,(એનૅક્ટ્)*vt*.To make into a law:કાયદો બાંધવો.2.To perform:રચવું.:

Enactment,(એનૅક્ટ્ મેન્ટ્)*n*.The passing of bill into a law:પસાર થઇ કાયદો થવો તે;ધારો.

Enamel, (એનમેલ્) *n*. A substance of the nature of glass: કાચના જેવી એક વસ્તુ. *vt*. To lay enamel upon:મીનો ચઢાવવો.

Enameller,(એનેમેલર્)*n* One who enamels: મીનો ચઢાવનાર;મીનાગર.

Enamelling,(એનેમેલિન્ગ્)*n*. The art of enamelling:મીનાકામ; મીનાકારી.

Enamour,(એનેમર્)*vt* [L.*en* and *amo*,I love] To inflame with love;to captivate:પ્યાર કo.

Encage,(એન્કેજ્)*vt*. To shut up or confine in a cage;to coop:બંધ કo.પુરવું;ગોંધવું.

Encamp,(એન્કૅમ્પ્) *vi*.To form and occupy a camp:તંબુ મારવા.*vt* To form into a camp; ડેરા-તંબુ તાણવા.

Encampment, (એન્કૅમ્પ્મેન્ટ્) *n*. An act of pitching tents:તંબુ તાણવાનું કામ.2.A camp: regular order of tents for the accommodation of an army: છાવણી; મુકામ; પડાવ.

Encase,(એન્કેસ્)*vt*.To inclose:પેટીમાં નાંખવું; બંધ કo.

Enchain, (એન્ચેન્) *vt*. To chain: સાંકળથી બાંધવું.2.To link together:ગાંઠવું; જોડવું.

Enchant,(એન્ચૅન્ટ્) *vt*. [L. *in* and *canto*, I sing.] To charm by sorcery: મંતરવું. 2. To delight in a high degree:મોહ પમાડવું.

Enchanter,(એન્ચૅન્ટર્)*n*.One who enchants; a sorcerer;magician:જાદુગર;હલમી;ભુવો.

Enchantment,(એન્ચૅન્ટ્ મેન્ટ્)*n*.The use of magic arts:જાદુ; ધંતરમંતર; મેલી વિદ્યા.

Enchantress,(એન્ચૅન્ટ્રેસ્)*n*. A woman who enchants;a sorceress:જાદુ જાણનાર સ્ત્રી.

Enchase (એન્ચેસ્) *at*. To incase: વીંટી લેવું; જડવું. 2. To adorn with embossed work: મીનાકારી વગેરે ચિત્ર કાઢવાં.

Encircle, (એન્સર્કલ્) *vt*. To form a circle about;to embrace:વીંટી લેવું;ઘેરવું 2. To pass around as in a circle:પ્રદક્ષિણા કo;આસપાસફરવું

Enclose,(એન્ક્લોઝ્)*vt*.[L.*in* & *claudo*,I shut. To inclose:વાડ બાંધવી-કo. 2.To put within a case:પેટીમાં ઘાલવું. 3. To separate from common grounds by a fence:માં વાડ કo.

Enclosure,(એન્ક્લોઝ્યૂર્) *n*. Act of inclosing:બંધ કરવાનું કામ.2.That which is inclosed;a thing contained:વાડ અંદરની જગ્યા 3. A fence:વાડ;ભીંત.

Encomiast,(એન્કોમિઍસ્ટ્)*n*. One addicted to praise:a panegyrist:વખાણનાર;તારીફ કરનાર.

Encomium, (એન્કોમિઅમ્) Formal praise; panegyric:વખાણ;તારીફ;સ્તુતિ;પ્રશંસા.

Encompass, (એન્કમ્પૅસ્) *vt*. To describe a circle about; to environ:ઘેરી લેવું;ઘેરો ઘાલવો.

Encore, (એન્ગકોર્) *adv*. Once more; again: ફરીથી;પાછું;ફરીથી એકવાર.

Encounter,(એન્કાઉન્ટર્)*n*.[L. in & *contra*, against.] A meeting face to face:મેળાપ. A battle: યુદ્ધ. *vi*. To meet face to face;to oppose:સામસામા થવું. To oppose:સામા થવું.

Encourage,(એન્કરેજ્) *vt*. [L *en* & *cor*,The heart.] To give courage to;to animate;to incite:હિંમત-ધૈર્ય-આશા આપવી;ટેકો આપવો.

Encouragement,(એન્કરેજ્મેન્ટ્) *n*. The act of giving courage: હિંમત આપવી. 2. That which serves to incite,promote:ટેકો;ઉત્તેજન.

Encroach,(એન્ક્રોચ્)*n*.[L.*incroco* I hang by a hook.] *vi*. To intrude:પગ પેસારો કo;જતું-આવતું;-ની સીમા દાબવી.

Encroachment, (એન્ક્રોચ્મેન્ટ્)*n*. Unlawful intrusion:પગપેસારો.2.That which is taken

by encroaching on another: જે બીજાના હક-માંથી ધીમે લેઇ લેવામાં આવે છે તે.

Encumber, (એન્કમ્બર્) *vt.* [L. *cumbrus*, a mound.] To weigh down: બોજા-ભારથી હરક્ત-અડચણ ક૦. 2. To load with debts:ડૂબાવી દેવું;ગિરો વિગેરેનો બોજો મુકવો.

Encumberment, (એન્કમ્બર્મેન્ટ્)*n.* Encumbrance;molestation:પીડા;અડચણ.

Encumbrance, (એન્કમ્બ્રૅન્સ્) *n.* A burden: બોજો. 2. Every right to or interest in an estate to the diminution of its value,&c: બોજો;રૂણ;ભાર.

Encyclopedia, (એન્સાઇક્લૉપીડિઍ) *n.* The circle of sciences; a cyclopedia;a general survey of human knowledge:સર્વ વિદ્યા સંગ્રહ-કોશ.

End,(એન્ડ્) *n.* [L. *anti* over against] The extreme or last portion:અંત.2.The conclusion:સમાપ્તિ;છેવટ;અંત.3.Death;destruction: નાશ;વિનાશ;ક્ષય.4.Purpose in view:અભિપ્રાય; હેતુ;મતલબ.*To make both* e. s *meet*: પોતાની શક્તિ-ગુંજાશ પ્રમાણે રહેવું આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું.*To put an* e. *to*, to destroy:મારી નાંખવું. *In the* e. finally: આખરે. *vt.* To bring to an end; to finish: સમાપ્ત-પુરૂ ક૦ 2. To put to death: છેડો-અંત લાવવો. *vi.* To come to the ultimate point,to cease:સમાપ્ત-પુરૂં થવું

Endanger,(એન્ડેન્જર્)*vt.*To put to hazard; જોખમમાં નાંખવું. 2. To incur the hazard of: જોખમ માથે લેવું.

Endear,(એન્ડીર્)*vt.* To make dear;to make more beloved:વહાલુ-પ્યારૂં ક૦;વહાલું લગાડવું.

Endearment,(એન્ડીર્મેન્ટ્) *n.* The act of endearing;thestate of being endeared:પ્યાર.

Endeavour,(એન્ડેવર્)*n.* An exertion:પ્રયત્ન. *vt.* To attempt to gain: પ્રયત્ન-ઉદ્યોગ ક૦. *vt.* To try:પ્રયત્ન ક૦.

Endemical,(એન્ડેમિકૅલ્)*a.*Peculiar to a people or nation:એક દેશના લોકનુંજ;ખાસ.

Ending,(એન્ડિન્ગ્) *n.* Termination; result; conclusion:છેડો;અંત;પરિણામ;સીમા;આખર.

Endorse,(એન્ડૉર્સ્)*vt.*To put upon the back of:ભાર મુકવો. 2. To write on the back: હુંડી વગેરેની પાછળ સહી કરીને સ્વીકારવું.

Endow. (એન્ડાઉ) *vt.*[L *do*,I give.]To furnish with a dower: નાણાની નિમણુંક અથવા વર્ષાસન કરી આપવું;સ્ત્રીને-છોકરીને મિલક્ત આપવી;પલ્લું આપવું.

Endowment, (એન્ડાઉમેન્ટ્) *n.* The act of settling a fund for the support of any one આપેલી મિલક્ત.2.That which is bestowed ona person:ધર્મદાન.3.Gift of nature:ઇશ્વરી બક્ષીસ.

Endue,(એન્ડ્યૂ)*vt.* To put on to;to invest; to clothe:લુગડાં પહેરાવવાં-પુરાં પાડવાં;આપવું.

Endurable,(એન્ડ્યુરૅબલ્)*a.*Capable of being endured or borne:સહન થાય તેવું;ખમાય તેવું.

Endurance, (એન્ડ્યુરૅન્સ્)*n.*State of lasting or duration;continuance: નિભાવ;ટકાવ;સ્થૈર્ય. 2.Sufferance;patience:સહનશીલતા.

Endure, (એન્ડ્યૂર્)*vt.*[L.*in*&*durus*,hard.]To remain firm under:વેઠવું; ખમવું. 2. To bear with patience;to bear up under:રેહેવું;ટકવું. *vi.*To abide,to last:રહેવું.

Endwise,(એન્ડ્વાઈઝ્)*adv.*In an upright position:ટટાર;ઉભું;સીધું.

Enemy,(એનીમિ)*n.* [L.*in*,not and *amicus*,a friend.]A foe:શત્રુ;દુશ્મન;વેરી.

Energetical,(એનર્જેટિકૅલ્)*a.*Exerting force: શક્તિવાન;તેજદાર.2.Efficacious:કમંગી.

Energize,(એનર્જાઇઝ્)*vt.*To give strength or force to:શક્તિવાન;જબરૂં ક૦.

Energy, (એનર્જી) *n.* [L *energia.*] Internal power:તાકાદ;બળ.2.Effectual operation: ઉદ્યમ.

Enervate,(એનર્વેટ્)*vt.*[L *e*,out of and *nervus*,a nerve.] To deprive of nerve:નિર્બળ-દુર્બળ-શક્તિહીન-કમજોર ક૦ *a.*Weakened:કમજોર.

Enfeeble,(એન્ફીબલ્)*vt.*To render feeble; to weaken:નબળું-કમકૈવત-નિર્બળ-કમજોર ક૦.

Enfeoff, (એન્ફેફ) *vt.*[L.*infeodo*,*in*&*feoffare* I invest with a fief.] To give a fief to: જાગીર આપવી.2.To surrender:તાબે ક૦.

Enforce, (એન્ફોર્સ્) *vt.* To put force upon: જોરજુલમથી કરાવવું.2.To put in force;to give effect to:બજાવવું;અમલમાં લાવવું.

Enforcement,(એન્ફોર્સ્મેન્ટ્)*n.* Compulsion: જબરદસ્તી.2. That which constrains, gives force or effect to:ટેકો મળવો તે;ટેકો.

Enfranchise,(એન્ફ્રૅન્ચાઇઝ્)*vt.*To set free; to liberate from slavery:છૂટું મોકળું ક૦;મુક્ત ક૦. 2.To naturalize:પરદેશીને કોઇ નગર અથવા મુલકના હક આપીને તેને ત્યાંના રહેવાશી સમાન ક૦.

Engage, (એન્ગેજ્) *vt.*To put under pledge: વચનથી બાંધી લેવું.2.To occupy:કામમાં રોકવું. 3. To encounter: હલ્લો ક૦; લડાઇ ક૦. 3. To betrothe:વીવાહ કરવો. *vi.*To become bound; to warrant:વચનથી બંધાવું.2. To enter into conflict:હુમલો ક૦,લડવા માંડવું.

Engagement, (એન્ગેજ્મેન્ટ્) *n.* The act of engaging or pledging: કરાર; શરત. 2. The state of being pledged:બંધન 3.A general action or battle: યુદ્ધ; સંગ્રામ;લડાઈ. 4.Betrothal:વીવાહ.

Engaging,(એન્ગેજિન્ગ્)*a* Attractive:મનોહર.

Engender, (એન્જેન્ડર્)*vt.* [L*en* & *genero*,I beget.] To produce by the union of the

sexes:જન્મ આપવો;ઉત્પન્ન કરવું.*vi*.To come into existence:પેદા થવું.

Engine,(એન્જીન્)*n*.[L *ingenium*,invention.] A compound machine by which any physical power is applied to produce a given physical effect:યંત્ર;સંચો.

Engineer,(એન્જીનીર્)*n*. A person skilled in the principles and practice of engineering,either civil or military: યંત્રવિદ્યા જાણનાર;યંત્રશાસ્ત્રી.2.One who manages an engine: એન્જીન ચલાવનાર.

Engineering, (એન્જીનીરિન્ગ્) *n*.The science and the art of utilizing the forces and materials of nature:સંચો ચલાવવાનો હુન્નર.

Enginery, (એન્જીનેરિ) *n*.The act of managing engines: સંચો તોપખાનું ચલાવવું તે. 2. Engines in general:લડાઈનાં હથિયાર.

Engird, (એન્ગર્ડ્) *vt*. To gird: ઘેરી લેવું.

Engle, (એન્ગલ્) *n*. A paramour:પ્યારો; આશક. *vt*. To cajole or coax, as a favourite: ફોસલાવી લેવું;ખુશામત ક૦.

English, (ઇન્ગ્લિશ્) *a*.Belonging to England or to its inhabitants:અંગ્રેજી લોકનું;ઇંગ્રેજી. *n*. The people of England:અંગ્રેજ; અંગ્રેજ લોક. 2.The language of England:અંગ્રેજી ભાષા.

Engrain,(એન્ગ્રેન્)*vt*.To dye in grain:રંગદેવો.

Engrave,(એન્ગ્રેવ્)*vt*.To carve letters: અક્ષરચિત્ર વગેરે કોતરવું;નકશી કાઢવી.

Engraver, (એન્ગ્રેવર્)*n*.One who engraves; a sculptor:કોતરનાર;નકશી પાડનાર.

Engraving, (એન્ગ્રેવિન્ગ્) *n*. The art of cutting stones,metals,&c., and representing figures thereon:નકશી પાડવાનો હુન્નર;નકશીકામ.

Engross, (એન્ગ્રોસ્) *vt*. To copy in a large and fair hand: મ્હોટા સારા અક્ષરે લખવું. 3. To seize in the gross:માં ગરક લીન-તલ્લીન થવું.

Engrossing, (એન્ગ્રોસિન્ગ્)*n*. Act of writing in fair characters:મ્હોટા ને સારા અક્ષરે લખવું તે.*a* Absorbing:ગરક-લીન કરે તેવું.

Engulf, (એન્ગલ્ફ્) *vt*. To absorb:ગરક ક૦.

Enhance,(એન્હૅન્સ્)*vt* [L.*in*,& *altus*,high.] To add to:ભારે-મ્હોટું ક૦;-થી મ્હોટું થવું; વધારવું.

Enhancement,(એન્હૅન્સ્મેન્ટ્)*n*.Theact of increasing or the state of being increased; aggravation:વધારો; વૃદ્ધિ.

Enigma, (ઇનિગ્મે) *n*. [pl. **Enigmas**] [L. *oenigma*.]An obscure question or saying; a puzzle:ઉખાણું;કહેયડો;સમસ્યા.

Enigmatical,(ઇમિગ્મેટિકલ્)*a*.Not easily explained or accounted for: ઉખાણા-કહેયડાનું.

Enigmatist,(ઇનિગ્મૅટિસ્ટ્)*n*.One who utters or talks in enigmas:કોયડા બનાવનાર.

Enjoin,(એન્જૉઇન્)*vt*. To order:ફરમાવવું;આજ્ઞા-ક૦. 2. To prohibit by a judicial order: કામ બંધ કરવાની તાકીદ આપવી.

Enjoinment,(એન્જૉઇન્મેન્ટ્)*n*.The act of enjoining:ફરમાન;તાકીદ;સખ્ત મનાઇ.

Enjoy, (એન્જૉઈ) *vt*. To take pleasure: -થી ખુશી થવું;-થી આનંદ ઉપજવો.2.To have sexual intercourse with:મૈથુન ક૦.

Enjoyable,(એન્જૉયબલ્)*a*.Capable of being enjoyed;capable of giving joy:ભોગવવા લાયક.

Enjoyment,(એન્જાઇમેન્ટ્) *n*. The condition of enjoying:કબજો.2.Gratification:સુખ;આનંદ.

Enkindle, (એન્કિન્ડલ્) *vt*. To set on fire;to kindle:સળગાવવું.2.To excite:જાગૃત ક૦.

Enlace,(એન્લેસ્) *vt*.To work in,as lace:મગજી-કોર-ફીત ચોડવી.

Enlarge,(એન્લાર્જ)*vt*.To increase in quantity:મ્હોટું ક૦.2.To amplify:ફેલાવવું;વિસ્તાર ક૦ 3.To set at large:છૂટ આપવી.*vi*. To be diffuse in writing or speaking:વિસ્તારીને બોલવું.

Enlargement,(એન્લાર્જ્મેન્ટ્)*n*. Augmentation:વૃદ્ધિ;વધારો.

Enlighten, (એન્લાઇટેન્) *vt*. To illuminate: પ્રકાશ-અજવાળું પાડવું.2.To make clear to the intellect or conscience:જ્ઞાન આપવું;પ્રકાશ પાડવો.

Enlightenment,(એન્લાઇટેન્મેન્ટ્) *n*. Act of enlightening:પ્રકાશ;ડહાપણ;જ્ઞાનસંપત્તિ.

Enlist, (એન્લિસ્ટ્) *vt*. To enter on a list:, નોંધવું.2.To engage in public service:સરકારી ચાકરીમાં દાખલ ક૦. *vi*. To engage in public service by enrolling one's name:નામ દાખલ કરાવીને સરકારી ચાકરીમાં રહેવું.

Enlistment, (એન્લિસ્ટ્મેન્ટ્) *n* The act of enlisting:નોંધ.2 The writing by which a soldier is bound: સીપાઇને લશ્કરમાં રાખવાનો કરાર;બાંધણી.

Enliven,(એન્લાઇવેન્) *vt*. To give life:જીવતું-સજીવન ક૦.2.To give spirit or vivacity to: તેજ આણવું;જુસ્સો આપવો.

Enmity (એન્મિટિ) *n*. [L. *inimicitas*.] Animosity:અદાવત;વેર;શત્રુભાવ;દુશ્મનાઇ;દ્વેષ.

Ennoble, (એનોબલ્) *vt*. To make noble: મ્હોટું-શ્રેષ્ઠ ક૦.2.To give titular rank to:અમીર ક૦;ઉમરાવની પદવી આપવી.

Ennoblement,(એનોબલ્મેન્ટ્) *n*. The act of making noble:ઉત્કર્ષ; ઉન્નતિ. ૨. Excellence: શ્રેષ્ઠતા.

Enormity, (ઇનૉર્મિટિ) *n*. The state of exceeding a measure or rule:ઘણું મ્હોટું થવું તે; અતિશયતા.2.An exceeding offence: મહાપાપ; તકસીર;મહાપાતક.

Enormous,(ઇનૉર્મસ્)*a*.[L.*e*,out & *norma*,

rule.] Inordinate:બેહદ.2.Great:ઘણું મ્હોટું. 3 Exceedingly wicked:મહાપાતકી.

Enormously,(ઈનૉર્મસ્લિ)*adv*.Beyond measure:અતિશય;બેહદ.

Enough,(ઈનફ્)*a*.Giving content:જોઇએ તેટલું;પૂરતું. *adv*. To the satisfaction:બસ.

Enquire,(એનક્વાઈર્)*vt*. To ask about:પૂછવું. 2. To call or name: બોલાવવું. *vi*. To ask a question:સવાલ-પ્રશ્ન પૂછવો.2.To make examination:તપાસ ક૦.

Enrage,(એનરેજ્)*vt*.To fill with rage:ગુસ્સે ક૦.

Enrapture, (એનરૅપ્ટયૂર્) *vt*. To transport with pleasure:અત્યંત ખુશ ક૦;અત્યાનંદ પમાડવું.

Enravish, (એનરૅવિશ્) *vt*. To enrapture; to charm:મગ્ન-ખુશ ક૦;આનંદિત ક૦.

Enravishment,(એનરૅવિશ્મેન્ટ્) *n*. Ecstasy; rapture:અતિહર્ષ;ખુશી;પરમાનંદ;સંતોષ.

Enrich, (એનરિચ્)*vt*. To render opulent:ધનવાન ક૦.2.To adorn:શણગારવું.

Enrichment, (એનરિચ્મેન્ટ્) *n*. The act of making rich:સધનતા;ફળદ્રુપતા;ભૂષણ.

Enrobe,(એનરોબ્)*vt*. To invest with a robe; to attire:સુંદર પોશાક પહેરાવવો.

Enroll, (એનરોલ્) *vt*. To record; to leave in writing:નોંધવું; નોંધમાં દાખલ ક૦. 2. To envelop:વિંટાળવું; પરબીડિયામાં ઘાલવું.

Enrolment, (એનરોલ્મેન્ટ્) *n*. The act of enrolling: નોંધ 2. That in which anything is enrolled:વીંટો.

En-route,(એનરૂટ્) *adv*. Along the way or road:રસ્તે જતાં

Enroot,(એનરૂટ)*vt*.To fix by the root;to fix fast:મજબૂત બેસાડવું;રોપવું;ઝાડાં મૂળ ઘાલવાં.

Ens,(એન્સ્)*v*.[L.*ens*,a thing] Entity,being or existence:હોવાપણું;હયાતિ;અસ્તિત્વ.

Ensanguine(એનસૅન્ગ્વિન્)*vi*To stain or cover with blood;to smear with gore:લોહીલોહાણ ક૦.

Ensconce,(એન્સ્કૉન્સ્) *vt*. To protect;to hide securely:બચાવ ક૦;આશરો આપવો.

Enseal,(એન્સીલ્)*vt*.To impress with a seal મોહોર ક૦;છાપ મારવી; સિક્કો ક૦.

Ensemble, (એન્સેમ્બલ્)*n*.[L.*in* and *simul*, together.]The whole:આખું;બધું.

Enshrine, (એન્શ્રાઈન્) *vt*. To inclose in a shrine:પેટીમાં મૂકવું;હૃદયમાં રાખવું.

Ensign,(એન્સાઇન્)*n*.[L.*in*&*signum*, mark] A flag: વાવટો. 2. A signal to give notice: નિશાન.3.A commissioned officer who carries the flag:નિશાન ઉંચકનાર સનંદી અમલદાર. *vt*.To designate by an ensign:વાવટાથી ઓળખાવવું.

Enslave,(એન્સ્લેવ્)*vt*. To reduce to slavery; to deprive of liberty:ગુલામ ક૦.

Ensnare,(એન્સ્નેર્)*vt* To entrap:સપડાવવું.

Enstamp,(એન્સ્ટૅમ્પ્)*vt*.To stamp:છાપ મારવી.

Ensue,(એન્સ્યૂ)*vt*.[L *in* and *siquor*,I follow.] To follow: પાછળ પડવું-જવું. *vi*. To follow or come after:ફળરૂપ-પરિણામ થવું.

Ensure, (એન્સ્યૂર્) *vt*. To make sure or secure:ખચિત;નક્કી-દૃઢ ક૦.2. To secure against a possible loss:વીમો ઉતારવો-ક૦.

Entail, (એન્ટેલ્) *n*. [L.*talea*,a cutting.]An estate or fee entailed: વંશપરંપરાથી આવેલી મિલ્કત.*vt*.To cut or carve for ornament:શોભાને માટે કોતર કામ કાઢવું.

Entailment,(એન્ટેલ્મેન્ટ્)*n*.A thing entailed: વંશપરંપરાથી આવેલી વસ્તુ.

Entangle,(એન્ટૅન્ગલ્)*vt*. To twist or interweave in such a manner as not to be separated:ગુંચવવું.2.To perplex:અમુઝાવવું;ગુંચવવું

Entanglement,(એન્ટૅન્ગલ્મેન્ટ્) State of being entangled;intricacy;perplexity:ગુંચવણ

Enter, (એન્ટર્) *vt*. [L. *inter*, within.] To come or go into:અંદર જવું-આવવું.2.To join: દાખલ કરીને રાખવું.3.To engage in:નોકરીમાં પેસવું.4.To put in;to insert:માંહે મૂકવું-દાખલ ક૦. 5 To inscribe;to record:નોંધ ક૦;લખવું-નોંધવું. 6.To fill the required particulars:ને નામે-ખાતે ચડાવવું *vi*.To come in:અંદર જવું-આવવું.2. To get within:માગલેવો-માં ઉતરવું-જવું-પ્રવેશ ક૦

Enteric,(એન્ટેરિક્)*a*.Belonging to the intestines:આંતરડાંની સાથે સંબંધ રાખનારૂં.

Enterprise, (એન્ટર્પ્રાઇઝ્) *n*. [L. *in* & *prehendo*,I take.] A hazardous undertaking; an adventure:સાહસ કામ;જોખમ ભરેલું કામ.

Enterprising,(એન્ટર્પ્રાઇઝિન્ગ્)*a*.Bold to undertake;resolute;prompt:સાહસિક;હિંમતવાન.

Entertain,(એન્ટર્ટેન્)*vt*.[L. *teneo*,I hold.] To maintain:રાખવું;પોષવું.2.To give hospitable reception:પરોણાચાકરી ક૦.3.To engage agreeably the attention:મનરંજન ક૦.4.To receive and take into consideration:ઉપર વિચાર ક૦.

Entertaining, (એન્ટર્ટેનિન્ગ્)*a*. Affording entertainment;pleasing:ગમતી;રમૂજી;મનરંજક.

Entertainment,(એન્ટર્ટેન્મેન્ટ્) *n*. The act of receiving as host or of pleasing:આગતાસ્વગતા;આદરસત્કાર.(*a*) A feast:ઉજાણી.(*b*) That which amuses:ગમત.

Entheal,(એન્થીઍલ્)*a*.Divinely inspired:ઈશ્વરી બુદ્ધિવાળું;ઈશ્વર પ્રેરિત.

Enthrall, (એથ્રાલ્) *vt*. To enslave; to inthrall:દાસ ભુંડો કરવું ક૦.ગુલામી ક૦.

Enthrone,(એંથ્રોન્)*vt*.To place on a throne; to invest with sovereign authority:રાજ્યા.

સનપર બેસાડવું;રાજપદે સ્થાપવું; તખ્તનશીન ક૦.

Enthronement,(એન્થ્રોન્મેન્ટ્)*n*. The act of enthroning:તખ્તનશીન કરવાનું કામ.

Enthusiasm,(એન્થ્યૂઝિઍઝમ્)*n*.[Gr.*en*& *theos* God.] An ardent zeal or interest:ઉત્સાહ; ઉન્માદ; આવેશ.

Enthusiast,(એન્થ્યૂઝિઍસ્ટ્)*n*.(*a*)A religious madman:ઝનુની માણસ.(*b*)An ardent person બેહદ આતુરતાવાળો માણસ.

Enthusiastic-cal,(એન્થ્યૂઝિઍસ્ટિક્ એન્થ્યૂઝિએસ્ટિકલ્)*a*.Zealous in the persuit of an object:આવેશી;અત્યાતુર;જુસ્સાવાળું;ઉત્સુક;વ્યગ્ર.

Entice,(એન્ટાઈસ્)*vt*.[L.*titio*,a firebrand.]To draw on;to incite:લલચાવવું;લોભ-મોહ પમાડવો.

Enticement, (એન્ટાઈસ્મેન્ટ્) *n*. Act of alluring:લલચાવવું તે; ઉશ્કેરણી. 2. Alluring object:મોહની;લોભ;લાલચ.

Entire,(એન્ટાઈર્)*a*. [L. *in* not and *tago*, I touch.]Complete in all parts;full:પુરૂ;પૂર્ણ. 2 Pure;faithful;unqualified:શુદ્ધ; સરળ; નિર્મળ;નરદમ.

Entirely,(એન્ટાઈર્લિ) *adv*. Wholly: તદ્દન;તમામ. 2.Truly;sincerely:અંતઃકરણથી;સત્ય રીતે.

Entitle,(એન્ટાઈટલ)*vt*. [L.*in* & *titulus* title.] To give title to:ખિતાબ આપવો. 2. To give a claim to:હક-અધિકાર આપવો.

Entity,(એન્ટિટિ)*n*.[L.*ens*,*entis*,thing]A real being;essence;existence:અસ્તિત્વ;વસ્તુ;હયાતિ.

Entomb,(એન્ટૂમ્)*vt* To bury: ઘોરમાં મુકવું.

Entomology,(એન્ટૉમોલૉજી) *n* [Gr. *entema*, insects.)The science of insects:જીવડાંનીવિદ્યા;જીવજંતુઓનું વિવર્ણન શાસ્ત્ર.

Entozoon,(એન્ટૉઝૉઑન્)*n*.*Pl*.**Entozoa**, A worm-like animal:પેટમાંના કરમ

Entrails,(એન્ટ્રેલ્સ્) *n*.[L. *intra*, within.] Bowels,the guts:આંતરડાં;અંદરનો ભાગ.

Entrance,(એન્ટ્રન્સ્)*n*.[L. *intro*, I go in.] The act of entering or going in:પ્રવેશ;અંદર જવું તે.2.The door:રસ્તો.3 The commencement:પ્રારંભ;શરૂઆત.

Entrap,(એન્ટ્રૅપ્)*vt*.To insnare;to entangle: ફાંસામાં પકડવું-નાંખવું;સપડાવવું;પેચમાં લેવું.

Entreat,(એન્ટ્રીટ્)*vt*. To beseech: વિનંતિ ક૦. 2. To pursuade by entreaty: વિનંતી કરીને સમજાવવું.

Entreaty,(એન્ટ્રીટિ)*n*. Urgent prayer;pressingsolicitation:પ્રાર્થના;વિનંતિ;આજીજી;કાલાવાલા.

Entree,(એન્ટ્રી) *n*. A coming in:permission or right to enter:આવવા જવાની પરવાનગી.

Entrust,(એન્ટ્રસ્ટ્) *vt*. To deliver in trust: સોંપવું;સ્વાધીનમાં રાખવું-મુકવું.

Entry,(એન્ટ્રિ) *n*. Beginning: પ્રારંભ. 2. The act of making a record: દફતરમાં નોંધવાનું, બારનીશી કામ. 3. One of the acts essential to complete the offence of burglary and house breaking:ઘર પ્રવેશ.

Entwine,(એન્ટવાઈન્)*vt*.To twist together; to entangle:વિંટાળવું;લપેટવું:વળદેવો; ગૂંથવું. *vi*. To become twisted:લપટાવું;વિંટલાવું.

Entwist,(એનટ્વિસ્ટ્)*vt* To twist or wreathe around:વિંટવું;લપેટવું;વિંટાળવું.

Enucleate,(ઇન્યૂક્લિઍટ્) *vt*. [L. *e*, out and *nucleus*, kernel.] To uncover;to explain: સાફ ક૦;છોલવું;સમજાવવું.

Enumerate, (ઇન્યૂમેરેટ્) *vt*. [L. *e*. out and *numerus*,number.] To number,to reckon to recapitulate:ગણવું;ગણત્રી ક૦;ગણીને કહેવું.

Enumeration,(ઇન્યૂમેરેશન્) *n*. The act of making separate mention:ગણત્રી.2. A detailed account:વિગતવાર હિસાબ.

Enumerative,(ઇન્યૂમેરેટિવ્) *a*. Counting one by one:ગણત્રી કાઢવું.

Enunciate,(ઈનન્સિઍટ્)*vt*.[L.*e*. & *nuncio*,I tell.]To make distinctly audible:વ્યાખ્યા કહેવી.*vt*.To utter words or syllables:ઉચ્ચાર ક૦.

Enunciation, (ઇનન્સિઍશન્) *n*. Open attestation;declaration:બોલવું તે;ઉચ્ચારણ;વ્યાખ્યા.

Envelope,(એન્વેલૉપ્)*vt*.[L *volupe* agaeeably] To surround: લપેટવું; ઘેરવું. 2. To warp up: લપેટવું. [cover:બીડો;પરબીડિયું;ઢાંકણ;આચ્છાદન.

Envelop, (એન્વેલૉપ્) *n*. A wrapper; a

Envelopment,(એન્વેલૉપ્મેન્ટ્) *n* The act of wrapping:ઢાંકણ કરવાનું કામ.

Envenom,(એન્વેનોમ્)*vt*.To poison;to ttain with venom:ઝેર ઘાલવું;ઝેર આપવું-પાવું.

Enviable,(એન્વિઍબલ્) *a*. Fitted to excite envy:ઈર્ષ્યાવાળું ઘણું ઇચ્છવા લાયક;સ્પૃહણીય;ઈર્ષ્યાપાત્ર.

Enviably(એન્વિઍબ્લિ) *adv*. In an enviable manner:અદેખાઈથી.

Envious,(એન્વિઅસ્)*a*. [L. *invidia*, envy.] Feeling envy:ઝેરીલું;અદેખું.2 Inspiring envy; insidious:દગાખોર;કપટી.

Enviously,(એન્વિઅસ્લિ)*adv*.In an envious manner;spitefully:અદેખાઈ ભરેલી રીતે.

Environ, (એન્વાઇરૉન્) *vt*. [L.*viron*,circle.] To surround:ઘેરવું.To envelop:લપેટવું.

Environs, (એન્વિરૉન્સ્) *n*. The parts which surround another place:આસપાસની જગ્યા.

Envoy, (એન્વૉય) *n*. [L.*via*,way.]A person sent by a prince to negotiate a treaty or transact other business:એક રાજાએ બીજા રાજા જોડે સલાહ વિગેરે કામની ભાંજગડ કરવાને મોકલેલોવકીલ.

Envoyship,(એન્વૉયશિપ્)*n*.The office of an envoy:વકીલાત;દુતપણું;એલચીયાત.

Envy,(એન્વિ) *vt.* [L.*in* and *video*,I see]To regard with discontent and malevolent longing:ની અદેખાઇ-ઇર્ષ્યા કo;-ઉપર બળવું. 2. To covet: તૃષ્ણા રાખવી. *vi.* To be filled with envious feelings:અદેખાઇ રાખવી. *n.* Illwill: ખારદ્વેશ;અદેખાઇ;ઈર્ષ્યા;કીનો;ઝેર.

Enwrap,(એન્રૅપ્)*vt.*To involve: વિંટાળવું;વિંટવું.2.To perplex:ગભરાવવું.

Epaulet, (એપૉલેટ્)*n* A shoulder piece:લશ્કરી અમલદારના પોશાકની ખાંધ ઉપરનું સુશોભિત નિશાન.

Ephemera,(એફીમેરે)*n.*[Gr.*epi* and *hemera*, a day] The fever of one day's continuance only:એકજ દિવસનો તાવ.

Ephemeral, (એફીમેરૅલ્)*a.* Diurnal:એક દિવસ રહેનારૂં 2.Shortlived:ક્ષણભંગુર.

Ephemeris, (એફીમેરિસ્) *n* *pl.***ephemerides,**A journal of daily accounts;a diary: રોજનોંધ;રોજનીશી;રોજનામું.

Epic, (એપિક્) *a.* [L.*epos*,a word] Containing narration; designating an heroic poem:વીરચરિત્ર સંબંધીનું;ઐતિહાસિક.

Epicure, (એપિક્યૂર્)*n.*[L.*Epicurus*,the famous Greek philosopher.] One who is devoted to dainty or sensual enjoyments: ખાવા પીવાનો શોખીન માણસ.

Epicurean,(એપિક્યૂરીઅન્) *a.* Pertaining to Epicurus or following his philosophy:એપિક્યુરસનું-ના મતનું.*n* A follower of Epicurus: એપિક્યુરસનો ચેલો.

Epicurism,(એપિક્યૂરિઝમ્)*n.* The doctrines of Epicurus:એપિક્યૂરસનો મત.

Epidemic, (એપિડેમિક્) *n.*A disease which arises from a widespread cause: મરકી.

Epidemic-al,(એપિડેમિક્-એપિડેમિકૅલ્)*a* Common to or affecting many people: ઘણાને લાગુ પડતું;સાધારણ;બહુમારક

Epidermis,(એપિડર્મિસ્)*n*;[Gr.*epi*,upon and *derma*,the skin.]Cutical;scarfskin: બહારની ચામડી ત્વચા.

Epigastrium,(એપિગેસ્ટ્રિઅમ્)*n.* The upper part of the abdomen:પેટનો ઉપલો ભાગ;મણિપુર.

Epiglottis,(એપિગ્લૉટિસ્)*n* One of the cartilages of the larynx:શ્વાસ માર્ગનો પડદો;કંઠદ્વારપાલ.

Epigram,(એપિગ્રૅમ્)*n.* [Gr. *epi* upon & *grapho*,I write.]A short poem:એકજ વિષય ઉપર જોડેલી મનોરંજક કવિતા.

Epigrammatic, (એપિગ્રેમ્મેટિક્) *a.*Writing epigrams;dealing in epigrams:ગઝલને લગતું.

Epigrammatist,(એપિગ્રૅમ્મેટિસ્ટ્)*n.*One who composes epigrams:કવિતાના ટપ્પા જોડનાર.

Epigraph y,(એપિગ્રૅફ્ એપિગ્રૅફિ)*n.*The science of inscriptions:મુદ્રાલેખ.2.A motto:કહેવત.

Epilepsy,(એપિલેપ્સિ)*n* [Gr.*epi* & *lambano*, I seize.)The falling sickness:ફેફરૂં;વાઇ.

Epileptic, (એપિલેપ્ટિક્)*a.* Pertaining to the falling sickness:ફેફરાનું-વિશે;ફેફરાવાળું.

Epilogue, (એપિલૉગ્) *n* [Gr *epi* & *logo*, I speak] A speech addressed to the spectators by one of the actors,after the conclusion of the play:છેવટની કવિતા:ઉપસંહાર.

Episcopacy, (ઇપિસ્કૉપૅસિ) *n.* [Gr. *epi* and *scopio*, I look.] Government of the church by bishops:બીશપોને સત્તા-હુકુમત ચલાવવાનો હક છે એવું મત;બિશપનો અધિકાર.

Episcopal, (ઇપિસ્કૉપલ્) *a.* Governed by bishops:ધર્મગુરૂઓની સત્તા તળેનું-કાંય નિચેનું.

Episcopalian, (ઈ પિસ્કૉપેલિઅન્) *a.*Pertaining to bishops:પાદરીઓને લગતું.*n.*ખ્રિસ્તિ મંડળી-મા અધ્યક્ષોને બીજા ઉપદેશકો ઉપર ઉપરીપણું ચલાવવાની સત્તા છે એવું મત ધરાવનાર.

Episcopate, (ઇપિસ્કૉપેટ્) *n.* A bishopric: અધ્યક્ષની પદવી.અધ્યક્ષોનો સમૂહ;અધ્યક્ષમંડળ *vi.* To fill the office of a prelate:અધ્યક્ષની ગાદીનો હોદ્દો ભોગવવો.

Episode, (એપિસૉડ્) *n.* [Gr.*epi* & *isodos*,a coming in]An incidental narrative:ઉપકથા.

Epistle, (ઈ પિસલ્) *n.* [Gr *epi* and *stello*,I send.]A letter,a letter missive:કાગળ;પત્ર.

Epistolary, (ઇપિસ્ટૉલૅરિ) *a.* Pertaining to letters:કાગળને લગતું-સંબંધી;પત્ર વિષયક.

Epistolize, (ઈ પિસ્ટૉલાઇઝ્) *vi.* To write epistle:કાગળપત્ર લખવા.

Epitaph, (એપિટૅફ્) *n.* [Gr. *epi* & *taphos*,a tomb.]An inscription on a monument, in honour of the dead:સ્મરણલેખ;મૃત્યુલેખ.

Epithalamium,(ઈપિથૅલેમિઅમ્)*n.*[Gr.*epi* & *thalamoe*,marriage.]A nuptial song or poem:વેવાહ;લગ્નમાં ગાવાનું ગીત;વિવાહ ગીત;મંગલાષ્ટક.

Epithet,(એપિથેટ્)*n.*[Gr.*epi*,and *tithemi*, I place.] An adjective expressing some quality:ગુણવાચક શબ્દ.2 Term:સંજ્ઞા;નામ.

Epitome,(એપિટૉમ્) *n.*[Gr.*epi* and *temno*,I cut.]A brief summary:સંક્ષેપ;સારસંગ્રહ.

Epitomise, (એપિટૉમાઈઝ્) *vt.*To abstract in summary:સંક્ષેપમાં લખવું 2 To curtail:કમી કરવું.

Epoch,(ઇપૉક્)*n.*[Gr. *epi* and *echo*,I hold.] A fixed point of time,from which succeeding years are numbered; era: જે દહાડાથી સાલ વર્ષ ગણાય છે તે દહાડો;શક;સંવત

Epode, (ઇપૉડ્) *n.* The third or last part of the ode:કવિતાનું છેલ્લું અથવા ત્રીજું ચરણ.

Equability,(ઈક્વેબિલિટિ)*n.*Continued equality;evenness or uniformity:સમાનતા;સરખાપણું.

Equable, (ઇક્વૅબલ્) *a.* [L. *oequus*, equal.]

Equal and uniform:સમાન;સમ; સરખું;સમતોલ.
Equal,(ઈક્વૅલ્)*a* [L.*oeqnus*,equal.] Having the same magnitude:બરાબર;સમાન;તુલ્ય.
Equality,(ઇક્વૉલિટિ)*n*.The condition of being equal:બરાબરી;સમાનતા.
Equalization,(ઇક્વૅલાઇઝેશન્)*n*.The act of equalizing:સરખાપણું;બરાબરી.
Equalize, (ઇક્વૅલાઇઝ્)*vt.* To make equal: સરખાવવું 2.To be equal to;સરખું હોવું;થવું.
Equally,(ઈક્વૅલિ)*adv.*In an equal manner or degree;alike;evenly:વાજબી રીતે;સરખે ભાગે.
Equanimity,(ઇક્વૅનિમિટિ)*n* [L *animus*,the mind.]Evenness of mind:સમભાવ;સમાનવૃત્તિ
Equanimous, (ઈક્વૅનિમસ્) *a.* Of a steady temper:સમભાવનું;સમાનવૃત્તિવાળું-નું;નિર્વિકાર.
Equangular,(ઈક્વૅંગ્યુલૅર્)*a* [L *oequus*,equel and *angulus* an angle.]Having equal angles:સરખા ખુણાવાળું.
Equation,(ઈક્વેશન્)*n* Equality:સમાનતા;સાદૃશતા. 2. An expression of the condition of equality between two algebraical quantities:સમીકરણ;સામ્ય.
Equator, (ઈક્વેટર) *n.*A great circle on the earth's surface,everywhere equally distant from the two poles:વિષુવ વૃત્ત.
Equatorial, (ઇક્વૅટૉરિઍલ્)*a.* Pertaining to the equator:વિષુવ વૃત્તનું સંબંધી.
Equerry, (ઇક્વેરિ) *n.* [L. *equus*,horse]A large stable for horses:ઘોડાઓને બાંધવાનો મોટો તબેલો.2 An officer of nobles or princes, charged with the care and management of their horses:અશ્વપાલ;ખાસદાર.
Equestrian, (ઇક્વૅસ્ટ્રિઅન્) *a.*Pertaining to horse or horsemen:અશ્વપાલ-અશ્વવિષયક;અશ્વસંધિ.2.Mounted:ઘોડેસ્વાર;અશ્વારૂઢ.
Equiangular, (ઇક્વિઍન્ગ્યૂલર્) *a.* Having equal angles:સમકોણ;સમાનાસ્ત્ર.
Equibalance,(ઈ ક્વિબૅલૅન્સ્)*n* [L *oequue* equal&*balance.*]Equal weight:સરખોભાર.*vt.*To equiponderate:સરખો ભાર કo.
Equidistant,(ઈ ક્વિડિસ્ટૅન્ટ્)*a.*[*oequus*,equal and *distans*,distant.] Being at an equal distance from the same point:સમાંતર.
Equiform,(ઇક્વિફૉર્મ્)*a* [L.*oequus*,equal and *forma*,form.]Having the same form:સરખા આકારનું.
Equilateral(ઈ ક્વિલૅટરૅલ્)*a.*[L.*oequus*,equal and *latus*, side.] Having all the sides equal:સરખી બાજુનું;સમબાજુ-ભુજ.
Equilibrate, (ઇક્વિલાઈ બ્રૅટ્) *vt.* [L. *oequus*, equal&*libra*,balance]To balance equally two scales or ends:સમતોલ કo.

Equilibration,(ઇક્વિલાઈબ્રૅશન્)*n* The act of keeping the balance even:સમતોલપણું.
Equilibrious,(ઇક્વિલિબ્રિઅસ્)*a.* Equally poised:સરખા વજનનું.
Equilibrity,(ઇક્વિલિબ્રિટિ) *n*: Equal balance on both sides;equilibrium:સરખાપણું;સમતોલ.
Equilibrium, (ઈ ક્વિલિબ્રિઅમ્) *n.* Equality of weight or force:ભારની સમાનતા.
Equinal-ne,(ઇક્વાઇનૅલ્ ઇક્વાઈન્)*a* [L.*equinus*, horse.] Pertaining to or resembling to a horse:ઘોડાસંબંધિને મળતું.
Equinoctial,(ઇક્વિનૉક્શિઍલ્)*a.*[L *oequinoctium*] Designating an equal length of day and night:રાત અને દિવસની સરખી લંબાઇ જણાવનારૂં.
Equinox, ઇક્વિનૉક્સ્)*n* [L.*oequus*,equal and *nox*, night.] The precise time when the sun enters one of the equinoctial points: તોલાર.શીમાંસૂર્યને આવવાનો વખત.*Autumnal* e: જલવિષુવ.*Vernal* e:મહાવિષુવ.
Equip, (ઇક્વિપ્) *vt.* To furnish for service: તૈયાર કo.2.To dress up:હથીઆરબંધ કo.
Equipage,(ઈ ક્વિપેજ)*n.*Equipment:યુદ્ધ સામગ્રી.2 Habiliments:લુગડાં.3 Attendance:સ્વારી.
Equipoise, (ઈ ક્વિપૉઈઝ્)*n.* [L *oequus*,equal and *pondus*,weight.]Equality of weight: સમતોલ-ભાર.2.Counterpoise:ધડો.
Equipollence,(ઇક્વિપૉલ્લેન્સ્) *n.* [L *oequus*, equal&*pollens*,strong.]Equality of power or application:સમાનશક્તિ.
Equipollent, (ઇક્વિપૉલ્લેન્ટ્)*a* Having equal power:બરાબર શક્તિવાન.
Equiponderance,(ઈ ક્વિપૉન્ડરૅન્સ્)*n.* Equality of weight;equipoise:સમાન તોલ-ભાર
Equiponderate,(ઇક્વિપૉન્ડરૅટ્)*vi.* [L.*oequus* equal and *pondeo*.I weigh.]To be equal in weight:વજનમાં સરખું હોવું.
Equitable,(એક્વિટૅબલ્)*a.*Possessing equity; પ્રમાણિક;નીતિમાન;અપક્ષપાતી,ઈનસાફી.
Equitableness,(એક્વિટેબલનેસ્)*n.*The quality of being just or impartial:પ્રમાણિકપણું.
Equitably,(એક્વિટેબ્લિ) *adv.* Justly; impartially:વાજબી રીતે;યથાન્યાય;ન્યાય પૂર્વક.
Equitation,(એક્વિ ટેશન)*n.*Horseman ship: ઘોડેસ્વાર થવાની વિદ્યા.
Equity,(એક્વિટિ)*n* [L *acquus*,even or equal.] Justice: ન્યાય 2. A system of jurisprudence administered in courts of equity: ન્યાય (ઇક્વીટી) નીઅદાલતોમાં વપરાતું એક પ્રકારનું ધર્મશાસ્ત્ર;શુદ્ધ ન્યાય.
Equivalence-y,(ઇક્વિવૅલેન્સ્-ઈક્વિવૅલેસ્ ન્સિ)*n.* Equality of value or force:કિંમત; જોરની બ-

રોબરી.2 Equal power:સમજોર-બળ.

Equivalent,(ઇક્વિવૅલેન્ટ્)*a.* [L *aequus*,equal & *valeo*,I am strong.] Equal in value, worth,force,&c:મૂલ્ય-વજન-શક્તિ-અર્થમાં સમાન.

Equivocal,(ઇક્વિવૉકૅલ્)*a* [L. *aequus* equal and *vocis*, word.] Ambiguous: દ્વિઅર્થી. 2. Dubious:સંશય ભરેલું.

Equivocation,(ઇક્વિવૉકેશન્)*n.* Ambiguity of speech:દ્વિઅર્થી-શકભરેલું ભાષણ;વક્રોક્તિ.

Equivoke, (ઇક્વિવૉક્) *n.* An ambiguous term:સંશય ભરેલો શબ્દ.

Era,(ઇરૅ)*n* A fixed point of time,from which a series of years is reckoned:સંવત;શક;કાળ.

Eradiate,(ઇરેડિએટ્)*vi* [L *e* out & *radius*, ray.] To beam:કિરણ ફેંકવાં.

Eradicate,(ઈરૅડિકેટ્) *vt.*[L. *e*, out & *radis*, root.] To pull up by the roots: જડમૂળથી ઉખેડી નાંખવું.

Eradication,(ઈરૅડિકેશન્) *n.* Extirpation: જડમૂળથી કાઢી નાંખવું તે;ઉન્મૂલન;ઉચ્છેદ.

Erase,(ઇરેસ્) *vt.* [L. *e.* out and *rasum*, to scratch]To rub out;to efface:છેકા મારવા.

Erasement,(ઇરેસ્મેન્ટ્)*n.*The act of erasing; expunction;destruction:છેકાછેકી;નાશ;લોપ.

Ere, (એર્) *adv.* & *prep.* Before; before in respect to time:અગાઉ;પૂર્વે;આગમચ.

Erebus,(એરીબસ્)*n.*[L *erebus.*] The region of the dead:યમલોક;નરક;અંધકાર.

Erect,(ઇરેક્ટ્)*a* [L.*e*,& *rago* I makestraight.] Upright:સીધું;ઊભું.2. Directed: ઉંચું કરેલું 3. Having an upward position: ઉભું. *vt.* To set upright;to raise:ઉભું-સિધ્ધું-ટટાર કo;રોપવું ટાંકવું;2.To build:બાંધવું.

Erection,(ઈરેકશન્) *n.* The act of erecting or establishing:પ્રતિષ્ઠાપન;સંસ્થાપન.2.A building; any thing erected:બાંધણી;ઇમારત.

Erectness,(ઈરેક્ટ્નેસ્)*n.*The uprightness of posture or form:ટટારપણું; સરળપણું.

Erelong,(એર્લૉન્ગ્)*adv* Soon:થોડીવારમાં;જલદી.

Eremite,(એરીમાઇટ્)*n.*A hermit;an anchoret બાવો;તપસી;સન્યાસી;ત્યાગી.

Ergo,(અર્ગો)*adv.* Therefore:તેટલા માટે.

Ergot,(અરગૉટ્) *n.* A diseased condition of eye & other cereals:અનાજ ઉપર થતા ગાંઠા.

Ermine,(અર્માઇન્) *n.* An animal allied to the weasel:નોળીઆની જાતનું એક જનાવર.

Ern,**Erne**,(અર્ન)*n.*The sea eagle:ગરૂડપક્ષી.

Erne(અર્ન) *n* A place or receptacle: ઝુંપડી.

Erogate,(ઈરોગેટ્)*vt* [L.*e*,out and *rogo*,I ask.] To give:બક્ષીસ આપવી;આપવું.

Erosion,(ઇરોઝન)*n.*The act of eating away: સડો થવો તે.2 Corrosion;canker:સડો;નાસુર;ચાંદી

Erotic,(ઇરોટિક્)*a.*Treating of love;amatory: કામી;શૃંગારી;શૃંગારરસ સંબંધિ.

Err,(એર્)*vi.*[L.*erro*,I wander.] To mistake in judgment:ભૂલ-ચુક કo;ભુલવું.

Errand,(એરૅન્ડ્) *n.* A mandate;a message: દૂતનું કામ;સંદેશો;આદેશ.

Errant,(એરૅન્ટ્)*a.* Wandering:ભટકતું. 2. Itinerant:મુસાફરી કરતું. *n.* One who wanders about:ભ્રમનારો.

Erratum,(એરેટમ્)*n.*[*pl* errata.][L.*erro*,I wander from the truth.]An error or mistake in writing or printing:શુદ્ધિપત્ર.

Erroneous,(ઈરોનીઅસ્) *a.* Irregular: અનિયમિત.2.False;mistaken:ભૂલભરેલું;જુઠું.

Error,(એરર્)*n.*[L *erro*, I wander from the] truth.]Mistake:ચૂક;ભૂલ.2 A moral offence; fault:વાંક;ગુન્હો.**E.***excepted*:ભૂલચૂક લેવી દેવી.

Erst(અર્સ્ટ્)*adv.*First; at the beginning: પેહેલું;શરૂઆતમાં;પ્રારંભમાં.

Erubescence,(એર્યૂબેસેન્સ્)*n.*[L.*erubescens.*] The act of becoming red:રતાશ;લાલાશ.

Eruca,(એર્યૂકે)*n* A worm:કામળાળીઓ કીડો.

Eructation,(ઇરક્ટેશન્)*n.*[L.*e.* and *ructo*, I belch forth.] The act of belching wind from the stomach:ઓડકાર.

Eructate,(ઇરક્ટેટ્)*vt.*To belch:ઓડકાર ખાવો.

Erudite, (એર્યુડાઇટ્) *vt.* (L.*es*, and *rudis* rough.]Toinstruct:શીખવવું *a.*Learned:પંડિત

Erudition,(એર્યૂડિશન્)*n.*The state of being learned:પાંડિત્ય;વિદ્યા;જ્ઞાન;ઇલમ.

Erugo,(એર્યૂગો)*n.* Rust:કાટ.

E umate,(એર્યૂમેટ્)*vt.*To make poor; ગરીબ-કંગાલકo;દરિદ્ર નિર્ધન કo.

Erupt,(ઇરપ્ટ્) *vi.* [L. *e.* out and *rumpo*, I break.]To burst forth:બહાર નિકળવું;ફાટવું.

Eruption,(ઇરપ્શન્) *n.* The act of bursting forth:બહાર નિકળવું તે 2.The breaking out of a cutaneous disease:ત્વચા-શરીરપર ફોલ્લા ગુમડાં.

Erysipelas,(એરિસિપેલસ્)*n.* [Gr. *erythros*, red and *pella*,a skin.]Inflammatory swelling:તાવ સાથે સોજો આવે છે તે;દાંદર.

Escalade,(એસ્કૅલેડ્)*n.*[L *Scala*,a ladder.]A furious attack on a fortified place in which ladders are used to pass a ditch or mount a rampart:નિસરણી મૂકીને ચડવું તે; દુર્ગલંઘન.*vt.*To scale:નિસરણી મૂકીને ચડવું.

Escape,(એસ્કેપ્)*vt.*To flee from and avoid: ટાળવું;-થી બચી જવું 2.To avoid the notice of: દૃષ્ટિ-નજર ચુકાવવી. *vt.* To hasten away: નાસી જવું 2.To get clear from danger: બચી જવું. 3. To get free from:-માંથી નિકળી જવું.

Escapement,(એસ્કેપ્મેન્ટ્)*n.*Escape:છૂટકારો.

Escharotic (એસ્કૅરૉટિક્)*a.* Producing a scar; caustic:માંસ કાહક;દાહકારી ઓસડ.

Escheat,(એસ્ચીટ્)*n.* [L *ex* and *cado*, I fell.] (*a*) The reverting of real property to the state:જે મિલ્કત વારસ ન હોવાના કારણથી ખાલસા થાય છે તે.*vi* To become forfeited to the lord or state:વારસ ન હોવાથી અથવા દંગો કર્યાથી ખાલસા કo

Eschew,(એસ્ચૂ)*vt.*To shun:તજવું.

Escort,(એસ્કૉર્ટ્)*n* [L. *ex* and *corrigo*, I set right.]A guard of honour:રસ્તામાં રક્ષણ કરનાર.*vi.*To attend and guard:વળાવું કo.

Escritoire,(એસ્ક્રિટ્વાંર)*n.*[L *ex* and *scribo*,I write.] A writing desk:લખવાની પેટી.

Esculent,(એસ્કયૂલેન્ટ્)*n.*[L *esca*,food.] Anything that is eatable:ખાવાજોગ પદાર્થ;ભક્ષ્ય.

Escutcheon, (એસ્કચૅાન્) *n.* [L. *scutam*, a shield]The shield;on which a coat of arms is represented:જે ઢાલપર કુલીનપણાની નિશાની હોય તે;કુલચિન્હપત્ર.

Esophagus (ઈસૉફૅગસ)*n.*The gullet:અન્ન જવાની નળી-માર્ગ;અન્નમાર્ગ

Esoteric,(એસૉટેરિક્)*a.*[Gr.*esoterikos* inner, *es* into.]Private;acrostic:ખાનગી;ગુપ્ત;ગૂઢ.

Especial,(એસ્પેશૅલ્)*a.* [L. *species*, a particular kind]Principal;chief;particular:ખાસ

Especially,(એસ્પેશૅલિ) *adv.* Principally; chiefly;peculiarly:મુખ્યત્વે-ઘણું કરીને.

Esperance,(એસ્પીરૅન્સ્)*n.*Hope:ઉમેદ;આશા

Espial,(એસ્પિઍલ્) *n.* Notice; observation: દૃષ્ટિ;નજર.

Espionage, (એસ્પિઍાનેજ) *n.* The employment of spies:ચારઆંખ;ચોકસ નજર;ચારવૃત્તિ.

Esplanade,(એસ્પ્લૅનેડ્)*n* [L *ex*,out & *planus*; flat] Any clear space used for public walks and drives:માણસ તથા ઘોડાગાડીને જવા આવવાનું મેદાન; ઈસ્પ્લેનેડ.

Espousal,(એસ્પાઉઝૅલ્)*n* [L. *spondeo*, I promise.] The act of berothing: વિવાહ; વેવિશાળ 2.Adoption:તરફેણ.

Espouse,(એસ્પાઉઝ્) *vt.* To give as spouse: વિવાહ-સગાઇ કo 2.To accept wed: પરણવું; હસ્ત પાણિ ગ્રહણ કo 3.To embrace: તરફેણ ખેંચવી;પક્ષ કo.

Espy(એસ્પાઇ)*vt* To catch sight of: ની નજરે પડવું; જોવું *vi.* To observe:જોવું.

Esquire,(એસ્કવાઇર)*vt.*[L *scutum*,a shield.] *n.* A title of dignity next in degree below a knight:નાઈટથી ઉતરતો ઇલ્કાબ-ખિતાબ A title of office or courtesy:મહેરબાન.

Essay,(એસે)*n.*[L *exigo*,I examine.]A trial: યત્ન.2 (*Lit.*)A composition treating of any particular subject:લેખ;નિબંધ.3. A trial to prove the qualities of a metal: ધાતુની કસોટી-પરિક્ષા-પારખ.

Essayist,(એસ્સેઈસ્ટ્)*n.*A writer of an essay: નિબંધ રચનાર-બનાવનાર;નિબંધકાર.

Essence,(એસ્સેન્સ્)*n.* [L. *esse*, to be] The constituent quality or qualities;the real being;distinctive character:તત્વ.2.Virtue or quality of a thing, separated from its grosser parts:સારાંશ; સાર. 3.The predominant qualities or virtues of a plant or drug;extract:અર્ક;તેજાબ.

Essential, (એસ્સેન્શૅલ) *a.* Important in the highest degree:આવશ્યક;અગત્યનું.2 Necessary:અગત્યનું;મુખ્ય.

Essentially(એસ્સેન્શૅલિ)*adv* In an essential manner;in effect:ખાશીઅતે;અવશ્યેકરીને.

Establish,(એસ્ટૅબ્લિશ્)*vt.*[L. *sto*, I stand.] To settle:સ્થાપવું 2. To enact: નિમવું. 3. To found:સ્થાપવું.4.To settle or fix:ઠરાવ બેસવું. 5.To set up in business:ધંધે-રોજગારે વળગવું.

Establishment,(એસ્ટૅબ્લિશ્મેન્ટ્) *n.* Settlement:સ્થાપના. 2. The state of being established:સ્થાપવાની સ્થિતિ.3.(*a*) A permanent military force:લશ્કરી કારખાનું (*b*)Residence including grounds, &c.:રહેઠાણ; ખાટલો. (c) Servants,&c.:નોકરચાકર.

Estate,(એસ્ટેટ્)*n* [L. *sto*, I stand] Condition;state:સ્થિતિ.2.A possession:જાગીર.

Esteem,(એસ્ટીમ્)*vt.*[L.*oestimo*,I value.]To value:ગણવું;લેખવું. 2. To regard with reverence: પૂજ્ય માન્ય માનવું; પ્રેમ રાખવો. *n.* Estimate:ગણત્રી;મત 2 High value:મમતા.

Estimable, (એસ્ટિમૅબલ્) *a.* Capable of being valued:ગણવા-લખવા લાયક. 2. Worthy of esteem:માનપાત્ર;ભલું.

Estimate,(એસ્ટિમેટ્)*vt.*To fix the worth of; to compute or rate:અડસટ્ટો-આશરો કાઢવો.*n.* A calculation without measuring or weighing:સુમાર;અડસટ્ટો;આસરો

Estimation, (એસ્ટિમેશન્) *n.* The act of estimating:ગણત્રી;અડસટો.2.An opinion or judgment of the worth:વિચાર.3. Esteem: માન;પ્રીતિ.

Estival, (ઇસ્ટાઇવૅલ્) *a.* [L.*oestas*,summer.] Pertaining to summer:ઉનાળાને લગતું.

Estop,(એસ્ટૉપ્)*vt.* To impede:અટકાવવું.

Estoppel,(એસ્ટૉપલ્)*n.*A conclusive admission:અદાલતમાંની તકરાર.પોતાના વિરૂધ્ધ જતો ઈકરાર.

Estrange,(એસ્ટ્રેન્જ્)*vt.*To withhold: થી દૂર-અલગ રહેવું 2 To make astrange of:ઉચાં મન કo;સંબંધ તોડવો;ની પ્રીત તોડવી.

Estrangement (એસ્ટ્રેન્જમેન્ટ્)*n.* Alienation; removal:-થી દૂર રેહેવું;તે વિરામ;મન ઉતારો.

Estray,(એસ્ટ્રે)*vi*[L.*extravagere.*] To stray: રઝળવું;રખડવું;ભુલું પડવું.

Estuary,(એસ્ટયૂઍરિ)*n.*[L *oestus*,fire;heat.] An arm of the sea;a frith:અખાત;ખાડી.

Estuate,(એસ્ટયૂએટ્) *vi.* To swell:ઉછળવું.

Esurine, (એસ્યૂરાઇન્) *a.*Eating:ખવાઇ જવું *n.* (*Med.*) A medicine which provokes appetite:ભૂખ ઉઘાડતી ભૂખની દવા.

Etcœtera,(એટ્સીટેરે)And the rest:ઇત્યાદિ.

Eternal, (ઇટર્નલ્) *a.* [L. *oevum*,lifetime.) Always existing:અનાદ્યંત. 2. Everlasting: અનંત;અવિનાશી.3.Immutable:અવિકારી. *The e city*,Rome:રોમ શહેર.

Eternally,(ઇટર્નલિ)*adv.*Perpetually:નિરંતર.

Eternity, (ઇટર્નિટિ) *n.* Everlastlingness:અનંતપણું. 2. The state or condition which begins at death:મરણ પછીનો અનંતકાળ.

Eternize, (ઇટર્નાઇઝ્) *vt.* To make eternal or endless; to perpetuate:અખંડ ક૦.2 To immortalize:સાર્વકાલિ ક૦.

Etesian,(ઇટીઝિઍન્)*a.*[Gr.*etos*,a year.]Periodical;annul:વાર્ષિક;મોસમનું.

Ether,(ઇથર્)*n.*[L.*aether*]. A light volatile fluid:વાયુરૂપે ઉડી જતી એક જાતની દવા;સૂક્ષ્મવાયુ.

Ethereal,(ઈથીરીઍલ્)*a.*Pertaining to other regions:આકાશનું. 2. Relating to ether:ઇથર સંબંધી.

Ethic-cal (એથિક્ એથિકૅલ્)*a* [L.*ethicus.*]Containing precepts of morality:નીતિશાસ્ત્રસંબંધી.

Ethics,(એથિક્સ્)*n.pl* The body of rules of duty drawn from this science:નીતિશાસ્ત્ર.

Ethnic-cal,(એથ્નિક્ એથ્નિકૅલ્)*a.*[Gr.*ethnos*,nation.]Belonging to races:મનુષ્યજાતસંબંધી.

Ethnology, (એથ્નૉલૉજી)*n.*[L *ethnos*,a nation and *logos*, a discourse.]The science which treats of the different races and families of men:નરકુળ વિદ્યા;નરવંશ વિદ્યા.

Ethology,(એથૉલૉજી)*n* [Gr.*ethos* custom,and *logos*,a discourse.]The science of character નીતિશાસ્ત્ર.

Etiquette,(એટિકેટ્)*n.*Conventional decorum સભ્યાચાર પદ્ધતિ:સભ્યતાની રીતિ;વિનયરીતિ.

Etymology.(એટિમૉલૉજી)*n.*[Gr.*etymos*,true and *logos*, account.] That branch of the philosophical science which treats of the history of words and grammatical terms. શબ્દ વ્યુત્પત્તિ વિદ્યા;શબ્દ વિચાર.

Etymon,(એટિમૉન્)*n.*[Gr.*tumon*]Primitive word;root:મુળશબ્દ;ધાતુ.

Eucharist,(યૂકૅરિસ્ટ્) *n.* [Gr. *eu* well and *charis*, favour.] Thanks giving: શાબાશી. 2. The sacrament of the lord's supper: પ્રભુભોજન.

Eucrasy,(યૂક્રૅસિ)*n.* (*Med*) Healthiness:તન્દુરસ્તી;ધાતુ સામ્યતા;સમધાતુક પ્રકૃતિ.

Eulogist,(યૂલૉજીસ્ટ્) *n.* One who writes or speaks in commendation of another:સ્તુતિ-પ્રશંસા કરનાર;સ્તુતિપાઠક.

Eulogize,(યૂલૉજાઇઝ્) *vt.* To extol in speech or writing:સ્તુતિ-વખાણ-પ્રશંસા-તારીફ ક૦.

Eulogy,(યૂલૉજી)*n* [Gr.*eu* and *logo*,I speak.] Praise:પ્રશંસા;સ્તુતિ;તારીફ;વખાણ;શ્લાઘા.

Eunuch,(યૂનક્)*n.*[Gr.*eune*,a bed and *echo*,I have charge of.] A male of the human species castrated:હીજડો.

Euphony,(યૂફોનિ)*n.*[Gr.*phone*, sound.] An agreeable sound:સુસ્વર;મધુર વચન.

European,(યૂરોપીઍન્)*n.*A native of Europe યુરોપખંડનો રહેવાશી *a.*Pertaining to Europe: યુરોપખંડનું.

Evacuant,(ઈવૅકયૂઍન્ટ્)*n.* A purgative:જુલાબ.*vt* [L *e*,out and *vaco*,I empty]To make empty:ખાલી કરવું 2.To eject: જુલાબ આપીને પેટ સાફ-ખાલી કરાવવું.

Evacuation, (ઈવૅકયૂએશન્) *n.* The act of emptying:પરિત્યાગ;વિસર્જન. 2. That which is discharged:ઝાડો.

Evade,(ઇવેડ્)*vt* [L.*e*, out and *vado*, I walk hastily.]To escape;to elude:ટાળવું;રે ભુલથાપ દેવી;ફડાવવું;ચુકવવું *vi* To escape:નાસી જવું.

Evanescent (ઇવૅનેસ્સેન્ટ્)*a.*[L *e* and *vanesco*, I empty.]Vanishing; fleeting:ક્ષણિક.

Evangelist,(ઇવૅન્જેલિસ્ટ્)*n.*[Gr.*eu* well and *angello*, I bring news.] A writer of the history or doctrines,precepts, actions,life and death of Jesus Christ: બૈબલનો સુવાર્તા નામનો ભાગ લખનાર. 2. A preacher of the gospel: બૈબલમાં લખેલી વાર્તાનો ઉપદેશક.

Evaporate.(ઇવૅપરેટ્)*vt* [L. *e.* out & *vapor*, steam.] To dissipate in vapor: બાફ-વરાળ ક૦.*vi.*To pass off in vapor: વરાળ અથવા બાફરૂપે ઉડી જવું.

Evaporation,(ઈવૅપરેશન્)*n.*The act of passing off in vapor:બાફ-વરાળ થવી-ક૦ તે.

Evasion.(ઇવેઝન્)*n.*[L.*e*,out and *vado*,I go] The act of eluding the pressure of an argument or charge:અઢાતું;ફડાવણી [વક્ર;કુટિલ.

Evasive,(ઈવેસિવ્)*a* Elusive:આડું;કપટ ભરેલું;

Eve,;(ઈવ્) Evening: સાંજ સંધ્યાકાળ. 2. The evening preceding some particular day: કોઇ અમુક દિવસની આગલી સાંજ;પૂર્વસંધ્યા.

Even,(ઈવન્)*a.*Level:સપાટ. 2. Equable: શાંત. 3 Not odd:બેકી *vt.*To balance:બરોબર રાખવું. *adv*, Exactly:બરાબર રીતે.

Evening,(ઈવનિન્ગ્)*n.*The close of the day: સાંજ; સંધ્યાકાળ; સાયંકાળ. 2. The declining period:વૃદ્ધાવસ્થા. [ખાપણું.

Evenness,(ઇવન્નેસ્)*n.*Uniformity:સપાટી;સર-

Even-handed,(ઇવન્હેન્ડેડ્)*a.* Fair or impartial:વાજબી;નિષ્પક્ષપાતી.

Even-minded,(ઈવન્માઈન્ડેડ્)*n.*Of one mind: એકજ મનનું;સમાનવૃત્તિવાળું;સમભાવવાળું.

Event,(ઈવેન્ટ્)*n.*[L.*e.*out & *venio*,I come.] An incident, good or bad:બનાવ; બિના;હકીકત;વાત;વૃત્તાન્ત.2.The issue;end;conclusion: પરિણામ;છેવટ;ફળ *In the* e.*of*,if:જો.*vi.*To break forth:વહાવું;ફુટવું. [કાળ.

Eventide,(ઈવન્ટાઇડ્)*n.*Evening:સાંજ; સંધ્યા-

Eventual, (ઇવેન્ટ્યૂઍલ્) *a.* Consequential: થી ઉત્પન્ન થયું 2.Final:છેવટનું;છેલ્લું;આખરનું;અંત્યનું,

Ever,(એવર્)*adv.*[L. *œvum.*] At any time: કદાપિ;કદી.2.At all times:હમેશાં.**E.***and anon.* now and then:જ્યારે ત્યારે.*For* e eternally: સર્વકાળ સુધી.

Everlasting, (એવર્લૅસ્ટિન્ગ્) *a.* Eternal:નિત્ય;હમેશાનું;અવિનાશી.2.Perpetual:સર્વકાલિક.

Evermore,(એવર્મોર્)*adv.*Always: હમેશાનું.

Every, (એવરિ) *a.* Each one of a number: હરેક;દરેક;પ્રત્યેક.

Every-day,(એવરિડે)*a* Common;usual:રોજનું.

Every-where, (એવરિહ્વેર્) *adv.* In every place:બધે;સઘળે;સર્વત્ર;હરેકસ્થળે.

Evict,(ઇવિક્ટ્)[L.*e.*out and *vinco*,I conquer] (*Law*)To expel from: કબજો છોડાવવો 2. To evince:શાબેત ક૦.

Evidence,(એવિડેન્સ્)*n.*[L.*e.*out and *video*,I see.] Any mode of proof: પુરાવો; સાબેતી. *Written* e :લેખી પુરાવો. *Ocular* e.:પ્રત્યક્ષ પ્રમાણ.2.One who bears witness:સાક્ષી.Sta e's e *Queen's* e., *Crown's* e., *King's* e.:ફૂટીને સરકાર તરફથી સાક્ષી આપનાર અપરાધી.*vt.*To render clear:સ્પષ્ટ દેખાડવું. [જાહેર;ઉઘાડું;સાફ.

Evident,(એવિડેન્ટ્)*a.*Plain:સ્પષ્ટ;ખુલ્લું; પ્રસિદ્ધ.

Evidential,(એવિડેન્શૅલ્)*a* Clearly proving: સાબિતી-પુરાવો આપે એવું.

Evidently,(એવિડેન્ટ્લિ)*adv.*Clearly:ખુલ્લી રીતે; સ્પષ્ટ રીત્યે;જાહેર રીત્યે.

Evil, (ઇવિલ્) *a.* Not good:ખરાબ.2.Wicked: પાપી.*The evil one*, the devil:સેતાન.*n.* Moral badness:પાપ. 2. That which produces unhappiness:સંકટ.*King's* e કંઠમાળ.

Evil-minded, (ઇવિલ્માઇન્ડેડ્) *a.* Malicious, wicked:મનનું કપટી;હૈયામેલું;દુષ્ટાત્મા;પાપમતિ.

Evil-speaking, (ઇવિલ્સ્પીકિન્ગ્) *n.* Slander; defamation:ચાડી;ચુગલી;નિંદા; અપવાદ.

Evil-spirit,(ઈવિલ્સ્પિરિટ્)*n.*The devil:ભૂત

Evince (ઇવિન્સ્)*vt.*[L.*e.*out and *vinco*,I overcome.]To manifest;to evidence: સ્પષ્ટ બતાવવું;સાબિત ક૦.

Eviscerate (ઈવિસ્સરેટ્)*vt.*[L.*e*,out&*viscera*, bowels.]To take out the entrails of:આંતરડાં બહાર કાઢવાં.

Evoke,(ઈવોક્) *vt.* [L. *e.* & *voco*, I call.]To call out;to summon forth:કઢાવવું;ચઢાવવું.

Evolution,(ઇવૉલ્યૂશન્)*n.*[L*e*,&*volvo*,I roll] The act of unfolding; development: પ્રગટીકરણ. 2. A series of things unrolled:ક્રમ; શ્રેણી.3 The extraction of roots:ધાતુ મૂળકર્મ. 4 *Theory of* e.પરિણામવાદ.

Evolutionist,(ઈવૉલ્યૂશનિસ્ટ્)*n.*One skilled in evolutions:કવાયત જાણનારો.

Evolve, (ઈવૉલ્વ્) *vt.* [L. *e*, & *volvo*,I roll.] To unfold:ખોળી કાઢવું;ઉઘાડું ક૦.2. To throw out:બહાર કાઢવું.*vt.*To become disclosed:ખુલવું.

Ewe,(યૂ)*n.*A female sheep:મેંઢી;ઘેટી.

Ewer, (યૂઅર્) *n.*[L.*aqua*,water.]A pitcher with a wide spout:કુંજો;કળશીઓ

Exacerbate,(એક્સૅસરબેટ્)*vt.*[L.*ex* out and *acerbus*,bitter.]To irritate:ખિજવવું.

Exacerbation,(એક્સૅસરબેશન્)*n.* The act of rendering more bitter:કરડું ક૦ તે;ગુસ્સે ક૦ તે.

Exact,(એગ્ઝૅક્ટ્)*vt* [L.*ex* out & *ago*,I drive.] To demand:અધિકારથી લેવું.2 To wrest with force:જોરજુલમથી લઈ લેવું.*a.*Precisely agreeing with a fact: ખરું; વાજબી. 2. Accurate: વખતસર કરતું 3.Careful:સંભાળ પૂર્વક;કાળજીવાળો.

Exaction, (એગ્ઝૅક્શન્) *n.*A levying by force: બળાત્કાર જોરજુલમ.2.Tribute:જોરજુલમથી લીધેલા પૈસા-ખંડણી;કર.

Exactly,(એગ્ઝૅક્ટ્લિ)*adv.*Accurately:બરાબર.

Exaggerate,(એગ્ઝૅજરેટ્)*vt* [L*ex*,*ad*&*gero*, I bear.] To enlarge beyond bounds:મરી મસાલો ઉમેરીને બોલવું;અતિશયોક્તિ ક૦.

Exaggeration,(એગ્ઝૅજરેશન્)*n.* Hyperbole: અતિશયોક્તિ;રજનું ગજ કરીને બોલવું તે.

Exalt, (એગ્ઝોલ્ટ) *vt.* [L*ex*&*altus*,high.]To elevate;to lift up:ઉંચું ક૦.2.To dignify:ઉંચે પદે ચઢાવવું. To extol: પ્રશંસા ક૦. 3.To elate: ફુલાવવું.

Exaltation,(એગ્ઝોલ્ટેશન્)*n.*Elevation:તેજોવૃદ્ધિ *Self* e.:આત્મોત્કર્ષ.2.(*Astrol.*) The place of a planet in zodiac:ચક્રમાંકોઈ ગ્રહની મુકરર જગા

Examination, (એગ્ઝૅમિનેશન્)*n.*[L.*examen*, the tongue of a balance.] A carefulsearch or inquiry:સંભાળ પૂર્વક તપાસ-ચોકસી;શોધ;તલાસ. 2. A process ascribed for qualifications: પરીક્ષા *Cross* e :ઉલટ પાલટ તપાસ.

Examine, (એગ્ઝૅમિન્)*vt.* To test by a bal-

ance:તોળી જોવું;વિચારી જોવું 2.To inquire into: તપાસવું.3.To question as a witness:શાક્ષી લેવી

Examinee,(એગ્ઝામિની)*n* One who gives an examination:પરીક્ષા આપનાર.

Examiner,(એગ્ઝામિનર્)*n*.One who examines: તપાસનાર. 2. An officer, designated to conduct any kind of examination: પરીક્ષક.

Example,(એગ્ઝામ્પલ્ *n*.[L.*ex* out of and *emo*, I take.]A precedent:દાખલો Sum હિસાબનો દાખલો*vt*.To set an example;to examplify: દાખલો આપવો.

Exasperate,(એગ્ઝાસ્પરેટ્)*vt* [L.*ex* and *asper*, rough.]To provoke;to enrage:ગુસ્સે કo;ચિડવવું.2.To aggravate:વધારવું.

Excavate, (એક્સ્કેવેટ્) *vt* [L. *ex*, out and *cavus*,hollow.]To hollow out:પોલું કo..

Excavation, (એક્સ્કેવેશન્) *n*. The act of making hollow: ખોદવું તે. 2. A hollow or cavity:ખાડો;પોકળ;પોલાણ.

Exceed,(એક્સીડ્)*vt*.[L *ex* & *cedo*,I go.] To pass or go beyond:કરતા અધિક-વધારે ચઢવું હોવું. *vi*.To go too far;to pass the proper bounds: હદ બહાર જવું. *vt*. To be more or large:વધારે હોવું.

Exceeding-ly,(એક્સીડિંગ્-લિ)*adv*.Unusually, surpassingly:અતિશય;પુષ્કળ;ઘણુ જ;બેહદ

Excel, (એક્સેલ્) *vt*. [Gr. *kello*,I impel.] To exceed or go beyond:હદપાર નિકળી જવું*vt*.To surpass others;to be superior:શ્રેષ્ટ ઉત્તમ ચઢીયાતા થવું.

Excellence,(એક્સેલેન્સ્)*n*. Exalted merit; superiority:ઉત્તમતા;શ્રેષ્ઠતા;ઉત્કૃષ્ટપણું.2.An excellent or valuable quality:ઉત્તમ ગુણ. 3 A title of honour:માનનો ખિતાબ;ગવરનરનો ખિતાબ.

Excellency, (એક્સેલ્લેન્સિ) *n*.Valuable quality:ઉત્તમ ગુણ;સુલક્ષણ;ઉત્કર્ષ;ભૂષણ 2.A title of honour:માનનો ખિતાબ;ગવર્નરને અપાય છે.

Excellent,(એક્સેલ્લેન્ટ્) *a*. Admirable;superior:ઘણું સારૂં.

Except,(એક્સેપ્ટ્)*vt* [L.*ex* out of,and *capio*,I take] To exclude: બાદ કo.*Prep*. Leaving out:શિવાય.

Exception, (એક્સેપ્શન્) *n*.Exclusion:બાતલ-બાદ કo-ન ગણવું તે.2.That which is excepted: અપવાદ.3 (*Law*.)An objection:હરકત.

Exceptional,(એક્સેપ્શનલ્)*a*. Exceptive:અપવાદનું;નિયમ બહારનું;બાતલ કરવા જેવું.

Excerpt,(એક્સર્પ્ટ્)*n*.[L *ex* out of and *carpere* to pick]*vt*.To select:ચુંટી કાઢવું *n*.An extract; a passage selected from an author:ટુકરો.

Excess, (એક્સેસ્) *n*. [L. *ex*&*cedo*, I go.] Superfluity:અતિશયપણું.2.Intemperance:અમિતાહાર. 3. That which exceeds what is usual or proper:વધારો;અધિકતા.

Excessive, (એક્સેસિવ્)*a*.Beyond the ordinary degree,measure:અતિશય;બેશુમાર.

Exchange,(એક્સ્ચેંન્જ્)*vt*. [L *ex* & *cambire*, to barter.] To give or take in return for something else:બદલો કo; સાટું કo 2. To lay aside,and take in place of:એક ચીજ કોરે-બાજુએ મુકીને તેને બદલે બીજી લેવી 3.To barter; to truck:એક લેઇ બીજું આપવું; બદલો કo. *n*. The act of giving and receiving reciprocally: અદલાબદલી; સાટું 2. The thing given in return for something received:બદલો;વટાવ. 3. A place where merchants and brokers meet:નાણાંવટ.*Par of* d::કોઈપણ સિક્કાની મુકરર કિંમત *Bill of* e.:હુંડી.E *on bills*:હુંડીયામણ.

Exchequer, (એક્સ્ચેકર્) *n*. One of the superior courts of law: રેવન્યુ કોરટ. 2. The treasury:રાજકોષ;સરકારી તીજોરી.

Excisable,(એક્સાઇઝબલ્)*a*.Liable to excise-જકાત લેવા લાયક.

Excise,(એક્સાઈઝ્)*n*.[L.*ex*&*coedo*,I go.]An inland duty:જકાત; દાણ.*vt*. To lay or impose an excise upon:જકાત લેવી.

Excision, (એક્સિઝ્ઝન્)*n*. Extirpation:નાશ. 2.(*Eccl*)Excommunication:મંડળી બહાર કાઢી મૂકવું-મેલવું તે.

Excitable, (એક્સાઈટેબલ્)*a*. [L.*ex* & *cio*,I move.]Easily stirred up:ઉશ્કેરાય એવું.

Excitation, (એક્સાઈટેશન્) *n*. The act of rousing or awakening:ઉશ્કેરણી;પ્રબોધન;ઉત્તેજન 2.The excitement produced:આવેશ.

Excite, (એક્સાઇટ્) *vt*. [L *ex* & *cito*,I call] To inflame;to agitate;to kindle: ઉશ્કેરવું;ખીજવવું;ઉદ્દીપન કo.

Excitement, (એક્સાઈટ્મેન્ટ્) *n*. The act of exciting;agitation:ઉશ્કેરણી;ઉત્તેજન;પ્રકોપ.

Exclaim,(એક્સક્લેમ્) *vi*. [L. *ex* & *clamo*, I cry out.] To utter with vehemence:બૂમ પાડવી;બરાડવું;ચીસ પાડવી.

Exclamation,(એક્સક્લેમેશન્)*n*. Vehement vociferation:બૂમ;બુમાટો;ઘોષણ 2.A mark or sign by which emphatic utterance is marked:ઉદગાર.આશ્ચર્ય ચિન્હ (!)

Excluside,(એક્સ્ક્લ્યૂડ)*vt*.[L *ex* & *claudo*,I shut.] To shut out:અંદર આવવા-દાખલ થવા ન દેવું;દૂર કo.2.To preclude:બહાર કાઢવું;બાતલ કo.

Exclusion,(એક્સ્ક્લ્યૂઝ્ઝન્)*n*. Ejection;preclusion:બહાર કાઢવું તે;બહિષ્કરણ;નિષેધ;બાધ;નિવારણ.

Exclusive, (એક્સ્ક્લ્યૂસિવ્) *a*. Having the power of preventing entrance:અંદર આવવા ન દેનાર;પ્રતિબંધક;નિષેધક;બાધક.2.Not taking

into the account:શિવાય.

Excommunicate,(એક્સ્કામ્યુનિકેટ્) *vt.* [L. *ex* & *communicare.*]To expel from communion:મંડળીમાંથી કાઢી મુકવું.

Excommunication,(એક્સ્કૉમ્યુનિકેશન્)*n.* The act of excommunicating: ખ્રિસ્તી ધર્મ મંડળમાંથી બહાર કાઢવું તે;ન્યાતબહાર મુકવું તે

Excoriate, (એક્સ્કૉરિએટ્)*vt.* [L.*ex* and *corium*,skin.]To abrade:છાલ-ચામડી કાઢવી.

Excrement-tion,(એક્સ્ક્રીમેન્ટ–એક્સ્ક્રીશન્) *n.* [L.*ex* and *cerno*, I sift.] An excrescence or appendage:ગુ:મળ;વિષ્ટા;નરક.

Excrescence,(એક્સ્ક્રેસેન્સ્)*n.*[L.*ex* &*cresco*, I grow.]An incumbrance:રસોળી;વરસોળી.

Excrescent,(એક્સ્ક્રેસેન્ટ્)*a.* Growing out in a preternatural manner:મસા માફક વધતું;વધતું.

Excrete, (એક્સ્ક્રીટ્) *vt.*[L *ex*&*cerno*,I sift.] To separate and throw off:ફેંકવું;બહાર કાઢવું.

Excruciate, (એક્સ્ક્રયુશિએટ્) *vi* [L. *ex* and *crucio*,I crucify.]To torture:દુઃખ દેવું;કષ્ટ આપવું

Exculpate, (એક્સ્કલ્પેટ્)*vt* [L.*ex* & *culpa*,a fault.] To relieve of blame:નિર્દોષ ઠરાવવું.

Exculpation, (એક્સ્કલ્પેશન્)*n.* The act of vindicating from a charge of fault:દોષ મુક્તિ-મોચન.

Excursion, (એક્સ્કર્શન્) *n.* [L.*ex*&*curro*, I run.] A running forth;an expedition: મુસાફરી;સફર

Excursive,(એક્સ્કર્સિવ્)*a* Wandering;rambling:ભમતું;ભટકતું;ભ્રમણશીલ.

Excuse,(એક્સ્કયુઝ્)*vt.*[L.*ex* & *causa*,cause.] To acquit of guilt:નિર્દોષ-નિરપરાધી ઠરાવવું. 2.To pardon:ક્ષમા કo.3. To release by favor:માફ કo.*n.*An apology માફી ક્ષમા. 2. A plea offered in extenuation of a fault: બહાનું;નિમિત્ત;કારણ.

Execrable,(એક્સીક્રેબલ્)*a.*[L *ex* and *sacer*, sacred.]Detestable;abominable:શાપયોગ્ય; અતિનિંદ્ય.

Execrate,(એક્સીક્રેટ્)*vt* To detest utterly; to abhor;to abominate:શાપ દેવો;બદદુવા દેવી.

Execration,(એક્સીક્રેશન્)*n.*The act of cursing;imprecation of evil:શ્રાપ;શાપ;બદદુવા.

Execute,(એક્સીક્યૂટ)*vt* [L.*ex* and *sequor*,I follow.] To carry into complete effect:પુરૂં કo;બજાવવું.2 To complete as a legal instrument:રીતસર પાકુ કરી આપવું;ખત લખત નક્કી કરી આપવો. 3. To give effect to:અસર કo.4. To carry into effect:અમલમાં લાવવું 5 To inflict capital punishment:મારી નાંખવું;ફાંસી દેવું.*vi.* To perform an office or duty:કામ કo-બજાવવું

Execution, (એક્સીક્યૂશન્)*n.* Performance: અમલ;બજાવણી. 2. A putting to death as a legal penalty:દેહદંડ.3. The carrying into effect the judgment of a court:બજાવણી.

Executioner,(એક્સીક્યૂશનર્)*n.*One who executes:મારો;ફાંસી દેનાર;મસ્તક છેદનાર;ઘાતક.

Executive,(એગ્ઝેક્યૂટિવ્)*a* Fitted for execution: અમલમાં લાવવાનું-લાવનારૂં. *n.* An officer who superintends the execution of the laws:બજાવનારો-અમલમાં લાવનારો અમલદાર.

Executor,(એગ્ઝેક્યુટર્)*n.*A doer:કરનારો.2An executioner:ફાંસી દેનાર;મારો. 3. The person appointed by a testator to execute his will:મરનારે પોતાનું વશિયતનામું અમલમાં લાવવા સારૂ નિમેલો પુરૂષ.

Exegesis, (એક્સીજીસિસ્)*n.* [Gr.*ex* & *ago*,I lead.]Exposition,explanation:વ્યાખ્યા;ટીકા.

Exegetical, (એક્સીજેટિકલ્)*a.* Tending to illustrate;explanatory:ટીકારૂપ-વિષેનું-સૂચક.

Exemplar,(એગ્ઝેમ્પ્લૅર્) *n.* [L *ex* and *emo*,I take.] A model:નમુનો;દાખલો.

Exemplary, (એગ્ઝેમ્પ્લૅરિ) *a.* Serving as a pattern:અનુકરણીય;દાખલો લેવા જોગ.

Exemplify, (એગ્ઝેમ્પ્લિફાઇ) *vt.*[L.*ex* & *facio*, I make.]To show by example: નમુના-દૃષ્ટાંતથી બતાવવું.

Exempt,(એગ્ઝેમ્પ્ટ્)*vt.*[L.*ex* and *emo*,I love or buy.]To free from obligation:છુટું બાતલ કo-છોડવું.*a.*Released;liberated:છુટું;મોકળું;મુક્ત

Exequies,(એક્સીક્વિઝ્)*n pl.* [L.*ex*and *sequor*,I follow.]Funeral rites:મરણ ક્રિયા.

Exercise, (એક્સર્સાઈઝ્) *vt* [L.*ex* & *arceo*,I drive.]To train:કામમાં લેવું. 2. To improve by practice:તાલીમ આપવી;પદ્ધતિ શીખવવી. *n.* Exertion for the sake of training or improvement:અભ્યાસ;ટેવ;મ્હાવરો.2.A lesson; a task:પાઠ;અભ્યાસપાઠ.

Exert, (એગ્ઝર્ટ્) *vt.* [L *ex* &*cero* I join.]To put forth, as strength;force:વાપરવું;ખરચવું; કામમાં લેવું;ચલાવવું 2.To do or perform:કામકo; બજાવવું. *To e. one's self*, to make an attempt:યત્ન-પ્રયત્ન-શ્રમ કo.

Exertion,(એગ્ઝર્શન્)*n.*An effort;struggle:મહેનત;ઉદ્યોગ;શ્રમ;આયાસ;મથન;પરિશ્રમ.

Exhalation, (એક્સ્હેલેશન્)*n.*[L.*ex* & *halo*,I breathe.]Evaporation:વરાળરૂપે બહાર જવું તે.

Exhale, (એગ્ઝ્હેલ્)*vt.* To breathe out; to evaporate:-માંથી નિકળવું.2. To cause to be emitted in vapour:વરાળ રૂપે ખેંચી લેઈ લેવું.

Exhaust,(એગ્ઝ્હોસ્ટ્)*vt* [L. *ex* & *haurio*, I draw up.] To draw out or drain off completely:ખેંચી લેવું-કાઢવું.2.To empty by drawing out the contents: ખાલી કo.3. To con-

sume entirely:થકવી નાંખવું.*a* Drained:સમાપ્ત

Exhaustible,(એગ્ઝોસ્ટિબલ્) *a* Capable of being exhausted:બહાર કાઢી નાંખવા લાયક.

Exhaustion, (એગ્ઝોસ્ટચન્) *n.* The act of exhausting or the state of being exhausted:શોષણ:ક્ષય;નાશ;ખૂટકો;સમાપ્તિ;આખેરી;શ્રમ;થાક

Exhaustive, (એગ્ઝોસ્ટિવ્) *a.* Serving or tending to exhaust:ખાલી કરે એવું;અશેષ વ્યાપક.

Exhibit.(એગ્ઝિબિટ્) *vt.* [L *ex* & *habeo,* I hold.]To show:બતાવવું:દર્શાવવું.2.To present in a public or official manner:અધિકારી આગળ રજુ કo.*n* A voucher or document produced: જેથી કંઇ પણ ચીજ સાબેત થાય એવો કાગળ;દાખલો.2.(*Law.*)A document produced and proved in a court:પુરાવામાં રજુ કરેલો કાગળ

Exhibition, (એક્ઝિબિશન્) *n.* Manifestation:દેખાડવું-બતલાવવું તે 2.A display of works of arts:પ્રદર્શન 3.Allowance for the maintenance of scholars: વિદ્યાર્થીને આપેલી નીમનૂક; વૃત્તિ:શિષ્યવૃત્તિ.4.Public show:તમાસો:ખેલ.

Exhibitioner,(એક્ઝિબિશનર) *n* (*Eng Universities.*)One who has allowance granted for support:નિમનૂક લઇને ભણનારો વિદ્યાર્થી

Exhilarate.(ઍગ્ઝિલૅરેટ્)*vt.*[L.*ex* & *hilaris* cheerful.]To make cheerful:ખુશ કo;આનંદ પમાડવો *vi* To become cheerful or glad:ખુશ થવું

Exhilaration,(એગ્ઝિલૅરેશન્)*n.* The act of making glad or cheerful:ખુશી;આનંદ; હર્ષ.

Exhort,(એગ્ઝોર્ટ્)*vt* [L *ex* & *hortor,*to incite.]To stimulate:સારૂં કામ કરવાને સલાહ આપવી.2. To advise:ચેતવણી આપવી.

Exhortation,(એગ્ઝોર્ટેશન્)*n.* Incitement to that which is good:બોધ.2.Advice:સલાહ.

Exhume, (એક્સ્હ્યૂમ્) *vt* [L. *ex* & *humus,* earth.] To dig out of the ground; to unbury:દાટેલું ખોદી કાઢવું;બહાર કાઢવું.

Exigence-y,(એક્સિજેન્સ્-એક્સિજેન્સિ)*n* [L *ex* & *ago,*I drive.]Pressing necessity or distress;need;urgency;emergency: જરૂરિયાત; તંગી;આપદી;ગરજ;અણી;સંકટ;અવસર;સમય;વિપત્તિ.

Exigent,(એક્સિજેન્ટ્)*n.* Exigency;extremity:ભીડ;ગરજ.2. (*Law.*) A judicial writ:હદપાર કરનારી કોર્ટે ઠરાવેલો હુકમ.

Exile (એક્સાઇલ્) *n.* [L. *ex solum* soil.] Expulsion; banishment:દેશનિકાલ દેશવટો 2. The person banished or exiled:હદપાર-દેશનિકાલ કીધેલું માણસ *vt.* To banish;to transport:દેશ-નિકાલ કo;દેશવટો દેવો

Exist (ઍગ્ઝિસ્ટ્) *vt.* [L *ex* & *sisto,* I stand] To be; to have a real being:હોવું; હયાતિમાં હોવું.2.To live:જીવવું.

Existence,(એગ્ઝિસ્ટેન્સ્)*n.* Continuance in being:હયાતી:અસ્તિત્વ;વિદ્યમાનતા:ભાવ;ટકાવ.

Existent, (એગ્ઝિસ્ટેન્ટ્) *a.* Existing; taking place:જીવતું;હયાત;વિદ્યમાન;વર્તમાન;મોજુદ. *Self e* :સ્વયંભૂ;આત્મભૂ.

Exit,(એક્સિટ્)*n.* [L. *ex,*I go.]The departure of a player from the stage when he has performed his part:નાટકશાળામાં રંગભૂમીપરથી વેષધારીનું જવું રહેવું તે;નિષ્ક્રમણ. 2 Any departure;death; decease:મોત: મરણ. 3. A way of departure:જતા રહેવાનો માર્ગ-રસ્તો;નિકાસ.

Ex-officio, (એક્સૉફિસિઓ) By virtue of office:હોદ્દાની રૂએ;અધિકાર પરત્વે.

Exogenous, (એક્સૉજેનસ્)*a.* [Gr.*exo* & *gennao,* I produce.] Shooting out from any part:કોઇ પણ ભાગમાંથી ફૂટી નિકળતું; બહારથી વધારો થતો હોય તેવું.

Exonerate,(એગ્ઝૉનરેટ્) *vt.* [L. *ex* & *onus,*a burden] To unload:ભાર ઓછો કo.2. To relieve of,as a charge,obligation of blame: જવાબદારીમાંથી છૂટા થવું;દોષ-ઠપકો ઉડાવી દેવો.

Exorable, (એક્સૉરૅબલ્)*a.* Capable of being moved by entreaty:આજીજીથી સમજાવાય એવું.

Exorbitance-y,(એગ્ઝૉર્બિટૅન્સ્-ન્સિ)*n.* Enormity:અતિશયતા અમર્યાદતા;બેહદપણું.

Exorbitant.(એગ્ઝૉર્બિટૅન્ટ્)*a.*[L. *ex* & *orbis,*a circle.]Excessive:બેસુમાર;અતિશય;ઘણું જ;બેહદ.

Exorcise,(એક્સૉર્સાઇઝ્)*vi.*[Gr.*ex* & *horkiso,*I bind by an oath.] To deliver from the influence of an evil spirit:ભૂત કાઢવું;ઉતારવું.

Exordial,(એગ્ઝૉર્ડિઍલ્)*a.* Introductory:આરંભનું;શરૂઆતનું.

Exordium,(એગ્ઝૉર્ડિયમ્)*n.*[L *ex* & *ordior,*I weave.] The introductory part of a discourse;the preface:ઉપોદ્ઘાત;પ્રસ્તાવના:દિબાચો.

Exoteric-cal,(એક્સૉટેરિક્-કલ્)*a.*[Gr *exo,*without.]External;public:ખુલ્લું;પ્રગટ;સાધારણ;પ્રસિદ્ધ.

Exotic,(એગ્ઝૉટિક્)*a.* [Gr *exo,* outward.] Foreign;extraneous:પરમુલકનું;વિદેશી;અન્યદેશીય.

Expand, (એક્સ્પૅન્ડ્) *vt.* [L *ex* & *pando,* I spread.]To spread:વિસ્તારવું.2. To enlarge: મ્હોટું કo.*vi.*To become enlarged:ખીલવું;વધવું

Expanse, (એક્સ્પૅન્સ્) *n.* A wide extent of space or body:મ્હોટો વિસ્તાર;ફેલાવો;પટ.

Expansion,(એક્સ્પૅન્શન્)*n.*Distention:ફેલાવો;વિસ્તાર;વૃદ્ધિ;પ્રસાર.2. Space: જગ્યા; અવકાશ.

Expansive,(એક્સ્પૅન્સિવ્)*a.* Dilating; diffusive;wide;extending:ફેલાય એવું;પ્રસારક;વ્યાપક

Exparte, (એક્સ્પાર્ટિ) *a.* Upon or from one side only:એક તરફી *E.hearing or evidence:* એક પક્ષની ગેરહાજરીમાં બીજા પક્ષનો પૂરાવો.

Expatiate,(એક્સ્પેશિએટ્) *vi* [L.*ex* & *spatium,*space.] To enlarge in discourse or

writing:વિસ્તારીને બોલવું-લખવું.

Expatriate,(એક્સ્પેટ્રિએટ્)*vt.*[L *ex* & *pater*, father.]To banish:દેશનિકાલ-હદપાર ક૦:દેશવટો દે૦

Expect,(એક્સ્પેક્ટ્)*vt.* [L. *ex* & *specio*,I look at.] To wait for: રાહ-વાટ જોવી. 2. To look for with some confidence:થશે-આવશે-કરશે એમ ધારવું;-ની ધારણા રાખવી.

Expectancy,(એક્સ્પેક્ટન્સિ) *n.* Expectation આશા;ઉમેદ;અપેક્ષા.2. The object of expectation or hope:ધારણા. *Estate in e* :ભવિષ્યમાં કબજે ભોગવટો મળવાનો હક થાય એવી મિલ્કત.

Expectant,(એક્સ્પેક્ટન્ટ્)*a* Waiting:વાટ જોતું *n.*One who waits inexpectation:વાટ જોનાર.

Expectation, (એક્સ્પેક્ટેશન્) *n.* The act or state of expecting an event as about to happen:વકી;ઉમેદ;આશા;ધારણા.2 That which is expected or looked for:અપેક્ષિત વસ્તુ. 3. The prospect of the future:સંભવ.

Expectorate,(એક્સ્પેક્ટોરેટ્) *vt.* [L *ex* & *pectrios*,the breast.]To discharge phlegm;to spew:-નો બલગમ-ગળફો કાઢવો;ખંખારવું;કફ કાઢવો.

Expectorant,(એક્સ્પેક્ટોરેન્ટ્)
Expectorative,(એક્સ્પેક્ટોરેટિવ) } *a.* Tending to facilitate expectoration:કફઘ્ન;કફનાશક;કફકારક.

Expedience-y,(એક્સ્પીડિએન્સ્-ન્સિ) *n.* Advisability;desirableness;advantage:પ્રસંગયોગ્યતા;ઉચિતતા;લાયકી; મુનાસીબપણું. 2. Self-interest:પોતાનું-જાતનું હિત 3.Haste:ઉતાવળ.

Expedient, (એક્સ્પીડિએન્ટ્)*a* [L *ex*& *pedis*, the foot.]Desirable;advisable; profitable: ફાયદાકારક;યોગ્ય;ઉપયોગી;લાયક.

Expedite, (એક્સ્પીડાઇટ્) *vt.* [L. *ex* & *pedis* foot] To hasten:ઉતાવળ ક૦.2.To despatch: જલદીથી મોકલવું.

Expedition,(એક્સ્પીડિશન્) *n.* Haste:ઉતાવળ; ત્વરા;તાકીદ;ઝડપ.2.An enterprise by a number of persons:કેટલાક માણસોએ કરેલી મુસાફરી સફર

Expeditious,(એક્સ્પીડિશસ્)*a.* Quick; celerity:ઝટપટ;ઝડપનું;ઉતાવળું.

Expel,(એક્સ્પેલ્)*vt.*[L *ex* & *pello*,I drive.]To drive out:હાંકી કાઢવું;ખદેડી મુકવું;રવાના ક૦.2.To banish:દેશનિકાલ ક૦

Expend, (એક્સ્પેન્ડ્) *vt.* [L *ex* & *pendo*, I weigh.] To consume by use:ખરચવું;વાપરવું; ખપાવવું;ખલાસ ક૦.

Expenditure,(એક્સ્પેન્ડિચ્યૂર) *n.* The act of expending; disbursement:ખરચ;ખર્ચ; વ્યય.

Expense, (એક્સ્પેન્સ્) *n.* Disbursement:ખરચવું-વાપરવું તે.2.Cost;outlay;charge:ખર્ચ;દામ.

Expensive,(એક્સ્પેન્સિવ્) *a.* Costly; liberal: મોઘું;ભારે કિંમતનું;ખરચાળ;ખરચાઉ.

Experience,(એક્સ્પીરિએન્સ્)*n.* [L *experior*, I try.] Experimental knowledge: અનુભવ. 2.Repeated trial,use or observation:અજમાયેશ; ઉપભોગ; અવલોકન.*vt.*To try personally:અનુભવવો 2. To exercise:મહાવરા-અભ્યાસથી શીખવવું.

Experienced,(એક્સ્પીરિએન્સ્ડ્)*a.*Taught by practice:અનુભવી;ઘડાએલું;કસાએલું;વાકેફ; જાણીતું.

Experiment, (એક્સ્પેરિમેન્ટ્) *n.* Practical test:પ્રયોગ;અજમાયશ;પરીક્ષા;અખતરો;તપાસ. *vi.* To make an experiment:અજમાયશ ક૦.

Expert,(એક્સ્પર્ટ્)*a.*Well-instrustructed:ચતુર;કુશળ. *n* An expert person: વાકેફગાર-હોશિયાર માણસ.

Expiable,(એક્સ્પિએબલ્)*a* Capable of being expiated, or atoned for:પ્રાયશ્ચિત્ત કરવા જોગ.

Expiate,(એક્સપિએટ્) *vt.*[L.*ex* & *pio*,I appease.]To atone for:-નું પ્રાયશ્ચિત્ત ક૦.

Expiation, (એક્સ્પિએશન્) *n.* Atonement; પ્રાયશ્ચિત્ત નિવારણ કરવાના સાધન.

Expiration, (એક્સ્પાઈરેશન્) *n.* (*a*) A breathing out:શ્વાસ કાઢવો તે (*b*)Death:મૃત્યુ; મોત.

Expire,(એક્સ્પાઇર્) *vt.*[L *ex* & *spiro*,I breathe.] To breathe out: (શ્વાસ) કાઢવો-છોડવો. *vi.* To breathe out the life of; to die:મરણ પામવું.2. To cease; to terminate:-ની અવધી મુદતપૂરી થવી.

Expiring, (એક્સ્પાયરિન્ગ્)*a* Dying;ending; terminating:મરતું;છેડો-અંત આવતું.

Explain,(એક્સ્પ્લેન્)*vt.*[L *ex*&*planus*,level] To make manifest; to expound:-નો અર્થ ક૦,સમજાવવું;-ની ટીકા ક૦;

Explanation, (એક્સ્પ્લેનેશન્) *n.* The act of explaining or expounding:સમજૂતી;ટીકા;અર્થ;ભાષ્ય;ખુલાસો;સમજુત;સમજ.

Explanatory,(એક્સ્પ્લેનેટરિ)*a.*Serving to explain;containing explanation:અર્થ બતાવે એવું

Expletive,(એક્સ્પ્લીટિવ્) *a.* [L. *ex* &*pleo*,I fill.]Filling up:વધારાનું *n.* A word or syllable not necessary to the sense but inserted to fill a vacancy:છંદ બેસાડવા-વાક્ય શોભાવવા સારૂ ઉમેરેલો શબ્દ;વાક્યાલંકાર.

Explicate,(એક્સ્પ્લિકેટ્) *vt.* [L.*ex* & *plico*,I fold.] To unfold; to lay open: ઉઘાડું મુકવું.

Explicit,(એક્સ્પ્લિસિટ્)*a.*Distinctly stated; plain in language;express: ભાષામાં શુદ્ધ 2. Plain:સાફ.

Explode,(એક્સ્પ્લોડ્)*vi.*[L.*ex*&*plaudo*, I clap the hands.] To burst forth: ફાટવું;ફુટવું;-નોબા રચવો.*vt.* To cause to explode; to blow off: ઉડાવી દેવું.

Exploit,(એક્સ્પ્લૉઇટ્)*n.*[L *explico*,I unfold.] A deed of renown;a feat:પરાક્રમ;શૂરકર્મ.

Exploration,(એક્સ્પ્લૉરેશન્)*n.*The act of exploring or penetrating:તપાસ:શોધ.

Explore,(એક્સ્પ્લૉર્)*vt.*[L *ex* & *ploro*,I cry.] To seek for or after:શોધથી મેળવવાને યત્ન ક૦.

Explosion,(એક્સ્પ્લૉઝ્હન્)*n.* [L. *explosio.*] A sudden inflaming with force: ભડાકો;ધડાકો.

Explosive,(એક્સ્પ્લૉસિવ્)*a.* Causing explosion:બાર કરવાનું:ભડાકો કરે એવું

Exponent,(એક્સ્પૉનેન્ટ્)*n.*[L. *ex* & *pono*,I put.] A number, letter or any quantity written on the right hand of and above another quantity:ઘાતપ્રકાશક.

Export,(એક્સ્પૉર્ટ્)*vt.*[L *ex* & *porto*, I carry.] To carry away:લઈ જવું; ખસેડવું. 2. To send out:દેશાંતર ખાતે(માલ) મોકલવો.*n.*That which is exported:મોકલેલો માલ.

Exportation,(એક્સ્પૉર્ટેશન્) *n.* The act of exporting:દેશાવરખાતે મોકલવું તે, માલ.

Expose,(એક્સ્પૉઝ્)*vt.*[L. *ex* & *pono*,I put] To set forth; to lay out: બહાર મૂકવું; ઉઘાડું ક૦ 2 To lay bare;to lay open to danger: ખુલ્લું-ઉઘાડું મૂકવું;ભય આવી પડે તેવું મૂકવું.

Exposition,(એક્સ્પૉઝિશન્)*n.* A laying open a public exhibition show:ઉઘાડું-ખુલ્લું-જાહેર-પ્રસિદ્ધ ક૦ તે 2.Explanation:ટીકા;ભાષ્ય.

Expositor,(એક્સ્પૉઝિટર્)*n.* An interpreter: ટીકા-વિવરણકર્તા;ભાષ્યકાર.

Expository, (એક્સ્પૉઝિટૉરિ) *a.* Illustrative; exegetical:ભાષ્ય-ટીકાનું;ભાષ્ય કરે એવું.

Expostulate,(એક્સ્પૉસ્ટ્યૂલેટ્)*vt.*[L.*ex* & *postulo*,I demand.]To discuss:તકરાર ક૦.*vi.*To reason earnestly with a person;to remonstrate:કોઈની થયેલી ભૂલ વિષે તેને સમજાવવું.

Expostulation,(એક્સ્પૉસ્ટ્યૂલેશન્)*n.*Remonstrance:ચેતવણી;શિખામણ;બોધ;ઉપદેશ.

Exposure,(એક્સ્પૉઝ્હ્યુર્) *n.* The act of exposing:ફજેતી.2.Openness to danger:ઉઘાડું મૂકવું તે;મુખ;દ્વાર;મોઢું.

Expound,(એક્સ્પાઉન્ડ્)*vt.*[L *ex*&*pono*, I put] To lay open:ઉઘાડું-ખુલ્લું મૂકવું.2.To explain: અર્થ સમજાવવો;ટીકા-વિવરણ ક૦.

Express,(એક્સ્પ્રેસ્)*vt* [L *ex*&*premo*,I press.] To press:પીલવું;નીચોવવું 2.To indicate:દર્શાવવું 3.To utter:કહેવું;બોલવું.4 To denote:દેખાડવું.*a.*Plain:સાફ;સ્પષ્ટ;ખુલ્લું;ચોખ્ખું. 2.Sent on particular errand:મુદ્દામ;ખાસ.*n.* A courier: મુદ્દામ મોકલેલું માણસ;ખેપીઓ.

Expression, (એક્સ્પ્રેશન્) *n.*The act of expressing:પીલવું તે.2 Declaration;utterance બોલવું કહેવું તે.3.Vivid representation of meaning: અર્થનું આબેહુબ વર્ણન.4. The representation of any quantity by its appropriate signs:કોઈ પરિણામ-રકમને યોગ્ય નિશાનીથી દર્શાવવી તે.

Expressive,(એક્સ્પ્રેસિવ્) *a.* Serving to utter;indicative:દર્શકસૂચક;બોધક.2.Full of expression;significant:વાચક;સૂચક;અર્થક.

Expulsion,(એક્સ્પલ્શન્)*n.* [L. *ex* & *pello*, I drive.] A driving away by violence:કાઢી મૂકવું-નાંખવું તે.2.The state of being expelled કાઢીમૂકવાની સ્થિતિ;બહિષ્કાર.

Expunge,(એક્સ્પન્જ્) *vt.* [L. *ex* & *pungo*, I prick] To rub out:ભૂંસી નાંખવું; છેકોમારવો. 2. To strike out;to annihilate:નાશ ક૦.

Expurgate,(એક્સ્પર્ગેટ્) *vt.* [L *ex purgo*, I purify.]To cleanse;to purge:કચરો કાઢી નાંખવો.

Exquisite,(એક્સ્ક્વિઝિટ્)*a.*[L.*ex*.and *quœro*, I seek.] Carefully selected: ઉત્તમ. 2. Extreme;keen:ઘણુંજ બારીક.

Extant,(એક્સ્ટૅન્ટ્)*a.* [L. *ex* & *sto*, I stand.] In being;now existing:ચાલુ;મોજુદ;હયાત;કાયમ.

Extempore,(એક્સ્ટેમ્પોરી)*adv.*[L *ex*&*tempus*, time.]Without preparation:આગળથી તૈયારી કર્યા વગર;તેજ વખતે કરેલું;શીઘ્રતાથી કરેલું.

Extemporize,(એક્સ્ટેમ્પૉરાયઝ્)*vt.*To prepare in great haste:તાત્કાલિક સિદ્ધ ક૦.

Extend,(એક્સ્ટેન્ડ્)*vt.*[L.*ex*&*tendo*,I stretch.] To expand: પસારવું; ફેલાવવું. 2. To stretch: લાંબો ક૦.(હાથ).*vi.*To stretch:ફેલાવું.

Extension,(એક્સ્ટેન્શન્)*n* The act of extending:વિસ્તાર 2 Enlargement in breadth:પોહોળાઈમાં લંબાવવું તે.3.A written engagement on the part of a creditor allowing a debtor further time to pay his debt: લહેણદારે દેવાદારને તેનું દેવું આપવાની મુદત વધાર્યાનો લખી આપેલો કરાર.

Extensive,(એક્સ્ટેન્સિવ્)*a.*Expanded:વિશાળ.

Extensiveness,(એક્સ્ટેન્સિવનેસ)*n.*Wideness diffusiveness:પહોળાપણું;વિશાળપણું.

Extent,(એક્સ્ટેન્ટ્)*n.*Superficies; compass; bulk;size:હદ;સીમા;મર્યાદા;વિસ્તાર;ફેલાવો;લંબાઈ.

Extenuate (એક્સ્ટેન્યૂએટ્)*vt.*[L. *ex* & *tenuis*, thin.]To draw out;to make thin:પાતળું-નબળું-ક્ષીણ ક૦.2.To lessen;to diminish:હલકુ-ક૦.

Exterior,(એક્સ્ટીરિઅર્)*n.*[L *exter*,outward from *ex*, out.] The out ward surface of a thing:શરીરનો ઘાટ;બહારનું અંગ.2.The outward form:બાહારનો આકાર.*a* External: બહારનું.

Exterminate,(એક્સ્ટર્મિનેટ્)*vt* [L *ex* & *terminus*, a limit.] To destroy utterly: છેક નાશ ક૦;સંહાર ક૦. 2. To put an end to the power of;to root out: કોઇની સત્તા ઓછી કરી દેવી.

Extermination,(એક્સ્ટર્મિનેશન્)*n.* Eradication;extirpation:ઉચ્છેદ;સંહાર;સમૂળો નાશ;નિકંદન.

External,(એક્સ્ટર્નલ્)*a* [L.*exter*,outward;]

Perceptible by the senses;outward:બહારનું 2 Related to the body or its appearance: શરીર કિંવા તેના દેખાવને લગતું.

Extinct,(એક્સ્ટિન્ક્ટ)*a.* Put out; quenched: હોલવાઈ ગયેલું.2.Terminated:નાશ પામેલું.

Extinction, (એક્સ્ટિન્ક્શન્) *n.* The act of extinguishing:હોલવવું તે;નાશ;લય;ઉચ્છેદ;નિર્વંશ.

Extinguish, (એક્સ્ટિન્ગ્વિશ્) *vt.* [L. *ex* & *stinguo*,I quench.] To quench:હોલવવું;બુઝવવું;શાન્ત ક૦ 2.To put an end to:નાશ કરવું.

Extinguishable,(એક્સ્ટિન્ગ્વિશેબલ્)*a.* Capable of being quenched:નાશ કરાય એવું.

Extirpate,(એક્સ્ટર્પેટ્)*vt.*[L. *ex* & *strips*, a root.]To root out: જડમૂળથી-ઉખેડી નાંખવું. 2. To destroy wholly:સમૂળો નાશ ક૦.

Extirpation,(એક્સ્ટર્પેશન્) *n.* Eradication; total destruction:સમૂળો નાશ-ઉચ્છેદ.

Extol,(એક્સ્ટોલ્)*vt.*[L.*ex* & *tollo*, Ilift.] To lift up:ઉંચેસ્થળે-પદવીએ બેસાડવું.2. To elevate by praise:સ્તુતિ-પ્રશંસા તારીફ ક૦. ના ગુણગાવા.

Extort,(એક્સ્ટૉર્ટ્)*vt.*[L *ex* & *torqueo*,I twist.] To wrench away from: બળાત્કાર-જોરજુલમથી કઢાવવું 2.To take unlawfully: ગેરકાયદાથી લેવું

Extortion, (એક્સ્ટૉર્શન્) *n.* The act of extorting:લઇ લેવું-કઢાવવું તે. 2 That which is exacted by force:જોર જુલમથી જે લેવામાં આવે છે તે. [જુલમી;જુલમગાર.

Extortionate,(એક્સ્ટૉર્શનેટ્) *a.* Oppressive:

Extortioner,(એક્સ્ટૉર્શનર્)*n* One who practises extortion:બળાત્કારે લેનાર-કઢાવનાર.

Extra,(એક્સ્ટ્રે)*a* Over and above:વધારે; વધારાનું.*n.*Something in addition to the regular charge:પૂરવણી.

Extract(એક્સ્ટ્રેક્ટ્)*vt.*[L *ex* & *traho* I draw] To draw out;to withdraw:;માંથી કાઢવું-ખેંચી કાઢવું.2-To withdraw by distillation or other chemical process: અર્ક-તેજાબ કાઢવો. 3. To choose out as a passage from a book:ઉતારી લેવું.*To e.the root*:મૂળ કાઢવું.*n.*A quotation: ઉતારો;ઇન્તેખાપ.2.Essence:અર્ક;તેજાબ;સત્વ.

Extraction (એક્સ્ટ્રેક્શન્) *n* The act of extracting or drawing out:કાઢવું તે(દાંત ઉખડવું.)2 Lineage;descent:કુળ.3 Extract; essence:અર્ક

Extradition,(એક્સ્ટ્રેડિશન્)*n* [*ex* & *trado*, I deliver.]The delivery by one nation to another,of fugitives from justice,in pursuance of a treaty: તોહોમતદાર એક રાજ્યના તાબામાં હોય તેને બીજા રાજ્યને હવાલે ક૦ તે.

Extramundane,(એક્સ્ટ્રેમન્ડેન્)*a.* [L *extra* & *mundus*, world] Beyond the limit of the material world:પારલૌકિક.

Extramural, (એક્સ્ટ્રેમ્યૂરૅલ્) *a.* [L.*extra* & *murus*,wall.]Beyond the walls:કોટ બહારનું.

Extraneous,(એક્સ્ટ્રેનીઅસ્)*a.*[L *extra*.]Not essential;foreign:બીજી-જુદી જાતનું.

Extraordinary,(એક્સ્ટ્રૉર્ડિનરિ)*a* [L *extra* & *ordo* I order.]Out of the common order અસાધારણ;વિલક્ષણ. 2.Remarkable; wonderful:અલૌકિક.3 Specially sent or issued for a special purpose:વિશેષ;મુદ્દામ મોકલેલું.

Extravagance,(એક્સ્ટ્રેવૅગન્સ્)*n.*The act of wandering beyond proper limits:હદ બહાર ભટકવું તે 2.The state of being prodigal:ઉડાઉપણું;અનીતિ;અતિશયપણું.

Extravagant, (એક્સ્ટ્રેવૅગન્ટ્) *a* [L *extra* & *vago*,I wander.]Irregular: હદબહાર ભટકતું. 2.Wild;uncontrolled:કાબમાં રહે નહિ તેવું;અતિશય;ફાજલ.3.Prodigal:ખરચાળ.ઉડાઉ.

Extreme, (એક્સ્ટ્રીમ્) *a.*[L *exter*,out ward.] Utmost:અણીપર.2 Last:છેલ્લું;આખર.*n.*Either of the extreme terms of a syllogism:અવયવ ઘટિતનું;નિદાનનું વાક્યના છેડાનાં પદોમાંનું એક. 2.Extremity:છેડો;અંત;સીમા.

Extremity,(એક્સ્ટ્રીમિટિ)*a.*The utmost limit: અણી. 2. The utmost point: પરમ મર્યાદા. 3. Greatest need or peril:અતિશય અડચણ-દુઃખ.

Extricable, (એક્સ્ટ્રિકૅબલ્)*a.* Capable of being extricated:છૂટી શકે એવું;કઢાય એવું.

Extricate,(એક્સ્ટ્રિકેટ્) *vt* [L. *ex* & *tricoe*, trifles.] To disentangle:છોડવવું;-છૂટું ક૦.

Extrication, (એક્સ્ટ્રિકેશન્) *n.* Disentanglement:-માંથી છૂટું ક૦, મોકળું ક૦ તે.

Extrinsic-al, (એક્સ્ટ્રિન્સિક્-એક્સ્ટ્રિન્સિકૅલ્)*a.* [L *exter*, and *sequor*,I follow.] External; outward:પારકું;બીજું;જુદું;બાહ્ય.

Extrude,(એક્સ્ટ્રૂડ્)*vt.*[L *ex*&*trudo*,Ipush.] To thrust out:બાહાર ધકેલવું.

Exuberance,(એક્સ્યૂબરૅન્સ)*n.*Richness;luxuriance:પુષ્કળ-ભરપૂરપણું;રેલછેલ;ભરપૂર થયેલો પાક.

Exuberant, (એક્સ્યૂબરૅન્ટ્) *a.* [L *ex*&*uber*, rich]Plenteous;rich;superfluous:પુષ્કળ;ઘણું.

Exudation, (એક્સ્યૂડેશન્) *n.* Sweating; moisture:સરદી નિકળવી તે.2.The substance exuded:પરસેવો.

Exude,(એક્સ્યૂડ્)*vi* [L *ex* & *sudo*,I sweat] To flow from a body through the pores:પરસેવો છૂટવો 2 To give out:કાણામાંથી કાઢી નાંખવું.

Exulceration, (એક્સલ્સરેશન્) *n.* The act of causing ulcers on a body: શરીર ઉપર ફોલ્લા ઉઠાડવા તે;નાસુર.

Exult,(એગ્ઝલ્ટ્)*vi.* [L *ex* & *salio*,I leap.] To leap for joy:અત્યાનંદ થવો.

Exultation,(એગ્ઝલ્ટેશન્) *n.* Rapturous delight:અત્યાનંદ;પરમાનંદ;અતિશય હર્ષ.

Exust,(એકસસ્ટ્)*vt.*To burn:બાળવું.
Exuviae,(એગ્ઝ્યૂવિઇ)*n pl.* [L,*exuo*, I draw.] Cast skins:જનાવરોએ ઉતારીનાંખેલાં કવચ;પીંછાં
Eye,(આઇ) *n.* The organ of sight: આંખ *evil* **e.**:કુદૃષ્ટિ;ખરાબ નજર 2 Watch:નજર.3 A small hole:નાનું કાણું;સોયનું છિદ્ર.*To keep an* **e.***on*, to watch:નજર-તપાસ રાખવી.*vt.*To look on:જોવું
Eyeball, (આઈબોલ્) *n.* The ball,of the eye: આંખનો ડોળો.
Eye-brow,(આઇબ્રાઉ)*n.*The hairy arch over the eye:ભ્રમર;સવું.ભ્રકુટિ.
Eye-glass,(આઇગ્લૅસ્) *n.* Spectacles: ચશમાનું 2.The eye-piece of a telescope: દુરબીનનો આંખેથી જોવાનો કાચ.
Eye-lash,(આઇલૅશ્)*n.*The line of hairs that edges the eyelid:પાંપણ.
Eye-let-hole, (આઇલેટ્ હોલ્) *n.* An eyelet: નાકું:વેહ. [આંખનું પોપચું.
Eye-lid,(આઇલિડ્)*n.* The cover of the eye:
Eye-salve,(આઇસાલ્વ્) *n.*Ointment for the eye:આંખનું મલમ-ઓસડ.
Eye-sight, (આઇસાઇટ્) *n.* View: નજર; દ્રષ્ટિ. 2. The power of seeing:જોવાની શક્તિ.
Eye-sore,(આઈસૉર્)*n.*Small thing offensive to the eye:નેત્ર કંટક.Sore eyes:આંખ આવેલી.
Eye-tooth,(આઇટુથ્) *n.* The pointed tooth in the upper jaw next to the grinders:રાક્ષી.
Eye witness,(આઇવિટ્નેસ્)*n.*One who sees a thing done:નજરે જોનાર;પ્રત્યક્ષ દર્શી.
Eyrie-y,(આઇરિ)*n.*The place where birds of prey construct their nests and hatch their young:બખોલ;બોડ.

F.

F,(ઍફ્) The sixth letter of the English alphabet and a nonvocal consonant:ઇંગ્રેજી મુળાક્ષરનો છઠો અક્ષર. **F**, as a Latin numeral represents 40; **F**, 40,000.
Fable, (ફેબલ્) *n.* [L *fari*, to speak] A feigned story:વાર્તા;કથા:ગાથા;કિસ્સો. 2. Fiction; untruth: કલ્પિત-જોડી કાઢેલી વાત; જુઠાં; અસત્ય.*vt* To compose fables:જુઠી વાર્તા બનાવવી;જોડવી.
Fabric,(ફૅબ્રિક્)*n.*[L.*facio*,I make]Texture: બનાવટ.2.That which is fabricated:બનાવટ; as (*a*) structure:ઈમારત; બાંધકામ. (*b*) Cloth manufactured:કાપડ,વણાટ.
Fabricate,(ફૅબ્રિકેટ્)*vt.*To frame:ઉભુ કo 2. To manufacture:બનાવવું.3. To invent:ખોટું બનાવવું.
Fabrication,(ફૅબ્રિકેશન્)*n.*[L *fabrication.*] Construction;manufacture: બનાવટ 2. That which is fabricated:તરકટ;કુંભાડ;ઘુત
Fabricator,(ફૅબ્રિકેટર્)*n.*One who fabricates, constructs or makes:પાખંડી;તરકટબાજ;બનાવનાર.
Fabulist,(ફૅબ્યૂલિસ્ટ્)*n.*One who invents or writes fables:કલ્પિત વાત રચનાર; કથા જોડનાર.
Fabulous (ફૅબ્યૂલસ્)*a.*Fictitious:જોડેલું;ખોટું.
Facade,(ફૅસેડ or ફૅસેડ)*n.*[L *facies*,*face.*]The front of a building:ઈમારતનો આગલો ભાગ.
Face,(ફેસ્)*n.*[L *facies*,face,]The front;the surface which comes first to view: મોઢું; ચ્હેરે;મુખ પૃષ્ઠ;ઉપલો ભાગ;મુખ.2.The principal flat surface of a part: પહોળી સપાટી 3. Countenance:સુરત;ડોળ;શિકલ;સિકલ.4. Airs: સ્વરૂપ To make *faces* at:ચાળા પાડવા. *To fly in the* **f** *of*,to defy:સામા થવું. 5. Presence; sight: રૂબરૂ *Face*: મ્હોડા મ્હોડ. To *set the* **f.** *against*:સામા થવું.*vt.*To resist:સામા થવું.
Face-guard,(ફેસગાર્ડ્)*n.*A kind of mask to defend the face:એક જાતનો બુરખો-બખતર.
Face painter, (ફેસ્પેન્ટર) *n.* A painter of portraits:છબી ચીતરનાર;મોઢાની આકૃતિ કાઢનાર.
Facer, (ફેસર) *n.* One who faces;one who puts on a false show:સામો થનાર.
Facet,(ફૅસેટ્)*n.*A little face;a small plane surface:નાનું મોં-પાસો;નાની સપાટી;પેલ.2 A circumscribed surface:લીસી ખાંચ-સપાટી.
Facetious,(ફેસીશસ્)*a* [L *faceo*, I make.] Merry:રસિક 2.Exciting laughter;મશ્કરી ભરેલું
Facetiousness, (ફેસીશસનેસ્) *n.* Sportive humor;pleasantry:વિનોદ;હાસ્ય;ઠઠાબાજી.
Facial,(ફેશિઅલ્)*a* [L *facies*,face.]Pertaining to the face:મ્હોઢાનું-સંબંધિ.
Facile, (ફેસિલ્)*a*.[L *facco*,I make] Easy to be performed;not difficult:સહેલું;સુગમ;સરળ; સુતર.2 Easily conquered:ઝટ તાબે-શરણ-વશ થાય એવં 3 Yielding:તાબે થઇ જાય તેવું ભોળું.
Facilitate,(ફેસિલિટેટ્)*vt.*[L *facilis*,easy.]To make easy:સહેલ-સુગમ કo.
Facility,(ફેસિલિટિ)*n.*[L.*facilis* easy.]Ease: સ્હેલાઇ;સરળતા;સુગમતા.2.Dexterity: ચંચળાઇ; ચાલાકી;હથોટી 3. Pliancy:નરમાશ;નબળાઈ 4. Easiness of access:વિનય;સુશીળતા.
Fac-simile,(ફૅકસિમિલી)*n* [L. *faceo*, I make & *similis*,like.]An exact copy:આબેહુબ નકલ.*vt.*To make a copy of:ની નકલ કo.
Fact, (ફૅક્ટ્) *n* [L *faceo*,I make.]An effect produced;an event;a circumstance:હકીકત; ખરી વાત. 2. Reality: ખરેખરૂં; વાસ્તવિક હોય તે. *Matter* of **f**:ખરી બનેલી હકીકત.

Faction,(ફેક્શન)*n* [L.*factio*,a doing.]A party in political society combined in union in opposition to the government:તડ;પક્ષ;ટોળી.

Factionary,(ફેક્શનેરી)*n*.A party man:ટોળીને-પક્ષનો માણસ.

Factionist,(ફેક્શનીસ્ટ્)*n*.One who promotes faction:તડ પાડનારો.

Factious,(ફેક્શીઅસ્)*a*.Turbulent:ફિતુર ખોર. 2.Pertaining to faction:ટોળીને લગતો;ટોળીવાળો

Factitious,(ફેક્ટિશસ્)*a* [L *faceo*, I make] Artificial;બનાવટી;કૃત્રિમ.

Factive,(ફેક્ટિવ્)*a*. Making;having power to make:કરવાની શક્તિ ધરાવતું.

Factor,(ફેક્ટર્)*n* [L *factor*,a doer]An agent: commission merchant: આડતીયો;મારફતીઓ; ગુમાસ્તો;વણીયાત 2.One of the elements or quantities which when multiplied together,form a product:અંકપદ;અવયવ.

Factorage, (ફેક્ટરેજ્) *n*. The allowance or commission given to a factor by his employer:આડત; ગુમાસ્તિ; દલાલી; હકસાઈ.

Factory, (ફેક્ટરી) *n*. A house; Go-down: વખાર;કોઠી 2.A manufactory:કારખાનું.

Faculty,(ફેકિલ્ટ)*n*.[L *faceo*,I make.] (*a*)Ability:શક્તિ(b)Intellectual endowment:બુદ્ધિબળ. 2. A body of men to whom any specific right or privilege is granted:ખાસ હક ધારણ કરનાર મંડળ;as,*medical* f:વૈદમંડળ. 3.The president:professors & tutors in a college:શાળાના પ્રમુખ;પંડિતો કે શિક્ષકો.

Facund, (ફેકન્ડ્) *a*.[L *fari*,to speak.]Eloquent:છટાદાર;

Fade,(ફેડ્)*a*.[L *factuus*,foolish.]Weak:ફીકું; નબળું.*vi*.To lose colour or brightness:રંગ ન તો રહેવો 2.To lose strength:કરમાઇ જવું.3. To grow dim:ઝાંખું પડવું.

Faddle,(ફેડલ)*vi*.To trifile:નકામો વખત કાઢવો. *vt*.To fondle:રમાડવું.

Fæces,(ફીસીઝ)*n* [L *foex*,dregs] Excrement; settings:મળ;વિષ્ટા;નીચે ઠરેલો કચરો.

Faffle,(ફેફલ)*vi*.To stammer:બોલતાં અચકાવું.

Fag,(ફેગ્)*vt* To compel to drudge: વેઠ કરવાની ફરજ પાડવી; હલકી નોકરી કરાવવી.*vi*.To become weary: થાકી જવું. 2. To work hard: સખત મહેનત કo;વૈતરું કo. [ખત વૈતરું.

Fagging,(ફેગીંગ)*n*.Laborious drudgery:સ-

Fag-end, (ફેગ્એન્ડ્) *n*. An end of poorer quality as,the end of a web of cloth:લુગડાના થાનનોછેડો 2. નકામોભાગ.

Fagot Faggot,(ફેગટ્)*n*.[L *facis*, torch.] A bundle of sticks:લાકડાની ભારી *vt* To bind in a bundle;to make a fagot of:ઝુથમાં બાંધવું

Fail,(ફેલ્)*vt*.[L *fallo*, I deceive]To become deficient:ખુટી જવું;ઓછું થવું;ઘટવું 2 To become weak (a patient): અશક્ત-નબળું થઇ જવું.3. To be baffled, or frustrated: ફોકટ જવું;નિષ્ફળ જવું.4.To err in judgment:ચૂકવું. 5. To become bankrupt:ખુટવું;દેવાળાર થવું; દેવાળુ કાઢવું;ભાંગવું.*vt*.To desert:છોડીદેવું. 2. To lose:માં ચૂકવું; નપાળવું.

Failing, (ફેલિંગ્) *n*. Deficiency; imperfection:ખોટ; ભુલ; ચૂક ખામી ખોડ. 2. The act of becoming insolvent:દેવાળાર થવું તે.

Failure, (ફેલ્યૂર્)*n*.Failing;deficiency:ટોટો; ખોટ:તૂટ.2.Omission: તોડવું; નહી પાળવું તે. 3. Want of success:નિષ્ફળ થવું તે;નિષ્ફળતા;દેવાળું

Fain,(ફેન)*a*. Glad; well-pleased; ખુશ; રાજી; આનંદી. 2.Satisfied;contented:સંતુષ્ટ;ધરાયેલું. *adv*.Gladly:ખુશીથી.

Faint,(ફેન્ટ્)*a*.[L *fingere*,to feign.]Languid નરમ;કમજોર.2.Not bright:નબળું;અશક્ત; ઢીલું. ઝાંખું:ફિક્કું 3 Dejected:બીકણ; બાયલું; કાયર. *n*. Swoon:મૂર્છા.*vi*.To grow feeble:નબળું-અશક્ત થઇ જવું 2.To sink into dejection:હિંમત છોડી દેવી

Faint-hearted, (ફેન્ટ્હાર્ટેડ્) *a*. Wanting in courage;cowardly;dejected:બાયલો;બીકણ.

Fainting,(ફેન્ટિંગ્)*n*.Syncope or loss of consciousness owing to a sudden arrest of the blood supply to the brain:બેભાનપણું;મૂર્છા.

Faintness,(ફેન્ટ્નેસ્) *n*. The state of being faint:મૂર્છાગત થવું તે;બેભાનપણું.2.Want of vigour:નબળાઇ;કમજોર-ટૌવત.

Fair,(ફેર્)*a*.Clear:ચોખ્ખું.2.Beautiful:સુંદર;સ્વચ્છ;રૂપાળુ.3.Free from a dark line:ગોરૂ;રૂપાળુ 4.Cloudless:વાદળા વગરનું;ખુલ્લું;નિર્મળ. 5. Favourable: અનુકૂળ. 6. Free from obstacles; open:હરકત વગરનું 7.Honest: પ્રમાણિક; નેક;અદલ.8.Pleasing:આનંદિ 9. Legible; (handwritings):સાફ.10 Untarnished:નિષ્કલંક **F**. *one*,a beauty:રૂપવંતી;સુંદરી, **F**. *play*, a fair or equal chance:અદલ ન્યાય. *The* f *sex*, the female sex:સ્ત્રી જાતિ.*ad*. (*a*) Clearly: ચોખી રીતે. (*b*) Honestly: પ્રમાણિકપણે, *n*. A fair woman:સુંદર સ્ત્રી.*The* f.anything beautiful women collectively:સ્ત્રીજાત.*To be in* a **fair** *way to*;to *stand* **fair** *to*:આશા હોવી;સંભવવું.

Fairly,(ફેર્લિ) *ad*. Honestly: પ્રમાણિકપણે. 2. Favorably:યોગ્ય રીતે.3 છેક;તદ્દન; બીલકુલ.

Fairness,(ફેર્નેસ્)*n*. Honesty; distinctness: પ્રમાણીકપણું;અનુકુળતા;સ્વચ્છતા.

Fair-world,(ફેરવર્લ્ડ્)*n*. State of prosperity:સારો-આબાદીનો વખત; સુખસંપત્તિ.

Fairy,(ફેરી)*n*. An imaginary supernatural being: વનદેવતા; અપ્સરા. 2. A prophesying female:ભવિષ્ય કહેનારી સ્ત્રી.*a*.Of or pertaining

to fairies:પરીનું·સંબંધી.

Faith,(ફેથ્)*n* [L. *fido*, I trust.] Belief; reliance on testimony:ભરૂસો; આકીન; શ્રદ્ધા;વિશ્વાસ.2 A system of religious belief of any kind:ધર્મ મત;સંપ્રદાય. 3 Fidelity to one's promises: વફાદારી 4. Promise given:વચન. *In good* f ,પ્રમાણિકપણે;શુદ્ધબુદ્ધિથી. [સઘાત.

Faith-breach,(ફેથ્બ્રીચ્)*n*.Disloyalty:વિશ્વા-

Faithful, (ફેથ્ફુલ્) *a*. Honest: વિશ્વાસુ 2. Loyal: વફાદાર; ઇમાનદાર. નિમકહલાલ. True to one's words:વચની;સત્યવાદી. [વચન.

Faithulness,(ફેથફુલ્નેસ્) *n*. Truth:વફાદારી;

Faithless (ફેથ્લેસ્)*a*. Wanting in faith:અવિશ્વાસી;નાસ્તિક 2.Disloyal:નિમકહરામ;દગાખોર; બેવચની.3.Perfidious; treacherous:ઝીનાખોર.

Faitour,(ફેટર્)*n* [L. *facio*,I make.]A doer or actor; hence, an evil doer: બુંડું કરનાર.

Fake,(ફેક્)*n* A single turn or coil:ગુંચળાની એક આંટી.*vt*.To cheat;to swindle:ઠગવું 2.To make:બનાવવું.

Falchion,(ફાલ્શેન્)*n* [L. *falx*,a sickle.] A broad sword:પહોળી તલવાર.

Falciform, (ફાલ્સિફૉર્મ) *a* [L. *falx*,a sickle and *forma*, form.]Resembling a reaping hook:કાપણી કરવાના દાતરડા જેવું.

Falcon, (ફાકન્) *n*. [L. *falx*, a sickle.) A hawk:બાજ;સકરો.

Falconer,(ફાકનર્)*n*. One who follows the sport of fowling with hawks:બાજપક્ષીથી શિકાર કરનાર;શિકારી. [જાડું કપડું

Falding,(ફાલ્ડિંગ્)*n* A kind of coarse cloth:

Faldstool(ફાલ્ડ્સ્ટૂલ્) *n* A folding stool:પાદરીની ખુરશી;નાનો બાજઠ.

Fall, (ફાલ્) *vi*. To descend: નીચે પડવું. 2 To drop:ટૂટી પડવું. 3. To die by violence:પડવું. 4.To lose strength:બંધ પડવું;નરમ પડવું 5 To decline in power:.ની ભાગતી આવવી 6 To be degraded:દુર્દશામાં આવી પડવું 7.To happen ; to come to pass; to terminate:બનવું *To* f *away*,(a) to lose flesh:ઝુરવું;કરમાઈ જવું; સુકાઇ જવું.*To* f *back*,to give way:પાછા હઠવું.*To* f *down*;to prostrate one's self in worship: લાંબા થઇ પગે લાગવું.*To* f *foul*,to assault:હુમલો કરવો *To* f.*in with* (a)to meet with accidentally:અનાયાસે અચાનક મળવું. *To* f. *out*, (a) to quarrel:કજીયો કર.(b)To happen:થવું;બનવું. *To* f. *short*,to be deficient: ખૂટી પડવું.*To* f. *through*, to fail:નિષ્ફળ જવું.*To* f *under*:બાજના તાબામાં આવવું. *To* f *upon*, to attack: હુમલો કo. *vt*.To let fall:પડવા દેવું.2. To diminish:ઓછું થવું.3.To cut down: કાપી નાંખવું *n*.The act of dropping:પડવું તે;પતન.2 Death મોત.3.Downfall:પદભ્રષ્ટતા;પડતી; નાશ; ખરાબી; પાયમાલી 4.Decrease of price:બેસી જવું તે. 5. Cataract:ધોધવો;ધોધ; પ્રપાત.

Falling-sickness, (ફાલીંગ્સીકનેસ્) *n*. The epilepsy:ફેફરૂ;વાઇ.

Fallacious (ફૅલેશસ) *a* Fitted to deceive: શક ઉત્પન્ન કરે એવું;ભ્રાન્તિજનક.

Fallacy,(ફૅલેસિ)*n* [L *fallo*,I deceive]Deceitfulness;mistake:ભુલ;ખોટ.2. Sophism: આભાસ;ભ્રમ; સિદ્ધાન્તાભાસ.

Fallibility,(ફૅલિબિલિટિ)*n* Liableness to deceive:ભુલમાં પડી શકવું તે;ભ્રાન્તિ.

Fallow,(ફૅલૉ) *a*. Uncultivated:ખેડયા વિનાનું; પડતર ઝાંખા રાતા-પીળા રંગનું.

False,(ફાલ્સ)*a*.[L.*fallo*,I deceive.]Dishonest ખોટું;જુઠું 2. Not faithful:નિમકહરામ 3 Not true:અસત્ય. 4. Not trustworthy: ભરોંસા રાખવા લાયક નહી એવું 5 Not original:અસલ નહી.

Falsely,(ફાલ્સ્લિ) *ad*. Deceitfully:કપટથી.

Falsette-tto,(ફાલ્સટ્-ટો) *n*. [L. *fallo*, I deceive.]A false or artificial voice:ખોટો અવાજ.

False heart or **hearted,** (ફાલ્સહાર્ટ્-ટેડ્ ,*a*. Treacherous; perfidious:દગાખોર;બેવચની.

False hood,(ફાલ્સહુડ્)*n* [L *fallo*,I deceive] An untrue assertion:અસત્ય. 2 Treachery: કપટ.3.False appearance:આડંબર.

Falseness,(ફાલ્સ્નેસ્)*n*.Unfaithfulness;treachery:કપટ;બેવફાઈ;બઈમાની.

Falsifier,(ફાલ્સિફાયર્)*n*.A falsificator:સાચી વાતને ખોટી પાડનાર;ખોટું કહેનાર;લબાડ.

Falsify,(ફાલ્સિફાઇ) *vt*. To make false: ખોટું કo.2 To prove to be false:ખોટું પાડવું.*vi*-To tell lies:અસત્ય બોલવું.

Falsism,(ફાલ્સિઝમ્)*n* That which is evidently false:જે ખુલ્લી રીતે જાડું છે તે;જુઠાણું.

Falsity,(ફાલ્સિટિ) *n*. The quality of being false:ખોટાપણું.2.Falsehood;lie:જુઠાણું; અસત્ય

Falsification,(ફાલ્સિફકેશન્)*n*. A counterfeiting:ખોટું કરવુ પાડવું તે.2 The showing of an item of charge in an account to be wrong:હિસાબની રકમ ખોટી છે એમ બતાવી આપવું તે.

Falstaff (ફાલ્સ્ટૅફ્)*n*.A fat & happy fellow: ગટોરગચ્છ;લઠ આદમી;ગણેશજી.

Falter,(ફાલ્ટર્) *vi*. [L. *fallo*,I deceive.] To hesitate;to fail:તોતડું બોલવું;લડથડવું; ખંચાવું; ડગમગવું. *vt*. To thrash in the chaff:ભોડામાથી અનાજને કાઢવાને ઝુડવું તે.

Famble,(ફેંબલ્)*vi*. To stammer:ભાષણમાં અચકાવું;બોલતા અચકાવું *n*. A hand:હાથ.

Fame,(ફેમ)*n*.[L.*fama*,fame.]Public report: લોકવાયકા;અફવા.2. Renown:કીર્તિ; પ્રસિદ્ધ; નામના;આબરૂ;જશ; નામ. *vt*. To make famous:

પ્રખ્યાત કરવું.

Familiar,(ફેમિલિઅર્)*a* [L *familia*,family] Domestic:ઘરનું;ખાનગી.2 Wellversed in:નિપુણ;વાકિફ. 3 Well known:જાણીતું 4 Free: હળી ગએલું 5 Affable:મિલનસાર;મળતાવડું;માયાળુ

Familiarity,(ફેમિલિઍરિટિ)*n*.Intimacy:ઘરોબો;ઘરવટ;પરિચય;સહવાસ.2. માહિતિ;વાકેફગારી.

Familiarise, (ફેમિલિઍરાઈઝ્) *vt.* To accustom: માહિતી મેળવવી 2. To make easy by customary use: નેમહાવરાં-અભ્યાસથી સહેલું કo

Familiarly,(ફેમિલિઅર્લિ)*ad.*Unceremoniously:હળીમળીને;મિત્રભાવથી;ઘરમેળે.

Family,(ફેમિલિ)*n*. [L. *familia*, family] A household:કુટુંબ;પરિવાર;ઘરખટલો.2. A tribe or race:વંશ;કુળ; ઓલાદ 3. Geneology: વંશ. 4.Honorable descent:ઉંચુ કુળ;કુલીનતા;ખાનદાની

Famine,(ફેમિન્)*n*.[L.*fames*, hunger]Scarcity of food:દુકાળ;અભાવ;અછત;મોંઘવારી; તંગી

Famish,(ફેમિશ્)*vt.* To starve: ભુખે મરવું. *vi.* To die of hunger:ભુખે મરવું.

Famish-ment,(ફેમિશ્મેન્ટ્)*n*.Extremewant of sustenance:ભુખમરો;અતિશય ભુખ. [તિ.

Famosity,(ફેમૉસિટિ)*n*.Renown:પ્રખ્યાતિ;ખ્યા

Famous,(ફેમસ્) *a*. [L. *fama*,a fame.] Renowned;celebrated:પ્રખ્યાત;નામાકિંત;મશહુર.

Famulate,(ફેમ્યૂલેટ્)*vi*.[L *famulus*,servant] To serve:ચાકરી કo;ઉઠાવવી.

Fan,(ફેન્) *n* An instrument for producing air:પંખો.2 An instrument for winnowing grain:સુપડું. *vt* To move as with a fan: પંખેવડી વા નાંખવો 2.To winnow:ઝાટકવું.

Fanal,(ફેનૅલ્) *n*. A light-house:દીવાદાંડી.

Fanatical,(ફેનૅટિકૅલ્)*a* [L. *fanum*,temple.] Excessively enthusiastic:ધર્માન્ધ;ઝનુની

Fanaticalness,(ફેનૅટિકલ્નેસ્)*n*.Fanaticism: ગાંડો જુસ્સો;ધર્માન્ધપણું.

Fan blower,(ફેન્-બ્લોઅર્)*n*.A fan;a fanner: વા નાખનાર;વીંઝણે ધમણ ફુંકનાર.

Fanciful,(ફેન્સિફુલ્)*a*. Full of fancy;whimsical:લહેરી;મનમોજી;તરંગી-કલ્પિત;માનસિક.

Fancy,(ફેન્સિ)*n* [Gr. *phanio*,I show.] The faculty by which the mind forms images of things at pleasure:કલ્પના;શક્તિ;તર્કશક્તિ. 2. Conception:કલ્પના;ધારણા. 3. Caprice:તુરંગ;બુટ્ટો;છંદ;ખ્યાલ; લહેર. 4 Liking:મરજી; ઇચ્છા;ભાવ;શોખ.*vi*.To imagine:કલ્પના કo.માનવું

Fane.(ફેન્)*n*.[L.*fari*,to speak.]A temple:દેરૂં; મંદિર;દેવાલય.

Fang, (ફેન્ગ્) *vt.* To seize:પકડવું. *n.* A long pointed tooth:મોટો અણીવાળો દાંત;સાપનોપંજો.

Fangled,(ફેન્ગલ્ડ્)*a*. Showy; decorated:ભપકાદાર;દેખાવડું;ઢોંગી.

Fangle,(ફેન્ગલ્)*n*.A new attempt:a trifling scheme:ખોટો વિચાર:તુરંગ.

Fantasia,(ફેન્ટાંઝિઅ)*n*. A continuous composition:પુરાતનમાં ગાયન.

Fantastical.(ફેન્ટૅસ્ટિકલ્)*a*.Imaginary:તુરંગી;કલ્પિત;ખોટું;મિથ્યા.2.Irregular;wild:જંગલી

Fantasy,(ફેન્ટસિ) *vt.* To fancy:કલ્પના કo.

Fantom,(ફેન્ટૉમ્) *n*. [Gr. *phaino* I show.] A ghost:ભૂત;પ્રેત;પિશાચ;પડછાયો.

Far, (ફાર) *a* Distant:દુર; આઘેનું. *ad.* To a great distance:દુર;આઘે 2 In a great part: ઘણુંખરૂં *By far*, very much:ઘણુંજ **F.** *off* ઘણે દુર *so* f;એટલે સુધી.

Farce,(ફાર્સ્)*n*.[L *farcio*,I stuff]Ridiculous or empty show:હસવા લાયક-પોકળ;પ્રહસન;ફારસ. *vt*.To render fat:જાડું કo.

Fare,(ફેર્)*vi*.To go;to travel:જવું; મુસાફરીકo. 2.To be in any state good or bad:હોવું;થવું. 3.To be entertained:જમવું;ખાવું;ભોજન કo.4. To happen well or ill:વિતવું;-ની વલે થવી;ગુજરવું. *n*.The price of passage:ભાડું 2 Food:અન્ન.

Farewell,(ફેરવેલ્)*Interj* Good bye:સલામ *n*.Act of departing leave:છેલી સલામ.

Far-fetched, (ફાર્ફેચ્ડ્) *a*. Not naturally deduced: તાણી ખેંચીને લાવેલું-મેળવેલું.

Far sighted, Farseeing, (ફાર્સાઈટેડ્-ફાર્સીઇંગ્)*a* Seeing to a great distance:દુરદર્શી

Farina,(ફરીનૅ) *n*. [L *far*, a sort of grain.] Theflour of any species of corn:અનાજનો લોટ.

Farm,(ફાર્મ્) *n*. A tract of land cultivated by one man:ખેતર 2. A landed estate:ખેતર. 3.A lease:ભાડું ખાવાને આપેલી જમીનનો કોંટ્રાકટ. *vt* To cultivate land: ખેડવું. 2. To lease or let:ઈજારે આપવું.

Farmer,(ફાર્મર્)*n* (*a*)A husbandman:ગણોતીઓ;ખેડુત.(*b*)One who collects(taxes or customs)at a certain rate:ઇજારે રાખનાર.

Farming,(ફાર્મિંગ્)*n*.The business of cultivating land:ખેતી;કૃષિ;ખેડવાનું કામ;કૃષિકર્મ.

Farraginous (ફેરૅજીનસ્) *a*. Mixed; formed of various materials:પંચરસનું મિશ્ર.

Farrago,(ફેરૅગો)*n*. [L.*far*,:a sort of grain.] A medley:સેળભેળ;પંચરસ;ખીચડો.

Farrier, (ફેરિઅર્) *n*. [L. *ferrum*, iron.] A shoer of horses:ઘોડાને નાળ જડનારો

Farrand.(ફેરૅન્ડ્)*n*. Manner; custom:રિવાજ; ચાલ;રીતભાત;રસમ.

Fart.(ફાર્ટ્)*n*.Breaking of the wind:વાછુટ.

Farther,(ફારધર્)*a* More remote: વધારે દુર. *ad* Beyond:વધારે.*vi*.To promote:વધારવું.

Farthing,(ફાર્થિંગ્)*n*.The fourth of a penny part:બે પાઇનો સિક્કો.કોડી;દમડી.

Farthingale, (ફાર્ધિંગ્ગેલ્) *n.* A hoop petticoat: યુરોપીઅન ઓરતના જમા હેઠળ રાખવાને મગરના હાડકાનો પટો.
Fascicle, (ફ્સિકલ્)*n.*[L.*fascis*,a bundle.]A small bundle or collection:ઝુમખું ;ઝુડી;ધાકડી.
Fascinate (ફેસિનેટ્)*vt.* [L. *fascino*, I bewitch]To bewitch;to enchant:મંતર મારવો; જાદુ કo.2 To charm:મોહ પમાડવું;વશ કo.
Fascination, (ફેસિનેશન) *n.* Witchcraft:વશીકરણ;જાદુ;નજરબંધી.2 Charm:મોહની;ચિત્તહરણ.
Fashion, (ફેશન)*n.*[L. *facio*, I make.] The form of anything: ઘાટ; આકાર;ડોળ. 2. The prevailing mode:રીત; તરાહ;ચાલ;ઢબ;પ્રકાર.3. Custom:રિવાજ;રૂઢિ *vt.*To form:ઘડવું.
Fashionable, (ફેશનેબલ્) *a.* Made after the prevailing mode:ચાલુ ઘાટ-તરેહનું. 2. Observant of the fashion (person): વરણાગીયું;ટાપટીપીયું.4.Well-bred:વિવેકી;સભ્ય.
Fast, (ફાસ્ટ્)*a* Firmly fixed: સજડ; મજબુત. 2. Firm in adherence:વચની.3.Close;tight:સજડ.4.Permanent;durable;lasting:ટકાઉ;પાકુ 5.Rapid;swift:જલદ;તેજ.**F.**& *loose*, inconstant: કહેવું કંઇ અને કo કઇ; ઘડી બોલ્યા ઘડી ફોક.*vi.*To abstain from food;to go hungry: ઉપવાસ કo.*n* Abstinence from food:ઉપવાસ; લાંઘણ.*ad* Fixedly: મજબુતાઇથી;સજડ. 2. Quickly:ઝડપથી.**F.***by* or f. *beside*:નજીક.
Fast-day, (ફાસ્ટ્-ડે) *n.* A day on which fasting is observed:ઉપવાસનો દિવસ.
Fasten, (ફેસન) *vt.* To make fast: બાંધવું. 2 To hold together:જડવું;બેસાડવું;બાંધવું.To lock: તાળું દેવું;બંધ કo;-ને આગળો દેવો.
Fastening, (ફેસનિંગ્) *n.* Anything that binds & makes fast,as a hook,&c:બાંધણ;બંધ.
Fast-handed. (ફાસ્ટ્-હેન્ડેડ્) *a.* Covetous; avaricious:મખીચુસ;ચિંગુસ;કંજુસ
Fastidious (ફેસ્ટિડિઅસ્)*a.*[L. *fastas*, con tempt]Disdainful:મિજાજી;ચિપાશીયું; ચિકણું: કોહચું.
Fast-ness. (ફેસ્ટનેસ્) *n.* A fortress: કિલ્લો; [ગઢ; દુર્ગ.
Fat, (ફેટ્)*a.*Fleshy:જાડું;પુષ્ટ; માતેલું *n.* Tallow: ચરબી.2.The best production:ઉત્તમ પાક.
Fatal, (ફેટલ્) *a.* [L. *fatum*, a prediction.] Mortal:નાશકારક;પ્રાણઘાતક;આફત ભરેલું.
Fatalism, (ફેટેલિઝમ) *n.* The doctrine that all things are subject to fate: પ્રારબ્ધ-વાદ; દેવવાદ.
Fatality, (ફેટેલિટિ)*n.* Pre-destination: અદૃષ્ટ; -ની દૈવાધીનતા;નસીબ;મોત;સલ; અનિષ્ટપણું; પ્રાણઘાતક બનાવ.
Fate, (ફેટ્)*n.*[L *fari*,to speak.] Inevitable necessity;destiny:નસીબ;પ્રારબ્ધ;ભાગ્ય; કિસમત.2 Death:મરણ. 3. A course of human life determined by a goddess:વિધાતાના લેખ.
Fates, (ફેટસ્)*n pl.*A goddess who determines the course of human life:વિધાતા;છઠી દેવી.
Father, (ફાધર્)*a* [L *pater.*]The male parent generator:બાપ.2 A first ancestor:મૂળ પુરૂષ; *Pl* ancestors: બાપદાદા. 3. An author or founder:કર્તા.4.The supreme being:ઇશ્વર.5. A priest:પાદરી 6.Protector;supporter:પાલક.
Father-hood, (ફાધર્-હુડ્) *n.* Paternity:બાપપણું;પિતૃત્વ.
Father-in-law, (ફાધર્-ઇન્-લૉ)*n.*The father of one's husband or wife:સસરો.
Father-country, (ફાધર્-કન્ટ્રી)*n.*:The native land of one's fathers:બાપનું વતન.
Father-less, (ફાધર્-લેસ્) *a.* Destitute of a living father:અનાથ;નબાપું.
Fatherly, (ફાધર્લિ)*a.*Paternal:પિતાતુલ્ય.
Fathom, (ફેધમ્) *n.* A measure of six feet: વામ.2.Depth of place:ઊંડાણ.*vi.*To measure by throwing the arms about: બાથમાં લેવું. 2 To comprehend:સમજવું;ઊંડા ઉતરવું.
Fathom-less, (ફેધમ્લેસ્)*a.* Incapable of being fathomed:અગાધ;ગુઢ.અથાગ;અમાપ; અતળ.
Fatigue, (ફેટીગ્)*n*,[L *fatigo*, I am weary.] Weariness:થાક;શ્રમ.2.Labor;toil: મહેનત;કષ્ટ; શ્રમ.*vt.*To harass with toil: થકવી નાખવું; સતાવવું;દુઃખદેવું.
Fatiloquist, (ફેટિલોક્વિસ્ટ્)*n.*[L. *fatum*, fate and *loqui*,to speak.]A fortune teller:ભવિષ્ય કહેનાર.
Fatling, (ફેટલિંગ્)*n.*A lamb or other animal fattened for slaughter:મારવાનું મેઢું.
Fatten, (ફેટન્)*vt.*To make fat;જાડું કo.2. To make fertile:ફળદ્રુપ કo.*vi.*To grow fat: જાડું થવું. [દાર;ચીકણું.
Fatty, (ફેટિ)*a.*Creasy; containing fat:ચરબી-
Fatuity, (ફેટ્યુઇટિ)*n.*[L. *fatuitus.*] Foolishness;feebleness of intellect:જડબુદ્ધિ;મૂર્ખતા.
Fatuous, (ફેટ્યુઅસ્)*a.*[L. *fatuus*, foolish.] Silly;stupid;imbecile:જડ;મઢ;ચળેલ;મિથ્યા;ખોટું.
Faucet, (ફોસેટ્)*n.*[L *fauces.*] A small pipe for barrel:દારૂ કાઢવા સારૂ પીપમાં મુકેલી નળી.
Fault, (ફોલ્ટ્)*n.*[L *fallo*,I deceive.] Defect: ખોડ 2.Blemish:ભૂલ.3 A slight offence:વાંક. *To find* **f.**,*with*,to complain:દોષ-ઠપકો દેવો-મુકવો
Faultlessness, (ફોલ્ટ્લેસ્નેસ્) *n.* Freedom from faults:નિર્દોષતા;પૂર્ણતા;નિરપરાધિતા.
Faun, (ફૉન)*n.*[L *faunus*,the deity.]A deity represented as half goat & half man:અડધો માણસના અને અડધો બકરાના રૂપનો દેવ.
Fauna, (ફૉને) *n.* [L. *faunus*, a god of the

fields.]The animals of any given area or epoch:કોઇ દિશા-દેશના પ્રાણીમાત્ર.

Favour,(ફેવર્)*n.*[L.*faveo,*I favour.] Kindness:કૃપા.2.Support:આશ્રય; ટેકો. 3. A kind act:ઉપકાર;આભાર;4.Partiality:પક્ષપાત;વગ.In **favour,** *of,*side of:-વગ.-ની પક્ષમાં-તરફ. *With one's* **f.**, with leave: તમારી રજા લઈને. *vt.* To support;to befriend:કૃપા-મહેરબાની રાખવી.

Favorable, (ફેવરૅબલ્) *a.* Friendly; propitious:દયાળુ;કૃપાળુ.2.Advantageous:લાભકારક.

Favourableness,(ફેવરૅબલ્નેસ્)*n.*Kindness; partiality:માયા;કૃપા;પ્રસન્નતા;અનુગ્રહ.

Favoured,(ફેવર્ડ્)*a.pp.*Featured:માનીતું

Favourite,(ફેવરિટ્) *n.* A person regarded with beauty or favour:ઘણું વહાલું.

Favoritism,(ફેવરિટિઝમ્)*n.*The disposition to favor and promote the interests of one person or family,or of one class of men,to the neglect of others having equal claims; partiality:તરફદારી;પક્ષપાત;વગ;રાખરખાવટ.

Fawn,(ફૉન્)*n.* [L. *fetus.*] A young deer: હરણનું બચ્ચું. *vi.* To court favor by low cringing,&c.(as a dog.);to flatter meanly: સાથે ગેલ કo;ખુશામત કo.*n.*Sycophancy:ખુશામત.

Fawner,(ફૉનર્)*n.* One who fawns; a sycophant:ખુશામત-હાજીહા કરનાર.

Fawn-eyed,(ફૉન્ આઈડ્)*a.* Like the eye of a fawn:મૃગલોચની.

Fawning,(ફૉનિન્ગ્)*a.*Flattering:ખુશામતીઓ; ખુશાતમ-હાજીહા કરનાર.*n.*Flattery: ખુશામત.

Fax,(ફૅક્સ) *n.* Hair:નિમાળા;વાળ.

Fay,(ફે)*n.*A fairy:પરી.*vt.*To fit:જોડવું;સંધાડવું.

Feal,(ફીઍલ્)*a.* [L. *fides,* faith] Faithful: નિમકહલાલ;વફાદાર.

Fealty,(ફીઍલ્ટિ)*n.*[L.*fidelis,*faithful.]Fidelity to one's lord; loyalty: નિમકહલાલી.

Fear,(ફીર્)*n.* Apprehension: ધાસ્તી; ચિંતા; ડર;બીક;ભય.*vt.* To be afraid of:-થી બ્હીવું-ડરવું.

Fearful,(ફીર્ ફુલ્)*a.* Afraid;frightened:બ્હીધેલું;ભયભિત; બ્હીકણ. 2.Indicating fear:બ્હીકથી થયેલું. [બહાદુર;છાતીવાળો;નિર્ભય.

Fearless (ફીર્લેસ્) *a.* Free from fear; bold:

Feasibility, (ફીઝિબિલીટિ)*n.* The quality of being feasible;practicability:સંભવિતપણું.

Feasible, (ફીઝિબલ્) *a.* [L. *faceo,*] Capable of being done,executed:શક્ય;સંભવિત;સાધ્ય.

Feast,(ફીસ્ટ્)*n.*[L.*festus,*joyful] A festival; a holiday:ઓચ્છવ;સપરમો દહાડો;રૂડું ટાણું; તહેવાર;પર્વ.ઉજાણી;જ્યાફત. 2. A grand or sumptuous entertainment:મિજબાની.*vi.* To eat sumptuously:મિજબાની-ઉજાણી-જાફત કo.2.To be highly gratified or delighted:અતી-ઘણું ખુશ થવું;સંતોષ પામવો.*vt.*To entertain with sumptuous provisions:ઉજાણી આપવી.

Feastful,(ફીસ્ટ્ ફુલ્)*a* Festive joyful:માંગલિક.

Feat,(ફીટ્)*n.* [L. *facio,* I do.] An act; an exploit: પરાક્રમ. 2. A striking act of strength:હાથ ચાલાકીનું કામ. *vt* To form:બનાવવું.

Feather,(ફેધર્) *n.* [L. *pennas,* feather.]A covering of bird:પીંછું;પાંખ.3 The fringe of long hair on the legs of some dogs:કુતરાના પગ ઉપરના વાળના ગુચ્છા. 4. One of the fins on the shaft of an arrow:તીરના લાકડા ઉપરની ચૂંક. *A feather* in the end:પ્રખ્યાતિ. માનની નિશાની-ચિન્હ.To be in high *feather,* to be in high spirits: આનંદિ તથા ખુશ હોવું. To cut a *feather,*to make one's self conspicuous:પ્રખ્યાત-વિખ્યાત-નામીચું થવું.To show the white *feather,* to betray cowardice: બાયલાપણાની-નામર્દાઇની નિશાની બતાવવી. *vt.*To furnish with a feather or feathers:પીછાંવાળું કo.To *feather* one's nest, to provide for one's self:પોતાનું ઘર ભરવું.

Feathered,(ફેધર્ડ્)*a.*Covered with feathers or wings:પીછાં-પાંખોવાળું.

Featherless,(ફેધર્લેસ્)*a.* Destitute of feathers:પીછાં વિનાનું-વગરનું.

Feathery,(ફેધરિ)*a.*Pertaining to or resembling feathers:પીછાંના જેવું-ને લગતું.

Feature,(ફીટ્યૂર્)*n.*[L.*facio,*I make.] The make, form, or outward appearance,of a person:ચહેરો;સુરત;શિકલ;આકૃતિ.*pl.*The face; the countenance:રૂપરેખા;રૂપ;મુખવટો.

Febrifuge,(ફેબ્રિફ્યૂજ્)*n.* [L. *febris,* fever & *fubeo,*I flee.]A medicine serving to mitigate or remove fever:તાવનું ઓસડ.

Febrile,(ફીબ્રાઇલ્)*a.*[L.*febris,*fever.]Pertaining to fever:તાવ સંબંધી;તાવ દર્શાવતું.

February,(ફેબ્રયૂઅરિ)*n.* [L. *februa, Pl.* the Roman festival of purification.]The second month in the year:ખ્રિસ્તી સાલનો બીજો મહિનો;ફેબ્રુઆરિ;માઘમાસ.

Feces,(ફીસીઝ્)*n.Pl.*Dregs;sediment;excrement:મેલ;મળ;છાણ;કચરો;કીટું.

Fecula,(ફેક્યૂલે)*n.Pl.***Feculæ,**[L*faicis,*sediment.]The nutritious part of wheat,starch or farina:કાંજી.

Feculence,(ફેક્યૂલેન્સ્)*n.*The state of being feculent; muddiness: ગંદાપણું; નાપાકપણું; મલિનતા.

Feculent,(ફેક્યૂલેન્ટ્)*a.* Muddy:કાદવવાળું.

Fecund,(ફીકન્ડ્)*a.*[L.*fecundus.*]Fruitful in children;prolific:ફળદ્રુપ;ગર્ભધારણશીલ.

Fecundate,(ફીકન્ડેટ્)*vt.* [L. *fecundus.*] To

make fruitful or prolific:ગર્ભવંત કo. 2. To render fruitful or prolific;to impregnate: ફળવંત કo;-માં ગર્ભ મુકવો.

Fecundity,(ફીકન્ડિટિ)*n.*[L *fecunditas.*]The quality of producing fruit:ફળદ્રુપતા.

Fed,(ફેડ્)*Imp:*સાચવેલું;પાળેલું;પુષ્ટ.

Federal, (ફીડરલ્) *a.* [L. *foedus*, league] Pertaining to a league or treaty: કોલકરાર સંબંધી-નું. 2. Composed of states, which retain only a subordinate sovereignty: બીજા દરબારનાં રાજ્યોનું બનેલું;સંયુક્ત સંસ્થાનનું.

Federate,(ફીડરેટ્)*a.*[L *foedus.*]United by compact;leagued:કરારથી જોડાયેલા;એક સંપી.

Federation,(ફીડરેશન) *n.* The act of uniting in a league:સંપ કo તે.2.A league;confederated government: સંપ; ઐક્ય; એકસંપી રાજ્ય [લુચ્ચાઇ;હલકા-પાજીપણું;નીચપણું.

Fedity,(ફેડિટિ)*n.*[L *foedus*,foul.]Turpitude

Fee,(ફી)*n.*[L.*feus*,cattle] Property; possession; tenure:જાગીર; કબજો. 2. Charge; pay; requisite:દસ્તુરી;ફી;લવાજમ;હકસાઈ.

Feeble,(ફીબલ્)*a.*[L. *febilis*, weak.] Weak: નબળું;નિર્બળ;કમજોર;અશક્ત. 2. Faint:ઝાંખું. 3. ધીમું; ધીરૂ.

Feeble-minded,(ફીબલ્માઈન્ડેડ્)*a.*Weak in intellectual power; irresolute: imbecile: જડબુદ્ધિનું;કમ અક્કલનું.

Feebleness,(ફીબલ્નેસ્)*n.* Debility:અશક્તતા; દુર્બળતા;કમજોરી;શક્તિક્ષીણતા.

Feebly,(ફીબ્લિ)*adv.*In a feeble manner:ધીરે ધીરે; ધીમે ધીમે;વગર કૌવતે;ટગુમગુ.

Feed, (ફીડ્)*vt.* To give food to:ખવડાવવું. 2. To nourish:-ને પુષ્ટિ-ટેકો-આધાર આપવો 3. To graze:ચરાવવું. *vi.* To take food; to eat:ખોરાક લેવો;ખાવું;જમવું.2.To subsist by eating; to satisfy the appetite(with on or *upon*) ખાઇને જીવવું. *Feed* door:ધમણનું મ્હોઆરણું *n* The quantity of food eaten at a time: ભોજન;ખાવાનું.2. The quantity of provender:ચંદી.3 Pasture ground:ચરો;ગોચર.

Feeder,(ફીડર્) *n.* One who, or that which gives food:ખવાડનાર; અન્ન પૂરૂં પાડનાર 2. An encourager:ઉશ્કેરનાર:ઉત્તેજન આપનાર. 3.One who eats or feeds:ખાનાર. 4. A tributary: પાણીનો ઝરો;નદીમાં મળનારી નદી. 5. A branch railroad:રેલવેનીશાખા-ફાંટો.

Feeding,(ફીડિન્ગ્) *n.* The act of eating or of supplying with food:ખાવું તે; ખોરાક પૂરો પાડવો તે.

Feel, (ફીલ્) *vi.* To perceive by the touch: સ્પર્શ કo;અડકવું;હાથ ફેરવી જોવો.2.To examine by touching:અડકીને તપાસી જોવું.3.To perceive by the mind:લાગવું;જણાવું.4.To perceive લાગવું;જોવું. 5. To know with feeling;to be conscious: લાગવાથી જાણવું.*vt.*To feel pulse: નાડ જોવી.

Feeler,(ફીલર્) *n.* One who or that which feels:જેને લાગણી થાય છે તે.

Feeling,(ફીલિન્ગ્)*a.*Possessing great sensibility:જેને જલદી અસર થાય તેવું;કરૂણાળુ; દયાળુ. *n.*The sense of touch;સ્પર્શેન્દ્રિય.2.An act or state of perception by touch;consciousness બોધ;જ્ઞાન. 3. The exercise of the capacity for emotion:ચિત્ત;મનોવૃત્તિ;લાગણી;મનોધર્મ.

Feelingly,(ફીલિન્ગ્લિ)*adv.*Sympathetically: અસરકારક રીત્યે;દયા આવે એવી રીતે.

Feet,(ફીટ્)*n pl* **Foot**,પગનું બહુવચન;પગો.

Feign,(ફેન્)*vt.*[L *figura*,figure.]To represent by a false appearance of: ડોળ ઘાલવું; ઢોંગ કo.3.To dissemble:બહાનું કાઢવું.

Feigned,(ફેન્ડ્)*a.*Pretended;counterfeit;insincere;false:બનાવટનું;કલ્પિત;ખોટું;કૃત્રિમ;ઢોંગી.

Feint,(ફેન્ટ્)*a.*Feigned;counterfeit:ધારેલું;કલ્પિત;ખોટું;કૃત્રિમ.*n.* A pretence:બહાનું; ડોળ; ઢોંગ;છળ. *vi.* To make a feint, or mock attack:કુસ્તી-લડાઈમાં દાવપેચ કo.

Felicitate,(ફીલિસિટેટ્)*a.*[L *felix-icis*, happy.] Made very happy:ઘણું સુખી કરેલું. *vt.* To make very happy:ઘણું સુખી કo. 2. To express joy to;to congratulate:ખુશી બતાવવી

Felicitation, (ફીલિસિટેશન) *n.* The act of felicitating;a wishing of joy or happiness congratulation:ખુશી;મુબારકબાદી; અભિનંદન.

Felicitous(ફીલિસિટસ્)*a.*Happy;prosperous delightful:ખુશકારક;ઘણુંજ સુખી-યોગ્ય; આબાદ.

Felicity,(ફીલિસિટિ)*n.* Blessedness;blissfulness:આનંદ;કલ્યાણ;પરમાનંદ.

Feline,(ફીલાઇન)*a.*[L. *felis*,a cat.] Catlike: બીલાડીના જેવું-ને લગતું.2. Sly:લુચ્ચું.

Fell, (ફેલ્) *Imp.* of **Fall.**: પડયું. *a.* Cruel; savage:જંગલી; ક્રુર. *vt.* To cause to fall;to knock down:પાડવું;પાડી-કાપી નાંખવું.

Fell monger,(ફેલ્મૉન્ગર્)*n.*A dealer in the hides of beasts:ચામડાંનો વેપારી;ચમાર;ચામડીઓ.

Fellow,(ફેલ્લૉ)*n.* A companion:સોબતી; ગોઠીયો;સાથી; મિત્ર. Mean man: હલકો-નીચ માણસ. 3. A person: માણસ. 4. A scholar who is appointed to a college:અધ્યયનવૃત્તિવાળો; ફેલો.5. A member of a literary or scientific society:વિદ્યામંડળીનો સભાસદ.

Fellow-creature, (ફેલ્લૉક્રીટ્યૂર) *n.* one of the same race or kind; one made by the same Creator:મનુષ્ય પ્રાણી.

Fellow-feeling (ફેલ્લૉફીલિન્ગ્) *n.* Sympa-

thy;a like feeling:બીજાના દુઃખની દાઝ; લાગણી.

Fellow-ship, (ફેલોશિપ્) *n.* The state or relation of being a fellow or associate:સોબત;સંગત;દોસ્તી.2.Partnership: પંચાયુ;ભાગદારી. 4. An endowment in a college for the support of graduates: કંપની. 5. A foundation for the maintenance on certain conditions,of a scholar:ફેલોની જગા;ફેલોશીપ્.

Fellow-student,(ફેલોસ્ટુડેન્ટ્) *n.* One who learns under the same teacher:સાથે શીખનાર;વિદ્યાર્થી.

Felly,(ફેલિ)*adv.* In cruel manner; fiercely; barbarously:જંગલીપણે;ઘાતકીપણે;ક્રૂરતાથી.

Felon, (ફેલોન્) *n.* A person who has committed a felony:દેહાંત દંડને પાત્રગુન્હેગાર.2.A person guilty or capable of heinous crime: ઘોરકર્મ ગુન્હેગાર મહાપરાધી.*a.*Malignant:ખારીલું.

Felonious,(ફેલોનિઅસ્)*a.*Malignant;malicious;traitorous;perfidious:મહા પાપી; દુષ્ટ;દ્વેષ-ઈર્ષા ભરેલું;દુરાચારી;પાપિષ્ટ.

Felony,(ફેલોનિ)*n.pl.* **Felonies.** An act on the part of a vassal which cost him his fee by forfeiture:જે ગુન્હાનેલીધે નોકરને પોતાના શેઠની મિલ્કત શેઠને પાછી સ્વાધીન કરી દેવી પડે છે તે.2.A heinous crime: મહાપરાધ;મોટો ગુન્હો; ઘોર પાપ;મહાપાતક.

Felt,(ફેલ્ટ્) *imp & pp. a* from **Feel:** લાગેલું. અડેલું;અડકેલું.*n.*[L. *pilus*, hair.] A cloth or stuff made of matted fibres of wool:ઉનનું કપડું.2.A skin or hide;a pelt:ચામડું-ડી.*vt.*To cause to adhere and mat together:ચોંટાડવું.

Female,(ફીમેલ્)*n.*[L.*femina*, woman.] An individual of the sex which conceives and brings forth young:નારી;ઓરત. બૈરી; બાયડી; માદા.*a.*Belonging to the sex:સ્ત્રીજાત સંબંધી.

Feminine,(ફેમિનિન્)*a.*[L.*femina*, woman.] Pertaining to a woman: નારી-સ્ત્રી જાતનું-સંબંધી.2.Any one of those words which are appellations of females: નારી જાતિનો શબ્દ; સ્ત્રિલિંગ.3.Effeminate:બાયલું;નામર્દ.

Fen,(ફેન્)*n.*Boggy land: ભીની સરદીવાળી જગા.

Fence,(ફેન્સ્)*n* A defence: બચાવ; રક્ષણ. 2. An inclosure about a field or other place: વાડ;તટ્ટી.3 A protection on the blot;કળાના ઉપરની ચાંપ.4.The art and practice of fencing and sword play: પટા ખેલવાની ચાતુરી; પટાબાજી.5 A receiver of stolen goods:ચોરીનોમાલ લેનાર.*vt.* To give security to:બચાવ કo.2.To inclose with a fence:વાડ બાંધવી.

Fencer,(ફેન્સર્)*n.*One who fences;one who teaches or practises the art of fencing with sword or foil:પટા ખેલનાર;પટા ખેલવાનું શીખવનાર.

Fencible,(ફેન્સિબલ્)*a.*Capable of being defended:બચાવ રક્ષણ કo લાયક *n.pl.* A soldier enlisted for home service: પોતાના મુલકની ચાકરી સારૂં રહેલો સિપાઈ

Fencing,(ફેન્સિન્ગ્)*n.*The art or practice of attack and defence with the sword:પટાખેલવા તે.2. The art of fencers: પટાબાજી. 3. The materials used for building fence: કઠેરો-વાડ બાંધવાનાં સાહિત્ય-પદાર્થો.

Fend,(ફેન્ડ્)*n.*A fiend:ભૂત;અસુર;સેતાન. *vt.*To keep off:રોકવું;ખાળવું.

Fender, (ફેન્ડર) *n.* (*a*) A screen to prevent coals or sparks of an open fire from escaping to the floor:ચુલાની પાળ.

Fennel,(ફેનેલ્)*n.*[L *faenum*,hay.]A parennial plant:વરિયાળી.

Fenny,(ફેનિ)*a.* Abounding in fens;boggy: ભીની ઘાસવાળી જગાનું;કલાણવાળું.

Fenugreek,(ફેન્યૂગ્રીક્ ,*n* [L *fœnum.*]A plant cultivated for its strong-smelling seeds:મેથી.

Feoff,(ફેફ્)*vt.*To invest with a fee or feud: to enfeoff:વંશપરંપરા સુધી બક્ષીસ આપવી.*n.*A fief:જાગીર;વતન.

Feoffment, (ફેફ્મેન્ટ્) *n.*(*a*) The grant of a feud or fee:જાગીરની બક્ષીસ (*b*)A gift or conveyance in fee of land or other corporeal hereditaments, accompanied by actual delivery of possession:વંશપરંપરા સુધી કરેલી ઈમારત જમીનની બક્ષીસ.

Feracious, (ફીરેશસ્) *a.* [L. *fero*,I bear.] Fruitful;producingabundantly:ફળવંત; ફળદ્રુપ.

Feracity, (ફેરેસિટિ)*n.* The state of being feracious or fruitful:ફળવંત-ફળદ્રુપપણું;ફળદ્રુપતા.

Ferial,(ફીરિઅલ્)*a* [L*feriae*,holidays.]Of or pertaining to holidays:તહેવાર સંબંધિ.

Ferie,(ફેરી)*n.*[*feriae*,holidays.]A holiday: તહેવાર;રવિવાર શીવાયનો દિવસ;સપરમોદિવસ.

Ferine, (ફીરાઈન્) *a.* [L. *ferus*,wild.]Wild; untamed:જંગલી;ન પળાય એવું.

Feriy,(ફેર્લિ)*adv.*Singular;wonderful;extraordinary:અજાયબ જેવું;અચંબો પમાડે એવું.

Ferment, (ફર્મેન્ટ્)*n.* [L. *fervo*,I boil.]That which causes fermentation: જેથીફીણ-ઉભરો આવે છે તે.*vt.* To cause fermentation in: માં ઉભરો થાય-ફીણ આવે તેમ કo. 2. To undergo fermentation:ફીણ-ઉભરો આવવો.

Fermentation,(ફર્મેન્ટેશન્) *n.* The process of undergoing an effervescent change:ઉભરો;જોસ.2.A state of agitation:ગભરાટ;ઘુઘવાટ.

Fermentative,(ફર્મેન્ટેટિવ્)*a.* Causing fermentation;fermenting:જોસ આણતું;ઉભરો લાવતું.

Fern,(ફર્ન્)*adv.*Long ago:ઘણા વખતપર;તે પહેલાં

a Ancient;old:અસલી;જુનું.
Ferocious,(ફીરોશસ્)*a*.[L *ferox-ocis*,fierce.] Fierce;wild;rapacious:ઘાતકી;ક્રૂર;જંગલી.
Ferociousness-Ferocity,(ફીરોશસ્નેસ્-ફીરૉસિટિ)*n*.Savage wildness;cruelty:ઘાતકીપણું.
Ferreous,(ફેરીઅસ્)*a* [L.*ferrum*,iron.] Pertaining to iron:લોખંડી;લોઢાનું-ના જેવું.
Ferret,(ફેરેટ્)*n*.[L.*fur*,thief.] An animal of the Weasel family:નોળીઓ.*vt*.To search out: ખોળી કાઢવું.*n*.A kind of narrow tape:સાંકડીફીત.
Ferry,(ફેરિ)*vt*.To transport over a river,in a boat:હોડીમાં બેસારી પાણીની પાર ઉતારવું-લઈ જવું *n*.*pl*.**Ferries**. A place where persons or things are carried across a river &c., in a ferry boat:ઘાટ;ઉતાર;ઓવારો.2 A ferry boat; a wherry:નાવ;હોડી;પનાઈ.
Ferryboat,(ફેરિબોટ્)*n* A vessel for conveying passengers, merchandise etc:ઉતારૂઓ, માલ,વિગેરેને ઉતારવાની હોડી.
Ferryman,(ફેરિમૅન્)*n pl*.**Ferrymen**. One who maintains or attends a ferry:હોડીવાળો.
Fertile,(ફર્ટાઇલ્)*a* [L*fero*,I bear.]Fruitful: ફળદ્રુપ. 2 Capable of producing fruit: ફળ ઉત્પન્ન કરી શકે એવું.3.Produced in abundance;plenteous;ample:જથાબંધ ઉત્પન્ન કરેલું;પુષ્કળ.
Fertileness-Fertility, (ફર્ટાઇલ્નેસ્-ફર્ટિલિટિ) *n*.Fruitfulness:ફળવંતતા;ફળદ્રુપતા.
Fertilize,(ફર્ટિલાઇઝ્)*vt*.To make fertile:ફળદ્રુપ-ફળવંત-આબાદ કo.2.To fecundate:ગર્ભવંત કo
Fervency.(ફર્વેન્સિ)*n*.Ardor:ઉત્સાહ;જુસ્સો.
Fervent,(ફર્વેન્ટ્)*a*.[L*fervo*,I boil.]Hot:ગરમ; ઉષ્ણ;ઉકળતું 2 Zealous:આતુર;તીખું;ઉત્સુક.
Fervid,(ફર્વિડ્)*a*.[L.*fervo*,I boil.]Very hot: ઘણું ગરમ.2 Ardent;vehement:હોસવાળું;આતુર.
Fervidness,Fervor, (ફર્વિડ્નેસ્-ફર્વર્) *n*. [L. *fervor*.]Excessive warmth:ઉષ્ણતા;ગરમી.2. Earnestness:જુસ્સો;આતુરતા;ઉગ્રતા:ઉત્સાહ.
Festal-Festive,(ફેસ્ટલ્-ફેસ્ટિવ્)*a*.[L.*festum*, feast]Joyous;gay;mirthful:મંગળ;શુભ; ખુશીનું.
Fester,(ફેસ્ટર્)*n*.To generate pus:રસ પાકવું. *vt*.To cause to rankle:પેટમાં બળ્યા કરે તેમ કo.
Festival, (ફેસ્ટિવૅલ્) *a*. [L.*festivus*,festive: gay.]*n*.A time of feasting or celebration: આનંદનો દિવસ;સપરમો દહાડો;ઉત્સવ;પર્વ.
Festivity, (ફેસ્ટિવિટિ) *a*. Gaiety:આનંદ;હર્ષ; ઉત્સાહ.2 A festival:તેહેવાર;ઓચ્છવ;ઉત્સવ.
Festoon,(ફેસ્ટૂન્)*n*. [L.*festum*,festival.] A garland or wreath hanging in a depending curve:તોરણ.*vt*. To form in festoons or to adorn with festoons: તોરણ કo.
Fetation,(ફીટેશન્)*n*.The formation of a fetus in the womb;pregnancy:ગર્ભધારણ;હમેલ;દહાડા.
Fetch,(ફેચ્)*vt*.To go and bring;to get:જઈને લાવવું 2.To obtain as price or equivalent; to sell for:નું ઉપજવું-આવવું;કીમત ઉપજવી.*vt*.To make headway:દિશા બદલવી.*To f away*,to break loose:છૂટા થવું.
Fete,(ફેટ્)*n*.A feat:પરાક્રમ;કસરત;હાથ ચાલાકીનું કામ *n*.A festival:મીજબાની; ઉજાણી.
Fetid,(ફીટિડ્)*a*.[L.*foetere*,to stink.]Having an offensive smell;stinking:દુર્ગંધવાળું;ગંધાતું.
Fetidness,(ફેટિડ્નેસ્)*n*.The quality or state of being fetid:ગંધ;વાસ;દુર્ગંધ.
Fetor,(ફીટર)*n*. [L *fetor*.] A strong offensive smell;fetidness:ગંધ;દુર્ગંધ;બદબો.
Fetter,(ફેટર્)*n*. A bond;a shackle:બેડી;સાંકળ;જંજીર.2. Anything that confines or restrains;a restraint:અંકુશ;દાબ;નિગ્રહ;કાબુ. *vt*. To put fetterspop; to bind: બેડી ઘાલવી;પગે સાંકળ જડવી;શૃંખલા બંધન કo. 2. To restrain from motion;to confine:મના કo;અટકાવવું;રોકવું.
Fetus, (ફીટસ્) *n*. *pl*. **Fetuses**. [L *fetus*, *foetus*, a bringing forth; offspring.]The young or embryo of an animal in the womb or in the egg:ગર્ભસ્થાનનું બચ્ચું;ગર્ભ.
Feud,(ફ્યૂડ્)A contention or quarrel:કજીઓ; તડ;લડાઈ;યુદ્ધ.*n*.A fief:જાગીર;વતન.
Feudal, (ફ્યૂડૅલ્)*a*. Of or pertaining to feuds:જાગીર-વતનનેલગતું સંબંધિ.
Feudalism,(ફ્યૂડૅલિઝમ્)*n* Thefeudalsystem. feudalprinciplesandusages:જાગીરનોપ્રકારપદ્ધતિ;
Feudiary, Feudatory, (ફ્યૂડિઅરિ,ફ્યૂડૅટરિ)*a*. & *n*. *pl*. **Feudatories**.A tenant or vessel who held the lands of a superior, on condition of feudal service;the tenant of a feud or fief:જમીનદાર; ખેડુત;સાંથે રાખનાર ખંડીયા.
Fever,(ફીવર્)*n*.[L *febris*.] A diseased state of the system,marked by increased heat: તાવ; જ્વર; બુખાર; *typhoid* f.: સન્નિપાત જ્વર. *Bilious* f :પીત્તજ્વર.*Typhus* f :કાળજ્વર.
Feverish, (ફીવરિશ) *a*. Having a fever:તાવની કસરવાળું.2.Hot;sultry:ઉષ્ણ;ઉનું;ગરમ.
Feverous, (ફીવરસ્)*a*. Affected with fever; feverish:તાવવાળું;તાવને લગતું.
Few,(ફ્યૂ)*a* Small,or confined in number: થોડા.*In few*,briefly:શબ્દમાં ટુંકામાં.
Fey, (ફે) *a*. Fated: નક્કી-નિર્માણ કરેલું.*n*.Faith: આકીન.*vt* To cleanse:ચોખ્ખું કo.
Fiat, (ફાઈઍટ્) *n*. [L. *facio*,I make.]An effectual decree: ફરમાન; હુકમ; આજ્ઞા. 2. (*a*)A warrant of a judge for certain processes: કોઇ કામને માટે જડજે કાઢેલું વારંટ. [પાટો.
Fib,(ફિબ્)*n*.A falsehood;a lie:જુઠું;જુઠાણું;ગ-

Fibber, (ફિબ્બર્)*n.* One who tells fibs:જુઠું બોલનાર;ગપ મારનાર;ગપાટી.
Fibre,(ફાઈબર્)*n.*[L*fibra.*]Any fine,slender threadlike substance:રેસો.2.Sinew;strength;તંતુ;નસ;રેસો.
Fibril,(ફાઇબ્રિલ્)*n.*A small fibre:ઝીણો રેસો.
Fibrous,(ફાઈબ્રસ્)*a* Containing or consisting of fibres:રેસાદાર-વાળું.
Fickle,(ફિકલ્)*a.*Not firm;liable to change;inconstant:અસ્થિર;ચપળ;ઢચુપચુ.
Fickleness,(ફિકલ્નેસ્)*n.*The quality of being fickle:અસ્થિરપણું;ચંચળપણું;અસ્થિરતા.
Fiction, (ફિકશન્) *n.* [L.*fingo,* I form.]The act of feigning,inventing:કલ્પના.2.A story told in order to deceive:જોડી કાઢેલી-કલ્પિત-બનાવટની વાત.3 Fictitious literature: બનાવેલા-કલ્પિત ગ્રંથ.
Fictitious, (ફિક્ટિશસ્) *a.* Imaginary; not real;counterfeit;false:બનાવટી;કલ્પિત;ખોટું.
Fictitiousness,(ફિક્ટિશસ્નેસ્)*n.* The state of being feigned:કલ્પિતપણું;અસત્યતા.
Fiddle,(ફિડલ્)*n.*A stringed instrument of music played with a bow;a violin:સારંગી. *F.bow,*fiddle-stick:સારંગીનો વગાડવાનો ગજ.*vi.* To play on a fiddle:સારંગી વગાડવી.
Fiddle faddle, (ફિડલ-ફેડલ્) *n.* A trifle; a nonsense:ધાલમેલ *vi.* To talk nonsense:અર્થ-વગર બોલવું.
Fiddler,(ફિડલર્)*n.*One who plays on a fiddle or violin:સારંગી વગાડનાર.
Fiddle-stick (ફિડલ્-સ્ટિક્)*n.*The bow,strung with horse hair used in playing the fiddle;a fiddle bow:સારંગીનો ગજ;શારિકા.
Fiddle string,(ફિડલ્-સ્ટ્રિન્ગ) *n* One of the catgut strings of a fiddle:સારંગીના તાર.
Fidelity,(ફિડેલિટિ)*n.*[L*fido,*I trust.] Faithfulness:નિમકહલાલી.*(a)*Loyalty:વફાદારી. *(b)* Adherence to the marriage contract:પતિવ્રત;શિયળ.*(c)*Veracity: સાચવટ;પ્રમાણિકપણું.
Fidget(ફિજેટ્)*vi.*To move irregularly:ઉંચા-નીચાં-તલપાપડ થવું.*n.* Uneasiness:બેચેની.
Fidgety,(ફિજેટિ)*a.*Restless;uneasy:બેચેન.
Fiducial, (ફિડ્યૂશૅલ્) *a.* [L. *fides,* faith.] Confident:પુરા ભરોસાળું.
Fiduciary,(ફિડ્યુશિઍરિ)*a.*Confident:પુરા ભરોસાવાળું.2.In trust:ટ્રસ્ટવાળું.*n.*One who holds a thing in trust for another:સુપ્રતદાર;ટ્રસ્ટી.
Fiduciate,(ફિડ્યૂશિએટ)*vt.*To be confident, firm or faithful of:પુરો ભરોસો-વિશ્વાસ રાખવો.
Fie,(ફાઇ)*Interj.* An exclamation denoting contempt or dislike:છીટ;છટ;થુથુ.
Fief, (ફીફ્) *n* (*Law.*) An estate held of a superior on condition of military service; a feud:જાગીર;વતન.
Field, (ફીલ્ડ્) *n.*A piece inclosed for tillage or pasture:ખેતર.2.*(a)* A place where a battle is fought:રણક્ષેત્ર.3.An open space:સ્થાન.4.That part of the grounds reserved for the players which is outside of the diamond:રમનારાઓને માટે રાખેલો જમિનનો કટકો. *To keep the* f *(a)*To continue a campaign:લડાઇ જારી રાખવી.*To take the field,*to enter upon a campaign:લડાઇમાં નિકળી પડવું-ઉતરવું.
Field-book, (ફીલ્ડ્-બૂક્) *n.* A book,used in surveying fields:જમીન માપની નોંધબુક.
Field-marshal, (ફીલ્ડ્માર્શલ્)*n.* (*Mil.*)An officer of highest military rank conferred in the British and other European armies:(ઇંગ્રેજી)લશ્કરની એકઉંચામાંઉંચી પદવીનો અમલદાર.
Field-piece, (ફીલ્ડ્પીસ્) *n.* A piece of field artillery:નાની તોપ;સફરી તોપ.
Field-sports, (ફીલ્ડ્સ્પોર્ટ્સ્) *n. pl.* Diversions of the field,as shooting & hunting:મૃગયા;શિકાર.
Field-work,(ફીલ્ડ્-વર્ક્)*n.pl.* A temporary fortification thrown up by an army in a field:લશ્કરે રણભુમિમાં થોડા વખતનેમાટેઉઠાવેલો કિલ્લો.
Fiend,(ફીન્ડ્)*n* An infernal being:ભૂત;અસુર શેતાન;જીવનો વેરી;રાક્ષસ;વૈતાળ.
Fiendish, (ફીન્ડિશ્) *a.*Malignant;devilish;hellish:પિશાચ જેવું;દુષ્ટ;દુરી;દ્વેષી;આસુરી.
Fierce,(ફીર્સ્)*a.*[L.*ferus,*wild.] Furious;violent;unrestrained:તોફાની;ઘણું;જુસ્સાભેર.
Fiery,(ફાઇઅરિ)*a.* Consisting or containing or resembling fire:દેવતાવાળું-જેવું;અગ્નિમય.2. Passionate;irritable:સહેજમાં ગુસ્સે થાય એવું. 3 Burning hot:તાવ આવ્યો હોય એવું.4 Fiery horse:પાણીદાર ઘોડો.
Fife,(ફાઇફ્)*n.*[*pipo.*I peep.] A small shrill pipe:મોરલી *vi* To play on a fife:મોરલી વગાડવી.
Fifteen,(ફિફ્ટીન્)*a.*Five and ten:પંદર;૧૫.
Fifty,(ફિફ્ટિ)*a.*Five times ten:પચાસ;૫૦.
Fig,(ફિગ્)*n.*[L*ficus,*fig tree.] A small fruit tree:અંજીરનું ઝાડ.
Figent,(ફિજેન્ટ્)*a.*Restless:ચલીત;ચંચળ.
Fight,(ફાઇટ્)*vi.*To contend for victory:લડાઇ મચાવવી. *vt.* To contend with in battle;to war against:સાથે લડવું;યુદ્ધ ક૦.*To f it out,*to fight until a decisive and conclusive result is reached:લડાઇનું પરિણામ આવે ત્યાંસુધી લડવું. *n.*A contest in arms:લડાઇ;યુદ્ધ 2. A struggle of any kind:કોઈ પણ જાતનો કજીઓ;સંગ્રામ;જંગ.
Fighter,(ફાઇટર્)*n.*One who fights;a combatant;a warrior:લડવૈયો.
Fighting, (ફાઇટિન્ગ્) *a.*Fit for battle:લડાઇ-

યુદ્ધને લાયક;લઢાઇમાં કામ લાગે એવું.

Figment,(ફિગ્મેન્ટ્)*n*.[L:*fingo* I form.] An invention;a fiction:કલ્પિત વાત;બનાવટ;રચના.

Figurate,(ફિગ્યૂરેટ્)*a*.Of a definite form or figure:મૂર્તિમાન;સાકાર.2.Figurative:લક્ષણિક.

Figuration,(ફિગ્યૂરેશન્)*n*.The act of giving figure or determined form;determination to a certain form:આકાર કo તે;આકૃતિ;મૂર્તિ.

Figurative,(ફિગ્યૂરેટિવ્)*a* Representative: લક્ષણિક.2.Flowery; florid:અલંકારી;અલંકારિક.

Figure, (ફિગ્યૂર્) *vt*. [L.*figura*,a figure]To represent by a figure:આકૃતિ કાઢવું 2.To indicate by numerals;to compute:ગણવું. 3. To represent by a metaphor: અલંકાર આપવો. *To* f *out*,to solve: ગણીને ખોળી કાઢવું *vi*. To be distinguished or conspicuous: પ્રખ્યાત થવું.A representation of the human body: મૂર્તિ;છબી A numeral;a digit:આંકડો 3 Shape: ઘાટ;ડોળ;રૂપ;શિકલ; આકાર;આકૃતિ.4. A statue: પુતળું;પ્રતિમા.5.ચિત્ર;નકશો;છબી 6.કુંડળી;ટપકો.7 રૂપક;અલંકાર 8.ભાત;તરાહ;વેલ;નકશી.

Figured,(ફિગ્યૂર્ડ્)*a*.Adorned with figure:નકશી-બુટ્ટાદાર.2.Figurative:અલંકારી;અલંકારિક.

Filament,(ફિલૅમેન્ટ્)*n*.A thread or thread-like object:રગ;નસ;દોરો;તંતુ;રેશો;તાર.

Filatory, (ફિલેટૉરિ) *n*.[L. *filum*, thread.]A machine which spins thread:દોરા કાંતવાનો સંચો;રેંટીયો.

Filch, (ફિલ્ચ)*vt*.To steal;to take wrongfully from another;.to pilfer:લૂંટી ચોરી લેવું.

File,(ફાઇલ્)*n*.[L.*filusse*,a thread.]An orderly succession;a row:પંક્તિ;શ્રેણી;હાર;માળા (*a*) (*Mil*.)A row of soldiers:સિપાઇઓની હાર. (*b*) An orderly collection of papers: અનુક્રમવાર કાગળો;ફાઈલ;નોંધ *vt*.To arrange:to place on file:ગોઠવવું;ફાઈલમાં નાંખવું;દફતરે રાખવું મુકવું. 2.To bring before a court by presenting proper papers in a regular way: કાયદેસર દાખલ કo. *n*. A steel instrument for smoothing metals:કાનસ;રેતડી *vt*.To polish: કાનસ વતે ઘસી સાફ કo. [કાનસ બનાવનાર લુવાર.

File cutter,(ફાઇલ્કટર્)*n*.A maker of files:

File-mot,(ફાઈલ્મૉટ્) *n*. A yellowish brown colour:પીળાશ પડતો ભુરો રંગ.

Filer, (ફાઇલર્) *n*. One who uses a file in smoothing and polishing:સાફ કરવામાં તથા પોલીશ કરવામાં કાનસનો ઉપયોગ કરનાર.

Filial,(ફિલિઍલ્)*a*.[L.*filius*,a son and *filia*,a daughter.]Pertaining to a son or daughter: દીકરા દીકરીનું.

Filiate, (ફિલિએટ્) *vt*. To adopt as son or daughter:છોકરો-છોકરી દત્તક કરવું;લેવું.

Filiation, (ફિલિએશન્)*n*. [*filius*,son.] The relation of a son to a father:પુત્રની બાપ તરફની સગાઇ.

Fili-form,(ફિલિફૉર્મ્)*n* [L.*filum* thread and *forma*, shape.] Having the form of a thread:તંતાકાર;સૂત્રાકાર.

Filigrane-grain, (ફાઇલિગ્રેન)*n*. [L.*filum*, thread and *granum*,grain.]Net work containing beads:મોતી કે પાના તારનું ઝીણું કામ.

Filing,(ફાઇલિંગ્)*n*. A fragment or particle rubbed off by the act of filing:ધાતુનો ચુરો.

Fill, (ફિલ્) *n*. A full supply:ભરપુર.*vi*.To become full:ભરાઈ જવું. *vt*. To make full:ભરવું. 2. To satisfy:સંતોષ પમાડવો. *To* fill *in*, to insert:ગોઠવવું;ભરવું.*To* f *up*:ઉછલોછલ ભરવું.

Fillet,(ફિલેટ્)*n* [L.*filum*,a thread.]A band for the hair:ચોટલો બાંધવાનો દોરો.2. A thin strip or ribbon:પટ્ટિ;કોર.*vt*.To bind with a fillet:નાડાથી બાંધવું.

Filling,(ફિલિંગ્)*n*. That which fills:પૂરવણી; પુરણી.2. The woof in woven fabres: વણેલા કાપડનો તાણો.

Fillip,(ફિલિપ્)*n*. A stroke with the finger-nail:ટકોરો.*vt*. To snap with the finger:આંગળી વતી ટકોરો મારવો.

Filly,(ફિલિ)*n*.A young mare:વછેરી;નાની ઘોડી.

Film,(ફિલ્મ્)*n* A thin skin;a pellicle:પોપડી. F.*of the eye*:પડળ.2.A slenderthread:નાજુક દોરો, તાંતણો; તાર. *vt*. To cover with a thin skin:પાતળી ચામડીથી ઢાંકવું-મઢી લેવું.

Filose,(ફાઇલૉસ્)*a* [L.*filum*, thread.]Ending in a thread-like process:તાંતણા-દોરાના છેડા જેવું.

Filter,(ફિલ્ટર્)*n*.[L *feltrum*, properly felt.] A strainer:ગળણી.F.*b d*:રેતી તથા મરડીયાના તળીયાવાળું તળાવ. *vt*. To purify: ગાળવું. *vi*. To percolate:ગળવું;નિતરવું.

Filth, (ફિલ્થ્) *n*. Dirt:મેલ;કચરો;ગલીચ.2. Corruption;pollution:મલિનતા.

Filthy,(ફિલ્થિ)*a* Nasty;foul.impure:મેલું.

Filthiness, (ફિલ્થિનેસ્)*n*. The state of being filthy:ગંદાપણું.2 Foulness:ગંદવાડ.

Filtrate,(ફિલ્ટ્રેટ્)*vt*.To percolate:ગાળવું.

Fimbriate,(ફિમ્બ્રિએટ્)*vt* To hem;to fringe: ઓટવું;કોર બાંધવી.

Fin,(ફિન્)*n*.An organ of a fish:માછલાની પાંખ.

Finable,(ફાઇનૅબલ્) *a*. Liable or subject to a fine:દંડને લાયક;દંડ કo જોગ.

Final,(ફાઇનૅલ્)*a* Last:છેવટનું;છેલ્લું.

Finality,(ફાઈનૅલિટિ)*n*.Final state: સમાપ્તિ.

Finally,(ફાઇનૅલિ)*adv* Ultimately:આખરે.

Finance, (ફિનૅન્સ્)*n*. [L *fino*,I pay a fine.] Revenue;public money:રાજની મેહેસુલ.

Financial,(ફિનૅન્શલ્)*a.* Pertaining to public revenue or finance:વસુલ પ્રકરણનું;મેહેસુલનું.
Financier,(ફિનૅન્શીર્)*n.* A treasurer:સરકારી મેહેસુલ વસલ કરનાર;કોશાધ્યક્ષ.
Finative,(ફાઈનૅટિવ્)*n* Definitive; final:છેલું.
Find,(ફાઈન્ડ્)*vt.* To gain the first sight:મળવું;જડવું;જોવું.2.To discover:જાણવું. 3 To come upon by seeking:નો શોધ-પત્તો લાગવો. 4. To gain as the object of desire:મેળવવું;પ્રાપ્ત ક૦. *To* f *fault with*,to blame:ઠપકો આપવો-દેવો.
Finding, (ફાઇન્ડિંગ્) *n* Discovery: શોધ. 2. Verdict:ફેંસલો;ઠરાવ;નિવેડો;નિર્ણય.
Findy,(ફિન્ડિ)*a.*Full;heavy;solid:ભરેલું;ભારે.
Fine,(ફાઇન્)*a.*[L.*finis*,an end.] Excellent: ઉત્તમ:સુંદર.2.Showy:ઢબદાર.3.Not coarse:પાતળું.(*b*)In small particles ઝીણું;બારીક.*n.*[L. *finis*.end.]End;termination:આખર;પરિણામ.*In* f.in conclusion:આખરે;છેવટે.
Fine fingered,(ફાઇન્-ફિંગર્ડ્)*a.*Nice in workmanship:કારીગરીમાં સુંદર;નકશીદાર.
Fineless,(ફાઇનલેસ્)*a.*Endless:અનંત;અપાર
Fine-looking,(ફાઈન્‌લૂકિંગ્)*a* Beautiful:ખુબસુરત;સુંદર;શોભાયમાન [bly:સારી રીતે;સુંદર રીતે.
Finely, (ફાઈન્‌લિ) *adv* Beautifully;admira-
Fineness,(ફાઇન્નેસ્)*n* The quality or condition of being fine.બારીકાઈ;નાજુકાઈ;સૂક્ષ્મતા
Finer,(ફાઈનર્)*n.*One who fines or purifies; ધાતુ ગાળી સાફ કરનાર.
Finery,(ફાઇનરિ)*n.*Fineness:સુંદરતા.2. Ornament;decoration; showy clothes: અલંકાર; ભૂષણ;ભપકાદાર પોશાક.
Finesse,(ફિનેસ્)*n.*Artifice:યુક્તિ.
Finger,(ફિંગર્)*n* One of the five terminating members of the hand:આંગળી *Talking with the* f s: કરપલ્લવી ભાષા. 2. A kind of measure:આંગળ.*To have at one's* f's *end*,to be thoroughly familiar with: આંગળીને ટેરવે હોવું. *vt.* To touch with the fingers: આંગળીવતી અડકવું.
Fingering,(ફિંગરિંગ્) *n.* The act of touching lightly with the fingers:આંગળાં લગાડવાં તે. The dexterous management to use fingers in playing:વાજીંત્ર ઉપર આંગળીઓ ફેરવવાની ચાલાકી.
Fingered (ફિંગર્ડ્)*a.*Having fingers:આંગળાવાળું.2.Digitate:નાની આંગળીઓજેવાંપાંદડાંવાળું
Finger-post, (ફિંગર્પોસ્ટ્) *n.*A guide post bearing an index of the finger:અજાણ્યા માણસોને રસ્તો બતાવવા સારૂ આંગળીની નીશાની વાળો થાંભલો.
Finger-stall (ફિંગરસ્ટૉલ્)*n.*A cover of leather worn by workmen as a protection for the finger:કારીગરો-મજુરો આંગળીના રક્ષણ માટે ચામડા વગેરેની ખોળી વાપરે છે તે;અંગુઠી. [ચીજ.
Fingle-fangle,(ફિન્ગલ્-ફૅન્ગલ્)*n.*Trifle:નજીવી
Finic,(ફિનિક્)*n.*Fop:ટાપટીપીઓ;વરણાગિયો.
Finical,(ફિનિકલ્)*a.*Fastidious:અકડબાજ.
Finingpot, (ફાઈનિંગ્પૉટ્)*n.* A vessel for refining:ગળણી.
Finis,(ફિનિસ્)*n.*An end;conclusion:છેડો;અંત.
Finish, (ફિનિશ્) *vt.* [L *finis*,an end.] To terminate:અંત-આખર-પાર લાવવો.2.To complete:પુરૂ ક૦.2.Completion:સામાપ્તિ.
Finite,(ફાઇનાઇટ્)*a.*Having a limit:અંતવાન.
Finitely, (ફાઈનાઇટ્લિ) *adv.*Within limits: મર્યાદાથી.
Finite-less,(ફાઈનાઇટ્લેસ્)*a.*Having no limit infinite:હદ વગરનું;અનંત;નિમર્યાદ; અપાર.
Finite-ness, (ફાઇનાઇટ્નેસ્)*n.* The state of being finite:અંત હદહોવાપણું;સાંતતા;સાવધિકત્વ.
Finitude,(ફિનિટ્યુડ્)*n.*Limitation:હદ;મર્યાદા.
Finless, (ફિન્લેસ્) *a.* Destitute of fins:પાંખ વગરનું;પક્ષહીન.
Finny,(ફિનિ)*a.*Furnished with fins:પાંખવાળું.
Fir,(ફર્)*n.*(*Bot.*)A genus of coniferous trees દેવદારનું લાકડું.
Fire, (ફાઈર્) *n.* The igneous element:દેવતા. 2 Conflagration:લાહ;આગ.3. Ardour heat; passion:ગુસ્સો; આવેશ. 4. The discharge of fire-arms:તોપનો-ગોળીનો માર મારો.*To take* f., to begin to burn:સળગવું.*vt.*To set on fire: સળગાવવું;ચેતાવવું 2.To discharge: ફોડવું;છોડવું. *vi.*To take fire:બળી ઉઠવું;સળગવું;ચેતવું. 2 To discharge firearms:બાર ક૦-છોડવો.
Fire-arm, (ફાઈર્આંર્મ્)*n.*A weapon which acts by the force of gunpowder:તોપ બંદુક જેવાં દારૂથી ફોડવામાં આવતાં હથિયાર;અગ્નેયઅસ્ત્ર.
Fire-brand, (ફાઈર્બ્રૅન્ડ્)*n.*A piece of wood kindled or on fire:બળતું લાકડું;અગ્નિકાષ્ઠ.
Fireclay,(ફાઇર્ક્લે)*n.*A kind of clay used in marking firebricks:તાપથી બળી જાય એવી માટી.
Fire-cock, (ફાઇર્કૉક્) *n.* A cock to let out water for extinguishing fire:આગ ઓલવવાને માટે પાણી જવાની ચકલી.
Fire-eater,(ફાઈર્ઇટર્)*n.*A fighting character:અગ્નિખાઉ;લઢવાડીઓ;ઝઘડાખોર.
Fire-engine, (ફાઇર્એન્જીન્)*n.*An hydraulic pump for throwing water to extinguish fires:આગ ઓલવવાનું યંત્ર;બંબો.
Fire fly, (ફાઇર્ફ્લાઈ)*n.* A winged,luminous insect:આગીયો કીડો;આગીયો;પતંગ.
Fire-kiln, (ફાઇર્કિલ્ન્)*n.* An oven or place for heating anything:ભઠી. [બંદુક.
Fire-lock,(ફાઈર્લૉક્)*n.*A gun-lock:ચકમકવાળી

Fire-man, (ફાયરમૅન)*n* A member of a fire company:આગ ઓલવનારી કંપનીનો માણસ.
Fire-new,(ફાયર્ન્યૂ)*a*. Bright;quite new:નવું.
Fire-office,(ફાઈઑફિસ)*n*.An office for making insurance against fire:વીમો ઉતારનારીપેઢી
Fire-pan,(ફાયરપૅન)*n*.A pan for holding fire: શઘડી.
Fire-place, (ફાઈર્પ્લેસ્)*n*. A hearth:ચુલો.
Fire-proof,(ફાઈર્-પ્રુફ્)*a*. Incombustible:સળગી ઉઠે નહી તેવું;અગ્નિ રક્ષક; અદાહ્ય.
Fireship, (ફાઈર્શિપ્) *n*.Avessel filled with combustibles to set fire to an enemy's ships:દુશ્મનોના વહાણને આગ લગાડનારૂં વહાણ.
Fire-side,(ફાઈર્સાઇડ્) *n*. A place near the hearth:દેવતા પાસેની જગા;અગ્નિસ્થાન.2.Domestic life;home:ઘરસંસાર;ગૃહસુત્ર;ઘરખટલો.
Fire-stone, (ફાયરસ્ટૉન) *n*. A kind of sandstone:ચકમક.2.Iron pyrites:અગ્નિ પથ્થર.
Fire-tower,(ફાયર્ટાઉઅર્) *n*. Light-house: દીવાદાંડી.
Fire-wood,(ફાયર્વૂડ્)*n* Wood for fuel:બાળવાનાં લાકડાં;ઇંધણું;કાઠી;બળતણ.
Fire-works,(ફાયર્વર્કસ્) *n*. Various combustible preparations: દારૂખાનું; દારૂકામ; ફુલકણી;આતસબાજી.
Fire-worshipper,(ફાયર્વર્શિપર્)*n*.One who worships fire:અગ્નિપૂજક;પારસીલોક.
Firing,(ફાઈરિંગ્) *n*. The act of discharging fire arms:ગોળીમાર;તોપનો મારો;મારગિરી.
Firk,(ફર્ક્)*vt*. To beat:મારવું;શિક્ષા ક૦.
Firkin,(ફર્કિન્)*n*.A measure of capacity,being the fourth part of a barrel:બેરલના ચોથા ભાગ જેટલું એક માપ 2. A small cask used for butter:માંખણ ભરવાનું નાનું પીપ.
Firm,(ફર્મ્)*a*.[L. *Firmus*,strong]Compact; hard:મજબૂત;કઠણ;ઘટ્ટ.2.Constant:સ્થિર; અડગ; અચળ.*n*.Commercial house:પેઢી;દુકાન
Firmament,(ફર્મેમેન્ટ્)*n*.The sky:આકાશ;ગગન.
Firmamental,(ફર્મૅમેન્ટલ્) *a*.Celestial:આકાશ મંડળનું;નભસ્થ.
Firman, (ફર્મૅન્)*n*. A royal order or grant: બાદશાહી હુકમ;સનંદ.
Firmity,(ફર્મિટિ)*n*.Strength;firmness:દ્રઢતા.
Firmly,(ફર્મ્લિ)*adv*. Closely; steadfastly:મજબુતાઈથી;હિંમતથી.
Firmness,(ફર્મ્નેસ)*n*. Constancy:દ્રઢતા.
First,(ફર્સ્ટ્)*a*.Foremost:પહેલું; સર્વથી આગળ.2. Placed in front of others:પહેલું;પ્રથમ;અવ્વલ. *At f hand*:ઘરમૂળથી;બારોબાર;તરતજ.**F**.*fruits*, the earliest fruits gathered:પહેલો ફાલ;નવાન્ન; નવધાન્ય.**F**.*water*, the highest quality:ઉંચું પાણી;ખરી ચકેહ.*adv*. Before anything, else in time,space,rank &c.:આગળ;પહેલાં;પ્રથમ પૂર્વે અગ્રે.*At f.,at the* f.at the beginning:પૂર્વે;પ્રથમ.

First born,(ફર્સ્ટબૉર્ન)*a*.First brought forth; eldest:મોટું;વડું;જ્યેષ્ઠ;પૂર્વજ; અગ્રજ.
First-class,(ફર્સ્ટક્લૅસ)*a*.Being of the highest rank or the best quality:ઉંચી પદવીનું.
First day,(ફર્સ્ટડે)*n*. Sunday:અઠવાડીયાનો પહેલો દિવસ;રવિવાર.
First hand,(ફર્સ્ટહૅન્ડ્)*a* Obtained directly from the original source:બારોબાર મળેલું.
Firstling,(ફર્સ્ટ્લિંગ્) *n*. The first produce of offspring:પહેલા વેતરનું પ્રાણી.
First rate-sort (ફર્સ્ટરેટ્-સૉર્ટ્)*a*.Of the highest excellence:ઉત્તમ;ઉત્તમ;શ્રેષ્ઠ;ઉત્કૃષ્ટ.
Firth,(ફર્થ્)*n*.An arm of the sea;frith:ખાડી.
Fiscal,(ફિસ્કલ્)*a* [L.*fiscus*,a money basket.] Pertaining to the public treasury:સરકારી મહેસુલ સંબંધિ;નાણાં-ધન-સંબંધિ;મહેસુલી.
Fish, (ફિશ્) *n*. An animal that lives in water:માછલું;મચ્છ;મત્સ્ય. 2. A counter used in various games:રમતમા ગણત્રી કરવાનું ટેબલ-પાટીયું. *pl*. The twelfth sign of the zodiac; pisces: મીનરાશિ. *vi*. To attempt to catch fish:માછલા પકડવાનો યત્ન-કોશીશ ક૦.
Fisher-Fisherman, (ફિશર્-ફિશર્મૅન) *n*. One whose occupation is to catch fish:માછી;માછલાં પકડનાર.
Fisher-town,(ફિશર્ટાઉન)*n*.A town inhabited by fishermen:મછીમારથી વસેલું શેહેર.
Fishery,(ફિશરિ) *n*. The business of catching fish:માછીનો ધંધો.2.A place for catching fish:માછલાં પકડવાની જગો.
Fishfag,(ફિશ્ફૅગ્)*n*.A woman who sells fish: માછેણ;માછલાં વેચનારી.
Fish-glue,(ફિશ્ગ્લૂ)*n*.Isinglass:આઇસીંગ્લાસ.
Fish-hook,(ફિશ્હૂક્)*n*.A hook for catching fish:માછલાં પકડવાની આંકડી;ગલ.
Fish-wife-woman,(ફિશ્વાઈફ્-વૂમૅન)*n*. A woman that carries fish for sale:માછેણ-માંછલાં વેચવા ફરનારી સ્ત્રી.
Fishy,(ફિશિ) *a*. Fish-like: માછલાં જેવું. 2. Abounding in fish:મચ્છીથી ભરેલું-વાળું.
Fisk,(ફિસ્ક્)*vi*.To run about;to bestir one's self:આસપાસ દોડવું;ગભરાવવું.
Fissile,(ફિસ્સાઈલ્) *a*. [L. *fissum,* cleaved.] Capable of being split:ચીરાઈ શકે એવું.
Fissure,(ફિસ્યૂર્)*n*.[L.*findo*,I cleave.]A cleft:તડ;ફાટ;ચીરાડો;છિદ્ર;સાંધ. *vt*. To cleave; to divide:ચીરવું;ફાડવું;તરડવું.
Fist,(ફિસ્ટ્)*n*.The hand closed tightly:મુઠી; મુષ્ટિ;મુઠ.*The index& mark* ☞ હાથની નિશાની;હાથ.*vt*.To strike with fist:મુકી-ઠોંસો મારવો.
Fisticuffs,(ફિસ્ટિકફ્સ)*n*.[*Fist cuff*.]Boxing મુક્કા મુકી;ધપ્પાધપ્પી;ઠોસા ઠોસી.

Fistula, (ફિસ્ટ્યૂલૅ) *n.* [Gr. *phusao,* I blow.] (*pl.* **fistulae.**) A reed.સિસોડી. Hence, A musical windpipe of music:નળી;સીસોડી;વાંસળી.2.Deep narrow,chronic abscess:ભગંદર

Fistulate,(ફિસ્ટ્યૂલૅટ્)*vi* To become a pipe: નળી જેવું બનવું(બ૦) *vt* To make hollow like a pipe:નળી જેવું પોલું ક૦;બખોલ પાડવી.

Fistuliform(ફિસ્ટ્યૂલિફૉર્મ)*n* [L.*fistula*,pipe and *forma*,form.]Tubular:નળીના આકારનું.

Fistulous,(ફિસ્ટ્યૂલસ્) *a.* Having the form of a fistula:નળી જેવું;ભગંદર-નાસુરવાળું.

Fit, (ફિટ્) *a.* [L. *facio,* I make.] Worthy; suitable:લાયક;યોગ્ય. 2. Prepared: તૈયાર. 3. Convenient:લાયક *vt.*To make fit;to render competent:બેસતું ક૦ 2.To bring into a required form:જોડવું 3.To be suitable to:યોગ્ય હોવું;બંધ બેસતું આવવું;બેસવું *vi* To be proper: ઘટવું;છાજવું;લાયક હોવું. *n.* A stroke or blow: ચપાટો. 2. A sudden and sharp attack of disease:રોગનો એકાએક હપાડ;હયલો.(*b*)Epilepsy આંકડી;વાઇ. 3. A transient passion;a paroxysm:મૂર્છા.4.A passing humour:તુરંગ;લહેર.*By* **fits** *and starts*:રહી રહીને;આંતરેઆંતરે.

Fitful,(ફિટ્ફુલ્)*a.* Impulsive and unstable: અસ્થિર;ચપળ;ચંચળ 2.Spasmodic:મિજાજી;ચંચળ.

Fitly,(ફિટ્લિ)*adv.* Suitably:બરાબર રીતે.

Fitness,(ફિટ્નેસ્)*n.* Suitableness: યોગ્યતા.

Fitting,(ફિટિંગ્)*a.* Suitable:ઘટારત.

Fitting-up,(ફિટિંગ્અપ્)*n.*Equipments:જરૂરીઆતનો સામાન.

Five,(ફાઇવ્)*n* The sum of four and one:પાંચ

Fives,(ફાઇવ્ઝ્) *n.* A kind of game:એક જાતની રમત.2. A kind of disease in horses:ઘોડાઓનો એક જાતનો રોગ.

Five-fold,(ફાઇવ્ફૉલ્ડ્) *a.* & *adv.*Quintuple; five-double:પાંચગણું;પાંચપટ.

Fives court,(ફાઇવ્ઝ્કૉર્ટ્)*n.*A place for playing fives:રમત રમવાની જગો.

Fix,(ફિક્સ્)*vt.*[L.*figo*,I fix] To establish;to secure:સ્થાપવું;ઠરાવવું;નિમવું 2.To hold steadily:સ્થિર ક૦ 3 To pierce: ઘોચવું. 4. To arrange:ગોઠવવું. *n.*Predicament: દુર્ઘટાવસ્થા.

Fixed,(ફિક્સ્ડ્)*a.* Settled; established;firm; immovable: સ્થાપિત;દૃઢ;સ્થિર;અચળ;સ્થાપેલું.

Fixedness,(ફિક્સેડ્નેસ્)*n.*Stability:સ્થિરતા.

Fixity,(ફિક્સિટિ)*n.*Fixedness:અચળતા;સ્થિરતા.

Fixture,(ફિક્સ્ટ્યૂર્)*n.*That which is fixed: સ્થાવર દ્રવ્ય-માલ. 2 Fixedness: સ્થિરતા; સ્થૈર્ય; અચળતા. [ણાટ;ગણગણાટ

Fizz,(ફિઝ્)*n.* A hissing sound:ગણગણ; છણછ-

Fizz,Fizzle,(ફિઝ્,ફિઝલ્)*vi.*To make a hissing sound:છમકારો થવો;છમ દઇને બોલવું. 2.To make a ridiculous failure: હાંસી થાય એવી રીતે નિષ્ફળ જવું.*n.*A failure or abortive effort:નિષ્ફળ યત્ન.

Flabbiness,(ફ્લૅબિનેસ્)*n.*Softness:પોચાપણું.

Flabby, (ફ્લૅબિ) *a.* Soft; wanting firmness: પોચું;નરમ.

Flabel, (ફ્લૅબલ્) *n.* [L. *flabrum,* a blast of wind.] A fan:પંખો;વિંજણો.

Flabile, (ફ્લૅબાઇલ્) *a.* Subject to be blown about:ઉડી જાય તેવું.

Flaccid,(ફ્લૅક્સિડ્)*a* [L.*flaccus*,flabby.]Soft; flabile:અતિનરમ;પોચું. [પણું.

Flaccidity,(ફ્લૅક્સિડિટિ)*n.*Flabbiness:પોચા-

Flacker,(ફ્લૅકર્) *vi.* To flutter as a bird:ફફડાવવું;ફફડવું.

Flag,(ફ્લૅગ્)*n.*A standard: વાવટો; નિશાન; ધજા; ઝુંડો. *Black* **f**: હારેલાઓ ઉપર લેશ માત્રપણ દયા નહિં બતાવવામાં આવે એવું દર્શાવનારો કાળો વાવટો. **F**.*of truce*: મસલત કરવાનું આમંત્રણ સૂચક ધોળો વાવટો.*Red* **f**:ભયદર્શક લાલ વાવટો.*To strike or lower the* **f**.: શરણ થવાની નીશાની દાખલ વાવટો નીચે ઉતારવો.

Flageliate,(ફ્લૅજેલ્લૅટ્)*vt.*[L.*flagellum*,whip.] To scourge; to whip: ચાબખા-ફટકા મારવા. *a.* Flagelliform:નરમ;ઢીલું;શિથિલ.

Flageolet,(ફ્લૅજીઑલેટ્)*n.*A small wind-instrument: એક જાતનું વાંસળી જેવું વાજીંત્ર;વીણા.

Flagginess, (ફ્લૅગ્ગિનેસ્) *n.* Laxity; limberness:નરમપણું;શિથિલતા;ઢીલાશ;નરમાશ.

Flaggy,(ફ્લૅગ્ગિ)*a.* Weak; limber:નરમ; ઢીલું 2. Insipid;weak in taste:બેસ્વાદ;સ્વાદરહિત.

Flagitious,(ફ્લૅજીશસ્) *a.* [L. *flagito,* I demand hotly.]Disgracefully criminal;scandalous;atrocious:ઘોર;દારૂણ;અતિદુષ્ટ.

Flagon,(ફ્લૅગૉન્)*n* A vessel with a narrow mouth used for holding liquors:સિરોઇ;ચંબુ.

Flagrance-cy,(ફ્લૅગ્રૅન્સ્-ન્સિ)*n.*Atrocity:મહાપાપીપણું;ઘોરતા;અતિદુષ્ટતા.

Flagrant,(ફ્લૅગ્રૅન્ટ્) *a.* [L *flagro,* I fame.] Glowing:ઉકળતું;ઘોર;મશહુર;અતિદુષ્ટ.

Foxery,(ફોક્સરિ)n.Behaviour like that of a fox:શિયાળના જેવી વર્તણુંક;ધૂર્તવેડા; ઠગબાજી.
Fox-evil,(ફોક્સઇવિલ્) n. A kind of disease in which the hair falls off: એક જાતનું દરદ કે જેથી વાળ ખરી પડે છે તે;માથાનો ચામર.
Fox-hound, (ફોક્સ્હાઉન્ડ્)n A superior variety of hound for chasing foxes:શિયાળનો શિકાર કરનાર ઉત્તમ જાતનો કુતરો; શિકારી કુતરો.
Foxy, (ફોક્સિ) a. Fox like in disposition; wily:શિયાળના સ્વભાવ જેવું;લુચ્ચું 2.Having the color of a fox:શિયાળના જેવા રંગવાળું-નું.
Foy, (ફોય્)n Faith:આકીન; રાજનિષ્ઠા n.Afeast given by one who is about to leave a place. જે માણસ પોતાનું રહેઠાણ ફેરવવાનો હોય તે માણસે આપેલી મિજબાની.
Fracas,(ફ્રેકાં)n.An uproar: તોફાન:હુલ્લડ.
Fracid,(ફ્રેસિડ્)a.[L fracidus,mellow.] Rotten from being too ripe;over-ripe:પાકી-સડી ગયેલું.
Fraction,(ફ્રેકશન્)n.[L. Frango, I break.] The act of breaking: ભાંગવું-તોડવું તે. 2. A partition:વિભાગ;કકડો;અંશ 3.An expression for a definite portion of a unit or magnitude:અપૂર્ણાંક Common or vulgar f :વ્યવહારી અપૂર્ણાંક Decimal f.:દશાંશ અપૂર્ણાંક.Improper f.વિષમઅપૂર્ણાંક.Proper f.:સમ-અપૂર્ણાંક.
Fractional,(ફ્રેકશનૅલ્)a. Pertaining to fractions:અપૂર્ણાંકનું;અપૂર્ણ.
Fractious,(ફ્રેકશસ્)a Apt to break out into a passion;cross;snappish:કડકણું;કજીઆખોર;આડું.
Fracture,(ફ્રેક્ટ્યૂર્)n.[L. fractum broken] Rupture:ફાટ;તરડ.ચિરો;ભંગ.vt.To break:ભાંગવું.
Fragile,(ફ્રેજાઇલ્)a.[L fragilis,frail.] Easily broken;brittle:જલદી ભાગી જાય એવું;કાચલુ;તકલેદી
Fragility,(ફ્રજિલિટિ)n. Brittleness; frailty; frangibility:કાચલા-તકલેદી-નાજુકપણું;ભંગુરતા.
Fragment,(ફ્રેગ્મેન્ટ્)n [L fractum,broken.] A small detached portion; an imperfect part:કકડો;જુદો પાડેલો ભાગ;ખંડ;ટુકડો;ટટકો;ચૂરો.
Fragmentary, (ફ્રેગ્મેન્ટરિ) a. Composed of fragments:અપૂર્ણ 2.બીજી ખડકોના કકડાનું બનેલું.
Fragor,(ફ્રેગૉર્)n.[L fractum, broken.] A loud and sudden sound:એકદમ થયેલો ભડાકો.
Fragr nce,(ફ્રેગ્રૅન્સ)n.[L. fragro,I smell.] Sweetness of smell:સુગંધ;સુવાસ;ખુશબો;પરિમળ.
Fragrant,(ફ્રેગ્રૅન્ટ્) Of sweet smell;odorous: ખુશબોદાર સુવાસિત;સુગંધીદાર;બેહેકવાળું.
Frail,(ફ્રેલ)a. Easily broken: infirm; easily destroyed: જલદી ભાગી જાય એવું.n.[L. Fraile, basket.] A basket made of rushes:તરખલાની બનાવેલી ટોપલી.
Frailness,(ફ્રેલ્નેસ્)**Frailty,** (ફ્રેલ્ટિ)n.Frailness;infirmity:ભંગુરતા;અશક્તપણું;નિર્બળતા નબળાઈ 2. A fault:ભુલ;દોષ.
Frame,(ફ્રેમ્)vt. To construct by fitting & uniting together the several parts of the skeleton:સાંધ બેસાડવી.2.To plan:બનાવવું;રચવું. 3 To adjust:-ને લાયક કo.4 To provide with a frame: ચોકઠું બેસાડવું-રચવું. n. A fabric; a structure:ખોખું;આકાર;અમલો; ઘટના 2. A stand:માંચડો;ઘોડી 3. Particular state: વૃત્તિ; મનોભાવ;લક્ષણ.4 Shape:આકાર;ઘાટ. 5. Form; structure: બાંધો; બંધારણ; રચના; વ્યવસ્થા. 6. ચોકઠું; ઘર.
Frame-work,(ફ્રેમ્વર્ક્)n A frame: ચોકઠું.
Franchise,(ફ્રેન્ચાઈઝ્) n. Freedom:છુટ. 2. A particular privilege:ખાસ હક-સ્વહક;અધિકાર. vt.To make free;to enfranchise;છુટો કo.
Franchisement,(ફ્રેન્ચાઈઝ્મેન્ટ્)n. Release; deliverance;freedom:છૂટકારો;બચાવ.

Frangibility,(ફ્રેન્જિબિલિટિ) *n*. The quality of being frangible:જલદી ભાગી જવું તે.

Frank,(ફ્રેન્ક્)*a*. Free:ઉદાર. 2. Candid:નિષ્કપટી; નિખાલસ; ભોળુ. *vt*. To send free of expense: મફત મોકલવું;-ને ખરચ બેસવા ન દેવો 2 To exempt from charge for postage:ટપાલ ખર્ચ માફ કo *n*.A letter free of postage:ટપાલ ખર્ચ માફ કર્યું હોય એવો કાગળ.

Frankincense,(ફ્રેન્ગ્કિન્સેન્સ્)*n*.A dry resinous substance:લોબાનધુપ.

Frankly,(ફ્રેન્ગ્ક્લિ)*adv*.Openly:નિષ્કપટાઈથી.

Frankness,(ફ્રેન્ગ્ક્નેસ્)*n*.Candor:ભોળાપણું.

Frantic,(ફ્રેન્ટિક્)*a*.Mad:ગાંડું;દિવાનું;બહાવરું.

Franticly cally, (ફ્રેન્ટિક્લિ ફ્રેન્ટિકલિ) *adv*. Madly;distractedly:ગભરાઈને;ઘેલાપણાથી.

Fraternal,(ફ્રેટર્નલ્)*a* [L. *frater*, brother.] Pertaining to a brother: ભાઈનું-સંબંધી; ભાઈના જેવું.

Fraternity,(ફ્રેટર્નિટિ)*n*. The state of being fraternal or brotherly:ભાઈપણું;ભ્રાતૃભાવ.

Fraternize,(ફ્રેટર્નાઈઝ્)*vt*.To have brotherly feelings:ભાઈચારાથી એકઠા રહેવું-મળવું-થવું.

Fratricidal,(ફ્રેટ્રિસાઇડલ્) *a*. Pertaining to fratricide:ભાઈની હત્યાનું-સંબંધી.

Fratricide,(ફ્રેટ્રિસાઇડ્)*n* [L.*Frater* & *cædo*, I kill.] The crime of murdering a brother:ભાઈનું ખુન કરવાનો ગુન્હો.2.One who murders or kills a brother: ભાઇનું ખુન કરનાર-ને મારી નાંખનાર;ભ્રાતૃ ઘાતક.

Fraud,(ફ્રૉડ્)*n*.Deceit:કપટ;ઠગો;કુડ;તરકટ; ઠગાઇ.

Frauaulence,(ફ્રૉડ્યુલેન્સ્)*n*. Deceitfulness કપટ;ઠગાઈ;ઠગબાજી;પ્રપંચ;દગલબાજી.

Fraudulent, (ફ્રૉડ્યૂલેન્ટ્) *a*. Using fraud; trickish:દગા ખોર;કપટી;-કાવતરાખોર; દગલબાજ; પ્રપંચી.2. Containing fraud: દગા-કપટ ભરેલું. 3 Obtained or performed by artifice:પ્રપંચ છળભેદ કરી મેળવેલું.

Fraught,(ફ્રૉટ્) *a*. Freighted; full of:માલ ભરેલું.2 Filled: ભરેલું; કુલ. *n*. A freight:વહાણમાં ભરેલો માલ. [બીવડાવવું.2 *To* rub:ચવડવું

Fray,(ફ્રે)*n* Broil:ટંટો;કજીઓ *vt*.To frighten:

Freak,(ફ્રીક્)*n*.A whim:તુરંગ; લેહેર; ખ્યાલ;છંદ; મોજ;ચાળો. *vt*. To variegate; to checker: ચિત્ર-વિચિત્ર ખાનદાર કo.

Freakish,(ફ્રીકિશ્)*a*.Whimsical:તુરંગી;લહેરી.

Freckle, (ફ્રેક્લ્) *n*. A spot, of a yellowish color:તલ;મસો;લાખુ. [ધવાણું.

Freckly,(ફ્રેક્લિ) *a*. Full of freckles:મસા-ડા

Free,(ફ્રી)*a*.At liberty:સ્વતંત્ર મોકળું;સ્વાધીન;છુટું 2.Released from arrest:કેદમાંથી છોડેલું;-છુટું. 3.Guiltless;innocent:ગુન્હા વિનાનું.4.Liberal open-handed:ઉદાર;હાથનું છુટું-નિઃસ્પૃહ.5.Unrestricted:અટકાવ વિનાનું. 6. Gratuitous:મફત. *Free* church: ૧૮૪૪ માં સ્કોટલાંડના ધર્મ પંથથી જુદો પડેલો પંથ-માન્ડળ;**F**. *city* or *free* town: સ્વતંત્રસત્તાક રાજ્ય;શહેર.*Free* port (*Com*.) જકાત લીધા સિવાય જે બંદરમાં બધી પ્રજાઓના વહાણમાંથી માલ ભરવામાં અને ઉતારવામાં આવે છે તે. *To make* f. *with*, to take liberties with: -ની સાથે ખુલ્લા દિલથી વર્તવું. *vt*. To make free: સ્વતંત્ર-છુટું મોકળું કo.

Free agency,(ફ્રી-એજેન્સિ)*n*.The state or the power of choosing:સ્વાધીનતા;સ્વતંત્રપણું.

Free-booter, (ફ્રી-બૂટર્) *n*. A robber:લૂંટારો.

Freed-man,(ફ્રીડ્મૅન્)*n*. *pl*. **Freed men**.A man who has been made a slave, and is manumitted:ગુલામગીરીમાથી છોડેલું માણસ.

Freedom (ફ્રીડમ્)*n* Liberty;independence: છુટાપણું;સ્વતંત્રતા;છુટ.2.Ease:સુગમતા 3.અમર્યાદા.

Free hold, (ફ્રી-હોલ્ડ્) *n*. An estate in real property of inheritance or for life: વતન; જાગીર.

Free-holder,(ફ્રી-હોલ્ડર્)*n*. One who owns an estate in fee-s mple,the possessor of a free-hold:જમીનદાર;જાગીરદાર;વતનદાર.

Freely, (ફ્રીલિ) *adv* Without restraint or compulsion:સ્વતંત્રતાથી;પુષ્કળ.

Free-man, (ફ્રી મૅન્)*n*.*pl*. **Free-men**. One not a slave or vassal:ગુલામ અથવા તાબાનો ન હોય એવો માણસ;સ્વતંત્ર હક ભોગવનાર માણસ.

Free mason, (ફ્રીમૅસન્)*n*. A member of an association consisting of persons who are united for social enjoyment and mutual assistance:એક બીજાને સંસર્ગનો લાભ લેવાને અને અરસપરસ સહાય કરવાને મળેલી ગુપ્ત સભા-મંડળીનો સભાસદ. [free from care:ફિકર વિનાનો.

Free minded,(ફ્રી-માઇન્ડેડ્)*a*.Having a mind

Free-school, (ફ્રી-સ્કૂલ્)*n*. A school where no tuition fees are charged:મફત શિખવાની નિશાળ.

Free-thinker, (ફ્રીથિન્કર્)*n* One who discards revelation; an unbeliever:શાસ્ત્રે ઈશ્વર પ્રણિત-કે ઈશ્વરોક્ત છે એવું નહિ માનનાર.

Freewill,(ફ્રી-ડવિલ્)*n* A will free from improper coercion: આપ અખત્યારી. *Doctrine of* **f**: પ્રયત્નવાદ. [cold:ઠરી-બંધાઈ જવું.

Freeze,(ફ્રીઝ્)*vi* To become congealed by

Freezing point,(ફ્રીઝિન્ગ્પૉઇન્ટ્)*n*.That degree of a thermometer at which a fluid begins to freeze:શિતોષ્ણમાપક યન્ત્રના જે બિંદુએ પ્રવાહિ પદાર્થ ઠરી જાય છે તે.

Freight,(ફ્રેટ્)*n*.Cargo: વહાણમાં ભરેલો માલ.2. That which is paid for the transportation of merchandise: વહાણમાં માલ લઇ જવા-

નું લાદું.*vt.*To load with goods:-માં માલ ભરવો.
French,(ફ્રેન્ચ્)*a.*[L.*franci.*] Pertaining to France or its inhabitants:ફ્રાન્સ અથવા ત્યાંના રહેવાશીઓને લગતું. *n.* The language spoken by the people of France:ફ્રેન્ચ ભાષા.
Frenzy,(ફ્રેન્ઝિ)*n.*Violent and irrational excitement:દિવાનાપણું;ગાંડપણું;આવેશ;ઝુસ્સો ઝનુન.
Frequence,(ફ્રીક્વેન્સ્)*n.*A crowd:ટોળું;મંડળી.
Frequency,(ફ્રીક્વેન્સિ)*n.* Occurrence often repeated:વારંવાર ફરીફરીને બનતો બનાવ.
Frequent, (ફ્રીક્વેન્ટ્) *a.* Often repeated or occurring: વારંવાર-ફરી ફરીને થતું બનતું. *vi.* To resort to often or habitually;to visit often: વારંવાર જવું-આવવું.
Frequentation,(ફ્રીક્વેન્ટેશન્)*n.*The habit of frequenting or visiting often:વારંવાર આવજા
Frequently,(ફ્રીક્વેન્ટ્લિ)*adv.* Often: વારવાર.
Frere,(ફ્રેર્)*n.*[L *frater.*]A brother:ભાઈ;બંધવ.
Fresh, (ફ્રેશ્)*a.* Sound; not faded: તાજું. 2. New;recently made or obtained:તાજું;તરતનું.3.Not salt: ખારું ન હોય એવું; મીઠું. *Fresh way*:વહાણની વધારેલી ઝડપ; વેગ;ગતી.*n.* *Pl.* A flood; an inundation:પૂર;રેલ.
Freshen,(ફ્રેશન્)*vt.*To make fresh:તાજું-મીઠું કo.*To f the way,*to increase the speed of a vessel:વહાણની ગતિ-વેગ વધારવો.
Freshet,(ફ્રેશેટ્) *n.* Inundation:રેલ;પુર.
Freshly,(ફ્રેશ્લિ)*adv.* Briskly;cooly:ચાલાકીથી.
Fresh-man,(ફ્રેશ્મૅન્)*n pl.* **Fresh-men.** A novice:તુરતનો શિખાઉ;નવો સવો,અણમાહિતગાર.
Freshness, (ફ્રેશ્નેસ્)*n.* The state of being fresh:તાજાપણું;મીઠાશ;નવાપણું-સંપૂર્ણતા;હોંશિયારી
Fresh-water,(ફ્રેશ્વૉટર્)*n.*Water not salt: મીઠું પાણી.2 Unskilled;raw:અણવાકેફ; અપ્રવીણ;કાચું;બીનમાહિતગાર.
Fret, (ફ્રેટ્)*vt.* To eat away;to corrode: કરડી ખાવું; ખાઇ જવું.2.To tease; to make angry: ખીજવવું;ચીડવવું.3.To ornament with raised work:ઉપસી આવે એવી કોતરણી-કામથી શણગારવું. *vi.* To be vexed;to be angry:ચીડાવું:ખીજાવું. *n.* The rippling on the surface of water પાણીની સપાટી ઉપર મોજાંનો અવાજ.
Fretful, (ફ્રેટ્ફુલ્) *a.* Ill-humored; peevish; angry:ચીડીયુ;મીજાજી;રીસ ચડે તેવું.
Fretwork,(ફ્રેટ્વર્ક્)*n.* Work adorned with frets:બહાર ઉપસી આવે એવું નકશી કામ.
Friability, (ફ્રાઇઍબિલિટિ)*n.* The quality of being friable:જલદીથી ભાંગી ભુકો થાય એવો ગુણ.
Friable,(ફ્રાઇઍબલ્)*a.*[L *frio,*I rub.]Easily reduced to powder:સેહેલથી ભૂકો થાય એવું.
Friar, (ફ્રાઇઅર્)*n.* A member of any religious order:ધર્માચારી પંથનો સાધુ.
Friary,(ફ્રાઇઅરિ)A monastery;a convent of friars:ફકિરોનું મકાન;મઠ;અખાડો;આશ્રમ;વિહાર.
Frible,(ફ્રિબલ્)*a.*[L *frivolus.*]Trifling;silly: હલકું;નજીવું;નાદાન. *n.* A coxcomb;a beau or fop:અક્કડબાજ.*vi.* To act frivolously: મૂર્ખાઈથી મૂર્ખપણે વર્તવું.
Friction, (ફ્રિક્શન્)*n.* [L.*frio,* I rub.] The act of rubbing the surface of body against that of another; attrition:ઘસારો.
Friday,(ફ્રાઇડે)*n.*The sixth day of the week, following Thursday:શુક્રવાર.
Friend,(ફ્રેન્ડ્)*n* A well-wisher;an intimate associate:મિત્ર;સાઈબંધ;સ્નેહી;દોસ્તદાર. 2. One of the religious sects called Quakers:ક્વેકર્સ લોકોનો ધર્મપંથ.*A f.at court or in court:*ખાસ પ્રસંગે મિત્ર તરીકે વર્તનાર; વગવસીલો.
Friendless,(ફ્રેન્ડ્લેસ્)*a.*Destitute of friends; wanting support,forlorn:મિત્ર વગરનો નિરાધાર; મિત્ર વગરનું;નિરાશ્રિત;અનાથ.
Friendliness,(ફ્રેન્ડ્લિનેસ્)*n.* A disposition to favor or befriend;good-will:સ્નેહભાવ;દોસ્તદારી;મિત્રતા.
Friendly, (ફ્રેન્ડ્લિ) *a.* Kind; favorable; disposed to friendship: માયાળુ; મિત્ર જેવું. 2. Amicable:મિલનસાર.
Friendship, (ફ્રેન્ડ્શિપ્) *n.* An attachment to a person:મૈત્રી;દોસ્તદારી;સ્નેહ;મિત્રાચારી;કૃપા.
Frieze,(ફ્રીઝ્)*n* A kind of coarse woolen cloth: એક જાતનું જાડું ઉનનું કપડું.
Frigate,(ફ્રિગેટ્)*n.*A ship of war:લડાઇનું વહાણ.
Fright,(ફ્રાઇટ્)*n.* Sudden and violent fear; terror;alarm:ફાળ;ધાસ્તી;ધ્રાસકો;દહેશત;બીક.
Frighten,(ફ્રાઇટન્)*vt.*To fright; to affright: ભડકાવવું;ડરાવવું;બીવરાવવું;ધ્રાસકો-ફાળ પાડવી.
Frightful, (ફ્રાઇટ્ફુલ્) *a.* Full of fright or terror;alarmed:ભયવાળું;બીન્હેલું;ભય પામેલું.
Frigid, (ફ્રિજીડ્) *a.* [L.*frigeo,*I grow cold.] Cold:ઠંડું;ટાઢું.*Frigid zone:*શીતકટિબંધ.
Frigidity, (ફ્રિજિડિટિ) *n.* Coldness; want of warmth:ઠંડક;ટાઢ;શિતળતા;હિમ;લુખાપણું;નિરસપણું.
Frill, (ફ્રિલ્) *n.* A ruffle: વસ્ત્રાંચળ; લુગડાંની કોરે કરેલી ચીણવાળી ચીપ.*vt.*To decorate with frills: ચળથી શણગારવું;કોરે કરચળીવાળી ચીપ જોડવી.
Fringe,(ફ્રિન્જ્)*n.*[L. *fimbria,* fiber;thread.] An ornamental appendage to the border of garments or furniture:ઝૂલ; ઝાલર. *vt* To adorn or border with fringe or a loose edging:ઝૂલ-ઝાલર લગાડવી.
Fripper,(ફ્રિપર્)*n.*One who deals in old clothes:જુનાં કપડાં વેચનાર.
Frippery, (ફ્રિપરિ)*n.* Old clothes: જુનાં ઉતરી ગયેલાં લુગડાં-પોશાક. 2. A place where old

clothes are sold: જે ઠેકાણે-જગ્યાએ જુનાં લુગડાં વેચાય છે તે.

Frisk,(ફ્રિસ્ક્)*vi* To leap:કુદવું;ઠેકવું; નાચવું.*n*. A frolic; a fit of wanton gayety: મઝા; રમત; ખેલ;આનંદ;કુદકારો.*a*.આનંદી;મોજી;ચપળ.

Friskly,(ફ્રિસ્ક્લિ)*adv*.Gayly;briskly:આનંદથી.

Friskiness,(ફ્રિસ્કિનેસ્)*n*.Gayety: આનંદીપણું.

Frisky,(ફ્રિસ્કિ)*a*.Frolicsome:ખુશમિજાજી;ચંચળ.

Frith,(ફ્રિથ્)*n*. A narrow arm of the sea;an estuary:ખાડી;અખાત.

Fritter,(ફ્રિટ્ટર)*n*. [L. *frigo*, I fry.] A small pancake of fried butter:પૂરી.2.A fragment: કકડો.*vt*.To cut meat into small pieces for frying:માંસને તળવાને માટે તેના ન્હાના કકડા કo. *To f.away*,to diminish:ઘટાડવું;નકામા ગુમાવવું

Frivolity,(ફ્રિવૉલિટિ)*n*.[L.*frio*, I crumble.] Triflingness:હલકાઈ;લઘુતા છિછરાઈ; છાલકાઈ.

Frivolous,(ફ્રિવૉલસ્) *a*. Of little worth or importance;slight:હલકું;જુજ;છાલકું;છિછરું.

Frizz,(ફ્રિઝ્)*vt*. To curl or form into small curls:ગુંચળું-કરચળી વાળવી.

Frizzle,(ફ્રિઝલ્)*vt*.To curl:નાનાં ગુંચળાં વાળવાં.

Fro ,(ફ્રો)*adv* From;away;back or backward: ત્યાંથી અહીં;પાછું.*To & f*.:આમતેમ;અહીંતહીં.

Frock,(ફ્રૉક્)*n*.[L.*floccus*,a flock of wool.]An upper coat;an outer garment:ઝબ્બો;અંગરખું.

Frock-coat,.(ફ્રૉક-કોટ્)*n*.A bodycoat for ordinary wear: વિલાયતી અંગરખો ઝબ્બો.

Frog,(ફ્રૉગ્)*n*.An amphibious animal:દેડકો.

Frolic,(ફ્રૉલિક)*n*.A wed prank:મોજ;મઝા;રમત; ગેલ *vi*.મોજ મારવી;રમત-મઝા-ખેલ કo.

Frolicking,(ફ્રૉલિકિંગ્)*a*. or *p. p*. Dancing; gay;sportive:નાચતું;રંગીલું;મોજી;રમતીઆળ.

Frolicsome,(ફ્રૉલિક્સમ્)*a*.Full of gayety and mirth;sportive:ખુશમિજાજી;નાચતું;કુદતું;રમુજી.

From,(ફ્રૉમ્)*prep* Out of the neighbourhood of;by reason of;out of: પાસેથી; માંથી-ની મદદથી;થી;થકી.

Front,(ફ્રન્ટ્)*n*.[L. *frons*.] (*a*) The forehead or brow:લલાટ;કપાળ; ચ્હેરો;મ્હોડું 2.The fore or foremost part:મુખભાગ;મોખરો વેરા.3.The most conspicuous part: મોખરો ; મુખ્યભાગ. **F.** *of operations*:લશ્કર જ્યારે કુચ કરે ત્યારે તે લશ્કરનાં આગલાં માણસો *vt*. To oppose face to face: સામે સમક્ષ-રૂબરૂ થવું. *a*. Relating to the forward part;foremost: આગલા ભાગનું.

Frontage,(ફ્રન્ટેજ્)*n*.The front part of an edifice or lot:ઇમારતનો આગલો ભાગ-મ્હોડું;મુખ ભાગ.

Frontal,(ફ્રૉન્ટલ્)*a*.[L *frons*, forehead.] Belonging to the forehead:કપાળનું સંબંધિ.

Frontier,(ફ્રૉન્ટીર્)*n*.[L.*frons*,front.]The border or confine of a country: સરહદ. *a*. Bordering:સરહદપર આવેલું.

Frontispiece,(ફ્રૉન્ટિસ્પીસ્)*n*. [L. *frons*,& *specio*,I look.](*a*)The principal face or front of a building: ઘરનો આગલો ભાગ. (*b*) An ornamental figure fronting the first page of a book:ચોપડીની શરૂઆતમાં-પહેલે પાને મુકેલું ચિત્ર.

Frontless,(ફ્રન્ટ્લેસ્)*a*.Shameless:બેશરમું;નફટ.

Frontlet,(ફ્રન્ટ્લેટ્) *n*. A fillet:કપાળપાટી.

Frost,(ફ્રૉસ્ટ્)*n*. The act of freezing:ઠરી-બંધાઈ જવું તે. 2. Severe cold:સખત ટાઢ.3. Frozen dew:હિમ. *vt*.To injure by frost:-હિમથી બિગાડ કo.

Frost-bitten,(ફ્રૉસ્ટ્બિટ્ન)*p. a*. Nipped or withered by frost: ટાઢથી કરમાઇ ગયેલું.

Frostiness,(ફ્રૉસ્ટિનેસ્)*n*.Freezing cold:હીમ.

Frosty,(ફ્રૉસ્ટિ)*a*.Having power to congeal water:પાણીનું બરફ કરી નાંખે એવું.

Froth, (ફ્રૉથ્) *n*. Spume; foam: ફીણ. *vt*. To cause to foam:ફીણ થાય તેમ કo. 2.To cover with foam:ફીણથી ઢાંકી નાંખવું.

Frothy,(ફ્રૉથિ) *a* Spumous;foamy:ફીણવાળું.

Frounce,(ફ્રાઉન્સ્)*vt*. [L. *frons*, forehead.] To form wrinkles in or upon; to gather into plaits: કરચલી-ગુચ્છળાં વાળવાં.*vi*.To form wrinkles in the forehead: કપાળમાં કરચલી વળવી.*n* A wrinkle or curl:ગુંછળું.

Flouzy,(ફ્લાઉઝિ)*a*.Fetid;musty:ઉતરી ગયેલું.

Frouziness,(ફ્રાઉઝિનેસ્)*n*. The state of being fetid or musty:બોરાસ;ગંધાતો વાસ.

Froward,(ફ્રોવર્ડ્)*a*.Perverse:હઠીલું; મમતીલું.

Frowardness,(ફ્રોવર્ડનેસ્)*n*.Reluctance to yield;disobedience:હઠ;મમત;જીદ; આડાઈ.

Frown, (ફ્રાઉન્) *vi*. To scowl:ડોળા કાઢવા. *vt*. To rebuke with a look: ડોળા ચઢાવીને ઠપકો દેવો-વઢવું. *n* A wrinkling of the brow in displeasure:નાખુશી-નારાજીમાં ભવાં ચઢાવવાં તે.

Frowningly,(ફ્રાઉનિંગ્લિ)*adv*.Sternly;with a look of displeasure:ડોળા કાઢીને; ગુસ્સાથી.

Fructiferous,(ફ્રક્ટિફેરસ્)*a* [L *fructus*,fruit & *fero*,I bear.]Bearing or producing fruit: ફળ આપતું;ફળવાન.

Fructify,(ફ્રક્ટિફાઇ)*vt*. [L *fructus*, fruit and *facio*,I make.]To make fruitful:ફળદ્રુપ કo.

Frugal,(ફ્રુગૅલ્)*a* [L.*frugi*;useful.]Sparing economical;saving:કરકસરીયું;કરકસર કરનાર.

Frugality,(ફ્રુગૅલિટિ)*n*. Prudent economy; good husbandry or house wifery:કરકસર.

Frugiferous,(ફ્રુજિફેરસ્)*n*. Fruitful;fructiferous:ફળવાન;ફળ આપતું.

Fruit,(ફ્રુટ)*n*. [L. *fruor*,I enjoy.] That part of plants which contains the seed:ફળફળાદિ ફળ;મેવો.2. Evil consequence or effect: ખ-

લાભ પરિણામ.

Fruitage,(ફ્રૂટેજ્)*n.*Various fruits;fruitery: જુદી જુદી જાતનો મેવો;મેવાની જાત; ફળફળાદિ.

Fruiterer,(ફ્રૂટરર)*n.*One who deals in fruits a seller of fruits:ફળ વેચનાર; મેવાવાળો.

Fruitful,(ફ્રૂટફુલ્)*n.*Full of fruits;prolific;fertile;liberal;bountiful:રસાળ;ફળદાયક; ઉત્પાદક.

Fruitfulness'(ફ્રૂટફુલ્નેસ્)*n.*Productiveness fertility;fecundity:ફળદ્રુપપણું;સફળતા;સાફલ્ય.

Fruition,(ફ્રુઇશન્)*n.*[L.*fruor*,I enjoy.]Use or possession:ઉપભોગ;ભોગવટો;ભોગ.

Fruitless, (ફ્રૂટલેસ્) *a* Barren;destitute of offspring:વાંઝિયું;છોકરાં વિનાનું.2.Vain:નિષ્ફળ.

Frument,(ફ્રુમેન્ટ્) *n.* A pudding made of wheat and milk:દૂધમાં ઘઉં ઉકાળી કરેલી ખીર.

Frump,(ફ્રમ્પ્) *n.* A contemptuous speech: તિરસ્કારભરેલું ભાષણ;તિરસ્કાર.2.A cross-tempered or old fashioned female:આડા સ્વભાવની અથવા જુના વિચારની સ્ત્રી.*vt* To insult:અપમાન ક૦.

Frush,(ફ્રશ)*vt.*To bruise or dash violently to pieces:જોરથી અફાળીને કકડે કકડા કરી નાંખવા *n.*Noise of things dashing together:ચીજો સામાસામી અફળાવાથી થતો અવાજ.

Frustrate,(ફ્રસ્ટ્રેટ્)*vt.*[L*frustra,* in vain.] To disappoint;to defeat;to baffle:નિરાશ ક૦.

Frustration,(ફ્રસ્ટ્રેશન્)*n.* Disappointment; defeat:આશાભંગ;નાઉમેદી;નિષ્ફળતા.

Fry(ફ્રાઇ)*vt.*[L*frigere*]To cook and prepare for eating in a frying-pan:તળવું;ભુંજવું;શેકવું

Frying pan,(ફ્રાઇંગ્પૅન્)*n.*A pan with a large handle used for frying:મોટા હાથાવાળો પેણો.

Fub,(ફબ્)*n.*A plump young boy:જાડો જુવાન છોકરો.*vt.*To delay;to cheat:ઢીલ-વાર ક૦;છેતરવું.

Fuddle,(ફડલ્)*vt.*To make foolish by drink, to cause to becomeintoxicated:છાકટું-મસ્ત ક૦

Fuddled,(ફડલ્ડ્)*a* Intoxicated:છાકટું.

Fuel,(ફ્યૂએલ્)*n.*[L*focus*,hearth.]Anything which serves as ailment to fire:બળતણ;ઇંધણ;કાઠી 2. Anything that serves to increase flame:જેથી ભડકો વધે તે. *To add f to the flame*:બળતામાં ઘી હોમવું.

Fugacious,(ફ્યૂગેશસ્)*a.* [L *fugeo,* I flee.] Flying or disposed to fly:ક્ષણિક, જતું રહેતું.

Fugacity,(ફ્યૂગૅસિટિ) *n.* The quality of being fugacious:ઉડી જવાનો ગુણ 2.Uncertainty; instability:અનિશ્ચિતપણું;સંગુરતા; અસ્થિરતા.

Fugitive, (ફ્યૂજિટિવ્) *a.* Escaping from duty:ફરજ નોકરી અથવા ભયમાંથી સટકી જતું.*n.* A deserter:સટકી નાશી જનાર.

Fulcrum, (ફલ્ક્રમ્)*n.*[L. *fulcio,* I prop up.] A prop: ટેકો. 2 That by which a lever is sustained:ઉચ્ચાલનની નીચે મૂકેલો ટેકો.

Fulfil,(ફુલ્ફિલ્)*vt.*To fill up:ભરવું; પુરૂં ક૦.2.To accomplish or carry into effect: બજાવવું; પુરૂં પાડવું;પાળવું;અદા કરવું;બર લાવવું.

Fulfilment, (ફુલ્ફિલ્મેન્ટ્) *n.* Accomplishment;completion:સિદ્ધિ;સંપૂર્ણતા;પૂર્ણતા.

Fulgency,(ફલ્જેન્સિ)*n.*[L *fulgeo,* I shine.] Brightness;splendor;effulgence:ચળકાટ;પ્રકાશ

Fulgent,(ફલ્જેન્ટ્)*a.* Shining:પ્રકાશિત.

Full,(ફુલ્)*a.*Filled up:ભરેલું 2. Copious:પરિપૂર્ણ 3 Ample:ભરપુર.4 Complete; perfect: સકળ;સંપૂર્ણ.f.*brother & sister*:સગાભાઈ બ્હેન f *swing*,free course:પુરેપુરૂ.*adv.*Quite:બરાબર.

Full-blown,(ફુલ્બ્લોન્)*a.* Fully expanded: પુરેપુરૂં ખીલેલું;પ્રફુલ્લ;વિકસિત;પ્રસ્ફુટ.

Full-dress,(ફુલ્-ડ્રેસ્)*n.*A complete dress or costume:સોળે શણગાર;પાંચે પોશાક.

Fuller,(ફુલર) *n.* One whose occupation, is to full cloth:લુગડાંને સાફ અને ઘટ કરનાર ધોબી.

Full-eyed, (ફુલ્આઇડ્) *a.* Having large or prominent eyes:મૃગલોચની [ખું;ભર્યું.

Full-length,(ફુલ્લેન્ગ્થ)*a.* Whole;entire:આ-

Fullness,(ફુલ્નેસ્)*n.*Completeness:તૃપ્તિ.

Fully,(ફુલિ)*a.*Completely:બરાબર;સંપૂર્ણ રીતે.

Fulminate,(ફલ્મિનેટ્)*vi.*[L *fulmen,*thunderbolt.]To make a loud,sudden noise:એકદમ મ્હોટા અવાજથી ફુટવું.2 To utter or send forth censures with violence: સત્તાથી ઠપકો-ધમકી દેવી. *vt.* To cause to explode: મ્હોટો અવાજ થાય તેમ ક૦. [ing:ટંટાળો ઉપજાવે એવું.

Fulsome,(ફલ્સમ્) *a.* Full: ભરપુર.2. Offend-

Fulsomeness,(ફલ્સમ્નેસ્)*n.*Nauseousness; offensive grossness:નાખુશી:ખુશામતિઆપણું.

Fulvid-Fulvous,(ફલ્વિડ્-ફલ્વસ્) *a.* [L. *fulvus.*]Tawny;dull yellow,with a mixture of gray and brown:પીળું;બદામી.

Fumble,(ફમ્બલ્) *vi.* To make awkward attempt:ફાંફાં મારવાં.2.To grope about: ગુંચવણમાં પડીને ફાંફાં મારવાં. 3. To play childishly: છોકરાની પેઠે રમવું.*vt* To manage awkwardly: બેડોળપણે-અણઘડ રીતે કારભાર ક૦.

Fumbler,(ફમ્બ્લર)*n.*One who fumbles,gropes, or manages awkwardly:અનાડી માણસ.

Fume,(ફ્યૂમ્)*n.*[L *fumus,*smoke.] Smoke; reek;vapour:ધુમાડો; ધુણી; વરાળ; બાફ. *vi.* To smoke:ધુમાડો નિકળવો.*vt* To smoke:ધુમાડો કહાડવો.

Fumigate (ફ્યૂમિગેટ્)*vi.*To apply smoke to; to expose to smoke:-ને ધુણી આપવી. 2. To smoke:ધુમાડો દેવો

Fumigation,(ફ્યૂમિગેશન્)*n.* The act of applying smoke for various purposes: જુદા જુદા હેતુઓને માટે ધુણી આપવી-દેવી તે.[માડાવાળું.

Fumy, (ફ્યૂમિ)*a* Full of vapor; vaporous:ધુ-

Fun,(ફન્)n.Sport;merriment:મઝા;મશ્કરી;ટિખલ.
Funambulist, (ફ્યૂનૅમ્બ્યૂલિસ્ટ્) n A rope walker or dancer:દોરડાં ઉપર ચાલનાર-નાચનાર.
Function,(ફન્ગ્ક્શન)n.[L.*functus* performed.]The appointed action of any special organ:કામ;કર્મ;ક્રિયા;અધિકાર;ફરજ 2.Power:શક્તિ.
Functionary, (ફન્ગ્ક્શનૅરિ) n One charged with the performance of a function:અધિકારી;અમલદાર.
Fund,(ફન્ડ્)n [L *fundus*, bottom.] A stock or capital:ભંડોળ;આપણું;મુડી.2.A supply:ભંડાર; પુંજી vt.To place in a fund:ફંડમાં ભરવું.
Fundament, (ફન્ડૅમેન્ટ્) n. [L.*fundus*,bottom.]Foundation:પાયો;બેસણી;ગુદા;ગાંડ.
Fundamental,(ફન્ડૅમેન્ટૅલ્)a.Important;original;elementary:અગત્યનું;મુખ્ય;પ્રધાન;સારભૂત મૂલ.F.*cause*:મૂલકારણ.
Funds,(ફન્ડ્ઝ્)n.(*pl.*)The stock of a national debt;public securities: સરકારને ધીરેલા પૈસા.
Funeral (ફ્યૂનરૅલ્)n.The ceremony of burying a dead human body:મુડદાને દાટવાની ક્રિયા. 2. The procession of persons attending the burial of the dead:.દાટતી વખતે જે માણસો હાજર હોય તે માણસોનું જથું તે.a.Pertaining to burial:મુડદાને દાટવાની ક્રિયા સંબંધી.
Fungous,(ફન્ગસ્)a.[L.*fungus*,mushroom]. Soft;spongy:નરમ;વાદળી જેવું.
Fungus,(ફન્ગસ્)n.L *pl*.**Fungi**[L *fungus*, mushroom.]A spongy morbid granulation; વાદળી જેવી વરસોળી-ગાંઠ.કુતરાની ટોપી.
Funicle,(ફ્યૂનિકલ્)n.[L *funis*,cord.]A small cord: ન્હાનું બારીક દોરડું. 2. The little stalk: ન્હાની ડાંખળી.
Funk,(ફન્ક્)n.An offensive smell:ખરાબ વાસ; દુર્ગંધ.vt.To infect with an offensive smell: ખરાબવાસ-દુર્ગંધથી ખરાબ કo.
Funnel, (ફનેલ્) n. [L.*in* & *fundo*,I pour.] A vessel for conveying fluids into close vessels;a tunnel:ગરણી;ગલણી. 2. The shaft or hollow channel of a chimney:ધુમાડીયું.
Funny,(ફનિ)a Droll;comical:મશ્કરું;રમુજી.
Fur, (ફર્) n.The short,soft hair of certain animals: રૂઆં. vt. To cover with fur:રૂવાંટીથી ઢાંકવું.
Furbish,(ફર્બિશ્)vt.To polish:ઓપવું;સિકલ કo; ઉજળવું 2. To prepare for use: કામમાં આવે તેટલા માટે તૈયાર કo.
Furcate,(ફર્કેટ્)a. [L *fucea*,fork.]Branching like the prongs of a fork:અણીદાર.
Furdle,(ફર્ડલ્)vt.To draw up into a bundle; to constrict:ખેંચી બાંધવું;વિંટાળવું.
Furious, (ફ્યુરિઅસ્)a. [L.*furia*,rage.]Raging;violent:ગુસ્સામાં આવેલું;ક્રોધાયમાન;ગાંડું.
Furiously, (ફ્યુરિઅસ્લિ) *adv*. In a furious manner:ગાંડાઇ-ગુસ્સાથી ક્રોધથી[ટાળવું;લપેટી દેવું.
Furl,(ફર્લ્)vt.To draw up;to wrap or roll:વીં-
Furlong, (ફર્લૉન્ગ્) n. The eighth part of a mile:એક માઇલનો આઠમો ભાગ. [રહેવાની રજા.
Furlough,(ફર્લો)n.Leave of absence:ગેરહાજર
Furance,(ફર્નૅસ્)n.[L.*fornax*,an oven.]An inclosed place where a hot fire is maintained for melting ores,metals,&c.:ભઠ્ઠી.
Furnish, (ફર્નિશ્) vt. To supply with anything necessary:પુરૂં પાડવું;જોઈતી વસ્તુ આપવી; જ્ઞાન આપવું;તૈયાર કo.
Furniture, (ફર્નિટ્યુર્) n. Supply of necessary articles for any business or residence: સરસામન મુકી તૈયાર કo તે.2.Chattels;movables:સામાન;સરંજામ;સાહિત્ય;રાચ રચિલું;ઘરવખરો.
Furor,(ફ્યૂરૉર્)n.[L *fureo*,I rage.] Fury:ગુસ્સો;ગુસ્સો;ક્રોધ;આવેશ;ઝનુન. [વેચનાર.
Furrier,(ફરિઅર્)n.A dealer in furs:રૂઆં
Furrow,(ફરો)n.A trench in the earth made by a plough:હળ ફેરવવાથી જમીનમાં પડેલો ચાસ. 2.A wrinkle on the face:ચેહેરાપર પડેલી કરચલી.vt.To cut a furrow in;to plough:ખેડવું.
Furry,(ફરિ)a.Covered with fur:રૂઆંથી ઢાંકેલું. 2.Consisting of fir:રૂઆંનું બનાવેલું.
Further, (ફર્ધર્)a. More remote:ઘણે આઘે.2. Additional:વધારા-ઉમેરાનું.*adv*.Moreover:વળી. vt.To promote:to assist:.વૃદ્ધિ થાય તેમ કo.
Furtherance,(ફર્ધરૅન્સ્)n. The act of helping forward; advancement:સહાય-મદદ વૃદ્ધિ આપવી તે. [over;besides:વળી;બીજું;તે ઉપરાંત.
Furthermore,(ફર્ધર્ મૉર્)*adv*.or *conj* More-
Furthermost, (ફર્ધર્ મૉસ્ટ્)a. Most remote; furthest:સૌથી આઘે-દૂર.
Furtive,(ફર્ટિવ્)a [L *furtum*,theft.]Stolen; obtained by stealth:ચોરેલું;ચોરીથી મળેલું.
Fury,(ફ્યૂરિ)n.[L.*fureo*,I rage.]Violent passion; extreme excitement:ઝપાટો;સપાટો.2. ક્રોધ આવેશ;.ઝનુન;ઝાંઝ.
Fuse,(ફ્યૂઝ્)vt.[L *fundo*,I pour.]To render fluid:ગાળવું;ઓગાળવું.vt.To melt:ગાળવું.
Fusee,(ફ્યૂઝી)n.[L *fusus*,spindle.]The conical wheel or cone of a watch or clock:સાંકડી વિંટવાનો ઘડીઆળનો એક ભાગ. [શ પડતુ.
Fuseous,(ફ્યૂઝિઅસ્)a Blackish;darky:કાળા.
Fusibility, (ફ્યૂઝિબિલિટિ)n. The quality of being fusible:ઓગળવાનો ગુણ.
Fusil, (ફ્યૂસિલ્) n. [L. *focus*,hearth.] a.[L. *fundo*,I pour]Capable of being melted: ગળવાલાયક;ગળાય-ઓગળે એવું.
Fuss,(ફસ્)n. A tumult;a bustle:ધાંધલ;ધાં-

ધમ;ગડબડ.*vt.*To make a bustle:ગડબડાટ કo.

Fussy, (ફસિ)*a.* Disposed to make unnecessary ado about trifles:ધાંધલખોર;ધાંધલીઓ.

Fust,(ફસ્ટ્)*n.*[L.*fustis*,stick.]The shaft of a column:થાંભલા સ્તંભની દાંડી.

Fustian,(ફસ્ટિઅન્)*n.*A kind of coarse twilled cotton stuff:જાડું સુતરેલ કાપડ.

Fustigate, (ફસ્ટિગેટ્)*vt.* [L.*fustis*,stick.] To beat with a stick:લાકડીથી મારવું.

Fustiness, (ફસ્ટિનેસ્)*n.* An ill smell from mouldiness:ખોરાસ;ફુગ;ગંધ.

Fusty,(ફસ્ટિ)*a.*Mouldy;musty:ખોરૂં:ગંધાતુ.

Futile, (ફ્યૂટાઇલ્) *a.* [L. *futilis*,that easily pours out.]Talkative; loquacious:વાતોડીયું. 2.Of no importance; useless; trifling:નકામું;હલકું;નજીવું;નિરૂપયોગી;વ્યર્થ;મિથ્યા.

Futility, (ફ્યૂટિલિટિ) *n.* Talkativeness; loquacity: વાતોડીયાપણું; બહુ બોલકણાપણું. 2. Triflingness;uselessness:નિરૂપયોગ;નકામાપણું.

Future,(ફ્યૂટ્યૂર્)*a.* [L *esse*,to be] About to be: ભવિષ્યનું. **F.**tense: ભવિષ્યકાળ.*n.*Time to come:ભવિષ્યનો વખત.

Futurity,(ફ્યૂટ્યૂરિટિ) *n.* State of being yet to come:ભવિષ્યની સ્થિતિ. 2. Future time:ભવિષ્યકાળ;ભાવી;ભવિષ્યકાળ.

Fuzz,(ફઝ્)*vt.*To make drunk:પીધેલ છાકટા બનાવવું-કo.*vi.*To fly off in minuter particles: ઝીણી ઝીણીરજ-બારીક કચરો થઇને જવું ઉડી જવું.

Fy-Fie, (ફાઇ-ફાઇ)*nt* A word which expresses blame,dislike or contempt:છટ;છીટ.

G.

G,(ગ્)The seventh letter and the fifth consonant, of the English Alphabet.It has two sounds,one simple &other compound:ઇંગ્રેજી મુળાક્ષરનો સાતમો અને વ્યંજનનો પાંચમો અક્ષર;એના બે ઉચ્ચાર થાય છે,'ગ્'અને'જ'.2.The fifth tone of the model scale:સારીગમનો પાંચમો સુર.

Gab, (ગૅબ્)*n.* (*a*) The mouth:મ્હોડું. (*b*) Idle prate:બકવા;લવારો 2. The hook on the end of an eccentric rod: આંકડી;હુક. *vi.* To talk idly:લવારો કo.2. To lie:જુઠું કહેવું.

Gab-ble,(ગૅબલ્)*vi* To talk fast or without meaning:લવારો કo.2.To utter inarticulate sound with rapidity:ઉતાવળથી(પક્ષીઓનું)બોલવું.A rapid meaning-less talk:બકબક.

Gaberlunzine,(ગૅબર્લન્ઝિન્)*n* A beggar:ભિક્ષુક;ભિખારી;માગનારો.

Gabionnade,(ગૅબિઑનેડ્)*n.* A parapet formed of gabions:છાતીપૂર ઉંચો ધોરો; વંડો

Gable,(ગેબલ્)*n.* [L *gabalus*,'a kind of gallows.] The vertical triangular portion of the end of a building from the level of the cornice or eaves to the ridge of the roof:ઘરની ટોચનો કીનારી ઉપરનો ત્રિકોણાકારનો કરાનો ભાગ.

Gablet, (ગેબ્લેટ્) *n.* The small canopy for Gothic tabernacle work: દેવસ્થાન કે ગોખનો ઉપરનો ભાગ;ચંદરવો.

Gaby,(ગૅબિ)*n.*A simpleton.મૂર્ખ;બેવકુફ.

Gad,(ગૅડ્) *n* The point of a spear: ભાલાની અણી; ભાલોડું.2. A rod or stick: સોટી; લાકડી. *Upon the* **g.**, upon the spur of the moment:તરતજ;તત્કાળ;તે ક્ષણે *vi.*To walk about:ભટકવું

Gad-about,(ગૅડ્-અબાઉટ્)*n* A gadder:રખડાઉ.

Gad-fly,(ગૅડફ્લાઇ)*n.pl.* **Gadflies**.An insect which stings cattle:બગાઇ;ડાંસ.

Gaditanian,(ગૅડિટેનિઅન્)*a* [L *gades*,Cadiz] Of or relating to Cadiz:કેડીઝ શેહેર અગર ત્યાંના લોકોનું સંબંધિ.*n.* A native or inhabitant of Cadiz:કેડીઝનો રહીશ-રહેવાશી. [તક;કલહંસ.

Gad-wall,(ગૅડ્વોલ્)*n.* A large duck:મોટી બ-

Gaff,(ગૅફ્) *n.* A light spear used by fishermen: મછી મારવાનો નાનો ભાલો. *vt.* To strike with a gaff:મછી મારવાનો ભાલો મારવો.

Gaffer, (ગૅફર્) *n.* An old fellow; an aged rustic:વૃદ્ધજન-પુરૂષ.

Gaffle, (ગૅફલ્) *n.* An artificial spur:મરઘાને લડતી વખત પહેરાવવાનો કૃત્રિમ નખ.2.A lever to bend cross bows:કામઠાં આડાં વાળવાનો ઉથાયંત્ર.

Gafol,(ગૅફોલ્)*n.*[L.S *gaful*,rent]Rent or income;tribute:ભાડું;આવક; જકાત;દાણ;કર.

Gag, (ગૅગ્) *n.* Something thrust into the mouth or throat to hinder speaking:બોલતા બંધ કરવાનો ડુંચો.*vt.* To stop the mouth of, by thrusting something in so as to hinder speaking:ડુંચો મારી મ્હોં બંધ કo.*vi.*To heave with nausea:ઓકારી ખાવી.

Gage,(ગેજ્)*n.*[L.*vas,vadis*,bail.] A pledge; security:જામીનગીરીમાં મૂકેલી ચીજ.*vi.*To pawn or pledge: સાનમાં મુકવું. *n.* A measure or standard:માપ.*vi.*To measure:માપવું.

Gaggle,(ગૅગલ્)*vi.*To cackle:હંસનાદ કo. *n.*A flock of wild geese:જંગલી હંસનું ટોળું.

Gaiety,(ગૅઇટિ)*n.pl.* **Gaieties** Merriment: ખુશાલી;હરખ;હર્ષ;આનંદ 2 Finery:શોભા.

Gaily,(ગેલિ)*adv* Merrily;showily: ખુશી-ખુશાલીથી;આનંદ-ડુંબથી.

Gain,(ગેન)*n* Advantage:લાભ;નફો;હાંસલ;લહાણુ મળતર.2.The obtaining of profit:ફાયદો મેળવવો તે. *vi.* To obtain:કમાવું-પ્રાપ્ત કo.2.To be successful in:જય મેળવવો;જીતવું.3 To reach પહોંચવું *To gain ground*,to make progress વૃદ્ધિ થવી;જામવું.*To* **g.** *over*, to draw to one's

party or interest:to win over:મેળવી લેવું.*vi.* To acquire profit:સુખની પ્રાપ્તિ થવી.
Gainable,(ગેનૅબલ્)*a.*Capable of being obtained or reached:મેળવી શકાય-હાથ લાગે એવું.
Gainage,(ગેનેજ્)*n.*(*a*) The horses,oxen-plows, wains or wagons and implements of carrying on tillage: ખેતીવાડીના કામમાં આવતાં ઘોડા, બળદ, હળ,ગાડાં વિગેરે ઓજારો. (*b*) The profit made by tillage:પાક.
Gainer,(ગેનર્)*n.*One who gains:કમાઉ;કમાનાર.
Gainful,(ગેનફૂલ્)*a.*Profitable:લાભકારક.
Gainings,(ગેનિન્ગ્ઝ્)*n.Pl.*Acquisition made by labor:પ્રાપ્તિ; કમાઇ,ઉપાર્જન;સંપાદન.
Gainsay,(ગેન્સે)*vt* [*Imp* & *p p.***Gainsaid.** To contradict:વિરૂદ્ધ પડવું.
Gainsayer, (ગૅનસૅઅર્)*n.*One who contradicts:સામે થનાર;ઉલટું બોલનાર.
Gair fowl,(ગૅર્-ફાઉલ્) *n.* The great ank:એક જાતનું મોટું જળચર પ્રાણી.
Gairish,(ગૅરિશ્)*a.*Showy;ostentatious: દેખાવડું;શોભીતું;ભભકાદાર;દબદબાવાળું.
Gait,(ગેટ્) *n.* Manner of walking or stepping:ચાલવાની રીત ઢબ.
Gala,(ગૅલૅ)*n.*Pomp:ઉત્સવ;આનંદ; ઉત્સવ દિવસ.
Gala-day,(ગૅલૅ-ડે)*n.*A day of festivity: ખુશાલીનો દિવસ;સપરમો દિવસ;તહેવાર;પર્વદિવસ.
Galactic,(ગૅલૅક્ટિક્)*a* [Gr. *galaktos*, milk.] Pertaining to milk;got from milk:દુધનું;દુધનું બનેલું.2 Of,or pertaining to the galaxy or Milky way:આકાશ ગંગા સંબંધિ-નું,
Galactin,(ગૅલૅક્ટિન્)*n* A milky or waxy substance:દુધીયું;દુધવાળી ચિકણી વસ્તુ.
Galactometer,(ગૅલૅક્ટૉમીટર્)*n.* A lactometer:દુધ પરિક્ષક યંત્ર.
Galactophagist,(ગૅલૅક્ટૉફૅજિસ્ટ્)*n.* One who eats,or subsists on milk:દુધાહારિ.
Galaxy,(ગૅલૅક્સિ)*n.*[Gr.*galaktos*, milk.] The milky way:આકાશગંગા;સુર નદી;દુધગંગા. 2. A splendid assemblage of persons or things: પદાર્થો અથવા મહાન પુરૂષોનો સમુદાય.
Gale,(ગૅલ્) *n.* A strong current of air:પવનનો સપાટો લહેર *Gale day*,the day on which rent or interest is due:જે દિવસે ભાડા અથવા વ્યાજની મુદત થાય તે.
Galea,(ગેલીઍ) *n.* The upper part of a labiate flower:એક જાતના ફુલનો ઉપરનો ભાગ. 2. A kind of bandage for the head:માથાનો પાટો
Galena,(ગૅલીનૅ)*n.* [L *galena.* lead ore.] A remedy for poison: ઝેરનો ઉતાર-ઉપાય-ઇલાજ. 2 Lead sulphide:સીસાનો રસ.
Galilee,(ગૅલિલી) *n* A porch or waiting room:સભા-રંગમંડપ.
Galimatias,(ગૅલિમૅશિઍસ્)*n* Nonsense;unmeaning talk:અનર્થક-અસંગત વાર્તા;બકવા
Galiot,(ગૅલિઑટ્)*n.*A small galley:નાની હોડી.
Galipot,(ગૅલિપૉટ્)*n.* A white resinous juice found flowing from fir:દેવદાર કે સનોબર જાતના ઝાડમાંથી ઝરતો રસ.
Gall,(ગૉલ્) *n.* The bitter fluid; a viscid: પિત.2. The gall bladder:પિતની કોથળી.
Gall,(ગૉલ્)*n.*[L. *galla.*] An excrescence of any form produced on any part of a plant by insects:ઝાડના કોઇ પણ ભાગ ઉપર જીવડાંએ ઉત્પન્ન કરેલી કોઈ આકારની ગાંઠ-શળો. *vt.* To fret and wear away by friction: ઘસીને ચામડી ઉખેડવી.2.To impregnate with a decoction of gallnuts:માયાફળનો ઉકાળો કરીને માંહે ભેળવવું.
Gallant, (ગૅલૅન્ટ) *a.* Showy: સુશોભિત. 2. Heroic: ધૈર્યવાન; બહાદુર. *n.* A man of mettle or spirit;a gay fashionable man:ફક્કડ;છેલ લાલ;જુવાનીયો;દમ; હિમતવાળો માણસ આદમી. 2. One who wooes;a lover;a suitor:આશક.
Gallantly, (ગૅલૅન્ટલિ) *adv.* Bravely: બહાદુરીથી; સ્રીસન્માન પૂર્વક.
Gallantry, (ગૅલૅન્ટ્રિ) *n.* Splendor of appearance: ભપકો. 2. Bravery: શૌર્ય; બહાદુરી. 3. Gallant persons:બહાદુર માણસો.
Gallery, (ગૅલરિ) *n.* (*a*) room for the exhibition of works of art: ચિત્રાલય. (*b*) An important collection of paintings,&c:ચિત્રમાળા;ચિત્રાવલિ;પરસાળ 2.A long and narrow platform attached to one or more sides of a public hall:ચઢઉતર બેઠકો;ગેલરી.
Galley, (ગૅલી) *n.* A low,flat built vessel:નીચી ચપટી બાંધેલી હોડી. 2. A frame which receives the types from the composing stick:ગોઠવેલાં ટાઇપ મુકવાનો તકતો-ચોકઠું;ગેલી.
Galliard,(ગૅલ્યાંર્ડ્)*a.* Gay:આનંદી.*n.* A brisk man:ચાલાક-શાનવાળો માણસ.
Gallipot,(ગૅલિપૉટ્)*n.*A small glazed earthen pot or vessel used by druggists for containing medicines: દવા વસાણા મુકવાની એક જાતની માટલી;બરણી.
Gallon,(ગૅલન્)*n.*A measure of capacity for liquids and containing four quarts:પ્રવાહિ પદાર્થોનું ભરત કરવાનું માપ;ગ્યાલન.
Gallop, (ગૅલપ્) *vi.* To move or run with leaps or bounds:કુદકાર અથવા ટેકડા મારીને દોડવું *n.*A mode of running with bounds or rapidly: ચાર પગની દોડ; ભરદોળ; છારફાળ.
Gallopade,(ગૅલપેડ્)*n.* A kind of dance:એક જાતનો નાચ.
Galloway,(ગૅલોઉવે)*n.*A horse or species of horses,of a small size:નાનો ઘોડો;વછેરો;બટુ;ટટ્ટુ.

Gallows,(ગૅલોઝ્) *n. pl* also **Gallows-es** An instrument of punishment on which criminals are executed by hanging:શુળી; ફાંસીનું લાકડું;વધસ્તંભ.

Galvanic,(ગૅલ્વૅનિક)*a* Pertaining to galvanism:રસાયન સંજોગથી ઉત્પન્ન થતી વિજળીને લગતું. G. *battery*:વિજળી પેદા કરવાનું ઓજાર.

Galvanism, (ગૅલ્વૅનિઝમ્) *n*. Electricity:એક પ્રકારની વિજળી.

Galvanize, (ગૅલ્વૅનાઈઝ્) *vt*. To affect with galvanism:કશા ઉપર વિજળીની અસર લગાડવી 2 To plate by means of galvanism:ગાલ્વેનિસ્મ નામની વિજળીની મદદથી રસવું.

Gamble, (ગૅમ્બલ્) *vi*. To play or game for money or other stake:જુગટું રમવું;ખેલવું.

Gambler, (ગૅમ્બ્લર) *n*. One who gambles: જુગારી;જુગાર રમનાર.

Gambling,(ગૅમ્બ્લિંગ્)*n*.Playing for money or other stake:જુગટું;જુગાર;અક્ષક્રીડા-દ્યૂત.

Gamboge,(ગૅમ્બૉજ્)*n*.A concrete vegetable ju ce or gumresin:રેવનચિનો શીરો.

Gambol, (ગૅમ્બૉલ્) *vi*. To dance and skip about in sport:ગેલમાં-આનંદમાં કુદવું.*n*.A hop: કુદકો;ઠેકડો;છલંગ;કુદકારો. 2. ગેલ.

Gambrel, (ગૅમ્બ્રેલ્) *n*. The hind leg of a horse:ઘોડાનો પાછલો પગ.*vt*.To tie by the leg: -નો પગ બાંધવો.

Game,(ગેમ્) *n*. Sport of any kind:રમત;ગમત.2. A mental or physical contest for amusement or recreation:રમત;બાજી;દાવ.3. Animals pursued and taken by sportsmen:શિકાર 4 મશ્કરી;ઠઠ્ઠો;ઠીખલ; ટોળ;મજાક. *To die game*: મરતાંલગી ખરી ટક્કર ઝીલવી. *vt* To play at any sport:રમત રમવી.

Game-cock,(ગેમકૉક્)*n*.A cock bred or used to fight:લડાઇનો મરઘો.

Gamekeeper, (ગેમકીપર) *n*. One who has the care of the beasts of chase: શિકારનાં પ્રાણીઓ સાચવનાર.

Gamesome,(ગેમ્સમ્)*a*. Gay:રમતિયાળ;મોજી; રંગીલું;વિલાસી;વિનોદી;ઉલ્લાસી;ટીખળી; ટોળી.

Gamester, (ગૅમ્સ્ટર) *n*. A merry,frolicsome person:રમતિયાળ-મોજી રંગીલો માણસ.

Gammer,(ગૅમર)*n*.An old wife:ઘરડી સ્ત્રી-બૈરી.

Gammon,(ગૅમન્) *n*. A certain game with dice: પાસાથી રમવાની એક જાતની રમત. *vt*. To pickle and dry in smoke:આથીને સુકવણી કરવી *vi*. To beat or excel in the game of backgammon:દાવની રમતમાં સામાને હરાવવું

Gamut,(ગૅમટ્)*n*.[Gr *gamma*.]The scale: (ગાયનની) સારીગમ પદ્ધતી.

Gander,(ગૅન્ડર્)*n*. The male of the goose: નરહંસ;કલહંસ;રાજહંસ;ચક્રવાક [group:ટોળું.

Gang,(ગૅન્ગ્)*n*.A number going in company;

Gangrene.(ગૅન્ગ્રીન્)*n*.[Gr *graino*, I gnaw.] The first stage of mortification of living flesh:જીવતા પ્રાણીના માંસમાં સળો.

Gangrenous, (ગૅન્ગ્રીનસ્)*a*.Mortified; indicating mortification of living flesh:સડાવાળું.

Gangway,(ગૅન્ગ્વે) *n* A passage or way, into or out of any inclosed space:ઘેરી લીધેલી જગ્યામાંથી જવા આવવાનો રસ્તો. *To bring to the* **g.**: જવા આવવાના રસ્તા આગળ ખલાસીની તપાસ કરીને તેને ફટકા મારીને શિક્ષા કરવી.

Gantlet,(ગૅન્ટ્લેટ્)*n* A military punishment: લશ્કરી કાયદા પ્રમાણે શિક્ષા.

Gaol,(જેલ)*n*.A place of confinement:તુરંગ.

Gaoler,(જેલર)*n*.The keeper of a jail:બંધીખાનાનો અધિકારી;રોધો;જેલર.

Gap,(ગૅપ્)*n*.An opening in anything made by breaking or parting:બાકું;બાકોરૂં;માગ;ભગદાળ;છીંડુ 2 A vacant space or time:અવકાશ;ભંગ *To stand in the* **g.**:જોખમ વ્હોરી લેવું. *To stop a* **g.**,to repair a defect:ખોડ-ખામી સુધારવી *vt*.To notch:ચીરા પાડવા.

Gape,(ગેપ્)*vi*.To yawn:બગાસું ખાવું;ટાંપવું 2. To open or part widely:પહોળું થવું:માં ફાટચિરો પાડવો.*n*.A yawn:બગાસું.

Gap toothed.(ગૅપ્-ટૂથ્ડ્)*a*.Having interstices between the teeth:છૂટા દાંતવાળો;ઓખલો.

Garb,(ગાર્બ્)*n*.(*a*)Clothing in general:વસ્ત્ર; લુગડાં, (*b*) Costume:પહેરવેશ; વેશ;પોશાક. 2. Looks: દેખાવ;ઢબ.*vt*.To clothe:લુગડાં પહેરાવવાં.

Garbage,(ગાર્બેજ્)*n*.Offal,as the bowels of an animal;refuse animal or vegetable:પશુ પ્રાણીનાં આંતરડાં;નાંખી દેવાનો ભાગ; એંઠવાડો. *vt*. To strip of the bowels:નાં આંતરડાં ખેંચી કાઢવાં.

Garble,. (ગાર્બલ)*vt*.[Ar *gharbil*,a sieve.]To sift or bolt:ચાળવું.*n*.Refuse:કચરો.

Garden, (ગાર્ડન્) *n*. [A. G.*geard*,a yard.]A piece of ground appropriated to the cultivation of herbs,fruits,flowers,or vegetables: બાગ;વાડી 2 A rich, well cultivated spot or tract of country:દેશનો ફળદ્રુપ ફળવંત પ્રદેશ (*a*) A summer house:બંગલો;ઉષ્ણઋતુગૃહ;**g** *pot*, a watering pot:(ઝાડને) પાણી પાવાનું વાસણ.**g.** *stuff*, vegetables raised in a garden:વાડીબાગમાં ઉત્પન્ન થયેલી શાકભાજી.

Gardener,(ગાર્ડનર)*n*.One who makes and tends a garden;a horticulturist:બાગવાન;માળી.

Gardening,(ગાર્ડનિંગ્)*n* The art or occupation of laying out and cultivating gardens: વાડી વાવવાની કળા-ધંધો; બાગકામ.

Gare, (ગેર્) *n*. Coarse wool on the legs of

sheep:ઘેટાંના પગ ઉપરનું જાડું ઉન.

Gargarize, (ગૅર્ગેરાઇઝ્)*vt.* [Gr. *gargarizo*,I wash my mouth.] To gargle; or wash as the mouth and throat:કોગળો ક૦.

Gargle, (ગાર્ગલ્)*vt.* To wash or rinse:કોગળો ક૦. 2. To warble: લેહેકાવીને ગાવું.

Garland, (ગાર્લૅન્ડ્) *n.* A wreath or chaplet made of branches,flowers:ડાળીઓ,ફુલ અથવા પીછાંનો બનાવેલો ગજરો.*vt.*To deck with a garland:ફુલમાળા હાર પહેરાવવો.

Garlic,(ગાર્લિક્) *n.* (*Bot.*)A plant:લસણ

Garment,(ગાર્મેન્ટ્)*n.* An article of clothing: પોશાકનું-પહેરવાનું વસ્ત્ર. G.*of patches*:કંથા;ગોદડી.

Garner,(ગાર્નર્)*n* [I *granum* grain.]A granary:કોઠાર;કોઠી.*vt.*To gather for preservation;to store as in a granary:ભરી મૂકવું;કોઠારમાં ભરવું.

Garnish, (ગાર્નિશ્)*vt.* To decorate with ornamental appendages:શણગારવું 2.To furnish: પુરૂ પાડવું. *n.* શણગાર;શોભા; સાજ. 2. લવાજમ.

Garniture, (ગાર્નિટ્યૂર્) *n.* Embellishment; furniture;dress:શણગાર;પોશાક;શોભા;સાજ;ઠાઠ.

Garret, (ગૅરેટ્)A turret;a watch tower:ન્હાનો મિનારો.2.An attic:છાપરાની નિચેનું માળીયું;કાતરીયું

Garrison, (ગૅરિસન્)*n.* (*Mil.*) (*a*)A body of troops stationed in a fort or fortified town: કિલ્લા-ગામના રક્ષણ સારૂ રાખેલી ફોજ;થાણુ .*vt* (*a*) To place troops in,as a fortification,for its defence:કિલ્લામાં રક્ષણને માટે ફોજ રાખવી.(*b*) To defend by fortresses manned with troops: કિલ્લાઓમાં લશ્કર રાખીને રક્ષણ ક૦.

Garrulity,(ગૅરૂલિટિ)*n* [L *garrulitas*.]Talkativeness:બહુ બોલાપણું;વાચાળપણું.

Garrulous, (ગૅરૂલસ્)*a* [L. *garrire,* to talk] Talkative:બહુ બોલું;બહુભાષી;વાચાળ; બકબકીયુ

Garter, (ગાર્ટર્) *n.* A band used for tying a stocking:મોજાબંધ.2.The distinguishing badge of the highest order of knighthood: ખિતાબની સૌથી ઉંચી પદવી.*vt.* To bind with a garter:મોજાબંધ બાંધવો 2 To invest with the order of the Garter: નાઈટ ઑફ ધી ગાર્ટરનો ખિતાબ આપવો.

Gas,(ગૅસ)*n* An aeriform fluid:વાયુરૂપી પદાર્થ; ગ્યાસ.G *fitter*:ગ્યાસના નળ બેસાડનાર જોડનાર-સાંધનાર *Gas meter*:વાયુમાપક યંત્ર. *Gas works*: શહેરમાં દીવા પ્રકટવાની ગ્યાસ ઉત્પન્ન કરવાનું કારખાનું.

Gas-conade,(ગૅસ્ કૉનેડ્)*n* A boast:બડાઈ;શેખી. *vi.*To boast:બડાઇ મારવી.

Gaseous, (ગૅસીઅસ્)*a.*In the form,or of the nature,of gas,or of an aeriform fluid:વાયુરૂપી.

Gash,(ગૅશ્)*vt.*To make a gash,or long,deep incision:ઉંડો ઘા ક૦.*n.*A deepwound or cut: માંસમાં લાગેલો ઉંડો જખમ-ઘા.

Gaskins, (ગૅસ્કિન્સ્) *n. pl.* Loose hose or breeches:ઢીલાં મોજાં-સુરવાળ.

Gas-light,(ગૅસલાઈટ્)*n.*The light yielded by the combustion of illuminating gas:ગ્યાસની રોશની-દીવો.2.A gas jet:ગ્યાસનો ફુવારો.

Gasometer.(ગૅઝૉમેટર્)*n.* An apparatus for holding and measuring gas:ગ્યાસ માપવાનું યંત્ર.

Gaso-scope,(ગૅસૉ-સ્કૉપ્)*n.*An apparatus for detecting the presence of any dangerous gas:કોઈ ભયંકર વાયુ-ગ્યાસ છે કે નહિ તે જોવાનું યંત્ર.

Gasp,(ગૅસ્પ્)*vi.* To labor for breath;to pant violently:મ્હોં ફાડીને મહામેહેનતે શ્વાસ લેવાનો પ્રયત્ન કરવો;અતિશય હાંફવું *n.*A labored respiration;a painful catching of the breath:હાંફ;દમ *At the last gasp*,at the point of death:અન્તકાળે

Gast,(ગૅસ્ટ્)*vt.*To frighten;to terrify:બીવડાવવું; ભય-બ્હીકમાં નાખવું.

Gastric,(ગૅસ્ટ્રિક્)*a* [Gr.*gastros*,stomach.]Of, or pertaining to the stomach:પેટ સંબંધીનું; G *juice*:જઠરરસ; જઠરાગ્નિ.

Gastriloquist,(ગૅસ્ટ્રિલૉક્વિસ્ટ્)*n.*[Gr.*gastros*, stomach & L.*loquor* to speak] One who appears to speak from his stomach;a ventriloquist:પેટમાંથી બોલનાર-અવાજ કાઢનાર

Gastronomer.(ગૅસ્ટ્રૉનૉમર્)*n.*[Gr *gastros*,& *nomen*,a name.]One fond of goodliving; an epicure:ખાવાપીવાનો શોખી માણસ.

Gastronomic,(ગૅસ્ટ્રૉનૉમિક્)*a.*Pertaining to gastronomy:ખાવા પીવાના શોખ-સ્વાદ વિષે-નું

Gate,(ગેટ્)*n.*A large door:મ્હોટું બારણું. *Gate money*: દરવાજામાં પેસવાના પૈસા; દસ્તુરી. *Gate keeper*,one in charge of a gate:દરવાન.

Gateway, (ગેટવે) *n.* A passage through a fence or wall;a gate:દરવાજો;દ્વાર.

Gather,(ગૅધર્)*vt.*To collect:એકઠું ક૦;ભેગું ક૦. 2.To harvest;to pick off;to pluck:ખળામાથી વાઢીને લાવવું.3.To amass;to heap up:જમા ક૦. 4.To infer;to conclude: અનુમાન ક૦. *To be gathered to one's fathers*,to die:મરી જવું.*To gather breath,* to get breath; to rest: શ્વાસ લવો.*To g.one's self together*: બળ ક૦ *vi.* To come together:એકઠાં-ભેગાં થવું.

Gathering, (ગૅધરિન્ગ્)*n.* The act of collecting or bringing together:એકઠું-ભેગું ક૦ તે 2. A crowd:ટોળું;મંડળી.

Gaudily,(ગૉડિલિ)*adv* In a gaudy manner: [ભભકા ભરેલી રીતે

Gaudy,(ગૉડિ)*a.*Ostentatiously fine;showy: ભભકાદાર.*n.pl* **Gaudies**. One of the large beads in the rosery:માળામાંનો મ્હોટો મણકો.

Gauge,(ગેજ્) *vt.* To measure:નું પરિમાણ-માપ કાઢવું 2. To ascertain the contents or the

capacity of:-માં કેટલું છે અથવા કેટલું માય એમ છે તે કાઢવું.3.To measure the dimensions of: નો વિસ્તાર માપવો.4 To estimate:ગણત્રી કo.n. A measure:a standard: માપ;માપું; ધોરણ.2. Estimate:માપ;અડસટો;ગણના.3 The depth to which a vessel sinks in the water:જે ઉંડાઇ સુધી વહાણ પાણીમાં ડુબે છે તે ઉંડાઇ 4 The distance between the railway:લોઢાની સડકની બે રેલ વચ્ચેનું અંતર;ગાળો;g *of a carriage* or *car*: પૈડાંની વચ્ચેનું અંતર; ગાળો. *Rain* g :કોઈ અમુક જગાએ કેટલો વરસાદ પડયો તે માપવાનું યંત્ર.

Gauger,(ગેજર)n.An officer whose business it is to ascertain the contents of casks: પીપની અંદરની ચીજો પદાર્થો મુકરર કરનાર.

Gaunt,(ગોન્ટ્)a.Lean:દુબળું થઇ ગયેલું.

Gauntlet, (ગોન્ટ્લેટ્) n. A glove of such material that it defends the hands from wounds: હાથનું ઘાથી રક્ષણ કરનાર મોજું. 2. A rope on which clothes are hung for drying:લુંગડાં સુકવવાનું દોરડું.*To take up the* g., to accept a challenge લઢવાનું બીડું ઝડપવું.*To throw down the* g.,to offer or send a challenge:બીડું ફેંકવું.

Gaur,(ગૌર્)vi.To gaze:તાકીને-એકી નજરે જોવું.

Gauze, (ગોઝ્) n. A very thin, transparent stuff:જાળીદાર કાપડ;ગાજ.a.Thin;પાતળું.

Gave,(ગેવ્)*Imp* of **Give**.:આપ્યું.

Gave lock,(ગૅવલૉક્)n.A spear:ભાલો.

Gawk, (ગોક્) n. A cuckoo: કોયલ; કોકિલા.2.A simpleton;a booby:બેવકુફ-મૂર્ખ; માણસ.vt To act like a gawky:બેવકુફ મૂર્ખ માણસની પેઠે વર્તવું

Gawky,(ગાકી)a.Foolish:બેઢંગુ;અનાડી.

Gay,(ગે)a. Merry: આનંદી;મોજી; લહેરી;ખીલેલું.2. Splendid:ભભકાદાર; સુંદર.3 Loose:લંપટ.

Gayety-**Gaiety**, (ગૅઇટિ)n.Merriment.આનંદ વૃત્તિ;આનંદીપણું.2.Finery-આડંબર.

Gayly,(ગૅલિ)adv.Merrily:ખુશી ખુશાલીથી.

Gaze, (ગેઝ્) vi, To fix the eyes in a steady and earnest look:એકી નજરે એકી ટસે જોવું vt. To view with attention:ધ્યાન-મન દઇને જોવું. n.A fixed look:એકની એક નજર;સ્તબ્ધ દૃષ્ટિ.

Gazeful,(ગેઝ્ફુલ્)a.Gazing:ટગર ટગર જોઇરહેનાર

Gazelle, (ગૅઝેલ્) n. One of several, small, elegantly formed species of antelope:નાનું રૂપાળું હરણ.

Gazette,(ગૅઝેટ્) n. A newspaper;a printed sheet:વર્તમાનપત્ર; અખબાર;સમાચાર.vt.To announce in a gazette:વર્તમાનપત્રમાં છપાવવું.

Gazeteer, (ગૅઝેટીર્) n. A writer of news: વર્તમાનપત્ર લખનાર.2.A geographical dictionary:શહેર,ગામ વિગેરેનું કક્કાવાર પુસ્તક.

Gear,(ગીર્) n. Clothing:લુગડાં. 2. Goods:સરસામાન;રાચરચીલું,સામાન;વસ્તુ.3. The harness of horse or cattle:ઘોડાનો સાજ. 4. Warlike accoutrements:લઢાઇની સામગ્રી;સરંજામ. 5 A toothed wheel: દાંતાવાળું પૈડું. vt. To dress: લુગડાં પહેરાવવાં;સાજ ચઢાવવો.

Geese,(ગીસ્) n. pl.of **goose**:હંસો (બહુવચન.)

Gelatine,(જેલૅટિન્) n. [L. *gelo*, I congeal.] Animal jelly:સરસ;સરેશ.

Gelatinous,(જેલૅટિનસ્)a Resembling jelly; viscous:સરેશના જેવું;ચીકણું.

Geld,(ગેલ્ડ્)n.Money; compensation:પૈસો;બદલો vt. To deprive of anything essential: -નુસત્વ કાઢી લેવું.2.To castrate:ખાંસી કo;નામરદ કo

Gelding,(ગેલ્ડિન્ગ્)n. The act of emasculating:નામરદ કo તે; ખાંસી કo તે.2. A castrated horse:ખાંસી ઘોડો.

Gelid,(જેલિડ્)a. [L *gelu*, frost.] Very cold; frozen:ઘણું ઠંડું;ઠરી ગયેલું હિમ.

Gem,(જેમ્)n [L *gemma*,a precious stone.] A bud:કળી.2.A precious stone of any kind a jewel:મણીજવાહીર;રત્ન;ઝવેર;નંગ. *String of* g.s:મણિમાલા;રત્નમાલા.

Geminal,(જેમિનૅલ)n.[L.*geminul*, twin.] A pair:જોડકું;જોડી;જોડું.

Gemination,(જેમિનેશન્)n.A doubling;duplication;repetition:પુનરાવૃત્તિ.

Gemini,(જેમિનાઇ)n.pl.(*Astron.*)A constellation of zodiac:મિથુન રાશિ.

Gemmy,(જેમિ) a. Full of gems; glittering like a gem:રત્ન જેવું,રત્નની પેઠે ચળકતુ.

Gender,(જેન્ડર્) n. [L *genus*, kind; race] Kind;sort:જાત;ભાત 2.Sex, male or female: પુરૂષ-સ્ત્રી જાત 3 (*Gram*) A classification of nouns:જાતિ;લિંગ.

Genealogical,(જીનીએલૅાજિકૅલ્)a. Of or pertaining to genealogy:વંશ ચરિત્રનું;પેઢી;ઉતાર. G. *tree*,a family lineage:વંશાવળી; પેઢીનામું.

Genealogist, (જીનીઍલૉજિસ્ટ્) n. One who traces genealogies:વંશાવળી કહેનાર;વહિવંચો.

Genealogy,(જીનીઍલૉજિ)n.[Gr *genea*,birth & *logos*, discourse] Enumeration of ancestors & their children in succession:વંશચરિત્ર.

Gene arch,(જીનીઆર્ક્)n.The chief of family or tribe: કોઈપણ કુટુંબ અથવા ટોળીનો આગેવાન.

Genera,(જેનરૅ)n pl.of **genus**.:જાતિ;વર્ણ.

General,(જેનરૅલ્)a[L.*generalis*] Pertaining to a whole class or order:સામાન્ય 2. Including all particulars: જેની અંદર સઘળી બીનાનો સમાવેશ થયેલો હોય એવું;સામાન્ય 3 Common to many of the greatest number; usual:સાધારણ.G *court-Martial* (*Mil*) the

highest military and naval tribunal:લશ્કરી અને દરિયાઈ મોટામાં મોટી ન્યાય સભા-અદાલત.G. *dealer*:સાધારણ વાપરની સઘળી ચીજોનો વેપારી;ગાંધીવટુ કરનાર. G. *term*,a term which is the sign of a general conception or notion: સામાન્ય સંજ્ઞા-નામ.*n*.The whole:સકળ. 2.The commander of an army:ફોજ લશ્કર-સૈન્યને-સરદાર-કમાન્ડર;સેનાપતિ *In* g.,in the main:ઘણું કરીને

Generalissimo,(જેનરૅલિસિમો)*n*. The chief commander of an army:મુખ્ય સેનાધિપતિ.

Generality,(જેનરૅલિટિ)*n*.The state of being general:સામાન્યપણું 2 The greatest part: ઘણો ખરો ભાગ.

Generalize,(જેનરૅલાઈઝ્) *vt* To use with a more extensive application: બહોળા અર્થમાં વાપરવું.*vi*.To form into a genus:સામાન્ય રૂપ થવું

Generally, (જેનરૅલિ) *adv*. Most frequently: સાધારણ રીતે 2 In the main:ઘણું કરીને 3.Collectively;without omissions:એકઠાં.

Generalship (જેનરૅલ્શિપ્)*n*. The office of a general:સેનાપતિત્વ;સેનાપતિનો હોદો; કુશીચારી; આગેવાની.

Generate,(જેનરેટ્)*vt*.[L.*genero*,I beget]To procreate;to beget:ઉત્પન્ન કરવું;જન્મ આપવો.

Generation, (જેનરેશન્) *n*. The act of begetting:ઉત્પાદન.2.Progeny:ઓલાદ.3.An age: જમાનો.4.Race:જાત;કુટુંબ.

Generative,(જેનરેટિવ્)*a*.Having the power of generating:પોતાની જાતિની વૃદ્ધિ કરે એવું;ઉત્પાદક.G.*organ*:ઉપસ્થ;યોનિ.

Generator, (જેનરેટર્) *n* One who,or that which begets:ઉત્પન્ન કરનાર-રૂં.

Generic,(જેનેરિક્)*a*.[L*genus*,race.]Pertaining to a genus or kind:કોઇ જાતને લગતું-નું;જાતિગત.G *property*:જાતિધર્મ-લક્ષણ-સ્વભાવ.

Generosity, (જેનરૉસિટિ)*n*. Noble mindedness:ઉદારપણું.2.Liberality in giving;munificence:આપવામાં ઉદારતા.

Generous,(જેનરસ્)*n*. [L. *generos*, of noble birth.]Noble:ઉમદા;નામીચું 2.Open-handed: સખી;પોતાળ;ઉદાર.

Generously,(જેનરસ્લિ)*adv*.Nobly:ઉદારતાથી.

Genesial, (જેનીસિઍલ્) *a*. Of or relating to generation:વંશ-પેઢી સંબંધી-નું વિષે.

Genesis,(જેનેસિસ્) *n*. [L.*genus*,birth,race] Formation:origination:ઉત્પત્તિ;પેદાશ 2 The first book of the Old Testament:જુનાખ્રિસ્તી શાસ્ત્રનું પહેલું પુસ્તક.

Genial, (જીનિઍલ્)*a*. [L *genialis*.]Generative:પુષ્ટિકારક;ઉત્પાદક;જનક.2.Jovial:આનંદી.3. Natural:કુદરતી.

Geniality, (જીનિઍલિટિ) *n*. Sympathetic; cheerfulness: માનંદીપણું;ખુશમિજાજ.

Genii,(જીનિઆઇ)*n*.*Pl*.of **genius**: ભૂત;પલીત.

Genital, (જેનિટલ્) *n*. [L. *gigno*, I beget] Pertaining to generation:ઉત્પત્તિ-પેદાશ સંબંધી-નું. *Pl*. The sexual organs; the private parts:જનનેન્દ્રિય;ઉપસ્થ;યોનિ.

Genitive, (જેનિટિવ્) *a*.[L*gigno*.I beget] Pertaining to that case which expresses possession:છઠ્ઠી વિભક્તિનું-વિષે *n* The genitive case:છઠ્ઠી વિભક્તિ;ષષ્ઠી.

Geniture,(જેનિટ્યૂર્)*n* Generation:જન્મ;સૃષ્ટિ.

Genius, (જીનિઅસ્) *n*. *Pl*. **Geniuses**. [L. *gigno*,I beget] A spirit good or bad: દૂત; ભૂત;પિશાચ.2.Uncommon intellectual power; mental superiority:બુદ્ધિ પ્રભાવ;બુદ્ધિબળ;બુદ્ધિસામર્થ્ય; કલ્પનાશક્તિ. 3 A man of superior intellectual faculties:બુદ્ધિશાળી પુરૂષ;બુદ્ધિસાગર.

Gent, (જેન્ટ્) *a*. [L. *genitus*,born.] Gentle; noble;of noble birth:નમ્ર;ઉદાર;કુલિન.

Genteel, (જેન્ટીલ્)*a*. Polite;well-bred:સુજન; ખાનદાન.2.Suited to the position of a lady or gentleman:ગૃહસ્થ સ્ત્રી અથવા પુરૂષના દરજ્જાને લાયક.

Gentian, (જેન્શિઅન્) *n*. [L *gentian*.]Any one of a genus of herbaceous plants:જીતસીંગ મુળ;પાચન કરે એવું મુળિયું-કરિયાતું.

Gentile,(જેન્ટાઈલ્)*n*.[L.*gentilis*,belonging to the same class or people.]A worshipper of false gods: મૂર્તિપૂજક *a*. Of heathen people: મૂર્તિપૂજક લોકનું.

Gentility,(જેન્ટિલિટિ)*n*. Good extraction:કુલીનતા.2.Good breeding:સલમનસાઇ;સુશીલતા; સભ્યતા; કુલીનતા;લાયકાત.

Gentle,(જેન્ટલ્)*a* [L*gens*,*gentis*,tribe.] Well born:કુલિન;ખાનદાન;સજાત;સપાત્ર.2.Refined in manners:નરમ;સભ્ય;વિવેકી. 3. Soothing:શાંતિકારક;સૌમ્ય. A gentleman: વિવેકી માણસ.2. A trained falcon:મણાવેલો બાજપક્ષી.

Gentlefolks, (જેન્ટલ્ફૉક્સ) *n*. *pl*. Person of gentle or good family:ગૃહસ્થલોક;સાધુજન.

Gregarious,(ગ્રીગેરિઅસ્)*a.*[L. *grex., gregis,* herd.]Habitually living or moving in flocks or herds:સાથમાં રહેવાની ટેવવાળું;યૂથચારી;સંઘચર.

Greith,(ગ્રીથ્) *vt.* To make ready:તૈયાર ક૦

Grenade, (ગ્રેનેડ્) *n.* A hollow ball or shell of iron filled with powder or other explosive,ignited by means of a fuse,and thrown from the hand among enemies: શત્રુ ઉપર સળગાવીને નાંખવાનો પોલો દારૂથી ભરેલો ગોળો.

Grenadier,(ગ્રેનૅડીર્)*n.*One of a company attached to each regiment wearing a peculiar uniform:પેદલ લશ્કરનો ઉંચી ટોપી પહેરનાર [સિપાઈ.

Grew,(ગ્રૂ)*Imp* of **grow**:ઉગ્યું.

Grey,(ગ્રે) *a.*Gray:ધોળું;કાબર ચિતરૂ.**Gray.**

Grey-hound,(ગ્રેહાઉન્ડ્) *n.* A slender,graceful breed of dogs for hunting:શિકારી કુતરો.

Griddle, (ગ્રિડલ્) *n.* An iron plate or pan used for cooking cakes:રોટલી શેકવાની છાબર.

Grief (ગ્રીફ્) *n.* [L. *gravis*, heavy.] Sorrow; sadness:શોક;પસ્તાવો. 2. Malady:રોગ;આજાર.

Grievance,(ગ્રીવૅન્સ્)*n.* A cause of uneasiness:દુઃખ-બેચેનિનું કારણ;દુઃખ.2.Grief:દીલગીરી.

Grieve,(ગ્રીવ્) *vt.* To occasion grief to:દુઃખ ક૦ -નો જીવ બાળવો.2. To sorrow over:-નો શોક ક૦. *vi.* To feel grief:દુઃખ લાગવું.

Grievous,(ગ્રીવસ્)*a.*Painful:દુઃખકારક.

Griffin,(ગ્રિફિન્)*n.*A fabulous monster,half lion and half eagle:એક જાતનું પ્રાણી; વિરાટરૂપ

Grig,(ગ્રીગ્)*n.*Any small eel:માંછલી.

Grim,(ગ્રીમ્)*a.*Fierce:ભયંકર;બિહામણું;દારૂણ.

Grimace,(ગ્રીમૅસ્)*n.* A smirk:મોંના ચાળાચેષ્ટા. *vi.*To make grimaces:ચાળા ક૦.

Grimalkin,(ગ્રીમૅલ્કિન્) *n.* An old cat,esp,a she-cat:ઘરડી બીલાડી.

Grime,(ગ્રાઇમ્)*n.*Foul matter:મેલ;કાટ;કીટું;કચરો.*vt.* To sully or soil deeply:ગંદુ-મલિન ક૦.

Grimly, (ગ્રીમ્લિ) *adv.* In a grim manner; fiercely:ભયંકર મોંઢાથી;ભયંકર રીતે.

Grimness, (ગ્રીમ્નેસ્) *n.* Fierceness of look; sternness:મોઢા ઉપર દેખાતું ખુનીપણું;ઉગ્રમુખતા.

Grimy,(ગ્રીમિ)*a.*Begrimed;dirty;foul:ગંદુ.

Grin,(ગ્રીન્)*n.*A snare:જાળ;પાશ.*vi* To show the teeth:દાંત દેખાડવા;દાંતીયાં ક૦.*vt.*To express by grinning:દાંત કાઢવા

Grind,(ગ્રાઇન્ડ્) *vt.* [L. *grendo*,I gnash] To reduce to powder by friction; to crush into small fragments:ચાવવું.2. To oppress by severe exactions;to harass:ભારે વેરા નાખી હેરાન ક૦. નડવું-પીડવું દુઃખ દેવું. *vi.* To perform the operation of grinding something:દળવું.

Grinder, (ગ્રાઇન્ડર્) *n.* One who or that which grinds:દળનારૂં; વાટનાર.2. One of the double teeth:દાઢ.

Grind-stone,(ગ્રાઇન્ડ્સ્ટૉન્)*n.*A flat,circular stone, revolving on an axle, for grinding or sharpening tools,or shaping or smoothing objects:પેષણી;ચક્રી;ધાર કાઢવાનો પથ્થર;સરાણ.

Grip, (ગ્રિપ) *n.*A holding fast:પકડ;મુઠ;હાથો. 2.A handle:પંજો.*vt.*To grasp;to gripe:પકડવું.

Gripe (ગ્રાઇપ્)*n.*A vulture;the griffin:ગીધ પક્ષી.2.મૂઠ;પંજો. 3. A handle:હાથો;પંજો;મુઠ.4. Cruel exaction: જુલમ; ભારે વેરો; પીડન; દુઃખ. 5.Pinching distress: વેદના; વિટંબના. *vt.*To

catch with the hand: જોરથી મુઠીમાં પકડવું. *vi.* To suffer griping pains: પેટમાં અમળાય તે ખમવું-સહન કo; ચૂકાવું.

Grisly, (ગ્રિઝ્લિ) *a* Frightful: બિહામણું; ભયંકર.

Grist, (ગ્રિસ્ટ્) *n.* Ground corn; that which is ground at one time: એકવારનું દળણું ઓરણું.

Gristle, (ગ્રીસ્લ્) *n.* Cartilage: કુમળું હાડકું.

Grit, (ગ્રિટ્) *n* Sand or gravel: રેતી; કાંકરી 2. *pl.* Oats or wheat, hulled and coarsely ground: જાડા દળેલા-ઓટસ અથવા ઘઉના દાણા. *vi.* To grate: દળવું, દળાવું. *vt.* To grate: ભેગા કરીને ઘસવું.

Gritn, (ગ્રિથ્) *n.* Peace; security: સલાહ; શાંતિ.

Grittiness, (ગ્રિટિનેસ્) *n.* The quality of being gritty: રેતાળપણું.

Gritty, (ગ્રિટિ) *a* Containing sand or grit; full of hard particles: કાંકરીવાળું; રેતાળ.

Grizzle, (ગ્રિઝલ્) *n.* Gray: ભૂરો-પીળાશ મારતો રંગ.

Groan, (ગ્રોન્) *vi.* To give forth a low, moaning sound in breathing; to moan: દુઃખથી બૂમ પાડવી-પીડાવું *vt.* To affect by groans: દુઃખ દેવું; પીડવું *n.* A low, moaning sound: ઉંડો શોકનો અવાજ.

Groaning, (ગ્રોનિન્ગ્) *n.* Deep sorrow: અફસોસ.

Groat, (ગ્રોટ્) *n.* A silver coin, equal to four pence: ચાર પેન્સનો સિક્કો.

Grocer, (ગ્રોસર્) *n* A trader who deals in tea, sugar, spices, &c.: ગાંધી.

Grocery, (ગ્રોસરિ) *n* *pl.* **Groceries**. The commodities sold by grocers: કરીઆણું.

Grog, (ગ્રાગ્) *n.* A mixture of spirit and water not sweetened: પાણી મેળવેલો મોળો દારૂ.

Grogram, (ગ્રૉગ્રૅમ્) *n.* A coarse cloth made of silk and mohair: રેશમ અને ઉનનું કપડું.

Grog shop, (ગ્રૉગ્-શૉપ્) *n.* A shop or room where strong liquors are sold and drunk: કલાલની દુકાન.

Groin, (ગ્રૉઈન્) *n.* The snout of a swine: ડુક્કરનું લાંબુ નાક ડાચુ *vi.* To growl: ઘુરકવું. *vt.* To build with groins: બહાર નિકળેલા ખુણાદાર બાંધવું.

Groom, (ગ્રૂમ્) *n.* (*a*) A waiter; a servant: હજુરીઓ (*b*) A man or boy who has charge of horses, or the stable: ઘોડાવાળો, રાવત.

Groove, (ગ્રૂવ્) *n.* A furrow formed by cutting; a depressed way; a rut: ખોમણ; કોરણી; પોલ-ગરેડ 2. A shaft or excavation: ખાડો; પોકળ *vt* To cut a groove: ખોમણ પાડવી.

Groover, (ગ્રૂવર્) *n* One who or that which grooves: ખોમણ પાડનાર 2. A miner: ખાણુ ખોદનાર.

Grope, (ગ્રોપ્) *vi* To feel with or use the hands; to handle: હાથ વાપરવા-ને લાગવું વાપરવું. 2. To search or attempt to find something in the dark: ફાંફાં મારવાં.

Gross, (ગ્રૉસ્) *a.* [L. *crassus*, thick.] Great; large: મોટું. 2. Thick; dense: જાડું. 3. Whole; entire; total: કુલ; એકંદર; સામટું. G *average*: વહાણ અને તેના માલની આખી રકમ ઉપર નાંખેલી નુકશાનીની સરાસરી. G. *weight*: બારદાન ઓછું કર્યા સિવાયનું માલનું કુલ એકંદર વજન. 4. નીચું; હલકું; અશુદ્ધ. *n.* The chief part, bulk or mass: મુખ્ય ભાગ-કદ; પ્રધાન ભાગ. 2 The number of twelve dozen: બાર ડઝન; ૧૪૪ *A great* g, one hundred and forty-four dozen: ૧૪૪ ડઝન.

Gross-headed, (ગ્રૉસહેડેડ્) *a.* Thick-skulled; stupid: મૂર્ખ; ઘાડી જડ બુદ્ધિનો માણસ; ઠોઠો.

Grossly, (ગ્રૉસ્લિ) *adv.* Greatly; અમર્યાદ રીતે.

Grossness, (ગ્રૉસ્નેસ્) *n.* Thickness; coarseness: જાડાઇ; અમર્યાદા.

Grotesque, (ગ્રૉટેસ્ક્) *a.* Extravagant: વિચિત્ર; તરેહવાર. A whimsical figure: વિલક્ષણ આકૃતિ.

Grotto, (ગ્રૉટ્ટો) *n pl* **Grottoes**, [L *crypta*, vault; cavern] A natural covered opening in the earth; a cave: ભોંયરું; ગુફા; ગુહા.

Ground, (ગ્રૉઉન્ડ્) *n.* (*a*) The surface of the earth: ભોંય; જમીન; ધરતી. (*b*) A floor or pavement: ભોંયતળીયું. (*c*) The field or place of action: ભૂમિ; ક્ષેત્ર. 2. Foundation: પાયો; આધાર; કારણ; સબબ. કચરો; રગડો; કીટુ. *To come to the* g., to fall to the ground; to fail: નિષ્ફળ જવું. *To gain* g, (*a*) to proceed: આગળ વધવું. (*b*) To obtain an advantage: ફાયદો મેળવવો. (*c*) To *get*, or *to gather* g., to gain ground: ફાયદો મેળવવો. *To give* g. to recede; to yield advantage: પાછા હઠવું. *To lose* g., to retire: to lose advantage: પાછું હઠવું. *To stand one's* g, to stand firm: દૃઢ ઉભા રહેવું. *vt.* To instruct in elements or first principles: મૂળતત્વ શિખવવાં; પાયો પાકો કo.

Ground-floor, (ગ્રૉઉન્ડ્ફ્લૉર્) *n.* The floor of a house on a level with the ground: ભોંયતળિયું.

Groundless, (ગ્રૉઉન્ડ્લેસ્) *a.* Wanting cause or reason for support: પાયા વગરનું; નિર્મૂળ.

Ground-swell, (ગ્રૉઉન્ડ્-સ્વેલ્) *n.* A broad, deep swell or undulation of the ocean caused by gale: દરિયામાં ચડેલા વા-વંટોળથી થએલો ઉછાળો.

Ground work, (ગ્રાઉન્ડ્વર્ક્) *n* The basis; the essential part; first principle: મૂળકર્મ; પ્રારંભ; પાયો.

Group, (ગ્રૂપ્) *n.* A cluster, crowd or throng: સમુદાય 2 Collection of objects in a certain order: કોઇ અમુક અનુક્રમ અથવા સંબંધમાં પદાર્થોની ગોઠવણી. *vt.* To form a group of: એકઠા કo.

Grove, (ગ્રોવ્) *n.* A smaller group of trees than a forest: ઝાડની ઘટા; કુંજ; ઉપવન.

Grovel, (ગ્રોવેલ્) *vi.* To lie flat on one's belly: જમીન ઉપર ઉંધા પડીને પેટે ઘસડાવું.

Groveller, (ગ્રોવેલર્) *n.* One who grovels: પેટ ચાલનારૂં;હલકો કંગાલ માણસ.
Grovelling,(ગ્રોવેલિન્ગ્)*a.* Lying prone;low; debased:નાચું;હલકું;અધમ ગાઢ;તુચ્છ.
Grow (ગ્રો) *vi.* [*Imp.* **Grew.** *p.p.* **Grown**] To increase in size by natural process:વધતા જવું;વધવું. *To* **g.** *out of*, to issue from: -માંથી નિકળવું.*To* **g.***up*,to arrive at full stature or maturity:મોટા થવું;ઉમ્મરે પહોંચવું;પકવતાએ પહોંચવું.*vt.* To cultivate:પકવવું.
Growl, (ગ્રોઉલ્) *vi.* To utter a deep, sound: ઘુરકવું. *vt.* To express by growling: ઘુરકીને બતાવવું.*n.*A grumbling sound:ઘુરકવાનો અવાજ
Grown,(ગ્રોન્) *p.p.* of **Grow**:ઉગલું;સમૃદ્ધ;પ્રવૃદ્ધ; પ્રૌઢ.
Growth, (ગ્રોથ્) *n.* Augmentation; increase:વૃદ્ધિ;વિસ્તાર.2. (*a*)That which has grown or is growing; product:ઉપજ;નિપજ.
Growt head, (ગ્રોટ્-હેડ) *n.*A lazy person: આળસુ-સુસ્ત માણસ; મૂર્ખ; મૂઢ;શંખ.
Grub, (ગ્રબ્) *vi.* To dig in or under the ground:જમીનમાં ખોદવું-ખાડો પાડવો.*n.*Victuals; food:ખોરાક. **G.** *saw*: પથ્થર વહેરવાનું નાનું કરવત-આરી. [અસ્વચ્છ.
Grubby,(ગ્રબ્બિ) *a.* Dirty; unclean:મેલું; ગંદુ;
Gruoche,(ગ્રચ્) *vi.* To murmur: બડબડવું.
Grudge,(ગ્રજ્)*vt.*To envy(one) the possession of; to covet:નજર-આંખ દાઢમાં ઘાલવું;-ની ઈર્ષ્યા કo.*vi.*To feel grief:દુ:ખ લાગવું.*n.* Cherished malice:અદેખાઇ;દ્વેષ;ઈર્ષ્યા;ખાર;કચવાટ.
Grudgeful, (ગ્રજ્ફુલ્) *a.* Full of grudge; envious:અદેખું ખારીલું.
Grudgingly,(ગ્રજિન્ગ્લિ)*adv.* In a grudging manner:અસંતોષથી;નાખુશીથી.
Gruel,(ગ્રૂએલ્)*n.*A light,liquid food made by boiling meal of maize or flour in water or milk; thin porridge:કાંજી;રાબડી.
Gruff,(ગ્રફ્)*a.* Sour:સખ્ત;કરડું;કઠોર;નિષ્ઠુર.
Grum,(ગ્રમ્)*a.*Morose:ખરાબ સ્વભાવનું;ચીડિયું. 2 Low;deep in throat:નીચો;મંદ;ધીમો.
Grumble,(ગ્રમ્બલ્)*vi.*To murmur or mutter with discontent:બડબડવું;રોદણાં રોવાં.*n.* The noise of one that grumbles:બડબડાટ.
Grumbler,(ગ્રમ્બ્લર્)*n.*One who grumbles: બડબડ-ગણગણનાર;રોદણાં રોનાર.
Grumbling,(ગ્રમ્બ્લિન્ગ્)*n.* Murmuring with discontent;muttering:બડબડ અસંતોષ;રોદણાં.
Grume,(ગ્રૂમ્)*n.*Thick blood:ગંઠાઇ ગયેલું લોહી.
Grunt,(ગ્રન્ટ્)*vi.* To make deep, noise as a hog:ડુક્કરના જેવું બોલવું. *n.* A deep, guttural sound:.ડુક્કરના જેવો અવાજ.
Guarantee,(ગૅરૅન્ટી) *n.* A warranty;a security:જામીનગીરી. 2. One who binds himself to see an undertaking of another performed; a guarantor:જામીનદાર. *vt* To give a guarantee concerning;to warrant:જામીન થવું.
Guaranteed, (ગૅરૅન્ટીડ્) *a.* Warranted:જામીન થયેલું.
Guard,(ગાર્ડ્) *vt.* To protect from danger: ભીતી સંભાળવું-રક્ષણ કo; બચાવ રક્ષણ કo. 2. To keep watch over:પહેરો ભરવો.*vi.*To be cautious;to be in a state of safety: સાવધ હોવું. *n.* A watch; a sentinel:પહેરેગીર; રખેવાળ.2. One who has charge of a railway train: આગગાડીનો 'ગાર્ડ'.3 Watch;heed:તપાસ;સાવધાનતા;સંભાળ.*Off one's* **g.**,in a careless state inattentive:અસાવધ;બેપરવા; પ્રમત્ત; ગાફેલ. *On one's* **g.**.alert;vigilant:ચંચળ;ખબરદાર; જાગૃત. *To mount* **g** :પેહેરો ભરવા-ચોકી કo જવું.
Guarded,(ગાર્ડેડ્)*a.* Cautious:સાવધ;ચોકસ.
Guardian,(ગાર્ડિઅન્) *n.* One who guards, preserves,a warden:રક્ષક; રખેવાળ.**G.** *deity*: લોકપાલ 2 One who has or is entitled to the custody of the person, or property of an infant:વાલી.
Guardianship,(ગાર્ડિઅનશિપ્)*n.* The office, duty,or care,of a guardian:રખેવાળી;વાલીપણું
Guava,(ગ્વાવ઼)*n.*A tropical tree,or its fruit, of the genus *psidium*:જામફળી;જામ;જામફળ.
Gubernatorial,(ગ્યુબૅર્નટૉરિઅલ્)*a.* [L *guberno* I govern.]Pertaining to a governor or to government:હાકેમ સંબંધિ;રાજ્ય સંબંધિ.
Gudgeon,(ગજેન્)*n* [L *gobius.*] What may be got without skill:ચતુરાઇ-હોંશિયારી સિવાય મેળવેલી ચીજ.3. A person easily cheated: ભોળો માણસ.*vt* To cheat:ઠગવું.
Guerdon,(ગર્ડોન્)*n.* [L. *donum*, gift.] A reward;requital;recompense:બદલો;ઇનામ.
Guerilla,(ગૅરિલ્લૅ) *n.* One who carries on or assists to carry on rregular warfare:ઠેકાણા વગરનું યુદ્ધ કરનાર. 2. An irregular mode of carrying on war:નિયમ વગરનું યુદ્ધ.
Guess,(ગેસ્)*vt.* To conjecture: અટકળ બાંધવી. 2. To hit upon or reproduce by memory: પાછું યાદ-સ્મરણ કo. *vt.* To make a guess of random judgment;to conjecture:અટકળ બાંધવી.*n.*A conjecture:અનુમાન;અટકળ;ઉદ્દાંગ.
Guest,(ગેસ્ટ્)*n* [L *hostis*,enemy;stranger.] A visitor:મિજમાન;મેમાન;પરોણો.
Guidance,(ગાઇડેન્સ્)*n.*The superintendence or direction:ઉપરીપણું;દેખરેખ;નીપેબાની.
Guide,(ગાઇડ્)*vt.*To lead or direct in a way દોરી જવું. 2. To regulate and manage:વહિવટ-કારભાર કo; ચલાવવું. *n.* A person who

leads or directs another in his way:રસ્તો દેખાડનાર;વળાવો 2. One who or that which directs another in his course of life;a director:ઉપદેશક;નેતા.

Guide-post,(ગાઇડ્પોસ્ટ્)*n*.A post at the fork of a road,with a guide-board on it,to direct travellers:રસ્તો બતાવવાને ઉભો કરેલો થાંભલો.

Guild,(ગિલ્ડ્)*n*. A business fraternity:કોઇપણ ધંધાનું મહાજન 2 A guildhall:મહાજનવાડી. 3.A religious association:ધર્મ સંબંધિ મંડળી

Guile,(ગાઇલ્)*n*.Craft:કપટ;પેચ;કાવાદાવા; છળ.*vt*. To deceive or delude:છેતરવું.

Guileful,(ગાઇલ્ફુલ્)*a*.Characterized by cunning, deceit or treachery;guilty:દગાખોર.

Guileless,(ગાઇલ્લેસ્)*a*. Free from guile;artless:ભોળું,નિષ્કપટ;સરળ;નિષ્પ્રપંચ.

Guillotine, (ગીલ્લૉટીન્) *n*. A machine for beheading a person:ગરદન મારવાનો સંચો.

Guilt,(ગિલ્ટ્)*n*.Crime:અપરાધ;દોષ;તકસીર.

Guiltiness,(ગિલ્ટિનેસ્)*n*.The quality or state of being guilty:ગુનેગારી;તકસીરવારી.

Guiltless,(ગિલ્ટ્લેસ્) *a*. Free from guilt:બેગુન્હા;નિષ્પાપ;નિરપરાધી.

Guilty.(ગિલ્ટિ) *a*. Criminal; morally delinquent;wicked:ગુનેગાર;અપરાધી;તકશીરવાન.

Guinea,(ગિની) *n*. A district on the west coast of Africa:આફ્રીકાના પશ્ચિમ કિનારાના એક દેશનું નામ.2.A gold coin of England current for twenty-one shillings sterling,or about five dollars:આશરે સાડાદશ રૂપિયાની કીમતનો વિલાયતિ સિક્કો;ઘોડાગેણી.3.G *worm*:વાળો.

Guise (ગાઇઝ્)*n*.Custom;fashion:વહીવટ;વેશ.

Guitar,(ગિટાર્)*n*.A stringed instrument of music:સતાર;વીણા;સરોદો.*Turkish* g.:તંબૂરો.

Gule,(ગ્યૂલ્)*n*. The throat;the gullet:ગળું.

Gulf,(ગલ્ફ્) *n*. [L. *gula*] A portion of an ocean or sea extending into the land:અખાત,ખાડી.

Gull,(ગલ્) *vt*. To cheat: ભોળવવું; ઠગવું. *n*. A trick;a fraud:છળ;કપટ.

Gull ,(ગલ્)*n*.A web-footed sea fowl:પગનાં આંગળાં ચામડીથી જોડાયેલાં હોય એહું દરીઆઇ પક્ષી.

Gullet,(ગલ્લેટ્) *n*. [L. *gala*] The esophagus:ગળું;ગળાની નળી;અન્નમાર્ગ;જળઘાંટી.

Gully,(ગલ્લિ)*n*. A channel or hollow worn in the earth by a current of water:નીક; નહેર;મોરી *vt*.To wear into a gully:નીક ક૦.

Gulp,(ગલ્પ્)*vt*.To swallow eagerly,or in large draughts:ગટગટાવી જવું. *To g. up*, to throw up from the stomach;to disgorge:ઓકી નાખવું.*n*.The act of taking a large mouthful: મોટા બુકા કોળીયો મારવો તે.

Gum,(ગમ્)*n*.A vegetable secretion of many trees or plants, that hardens when it exudes but is soluble in water:ગુંદ; ગુંદર. 2.Sockets of the teeth:દાંતના પારા; અવાળું. *vt* To smear with gum:ગુંદર લગાડવો.

Gumboil, (ગમ્બૉઇલ્) *n*. A small suppurating inflamed spot on the gum:અવાળું.

Gumminess,(ગમિનેસ્)*n*.The state or quality of being gummy:ચિકણાપણું; ચિકણાશ.

Gummy,(ગમિ)*a* Consisting of gum;viscous ગુંદર જેવું;ચીકણું;ચોંટી જાય એવું.

Gump,(ગમ્પ્)*n*.A dolt;a dunce:બેવકૂફ;મૂર્ખ.

Gumption,(ગમ્પ્શન્) *n*. Capacity; common sense:ગ્રહણ ધારણ શક્તિ.

Gun,(ગન્)*n* [L.*canna*,reed;tube.]A weapon which throws or propels a missile to a distance:બંદુક.A piece of heavy ordnance;in a restricted sense,a cannon:તોપ.G.*barrel*: બંદુકની નળી.G. *fire*,the time at which the morning or the evening gun is fired: જે વખતે સવારની-સાંજની તોપ ફોડવામાં આવે છે તે. G. *metal*, bronze:કાંસુ.

Gun-boat,(ગન્બૉટ્)*n*.A vessel carrying one or more guns:એક અથવા વધારે તોપ વાળી નાની હોડી.

Gun fire,(ગન્ફાઇર્) *n*. Discharge of a gun: તોપનો અવાજ.

Gunner,(ગનર્) *n*.A cannoneer:તોપ છોડનાર.

Gunnery,(ગનરિ)*n*.That branch of military science,which comprehends the theory of projectiles:ગોળા નાંખવાની કળા; ગોલંદાજી.

Gunning, (ગનિન્ગ્) *n*. That act of hunting game with a gun:બંદુકથી શિકાર કરવો તે.

Gunny,Gunney,cloth, (ગનિ-ગનિક્લૉથ્) *n*. A coarse kind of sacking:જાડું કોથળાનું લુગડું;ગુણપાટ.

Gunpowder,(ગન્પાઉડર્)*n*.A black, granular, explosive substance:બંદુકનો દારૂ.

Gun-shot,(ગન્શૉટ્) *n*. Act of firing a gun: તોપનો બહાર. 2. The distance to which a shot can be thrown from a gun:ગોળાનો ટપ્પો.

Gun-smith,(ગન્સ્મિથ્)*n*.One whose occupation is to make fire arms:બંદુક બનાવનાર.

Gun-stone,(ગનસ્ટૉન્)*n* A cannon ball:તોપનો ગોળો.

Gurge,(ગર્જ)*n*.[L.*gurges*]A whirlpool:પાણીમાં થતો સમરો;વમળ.*vt* To swallowup:ગળી જવું.

Gurgle,(ગર્ગલ્)*vi*[L.*gurgulio*,gullet.]To run or flow in a broken,irregular,noisy current:ગળગળ વહેવું; બળબળ વહેવુ. *n*. The act of gurgling:ગળગળ વહેવું-અવાજ થવો તે.

Gurry,(ગરિ)*n*.Refuse matter:કચરો;પુંજો; કીટું.

Gush,(ગશ)*vi*. To issue with violence and rapidity:ખળખળ કરીને બહારનિકળવું.2.To dis-

play enthusiasm in demonstrative manner:એકદમ-અચાનક ઉછાળાથી કંઇ કામ કo.n.ઉમળકો.
Gusset,(ગસ્સેટ્) *n* A small piece of cloth inserted in a garment:લુગડાની કળી.
Gust,(ગસ્ટ્) *n.* A violent blast of wind:પવનનો ઝપાટો.2.A sudden,violent burst of passion:મનનો ઉભરો;ઉદ્ગાર.3.Taste:રૂચિ;મનોરૂચિ; ભાવના.4.લ્હેજત;મોજ;મઝા;આનંદ;ઉપભોગ.5.સ્વાદ.
Gusto(ગસ્ટો)*n.*Relish:taste;fancy:રૂચિ;લહેજત
Gusty,(ગસ્ટિ)*a.*Windy:જોસ ભરેલા પવનનું.
Gut,(ગટ્)*n.* A narrow passage of water:નેહેર;નીક.2.આંતરડાં.*vt.*To take out the bowels from:માંથી આંતરડાં લઇ લેવા-ખેંચી કાઢવાં.
Gutter,(ગટ્ટર્)*n.*[L *gutta.*]A small channel at the road side to lead off surface water:મોરી;ગટર.
Guttler,(ગટ્લર્)*n.*A greedy eater:ખાઉધર.
Guttural,(ગટ્ટરલ્)*a.*[L. *guttur,* throat.] Of, or,pertaining to the throat:કંઠસ્થાની;કંઠ્ય.
Guzzle,(ગઝ્લ્) *vi.* & *vt.* To drink much or frequently:(દારૂ)ગટગટ પી જવું;ઠાંસવું;ઢીચવું;ઢેચવું
Gye,(જાઇ)*vt.*To guide;to govern:દોરવવું;દોરવું
Gymnasium,(જિમ્નેઝિઅમ્)*n. pl.* [Gr *gymnos,* naked.] A place or building where athletic exercises are performed:કસરતશાળા;તાલીમખાનું;અખાડો;વ્યાયામશાળા-ભૂમિ.
Gymnast,(જિમ્નૅસ્ટ્)*n.* One who teaches or practises gymnastic exercises:કસરત ઉસ્તાદ;ઉસ્તાદ;પહેલવાન:મલ્લ.
Gymnastic,(જિમ્નૅસ્ટિક્)*a.*Pertaining to athletic exercises;athletic:તાલીમ કસરત સંબંધિનું.
Gymnastics,(જિમ્નૅસ્ટિક્સ્)*n pl.*Athletic or disciplinary exercises:કસરત;કસરતવિદ્યા.
Gymnosophist, (જિમ્નૉસૉફિસ્ટ્) One of a sect of philosophers in India, who went about quite naked:દિગંબર જોગી; દિગંબરી.
Gynarchy,(જિનાર્કિ)*n* [Gr.*gyne,*a female & *arke,*government.]Government by a woman:સ્ત્રી રાજ્ય;સ્ત્રિયા રાજ્ય.
Gyneocracy- Gynocracy, (જિનીઑક્રસિ-જિનૉક્રસિ)*n* [Gr *gyne,* a woman & *kratos,* power.]Female power;gynecocracy:સ્ત્રી સત્તા.
Gyneceum,(જિનીસીઅમ્) *n.* Female apartments:જનાનખાનું;અંતઃપુર;અંતર્ગૃહ.
Gyp,(જાઇપ્)*n* [Gr *gup,*a vulture.]A college servant:પાઠશાળાનો નોકર.
Gypsy,(જિપ્સિ)*n pl.*One of a vagabond race એક જાતના રખડાઉ લોક.2.The language used by the gypsies:રખડાઉ લોકોની ભાષા.
Gyration,(જાઇરેશન્)*n.*A circular or spiral motion;rotation:ચક્રાવો;ચક્રગતિ;ફેરો;ફેરી;ભ્રમણ.
Gyve,(જાઇવ્)*n.*A fetter:પગની બેડી. *vt.* To fetter;પગમાં બેડી નાંખવી.

H.

H,(ઍચ્)The eighth letter, represented by હ્ when aspirated:ઇંગ્રેજી મુળાક્ષરનો આઠમો અક્ષર;એનો ઉચ્ચાર હ્ થાય છે.
Ha,Hah,(હાં,હા)*interj.* An exclamation denoting surprise, joy or grief:આશ્ચર્ય-આનંદ કે શોક બતાવનાર ઉદ્ગાર;હાહા ! વાહવાહ ! અહો !
Haberdasher,(હૅબરડૅશર્)*n.*A seller of small wares,such as,ribbons,tapes,pins,needles and thread:ફીત,દોરી,ટાંચણી,સોય દોરા વેચનાર.
Haberdashery,(હૅબરડૅશરી)*n.*The goods and wares sold by a haberdasher:સોય-કાંસકીવાળાનો વેચવાનો સાંમાન;ફીત;દોરી;ટાંકણીઓ વિગેરે.
Habergeon,(હૅબર્જીઑન્)*n.*A piece of ancient defensive armor:ગરદન અને છાતીનું બખતર.
Habiliment, (હૅબિલિમેન્ટ્) *n.* [L. *habitus,* dress.]A garment;clothing:વસ્ત્ર;લુગડાં;પોશાક.
Habit,(હૅબિટ્)*n.*[L.*habeo,*I have.]Physical temperament: પ્રકૃતિ; ગુણ;તબીયત. 2 Fixed custom:ટેવ;મહાવરો;આદત;અભ્યાસ.3.Outward appearance:પોશાક;પહેરવેશ;લિબાસ.
Habitable,(હૅબિટૅબલ્)*a.*[L.*habito,*I dwell.] Capable of being inhabited:વસવા લાયક.
Habitant,(હૅબિટૅન્ટ્)*n.*A dweller:રહેવાશી.
Habitation, (હૅબિટેશન્)*n.* Act or state of dwelling:રહેવું-વસવું તે.2. A place of abode: રહેઠાણ;વાસ;ઘર;નિવાસ.
Habitual,(હૅબિટ્યૂઅલ્)*n.*Formed or acquired by habit or use:અભ્યાસ;મહાવરાવાળુ.
Habitually,(હૅબિટ્યૂઅલિ)*adv.*Customarilly: નિત્ય;હમેશ;નિયમસર-યથારીતે;ટેવ-ધારા પ્રમાણે.
Habituate,(હૅબિટ્યૂએટ્) *vt.* To accustom: અભ્યાસ-માવરો-સહવાસ પાડવો.
Habituated,(હૅબિટ્યૂએટેડ્)*a.* Accustomed: ટેવ-અભ્યાસવાળુ;ટેવ પડેલું;સહવાસ પડી ગયેલું.
Habitude, (હૅબિટ્યૂડ્) *n.* Familiarity; frequent intercourse:સહવાસ;અભ્યાસ;પરિચય.
Hack,(હૅક્)*vt.* To cut irregularly:અવળું વાંકુ ચૂકું કાપી મૂકવું;છુંદવુ.2.To let out for hire:ભાડે આપવું.*vi.*To live the life of drudge;વૈતરું કo; મજુરી કરી ગુજરાન ચલાવવું.*n.*A catch in speaking: તોતડાટ; જીભ અટકવી તે. 3. A hackney coach:ભાડુતી ગાડી.4.કાપો;વાઢ;છેદ.[તોતડું બોલવું.
Hacking,(હૅકિંગ્)*a.*Speaking hesitatingly:
Hackery,(હૅકરિ)*n.*A street cart in Bengal, drawn by oxen:બંગાળામાં બળદ ગાડી.
Hackle, Heckle, (હૅકલ્) *n.* Any flimsy substance unspun:વગર તુણેલું રેશમ.2. પંજેટી. *vt.* To comb as flax or hemp:જાડા સણમાંથી ઝીણું સણ જુદું પાડવું;પંજેટવું.
Hackney,(હૅક્ની) *n.* A horse suitable for

riding;a pony:સ્વારી કરવા લાયક ઘોડો;ટટ્ટુ; બટ્ટ. 2. A hack: ભાડુતી ઘોડો. *vt.* To carry in a hackney-coach:ભાડુતીગાડીમાં લેઈ જવું.

Had,(હૅડ્)*Imp.* & *Past P.*of **have,**

Hades, (હૅડોઝ્)*n* The nether world: પાતાળ; ભુવન.

Haddock, (હૅડ્ડૉક્) *n.* A sea-fish: દરીઆઈ [માંછલી.

Haft,(હૅફ્ટ્)*n.*A handle:હાથો;દસ્તો;મુઠ.*vt.* To set in a haft:હાથો જડવો.

Hag, (હૅગ્) *n.* An ugly old woman;a she-monster: ઘરડી-બદશિકલ બિહામણી સ્ત્રી.*vt.* To harass:હેરાન કo.;કંટાળો ઉપજાવવો.

Haggard, (હૅગ્ગૅર્ડ્) *a.* Wild: જંગલી. *n.* An untrained hawk: વગર કેળવાયેલું બાજપક્ષિ. 2. A hag:ડાકેણ.

Haggish,(હૅગિશ્)*a* Like a hag:ડાકેણ જેવું.

Haggle, (હૅગલ્)*vt.*To cut into small pieces: આડું-અવળું-કાપી નાંખવું.2.To tease:સતાવવું.

Hagiographer, (હૅજીઑગ્રૅફર્) *n.* A sacred writer:પવિત્ર પુસ્તકો લખનાર;સંતચરિત્ર લખનાર.

Hagiography, (હૅજીઑગ્રૅફિ) *n.* Sacred writings;the leaves of the saints:પવિત્ર લખાણ.

Hail,(હૅલ્)*vt.*To pour down,as hail:કરાની માફક રેડવું. *n.* Grains and lumps of ice precipitated from the clouds:કરા.*a.* Healthy: આરોગ્ય;નિરોગી;તનદુરસ્તીવાળું.

Hail, (હૅલ્)*interj.* An exclamation usually of respectful salutation:જય જય;નમ;સ્વસ્તિ.

Hail,(હૅલ્)*n.*A wish of health:નમસ્કાર.*vt.*To call after loudly;to salute:સલામ-નમસ્કાર કo.

Hail·stone,(હૅલ્સ્ટૉન્)*n.*A frozen rain-drop: કરાનો કકડો-ગાંગડો ગોળો.

Hair,(હૅર્) *n.* The collection of filaments growing from the skin of an animal:નિમાળા;વાળ;કેશ.2.A hair-cloth:નિમાળાનું બનાવેલું લુગડું.3.Hairbreadth:દોરાપુર છેટું.*To split* **h.**s.to make distinctions of useless nicety:દુધમાંથીપોરા કાઢવા;બહુ ડાહ્યા થવું *Not worth a* **h.,** of no value:કોડી-બદામ-દમડીની કીંમતનું પણ નહિ.

Hairsbreadth,(હૅર્સ્બ્રેથ્) *a.* Having the breadth of a hair;very narrow:ઘણું સાંકડું.

Hairiness,(હૅરિનેસ્) *n.* The state of being covered with hair:ઘણા ભરાયેલા નિમાળા-વાળ.

Hairy,(હૅરિ) *a.* Made of hair; covered with hair;resembling hair:વાળનું;નિમાળાનું.

Halberd,(હૅલ્બર્ડ્)*n.*A weapon consisting of a pole with a cutting edge at one end,and a bent point at the other:ફરસીનો ભાલો.

Halcyon,(હૅલસિઑન્)*n.*[L. *Halcyon*,or Gr. *hols*,the sea,*kyo*,I conceive.]The king-fisher:એક પક્ષિ; એક જાતનું જળગામી પક્ષિ.

Hale,(હૅલ) *a.* Sound; healthy; robust:સારૂં; [નિરોગી.

Half,(હૉફ્)*n.*[*Pl* **halves.**]One of two equal parts: અડધો-નીમે-અર્ધ ભાગ. *In* **h.** in two:બે ભાગ *Better* **h.**:અર્ધાંગના;સ્ત્રી.*To cry halves*,to claim an equal share:સરખો ભાગ માગવો.*To go halves*, to have an equal share: સરખો ભાગ મેળવવો.*adv.*In part;in an equal part: એક સરખે ભાગે.

Half·blood,(હૉફ્બ્લડ્)*n.* Relation between persons born of the same father or of the same mother:એક મા અગર એક બાપનો સંબંધ.

Half-brother,(હૉફ્બ્રધર્)*n.*A brother by one parent,but not by both:ઓરમાન સાવકો કોકાઈભાઈ.

Half-caste(હૉફ્કાસ્ટ્)*n.*One born of a Hindoo parent on the one side,and of a European on the other:મા અને બાપમાંથી એક હિંદુ અને એક યુરોપીઅન એ રીતે જેનો જન્મ છે એવું છોકરૂં.

Half cock, (હૉફ્કૉક્) *n.* The position of the cock of a gun when retained by the first notch:અડધો ઘોડો ચઢાવેલી બંદુકની સ્થિતિ.*vt.*To set the cock of at the first notch: બંદુકનો અડધો વાંદરો ચઢાવવો.

Half·moon,(હૉફ્મુન્) *n.* The moon at the quarters, when half of its disk appears illuminated:અર્ધચંદ્ર.

Half·witted,(હૉફ્વિટેડ્)*a.* Weak in intellect,silly;foolish: સાડા ત્રણ પાયાનું; કમઅક્કલ; નાદાન;બેવકુફ;મૂર્ખ.

Hall,(હૉલ્)*n.* (*a*) A covered room devoted to public business:સાર્વજનીક કામને સારૂ મુકરર કરેલો મોટો ખંડ.(*b*)A large room at the entrance of a house:આગલો ઓરડો.(*c*) A room of audience and justice:કચેરી;દરબાર.

Halleluiah,Hallelujah,(હૅલીલ્યૂયા) *n.* & *interj.*Praise ye Jehoyah; praise ye the Lord:ઇશ્વરની સ્તુતિ કરો એ અર્થનો બોલવાનો શબ્દ.

Halliard, (હૅલ્યૅર્ડ્)*n.* A rope or tackle for hoisting or lowering sails:સઢપર બાણ ચઢાવવા ઉતારવાનું દોરડું.

Halloo,(હૅલ્લ્)*vi* To cry out to by name:લલકારવું;ઘાંટો કાઢી બોલાવવું. *vt.* To chase with shouts: ·ની પાછળ હુલે હુલે કo.*Interj.Ho there ho* an exclamation to encourage one:કોઈનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે બોલાતો શબ્દ;હો

Hallow,(હૅલો) *vt.* To make holy:પવિત્ર કo

Hallucination,(હૅલ્લ્યૂસિનેશન્)*n.*[L.*hallucinatio*] Error; mistake:ભૂલ;તકસીર;ચુક.

Halo,(હૅલો)*n.pl* **Halos.**[L. *halos*, halo.] A cricle of light;a glory.ચિત્રમાં પ્રભામંડલ.

Halster,(હૉસર્) *n.* A large rope of a size between the cable and the two·line:વહાણ અથવા હોડીને ખસેડવા-ખેંચવાનું મોટું દોરડું.

Halt, (હૉલ્ટ્) *vi.* To stop in walking or

marching:પડાવ નાંખવો;થોભવું;ડેરવું: મુકામ કo. 2. To limp:લંગડાવું; ખોડંગાવું; ખોડાવું. 3. To hesitate:આંચકો ખાવો;અચકી પડવું;ઘોળમાં પડવું. To cause to cease marching:મુકામ કરાવવો; થંભાવવું;અટકાવવું.*a.*Lame:લુગડું.*n.*મુકામ;પડાવ.

Halter,(હોલ્ટર્)*n.*One who halts or limps: લંગડાતો-ખોડાતો ચાલનાર.2. A rope for leading a horse:બાગડોર;ઘોડો દોરી લઈ જવાનું દોરડું.3. ફાંસીની દોરડી.*vi* To put a halter on; to bind with a rope;દોરડું બાંધવું.

Halve,(હાંવ્) *vt.* To divide into two equal parts:બે સરખા ભાગ કo.

Ham,(હેમ્) *n.* The hind part of the knee: ઘુંટણનો પાછલો ભાગ. 2. The thigh of a hog salted & dried in smoke:મીઠું દેઇને સુકવેલી ડુક્કરની જાંગ.

Hames,(હેમ્સ્)*n.pl.*Thecollar of the horse's neck:ઘોડાનો ગળબંધ.

Hame,(હેમ્)*n.* One of the two curved pieces of wood or metal,which lie upon the collar: ગળેબંધ ઉપરના બે ધાતુના કડકામાંનો એક.

Hamlet (હેમ્લેટ્)*n.*A small village:નાનું ગામડું.

Hammer, (હેમર્) *n.* An instrument for driving nails,beating metals&c:હથોડો:મોગરી.

Hammock, (હેમૉક્) *n.* A kind of hanging bed:ઝોળી;ઝુલતી પથારી.

Hamper,(હેમ્પર્)*n.*A large basket for conveying things to market, &c:બજારમાં ચીજો ભરી લેઇ જવાની મોટી ટોપલી;ટોપલો; સુંડલો;છાબ; *vt.* To tangle:ગુંચવી નાંખવું;ગુંફડી નાંખવું.

Hamstring,(હેમ્સ્ટ્રિંગ્)*vt.*To lame:લુલું-લંગડું કo;અશક્ત કo.*n* One of the tendons of the ham:ઘુંટણના તળીઆની રગ.

Hand,(હેન્ડ્) *n.*The outer extremity of the human arm, consisting of the palm and fingers:હાથ. 2.A pointer of a dial:કાંટો 3. Side; part:બાજુ;તરફેણ. 4. An agent; servant:મુનીમ;ચાકર;નોકર 5.Style of hand-writing:અક્ષર;દસ્ક્ત;મરોડ 6. Possession:હવાલો;કબજો;હાથ; અખ્તિયાર. 7. The quota of cards received from the dealer: હાથ; એક જણનાં ભાગે આવેલાં પત્તાં. 8. Skill:આવડત;કરામત; કુશળતા;હસ્તક્રિયા.9.Marriage contract:લગ્ન;વિવાહ;પાણિ ગ્રહણ. 10. A measure:મુઠ. 11.બાચકો મુઠી **Hand** is used to denote (*a*) Might; power:બળ; સામર્થ્ય. *At all hands or on all hands*, by all parties: બધા પક્ષોએ. *At.* **h.**: near in line or place: નજીક *At first* **h.**: માલધણી પાસેથી લીધેલું. *At second* **h** : જુનું;વપરાયેલું;ઉતરેલું **H.** *in* **h.**, in union:સંપસંપીને; હળીમળીને. **H.** *over* **h.**, by passing the hands alternately: વારાફરતી હાથ બેય ઉપર ટેકવી ટેકવીને. **H.** *to* **h.**, in close union:લગોલગ. **H.***to mouth*:શેર લાવવું ને શેર ખાવું એ રીતે. *Heavy* **h.**, severity: જુલમ. *Laying on* **h.s** a form used in blessing persons:આશીર્વાદને માટે હાથ મુકવો તે.*Light* **h**, gentleness: હલકો હાથ; નમ્રતા. *Off* **h.** or *out of* **h.**, without delay: ઢીલ વગર; તુરત. *Off one's* **h.**, out of one's possession:કબજામાંથી જતું રહેલું. *On*, **h.** in present possession:પોતામાં; સિલકમાં;પાસે. *To be* **h.** *and glove*, to be intimate and familiar: ગાઢા પરિચયમાં હોવું. To change **h.,s**,to change sides:પક્ષ બદલવો.*To have or get the upper* **h.**,to get the better of another person:.ના ઉપર હાથ હોવો.*To lay* **h.s** *on*, to seize:પકડવું.*To lend a* **h.**,to give assistance: મદદ-સહાય કo. To lift **h.** *against*, to attack;to oppose:હુમલો કo.*To put the last or finishing* **h.** *to*, to complete; to perfect: પરિપૂર્ણ કo. *To take in* **h**, to attempt or undertake: આરંભ-મંડાણ કo. *To wash the* **h.***of*, to disclaim or renounce interest in:.હાથ ધોઇને બેસવું. *Under the* **h.***of*:-ની સહી સાથેનું.*vt.*To furl: ઉડાવવું;ઉતારવું. *To* **h** *down*, (*a*) To transmit in succession:વારસામાં ઉતરવું;પરંપરામાં ચલાવવું.(*b*)*To* **h.** *over*, to deliver up:સ્વાધીન-હવાલે થવું.

Hand-bill, (હેન્ડ્ બિલ્) *n.* A loose printed sheet to be circulated:જાહેર ખબર.

Hand-book,(હેન્ડ્-બુક્)*n.*A manual:નાનો ગ્રંથ.

Hand breadth, (હેન્ડ્-બ્રેડ્થ્) *n.* A palm; a breadth equal to the breadth of the hand (ઉંચાઈ માપવાની)મુઠ;હથેલી.

Hand cuff,(હેન્ડ્-કફ્)*n.*A manacle:હાથકડી;બેડી. *vt.*To manacle:હાથકડી ઘાલવી-નાંખવી.

Handful,(હેન્ડ્ ફુલ્)*n* As much as the hand will contain:હાથમાં માય તેટલું;મુઠી.

Handgallop, (હેન્ડ્-ગેલૉપ્) *n.* A slow and easy gallop:ચારે પગની ધીમીને નરમ દોડ.

Handicraft, (હેન્ડિક્રેફ્ટ્) *n.* Manual operation;handcraft:હાથનું કામ. 2. One skilled in some mechanical art:કારીગર.

Handily,(હેન્ડિલિ)*adv.*In a handy manner: ચતુરાઈથી;સહેલાઈથી.

Handiness,(હેન્ડિનેસ્)*n.*Quality or state of being handy:હાથચાલાકી;ઝડપ;હથોટી.

Handkerchief,(હેન્ડ્-કર્ચીફ્)*n.*A piece of silk or linen cloth to wipe the face or hands રૂમાલ:અંગુચ્છો.

Handle,(હેન્ડલ્) *vt.* To touch:હાથ અડકાડવો. 2 To manage skilfully:સહાવું;ચતુરાઈથી વાપરવું.3.To accustom with hand:હાથમાં આવવું. 4.To manage: હાથમાં લેવું.5 To discuss; to treat:વાદવિવાદ કo;વાત ચરચાવવી; જોવું; વિચારવું.

vi To use the hands;to act by hands:હાથ વાપરવા. *n* That part of an instrument, which is held in the hand when used:હાથો:દાંડો;મુઠ;દસ્તો.2 A tool:હથિયાર. *To give a* **h.**,to furnish an occasion:પ્રસંગ આપવો.

Handloom, (હૅન્ડ્લૂમ્) *n.* A loom used by hands:હાથેવતી કપડું વણવાની સાળ.

Hand-maid,(હૅન્ડ્-મેંડ્)*n.*A maid that waits at hand:ખિજમત કરનારી ચાકરડી;દાસી.

Handmill,(હૅન્ડ્મિલ્) *n.* A mill moved by hands:હાથે-ઘેર દળવાની ઘંટી;ચક્કી.

Hand-saw, (હૅન્ડ્-સૉ) *n.* A saw to be used with the hand:આરી;આરીઉં;આડીઉં;હાથ કરવત

Handsel,(હૅન્ડસેલ્)*n.*A sale or delivery into the hand of another:બહોણી;વકરો.*vt.*To give a handsel to:બહોણી કરાવવી.

Handsome,(હૅન્ડ્સમ્) *a.* Agreeable to the eye;comely:ફુટડું;દેખાવડું.

Handspike,(હૅન્ડ્સ્પાઈક્) *n.* A wooden bar used for raising weights,&c.:ભાર ઉપાડવાનો દાંડો;ઉચ્ચાલન;ઉચ્ચાલક.

Hand writing, (હૅન્ડ્રાઈટિંગ્) *n.* The form of writing peculiar to each hand:અક્ષર.

Handy,(હૅન્ડિ) *a.* Skilful:ચતુર; ચાલાક; કીસબી. 2. Convenient:લાયક;સુતરપડે તેવું;સુગમ.

Hang, (હૅન્ગ્) *vt.* To suspend:લટકાવવું; ટાંગવું. 2. To put to death by suspend: ફાંસી દેવી. *vi.* To he suspended; to float:લટકવું;ટંગાવું. 2.To be a weight;to drag: બોજારૂપ થઇ પડવું. *To* **h.***around,*to loiter idly about:રસળવું;ભટકવું.

Hanger,(હૅન્ગર્)*n.*One,whohangs or causes to be suspended:લટકાવનાર; ટાંગનાર.2. A short,broad sword incurvated toward the point:અણી તરફ વળેલી એક ટૂંકી પહોળી તરવાર. 3 That by which a thing is suspended: ખીંટી;આંકડો.

Hangeron(હૅન્ગર્ઑન્)*n.*One,who hangs on a person, a dependent:આશ્રિત;ખુશામતીઓ.

Hanging,(હૅન્ગિંગ્)*n.*Death by suspension: ફાંસીથી થવું મોત.2. That which is hungદીવાલપર ચોંટાડવાના કાગળ વીગેરે;ઝાલર;પડદા;પીછવાઇ.

Hang-man,(હૅન્ગ્મૅન્)*n*[*Pl.*]One,who hangs another:ફાંસી દેનાર;ચંડાળ.

Hank,(હૅન્ક્) *n.*A parcel consisting of two or more skeins of yarn tied together:સુતરની દડી;સીવવાના દોરાની દડી;આંટી;ફળકો. *vt.* To form into hanks:દડીઓ બનાવવી;આંટીઓ ક૦.

Hanker, (હૅન્કર) *vi.* To desire vehemently: મેળવવાને મનમાં બળવું. 2. To form a group: ટોળું થવું. [તિ ઉત્કંઠા;આતુરતાથી ઇચ્છા રાખવી તે.

Hankering,(હૅન્કરિન્ગ્)*n.*Ardent desire:અ-

Hap,(હૅપ્)*n.* Chance:નસીબ;દૈવ;ઘટના; એકાએક આવી બને એવી બીના.*vi.*To happen; to befall: બનવું;ઓચિંતુ કંઈ થવું. [*At* **h.**:જેમ આવે તેમ.

Hap-hazard,(હૅપ્-હૅઝર્ડ્)*n.*Chance:યોગ;નશીબ.

Hapless,(હૅપ્લેસ્)*a.* Unfortunate:કમનશીબ.

Haply,(હૅપ્લિ)*adv.*By hap or chance:દૈવ યોગે.

Happen,(હૅપન્) *vi.* To come by chance;to fall out:અચાનક-એકાએક-ઓચિંતો બનાવ બનવો.

Happily,(હૅપિલિ)*adv.* Luckily:સુભાગ્યે;સુખે.

Happiness,(હૅપિનેસ્)*n.* Felicity:સુખ;કલ્યાણ.

Happy,(હૅપિ) *a.* Fortunate:સુખી;નસીબદાર.

Harangue,(હૅરૅન્ગ્)*n* (*a*)A popular oration ઘણા જણ આગળ કીધેલું ઠીકઠાક ભાષણ.*vi.*To make an address:મોટી મંડળી ભરાઈ હોય ત્યાં ભાષણ ક૦.

Harass,(હૅરૅસ્)*vt.* To weary;to fatigue:-ની ફુસ કાઢી નાંખવી.2.To perplex:સંતાપવું;પીડવું.

Harassing,(હૅરૅસિંગ્)*a* Annoying:દુઃખદાયક.

Harbinger, (હાર્બિન્જર્) *n.* A forerunner; precursor:આગામિ સૂચક;આગળથી ખબર આપનાર.

Harbour,(હાર્બર્)*n.*A lodging:આશ્રય;શરણ. 2.A refuge for ships;a harbour or port:બંદર; વહાણને લંગર કરવાની જગ્યા; બારૂ.*vt.*To protect to shelter:ઘરમાં રાખવું;શરણ-આશ્રય આપવો. 2. To protect,as a ship from storms:રક્ષણ ક૦; વહાણને તોફાનથી બચી જવાને સારૂ લંગર કરવાની જગ્યા આપવી.

Hard,(હાર્ડ્)*a.*Firm; not soft:કઠણ;દબાય નહિ એવું;સખત.2.Difficult to understand:સમજાય નહી તેવું;અઘરૂં.3.Laborious; fatiguing: કઠણ; કંટાળો આપે તેવું.4.Difficult to bear:સખ્ત;જુલમી 5.Harsh:કઠોર 6 (*Pron.*)*A* **h.***letter,* a letter not soft: અઘોષ અક્ષર. *adv.* With difficulty: મુશ્કેલીથી;ઘણીમહેનતે.**H.***by*,near by:પાસે; નજીક.

Harden, (હાર્ડન્) *vt.* To make hard; to indurate: કઠણ-સખ્ત ક૦; કસવું; રિઢું ક૦;ઢોઠ-નઠોર ક૦. *vi.*To become hard: કઠણ-સખ્ત-મજબૂત કરેલું;નઠોર;થવું.

Hardened,(હાર્ડન્ડ) *p.a.* Made hard;confirmed in vice:કઠણ-સખ્ત-મજબૂત કરેલું;નઠોર થએલું.

Hard-favoured,(હાર્ડ્ફેવર્ડ્)*a.*Hard featured; ill-looking:કરડા દેખાવનું;ડોળવગરનો.

Hard-featured,(હાર્ડ-ફીચર્ડ્)*a.*Having coarse features:કરડા દેખાવનું;ડોળ ડામ વગરનું.

Hard fisted, (હાર્ડ્ફિસ્ટેડ્) *a.* Close-fisted; niggardly:કંજુસ;કૃપણ;સૂમ;બદ્ધ મુષ્ટિ.

Hard-hearted,(હાર્ડ્ હાર્ટેડ્)*a.* Unsympathetic;pitiless:દયા વગરનું;નિર્દય;કઠણ હૈયાવાળું.

Hardihood,(હાર્ડિહુડ્)*n.*Boldness; bravery; intrepidity:છાતી;હિમત;ધૃષ્ટતા;સાહસ;સહનશક્તિ

Hardiness, (હાર્ડિનેસ્) *n.* Capability of endurance:સહનશક્તી;ખમી શકવાની શક્તી.

Hardly, (હાર્ડ્લિ) *adv.* In a hard manner; with difficulty: મહા મહેનતે; મહા કષ્ટે;બહુ પ્ર-

યાસે.2.Scarcely;not wholly: ભાગ્યે;કદાચિત.

Hards,(હાંડર્સ્)*n.pl.* Tow:શણુને પીંજ્યાથી નીકળેલો જાડો ભાગ.

Hardship, (હાંર્ડ્શિપ્) *n.* Severe labor;toil; injury;injustice &c.:દુઃખ;ક્લેશ;કષ્ટ;સંકટ; વિટંબના;મુશીબત;અન્યાય;ગેર ઇન્સાફ;જુલમ.

Hardware,(હાંર્ડ્વર્) *n.* Ware made of metal લોઢા વિગેરે ધાતુનો સામાન;ધાતુનાં ઓજાર વાસણ.

Hardy,(હાંર્ડિ)*a.*Bold;resolute:નિર્ભય; બહાદુર. 2.Strong:મજબૂત;જબર;દૃઢ;નક્કર;નઠોર.

Hare,(હેર્)*n.*A rodent of the genus *lepus,* having long hind legs,a short tail and a divided upper lip:સસલું; શશ; શશક **H.** *and hounds*:એક જાતની રમત;દોડ પકડની રમત.

Hare-brained,(હેર્બ્રેન્ડ્)*a.* Wild:જંગલી.

Harem,(હેરેમ્)*n.* A seraglio:જનાનખાનું.

Hark,(હાંર્ક્)*vi.*To listen:કાન ધરવો;સાંભળવું.

Harl,(હાંર્લ્)*n.*A filamentous substance;the filaments of flax:શણનાં રૂઆં;રૂઆં જેવો પદાર્થ.

Harlequin,(હાંર્લેક્વિન્)*n.*A buffoon:તરકટિઓ; રંગલો;ભાંડ-જુઠણું;વિદુષક;મશ્કરો.

Harlequin-ade,(હાંર્લેક્વિન્ હિવનેડ્)*n.*The part of a harlequin:વિદુષકનો ભાગ-પક્ષ.

Harlot,(હાંર્લૉટ્)*n.* A prostitute:વેશ્યા;છીનાળ.

Harlotize,(હાંર્લૉટાઇઝ્)*vi.* To harlot:છીનાળનો ધંધો કo;અધમ-નીચ ધંધો કo.

Harlotry, (હાંર્લૉટ્રિ) *n.* The trade of prostitution:વેશ્યાનો ધંધો;છીનાળ-સ્ત્રીઓતણનો ધંધો.

Harm,(હાંર્મ્)*n.*Injury:ઇજા;દુઃખ;નુકશાન; બગાડ. *vt.*To hurt; to injure: ઇજા કo;ને દુઃખ દેવું.

Harmful,(હાંર્મ્ફુલ્) *a.* Full of harm: નુકશાનકારક;નુકશાન કરે એવું;હાનિકારક;અપકારક.

Harmless, (હાંર્મ્લેસ્) *a.* Free from harm: નિરૂપદ્રવ 2 Inoffensive:નિર્દોષ;ગરીબ;રાંકડું;નિર્બાધક.

Harmonic,Harmonical,(હાંર્મૉનિક્ કલ્) *a.* Musical; concordant:મળતા સુરનું.

Harmonious,(હાંર્મોનિઅસ્) *a.* Adapted to each other: અવયવ-પ્રમાણ આકાર-સાંગ શુદ્ધ. 2. Living in place and friendship:સંપીલું 3. Agreeably consonant; symphonious: ખુશ લાગે એવા મળતા સ્વરનું;મિઠું;મધુર; સુસ્વર.

Harmonium,(હાંર્મૉનિઅમ્)*n.*A musical instrument:એકજાતનું હાથે વગાડવાનું વિલાયતી વાજું.

Harmonist,(હાંર્મૉનિસ્ટ્)*n.* One of a religious sect founded in Wurtemburg in 1780 વર્ટેમ્બર્ગમાં સ્થપાયેલો ધાર્મિક પન્થ.

Harmonize, (હાંર્મૉનાઇઝ્) *vi* To agree in sense;to agree in action:મળતું હોવું-આવવું.

Harmonizer,(હાંર્મૉનાઇઝર્)*n* One who harmonizes:ગાનાર;રાગ જોડનાર.

Harmony,(હાંર્મૉનિ)*n.*[L. *Harmonia,* proportion.]The just adaptation of parts to each other,in any system:અવયવાનુરાગ; અવયવનું યોગ્ય પ્રમાણ-રચના. 2 Musical concord: રાગ;મેળ;સુરમેળ;એકતાર.3.Agreement:મેળ;એકતા; અવિરોધ 4.Peace and friendship:સંપ;બનાવ; રાગ;અનુરાગ.

Harness, (હાંર્નેસ્) *n.* The armor of a horse: કવચ;બખ્તર.2.The equipments of a draught horse: ઘોડાનો સાજ. *vt.* To dress in armor: બખ્તર પહેરાવું To die in **h.**:નોકરી કરતાં મરી જવું.

Harp, (હાંર્પ્) *n.* A stringed instrument of music:વીણા;સારંગી *vi.*To play on the harp: સારંગી-વીણા વગાડવી.

Harper, (હાંર્પર્) *n.* A player on the harp: હાર્પ વગાડનાર;ગવઇઓ;સારંગીવાળો.

Harpoon,(હાંર્પૂન્)*n.*A spear used to kill a large fish: મોટાં માછલાં મારવાનો ભાલો. *vt.* To strike or kill with a harpoon:ભાલાવતી પકડવું;મારી નાખવું.

Harpy,(હાંર્પિ)*n.*A fabulous winged montser having the face of a woman,and the body of a vulture:સ્ત્રીનું મોં અને ગીધનું શરીર એવો પાંખોવાળો કલ્પિત રાક્ષસ.

Harrier, (હૅરિઅર્) *n.* A kind of hound for hunting hares:સસલાનો શિકાર કરવાનો કુતરો.

Harridan,(હૅરિડન્)*n.* A decayed strumpet: ઘરડી;બુઢ્ઢી છીનાળ;વૃદ્ધ વેશ્યા.

Harrow,(હૅરો)*n* [L *hirpex,*harrow.]An instrument of agriculture: દંતાળો. *vt.* To draw a harrow over for the purpose of breaking clods and levelling the surface: કળપ ફેરવવો;કળપ વડે ભાંગવું. [agitate:હરકેરવું.

Harry,(હૅરિ) *vt.* To pillage: લુંટી લેવું. 2. To

Harsh,(હાંર્શ)*a.*(*a*) Rough to the touch:ખુંચે એવું;કઠણ (*b*) Rough to the taste: ખાટું બકચ. અને લૂખું;રૂક્ષ. (*c*) Rough to the ear:કાન ફાડી નાંખે તેવું કઠોર;કર્કશ.

Harshness,(હાંર્શ્નેસ્)*n.*The quality or state of being harsh:કરડી મરજી;સખ્તપણું;કઠોરતા.

Hart,(હાંર્ટ્)*n.*A stag:સાબરનોર;સાબર;મૃગ;હરણ.

Hartshorn,(હાંર્ટ્સ્હૉર્ન્) *n.* The horn of the hart:સાબરનું શીંગડું.

Harvest,(હાંર્વેસ્ટ્)*n.*The season of gathering crop of any kind:કાપણીનો વખત;મોસમ. *vt.*To reap or gather,as corn:લણવું;કાપણી કo

Harvest-home,(હાંર્વેસ્ટ્-હોમ્)*n* The song sung by reapers at the feast made at the gathering of corn:ખેડૂતોનો ઓચ્છવ.

Hash,(હૅશ)*vt.*To chop into small pieces;to mince and mix:ની કચુંબર-ઝીણીઝીણી કકડી કo.

Hasp,(હૅસ્પ્)*n.*A clasp;a metallic hook for fastening a door:કડી;સાંકળ;આંકડી; ચાપડો;ચપડાસ.2.A spindle to wind yarn,thread or

silk on:સુતર અગર રેશમ વિંટવાની તરાક *vt.* To shut or fasten with a hasp:આંકડીવતી બંધ ક૦.

Haste,(હેસ્ટ્ *n* Hurry:ઉતાવળ ઝડપ;તાકીદ;વેગ-ત્વરા.*To make* **h.**,to hasten;ઉતાવળ ક૦.*vi.* & *vt.*To hasten:ઉતાવળથી થાય તેમ ક૦.

Hasten,(હેસન્)*vt.*To press;to hurry:ઉતાવળું થાય એમ ક૦ *vi.*To be rapid in motion;to go quickly:ઉતાવળા થવું;ઉતાવળાં ચાલવું.

Hasty,(હેસ્ટિ) *a.* Involving haste; done in haste:ઉતાવળીયું;શીઘ્ર;ઉતાવળથી બનાવેલું; તામસી સ્વભાવનું;જલદ;સત્વર.

Hat,(હૅટ્)*n.*A covering for the head:ફળી ટોપી.*To pass around the* **h.**:ટોપી ફેરવવી;ટોપી ફેરવીને ભીખ માગવી.

Hat-band,(હૅટ્-બૅન્ડ્) *n.* A band round the crown of a hat:ટોપી ઉપર લપેટવાનો પટો.

Hat-box,(હટ્-બૉક્સ્)*n.*A box for a hat:ટોપીને માટે કરંડીઓ-પેટી-ડાબડો.

Hatch, (હૅચ્) *vt* To produce young from (*eggs*):સેવવું. 2. To contrive or plot:-ના ઘાટ રચવો.*vi.*To come forth from the egg:સેવાવું.

Hatch,(હૅચ્) *n.* A door with an opening over it:જે બારણા ઉપર કાણું હોય તે 2 A bed-stead:ખાટલો.*vt.*To close with a hatch:તુતકથી બંધ ક૦.

Hatchel,(હૅચેલ)*n.* A kind of large comb: શણ પિંજવાનો સંચો; એક જાતનો મોટો કાંસકો. *vt.* To draw flax from the fine:શણ પિંજવું.

Hatchet,(હૅચેટ્)*n.* A small axe:નાની કુહાડી; ફરસી-પરશુ.*To bury the* **h**,to make peace: બધુ વિસારે નાંખી સલાહ ક૦.*To take up the* **h** to declare war:લડાઈ જાહેર ક૦.

Hatch-way,(હૅચ્-વે) *n.* The entrance to a celler:તુતક-ભંડાર વીગેરેમાં જવાનું બારણું.

Hate,(હેટ્)*vt.*To dislike;to detest;ઉપર વેર-દ્વેષ રાખવો;ધિક્કારવું;ના દુશ્મન થવું.*n.* Intense dislike;hatred:ધિક્કાર દ્વેષ;વેર;અંટસ;કીનો.*Innate or instinctive* **h** :જાતિવેર.*Deadly* **h** હાડવેર.

Hateful,(હેટ્ફુલ્)*a.*Malevolent:કીનાખોર

Hatred,(હેટ્રેડ્)*n* Strong aversion:ધિક્કાર.

Hatter,(હૅટર્) *n.* One, who makes or sells hats:ટોપીઓ બનાવનાર-શીવનાર વેચનાર.

Haughtiness,(હૉટિનેસ્)*n.*Arrogance:ધિક્કાર;તીરસ્કાર;ગર્વ;મદ;અહંકાર;અભિમાન.

Haughty,(હૉટિ)*a* [L. *altus*, high.] High; bold: ઉચું;મોટું.2 Arrogant:અહંકારી.3.Indicating haughtiness:અભિમાન બતાવનારૂં.

Haul,(હૉલ્)*vt.*To pull with force:જોરથી ખેંચવું 2.To transport by drawing:ખેંચીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લેઈ જવું.*vt.* To change the direction of a ship by hauling the wind: પવન તરફ વાહાણનું મો ફેરવવું *n.*A violent pull:આંચકો;આકર્ષણ.

Haunch,(હૉન્શ્)*n.* The hip:કેડ;કમ્મર.

Haunt,(હૉન્ટ્)*vt.*To frequent:માં આવજા ક૦. 2.To inhabit as a ghost: ભૂત ભરાવું. *n.* A place to which one frequently resorts:વારેવારે આવજા કરવાની જગા.

Haunted,(હૉન્ટેડ્)*a.*Frequented by a ghost: ભૂતોવાળું;ભૂતાળવું;પિશાચસેવિત.

Haut-boy,(હૉબૉઇ) *n.* A wind instrument, sounded through a reed:પીપી;સરણાઇ.

Haut boyist,(હૉબૉઇસ્ટ્)*n.*A player on the haut-boy: પીપી-સરણાઇ વગાડનાર; પીપીવાળો.

Hauteur,(હૉટર્)*n.*Arrogance:અભિમાન.

Have,(હૅવ્)*vt.* To own.:કબજામાં લેવું;-ના માલીક થવું;-ના હાથમાં હોવું.2.To take or accept:લેવું; રાખવું.3.To desire:-ની ઇચ્છા હોવી.

Haven, (હેવન્) *n.* A harbor;a port:બંદર;વહાણને લંગર કરવાનું ઠેકાણું.

Having,(હૅવિંગ્)*n.*Possession:માલમત્તા; પુંજી.

Haversack,(હૅવર્સૅક્)*n.*A bag for oats:ઓટ જાતનું અનાજ ભરવાનું થેલી. 2 A gunner's case or bag used to carry cartridges:કારતુસ વિગેરે રાખવાની થેલી. [નાશ;ખરાબી;સંહાર;ગજબ;ખનઇ

Havoc,(હૅવૉક્)*n.*Wide destruction:પાયમાલી;

Haw, (હૉ) *n.* A hedge:વાડ. 2. The fruit of the hawthorn:હાથોર્ન નામના ઝાડનું બીજ.

Haw,(હૉ)*n* Hesitation of speech:તોતડું બોલવું તે *vi.* To speak with hesitation:આંચકા ખાઇને બોલવું.

Haw,(હૉ)*vi.*To turn to the near sideપાસેની બાજુ તરફ વાળવું.*vt.* To cause to turn to the near side:પાસેની બાજુતરફ વાળવું.

Hawk,(હૉક્)*n.*One of numerous genera of rapacious birds:બાજ;સિંચાણો; શકરો. *vt.* To catch birds by means of hawks trained for the purpose: પાળેલા બાજવડે બીજા પક્ષીઓ પકડવાં.

Hawk,(હૉક્) *vt.* To raise by hawking, of phlegm:કફનો ગળફો-બળખો કાઢવો. *vt.* To offer for sale by outcry in the street:ઘેરઘેર-શેરીએ શેરીએ ફરીને વેચવું.

Hawk.(હૉક્)*n.*A small board,with a handle on the under side, to hold mortar:ચૂનાનો કેલ લેવાનું હાથાવાળું પાટીયું

Hawker,(હૉકર્)*n.*A peddler:ફેરીઓ;ઘેરઘેર ફરીને વેચનારો.*vt.* To sell goods by outcry into street:ઘેર ઘેર ફરીને વેચવું.*n.*A falconer:બાજ પાસે શીકાર કરાવનાર.

Hawk-eyed, (હૉક્-આઇડ્) *a.* Sharpsighted: ઝીણી-તી ક્ષણ નજરવાળું;સૂક્ષ્મ-બારીક નજરવાળું.

Hawse,(હૉસ્)*n.*A hawse hole:કડી;નાકું.

Hawser, (હૉઝર્)*n.* [L.*altus*,big.] A large

rope:સંબંધનું દોરડું.

Hawthorn,(હૉથૉર્ન્)*n.* A thorny shrub or tree:કાંટાવાળું ઝાડ;વાડ બનાવવાનું વિલાયતી ઝાડ.

Hay,(હે)*n.*A hedge:2. A net:જાળ.

Hay,(હે)*n.* Grass cut and curd for fodder: સુકું ઘાસ;ઘાસ.

Hay-cock,(હેકૉક્)*n.* A heap of hay in the field:ખેતરમાં સુકા ઘાસનો ઢગલો;ઘાસની ગંજી.

Haying,(હેઇંગ્)*n.* The time for storing up hay:ઘાસ ભરી રાખવાનો વખત.

Hay-loft,(હેલૉફ્ટ્)*n.*A loft for hay:ઘાસ ભરવાનું માળીયું.

Hay-mow,(હે-મૉ)*n.*A mass of hay laid up in a barn:ખળીમાં ઘાસનો ઢગલો.

Haystack,(હે-સ્ટૅક્)*n.*A conical pile of hay in the open air:ઘાસની ગંજી.

Hazard,(હૅઝર્ડ્)*n.*Risk;danger:નુકશાનનો સંભવ;જોખમ; ધોકો. 2. Anything that is risked: જોખમમાં નાંખેલી વસ્તુ.*To run the* h., to take the risk:જોખમમાં પડવું;વહોરવું.*vt.*To venture: સંકટ-જોખમમાં નાંખવું.*vi.* To encounter risk: જોખમ વહોરવું-માથે લેવું-ખેડવું.

Hazardous,(હૅઝર્ડસ્)*a* Dangerous;risky:જોખમ ભરેલું;ભયભિત;જોખમવાળું;જોખમભાગે એવું.

Hazardry, (હૅઝર્ડ્રિ) *n*.Gaming:જુગટું; જોખમ ભરેલી-જોખમમાં નાંખે એવી રમત.

Hazel, (હેઝલ્) *n.* A shrub or small tree bearing a nut containing a kernel of a mild tacte:એક જાતનું ઝાડ *a.*ભૂરા રંગનું;ભૂરૂં.

Hazy,(હેઝિ)*a.*Thick with haze:ધુમસવાળું.

He,(હી)*pron,*A pronoun of the third person singular number masculine gender:તે;પેલો, ઓલ્યો.

Head, (હેડ) *n.* The foremost part of an animal's body:માથું;મસ્તક 2.The most prominent or important member of any organized body;the chief;the leader:શિરોમણી;આગેવાન;નાયક;શિરતાજ; મુખ્ય 3 Each one among many:જણ;માણસ;માથું.4.The brain: understanding:મગજ;બુદ્ધિ; સમજણ. 5. The source, fountain:આદિ-હેતુ-કારણ.4. A headland;a promontory:ભૂશિર A subdivision: પ્રકરણ.**H.** *& ears,* deeply;completely: તદ્દન; છેક;તમામ;બિલકુલ **H**.*or tail,*: આ બાજુ; કે પેલી બાજુ;આમ કે તેમ.**H**.*wind:* પ્રતિકૂળ પવન. *Over the* h. *of,* beyond the comprehension of:-ની શક્તિ-ગુંજાસબહાર.*To lay* h.s *together,*to consult:-ની સલાહ લેવી;-નીસાથે મસલત કo; એકઠા મળી વિચાર કo. *To lose one's* h., to lose presence of mind:સમયસૂચકતા જતી રહેવી;દિગ્મૂઢ બની જવું. *To make* h.*or to make.* h., *against*:-ના સામા માથું ઉચકવું-ઉઠાવવું:-ની સામા થવું. *vt.* To lead; to direct:-આગેવાન-સરદાર-નાયક-નેતા હોવું-થવું.

Head-ache,(હેડ્એક્)*n.* Pain in the head: માથાનું દરદ;માથું દુઃખવું તે;શીરો વેદના.

Head-dress,(હેડ્ડ્રેસ્)*n.* A covering for the head:માથાનું ઢાંકણ;પાઘડી;ટોપી;ફેંટો;ફાળીયું.

Heading,(હેડિંગ્)*n.* Formation of a head: ગોટો બંધાવો તે. 2 Title:મથાળું;સદર.

Head land,(હેડ્લૅન્ડ્)*n.*A cape:ભુશીર;ભુશાકા.

Head-long,(હેડ્લૉન્ગ્) *adv.* With the head foremost:ઉંધે માથે;અધોમુખ. 2. Rashly: વગર વિચારે.3.Hastily:ઉતાવળથી.

Head-master,(હેડ્-માસ્ટર્)*n.*Chief teacher: વડો મહેતાજી;નાયક;ગુરૂ;ઉપરી માસ્તર; હેડમાસ્તર.

Head-piece,(હેડ્પીસ્)*n.*Head:માથું.2.A cap of defence:રક્ષણ-બચાવને સારૂ ટોપી; શિરસ્ત્રાણ. 3 An engraved ornament at the head of a chapter:પ્રકરણ મથાળે મુકેલું ચિત્ર.

Head-quarters, (હેડ્ક્વૉર્ટર્ઝ્)*n.* *Pl* Place of residence of any chief officer: મુખ્ય અધિકારીની રહેઠાણની જગ્યા.

Headsman,(હેડ્ઝ્મૅન્) *n.* An executioner, who cuts off heads:માથું કાપનાર ચંડાળ.

Headstall,(હેડસ્ટૉલ્)*n.*That part of a bridle which encompasses the head: શિરદામની; સરદારી;શિરદુવાલિ.

Headstrong,(હેડ્સ્ટ્રૉન્ગ્) *a.* Not easily restrained;obstinate:દાબમાં રખાય નહી તેવું.

Heady,(હેડિ)*a.* Wilful;rash:ધૂની;અવિચારી.

Heal,(હીલ્) *vt* To make hale;to restore to health:સારૂં-સાજું કo;રોગ મટાડી દેવો.

Healing,(હીલિંગ્)*a.*Tending to cure;soothing:ચેહેન વળી જાય એવું.

Health,(હેલ્થ્)*n.* The state of being sound in body,mind or soul:તંદુરસ્તી *To drink a* h.:ફલાણો સુખી અને આરોગ્ય રહો એમ કહીને દારૂનો પ્યાલો પીવો.

Healthful,(હેલ્થ્ફુલ્) *a.* Full of health;healthy:કુશળ;નિરામય;નિરોગી;આરોગ્ય;તન્દુરસ્ત.

Healthy,(હેલ્થિ)*a.*Hale:આરોગ્ય;તંદુરસ્ત;નિરોગી.

Heap,(હીપ્) *n* A pile or mass:ઢગ;ઢગલો;અંબાર. *vt.* To lay up:ભેગું કo. [લું;ઢગલાબંધ;ઢગબંધ.

Heapy,(હીપિ)*a.*Lying in heaps:ઢગલામાં પડે-

Hear,(હીર્) *vt.* To perceive by the ear:સાંભળવું 2. To listen to:કાને ધરવું;માનવું.

Hearer,(હીરર્) *n* One,who hears; an audience:સાંભળનાર;શ્રોતા.

Hearing,(હીરિંગ્)*n.* The faculty by which sound is perceived: સાંભળવાની શક્તિ 2 A session of a court for considering proofs and determining issues:સુનાવણી;રજુઆત.

Hearken,(હાર્કન્)*vi.*To listen:સાંભળવું;કાન ધરવા;કાન દઈ સાંભળવું;મન દઈ સાંભળવું.

Hearsay,(હીર્સે)*n.* Report; rumor;common talk:ગપાટો;ભ્રમ;વાત; કોઈને મોઢે સાંભળેલી વાત;કર્ણોપરંપરા.**H** *evidence:*કંઇપણ બીના બીજાને મોઢેથી સાંભળેલી હોય તે કહીબતાવવી તે;પુરાવો.

Hearse,(હર્સ)*n.* A carriage for conveying the dead to the grave:મુડદાની-જનાજાની ગાડી; શબવાહિની.*vt.*To inclose in a hearse:મુડદાને ગાડીમાં ઘાલવું;કબ્જે કo.

Heart,(હાર્ટ)*n.* A hollow muscular organ which,by contracting rhythmically,keeps up the circulation of the blood:રક્તાશય;હૃદય;હૃદયકમલ. 2. The seat of the affections or sensibilities:હૈયું;કાળજું;છાતિ; મન;દિલ અંતઃકરણ. 3. The part nearest the middle or activity:વચલો ભાગ.4. Spirit:હિંમત. 5. Secret meaning:મનનીવાત;જીવન; ચૈતન;રાજાપગ; આંખ લાલબદામ. *After one's own.* **h.**:પોતાની વૃત્તિ-ઈચ્છાનુસાર. *For my.***h**, for my life: મારી જીંદગી ખાતર. *Out of* **h**, discouraged: નિરાશ;ના ઉમેદ; આશાભંગ. To have *at* **h.**, to desire earnestly:-ને માટે તલસવું.To lose **h.**, to become discouraged:-ના ઉમેદ થવું. *To lose one's* **h**: પ્રીતિમાં પડવું. To *set the* **h.** *at rest:*નિશ્ચિંત નિરાંતે બેસવું. *To take to* **h.**, to grieve over:-ની કાળજી-ફિકરચિંતા રાખવી; હૈયે ધરવું.*To one's* **h**,*content:*પેટપુર;ધરાઇને.

Heart ache(હાર્ટ-એક)*n* Sorrow:દિલગીરી.

Heart-break,(હાર્ટ-બ્રેક)*n* Crushing sorrow or grief:અત્યંત શોક ઉદાસી;હૃદય ફાટવા જેટલું દુઃખ

Heart burn,(હાર્ટ-બર્ન)*n.*An uneasy,burning sensation in the stomach,often attended with an inclination to vomit:દાહ;તીક્ષ્ણાગ્નિ.

Heart-burning (હાર્ટ-બર્નિંગ) *n.* Same as heart-burn:તિક્ષ્ણાગ્નિ 2.Discontent:અસંતોષ.

Heart-felt,(હાર્ટ-ફેલ્ટ)*a.*Hearty:ઘણુંજ લાગેલું.

Hearth, (હાર્થ) *n.* The floor of a fireplace: તાપણીની જગા;શગડી.**H**.*money,***H** *penny:*ચુલા દીઠ વેરો;ચૂલાવેરો.

Heartily,(હાર્ટિલિ)*adv.*With all the heart; with sincerity:ખરા મન-જીગર દીલથી *To eat* **h.** to eat freely:ધરાઇને સારી પેઠે જમવું.

Heartiness,(હાર્ટિનેસ)*n.* The quality of being hearty:ખરૂં દીલ;આસ્થા;ખરો ભાવ.

Heartless,(હાર્ટલેસ)*a.*Without a heart:નિર્દય; કઠોર.હૃદયરહિત 2 Spiritless:હિંમત વિનાનું.

Heart-piercing, Heart-rending, (હાર્ટ-પીઅર્સિંન્ગ,હાર્ટ-રેન્ડિંગ) *a.* Causing intense grief:હૃદયભેદક:કાળજું વીંધી નાંખે એવું.

Heart sick,(હાર્ટ સિક)*a.*Sick at heart:ખિન્ન.

Hearty,(હાર્ટિ)*a.*Warm:નિષ્કપટી;અંતઃકરણ પૂર્વક.

Heat, (હીટ) *n.* A force in nature which is recognized in various effects but especially in the phenomena of fusion and evaporation:અગ્નિ.2 The sensation caused by the influence of heat when excessive: ગરમી; તાવ; ગરમાવો, ઉષ્ણતા. 3. A single complete operation of heating,as in a furnace:તાપ; આંચ.4 Agitation of mind:ગુસ્સોઆવેશ;વેગ.5. Fermentation:ઉભરો.*vt* To grow warm or hot by the action of fire:તતું થવું.

Heath,(હીથ)*n.*(*a*)A low shrub with minute evergreen leaves,and handsome clusters of pink flowers:ઝીણું પાંદડાવાળો એક નાનો છોડ.

Heathen,(હીધન)*n.*A pagan idolator:મૂર્તિપૂજક.*a.*Pagan:અસદ્ધર્મનું;મૂર્તિપૂજનનું.

Heathenish,(હીધનિશ) *a.* Of or pertaining to the heathen:મૂર્તિપૂજક લોકનું.

Heathenism, (હીધનિઝમ્)*n.* Idolatry;paganism:મૂર્તિપૂજા. [ગરમ કરવું;ઉનું કરવુ.

Heating,(હીટિંગ્)*a.*That which impartsheat

Heave,(હીવ્)*vt.*To lift;to raise:ઉચકવું;ઉપાડવું. 2.To force from the breast:છાતીમાંથી પરાણે કાઢવું.3.To cause to swell:ઉપાડવું *n.*An effort to raise something:કંઇપણ વસ્તુ ઉચકવાનો પ્રયત્ન-કોશીશ.

Heaven, (હેવન્) *n.* The sky: આકાશ; ગગન. *Voice from* **h**-:આકાશવાણી.2.The dwelling place of the Deity:સ્વર્ગ.3.God:પરમેશ્વર.

Heavenly,(હેવન્લિ) *a.* Pertaining to heaven:આકાશનુ;ગગનસ્થ;સ્વર્ગીય.

Heavenly-minded, (હેવન્લિ-માઇન્ડેડ્) *a.* Godly:જેને પરલોકનોજ વિચાર છે એવું પરમાર્થનિષ્ટ.

Heaves,(હીવ્ઝ્)*n.*A disease of horses characterized by difficult breathing:ઘોડાથી શ્વાસ લેવાતો નથી તે દરદ.

Heavily,(હેવિલિ) *adv.* In a heavy manner: ભારે;ઘણુંજ;પુષ્કળ.2.Sorrowfully:દુઃખે; દુઃખથી; ઉદાસીથી;કષ્ટે કરીને.3.મહામહેનતે.

Heaviness,(હેવિનેસ્)*n.*The state of being heavy;weight;sadness:ભાર;બોજો;ઉદાસી.

Heavy,(હેવિ)*a.*Lifted with labour;ponderous:ભારે;વજનદાર.મહામહેનતે ઉચકાય તેવું 2 Slow dull:સુસ્ત;નિસ્તેજ;ભારે;જડ;મંદ.3. Strong:મજબુત;જબર;લઠ;અડાબીડ.4. Loud: મોટું. 5 Dark with clouds;gloomy:ઘનઘોર.6. Heavy with child;pregnant:ભારેવાઇ;સગર્ભા;ગર્ભવતી.7.Not easily digested:દુર્જર;ભારે;ગરિષ્ઠ 8.Clayey:કાદવકીચડવાળુ.9.Bowed down with grief:ઉદાસ; દિલગીર;નાઉમેદ.10.Wearisome:નિમાલ;મુડદાલ; રસ વિનાનું.

Hebdomadal,(હેબ્ડૉમૅડલ્)*a.* [L. *Hebdomadalis.* Gr-*habdomat*,seven days.]Weekly: સાત સાત દહાડાનું સાપ્તાહિક;દરહફતાનું.

Hebetude,(હેબિટ્યૂડ્)*n.*[L.*hebetude.*] Dull-

ness:સુસ્તી;મંદપણું;જડપણું;આળસ.

Hebraic,(હીબ્રઇક્)*a*.[Gr.*ebraios*.]Pertaining to Hebrews or to the Hebrew language: યાહુદી લોકોનું;યાહુદી ભાષાને લગતું.

Hebrew,(હીબ્રૂ)*n*.[L *Hebraeul*.] An Israelite;a jew: યાહુદી. 2. The language of the Hebrews:યાહુદી ભાષા.*a*.Of,or pertaining to the Hebrews: યાહુદી લોકયાહુદીનું-લોક સંબંધિ

Hecatomb,(હેકેટૂમ્)*n*.[Gr.*hekaton*,a hundred and *boue*,an ox.]A sacrifice of a hundred oxen or cattle at the same time:શતપશુયાગ

Hectic,(હેક્ટિક્)*a* [Gr.*hexis*,a habit of body or mind.]Habitual;constitutional: પ્રકૃતિબંધારણને લગતું-વિષેનું.*n*. Hectic fever: ક્ષયના રોગથી આવતો તાવ.

Hector,(હેક્ટર્)*n*.A blustering,turbulent:ધાંધલિયો;સતાવનાર;છેડનાર.*vt*.To threaten:દમ દેવો.

Hedge,(હેજ્)*n*.A thicket of bushes:વાડ. *H. marriage*,a secret marriage:છુપું લગ્ન.*vt*.To inclose or separate with a hedge:વાડ ક૦.

Hedge-row, (હેજ્-રેાૅ) *n*. A row of shrubs planted for inclosure:ખેતરની વચ્ચેનાછોડ.

Heed(હીડ્)*vt*.To mind:ધ્યાન આપવું.*vt*.To mind to consider:ધ્યાન આપવું-દેવું;વિચારવું *n*.Attention:ધ્યાન;નજર;સંભાળ;કાળજી;ભાન;સાવચેતી.

Heedful,(હીડ્ફુલ્)*a* Attentive:સાવધ; ખબરદાર.

Heedless,(હીડ્લેસ્)*a*.Inattentive:બેદરકાર.

Heel,(હીલ્)*vi* To lean to one side:નમવું;વળવું. *n*.The hinder part of the foot:એડી 2. The hinder part of any covering for the foot, as of a shoe,sock,etc.:જોડા,મોજાં વિગેરેની એડી. *To be at the* **heels**.*of,* to pursue closely: ની લગોલગ પછવાડે જવું.*To be down at the* **h.**: ગરીબ સ્થિતિમાં હોવું. *To take to the* **h. s.** to flee:નાશી જવું;પલાયન કરી જવું.

Hegira,(હીજિરે)*n*.The flight of Mohammed from Mecca,September 13 A.D.622:મહમદ પેગંબરનું તા. ૧૩ મી સપ્ટેમ્બર સને ૬૨૨ માં મક્કામાંથી પલાયન તે દિવસથી સન ચાલે છે.

Heifer,(હેફર્)*n* A young cow:વાછરડી;વાછડો.

Heigh-ho,(હાઇહો) *Interj*. An exclamation of surprise,joy: ઓય, ઓય ! અહા.

Height,(હાઇટ્)*n*.Elevated position:ઉંચાઇ.2. Altitude:ઉંચાઇ,ઉંચાણ;ઉચ્ચતા. 3.A hill:ટેકરી; ડુંગર 4.Grade;degree:દરજ્જો;પાયરી;પંક્તિ. 5. Utmost degree:ભરપુરજોર;ગાઢત્વ;પરાકાષ્ઠા.

Heighten, (હાઇટ્ન્) *vt*. To make high:ઉચું ક૦.2.To advance:વધારવું-વૃદ્ધિ ક૦.

Heinous,(હેનસ્)*a*.Atrocious:અતિ પાપી;ઘોર.

Heir,(એર્)*n*.[L. *heret*.] One who inherits any property after the death of its owner: વારસ.**H.***apparent to the throne*:યુવરાજ;પાટવી કુંવર;તિલાટ.**H.** *presumptive*:જો કોઇ વધારે પાસેના સગાનો જન્મ થાય તો તેના વારસાનો હક ડૂબે તેવો વારસ.

Heiress,(એરેસ્)*n*. A female heir:સ્ત્રી વારસ.

Heirless,(એર્લેસ્) *a* Destitute of an heir:નવારસી;બીન વારસી.

Heir-loom,(એર્લૂમ્)*n*.Any piece of personal property that has been in a family for several generations:વારસામાંમળેલ રાચરચીલું.

Heirship,(એર્શિપ્) *n*. Right of inheriting: property:વારસાપણાની સ્થિતિ;વારસો;ધનાધિકાર.

Held,(હેલ્ડ્) *Imp & p. p.* of **Hold**,: પકડેલું; પકડયું;ધરેલું.

Helioscope, (હીલિઑસ્કોપ્) *n*. A telescope for viewing the Sun:સૂરજ જોવાનું એકદુરબિન.

Helix,(હીલિક્સ્)*n*. *pl*. L. **Helices**. E.**Helixes**,The incurved margin or rim of the external ear:પેચ;ગોળ ફેરાવો;આંટો.

Hell,(હેલ્)*n*. (*a*) The place of the dead or of souls after death;the abode of evil spirits:યમલોક. (*b*) The regions below:પાતાલ. 2. (*a*) The place or state of punishment of the wicked after death:નરક.

Hellish,(હેલિશ્)*a*. Infernal:નરકસંબંધિ.

Helm,(હેલ્મ્)*n*. The apparatus by which a ship is steered:સુકાન.*vt*.To steer;to direct: હંકારવું. [શીરસ્રાણના આકારની ઉભી ટોપી.

Helmet, (હેલ્મેટ્)*n*. A helmet-shaped hat:

Helmsman,(હેલ્મ્ઝ્મૅન્) *n*. *pl* **Helmsmen**. The man at the helm;a steersman:સુકાની

Help,(હેલ્પ્)*vt*.To aid;to assist:મદદ આપવી. 2.To furnish with relief, as in pain, or disease:ને મદદ-સહાય ક૦. 3. To prevent, to hinder:અટકાવવું;રોકવું;ખાળવું 4.To forbear; to do without:વગર ચાલવું રહેવું.

Helper,(હેલ્પર્)*n*.One who, or that which, helps,aids,assists or relieves:સહાય-મદદકરનાર.

Helpful.(હેલ્પ્ફુલ્)*a*.Giving aid:સહાયકારી.

Helpless,(હેલ્પ્લેસ્)*a*. Destitute of help or strength: બિચારું; લાચાર; પરવશ; પરાધીન. 2. Beyond help;જેનો ઇલાજ ન થાય એવું.

Helplessness, (હેલ્પ્લેસ્નેસ્) *n*. State of being destitute of help: પરાધીનતા;લાચારી.

Help-mate-meet,(હેલ્પ્મેટ્-હેલ્પ્મીટ્) *n*. A helper;a companion:મદદ કરનાર સોબતી.

Helter-skelter,(હેલ્ટર્-સ્કેલ્ટર્)*adv*.In hurry and confusion:અનિયમિત રીતે;આમતેમ.

Helve,(હેલ્વ્)*n*.The handle of an axe:કોહાડીનો હાથો.*vt*.To furnish with a helve:કોહાડીનો હાથો ઘાલવો.

Hem,(હેમ્) *n*. The edge or border of a garment or cloth:લુગડાની કીનારી;કોર; કિનાર;નખ;

ખોટવું.*vt.*To form hem or border to:ની કોરવુ મુક કo.To surround:ઘેરી લેવું.

Hematology, (હેમેટૉલોજી) *n*. The science which treats of the blood:રક્તવિદ્યા.

Hemicrany,(હેમિક્રૅનિ)*n*.Pain affecting half the head:આધાસીસી.

Hemiplegy,(હેમિપ્લેજી) *n*. Palsy affecting one side:પક્ષાઘાત;પક્ષવાત.

Hemisphere,(હેમિસ્ફીર્)*n*.[Gr *Hemi*,half & *sphere*.] A half sphere:અર્ધગોળ;ગોળાર્ધ.

Hemispherical,(હેમિસ્ફેરિકૅલ્)*a*.Pertaining to a hemisphere:અર્ધ ગોળાકાર

Hemistich,(હેમિસ્ટક્)*n* [Gr.*hemi* & *stichos*, a row or line.] Half a poetic verse or line કવિતાની અરધી લીટી;ન્યૂન ચરણ.

Hemorrhage,(હીમૉરેજ્)*n*.[Gr.*haima*,blood & *rhegnymi*,I burst through.] Any discharge of blood:રક્ત ફાટવાથી લોહીનું વહેવું તે

Hemorrhoids,(હીમૉરૉઇડસ્)*n*. [Gr. *haima* & *rheo*, I flow.]Piles; emerods:હરસ; હરસનો રોગ;હર્શ.

Hemp,(હેમ્પ્)*n*. [L *cannabis*.](*a*) A plant: સણનો છોડ:(*b*) Cannabis saliva:ભાંગ.

Hempen,(હેમ્પન્) *a*. Made of hemp:સણનું બનાવેલુ 2.Like hemp:શણના જેવું.

Hen,(હેન્)*n*.[L.*cano*, I sing.]The female of the domestic fowl;મરઘી;કુકડી.

Henbane,(હેનબૅન)*n*.A plant: ખુરાસાની ભાંગ.

Hence, (હેન્સ્) *adv*. From this place:અહિંથી; આ જગાએથી. 2. From this time:આ વખતથી.3.From this reason,as an inference or deduction: આ કારણથી *Hence, is used in the sense of* ' go away, depart': ચલ; નિકલ; બહાર જા.

Hence forth-forward, (હેન્સ્ફૉર્થ-હેન્સ્ફૉર્ વર્ડ્)*adv*.From this time forward:હવે પછી.

Henchman,(હેન્ચ્મૅન્)*n.pl.***men** An attendant;a servant:a follower:ખીજમતદાર;ચાકર,અનુચર.

Hen-coop,(હેનકૂપ્)*n*.A cage for hens:પાંજરૂં

Hende, (હેન્ડ્) *a*. Skilful: ચંચળ; હુશીયાર 2 Friendly;gentle:નમ્ર;માયાળુ;સભ્ય.

Hen-hearted (હેન-હાર્ટેડ્)*a*.Cowardly:બાયલો.

Hen-pecked,(હેનપેકડ્) *a*. One subjected to petty or annoying attempts to rule:સ્ત્રીનો મારેલો-તાબેદાર;સ્ત્રીવશવર્તિ.

Hen roost,(હેનરૂસ્ટ્)*n*. A place where hens roost:મરઘાં વગેરે પાળેલાં પક્ષીનો ખડો

Hepatic cal,(હીપૅટિક્હીપૅટિકૅલ્)*a*.[Gr. *hepar*, the liver.]Resembling the lever in color or in form:રંગ કે આકારમાં કાળજાનાં જેવું.

Hepta-chord,(હેપ્ટ-કૉર્ડ્) *n*. A system of seven sounds:સપ્તસ્વર;સારીગમ.

Heptagon, (હેપ્ટૅગૉન્) *n* [Gr. *hepta*, seven *gonia* an angle.] A plane figure of seven sides and seven angles:સાત ખુણાની આકૃતિ.

Heptarchy,(હેપ્ટાર્કિ) *n*. A government by seven persons:સપ્ત રાજસત્તાક દેશ.

Her,(હર્)*Pron*.& *a*.The form of the objective and the possessive case of the personal pronoun she:તેણીને;તેને.

Herald,(હેરૅલ્ડ્) *n*. An officer whose business was to denounce or proclaim war; to proclaim peace:ઢંઢેરો પીટનાર અધિકારી;રાજદૂત.2.Any messenger:સંદેશો લઈ જનાર;અગ્રદૂત.*vt*.To proclaim:આગળથી ખબર આપવી.

Heraldry,(હેરૅલ્ડ્રી) *n*. The art or office of a herald:ઇંગ્લાંડના 'હેરલ્ડ' અધિકારીનો હોદ્દો ઇંગ્લાંડના અમીરોની વંશાવળી રાખવી તથા તેઓના આયુધ ચિન્હોના અર્થ સમજવાની વિદ્યા.

Herb,(અર્બ્)*n*,[L.*herba*.]A plant whose stem does not become woody and permanent, but dies:વનસ્પતિ;ઓષધિ;ઝાડવું.2.Grass:ઘાસ.

Herbaceous,(અર્બેશસ્) *a*. Of or pertaining to the herbs:ઓસડ;ઝાડવાંનું;ઓષધિ વિષયક.

Herbage,(અર્બેજ્)*n*.Herbs:ચારો;ભાજીપાલો.

Herbal,(અર્બલ્) *a*. Of or pertaining to the herbs: ઝાડવા-ભાજીપાલા સંબંધિ. *n* A book containing the names and descriptions of plants:ઔષધ સંગ્રહ,ઔષધિકલ્પ.

Herbalist,(અર્બલિસ્ટ્)*n*. One skilled in the knowledge of plants:ઓષધિ-વનસ્પતિવેત્તા

Herbarium,(અર્બેરિઅમ્) *n*. A collection of dried specimens of plants:વનસ્પતિસંગ્રહ 2. A book or case for preserving dried plants:સુકી વનસ્પતિ જાળવી રાખવાની ચોપડી.

Herbid,(અર્બિડ)*a*. Covered with herbs:વનસ્પતિ-ભાજીપાલાથી ઢંકાયેલું.

Herculean,(હર્ક્યૂલીઅન્)*a* [L.*hercules*,Hercules.] Very great:મહા કઠણ.2.Having extraordinary strength:અદ્ભુતજોર બળ વાળું.

Herd,(હર્ડ્)*n*. A number of beasts assembled together:પશુઓનું ટોળું;ઝુંડ;જુથ *vt*. To unite or associate in a herd:ટોળાબંધ રહેવું. 2.To act as a herdsman:ભરવાડનું કામ કo.

Herdsman,(હર્ડ્ઝ્મૅન્)*n pl* **men**.The owner or keeper of a herd or of herds:ભરવાડ.

Here,(હીર્)*adv*. In this place:અહિઆ. 2.In the present life or state:આ લોકમાં;આ દેહે. 3 In this point of time:હમણાં.

Hereabouts, (હીર્અબાઉટસ્) *adv*. About this place;in this vicinity:આટલામાં.

Hereafter,(હીર્અફ્ટર્)*adv*.In time to come: હવે પછી;પરલોકમાં;અતઃપર. [this:એને લીધે.

Hereat,(હીર્એટ્)*adv*. At, or by reason of

Hereby, (હીર્ બાઈ) *adv*. By means of this: આ ઉપરથી;આને લીધે.

Hereditament,(હેરેડિટમેન્ટ્)*n*.Any species of property that may be inherited:વારસો.

Hereditary, (હેરેડિટરિ) *a*. [L. *heres*, heir.] Descended,from an ancestor to an heir by law:વારસામાં મળેલું;વડિલોપાર્જીત;વડિલ પરંપરાગત.

Here·of, (હીર્ ઑર્)*adv*. of this; concerning this;hence:આમાંથી;આનું;આને લગતું.

Here·on,(હીર્·ઑન્)*adv*.Hereupon:એ ઉપરથી.

Heresiarch, (હેરીસિઆર્ક્) *n*. [Gr. *heresy* & *archos*,chief]A leader in heresy;the chief of a sect of heretics:પાખંડ મત ચલાવનાર.

Heresy,(હેરેસિ)*n.pl* **Heresies**.[Gr.*haireo*, to take.]An opinion held in opposition to the established doctrine:પાખંડમત.2 Heterodoxy:પાખંડ મત 3. An offence against Christianity:ખ્રિસ્તી ધર્મની વિરૂદ્ધ થવાનો ગુન્હો.

Heretic,(હેરેટિક્) *n*. [Gr. *hairetikos*.] One who holds to a heresy:પાખંડ મત માનનાર.

Heretical,(હેરેટિકલ્) *a*. Containing heresy of the nature of heresy:પાખંડ મત સંબંધી.

Here·to-fore, (હીર ટૂ ફોર્) *adv*. Upto this time; hitherto; before; in time past:આજદીન સુધી;પહેલાં.

Hereunto,(હી રૂઅન્ટૂ) *adv*. Upto this;upto this time; hereto:આ ઉપરથી;આ વખત સુધી.

Herewith,(હી રૂવિથ્)*adv*.With this:આ સાથે

Heritable,(હેરિટેબલ્) *a*. Capable of being inherited:વારસામાં મળે એવું.

Heritage,(હેરિટેજ્)*n*.That which is inherited:વારસામા મળેલું.

Hermaphredite,(હર્મેફ્રડાઈટ્)*n*.[L *hermaphroditus*.]An individual which has the attributes of both male and female: હિજડો;પાવૈયો-નપુંશક

Hermetic·cal,(હર્મેટિક્ હર્મેટિકલ્) *a*. Pertaining to the system which explains the causes of diseases and the operations of medicine on the principles of the hermetic philosophy:ત્રિભૂતશાસ્ત્ર સંબંધી.

Hermit,(હર્મિટ્)*n*.[Gr.*eremos*,solitary.]A recluse;an anchoret:સન્યાસી;એકાંતવાસી;વાનપ્રસ્થ.

Hermitage,(હર્મિટેજ્)*n*.The habitation of a hermit; a secluded residence:આશ્રમ;પર્ણકુટી

Hernia(હર્નિઅ)*n.pl* **Hernias**.A protrusion consisting of an organ or part which has escaped from its natural cavity and projects through some natural or accidental opening in the walls of the latter:આંતરડું-ગોળીમાં ઉતર્યાથી થઈ દરદ;અંતર્ગળ;અંત્રવૃદ્ધિ.

Hero,(હીરો) *n*. *pl*. **Heroes**. [L. *heros*] A prominent or central personage in any remarkable action or event:વીરપુરૂષ; ભટ;શુર;પહેલવાન;જવાંમર્દ.2.The principal personage in a poem, or story:નાયક.

Heroic·cal, (હીરોઇક્-હીરોઇકલ્) *a*. Pertaining to a hero:વીરપુરૂષોનું-ના જેવું.2.Bold:બહાદુર.*Heroic poetry*.epic poetry:વીરરસ કથા.

Heroically,(હીરોઇકલિ)*adv*.Bravely;boldly પરાક્રમથી;બહાદુરીથી.

Heroine,(હિરોઇન્)*n* [L.*heroina*.]A woman of an heroic spirit:પરાક્રમી સ્ત્રી;વીરા; નાયિકા.

Heroism,(હેરોઇઝ્મ્)*n*.The qualities characteristic of a hero:અમીરાઈ;શુરવીરપણું;સૂરત્વ.

Heron,(હેરન્)*n* Any wading bird:બગલું; કંક.

Herpes,(હર્પિઝ્)*n*.[Gr *erpesu*,to creep]An eruption of the skin:ખસ;ખુજલી;દરાજ-ખરજવું.

Herring,(હેરિન્ગ્)*n* One of various species of fishes:ટોળામાં રહેનારી માછલી.

Herself, (હ ર્સેલ્ફ્) *pron*. An emphasized form of the third person feminine pronoun:તે પોતે (સ્ત્રી).

Hesitancy, (હેઝિટેન્સિ) *n*. Slowness in deciding; vascillation:અચકાટ;નિશ્ચય;વહેમ.

Hesitate,(હેઝિટેટ્)*vi*.[L.*haereo*,I hang.]To stop or pauserespecting decision or action:આંચકો ખાવો;ખમચાવું;અચકાવું;આનાકાની કo.

Hesitation,(હેઝિટેશન્)*n* Suspension of opinion or action;doubt:ઢચુપચુ;આનાકાની;આંચકો.

Hesperian,(હેસ્પીરિઅન્)*a*. [L *hesperus*,the evening star] Western; occidental:પશ્ચિમનું. *n*. A native of a western country:પશ્ચિમ તરફના મૂલક-રાજ્યનો રહેવાસી.

Heterodox,(હેટેરોડૉક્સ્)*a*. [Gr. *heteros*,another and *doxa*,a notion]Not orthodox; heretical:પાખંડી;શાસ્ત્રવિરૂદ્ધ;કુમાર્ગગામી.

Heterodoxy,(હેટેરોડૉક્સિ) *n* Heresy: પાખંડ.

Heterogeneous,(હેટેરોજીનીઅસ્)*a* [Gr.*heteros* & *genos*,race.]Differing in kind;having unlike qualities:વિજાતીય;જુદીજાતનું;વિગુણ.

Hew, (હ્યૂ) *vt*. To cut with an axe:કાપવું; વાઢવું. 2.To form a shape with a sharp instrument;હથિયારથી કોતરી ઘાટ કાઢવો.

Hewer,(હ્યૂઅર્)*n*. One who hews:કાપનાર.

Hexagon,(હેક્સેગૅન્)*n*.[Gr.*hex*,six & *gonia*, an angle.]A plane figure of six sides and six angles:છ ખૂણાવાળી આકૃતિ;ષટ્કોણાકૃતિ.

Hexahedron,(હેક્સેહેડ્રૉન્) *n*. [Gr.*hex*,six & *hedra*, seat]A solid body of six sides or faces:છ બાજુની આકૃતિ.

Hexameter,(હેક્સૅમેટર્)*n*.[Gr.*hex* & *metron* a measure.]A verse of six feet:જેમા છ ચરણ હોય છે એવો છંદ.

Hexangular,(હેક્સૅન્ગ્યુલર્) *a.* Having six angles or corners:છખૂણાવાળું.

Hey,(હે)*a,*High:ઉંચું.*interj.*An exclamation of joy,surprise:ખુશાલી-અચંબાનો પોકાર;શાબાશ.

Hiatus,(હાઇઍટસ્)*n.pl Epl.* **Hiatuses.** [L. *hio,*I open.] An opening: કાણું;બાકું. The concurrence of two vowels: સાથે સાથેના બે શબ્દમાંના દરેકમાં બે સ્વર હોય તે.

Hibernal,(હાઇબૅર્નલ્)*a.* Wintry: શીઆળાનું.

Hibernate,(હાઇબર્નેટ્)*vi.*[L *hibernus,* wintry.] To winter:શિયાળો ગાળવો.

Hiccough,Hickup, (હિકપ્)*n.* A modified respiratory movement:વાધણી;હેડકી *vi.* To, have a hiccough:વાધણી આવવી.

Hickory,(હિકોરિ)*n.*(*Bot.*)An American tree અખરોટનું ઝાડ. [secret:સંતાડેલું;છાનું.

Hidden,(હિડન્)Concealed;put out of view

Hide,(હાઇડ્) *vt.* To conceal: સંતાડવું. 2. To keep secret:છાનું રાખવું.3 To shelter:આશ્રય આપવો.To **h.***one's self* to put one's self in a condition:પોતાની જાતને સહિસલામત રાખવી.*To* **h** *the face* not to show the face:મ્હોં છુપાવવું *vi.*To lie concealed: સંતાઇ જવું *n.*The skin of an animal:પશુની ચામડી.**H.**& *seek*:હાહીનો ઘેડો

Hidebound, (હાઇડ્-બાઉન્ડ્) *a.* Having the skin closely bound to the body as in animals:શરીરને ચોટી રહી હોય એવી ચામડીવાળું.

Hideous,(હિડીઅસ્)*a.* [L. *hispidus.*rough.] Frightful:વિકાળ;ભયાનક;બીયામણું.2. Offensive to the eye:જે સાંભળવાથી ભય-બીક લાગે એવું 3. Hateful:.ધિક્કારવા લાયક.

Hie,,(હાઇ)*vi.* [L. S. *higian,* to hasten.]To hasten:ઉતાવળ કર *n.*Haste:ઉતાવળ.

Hierarchy,(હાઇઅરાર્કિ)*n.* [L *Hieros,*sacred & *arche,*rule,]Authority in sacred things: ધર્મ સંબંધિ મુખ્ય અધિકાર.2.A body of ecclesiastical rulers: ધર્માધિકારી. 3. A form of government of church:ખ્રિસ્તી દેવળનો કારભાર કરવાની પદ્ધતિ.

Hieroglyphic, (હાઇઅરોગ્લિફિક્) *n.* A character in picture writing:ચિત્ર પદ્ધતી-લિપિ.

Hierography, (હાઇઅરોગ્રૅફિ) *n.* [Gr *hieros,* sacred & *grapho,*I write:]Sacred writing: ધર્મ કે પવિત્ર વસ્તુ સંબંધિ લખાણ.

Hierophant,(હાઇઅરોફૅન્ટ્)*n.*One who teaches the duties of religion:મુખ્ય ધર્માધિકારી.

Higgle,(હિગલ્)*vi.* To hawk provisions: ફરી ફરીને ખોરાક વેચવો. [રાવનાર;ભાંજગડ કરનાર.

Higgler,(હિગ્લર્)*n.*One who higgles:ભાવ ક-

High,(હાઇ)*a.*Lofty;tall:ઉંચું;ઉન્નત.2.Distinguished:નામાંકિત;પ્રખ્યાત.(*a*)Preeminent:ઉંચું. (*b*)Dignified:વિખ્યાત.(*c*)Of noble birth:અમીરી.(*d*)Difficult to comprehend: સમજી ન શકાય એવું;મોટું.(*e*)Costly:મોઘું. 3. Acute or sharp:તિક્ષ્ણ.તિવ્ર;ઉંચો.**H.***andd iy*:પાણીની બહાર.**H.***life*:શ્રીમંતાઈ;અમીરી.**H.***tide*,the greatest flow of the tide:આવી રહેલી ભરતી.*With a* **h.** *hand* (*a*) In force: વિજયથી. (*b*) In an overbearing manner:જુલમથી.

High-born,(હાઇબૉર્ન)*a.*Of noble birth: ઉંચા કુળનો;ખાનદાન;કુલીન;જાતવાન.

High-flier,(હાઇ-ફ્લાઇઅર્)*n.*One who is extravagant; pretensious:અમર્યાદ વિચાર.

High-flown,(હાઇફ્લૉન્) *a.* Elevated;proud: ઉંચું;મોટું.2.Turgid:extravagant:અમર્યાદ.

High-handed, (હાઈ-હૅન્ડેડ્) *a.* Oppressive; arbitrary;violent:જુલમગારીનું;જુલમી; ઉદ્ધત.

High-land,(હાઇલૅન્ડ્)*n.* Elevated or mountainous land:પહાડી મુલક-દેશ;ઉચ્ચ પ્રદેશ.

Highly, (હાઇલિ) *adv.* Very much: બહુ;અતિ.

High-minded, (હાઇ-માઇન્ડેડ્)*a.*Proud:અભિમાની.2.Magnanimous:ઉદાર મનનું.

Highness,(હાઇનેસ્)*n.* Elevation:ઉંચાઇ.2.A title of honor given to kings:રાજાનેઅપાતો ઇલકાબ. [પ્રધાનધર્માધિકારી;દસ્તુર.

High-priest,(હાઇપ્રીસ્ટ્)*n.*A chief priest:મુ-

High-souled,(હાઇ-સૉલ્ડ્)*a.*Having a high or noble spirit;honorable:મહાત્મા છાતીવાળું.

High-sounding, (હાઇ-સાઉન્ડિન્ગ્)*a.* Pompous;noisy:કેવળશબ્દગૌરવવાળું;ડબડબાનું.

High-spirited, (હાઇ-સ્પિરિટેડ્)*a.* Haughty; courageous;impetuous:છાતીવાળું;બહાદુર જાશ્રત.

High-water,(હાઇવૉટર્)*n.*The utmost flow or greatest elevation of the tide:ભરતી.

High Way,(હાઇ વે)*n.*A main road:શરીઆમ ધોરી રસ્તો;રાજમાર્ગ;બાદશાહી રસ્તો.

High-way-man,(હાઇ વે-મૅન્)*n.*A highway robber:શરીઆમ રસ્તે લુંટનાર;વાટપાડ;ધાડપાડુ.

High-wrought,(હાઈ-રૉટ્)*a.*Wrought with fine art or skill:ઉંચા હુન્નર જાતનું બનાવેલું.

Hilarity, (હિલૅરિટિ)*n* [L.*hilaritas.*]Boisterous mirth;merriment jollity:ગમત;ખુશાલી.

Hilding,(હિલ્ડિન્ગ્)*n*.A base,menial wretch: હલકો માણસ.*a.* Base:હલકો; નીચ.

Hill, (હિલ્) *n.* [L *coleis.*]An eminence less than a mountain:ટેકરી;નાનોપહાડ;ડુંગર.

Hillock, (હિલૉક્) *n.* A small hill:નાનો ડુંગર.

Hilly,(હિલિ)*a.*Full of hills:પહાડી.

Hilt,(હિલ્ટ્)*n.*A handle of a sword:મુંઠ.[તેને;એને.

Him,(હિમ્)*pron.*The objective case of **he.**:

Himself, (હિમ્સેલ્ફ્) *pron.*An emphasized form of the third person masculine pronoun:પોતે-જાતે.

Hind,(હાઇન્ડ્)*n.*The female of the red deer:

સાખરી;મૂગલી.*a.*In the rear:પાછલું;પાછળનું.

Hinder,(હાઈન્ડર્)*a.*Of or belonging to that part or end which is in the rear: પાછલું.*vt.* To keep back: રોકવું.

Hinderance-Hindrance, (હિન્ડરેન્સ્ હિન્ડ્રન્સ્)*n.*The act of hindering:અટકાવ.

Hindmost-Hindermost, (હાઇન્ડ્મોસ્ટ્-હાઈન્ડર્-મોસ્ટ્)*a.*Furthest;last:સહથી પાછલું.

Hindoo Hindu, (હિન્ડુ)*n.*A native inhabitant of Hindustan:હિંદુ;હિંદુસ્તાનનો રહેવાશી.

Hinduism, (હિન્ડુઈઝમ્)*n.* Thereligious doctrines of the Hindoos:હિંદુનોધર્મ.

Hinge,(હિન્જ્)*n.* The hook with its eye,or the joint,on which a door,gateetc.,turns: મિજાગરૂ;બારણું;ચણીયારૂ;કડી આંકડો. *To be off the* **h.**,to be in a state of disorder: ગેરબંદોબસ્ત હોવું.*vt.*To attach with hinges:મિજાગરા જડવાં.

Hint, (હિન્ટ્) *vt.* To suggest in an indirect manner:ચેતાવવું;સુચના કo.*vi.*To allude vaguely to something:કશાને ઉ શીને જણાવવું. *n.*સૂચના;ઇસારો;અણસારો.

Hip, (હિપ્)*n.* The haunch:કેડ-કમ્મરનું હાડું *To catch upon the* **h.***or to have on the* **h.**, to have or get the advantage of:.નો ફાયદો મેળવવો *To smite* **h.** *and thigh*,to defeat utterly:તદન હરાવવું.

Hippopotamus, (હિપૉપૉટમસ્) *n.* [Gr. *hippos*,a horse and *potamus*,a river.] A large,amphibious animal:જળઘોડો.

Hip-roof,(હિપ્રૂફ્)*a.*A roof having angles: ખુણાવાળું છાપરૂં.

Hipshot,(હિપ્શૉટ્)*a.*Having the hip dislocated:વાંકી-ચઢેલી કેડ-કમ્મરવાળું.

Hire,(હાઈર્)*vt.* To engage or purchase the service,labor,or interests of for a specific purpose,by payment of wages:ભાડે-રોજે રાખવું.2. To let:ભાડે આપવું.*n.* Wages:ભાડું.

Hireling,(હાઈર્લિન્ગ્)*n.*One who is hired,or who serves for wages;a mercenary:મજુર.

Hirsute,(હર્સ્યૂટ્) *a.* [L. *horridus*,horrid.] Rough with hair:જાડા-બરછટ વાળવાળુ.

His, (હિઝ્) *pron.* Of him:તેનું;તેનું.

Hispid, (હિસ્પિડ્) *a.* [L. *hitpidus*] Rough with bristles:કઠણ અને જાડાવાળવાળું;કાંટાવાળું.

Hiss,(હિસ્) *vt.* To make with the mouth a prolonged sound like that of the letter's' ફૂં-ફૂંકારો કo.2. To make a similar noise by any means:સુસવાટે ચાલ્યા જવું.*n.* The noise made by a serpent:ફુંફાડો;સુસવાટ; છિત્કાર.

Historian,(હિસ્ટૉરિઅન્) *n.* A writer of history;a chronicler;an annalist:ઇતિહાસ કર્તા.

Historical,(હિસ્ટૉરિકલ્) Pertaining to history:ઇતિહાસરૂપ;એતિહાસિક;ઇતિહાસવિષયક.

Historiographer,(હિસ્ટોરિઑગ્રફર્)*n.* [Gr. *historia* history & *grapho*, I write.] An historian;a writer of history:ઇતિહાસ લખનાર.

History,(હિસ્ટરિ)*n.* [Gr.*historia*, history.] A narrative;a description:તવારીખ;ઇતિહાસ. *Natural* **h.**:સૃષ્ટિજન્ય પદાર્થોનું વર્ણન.

Histrionic, (હિસ્ટ્રિઑનિક્) *a.* Befitting a theatere;theatrical:નાટકના જેવું.

Hit,(હિટ્) *vt.*[*Imp & p.p* **Hit.**] To reach with a stroke:મારવું.2.To guess:ધારવું;અટકળ બાંધવી *vi.* To clash: અફળાવું. *To hit on or upon*,to come to by chance:સૂઝવું;જડવું. *n.* A striking against;a stroke that touches anything:ટચકો; ટકોરો આઘાત.2. A striking of the ball:દડાના ટકાનો;પ્રહાર.

Hitch,(હિચ્) *vi.* To be linked or yoked:ભેરવાઇ-ગૂંચવાઈ-ફસાઈ પડવું.3.To hit the legs together in going:જતાં ચાલતાં પગ ભેગા અથડાવા. *vt.*To hook:ફસાવી પાડવું *n* A stop:એકદમ અટકવું તે.2 A catch:આંચકો;નડતર;હરકત.

Hither,(હિધર્)*adv* [L *citra*, on this side.] To this place:અહિં;આ જગ્યાએ.

Hithermost,(હિધર્ મોસ્ટ્)*a.*Nearest on this side:આ રસ્તે છેક પાસેનું.

Hitherto,(હિધર્ટૂ)*adv.* To this place:આટલે સુધી.2.Up to this time:આજલગી.

Hitherward (હિધર્વર્ડ્)*adv.* Toward this place,hither:આણીગમ-તરફ.

Hitter,(હિટર્) *n.*One who hits:નિશાન તાકનાર.

Hive, (હાઈવ્) *n.* A place where bees live only:મધમાંખીનો પુડો.

Hoar-y,(હોર્હોરિ) *a.* [A. L. *kar.*] White or grayish white:ધોળું;આછા ભૂરા રંગનું.

Hoard,(હૉર્ડ્) *n.* A store hidden: સંગ્રહ;સંચય. *vt.* To collect and lay up:સંગ્રહ કo.

Hoard-frost,(હૉર્ડ્-ફ્રૉસ્ટ્)*n.*White frost:હીમ.

Hoarse, (હૉર્સ્) *a.* Making a rough harsh cry or sound:ખોખરૂં;ભારે ઘાંટાનું.

Hoarsely,(હૉર્સ્લિ)*adv.*With a harsh,grating sound or voice.કઠોર-ખોખરા-ભારે ઘાંટાથી.

Hoax, (હૉક્સ્) *n.* A deceptive trick:ડમાઘ; મશ્કરી. *vt.* To deceive:છેતરવું.

Hob, (હૉબ્) *n.* The hub of a wheel:પૈડાની નાથડી 2. A fairy;a sprite;an elf:વનદેવી.

Hobble, (હૉબલ્) *vi.* To walk lame:લંગડાતા ચાલવું. *vt.* To hopple:લંગડાવવું. 2. To perplex:ગુંચવવું. *n.* A limp:લંગડાની ચાલ.

Hobby,Hobbyhorse, (હૉબિ,હૉબિહૉર્સ્) *n.* An ambling nag: મજબૂત ટટ્ટુ 2. A subject or plan upon which one is constantly setting off:વહાલીવાત વિષય.

Hobgoblin,(હોબ્‌ગૉબ્લિન)*n*. A frightful goblin;an imp;a bugaboo:પિશાચ;ભુત;રાક્ષસ.

Hockle,(હૉક્લ્) *vt*. To hamstring; to hock; to hough:ઘુંટણના તળીઆની નસ કાપી લુલું કo.

Hocus pocus,(હોકસ્-પોકસ્)*n* A term used by jugglers in pretending incantations: છુમંતર;ધંતરમંતર;છુ:છું;જાતરમંતર; નજરબંધી. 2. A juggler:બાજીગર;જાદુર. [જાતની છાબડ.

Hod, (હૉડ્) *n*. A kind of woolen tray:એક

Hodge-podge, Hotch-potch, (હૉજ્‌પૉજ્-હૉચપૉચ્)*n*.Medley:ખીચડી-ડો;પંચમેળ;સન્નિપાત.

Hodiernal,(હૉડિઅર્નલ્)*a* [L *hodie*,to day.] Belonging to the present day:આજના દિવસનું.

Hoe, (હૉ) *n*. A tool chiefly for digging up weeds and for loosening and arranging the earth about plants in fields and gardens:કોદાળી;પાવડો.*vt* To cut,dig,with a hoe પાવડાથી ખોદવું.*To hoe one's row*,to do one's share of a job:પોતાનું કામ બજાવવું.

Hog,(હૉગ્)*n*. A quadruped:સુઅર;સુકર; ડુક્કર.

Hoggish,(હૉગિશ્)*a*.Gluttonous:અકરાંતિયું.

Hogshead, (હૉગ્ઝહેડ્) *n*. An English measure of capacity containing 63 Wine gallons:૬૩ ગ્યાલન'દારૂનું માપ.

Hoiden,(હૉઇડેન્)*n*.Clownish youth:ગમાર.

Hoist,(હૉઇસ્ટ્)*vt*.To raise:ઉંચું ચઢાવવું.2.The act of hoisting:ઉપર ચઢાવવું તે.

Hoity-toity, (હૉઇટિ-ટૉઇટિ) *a*. Thoughtless; giddy;flighty:વાયલ;તુરંગી;લેહેરી;સ્વચ્છંદી.

Hold,(હોલ્ડ્)*vt*.[*imp & pp* **held**] To keep in grasp:ઝાલવું.પકડવું2.To have;to possess:ની પાસે ના કબજામાં રાખવું.3 To restrain:દાબમાં રાખવું. 4.To carry on:જારી રાખવું. 5. To receive & retain;to contain as in a vessel:માવું;સમાવું 6.To accept as an opinion:.રાખી-વળગી રહેવું. 7.To consider:ગણવું 8 To bear:રાખવું.*To* **h**. *forth*,to offer:બતાવવું.*To* **h** *in hand*,to have in one's power:પોતાની શક્તિમાં હોવું.*To* **h**. *in play*,to keep under control:કબજામાં રાખવું, *To* **h**.*off*,to keep at a distance:દૂર-આઘે રાખવું.*To* **h** *one's own*,not to fall off:પાછું ન હઠવું.*To* **h**.*one's place*,to keep silence: ચૂપ રહેવું.*To hold out*,(*a*)to extend;to offer:આપવું. *vi*.To continue to last:જારી રહેવું. 2. To remain attached:વળગી રહેવું. 3. To restrain one's self:બંધ કo. **H**. *on*; **h** *up*, wait: રાહ જુઓ. *To* **h**.*off*,to keep at a distance:વેગળા રાખવું.*To* **h** *out*,to last:ટકવું *n*. A fort;a castle:કિલ્લો;ગઢ.2 Grasp:પકડ 3. Claim: હક; અખ્તિયાર.4. Binding power:બંધન;કાબુ;અંકુશ. 5.A prison:તુરંગ;બંધીખાનું.6.Custody: કેદ;કબજો 7.આધાર;થાંભ.8.વહાણનો ભંડાર-ભોંયરૂં.

Hold fast, (હોલ્ડ્‌ફાસ્ટ્)*n*. A catch; a hook; a clinch:હુક.

Holding,(હોલ્ડિંગ્) *n*. The act or state of grasping: પકડવું-ઝાલવું તે.2.A tenure;a farm or other estate held of another:બીજાની પાસેથી મળેલી જમીન.

Hole,(હોલ્)*n*.A hollow place;a perforation: કાણું;બાકું.2.An excavation in the ground: દરાખો.3.A meanhab itation:અંધારી-સાંકડી કોટડી.

Holiday,(હોલિડે) *n*. A consecrated day: પર્વ; તહેવાર. 2. A day of exemption from labor;a festival day:રજાનો દિવસ.

Hollow, (હૉલો) *a*. Not solid; excavated in the interior:પોલું.2.Deep:ઊંડો;ખોખરો. *n*.A hole:પોલાણ.*vt*.To make hollow:બખોલ પાડવી.

Hollowness,(હૉલોનેસ્) *n*. State of being hollow:પોલાણ.2.Insincerity:ઠગાઈ.

Holm,(હોલ્મ્ or હોમ્) *n*. A common evergreen oak: સદા લીલું રહે એવું એક જાતનું ઝાડ.

Holocaust,(હૉલોકૉસ્ટ્)*n*. [Gr.*holos*, whose & *kaustos*,burnt.] A burnt offering:હોમ.

Holy,(હોલિ)*a*.Hallowed,sacred: પવિત્ર અંતઃકરણનું.**H**.*land*:પુણ્યક્ષેત્ર;પાલિસ્ટાઇન. **H**. *father*: પોપનો હલકાબ.**H** *one*, the Supreme Being: ઇશ્વર;પરમેશ્વર **H**.*rood*,the cross or crucifix: ખ્રિસ્તી ધર્મનું નિશાન.**H** *war*,a crusade:પાલેસ્ટાઈન લેવા યુરોપના લોકોએ કરેલી ધર્મની ચઢાઈ.

Homage,(હૉમેજ્)*n*. [L. *homo*,a man.] Profession of fealty to a sovereign: અધિરાજાભિવંદન,માન.2. Respect:પ્રણામ. 3 Reverential worship:ભક્તિ.

Home,(હોમ્) *n*. One's own dwelling place: સ્વગૃહ,ઘર.2.One's native land:સ્વદેશ.3.The grave:ઘોર.*At*.**h**.(*a*) at one's own house, or lodging:ઘેર;ઘરમાં;(*b*)In one's own town or country:પોતાને સ્વદેશ:-વતન.*To be at* **h**.*on any subject*,to be conversant or familiar with it:-નાથી જાણતા હોવું. *To feel at* **h** to be at one's ease:નિશ્ચિંત હોવું-રહેવું. *To make one's self at* **h** :ઘેર જેટલી સ્વતંત્રતા હોય તેના જેટલી બહાર વાપરવી.

Home-bred, (હોમ્‌બ્રેડ્) *a*. Bred at home: ગામઠી;સ્વદેશી;દેશી.2.Not polished:સાદું;જંગલી.

Home-felt,(હોમ્-ફેલ્ટ્) *a*. Felt in one's own breast inward;private:દીલમાં લાગેલું; ખાનગી.

Homeless,(હોમ્લેસ્)*a*.Destitute of a home: ઘરબાર વિનાનું-રહિત.

Homeliness, (હોમ્લિનેસ્) *n*. Domesticity; care of home:ઘર સ્વદેશની સંભાળ-દરકાર.

Homely,(હોમ્લિ) *a*. Domestic: ઘર કામનું. 2. Plain:સાદું;જાડું;સાધારણ;મધ્યમ.

Home-made,(હોમ્‌મેડ્)*a*.Made at home:પ-

રમાં બનાવેલું;દેશી;ગામઠી;ઘરગતુ;મુલકી.

Homeopathy,(હોમ ઑપેથિ)*n.*[Gr.*homoios*, like and *pathos*,affection.]The art of curing,founded on resemblances:જે પ્રકારનો રોગ તેજ પ્રકારનું ઓસડ ઘણું થોડું આપી મટાડવાનું વૈદું.

Home-sick,(હૅામ્સિક્) *a.* Pining for home: ઘેર જઈ છોકરાને માટે જીવ તલપાપડ થાય તેવું.

Home-spun,(હોમ્સ્પન)*a.* Spun or wrought at home:દેશમાં બનાવેલું.

Home-stead,(હોમ્સ્ટેડ્)*n.* The home place: ઘરની જગા;મૂળસ્થાનક;ઘરખટલો;ઘરવાસ.

Home-ward,(હોમ્વર્ડ્) *a.* Being in the direction of home:ઘર-દેશ તરફનું.*adv.*Toward home:સ્વદેશ તરફ.**H.** *bound*:ઘેર જતું.

Homicidal,(હૉમિસાઇડલ્) *a.* Pertaining to homicide;tending to homicide:ઘાતકી;ખુની.

Homicide,(હૉમિસાઈડ્)*n.*[L. *homo*, man & *coedo*, I cut.] The killing of one human being by another:મનુષ્યવધ.2 One who kills another:ખુન કરનાર;હત્યારો;ખુની;મનુષ્યહિંસક.

Homily,(હૉમિલિ)*n.*[Gr. *homos*, the same & *ile*,a company.]A serious discourse: નીતિ નિબંધ-ભાષણ;ધર્મવાક્ય.

Homogeneous,(હોમોજીનીઅસ્)*a.*[Gr *homos*, and *genos*, kind.] Of the same kind or nature:સમજાતીય;સધર્મી.(*Alg.*) Possessing the same number of factors of a given kind:એકજ જાતનાં પદવાળું.

Homologate,(હોમોલોગેટ્)*vt.*[Gr. *homos* & *logos*,speech.] To approve:મંજૂર-મદાર કo;

Homologous,(હોમોલોગસ્) *a.* [Gr.*homos*, & *logos*, ratio.] Corresponding in relative position and proportion:સમ પ્રમાણ;તુલ્ય.

Hone,(હોન) *vi.* To pine: શોક-ખેદ કo. *n.* An oilstone:ચપ્પુ વિગેરે ઘસવાની પથરી.

Honest, (ઑનેસ્ટ્) *a* [L. *honor*, honor.] Upright:પ્રમાણિક;નેક;ઈમાનદાર.2 Open;frank: નિષ્કપટ.

Honestly, (ઑનેસ્ટલિ) *adv.* In an honest manner:પ્રમાણિકપણાથી;ઇમાનદારીથી;શુદ્ધદિલથી.

Honesty,(ઑનેસ્ટિ)*n.* Integrity:પ્રમાણિકપણું; નિષ્કપટ;નેકી;સાફમનસાફ;સાફદિલી;શુદ્ધબુદ્ધિ.

Honey, (હની)*n.* A sweet,viscid fluid:મધ.

Honey-bag,(હનીબૅગ્)*n.* The receptacle for honey in a honey bee:મધમાંખના શરીરમાં મધ રાખવાની કોથળી.

Honey-comb,(હનીકોમ્)*n.* A mass of hexagonal waxen cells formed by bees:મધપુડો.

Honeyed, (હનિડ્)*a.* Covered with honey: મધથી ઢંકાયેલું.**h.***words* & *killing deeds*:હરિગુણ ગાતી અને હૈયામાં કતિ.

Honey-moon,(હનીમૂન)*n.*The first month after marriage:લગ્ન થયા પછીનો પહેલો મહિનો.

Honor,(ઑનર્)*n* [L.*honor*,*honos*]Respect: માન;પતિષ્ઠા,આબરૂ;ઇજ્જત.2.Reputation:સન્માન.3.A title applied to the holders of certain honorable civil offices: હોદ્દો; પદ્વી. *pl* The ace,king,queen,and jack of trumps: એક્કો, રાજા રાણી અને ગુલમો.*To do the honors*,to bestow honor:આદરસત્કાર કo.*To do one* **h.**, to confer distinction upon one: કોઇને ઇલકાબ આપવા. *Word of* **h** , an engagment confirmed by a pledge of honor:વચન.

Honorable,(ઑનરૅબલ્)*a* Worthy of honor: આબરૂદાર;સંભાવિત.2 Not base; fair:આબરૂદારીનું.3.Conferring honor:પ્રતિષ્ઠિત;પ્રમાણિક;નેક.

Honorably, (ઑનરૅબ્લિ) *adv.* In an honorable manner:આબરૂભેર;આબરૂદારીથી.

Honorarium,(ઑનરેરિઅમ્)*n.* A fee offered to professional men for their services: પ્રવિણ માણસોને તેમની મહેનતનો અવેજ.ફી.

Honorary, (ઑનરૅરિ) *a.* Done as a sign or evidence of honor:માન;આબરૂની નિશાની તરીકે કરેલું. 2. Holding a title or place without receiving reward:માત્ર પ્રતિષ્ઠાને માટે કામ કરનારૂં.

Hood, (હુડ્) *n.* A covering or garment for the head:હુગડાનો ટોપ. (*a*) A cowl:રોમન કાથલિક સાધુનો ટોપ. (*b*)A covering for the horse's head:ઘોડાનું માથું ઢાંકવાનું હુગડું. (*a*) The top or head of a carriage:ગાડીની છત્રી.

Hooded,(હુડેડ્)*a.* Covered with a hood:ટોપ પહેરેલું 2 Furnished with a hood:ટોપવાળું.

Hood-wink, (હુડ્ વન્ક્) *vt.* To blind by covering the eyes:આંખે પાટા-અંધારી બાંધવી.

Hoof, (હુફ્) *n.* The horny substance that covers the feet of certain animals: ખરી *To shew the cloven* **h.**,પોત પ્રકાશવું;ગુણપર જવું.

Hook, (હુક્) *n.* A piece of metal, or other hard material,formed or bent into a curve or at an angle: આંકડી 2. A sickle; an instrument for cutting or lopping:દાતરડું *By* **h.** *or by crook*, by one way or other: ગમે તેમ કરીને.*vt.*To catch or fasten with a hook or hooks:આંકડી ભેરવવી;જડવી;ગલ નાંખીને પકડવું.

Hooked, (હુક્ડ્) *a.* Having the form of a hook:વાળેલું;વાંકું;આંકડીવાળું.

Hook-nosed,(હુક્-નોઝ્ડ્)*a.*Having a hooked or aquiline nose:શુકનાસિક;પોપટીયા નાકવાળું.

Hoop, (હુપ્) *n.* A pliant strip of wood or metal bent in a circular form: પટો; કડું. 2. A ring:ચક્કર.ગોળપટો.3.Crinoline:ચક્કર.*vt.* To bind or fasten with hoops:પટાપાટાથી બાંધવું.

Hooping-cough,(હુપિન્ગ્ કૉફ્)*n* A cough in which the patient hoops or whoops with

a deep inspiration of breath:ઉંટાંટીઓ.

Hoot,(હૂટ્) *vi*. To cry out or shout in contempt: ધિક્કારથી બૂમ પાડવી. 2.To make the peculiar cry of an owl:ઘુવડની માફક બોલવું. 2. The cry of an owl:ઘુવડનું બોલવું.

Hop,(હૉપ્)*vi* To jump on one foot:કુદાકુદ કo. 2 To limp:લંગડાતા ચાલવું.*n*.A leap:કુદકો.

Hope, (હોપ્) *n*. An expectation of something which is thought to be desirable: આશા;ઉમેદ;મુરાદ.2.વિશ્વાસ;આકીન To entertain hope: આશા-ઉમેદ રાખવી. *vt*. To cherish the hopes of:ની આશા રાખવી.

Hopeful, (હોપ્ફુલ્)*a*.Full of hope:આશાવાન.

Hopefully,(હોપ્ફુલ્લિ)*adv*.With hope:આશા ઉમેદથી;આસ્થાપૂર્વક.

Hopeless, (હોપ્લેસ્)*a*. Destitute of hope; despairing:નિરાશ;નાઉમેદ;નાસીપાસ.

Hopelessness,(હોપ્લેસ્નેસ્)*n*. State of being destitute of hope:ના ઉમેદપણું;નિરાશા.

Hopper,(હૉપર્)*n*. One who or that which hops:ખોદી ખાનાર.2.*pl* A game:સાત સમુદ્રની રમત.

Hopple,(હૉપ્લ્) *vi*.To tie the feet loosely together:પગ બાધવા. 2. To entangle:ફાંદામાં નાંખવું. [ફરતા લોકનું ટોળું-ઝુંડ-જથો.

Horde,(હૉર્ડ્)*n*.A wandering troop or gang:

Horizon,(હૉરાઇઝૉન્) *n*. [Gr. *hores*,a limit.] The apparent junction of the earth and sky:દૃષ્ટિમર્યાદા.

Horizontal,(હૉરાઇઝૉન્ટલ્)*a*. Pertaining to or near the horizon:દૃષ્ટિમર્યાદા સંબંધિ.2.Parallel to the horizon:દૃષ્ટિમર્યાદાની સમાંતરે.

Horn,(હૉર્ન્)*n*.A hard,projecting,and usually pointed organ, growing upon the heads of certain animals:શિંગડું. 2. (*a*) A wind instrument of music:રણશિંગું.*To take* a **h**, to take a drink of intoxicating liquor:કેફી દારૂ પીવો. [for children:પહેલી ચોપડી.

Horn-book, (હૉર્ન્-બુક્) *n*. The first book

Horned,(હૉર્ન્ડ્) *a*. Furnished with a horn or horns:શિંગડાવાળું;શિંગાળું.

Hornet,(હૉર્નેટ્)*n*.A large,strong wasp:સમરો **H** *fly*:એક જાતની ચટકો મારતી મોટી માંખ.

Hornless,(હૉર્ન્લેસ્)*a*. Having no horn:શિંગડાં વિનાનું-વગરનું. [of music:વાજીંત્ર;વાજું.

Hornpipe,(હૉર્ન્પાઇપ્)*n*.(*a*) An instrument

Horny,(હૉર્નિ)*a*. Having horns or hornlike projections:શિંગડાંવાળું;શિંગડાં જેવું કઠણ.

Horography,(હૉરૉગ્રેફિ)*a*. [Gr. *hora*,an hour & *grapho*,I write.] The art of constructing instruments for making the hours: ઘંડું કરવાની વિદ્યા.

Horologe,(હૉરૉલૉજ્)*n*. [Gr.*hora*. any limited time & *logos* speech.] A servant who calls out the hours:કલાક કેટલા વાગ્યા તે દર્શાવનાર-કહેનાર ચાકર.A time piece of any kind કાલમાન-માપક યંત્ર.

Horological,(હૉરૉલૉજિકલ્)*a* Relating to a horologe,or to horology:કાળમાપક યંત્રસબંધિ

Horoscope,(હૉરૉસ્કૉપ્)*n* [Gr.*hora*& *scopeo* I observe.] (*a*) The representation made of the aspect of heavens at the moment of a person's birth:જન્મકુંડળી;જન્માક્ષર.

Horoscopy, (હૉરૉસ્કૉપિ) *n*. The practice of observing the disposition of the stars, with a view to predicting events:ગ્રહ ઉપરથી ફળ કહેવાની વિદ્યા.

Horrible,(હૉરિબલ્)*a*.Dreadful:ભયાનક.

Horrid,(હૉરિડ્)*a*. Dreadful:ભયંકર.

Horrify,(હૉરિફાઇ)*vt*. To cause to feel horror;to strike with horror:બીવરાવવું.

Horror,(હૉરર્)*n*. [L. H*orreo*, I shiver.] A shuddering with terror:ત્રાસ;ભય;કંપ.

Horse,(હૉર્સ્) *n*. A hoofed quadruped: ઘોડો. 2.Mounted soldiery; cavalry: ઘોડાનું લશ્કર; ઘોડેસ્વાર;સવાર; ઘોડી. *Iron* **h**, a locomotive: આગગાડી ચલાવનારૂં યંત્ર. *To look* a *gift* **h**. *in the mouth*,:ધર્મની ગાયના દાંત જોવા *To take* **h**. to set out on horseback:ઘોડો પલાણીને જવું.

Horse-back, (હૉર્સ્બૅક્) *n*. The back of a horse:ઘોડા ઉપર સ્વારી કરવાનું આસન-ઢપ.

Horse breaker,(હૉર્સ્બ્રેકર્)*n*.Horse trainer.. ઘોડા શીખવનાર;હયશિક્ષક;ચાબુકસ્વાર.

Horse-guards,(હૉર્સ્ગાર્ડ્ઝ) A body of cavalry:ગારદી;ઘોડાનું રક્ષણ કરનાર.

Horse-jocky, (હૉર્સ્જૉકી)*n*. A professional rider and trainer of race horses:સરતના ઘોડા ઉપર બેસીને શીખવનાર માણસ

Horse-laugh,(હૉર્સ્-લાફ્)*n*.A loud,boisterous laugh: અટ્ટહાસ્ય; હોકારા ઠોકારાનું હસવું.

Horse-leech,(હૉર્સ્લીચ્) *n*. A farrier;a veterinary surgeon:ઘોડાને સારૂ કરનાર-વૈદ્યઅશ્વવૈદ્ય

Horse-litter, (હૉર્સ્લિટર્) *n*. A carriage borne by two horses;બે ઘોડાની ગાડી.

Horseman,(હૉર્સ્મૅન્) *n*. A rider:સવાર.

Horseman-ship,(હૉર્સ્મૅન્શિપ્)*n*. The act or art of riding,and of training and managing horse:અશ્વરોહ વિદ્યા;અશ્વવિદ્યા.

Horse-power, (હૉર્સ્પાઉઅર્)*n*. The power which a horse exerts:ઘોડાનું જોર.

Horse-shoe,(હૉર્સ્શૂ) *n*. A shoe for horse: ઘોડાની નાળ; નાળબંધ.

Horse-whip, (હૉર્સ્હ્વિપ્) *n*. A whip for horses:ચાબુક;સાટકો. *vt*. To flog or chastise

with a horse whip:ચાબુક મારવી.

Hortation,(હૉર્ટેશન્)*n* [L *hortor*,I exhort.] The act of exhorting,inciting, or giving advice;exhortation:બોધ;ઉપદેશ;શિખામણ.

Hortative,(હૉર્ ટેટિવ્)*a*.Giving exhortion: advisory,exhortative:બોધરૂપનું;શિખામણરૂપનું.

Hortatory,(હૉર્ટેટોરિ) *a*. Encouraging; exhortative:શિખવણીનું;ઉત્તેજનરૂપ;ઉપદેશક.

Horticultural,(હૉર્ટિકલ્ચ્યૂરલ્)*n* Pertaining to horticulture:બાગકામ વિદ્યાનું.

Horticulture, (હૉર્ટિકલ્ચ્યૂર્) *n*. [L. *hortus*, garden *cultura*,culture.]The part of cultivating gardens:બાગ બનાવવાનો હુન્નર.

Horticulturist, (હૉર્ટિકલ્ચ્યૂરિસ્ટ્) *n*. One who practises horticulture:માળીનું કામ કરનાર.

Hortulan,(હૉર્ટ્યૂલૅન્) *a*. [L *hortus*, garden: વાડીનું-સંબંધી;બાગબગીચાનું.

Hosanna. (હૉઝૅન્નૅ) *n*. Hebrew exclamation of praise to the Lord:ઇશ્વર સ્તુતિ.

Hose, (હોઝ્) *n*. *Sing*, & Pl. Close fitting trousers: પાયજામો; પગનાં મોજાં. 2.A flexible pipe:બંબાની સુંઢ.

Hosier,(હોઝિઅર્)*n*.One who deals in hose or stocking:મોજાં વાળો-વેચનાર.

Hosiery, (હોઝિઅરિ) *n*. The business of a hosier:મોજાં વેચવાનો ધંધો 2.Stockings:મોજાં.

Hospitable,(હૉસ્પિટેબલ્)*a*. Kind to strangers and guests:પરોણાની બરદાશ લેનારું.

Hospitably,(હૉસ્પિટેબ્લિ) *adv*. In a hospitable manner:પરોણાચાકરીથી;મેહેમાનદારીથી.

Hospital,(હૉસ્પિટલ્) *n*. [L. *hospes*,guest.] A building in which the sick,injured,or infirm, are received and treated: ઇસ્પીતાલ; દવાખાનું.

Hospitality,(હૉસ્પિટૅલિટિ)*n*.Reception and entertainment of strangers or guests: આગતાસ્વાગતા;પરોણા ચાકરી;મહેમાનગીરી;સેવા.

Host,(હોસ્ટ્)*n*.[L.*hostia*,sacrifice.]An army: ફોજ;લશ્કર.2.Any great number:ટોળું.*n* [L. *hostis*, stranger.] An entertainer:યજમાન.

Hostage,(હૉસ્ટેજ્)*n*. [L. *hospes*,guest.] A person given as a pledge for the performance of the conditions of a treaty:સલાહના કોલ પાળવાની ખાત્રી માટે સાનમાં આપેલું માણસ

Hostess,(હોસ્ટેસ્)*n*. A female host:સ્ત્રી યજમાન;ગ્રહસ્વામીની.

Hostile,(હૉસ્ટાઇલ્)*a*.[L *hostis*, enemy.]Inimical unfriendly:વેરી;દ્વેષી;પ્રતિપક્ષી;વિરૂદ્ધ.

Hostility, (હૉસ્ટિલિટિ) *n*. *pl*. **Hostilities.** Unfriendlines;animosity:શત્રુભાવ-વટ;વેર.

Hostler,(હૉસ્લર્) *n*. An innkeeper:ધર્મશાળાની તપાસ રાખનાર માણસ.

Hot,(હૉટ્)*a*.Very warm:ગરમ;ઉનું;ધીકતું;ધગધગતું;ખળખળતું.2.Passionate:ગરમ સ્વભાવનું.*In* **h**.*water*,in trouble:મહેનત-મુશ્કેલીમાં.

Hot-brained,(હૉટ્-બ્રેન્ડ્) *a*. Violent; high-spirited:ગરમ મીજાજનું;ઉગ્ર સ્વભાવનું.

Hotel,(હૉટેલ્)*n*. A house for entertaining strangers or travellers:મુસાફરખાનું;વીશી.

Hot-headed(હૉટ્-હેડેડ્)*a* Fiery;violent;rash ઉદ્ધત,કડક;ઉતાવળીયું;ચટાલ.

Hotly,(હૉટ્લિ)*adv*.Violently;hastily:જુસ્સાથી

Hot pressed, (હૉટ્-પ્રેસ્ડ્) *a*. Pressed while heat is applied:ગરમી લગાડીને દાબેલું.

Hot-spur,(હૉટ્-સ્પર્) *n*. A rash hot-headed man:અવિચારી-ઉતાવળો માણસ;માથાફુટીઓ;સાહસિક.

Houdah,(હાઉડૅ)*n*. A seat or pavilion,fastened on the back of an elephant:અંબાડી;હોદો

Hound,(હાઉન્ડ્)*n*. A variety of the domestic dog:શિકારી કુતરો.

Hour, (આઉર્) *n*. [L. *hora*.] The twenty fourth part of a day;sixty minutes:કલાક; અવર.2. વેળા;સમય;કાળ.*At all* **h**.s:વેળા કવેળા. *To keep good* **h**. s,to be regular in going to bed early:નિયમિત રીતે વહેલા સુઇ જવું.

Hour-glass,(આઉર્ગ્લૅસ્) *n*. An instrument for measuring time, of an hour:ઘડી;કલાકની શીશી;રેતીવાળી કલાકની શીશી.

Hour-hand,(આઉર્હૅન્ડ્)*n*.The hand which shows the hour:કલાકનો કાંટો.

Hourly,(આઉર્લિ)*a*.Occurring hour by hour: કલાક કલાકનું;વારંવારનું.

House,(હાઉસ્)*n*. A building for the habitation of man:ઘર;ગૃહ.2.Household affairs ઘરસંસાર.3.A household:ઘરનાં માણસો. 4. A family of ancestors:વંશ;કુળ;ઓલાદ.4.A form પહેડી;પેઢી.6.(Astro) ઘર; ભવન;સ્થાન. *The* **h**.*of Commons*:આમની સભા. *The* **h**.*of Lords*: દિવાને ખાસ.

House-breaker,(હાઉસ્બ્રેકર્)*n*. One who is guilty of housebreaking:ઘરમાં ખાતર પાડનાર.

House-breaking,(હાઉસ્બ્રેકિન્ગ્) *n*. The act of breaking open and entering,with a feloneous purpose, the dwelling house of another:ખાતર-ચોરી.

House-dog.(હાઉસ્ડૉગ્)*n* A dog kept in or about a dwelling house:ઘરમાં પાળેલો કુતરો.

House-hold, (હાઉસ્હોલ્ડ્) *n*. Those who dwell under the same roof:ઘર કુંટુંબ.

House-holder,(હાઉસ્હોલ્ડર્)*n*. The master or head of a family:ઘરધણી;ગ્રહસ્થ.

House-keeper,(હાઉસ્કીપર્)*n*.One who occupies a house with his family: ગ્રહસ્થ;ઘરધણીઆણી.2.A house-dog:ઘરનો પાળેલો કુતરો.

House-keeping,(હાઉસ્કીપિન્ગ્)*n.* The state of occupying a dwelling house as a householder:ઘરમાં રહેવું તે;ગૃહસ્થાશ્રમ;ઘર.2 Management of house affairs:ઘર કામકાજ કરવાં તે

Houseless, (હાઉસ્લેસ્) *a.* Destitute of a house:ઘર આશ્રય વિનાનું,રહિત.

House-maid,(હાઉસ્મેડ્)*n.* A female servant ઘરમાં કામ કરનાર બૈરી-ચાકરડી;દાસી.

House-warming,(હાઉસ્વૉર્મિન્ગ્)*n.* A feast or merry-making made for taking possession of a new house:ગૃહ પ્રવેશ;વાસ્તુ.

House-wife,(હાઉસ્-વાઈફ્) *n.* The wife of a house-holder:ઘરધણીઆણી.

House-wifery, (હાઉસ્વાઇફ્રિ)*n.* Female management of domestic concerns:ઘર ખટલો-ધંધો. [houses:શિલ્પશાસ્ત્રી;મિસ્તરી.

House-wright,(હાઉસ્ રાઇટ્)*n.* A builder of

Housing,(હાઉઝિન્ગ્)*n.* The act of putting or receiving under shelter:ઘરમાં રાખવું. 2. A saddlecloth:ઘોડાનો સાજ.

Hove,(હોવ્)*vi.*& *t.*To rise;to swell;to heave સુજવું;સોજો થવો-ચઢવો.

Hovel,(હૉવેલ્)*n.*An open shed for sheltering cattle:જાનવરને રાખવાનું ઝુંપડું-છાપરી.

Hover,(હૉવર્) *n.* A cover; a shelter: ઢાંકણ; આશ્રય. *vi.* To hang fluttering in the air: પાંખ ફફડાવ્યાં ક૦.

How,(હાઉ) *adv.* In what manner:કેમ કરીને; કેમ. 2 To what degree, extent, number or amount:કેવડું;કેટલું.

Howbeit,(હાઉબીઇટ્)*conj.*Nevertheless:પણ; એમ છતાં;ગમે તેમ હોય તોપણ;તોપણ.

However, (હાઉએવર્) *adv.* In whatever manner:ગમે તેમ;તોપણ.

Howl,(હાઉલ્)*vi.*To utter a loud, protracted mournful cry or sound:(કુતરાં-અને વરૂની પેઠે) રડવું;રોવું.*n.* The protracted, mournful cry of a dog or a wolf:પોકાર;ગર્જન.

Howlet,(હાઉલેટ્)*n* An owl;owlet:નાનું ઘુવડ.

Howling,(હાઉલિન્ગ્)*a* Filled with howling beasts;dreary:વાઘ,વરૂ વિગેરેના શબ્દથી ગાજી રહેલું.

Howsoever, (હાઉસોએવર્) *adv & conj.* To whatever degree or extent:ગમે તેવું-તેટલું.

Hoy,(હૉઇ)*n.* A small coasting vessel:કીનારે ચાલનારું નાનું વહાણ. [pipe:હોકો;હુક્કો.

Hubble-bubble,(હબ્લ્-બબ્લ્) *n.*A tobacco

Hubbub,(હબ્બબ્)A tumult; uproar:ઘોંઘાટ.

Huckster,(હક્સ્ટર્)*n* A peddler;a hawker: ફેરીઓ;ફેરી કરનાર.2.A mean trickish fellow: દગાખોર. *vt.*To deal in small articles:હલકી ચીજો-પદાર્થોનો વેપાર ક૦.

Huddle,(હડ્લ્)*vi.*To crowd together confusedly;to crowd:ભીડ થવી.*vt* To crowd together:ગરબડ સરબડ કરી મુકવી.*n.* A crowd:ટોળું.

Hue,(હ્યૂ) *n.* Color; tint; dye:રંગ.

Hued,(હ્યૂડ્)*a* Having color:રંગેલું.

Huff,(હફ્)*vt.*To swell: મોટું ક૦;ફુલાવવું.*vi.* To enlarge;to swell up:ફુલવું;મોટું થવું.

Huffish,(હફિશ્)Arrogant:ગર્વિષ્ઠ;અભિમાની.

Huffy,(હફિ)*a*- Puffed up:ફુલેલું,ઉદ્ધત.

Hug, (હગ્) *vi.* To clasp to the bosom; to embrace:બગલમાં દાબવું;કોટી ક૦; આલિંગન દેવું.

Huge,(હ્યૂજ્)*n.* Very large:મોટું;ગંજાવર.

Hugger mugger, (હગર્ મગર્) *n.* Secrecy: ગુપચુપી;ચોરી.*a.* Secret:છાનું;છુપું;ગુપ્ત.

Hulk,(હલ્ક્)*n.*The body of a ship or decked vessel of any kind:વહાણનું ખોખું. *vt.* To take out the entrails of:નાં આંતરડાં કાઢી લેવાં.

Hull,(હલ્)*n.* The frame or body of a vessel: ડોળ,સઢ, દોરડાં વિગેરે શિવાયનું વહાણનું ખોખું. *vi.* To toss or drive on the water: પાણી ઉપર ખસેડવું-ચલાવવું.

Hum, (હમ્) *vt.* To buzz: ગણગણવું.2. To express satisfaction by a humming noise: ગણગણાતો અવાજ કરીને સંતોષ દર્શાવવો. *n.* A low,monotonous noise of a bee:માખીનો ગણગણાટ.

Human,(હ્યૂમૅન)*a.*[L.*homo*,man,]Belonging to man or having the qualities of a man માનુષી;મનુષ્યધર્મક.

Humane,(હ્યૂમૅન) *a.* Kind; benevolent: માયાળુ;કૃપાળુ;દયાળુ.

Humanely,(હ્યૂમૅનલિ)*adv.*Kindly:માયાળુપણે.

Humanity, (હ્યૂમૅનિટિ) *n.* The quality of being human:મનુષ્યત્વ.2.The human race: માણસ વર્ગ.3.The quality of being humane; kindness:દયા;રહેમ;કરૂણા;ભૂતદયા;સાહિત્ય.

Humanize, (હ્યૂમૅનાઇઝ્) *vt.* To soften; to refine or civilize:નરમ-કુમળું ક૦;સુધારવું.

Human-kind,(હ્યૂમૅન-કાઇન્ડ્)*n.*Mankind:માણસ-મનુષ્ય જાત. [manner:માણસની પેઠે.

Humanly, (હ્યૂમૅનલિ) *adv.* In a human

Humble, (હમ્બલ્)*a* [L.*humus*,the earth.] Lowly;modest:નમ્ર;રાંક;ગરીબ.*To eat* h *pie.*to endure mortification: ગરીબ થઇને ખમ્યાં ક૦. *vt.*To bring low;to lower:નીચું-હલકું પાડવું.

Humbly,(હમ્બ્લિ)*adv.*With humility:નમ્રતાથી.

Humbug, (હમ્બગ્) *n.* A trick by cajolery: ભૂલથાપ;આંધળાપાટા;ઉંધું ચતું;અષ્ટંગષ્ટં. *vt.*To deceive:ઉંધું ચતું સમજાવી છેતરવું;બનાવવું.

Humdrum,(હમ્ડ્રમ્)*a.*Monotonous:એક સરખા અવાજનું.*n.*A dull fellow:ઢોર જેવું મૂર્ખ માણસ.

Humid,(હ્યૂમિડ્)*a.*[L.*humere*,*umere*, to be moist.]Damp;moist:હવા; શરદી-ભીનાશવાળું.

Humidity(હ્યૂમિડિટિ)*n.*Moisture:શરદી;ભીનાશ
Humiliate,(હ્યૂમિલિએટ્)*vt.* To humble; to mortify:નીચું જોવડાવવું;માન ભંગ કo.
Humiliation,(હ્યૂમિલિએશન્)*n* Abasement of pride:ફજેતી;માનભંગ;નામોશી;હીણપદ.
Humility, (હ્યૂમિલિટિ) *n.* Freedom from pride;humbleness:દીનતા;વિનય;નમ્રવૃત્તિ;નમ્રતા;નિરભિમાન.
Humming,(હમિન્ગ્)*a.*Buzzing:ગણુગણુતું;બણ-બણતું.*n.*A low, murmuring sound:મધમાંખીનો ગણગણાટ.
Humour-Humor, (હ્યૂમર્) *n.* [L. *humo, umor* moisture.] Disposition;temper:સ્વભાવ;મિજાજ;પ્રકૃતિ.2.Wit:હાસ્યરસ;ટોળ;રમુજ; નકલ. 3. Whims: તુરંગ;ધૂન; લહેર. *Good* h.:સારો સ્વભાવ.
Humoral, (હ્યૂમરલ્) *a.* Pertaining to the humors:શરીરના ધાતુ સંબંધિ;કફપિત્તવાતાત્મક.
Humorist,(હ્યૂમરિસ્ટ્)*n.*Onewho has some peculiarity or eccentricity of whimsical ways;છંદી;તુરંગી;લહેરી;મનમોજી;મનસ્વી;નકલી;ટોળી.
Humorous,(હ્યૂમરસ્)*a* [L.*umorosus*,moist]. Whimsical: સ્વછંદી; તુરંગી; લહેરી; મનમોજી.2. Jocular:રમુજી;રમુજ ભરેલું;વિનોદી;ટીખળી.
Humorsome,(હ્યૂમરસમ્)*a.*Moody;whimsical; capricious:લહેરી;તુરંગી;મનમોજી;વિલક્ષણ.
Hump (હમ્પ્) *n.* A protuberance:ઢેકો. 2 A fleshy protuberance on the back of an animal:ઢેકો;ખુંધ.
Hump-back(હમ્પ્-બૅક્)*n.*:A crooked back: ખૂંધો વાંસો.2.A hump-backed person;a hunch back:ખૂંધું માણસ;ખૂંધો.
Hump-backed, (હમ્પ્-બૅક્ડ્) *a.* Having a humped back:ખૂંધું;ખૂંધ નિકળેલું.
Hunch,(હન્શ્)*n.*A hump:ખુંધ;ઢેકો.*vt.*To push or jostle with the elbow:કોણીથી ધક્કો મારવો.
Hunch-back, (હન્શ્બૅક્) *n.* A back with a hunch:ખુંધવાળો બરડો.
Hunch-backed, (હન્શ્બૅક્ડ્) *a.* Having a humped back:ખૂધું;ખૂંધવાળું.
Hundred, (હન્ડ્રેડ્) *n.* The product of ten multiplied by ten or the number of ten times ten:સો.2.A division of a county in England:ઇંગ્લાંડના કોઇ પરગણાનો પેટા ભાગ.
Hundredth, (હન્ડ્રેડ્થ્) *a.* Coming last of a hundred successive units:સોમો; સોમું.
Hung, (હન્ગ્) Suspended:લટકયું;ઝુલ્યું;લટકેલું.
Hunger,(હન્ગર્)*n.* A craving or desire for food:ક્ષુધા;ભૂખ.2.Any strong desire:લાલસા.
Hungry,(હન્ગ્રિ)*a.* Feeling hunger; having a keen appetite:ભૂખ્યું;ક્ષુધાર્ત; ક્ષુધાતુર.
Hunt, (હન્ટ્)*vt.* To chase:-નો શિકાર કo.2.To drive;to chase:પૂંઠે લાગવું નાસવું;-ની પાછળ મંડવું. H. *down*:-નો કેડો લઈ મારવું. *vi.* To follow the chase:શિકાર કo.*n.*Chase;pursuit;search:શિકાર મૃગયા.
Hunter, (હન્ટર્) *n.* A huntsman:શિકારી. 2. A hunting dog:શિકારી કુતરો.3.A horse used in the chase: શિકારમાં સ્વારી કરવાનો ઘોડો.4. One who hunts: શિકાર કરનાર.
Hunting,(હન્ટિન્ગ્)*n.*The pursuit of game: શિકાર;મૃગયા.H.*horn*,a bugle:રણશિંગડું;તુરાઈ.
Huntsman,(હન્ટ્સ્મૅન્) *n.* One who hunts or practises hunting:શિકારી; શિકાર કરનાર.
Hurdle, (હર્ડલ્)*n.* [L. *cratis*, wickerwork.] A movable frame of matted twigs: ઝાડનાં ડાખળાંઓનો બનાવેલો ઝાંપો. *vt.* To hedge:વાડ-ટટ્ટી બાંધવી.
Hurl,(હર્લ્) *vt.*To throw with violence:જોરથી ફેંકવું.*n.*The act of hurling or throwing with violence: જોરથી-ધમાવીને ફેંકવું તે.
Hurly-burly, (હર્લિ-બર્લિ) *n.* [L. *ululave.*] Tumult;bustle;confusion:તોફાન;ગરબડ.
Hurrah,Hurrah,(હુરેં,હુરેં)*Interj.* A word used as a shout of joy:ખુશાલીનો પોકાર.
Hurricane, (હરિકેન્) *n.* A violent storm: સખત તોફાન; વાવાઝોડું; વાદળ; વાઝોડું.
Hurriedly,(હરિડ્લિ) *adv.* Hastily:ઉતાવળે.
Hurry, (હરિ) *vt.* To hasten:ખેંચી-દોડાવી લઇ જવું; ખેંચાવી જવું. 2. To precipitate: દોડાદોડ કરાવવી *vi.*To move or act with haste:ઝડપ-ઉતાવળ-દોડાદોડ કo.*n.*ઉતાવળ;દોડાદોડ;દોડધૂમ.
Hurst,(હર્સ્ટ્) *n.* A wood or grove:જંગલ; ઝાડોની ઘટા.
Hurt, (હર્ટ્) *vt.* To cause physical pain to: વગાડવું;-થી વાગવું; ઈજા કo. 2. To wound the feelings of:-નું દિલ દુખવવું; નાખુશ કo. *n.* A wound, bruise, or the like: જખમ વ્યથા.2. Injury:નુકશાન;હાનિ;હરકત;હેંઆબ. [હાનિકારક.
Hurtful, (હર્ટ્ ફુલ્)*a.* Injurious:નુકશાન ભરેલું;
Hurtfulness,(હર્ટ્ફુલનેસ્)*n.*The state of being injurious:નુકશાન હાનિકારકપણું.
Husband, (હઝ્બૅન્ડ્)*n.* A married man:વર; સ્વામી;પતિ;કંથ;ધણી.*vt.*To direct and manage with frugality:કરકસરથી વાપરવું.
Husbandman,(હઝ્બૅન્ડ્મૅન્) *n.* The master of a family:કુટુંબનો પાળક.2.A farmer:ખેડુત.
Husbandry,(હઝ્બૅન્ડ્રિ)*n.* Farming:ખેતીવાડી.
Hush,(હશ્)*vt.*To calm; to silence:ચુપ;છાનું છાનું રાખવું. *vi* To become or to keep still or quiet:શાંત-ચુપ-મૂંગું થવું-રહેવું.
Hush-money, (હશ્મની) *n.* Money paid to secure silence: લાંચ;રૂશવત્.
Husk,(હસ્ક્)*n.* Glume;hull; rind: ભોડું; છાલ;

vt. To strip off the external covering of: -નાં છોડાં કાઢવાં.

Huskiness, (હસ્કિનેસ્) *n.* The state of being husky: ગુંકાપણું. 2.Harshness:કઠોરપણું.

Husky,(હસ્કિ)*a.*Consisting of husks:છાલાંવાળું.

Hussy, (હઝિ) *n.* A housewife or housekeeper:ઘરધણીઆણી;ગૃહિણી;ગેહિની; ઘર ચલાવનાર

Hustings, (હસ્ટિંગ્ઝ્)*n. pl.* A court held in London:લંડન શહેરની સદર અદાલત.

Hut,(હટ્)*n.* A small house:ઝુંપડી;છાપરી.

Hutch, (હચ્)*n.* A chest:કોઠાર;ભંડાર. *vt.* To hoard or lay up:ભંડાર કોઠારમાં ભરવું.

Huzza,(હુઝ્ઝે)*Interj.*A word used as a shout of joy:જયજય;વાહવા;શાબાશ.

Hyacinth, (હાઈઍસિન્થ્)*n.* [L. *hyacinthus,* a kind of flower.] A bulbous plant: એક જાતનું ઝાડ ફુલ.

Hyades,Hyads,(હાઇઍડીઝ્ હાઇઍડ્ઝ્) *n. pl.* [L.*hyades.*] Taurus: વૃષભ રાશીના માથા આગળના પાંચ તારાનું ઝુમખું.

Hyaline,(હાઇઍલિન્)*a.* [Gr. *hyalos,*glass.] Glass; resembling glass:કાચવાળું.

Hybrid,(હાઈબ્રિડ્)*n.*[Gr.*hybris,*an outrage.] Produced from the mixture of two species: વરણસંકર;મિશ્રજ;સંકર જાતિનું.

Hydrant,(હાઇડ્રૅન્ટ્)*n.* [Gr.*Hydor,*water.] A water plug:આગ ઓલવવા સારૂ બંબો.

Hydraulic,(હાઇડ્રૉલિક્)*a.* [Gr. *hydor,*water & *aule,*a pipe]Of or pertaining to fluids in motion:વહેતા પાણી અથવા બીજા પ્રવાહિ પદાર્થનું.

Hydraulics,(હાઈડ્રૉલિક્સ્ ,*n.*That branch of science which treats of fluids in motion: વહમાન ઉદકશાસ્ત્ર;તરંગવેગ ગણિત.

Hydrogen, (હાઈડ્રોજેન્) *n.* A gaseous element, colorless, tasteless, and odorless: ઉદકજનકવાયુ.

Hydrographer,(હાઇડ્રૉગ્રૅફર્)*n.* One skilled in hydrography:સમુદ્ર,સરોવર અથવા બીજા કોઇ પાણીના ભાગોના નકશા બનાવનાર.

Hydrography, (હાઇડ્રૉગ્રૅફિ)*n.* The art of measuring and describing the sea,lakes, rivers,and other waters:સમુદ્ર;તળાવ-સરોવર; નદીઓ અને બીજા કોઈ પાણીના ભાગનો નકશો બનાવવાની વિદ્યા;સમુદ્રવેલાદિ વિવરણ.

Hydrology, (હાઇડ્રૉલૉજિ) *n.* The science of water over the earth's surface:ઉદકશાસ્ત્ર.

Hydromel,(હાઈડ્રૉમેલ્)*n.*[Gr.*hydor,* water.] A liquid consisting of honey diluted in water:મધપાણી.

Hydrometry,(હાઈડ્રૉમેટ્રિ)*n.* The art of determining the specific gravity of liquids: પાણીનું વિશેષ ગુરૂત્વ જાણવાની કળા.

Hydropathy, (હાઇડ્રૉપૅથિ) *n* [Gr. *hydor,* water & *pathos,*affection.]The water cure: પાણીથી સારૂં કરવાનું વૈદું;જળવૈદક;જળોપચાર.

Hydrophobia,(હાઈડ્રૉફોબિઅ)*a.* [Gr. *hydor,* water and *phoboe,*fear.]The disease caused by a bite of a rabid dog:હડકવા.

Hydropical, (હાઇડ્રૉપિકલ્)*a.* Dropsical or resembling dropsy:પેટમાં જલંધર જેવા રોગ જેવું.

Hydrostatics,(હાઇડ્રૉસ્ટૅટિક્સ્)*n.*That branch of science which treats of the pressure and equilibrium of water, mercury, etc:ઉદકસ્થિતિશાસ્ત્ર;સ્થિરોદક શાસ્ત્ર.સ્થિર પ્રવાહી શાસ્ત્ર.

Hydrous, (હાઈડ્રસ્) *a.* [Gr *hydor,* water.] Containing water; watery:જળમય;પાણી જેવું.

Hyemal,(હાઇમૅલ્)*a.*[L.*hiems,* winter.] Belonging to winter:શિયાળાસંબંધિ.

Hyena,(હઈઈને *n.pl* **Hyenas.** [L.*hyaena.*] Any carnivorous mammal:તરક્ષ.તરસ.

Hygeian,(હાઈજીઅન્)*a.*Pertaining to health or its preservation:આરોગ્યતા;સંરક્ષણનું

Hygiene(હાઇજીન્)*n.*A system of principles designed for the promotion of health:આરોગ્યતા;સંરક્ષણશાસ્ત્ર.

Hygrology,(હાઈગ્રૉલૉજિ)*n.*[Gr.*hygros* moist & *logos,*discourse.]The science which treats of the fluids: વાતાવરણમાં રહેલી ભિનાશનું પ્રમાણ કાઢવાનું શાસ્ત્ર.

Hygrometer, (હાઈગ્રૉમેટર્) *n.* [Gr. *hygros,* moist & *metron,*measure.]An instrument for measuring the degree of moisture of the atmosphere: હવાની ભિનાશ માપવાનું યંત્ર.

Hymen,(હાઈમન્) *n.* [*Gr. humen.*] A fabulous deity:લગ્ન દેવતા 2.Marriage:લગ્ન.

Hymeneal,(હાઇમેનીઍલ)*a.* Pertaining to marriage:લગ્ન-વિવાહ સંબંધિ.

Hymn,(હિમ્)*n* [L *hymnus*]An ode or song of praise:ભજન;સ્તોત્ર;ગીત;કીર્તન;ગાન.

Hymnal,(હિમ્નલ્)*n*-A collection of hymns a hymn book:ભજન;સ્તોત્ર;ગીત;કીર્તન;ગાન.

Hymnology,(હિમ્નૉલૉજિ)*n* [Gr. *hymn,* & *logos,* speech.] The sacred lyrics composed by authors of a particular country: અમુકદેશના ગ્રંથકારોએ બનાવેલાં ભજન-સ્તોત્ર-કીર્તન

Hyperbola,(હાઇપર્બોલૅ)*n.* A curve formed by a section of a cone:શંકુચ્છેદભૂમિતિ;શંકુચ્છેદ

Hyperbole,(હાઇપર્બોલી)*n.*[Gr *hyper,* over and *ballow,*I throw.]A statement exaggerated fancifully:અતિશયોક્તિ;અત્યુક્તિ.

Hyperborean,(હાઇપર્બોરીઅન્)*a.*[Gr.*hyper* beyond & *boreas;*the north.]Pertaining to the region beyond the North wind:ઉત્તરના પ્રદેશની પેલીપારના પ્રદેશ સંબંધિ.*n* An inhabi-

tant of the most northern regions:પૃથ્વિના ઉત્તર મુલકનો રહેવાશી.

Hypercritic-cal, (હાઈપર્ક્રિટિક્-કલ્)*a*. Over-critical:ચીપી ચીપીને ખોડ કાઢનાર; છિદ્રાન્વેષી.

Hyphen,(હાઇફન્)*n*. [Gr *hypo*,under & *hen*, one.]A mark or dash [-]:આ[-] રીતનું નિશાન.

Hypocondria,(હાઈપૉકૉન્ડ્રિઅ)*n*.Hypochondriasis;melancholy:ઉદાસી:વિષાદ;ઉદ્વેગ;વાયુકોપ

Hypochondriac, (હાઇપૉકૉન્ડ્રિઅક્) *a*. Of, or pertaining to hypochondria:ઉદાસીનું.*n*. A person affected with hypochondriasis ઉદાસયયેલું માણસ;ઉદ્વિગ્ન પુરૂષ.

Hypocondriacal, (હાઈપૉકૉન્ડ્રિઍકલ્)*a*. Hypochondriac:સદા ઉદાસ;ખેદયુક્ત;ખીન્ન:ઉદાસી.

Hypocrisy,(હિપૉક્રિસિ) *a*. [Gr. *hypo*, under & *krino*, I separate.] The art or practice of a hypocrite;a feigning to be what one is not,or to feel what one does not feel: ઢોંગ;દંભ બકધ્યાન;કપટ ધર્મ;કાપટ્ય;પાખંડ.

Hypocrite,(હિપૉક્રિટ્)*n*. A false pretender: ઢોંગ કરનાર;બગરૂષી;ઢોંગી; વેષધારી;દંભી.

Hypocritical,(હિપૉક્રિટિકલ્)*a*.Of,or pertaining to a hypocrite:ઢોંગનું;છેતરવાનું.

Hypogastrium, (હાઇપૉર્ગેસ્ટ્રિઅમ્) *n*. [Gr. *hypo* & *gaster*,the belly.] The lower part of the abdomen:પેહેડું;શરીરનો ભાગ.

Hypostatic, (હાઈપૉસ્ટૅટિક્) *a*. Personal or distinctly personal:ખુદનું; જાતનું.

Hypotenuse(હાઇપૉટીન્યૂસ્)*n*.[Gr.*hypo* under & *teino* I stretch out.]The side of a right-angled triangle that is opposite to the right angle:કાટ ખૂણાની સામેની બાજુ.

Hypothicate,(હાઇપૉથિકેટ્)*vt*.[L.*hypotheca* pledge.]To mortgage:લેણદારને ધીરજ રહે માટે સાનમાં લખવું.

Hypothesis, (હાઇપૉથેસિસ્) *u*. *pl* **Hypotheses**. [Gr. *hypo* & *tithemi*, I place.] A supposition;something not proved but assumed:પૂર્વસિદ્ધાંત;માની લીધેલી વાત;કલ્પિતાર્થ.

Hypothetical,(હાઇપૉથેટિકલ્)*a* Characterized by an hypothesis:માની લીધેલું.

Hyson,(હાઇસૉન્)*n*.A fragrant kind of green tea:એક જાતની ખુશબોદાર ચાહ.

Hysteria,(હિસ્ટિરિઅ)*n*.A nervous affection, occurring almost in women:હર્ષમૂર્છા;હર્ષમોહ.

Hysterical,(હિસ્ટેરિકલ્)*a*. [Gr *hustera* the womb.]Affected, or troubled, with hysteries:ચિત્તભ્રમથી થયેલું;વાતોન્માદન્ત.

Hysterics,(હિસ્ટેરિક્સ્)*n*.Hysteria:ચિત્તભ્રમ; બઈરાંને થતો એક જાતનો રોગ;વાયુગોળો;હિસ્ટીરીઆ.

I.

I,(આઇ)The ninth letter of the English alphabet represented in Gujarati by ઇ and આઈ ઇંગ્રેજી મુળાક્ષરનો નવમો અક્ષર છે અને તે ગુજરાતીમાં ઇ અને આઇથી દર્શાવવામાં આવે છે.2.As a numeral it stands for'I':સંખ્યામાં તે'એક'ને માટે વપરાય છે.

I,(આઇ)*Pron*[L.*ego*]The nominative case of the pronoun of the first person:હું.

Iambic,(આઇઍમ્બિક્)*a*.[L. *iambus*] Consisting of a short syllable followed by a long one:લઘુ પછવાડે ગુરૂ સ્વરવાળું. 2. A verse composed of short and long syllables alternately:લઘુ અને ગુરૂ અક્ષરો આવે એવી ટૂંક.

Iambus,(આઇઍમ્બસ્) An iambic:લઘુ ગુરૂ; બે અક્ષરના ચરણમાં પેહેલો તાલ વગર અને બીજો તાલ સાથે બોલાતો હોય તે.

Ice, (આઇસ્) *n*. Water in a solid form:બરફ. 2.Ice-cream:દુધમાં ખાંડ વિગેરે નાંખીને તેને બરફના જોરથી ઠારીને કરેલી મલાઇ;આઇસક્રીમ.*To break the ice*,to open the way:રસ્તો પાડવો.

Iceberg, *n*. A hill of ice:બરફનો ડુંગર.

Ice-blink,(આઈસ્બ્લિન્ક્)*n*.A bright appearance near the horizon of ice: બરફમાંના પ્રકાશના પ્રતિબિંબ વડે જણાતો પ્રકાશિત દેખાવ.

Ice-bound,(આઇસ્બાઉન્ડ્)*a*.Totally surrounded with ice:ચો તરફ બરફથી ઘેરાઈ ગયેલું.

Ice-cream, (આઈસ્ક્રીમ્) *n*. Cream or milk sweetened, and congealed by a freezing mixture:સાકર નાંખી બરફથી ઠારેલી દૂધની મલાઇ.

Ice-field,(આઇસ્-ફીલ્ડ્)*n*.A sheet of ice of a very great extent:બરફનો મોટો લાંબો ડુંગર.

Ice-house,(આઇસ્-હાઉસ્)*n* A repository for ice:બરફ સાચવી રાખવાનું ઘર.

Ichneumon, (ઇક્ન્યૂમોન્) *n*. [Gr. *ichnuo*, I hunt after.] A kind of carnivorous mammal:મીસર દેશમાં મગરનાં ઇંડાં ખાનાર નોળીઓ.

Ichor,(આઇકૉર્)*n*. [Gr.*ichor*.] An ethereal fluid that supplied the place of blood in veins of gods:દેવની નસોમાં લોહીને બદલે એક જાતના પ્રવાહી પદાર્થનો રસ. [તજુ.

Ichorous,(આઇકૉરસ્)*a*. Watery:પાણી જેવું પા-

Ichthyology,(ઇક્થિઑલૉજી) *n*. [Gr. *ichthus*, a fish & *logos*,discourse.]The science of the classification,&c.,of fishes:મત્સ્યવિદ્યા વર્ણન.

Ichthyophagous, (ઇક્થિઑફેગસ્) *a* [Gr. *ichthus*,fish & *phogo*,I eat.]Eating or subsisting on, fish:માછલાં ખાઇ જીવનારૂં.

Icicle,(આઇસિકલ્)*n*.A pendent conical mass of ice:ઘરના શંખુ આકારની બરફનો કડકો.

Iciness,(આઇસિનેસ્) *n*. The state of being

very cold:ઠરી જાય એવી અતિશય ઠંડ;શીલતા.
Icing,(આઈસિન્ગ્)*n.*A covering of concreted sugar:ચાસણીનો ઢોળ-પડ.
Icon,(આઈકોન્)*n.*[Gr.*eikein*,to look like.]An image or representation:પ્રતિમા;આકૃતિ;છબી.
Iconoclasm,(આઇકોનોક્લૅસમ્) *n.* The act of destroying images:મૂર્તિભંગ;પ્રતિમાભંગ.
Iconoclast, (આઇકોનોક્લેસ્ટ્) *n.* [Gr. *eikun*, image & *klan* to break.] A destroyer of images:મૂર્તિભંજક-ખંડન કરનાર.
Iconolater, (આઈકોનોલૅટર્) *n.* One who worships images:મૂર્તિપૂજક-સેવક.
Icy,(આઇસિ)*a.* Cold; frosty:હિમમય;બરફવાળું.
Idea,(આઇડે) *n.* A general notion or conception:વિચાર;ખ્યાલ;કલ્પના આભાસ. 2. A belief; a doctrine:મત;અભિપ્રાય; વિચાર;ભાવ.
Ideal,(આઈડીઅલ્) *n.* A model of excellence beauty:મનોરથ સૃષ્ટિ. *a.* Intellectual: મનમાં કલ્પેલું;માનસિક;મનોમય.2. Visionary:કાલ્પનિક; કલ્પિત.
Idealism, (આઈડીઍલિઝમ્) *n.* The state or quality of being ideal:કાલ્પનિક મનોમય;ગુણ ધર્મ-સ્થિતિ;અમૂર્તવાદ;ભાવપ્રાધાન્યવાદ.
Idealist, (આઈડીઍલિસ્ટ્) *n.* One who holds the doctrine of idealism:માયાવાદી;અવિદ્યાવાદી.
Ideality,(આઇડીઍલિટિ)*n.*Capacity or disposition to form ideas of beauty:કલ્પના શક્તિ.
Ideally,(આઇડીઍલ્લિ)*adv.* In an ideal manner:કલ્પનાથી;ભાવના પૂર્વક.
Idealize,(આઇડીઍલાઈઝ્)*vt.*To give an ideal value to:કલ્પના કo;કલ્પિત ગુણ-ધર્મ મૂકવા-સ્થાપવા.
Identical,(આઇડેન્ટિકૅલ્)*a.*[L.*idem*,the same] The same:એકરૂપ;અભિન્ન;અનન્ય;તેજ. 2. Uttering the same truth: એકજ વાત જણાવનારૂં.
Identification, (આઇડેન્ટિફિકેશન્) *n.* The act of proving the same:ઓળખાણ આપવી તે.
Identify,(આઇડેન્ટિફાઈ)*vt.*[L.*idem* & *facio* I make.] To ascertain or prove to be the same:તે એજ છે એમ સાબીત કo.
Identity,(આઇડેન્ટિટિ)*n.* The state of being the same:ઐક્ય;અભેદતા;એકરૂપતા, અનન્યતા. 2. An identical equation:સમીકરણ.
Ideography,(આઈડીઓગ્રૅફી)*n.*The representation of ideas independently:સ્વરશાસ્ત્ર.
Ideology, (આઈડીઑલૉજી) *n.* The science of ideas:તર્ક શાસ્ત્ર.
Idiocrasy,(ઇડિઑક્રૅસિ)*n.*Peculiarity of constitution:આત્માભાવ;પ્રકૃતિ સ્વભાવ;પ્રકૃતિ વિશેષ
Idiocy,(ઇડિઑસિ)*n* The condition of being an idiot or idiotic:મૂઢપણું;જડબુદ્ધિ;મૂઢતા;મૂર્ખતા.
Idiom,(ઇડિઑમ્)*n.*[Gr *idios*, one'sown.] A peculiar mode of expression:ભાષાની રૂઢી.
Idiomatic-al,(ઇડિઑમૅટિક્-કૅલ્)*a.*Pertaining to the particular modes of expression: ભાષાની રૂઢીને લગતું.
Idiopathy, (ઈડિઑપૅથિ) *n.* An individual nature or affection:માણસ જાતનો સ્વભાવ-પ્યાર.
Idiosyncracy,(ઈડિઑસિન્ક્રૅસિ)*n.* [Gr. *idios syn* and *krasis*,temperament.]Characteristic belonging to an individual:જાતિસ્વભાવ.
Idiot, (ઇડિઑટ્) *n.* [Gr. *idios*, peculiar.] An unlearned or ignorant person:અભણ. 2. A natural fool:જન્મનો મૂર્ખ.
Idiotcy, (ઇડિઑટિસ્) *n.* State of being an idiot:મૂઢતા;મૂર્ખતા.
Idiotic-al, (ઈડિઑટિક્-કૅલ્) *a.* Familiar; simple:સાદું;ભોળું.2 Foolish;sottish:મૂર્ખ; મૂઢ.
Idiotism, (ઇડિઑટિઝમ્) *n.* An idiom:ભાષા સંપ્રદાય રૂઢી.2.Idiocy,foolishness:જડતા;મૂર્ખતા.
Idle, (આઇડ્લ્) *a.* Unemployed:કામમાં નહિં લીધેલું એવું 2.Lazy: સુસ્ત; આળસુ. *vi.* To lose or spend time in inaction:વખત નકામો ગુમાવવો
Idleness,(આઈડ્લ્નેસ્)*n.*Laziness:આળસ.
Idler,(આઈડ્લર્)*n.*A lazy person:આળસુ માણસ
Idly,(આઇડ્લિ) *adv.* Vainly;lazily:આળસથી.
Idol,(આઇડૉલ્)*n.*[Gr.*vedio* I see.]An image; form:મૂર્તિ;પૂતળું;પ્રતિમા.2. An image of divinity:દેવમૂર્તિ.3.A person or thing greatly loved:હૈયાનો હાર.
Idolater,(આઇડૉલૅટર્) *n.* A worshipper of idols:મૂર્તિપૂજક;પ્રતિમા પૂજક.
Idolatrous, (આઇડૉલૅટ્રસ્) *a.* Consisting in the worship of idols:મૂર્તિપૂજાનું-સંબંધિ-વિષે.
Idolatry,(આઇડૉલૅટ્રિ)*n.* The worship of idols images or what is not God: મુર્તિપૂજન-સેવા.
Idolize,(આઇડૉલાઇઝ્) *vt.* To make an idol of: દેવ જેવું માનવું. 2. To love to adoration: અતિશય હેત રાખવું.
Idyl,(આઇડિલ્) *n.* [Gr. *edios*, an image.] A short poem:ટૂંકી કવિતા.
I.E.(આઈ,ઇ)i e.[L *id est*,that is.]That is:એટલે.
If,(ઇફ્)*conj* In case that;granting that:જો.
Igneous, (ઇગ્નીઅસ્) *a.* Pertaining to fire; resembling fire:અગ્નિનું;અગ્નિમય-વાળું.
Ignescent,(ઇગ્નેસ્સેન્ટ્) *a.* Emitting sparks of fire:લોઢાસાથે અથડાયાથી તણખા પડતું.
Ignis-fatuus,(ઇગ્નસ્ફૅટ્યૂઅસ્)*n* [L *ignis*, fire & *fatuus*, foolish.] A light that appears in the night over marshy grounds *willo' the wisp*; &c.: લીલી ભોંય ઉપર રાતે થતા ભડકા; ભૂતના ભડકા.
Ignite,(ઇગ્નાઇટ્)*vt.* [L.*ignis*, fire] To kindle or set on fire: ચેતવવું; સળગાવવું બાળી-સળગાવી મુકવું.*vi.*To take fire:સળગવું.
Ignitible,(ઇગ્નાઇટિબલ્) *a.* Capable of being

ignited:સળગી ઉઠે એવું;જ્વાલાગ્રાહી.
Ignition,(ઈગ્નિશન્)*n*.The act of setting on fire:બાળવું તે;સળગાવવું તે;દહન.
Ignoble,(ઈગ્નોબલ્)*a* [L *in* & *nobilis*, noble.] Common;humble:અકુલીન;નીચાકુળનું.2 Base: નીચ; હલકું; કમજાત; અધમ; પાજી.
Ignobly,(ઈગ્નોબ્લિ)*adv* Meanly:નીચપણાથી.
Ignominious,(ઇગ્નોમિનિઅસ્) *a*. Infamous; shameful;contemptible:અપશરજનું;શરમ ભરેલું.
Ignominy,(ઈગ્નોમિનિ) *n*. [L. *in* & *nomen*, name.]Shame;reproach:શરમ અપમાન;ફજેતી.
Ignoramus,(ઈગ્નોરેમસ્)*a*. [L. *ignorare*, to be ignorant of.] *pl*. **Ignoramuses**. An ignorant person: મૂર્ખ માણસ;અસણ.
Ignorance,(ઇગ્નોરન્સ્)*n*. The want of knowledge:અજ્ઞાનતા;મૂર્ખાઇ;અજ્ઞાન,
Ignorant,(ઇગ્નોરન્ટ્)*a* Untaught;uninstructed:અજ્ઞાન;અણુસમજુ;અભણ.2.Unacquainted unaware:અજાણ;ગેરમાહિત;બિનવાકેફ.
Ignore,(ઈગ્નોર્)*vt* [L. *in* & *gnorus*, knowing.] To be ignorant of:અજાણ્યા હોવું.2. To throw out as false or ungrounded: ખોટું-પુરાવા વગરનું કહીને કાઢી નાંખવું-રદ કo.
Iguana,(ઈગ્વાના)*n*. A lizards:પાટલા ઘો.
Iliac-al, (ઈલિઍક્-કલ્) *a*. Pertaining to the ilium or flank-bone:કમ્મર-કુખના હાડકાંને લગતું.
Iliad,(ઇલિઍડ્)*n* [Gr. *ilidos*, relating to Ilium.] An epic poem composed by Homer: હોમર નામના પુરાતન ગ્રીક કવિએ રચેલું રામાયણ જેવું વીરચરિત્ર કાવ્ય. [મજકુર;દરેક;વળી.
Ilk,(ઈલ્ક્)*a*.The same;also,each;every:સદરહુ;
Ill,(ઇલ્)*a* Bad; evil:ખરાબ; નઠારૂં; 2. Wicked: નઠારૂં;દુષ્ટ;પાપી. 3. Sick; unwell: માંદું; બિમાર. I. *turn*, an unkind act:નિર્દય કૃત્ય.I, *breeding*, rudeness: બેઅદબી. I. *fame*, bad repute:અપયશ To take ill:માંદા પડવું. To take it ill:માઠું લગાડવું.*adv*.Not easily;with pain or difficulty:બરાબર-સારૂં પૂરતી રીતે નહિ.
Ill-advised,(ઈલ્-ઍડ્વાઈઝ્ડ્)*a*.Unthoughtful: ડહાપણ વગરનું;વગર વિચારે કરેલું; વગર વિચાર્યું.
Illapse,(ઈલ્લૅપ્સ્)*n*. [L.*in* & *labi*, to fall.]A sliding in;a sudden entrance: હુમલો કo તે.
Illation,(ઇલ્લેશન)*n*.[L.*in* & *latum*,carried] Inference;deduction:તર્ક;અનુમાન. [એવું.
Illative,(ઇલ્લેટિવ્) *a*. Inferential: અંત આણે
Ill-behaved,(ઈલ્-બીહેવ્ડ્)*a*. Of bad conduct: દુરાચારી;અસભ્ય;પાપી;કુચાલનું.
Ill-blood,(ઇલ્-બ્લડ્)*n*.Resentment:દુશ્મનાવટ.
Ill-bred,(ઇલ્બ્રેડ્)*a*.Uncivil:અસભ્ય;જંગલી.
Ill-disposed,(ઇલ્-ડિસ્પોઝ્ડ્) *a*. Malicious:ખારેલું;દ્વેષી.
Illegal,(ઇલીગલ્)*a*.Unlawful;illicit:ગેરવાજબી.
Illegality,(ઈલીગૅલિટિ)*n*.Unlawfulness:અન્યાય.
Illegalize,(ઈલીગૅલાઇઝ્) *vt* [L. *in* & *legalis*, legal.]To render unlawful:ધારા-કાયદાવિરૂદ્ધ કo.
Illegally,(ઈલીગૅલ્લિ)*adv*.Unlawfully:ગેરકાયદે.
Illegibiliry,(ઈલ્લેજીબિલિટિ)*n*.The quality of being illegible:અશુદ્ધપણું;વાંચવાની મુશ્કેલતા.
Illegible, (ઈલ્લેજીબલ્) *a*. Incapable of being read:ઉકલી ન શકેતેવું;વંચાય નહિ તેવું;દુર્વાચ્ય.
Illegibly,(ઈલ્લેજીબ્લિ)*adv*. In a manner not to be read:વંચાય નહિં એવી રીતે.
Illegitimacy,(ઈલીજીટિમેસિ) *n* The state of bastardy:અનૌરસતા;જારઅવસ્થા.
Illegitimate,(ઇલીજીટિમેટ્) *a* Unlawful: ગેર કાયદેસર 2.Spurious:રાંડના પેટનું;વ્યભિચારોત્પન્ન
Illegitimately,(ઈલીજીટિમેટ્લિ) *adv*. Unlawfully:ગેરકાયદે,ગેરવાજબીપણે;અશાસ્ત્રપણે.
Ill fated,(ઈલ્ફેટેડ્)*a*.Unfortunate:ભાગ્યહીન.
Ill-favoured,(ઇલ્-ફેવર્ડ્)*a*.Ugly:કદરૂપું;બેડોળ.
Illiberal,(ઈલિબરલ્)*a*.[L. *in* & *liberalis*, liberal.] Base;mean:કૃપણ;મખીચુસ;હલકું.
Illiberality,(ઇલિબરૅલિટિ) *n*. Narrowness of mind;parsimony:કૃપણતા;કંજુસાઈ;સાંકડુંમન.
Illiberally,(ઇલિબરલ્લિ) *adv*. Ungenerously; uncharitably:કરકસરથી;કંજુસાઇથી.
Illicit,(ઇલિસિટ્)*a* [L. *in* & *licere*,to be permitted.]Unlawful;prohibited:કાયદા વિરૂદ્ધ.
Illimitable,(ઈલિમિટેબલ્)*a*.Incapable of being limited or bounded:અપાર;હદવગરનું-બેહદ.
Illimitably,(ઇલિમિટેબ્લિ)*adv*.Without limit: બેહદપણે;નિરવધિપણે.
Illiteracy,(ઈલિટરેસિ) *n*. [L. *in* & *litera*, a letter.] Want of learning:અજ્ઞાન-અજ્ઞાનતા.
Illiterate,(ઇલિટરેટ્)*a*.Ignorant of letters or books:અભણ;વિદ્યા જ્ઞાનહીન;અવિદ્વાન;અનક્ષર.
Illiterateness,(ઇલિટરેટ્નેસ્) *n*. Want of learning:અજ્ઞાનપણું;અવિદ્વતા,અનક્ષરતા.
Ill-judged,(ઇલ્-જજ્ડ્)*a*. Done without any thought or wisdom:અવિચારે-વગર ડહાપણે કરેલું.
Ill-luck-fortune,(ઈલ્ લક્-ફોર્ટ્યૂન્)*n*. Misfortune:અવદશા:દુર્ભાગ્ય;દુર્દૈવ;મંદભાગ્ય.
Ill-nature,(ઇલ્નેટ્યૂર્)*n*.Bad or wicked disposition:દુષ્ટ સ્વભાવ;દુઃપ્રકૃતિ;દુષ્ટવૃત્તિ.
Ill-natured,(ઈલ્નેટ્યૂર્ડ્) *a*. Cross; surly: ચીડિયું;ખરાબ દુષ્ટ સ્વભાવનું દુઃશીલ.
Illness,(ઇલ્નેસ્)*n*.Sickness:બીમારી.
Illogical,(ઇલૉજીકલ્)*a*.Contrary to the rules of logic:ન્યાયવિરૂદ્ધ;તર્કશાસ્ત્રના નિયમ વિરૂદ્ધ.
Illogically,(ઈલ્લૉજીકલિ)*adv*. In an illogical manner:શાસ્ત્રના નિયમથી ઉલટી રીતે.
Ill-omened, (ઈલ્ઑમેન્ડ્)*a*. Unfortunate: અપશુકનિયું;અમાંગલિક;અશુભ સૂચક
Ill-starred,(ઇલસ્ટાર્ડ્)*a*.Fated to be unfortu-

nate:ભાગ્યહીન;કમનશીબ.

Ill-temper,(ઇલ્-ટેમ્પર્)*n.* Bad temper: ખરાબ સ્વભાવ;દુષ્ટવૃત્તિ;વક્રભાવ.

Ill-tempered,(ઇલટેમ્પર્ડ્)*a* Of bad temper: morose;peevish:દુષ્ટ-ખલ-ખરાબ સ્વભાવનું.

Ill-timed,(ઇલ્ટાઇમ્ડ્) *a.* Done or said at an unsuitable time:કવખત-વેળાનું;અકાલિક.

Ill-turn,-(ઇલ્ટર્ન્)*n.*Not good; loss:અકલ્યાણ; નુકશાન;અપકાર.

Illude (ઇલ્લ્યૂડ્)*vt* [L.*in* & *ludo*,I play.] To deceive:ભૂલવવું;ફસાવવું;ઠગવું;છેતરવું.

Illuminate,(ઇલ્લ્યૂમિનેટ્)*vt.*[L *in* & *lumen*, light.]To enlighten:અજવાળું પાડવું;જ્ઞાન આપવું.2 To light up as a building:માં રોશની ક૦

Illumination,(ઇલ્લ્યૂમિનેશન્)*n.* The act of illuminating:પ્રકાશન;દીપ્તિ;દ્યુતિ;રોશની; પ્રકાશ.

Illuminator, (ઇલ્લ્યૂમિનેટર્) *n.* One that gives light:પ્રકાશિત કરનાર. [શણગારવું.

Illumine,(ઇલ્લ્યૂમિન્) *vt.*To adorn: રોશની ક૦.

Illusion,(ઇલ્લ્યૂઝન્)*n.* A false show; mockery:પ્રપંચ;મોહ,ઇન્દ્રજાલ;માયા;ભ્રમણ;ભૂલ.

Illusionist,(ઇલ્લ્યૂઝનિસ્ટ) *n.* One given to illusion:મોહ-માયાને માનનારા.

Illusive-Illusory,(ઇલ્લ્યૂસિવ્-ઇલ્લ્યૂસૅારી) *a.* Deceitful;false:માયારૂપ;કપટી;ભ્રામિક.

Illustrate,(ઇલસ્ટ્રેટ્)*vt* [L.*in* & *lustro*,I light up.] To make clear or bright:પ્રકાશિત-ચળકતું ક૦ 2.To exhibit distinctly:સ્પષ્ટ-ઉઘાડું ક૦. 3.To explain:દાખલો-ઉદાહરણ આપી કહેવું.

Illustration, (ઇલસ્ટ્રેશન) *n* Explanation: સમજુતી;પ્રકાશન 2 An example:દાખલો;દૃષ્ટાંત.

Illustrative,(ઇલ્ લસ્ટ્રેટિવ્)*a.*Exemplifying; explaining:પ્રકાશક;દાખલો આપી સ્પષ્ટ કરનાર.

Illustrious,(ઇલસ્ટ્રિઅસ્) *a.* Luminous:પ્રકાશક.2.Eminent:નામીચું;નામાંકિત;પ્રસિદ્ધ;પ્રખ્યાત.

Ill will,(ઇલ્-વિલ્)*n.*Enmity: દ્વેષ; વેર; વેરભાવ.

Image,(ઇમેજ્)*n.*[L *imitor*, I imitate.] A likeness;a picture:પ્રતિમા;પુતળું; છબી; તસ્વીર. 2.An idol:(પૂજવાની)મૂર્તિ;પ્રતિમા 3.નકલ;પ્રતિરૂપ

Imagery,(ઇમેજરિ) *n.* Imitation work:મૂર્તિઓ;પુતળાં 2 Unreal show:ખોટું રૂપ.

Imaginable,(ઈમૅજીનૅબલ્) *a.* Capable of being imagined:કલ્પી-ધારી શકાય એવું;કલ્પનીય.

Imaginary,(ઈમૅજીનૅરિ)*a.*Not real:મનકલ્પિત.

Imagination, (ઈમૅજીનેશન) *n.* The image-making power:કલ્પનાશક્તિ;તર્કશક્તિ;કલ્પના; ખ્યાલ.

Imaginative, (ઈમૅજીનેટિવ્) *a.* Proceeding from imagination:કલ્પિત.

Imagine,(ઈમૅજીન્) *vt.* [L. *imago*,] To conceive: કલ્પના ક૦.2.To think:ધારવું; વિચારવું.

Imbank,(ઇમ્બૅન્ક્)*vt.*To inclose with a bank બંધ બાંધવો;ઘેરાથી રક્ષણ ક૦.

Imbankment,(ઇમ્બૅન્ક્મેન્ટ્) *n.* The act of surrounding with a bank: ઘેરાથી પાણીનો અટકાવ ક૦.

Imbecile,(ઇમ્બીસીલ્)*a.*[L. *in* & *baecilum*, a small staff.]Weak;feeble;decrepit:અશક્ત.

Imbecility,(ઈમ્બીસિલિટિ)*n.*Weakness; feebleness of body or of mind: નબળાઈ; અશક્તિ; મંદબુદ્ધિ. [દાટવું;ગાડવું.

Imbed,(ઈમ્બેડ્)*vt.*To sink or lay,as in a bed

Imbedded,(ઇમ્બેડેડ્)*a.*Buried:દાટેલું;ગાડેલું.

Imbibe,(ઇમ્બાઇબ્)*vt.*[L. *in* & *bibo*, I drink.] To drink in: પીવું. 2. To admit into the mind:મનમાં લેવું.

Imbitter,(ઇમ્બિટ્ટર્)*vt.* To make bitter; to render unhappy:કડવું ક૦;દુ:ખી ક૦-થવું.

Imbosom,(ઇમ્બૂઝમ)*vt.*To hold in the bosom to admit to the affection:વહાલ રાખવો.

Imbricated,(ઈમ્બ્રિકેટેડ્)*a.*Lying over each other in regular order, like tiles:નેવાની પેઠે ઉપર તળે ગોઠવેલું.

Imbrown,(ઈમ્બ્રાઉન્)*vt.* To make brown; to tan:બદામી કે તપખીરીયા રંગનું ક૦.

Imbrue,(ઇમ્બ્રૂ)*vt.*To moisten:પલાળવું;ભિંજવવું.

Imbrute,(ઇમ્બ્રૂટ્)*vt.*To degrade to the state of a brute:પશુ જેવું નિર્દય ક૦.

Imbue,(ઈમ્બ્યૂ)*vt.*[L. *in* & *bibo*,I drink.]To tincture deeply: ભરપૂર-યુક્ત-ગુણમય ક૦.

Imitable, (ઇમિટેબલ્) *a.* Capable or worthy of being copied:નકલ કરવા લાયક;અનુકરણીય.

Imitate,(ઇમિટેટ્)*vt.*[L.*imitor.*]To follow in manners:અનુસરવું;-ની લઢણ પકડવી;દેખાદેખી ક૦.

Imitation,(ઇમિટેશન્)*n* The act of imitating: દેખાદેખી;નકલ;અનુસરણ;અનુકરણ;ઉતારો; સાદૃશ્ય.

Imitative,(ઇમિટેટિવ્)*a.*Inclined to imitate imitating:અનુસરે-લઢણ પકડે-દેખાદેખી કરે એવું.

Imitator(ઈમિટેટર્)*n.*One who imitates, copies or follows:દેખાદેખી કરનાર;ઉતારો-નકલ કરનાર.

Immaculate,(ઇમ્મૅક્યૂલેટ્)*a.*[L *in* & *macula*, spot.]Spotless:કલંક-ડાઘવગરનું;નિષ્કલંક;નિર્દોષ; નિર્મલ;વિમલ;શુદ્ધ;પવિત્ર;સ્વચ્છ; પવિત્ર.

Immanency, (ઇમ્મેનેન્સિ) *n.* Inherence;an indwelling:ખરું રહેઠાણ.

Immanent,(ઇમ્મૅનેન્ટ્)*a.* [L. *in* & *maneo*,I remain.] Internal:સ્વભાવિક;મૂળનું.

Immaterial, (ઇમ્મૅટીરિઍલ્) *a.* Incorporeal: અમૂર્તિમાન;નિરાકાર.2.Unimportant:નજીવું.

Immaterialism, (ઈમ્મૅટીરિઍલિઝમ્) *n.* The doctrine that immaterial substances exist: આત્મવાદ;દેહભિન્નાત્મવાદ;નિરાકારવાદ.

Immaterialist,(ઇમ્મૅટીરિઍલિસ્ટ્)*n.*One who believes in immaterialism:આત્મ-નિરાકારવાદી,

Immature,(ઇમ્મૅટ્યૂર્) *a.* Unripe:કાચું.

Immaturity,(ઇમ્મૅટયૂરિટિ)*n*. Unripeness:incompleteness:કાચાપણું;અપૂર્ણતા;અધુરી હાલત.
Immeasurable,(ઈમ્મેઝ્હયૂરૅબલ્)*a*.Incapable of being measured;illimitable:અમાપ;બેહદ.
Immediate,(ઇમ્મીડીઍટ્)*a*.[L.*in* & *medius*, the middle.] Proximate;close:પાસેનું;નિકટનું. 2. Present;instant:તરતનું;તાત્કાલિક;હાલનું.
Immediately, (ઇમ્મીડિઍટ્લિ) *adv*. Proximately:ઘણુંજ પાસે;તરતજ;પ્રેત્યક્ષ;સાક્ષાત.
Immemorial,(ઇમ્મેમૉરિઍલ્)*a* Beyond memory; out of mind: અતિ પ્રાચીન; ઘણુંજ જુનું. *From times* i :અનાદિ કાળથી.
Immense,(ઇમ્મેન્સ)*a*.[L *in* & *metior*,I measure.] Very great:અપાર;બેહદ;પુષ્કળ;અનંત.
Immensely,(ઈમ્મેન્સ્લિ)*adv*.Infinitely:અત્યંત.
Immensity, (ઇમ્મેન્સિટિ) *n*. Unlimited extension; infinity:બેહદ-વિસ્તાર;અનંતતા.
Immerge, (ઇમ્મર્જ) *vt*. [L. *in* & *mergo*, I plunge.]To plunge into anything:કોઈ પણ ચીજમાં બોળવું;ઝબોળવું.
Immerse, (ઈમ્મર્સ)*vt*.[L.*in* & *mergo*,I plunge.] To dip:બોળવું;ડબોળવું;ઝબોળવું.
Immersion,(ઈમ્મર્શન)*n*. A sinking within afluid;adeeping:બોળવું-ડબોળવુંતે;નિમગ્નતા;લીનતા
Immethodical, (ઈમ્મેથૉડિકૅલ્)*a*. Without order;confused:બંદોબસ્ત વિનાનું;ક્રમહીન.
Immigrant,(ઇમ્મિગ્રૅન્ટ્)*n*. [L. *in* & *migro*, I remove.] One who removes to another country permanently:જાથુ રેહેવા સારૂ પરદેશમા આવી રહેલું માણસ.
Immigrate,(ઇમ્મિગ્રૅટ્)*vt*.To remove into a country:જાથુ રેહેવા સારૂ પરદેશમાં આવી રહેવું.
Immigration, (ઈમ્મિગ્રેશન)*n*. Removing into a country for the purpose of permanent residence:પરદેશમાં જઈ રહેવું તે;દેશત્યાગ.
Imminence,(ઇમ્મિનેન્સ્)*n*.[L.*in* & *mineo*,I project] Impending evil or danger: આવી પડેલું જોખમ ભય.
Imminent,(ઇમ્મિનેન્ટ્)*a*. Full of threats of danger;perilous:ભય જોખમ ભરેલું.
Immiscible,(ઇમ્મિસ્સિબલ્)*a* Not capable of being mixed:એકઠું કરાય તોળાય નહિ એવું;અમેલનીય.
Immix, (ઇમ્મિક્સ) *vt*. To mix:એકઠું કo.
Immobility,(ઇમ્મૉબિલિટિ)*n*.[L.*in* & *moveo*, I move.] Fixedness in place:સ્થિરપણું.
Immoderate, (ઈમ્મૉડરેટ્) *a*. Excessive;extravagant:અતિશય;બેહદ;ઘણુંજ; અમર્યાદ;અત્યંત.
Immoderately,(ઇમ્મૉડરેટ્લિ)*adv*. Excessively; unreasonably:અતિશય-બેહદપણે;અત્યંત.
Immodest,(ઈમ્મૉડેસ્ટ્)*a*.[L *in* & *modestus*, modest.] Immoderate: અમર્યાદ; બેઅદબ. 2. Unchaste:વ્યભિચારી.
Immodestly,(ઈમ્મૉડેસ્ટ્લિ)*adv*. Indecently; unchastely;obscenely:બેઅદબી રીતે.
Immodesty,(ઇમ્મૉડેસ્ટિ)*n*. Want of modesty;unchastity:નિર્લજપણું;બેઅદબી.
Immolate,(ઈમ્મૉલેટ્)*vt* [L.*in* & *mola*,meal.] To sacrifice, as a victim:બલિદાન આપવું.
Immolation,(ઈમ્મૉલેશન)*n*.The act of immolating:યજ્ઞ નાશ કરતે.2.Sacrifice:ભોગ;બળીદાન.
Immoral, (ઇમ્મૉરૅલ્) *a*. Vicious:દુરાચરણી.
Immorality,(ઇમ્મૉરૅલિટિ)*n*. The quality of being immoral:દુરાચરણી પાપી થવું તે.
Immorally,(ઇમ્મૉરૅલિ)*adv* Viciously:અનીતિથી.
Immortal, (ઇમ્મૉર્ટલ્) *a*. Undying; imperishable;lasting for ever:અમર.
Immortality, (ઈમ્મૉર્ટૅલિટિ) *n*. Exemption from death:અમર હોવું તે; અમરત્વ.
Immortalize,(ઇમ્મૉર્ટૅલાઇઝ્)*vt*.To cause to live or exist for ever:મરે નહિ એવું કo.
Immovable, (ઇમ્મૂવૅબલ્) *a*. Firmly fixed; fast:અચળ;નિશ્ચય; સ્થિર.2 Steadfast: સ્થાવર.*n*. *pl*.Lands & things adherent thereto:સ્થાવર મિલ્કત.
Immunity,(ઇમ્મ્યૂનિટિ) *n*. [L. *in* & *munus*, duty] Freedom from an obligation; a particular privilege:માફી;છુટ;સ્વાધિનતાનો હક.
Immure,(ઈમ્મ્યૂર)*vt* [L.*in* & *murus*,a wall.] To shut up;to confine:ગોંધી પૂરી મુકવું;કેદ કo.
Immutability,(ઇમ્મ્યૂટૅબિલિટિ)*n*.Unchangeableness;invariableness:નિર્વિકારીપણું.
Immutable,(ઇમ્મ્યૂટૅબલ્)*a* Unchangeable; unalterable:અવિકારી;સ્થિર;નિર્વિકલ્પ.
Imp,(ઈમ્પ્)*n*. [L. *in* & *putare*, to lop.] A shoot;a bud;a slip:ન્હાની કુમળીડાળી કળી;ડાળી.
Impact,(ઈમ્પૅક્ટ્)*vt* [L.*in* & *pango*,I drive.] To drive close; અફળાવવું;જોરથી લગાડવું;સજડ બેસાડવું*n*.Collision:ધક્કો આઘાત.
Impair,(ઇમ્પેર્)*vt*. [L. *in*&*pejor*,worse.] To lessen in power:ઘટાડવું કમી ઓછું કo.
Impair,(ઈમ્પેર્) *a*. [L.*in* & *par*. equal.]Not fit:લાયક નહિ એવું.*n*.Diminution:ઘટાડો.
Impale,(ઇમ્પેલ્) *vt* [L.*in* & *palus*,a stake] To put to death by fixing on a stake:સુળીએ ચડાવવું.
Impalement, (ઇમ્પેલ્મેન્ટ્)*n*.The act of inclosing with stakes:શુળીએ ચઢાવવાની શિક્ષા.
Impalpable, (ઈમ્પૅલ્પૅબલ્)*a* Not to be felt: સ્પર્શથી માલુમ પડે નહિં એવું;અસ્પર્શ્ય;અગ્રાહ્ય.
Impannel, (ઇમ્પૅન્નેલ્) *vt*. To write, as the names of a jury:પંચના માણસોનાં નામ યાદી લખવી
Imparity,(ઈમ્પૅરિટિ)*n*.Inequality: અસમાનતા.
Impark,(ઇમ્પાર્ક્)*vt*.To shut up:ગોંધી લેવું.
Impart,(ઇમ્પાર્ટ્)*vt*.[L.*in* & *partio*,I share.

To bestow a share or portion of: ભાગ આપવો.2.To make known:જણાવવું

Impartial, (ઇમ્પાર્શિઅલ્) *a.* Unprejudiced; just:અપક્ષપાત;નિષ્પક્ષપાતી;નિસ્પૃહી;સમદર્શી;અદલ.

Impartiality,(ઇમ્પાર્શિઅલિટિ)*n.*Disinterestedness;equitableness:અદલપણું-અપક્ષપાત.

Impartially, (ઇમ્પાર્શિઅલ્લિ) *adv.* Without bias;equitably:અપક્ષપાતપણે;વાજબી રીતે.

Impartible,(ઇમ્પાર્ટિબલ્)*a.* Indivisible:જેના ભાગ થઇ શકે નહિ એવું; અવિભાજ્ય.

Impassable,(ઇમ્પેસબલ્)*a.* Incapable of being passed:અગવડ ભરેલો;વિકટ;ગહન;અગમ્ય;દુસ્તર.

Impassibility,(ઇમ્પેસિબિલિટિ)*n.*The quality or condition of being impassible:સુખ દુઃખ લાગે નહિ એવું હોયતે;અચેતનતા.

Impassible Impassive, (ઇમ્પેસિબલ્-ઇમ્પેસિવ્)*a.*[L.*in*&*patior*,I suffer.] Inaccessible to harm:જડ;સુખ દુઃખ લાગે નહિ એવું;અચેતન.

Impassion, (ઇમ્પેશન્) *vt.* To express with strong feeling.જુસ્સામાં આવવું;જોસ ભરાવવો-ચઢવો.

Impassionate, (ઇમ્પેશનેટ્) *vt.* To affect powerfully:જુસ્સો આવવો. *a.* Strongly passionate: જોસભરેલું.

Impassioned,(ઇમ્પેશન્ડ્)*a.*Animated;excited:જુસ્સામાં આવેલું;આવેશી;અનુરાગવાળું.

Impatience,(ઇમ્પેશેન્સ) *n.* [L. *in* & *patior*, I suffer.]Want of patience:અધૈર્ય;અધીરાઇ.

Impatient, (ઇમ્પેશેન્ટ્) *a.* Restless: અધીરૂં.

Impatiently, (ઇમ્પેશેન્ટ્લિ) *adv.* In an impatient manner:ઉતાવળ-અધીરતાથી.

Impawn,(ઇમ્પૉન્)*vt.*To pledge:ગીરો મુકવું.

Impeach,(ઇમ્પીચ્)*vt.* [L.*in* & *pes-pedis*,the foot.] To charge with crime; to accuse: સરકારી કામપર તોહોમત-દોષ આરોપ મૂકવો.

Impeachable, (ઇમ્પીચેબલ્) *a.* Accusable: આરોપ મુકવા લાયક.

Impeachment, (ઇમ્પીચમેન્ટ્)*n.a.* A calling to account; arraignment:તોહોમત; દોષારોપ; આરોપ.

Impearl, (ઇમ્પર્લ્) *vt.* To form into pearls: [મોતીના જેવું બનાવવું.

Impeccability,(ઇમ્પેકેબિલિટિ)*n.* Exemption from sin:જેનાથી પાપ નહિં થાય એવો ગુણ.

Impeccable,(ઇમ્પેકેબલ્)*a.*[L. *in* & *pecco*, I sin.]Not liable to sin;exempt from sin:જેનાથી પાપ થાય નહિં-કરે નહિં તેવું;નિષ્પાપ.

Impede,(ઇમ્પીડ્)*vt.*[L.*in* & *pes pedis*,a foot.] To hinder:અટકાવવું; વિઘ્ન કo;આડે આવવું.

Impediment, (ઇમ્પેડિમેન્ટ્) *n.* Hindrance; obstacle:અટકાવ;અડચણ;વિઘ્ન; હરકત;નડતર;આડ.

Impel,(ઇમ્પેલ્)*vt.*[L *in* & *pello*,I drive]To drive or urge forward:આગળ ચલાવવું;હડસેલવું.

Impellent,(ઇમ્પેલેન્ટ્)*a.*Having the quality of impelling:ઘણા જોરથી હોડાવવું; ગમન કરાવનાર.

Impend,(ઇમ્પેન્ડ્)*vi* [L.*in* & *pendo*,I hang.] To hang over:માથાપર આવી પડવું; ઝઝુમી રહેવું.

Impendence,(ઇમ્પેન્ડેન્સ)*n.* Near approach; menacing attitude:માથા ઉપર આવી પડવું તે.

Impending,(ઇમ્પેન્ડિન્ગ્) *n.* Hanging over: આવી પડવું;માથા ઉપર આવવું;ઝઝુમવું.

Impenetrability, (ઇમ્પેનટ્રેબિલિટિ) *n.* A quality of being impenetrable:વજ્રતા;ગહનતા.

Impenetrable, (ઇમ્પેનીટ્રેબલ્) *a.* Incapable of being pierced:જેમાં પ્રવેશ ના થઇ શકે એવું.

Impenitence,(ઇમ્પેનિટેન્સ્) *n.* Obduracy of heart-કઠણ હૈયું;અપશ્ચાત્તાપ;કઠિનતા;કઠોરતા.

Impenitent, (ઇમ્પેનિટેન્ટ્)*a.* Obdurate; of a hard heart:કઠણ છાતીનું;પશ્ચાત્તાપ કરતું;એદહીન.

Imperative,(ઇમ્પેરેટિવ્)*a.*[L.*impero*,I command.] Commanding:હુકમ;આજ્ઞા કરનાર.Imperative mood:આજ્ઞાર્થ.

Imperatively,(ઇમ્પેરેટિવ્લિ)*adv.*Authoritatively: સત્તાથી; આજ્ઞાથી.

Imperceptible,(ઇમ્પરસેપ્ટિબલ)*a.*Insensible: કોઇપણ ઇંદ્રિયથી માલૂમ પડે નહિં એવું; અગોચર; અદૃશ્ય;બે માલૂમ;અગમ્ય;બારીક;સૂક્ષ્મ.

Imperceptibleness, (ઇમ્પર્સેપ્ટિબલ્નેસ્) *n.* The quality of being imperceptible:અદૃશ્યપણું;બહુજ બારીકાઈ.

Imperfect,(ઇમ્પર્ફેક્ટ્) *a.* Incomplete in all its parts:અપૂર્ણ;અધૂરૂં;અસિદ્ધ;ઉણું;ન્યૂન.

Imperfection,(ઇમ્પર્ફેક્શન્) *n.* Incompleteness:અપૂર્ણતા;કસર;ખોડ.દોષ;ખામી;ન્યૂનતા.

Imperfectly,(ઇમ્પર્ફેક્ટ્લિ)*adv.* Not fully;not entirely:ખામી ભરેલી રીતે.

Imperforable,(ઇમ્પર્ફોરેબલ્)*a* Having no opening:કાણું ન હોય-ન પાડી શકાય એવું.

Imperial,(ઇમ્પીરીઅલ્)*a* [L. *impero*,I command.] Pertaining to an empire or to an emperor:બાદશાહ સંબંધિ;શહેનશાહી;બાદશાહી.

Imperialist,(ઇમ્પીરિઅલિસ્ટ્)*n.*A subject or soldier of an emperor:બાદશાહની રૈયત-નો સિપાઇ

Imperil,(ઇમ્પેરિલ્)*vt.*To bring into peril;to endanger:જોખમ-ભયમાં નાંખવું;જોખમાયતેમ કo.

Imperious, (ઇમ્પીરિઅસ્) *a.* Commanding: સત્તાએ ભરેલું;અહંકારી;કડક;કરડું.

Imperishable,(ઇમ્પેરિશેબલ્) *a* Not subject to decay;indestructible:નાશ ન પામે એવું.

Imperishableness,(ઇમ્પેરિશેબલ્નેસ્)*n.* The quality of being imperishable:અચળતા.

Impermeability, (ઇમ્પર્મીઍબિલિટિ) *n.* The quality of being impermeable:અભેદ્યતા.

Impermeable, (ઇમ્પર્મીઍબલ્) *a.* Impervious;impenetrable:પાણી પણ ન પેસી શકે એવું.

Impersonal,(ઇમ્પર્સોનલ્)*a.* Not represent-

ing a person:અકર્તૃક-કર્તા વિનાનું;અકર્તૃકવાચ્ય. *Impersonal verb*:કર્તા વિનાનું ક્રિયાપદ.

Impersonate, (ઇમ્પર્સોનેટ્) *vt.* To invest with bodily substance of a human being કોઇને મનુષ્યનું રૂપ આપવું.

Impersonation (ઈમ્પર્સોનેશન) *n.* Personification:જડપદાર્થને ચૈતન્યનું રૂપ આપવું તે.

Impertinence, (ઈમ્પર્ટિનેન્સ્) *n.* Rudeness; incivility:બેઅદબી;અસભ્યતા;ઉદ્ધતાઈ;અપ્રસ્તુતતા.

Impertinent,(ઇમ્પર્ટિનેન્ટ્) *a.* [L. *in, per* & *teneco*,I hold.]Not to the point;Irrelevant લાગુ પડે નહિં એવું.2 Rude:ઉદ્ધત; બે અદબ.

Impervious,(ઈમ્પર્વિઅસ્) *n.* [L. *in, per* & *via*,way.]Not admitting of passage or entrance through:જેમાં પ્રવેશ થાય નહિં તેવું.

Impetration,(ઈમ્પેટ્રેશન)*n.* [L.*in* & *patro*, I bring to pass.] The act of obtaining by prayer or petition:હાજીહા-ખુશામતથી મેળવવુંતે.

Impetuosity(ઇમ્પેટ્યૂઑસિટિ) *n.* [L. *in* & *peoto*,I assail.] Fury;violence:જુસ્સો.

Impetuous,(ઇમ્પેટ્યૂઅસ્) *a.* Furious; forcible; fierce:જોર-વેગવાળું;જબરૂં.

Impetus, (ઇમ્પેટસ)*n.* [L. *in* & *peto*,I fall upon.]Force of motion:ગતિ આપનારૂં; બળ.

Impiety-Impiousness, (ઈમ્પાઇટિ ઇમ્પિઅસ્નેસ્) *n.* [L *in* & *pious.*] Ungodliness; wickedness:અધર્મ;પાપ;અભક્તિ;દેવનિંદા.

Impinge, (ઈમ્પિન્જ્) *vt.* [L *in* & *pango*, I strike.]To fall against;to strike:અથડાવવું.

Impious,(ઈમ્પિઅસ્)*a.*Profane: પાપી;અધર્મી.

Implacability, (ઇમ્પ્લેકૅબિલિટિ) *n.*[L. *in* & *placo*,I appease.]Inexorableness irreconcilable enmity:કટ્ટો દ્વેષ;દીર્ઘદ્વેષ; અશામ્યતા.

Implacable, (ઇમ્પ્લેકૅબલ્) *a.* Inexorable; stubborn in enmity:અતિદ્વેષી;કટ્ટું;હાડ.

Implacableness,(ઇમ્પ્લેકૅબલ્નેસ)*n.*The quality of being implacable:અશામ્યતા;દીર્ઘદ્વેષ.

Implant,(ઇમ્પ્લૅન્ટ્)*vt.*To set,plant or infix for the purpose of growth:સ્થાપવું;રોપવું;દૃઢ કo.

Implantation, (ઇમ્પ્લૅન્ટેશન) *n.* The act of impanting,setting or infixing: સ્થાપના.

Implead,(ઇમ્પ્લીડ્)*vt.*To institute and prosecute a suit in court:ફરિયાદી કo.

Implement,(ઇમ્પ્લીમેન્ટ્) *n.* An instrument or utensil as supplying the requisite to the end.ઓજાર;સાધન;રાચ;સાહિત્ય; સામગ્રી

Impletion,(ઇમ્પ્લીશન)*n.*[L.*in* & *pleo*,I fill. The act of feeling:ભરવું તે; ભરતર; પુરણી.

Implex,(ઈમ્પ્લેક્સ)*a.* [L.*in* & *plico*,I fold.] Infolded;complicated:ગુંચવણ ભરેલું;કઠણ.

Implicate, (ઈમ્પ્લિકેટ્) *vt.* [L. *in* & *plico*,I fold.]To infold:ગુંચવવું 2.To be connected or concerned:સામેલ છે એવું સિદ્ધ કo-બતાવવું.

Implication, (ઈમ્પ્લિકેશન) *n.* The act of implicating; inference: ધ્વનન;ફલિત દર્શન;અનુમાન; અટકળ; ઉપલક્ષણ; ગુંચવણ.

Implicative,(ઇમ્પ્લિકેટિવ્)*a.*Tending to implicate:સામેલ;ગુંચવણ ભરેલું;સંકેત ગર્ભિત.

Implicit, (ઈમ્પ્લિસિટ્) *a.* Trusting fully the word or authority of another; complete: નિર્વિવાદ;પૂર્ણ;નિઃસંશય; સાફ;નિખાલસ; ગર્ભિત.

Implied,(ઇમ્પ્લાઇડ્)*a.*Known by implication: ગર્ભિત;અટકળથી જણાએલું;અનુમાનસિદ્ધ; ઉપલક્ષિત મૌઘમ.

Implore,(ઇમ્પ્લોર્)*vt* [L.*in* & *ploro*, I cry.] To pray earnestly:કાલાવાલા કo;વિનંતિ કo;આજીજીથી માંગવું.

Imply,(ઇમ્પ્લાઇ)*vi.*To include virtually:ખરીસત્ય રીતે અંદર લેવું-સમાવેશ કo;-માંથી અર્થ નીકળવો.

Impoison, (ઇમ્પૉઈઝન્) *vt.* To affect with poison:ઝેર નાંખવું-દેવું-આપવું.

Impolicy,(ઇમ્પૉલિસિ)*n* Inexpedience;defect of wisdom:કુનીતિ;અવિચાર;અયુક્તિ;અનીતિ.

Impolite,(ઇમ્પૉલાઇટ્)*a.*Unpolite:બેઅદબ;તોછડું.

Impolitely, (ઈમ્પૉલાઇટ્લિ) *adv.* In an impolite manner:અવિનયતાથી;અસભ્ય રીતે.

Impoliteness, (ઇમ્પૉલાઇટ્નેસ્) *n.*Quality of being impolite:અવિનયતા;બેઅદબી;અસભ્યતા.

Impolitic, (ઈમ્પૉલિટિક્)*a* Unwise; imprudent;indiscreet:અવિચારી;અવિવેકી; કાર્યબાધક.

Imponderable,-Imponderous, (ઇમ્પૉન્ડરૅબલ્ઇમ્પૉન્ડરસ્) *a.* [L. *in* & *pondus*, weight.] Without sensible weight:જોખાય નહિં એવું;હલકુ;વજન-ભાર વગરનું.

Imporosity,(ઈમ્પૉરૉસિટિ)*n.* Want of porosity:ઘન-જાડાપણું;ઘનતા;અતિઘનતા.

Imporous, (ઇમ્પૉરસ્)*a.* Destitute of pores; solid:કાણાં વગરનું;નીરંધ્ર.

Import,(ઇમ્પૉર્ટ્)*vt* [L. *in* & *porto*,I carry.] To bring in from abroad:દેશાવર ખાતેથી આણવું.2.To imply:અર્થ દેખાડવો.3.To be of importance or consequence to:-ના કામનું-અગત્યનું હોવું. *n.* That which is imported or brought in from abroad: દેશાવરથી આવેલો માલ;વિદેશીય માલ. 2. Purport: અર્થ; અભિપ્રાય; ભાવાર્થ;મતલબ.3. Importance; weight:વજન; મહત્વ; સારબોજ.

Importable, (ઈમ્પૉર્ટૅબલ્)*a.* Capable of being imported:પરદેશથી લાવવા જોગ.

Importance, (ઈમ્પૉર્ટન્સ) *n.* Consequence; weight;moment;significance:મહત્વ;વજન;બોજ.

Important,(ઈમ્પૉર્ટન્ટ)*a.* of great import or consequence; weighty:વજનદાર;અગત્યનું;ઉપયોગી;ભારે;જરૂરનું.

Importation, (ઇમ્પોર્ટેશન્) *n*. The act of importing from another country:બહાર દેશથી લાવવું તે;આયાત;આયાતમાલ.
Importunate,(ઇમ્પોટ્યૂનેટ્) *a*. Urgent:અગત્યનું; ઘણા કાલાવાલા કરતું;અત્યાગ્રહી;અતિયાચક.
Importunately, (ઈમ્પૉટર્યૂનેટ્લિ) *adv*. With pressing solicitation:ઘણું આગ્રહ કરતું.
Importune,(ઇમ્પૉટ્યૂન)*vt*. [L *in* & *porto*,I bear.]To request with urgency; to tease: વારંવારઘડીએ કાલાવાલા ક૦;ગળે પડવું.
Importunity,(ઇમ્પૉટ્યૂનિટિ)*n*.Pressing solicitation;urgent request:અત્યાગ્રહ;કાલાવાલા.
Impose,(ઇમ્પૉઝ્)*vt*. [L.*in* & *pono*, I put.] (*a*)To lay on;to put:મૂકવું;રેડવું 2.To levy;to inflict:પર નાંખવું.
Imposing,(ઈમ્પૉઝિન્ગ્)*a*. Impressive; commanding:અસરકારક;ભભકાદાર;ડોળદાર; અદ્ભુત.
Imposition, (ઈમ્પૉઝિશન)*n* The act of imposing or laying on:મૂકવું-બેસાડવું તે; આરોપ. 2 Burden;levy;tax:કર;જકાત,વેરો.3 An extra exercise enjoined on a student as a punishment: વિદ્યાર્થીને સજા દાખલ કંઈ લખી લાવવાનો અથવા મ્હોંરે કરવા આપેલો પાઠ.4. Deception:ઠગાઇ;દગો;છળ;પ્રપંચ;પારખું.
Impossibility, (ઇમ્પૉસિસિબિલિટિ) *n*. Impracticability:અશક્યતા;અસંભવ;અસાધ્યતા.
Impossible, (ઈમ્પૉસ્સિબલ)*a*. Not possible; impracticable:અસાધ્ય;અશક્ય; અસંભવિત.
Impost,(ઇમ્પૉસ્ટ)*n* A tax, tribute or duty: જકાત;દાણ;કર;લાગો.
Impostor,(ઈમ્પૉસ્ટર)*n*.Adeceiver:ઠગારો;ધૂતારો
Imposture,(ઈમ્પૉસ્ટ્યૂર્)*n*.Fraud:દગલબાજી;ઠગાઈ
Impotence-cy,(ઇમ્પૉટેન્સ્ ન્સિ)*n*. Weakness: અશક્તિ;નબળાઈ.2.Inability to beget children: નામર્દાઇ;બાયલાપણું;નપુંસકતા.
Impotent, (ઈમ્પૉટેન્ટ) *a*. Destitute of force; weak:કમજોર:નબળું;દુર્બળ;અશક્ત. 2.Unable to copulate:નપુંસક;નામર્દ;બાયલું.
Impound,(ઇમ્પાઉન્ડ્)*vt*. [L.*in* & *pound*,an enclosure]To confine:વાડામાં રાખવું.
Impoverish,(ઇમ્પૉવરિશ્)*vt*. [L *in* & *puaper*,poor.]To make poor:ગરીબ-દરિદ્રી ક૦.
Impoverishment,(ઇમ્પૉવરિશ્મેન્ટ)*n*.Reduction to proverty;exhaustion:દરિદ્રતા;નિર્ધનતા.
Impracticability,(ઇમ્પ્રેક્ટિકેબિલિટિ) *a* Infeasibility:અશક્યતા;અસાધ્યતા.
Impracticable, (ઇમ્પ્રેક્ટિકેબલ્)*a*. Not practicable; impossible:અશક્ય; અસાધ્ય;દુ:સાધ્ય.
Imprecate, (ઈમ્પ્રીકેટ્)*vt*. [L.*in* & *precor*,I pray.] To call by prayer: આજીજીથી-વિનંતી કરીને બોલવું.2.To invoke evil on:ને શ્રાપ દેવો; બદદુવા માગવી.
Imprecation, (ઇમ્પ્રીકેશન)*n*.A curse:શ્રાપ; બદદુવા.
Imprecision,(ઇમ્પ્રીસિશન)*n*.Want of exactness;defect of accuracy:અશુદ્ધતા;ચૂક;ખામી.
Impregnable, (ઇમ્પ્રેગ્નેબલ)*a*. [L. *in* & *prehendo*, I take.] Invincible:જીતાય નહિ એવું.
Impregnate, (ઇમ્પ્રેગ્નેટ) *vt*. [L. *in*, *prœ* & *gigno*, I beget.] To make pregnant: ગર્ભવંતુ ક૦;હમેલ રાખવો. [ગર્ભ ધારણ;સ્થાપન.
Impregnation,(ઈમ્પ્રેગ્નેશન)*n*.Fecundation:
Impress, (ઈમ્પ્રેસ્)*vt*.[L.*in* & *premo*,I press] To imprint:નિશાની પાડવી.2. To fix deeply: ઠસાવવું.*n*. A mark made by pressure:છાપ; મુદ્રા 2.Mark of distinction:છાપ નિશાની.
Impressible,(ઇમ્પ્રેસિબલ)*a*.Capable of being impressed; susceptive:છાપ પાડી શકાય એવું.
Impression, (ઇમ્પ્રેશન્) *n*. The act of impressing or stamping:છાપ મારવી-છાપવું તે.2. Influence or effect on the senses or the intellect: અસર;સંસ્કાર;છાપ;છાંપો. 3. An indistinct notion; remembrance of belief: થોડીક યાદ;ભાસ 4.Whole edition printed at a given time:આવૃત્તિ.*a*.Effective:અસરકારક.
Impressive,(ઇમ્પ્રેસિવ્)*a*. Adapted to touch the sensibilities or the conscience:મનમાં ઠસી જાય એવું;અસરકારક;હૃદય ભેદક.
Impressure,(ઇમ્પ્રેશ્યૂર્)*n*.Indentation:છાપ
Imprimis,(ઇમ્પ્રાઇમિસ)*adv*.[L.*in* & *primus* first in order.]પહેલેથી;પ્રથમથીજ;આદિથી;પ્રથમતઃ
Imprint,(ઇમ્પ્રિન્ટ્)*n*. [L *in* & *print*.]Whatever is printed on the title page:છાપવાની જગા તથા તારીખ સાથેનું છાપવાનું નામ. *vt*. To impress; to stamp:છાપ મારવી-પાડવી.
Imprison,(ઇમ્પ્રિઝન)*vt*.[L. *in* & *prison*]To put into a prison:કેદ ક૦;કેદખાને-બંધીખાનેનાખવું.
Imprisonment, (ઇમ્પ્રિઝન્મેન્ટ) *n* Confinement in a prison:કેદ;અટકાવ;બંધન;નિરોધ.
Improbability,(ઈમ્પ્રૉબેબિલિટિ) *n*. Unlikelihood:અસંભવ;ન બને તેવો જોગ;અસંભાવના.
Improbable,(ઇમ્પ્રૉબેબલ્) *a*. Not probable: અસંભવિત;અસંભાવ્ય;અગવડ ભરેલું.
Improbity,(ઇમ્પ્રૉબિટિ)*n* Want of integrity; dishonesty:અપ્રમાણિકપણું;બેઇમાનદારી.
Impromptu,(ઇમ્પ્રૉમ્પ્ટયૂ)*adv*.[L *in* & *promtus*,ready.]Offhand;without previous study અગાઉથી વિચાર કર્યા વગર-વગરનું; પૂર્વ વિચાર રહિત.
Improper,(ઇમ્પ્રૉપર્)*a*. Unfit:અયોગ્ય.
Improperly, (ઇમ્પ્રૉપર્લિ) *adv*. Unsuitably; inaccurately:ગેરવાજબી રીતે;ખોટી રીતે.
Impropriety, (ઈમ્પ્રૉપ્રાઇટિ) *n*. The quality of being improper;unfitness:અયોગ્યતા.
Improvable, (ઇમ્પ્રુવેબલ્) *a*. Admitting of

being made better:સુધારવા લાયક.

Improve,(ઇમ્પ્રુવ્)*vt.*[L.*in* & *probo*- I try.] To make better:સુધારવું. 2. To advance or increase by use: વાપર-ઉપયોગથી વધવું-ફેલાવો થવો.*vi.*To grow better:સુધરવું;ને ફેર પડવું.

Improvement, (ઇમ્પ્રુવમેન્ટ્) *n.* The act of improving:સુધારો;વધારો;ફેર;ચઢતી; ગુણવૃદ્ધિ.

Improvidence, (ઇમ્પ્રૉવિડેન્સ્) *n.* Want of forecast:ટુંકી નજર; અવિચાર.

Improvident,(ઇમ્પ્રૉવિડેન્ટ્)*a.*Wanting forecast;thoughtless:ફ ડી પહોંચ-નજર ન હોય એવું

Imprudence,(ઇમ્પ્રુડેન્સ્)*n.* Want of caution heedlessness;rashness:અવિચાર;અવિવેક;ગફલત.

Imprudent,(ઇમ્પ્રુડેન્ટ્)*a.* [L. *in* & *prudens.* prudent.]Indiscreet;heedless:નિર્લજ;બેઅદબ.

Impudence,(ઇમ્પ્યૂડેન્સ્)*n.* [L. *in* & *pudeo*, I am ashamed.]Shamelessness:બેશરમ.

Impudent,(ઇમ્પ્યૂડેન્ટ્)*a.* Shameless:બેશરમું.

Impudently,(ઇમ્પ્યૂડેન્ટ્લિ) *adv.* With indecent assurance;shamelessly:નિર્લજતાથી.

Impugn,(ઇમ્પ્યૂન્)*vt.*[L.*in* & *pugno*,I fight.] To contradict:સામું બોલવું;-ની ના કહેવી.

Impulse,(ઇમ્પલ્સ્)*vt.*[L.*in* & *pello*,I drive.] The act of driving forward with sudden force;impulsion:ધક્કો;હડસેલો;આંચકો.2.આવેગ. જુસ્સો;આવેશ; ઉમળકો;પ્રયોજન;હેતુ.પ્રેરણા;ઉત્તેજન.

Impulsion, (ઇમ્પલ્શન) *n.* The act of driving onward:આગળ ચલાવવું તે.2.Sudden motion:જોસ;હડસેલો.

Impulsive, (ઇમ્પલ્સિવ) *a.* Moving; impellent:ચલાવનારું 2.Actuated by impulse:લેહેરી. *n* Impelling cause:ધક્કો;જોસ.

Impunity,(ઇમ્પ્યૂનિટિ) *n.* [L. *in* & *poena*, punishment.] Exemption from punishment or penalty:દંડ-સજાની માફી.

Impure,(ઇમ્પ્યૂર) *a.* [L. *in* & *purus*, pure.] Not pure:મેલું;ગંદું;મલિન; ખરાબ. 2. Obscene: અશુદ્ધ;નાપાક.*vt.To* pollute: અશુદ્ધ-અપવિત્ર ક૦.

Impurity,(ઇમ્પ્યૂરિટિ) *n.* Pollution: અશુદ્ધતા; મલિનપણું;વટાળ;નાપાકી.2. Foul matter:અશુદ્ધ મલીન ચીજ;કચરો;મેલ;ભેળ.[દોષ-આરોપ મુકવા જોગ.

Imputable, (ઇમ્પ્યૂટેબલ્) *a.* Attributable:

Imputation, (ઇમ્પ્યૂટેશન) *n.* Attribution; anything charged: દોષ લગાડવો તે;આળ;દોષ; આરોપ;ઠપકો 2 Intimation;opinion: ખબર;સૂચના;બાતમી;સમજુતી.

Impute,(ઇમ્પ્યૂટ્)*vt.*[L *in* & *puto*,I reckon.] *To* attribute to:લગાડવું; નો આરોપ મૂકવો;લાગુ પાડવું. 2. To reckon;to regard: ગણવું; માનવું; લેખવવું.

In,(ઇન્)*prep.*Within;inside of:અંદર;મધ્યે;માંહે *To be* i *for it.* (*a*) To be in favour of a thing:કોઇ વસ્તુની તરફ હોવું.I. *that*, because: કારણ કે.*To be* i.,to be at home:ઘરમાં-ઘેર હોવું. I. s & *out*:ગલી કુંચીઓ;ખોડ ખામીઓ.

Inability,(ઇનઍબિલિટિ) *n.* Lack of ability: અશક્તિ;અસામર્થ્ય;-ન આવડવું તે;દુર્બળતા.

Inaccessibility,(ઇનઍક્સેસિબિલિટિ) *n.* The quality or state of being inaccessible or not to be reached:અગમ્યતા;ગહનતા;દુષ્પ્રાપ્યતા.

Inaccessible,(ઇનઍક્સેસિબલ્) *a.* Not to be reached;unobtainable:જવાય-અવાય નહિ એવું.

Inaccuracy,(ઇનઍક્યૂરસિ)*a.*A defect;error: ચૂક;ખોડ;અશુદ્ધતા;અંતર;તફાવત;ભૂલ;

Inaccurate,(ઇનઍક્યૂરેટ્)*a.*Not correct:ખોટું.

Inaction,(ઇનઍક્શન)*n.*Idleness:આળસ;સુસ્તી.

Inactive,(ઇનઍક્ટિવ્)*a.* Idle:સુસ્ત.

Inactivity,(ઇનઍક્ટિવિટિ)*n.*Idleness: સુસ્તી.

Inadequacy, (ઇનઍડીક્વસિ) *n.* Defectiveness:અપૂર્ણતા;અયોગ્યતા.

Inadequate,(ઇનઍડીક્વેટ્)*a* Unequal: અધુરૂં.

Inadequately,(ઇનઍડીક્વેટ્લિ)*adv.* Not fully or sufficiently:નાલાયકીથી; અયોગ્યતાથી.

Inadhesive,(ઇનઍડીસિવ્)*a.*Having the quality of not adhering: ચોંટે-વળગે નહિ તેવું.

Inadmissible,(ઇનડ્મિસિબલ્)*a* Not proper to be admitted:અગ્રાહ્ય;અસ્વીકાર્ય;અમાન્ય.

Inadvertence-cy,(ઇનઍડ્વર્ટન્સ્-ન્સિ) *n.* Inattention;negligence:ગલફત;ચૂક;પ્રમાદ.

Inadvertent,(ઇનઍડ્વર્ટન્ટ્)*a.*Heedless;careless:ધ્યાન ન આપતું;બેસુરત;ગાફેલ.

Inalienable,(ઇનએલિએનેબલ્)*a.*[L.*in*&*alienable.*) Incapable of being put off:બીજાને અપાય નહિં એવું,વશીપ ભોગ્ય;વતની. [પ્રિયા.

Inamorata,(ઇનઆમોરાટા) *n.* A female lover:

Inamorato,(ઇનઆમોરાટો)*n.*A male lover:પ્રિય

Inanimate,(ઇનઍનિમેટ)*a.*[L.*in*& *animate.*] Destitute of life;dead:જડ;અચેતન;નિર્જીવ.

Inanition,(ઇનઍનિશન) *n.* Emptiness; exhaustion;want of food:ખાલીપણું;શૂન્યતા; લાંઘણ;ભૂખમરો.

Inanity,(ઇનઍનિટિ)*n.* Vacuity; emptiness: ઠાલાપણું;ખાલીપણું;પોકળતા;શૂન્યતા.

Inappetense, (ઇનઍપીટેન્સ્) *n.* Want of a disposition to seek nutriment:અરૂચિ;અક્ષુધા.

Inapplicability,(ઇનઍપ્લિકેબિલિટિ)*n.* Unfitness: અનુચિતપણું;અણરાગ;અયોગ્યતા.

Inapplicable (ઇનઍપ્લિકેબલ્) *a.* Incapable of being applied:માફક ન પડે તેવું;અનુકતુ.

Inapplication, (ઇનઍપ્લિકેશન) *n.* Negligence;indolence:માફક ન આવવું તે; આળસ.

Inapposite,(ઇનઍપોઝાઇટ્)*a* Not fit or suitable,not pertinent:નાલાયક;અયોગ્ય;અસંગત.

Inappropriate, (ઇનઍપ્રોપ્રિએટ્) *a.* Unbe-

coming:લાગુ પડે નહિં એવું;અયોગ્ય;અનુચિત;અયુક્ત.

Inapt,(ઇનૅપ્ટ)*a*.Unsuitable:લાગુ ન પડતું.

Inaptitude,(ઈનૅપ્ટિટ્યુડ્)*n*.Unfitness; unsuitableness:નાલાયકી;અયોગ્યતા;અપાત્રતા;

Inarticulate,(ઇનઆરટિક્યૂલેટ) *a*. Not articulate:સ્પષ્ટ-સમજાય નહિ એવું.

Inarticulation,(ઇનઆરટિક્યૂલેશન)*n*.Indistinctness of sounds in speaking:અસ્પષ્ટ ઉચ્ચાર

Inartificial, (ઈનઆર્ટિફિશલ્) *a*. Formed without art:પોતાની મેળે થયેલું;અકૃત્રિમ;સ્વયંભૂ

Inasmuch,(ઈનઍઝ્મચ્)*adv*. Since:કારણ કે.

Inattention,(ઈનઍટેન્શન)*n*. Heedlessness: ગફલત; અસાવધપણું:બેદરકારી.

Inattentive,(ઈનઍટેન્ટિવ)*a*. Heedless:ધ્યાનચિત્ત ન લગાડતું;ગાફેલ;બેપરવા;બેદરકાર.

Inaudible,(ઇનઓડિબલ્)*a*.[L.*in* & *audio*, I hear] Incapable of being heard:સંભળાય નહિં એવું;અશ્રાવ્ય;શ્રવણાશક્ય.

Inagugural,(ઇનઓગ્યરલ)*a*.Pertaining to or pronounced at inauguration:સ્થાપના-અભિષેકનું

Inaugurate,(ઈનઑગ્યૂરેટ) *vt*. [L. *in*. *avis*, a bird & *garrio*, I cry.] To invest with an office in a formal manner:ક્રિયા-વિધિ પૂર્વક અધિકાર આપવો;અભિષેક કo.2.ચાલુ કo;-નું મંડાણ કo

Inauguration, (ઇનઑગ્યૂરેશન) *n*. Investiture of office by appropriate ceremonies: ક્રિયા-વિધિપૂર્વક કરેલી સ્થાપના પ્રતિષ્ઠા;પ્રારંભ;મંડાણ.

Inauspicious,(ઇનઑસ્પિશસ્)*a*. Ill-omened; unlucky;unfavourable:અશુભ;અમંગળ;અભદ્ર.

Inauthentic,(ઇનઑથેન્ટિક્) *a*. Having no proof:સાબેતી વિનાનું;અપ્રમાણ;પ્રમાણ વિનાનું.

Inborn,(ઇનબૉર્ન)*a* Inherent:કુદરતથી થયેલું;સહજ

Inbred,(ઈનબ્રેડ્)*a*. Natural:સ્વાભાવિક;કુદરતી.

Incage,(ઇનકેજ)*vt*.To coop:પાંજરામાં ઘાલવું

Incalculable(ઇન્કૅલ્કયૂલૅબલ્) *a*. Beyond calculation:અગણિત;અનંત;બેસુમાર;અસંખ્યાત.

Incandescence, (ઇનકૅન્ડેસેન્સ્) *n*. [L. *in* & *candeo*, I glow.]A white heat caused by intense heat:અતિગરમી;અત્યુષ્ણતા.

Incandescent,(ઈન્કૅન્ડેસેન્ટ્)*a*.White or glowing with heat:અતિગરમ;અતિઉષ્ણ.

Incantation,(ઈન્કૅન્ટેશન)*n*.[L *en* & *canto*,I sing]Enchantment:જાદુ;મંતરમ તર;મેલીવિદ્યા.

Incantatory,(ઈન્કૅન્ટૅટૉરિ)*a*.Magical:મંત્રિક.

Incapability,(ઈન્કેપબિલિટિ) *n*. Incapacity: want of power:નાલાયકી;અશક્તિ;અસામર્થ્ય.

Incapable,(ઈન્કેપેબલ્)*a*. Not large or wide enough to contain: જેમાં માય નહિં એવું. 2. Mentally insufficient:આવડે નહિં એવું; અસમર્થ;નાલાયક.3.Morally weak:અનુચિત.

Incapacious,(ઇન્કૅપેશસ્)*a*.Narrow:ન્હાનું.

Incapacitate, (ઇનકૅપસિટેટ્) *vt*. To render incapable:અશક્ત-અયોગ્ય-નાલાયક કo.

Incapacity,(ઇન્કૅપૅસિટિ) *n*. Want of capacity:અશક્તિ,અસામર્થ્ય; બુદ્ધિહીનતા. 2. Disqualification:અયોગ્યતા.

Incarcerate,(ઈન્કાર્સેરેટ્)*vt*.[L. *in* & *carcer*, a prison.]To imprison:કેદ કo;તુરંગમાં નાંખવું.

Incarceration,(ઈન્કાર્સેરેશન) *n*. Imprisonment:કેદખાને નાંખવું તે;કેદ.

Incarnate,(ઈન્કાર્નેટ્)*vt*.[L.*in* & *caro*,*carnis*, flesh.]To clothe with flesh: અવતાર લેવો. *a*. Invested with flesh:દેહધારી;અવતારી;મૂર્તિમાન.

Incarnation,(ઇન્કાર્નેશન) *a*. The act of taking human body:અવતાર;શરીરધારણ;દેહધારણ.

Incarnative, (ઇન્કાર્નેટિવ્) *a*. Causing new flesh to grow:દેહ ધારણ કરતું.

Incase,(ઈન્કેસ્)*vt*.[L *in* & *case*.] To inclose in a case;to inclose:ઢાંકવું;ઢાંકણ-ડબા-વેષ્ટનમાં ઘાલવું.

Incasement,(ઇન્કેસ્મેન્ટ્)*n*.The act of inclosing with a casement:ઢાંકણ-ડબામાં ઘાલવું.

Incatenation,(ઇન્કૅટિનેશન)*n*.[L *in* & *catena* chain.]The act of linking together:જોડવું તે

Incautious,(ઈન્કૉશસ)Heedless:અસાવધ;ગાફેલ.

Incautiousness, (ઇન્કૉશસનેસ્) *n*. Want of caution:અસાવધપણું;ગફલત.

Incavated,(ઇન્કૅવેટેડ્)*a* [L.*in* & *cavus*,hollow.]Made hollow;bent round or in:કોતરેલું.

Incavation,(ઈન્કૅવેશન) *n*. The act of making hollow:પોલું કo-કોતરવું તે.

Incendiarism, (ઇન્સેન્ડિઍરિઝમ્)*n*.The act or practice of maliciously setting fire to house:દ્વેષથી પારકાનું ઘર બાળી મુકવું તે.

Incendiary, (ઈન્સેન્ડિઍરિ) *a*. Pertaining to the malicious burning of a dwelling:દ્વેષથી પારકાનું ઘર બાળી મૂકવા સંબંધિ *n*. A person who sets fire to a building:આગ લગાડનાર;ગૃહદાહક.

Incense, (ઈન્સેન્સ્) *vt*. To set on fire; to kindle:સળગાવવું;ધૂપ દેવો-કરવો.2.To incite;to kindle:કોપાયમાન-ક્રોધાયમાન કo. *n*. Perfume exhaled by fire:ધૂપ;ધૂપગંધ.

Incentive,(ઇન્સેન્ટિવ્)*a* Inciting;encouraging:ઉશ્કેરનાર.*n*. Motive;spur:ઉત્તેજન.

Inception,(ઈન્સેપ્શન) *n*. [L. *in* & *capio*, I take]Beginning:શરૂઆત;પહેલ;આરંભ.

Incertitude,(ઇન્સર્ટિટ્યૂડ્)*n*.[L.*in* & *certus*, certain.]Uncertainty:અનિશ્ચય; શંકિતપણું.

Incessant,(ઇન્સેસૅન્ટ્)*a*.[L.*in* & *cesso*,I cease] Unceasing:બંધ ન પડે એવું;નિરંતર.

Incest,(ઇન્સેસ્ટ્)*n*. [L. *in* & *castut*, chaste.] The crime of cohabitation between persons related within the degrees wherein marriage is prohibited:નિકટ સગાં સાથે સંભોગ.

Incestuous,(ઈન્સેસ્ટ્યૂઅસ્)*a*.Guilty of incets

નિકટ સગાં સાથે સંભોગ કરનાર;ગોત્રગામી.

Inch, (ઇન્ચ્) *a.* A measure of the twelfth part of a foot:એક ફૂટનો બારમો ભાગ;તસુ.2. A critical moment: અણીનો વખત. *By inches,* gradually:ધીમે ધીમે.

Inchoate,(ઈન્કોએટ્)*a.*[L.*inchoatum*,begun] *a.*Incipient;incomplete:આરંભેલું;અધુરું;કાચું.

Incidence,(ઇન્સિડેન્સ)*n* [L.*in*&*cado*, I fall.] An incident;an event:પ્રસંગ; ઘટના; વૃત્તાંત; બનાવ;બિના.

Incident,(ઇન્સિડેન્ટ્) *a.* Striking or falling upon:પડતું;થતું.2.Casual:આવી પડેલું 3.Dependent on:આધાર રાખતું.*n.*An event:બનાવ;બીના

Incidental,(ઈન્સિડેન્ટલ્)*a.*Casual;accidental:કોઇ વેળા બનતું;અનિયમિત;પ્રાસંગિક;અપ્રધાન;ગૌણ.

Incidentally, (ઇન્સિડેન્ટલિ) *adv.* Without intention:અકસ્માત રીતે:પ્રસંગવશાત્.

Incinerate,(ઈન્સિનરેટ)*vt.*To burn to ashes: બાળીને ખાખ-રાખ ભસ્મ ક૦.

Incipiency(ઈન્સિપિએન્સિ)*n.*Beginning;commencement:શરૂઆત;પેહેલ;પ્રારંભ;મંડાણ;ઉપક્રમ.

Incipient, (ઈન્સિપિએન્ટ્) Beginning; commencing:શરૂઆતનું;આરંભનું;પેહેલું;પ્રથમ;આરંભક

Incipiently,(ઇન્સિપિએન્ટ્લિ)In an incipient manner:અગાઉથી;પ્રથમથી.

Incision,(ઇન્સિઝ્હન)*n.*[L.*in* & *coeda*,I cut.] The act of cutting:કાપવું તે.2.A cut:કાપ;કાપો.

Incisive,(ઇન્સાઈસિવ્)*a* Sharp:કાપે એવું

Incisory,(ઇન્સાઈઝૉરિ)*a.* Having the quality of cutting:કાપે એવું;છેદક.

Incisure,(ઇન્સિઝ્હ્યૂર્)*n.*A cut:કાપ;ચીરો.

Incitation, (ઇન્સાઇટેશન) *n.* The act of inciting:ઉશ્કેરવું તે;શિખવણી;ઉશ્કેરણી;પ્રેરણા;શળી.

Incite,(ઇન્સાઇટ્)*vt* [L.*in* & *cito*,I rouse.]To move to action;to rouse:ઉશ્કેરવું;ચઢાવવું.

Incitement,(ઈન્સાઇટ્મેન્ટ્)*n.* The act of inciting:ઉશ્કેરવું તે;ઉશ્કેરણી;ઉત્તેજન.

Incivil,(ઇન્સિવિલ્)*a.* Rude:અસભ્ય.

Incivility,(ઇન્સિવિલિટિ) *n.* [L.*in* & *civis*, a citizen.]Rudeness:અસભ્યતા;અવિનય;તોછડાઈ.

Inclasp,(ઈન્ક્લૅસ્પ્)*vt.* To hold fast:ભેટવું.

Inclemency, (ઇન્ક્લેમેન્સિ) *n.* Harshness, severity:સખ્તાઇ;નિર્દયપણું;કઠોરપણું;નિર્દયતા;ક્રૂરતા

Inclement,(ઇન્ક્લેમેન્ટ્) *a.*[L. *in* & *clemens*, mild.]Unmerciful;severe:નિર્દય;કઠોર;સખ્ત;ઉગ્ર.

Inclinable,(ઈન્ક્લાઈનૅબલ્)*a.* Leaning;tending:વળે એવું;નમન શીલ;વલણ થયેલું.

Inclination, (ઇન્ક્લિનેશન) *n.* The act of inclining:વલણ;ઝોક 2. (*Geom.*) The angle made by two lines or planes which meet if produced:બે લીટીઓ જો લંબાવવામાં આવે તો તે મળવાથી થયેલો ખુણો 3. Bent; propensity: મનનું વલણ;રૂખત;રૂચિ;મન.

Incline,(ઇન્ક્લાઈન્)*vi.*[L.*in* & *clino*,I bend.] To lean:વળવું; મરડાવું. 2. To be disposed:વલણ થવું;મન વળવું. *n.* An inclined plane; a grade:ઢોળાવ

Inclose,(ઈન્ક્લૉઝ્)*vt.*[L.*in* & *claudo*,I shut] To surround:વાડ બાંધવી કરાવી ઘેરવું 2.To put within a case:પેટીમાં ઘાલવું.

Inclosure,(ઇન્ક્લૉઝ્હ્યૂર્)*n.*The separation of land from common ground by a fence:વાડની અંદર જગા.

Include, (ઇન્ક્લ્યૂડ્) *vt.* [L. *in* & *claudo*, I shut.]To hold;to contain:માં હોવું;સમાવેશ ક૦.

Inclusion,(ઇન્ક્લ્યૂઝ્હન)*n.*The act of including: સમાવેશ;અંતર્ભાવ;અંતર્ગણના;અભિવ્યાપ્તિ.

Inclusive,(ઈન્ક્લ્યૂસિવ્) *a.* Including:માં ગણીને;પરિગ્રાહી;અભિવ્યાપક.

Incog-Incognito,(ઇન્કૉગ્-ઈન્કૉગ્નિટો) *adv.* In concealment:ગુપ્ત વેશથી;ગુપ્તરૂપે.

Incognito, (ઇન્કૉગ્નિટો) *n.* One known in disguise:ગુપ્ત વેષવાળો માણસ; વેષધારી. 2. The state of being in disguise:ગુપ્તવેષ.

Incognizable, (ઇન્કૉગ્નિઝેબલ્) *a.* Incapable of being recognized:ઓળખાય-જણાય નહિ એવું

Incoherence-cy,(ઈન્કોહીરેન્સ્-ઈન્કોહીરેન્સિ)*n.* Want of cohesion or adherence:અસંયોગ.

Incoherent,(ઇન્કોહીરેન્ટ્) *a.* [L. *in*, *con* & *hereo*,I stick]Loose:અળગું: છૂટું.2.Inconsistent:વિરૂદ્ધ;સંબંધ વિનાનું.

ncoherently,(ઇન્કોહીરેન્ટ્લિ) *adv.* Inconsistently:ગમેતેમ;સંબંધ; વગર;યદ્વાતદ્વા.

Incombustible,(ઈન્કૉમબસ્ટિબલ્) *a.* Incapable of being burned:સળગે નહિં એવું.

Income, (ઇનકમ્) *n.* The gain from labour: આવક;પેદાસ;કમાઇ;ઉપજ;આમદાની;આયપત.

Incommensurable, (ઈન્કૉમ્મેન્સ્યૂરૅબલ્) *a.* Having no common measure or standard of comparision:સામાન્ય ભાજક રહિત;અસમ પરિમાણ;અસમાન;ભિન્ન પરિમાણક.

Incommensurate,(ઈન્કૉમ્મેન્સ્યૂરેટ્)*a.* Not admitting of a common measure:સામાન્ય ભાજક વિનાનું.2.Not adequate:અધુરૂં.

Incommodation,(ઇન્કૉમ્મૅડેશન) *n.* State of being incommodated:અગવડ;સંકડાશ;અડચણ

Incommode,(ઈન્કૉમ્મોડ્) *vt* [L. *in* & *commodo*,I make fit.] To disturb or molest: -ને અડચણ પડવી;-ને અગવડમાં નાંખવું.

Incommodious,(ઇન્કૉમ્મોડિઅસ્) *a.* Unsuitable:અડચણ ભરેલું;સોઇ વિનાનું.

Incommunicable, (ઇન્કૉમ્યૂનિકૅબલ્) *a* Incapable of being told:બીજાને કહેવાય નહિં એવું.

Incommunicative,(ઈન્કૉમ્યૂનિકેટિવ્)*a* Not

free or apt to impart to others in conversation:બીજાની જોડે વાત નહિ કરવા લાયક.

Incommutable,(ઇન્કૉમ્યૂટૅબલ્) *n.* Not capable of being exchanged with another:અદલ બદલ ન કરાય તેવું.

Incomparable, (ઇન્કૉમ્પૅરૅબલ્) *a.* Without an equal:અનુપમ;અતુલ્ય;અપ્રતિમ; સર્વોત્તમ.

Incompassionate, (ઈન્કૉમ્પૅશનેટ્)*a.* Void of pity:દયા રહિત;કઠોર;નિર્દય;દયાહીન.

Incompatibility, (ઇન્કૉમ્પૅટિબિલિટિ) *n.* Inconsistency:વિરૂદ્ધતા;વિપરીતતા;અસંભવ; વિરોધ

Incompatible, (ઈન્કૉમ્પૅટિબલ્) *a.* Inconsistent:વિરૂદ્ધ;અયુક્ત;અસંગત;વિપરીત; અસંભવિત.

Incompetence-cy,(ઈન્કૉમ્પીટેન્સ્-ઇન્કૅમ્પીટેન્સિ *n.*Insufficiency:અશક્તિ;અસામર્થ્ય 2 Want of legal fitness to be heard or admitted as a witness:સાક્ષી તરીકે હાજર થવાની નાલાયકી.

Incompetent, (ઈન્કૉમ્પીટેન્ટ્) *n.* Incapable; unfit:અશક્ત;અસમર્થ;અયોગ્ય 2. Wanting legal qualifications:કાયદા પ્રમાણે અયોગ્ય-નાલાયક.

Incomplete,(ઇન્કૉમ્પ્લીટ્)*a* Unfinished:અધૂરૂં.

Incompleteness,(ઈન્કૉમ્પ્લીટ્નેસ્)*n.* Imperfectness;defectiveness:અધૂરૂંહોવું તે.

Incomprehensible, (ઈન્કૉમ્પ્રીહેન્સિબલ્) *a.* Beyond the reach of human intellect:ન સમજાય એવું;અકળ;ગૂઢ;ગહન;દુર્બોધ્ય.

Incomprehensibility,(ઈન્કૉમ્પ્રીહેન્સિબિલિટિ) *n.* The quality of being beyond the reach of human intellect:અચિંત્યતા;ગૂઢતા;અગમ્યતા

Incompressible,(ઇન્કૉમ્પ્રેસિબલ્) *a.* [L. *in, con* & *premo,*I press]Not compressible;resisting compression:દબાય નહિ એવું;અસંકોચનીય

Inconceivable,(ઈન્કૉન્સીવૅબલ્)*a.*Incapable of being conceived by the mind:કલ્પાય નહિ એવું.

Inconclusive,(ઇન્કૉન્ક્લ્યૂસિવ્)*a.*Leading to no conclusion:અપ્રમાણ;અધિકારી.

Incongruent Incongruous, (ઇન્કૉન્ગ્રૂએન્ટ્-ઈન્કૉન્ગ્રૂઅસ્) *a.* Unsuitable:અયોગ્ય.

Incongruity, (ઇન્કૉન્ગ્રૂઇટિ) *n* Inconsistency; impropriety:અયોગ્યતા;વિરૂદ્ધતા;અસંગતિ.

Inconsequent,(ઈન્કૉન્સીક્વેન્ટ્)*a* Not regularly inferred: પ્રતિજ્ઞા-આપેલા પ્રમાણમાંથી ન નિકળતું.

Inconsiderable, (ઇન્કૉન્સિડરૅબલ્) *a.* Unimportant; small; trivial:ધ્યાનમાં ન લેવા જોગ.

Inconsiderate, (ઇન્કૉન્સિડરેટ) *a.* Hasty; thoughtless; heedless:અવિચારી;અવિવેકી.

Inconsiderately,(ઇન્કૉન્સિડરેટ્લિ)*adv* Carelessly:બેદરકારીથી;વગર વિચારે;અવિચાર પૂર્વક.

Inconsideration, (ઇન્કૉન્સિડરેશન)*n.* Inattention to consequences:અવિવેક;અવિચાર.

Inconsistence-cy, (ઇન્કૉન્સિસ્ટેન્સ્-સિ) *n.* Disagreement:પરસ્પરવિરોધ;વિરૂદ્ધતા;વિપરીતતા

Inconsistent, (ઇન્કૉન્સિસ્ટેન્ટ્) *a.* Discordant:અકેક સાથે વિરોધવાળું; એક બીજાથી ઉલટું.

Inconsistently, (ઇન્કૉન્સિસ્ટેન્ટ્લિ) *adv.* Incongruously:ધડ,માથું ગમે તેમ હોય તે રીતે.

Inconsolable (ઇન્કૉન્સોલૅબલ્) *a.*Not to be consoled:અસંતોષણીય;શોકમાં નિમગ્ન.

Inconspicuous,(ઈન્કૉન્સ્પિક્યૂઅસ્)*a.* Hardly discernible:અસ્પષ્ટ;પરખાય નહિં તેવું.

Inconstancy,(ઈન્કૉન્સ્ટન્સિ)*n.* [L. *in, con* & *sto,*I stand.]Mutability:અસ્થિરતા;ચાપલ્ય.

Inconstant,(ઇન્કૉન્સ્ટન્ટ્)*a* Unsteady:અસ્થિર.

Incontestable,(ઇન્કૉન્ટેસ્ટૅબલ્) *a.* Not to be disputed:નિર્વિવાદ;બેતકરાર;નિઃસંદેહ.

Incontinence-cy,(ઇન્કૉન્ટિનેન્સ્-સિ)*n.*Incapacity to hold:વ્યભિચાર;છિનાળુ;લપટતા.

Incontinent,(ઇન્કૉન્ટિનેન્ટ્)*a* Unchaste:ઇંદ્રિયવશ;જારકર્મી;છિનાળવો; વ્યભિચારી; લંપટ.

Incontinently, (ઈન્કૉન્ટિનેન્ટ્લિ) *adv.* Unchastely:વ્યભિચારીપણે;ઇંદ્રિયવશ રહી તરતજ.

Incontrovertible, (ઇન્કૉન્ટ્રોવર્ટિબલ્) *a.* Too clear or certain to admit of dispute:તકરાર વિનાનું; નિર્વિવાદ;અખંડનીય.

Inconvenience, (ઇન્કૉન્વીનિએન્સ્)*n.* Unsuitableness:અડચણ;અગવડ;ગેરસોઈ.*vt* To bring to inconvenience:અડચણ-અગવડમાં નાંખવું.

Inconvenient,(ઈન્કૉન્વીનિએન્ટ્)*a.*Inexpedient:અસુગમ;અસૂતર;અયોગ્ય;અનુચિતઅનુકુળ ન પડતું.

Inconvertible, (ઇન્કૉન્વર્ટિબલ્)*a.* [L. *in,con* & *verto,* I turn.] Not capable of being changed:ફેરવાય-બદલાય નહિં એવું.

Incorporate,(ઇન્કૉર્પોરેટ્)*vt* [L. *in* & *corpus,* body.] To form in a body: મેળવી-જોડી નાંખવું;સાકાર ક૦.2.To amalgamate:મેળવવું;સંયુક્ત કરવું *vi.*To be mixed or blended;to grow into:જોડાવું;જોડાઈ-ભળી જવું.*a.* Not consisting of matter:વિદેહી

Incorporation, (ઈન્કૉર્પોરેશન્)*n* The act of incorporating:મેળી-જોડી દેવું તે;સંયોગ; મંડળી.

Incorporeal,(ઇન્કૉર્પોરીઍલ્)*a* Not consisting of matter:દેહવિનાનું;નિરાકાર;અદેહ;અશરીરી.

Incorrect,(ઇન્કૉરેક્ટ્)*a.*Inaccurate:અશુદ્ધ.

Incorrectly,(ઇન્કૉરેક્ટ્લિ)*adv.*Inaccurately; not exactly:ભૂલચૂક કરીને; અશુદ્ધ રાખીને.

Incorrectness,(ઇન્કૉરેક્ટ્નેસ્)*n.*Want of confirmity to truth;inaccuracy:ચૂક;ખામી;દોષ.

Incorrigible, (ઇન્કૉરિજીબલ્)*a.*[L.*in* & *corrigo,*I correct.]Bad beyond correction:કદી ન સુધરે તેવું;રંડેલ;હાથથી ગયેલું.

Incorrupt, (ઇન્કૉરપ્ટ્) *a.* Unimpaired; not marred or spoiled:ખરાબ થયેલુંબગડેલું નહિં તેવું.

Incorruptibility,(ઇન્કૉરપ્ટિબિલિટિ)*n.*Incap-

ability of corruption:અવિકારીપણું;અક્ષયતા.

Incorruptible, (ઈન્કૉરપ્ટિબલ્)*a.* Incapable of corruption or decay:અક્ષય;અવિનાશી.

Incorruptibleness Incorruption,(ઈન્કૉરપ્ટિબલ્નેસ્-ઇન્કૉરપ્શન્)*n.* Absence of corruption:અવિકાર;અનાશ;વિકારાભાવ;ભ્રષ્ટતા;સ્વચ્છતા.

Increase,(ઈન્ક્રીસ્)*vi.*[L.*in* & *cresco*,I grow.] To grow:ફગવું;વધવું. *vt.* To extend:ફેલાવવું *n.* Augmentation:વધારો;વૃદ્ધિ.

Incredibility,(ઇન્ક્રેડિબિલિટિ)*n.* The quality of being too extraordinary to admit of belief:અવિશ્વાસ્યતા;અણપતીજ;અવિશ્વાસ.

Incredible,(ઇન્ક્રેડિબલ્) *a.* Impossible to be believed:માનવા જોગ નહિં તેવું;બેઇતબારી.

Incredibly,(ઇન્ક્રેડિબ્લિ)*adv.*In a manner to preclude belief:વગર ઇતબારથી:પતિજ વિના.

Incredulity, (ઇન્ક્રેડ્યૂલિટિ)*n.* Disbelief:અણભરોસો;અવિશ્વાસ.

Incredulous,(ઇન્ક્રેડ્યૂલસ્)*a.* Not credulous; sceptical:મુશ્કેલીથી કોઈ વાતનેખરી માને એવું.

Increment, (ઇન્ક્રીમેન્ટ્) *n.* Increase: વધારો.

Incriminate,(ઇન્ક્રિમિનેટ્) *vt.* [L. *in* & *crimen*, a crime.] To accuse:તોહોમત મૂકવું.

Incrust,(ઈન્ક્રસ્ટ્)*vt.* To cover with a crust: થર-પડ ચઢાવવું;પુટ-કવચ ચઢાવવું દેવું.

Incrustation, (ઇન્ક્રસ્ટેશન્) *n.* The act of incrusting:થર ચઢાવવો તે;થર;પડ;પોપડો.

Incubate, (ઇન્ક્યૂબેટ્)*vi.* [L.*in* & *cubo*, I lie down.]To sit, as on eggs:સેવવાને બેસવું.

Incubation, (ઇન્ક્યૂબેશન) *n.* The hatching of young from eggs:ઇંડાપર સેવન કરવું તે.

Incubus,(ઇન્ક્યૂબસ્)*n* A demon:સેતાન.

Inculcate,(ઈન્કલ્કેટ્)*vt.*[L.*in*&*calco*,I tread upon]To impress by frequent admonitions: મનમાં ઉતારવું-ઠસાવવું;-નો બોધ કર્યા કo.

Inculcation, (ઈન્કલ્કેશન્)*n.* The action of impressing by repeated admonitions:વારે ઘડીએ આપેલા બોલ;વારંવારનો ઉપદેશ.

Inculpable,(ઇન્કલ્પેબલ્)*a.*Innocent:નિરપરાધી.

Inculpate,(ઈન્કલ્પેટ્)*vt.*[L.*in culpa*,a fault.] To blame; to censure:ઠપકો દેવો;દોષ મૂકવો.

Inculpatory, (ઈન્કલ્પેટૉરિ) *a.* Imputing blame:દોષ મૂકનારૂ;ગુન્હેગાર દોષિત ઠરાવતું.

Incubency,(ઈન્ક્યૂબેન્સિ) *n.* A lying or resting on something:ઉપર પડવું-રહેવું તે.

Incumbent, (ઇન્કમ્બેન્ટ્) *a.* Lying or resting upon: ઉપર પડેલું-રહેલું. *n.* The person who is in present possession of an office: ધર્મની વૃત્તિ ભોગવનાર;(કોઇ જગા) ઉપર હોનાર.

Incumber, (ઈન્કમ્બર્)*vt.* To burden with a load;to embarrass:ભારથી અડચણ કo;ગભરાવવું.

Incur,(ઇન્કર્) *vt.* [L. *in* & *curro*,I run.]To expose oneself:પાત્ર-યોગ્ય-લાયક થવું;વ્હોરી લેવું.

Incurable,(ઈન્ક્યૂરૅબલ્)*a.* Beyond the power of skill or medicine:જેની દવા થઇ શકે નહિં તેવું

Incurious,(ઇન્ક્યૂરિઅસ્)*a.* Without care for or interest in;careless:જીજ્ઞાસારહિત;ઇચ્છા વગરનું.

Incursion, (ઈન્કર્શન્) *n.* A predatory or harassing inroad:સ્વારી;હુમલો;ઢલો;આક્રમણ.

Incurvation, (ઈન્કર્વેશન્) *n.* The act of bending:વાળવું તે.2. Curvature:વાંકાપણું.

Incurve,(ઈન્કર્વ્) *t.* To bend:મરડવું;વાંકું કo.

Incurvity,(ઈન્કર્વિટિ)*n.*Crookedness:વાંક.

Indebted,(ઈન્ડેટેડ્)*a.*[L.*in* & *debeo* I owe.] Placed in debt:દેણદાર; દેવાદાર. 2. Obliged: આભારી;અહેસાનમંદ;ઉપકૃત

Indebtedness,(ઇન્ડેટેડ્નેસ્) *n.* The state of being indebted:કરજદારી;આભારીપણું.

Indecency,(ઇન્ડીસેન્સિ)*n.* Lack of modesty: અસભ્યતા;નિર્લજ્જતા;અવિનય; અયોગ્યતા.2.An indecent word,act or like:બિભત્સ-વચન ચિત્ર.

Indecent,(ઇન્ડીસેન્ટ્) *a.* Unbecoming:ફધાડું; બિભત્સ;ભુંડું;લજ્જાકારક;નાગુ;અવાચ્ય;અમર્યાદ.

Indecision, (ઈન્ડીસિઝ્હન્) *n.* Wavering of mind:સંદેહ;શક;અનિર્ણય;અનિશ્ચય;સંકલ્પવિકલ્પ.

Indecisive,(ઈન્ડીસાઇસિવ્) *a.* Not bringing to a final issue:નિકાલ-નિર્ણય થાય નહિં તેવું.

Indeclinable,(ઇન્ડીક્લાઇનૅબલ્)*a.*[L *in*,*de* & *clino*,I bend.]Not varied by terminations જેને જાતી, વચન અને વિભક્તિ ન લાગે તેવું;અવિકારી.

Indecorous.(ઇન્ડીકોરસ્)*a* Unbecoming:શોભે નહિં તેવું;અયોગ્ય;અનુકત;અનુચિત;અસભ્ય

Indecorum,(ઈન્ડીકૉરમ્) *n.* Impropriety of behaviour;indecorousness:અવિનય;અસભ્યતા.

Indeed,(ઈન્ડીડ્)*adv.* In reality:ખરેખર.

Indefatigable,(ઇન્ડીફૅટિગૅબલ્) *a.* Not tired: ન થાકી જાય એવું;પરિશ્રમી;મહેનતુ;આશ્રમી;અશ્રાંત.

Indefeasible,(ઈન્ડીફીઝિબલ્) *a.* Incapable of being made void:રદ ન કરી શકાય તેવું;અખંડનીય.

Indefensible,(ઇન્ડીફેન્સિબલ્)*a* Not capable of being defended:અરક્ષણીય;ગેરવાજબી.

Indefinable,(ઈન્ડીફાઇનૅબલ્) *a.* Incapable of being defined:અનિર્વાચ્ય;અલક્ષણીય.

Indefinite, (ઇન્ડેફિનિટ્) *a* Not precise or certain:અનિયમિત;અનિશ્ચિત;મોઘમ:

Indefinitely, (ઈન્ડેફિનિટ્લિ) *adv* Without any settled limitation:ઘણુંજ;બેહદ.

Indeliberate,(ઇન્ડેલિબરેટ્) *a.* Sudden; unpremeditated:પાકો વિચાર કર્યા વગર કીધેલું

Indelible, (ઈન્ડેલિબલ્) *a.* [L. *in* & *deleo*, I delete.] Not to be blotted out: જાય-ભુંસાઈ જાય નહિ એવું;વજ્રલેપ સરખું;અક્ષર

Indelicacy,(ઈન્ડેલિકૅસિ) *n.*Want of delicacy rudeness:નઠોરતા;નિર્લજ્જતા;બેમુલાજો;અસંકોચ.

Indelicate,(ઇન્ડેલિકેટ્)*a.* Indecent:અસભ્ય.
Indemnification,(ઇન્ડેમ્નિફિકેશન્)*n.* Reimbursement of loss:નુકશાન ભરી આપવું તે.
Indemnify, (ઈન્ડેમ્નિફાઇ) *vt.* To secure against loss or damage:નુકશાનથી બચાવવું.
Indemnity, (ઇન્ડેમ્નિટિ) *n.* Security; insurance; immunity from penalty: સજા ન થવાની હામી;જામિનગીરી;નુકશાની; નુકશાનનો અવેજ.
Indent,(ઇન્ડેન્ટ્)*vt.* [L. *in, dentis,* a tooth.] To indenture: લખીને માલ મંગાવવો *n.*A cut: ખાંચ.2.An official requisition for supplies: મંગાવેલા માલની ચાઠી; ભરતીયું. [કારણ.
Indentation, (ઈન્ડેન્ટેશન્) *n.* A notch:ખાંણુ;
Indenture, (ઈન્ડેન્ટ્યૂર્) *n.* The act of indenting: ખાંડ પાડવી તે. 2. A mutual agreement in writing between two or more parties:કરારનામું *vt.*To bind by indentures: લખત-કરારથી બાંધી લેવું.
Independence, (ઈન્ડીપેન્ડેન્સ્) *n* Absence of dependence:સ્વતંત્રતા;સ્વાધીનતા. 2 Sufficient means for comfortable livelihood: ઘરની સંપત્તિ;ઘરની સંપન્નતા.3 સ્વેચ્છાધીનતા.
Independency, (ઇન્ડીપેન્ડેન્સિ) *n.* Independence: સ્વતંત્રતા; આપઅખત્યારી; સ્વાધીનતા.
Independent, (ઈન્ડીપેન્ડેન્ટ્) *a.* Not relying on others;free:સ્વતંત્ર;સ્વાધીન. 2. Affording a comfortable livelihood: સારી રીતે ગુજરાન ચલાવતું; ખાધે પીધે સુખી 3. Separate from; exclusive:જુદું;છુટું;નિરાળું;મોકળું.
Independently,(ઈન્ડીપેન્ડેન્ટ્લિ) *adv* Without control: સ્વતંત્રપણે; આપ અખત્યારથી; મરજી મુજબ.
Indescribable,(ઈન્ડીસ્ક્રાઈબૅબલ્)*a.*[L. *in, de* and *scribo,* I write.] Incapable of being described:બ્યાન ન કરી શકાય તેવું;અવાચ્ય.
Indestructible,(ઇન્ડીસ્ટ્રક્ટિબલ્)*a.*Incapable of decomposition:નાશ ન થાય તેવું;અક્ષય;અવિનાશી
Indeterminable, (ઈન્ડીટર્મિનેબલ્) *a.* Impossible to be determined:ઠરાવ થઇ ન શકે તેવું
Indeterminate,(ઇન્ડીટર્મિનેટ્)*a.* Uncertain; not precise:મોઘમ;ચોક્કસ ન થયેલું.
Indeterminately,(ઇન્ડીટર્મિનેટ્લિ) *adv.*Indefinitely:નક્કી કર્યા વગર;મોઘમપણે.
Indetermination,(ઈન્ડીટર્મિનેશન્)*n.*An unsettled state of the mind:અનિશ્ચય;આનાકાની.
Indevotion, (ઇન્ડીવૉશન્)*n.* Impiety:દુરાચાર.
Indevout,(ઇન્ડીવાઉટ્)*a.*Undevout:દુરાચારી.
Index, (ઇન્ડેક્સ્) *n.* [L. *in* & *dico* I say.] That which shows or indicates:દેખાડનાર;દર્શક;સૂચક;પ્રદર્શક. 2. A table of references in a book:અનુક્રમણિકા;સાંકળિયું.3 The forefinger, or pointing finger:તર્જની આંગળી.4. Figure or letter which shows the power or root of a quantity;the exponent:ઘાતપ્રકાશક.
Indexterity, (ઈન્ડેક્સ્ટેરિટિ) *n.* Want of readiness in the use of the hands:હાથ ચલાવવાની-વાપરવાની ચાલાકી ન હોવી તે.
India, (ઈન્ડ્યૅ) *n.* A country in Southern Asia:હિંદુસ્થાન ભારતવર્ષ;ભરતખંડ;ભારત;આર્યાવર્ત.
Indiaman,(ઈન્ડિઍમૅન્)*n* A large ship employed in India trade:હિંદુસ્તાનનો વેપાર કરનાર વેપારીનું મોટું વહાણ.
Indian,(ઈન્ડિઍન્)*a* Pertaining to either of the Indies,East or West:પૂર્વ-પશ્ચિમ હિન્દુસ્તાનને લગતું; ભારતીય; ભારતદેશીય. *n.* A native of India:કોઇપણ હિન્દુસ્તાનનો રહેવાશી;આર્ય.2 One of the inhabitants of America: અમેરિકાનો રહેવાશી.
Indian-corn,(ઇન્ડિઍન્-કૉર્ન્)*n.* Maize:મકાઈ.
Indian fig tree, (ઇન્ડિઍન્ ફિગ્ટ્રી)*n.* The banyan:વડનું ઝાડ; વડ.
India-rubber,(ઇન્ડિઍ-રબર્)*n.*Caoutchouc,a substance of extraordinary elasticity:રબર.
Indicant,(ઇન્ડિકૅન્ટ્)*a* Serving to point out: સૂચક:દેખાડનારૂં *n.*That which points:જે સૂચવે તે.
Indicate, (ઇન્ડિકેટ્)*vt* [L *in* & *dico*,I say.] To point out:બતાવવું;જણાવવું;દેખાડવું.
Indication,(ઇન્ડિકેશન્)*n* The act of pointing out:સૂચન;બોધન.2 Mark:લક્ષણ.3.Any symptom of a disease being cured: કોઇપણ રોગની સારા થવાની નિશાની-ચિન્હ.
Indicative,(ઇન્ડિકેટિવ્)*a.*Pointing out;bringing to notice:દેખાડનાર;સૂચક;I.*mood*:નિશ્ચયાર્થ.
Indicator, (ઇન્ડિકેટર્)*n.*That which shows or points out:બતાવનાર;દેખાડનાર.
Indict,(ઇન્ડાઇટ્) *vt* [L.*in* & *dico*,I say.]To charge with a crime by the presentment of a grand jury: વડી જ્યુરીના ઠરાવપરથી તોહોમત મૂકવું-દોષારોપ કo.
Indictable,(ઈન્ડાઈટૅબલ્)*a.*Capable of being liable to be indicted:દોષારોપ-તોહોમતમૂoલાયક.
Indictive,(ઈન્ડાઇટિવ્)*a* Proclaimed:જાહેરકરેલું
Indictment,(ઇન્ડાઈટ્મેન્ટ્)*n.*The act of indicting:તોહોમત મૂકવું તે;તોહોમત.
Indifference, (ઈન્ડિફરેન્સ)*n.* Unconcernedness:બેપરવાઇ;બેદરકારી;નિરપેક્ષા;આળસ;અનાદર.
Indifferent, (ઈન્ડિફરેન્ટ્) *a.* Feeling no interest or care about:બેફીકરૂં;બેપરવા;બેતમા.
Indifferently,(ઈન્ડિફરેન્ટ્લિ) *adv.*Tolerably passable:બેતમાથી;બેપરવાથી;જેમ તેમ;જેવું તેવું.
Indigence, (ઇન્ડિજેન્સ્) *a.* Penury;poverty: ગરીબાઇ;કંગાલપણું;દલદર;કંગાલીયેત;નિર્ધનતા.
Indigenous,(ઈન્ડિજેનસ્)*a.*[L.*in* & *gigno*,I beget.]Born,as in a place or country: ગા-

મઠી;દેશી;મુલકી.

Indigent,(ઇન્ડિજેન્ટ્)*a* [L.*in* & *egeo* I need] needy;poor:ગરીબ;કંગાલ;દરિદ્રી; દીન;અધમ.

Indigestible,(ઈન્ડિજેસ્ટિબલ્)*a.* Not digestible:ન પચે એવું;જડ;અજીર્ણ કારક.

Indigestion, (ઇન્ડિજેસ્શન્) *n.* Want of due digestion;dyspepsia:અજીર્ણ;બદહજમી; અપચો.

Indigitate,(ઇન્ડિજીટેટ્)*vt.* To point to:આંગળીથી દેખાડવું;આંગળી કરવી.

Indignant,(ઇન્ડિગ્નૅન્ટ્) *a.* [L.*in* & *dignus*, worthy.]Affected with indignation: ક્રોધી.

Indignation, (ઇન્ડિગ્નેશન્) *n.* Anger mingled with contempt or disgust:ક્રોધ.

Indignity,(ઈન્ડિગ્નિટિ)*n.* Incivility or insult accompanied with injury:અપમાન;તિરસ્કાર.

Inaigo,(ઇન્ડિગો)*n.* A blue colouring matter: ગળી; ગુલી. [પડે એવું.

Indirect,(ઈન્ડિરેક્ટ)*a.* Notdirect:ફેરાવાળું;ફેરાવો

Indirection,(ઇન્ડિરેક્શન્)*n.* Dishonest practices;indirectness: આડો રસ્તો-ઉપાય અસરળતા.

Indirectly,(ઈન્ડિરેક્ટ્લિ)*adv.* Obliquely;unfairly:આડેરસ્તેથી;ગેરરસ્તે;પરોક્ષરીત્યે; અમાર્ગે.

Indiscernible,(ઇન્ડિસ્સર્નિબલ્)*a.*[L.*in*,*di* & *cerno*,I separate]Not discoverable:અદૃશ્ય.

Indiscreet,(ઇન્ડિસ્ક્રીટ્)*a* Inprudent:મુર્ખ.

Indiscreetly, (ઈન્ડિસ્ક્રીટ્લિ) *ad.* Without prudence;inconsiderately:ગફલતથી;અવિચારે.

Indiscretion, (ઇન્ડિસ્ક્રેશન્)*n.* Want of discretion;imprudence:અવિચાર; પ્રમાદ;અવિવેક.

Indiscriminate,(ઇન્ડિસ્ક્રિમિનેટ્)*a* Undistinguishing,confused:અવિચારી;નિર્વિશેષ;અવ્યવસ્થિત

Indicrimination,(ઈન્ડિક્રિમિનેશન્)*n.* Want of discrimination or distinction:અવિવેક.

Indispensable, (ઇન્ડિસ્પેન્સૅબલ્) *a.* Impossible to be remitted, omitted or spared: જે વગર ચાલે નહિ એવું.

Indispensably, (ઇન્ડિસ્પેન્સૅબ્લિ)*adv.* In an indispensable manner:નચાલે તેમ.

Indispose, (ઇન્ડિસ્પૉઝ્)*vt.* To make somewhat ill:અસ્વસ્થ ક૦;તબીયત નરમ ક૦.2.To disincline:નું મન ફેરવવું;ઉપરથી મન ઉઠી જવું.

Indisposed, (ઈન્ડિસ્પૉઝ્ડ) *a.* Sick; ill:માંદું. Unwilling:નાખુશ;નારાજ.

Indisposition, (ઇન્ડિસ્પૉઝિશન્)*a.* The condition of wanting affinity:સરખાપણું;મળતાપણું ન હોવું તે.2.Tendency to disease:માંદગી.

Indisputable,(ઈન્ડિસ્પ્યૂટૅબલ્)*a.* Incontrovertible:બીનતકરારી;નિર્વિવાદ;વાંધાવગરનું.

Indissoluble,(ઇન્ડિસ્સૉલ્યૂબલ્)*n.* Not capable of being dissolved:પીગળે ઓગળે નહિ તેવું. 2. That cannot be broken or rightfully violated:નક્કર;અભંગ.

Indissolvable,(ઇન્ડિસ્ઝૉલ્વૅબલ્)*a.* Incapable of separation:જુદું પાડી શકાય નહિ તેવું

Indistinct,(ઇન્ડિસ્ટિન્ગ્ક્ટ્)*a.* Not distinct:અભિન્ન;ઓળખાય નહિ તેવું.2.Obscure:અસ્પષ્ટ.

Indistinctly,(ઈન્ડિસ્ટિન્ગ્ટ્લિ)*adv.* Not definitely:ઝાંખુ;અસાર.

Indistinctness, (ઇન્ડિસ્ટિન્ગ્ક્ટ્નેસ્) *n.* Confusion;uncertainty:અસ્પષ્ટતા; અવ્યક્ત; અવ્યક્તિ.

Indite,(ઇન્ડાઇટ્)*vt* [L.*in* & *dico* I proclaim.] To dictate what is to be uttered or written:જે કહેવાનું હોય તે જણાવવું;બોલીને લખાવવું.

Inditement,(ઇન્ડાઇટ્મેન્ટ્)*n.* The act of inditing:રચવું-બનાવવું તે;મોઢેથી બોલીને લખાવવું તે.

Individual, (ઇન્ડિવિડ્યૂઅલ્) *a.* [L. *in* & *divido*,I divide.]Single;one:જેનો ભાગ ના થઇ શકે એવું; આખું; એક; વ્યક્તિગત. 2. Pertaining to only one:ફક્ત એકનેજ લગતું. *n.* A human being:મનુષ્યજાત;જણ;આદમી;વ્યક્તિ.

Individualism, (ઇન્ડિવિડ્યૂઍલિઝ્મ્) *n.* Individuality: એકત્વ;પ્રત્યેકતા.2. Self-interest: એકલપેટાપણું.

Individuality,(ઇન્ડિવિડ્યૂઍલિટિ)*n.* The state of oneness:એકત્વ;પૃથક્તા;વ્યક્તિતા.

Individually,(ઈન્ડિવિડ્યૂઍલિ)*adv.* To the exclusion of others:એક એક;પ્રત્યેક.

Indivisibility,(ઇન્ડિવિઝિબિલિટિ)*n.* The state or property of being indivisible: અવિભાજ્યત્વ;અવિભાજ્યતા.

Indivisible,(ઇનડિવિઝિબલ્)*a* Not divisible into parts:જેના ભાગ થાય નહિં એવું.

Indocile, (ઇન્ડૉસાઇલ્)*a.* Dull in intellect: unteachable:શિખે નહિં એવું;અશિક્ષણીય.

Indoctrinate,(ઇનડૉક્ટ્રિનેટ્)*vt* [L.*in* & *doctrina*.doctrine.]To furnish the doctrines or principles of:જ્ઞાનનાં મૂળતત્વ જણાવવાં.

Indoctrination, (ઈન્ડૉક્ટ્રિનેશન્) *n.* Instruction in the rudiments and principles of any science:ઉપદેશ;બોધ.

Indolence, (ઈન્ડૉલેન્સ) *n.* Habitual idleness:આળસ;સુસ્તી;નિરૂદ્યમ;અનુત્સાહ;મંદતા.

Indolent,(ઈન્ડૉલેન્ટ્)*a* [L.*in* & *doleo*,I feel pain.]Lazy;inactive:આળસુ;સુસ્ત;એદી;જડ.

Indolently,(ઇન્ડૉલ્ટ્લિ)*adv.* Lazily:સુસ્તીથી.

Indomitable,(ઇન્ડૉમિટૅબલ્)*a.*[L.*in* & *domo*, I tame.]Untamable:વશ ન થાય તેવું; અજીત.

Indorse-Endorse,(ઇન્ડૉર્સ-એન્ડૉર્સ) *vt.* [L. *in* & *dorsum*, the back.] To put on the back of:પીઠ ઉપર મૂકવું.2.To write upon the back:હુંડી વગેરેની પાછળ સહી કરીને સીકારવું.

Indorsee,(ઇન્ડૉર્સી)*n.* The person to whom a note or bill is indorsed:જેના ઉપર હુંડી લખી હોય તે માણસ.

Indorsement,(ઇન્ડૉર્સ્‌મેન્ટ્) *n.* The act of writing on the back of:ની પીઠ ઉપર લખવું તે.

Indorser, (ઇન્ડૉર્સર્)*n.* The person who indorses:હુંડી વગેરેની પાછળ સહી કરનાર.

Indubitable,(ઇનડ્યૂબિટેબલ્)*a.* [L.*in* & *dubito*,I doubt] A thing not admitting of doubt:ખચિત;નક્કી;નિ:સંદેહ;નિ:સંશય.

Indubitably,(ઇનડ્યૂબિટેબ્લિ)*adv.*Undoubtedly;unquestionably:ખરેખર;બેશક;નિર્ભ્રાન્ત.

Induce, (ઇન્ડ્યૂસ્)*vt.* [L.*in* & *duco*,I lead.] To prevail on;to entice:લલચાવવું,ઉશ્કેરવું.

Inducement, (ઇન્ડ્યૂસ્‌મેન્ટ્) *n.* That which induces:લાલચ;ઉત્તેજન;મતલબ;પ્રયોજન.

Inducible,(ઇનડ્યૂસિબલ્)a.Capable of being induced:લલચાવા જેવું;લલચાય એવું;લાલચું.

Induct,(ઇન્ડક્ટ્)*vt* To bring in:દાખલ કરવું. 2 To introduce,as to a benefice or office:વિધિપૂર્વક સ્થાપવું;અધિકાર ઉપર બેસારવું.

Inductile,(ઇન્ડક્ટાઇલ્)*a.* Not ductile;incapable of being drawn into threads: તાર ન ખેંચાય તેવું.

Inductility, (ઇન્ડક્ટિલિટિ)*n.*The quality of being unductile:તાર ન ખેંચાય એવો ગુણ.

Induction, (ઇન્ડક્શન્)*n.* Commencement: શરૂઆત;પ્રારંભ 2. A conclusion drawn from a process of induction: અનુમાન;સિદ્ધાંત.

Inductive,(ઇન્ડક્ટિવ્)*a.*Persuasive:સમજાવતું; લલચાવતું.2.Leading to inferences:અનુમાનિક.

Indue,(ઇન્ડ્યૂ)*vt.*To put on:પહેરવું. 2. To invest;to endow:આપવું;દેવું.

Indulge,(ઇન્ડલ્જ્)*vt.*[L.*in* & *dulcis*,sweet.] (*a*) To give way to; not to oppose or restrain:અટકાવવું નહિ;પૂરું પાડવું;મના ન કરવી. (*b*) To give oneself up to:રજા-છૂટ આપવી;મહેરબાની દાખલ આપવું.2.To gratify:લાડલડાવવાં.*vt.*To gratify one's desires:ઇચ્છા-મન કામના તૃપ્ત ક૦.

Indulgence, (ઇનડલ્જેન્સ્)*n.* The act of indulging:આસક્તિ;લાડકોડ;લાડ.2 Favour;grant: મહેરબાની.

Indulgent,(ઇન્ડલ્જેન્ટ્)*a.* Compliant;humorous:લાડ લડાવનાર;કોડ પૂરા પાડનાર;માયાળુ.

Indulgently, (ઇન્ડલ્જેન્ટ્‌લિ) *adv* Mildly; favorably;not severely:કૃપાદૃષ્ટિથી;ક્ષમા પૂર્વક

Indurate,(ઇન્ડ્યૂરેટ્)*vi.*[L.*in* & *durus*,hard.] To grow hard:કઠણ થવું *vt.*To make hard:કઠણ કરવું;મન કઠણ ક૦;નિર્દય ક૦.

Induration, (ઇન્ડ્યૂરેશન્) *n.* The act of hardening:કઠણ કરવું તે;કઠોરતા;નિર્દયતા [અટક.

Indus,(ઇન્ડસ્)*n.* The river Sindhu:સિંધુ નદી;

Industrious (ઇન્ડસ્ટ્રિઅસ્)*a.*[L.*in* & *struo*,I heap up.] Diligent in business or study: ઉદ્યોગી;મહેનતુ;પરિશ્રમી.

Industriously, (ઇન્ડસ્ટ્રિઅસ્લિ)*adv.* With habitual diligence:હમેશના અભ્યાસ-મહેનતથી.

Industry,(ઇન્ડસ્ટ્રિ)*n.*Diligence:ઉદ્યોગ; ધંધો.

Inebriate, (ઇનઇબ્રિએટ્) *vt.* [L.*in* & *ebrio*,I make drunk.]To make drunk:નિશો ચઢાવવો. *vi.*To become intoxicated:છાકટા બની જવું.*a.* Drunk:પીધેલ.*n.*One who is drunk:મદ્યપાની માણસ

Inebriation-Inebriety,(ઇનઇબ્રિએશન-ઇનઇબ્રાઇટિ)*n.*Drunkenness:કેફ;ઉન્માદ;છાકટાપણું;અમલ.

Ineffable, (ઇનએફેબલ્)*a.* [L. *in* & *effor*, I speak.]Unspeakable; unutterable:કહેવાય-વર્ણવાય નહિં એવું;અવર્ણનીય;અનિર્વચનીય;અકથનીય.

Ineffableness,(ઇનએફેબલ્‌નેસ્)*n.* Unspeakableness:બોલાય-બયાનથઇ શકે તે;અકથનીયતા.

Ineffaceable,(ઇનએફેસેબલ્)*a* Incapable of being effaced:ભુસાય નહિં તેવું.

Ineffective-Ineffectual,Inefficacious, (ઇનએફેક્ટિવ્-ઇનએફેક્ટ્યૂઅલ્,ઇનએફિકેશસ્)*a.* Inefficient:નિરૂપયોગી;વ્યર્થ;નિરર્થક; અકારક.

Inefficacy-Inefficiency,(ઇનએફિકેસિ-ઇનએફિશેન્સિ)*n.*Inefficiency:નિરૂપયોગ;નિષ્ફળતા

Inefficient,(ઇનએફિશેન્ટ્)*a.*Not producing the effect:વ્યર્થ;નિરૂપયોગી;અયોગ્ય;નિષ્ફળી

Inelegance,(ઇનએલીગૅન્સ્)*n.*Want of beauty, polish, or ornament:અસુંદરતા;બેડોળપણું.

Inelegant,(ઇનએલીગૅન્ટ્)*a.*Deficient in beauty,polish,ornament,&c.:અશોભિત;બેડોળ.

Inelegantly, (ઇનએલીગૅન્ટ્‌લિ) *adv.* Coarsely; roughly:બેડોળપણાથી.

Ineligibility, (ઇનએલિજીબિલિટિ) *n.* State or quality of not being worthy of choice: અયોગ્યતા;નાલાયકી.

Ineligible, (ઇનએલિજીબલ્)*a.* Not worthy to be chosen;not expedient: પસંદ નહિં પડે એવું.

Inept, (ઇનેપ્ટ્)*a.* [L.*in* & *aptus*, apt]Unfit; unsuitable:અયોગ્ય;નાલાયક. 2. Foolish:મૂર્ખ.

Inequality,(ઇનઇક્વૉલિટિ)*n.* Lack of uniformity:ભિન્નતા;વિષમતા 2.Unevenness:ખરબચડાપણું.3.Inadequacy:અસમતા;અપૂર્ણતા;અયોગ્યતા.

Inequitable,(ઇનએકિવટેબલ્)*a.*Not equitable; unjust:અન્યાયી; ગેરવાજબી; અયથાર્થ.

Inert,(ઇનર્ટ્)*a.*[L.*in* & *ars*,art.]Destitute of motion:ગતિરહિત; જડ; અચેતન. 2. Sluggish; dull:સુસ્ત; જડ; મંદ બુદ્ધિનું.

Inertia (ઇનર્શિઍ)*n.*Inertness; indisposition to move:અચેષ્ટા;અચેતનતા; જડતા 2. Want of activity;sluggishness:અચેતનતા;જડપણું.

Inertion,(ઇનર્શન્)*n.*Want of activity;inertness:ઉદ્યોગનો અભાવ; અવ્યાપાર;અચેષ્ટા; અપ્રવૃત્તિ.

Inertly,(ઇનર્ટ્‌લિ)*adv.* Sluggishly: આળસથી.

Inertness,(ઇનર્ટ્‌નેસ્)*n* Want of activity:આ-

જાસ;સુસ્તી;મંદતા;જડતા;અચેતનતા.
Inesculent,(ઇન્એસ્કયૂલેન્ટ્)*a.*Unfit to be eaten:ન ખવાય એવું;અખાદ્ય;અભક્ષણીય;અભક્ષ્ય.
Inestimable,(ઇન્એસ્ટિમેબલ્)*a.*Incapable of being estimated: ગણાય નહિ એટલું; અસંખ્ય.
Inevitable,(ઇન્એવિટેબલ્)*a.*[L *in e*,and *vito*, I avoid.]Unavoidable:ટળાય દૂર-કરાય નહિં તેવું; આવશ્યક;અનિવાર્ય.
Inexact,(ઇન્એગ્ઝેક્ટ્)*a* Not precisely correct or true:બરાબર નહિં તેવું;ભૂલ ભરેલું;બીનચોકસ.
Inexactness, (ઇન્એગ્ઝેક્ટ્નેસ્) *n.* Incorrectness;want of precision:ના દુરસ્તી;બીનચોકસી.
Inexcusable,(ઇન્એકસકયૂઝબલ્)*a* Not admitting excuse or justification:માફ ન કરવા લાયક.
Inexertion,(ઇન્એગ્ઝર્શન્)*n.* Want of effort; defect of action:મેહેનત ન કરવી તે; અપરિશ્રમ.
Inexecution, (ઇન્એગ્ઝિકયૂશન્)*n.* Neglect of execution: ન કરવું તે; અમલમાં ન લાવવું તે.
Inexhausted, (ઇન્એગ્ઝહોસ્ટેડ્) *a.* Not emptied;not spent:ખાલી નહિં થયેલું; નહિં થાકેલું.
Inexhaustible, (ઇન્એગ્ઝહોસ્ટિબલ્) *a.* [L. *in ex* & *haurio*,I draw.]Not to be wasted or spent: ખૂટે નહિં તેવું; બેસુમાર; અપાર;અખૂટ.
Inexistence, (ઇન્એગ્ઝિસ્ટેન્સ્) *n* Want of being in existence: હયાતીમાં ન હોવું તે.
Inexistent,(ઇન્એગ્ઝિસ્ટેન્ટ્)*a.*Not having being:હયાતીમાં ન હોય તેવું;અસત્; અવિદ્યમાન.
Inexorable, (ઇન્એકસૉરેબલ્) *a.*[L.*in* & *exoro* I entreat.]Unyielding:કઠણ;વજ્ર હૈયાનું.
Inexorably,(ઇન્એકસૉરેબ્લિ)*adv* So as to be immovable by entreaty: નિર્દયતાથી.
Inexpedience cy, (ઇન્એકસ્પીડિએન્સ-ન્સિ)*n.* Want of fitness;impropriety:અયોગ્યતા.
Inexpedient, (ઇન્એકસ્પીડિએન્ટ્)*a.*Unfit;improper:અયોગ્ય;અનુચિત; અકાર્ય; નાલાયક.
Inexperience,(ઇન્એકસ્પીરિએન્સ્)*n* [L.*in* & *experior*, I try.] Absence of experimental knowledge:અજાણપણું;બીનવાકેફગારી;ગેરમાહિતી.
Inexperienced,(ઇન્એકસ્પીરિએન્સ્ડ્) *a.* Not having experience:અજાણ;બીનઅનુભવી.
Inexpert,(ઇન્એકસ્પર્ટ્)*a* Not skilled;destitute of knowledge:અનાડી,અકુશળ;અણુકસબી;અચતુર.
Inexpiable, (ઇન્એકસ્પિએબલ્) *a.* Admitting of no atonement or satisfaction: જેનું પ્રાયશ્ચિત નથી એવું.2 Implacable:ગુંચવણ ભરેલું.
Inexplicable,(ઇન્એકસ્પ્લિકેબલ્) *a.* Not explainable:સમજાય નહિં એવું;ગૂઢ;ગહન;દુર્બોધ.
Inexpressible,(ઇન્એકસ્પ્રેસિબલ્)*a.* Unspeakable:જેનું બ્યાન ન કરાય એવું;અનિર્વાચ્ય;અકથનિય.
Inexpressive, (ઇન્એકસ્પ્રેસિવ્) *a.* Incexpressible:અદર્શનીય;અનિર્વાચ્ય; અકથનીય.
Inextinguishable,(ઇન્એક્સ્ટિન્ગ્વિશૅબલ્) *a.* Not capable of being extinguished:હોલવાય-સમીજાય નહિં એવું;અશમનીય.
Inextricable, (ઇન્એકસ્ટ્રિકબલ્) *a.* Not capaable of being untied:ગુંચવણમાંથી કઢાય નહિં એવું.
Ineye,(ઇન્આઇ)*vt.* To inoculate as a tree or plant by the insertion of a bud:કલમ કરવી.
Infallibility,(ઇન્ફાલિબિલિટિ)*n.*The quality of being exempt from error:અચૂકપણું; અભ્રાંતિ.
Infallible,(ઇન્ફાલિબલ્)*a* Unerring:ભૂલ વગરનું, અવ્યર્થ;નિશ્ચિત.2.Certain:નિશ્ચિત;નક્કી.
Infallibly,(ઇન્ફાલિબ્લિ)*adv.*Certainly:નક્કી.
Infamous,(ઇન્ફમસ્)*a.*[L.*in* & *fama*,fame.] Of ill report:બદનામીવાળું;ફજેત થયેલું;બે આબરૂનું
Infamy,(ઇન્ફમિ) *n.* Disgrace: અપકીર્તિ;અપજસ;અપ્રતિષ્ઠા;બદનામ;નામોશી; બે આબરૂ.
Infancy, (ઇન્ફન્સિ) *n.* The first part of life: બાલ્યાવસ્થા; બાળપણ; બચપણ. 2. The first age. of anything:આરંભ;શરૂઆત.પૂર્વાવસ્થા.
Infant,(ઇન્ફન્ટ્) *n.* [L. *in* & *fari*,to speak.] A child;a young baby:બાળક;છોકરૂં.
Infanticide,(ઇન્ફન્ટિસાઇડ્)*n.*[L.*in fari*,and *coedo*, I kill.] Murder of a newly born child:બાળહત્યા.2 ખૂની; હત્યારો.
Infantile,(ઇન્ફન્ટાઇલ્) *a.* Pertaining to the first period of life:બાળદશાનું;બચગીનું;બચપણનું.
Infantine,(ઇન્ફન્ટાઇન્)*a.* Pertaining to infants or young children:બાળક સરખું;બાળકનું.
Infantry,(ઇન્ફન્ટ્રિ)*n.*[L. *in* & *fante*,a foot soldier] Foot-soldiers: પાયદળ; પગે ચાલનારૂં લશ્કર.
Infatuate.(ઇન્ફટ્યૂએટ્)*vt.* [L. *in* & *fatuus* foolish.] To make foolish: બુદ્ધિહીન કરવું.
Infatuation,(ઇન્ફટ્યૂએશન્) *n.* The act of affecting with folly:ઘેલા ગાડાપણું;મૂર્ખાઇ.[અશક્ય.
Infeasible, (ઇન્ફીસિબલ્) *a.* Impracticable:
Infect,(ઇન્ફેક્ટ્)*vt.*[L *in* & *facio,* I make.] To taint with disease:ચેપ લગાડવો;બગાડવું.
Infection, (ઇન્ફેકશન્) *n.* The act of infecting:ચેપ લગાડવો તે.2. That which infects or causes the disease:ચેપ;રૂડતો રોગ; સંગ દોષ.
Infectious (ઇન્ફેકશસ્)*n.* Pestilential: ચેપી.
Infecund.(ઇન્ફીકન્ડ્)*a.*Not producing young barren:વાંઝીયું;અફળવાન.
Infecundity,(ઇન્ફીકન્ડિટિ)*n* Unfruitfulness; barrenness:વાંઝીઆપણું;અફળતા;વંધ્યત્વ.
Infelicitous,(ઇન્ફીલિસિટસ્)*a.*Unhappy:દુઃખી.
Infelicity,(ઇન્ફીલિસિટિ)*n.* Unhappiness: કમનશીબ;દુઃખ.2.Unfortunate state:દુઃખીહાલત.
Infer (ઇન્ફર્) *vt.* [L *in* & *fero*, I bring] To prove:અનુમાન કરવું; અટકળ બાંધવી.
Inferable (ઇન્ફરેબલ્)*a.*Capable of being inferred: અટકળ-અનુમાન કરવા જોગ; અનુમેય.

Inference,(ઇન્ફરેન્સ્)*n*.The act of inferring: અનુમાન; તર્ક.

Inferential, (ઇન્ફરેન્શલ્) *a*. Deduced or deducible by inference:અટકળેનક્કીકરેલું.

Inferior,(ઇન્ફીરિઅર્)*a* [L. *Infra*, beneath.] Lower in place, rank:નિચેનું; ઉતરતાદરજ્જાનું. *n*. A person lower in rank than another: બીજા કરતાં નિચાપદવીવાળો માણસ.

Inferiority,(ઈન્ફીરિઑરિટિ) *n*. A lower state or condition:ઉતરતોદરજ્જો; નીચપણું; ગૌણત્વ.

Infernal,(ઇન્ફર્નલ્)*a*. Hellish: નર્કવાસી;અતિદુષ્ટ.*n*.An inhabitant of hell:નર્કનોરહેવાશી.

Infertile,(ઇન્ફર્ટાઈલ)*a*.Unfruitful:અફળદ્રુપ.

Infertility,(ઇન્ફર્ટિલિટિ) *n*. Unproductiveness;barrenness:અફળદ્રુપતા.

Infest,(ઈન્ફેસ્ટ્)*vt*.[L *in* & *fendo*,I offend.]To disturb;to harass:ઘણાથઇનેઇજા-તસ્દીઆપવી.

Infestivity,(ઇન્ફેસ્ટિવિટિ)*n*. Want of cheerfulness,mirth:ગમગીની;નાખુશી;દુઃખીપણું.

Infidel,(ઇન્ફિડેલ્)*a*. [L.*in* & *fides* faith.]Unbelieving:શાસ્ત્રનિંદક;નાસ્તિક. *n*. A heathen: મૂર્તિપૂજક;અસદ્ધર્મી.

Infidelity,(ઇન્ફિડેલિટિ) *n*. Want of faith or belief:બેઇમાની;અવિશ્વાસ 2.જારકર્મ;છિનાળું.

Infiltrate,(ઇન્ફિલ્ટ્રેટ્)*vt* To enter by penetrating the pores of a substance:છણવું;ગાળવું.

Infiltration, (ઇન્ફિલ્ટ્રેશન્) *n*. The process of filtering:પદાર્થનોપ્રવેશ;ઝરણ.

Infinite, (ઇન્ફિનિટ્)*a*.Unlimited in time or space:વખત-જગ્યામાંબેહદ·અપાર;ઘણુંજમ્હોટું; અનંત; બે સુમાર. *n*. Infinity:બેહદ અપારપણું.

Infinitely,(ઇન્ફિનિટ્લિ)*adv*.Without bounds or limits:અપાર;બેસુમારપણે

Infiniteness,(ઇન્ફિનિટ્નેસ્)*n* Infinity:અનંતતા.

Infinitesimal (ઇન્ફિનિટેસિમૅલ્)*a*. Infinitely small:ઘણુંજ ન્હાનું; અતિસૂક્ષ્મ.

Infinitive, (ઇન્ફિનિટિવ્) *a*. Unlimited; not bounded:બેહદ;અપાર I *mood*:સામાન્યરૂપ.

Infinitude,(ઇન્ફિનિટ્યૂડ્)*n*. Infiniteness:અપારપણું. 2. Immensity:ઘણુંજ મ્હોટું હોવું તે.

Infinity,(ઇન્ફિનિટિ)*n*. Boundlessness: અપારબેહદપણું;અનંતતા.

Infirm,(ઇન્ફર્મ્)*a*.Weak:અશક્ત; દુર્બળ.

Infirmary,(ઇન્ફર્મરિ) *n*. A hospital where the infirm are lodged and nursed:રોગીશાળા

Infirmity,(ઇન્ફર્મિટિ) *n*. The state of being infirm; a disease: અશક્ત થવું તે; રોગ.

Infirmly,(ઇન્ફર્મ્લિ) *adv*. In an infirm manner:નબળાઇથી.

Infix, (ઇન્ફિક્સ્) *vt*. To fix by piercing or thrusting in:ખોસવું;ઘાલવું;રોપવું.2.To set in: જડવું; બેસાડવું.

Inflame,(ઇન્ફ્લેમ્)*vt* [L.*in* & *flamma*.flame.] To kindle:સળગાવવું;ચેતવવું.2.To raise to an unnatural heat: (આંખો) લાલ કરવી.

Inflammability,(ઇન્ફ્લૅમૅબિલિટિ) *n*. Susceptibility of readily taking fire:સળગેએવોગુણ.

Inflammable,(ઇન્ફ્લૅમૅબલ્)*a*.Capable of being set on fire:સહેજ સળગી ઉઠે એવું.

Inflammation, (ઇન્ફ્લૅમેશન્) *n*. The act of setting on fire:સળગાવવું તે. 2. The state of being on fire:દેવતા ઉપર હોવું તે.

Inflammatory (ઇન્ફ્લૅમૅટોરિ) *a*. Tending to excite heat:દાહક; આગ ઉઠાડે એવું.

Inflate (ઇન્ફ્લેટ્ *vt* [L. *in* & *flo*, I flow.] To blow into:પવનથી ફુલાવવું. 2. To swell: ગર્વથી ફુલાઇ જવું; ચઢાવવું.

Inflation,(ઇન્ફ્લેશન્)*n*.The act of inflating: ફુંકીને ફુલાવવું તે.2.Conceit:પતરાજ; ફુલાઇ;ફુલ.

Inflect,(ઇન્ફ્લેક્ટ્)*vt*. [L.*in* & *flecto*,I bend.] To bend: વાળવું. 2. To vary a noun in its terminations:વિભક્તિ લગાડવી.

Inflection,(ઇન્ફ્લેકશન્)*n*.The act of inflecting:વાળવું તે. 2. A bend; a fold: વળ. 3.The variation of nouns &c ,and verbs by conjugation:રૂપ;વિભક્તિ.

Inflective,(ઈન્ફ્લેક્ટિવ્)*a*. Capable of inflection:વળાય એવું;વાળવા જોગ.

Inflexibility, (ઈન્ફ્લેક્સિબિલિટિ) *n*. Unyielding stiffness: ન મરડાય એવી સ્થિતિ; હઠ; જીદ.

Inflexible, (ઇન્ફ્લેક્સિબલ્) *a*. Incapable of being bent; firm:મરડાય·વળાય નહિં એવું.

Inflexibly,(ઇન્ફ્લેક્સિબ્લિ)*adv*. Firmly; inexorably:દ્રઢપણે;આગ્રહથી.

Inflict,(ઈન્ફ્લિક્ટ્)*vt*.[L *in* & *fligo*,I strike.] To impose:ભોગવવી(સજા)દેવું;કરવું.

Infliction,(ઇન્ફ્લિકશન્)*n*. The act of inflicting:દેવું તે;ભોગવવું તે;કરવું તે.2. Punishment: શિક્ષા,નસીયત;દુઃખ.

Inflictive,(ઈન્ફ્લિક્ટિવ્)*a*.Tending or able to inflict:આપનું;દેવું;શિક્ષા-દંડ કરનાર.

Inflorescence,(ઇન્ફ્લૉરેસેન્સ્) *n*. The unfolding of blossoms:ફુલ ખીલવાં આવવાં તે.

Influence,(ઈન્ફ્લ્યૂએન્સ્) *n*. [L. *in* & *fluo*,I flow.] Ability to move or effect:થતી અસર; સત્તા 2. Power arising from character,station wealth and the like:વગ; વજન; વસીલો *vt*. To move: અસર કરવી.

Influential,(ઇન્ફ્લ્યૂએન્શલ્)*a* Exerting influence: વજનદાર; ભારઓજવાળું; વકરવાળું.

Influentially, (ઇન્ફ્લ્યૂએન્શલિ)*adv*. In an influential manner:રગવશીલાથી.

Influenza,(ઇન્ફ્લ્યૂએન્ઝ઼ા) *n*.A violent form of catarrh:સળેખમ;રસપૂણી;રસ.

Influx, (ઇન્ફ્લક્સ્)*n.* The act of flowing in: અંદર વેહેવું તે;અંતઃપ્રવાહ.

Influxion,(ઇન્ફ્લક્શન્)*n.* Infusion; intromission:ક્વાથ;કાવો;ઉકાળો.

Infold,(ઇન્ફોલ્ડ્)*vt.* To wrap up:વિંટાળવું.

Inform,(ઇન્ફૉર્મ્)*vt.*[L *in* & *forma*,shape.] To make known;to advise:ખબર આપવી;જણાવવું;કહેવું;સૂચવવું.માહિત ક૦.

Informal,(ઇન્ફૉર્મલ્)*a.* Not in the regular form;without ceremony:વિધિ-નિયમ વિરૂદ્ધ

Informality,(ઈન્ફૉર્મેલિટિ)*n.* Want of regular or customary form:વિધિ-નિયમ રીતિ વિરોધ.

Informally, (ઈન્ફૉર્મલિ) *adv.* Without the usual forms:નિયમથી વિરૂદ્ધ રીતે.

Infermant, (ઇન્ફૉર્મન્ટ્)*n.* One who informs: ખબર આપનાર; જણાવનાર.

Information, (ઇન્ફૉર્મેશન્)*n.* The act of informing:ખબર;વર્તમાન;બાતમી.2 Intelligence notion:પ્રાપ્ત થયેલું જ્ઞાન;માહિતી.

Informer,(ઇન્ફૉર્મર્)*n.* One who informs or gives intelligence:ખબર આપનાર-કહેનાર.

Infraction,(ઈન્ફ્રેક્શન્)*n.* [L *in* & *frango*,I break.] Breach;violation:ભાગવું તે;ઉલંઘન;ભંગ.

Infrangible,(ઇન્ફ્રેન્જબલ્) *a.* Not capable of being broken into parts:અભંગ;અભગાય નહિ એવું

Infrequency, (ઈન્ફ્રીક્વેન્સિ) *n.* Uncommonness; rareness:વિરલાપણું;નવાઇ.

Infrequent,(ઇન્ફ્રીક્વેન્ટ્)*a.* Rare:નવાઈ રૂપ.

Infringe,(ઇન્ફ્રિન્જ્) *vt.* [L. *in* & *framgo*, I break.] To break:વચન તોડવું.

Infringement,(ઇન્ફ્રિન્જ્મેન્ટ્)*n.* Breach:ભંગ.

Infuriate,(ઇન્ફ્યૂરિએટ્) *vt.* [L. *in* & *furo*, I rave.] To render furious or mad: ચીઢવવું; ક્રોધ ચઢાવવો. *a.* ક્રોધાંધ;માતેલું;મસ્ત.

Infuse,(ઈન્ફ્યૂઝ્)*vt.* [L. *in* & *fundo*, I pour.] To pour in:રેડવું. 2. To inspire with: મનમાં ઉતારવું.3.To make an infusion:કાવો-ક્વાથ કરવો

Infusible,(ઈન્ફ્યૂઝિબલ્) *a.* Capable of being infused:રેડવા-મનમાં ઠસાવવા લાયક.

Infusion,(ઈન્ફ્યૂઝ્હન્)*n.* The act of infusing or pouring in:રેડવું તે;મનમાં ઠસાવવું ઉતારવું તે. 2 કાવો;ક્વાથ;ઉકાળો;કાઢો.

Infusoria,(ઇન્ફ્યૂસૉરિઆ)*n* Animals found in water and other liquids:પાણીમાં ઝીણાં જીવડાં.

Ingathering,(ઇન્ગૅધરિન્ગ્)*n.* The act of collecting the fruits of the earth;harvest:કાપણી

Ingenerate,(ઈન્જેનેરેટ્)*a.* Inborn:સ્વભાવિક.*vt* To generate or produce within:અંદર પેદા ક૦.

Ingenious,(ઈન્જીનિઅસ્) *a.* [L. *in* & *gigno*,I beget.] Skilful: શોધી કાઢવાને ચતુર; દક્ષ. 2. Pertaining to genius:કરામત-યુક્તિ ભરેલું. 3. Witty:રસિક.4.Intellectual:બુદ્ધિવાળો.

Ingeniously, (ઇન્જીનિઅસ્લિ)*adv.* With ingenuity;with skill:યુક્તિ-ચતુરાઇથી.

Ingenuity, (ઇન્જેન્યૂઇટિ) *n.* Ingeniousess; skill:શોધકબુદ્ધિ;ચતુરાઇ;યુક્તિ;કરામત.

Ingenuous (ઈન્જેન્યૂઅસ્) *a.* Freeborn; of honourable extraction:કુલીન;ખાનદાન.

Ingenuously, (ઇન્જેન્યૂઅસ્લિ) *adv.* Openly: fairly;candidly:નિખાલસપણાથી.

Ingenuousness,(ઇન્જેન્યૂઅસ્નેસ્)*n.* Openness of heart;frankness:નિખાલસપણું;ભોળાપણું.

Inglorious,(ઇન્ગ્લૉરિઅસ્)*a.* Not glorious:અપકીર્તિનું.2.Shameful:શરમભરેલું. [પાટલો.

Ingot,(ઈન્ગોટ્)*n.* સોનું-રૂપું વિગેરે ધાતુની લગડી-ઈંટ

Ingraft,(ઇન્ગ્રૅફ્ટ્)*vt.* To insert,as a scion of one tree into another for prolongation: ઝાડની ડાળી કાપ મેળવી દેવી;કલમ કરવી.

Ingrain,(ઇન્ગ્રેન્)*vt.* To dye with grain:કસુંબાથી રંગવું. 2. To dye before manufacture: વણ્યા વિનાના માલને રંગવો.

Ingrate,(ઇન્ગ્રેટ્) *a* Not having feelings of kindness;ungrateful:ગુણહરામ;કૃતઘ્ન;ગુણચોર *n* An ungrateful person:ગુણહરામી માણસ.

Ingratiate,(ઇન્ગ્રેશિએટ્)*vt.*[L *in* & *iagar*, favor.]To bring into favor; to insinuate: કૃપા-મેહેરબાની સંપાદન કરવી;વહાલા થવું.

Ingratitude,(ઇન્ગ્રૅટિટ્યુડ્)*n.* Insensibility to favors;unthankfulness:કૃતઘ્નતા;નિમકહરામી.

Ingredient,(ઈન્ગ્રીડિએન્ટ્)*n.*[L.*in*&*gradior*, I enter.]That which enters a compound; an element:અંશ;ભાગ;અવયવભૂત વસ્તુ.

Ingress,(ઇન્ગ્રેસ્)*n.*[L *in*&*gradior*,I enter.] Entrance:અંદર જવું તે;પ્રવેશ;પેસારો.

Ingression,(ઈન્ગ્રેશન્)*n.* The act of entering entrance:અંદર જવું તે;પ્રવેશ.

Ingulf,(ઇન્ગલ્ફ્)*vt.* To swallow up in a vast, deep gulf or whirlpool:ગરક કરવું;ડુબાડી દેવું.

Ingurgitate (ઈન્ગર્જીટેટ્)*vt* [L.*in* & *gurges*, gulf.] To swallow in great quantity:એકદમ બહુ જ પીવું 2 To ingulf:ગરક ક૦;ડુબાડી દેવું.

Inhabit,(ઇન્હૅબિટ્)*vi.*[L *in*&*habeo*,I have.] To live or dwell in;to occupy:-માં રેહેવું-વસવું.

Inhabitable, (ઇન્હૅબિટેબલ્) *a.* Capable of being inhabited;habitable:રહેવા-વસવા જોગ.

Inhabitancy,(ઇન્હૅબિટન્સિ)*n.* The condition of an inhabitant;residence:કાયદેસર વાસ-રહેઠાણ.

Inhabitant,(ઈન્હૅબિટન્ટ્)*n* One who dwells or resides permanently:રેહેઠાણ કરનાર.

Inhabitation,(ઇન્હૅબિટેશન્)*n.* Abode;place of dwelling:રહેવાની જગા;મુકામ.

Inhale,(ઇન્હેલ્)*vt.*[L *in* & *halo*,I breathe.]To draw into the lungs;to inspire:શ્વાસ-દમ લેવો.

Inhaler,(ઈન્હેલર્)*n.* One who inhales:જે શ્વા-

સ લે છે તે.

Inharmonious,(ઇન્હાર્મોનિઅસ્)*a*. Not harmonious; unmusical;discordant:બેતાલ;બેસુર

Inhere,(ઇન્હીર્)*vi*. [L *in* & *gaereo*,I stick.] To be fixed:વળગી-ચોંટી રહેવું.

Inherent,(ઇન્હીરેન્ટ્)*a* Innate:મૂળનું.

Inherit,(ઇન્હેરિટ્)*vt* [L *haeres*,an heir.]To take by descent from an ancestor;to take by inheritance:ના વારસ થવું; વારસો પામવો. *vi* To have as an inheritance:વારસો હોવો-આવવો મળવો.

Inheritable(ઇન્હેરિટેબલ્) *a*. Transmissible or descendible to:વારસામાં-વારસાના કાયદાથી મળે એવું.2. Capable of being transmitted from the parent to the child: માબાપથી-ઘરડ વરડાથી આવી શકે એવું.

Inheritance,(ઇન્હેરિટેન્સ્) *n*. An estate derived from an ancestor an heir in course of law:વારસો;વતન.

Inheritor,(ઇન્હેરિટર્)*n* An heir:વારસ. [વારસ.

Inheritrix, (ઇન્હેરિટ્રિક્સ્) *n*. An heiress:સ્ત્રી

Inhibit,(ઇન્હિબિટ્)*vt*.[L.*in* & *habio*, I hold] To check;to hinder:અટકાવવું;નિષેધ-મના ક૦.

Inhibition, (ઇન્હિબિશન્) *n*. The act of inhibiting;restraint:અટકાવવું તે;મના;નિષેધ.

Inhospitable(ઇન્હૉસ્પિટેબલ્)*a*.Not disposed to entertain strangers:પરોણા ચાકરી કરે એવું.

Inhospitality,(ઇન્હૉસ્પિટૅલિટિ)*n*. The quality of being inhospitable: પરોણાની બરદાસ ચાકરી ન કરવી તે.

Inhuman,(ઇન્હયૂમન્) *a* [L.*in* & *humanus*, humane]Cruel;savage:ઘાતકી;જંગલી.

Inhumanity,(ઇન્હયૂમૅનિટિ)*n*.Cruelty:ક્રૂરતા.

Inhumanly (ઇન્હયૂમેન્લિ)*adv*.Cruelly;barbarously:ઘાતકીપણાથી. [માં પુરવું-દાટવું.

Inhume,(ઇન્હયૂમ્)*vt* To bury;to inter:જમીન-

Inimical,(ઇનિમિકલ્) *a*. [L. *in* & *amicus*, a friend.]Unfriendly:વેરી;દ્વેષી;પ્રતિકૂળ; વિરોધી.

Inimitable,(ઇનિમિટેબલ્)*a*.Surpassingly excellent or superior:જેની નકલ થાય નહિં એવું.

Iniquitous,(ઇનિક્વિટસ્)*a*. [L.*in* & *oequitas* equity.] Unjust; wicked:અન્યાયનું;અધર્મનું.

Iniquity,(ઇનિક્વિટિ) *n*. Wickedness:અન્યાય; અધર્મ;અપ્રમાણિકપણું.2. A sin:અપરાધ.

Initial,(ઇનિશૅલ્) *a*. [L. *in* & *eo*, I go] Pertaining to the beginning;પ્રથમ; પહેલું;આરંભનું. 2. Placed at the beginning:શરૂઆતમાં પહેલું આવેલું. *n*. The first letter of a word: કોઈ શબ્દનો પહેલો અક્ષર. *vt*. To sign by an initial:નામના પહેલા અક્ષર લખીને સહી ક૦.

Initiate, (ઇનિશિએટ્) *vt*. To make a beginning with:-થી આરંભ ક૦. 2. To instruct in the rudiments or principles:મૂળતત્ત્વ શિખવવા. 3 To introduce into a society: ઉપદેશ આપી કોઇ પંથમાં દાખલ ક૦.

Initiated,(ઇનિશિએટેડ્)*a*.Introduced:દીક્ષિત; રીતે પ્રમાણે દાખલ થયેલું.

Initiation,(ઇનિશિએશન્) *n*. The act or process of initiating: શિખવવું તે. 2. Mode of entrance into an organized body:કોઇને ઉપદેશ આપી મંડળીમાં દાખલ કરવું તે.

Initiative, (ઇનિશિએટિવ્) *n*. An introductory step or movement:આરંભ;શરૂઆત;પહેલ.

Initiatory,(ઇનિશિએટરિ)*a*. Suitable for beginning:પ્રથમ;આરંભનું;પહેલનું.

Inject,(ઇન્જેક્ટ્)*vt*. [L. *in* & *jacio*, I throw.] To throw in:અંદર નાંખવું-પીચકારી મારવી.

Injection, (ઇન્જેક્શન્) *n*. The act of throwing in:અંદર નાંખવું-ઘાલવું તે.2 A medicine to be injected:પિચકારી મારીને શરીરમાં નાંખવાનું ઓસડ.

Injudicious, (ઇનજ્યૂડિશસ્) *a* [L. *in* & *judico*, I judge] Unwise: અવિચારી-અવિવેકી; ડાહ્યું નહિં;અણસમજુ;બેસમજ,અનુચિત.

Injunction,(ઇનજંગ્કશન્)*n* [L. *in* & *jungo*, I join.] An order:આજ્ઞા;હુકમ;ફરમાન.

Injure,(ઇન્જર્)*vt* [L.*in* & *jus,juris*,law.[*a*) To do harm to: બગાડવું; ખરાબ કરવું;હાનિ-ઇજા ક૦ (*b*)To hurt or wound:ઘા પાડવો;ઘાયલકરવું. (*c*) To slander:આબરૂને બટ્ટો લગાડવો. (*d*) To grieve:મન દુખાવવું;માઠું લગાડવું.

Injurious,(ઇન્જ્યૂરીઅસ્)*a*. Not just; wrongful:નુકશાન પહોંચાડનારૂં.2.Hurtful:દુઃખકારક.

Injuriously,(ઇન્જ્યૂરિઅસલિ)*adv*. Wrongfully;hurtfully:નુકશાનથી.

Injury,(ઇન્જ્યૂરિ)*n*. Mischief:નુકશાન;ઇજા;હાનિ.

Injustice,(ઇન્જસ્ટિસ્)*n*. [L.*in* & *jus*, right.] Iniquity;wrong:અન્યાય;ગેરઇનસાફ;અધર્મ.

Ink,(ઇન્ગ્ક) *n*. A colored fluid:શાહ; રૂશનાઇ.

Inkhorn stand-bottle, (ઇન્ગ્કહૉર્ન્-સ્ટૅન્ડ્બૉટલ) *n*. An inkstand:ખડિયો. [પાટી.

Inkle,(ઇન્ગ્કલ્)*n*.A kind of broad linen tape:

Inkling,(ઇન્ગ્કલિન્ગ્)*n*. Inclination:ઇચ્છા.

Inky,(ઇન્ગ્કિ)*a* Consisting of ink:શાહીથી ભરેલું.

Inland,(ઇન્લૅન્ડ્)*a*.Within the land;interior: દેશ અંદરના ભાગનું. *n*. The interior part of a country:દેશની અંદરનો ભાગ.

Inlay,(ઇન્લે)*n*.Matter or pieces of wood,ivory &c.:લાકડાપર હાથી દાંતનું જડેલું કામ. *vt*. To lay within:જડવુ;બેસાડવું.

Inlet,(ઇન્લેટ્)*n*. Place of ingress; entrance: રસ્તો;વાટ;માર્ગ;દ્વાર.2.A bay or recess:ખાડી.

Inly,(ઇન્લિ)*adv* Within:છુપી રીતે;અંદર ખાનેથી.

Inmate,(ઇન્મેટ્)*n*. One who dwells in the

same apartment with another; a fellow-lodger:(એકઘર)માં રહેનાર;સાથે રહેનાર;સહવાસી.

Inmost,(ઇન્મોસ્ટ્)*a* Deepest within;furthest from the surface:ઘણુંજ અંદરનું.

Inn,(ઇન્)*n*. A public house;a hotel:સરાઇ;ઉતારો;ધર્મશાળા.2.A building in which students at law have their lodgings:જે ઠેકાણે કાયદાનો અભ્યાસ કરનારા વિદ્યાર્થિઓ રહે છે તે. [વાળો.

Innkeeper,(ઇન્કીપર્)*n*. An innholder:વિસી-

Innate,(ઇન્નેટ્)*a*.[L *in*&*natus*,born]Inborn native;natural:જન્મનું;કુદરતી;સ્વાભાવિક.

Innavigable,(ઇન્નેવિગેબલ્)*a*.Impassable by ships:વહાણથી જવાય-અવાય નહિ એવું; નૌકાગમનાશક્ય. [ગર્ભસ્થ

Inner,(ઇનર્)*a*.Interior:અંદરની બાજુનું;અંદરનું

Innermost,(ઇનર્મોસ્ટ્)*a*. Furthest inward: સૌથી અંદરના ભાગનું.

Inning,(ઇનિન્ગ્)*n*.The time or turn for taking the bat:દડાની રમતમાં પાટીયાથી ખેલવાની વારી

Innocence cy, (ઇન્નોસેન્સ્-ન્સિ) *n*. Freedom from that which is harmful: નિરપરાધીપણું; નિર્દોષતા.

Innocent,(ઇનોસેન્ટ્)*a*.[L *in*&*noceo*,I hurt.] Innoxious:નિરૂપદ્રવી;નિરપરાધી;નિર્દોષ; નિષ્પાપ.

Innocently,(ઇન્નોસન્ટ્લિ)*adv* In an innocent manner;harmlessly:હાની ન કરે તેવી રીતે.

Innocuous,(ઇન્નોક્યૂઅસ્) *a*. Harmless: જેથી દુઃખ ન થાય તેવું; નિરપકારી.

Innovate,(ઇન્નોવેટ્)*vt* [L.*in* & *novo*,I make new.]To change or alter by introducing something new:નવી રીત-ચાલ દાખલ કરીને ફેરવી નાંખવું;રૂઢિમાં ફારફેર ક૦.

Innovation,(ઇન્નોવેશન)*n* A change effected by innovating:નવી રીત-નવી ચાલ; નવો માર્ગ.

Innovator,(ઇન્નોવેટર્)*n* One who innovates: નવો ધારો ચાલુ કરનાર;નવિનસ પ્રદાય પ્રવર્તક [દ્રવી.

Innoxious,(ઇન્નોક્સીઅસ્)*a*.Harmless:નિરૂપ-2.Free from crime:ગુન્હાથી મુક્ત;નિર્દોષ.

Innuendo,(ઇન્યૂએન્ડો)*n*.[L *in* & *nuo*,I nod.] An oblique hint:આડી વાત કરીને કરેલી ઇશારત.

Innumerable,(ઇન્યૂમરેબલ્)*a*.Not capable of being counted;countless:અગણિત;બેસુમાર.

Innumerably,(ઇન્યૂમરેબ્લિ) *adv*. Without number:બેહદથી;બેસુમારપણે.

Innutrition,(ઇન્ન્યૂટ્રિશન)*n*. Failure of nourishment:અપોષણ;અપુષ્ટિ.

Innutritious,(ઇન્ન્યૂટ્રિશસ્)*a*. Not supplying nourishment;innutritive:પુષ્ટી આપે નહિં એવું.

Inobservation,(ઇનઓબ્ઝર્વેશન) *n*. Neglect or want of observation:અલક્ષ;દુર્લક્ષ.

Inoculate,(ઇનૉક્યૂલેટ્)*vt*. [L *in* & *oculus*, an eye.] To bud;કલમ કરવી 2.To communicate a disease by inserting infectious matter:શરીરમાં ચેપ ઘાલીને રોગ કરવો. *vt*. To graft by inserting bud:કલમ કરવી.

Inoculation,(ઇનૉક્યૂલેશન) *n*. The act or art of inoculating: એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાવવી તે.2.શીતળા કાઢવા તે.

Inodourous,(ઇનઓડર્સ)*a*.Wanting scent; having no smell;scentless:વાસ-ગંધ રહિત.

Inoffensive,(ઇનઑફેન્સિવ્)*a*.Giving no offence or uneasiness:ગરીબ;બાપડું;અદ્વેષી.

Inofficial,(ઇનઑફિશૅલ્)*a* Not proceeding from the proper office:વગર અધિકારે આપેલું.

Inofficious,(ઇનઑફિશસ્) *a*. Unfit for office or active duty: ફરજ બજાવવાને નાલાયક.

Inoperative,(ઇનઑપેરેટિવ્) *a*. Not active; producing no effect:અસર કરે નહિ એવું.

Inopportune,(ઇનઑપૉર્ટ્યૂન)*a* Inconvenient;unseasonable in time:અકાલિક;કવેળાનું.

Inordinancy,(ઇનઑર્ડિનૅન્સિ)*n*.Irregularity; disorder:ગરબડ;ગેરબંદોબસ્ત.2.Excess:બેહદપણું.

Inordinate, (ઇનઑર્ડિનેટ્) *a*. Excessive: બેસુમાર;અપરિમિત;બેહદ.

Inordinately,(ઇનઑર્ડિનેટ્લિ)*adv*. Irregularly;excessively:બેસુમારપણે.

Inorganic, (ઇનઑર્ગેનિક્) *a*. Not subjected to organization:જડ; નિર્જીવ;ચૈતન્ય રહિત.

Inquest, (ઇન્ક્વેસ્ટ્) *n*. Inquiry: તપાસ 2. Judicial inquiry; official examination: સરકારના માણસથી થયેલી તપાસ.Coroner's jury એકાએક મરણ થયું હોય તેનું કારણ શોધી કાઢવા જે પંચ બેસે છે તે; જુરી.

Inquietude, (ઇન્ક્વાઇએટ્યૂડ) *n*. Disturbed state:અસમાધાન;બેઆરામી;બેચેહેની; અનીન્દ્ર.

Inquire,(ઇન્ક્વાઇર્) *vi* [L *in* & *quaero*, I seek.]To ask a question:પુછવું.2.To make examination: તપાસ ક૦; *vt* To ask about: પૂછવું,2 To call or name:નામ પૂછવું.

Inquirer,(ઇન્ક્વાઇરર્)*n* One who inquires or examiner,an investigator:પૃચ્છક;જીજ્ઞાસુ;પરીક્ષક.

Inquiry,(ઇન્ક્વાઇરિ)*n*.The act of inquiring: તપાસ;પુછપરછ;ચોકશી.શોધ;સમીક્ષા.2.Research તજવીજ.3.A question;a query:સવાલ.I *about one's health*:તબીયતપુછવી.

Inquisition,(ઇન્કિવઝિશન)*n*. Inquiry:તપાસ 2.A court or tribunal established for the examination and punishment of heretics:રોમન કાથોલિક પંથથી વિરૂદ્ધ મત વિષે ચોકસી કરી સજા આપનારી સભા *vt* To inquire:તપાસ ક૦

Inquisitional, (ઇનક્વિઝિશનૅલ્) *a*. Pertaining to,or of the inquisition:તજવિજને લગતું; ચોકસીનું. [search:શોધક;ચોકસીદાર;જીજ્ઞાસુ.

Inquisitive, (ઇનક્વિઝિટિવ્) *a*. Given to re-

Inquisitiveness,(ઇન્‌ક્વિઝિટિવ્નેસ્)*n*.The disposition to obtain information by questions તજવિજ;શોધ; અતિ આતુરતા;શોધકબુદ્ધિ;જીજ્ઞાસા.
Inquisitor, (ઇન્‌ક્વિઝિટર્) *n*. One whose official duty is to inquire and examine:સરકારી શોધ-તપાસ કરનાર.
Inquisitorial,(ઇન્‌ક્વિઝિટોરિઅલ્)*a*. Pertaining to inquisition:ચોકસી શોધનું-સંબંધી.
Inroad,(ઇન્‌રોડ્)*n*.Attack;encroachment:હલ્લો
Insalubrious,(ઇન્સૅલ્યૂબ્રિઅસ્) *a* Unfavorable to health;unwholesome:રોગકારક.
Insalubrity,(ઈન્સૅલ્યૂબ્રિટિ) *n*. Unhealthfulness:આરોગ્યતા બગાડવાના ગુણ;રોગજનકત્વ.
Insalutary,(ઇન્સૅલ્યૂટરિ)*a* Not favorable to health;unwholesome:રોગકારક;વ્યાધિકર.
Insane,(ઇન્સેન્)*a*.Mad:ગાંડું;ઘેલું;દિવાનું.
Insanely,(ઇન્સેન્‌લિ)*adv*. Madly:ઘેલછાથી.
Insanity,(ઈન્સૅનિટિ)*n*.Madness:ઘેલછા;ગાંડાઇ.
Insatiable,(ઈન્સૅશિઅબલ્)*a*.Incapable of being satisfied:સંતોષ પામે નહિ એવું;અસંતોષી.
Insatiableness-Insatiety,(ઇન્સૅશિઅબલ્નેસ-ઈન્સૅશાઇટિ)*n*.Greediness of appetite that cannot be satisfied:બહુ ખાઉધરપણું;અતિલોભ
Insatiate,(ઇન્સૅશિએટ્)*a*.Not to be satisfied; insatiable:તૃપ્ત ન થાય તેવું;અસંતોષી.
Inscribable,(ઇન્‌સ્ક્રાઇબેબલ્)*a*.Capable of being inscribed:ઉપર કોતરાય તેવું;અર્પણ કરાય તેવું.
Inscribe, (ઇન્‌સ્ક્રાઇબ્)*vt*. [L *in* & *scribo*, I write.] To write or engrave: ઉપર લખવું; કોતરવું. 2. To address:અર્પણ-નજર કરવું.
Inscription,(ઇન્‌સ્ક્રિપ્શન્) *n*. The act of inscribing:લખવું-કોતરવું તે;શિલાલેખ;લેખ,ખિતાબ.
Inscrutable,(ઇન્સ્ક્રૂટેબલ્)*a*.[L.*in*&*scrutor*, I search into.]Unsearchable:અગાધ;ગૂઢ;ગહન
Insect,(ઇન્સેક્ટ્)*n*.An articulate animal:જીવડું;જીવજંતુ;કીડો;કૃમિ;જીવાત.
Insectivorous,(ઇન્સેક્ટિવોરસ્)*a*.Subsisting on insects:જીવડાં ખાઇનેજીવતું;કીટભક્ષક.
Insecure,(ઇન્સીક્યૂર્)*a* Not secure or safe: જોખમી;બેસલામત.
Insecurity,(ઇન્સીક્યૂરિટિ)*n*. Danger:જોખમ.
Insensate,(ઈન્સેન્સેટ્)*a* Stupid;foolish:બેવકુફ.
Insensibility, (ઈન્સેન્સિબિલિટિ) *n*. Unconsciousness:બેભાનપણું;દયાહીનતા,જડપણું.
Insensible,(ઇન્સેન્સિબલ્)*a* Destitute of the power of feeling or perceiving:બેભાન;બેશુદ્ધ.
Insensibly, (ઈન્સેન્સિબ્લિ) Imperceptibly; gradually:ન જણાય તેમ;ધીમેધીમે;રફતેરફતે.
Insentient,(ઇન્સેન્શેન્ટ્)*a*. Not sentient;not having perception:બુદ્ધિ વગરનું.
Inseparable,(ઇન્સેપૅરૅબલ્)*a*.Incapable of being separated or disjoined:જુદું પડાય નહિ એવું.
Insert,(ઇન્સર્ટ્) *vt*. [L. *in* & *sero*,I j in.]To put in:અંદર દાખલ કરવું. [ing:દાખલ કરવું તે.
Insertion,(ઇન્સર્શન્) *n*. The act of insert-
Inside,(ઇન્સાઇડ્) *a*. Interior:અંદરનું.
Insidious,(ઇન્સિડિઅસ્)*a* [L *in*&*sedeo*,I sit] Lying in wait;deceitful;sly:દગાખોર;કપટી.
Insidiousness,(ઇન્સિડિઅસ્નેસ્)*n*. A watching for an opportunity to insnare: કપટીપણું;દગલબાજી;કપટ;પ્રપંચ;કાવાદાવા
Insight,(ઈન્સાઇટ્) *n*. Thorough knowledge or skill:પૂર્ણજ્ઞાન; પ્રવેશ;ખરી માહિતી.
Insignia,(ઇન્સિગ્નિઅ) *n* [L *in* & *signum*, mark.] Distinguishing marks of honour: માનની નિશાની;અધિકારનું ચિન્હ-લક્ષણ.
Insignificance-cy, (ઇન્સિગ્નિફિકન્સ્-ન્સિ) *n*. Want of significance or meaning:અર્થહીનતા.
Insignificant, (ઇન્સિગ્નિફિકન્ટ્)*a*. Not significant;destitute of meaning:અર્થ વગરનું;નજીવું.
Insincere,(ઇન્સિન્સીર્) *a*. Dissembling:કપટી;ઢોંગી;કૃત્રિમ;દગલબાજ;કુટિલ.
Insincerely, (ઇન્સિન્સીરલિ) *adv*. Without sincerity; hypocritically:દગાથી; કપટથી,
Insincerity,(ઇન્સિન્સેરિટિ) *n*. Deceitfulness: દગો;કપટ;કૃત્રિમતા;જુઠાણું;ઢોંગ;માયા;કુટિલતા.
Insinuate,(ઇન્સિન્યૂએટ્)*vt* [L.*in* & *sinus*,the bosom] To introduce gently: ધીરે રહીને-ધીરે ધીરે યુક્તિથી પેસાડવું.2 To instill: ધીરેધીરે મનમાં ઘાલવુ.3 To hint:સૂચના આપવી 4. To push or work one's self into favor:ની મરજી સંપાદન કo.*vi*.To wind;ધીરે ધીરે યુક્તિથી પેસવું.
Insinuating,(ઈન્સિન્યૂએટિન્ગ્)*a*.Tending to enter gently: યુક્તિથી કૃપા મેળવનાર.
Insinuation,(ઇન્સિન્યૂએશન્) *n*. A creeping or winding in:ધીરેધીરે-પેસાડવું-પેસવું તે;વક્રોક્તિ.
Insinuator,(ઇન્સિન્યૂએટર્)*n* One who hints: પ્રીતિ સંપાદન કરનાર.
Insipid,(ઇન્સિપિડ્)*a* [L *in* & *sapio*,I taste.] Destitute of taste:સ્વાદ રહિત;ફીકું;મોળું.
Insipidity,(ઇન્સિપિડિટિ)*n* Tastelessness; vapidity:સ્વાદ રસહીનતા;વિરસતા;લુખાપણું.
Insipience,(ઇન્સિપિએન્સ્)*n*.Want of wisdom; folly;foolishness:મૂર્ખાઇ;કમઅક્કલ.
Insist,(ઇન્સિસ્ટ્)*vt* [L. *in* & *sisto*,I stand.] To urge:આગ્રહ-હઠ;જીદ કરવી;નો આગ્રહ હોવો.
Insnare, (ઈન્સ્નેર્)*vt*. To catch in snare; to entrap:ફસાવવું;ફાંસા-ફંદામાં નાખવું.
Insobriety,(ઈન્સોબ્રાઇએટિ)*n*.Intemperance; drunkenness:છાકટા-પીધેલપણું;કેફ.
Insociable,(ઈન્સોશિઅબલ્) *a*. Incapable of being joined:જોડાય-સંધાય નહિ એવું.
Insolate,(ઈન્સોલેટ્)*vt* [L.*in* & *soleo*.I am accustomed.] To dry in the sun's rays:તડકે

મૂકવું;સૂરજની ગરમીથી તૈયાર કરવું.

Insolence,(ઈન્સૉલેન્સ્) *n.* Pride or haughtiness'મગરૂબી; અહંકાર; અભિમાન; તોર, ઉદ્ધતાઇ. 2 Insolent treatment: અપમાન;બેઅદબી.

Insolent,(ઈન્સૉલેન્ટ્)*a.* Proud and haughty with contempt of others:મગરૂર;ગર્વિષ્ઠ;ઉન્મત્ત; ઉદ્ધત,મસ્ત;શિરજોર,નિર્લજ.

Insolently, (ઇન્સૉલેન્ટ્લિ) *adv.* Haughtily rudely;saucily:અહંકારીથી;બેઅદબપણાથી.

Insolidity,(ઈન્સૉલિડિટિ)*n.*Want of solidity; weakness:પોચાપણું;અદ્રઢપણું;અઘનતા; અઘનત્વ.

Insolubility.(ઇન્સૉલ્યૂબિલિટિ) *n.* The quality of not being soluble:ઓગળે પીગળે નહિ એવો ગુણ.2.The quality of being inexplicable:સમજાવી શકાય નહિ એવો ગુણ.

Insoluble,(ઈન્સૉલ્યૂબલ્)*a.* Incapable of being dissolved:ઓગળે પીગળે નહિ એવું 2. Not to be solved or explained:સમજાવાય નહિએવું.

Insolvable,(ઈન્સૉલ્વૅબલ્) *a.* Not capable of solution:સમજાવી શકાય નહિ એવું.2.Not capable of being loosened'છૂટું કરવા લાયક નહિ એવું.

Insolvency,(ઇન્સૉલ્વેન્સિ)*n.*The condition of one who is unable to pay his debts:નાદારી; દેવાળું;નિર્ધનતા.

Insolvent,(ઇન્સૉલ્વેન્ટ્)*a.* (*a*) Unable to pay one's debts as they fall due:નાદાર;દેવાળીઓ; નિર્ધન;દેવાળું કાઢનાર. *n.* (*Law.*) One who is unable to pay his debts: દેવાળીઓ; દેવાળું કાઢનાર; નાદાર. [ખરી-સાચી રીતે; ખરેખર.

Insooth,(ઇન્સૂથ્)*adv* In truth;truly;indeed:

Inspect,(ઈન્સ્પેક્ટ્)*vt.*[L.*in* & *specto*,I look.] To look upon:જોવું; તપાસવું;શોધન કરવું; પરીક્ષા કo 2.To view and examine officially:હોદ્દા-અાધકારની રૂએ તપાસવું-પરીક્ષા લેવી.

Itinerate, (આઇટિનરેટ્) *vi.* [L.*eo*, I go.] To travel from place to place for the purpose of preaching or lecturing:બોધ ઉપદેશ કરવાને ગામેગામ ફરવું.

Itinerary, (આઇટિનરૅરિ) *a.* Travelling from place to place:ફરતું;રખડતું;દેશાટન કરતું

Itself,(ઇટ્સેલ્ફ્)*pron.*The neuter reciprocal pronoun:પોતાની મેળે; ખુદ;જાતે.

Ivory, (આઇવૅરિ) *n.* The tusks of the elephant:હાથીના દંતુસળ-દંતશળ;હાથીદાંત.3. (*pl*) Teeth:દાંત.

Ivy,(આઈવી)*n.*[L.*apium*,parsley,from *apis*, bee.] A creeping ever green plant:એક જાતનો ઘર-ઝાડ ઉપર ચડતો વેલો.

J.

J.(જે)The tenth letter of the English alphabet having come into use in modern days, It is represented in Gujarati by જ.

Jabber,(જૅબર્)*vi.*& *vt.*To talk rapidly; to chatter:બકવું;બડબડવું.Rapid talk:બકબક;બડબડાટ

Jabberer,(જૅબરર્)*n.*One who jabbers:લવારો-બકબક કરનાર.

Jack,(જૅક્)*n.*A familiar nickname of *John:* જૉનનું ટુંકું-મશ્કરીનું-ચીડનું નામ.2 A silly fellow. હલકો માણસ 3 A sailor: ખલાસી;ખારવો.4. An instrument that supplies the place of a boy; as (*a*) an instrument to pull off boots:લાંબા બુટ ઉતારવા-કાઢવાનું ઓજાર.(*b*) A saw-horse:લાકડું વેહેરવાની ઘોડી.(*c*) An engine to turn a spit,as a kitchen jack:સીક ફેરવવાનો સંચો. (*d*) A lever in a knitting machine ગુંથવાના સંચાનું ઉચ્ચાલન તુલાયંત્ર. (*e*) A hood placed over a chimney to prevent a back draught: ચીમનીની ઉપરનો ટોપ. 5. A portable machine to raise great weights:ભાર ઉંચો કરવાનો સંચો; દ્રુમકલાસ.6. The male of certain animals, as of ass:કેટલાંક પ્રાણીનો નર જેવો કે ગધેડો. 7. A small flag: વાવટો; ધજા. 8. A

coarse mediœval coat of defence:જાડો અંદરનો કોટ;બખ્તર;9. ગંજીફાનો ગુલામ.*Jack-at all trades*, a person who can turn his hand to any kind of business:દરેક કામમાં માથું મારનાર; સબ બંદરકા વેપારી. *Jack-on-both-sides*, one who is or tries to be neutral: નિષ્પક્ષપાતી માણસ; તટસ્થ.

Jackal, (જેકોલ્) *n.* A carnivorous animal having a very pointed muzzle:શિયાળ;કહોલું

Jack-a-lent, (જૅકલેન્ટ્) *n.* A simple fellow: સાદો-ભલો માણસ.

Jackanapes,(જૅકનેપ્સ્)*n.* A monkey:માંકડું.

Jackass,(જૅકૅસ્)*n.*The male ass:ગધેડો.

Jack-boots, (જૅક્બૂટ્સ્) *n.* Boots reaching above the knee:ઢીંચણસુધીના આખાબુટ.

Jack daw,(જૅક્ડૉ) *n.* A kind of crow:કાગડો જંગલી કાગડો; દ્રોણ.

Jackeen,(જકીન્) *n.* A drunken, dissolute fellow:ગહેકેલી-લંપટ-વ્યસની-દારૂડીઓ માણસ.

Jacket (જૅકેટ્)*n.* A short coat:બંડી;બદન.

Jack-ketch,(જૅક્-કેચ્)*n.*A public executioner or hangman:ફાંસી દેનાર.

Jack-knife, (જૅક્-નાઈફ્) *n.* A large, strong pocket claspknife:ગજવામાં રાખવાનો ચપ્પુ.

Jack-pudding, (જૅક્-પુડિંગ્) *n.* A merry-andrew;a buffoon:રંગલો;વિદુષક;મશ્કરો.

Jack-screw, (જૅક્ સ્ક્રુ) A portable machine for raising heavy weights: ભારે ચીજ ઉચકવાનો સંચો; હુમકલાસ.

Jacobin,(જૅકોબિન્)*n.* A plotter against an existing government;a turbulent demagogue:બંડ-ખોરના આગેવાન;તરકટી.

Jacobus,(જૅકોબસ્)*n.*An English gold coin worth twenty five shillings:સોનાનો સિક્કો.

Jaconet,(જૅકોનેટ્) *n.* A thin cotton fabric: જગન્નાથી.

Jacquard,(જૅક્કાર્ડ્)*a.*Pertaining to or invented by Jacquard,a French mechanician: જેકકાર્ડ નામના ફ્રેન્ચ કારીગરનું બનાવેલું-ના સંબંધિ.

Jaculate,(જૅકયુલેટ્)*vi.*[L *jaceo*,I throw.]To throw out;to emit:ફેંકવું;નાખવું;ઉદ્ગાર કાઢવો.

Jade,(જેડ્)*n.*[L *ilia*, flanks.] A poor,tired horse:દમ વગરનું ઘોડું;ટટુ.2.A mean woman: રાંડ;છીનાળ.*vt* To treat like a jade:તુચ્છકારવું. 2.To harass:પજવવું. *vi.* To become weary: થાકી જવું;નરમ પડવું;લોથ બની જવું.

Jag Jagg,(જૅગ્)*n.*A notch;a denticulation: ખાણું;ખાડો;કાકર.2 A cleft or division: કાંગરો, 3 A fragment: કકડો; ભાગ. *vt.* To cut into notches or teeth, as a saw:કાકરવું.

Jaggery Jagghery,(જૅગરિ) *n.* Raw palm sugar made in the East Indies:ગોળ.

Jaggy,(જૅગિ)*a.*Set with teeth;denticulated કાંતાવાળું.

Jaghire,(જૅગિહર્)*n.* District of land or the product thereof:જાગીર.

Jaguar,(જૅગ્વાર્)*n* An American tiger:અમેરિકાનો ચિત્તો-વાઘ.

Jail (જેલ્)*n.*[L *cavea*, cavity.] A prison:કેદખાનું;બંધીખાનું;તુરંગ;કાર ગૃહ.

Jail bird.(જેલ્બર્ડ્)*n.*A prisoner:કેદી;બંધીવાન.

Jailer,(જેલર્)*n.*The keeper of a jail:દરોગો.

Jail-fever,(જેલ્ફીવર્)*n.*A dangerous & often fatal fever:ઘાતક તાપ-જ્વર.

Jakes,(જેક્સ્)*n* [L *jacio* I throw]A house of necessity;a privy:જાજરૂ;સંડાસ;વાડો;પાયખાનું.

Jalap,(જૅલપ્)*a* The root of a plant found in Mexico used in powder as a cathartic: એક જાતના છોડના મૂળનો રેચક ભુકો.

Jam,(જૅમ્)*n* [Gr.*zombs*, broth.] A conserve of fruit boiled in mass with sugar & water: મુરબ્બો. *vt.* To crush or bruise: ચગદવું:પીલવું;દાબવું;જકડવું;મચડવું.

Jamb,(જૅમ્)*n.*The vertical side of any opening as a door: બારણાની સાખ-ના ચોકઠાંના બે બાજુના ટેકા; બારસાખ.

Jambes, Jambeaux, (જૅમ્બ્ઝ-જૅમ્બૉ) *n. pl.* Armour for the legs:પગનું બખ્તર.

James powder, (જેમ્સ્ પાઉડર્) *n.* Antimonial powder first prepared by Dr. James, called also *Fever powder*:તાવ ઉતારનારભૂકી.

Jane,(જેન્)*n.*[L.*Genua*] A coin of Genoa; any small coin:જીનોઆનો સિક્કો;નાનો સિક્કો.

Jangle,(જૅન્ગલ્)*vi.*To sound harshly:ખોખરૂં બોલવું-વાગવું 2.To talk idly:બડબડવું.

Janitor,(જૅનિટર્)*n.*[L *janua*,door]A doorkeeper;a porter:દેવડીવાળો;દરવાન;દ્વારપાળ;પોળીઓ

Janty,(જૅન્ટિ)See **Jaunty,**

January,(જૅન્યુઅરિ) *n.* [L *janus*, an old Latin deity to whom the month of January was sacred] The first month of the year:અંગ્રેજીવર્ષનો પહેલો મહિનો.

Japan,(જપૅન્)*n* Work varnished & figured in the Japanese manner:જપાની રીત પ્રમાણે રોગાન કરેલું કામ.2.Also,the varnish or lacquer used in japanning;રોગાન. *a.* Of or pertaining to Japan:જપાન દેશનું.

Japanese,(જૅપનીસ્)*a.* Of or pertaining to Japan or its inhabitants:જપાની;જપાની લોકનું સંબંધી. *n.* A native or inhabitant of Japan:જપાની લોક. 2. The language of the people of Japan:જપાની ભાષા.

Jar, (જાર્)*n.*A turn: ફેરો; આંટો *On the* **j.** or the turn;a door:ફરકું; ઉઘાડું.2 A deep broad mouthed vessel of earthenware:સાંકડા મોંનું

માટીનું વાસણ;બરણી.*vi.*To sound harshly:કઠોર અવાજ થવો 2.To clash;to quarrel;to dispute ખટેલ ક૦.*vt.*To shake;to shock:ધ્રુજાવવું.*n.* A shake;a harsh sound:ખડખડાટ ૪. Clash of interest or opinion;collision;debate-ટપાટપી

Jargon,(જાર્ગોન)*n.*Confused language:સમજાય નહિ એવી બોલી ભાષા.2.Hence,as artificial idiom;cant language:કાલ્પિક ભાષા.*vi.*To talk unintelligibly or in a harsh & noisy manner:સમજાય નહિ એમ બોલવું.

Jasmine.Jessamine (જૅસ્મિન,જેસૅમિન)*n.*A shrubby plant bearing flowers of a fragrant odor:જુઈ;જાઈ;જાસવેણુ.

Jasper,(જૅસ્પર)*n.*[L *iaspis.*]An opaque impure variety of quartz of red,yellowish & other dull colors:એક જાતનો જુદાજુદા રંગનો મણી

Jaundice,(જાન્ડિસ્)*n.*]L. *galbus*;yellow.] A morbid condition characterized by yellowness of the eyes,skin & urine,&c.: કમળો. *vt.*To affect with jaundice:કમળો થવો.

Jaundiced,(જાન્ડિસ્ડ્)*a.*Affected with jaundice:કમળાવાળું.2 Prejudiced; envious: એક તરફી;પક્ષપાત ભરેલું-ઉલટા વિચારવાળુ-

Jaunt,(જોન્ટ્)*vt*To ramble:સહેલ કરવી.[ભભકાદાર.

Jaunty, (જોન્ટિ)*a.* Airy;showy:રંગીલું; ચપળ;

Javelin,(જૅવ્લિન)*n.*A sort of light spear,to be thrown or cast by the hand:બરછી;ભાલો.

Jaw,(જૉ) *n.* (*a*) One of the bones usually bearing teeth;દાઢ.(*b*)Hence,the bone itself with the teeth & fleshy covering:ડાચું;જડબું

Jay,(જે) *n.* A kind of a crow:એક જાતનો કાગડો.

Jealous,(જેલસ્)*a.*[L.*celus*,amulation.] Apprehensive; anxious; suspiciously watchful:અદેખું,બળતું,વેહેમી.

Jealousy, (જેલસિ) *n.* The quality of being jealous:અદેખાઇ,મત્સર;ઇર્ષા;વહેમ;શંકાશીલતા.

Jean,(જીન) *n.* A twilled cotton cloth:જીન; સુતરાઉ લુગડું; સાટીન.

Jeer,(જીર) *n.* A gear; a tackle:વહાણનાં દોરડાં. 2.A railing remark:મશ્કરી; મજાક; મેણું; ઠઠ્ઠો. *vi.*To sneer: મજાક ક૦;હસવું.

Jehovah,(જહોવ)*n.*A scriptural name of the Supreme Being:ઇશ્વર; ખુદા; પરમેશ્વર; સ્વયંભૂ

Jejune,(જીજ્યૂન) *a.* [L. *jejunus*, fasting.] Lacking matter;empty:ખાલી;ઠાલું;સત્વહીન.

Jelly, (જેલી) *n.* [L. *gelo*, I congeal.] The juice of fruits boiled with sugar:ફળ મેવાનો પાક: મુરબ્બો.

Jenny,(જેની) *n.* A machine for spinning a number of threads together:રેંટીઓ.

Jenny, (જેની) *n* A pet-form of Jane:જેનનું ટુંકું વહાલું નામ.

Jeopardize, (જેપર્ડાઈઝ્) *vt.* To hazard; to risk:જોખમ-નુકશાન-ધાક-ભયમાં નાંખવું.

Jeopardy.(જેપર્ડિ)*n.*Danger;risk;peril:જોખમ.

Jerk, (જર્ક) *n.* A short, sudden pull: ધક્કો; આંચકો.*vt.*To beat;to strike:ધક્કો મારવો.

Jerkin,(જર્કિન)*n.*A jacket:ઝબલું;કેડીયુ.

Jest, (જેસ્ટ) *n.* [L. *Jero*, I do.] A joke: મજાક;મશ્કરી 2.A laughing stock:ઉપહાસપાત્ર.

Jester,(જેસ્ટર)*n.* Baffoon:મશ્કરો;ભાંડ.

Jesting.(જેસ્ટિંગ)*n* Joking:ટોળ; મશ્કરી.

Jesuit. (જેસ્યૂઈટ્) *n.* One of the religious order:રોમનકેથોલીક ધર્મ જેમ તેમ કરીને ફેલાવનાર એક પંથનું માણસ. [ing to a jesuit:ઠગને લગતું.

Jesuitical, (જેસ્યૂઇટિકલ્) *a.* Of or pertain-

Jet,(જેટ) *n.*A shooting forth;a spurt: ફુવારો; ફરંજો J. *pumps*: ફુવારાની નળી. 2. To jerk; ધક્કો મારવો. 3. To shoot forward; to jut out:બહાર નીકળવું.

Jet,(જેટ) *n.* A variety of lignite of a very compact texture:એક કાળો ખનીજ પદાર્થ.

Jetty,(જેટી)Black:કાળું.

Jet-black,(જેટ્બ્લેક્) *a* Deep black:કાળું ભમ્મર;કાળું બળક;કાળું મેશ.

Jet-dean, (જેટ્ડિન) *n.* A stream of water spouting from a fountain or pipe:ફુવારો;ફરંજો.

Jew,(જ્યૂ)*n.*[L *jadoeus.*]A hebrew;an Israelite:યાહુદી. *Jew's frankincense*:લોબાન;ધુપ. *Jew's ptich*, bitumen:શીલાજીત.

Jewess,(જ્યૂએસ્)*n.*A Hebrew women:યાહુદણ.

Jewel, (જ્યૂએલ્) *n.* An ornament of dress of precious metals:જડાવ ઘરેણું.2 A precious stone; a jem:રત્ન;મણી;ઝવેર.

Jeweller,(જ્યૂએલર્) *n.* One who makes or deals in jewels:ઝવેરી;સોની;જડીઓ

Jewellery,(જ્યૂએલરિ)*n.*The art or trade of a jeweller:ઝવેરીનો ધંધો.2.Jewels collectively:જવાહિર;ઝવેરાત;દરદાગીના;ઝવેરાત.

Jewish,(જ્યૂઇશ્)*a.* Of or pertaining to the Jews:યાહુદીનું-સંબંધી.

Jew'sharp, (જ્યૂઝ્હાર્પ) *n* An instrument of music:ચંગ;મોરચંગ.

Jib,(જીબ્) *n.* A triangular sail set upon a stay or pet yard:વહાણના નાળ આગળનો ત્રિકોણાકાર સઢ. J. *crane*:ભાર ઉચકવાનો આંકડો.

Jig,(જીગ્) *n.* A light brisk musical movement in a rhythm of triplets:ઝડપની ગત.2. A ballad:લાવણી.*vt.*To sing to the tune of a jig:નાચ પ્રમાણે ગાવું.

Jilt,(જીલ્ટ્) *n.* A woman who capriciously deceives her lover: આશકને છોડી દે એવી સ્ત્રી; હલકી સ્ત્રી; ચપળા. *vt.* To deceive in love: પ્યાર છોડી દેવો.

Jingle,(જીન્ગલ્)n.A rattling,clinking,tinkling sound:છમકારો;રણકો; રૂમઝુમ; ખણખણાટ.vt. To tinkle:છમછમ ક૦.

Jingling,(જીન્ગુલિંગ્)n. A clink:ઘંટનો રણકો.

Jo,(જો)n.A sweet-heart;a darling:દીલજાન;પ્યારી.

Job, (જોબ્) n. A public transaction done for private profit:હલકા-નીચા મનનું કામ.2. A situation or opportunity of work: નોકરી; કામ.*By the* j..ઉધડ;સામટું.3.To hire:ભાડે લેવું. ક૦.vi.To do chance work for hire; to do petty work:પરચુરણ કામ લેવું-ક૦. 2 To carry on the business in stocks:શેરનો ધંધો ક૦.

Job, (જોબ્) n. *Job's Comforter*, (*a*) a false friend:ઢોંગી મિત્ર.(*b*) A boil:ગોળ ગુમડું.

Jobber, (જોબર્) n One who works by the job:ઉદ્ધડ કામ કરનાર.

Jockey,(જોકી) n. A professional rider in races:શરતનો ઘોડો હાંકનાર;ચાબુકસવાર;અશ્વશિક્ષક

Jocose,**Jocular**,(જોકોસ્,જોક્યૂલર્)a [L.*jocus* a joke.] Given to jokes:મજાક-મશ્કરી ખોર.

Jocund,(જોકન્ડ્)a. Merry;gay:ખુશમિજાજી.

Jog, (જોગ્) vt. To push or shake with the elbow or hand: જરાક હડસેલો મારવો. 2. To drive at a jog:રવાલ ચાલે ચલાવવું.n.A slight shake:થોડો-સહજ ધક્કો-ઠોસો.

Jog-trot,(જોગ-ટ્રૉટ્)n. A slow, regular jolting gait:ધીમી ને એક સરખી ચાલ;મંદગતિ;મંદગતિ

Join,(જોઈન્)vt [L.*jungo*,I join.]To connect: જોડવું; સાંધવું.2. To associate one's self to:-ની સાથે થવું 3.To unite in marriage:લગ્ન કરવું 4.To engage in:માં કામે લાગવું.vi.To come together: સાંધો હોવો; મળેલા હોવું. 2 To be close together:લગોલગ હોવું.3.To unite:ભેગા થવું.

Joiner,(જોઈનર્)n. One who or that which joins:સાંધનાર;યોજક.2 Carpenter:સુથાર.

Joinery, (જોઇનેરિ) n. The art or trade of a joiner:સુથારકામ;સુથારીકામ.

Joint,(જોઈન્ટ્) n. Junction:સાંધો 2. A joint of two things or parts so as to admit of motion:ગાંઠ;સાંધો 3.An internode:પેરિયું;પેશી. J.*hinge*:ચણીઆરૂં *Out of Joint*,disordered: ઢંગધડા વિનાનું. a. Combined:બન્નેનું;સમગ્ર;સંયુક્ત.2. Done by two or more working together:બેથી થએલું. 3. Not solitary in interest or action:ભાગીદાર. 4 Shared by two or more:જેમાં બે અથવા વધારે ભાગીદાર હોય એવું. J. *stock*, stock held in company: કંપનીનો માલ. J. *tenant*:મજીઆરો ભોગવટો ધરાવનાર.vt To unite by a joint:સાંધથી જોડવું.vi.To fit: બરાબર બેસતા થવું આવવું.

Jointer,(જોઇન્ટર્)n.One who or that which joints:સુથાર 2 (*a*) A plane for smoothing: રંદો.(*b*) The longest plane:મોટો રંદો.

Jointly,(જોઈન્ટ્લિ) adv.In a joint manner; together:સાથે મળીને,એકઠા થઇને.

Jointure,(જોઇન્ટ્યુર્)n. [L.*jungo*,I join.] A joining:સાંધો.2 An estate settled on wife which she is to enjoy after her husband's decease:પલ્લું વિધવાધન;સ્ત્રી ધન.

Joist,(જોઈસ્ટ્)n.A piece of timber laid horizontally: મોભ; બારવટિઓ; પીઢીયું. vt. To fit joists:મોભ ઘાલવો.

Joke,(જોક્)n. [L.*jocus*.] A jest:મશ્કરી;મજાક;ઠઠ્ઠો;ઉપહાસ. vi To jest; to mock:મજાક કરવી; મશ્કરી કરવી. [ડાચું;

Jole,(જોલ)n.The cheek; the jaw:ગાલ;જડબું;

Jolity,(જોલિટિ)n.Gaiety:ખુશી;મજા.

Jolly,(જોલિ)a.Jovial:ખુશમિજાજી;હસ્તમુખી;વિલાસી

Jollyboat(જોલિબોટ્)n. A small boat:નહાની હોડી;મછવો.

Jolt,(જોલ્ટ્) vi.To shake: હીલોળો-હલ્લો ખાવો vt. To cause to shake: આંચકો આવવો-લાગવો. n. A sudden shock or jerk:આંચકો;ધક્કો.

Jostle,(જોસલ્)vt & vi. To push:હડસેલવું.n. A conflict by collision:આંચકો;ધક્કો.

Jot,(જોટ્)n.An iota:a point:લવલેશમાત્ર;તલમાત્ર. vt. To take down:લખી લેવું;ટીપ્પણ કરી લેવું.

Journal,(જરનલ્)a.Daily; diurnal:રોજીંદુ.n. [L.*Diurnalis*,diurnal.] A diary:રોજનીશી. 2. (*a*)A book of accounts in which daily transactions are entered:રોજમેળ;પાકી વહી. (*b*) A weekly newspaper:વર્તમાનપત્ર. 2. A daily work or travels:રોજનું કામ અથવા મુસાફરી.

Journalism, (જર્નલિઝમ્) n. The keeping of diary:રોજનો મેળ રાખવો તે 2.The business of writing for newspapers:વર્તમાનપત્ર લખવાનો ચલાવવાનો ધંધો.

Journalist, (જર્નલિસ્ટ્) n. One who keeps a diary:રોજમેળ રાખનાર.2.The conductor of the public journal:વર્તમાનપત્ર લખનાર-ચલાવનાર.

Journalize, (જર્નલાઈઝ્) vt. To enter into diary:રોજમેળ રાખવો.vi.To conduct a public journal:વર્તમાનપત્રનો ધંધો ચલાવવો.

Journey,(જર્ની) n. The travel or work of a day:મુસાફરી;દેશાટન;પ્રવાસ;સફર;યાત્રા.

Journeyman,(જર્નીમેન્)n A workman:મજુર;કારીગર;રોજે કામ કરનાર;હલાઈઓ.

Jove,(જોવ્) n The planet Jupiter:બ્રહસ્પતિ.

Jovial,(જોવિઅલ્)a [L *jovis*, Jupiter] Gay; jolly; merry:આનંદી;ખુશી;વિનોદી;રંગીલું.

Joy,(જોઈ) n.Gladness:આનંદ;હર્ષ 2. Happiness:સુખ;પરમાનંદ.

Joyful,(જોઈફુલ)a.Full of joy:ખુશ;ખુશી;આનંદી.

Joyless,(જોઇલેસ્)a.Not Having joy:નાખુશ.

Joyous,(જૉઇઅસ્)*a*.Glad;gay:આનંદી;ખુશી.
Jubilant,(જ્યૂબિલૅન્ટ્)*a*. [L. *jubilo*,shout for joy.]Triumphant:મોઢેથી હાહા કહેનાર.
Jubilee,(જ્યૂબિલી)*n*. A season of great joy and festivity:આનંદ ખુશીનો દિવસ;ઉત્સવ.,
Judaise,(જ્યૂડૈઇઝ્) *vi*. To conform to the doctrines of Jews:યાહુદી ધર્મને અનુસરવું.
Judaism,(જ્યૂડૅઇઝમ્)*n*.The religious doctrines and rites of the Jews:યાહુદી લોકોનો ધર્મ મત
Judge,(જજ્)*n*.[L.*jus*,law & *dico*,I declare.] A public officer invested with authority ન્યાયાધીશ;જડજ.2 An expert;a critic:કદરબુજ ખુબી જાણનાર;રસજ્ઞ;ગુણગ્રાહી. 3. An umpire:મધ્યસ્થ;લવાદ;ત્રાહીત.4 The title of the seventh book of the old Testament; the book of Judges:બાઇબલના સાતમા પુસ્તકનું નામ. *vi*. To decide as a judge;to give judgment: ઇનસાફ કરવો.2.To assume the right to pass judgment on another: નિશ્ચય કરવો. 3. To determine;to distinguish: (ખરાખોટાનો) વિચાર-તોલ કરવો.*vt*.To hear and determine by authority: ન્યાય કરવો. 2. To examine and pass sentence on:ન્યાયથી શીક્ષા ઠરાવવી 3.To reason:જાણવું;ગણવું; ધારવું. 4. To govern:સત્તા ચલાવવી.
Judgment,(જજમેન્ટ્)*n*.The act of judging: વિચાર કરવો તે;મુનસફી;ફરીયાદી.2. The faculty of judging;good sense: વિવેક. 3. Opinion: વિચાર;મત.4. The act of determining:ઠરાવ; ફેંસલો;ચૂકાદો. 5. The determination of the mind:નિશ્ચય;નિર્ણય;સિદ્ધાંત. J. *day*:ન્યાય આપવાનો-કયામતનો દિવસ.
Judge-ship,(જજ્શિપ્)*n*.The office of a judge ન્યાયાધીશનો હોદ્દો;ન્યાયાધીશી;મુનસફી-ગિરી.
Judicatory,(જ્યૂડિકેટૉરિ) *n*. A court of justice:a tribunal:અદાલત;ન્યાયસભા;ધર્મસભા.
Judicature, (જ્યૂડિકેટ્યૂર) *n*. A court of justice:ઇનસાફ કરવાનો અધિકાર રાખનારી કોર્ટ. 3. Jurisdiction:કાયદાથી મળેલો અધિકાર.
Judicial (જ્યડિશૅલ્)*a*.Pertaining to courts of justice or to a judge: ન્યાયસભા અદાલત-કોરટનું. 2. Fitted or apt for judging:ન્યાય કરવા જેવું-લાયક.3. Belonging to the judiciary:અદાલતને લગતું.
Judiciary,(જ્યડિશિઅરિ)*n*.The judges taken collectively:કોરટ:અદાલત.*a* Judicial:ઇનસાફ.
Judicious,(જ્યૂડિશસ્)*a*.According to sound judgment:ડહાપણ-વિવેક-વિચારથી કરેલું; ઉચિત; ઘટિત;યોગ્ય. 2. Wise; prudent; sagacious: ડાહ્યું;વિવેકી;વિચારવંત;સમજુ.
Jug,(જગ્)*n*.A vessel usually earthenware: કુંજો;લોટવો;લોટો;ચંબુ;સિરોઇ. 2. A pitcher;an ewer:ઘડો;ગાગર;તાંબડી;કળશીઓ.
Juggle,(જગલ્) *vi* [L.*jocus*,a jest.] To play tricks by sleight of hand:જાદુ ખેલ કરવો;છુમંતર ક૦. *n*.A trick by sleight of hand:હાથ ચાલાકી [ર;મદારી;જાદુગર. 2.A cheat:ઠગારો.
Juggler,(જગ્લર) *n*. A conjurer:ગારૂડી;બાજીગ-
Jugglery,(જગ્લરિ) *n*. The art of a juggler; sleight of hand:હાથ ચાલાકી;નજરબંધી.
Jugular,(જ્યૂગ્યૂલૅર) *a*.[L. *Jungo*,I join. (*a*) Of or pertaining to the throat or neck: ગરદન-ડોક-ગળાનું;ગરદનનું.
Juice,(જ્યૂસ્)*n*.[L.*Jus*,juice.]The characteristic fluid of any vegetable or animal substance:રસ;દ્રવ;સાર;સુધા;પાણી.
Juicy,(જ્યૂસિ)*a*.Full of juice:રસવાળું.
Juijub-Jujube,(જ્યૂજ્યૂબ્)*n*.The tree:બોરડી; the fruit: બોર.
Julip,(જ્યૂલિપ)*n* A refreshing drink flavourred with aromatic herbs: દારૂ.
July,(જ્યૂલાઇ)*n*.The seventh month of a year: અંગ્રેજી વર્ષનો સાતમો મહીનો;આષાડ-શ્રાવણ;જ્યૂલાઇ.
Jumble,(જમ્બલ્) *vt*. To mix in a confused mass:ગરબડસરબડ ઘાલમેલ કરી મુકવી.*n*.A confused mixture:સેળભેળ;લોચો;ઘાલમેલ.
Jump,(જમ્પ્)*n*.(*a*) A kind of loose jacket for men:પહેરણ (*b*) A bodice worn instead of stays by women: ચોળી;કંચળી;કમખો.
Jump,(જમ્પ્) *vi*. To spring: કુદવું. 2. To cause to jump:કુદાવવું.*To j.one's bail*:જામિનગીરી આપીને છુટા થયા પછી સટકી જવું *n* A leap: કુદકો;છલંગ;ઠેકડો.
Junction,(જંક્શન્) *n* [L. *jungo*, I join.] The act of joining; union: યોગ; સંયોગ. 2. The place or point of union: સંગમ; સંધિસ્થાન; સાંધો.
Juncture,(જંક્ટ્યૂર્)*n*. [L *jungo*, I join.] A joint: સાંધો 3. A point of time: બખત; અવસર;અણી; જોગ;તક;તાકડો;ટાંકણું.
June,(જ્યૂન્)*n*.[L.*junius*, June.] The sixth month of the year:અંગ્રેજી વર્ષનો છઠ્ઠો મહિનો; જ્યેષ્ઠ-અસાડ.
Jungle.(જંગલ્)*n*.A dense growth of brush wood, grasses:રાન;જંગલ;વન;વગડો;વેરાન.
Junior,(જ્યૂનિઅર્) *a*. [L *juvenis*, young.] Younger:બીજા કરતાં ન્હાનું; કનિષ્ટ.2. Lower in standing or rank:નવો.
Junk,(જન્ક્)*n*.A thick piece:નક્કર ટુકડો.
Junk,(જન્ક્)*n*.[L*juncus*,a rush]Pieces of old cordage:કાથાના દોરડાના કટકા.
Junk,(જન્ક્)*n* A large vessel without keel or prominent stem:ચીનાઈ ત્રણ ડોળવાળું વહાણ
Junket.(જન્કેટ્) *n*. [L. *juukus*, rush.] A

cheese cake;a sweetmeat:મીઠાઈ;સુખડી.
Junto,(જન્ટો)*n.*A faction;a cabal:ફીતુરી મંડળી
Jupitor,(જ્યૂપિટર્)*n.* The supreme deity of gods and men;Jove:યુનાની અને રોમન લોકોનો મુખ્ય દેવ;ગુરૂ.2 One of the planets being the brightest except venus:બૃહસ્પતિ;ગુરૂ.
Juridical,(જ્યૂરિડિકલ્)*a.*[L *jus-juris*, law & *dico*, I declare.] Pertaining to a judge; legal:ઈનસાફદારનું;ન્યાયસભાનું.
Juris consult, (જ્યૂરિસ્કૉન્સલ્ટ) *n.* A man learned in the civil laws:ધર્મશાસ્ત્રી.
Jurisdiction, (જ્યૂરિસ્ડિક્શન્) *n.* Legal authority or power:કાયદાથી મળેલો અધિકાર;સત્તા
Jurisprudence, (જ્યૂરિસ્પ્રૂડેન્સ્) *n.* The science of judicial law:ધર્મશાસ્ત્ર; સ્મૃતિશાસ્ત્ર.
Jurist, (જ્યૂરિસ્ટ્) *n.* One who professes the science of law:ધર્મશાસ્ત્ર જાણનાર;ધર્મશાસ્ત્રિ.
Juror,(જ્યૂરર્)*n.*[*Law.*)A member of a jury: જુરર; પંચ.
Jury,(જ્યૂરિ)*n.*[L. *juro*, I swear.]A body of men usually twelve sworn to declare the truth on the evidence before them:પંચ;જુરી
Jury-man(જ્યૂરિમૅન્)*n.*Juror:પંચમાંનો એક;જુરર.
Just,(જસ્ટ્)*a.* [L *justus-jus*, law.] Honest; true;upright:ખરૂં;વાજબી;અદલ;નીતિમાન; નેકી2. Equitable;fair;impartial:યોગ્ય;વાજબી. *adv.* Precisely;exactly:બર બર 2.Closely:પાસેજ. 3 Barely:માત્ર.4.Narrowly: તો; લગભગ. *As I j. escaped drowning*: હું બુડતાં બુડતાં રહી ગયો.
Justice,(જસ્ટિસ્) *n.* [L. *justus jns*, law.] The quality of being just;equity:ન્યાય;નીતિ; ન્યાયનિષ્ઠા;સાચવટ;પ્રમાણિકપણું.2.Justness: ન્યાય;ઈનસાફ.3.A judge: ન્યાયાધીશ; ઇનસાફદાર. 4.Application of equity:ઇનસાફ;દાદ.5.Impartiality:અપક્ષપાત;સમભાવ.J.*of the peace*: સુલેહનો અમલદાર.
Justiciary,(જસ્ટિસિઅરિ)*n.*An old name for judges of the higher English courts:ઇનસાફ કરનાર;મુનસફ;ન્યાયાધીશ;ધર્માધિકારી.
Justifiable,(જસ્ટિફાએબલ્)*a* Capable of being justified:ખરૂં-વાજબી;યોગ્ય.
Justification, (જસ્ટિફિકેશન્) *n.* The act of justifying or the state of being justified; ખરૂં-વાજબી કરી આપવું તે; સમર્થન; પ્રતિપાદન. 2. The act of justifying in respect to god's requirements:દોષનિવારણ;શુદ્ધિ;પાપનિવારણ.
Justify, (જસ્ટિફાઈ) *vt.* [L. *justus*, just and *facio*,I make.] To prove or show to be just:ખરૂં-વાજબી છે એમ બતાવવું.2. To treat as if just:ન્યાયી છે એમ બનાવવું.3.To judge rightly:વાજબી માનવું.
Justness,(જસ્ટ્નેસ્)*n* The quality of being just;equity:ખરાપણું;સાચાઇ;યથાર્થતા.
Jut,(જટ્) *vi.* To shoot out or forward:બહાર પડતું નીકળવું.2.To butt:ટક્કરમારવી-લેવી.
Jute,(જ્યૂટ્)*n.*Bengal hemp:શણ.
Juvenescence,(જ્યૂવેનેસેન્સ્) *n.* A growing young:યૌવન; જુવાની.
Juveline,(જ્યૂવેલાઈન્)*a.*A young person or youth:યુવાન;ન્હાનું;તરૂણ;જુવાની-તારૂણ્યનું.
Juvenility,(જ્યૂવેનિલિટિ)*n.*Youthfulness:જુવાની;તારૂણ્ય;યૌવન;યુવાવસ્થા.
Juxtaposition,(જક્સ્ટપોઝિશન્)*n.*[L *juxta*, near & *position*.]Contiguity:પાસેપાસે નજીક મુકવું તે;સમીપતા;સન્નિધાન;નિકટતા.

K.

K, (કે) The eleventh letter of the English Alphabet:અંગ્રેજી મુળાક્ષરનો અગીયારમો અક્ષર.
Kaffer, (કૅફર્) *n.* An unbeliever: મુસલમાની ધર્મ નહિ માનનાર; કાફર. 2. An inhabitant of Africa:આફ્રિકાનોરહેવાસી;કાફર.
Kail,(કેલ્)*n.*A kind of headless cabbage: માથા વગરની કોબીજ.
Kalender,(કૅલેન્ડર્)*n.*Same as **calendar.**
Kangeroo,(કૅન્ગરૂ)*n.* Any one of numerous species of jumping marsupials of the family *Macopodidæ*:કાંગરૂ;એક જાતનું ચોપગુ પ્રાણી.
Kaw,(કૉ)*vt.*To cry as a crow:કાકા કo.*n.*Cry of the crow:કાકશબ્દ;કાકા;કાકરવ.
Keck,(કેક્)*vi.*To vomit:ઓકારી;બકારી ખાવી. *n.* An effort to vomit:બકારી;ઓકારી.
Kedge,(કેજ્)*vt.*To move by carrying out a kedge in a boat dropping it overboard and hurling the vessel up to it:વહાણનુંલંગર ખસેડવું.*n.* A small anchor:વહાણનું નાનું લંગર.
Keel,(કીલ્)*vt.*To cool;to skim or stir:ઠંડુ-ચટુક૦
Keel,(કીલ્)*n.* A longitudinal timber along the bottom of a vessel: વહાણ તળેનું-પાયાનું ચોકઠું.*vi.*To traverse with a keel:ચલાવવું.
Keen (કીન્)*a.*Sharp:ધારવાળું;જલદ.2.Acute of mind:આતુર;ઉત્સુક;3.Bitter:સખત 4.Piercing acrimonious:સખત;કડવી.
Keenly,(કીન્લિ)*adv.*In a keen manner:કડ-[કીને;આતુરતાથી.
Keep,(કીપ્) *vt.* To hold: રાખી રહેવું; રાખવું. 2. To cause to remain: કબજામાં રાખવું. 3. To preserve from danger:રક્ષણ કરવું4. To preserve from discovery:મનમાં રાખવું.5.To attend upon; to tend:સાચવવું;આરવું.6.To conduct;to manage:ચાંકવું;ચલાવવું.7.To supply

with necessaries of life;to entertain:ખવડાવવું;પીવડાવવું;રાખવું. *To* **k.** *back,(a)*to reserve:થી છાનું રાખવું.(b)To restrain:પાછું હઠાવવું. *To* **k.** *good(bad)hours,*to be customarily early (*late*) in returning home or in retiring to rest:હમેશ બરાબર વખતે સુઈ જવું અને ઉઠવું. *To* **k** *open house,*to be hospitable:આગતા સ્વાગતાકરવામાં તત્પર રહેવું.*To* **k.** *up,* to maintain: ટકાવવું-નભાવવું.*vi.*To abide; to stay: રહેવું 2. To last;to endure: ટકવું. *To* **k.** *in with,* to keep on good terms with:ની સાથે મળતી રાખ હોવી.*To* **k.** *on,*to go forward:મંડયા રહેવું.

Keep,(કીપ્)*n,*Guard;care;custody:સંભાળ;ચોકી.2.Support:ખાનપાનની બરદાસી રાખવાનું-ખવરાવવાનું ખર્ચ.3.A stronghold:કિલ્લો;ગઢ.

Keeper,(કીપર્) *n.* One who or that which keeps:રાખનાર.2. વિંટીનુંખાનું. **K.**of the great seal:રાજ મહોર રાખનાર:રાજ્યમુદ્રાધિકારી. **K.**of the king's conscience:લોર્ડચેન્સેલર.

Keeping, (કીપિંગ્) *n.* A holding; charge: કબજો;હાથ;તાબો;હવાલો.3. Support;feed:ખાનપાન;બરદાશ. *In* **k.** *with:*મળતું;બંધબેસતું.

Keepsake,(કીપ્સેક્) *n.* Any thing kept or given to be kept for the sake of the giver: સંભારણું;યાદગીરી;સ્મૃતિદાન.

Keg,(કેગ્)*n.*A small cask or barrel:નાનું પીપ

Kelp,(કેલ્પ્) *n.* The calcined ashes of sea-weed:એક દરિયાઈ વનસ્પતિની રાખ-ભસ્મ.

Ken,(કેન્)*n.*A house:ઘર *esp.,*one which is a resort for thieves: ચોરોનું રહેઠાણ. *vt.* To recognise: ઓળખવું. *n.* View: નિધા. 2. Reach of sight:નજર. *vi.*To look around:આસપાસ નજર કર.

Kennel,(કેનલ્)*n* The watercourse of a street a gutter:નીક;મોરી;ગટર.*n.* [L *canis,* a dog.] A house for a dog or dogs:કુતરાની બોડ.2. A pack of hounds: શિકારી કુતરાનું ટોળું

Kerchief,(કર્ચિફ્)*n.* A square of fine linen worn by a woman to cover the head:બાયડીઓને માથે ઓઢવાનું ચોખંડુ લુગડું;રૂમાલ.

Kernel, (કર્નલ્) *n.* The essential part of a seed:બી માનું તત્વ;મગજ;માવો;ગર; મર્મ;હાર્દ.

Kettle, (કેટલ્)*n.*A metallic vessel used for boiling water:ચાહદાની.

Kettle-drum.(કેટલ્ડ્રમ)*n.* A drum made of thin copper in the form of hemispheric kettle with parchment stretched over the mouth of it:નગારૂં.

Key,(કી)*n.*A quay:બંદર;ધાટ;આરો.

Key,(કી)*n.*An instrument which is turned like a keg in fastening or adjusting any mechanism: ચાવી; કુંચી. 2. The means of operating it:કળ;કુંચી.3. That which serves to unlock, open, or solve something difficult:ખુલાસો;કુંચી;સમજુત 4. A key stone: કમાનો વચ્ચેનો પથ્થર.*Key* note:કળ.(*Mus*) To raise the pitch of:-નો સુર ચઢાવવો.

Key-age,(કીએજ્)*n.*Wharfage;quakage:બંદરપર લેવાતી જકાત.

Key-hole,(કીહોલ્)*n.*A hole or aperture in a door or lock for receiving a key:કુંચી ઘાલવાનું બાકું.

Key-note,(કીનોટ્)*n.*The tonic or first tone of the scale in which a piece or passage is written:તાલનું ઘર.

Kick,(કિક્)*vt.* To strike with the foot:પાટુ-લાત મારવી.*vi.* To thrust out the foot with violence: લાત મારવી. *n.* A blow with foot or feet:પાટુ;પાદ પ્રહાર;લાત. 2. ધક્કો.

Kick-shaw,(કિક્શૉ)*n.*Something fantastical;a toy:કોઈ વિચિત્ર-તરેહવાર-વિલક્ષણ વસ્તુ.

Kid.(કિડ્)*n.*A young goat:બકરીનું બચ્ચું.

Kid,(કિડ્)*n.*A fagot;a bundle of heath and furze:લાકડાની ભારી-ઝુડી.

Kid-nap,(કિડ્નૅપ્)*vt.*To take by force or fear against one's will:મનુષ્યહરણ કરવું;પકડી જવું.

Kid-napper,(કિડ્નૅપર્)*n.*A manstealer:મનુષ્ય હરણ કરનાર.

Kid-napping, (કિડ્નૅપિંગ્) *n.* Stealing of men:મનુષ્યાપહરણ.

Kidney,(કિડ્ની *pl.*A glandular organ which execretes urea and other waste products from the animal body:મૂત્રપિંડ;મૂત્રાશય;ગુદા.

Kidney-bean,(કિડ્ની-બીન્)*n.*A sort of bean: વાલ પાપડી.

Kill, (કિલ્) *vt* To deprive of life by any means:મારી નાંખવું.2. To destroy:નાશ કરવો. *To* **k.**time,to waste time:વખત નકામો ગાળવો.

Kiln,(કિલ્) *n.* A large stove or oven:ભઠ્ઠી.

Kiln-dry,(કિલ્-ડ્રાઇ)*vt.*To dry in a kiln:ભઠ્ઠીમાં કોરૂં કરવું-સુકવવું.

Kilo-gram,(કિલોગ્રૅમ)*n.*A measure of weight being a thousand grams, equal to 2·2046 pound advoirdupois:આશરે પાકાશેર જેટલું તોલ.

Kimbo, (કિમ્બો) *a.* Crooked:વાળેલું;વાંકું.

Kin, (કિન્) *n.* A primitive Chinese instrument of the cittern kind:ચિનાઈ વાજું.

Kin, (કિન્)*n.* Relatives:સગાં;સગાં વહાલાં.

Kind, (કાઇન્ડ્) *a.* Congenial; sympathetic: નમ્ર;દયાળુ;ભલું;પ્રેમાળ;કૃપાળ;રહેમ નજરવાળું.

Kind, (કાઇન્ડ્)*n.* Race; genus:વર્ગ;જાતિ;જાત.

Kindle,(કિન્ડલ્)*vt* [L. *Candeo,*I burn.] To set on fire:સળગાવી દેવું.2.To inflame:ઉશ્કેરવું. *vi.* To take fire:સળગવું.

Kindler,(કિન્ડલર્)*n.* One who kindles: ઉશ્કે-

નાર; સળગાવનાર;ચઢાવનાર;સળી મૂકનાર.

Kindliness,(કાઇન્ડ્લિનેસ્) *n*. Natural inclination:માયાળુ સ્વભાવ. 2. Gentleness: દયા.

Kindly,(કાઈન્ડ્લિ)*a*. Humane:માયાળુ:કૃપાળુ.

Kindness, (કાઈન્ડ્નેસ્)*n*. Beneficence:માયા; મહેરબાની.2 A kind act:ઉપકાર;કૃપા;મહેરબાની.

Kindred,(કિન્ડ્રેડ્)*n* Relationship by birth: સગાઈ;સગપણ 2 Relations:સગાં; સગાંવહાલાં.

Kine, (કાઇન્)*n*. (*pl. of* cow) Cows:ગાયો.

King, (કિંગ્) *n*. A chief ruler:રાજા; ભૂપ;મહીપાલ; ભૂપતિ. 2. A playing card having the picture of the king:રાજાનું પત્તું;રાજા.3. The chief piece in the game of chess:શેત્રંજમાં રાજા-બાદશાહ **K** *counsel*: સરકારી વકીલ. *The* **k.**'s *English*,pure English:શુદ્ધ-ઇંગ્રેજી ભાષા.

King-craft,(કિંગ્ ક્રેફ્ટ્)*n*.The craft of kings; royal policy: રાજનીતિ; રાજ્યચાતુર્ય.

King cup, (કિંગ્-કપ્)*n*.The common butter cup: પ્યાલો.

Kingdom, (કિન્ગ્ડમ્) *n*. The territory or country subject to a king or queen:રાજ્ય; મૂલક.

King-fisher, (કિંગ્-ફિશર્)*n*. A kind of bird constituting the family Alcedo:એક જાતનું જળગામી પક્ષિ.

Kingly,(કિંગ્લિ)*a*. Regal:રાજાનું;રાજસત્તાક.

King's bench,(કિંગ્સ-બેન્ચ્) *n*. The highest court of common law in England:સૌથી મોટી રાજાની કચેરી.

King-ship,(કિંગ-શિપ્) *n*. Royalty:રાજ્યપદ.

King's evil, (કિંગ્સ-ઇવલ્) *n*. The scrofula: કંઠમાળ.

King'sfolk,(કિંગ્સ્ફોક્)*n*.Relatives:સગાંવહાલાં

Kins-man,(કિન્સ્મેન્)*n*.One related by blood: સગો;સંબંધી;બંધુજન;સ્વજન;કુટુંબી;સપિંડ;સગોત્ર.

Kip,(કિપ્)*n*.The hide of young beasts:નાનાં ઢોરનાં ચામડાં.

Kipe, (કાઇપ્) *n*. An oiser basket used for catching fish: માંછલીઓ પકડવાની ટોપલી.

Kip-skin, (કિપસ્કિન્) *n*. Leather prepared from the skin of young cattle: નાનાં ઢોરનાં સાફ કરેલા ચામડા. [વાંકું; વક.

Kirked,(કર્કેડ)*a* Turned upward;bent:વળેલું;

Kirk-man, (કર્ક્મેન્) *n*. A priest:પાદરી.

Kismet,(કિસ્મેટ્)*n*.Destiny;fate:નસીબ;ભવિષ્ય.

Kiss, (કિસ્)*vt*.To make salutation with the lips:બચ્ચી કo;હોઠથી અડકવું.*n*. A salutation with the lips: બચ્ચી; બુકી; ચુંબન; ચુંમી.

Kisser,(કિસર્)*n*.One who kisses:બચ્ચી કરનાર

Kist, (કિસ્ટ્) *n*. A coffin:પેટી; શબપેટિકા.

Kit (કિટ્)*vt*. To cut:કાપવું. 2 A small violin: નાની બેઠાસુરની સારંગી.

Kit, (કિટ્)*n*. A large bottle:મોટો શીસો.2. A wooden tub:લાકડાનું પીપ.3.A whole outfit: બધો ખટલો;સરસામાન.

Kitchen, (કિચન્) *n*. [L *culina*,kitchen.] A cook room: રાંધવાની ઓરડી; રસોડું; રાંધણીયું.

Kitchen-garden,(કિચન્-ગાર્ડન્)*n*.A field or garden of vegetable:શાક ભાજીનું ખેતર.

Kitchener,(કિચનર્)*n*.A cook:રસોઇઓ;પાચક.

Kitchenery,(કિચનેરી)*n*.A body of servants employed in the kitchen: રસોઈયા.

Kite, (કાઇટ્) *n*. Any rapacious bird of the hawk kind: શમળી. 2. A light frame of wood or other material covered with paper or cloth for flying in the air at the end of a string:પતંગ.

Kite, (કાઇટ્) *n*. Belly: પેટ; હોજરી.

Kith, (કિથ) *n*. Kindred:ઓળખીતું;સગું.

Kitling, (કિટ્લિંગ્) *n*.A young kitten:બિલાડીનું બચ્ચું. [બચ્ચું-બચ્ચાં.

Kitten,(કિટન્)*n*.Young ones of cat:બિલાડીનું-

Knack, (નૅક્)*vi*.To speak affectedly: ઢોંગથી બોલવું. *n*. Skill; dexterity: ચાતુર્ય; કરામત. 3. A trick:જુક્તિ;કળ;કસબ;હિકમત.

Knacker,(નૅકર્)*n*. A harness-maker:ઘોડાનો સામાન બનાવનાર. 2. One who sells horse's flesh for dog's meal:કુતરાને ખાવા સારૂં ઘોડાનું માંસ વેચનાર.

Knacky,(નૅકિ)*a*.Cunning;crafty:લુચ્ચું; કપટી.

Knag, (નૅગ્)*n*. A knot in wood:ગાંઠ;ગાંઠો. 2. A wooden key for hanging things on: ખીલી; ખીંટી.

Knaggy, (નૅગિ)*a*. Knotty; rough:ગાંઠાવાળું.

Knap, (નૅપ્)*n*. A sharp blow or slap:થપ્પડ. *vt*. To bite: બચકું ભરવું. [રીસાળ.

Knappish, (નૅપિશ્)*a*. Snappish; peevish:

Knap-sack,(નૅપ્-સૅક્)*n* A case of canvas or leather for carrying necessaries or the clothing:ઝોળણો; બચકો; ખડીઓ; પાકીટ; થેલી.

Knave,(નેવ્)*n*. A rogue:દગાબાજ;ધૂર્તારો;ઠગ.2. A playing card marked with the figure of a servant:ગુલામ (પત્તામાં).

Knavery,(નેવરિ)*n*.The practices of a knave; fraud; trickery: ઠગાઇ; લુચ્ચાઈ; હરામખોરી.

Knavess,(નેવેસ્)*a*.A knavish woman:છીનાળ.

Knavish,(નેવિશ્)*a* Fraudulent:લુચ્ચો;ઠગારો.

Knavishly,(નેવિશલિ)*adv*.In a knavish manner:લુચ્ચાઈથી;ઠગાઇથી;ધૂર્તાઈથી; દગલબાજીથી.

Knead,(નીડ્)*vt*. To work and press into a mass with the hands as flour:ટૂંપવું; ગુંદવું.

Knee, (ની)*n*.[L.*genu*,a joint.] The joint in the middle part of leg:ઘૂંટણ [પડવું.

Kneel, (નીલ્)*vi*. To bend the knee:ઘૂંટણીએ;

Knee-pan, (નીપૅન્)*n*. The patella:જાનુફલક.

Knell, (નેલ્) *n*. A death signal: મરણ અથવા શબ લઇ જતી વખતે વગાડેલો ઘંટો;પ્રેતઘંટ. *vi* To sound as a knell:મરણને વખતે ઘંટ વગાડવો.

Knick-Knack, (નિક્-નૅક્) *n*. A toy: રમકડું.

Knife,(નાઇફ્)*n*. An instrument consisting of a thin blade usually of steel and having a sharp edge for cutting:ચક્કુ; ચાકુ-ચપ્પુ.

Knight, (નાઇટ્) *n*. (*a*) In feudal times, a man at arms:ફ્યુડલ પદ્ધતિ પ્રમાણે શસ્ત્રધારી.(*b*) One on whom knighthood, a dignity next below that of baronet is conferred to be addressed as sir:જેને સરનો ખિતાબ મળ્યો હોય તે પુરૂષ;સરદાર બહાદુર;નાઇટ.(*c*)A champion:વીરપુરૂષ;શૂરવીર.**K**.*of the post*:જુઠી શાક્ષી પુરનાર.*vt*. To dub or create a knight: સરનો ખિતાબ-પદવી આપવી.

Knight-errant, (નાઇટ્એરૅન્ટ્) *n*.A wandering knight:પોતાનું શૂરાતન બતાવનારો શૂરવીર.

Knighthood, (નાઇટ્ હુડ્) *n*. The dignity of a knight:નાઇટ નામના સરદારોની પદ્વિ-ઓહ્દો. 2.The whole body of knights:નાઇટમંડળ.

Knightly, (નાઇટ્લિ) *a*. Becoming a knight: નાઇટને યોગ્ય એવું.

Knit, (નિટ્) *vt*. To form into a knot:બાંધવું; ગાંઠ વાળવી. 2. To form as a textile fabric: ગુંથવું 3. To unite closely:એકઠું કo.

Knob,(નૉબ્) *n*. A hard protuberance:બહાર પડતી ગાંઠ-ગાંઠો;ગુંડો;ગુંચ;ગ્રંથી;મોગરો.

Knobby,(નૉબિ) *a*. Full of knobs:ગાંઠાવાળું.

Knock, (નૉક્)*vi*. To drive or be driven against something; to clash:અથડાવું;અફળાવવું. 2 To strike with something hard or heavy: ઠોકવું.*To* **k**.*off*,to desist:અટકવું.*vt*. To strike with something hard or heavy:ઠોકવું;અથડાવવું;પછાડવું;ફટકારવું.2. To rap upon as a door: બારણું ઠોકવું *To* **k** *down*. (*a*)to strike down; to fell:ઠોકી-મારી પાડવું (*b*)To assign to a bidder in an auction:હરાજીમાં માગણી કરનારને આપવું. *n*. A blow: ભારે વસ્તુનો ઘા; ઠોક; પ્રહાર.

Knocker, (નૉકર્)*n*.One who knocks:બારણું ઠોકનાર.

Knoll, (નૉલ્) *n*. A little hill:નાની ટેકરી.

Knoll,(નૉલ્)*vt*.To ring as a bell:મરણને વખતે ઘંટ વગાડવો.*vt*.To knell:ઘંટવગાડવો.*n*.A bell:ઘંટ

Knot,(નૉટ્)*n* A fastening together of the parts or ends of one or more threads:ગાંઠ. 2.A nautical mile:દરિયાઈ માઈલ.*vt*.To tie in or with:ગાંઠ વાળવી.

Knotty, (નૉટિ) *a*. Full of knots:ગાંઠવાળું. 2. Difficult: મુશ્કેલ; ગુંચવણ ભરેલું.

Knout,(નાઉટ્)*n* A kind of whip for flogging criminals:સજા કરવાનો ચાપકો;ચાબુક.

Know,(નૉ) *vt*.To understand:જાણવું;-ને ખબર હોવી. 2. To be acquainted with: ઓળખાણ હોવી. 3. To recognize:ઓળખવું.

Knowable,(નૉઍબલ્)*a*.That may beknown: જાણી શકાય તેવું;જ્ઞેય;જ્ઞાનગમ્ય;જ્ઞાતવ્ય;બુદ્ધિગમ્ય.

Knowing, (નૉઇન્ગ્)*n*. Skilful: ચતુર; સમજુ.

Knowingly,(નૉઇંગ્લિ)*adv*.With knowledge: જાણી જોઇને;જાણીબુજીને.

Knowledge,(નૉલેજ્)*n*. The act or state of knowing: જ્ઞાન;માહિતિ; ખબર;ગમ; સમજણ. 2. Instruction;learning:જ્ઞાન;વિદ્યા;વિદ્વતા;પ્રવીણતા.

Knuckle, (નકલ્) *n*. The joint of a finger: હાથનાં આંગળાંનો સાંધો: વેઢો; હાથનાં આંગળાં વાળવાથી થએલો ઢેકો.

Kyanize,(કાઇએનાઇઝ્)*vt*.To render (wood) proof against decay by saturating with solution of corrosive sublimate in open tanks or under pressure:લાકડું સળી ન જાય માટે રસકપુર લગાડવો.

L.

L.The twelfth letter of the English alphabet:અંગરેજી મુળાક્ષરનો બારમો અક્ષર.2. As numeral it stands for 50: આંકનીસંજ્ઞા તરીકે એ ૫૦ ને માટે વપરાય છે

La.(લે)*n*.Tone:ગાયનનો સુર.*interj*. Look; see; behold: જુઓ; જોજો. 2. An exclamation of surprise:આશ્ચર્યનો ઉદ્દગાર.

Label,(લૅબેલ્)*n*.[L *labellum*.] A slip of silk paper &c.affixed to anything to indicate something:નિશાની સારૂ મારેલી ચીઠ્ઠી;ટિકિટ. *vt*. To affix a label:ને ઉપર ચિઠ્ઠી ચોડવી.

Labial,(લૅબિઅૅલ્)*n*.[L.*labium*, lip.] Sound formed or uttered chiefly with the lips: ઓષ્ઠસ્થાની અક્ષર-વર્ણ;ઓષ્ઠ્ય 2.A fine pipe:એક જાતનું વાજું.*a*.Pertaining to the lips:ઓષ્ઠસ્થાની;ઓષ્ઠ્ય.

Labiodental, (લૅબિઓડેન્ટલ્) *a*. Formed or pronounced by the co-operation of the lips & teeth:હોઠ ને દાંતથી ઉચ્ચાર થાય તેવું;દંતોષ્ઠ્ય.

Laboratory, (લૅબૉરટૉરિ) *n*. The work room of a chemist or a physician: રસાયન પ્રયોગ-ઔષધ-ક્રિયાશાળા;પ્રયોગશાળા.

Laborious,(લૅબૉરિઅસ્)*a* [L. *laboriosus*.] Toilsome:tiresome:મહા મહેનતવાળું,શ્રમવાળું.

Laboriously,(લૅબૉરિઅસ્લિ)*adv*. Diligently; industriously:મહેનત શ્રમ લઈને;શ્રમ-પ્રયત્નપૂર્વક.

Laboriousness,(લૅબોરિઅસનેસ્)*n*. Industry; diligence:ઉદ્યોગ;ખંત;ઉધમ;શ્રમ સાધ્યતા.

Labour,(લૅબર)*n*.[L. *labor*.] Exertion: મહેનત;શ્રમ.2 That which requires hard work: મજુરીનું કામ;વૈતરૂં.3 Travail:પ્રસવ-પ્રસુતિ વેદના. 4.Any pang or distress:કષ્ટ;વેદના;દુ:ખ. *vt*.To work:મહેનત કરવી.2.To take pains; to strive: માથાફોડ-મહેનત કo.3.To be in travail: પ્રસવ-વેદનામાં હોવું.

Lsboured,(લૅબર્ડ્) *a*. Elaborately wrought; not easy:મહેનતથી કરેલું-ખેડેલું;શ્રમસિદ્ધ.

Labourer,(લૅબરર)*n*. One who works: મજુર.

Laboursome, **Laborious**, (લેબર્સમ લૅબરિઅસ્)*a*.Requiring great labour: મહેનતવાળું.

Labyrinth,(લૅબિરિન્થ્)*n*. [L *labyrinthus*.] A place full of intricate passage ways: આડા અવળા રસ્તા રાખેલા એવી ઇમારત-જગો. 2. Inclosure in a park:ભુલભુલામણી.

Labyrinthian,(લૅબિરિન્થિઍન્)*a*. Perplexed: મુસ્કેલ;અઘરૂં;આડાઅવળા રસ્તાવાળું;ગહન.

Labyrinthine,(લૅબિરિન્થાઈન્)*a*.Like a labyrinth:આડાઅવળા રસ્તાની ઇમારતનું;ગુંચવણવાળું.

Lac,(લૅક્)*n*.One hundred thousand: a great number:લાખ;લક્ષ.2 A resinous substance: રાળ જેવો પદાર્થ;લાખ.

Lace,(લૅસ્) *n*. [L. *laqueus*, noosesnare.] Fine threads of linen:ફીત;દોરી; પટી; કોર. *vt*. To fasten with a lace:કોર-ફીત મૂકવી.

Laced,(લૅસ્ડ્) *a* Fastened with a lace:વણેલું; દોરી પાડેલી

Lacerable,(લૅસરૅબલ્)*a* [L.*lacerabilis*.] That can be lacerated or torn:ચીરી-ફાડી શકાય તેવું.

Lacerate,(લૅસરેટ્)*vt* To tear:ફાડવું;ચીરવું.

Laceration, (લૅસરેશન્) *n*. A breach or wound made by rending:ચીરાડો;ચીરો.

Lachrymal,(લૅક્રિમૅલ્)*a*. [L. *lacrimatear*.] Pertaining to tears:આંસુને લગતું

Lachrymose,(લૅક્રિમૉસ્)*a*.[L. *lacrimosus*.] Shedding tears:આંસુ લાવનારૂં.

Lacing, (લૅસિંગ્) *n*. The act of fastening with a lace:ગુંથેલી દોરી પરોવીને બાંધવી તે.

Lack,(લૅક્)*n*. Want;need: ખોટ;જરૂર;ખુટકો;ઘટ; તંગી;તાણ;ન્યૂનતા 2.To want: કમી-ન્યૂન હોવું. *vi*. To be wanting:ખૂટવું;ઘટવું.

Lackadaisical,(લૅકૅડેઝિકૅલ્) *a*. Affective pensive:ચિંતન-ચિંતાનું ડોળ બતાવનાર.

Lack-a-day,(લૅકૅડે)*interj* A lack a day;alas: હાય હાય !;અફસોસ !;તોબા તોબા !;ગજબ ગજબ!.

Lackbrain,(લૅક્બ્રેન્)*n*.One who is deficient in understanding:થોડી સમજણ વાળો માણસ.

Lacker,(લૅકર) *n*. One who lacks or is in want:-ની તંગીવાળો માણસ.

Lackey,(લૅકી)*n*.An attending male servant a footman; a servile follower: ખિજમતદાર; ચાકર.*vt*. To attend as a lackey: ચાકરી કરવી. *vi*.To serve as a lackey:ચાકરની માફક વર્તવું.

Laconic cal,(લૅકૉનિક્ કૅલ્) *a*. [Gr. *laconia*, Sparta] Brief;pithy:ટુંકામાં કહી નાખનાર.

Laconically,(લૅકૉનિકલ) *adv*. In a laconic manner:સંક્ષિપ્તપણેથી;ટુંકામાં.

Laconism,(લૅકૉનિઝમ્) *n* A vigorous, brief manner of expression;laconic style:અલ્પાક્ષર ભાષણ;લઘૂક્તિ.

Laconize, (લૅકૅનાઇઝ) *vi*. To imitate the brief, pithy speech: લેકોનીયન્સની પેઠે ટુંકામાં બોલવું.

Lacquer, (લૅકર;*n* A kind Varnish:એક જાતનો રોગાન.*vt*.To cover with laquer:રોગાન લગાડવો.

Lacquerer,(લૅકરર)*n*. One who makes a business of lacquering:રોગાન લગાડનાર-દેનાર.

Lacquering,(લૅકરિંગ્)*n*.The act or business of putting on lacquer:રોગાનનો હાથ.

Lactage,(લૅક્ટેજ્)*n*.[L *lac lactis*,milk.]Milk and what is made from it:ગોરસ;માંખણ.

Lactant,(લૅક્ટૅન્ટ્)*a*.[L *lacto*,I suck.]Suckling giving suck:ધવડાવતા;ચૂસાવતું.

Lactary,(લૅકટેરિ)*a*.[L *lac*,*lactis*,milk.]Milky; full of white juice like milk: દુધેલ; દુધીયું. *n*. A dairyhouse: દહીં દુધ વીo વેચવાની દુકાન; દુધશાળા.

[પાન કરાવવું તે; ધવડાવવું તે.

Lactation, (લૅક્ટેશન્)*n* A giving suck:સ્તન્ય-

Lacteal,(લૅકટીઍલ્) *a*. [L. *lacteus*, milky.] Milky; pertaining to milk:દુધનું-સંબંધિ.

Lacteous,(લૅકટીઅસ)*a*. Milky:દુધવાળું.

Lactescence,(લૅકટેસેન્સ્) *n*. Milklike juice; a milky color:દુધ જેવો રસ; દુધ જેવો રંગ.

Lactescent, (લૅકટેસેન્ટ્) *a*. Having a milky look;becoming milky:દુધ જેવા દેખાવનું.

Lactic,(લૅકિટક્) *a*. [L *lastis*, milk.] Of or pertaining to milk:દુધનું-સંબંધિ.

Lactiferous,(લૅકિટફરસ્)*a*. [L *lactis*, milk.] Containing milk:દુધ જેવા પદાર્થવાળું.

Lacuna,(લૅક્યૂનૅ)*n pl* **lacunæ**,[L.*lacunæ*, a ditch.]A small opening;a small pit;a small blank space:નાનું બાકું;નાનો ખાડો;ગ્રાસ.

Lacustral,or **Lacustrine**, (લૅકસ્ટ્રૅલ્ લૅકસ્ટ્રાઈન્)*a*.Pertaining to, lakes or ponds:સરોવર સંબંધિ.

Lad,(લૅડ્)*n*.A boy;a youth:છોકરો;જુવાનીઓ.

Ladder, (લૅડર)*n*. A frame,usually portable, of wood:નિસરણી; સીઢી.

Lade,(લૅડ્)*vt*.*imp* **laded**. *p*. *p*. **laden**. To load;to put a burden on:લાદવું;ઉપર-માં ભરવું.

Lading,(લૅડિંગ્)*n*.The act of loading:ભાર ભર-

વાનુંકામ.2.Burden;cargo:ભરેલો માલ;ભાર;ભારદાન.

Ladkin,(લૅડ્કિન્)*n.*A little lad:નાનો છોકરો.

Ladle,(લૅડલ્) *n.* A cuplike spoon used in lading or dipping:ડોઇ; પળો; ડોઈઓ; પળી; ચમચો; કડછી. *vt.* To take up and convey in a ladle; to dip with:ડોઇએ વતી કાઢવું.

Ladleful,(લૅડલ્ફુલ્)*n.*A quantity sufficient to fill a ladle:કડછીમાં માય તેટલું;કડછીપુર [ચાંચીઓ.

Ladrone,(લૅડ્રોન્)*n* A robber;a pirate:લુટારો;

Lady,(લૅડિ)*n.*A mistress; the femalehead of a household:શેઠાણી;ઘરની અંદરની મૂખ્ય સ્ત્રી.2. A woman having authority:ઉમરાવ સ્ત્રી.3.A woman of refined or gentle manners, a well-bred woman:સારી સ્થિતમાં ઉછરેલીસ્ત્રી 4. A wife:પરણેલી સ્ત્રી.

Ladyday, (લૅડિડે)*n.*The day of the innunciation of the Virgin Mary, March 24th:તા. ૨૪ મી માર્ચનો દીવસ.

Ladylike, (લૅડિલાઈક્) *a.* Wellbred; like a lady in appearance:કુલીન સ્ત્રીનાજેવું;શિષ્ટ;સભ્ય.

Lady-love,(લૅડિ-લવ્) *n.* A sweetheart or mistress:માસુક;પ્રિયા;પ્રિયતમા;કાંતા;પ્રણયિની.

Lady-ship,(લૅડિશિપ્) *n.* The rank or position of a lady:કુલીન સ્ત્રીનો મરતબો-ખેતાબ.

Lag,(લૅગ્)*a* Slow;tardy;coming tardily after or behind: ધીમે ધીમે પાછળ આવતું. *n.* One who lags:પાછળ પડી જનાર.2 To stay behind: પાછળ રહેવું-પડવું 3.To cause to lag;to slacken: પાછળ પાછળ જવા દેવું.

Laggard,(લૅગાર્ડ્)*a* Slow;sluggish:ધીમે; મંદ; વિલંબી *n.*One who lags:રઝળનાર.

Lagger,(લૅગર) *n.* A laggard; loiterer: રખડનાર;રઝળનાર. [છાછરૂ તળાવ,

Lagoon,(લૅગૂન્) *n.* A shallow pond or lake:

Laic laical,(લૅઇક્ લૅઇકલ્)*a.*[L. *laicus.*] Pertaining to layman:અજ્ઞાન લોકનું; સંસારી.

Laic,(લૅઇક્)*n.*A layman:સંસારી માણસ.

Laid,(લૅડ્) *Imp. & p. p.* of **lay**: રાખેલું; મુકેલું. *Laid-paper*:સીધી લીટીઓ મારેલો કાગળ.

Lain,(લૅન્)*p. p.* of **lie**:ઉંઘેલું;સુતેલું;પડેલું.

Lair,(લૅર) *n.*A place in which to lie or rest; the bed of a wild beast:બખોલ,બોડ; ગુફા;દર.

Laird, (લૅર્ડ્)*n.* A lord;one who holds a fief directly of the crown:ઉમરાવ;વતનદાર.

Laity,(લૅઇટિ) *n.* The people as distinguished from the clergy:સંસારીલોક;ગૃહસ્થવર્ગ;ગૃહસ્થ

Lake,(લૅક્)*n.* [L *lacus.*] A large body of water contained in a depression of earth's surface: સરોવર; તળાવ; જળાશય; જળાધાર.

Lakelet,(લૅકલેટ્)*n.*A little lake:નાનું સરોવર.

Laky, (લૅકિ) *a.* Pertaining to a lake:સરોવર સબંધિ.2.Transparent:પારદર્શક.

Lamb,(લૅમ્)*n*,The young of the sheep:ઘેટાનું બચ્ચું;હલવાન.2.A gentle person:ગરીબ-રાંકડું. L *of God*:ઈસુખ્રિસ્ત.

Lambent,(લૅમ્બેન્ટ્)*a.* [L. *lambo,* I lick.] Playing on the surface:રમતું;ચંચળ.

Lambkin,(લૅમ્કિન્)*n.*A small lamb:નાનું ઘેટું.

Lamb-like,(લૅમ્લાઇક્)*a.*Like a lamb:ઘેટા જેવું.

Lame,(લૅમ્)*a.*Crippled:લુલુ;લંગડું;પાંગળું;ખોડું; પંગુ *vt.*To make lame:લુલુ કરવું.

Lamella(લૅમેલૅ)*n.Pl.***Lamellæ.**[L *lamella* dim.]A thin scale:બારીક ભીંગડાં.

Lameness,(લૅમનેસ્)*n.*The condition or quality of being lame:અપુરાપણું;ખોડ;લંગડાપણું.

Lament,(લૅમેન્ટ્) *vi.* [L. *lamentari*]To express or feel sorrow:દીલગીરથવું;વિલાપ કo;રોવું;કલ્પાન્ત કo *vt.* To mourn for:-ને માટે રોવું.

Lamentable (લૅમેન્ટેબલ્)*a.* Mourning; sorrowful:દિલગીર;શોકયુક્ત;શોકાતુર;ખિન્ન;ખેદજનક.

Lamentation,(લૅમેન્ટેશન્)*n* [L *lamentatio*] The act of bewailing:શોક;વિલાપ; કલ્પાન્ત.

Lamina,(લૅમિનૅ)*n.pl* **Laminæ.**[L *lamella.*] Thin plate of scale;a layer lying over another:પડ;થર;તરખ;ભીંગડી;પોપડી.

Laminar,Laminable,(લૅમિનાર્ લૅમિનૅબલ્)*a.* Capable of being split into thin plates: પતરાં થઇ શકે એવું;પતરીવાળું;પાતળા પડવાળું.

Laminated,(લૅમિનેટેડ્)*a.*Consisting of thin plates:પડવાળું.

Lamination,(લૅમિનેશન્) *n.* The process of laminating:બહુજ બારીક ભીંગડાનું બંધારણ.

Lamish,(લૅમિશ્)*a.*Somewhat lame:થોડું લુલું.

Lammas,(લૅમ્મૅસ્)*n.*The first day of August: અગષ્ટ માસનો પહેલો દીવસ.

Lamp,(લૅમ્પ્) *n.* [L. *lampas.*] A light-producing vessel:કોડીયું;દીવો Cluster of L.s:ઝુમર

Lampblack,(લૅમ્પ્બ્લૅક્)*n.*The fine impalpable soot obtained from the smoke of lamp:કાજળ;મેશ;દીપિકટ્ટ.

Lamplight, (લૅમ્પ્લાઇટ્) *n.* Light from a lamp:દીવાનું અજવાળું;પ્રકાશ.

Lamplighter,(લૅમ્પ્લાઇટર્)*n.*One who lights street lamps; that which lights a lamp: દીવો સળગાવનાર;દીવો સળગાવવાની બતી.

Lampoon,(લૅમ્પૂન્) *n.* A personal satire in writing: કોઇની નિંદા-નાલાશી-બદબોઇનું લખાણ; નિન્દાલેખ *vt.*To make the subject of a lampoon:-ની નાલાશી-નિંદાલખવી.

Lampooner, (લૅમ્પૂનર્) *n.* The writer of a lampoon: નાલાશી-નિંદાનું લખાણ લખનાર;નિંદા લેખ કરનાર.

Lampstand, (લૅમ્પ્સ્ટૅન્ડ્) *n.* A stand for a lamp:દીવી;ચાડું;સમેદાની.

Lanated,(લૅનેટેડ) *a.* [L. *lanatus.*] Woolly; covered with fine long hair:ઉનવાળું-નું-સરખું

Lance,(લેન્સ્)*n.*[L.*lancea.*]A spear carried by horsemen: બરછી; ભાલો. *vt.* To pierce with a lance:બરછી-ભાલો મારવો.2.ફેંકવું; મારવું.

Lancer,(લૅન્સર્)*n.*One who lances;one who carries a lance:ભાલો મારનાર;ભાલો લઇ ચાલનાર.

Lancet,(લૅન્સેટ્) *n.* A surgical instrument used in dissection:નસ્તર.

Lanch,(લૅન્શ્)*vt.*To throw a lance:ભાલો ફેંકવો.

Lanchiform,(લૅન્ચિફોર્મ્)*a* Having the form of a lance:ભાલાના આકારનું.

Lancinate(લૅન્સિનેટ્)*vt.*[L *lacino*,I tear.]To tear;to lacerate;to pierce:ફાડી નાંખવું;ભોકવું.

Land, (લૅન્ડ્) *n.* The solid part of the surface of the earth:જમીન; ધરતી; ભોંય;સ્થળ. 2 A nation:લોક;પ્રજા.*vt* To disembark,to debark: વહાણપરથી કીનારે ઉતારવું. *vi.* To go on shore from a ship;to disembark:ઉતરવું.

Landbreeze,(લૅન્ડ્બ્રીઝ્)*n.* A wind blowing from land to sea:કિનારા તરફથી વહાતો પવન.

Landed,(લૅન્ડેડ્)*a.*Having one estate in land ભોંયભાડાવાળું;જમીનદાર;ભૂમિ-ધનવાળું.

Landflood(લૅન્ડ્ ફ્લડ્)*n* An over-flowing of land by a river:પૂર;રેલ.

Landforce,(લૅન્ડ્ફોર્સ્)*n.*An army that fights on the land:જમીન ઉપર લડનાર લશ્કર.

Land holder,(લૅન્ડ્હોલ્ડર્)*n.*A holder,owner or proprietor of land:વતનદાર;જમીનદાર.

Landing,landingplace, (લૅન્ડિગ્ લેન્ડિંગ્પ્લૅસ)*a* Used for sitting bringing or going on shore:કીનારે લાવવા લઇ જવાનું.

Landlady, (લૅન્ડ્લૅડિ) *n.* A woman having real estate:જમીન-ઘરની માલીક-ધણી;જમીનદારેણ.

Landlock,(લૅન્ડ્લૉક્)*vt.*To inclose or nearly inclose:સઘળી બાજુએ જમીનથી આંતરી લેવું

Landloper, (લેન્ડ્લૅાપર્) *n.* A vagabond; a vagrant:ભટકનાર;રખડનાર.

Landlord,(લૅન્ડ્લૅાર્ડ્)*n.*The lord of a manor; the owner of land or houses:જમીનદાર;જાગીરદાર

Landmark,(લૅન્ડ્માર્ક્) *n.* A mark to designate the boundary of land:હદનું નિશાન-બાણ.

Landmeasuring,(લૅન્ડ્મેઝ્યૂરિંગ્)*n.* The measurement of land:ખેતર જમીન વીગેની માપણી.

Landoffice,(લૅન્ડ્ઑફિસ) *n.* A government office, in which the entries upon public land are registered:જમાબંધી ખાતાની કચેરી.

Landowner,(લૅન્ડ્ઑનર્)*n.*An owner of land: જમીનદાર;ગરાશીઆ.

Landscape,(લૅન્ડ્સ્કેપ્)*n.* A portion of land or territory which the eye can comprehend in a single view:નજરે પડતી જમીન તથા તે ઉપર આવેલા પદાર્થ;દગ્ભૂમિ;નજરભાઇ;દૃષ્ટિ પ્રદેશ. 2. The pictorial aspect of a country: કોઇ પ્રદેશનો ચિત્રાંતર્ગત દેખાવ;પ્રદેશનું ચિત્રસ્વરૂપ.

Landslip,(લૅન્ડસ્લિપ્)*n.*The slipping down of a mass of land from a mountain:પહાડની ભેખડ પડવી તે.

Landsman, (લૅન્ડ્ઝ્મૅન્) *n.* A sailor on his first voyage:નવો સફરી ખલાશી.

Landwaiter,(લૅન્ડ્વેટર્)*n.*An officer appointed to take care of the goods coming to a port;બંદરમાં આવતા માલની તપાસ રાખનાર અધિકારી.

Landward.(લૅન્ડ્વર્ડ્)*adv.*& *a.*Toward the land:જમીન તરફ.

Landwind,(લૅન્ડ્વીન્ડ્)*n.*Wind blowing on the shore:કીનારાનો પવન.

Lane લૅન્)*n* A passage way between fences or hedges;an alley between buildings:નાળ.

Language,(લૅંગ્વૅજ્)*n.*[L.*lingua*,the tongue] Any means of conveying ideas; human speech:બોલી-માણસની બોલેલીભાષા.

Languid (લૅંગ્વિડ્)*a.*[L. *lingua*] Drooping; weak;weary;dull:ઢીલું;લબડી ગયેલું;સુસ્ત;શિથિલ. 2.Slow in progress:ધીમું;ઢીલું;મંદ;નરમ

Languidly,(લૅંગ્વિડ્લિ) *adv.* In a weak,dull way:આળસુપણાથી.

Languish,(લૅંગ્વિશ્)*vi.*To lose strength:નરમ થવું;નબળા થઇ જવું. *vt.* To cause to droop or pine:નરમ-નબળા કo.

Languishing, (લૅંગ્વિશિંગ્) *a.* Becoming languid and weal:અશક્ત-નબળું થઈ જવું.

Languishment, (લૅંગ્વિશ્મેન્ટ્)*n.* The state of languishing:અશક્તિ;નબળાપણું:ઉત્કંઠા.

Languor,(લૅંગ્વર)*n.* [L.*languor.*]Weariness; feebleness:થાક;કમજોરી;સૂસ્તી;શિથિલતા;મંદતા.

Lank,lanky,(લૅંક્ લૅંકિ)*a.* Slender and thin: લબડી-ઝુલી ગયેલું 2. Languid:મંદ; સુસ્ત.

Lantern,(લૅન્ટર્ન્)*n.*Something inclosing a light and protecting it from wind & rain ફાનસ;ટંડિલ.

Lanyard,(લૅનિયાર્ડ્)*n.*[L.*lana*,wool.]A short piece of rope or line for fastening something in ships:વહાણનાં દોરડાં.

Lap,(લૅપ્)*n.*The loose part of a coat;a skirt; ઘેર;ચાળ;ઝુલ 2 An edge; a border;કોર;છેડો.3. The part of the clothing that lies on the knees when one sits:ખોળો. 4. ગોદ; ઉત્સંગ; ખોળો. *vt.* To rest in a lap:ખોળામાં સુવું 2. To fold:વાળવું;ઘડી કરી કo. 3.To wrap round something:વીંટાળવું;લપેટવું.*vi.*To be turned or folded:ભેગાં પડી રહેવું.2.To take up drink or food with tongue:ચાટવું;બચ બચ પી-ખાઈ જવું.

Lapdog,(લૅપ્‌ડૉગ્)*n*.A small dog fondled in the lap:ખોળામાં રમાડવાનો વહાલો-લાડકો કુતરો.

Lapful,(લૅપ્ ફુલ્)*n*.As much as the lap can contain:ખોળાપૂર;ખોળે ભરાય એટલું.

Lapidary, (લૅપિડેરિ) *n*. [L. *lapidarius*, pertaining to stones.] A dealer in precious stones:ઝવેરી;મણીકાર.*a* Of or pertaining to the art of cutting stones: હીરાપર પેહેર-કોતરણ કરવાના હુનર સંબંધિ.

Lappet,(લૅપેટ્) *n*. A small decorative fold: ચાળ;ઝુલ;ઘેર *vt*. To decorate with a lappet: ઝુલથી સુશોભિત કરવું.

Lapse,(લૅપ્સ્)*n*.[L.*lapsus*] A gradual falling:સ્ખલન;સરણ. 2. Unobserved progress: ગતિ; વહન. 3. A slip: દોષ; ચૂંક *vi*. To pass slowly and smoothly:ધીમે ધીમે જવું. 2 (*a*) To fall or pass from one proprietor to another: ની માલકી બદલ. (*b*) To become void:હક નેવો-ડુબવો. *vt*. To let slip; to allow to pass:જવાદેવું;સોંપી દેવું.

Lapstone,(લૅપ્સ્ટૉન્)*n* A stone for the lap on which shoe-makers beat leather:છીપર; મોચીનો ચામડાં ઠોકવાનો પત્થર.

Lapsuslinguæ,(લૅપ્સસ્‌લિંગ્વી)*n*.Slip of the tongue:જીભદોષ;વાક્‌દોષ;જીહ્‌વાદોષ;મુખદોષ.

Lapsusmanus,(લૅપ્સસ્‌મૅનસ્)*n*. Slip of the hand:હસ્ત દોષ.

Lap wing,(લૅપ્‌વિંગ્)*n* A small bird:ટિટોડી.

Larboard,(લાર્‌બોર્ડ્)*n*. The left hand side of a ship to one on board facing toward the bow:વહાણનું ડાબું બુડદું.

Larceny, (લાર્સેનિ) *n*. [L. *latro*, robber.] Personal theft:સ્તેય;ચોરી;ચૌર્યકર્મ.

Lard,(લાર્ડ્)*n* [L *lardum*.]The fat of swine: ડુક્કરની ચરબી *vt*. To stuff with bacon:ચરબીથી ચીકણું કરવું.

Large,(લાર્જ્)*a* [L. *largus*.] Big; great; extensive:મોટું;વિશાળ. 2. Abundant; ample: ઘણું;બહુ;પુશ્કળ;અઢળક; કદાવર *At* l (*a*) Without restraint: સ્વેચ્છાચારે; મોકળું; છૂટું. (*b*) Diffusely:વિસ્તારથી.

Large-hearted,(લાર્જહાર્ટેડ)*a*.Having large heart,noble;liberal:ઉદાર-મોટા મનનું;મહાત્મા.

Largely, (લાર્જ્‌લિ)*adv*.In a large manner: ઉદારપણે;મોકળે હાથે;સારી પેઠે;વિસ્તારીને.

Largeness(લાર્જ્‌નેસ્)*n*The quality or state of being large:મહત્વતા;મોહોટાપણું;ઉદારપણું.

Largess,(લાર્જેસ્)*n*.Liberality:ઉદારતા.

Lark,(લાર્ક્)*n*.Any one of numerous species of singing birds:ચુકંડ પક્ષી;ચંડોળ;લાવરી.

Misthink,(મિસ્થિન્ક્)*vt* To think wrongly: [ખોટો ખ્યાલ કરવો.

Mistime,(મિસ્ટાઈમ્)*vt*.To time wrongly:અકાળે-કવખતે-અકાળ યોજના કo.

Mistranslate,(મિસ્ટ્રેનસ્લેટ્)*vt*. To translate erroneously:અશુદ્ધ ભાષાંતર કરવું.

Mistress, (મિસ્ટ્રેસ્) *n*. A woman having power or authority; the femalehead of a family:ઘર ધણીઆણી.2.A concubine:રાખ;રાખેલી સ્ત્રી. 3 A title of courtesy to a married woman:પરણેલી સ્ત્રીને બોલાવવાનું નામ. 4. woman teacher:સ્ત્રિશિક્ષક-મહેતીજી.

Mistrust,(મિસ્ટ્રસ્ટ્)*n*.Want of confidence:અણવિશ્વાસ;અણપતિજ.*vt*.To distrust;to suspect:અણવિશ્વાસ કo.

Misty,(મિસ્ટિ) *n*. Accompanied with mist: ઝાકળવાળું;ઝરમર ઝરમર વરસતું.

Misunderstand,(મિસ્અન્ડર્સ્ટેન્ડ્)*vt* To mistake:ખોટું-આડું સમજવું;ખોટો-ઉંધો અર્થ કરવો.

Misunderstanding.(મિસ્અન્ડર્સ્ટેન્ડિંગ્) *a*. Mistake in meaning:ખોટી સમજ;ગેરસમજુતી.

Misusage,(મિસ્યૂસેજ્) *n*. Bad treatment;abuse:દુઃખ;ખરાબ ચાલ વર્તણુંક;કુપ્રયોગ;અસત્પ્રયોગ

Misuse,(મિસ્યૂસ્)*n*. Wrong use:ખોટો ઉપયોગ. *vt*.To treat or use improperly;tomisapply: ખોટો ઉપયોગ કરવો.

Mite,(માઈટ્)*n* .A very small insect:ઝીણો કીડો;જીવડું.2 A small coin rated about a third of a farthing:હલકી કિંમતનો એક શીકકો;કોડી.

Mitigable,(મિટિગેબલ્) *a*. That may be mitigated:શાંત થવા-કરવા યોગ્ય.

Mitigate,(મિટિગેટ્)*vt*.[L.*mitis*,mild & *ago*, I do.]To soften: ઓછું-કમી કરવું;ઘટાડવું.

Mitigation,(મિટિગેશન્)*n*.Alleviation;abatement;relief:શાંતિ;ઉપશામન;સુવાણ;ઉતાર.

Mittimus,(મિટીમસ્) *n*. A warrant of commitment to prison: કેદમાં મોકલવાનું હુકમનામું.

Mix,(મિકસ્)*vt*.To mingle: ભેળવું; મેળવવું; મિશ્ર કo;ભેળસેળ કo 2.To unite with in company: સોબત કરવી.*vi*.To become united in a compound:મિશ્ર થઇ જવું; એકઠું થઈ જવું.

Mixture,(મિક્સ્ટ્યૂર્)*n*.[L.*mixtura*,mixture.] The act of mixing;compound:મેળવણી; મિશ્રણ; ભેળ .2. A kind of liquid medicine made up of many ingredients:ચાર પાંચ દવા એકઠી કરીને કરેલી મેળવણી.

Mnemonics,(નેમૉનિકસ્)*n*. (*pl.*) The art of memory: સ્મરણ શાસ્ત્ર વિદ્યા.

Moan,(મૉન્)*n*.Low mournful sound:ધીમો અફસોસ ભરેલો અવાજ;વિલાપ.*vt*.To bewail audibly; પશ્ચાત્તાપ કરવો.*vi*.To make a low prolonged sound of grief:ધીમે સ્વરે રૂદન કo.

Moat,(મૉટ્)*n*.A ditch:કિલ્લાની આસપાસ ખોદેલી ખાઇ-ખાડી.*vt*.To surround with a moat:કોટકિલ્લાને ફરતી ખાઈ ખોદવી.

Mob,(મૉબ્)*n*.[L.*Mobilis*] The lower classes of community:તોફાની લોકોની ટોળીની ઠઠ.2. A throng;a rabble:હુલ્લડ કરનાર લોકોની ટોળી.*vt* To crowd about:જથાબંધ થઇને હુમલો કરવો.

Mobility,(મૉબિલિટિ) *n*. [L. *moveo*,I move.] The quality or state of being mobile:ચાલવાની શક્તિ;ચપળતા 2.The lower classes:નીચીજાત.

Mock,(મૉક્)*n* An act of ridicule:મશ્કરી; મજાક 2.Imitation:નકલ;ચાળા *vt*. To imitate: ચાળા પાડવા 2.To deride:મશ્કરી કરવી.

Mockery,(મૉકરિ)*n*. The act of mocking:નકલ કરવી તે;ચેષ્ટા;અડપલું.2.Derision:મજાક;મશ્કરી.3.Subject of laughter:હાસ્યસ્થાન.

Modal, (મૉડેલ્) *a* Consisting in mode or form only:રૂપાળું;રૂપ પ્રકાર વિષય-સંબંધિ.

Mode, (મૉડ્) *n*. [L. *modus*, a measure.] Method:રીત;રીતિ;માર્ગ 2.Prevailing popular custom:રિવાજ;રૂઢિ. 3. Form or fashion:રૂપ; આકાર;પ્રકાર.4. Condition:અવસ્થા;દશા; હાલત.

Model,(મૉડેલ્)*n*. A specimen:નમુનો; ફરમો. 2. A mold:બીબું;ઓઠું.3.A standard:પ્રમાણ;માપ. 4.Any copy:નમુનો;પ્રિતો;નકલ;પ્રત 5.A pattern: નમુનો; દાખલો. *vt*. To plan or form after a pattern; to form in model:ઘડવું;બનાવવું.

Moderate,(મૉડેરેટ્)*n*.One of a party:ઇંગ્લાંડની એક રાજ્યકીય ટોળી.

Moderate,(મૉડેરેટ્)*a* [L *modus*,a measure] Temperate: નિયમિત; મધ્યમ રીતે ચાલનાર. 2. Reasonable:નરમ;શાંત.*vt*.To lessen;to temper; નરમ પાડવું;ઓછું કo.*vi*.To become less violent severe,or rigorous:ઓછું થવું;નરમ-શાંત પડવું.

Moderately,(મૉડેરેટ્લિ)*adv*.In a moderate manner or degree:નિયમ-રીતસર;મધ્યમ રીતે-સર

Moderation, (મૉડેરેશન્) *n* The act of moderating or of imposing due restraint: મર્યાદશીલતા;નરમાશ;વિવેક;કરકસર 2. Calmness of mind:શાંત-નરમ સ્વભાવ;શાંતતા;શાંતિ;સમભાવ.

Moderator,(મૉડેરેટર્) *n*. One who or that which moderates:નિયમિત-માફકસર રાખનાર.2 The person who presides over assembly to keep order:સભાધ્યક્ષ;પ્રમુખ;વાદ;મધ્યસ્થ.

Modern,(મૉડર્ન)*n*.[L. *modus*, measure.] A person of modern times:અર્વાચીન માણસ *a* Of or pertaining to the present time:હાલનું;અર્વાચીન;હમણાનું.

Modernize(મૉડર્નાઈઝ્)*vt* To render modern: હાલના રીવાજને અનુસરતું કo;અર્વાચીન રીતને લગતું કo

Modest, (મૉડેસ્ટ્)*a*. [L *modus*, measure.] Restrained within due limits of propriety. લજ્જા-મર્યાદશીલ; શરમાળ;નમ્ર; નિરભિમાન;સાદુ 2. Decent in speech and demeanour:સાધુશીલ;સદ્વૃત્ત 3. Moderate: મધ્યમસર; માફકસર; નિયમિત; સાધારણ.

Modesty, (મૉડેસ્ટિ)*n*. The quality or state of being modest:નિરભિમાન;નિરહંકાર;મર્યાદા; શરમ;વિનય 2. Chastity;purity: પતિવ્રતાધર્મ; સતી ધર્મ.

Modification, (મૉડિફિકેશન્) *n*. [L. *modificatio*,a measuring]The act of modifying a change:રૂપાંતર;ભેદ;ફેર;સ્વરૂપાંતર;વિકૃતિ;પરિણામ

Modify,(મૉડિફાઈ) *vt*. [L. *modus*, a measure and *facio*,I make.]To change somewhat the form of:રૂપ ફેરવવું;બદલવું;રૂપાંતર કo. 2.To reduce in extent:ઓછું કરવું.

Modish,(મૉડિશ)*a*. According to the mode or fashion:ડોળદાર;તરેહવાર;છટાકી;ડોળી.

Modishly,(મૉડિશ્લિ)*adv*.Fashionably:નવીન-તરેહવાર રીતે.

Modulate,(મૉડ્યૂલેટ્)*vt*.[L *modulus*,a measure.] To form as sound to a certain key સુર મેળવવો.2.To vary sound:સુર ચઢાવવો.

Modulation, (મૉડ્યૂલેશન્) *n*. The act of modulating:સ્વરભેદ;ઉંચાનીચા સુર.

Module,(મૉડ્યૂલ્) *n*. [L *modulus*, a small measure]A model or measure ઘાટ;નમુનો;આકાર

Mohammedan,(મૉહૅમેડન્)*n*. A follower of Mohammed:મુસલમાન લોક.*a*.Of or pertaining to Mohammed:મુસલમાની.

Moiety,(મૉઇયેટિ)A half:નિમે હિસ્સો;અર્ધોભાગ.

Moil,(મૉઈલ્)*n* A defilement:વટાળ;દૂષણ;કલંક.

Moist, (મૉઇસ્ટ્) *v. a*. [L. *musteus*, fresh.] Damp; humid:ભેજવાળું;હવાએલું; ભીનું.*vt*. To moisten:ભીનું કo.

Moisten,(મૉઇસન્)*vt*. To make damp:શરદીવાળું કરવું;પલાળવું; ભીનું કo. 2 To soften by making moist:પલાળીને નરમ કરવું.

Moisture,moistness, (મૉઇસ્ટ્યૂર્-મૉઇસ્ટ્નેસ્) *n* A moderate degree of wetness:ભીનાશ.

Molar, (મૉલર્)*n*.[L. *molaris, mola*, mill.] One of the teeth back of the incisors and canines:દાઢ *a*.Having power to grind; grinding:ચાવવાનું-ના-ની [Treacle:ગોળ.

Molasses,(મૉલૅસિસ્)*n* [L.*mel,melis*,honey.]

Mole, (મૉલ્) *n* A spot: ડાઘો 2. A spot or mark on the human body:શરીર ઉપરનો તલ; લાખું. 3. A massive work formed of large stones in the sea: બાંધ; પુસ્તો; ડક્કો. *vt*. To form holes in:બાંકાં પાડવાં;દર પાડવાં.2.To clear of mole hills:માટીના ઢગલાને કાઢી નાંખવો.

Molecular(મૉલેક્યૂલૅર્)*a* Consisting of molecules:પરમાણુંનું;અણુમય.

Molecule,(મૉલેક્યૂલ્)*n*.[L. *moles*, a mass.] One of the very small particles of matter: રજ;કણ;અણુ;પરમાણું.

Mole-hill, (મૉલ્હિલ્) *n*. A little billock of earth thrown up by moles working under ground;છછુંદરે કીધેલો માટીનો ઢગલો.*To make a mountain of a* **m**.:રજનું ગજ કરવું;તરણાનોમેરૂ કo

Molest,(મૉલેસ્ટ્)*vt* [L *molestus*,troublesome.] To disturb:હેરાન કરવું;તસ્દી આપવી;પજવવું

Molestation,(મૉલેસ્ટેશન્)*n*.Disturbance; annoyance:ઉપદ્રવ;ઇજા;તસ્દી;દુ:ખ;નડતર;પીડા.

Mollient,(મૉલિએન્ટ્)*a*. Assuaging: શાંત કરતું.

Mollifiable,(મૉલિફાયેબલ્)*a* Capable of being mollified: શાંત થવા લાયક.

Mollify,(મૉલિફાઈ)*vt*.[L.*mollis*,soft & *facio*, I make.] To soften:નરમ કરવું;સમાવવું;શાંતકo

Mollusk,(મૉલસ્ક્)*n* [L *mollusca*, a kind of soft nut with a thin shell.] One of the *Mollusca*:માંસવાળું પ્રાણી;માંસરૂપી પ્રાણી.

Molten (મૉલ્ટન્)*a* Melted: ગાળેલું 2. Made by melting:ગાળેલી ધાતુનું બનાવેલું;ઢાળેલું.

Moment,(મૉમેન્ટ્)*n*.[L *moveo*, I move.] A minute portion of time:પળ;ક્ષણ;પલક;લહેજો. *Auspicious* **m**.:શુભમુહૂર્ત.2.Importance:અગત્ય;મહત્વ.3.An essential element:ઘણી અગત્યની બાબત-વાત;બળ; જોર;ઉત્તેજન.

Momentarily,(મૉમેન્ટરિલિ)*adv*. Every mo-

ment:for a moment:પલકે પલકે; ઘડીએ ઘડીએ.
Momentary,(મોમેન્ટરિ)*a.*Done in a moment: ક્ષણભંગુર;થોડીવાર ટકે એવું;ક્ષણિક;ક્ષણસ્થાયી.
Momentous,(મોમેન્ટસ્)*a.* [L.*momentosus,*] Of moment or consequence:અગત્યનું;જરૂરનું.
Momentum,(મોમેન્ટમ્)*n.* Impetus:ચાલવાનું જોર;વેગ;ગતિવેગ 2.સારભૂત અંશ.
Monachism,(મૉનૅકિઝમ્) *n.* [L *monachus,*a monk]The system and influences of amonastic life:સંસારત્યાગ-મઠ વનવાસ;વાનપ્રસ્થાશ્રમ
Monarch,(મૉનાર્ક્)*n.* [Gr. *monos,* alone & *arche,rule.*]A sovereign:રાજા;શહેનશાહ.
Monarchical, (મૉનાર્કિકલ્)*a* Of or pertaining to a monarch or monarchy: રાજાનું.
Monarchist,(મૉનાર્કિસ્ટ્)*n.* An advocate of or believer in monarchy: રાજા-બાદશાહ; લોકાએ એમ તૃષ્ણા રાખનારો.
Monarchy,(મૉનાર્કિ) *n.* A government of a monarch:મુખત્યાર સ્વતંત્ર રાજાની સત્તા.
Monastery.(મૉનૅસ્ટેરિ)*n.*[Gr.*monos,* alone.] Convent;abbey:આશ્રમ;મુનિવાસ;મઠ.
Monastical, (મૉનૅસ્ટિકલ્) *a.* Of or pertaining to monasteries: મઠ સંબંધી-નું; મઠવાળું.
Monasticism,(મૉનૅસ્ટિસિઝમ્)*n.*The monastic life: મઠવાસ;સંસારત્યાગ;વનવાસ;વૈરાગ્ય.
Monday,(મન્ડે)*n* The second day of the week:સોમવાર;ચંદ્રવાર.
Monetary,(મૉનિટરિ)*a.*Of or pertaining to money; pecuniary:પૈસા વિષે-નું;નાણાનું.
Money,(મની)*n* [**L.** *moneta.*] A piece of metal,as gold,silver,copper,etc,coin:પૈસા; નાણું 2.In general,wealth:મિલકત; ધન; દ્રવ્ય. પૈસો.*Hard* **m** *ready* **m.**:રોકડનાણું.**M.***makes the mare go*:દામ કરે કામ અને લુંડી કરે સલામ.
Money-changer,(મનીચેન્જર્)*n.* One who sells & buys bills of exchange:સરાફ;નાણાવટી.
Moneyed,(મનીડ્)*a.* Wealthy; rich:પૈસાદાર.
Money-lender,(મનીલેન્ડર્)*n.*One who gives money on credit:નાણાં ધીરનારો; શાહુકાર.
Money-less.(મનીલેસ્)*a.* Penniless:નિર્ધન.
Monger,(મૉન્ગર્) *n.* [L.*mongo,* a dealer in slaves.] A trader; a dealer: વેચનાર વેપારી; *vt.* To deal in:વેપાર કરવો.
Monition,(મોનિશન્)*n.* [L.*moneo,* I warn.] A warning;a caution:સૂચના;તાકીદ;બોધ;ઉપદેશ.
Monitive(મૉનિટિવ્)*a.* Admonitory:ઉપદેશક.
Monitor,(મૉનિટર્)*n* A pupil selected to look in the absence of the instructor to notice the faults of the scholars or to instruct a division or class:નિશાળમાં છોકરાઓને સાચવવા અને શિખામણ દેવાસારૂ નિમેલો નિશાળીઓ;વડો નિશાળીઓ;મૉનિટર.
Monitorial, (મૉનિટોરિઅલ્) *a.* Pertaining to a monitor:વડા નિશાળીઆનું;ઉપદેશ કરનારનું.
Monitory, (મૉનિટરિ) *a.* See *monitive.*
Monk,(મંક્)*n.* [Gr *monos,* alone.].A man who retires from the temporal concerns of the world and denotes himself to religion:મઠવાસી;સન્યાસી;ત્યાગી;વૈરાગી;સંસારત્યાગી.
Monkery,(મંકરિ) *n.* The life of monks:સંસારત્યાગ; મઠવાસ.2. A collective body of monks:સાધુનું ટોળું-મંડળ-સમુહ.
Monkey,(મંકી)*n.*Any one of the quadrumana excluding apes,baboons and lemur; વાંદરૂં;મર્કટ;માંકડું;વાનર.
Monody,(મૉનોડિ)*n* [Gr *monos* & *ode,*a song.] A species of poem of a mournful character એક જણને ગાવાનું શોકનું ગીત.
Monogamy,(મૉનૉગૅમિ)*n* [Gr. *monos,*one& *gamos,*marriage]Single marriage with but oneperson:એકપત્નીવ્રત;એકજબાયડીસાથેપરણવુંતે.
Monogram,(મૉનોગ્રૅમ્) *n.* A character or cipher composed of two or more letters combined so as to represent a name:એક અથવા વધારે અક્ષરનું ટુંકામાં નામ.
Monograph,(મૉનોગ્રૅફ્) *n.* [Gr. *monos* & *grapho,*I write.]A writtenaccount of thing એકજ વસ્તુનું લખેલું વૃત્તાંત.
Monolith,(મૉનોલિથ્) *n* [Gr.*monos* & *lithos,* a stone]A large stone shaped into a pillar:એકજ પથ્થરનો સ્થંભ;એક પાષાણ સ્તંભ.
Monologue,(મૉનૉલૉગ્)*n.*[Gr. *monos,* and *logos,*speech)Soliloquy:આત્મ-દેહ ભાષણ.
Monomania,(મૉનોમેનિઅ)*n.* [Gr *monos,* & *mania,*madness.]Derangementofthemind in regard to a single subject;madness:એકજ બાબતમાં દીવાનાપણું ગાંડાપણું;એકવિષયોન્માદ.
Monomaniac, (મૉનોમેનિઍક્) *a.* Affected with monomania:એકજ બાબતમાં ગાંડું-ઘેલું.
Monopolist, (મૉનૉપૉલિસ્ટ્) *n.* One who monopolizes:ઈજારદાર;એક જાતનો બધો માલ પોતાને માથે રાખનાર
Monopolize, (માનૉપૉલાઇઝ્) *vt.* To acquire a monopoly of:અમુક વસ્તુ વેચવાને ઇજારો લેવો.
Monopoly,(મૉનૉપૉલિ)*n* [Gr.*monos,*& *poleo,* I sell]The exclusive power,right or privilege of sellinga commodity;sole power of selling anything:કોઇ જાતનો માલ વેચવાનો એક માણસેજ-કંપનીએજ મેળવેલો હક;ઈજારો.
Monosyllabic,(મૉનોસિલૅબિક્) *a.* Being a mono syllable:એકાક્ષરી;એકવડીયું; એક અક્ષરનું.
Monosyllable,(મૉનોસિલૅબલ્)*n* [Gr.*monos. syn,*& *lambano,*to comprise.] A word of one syllable:એકાક્ષરી-એકવડીઓ શબ્દ;એકાક્ષર.

Monotheism,(મૉનોથીઈઝમ્)*n*.[Gr.*monos*, & *theos* God.]The doctrine of the existence of one God only:એકજ દેવ છે એવું મત.
Monotheist,(મોનોથીઇસ્ટ્)*n* One who believes one god only:એકજ દેવ માનનાર.
Monotonous,(મૉનૉટૉનસ્)*a*.Uttered in one unvarying tone:એક સરખાસુરનું.
Monotony,(મૉનૉટૉનિ)*n*. A frequent recurrence of the same tone or sound,producing a dull uniformity:એક સરખો સ્વર
Monsieur,(મૉસ્યુ or મસ્યુ)*n*. The common title of civility in France:સાહેબ;શેઠ
Monsoon,(મૉન્સૂન્) *n*. A trade wind: વર્ષાઋતુ; ચોમાસું.
Monster,(મૉન્સ્ટર્) *n*. [L *moneo*,I warn.] Anything or person horrible from distortion or wickedness:રાક્ષસ. દૈત.
Monstrous (મૉન્સ્ટ્રસ્)*a*.Strange;marvellous: અજાયબ;અદ્ભુત;ભયંકર.2 Having the qualities of a monster:રાક્ષસી; અપૂર્વ.3.Extraordinary in a way to excite wonder:વિકરાળ;દારૂણ.
Month,(મંથ્)*n* One of the twelve portions into which the year is divided:મહિનો;માસ. *Lunar* **m**.:ચાંદમાસ *Solar* **m**.:સૌર માસ.
Monthly,(મંથ્લિ)*n*. A publication which appears regularly once a month:મહિને મહિને નીકળતું ચોપાનીઉં;માસિક *a*.Performed in a month:મહિનાનું;માસિક;પ્રતિમાસિક.
Monument,(મૉન્યૂમેન્ટ્) *n*. [L. *moneo*,I remind.] A memorial:યાદગિરી;સ્મરણચિન્હ. 2. A pillar, or stone erected to preserve the remembrance of a person, event,action, etc:સ્મરણસ્તંભ;કીર્તિસ્તંભ;પાળિયો.
Monumental,(મૉન્યૂમેન્ટલ્)*a*.Of or pertaining to a monument:સ્મરણ કરાવનારૂં;સ્મારક 2 Preserving memory:યાદગીરી દાખલ;સ્મરણાથક.
Mood, (મુડ્) *n*. Mood:અર્થ,વાચ્ય. 2. Temper of mind;humor:પ્રકૃતિ;મિજાજ;મનની સ્થિતિ.
Moodiness,(મૂડિનેસ્)*n*.The quality or state of being moody:ખેદ;ગુસ્સો આવે એવી પ્રકૃતિ.
Moody,(મૂડિ)*a*.Out of humor:ચીડીઉં.
Moon,(મૂન)*n*.[L. *mensis*, month.] The celestial orb which revolves round the earth: ચંદ્ર;ચંદ્રમા.*Full* **m**.પૂર્ણિમા;પુનેમ *Disk of the* **m** :ચંદ્રબિંબ ગોળ.**M**.*light*:ચાંદની; ચાંદરણું. **M**. *struck*:ગાંડું;ઘેલું.**M** *blindness*:રતાંધળો.
Moor,(મુર્)*n* A Negro:સીધી;હબસી.
Moor,(મુર્) *n*. A heath:ભીનાશ અને ઘાસવાળું. મેદાન.*vi* To cast anchor:નાંગરવું,લાંગરવું;લાંગર નાંખવું. [ઠાણુ નાંગરવાની જગ્યા.
Moorage,(મુરેજ્)*n*.A place for mooring:વ-
Moorish,Moory, (મુરિશ્-મુરિ) *a*. Having the characteristics of a moor or heath: ઘાસવાળી જગ્યાનું. 2. Of or pertaining to the moors:સીધીને લગતું
Moor-land,(મૂર્લૅન્ડ્)*n*. Land consisting of a moor or morass:ભીનાશ-ગારાવાળી જમીન.
Moot,(મુટ્) *vt*. To debate;to discuss:ચર્ચા કરવી;વાદ કરવો.*n*. A meeting for discussion and deliberation:કચેરી;વાદસભા 2 A debate: તકરાર *a*. તકરારી;વાદગ્રસ્ત. [રારી મુકદ્દમો.
Mootcase,(મૂટ્કેસ્)*n*.A disputable case:તક-
Mope,(મૉપ્)*n*. A dull:ઉદાસી માણસ;ઉંઘણસી. *vi*.To be dull:ઉદાસ થઇનેબેસી રહેવું.*vt*.To make spiritless:ઉદાસ કરવું.
Mopish,(મૉપિશ્)*a*.Dull:શોકાતુર;ખીન્ન;ઉદાસ.
Mopet, (મૉપેટ્)*n*. A rag baby:ઢીંગલી.
Mope-eyed, (મૉપ્આઈડ્) *a*. Shortsighted; blind:ઉંધી પુતળીનું;કાણી આંખોવાળો.
Moral,(મૉરલ્)*n*, [L *mos*, *moris*, manner.] *pl*.Conduct;behavior:ચાલચલગત;વર્તણુક.2 A maxim or the doctrine meant to bs inculcated by a fiction:સાર; શિખામણ; ભાવાર્થ;તાત્પર્ય *a*.Virtuous;just: સદાચારી; સદાચારનું; ધાર્મિક;નેક. 2. Subject to the law of duty: નીતિના કાયદા પ્રમાણે ચાલનાર. **M**. *freedom*: ચિત્તસ્વાતંત્ર્ય. **M**. *philosophy*; વ્યવહારશાસ્ત્ર નીતિશાસ્ત્ર **M**. *courage*: હૃદયબળ; મનોબળ. *vi*. To moralize:સાર કાઢવો.
Moralist,(મૉરલિસ્ટ્) *n*. Teacher of moral duties:નીતિનો ઉપદેશ કરનાર;નીતિશિક્ષક;સદાચારી.
Morality,(મૉરૅલિટિ) *n*. The quality of an action which renders it good virtue:નીતિરૂપી ગુણ;નીતિ;ન્યાય;નેકી;સદાચરણ;સદાચાર.2.The doctrines or rules of moral duties;ethics: નીતિ;નીતિશાસ્ત્ર વિદ્યા.
Moralize, (મૉરલાઈઝ્) *vt*. To apply to a moral purpose:નીતિના કામને લાગુ પાડવું.2.To give a moral quality to:નીતિનો ગુણ આપવો-લક્ષવો. *vi*. To make moral reflections:સાર કાઢવો;નીતિની બાબતપર બોલવું-લખવું.
Morally,(મૉરલિ)*adv*.According to the rules of morality:નીતિશાસ્ત્ર પ્રમાણે.
Morals,(મૉરલ્સ્)*n*. (*pl*.) The doctrines or rules of moral duties:નીતિ;નીતિશાસ્ત્ર-વિદ્યા.
Morass,(મૉરૅસ્)*n*. A marsh;a fen: પોચી અને ભીની જમીન.
Morbid,(મૉર્બિડ્)*a*. [L. *morbus*, a disease.] Not sound and healthful:વિકારી;રોગી.
Morbidness,(મૉર્બિડ્નેસ્) *n*. Morbidity: વિકારીરોગીપણું;અસ્વસ્થતા.
Morbose,(મૉર્બોસ)*a*.[L.*morbus*,a disease.] Unhealthy;morbid:વિકાર રોગથી થએલું;વિકારી.
Mordacity,(મૉર્ડૅસિટિ)*n*.The quality of be-

ing mordacious:કરડાપણું;આકરાશ;સખ્તાઈ.

More,(મોર્) *n*. A greater quantity, amount or number:મોટી સંખ્યા-જથો. **M.&m**:ઉતરોત્તર; અધિકાઅધિક *To be no* **m.**, to cease to be: નાશ પામવું;મરી જવું.

Moreover,(મોર્ઓવર્) *adv*. Further:વળી.

Morgue,(મોર્ગ) *n*. A dead house: હાથે લાગેલાં મડદાં માટે તેમને ખુલ્લાં રાખવાની જગ્યા.

Moribund,(મોરિબન્ડ્)*a*.[L. *moriri*, to die.] Dying;at the point of death:મરવા પડેલું.

Morn,morning,(મોર્ન,મોર્નિંગ) *n*. The first part of the day: દિવસનો પહેલો ભાગ. 2 The early part of the day:સવાર;પ્રાત:કાળ;પ્રભાત. *a* Of or pertaining to morning:સવારનું.

Morning-star,(મોર્નિંગસ્ટાર)*n* (*a*) Venus:મળસકે દેખાતો શુક્રનો તારો;સવારનો તારો.

Morose, (મોરોસ્)*a*. [L. *mos*, *moris*, way of life.]Sullen:ચીડીઉં;સદા ઉદાસ;બળીએલ.

Morphea,(મોર્ફિઅ) *n*.[Gr.*morpheus*, God of dreams] The chief narcotic principle of opium:અફીણનો સત્વાંશ.

Morrow,(મોરો)*n*.Morning:સવાર; પ્રાત:કાળ. 2. The following day:બીજો દિવસ.

Morsel,(મોર્સલ)*n*.[L.*morsus* a biting.]A bit of food:કોળીઓ;ગ્રાસ;ચુકડો;ડબ્બો.

Mortal,(મોરટૅલ્)*n*. [L.*mors,mortis*, death] A being subject to death;man:માણસ;મનુષ્ય. *a*. Subject to death:મરણાધીન;નાશવંત 2. Destructive to life:નાશકારક;પ્રાણઘાતક.3 Vital: મર્મભેદી.4.Of or pertaining to the time of death:મરણની વખતનું.5.Human:માણસ જાતનું. **M.** *foe or enemy*:કટ્ટો દુશ્મન.

Mortality,(મોર્ટૅલિટિ) *n*. The condition of being mortal: મરણાધીનતા; મરણશીલતા. 2. Human life:માણસની જીંદગી. 3. Humanity: માણસપણું;મનુષ્યતા;પ્રકૃતિ.Death:મોત;મરણ પ્રમાણ.

Mortally, (મૅારટૅલિ) *adv*. In a mortal manner:મરણ થાય એવી રીતે;મરણતોલ.

Mortar, (મોર્ટર્) *n*. A strong vessel in which substances are pounded:ખાંડણી;ખાયણી;ખલ. *Pestle* **m.**:ખાયણી;પરાર;ખલબત્તો; દમામ દસ્તો. 2. A building material made by mixing lime, sand & water: ઈંટ રેતી અને ચુનાની મેળવણીનો કરેલો ગારો;કોલ;કેલ.

Mortgage, (મોર્ગેજ્) *n*. A conveyance of property, upon condition,as security for the payment of a debt or the performance of a duty:ગીરવી-મુકવું-મુકાવું તે;ધરેણે રાખવું તે 2. State of being pledged:ગીરો.*vt*.To pledge: ગીરવી મુકવું.

Mortgage-deed,(મોર્ગેજડીડ્)*n* A deed given by way of mortgage:ઘરેણીઆ ગીરવી ખત

Mortgagee,(મોર્ગેજી)*n*.A person to whom mortgage is made or given:ગીરવી રાખનાર-લેનાર.

Mortgager,(મોર્ગેજર્) *n*.One who gives a mortgage:ધરેણે-ગીરવી મુકનાર-આપનાર.

Mortification, (મોર્ટિફિકેશન્) *a*. [L. *mors*, death & *facio*,I make.]The act of mortifying:મન મારવું તે.(*a*)Subjection of passion and appetites by penance:ઇંદ્રિયદમન;નિગ્રહ સંયમ 2 Abatement of pride:માનખંડન.

Mortify,(મોર્ટિફાઈ)*vt*.[L.*mors*,death&*facio*, I make.]To deaden by religious discipline: મન મારવું; ઇંદ્રિયદમન કરવું; મનોજય કરવો. 2. To humble:માનભંગ કરવું.*vi*.To humble:મન મારવું.

Mortifying,(મોર્ટિફાઇંગ્)*a*. Humiliating: ઉતારી પાડતું;માનભંગ કરતું;માનભંજક;સંતાપક.

Mortise,(મોર્ટિસ્)*n* A cavity cut into a piece of timber:સાલનો વેહ.*vt*. To make mortise in:સાલ બેસાડવાનો વેહ પાડવો. 2. To join by a tenon and mortise:સાલ બેસાડવું.

Mortuary,(મોર્ટ્યૂઅરિ)*a*.Of or pertaining to the dead:મુડદાંને દાટવા સંબંધી-નું.*n*.A burial place:મુડદાં દાટવાની જગ્યા.

Mortuary-returns,(મોર્ટ્યુઅરિરીટર્ન્સ્) *n*. A catalogue of deaths:મરણપત્રક.

Moslem,(મોસ્લેમ્)*n*.A mussulman:મુસલમાન.

Mosque,(મોસ્ક્)*n*.A mohammedan church: મશીદ;દરઘા;મસઝીદ.

Mosquito,(મોસ્કિટો)*n*.[L.*musca*,a fly.] Gnats:મચ્છર;ડાંસ **M.***curtains*:મચ્છરદાની.

Moss, (મોસ્) *n*. A bog; a place containing morass:લીલ;શેવાળ;શેવાળવાળી જગો.*vt*.To cover or overgrow with moss:શેવાળ-લીલ ચઢાવવી.

Mossy,(મોસિ)*a* Over-grown with moss:લીલવાળું;લીલ ચઢેલું.2 Resembling moss:લીલનાજેવું.

Most,(મોસ્ટ્)*n* Greatest number:મોટામાં મોટી સંખ્યા.*a*.Nearly all:સહુથી ઘણું-વધારે;ઘણું ખરૂં. *adv* In the highest degree:ઘણું.

Mostly,(મોસ્ટ્લિ)*adv*.Chiefly:ઘણું કરીને.

Mote, (મોટ્) *n*. A meeting of persons for discussion:વાદવિવાદ કરનારી સભા. 2. A small particle:અણું;કણ;રજ;લેશ.

Moth,(મોથ્)*n*.An earth-worm:પતંગીઉં.

Mother,(મધર્) *n*. [L. *mater*, mother] A female parent:મા;બા;માતા;માડી;જનની.*Foster* **m**:ઉપમાતા 2.That which has produced or nurtured anything:ઉત્પત્તિસ્થાન; મૂળ. 3. An old woman or matron:જી;માડી;ડોશીમાં.

Mother in-law,(મધર્ઇનલૉ) *n*. The mother of one's husband or wife:સાસુ.

Motherless, (મધર્લેસ્) *n*. Having lost a mother:નમાયું;મા વગરનું.

Motherly, (મધરૃલિ) *a.* Tender;maternal: માનું-સરખું;માતૃસંબંધી;માતૃસદૃશ.
Mother of pearl,(મધર્‌ઑવ્‌પર્લ્) *n* Nacre: મોતીની સીપ.
Motion,(મોશન્)*n.*[L. *moveo,* I move.] The act or process of changing place: ગમન;હાલચાલ;ચલનવલન;વ્યાપાર.2. Power of or capacity for,motion:ચલનશક્તિ.3.Course:ગતિચાલ. 4 Change in the relative position of the parts of anything:યંત્રમાં ફેરફાર;ગતિ.5 Movement of the mind:મનોવિકાર 6 A proposal made:દરખાસ્ત.7.Gait: ચાલવાની રીત; ઢબ;હિંડળા.8.The effect of impulse:વિચાર; બુદ્ધિ;ભાવ. 9.A stool: ઝાડો;દસ્ત *vi* To make a sign:ઇશારત કરવી.*vt.*To propose;દરખાસ્ત કo.
Motionless (મોશનલેસ્)*a.* Without motion; being at rest:સ્થિર;નિશ્ચય,સ્તબ્ધ;નિશ્ચેત;ગતિહીન.
Motive,(મોટિવ્)*n* [L *motum,*moved.]That which incites action:મતલબ; હેતુ;ઉદ્દેશ;ભાવના. 2.A theme or subject;-cause; reason:કારણ; નિમિત્ત;વિષય.*a.* Causing motion: ચલાવનાર
Motley,(મૉટ્‌લિ) *a.* A combination of different colors:પચરંગી;ચિત્ર વિચિત્ર તરેહવારરંગનું.
Motor,(મૉટૅર્)*n.*One who imparts motion: ચલાવનાર 2 A prime mover:ચલાવનાર શક્તિ.
Motto,(મૉટ્ટો)*n* A sentence, phrase prefixed to an essay,chapter, etc: વચન; મથાળે લખેલું વાક્ય;મુદ્રાલેખ.
Mould,(મોલ્ડ્)*n.*Earth;soil:માટી;મરોડી 2.The matrix in which anything is cast: સાચો; બીડું;મુસ;બીબું.3.Figure;form:ઢાળ; ઘાટ; ડોળ; આકાર *vt.*To fashion:ઘડવું 2. To knead:મસળવું *vi.*To get moudly:ઉબ-ફુગ વળવી.
Mound,(માઉન્ડ્)*n.*[L.*manus,* the hand.] A raised bank;a bulwark:બાંધ; પુસ્તો.2.A hillock:ટેકરી; ડુંગરી;ટીંબો. *vt.* To fortify with a mound:બાંધ કરી લેવો.
Mount,(માઉન્ટ્)*n* [L *mons,montis,*a mountain.]A high hill:ડુંગર;ટેકરી ટીંબો.2.A horse: ઘોડો.*vt.*To go up;to ascend:ઉપર ચઢવું. 2. To get upon anything:(ઘોડા) ઉપર ચઢવું-પલાણવું. *vt.*To get upon:ઉપર ચઢવું;ઉંચે જવું 2. To bestride:ચઢવું;પલાણવું.3.To furnish with horses:ઘોડા પુરા પાડવા 4.To raise aloft:ઉંચું કરવું.
Mountain,(માઉંન્ટેન્) *n.*[L. *mons,*a mountain.]A very high hill:પર્વત;ડુંગર;પહાડ.
Mountaineer, (માઉન્ટેનીર્) *n.* One who lives among mountains:પહાડી માણસ.
Mountainous, (માઉન્ટેનસ) *a.* Full of mountains:પાહાડી;પાહાડવાળું;પર્વતમય;પર્વતીય.
Mounte-bank, (માઉન્ટિબૅન્ક્) *n.* A quack doctor:ઢોંગી વૈદ;નાકકાનનો વૈદ;ઉંટવૈદ;પાખંડી,ઢોંગી.
Mounted,(માઉન્ટેડ્)*a.*Seated on horseback: ચઢેલો;બેઠેલો;આરૂઢ;સ્વાર થયેલો.
Mounting, (માઉન્ટિંગ્) *n.* The act of one that mounts:આરોહણ; ઉર્ધ્વગમન;અવરોહણ.
Mourn,(મૉર્ન્) *vi.* To lament; to grieve:શોક કરવો-પાળવો.2. To wear mourning: શોકનાં કપડાં પહેરવાં.*vt.*To utter in a mournful voice: શોકાતુર અવાજે બોલવું.
Mournful,(મૉર્નફુલ્)*a.* Full of sorrow:ખિન્ન; દિલગીર;ખેદયુક્ત;દુઃખકારક;દુઃખપ્રદ; ખેદસૂચક.
Mourning,(મૉર્નિંગ્) *n.* Lamentation: શોક; દીલગીરી;દુઃખ;વિલાપ;ઉદ્વેગ.2.Garb:શોકનો પોશાક. *a* Grieving: શોક કરવું. 2 Employed to express sorrow:દીલગીરી કરવું.
Mouse, (માઉસ્) *n.* The common house mouse:ઉંદર; મૂષક 2 A match used in firing guns:બંદુકની જામગીરી.
Mouser,(માઉસર્)*n.*A cat that catches mice ઉંદર પકડનારી બીલાડી. [ઉંદરવાઇ; કોળવઈ.
Mouse-trap,(માઉસ્ટ્રૅપ્) *n.* A trap for mice:
Mouth,(માઉથ્)*n.* [L *mando,* I chew.] The opening through which an animal receives food:મ્હોં;મ્હોડું;મુખ 2 Orifice:નાકું (*a*)The entrance of a well:કુવાનું મ્હોડું. (*b*) The opening of a river:નદીનું મુખ.(*c*)The entrance into a harbor: બંદરનું બાર. 3. A principal speaker:આગેવાન; મુખ્ય સરદાર. *Down in the* **m.**depressed:દુઃખી થએલો.**M** *friend*:નામનોજ મિત્ર.*To spot the* **m** ,to put to shame:શરમાવી નાંખવું. *To be down in the* **m**.:મોં ઉતરી જવું. *To be in every's* **m**.:-ની ચર્ચા બધે ચાલવી. *vt.* To chew:ચાવવું;ચોરી ખાવું 2.To make mouths at:ચાળા પાડવા;દાંતીઆં કo.
Mouthful, (માઉથ્‌ફુલ્) *n.* As much as fills the mouth:કોળીઓ;બુકો;ગ્રાસ.
Mouthpiece,(માઉથ્‌પીસ્) *n.* The part of a musical instrument to which the mouth is applied in using it:મ્હોડેથી વગાડવાનું વાજું. 2.A spokes-man:બીજાની વતી બોલનાર માણસ.
Movable, (મૂવૅબલ્) *a.* Susceptible of motion:જંગમ;એક જગાએથી બીજી જગાએ ખસેડી શકાય તેવું.
Movables(મૂવૅબલ્ઝ્)*n.* (*Pl*) Such articles of property as may be moved as furniture:જંગમ માલ;મિલકત,માલ મતા.
Move,(મુવ્)*n.*[L.*moveo,*I move.]The act of moving:ખસેડવું તે.2.A step:પ્રારંભ;પગલું;ચાલ; દાવ.*To make a* **m** (*a*)to take some action: કાંઇ પગલું ભરવું.(*b*)To *move* a piece:ચાલ ચાલવી;દાવ ખેલવો.*vt.* To cause to change place in any manner:હલાવવું;ચલાવવું;ખસેડવું 2. To excite:ઉશ્કેરવું;જાગૃત કo.3.To touch patheti-

cally: દયા ઉત્પન્ન કo 4. To propose: દરખાસ્ત કરવી 5 To persuade:મનાવવું *vi.* To change posture:જગ્યા બદલવી.

Movement,(મૂવ્મેન્ટ્)*n.*The act of moving: ચલનવલન;હેરાફેરી;હાલચાલ. *Military* **m.**:કવાયત.2.Motion of the minds:મનની ગતિ;ચાલ. 3 Agitation: ગભરાટ;ક્ષોભ.

Mover,(મૂવર્) *n.* A person or thing that moves:હલાવનાર; ગતિ આપનાર; ખસેડનાર. 2 One who or that which excites:ઉત્તેજક; હૃદય વેધક. 3. A proposer; દરખાસ્ત કરનાર.

Movingly,(મૂવિંગ્લિ)*adv.*In a moving manner:દયા ઉત્પન્ન કર એવી રીતે.

Mow,(મૉ)*n.*[L.*metere,* to reap.]The place where hay is stowed: ઘાસ ખડકવાની જગ્યા. *vt.* To cut grass: ઘાસ કાપવું 2.To cut down indiscriminately:કાપી મારી નાંખવું.

Much,(મચ્)*n.*A great deal;a great quantity:બહુ;પુષ્કળ;ઘણું.*To make* **m.** *of,*to treat as of special worth:બહુ કરીને માનવું;લાખગણું-માનવું-ધારવું *a.*Great in quantity:બહુ;ઘણું

Mucid,(મ્યૂસિડ્)*a.*Musty; moldy:ફતરી ગએલું.

Mucilage,(મ્યૂસિલૅજ્)*n.*[L.*mucilo,*a musty juice.] A gummy substance produced in certain plants:ચીકણી વસ્તુ;ચીકાશ.2 Gum:ગુંદર.

Muck(મક્) *n.*Dung; manure:છાણ; ખાતર. 2. Money (in contempt):પૈસો.*a.* Like much: ગાંડી રીતે.*vt.*To manure with muck:ખાતર પુરવું

Muck-worm, (મકવર્મ્) *n.* A larva or grub that lives in manure:છાણ ખાતરમાંનો કીડો.

Mucous,(મ્યૂકસ્)*a.* Secreting a slimy substance:કફ પેદા કરનાર.2 Slimy:ચીકણું.*n.*A viscid fluid secreted by mucous membranes મળ;શ્લેષ્મ:જળસ;આમ.

Mud,(મડ્)*n* Wet soft earth:કાદવ;કીચડ.*vt.*To bury in mud:કાદવથી છંટાવું.

Muddle,(મડલ્)*n* Dullness:સુસ્તી;બેફિકરાપણું. *vt.* To make muddy: ડોહોળી નાંખવું. 2. To intoxicate:કેફ ચઢાવવી;કેફી કરવું.

Mudey,(મડિ)*a.* Aboundingin mud:કાદવવાળું 2 Not clear:મેલું.*vt.*To soil with mud:મેલું કરવું

Muff, (મફ્) *n.* A soft warm cover for the hand: રૂંવાંવાળા ચામડાનું શીયાળાને સારૂ બનાવેલું સ્રીના હાથનું ઢાંકણુ-મોજું. 2. A stupid fellow: બેવકુફ છોકરો.*vt.*To fail to hold:ઝીલતાં નિષ્ફળ જવું.

Muffle,(મફલ્) *n.* The bare end of the nose: નાકની અણી.2.A glove: હાથનું મોજું.3 A pulley block:ગરગડીનું પાટિયું.*vt* To warp: વિંટાળવું.2 સંતાડવું.3.નું મ્હો બંધ કo.

Mug,(મગ્)*n* Drinking cup:પ્યાલું; પવાલું;જામ.

Muggy-Muggish, (મગિ-મગિશ્) *a.* Moist; damp:ભીનું;હવાએલું.

Mullato,(મ્યૂલૅટો)*n.*The offspring of a negress by a white man or of a white woman by a negro:જેની મા સીધણ અને બાપ ગોરો અથવા મા ગોરી અને બાપ સીધી હોય તેનું છોકરૂં

Mulberry,(મલ્બેરિ)*n.*[L *morum,*mulberry.] The tree:સેતુરનું ઝાડ.2.The fruit:સેતુર.

Mulct,(મલ્કટ્)*n.*[L. *mulcto,*I fine.] A fine: દંડ 2. A blemish or defect:ભૂલ; વાંક. *vt.* To fine:દંડ કરવો.2.To deprive of:ખુંચી લેવું.

Mule,(મ્યુલ્)*n.* [L.*mulus,* mule.] A hybrid animal:ખચ્ચર 2 A very stubborn person: હઠીલો-જીદ્દી માણસ. [ખચ્ચરવાળો-હાંકનાર.

Muleteer(મ્યૂલ્ટીર્)*n.*One who drives mules

Mulish,(મ્યૂલિશ્)*a.*Like a mule:અડીએલ;જીદી.

Mull(મલ્)*n.*A thin soft kind of muslin:મલમલ

Mull,(મલ્)*n.* A promontory:ઉંચી ભૂશીર.2 A snuff box: છીંકણીની દાબડી. *vt.* To powder: ભૂકો કo 2 To dull or blunt:ખરાબ કo-બુઠું કo.

Multifarious-form, (મલ્ટિફેરિઅસ્ ફૉર્મ્) *a.* [L *multus,*many& *fero,*I bear.]Of various kinds;manifold:નાનાવિધ;અનેક પ્રકારનું;જાતજાતનું.

Multiformity,(મલ્ટિફૉર્મિટિ)*n.* Diversity of forms:બહુરૂપીપણું; અનેક રૂપાવાળું હોવું તે.

Multinomial,(મલ્ટિનોમિઅલ્)*a.*[L. *multus,* & *nomen,* a name.]Having many names અનેક નામવાળું;બહુનામક;બહુસંજ્ઞક.

Multiped,(મલ્ટિપેડ)*n.* [L. *multus,*many & *pes,pedis,*a foot.]An insect having many feet:બહુપગીજંતુ;કાનખજુરો.*n.* Having many feet:ઘણા પગવાળું;બહુપગી.

Multiple,(મલ્ટિપલ્)*n.* [L. *multus,*many & *plico,*I fold.] A quantity containing another quantity a number of times without a remainder: બાજ્ય; ગુણાકાર. *The least common* **m.**:લઘુતમ. *a.* Manifold: વધારે સંખ્યાનું;બહુ પ્રકારનું.

Multipliable,(મલ્ટિપ્લાઇઅબલ્) *a.* Capable of being multiplied:ગુણવા જેવું.

Multiplicand,(મલ્ટિપ્લિકૅન્ડ્)*n.*The number which is to be multiplied by another number:ગુણ્ય;ગુણ્યયાંક.

Multiplication,(મલ્ટિપ્લિકેશન્)*n.* The act of multiplying:વધારવું તે;વૃદ્ધિ 2.The process of repeating any given number or quantity a certain number of times: ગુણાકાર. 3. Augmentation:વધારો;વૃદ્ધિ.

Multiplicity, (મલ્ટિપ્લિસિટિ) *n.* A state of being many;a multitude:પુષ્કળતા;બહુપણું.

Multiplier, (મલ્ટિપ્લાયર્) *n.* One who multiplies or increases number:વૃદ્ધિ કરનાર; વધારનાર.2.The number by which another number is multiplied:ગુણક;ગુણકાંક;પૂરક.

Multiply,(મલ્ટિપ્લાઇ)*vt*.To increase in number:વધારવું; વધારો ઉમેરો કo. 2. To find the product of:ગુણવું;ગુણાકાર કo.

Multitude,(મલ્ટિટયૂડ્)*n*.[L. *multus*,many] A great number of men collected: ટોળું; વૃંદ;જથો;સમુદાય;ઠઠ.2. Numerousness:બહુતા.

Mum,(મમ્) *n*. A sort of strong beer:જવનો દારૂ.2.Silence:ચુપકી.*a*. Silent:ચૂપ;મુગું.

Mumble, (મમ્બલ્) *vi* To speak with the lips partly closed:અસ્પષ્ટ બોલવું.2. To chew with closed lips:હોઠ બીડીને ખાવું.

Mummery,(મમરિ)*n*. Masking:મ્હોડાં પહેરીને કીધેલો ખેલ;માયા.2.Farcical show:ખાલી ભપકો.

Mummify,(મમિફાઈ) *vt*. To embalm & dry as a mummy:મુડદામાં સુગંધીદાર મશાલો ભરવો

Mummy,(મમિ)*n*. A dead body embalmed and dried after the manner of the ancient Egyptians:ખુશબોદાર પદાર્થ ભરીને રાખેલું-પ્રેત મુડદું. 2. A sort of wax used in grafting: એક જાતનું મીણ.

Mumps,(મમ્પ્સ્)*n*. Sullenness:ચીડીઆપણું.

Mundane,(મન્ડેન્)*a*.[L *mundus* the world] Worldly;earthly:આલોકનું;દુનીઆનું;ઐહિક.

Mungoose,(મન્ગૂઝ્)*n*.A species of ichneumon:મંગુસ;નોળીઓ.

Municipal,(મ્યૂનિસિપલ્)*a*.[L.*munia*,official duties & *capio*,I take.] Of or pertaining to a city:શહેર કસબાનું.

Municipality,(મ્યુનિસિપૅલિટિ) *n*. A body of citizens having the right of administering local government:શહેરસુધરાઇખાતું;મ્યુનિસિપાલેટી

Munificence(મ્યૂનિફિસેન્સ્)*n* [L.*munus*,gift & *facio*,I make.]Liberality:ઉદારતા.

Munificent,(મ્યૂનિફિસેન્ટ્)*a*.Lavish:ઉદાર;સખી

Muniment,(મ્યૂનિમેન્ટ્)*n*.[L *munio*,I fortify.]The act of supporting:બચાવ કરવાનું કાર્ય 2.A fortification;a stronghold:કિલ્લો;કોટ;ગઢ.

Munition,(મ્યૂનિશન્)*n* [L *munio*,I fortify] Fortification:ગઢ.કિલ્લો. 2. Ammunition:દારૂગોળો;યુદ્ધ સામગ્રી.

Mural,(મ્યુરલ્) *a*. [L. *murus*, wall.] Of or pertaining to a wall:ભીંત દીવાલનું.

Murder,(મર્ડર્)*n* [L *mors,mortis*,death]The offence of killing a man with malice prepense:ખુન; મનુષ્યહત્યા; મનુષ્ય;વધ. *vt*. To kill with premeditated malice:ખુન કરવું. 2. To destroy:નાશ કરવો.

Murderer,(મર્ડરર્)*n*.One guilty of murder: ખુની;હત્યારો;ખુન કરનાર;ઘાતક.

Murderous,(મર્ડરસ્)*a*.Cruel;savage:ઘાતકી.

Muriatic,(મ્યુરિઍટિક્)*a*. [L. *muria*, brine.] Hydrochloric:મીઠાનો ગુણ ધરાવતું.

Murky,(મર્કિ)*a*.Dark;gloomy: અંધારૂં;અંધારાવાળું.

Murmur, (મર્મર્) *n* A low confused and indistinct sound:ઘુઘવાટો;કલકલ;ગુણગુણ. 2.A complaint half supressed or uttered in a low muttering voice:કકળાટ;બડબડાટ. *vt* To grumble:કકળવું;કકળાટ કo.

Murrain,(મ્યુરેન્) *n*. [L. *morior*,I die.] A fatal disease among cattle:ઢોરોની મરકી.

Muscle,(મસલ્) *n*. [L. *mus* a mouse.] An organ of motion in animal bodies:માંસના તંતુ;સ્નાયુ;માંસરજ્જુ;માંસપેશી. [ખાંડ;ગોળ.

Muscovado, (મસ્કોવેડો) *n*. Raw sugar: લાલ

Muscular,(મસ્કયૂલર્)*a*. Of or pertaining to a muscle:માંસના તંતુ.સ્નાયુ સંબંધી.2.Strong: જોરાવર.3.Performed by muscles:તંતુ-સ્નાયુ થી થએલું

Muscularity,(મસ્કયૂલૅરિટિ)*n*. The state or quality of being muscular:જબરા;જોરાવરપણું.

Muse,(મ્યૂઝ)*n*. One of the nine Goddesses who presided over song,poetry,etc:સરસ્વતી દેવી.2 A power of poetry:કવિતા બનાવવી શક્તિ.

Muse, (મ્યૂઝ્) *n*. [L. *mussare*, to matter.] Absorbing thought:ઉંડો વિચાર.*vi* To think closely:ધ્યાન કરવું.

Museum,(મ્યૂઝીઅમ્)*n*.A repository of natural curiosities:સંગ્રહસ્થાન;કૌતુકસંગ્રહાલય.

Mushroom, (મશ્રૂમ્) *n*. A Fungus; a toadstool:કુતરાની ટોપી:કુતરાનો કાન-જીભ,બિલાડીનો ટોપ.

Music,(મ્યૂઝિક્)*n*.[L. *musica*.] The science of musical sounds: ગાયનવિદ્યા;સંગીતશાસ્ત્ર. 2. Melody:સુસ્વર.A *band of* **m**.:વાજું.

Musical,(મ્યૂઝિકલ્) *a*. Of or pertaining to music:ગાયન વિદ્યાનું સંબંધી 2.Melodious:સુસ્વર.

Musician,(મ્યૂઝિશન્)*n*.A skilled singer:ગવૈઓ;ગાનાર.*Celestial* **m**.:ગંધર્વ.*Band of* **m.** s: તાયફો.

Musk,(મસ્ક્)*n*.A substance obtained from the navel of a male muskdeer: કસ્તુરી. 2. The muskdeer:કસ્તુરીઓ મૃગ 3 The perfume emitted by musk:કસ્તુરીમાંથી નીકળતી સુગંધી. **M.***melon*: ખડબુચુ [કસ્તુરીઓ મૃગ.

Muskdeer,(મસ્ક્ડીર્)*n*. Deer having musk:

Musket,(મસ્કેટ્) *n*.[L. *musca*, a fly.] The male of sparrow;hawk:બાજ પક્ષિ. 2. A firearm:બંદુક,પિસ્તોલ.

Musketeer, (મસ્કેટીર્) *n*. A soldier armed with a musket:બંદુકચ્યુબો;બંદુક ફોડનાર;બરકંદાજ.

Musketry,(મસ્કેટ્રિ) *n*. Musket collectively: ઘણી જાતની બંદુક;બંદુકો.

Musky,(મસ્કિ) *a* Having an odor of musk: કસ્તુરીની સુગંધ જેવું;કસ્તુરીયુક્ત.

Muslin,(મઝ્લિન્) *n.* A thin cotton cloth:મસલીન;મલમલ.*a.*Of muslin:મલમલનું.

Must,(મસ્ટ્) *n* The juice of the grape before fermentation:નવો દારૂ 2.Mustiness:ફુગ. *vi.*To be obliged:જોઇએ;પડવું; જરૂર પડવી.

Mustache,(મુસ્ટૅશ્) *n.* Hair left growing; above the mouth:મુછ;થોભા. [ઇનો છોડ;રાઇ.

Mustard,(મસ્ટર્ડ્) *n.*The mustard plant: રા-

Muster,(મસ્ટર્)*n.*[L. *monstro,* I show.] An assembling or review of troops: લશ્કરની કવાયત.2.The sum total of an army:હાજરી.3. A gathering:જમાવ;ટોળું. *To pass* **m.**: પસાર પડવું.**M.***book*:લશ્કરી નોંધનું પુસ્તક.*vt.*To collect and display:લશ્કરની હાજરી લેવી. 2 To summon together: બોલાવીને હાજરી પુરવી. *To* **m.** *up,*to gather up:મેળવવું *vi.* To meet in one place:એકઠું થવું. [રનું હાજરી પત્રક

Muster-roll,(મસ્ટર્-રોલ્) *n.* Muster file:લશ્ક-

Musty, (મસ્ટિ) *a.* Moldy; foul or sour and fetid:ફુગ ઇબવાળું;ઉતરી ગએલું.

Mutability,(મ્યુટૅબિલિટિ)*n.*Changeableness; inconstancy:અસ્થિરતા;વિકારશિલતા; ચંચળતા.

Mutable,(મ્યુટૅબલ્)*a.* [L. *muto,* I change.] Capable of alteration:બદલાઈ ફરી જાય એવું.

Mutation,(મ્યૂટેશન્)*n.*A change:ફેરફાર.

Mute,(મ્યૂટ્)*n* [L. *mutus,* mute.] One who does not speak whether from physical inability,unwillingness or other cause:મુગુ માણસ;મૂક.(*a*)A deaf-mute:મુંગો-બોબડો. 2. A silent letter:જેનો ઉચ્ચાર ન થતો હોય એવો અક્ષર. *a.*Not speaking:ચૂપ 2.Dumb: મુંગું. 3. Not giving a singing sound:બ્હેક;અવાજ ન આપતું.

Mutilate,(મ્યૂટિલેટ્)*vt* [L *mutilus,*maimed.] To maim:હાથ પગ કાપી નાંખવા.

Mutilation, (મ્યૂટિલેશન્) *n.* The act of mutilating: હાથ પગ કાપી નાંખવા તે;અંગ છેદન.

Mutineer,(મ્યૂટિનીર્)*n.* One guilty of mutiny:બળવો-બંડ ઉઠાવનાર;બળવાખોર.

Mutinous,(મ્યૂટિનસ્)*a.* Disposed to mutiny: બળવા-બંડખોર;શિરજોર;ફિતુરી;દગાખોર;ફિસાદી.

Mutiny (મ્યૂટિનિ)*n* [L. *motus,* moved.] An insurrection against constituted authority:બળવો-બંડ-ફિસાદ-ફિતુર.2. A tumult:બંડ;કજીઓ; ફિસાદ; ફિતુર;-દગો. *vt.* To rise or revolt against rightful authority:બંડ કo.

Mutter,(મટર્)*n* Depressed utterance:બડબડ. *vi.*To grumble:બબડવું; બડબડવું. *vt.* To utter with a low voice:ધીમે બોલવું;લવવું.

Muttering,(મટરિંગ્)*n.* Uttering with a low voice:લવલવ;બડબડલવરી;અસ્પષ્ટોચ્ચારણ;જપજાપ.

Mutton,(મટન્)*n.* [L. *mutilus,* mutilated.] The flesh of a sheep:ઘેટાનું માંસ-ગોસ્ત-ગોસ.

Mutual;(મ્યુટ્યૂઅલ્)*a* [L. *muto,* I change.] Reciprocal:અરસપરસનું;અન્યોન્ય;પરસ્પર.

Mutuality, (મ્યુટ્યૂઍલિટિ) *n.* Reciprocation: માંહોમાંહે;અરસપરસપણું; પરસ્પર સંબંધ.

Mutually,(મ્યુટ્યૂઅલિ)*adv* In a mutual manner:અરસપરસ;માંહોમાંહે; આપઆપમાં;અન્યોઅન્ય.

Muzzle,(મઝલ્)*n.* The snout: જનાવરનું મ્હોડું; નાક.2.The mouth of a thing:તોપ-બંદુકનું મ્હોડું.

My,(માઇ)*Pron.*Of or belonging to me:મારૂં;મમ.

Myopy(માયોપિ)*n.*Myopia:ટુંકી-પાસેની નજર.

Myriad (મિરિઅડ્) *n.* The number of ten thousand:દશહજાર;અયુત. *a.* Consisting of indefinite number:ઘણું;અપરિમિત.

Myrobalan(માઇરૉબૅલન્)*n.* [L. *myrobalanum,* the fruit of a palm tree.]A dried astringent fruit:સુકાં આંમળાં. *Beliric* **m** બહેડાં. *Yellow or chebulta* **m** :હરડાં.

Myrrh, (મર્) *n.* A gum resin usually of a yellowish brown color of an aromatic odor and a bitter, pungent taste: હીરાબોળ.

Myself,(માઇસેલ્ફ) *Pro.*I or me in person: હું જાતે;મારી મેળે.

Mysterious,(મિસ્ટીરિઅસ્)*a.*Obscure;dark: ન સમજાય એવું;ગુઢ;ગહન;અસ્પષ્ટ;દુર્બોધ;ગુહ્ય અકળ.

Mystery,(મિસ્ટરિ) *n.*[L. *mysterium.*] A profound secret:ગુપ્ત વાત;મર્મ;ભેદ.2.A kind of secret religious celebration: ધર્મની એક પ્રકારની ગુપ્ત ભક્તિ.3.*pl.* Consecrated elements in the eucharist:પ્રભુભોજનના પવિત્ર પદાર્થો. 4.Anything artfully made difficult:ગહનકામ.

Mystical(મિસ્ટિકલ્)*a.*Unknowable; mysterious;obscure:ગુપ્ત-ગૂઢ-ગહન;ગૂઢાર્થક.

Mystify,(મિસ્ટિફાઇ)*vt.*To involve in mystery:ગૂઢ-ગહન કરવું 2.To puzzle:સમાવવું;મૂંઝવણીમાં નાંખવું;ગુંચવવું.

Myth,(મિથ્)*n.* A legend:જોડેલી-કલ્પેલી વાત.

Mythic,(મિથિક્)*a.*[G *muthos,*a fable]Fabulous,imaginary:કલ્પિત;ખોટી;જોડી કાઢેલી.

Mythological, (મિથૉલૉજીકલ્) *a.* Mythical; fabulous:પુરાણનું-સંબંધી;પુરાણોક્ત;કલ્પિત.

Mythologist,(મિથૉલૉજીસ્ટ્) *n.* One versed in myths:પુરાણી-પુરાણમાં કુશળ હોય તે.

Mythology, (મિથૉલૉજી) *n.* The treatise of myths:દેવાખ્યાન;પુરાણ;દેવતાઓની કથા;ઇતિહાસ.

N.

N,(ન્)The fourteenth letter of the English alphabet represented in Gujarati by:ન,ણ, ન,ઙ.ઈંગ્રેજી મુળાક્ષરનો ચૌદમો અક્ષર છે.

Nab,(નૅબ્)*n.* The summit of an eminence: ડુંગરાનું શિખર.2.The cock of a gunlock:બંદુકનો ઘોડો.*vt.*To catch suddenly or unexpectedly:પકડાવી-ઝુંટાવી લેવું. [India:નબાબ;નવાબ.

Nabob,(નૅબૅાબ્) *n.* A deputy or viceroy in

Nacreous,(નૅક્રીઅસ્)*a.* Resembling nacre; pearly:મોતીની છાપ જેવું ચળકતું-ઝગકતું.

Nadir,(નૅડર્) *n.* That point of heavens directly opposite the zenith:અધોબિંદુ;સ્વસ્તિક

Nag, (નૅગ્)*n.*A small horse;a pony:ઘોડું;ટટ્ટુ

Naiad,(નૅયૅડ્) *n.* [Gr. *nao*,I flow.]A water nymph: જળદેવી.

Nail,(નૅલ્)*n* [Gr. *nagel*,a claw.]The horny scale or plate that grows at the end of the fingers and toes of man and many apes:પંજા;નખ.2 A slender pointed piece of metal usually with a head:ચૂંક;મેખ; ખીલો. 3.A measure of length being two inches and a quarter:સવાબે તસુનું માપ. *On the,* **n.** immediately: તરત. *To fit the* **n.** *on the head*,to do or say a thing the right way: બરોબર લાયક પડે એવું કહેવું;આબાદ મારવું.*vt.* To fasten with nails:ખીલા મારી બંધ કરવું.2.To spike:(તોપમાં)ખીલો બેસાડવો.

Naive,(નાઇવ્)*n.*[L.*nativus*,natural.] Ingenuous;artless;frank:નિખાલસ દીલવાળું;સરળ;ભોળું.

Naivete,(નાંઇવ્ટે)*n.*Native simplicity;artlessness:ભોળોભાવ;નિખાલસપણું;સરળતા.

Naked,(નૅકેડ્) *a.* [L. *nudus.*] Uncovered; bare;nude:નાગું; નગ્ન;ઉઘાડું. 2. Open: ખુલ્લું: ઉઘાડું.3. Destitute:વિનાનું.4.Without exaggeration: મીઠું મરચું ઉમેર્યા વિનાનું. 5. Mere: માત્ર. **N.** *eye*, the eye alone, unaided by glasses,or by telescope:ચસમા-દુરબિન વિનાની આંખ. **N.** *sword*:નાગી તરવાર.

Namby-pamby,(નૅમ્બિ પૅમ્બિ) *n.* Silly talk or writing:તડાકા;ગપ્પા.*a.*Weakly sentimental:તડાકા ભરેલું;ગપાષ્ટિક;નિરસ.

Name,(નૅમ્)*n.*[L *nomen*,a name] The title by which any person or thing is known: નામ.2.A descriptive or qualifying appellation:લાક્ષણિકનામ;સંજ્ઞા.2.Estimation;fame: આબરૂ;કીર્તિ;નામ;ખ્યાતિ.*Christian* **n** (*a*):ખ્રીસ્તિ જળસંસ્કાર કરતી વેળાએ મળેલું નામ. *In* **n.**, not in reality:નામનું.*In the* **n.***of*,(*a*) in behalf of:નામે;તરફથી.(*b*)In the represented or assumed character of:વેશે;નામથી. *Proper* **n:** વિશેષ નામ. *To call* **n** *s*, to call by reproachful appellation:-નું નામ પાડવું. *Family* **n** surname:અટક. *To blast or sully one's good* **n** :નામ બોળવું. *To destroyone's good* **n.** નામ ડુબાવવું.*To get a bad* **n** :ખોટું નામ કાઢવું. *vt.* To give a distinctive name to:-નું નામ પાડવું 2. To mention by name:નામોચ્ચારણ ક૦. 3. To nominate:નિમવું;ઠેરવવું 4. To designate (*a member*) by name: કોઈ સભાસદને નામથી કહેવું.

Nameless,(નૅમ્લેસ્) *a.* Without a name:નનામું.2.Indescribable:વર્ણવી-દર્શાવી શકાય નહિ એવું.

Namely,(નૅમ્લિ)*adv.*That is to say;to wit: એટલે;યાને.

Namesake,(નૅમ્સેક્)*n.*One that has the same name as another:નામરાશી;સ્વનામી;નામધારી.

Nap,(નૅપ્)*vi* [Gr.*nipian*,to bend one's self] To have a short sleep: ટુંકી ઉંઘ લેવી. *n.* A short sleep:થોડી ઉંઘ;ઝોકું;ઝોખું. [બોથી ગળથી.

Nape,(નૅપ્)*n.*The back part of the neck:ડોક.

Naphtha,(નૅફ્થૅ)*n* [L *naphtha.*](*Chem*)The complex of volatile, liquid inflammable hydrocarbons; nook-oil:નખતેલ.

Napkin,(નૅપ્કિન્) *n.*A little towel, or small cloth:નાનો ટુવાલ-મ્હોં લોવાનું લુગડું.

Nappy,(નૅપિ) *a.* Inclined to sleep; sleepy: ઉંઘ આવે એવું;ઉંઘણશી.

Narcotic,(નાંર્કૉટિક્)*a.*[Gr. *narke*, torpor.] Having the properties of a narcotic;operating as a narcotic:દુઃખ શાંત કરી નિંદ્રા આણે એવું.*n.*(*Med.*) A drug which in medicinal doses,produces sleep:નિંદ્રા આણનારૂં ઔષધ.

Narrate,(નૅરેટ્)*vt* [L.*narro*, I narrate.] To tell;to relate:બયાન આપવું;કહેવું;કથન ક૦.

Narration,(નૅરેશન્)*n.* Rehearsal:કથન. 2. A story;history:કથા;વાર્તા.

Narrative,(નૅરેટિવ્)*a.* Of or pertaining to narration:આખ્યાનનું-સંબંધી-વિષે;કથા સંબંધી. *n* The recital of a story:વૃતાંત.

Narrator, (નૅરેટર્) *n.* One who relates a series of events:વાર્તા કથા કરનાર;પુરાણી.

Narrow,(નૅરો)*a* Of little breadth: સાંકડું. 2. Having but a little margin; close: મુશ્કેલી ભરેલું;ઝીણું;સુક્ષ્મ.3.Limited as to means: તંગીવાળું 4. Illiberal: કૃપણ; કંજુસ; અપ્રસન્ન. 5. Close:બારીક;ગહી.*vt.* To contract: સાંકડું ક૦. 2 To limit:ઘટાડવું.*vi* To become less broad: સાંકડું થવું. [mental scope:સાંકડા મનનું;હલકું.

Narrow-minded,(નૅરોમાઇન્ડેડ્)*a.*Of narrow

Narrowness,(નૅરોનેસ્) *n.* The condition or quality of being narrow:સુક્ષ્મતા;સાંકડાપણું.

Nasal,(નેઝલ્)*n.* [L. *nasus,* the nose.] Of or pertaining to the nose:નાકસંબંધી;નાસિકા સંબંધિ. 2. Having a quality imparted by means of the nose: અનુનાસિક. **N**. *dot*: અનુસ્વાર. *n* An elementary sound which is uttered through the nose:અનુનાસિકવર્ણ.

Nascency,(નેસેન્સિ)*n.*Birth;beginning:જન્મ.

Nascent,(નેસેન્ટ્)*a.* [L. *nascor* I am born.] Beginning to grow:વધવા માંડવું;ઉઘડવું;ખીલવું.

Nasty,(નૅસ્ટિ)*a* Offensively filthy:અતિ મલિન; ગંદું;ગલિચ.2.Disagreeable:ખરાબ;ભુંડું;બાંડ.

Natal,(નેટલ્)*a* [L. *natus,* born.] Of or pertaining to one's birth;native: જન્મનું-સંબંધી

Nation,(નેશન્)*n* [L.*natus,*born.] The body of inhabitants of a country:પ્રજા;લોક.

National (નૅશનૅલ્) *a.* Of or pertaining to nation:પ્રજા-લોક સંબંધી **N**.*anthem,*a popular song or hymn:રાજ્ગીત. **N** *congress*: રાષ્ટ્રીય સમાજ.

Nationality,(નૅશનૅલિટિ)*n pl.*Patriotism:સ્વદેશાભિમાન.2 National character:દેશીયધર્મ;દેશભક્તિ.3.Nation:પ્રજા;લોક 4. National unity and integrity:પ્રજાનો એક સંપ અને સાહચર્ય.

Native,(નેટિવ્)*a.*[L.*natus,* born.] Arising by birth:જન્મ-મુળવાળું;જન્મેલું.2 Of or pertaining to one's birth:સ્વજન્મભૂમિ સંબંધિ;દેશી. 3.Original:તળપદ.4. Conferred by birth: કુદરતી.*An disposition*:પ્રકૃતિ.5.Not artificial હાથથી ન બનેલું હોય તેવું;કુદરતી. *n.* One who or that which is born in a place,or country referred to;a denizen by birth:વતની;રહેવાશી.

Nativity,(નેટિવિટિ) *n.* (*a*) The coming into life or into the world;birth:જન્મ;ઉત્પત્તિ;ઉદય (*b*)The circumstances attending birth as time,place,manner, &c :જન્મકાળ-ભૂમિ.2.A horoscope:જન્માક્ષર; જન્મપત્રિકા. *Planet of a* **n.**જન્મ નક્ષત્ર.*Sign of a* **n.**:જન્મરાશિ;જન્મ લગ્ન.*The* **n.**,the birth or birthday of Christ: ક્રાઈસ્ટનો જન્મદિવસ;નાતાલ.

Natural,(નૅટ્યૂરૅલ્)*a.*[L.*natus,* born.] Fixed by nature:સ્વાભાવિક;સહજ;મુળનું.2.Of human reason: સૃષ્ટિ-પ્રકૃતિ જન્ય; સ્વાભાવિક. 3. (*a*) Springing from true sentiment: ઢોંગ વગરનું;અકૃત્રિમ (*b*) True to nature: આબેહુબ. 4. Not unnatural in feelings:કુદરતી; સહજ. 5. Connected by the ties of consanguinity: એક લોહીની સગાઇ.6 Born out of wedlock:અનૌરસ રાંડના પેટનું **N** *day*: ચોવીસ કલાકનો સમય. **N.***philosophy*:પદાર્થ વિજ્ઞાન;પદાર્થ માત્રશાસ્ત્ર.

Naturalism, (નૅટ્યૂરૅલિઝ્મ) *n.* A state of nature:માત્ર કુદરતથી બનવું-થવું તે. 2. The doctrine of those who deny a supernatural agency in the miracles and revelations recorded in the Bible, and in spiritual influences:બાઈબલમાં લખેલા ચમત્કારો નહિં માનનારનો મત; સ્વભાવવાદ.

Naturalist, (નૅટ્યૂરૅલિસ્ટ્) *n.* One versed in natural science; a student of natural history: પ્રાણી વિદ્યા જાણનાર. 2. One who holds the doctrine of naturalism:સિદ્ધ પદાર્થ વિજ્ઞાની;પદાર્થશાસ્ત્રજ્ઞ.

Naturalization,(નૅટ્યૂરૅલાઈઝેશન્) *n.*The act of investing an alien with the rights and privileges of a native or citizen: કોઇ પરદેશીએ સ્વદેશીના જેવા હક મેળવવા તે.

Naturalize,(નૅટ્યૂરૅલાઇઝ્) *vt.* To make easy and familiar by custom:થી અનુકૂળ આવે તેમ કરવું 2.To confer the rights and privileges of a native subject or citizen on:કોઈ પરદેશીના સ્વદેશીના જેવા અધિકાર અથવા હકો આપવા. 3 To make one's own:પોતાનામાં દાખલ કરવું. 4 To accustom (*a plant*):-માં ઉછરે તેવું કરવું. *vi.*To become as if native:સ્વદેશી-વતની થવું.

Naturally,(નૅટ્યૂરૅલિ)*adv.*In a natural manner or way; spontaneously: સ્વાભાવિક રીતે.

Naturalness,(નૅટ્યૂરૅલનેસ્) *n.* The state or quality of being natural; conformity to nature:કુદરતી સ્વાભાવિક ગુણ-સહજત્વ;યથાર્થતા.

Nature,(નૅટ્યૂર)*n.* [L. *natus,* born.] The creation:સૃષ્ટિ;વિશ્વ;જગત; બ્રહ્માંડ. 2. The personified sum and order of causes and effects:કુદરત; માયા. 3. The established or regular course of thing:સૃષ્ટિ-કુદરતનો વહિવટ. 4 Conformity to that which is natural: સ્વભાવ;ધર્મ;સ્વરૂપ.5.Native character:સ્વભાવ. 6 Kind:જાત;પ્રકાર;ભેદ;તરાહ..7. Physical constitution:પ્રકૃતિ;શક્તિ. 8. Natural affection or reverence: સ્વભાવ. 9. Constitution or quality of mind or character:તબીયત;પ્રકૃતિ. *To pay the debt of* **n.**: to die:મરી જવું.*vt.*To endow with natural qualities:કુદરતી ગુણો બક્ષવા.

Naught,(નોટ્) *n.* Nothing: કંઇજ નહિ તે. 2. The arithmetical character 0; a cipher: મીંડું. *For* **n.**: ફોકટ. *To set at naught,* to disregard:ન લેખવવું.*adv.*In no degree:જરાકે નહિ.*a.*Worthless:નકામું;ખરાબ.

Naughtily,(નોટિલિ)*adv.*Wickedly:ખરાબરીતે.

Naughtiness, (નોટિનેસ્) *n.* Perverseness; badness:ઉદ્ધતાઇ;ભુંડાઈ.

Naughty,(નોટિ)*a.*Worthless; bad: નકામું; ખરાબ;નઠારૂં 2.Mischievous:તોફાની;છછોરું.

Nausea,(નોશીઍ)*n.*[Gr *naus,* a ship.] Sea-sickness:વહાણમાં આવતા ફેર-ચક્કર;વમન.

Nauseate,(નોશીએટ્)*vi.* To become squea-

mish; to feel nausea: કંટાળો લાગવો. *vt.* To affect with nausea: દરિયામાં ચક્કર-ફેર આવવા.

Nauseous,(નૉશસ્)*a.* Sickening;loathsome disgusting: કંટાળો આવે એવું;સૂગ ચઢે એવું.

Nautical,(નૉટિકલ્)*n.* [Gr.*naus*, a ship]Of or pertaining to the art of navigation:વહાણ ચલાવવાને લગતું;નૌકાશાસ્ત્ર.

Naval,(નેવલ્)*a* [L.*navis*,ship .] Having to do with shipping:વહાણ સંબંધિ;દરિઆઇ;અરમારી;નૌકાત્મક;નાવિક.**N** *brigade,*: જમીન ઉપર લઢતાં શિખવેલા ખલાસીઓનું લશ્કર.

Navarch, (નેવાર્ક્) *n.* [L.*nas* ship & *archos*, chief.]The commander ofa fleet:નૌકાધિપતિ.

Nave, (નેવ્) *n.* [Skr. *nabhi*, a nave.] The block in the center of a wheel: નારખું. 2. The navel:નાયડી;નાભી;ડુંટી.

Navel, (નેવલ્) *n.* A mark or degression in the middle of the abdomen; the umbilicus: નાભિ;ડુંટી.

Navigable,(નૅવિગેબલ્)*a.* Capable of being navigated;વહાણ ચાલી જઇ શકે એવું.

Navigate,(નૅવિગેટ્)*vi.*[L *navis*,ship & *ago* I move]To journey by water; to go into a vessel or ship:વહાણની મુસાફરી કo. *vt.* To pass over in ships:સમુદ્ર ખેડવો.

Navigation, (નૅવિગેશન્) *n.* The art of conducting ships from one place to another: નૌકાશાસ્ત્ર;નાવિક વિદ્યા.*Aerial* **n** : આકાશ ગમન-યાત્રા;બલુન મારફતે ગમન.

Navigator, (નૅવિગેટર) *n.* One who directs the course of a ship:નૌકાશાસ્ત્ર જાણનાર.

Navy,(નેવિ)*n pl* **Navies**.[L.*navis*,a ship] A fleet of ships: વહાણનો કાફલો; નૌકાસમૂહ. 2. The officers and men attached to the war vessels of a nation: અરમારના અમલદાર તથા માણસો.

Nawab,(નૅવાબ્)*n* A deputy ruler or viceroy in India:નવાબ;સુબો.

Nay,(ને)*adv* No:નહિ;ના.2.Not this merely; but also:નહિં ના; ફક્ત અટલુંજ નહિ પણ. *n. pl.* **Nays**. Denial; refusal: ના ભણવી. 2. A negative note:નકારનો મત.

Neap,(નીપ્)*n.*The tongue or pole of a cart or other vehicle drawn by two animals: ગાડાની ધુંસરી;ધુંસરી.*a.* Low:ઓછું;થોડું;અલ્પ.

Near,(નીર્) *adv.* Not remote: પાસે. *a.* Not remote:પાસેનુ 2 Closely connected:પાસેના-સંબંધનું.3.Immediate:પાંસરો *Prep.*Adjacent to:પાસે.*vt.* To approach: પાસે-આવવું. *vi.* To draw near:જઇ પહોંચવું.

Nearly,(નીર્લિ)*adv.*Almost:લોવસા;લગભગ.

Near-sighted,(નીર્સાઇટેડ્)*a.*Shortsighted: ટૂંકી નજર-આંખવાળું.

Neat,(નીટ્)*a.* Clean:સ્વચ્છ,ચોખ્ખું.2. Simple and becoming:પરભાષાના અને અયોગ્ય શબ્દ વિનાનું 3 Free from admixture; good of its kind:મિશ્ર;ચોખ્ખું સારી જાતનું **N**.*line*:સીમા.

Neat herd,(નીટ્હર્ડ્)*n* A person who has the care of neat cattle; cowherd:ગોવાળીઓ.

Neatly,(નીટ્લિ)*adv.*In a neat manner;tidily tastefully:સાફ રીતે;સફાઇથી;મનગમતું.

Neatness,(નીટ્નેસ્)*n.*The state or quality of being neat:સફાઇ;સ્વચ્છતા;શુદ્ધતા.

Neb,(નેબ્)*a* The nose;the snout;the mouth bill:નાક;અણી;મ્હોં;પક્ષીની ચાંચ.

Nebula,(નેબ્યૂલે)*n pl* **Nebulæ**. [Gr.*nephele*, cloud.] A misty object in the heavens: વાદળ સરખા દેખાતા તારાઓના સમૂહ; નિહારિકા.

Nebule, (નેબ્યૂલ)*n.* A little cloud; cloud: વાદળ; વાદળું.

Nebulous,(નેબ્યૂલસ્)*a.* Cloudy; hazy:વાદળાં થી ભરાયેલું;ધુમસી;અભ્રરૂપ.

Necessaries, (નેસેસ્સૅરિઝ્) *n. pl.* Things that are necessary:જરૂર અગત્યની વસ્તુઓ.

Necessarily,(નેસેસ્સૅરિલિ) *adv.* In a necessary manner:અવશ્ય;જરૂર કરીને; મૂખ્યત્વે કરીને.

Necessary,(નેસેસ્સૅરિ)*a* [L. *necesse*,unavoidable.] Inevitable: આવશ્યક; જરૂરનું; જે વિના ચાલે નહિ એવું;અગત્યનું;અનિવાર્ય.

Necessitate,(નીસેસ્સિટેટ્)*vt.*To make necessary:જરૂરનું કo;જરૂર ફરજ પાડવી.

Necessity,(નીસેસ્સિટિ) *n.* Inevitableness; indispensableness:જરૂર;અગત્યતા;અગત્ય;આવશ્યકતા;પ્રયોજન;ખપ 2. Extreme indigence: દળદર;દરિદ્રતા; દારિદ્રય; કંગાલિયત. 3. Destiny: નિર્માણ; નિયતિ. *Ofnecessity*, અવશ્ય;ફરીજ્યાત.

Neck,(નેક્)*n.*The part of an animal which connects the head, and the trunk:ગરદન; ડોકી;ઓચી; 2. The long slender part of a vessel:ગળું;ગળચી;કાઠો. **N**. *and crop*,completely; wholly:પૂર્ણ-સંપૂર્ણ રીતે. **N**. *verse*: જે કવિતા બોલવાથી કોઇનું નશીબ જણાય તે. *On the* **n** *of*, immediately after:તરતજ પછી.

Neck-cloth-Neckerchief, (નેકક્લૉથ્ નેકર્ચીફ્)*n.*A piece of anyfabric worn around the neck:ગલેબંધ;ગલપટો; કંઠ વસ્ત્ર.

Necklace,(નેક્લેસ્)*n* A string of beads,etc., or a continuous band or chain,worn around the neck as an ornament:માળા;હાર;કંઠી.

Occident,(ઑક્સિડેન્ટ્)*n* [L *ob* & *cado*,I fall.] The part of the earth towards the sunset the west:પશ્ચિમ ભાગ-આથમણી દિશા.

Occidental, (ઑક્સિડેન્ટલ્) *a*. Situated in the west;western:આથમણું;પશ્ચિમનું-તરફનું.

Occiput,(ઑક્સિપટ્) *n*. [L. *ob* & *caput*, the head.] The back or posterior part of the head or skull:માથાનો પાછલો ભાગ;શીર.

Occult,(ઑકલ્ટ્)*a*.[L.*ob* & *colo*,I till.]Hidden;invisible;secret;concealed:અપ્રસિદ્ધ;છાનું;ગૂઢ; ગુહ્ય. O. *sciences*: ગુહ્ય ગહનવિદ્યા. *vt*. To eclipse:અપ્રસિદ્ધ;છાનું ગુપ્ત રાખવું.

Occultation, (ઑકલ્ટેશન્) *n*. The hiding of a heavenly body from sight by the intervention of some other of the heavenly bodies: સમાગમ:આચ્છાદન; ગ્રાસ

Occupancy,(ઑક્યુપૅન્સિ)*n*. The act of taking possession:ભોગવટો;વહિવટ; કબજો.

Occupant.(ઑક્યૂપૅન્ટ્)*n* One who occupies or takes possession:કબજો કરનાર;ભોક્તા;ભોગી.

Occupation, (ઑક્યૂપેશન્) *n*. The act of occupying or taking possession: ભોગવટો; કબજો;ભોગ.2. Employment:ધંધો રોજગાર.

Occupier, (ઑક્યૂપાયઅર્) *n*. One who occupies or has possession:કબજો કરનાર.

Occupy,(ઑક્યૂપાઇ)*vt* [L *ob* & *capio*,I take.] To take or hold possession of;to possess: કબજો કરવો-લેવો;હાથ-કબજ કરવું.2. To employ; to engage the service of: કામે વળગાડવું. 3. To do business in:કામે વળગવું.4.To use; to make use of:ખરચવું.

Occur,(ઑકર્)*vt*.[L *ob* & *curro*, I run]To be found or met with; to present itself; to take place:નજરે પડવું;જડવું;હોવું;જોવામાં આવવું;થવું.4.To meet or come to the mind;to suggest itself:સુઝી આવવું;નામતમાં આવવું.

Occurrence, (ઑકરેન્સ્) *n*. A coming or happening: સુઝી આવવું તે. 2 Any incident or event:કોઈ બનાવ;વાત;વૃત્તાંત;બીના;સંભવ.

Ocean,(ઓશન્)*n*.[Gr fr.*okus*, swift & *nao*, I flow.]The great sea:સમુદ્ર; સાગર; મહોદધિ; સિંધુ.2.An immense expanse: દરિયો; સાગર; નિધિ;રાશિ.

Oceanic,(ઓશીઍનિક્) *a* Of, or pertaining to the ocean:સમુદ્ર વિષે-સંબંધિ.

Ochere,(ઑકર્)*n* [Gr.*ochros*, pale yellow.] An impure earthy ore of iron or ferriginous clay:એક જાતની રાતી લોહમય-પીળીમાટી;ગેરૂ.

Octagon, (ઑક્ટૅગૅાન્) *n.*[Gr. *okto*, eight & *gonia*, an angle.]A plane figure of eight sides and eight angles:અષ્ટકોણ.*Regular* o: સમઆજુ અષ્ટકોણ.

Octagonal, (ઑક્ટૅગૅાનૅલ્) *a.* Having eight sides and eight angles:અષ્ટકોણના આકારનું.

Octahedron,(ઑક્ટૅહેડ્રૉન્)*n.* [Gr.*okto*, eight & *hedra*,a side.]A solid bounded by eight faces or sides:આઠ બાજુવાળી ઘનઆકૃતિ.

Octangular, (ઑક્ટૅન્ગ્યૂલૅર્)*a.*[L *octo*, eight & *angulus*,angle] Having eight angles; eight angled:અષ્ટકોણનું;અષ્ટકોણ આકારનું.

Octavo,(ઑક્ટૅવૅા)*n.pl.***Octavos**,[L.*octavus*.] A book composed of sheets each of which is folded into eight leaves: એક તાવનાં આઠ પાનાં વાળી ચોપડી.*a.*Having eight leaves to a sheet:એક કાગળ-તાવનાં આઠ પાનાવાળું.

Octennial,(ઑક્ટેનિઅૅલ્)*a.* [L *octo*,eight & *annus*, year.] Happening every eighth year:આઠ આઠ વરસે થતું-આવતું;અષ્ટવર્ષસ્થાયી.

October,(ઑક્ટોબર્)*n.* [L. *octo*, eight.] The tenth month of the year:અંગરેજી વર્ષનો દશમો માસ;આસો-કારતક.

Octogenarian,(ઑક્ટોજેનેરિઅૅન્)*n.*A person eighty years, or more of age: એંશી અથવા વધારે વર્ષનો માણસ.

Octroi,(ઑક્ટ્રવાં) *n.* A tax levied in money or kind at the gate of a city: દરવાજે લેવાતું હાંસલ;જકાત-વેરો.

Ocular,(ઑક્યુલર્) *a.* [L. *oculus*, the eye.] Depending on, or perceived by the eye: આંખે-નજરે જોયેલું;પ્રત્યક્ષ.2.Of, or pertaining to the eye:આંખ સંબંધિ-નું વિષે.

Oculist,(ઑક્યૂલિસ્ટ્)*n.* [L. *oculus*.the eye] One skilled in treating diseases of the eyes: આંખનો વેદ;નેત્રવેદ.

Odd,(ઑડ્)*a.* Without a mate:વિખુટું;ઈલાયદુ; નોખું. 2. Not divisible by two without a remainder: બેથી ન ભગાય તેવું. 3. Left over after a definite round number has been taken:વધારાનું; ફીરકુન. 4. Remaining over: બાકી રહેલું.5.Unusual;peculiar:વિલક્ષણ;તરેહવાર.

Oddity,(ઑડિટિ)*n.* Singularity;queerness. peculiarity:વિલક્ષણ તા;તરેહવારપણું;કઢંગાપણું.

Oddness, (ઑડ્નેસ્) *n.* The state of being odd, or not even:એકીપણું. 2. Singularity; strangeness:કઢંગાપણું ;તરેહવારપણું.

Odds,(ઑડ્ઝ્) *n.* *Sing & pl.* Difference in favor of one and against another;inequality:ફેર;અંતર;તફાવત,2.Quarrel, dispute; debate; strife: તકરાર; કજીયો; ટંટો *At odds*, in dispute: સામસામી;ઉલટા; વિરૂદ્ધ. *It is odds*, it is probable: તે સંભવિત છે. *Odds and ends*, remnants:બાકી રહેલો ભાગ.

Ode,(ઑડ્)*n.*[L.*ode*,song.]A short poetical composition;a lyric poem:ગાયન;ગીત.

Odious,(ઑડિઅસ્)*a.* [L. *odium*, hatred.] Hateful;deserving hatred:તિરસ્કાર્ય;ધિક્કાર-ફીટકાર કરવા જોગ; દ્વેષ પાત્ર.

Odium,(ઑડિઅમ્)*n.*[L.*odio*,I hate]Hatred; dislike-તિરસ્કાર;ફીટકાર;દ્વેષ;અપ્રીતિ;અભાવ;ભુંડાઇ.

Odorating, (ઑડૉરેટિન્ગ્) *a* Diffusing odor or scent;fragrant:સુગંધ ફેલાવતું;સુગંધવાળું.

Odoriferous,(ઑડૉરિફેરસ્)*a.*[L *odor*,odor & *ferro*,I bear.]Perfumed;fragrant:સુગંધવાળું.

Odorous,(ઑડૉરસ્)*a.* Fragrant:સુગંધદાર.

Odour,Odor,(ઑડૉર્)*n* [L. *odor*, a smell.] Any smell,scent:perfume:વાસ;સુગંધ.

Œcumenical,(ઍક્યૂમિનિકૅલ્)*a.*Ecumenical general:સામાન્ય;સાર્વજનિક;સર્વસાધારણ.

Of,(ઑવ્)*Prep. In a general sense*,from. belonging to;relating to:નો-ના-ની-નું;માંનું;માંથી. Indicating origin:નું;નો;ની;-થી;માંથી; પાસેથી; થી ઉત્પન્ન થયેલું.2.Denoting relation of subject to attribute:વાળું;વાન.3.Denoting the material of which anything is composed જે પદાર્થનું બનેલું હોય તે પદાર્થ દર્શાવતું. 4. Amongst:માંથી-માંના.5. About; concerningવિશે 6. Denoting nearness or distance:થી પહેલું.or પછી.7 Denoting the agent:એ; એ કરીને; વડે; થી.Belonging to:ના. **Of** *late*, recently:હમણાંજ. **Of** *old* formerly: પહેલાં. **Of** *one's self* by one's self:પોતાની મેળે.

Off,(ઑફ્)*adv.*Denoting distance:આઘે;વેગળો; દૂર *To be* o. (*a*) to depart; to escape: જતા રહેવું.*To be well* o.,to be in good condition: સારીસ્થિતિમાં હોવું;સુખી હોવું *To be ill* o.,to be badly off:ગરીબ કંગાલ સ્થિતિમાં હોવું.*Interj.*A way;begone:જા ! ચાલ !*Prep.* Not on;away-from:ખસેલું;ઉપર નહિ રહેલું; બહાર. *a.* On the farther side:પેલી બાજુ તરફનું.**O** *side*:હાંકતી વખતે જમણી બાજુ **O**. *near*:પાસે

Off and on, (ઑફ્ઍન્ડ્ઑન્) *adv.* Now and then;occasionally:ઘડીમાં નવરૂ ને ઘડીમાં કામમાં.

Offal,((ઑફૅલ્) *n.* The rejected or waste parts of a butchered animal: કાપી નાંખેલા પ્રાણીના નકામા ભાગ.2.A dead body:કોહેલું માંસ. 3. Refuse:એંઠવાડ;કચરો;પુંજો.

Offence,(ઑફ્ફેન્સ્)*n.*[L.*ob*& *fendo*,I dash.] A crime: અપરાધ; ગુન્હો; નાખુશી; ઈતરાજી. *To take* o.,to become angry:ગુસ્સે થવું.

Offend,(ઑફ્ફેન્ડ્) *vt.* To displease:નાખુશ કo; ગુસ્સે કo.2.To harm:દુઃખ-કંટાળો ઉપજાવવો. *vi.* To commit a crime: અપરાધ-વાંક-ગુન્હો થo

સીર ક૦. 2. To cause dislike; to displease: ખોટું-માઠું લગાડવું;-ને ન ગમવું.

Offender, (ઑફેન્ડર્) *n.* One who offends: one who violates any law; a wrongdoer: અપરાધી;ગુનેગાર;તકસીરવાન માણસ.

Offensive, (ઑફેન્સિવ્) *a* Giving offence: ગુસ્સો ઉપજાવે તેવું;માઠું-ખોટું લાગે તેવું.2. Disagreeable:દુઃખ કરનારૂં ન ગમે તેવું.3.Making the first attack:પહેલો હુમલો-ચઢાઇ કરનાર.Hence, used in attacking:હુમલો કરવાનું. *n.* The act of the attacking party:લડાઇમાં પહેલું પગલું.

Offer, (ઑફર્) *vt* [L *ob* & *fero*, I bear.] To immolate; to sacrifice; to present in prayer or devotion:અર્પણ ક૦;નિવેદન ક૦;હોમવું;બલિદાન આપવું. 2. To present for acceptance or rejection:અંગીકાર કરવાને મ્હોં આગળ ધરવું.3 To proffer to suggest to make a proposal of: સૂચવવું;દરખાસ્ત ક૦.4 To attempt;to undertake:યત્ન ક૦;માથે લેવું. 5. To bid,as a price, reward or wages: આપવા માંડવું. *vi.* To present itself;to be at hand:આવવું.2.To declare a willingness:ખુશી બતલાવવી. *n* The act of offering:કહેણ;માગણી;માગુ; માગ. 2. Attempt; endeavor:યત્ન;અજમાયશ;પ્રયત્ન; કોશીસ.

Offering; (ઑફરિન્ગ્) *n.* A proffering:અર્પણ-નિવેદન ક૦ તે;નૈવેદ્ય; કહેણ; માગણી. 2. A sacrifice:બળિદાન;બળિ. 3. A sum of money offered as in church service:દેવળમાં આપેલા પૈસા

Offhand, (ઑફ્હૅન્ડ્) *a.* Instant; ready; extemporaneous:વગર તૈયારી કે અભ્યાસ શિવાયનું.

Office, (ઑફિસ્) *n.* [L.*ob* & *facio*, I do.] A special duty,conferred by authority:અધિકાર;હોદ્દો;પદ્દી.2 A charge or trust of a sacred nature: ધર્મકાર્ય. 3. A place of public business:કચેરી.4.The company or person whose place of business is in an office:કચેરી મંડળ.*Office copy*:આફિસના સિલસિલા સાથેની નકલ.

Office-bearer, (ઑફિસ્બેરર્) *n.* An officer; one who has specific office or duty to perform:કોઈ મંડળીનું કામ ચલાવનાર;અધિકારી.

Officer, (ઑફિસર્) *n.* One who holds an office:કામદાર;અધિકારી; હોદેદાર; અમલદાર. 2. A commissioned officer:સનંદી અમલદાર.*vt.*To appoint officers over:ઉપર અધિકારીઓ-અમલદાર ઠરાવવા-નિમવા.

Official, (ઑફિશૅલ્) *a.* Of, or pertaining to an office:અધિકારી વિષયક.2.Made by virtue of an office:અધિકાર વિષયક 2.Made by virtue of authority:અધિકાર-સત્તા રૂએ કરેલું; સરકારી.*n* A subordinate executive officer: કામદાર-અધિકારી અમલદાર.

Officially, (ઑફિશૅલિ) *adv* By virtue of the proper authority: કામદાર-અધિકારીની તરફથી; હોદ્દા-અધિકારની રૂયે.

Officiate, (ઑફિશિએટ્) *vt.* To act as an officer in performing a duty: બીજાને બદલે કામ બજાવવું.*vi.* To discharge as an official duty:કામ કરવું-બજાવવું.

Officinal, (ઑફિશિનૅલ્) *a.*[L. *opus*, work and *facio*, I do.] Used in a shop or belonging to it:દુકાનને લગતું-માં મળે તેવું.

Officious, (ઑફિશસ્) *a.* Intermeddling in affairs in which one has no concern;meddlesome:પારકાના કામમાં માથું ઘાલનાર;ઘુસણીયું; દોડડાહ્યું. [વાડ;નકામી ચીજ કચરો.

Offscouring, (ઑફ્સ્કાઉરિન્ગ્) *n.* Refuse:એંઠ.

Offset, (ઑફ્સેટ્) *n.* A short prostrate shoot, ફણગો;ફાંટો 2. A sum, account or value set off against another sum or account,as an equivalent;a set off:સામું લેહેણું દાવો. *vt.* To set off; to place over against; to balance: વળતર દાખલ મૂકવું; સામું વાળવું.

Off-shoot, (ઑફ્શૂટ્) *n.*That which shoots off from a main stem:આડી ફંટાવેલી શાખા; ફાંટો; અંકુર.

Off spring, (ઑફ્સ્પ્રિન્ગ) A child or children:સંતાન;સંતતિ;પ્રજા;ઓલાદ 2.Origin:કુળ;કુટુંબ.

Oft Often, (ઑફ્ટ્-ઑફ્ન્) *adv.* Frequently; many times:ઘણી-બહુવાર;વારંવાર વારેઘડીએ.

Oftentimes, (ઑફ્ન્ટાઇમ્ઝ્) *adv.* Frequently; many times;often:વારંવાર;ફરી ફરીને;વારેઘડીએ.

Ogle, (ઓગલ્) *vt.*[L *oculus*, the eye.]To view or look at with side glances: આંખ મારવી. *n.*An amorous side glance:નેત્રકટાક્ષ.

Oh (ઓ) *Interj.* An exclamation expressing surprise, pain,sorrow, anxiety,or a wish: રે! હો ! અરેઅરે! અરે ! હાય ! હાય !

Oil, (ઑઇલ્) *n.*[L.*oleum.*]Any one of a great variety of unctuous combustible substances,not mixible with water: તેલ; મીઠું તેલ. *To burn the midnight* o ,to study late at night:મોડી રાત સુધી દીવો બાળી અભ્યાસ કરવો. *To pour* o.*on burning fire*:બળતામાં ઘી હોમવું o *mill:* ઘાણી. *Castor* o : એરંડીયું *vt.* To smear or rub over with oil:ઉપર તેલ ચોપડવું; ઉજવવું.

Oil cloth, (ઑઇલ-ક્લૉથ્) *n.* Cloth treated with oil or paint:રોગાન ચડાવેલું લુગડું;મીણીયું.

Oil color, (ઑઇલ-કલર્) *n.* A paint made by grinding a coloring substance in oil:કોઇ પણ રંગને તેલમાં વાટીને કરેલો રંગ.

Oiliness, (ઑઇલિનેસ્) *n.*The quality of being oily:ચીકણાપણું;ચિકાશ;ચિકટ;સ્નિગ્ધતા.

Oilman, (ઑઇલ્મૅન્) *n* One who deals in oils:

ઘાંચી;તેલી;તેલ વેચનાર.
Oil-painting, (ઑઇલ-પેન્ટિંગ્) *n.* The art of painting in oil colors: તેલમાં રંગ વાટીને રંગવાની કળા. 2. Any kind of painting of which the pigments are originally ground in oil:તેલમાં રંગ વાટીને તે વડે ચિત્રેલું ચિત્રકામ.
Oily,(ઑઇલિ)*a.*Consisting of oil:તેલવાળું;ચિકણું.2.જાડું;સુંવાળું;ખુશામતીયું.
Oint,(ઑઇન્ટ)*vt.*[L.*ungo*,I smear.]To anoint: તેલ લગાડવું-ઘસવું-ચોપડવું;લેપ કo.
Ointment,(ઑઇન્ટ્મેન્ટ્)*n.*That which serves to anoint;an unguent:મલમ;લેપ;મર્દન દ્રવ્ય;લેપન
Old,(ઑલ્ડ્)*a.* Not young:ઘરડું;વૃદ્ધ; બુજર્ગ.2. Not new or fresh:જુનું.3. Formerly existing;not modern:પ્રાચીન; પુરાતન. O. *nick*,o *scratch*, the devil:ભૂત;પ્રેત;પિશાચ.4. Worn out:ઉતરેલું;જીર્ણ;ઘસાઇ ગયેલું.5.Long practised: જુનો;રીઢો.
Olden, ઑલ્ડ્ન્)*a* Old;ancient:જુનું;પ્રાચીન.
Old-fashioned,(ઑલ્ડ્ ફૅશન્ડ્)*a* Formed according to old or obsolete fashion:જૂના ચાલ-વિચારને અનુસરતું.
Oldness,(ઑલ્ડ્નેસ્)*n* Old age:ઘડપણ;ઝઇફી.
Old-wife, (ઑલ્ડ્-વાઇફ્) *n.* A prating old woman;a gossip:વાતોડી-વાતશૂરી-બકબકીઆ ડોશી
Oleaginous.(ઑલીઍજિનસ્)*a* [L.*olea*,olive] Having the nature or qualities of oil:ચીકણું
Olfactory,(ઑલ્ફૅક્ટરિ)*a.*[L.*olere*,to have a smell & *facio*,I make.]Of,pertaining to,or connected with,the sense of smell:સુંઘવાનું *n.*The sense of smell:સુંઘવાની ઇંદ્રિ;ઘ્રાણેન્દ્રિ
Olibanum, (ઑલિબૅનમ્)*n.* A kind of gum: લોબાન.
Oligarchical, (ઑલિગાર્કિકલ્)*n.* Of, or pertaining to the government by few:થોડા માણસોના હાથમાં સત્તા હોય તેવા રાજ્ય સંબંધિનું.
Oligarchy,(ઑલિગાર્કિ) *n.* [Gr. *oligos*, few & *arche*, rule.] A form of government by a few persons:થોડાં માણસથી ચાલતું રાજ.
Olio,(ઑલિઓ)*n.*[L.*olla*, a pot.] A dish of stewed meat of different kinds:ધીમે તાપે કઢાળેલું જુદી જુદી જાતનું માંસ પીરસેલી થાળી.
Olive,(ઑલિવ્)*n.* [L. *oliva.*] A tree:જીતવૃક્ષ; જીતફળ.2.Tawny green:જીતફળના જેવો રંગ; બદામી રંગનું.*a.*Of tawny green:બદામી રંગનું.
Omen,(ઑમેન)*n.*A foretoken;a foreboding: શુકન;શુભાશુભ લક્ષણ. *Good* o.:સુચિન્હ.*Of good* o : શુભ;મંગળ.*vt* To divine; to augur: ભવિષ્ય બાંધી કહેવું;શુકન કરવા.
Ominous,(ઑમિનસ્)*a.* Foreboding:માઠું;અપશુકનનું;અભદ્ર.2 Significant:સૂચક.
Omissible,(ઑમિસિબલ્)*a.*Capable of being omitted:ભૂલી જવાય તેવું.
Omission,(ઑમિશન્)*n.*The act of omitting: ભૂલચૂક;ગફલત;કસૂર.2.That which is omitted: મુકી દીધેલી વાત.
Omit,(ઑમિટ્)*vt.* To let go; to leave out: છોડી-મુકી દેવું;રહેવા દેવું; વર્જવું. 2.To pass by: દરગુજર-ગુલથી ન કરવું.
Omnibus, (ઑમ્નિબસ્)*n.*[L.*omnis*, all.] A long four-wheeled carriage:ચાર પૈડાંની લાંબી ગાડી. [વિશ્વ સૃષ્ટિકર્તા.
Omnific, (ઑમ્નિફિક્) *a.* All-creating:જગત્-
Omnipotence,(ઑમ્નિપૉટેન્સ્) *n.* Almighty power:સર્વ શક્તિમાન ઈશ્વર;સર્વશક્તિ;અનંતશક્તિ.
Omnipotent,(ઑમ્નિપૉટેન્ટ્)*a.*All powerful; almighty:સર્વ શક્તિમાન.
Omnipresence,(ઑમ્નિપ્રેઝેન્સ્)*n.* Universal presence:સર્વવ્યાપકતા;સર્વવ્યાપીપણું.
Omnipresent, (ઑમ્નિપ્રેઝેન્ટ્) *a.* Persent in all places at the same time:સર્વ વ્યાપક.
Omniscient, (ઑમ્નિશિએન્ટ્) *a.* [G. *omni* & *scio*,I know.]Having universal knowledge: ત્રિકાલજ્ઞ;સર્વસાક્ષી;સર્વજ્ઞ:સર્વદર્શી.
Omnivorous,(ઑમ્નિવૉરસ્)*a* [L.*omnis*, all & *voro*,I eat greedily.]All devouring;eating every thing indiscriminately:બધું ખાનારૂં;સર્વ ખાઉ;સર્વભક્ષક-ભોજી.
On,(ઑન્)*prep.* At,or in contact with, the surface or upper part of a thing:ઉપર;પર. 2.At or near; adjacent to:તરફ. 3. At the time of:-ની વખતે **On** *the alert*:જાગતું.**On** *fire*: બળતું. **On** *a sudden*:એકાએક.*adv.* Forward: આગળ.2.Forward in succession:ક્રમમાં આગળ.3.In continuance:અટકયા-બંધ પડયા સિવાય.4 Adhering:આધે નહિ;પાસે.5.Attached to the body:પહેરેલું.
Once,(વન્સ્)*adv.* For one time:એકવાર. 2. At any one time:ગમે તે વખતે. *At once*,immediately:એકદમ. 3.Formerly;આગળ;પહેલાં.
One,(વન્)*a.*[L.*unus.*] Single, individual: એક-2.A certain:.નામનો એક કોઇ (માણસ). 3. Single in kind:એકજ;એકજ જાતનું.4.Unmarried:કુંવારો.*All* o ,of the same nature:એકજ જાતનું.*Such a* o.:ફલાણો.*n.* A single unit:એક 2.A single person or thing:એક માણસ-ચીજ. *Your little* o. s:.તમારાં છૈયાં છોકરાં. *At* o., in agreement:સલાહ-સંપમાં;એક વિચારમાં. *Ever in* o., continually:હમેશાં.
Oneness,(વન્નેસ્)*n.*Singleness in number; individuality; unity:એકત્વ;એકપણું;એકભાવ.
Onerous,(ઑનરસ્)*a.*[L.*onus*,a load;burden] Burdensome;oppressive;જુલમવાળું;ભારે;દુઃસહ.
Onesided,(વન્સાઇડેડ્) *a.* Limited to one

side:એક તરફી.એક પક્ષી. 2 Growing on one side of a stem: થડની એક બાજુએ ઉગતું.

Onion,(અન્યન)*n*. A liliaceous plant of the genus *Allium*:ડુંગળી;પ્યાજ;કાંદા.

Only,(ઓન્લિ) *a*. One alone:એકજ. 2. Alone in its class:એકલું; એકનુ એક. *adv*. Simply: માત્ર;કેવળ.2 Singly;without more:એકનું એક. 3. Particularly:ખાસ-મુખ્યત્વે કરીને.

Onset,(ઑન્સેટ્)*n*.An attack:હુમલો;ચઢાઈ;હલ્લો; ધસારો. *vt*. To assault: હુમલો કo.

Onslaugnt,(ઑનસ્લોટ્)*n*. An onset: હલ્લો.

Onto,(ઑન્ટુ)*prep* On the top of:ઉપર; પર.

Ontological, (ઑન્ટોલૉજિકલ્) *a*. Of, or pertainingto ontology:પ્રાણી-ભૂતમાત્રવિચારસંબંધિ

Ontology,(ઑન્ટૉલૉજિ)*n*.The science of metaphysics which explains the nature and properties and relations of all beings:પ્રાણી-ભૂતમાત્ર વિચાર;સત્વમાત્ર વિચાર;સત્વવિદ્યા

Onus,(ઑનસ્)*n*. A burden:ભાર;બોજો. 2. The burden of proof:સાબીત કરવાનો જુમ્મો.

Onward,(ઑન્‌વર્ડ્)*a*.Moving in a forward direction;forward:આગળ આગળ ચાલેલું-ચાલતું.

Onwards,(ઑન્‌વર્ડ્ઝ)*adv*. Onward:આગળ.

Onyx, (ઑનિક્સ્)*n*.[Gr.*ony*.a claw]Chalcedony in parallel layers of different shades of color:શિવધાતુ;ગોમેદ.

Ooze,(ઉઝ્)*n*. [L. *udus*, wet.] Soft mud or slime:ગળી જાય એવી-ઢીલી માટી-કાદવ. *vi*. To flow gently:ધીમે ધીમે વહેવું;ઝરવું;ગળવું. 2 To leak or escape slowly:ધીમે રહીને વહી જવું.

Opacity,(ઓપેસિટિ) *n*. Want of transparency;opaqueness:અપારદર્શકપણું;નિસ્તેજપણું.

Opacous,(ઓપેકસ્)*a*. [L. *opacus*.] Opaque: અપારદર્શક;પ્રકાશરોધક;દૃષ્ટિરોધક;કિરણ પ્રતિબંધક.

Opal,(ઓપેલ્)*n* [L *opalus*](*Mtn*)A mineral consisting like quartz of silica:બદલાયા કરે એવા રંગનું ઝવેર;લસણિયો.

Opaline,(ઓપેલાઈન્)*a*. Of, pertaining to, or like opal in appearance:લસણિયા જેવું-નું;સંબંધી.

Opaque,(ઓપેક્)*a*. [Gr. *epi*, upon; & *skia*, shadow.] Impervious to therays of light; અપારદર્શક;તેજહીન;નિસ્તેજ;ઝાંખું. [ખોલવું;ઉઘાડવું.

Ope,(ઓપ્) *a*. Ope:ઉઘાડું;ખુલ્લું.*vt*.&*i*.To open:

Open,(ઓપન્)*a*.Not shut up:ખુલ્લું;ઉઘાડું;મોકળું 2.Not private: જેમાં સર્વને આવવાની છૂટ હોય; એવું.જાહેર 3.Free:આવી જઇ શકાય એવું.4.Extended:ઉઘાડું 5.(*a*)Without reserve;frank: ખુલ્લા દિલનું;નિષ્કપટી;નિખાલસ. (*b*) Not concealed:ઉઘાડું;ખુલ્લું O.*air*, the air out of doors:ખુલ્લી હવા.*Wide* o.:ઉઘાડું ફટાક;ફક.*In open*, in full view:ખુલ્લી રીતે. *vt*. To make or set open:ઉઘાડવું.2. To spread:મોકળું કરવું. 3.To disclose: ખુલ્લું કરી બતાવવું. 4. To make known;to discover:જાણીતું કરવું.5.To enter upon:શરૂ કરવું;આરંભવું. *To* o. *one's mouth*, to speak:બોલવું; ઉચ્ચારવું. *vi*. To unclose;to be parted:ઉપડવું;ખુલવું; ઉઘાડું થવું 2.To begin;to commence:શરૂ થવું.

Open-handed,(ઓપન્-હૅન્ડેડ્)*a* Generous;liberal;munificent:દાતાર;ઉદાર;હાથનું છૂટું;સખી.

Open-hearted, (ઓપનહાર્ટેડ્) *a*. Candid; frank; generous:નિખાલસ;નિષ્કપટી;ભોળું.

Opening,(ઓપનિન્ગ્)*n*. A beginning:પ્રારંભ; આરંભ;શરૂઆત 2. A breach: a hole:બાકું;બારૂં; માગ.3 A vacant place:ખાલી જગ્યા.

Openly, (ઓપન્લિ) *adv*. Publicly: ખુલ્લી રીતે. 2. Without reserve:ખુલ્લા દિલથી.

Openness,(ઓપન્નેસ્)*n*.The quality or state of being open:નિષ્કપટી-નિખાલસપણું;ખુલ્લા ઉઘાડાપણું;સ્પષ્ટતા;પ્રસિદ્ધતા;નિષ્કાપટ્ય;સરળતા.

Opera,(ઑપેરે)*n* [L.*opura*,work.] A drama, either tragic or comic, part: સંગીત નાટક; સંગીત.2. A house where operas are exhibited:સંગીતગૃહ.

Operate,(ઑપરેટ્) *vi*. [L. *opus*, work.] To perform a work or labor; to act:બળ વાપરી ક્રિયા કરવી. 2.To produce an appropriate physical effect:ખાસ શારીરિક અસર ઉત્પન્ન કરવી 3.To act or produce effect on the mind: મન ઉપર અસર કરવી. 4. To perform some manual act upon a human body: વાઢ કાપ કરવી;ચીરવું *vt*.To produce an effect:અસર કરવી.

Operatic,(ઑપરેટિક્)*a*. Of or pertaining to the opera:સંગીત નાટક સંબંધિને લગતું.

Operation,(ઑપરેશન્)*n* The act of operating:ક્રિયા;વ્યાપાર 2.The method of working ગુણ;અસર.3.Action movement:કામ;કાર્ય;ક્રિયા; કૃત્ય;કર્મ.4 Effect produced:ચલણ અસર.5 Any methodical action of the hand with instruments, on the human body,to produce a curative or remedial effect:વાઢકાપ; શસ્ત્રક્રિયા.*Menial* O :મનોવ્યાપાર.

Operative,(ઑપરેટિવ્)*a*. Active in the production of effects:ક્રિયાજનક;ઉત્પાદક;કાર્યસાધક ગુણકારી;પ્રવર્તક.*n*. A skilled worker;an artisan:કારીગર;કર્મકારી;શિલ્પકાર.

Operator,(ઑપરેટર્) *n*. One who, or that which, operates or produces an effect: ક્રિયાકારક-જનક કારક-પ્રવર્તક; કર્તા. 2. One who performs some act upon the human body with instruments:શસ્ત્રવૈદ.

Operose,(ઑપરોસ્)*a* [S.*opus*, work.]Requiring labour;tedious;wearisome:કંટાળા ભરેલું.

Ophiclide,(ઑફિક્લાઈડ્) *n*. [Gr.*ophis*, a ser-

pent & *kloidos*, a key.]A large brass wind instrument:ફોરો વગાડવાનું મોટું પિતળનું વાજું.
Ophidian,(ઑફિડિઍન) *n.* A snake or serpent:સાપ;સર્પ *a.*Of, pertaining to serpents: સર્પ સંબંધિ.
Ophiology,(ઑફિઑલૉજી)*n.*[Gr. *ophis*, & *logos*, a speech.]That part of natural history which treats of serpents:સર્પવિદ્યા.
Ophthalmia, (ઑફ્થૅલ્મિઍ) *n.* [Gr. *ophthalmos*, the eye]An inflammation of the membranes or coats of the eye:ચક્ષુરોગ;નેત્રરોગ.
Ophthalmic,(ઑફ્થૅલ્મિક્)*a.* Of, pertaining to the eye:આંખના મરજનું વિષે.
Ophthalmy,(ઑફ્થૅલ્મિ) *a.* Ophthalmia:આંખનો રોગ;નેત્રમરજ;નેત્રરોગ.
Opiate,(ઑપિઍટ્) *n.* Any medicine that contains opium: અફિણવાળું ઔષધ. *a.*Inducing sleep:નિદ્રા લાવે એવું; નિદ્રાજનક; ઘેન લાવે એવું.*vt.* To put to sleep:ઊંઘાડવું.
Opine,(ઑપાઇન) *vt.* [L. *opior* to suppose.] To have an opinion:મત આપવો.
Opinion, (ઑપિન્યોન) *n.* Settled judgment as to any point of knowledge or action: મત;અભિપ્રાય; બુદ્ધિ. 2. The formal decision, or expression of views, of a judge:ન્યાયાધિશનો ઠરાવ-અભિપ્રાય. *To be of* o., to think: લાગવું;ધારવું.*To hold* o. *with*, to agree with: મળતા આવવું.*Public* o.:લોકમત
Opinionated,**Opinionative**, (ઑપિનિઍનેટેડ્ ઑપિનિઑનેટિવ્) *a.* Stiff in opinion; obstinate in opinion:જીદ્દી;આપમતિયું.
Opium,(ઑપિઅમ્)*n* [Gr *opion*,poppy juice.] The inspissated juice of the *Papaver somniferum*,or white poppy:અફીમ;અફીણ.
Opponent,(ઑપ્પોનેન્ટ્) *a.* [L. *ob* & *pono*, I place.]Adverse;antagonistic:વિરોધી;પ્રતિકુળ વિરૂદ્ધ.*n.*An adversary;a foe:વેરી;દુશ્મન;શત્રુ. 2.One who opposes in disputation,argument or other verbal controversy:પ્રતિપક્ષી; સામાવાળીયો.
Opportune,(ઑપૉર્ટ્યૂન)*a* [L. *ob* & *portus*, port.]Seasonable;timely:વખતસર;તાકડાસર.
Opportunely,(ઑપૉર્ટ્યૂન્લિ)*adv* At seasonable time:ખરેતાકડે;તકોતક;જેવી જોઇએ તેવી રીતે.
Opportunity, (ઑપ્પૉર્ટ્યૂનિટિ)*n.*A suitable occasion; chance:તાકડો;લાગ; અવસર;પ્રસંગ.
Oppose,(ઑપ્પોઝ્)*vt.*[L.*ob* & *pono*,I place] To set opposite:સામું ધરવું.2 To set against: વિરૂદ્ધ કરવું. 3. To contend against:-ના સામે થવું 4.To compete with:સામા થઇ અટકાવવું.*vi.* To be set opposite:સામે મૂકાવું.2.To act in opposition:સામે વિરૂદ્ધ થવું 3.To make objection:વાદવિવાદમાં હરકત લેવી.
Opposer,(ઑપ્પોઝર્)*n.*An opponent;an antagonist:ઉલટો પક્ષ પકડનાર-લેનાર; સામે થનાર.
Opposite, (ઑપ્પોઝિટ્) *a.* Placed over against:સામું;સન્મુખ. 2 Applied to the other of two things which are extremely different:બીજું;અન્ય.3.Inconsistent:વિપરીત;વિરૂદ્ધ. 4.Set over against each other:એક બીજાની સામેનું 2.That which is opposed or contrary: ઉલટી વાત.
Opposition, (ઑપ્પોઝિશન) *n.* The act of opposing:અટકાવ; પ્રતિરોધ;વિપરીતતા; પ્રતિષેધ. 2. The state of being placed over against:સામાપણું;સન્મુખતા.3.Repugnance: વિરોધ;જન્મવેર 4.The aggregate of persons or things opposing:પ્રતિપક્ષી મંડળ.
Oppositionist,(ઑપ્પોઝિશનિસ્ટ્)*n.*One who belongs to the opposition party:સામો પક્ષકાર; સામા મંડળનો માણસ.
Oppress,(ઑપ્પ્રેસ્)*vt.*[L *ob* & *premo*,I press.] To impose excessive burden upon;to treat with unjust rigor or with cruelty:પીડવું,અતિશય-બહુ દુઃખ દેવું; જુલમ ગુજારવો; બુરું તેલ કાઢવું.
Oppression,(ઑપ્પ્રેશન) *n.* The act of oppressing or state of being oppressed:જબરદસ્તી;જોરજુલમ.2. Injustice;cruelty: અન્યાય; અધર્મ.3.સુસ્તી;મંદતા;આળસ 4.દુઃખ પીડા;કષ્ટ.
Oppressive,(ઑપ્પ્રેસિવ્)*a* Unjustly severe, rigorous:જુલમી;જબરાઈનું;જુલમ ભરેલું. 2. Tyrannical:જુલમી;જુલમગાર;ઉપદ્રવી.
Oppressor,(ઑપ્પ્રેસર્)*n*.One who harasses others with unjust laws: દુઃખ દેનાર; જુલમ કરનાર; પ્રજાપીડક.
Opprobrious,(ઑપ્પ્રોબ્રિઅસ્)*a.*[L.*ob* & *probrum*, reproach] Reproachful: નિંદક.
Opprobrium,(ઑપ્પ્રોબ્રિઅમ્)*n.*Disgrace;infamy;abusive language:ફિટકાર;ધિક્કાર;નિંદા.
Oppugn,(ઑપ્પ્યુન)*vt.* [L.*ob* & *pugno*,I fight.] To fight against:ની સામે ટક્કર લેવી.
Optative,(ઑપ્ટૅટિવ્)*a* [L.*opto*,I wish.]Expressing desire or wish:ઇચ્છાદર્શક.
Optic,(ઑપ્ટિક્)*n.*[L. *oculus*, eye.] The organ of sight;an eye:આંખ; નેત્ર; દર્શનેન્દ્રિય.
Optical,(ઑપ્ટિકલ્) *a.* Of or pertaining to vision or sight:દ્રષ્ટિ-નજરનું સંબંધિ-વિષે.
Optician,(ઑપ્ટિશન) *n.* One who deals in optical glasses:દર્શનયંત્ર બનાવનાર-વેચનાર 2. One skilled in optics:દ્રષ્ટ્યાશાસ્ત્રી;દ્રષ્ટ્યાજ્ઞ.
Optics,(ઑપ્ટિક્સ્)*n.*That branch of science which treats of the nature and properties of light the laws of its modification by opaque and transparent bodies, and the

phenomena of vision:દર્શનદૃક્-વિદ્યા શાસ્ત્ર.

Optimism,(ઑપ્ટિમિઝ્મ્) *n.* The doctrine that the ordering of things in the universe is such as to produce the highest good સૃષ્ટિમાં જેજે છે કે બને છે તેબધું સારાવાસ્તેછે એવુંમત

Optimist,(ઑપ્ટિમિસ્ટ્) *n.* One who holds the opinion that all events are ordered for the best:જગતમાં જેજે બને છે તે સારા વાસ્તે છે એવું મત ધરાવનાર;સર્વ શુભવાદી. 2. One who looks on the bright side of things,or,takes hopeful views: સારો અર્થ-ગુણ-ભાવ લેનાર.

Option, (ઑપ્શન્) *n.* [L. *optimus*, best] The right of choice or election:પસંદ કરવાનો હક. 2. Choice: પસંદગી; મરજી;ખુશી; ઇચ્છા.

Optional,(ઑપ્શનૅલ્) *a.* Left to one's discretion or choice:ખુશીપરરાખેલું;ઇચ્છાપરનું;ઐચ્છિત

Opulence,(ઑપ્યૂલેન્સ) *n.* [L *ops*, power; wealth.] Wealth:riches;affluence:દોલત;ધન;સંપત્તિ

Opulent, (ઑપ્યૂલેન્ટ્) *a.* Wealthy: દાલેવંત.

Or, (ઑર્) *conj.* A particle that marks an alternative:કે;યા;અથવા;કિંવા;નહિતર;નહિતો.

Oracle,(ઑરૅકલ્) *n.* [L. *oro*, I speak.] The answer of a god or some person reputed to be a god:બાંધેલા પ્રશ્નનો દેવે અથવા દેવ પુરૂષે આપેલો ઉત્તર 2 The deity who was supposed to give the answer:બાંધેલા પ્રશ્નનો જવાબ આપનારદેવ-રૂપ પુરૂષ. 3. The revelations or messages delivered by God to the prophets: ઈશ્વર પાસેથી ધર્મ ગુરૂ પાસે આવેલો સંદેશો;દેવવાણી 4 Any person reputed uncommonly wise મ્હોટા મોભાવાળો પ્રમાણ પુરૂષ. 5. An angel; a prophet:દૂત;ધર્મગુરૂ. *vi.* To utter oracles:દેવ-આકાશવાણી થવી.

Oracular,(ઑરૅક્યૂલૅર્) *a.* Pertaining to an oracle: બાંધેલા પ્રશ્નના દેવે આપેલા ઉત્તર સંબંધી.

Oral,(ઑરૅલ્) *a* [L *oris*, the mouth.] Uttered by the mouth:મુખ જુબાનીનું;મોઢાનું.

Orally,(ઑરૅલિ) *adv.* In an oral manner:મુખ જુબાનીથી;મોઢેથી.

Orange,(ઑરૅન્જ્) *n.* [L. *aurum* gold.] The fruit of a tree: નારંગી. 2. The color of an orange:નારંગી રંગ.

Orangery,(ઑરૅન્જેરિ) *n.* A place for raising oranges; a plantation of orange tree:નારંગીનો ક્યારો-બાગ-કિતો

Orang-outang, (ઑરૅન્ગ્-ઉટૅન્ગ્) *n.* An arboreal anthropoid ape:પુછડાં વગરનો વાંદરો.

Oration,(ઑરેશન્) *n.* [L. *oro*, I speak.] An elaborate discourse delivered in public, treating an important subject in a formal and dignified manner: ઘણી મેહેનત લેઈ કરેલું વાક્ચાતુરીવાળું ભાષણ;છટાદાર ભાષણ;વાક્પ્રબંધ.

Orator.(ઑરેટર્) *n.* A public speaker;one who is eloquent:છટાદાર ભાષણ-કરતા-વક્તા;વાક્પંડિત.

Oratorial-ical, (ઑરૅટૉરિઅલ્-કલ્) *a.* Characterized by oratory:છટાદાર;વાક્ય ચાતુરીવાળું.

Oratorio,(ઑરૅટૉરિઓ) *n.* [L *oratorius*, belonging to praying] The performance of a Scriptural composition:ખ્રિસ્તી ધર્મ પુસ્તકના વિષય સંબંધિ ગાયન-કીર્તન ગાવું તે;કીર્તન;કથા.

Oratory, (ઑરૅટૉરિ) *n.* A place of orisons or prayer:ઘરમાં પુજાનું મંદીર 2. The exercise of rhetorical skill in oral discourse: શબ્દવાક્યચાતુરી;સભા પાંડિત્ય.

Orb,(ઑર્બ્) *n* [L. *orcus*, destitute.] [L. *orbit*, circle.] A spherical body;a globe:ગોળો. 2 A circle;an orbit:વર્તુલ;ચક્કર;કુંડાળું 3. A revolving circular body;a wheel:ચક્ર;પૈડું;ચકરડું.

Orbate,(ઑર્બેટ્) *a.* [L *orbus*, bereaved of parents or children.] Bereaved; fatherless; childless:છીનવી લીધેલું;બાપ વિનાનું;પુત્ર-પુત્રીવિનાનું

Orbed, Orbicular, (ઑર્બ્ડ્-ઑર્બિક્યૂલર્) *a.* Spherical; circular:ગોળાકાર;ગોળ-વર્તુલાકાર.

Orbit,(ઑર્બિટ્) *n.* [L. *orbis*, a circle.] The path described by a heavenly body in its periodical revolution around another body:ગ્રહપંથ;કક્ષા. 2. Ball:ગોળો. 3. The cavity of the skull in which the eye and its appendages are situated:ડોળો;ચક્ષુગોળ.

Orchard,(ઑર્ચર્ડ્) *n.* A garden:બાગ;બગીચો.

Orchestra, (ઑર્કેસ્ટ્રૅ) *n.* [Gr. *orchemai*, to dance.] The space in a theatre between the stage and the audience:નાટકગૃહમાં રંગભૂમિ અને શ્રોતાસ્થાન વચ્ચેની જગ્યા.

Ordain,(ઑર્ડેન્) *vt.* [L. *ordo*, order] To constitute; to decree: હુકમ-કાયદો કo. 2. To set apart for an office: નિમવું; ઠરાવવું 3. To set apart by the ceremony of ordination: ધર્માધિકારીની દિક્ષાઆપવી.

Ordeal, (ઑર્ડીઅલ્) *n.* Any severe trial or taste:ખરી પરિક્ષા;કસોટી. *a.* Of or pertaining to a trial by ordeal:દિવ્ય સંબંધિ.

Order,(ઑર્ડર્) *n.* [L. *ordo*, order.] A regular arrangement:પદ્ધતિ;વ્યવસ્થા. 2. A fit condition: સારી સ્થિતિ. 3. The customary way of procedure:પદ્ધતિ;રીત;ક્રમ. 4. Public quiet: શાંતિ;સુલેહ;બંદોબસ્ત. 5. A rule:કાયદો; ધારો. 6. A command;a mandate:આજ્ઞા-હુકમ 7. A commission:વરધી;ફરમાશ. 8 A rank:પ્રકાર; પંક્તિ. 9 A body of religious persons:માર્ગ;પંથ;અખાડો. 10. The rank of deacon,priest or bishop:ગોરપદ. *In O.to*, for the purpose of:-ને વાસ્તે. *Out of o.*: અવ્યવસ્થિત. *vt.* To put in order;to direct:બંદોબસ્ત કo. 2. To give an

order to:હુકમ કરવો. 3. To admit to holy ordain:ધર્મ ગુરૂનું પદ દિક્ષા આપવી. *vi* To give orders;to issue commands:હુકમ-આજ્ઞા કરવી;ફરમાવવું

Orderly, (ઑર્ડર્લિ) *a.* Conformed to order; regular: યથાક્રમ; વ્યવસ્થિત. 2 Observant of order;authority:નિયમ રીતસર ચાલનાર 2.Well regulated:વ્યવસ્થિત.O *book*:લશ્કરમાંની દરેક ટુકડીમાં પલટણોને લગતા સામાન્ય હુકમ નોંધવા ની ચોપડી *adv.* According to due order; regularly:નિયમ પ્રમાણે;નિયમિત રીતે. *n.* A non-commissioned officer,or soldier who attends a superior officer to carry his orders,or to render other service:મોટા અમલદારના હુકમો અમલમાં લાવવા માટે સાથે રહેલો બીજા સનંદી અમલદાર.

Ordinal,(ઑર્ડિનલ્) *a* [L. *ordo*, order.] Indicating order or succession:ક્રમવાચક-વાચ્ય; સંખ્યા પૂર્ણાર્થ.*n.* A word or number denoting order or succession:ક્રમવાચક સંખ્યા.

Ordinance,(ઑર્ડિનન્સ્) *n.* A rule established by authority; an edict or decree:ધારો; કાનુન;નિયમ;ઠરાવ;કાયદો.2 An established ceremony:ચાલ;મર્યાદા;વિધિ;અનુષ્ઠાન.

Ordinarily,(ઑર્ડિનરિલિ)*adv* As a rule;commonly;usually:સાધારણ રીતે;ઘણું કરીને.

Ordinary, (ઑર્ડિનરિ) *a.* Settled; regular:વહિવટ-ચાલ-દસ્તુર પ્રમાણે-મુજબ.2. Common:સાધારણ *n.* An ecclesiastical judge:ધર્મ બાબતના મુકર્દમા ચુકવનાર અધિકારી.

Ordinate,(ઑર્ડિનેટ્)*a.* Well-ordered:નિયમસર.

Ordination, (ઑર્ડિનેશન્) *n.* The act of ordaining:સ્થાપના;સ્થાપન;વિધાન.2.The state of being ordained, appointed,etc.:યોજના.3. The conferring of holy orders: ધર્માધિકાર દીક્ષા;ધર્મપદ નિયોજન. [guns:તોપખાનું;તોપો

Ordnance,(ઑર્ડ્નન્સ્) *n.* Cannon or great

Ordure.(ઑડ્યૂર્)*n.*Dung;excrement:વિષ્ટા. 2.Defect:ખામી;ખાંપણ;એબ. [રહેમનજર.2 ધાતુ.

Ore,(ઑર્)*n.*Honor;grace:માન; મહેરબાની;દયા;

Organ,(ઑર્ગન્)*n.*[Gr *organon*,work] An instrument or medium by which some important action is performed:સાધન;કારણ; કર્મસાધન.2.A natural part or stucture in an animal or a plant:ઇંદ્રિય O *s.of respiration* શ્વાસેન્દ્રિય.O *of perception & sensation*:જ્ઞાનેન્દ્રિય.(*Mus.*)3.A wind instrument:વાજું;વાદ્ય the organ:વાજું વગાડનારો;વાજીંત્રી.

Organic-al, (ઑર્ગૅનિક્ ઑર્ગૅનિકલ્) *a.* Of or pertaining to an organ:ઇંદ્રિય સંબંધિ; કર્મસાધનરૂપ; ઇન્દ્રિયવાન 2. Instrumental:ઉપકરણ સાધનભૂત.

Organism,(ઑર્ગૅનિઝમ્)*n* Organic structure;organization:અવયવ રચના;ઘટના.

Organist,(ઑર્ગૅનિસ્ટ્)*n.*One who plays on

Organization, (ઑર્ગૅનાઇઝેશન્) *n.* The act of organizing:ઇંદ્રિયવિશિષ્ટ કરણ 2. An organized existence:રચના; યોજના;વિધાન; વ્યવસ્થા; સંયોજના.

Organize,(ઑર્ગૅનાઇઝ્) *vt.* To furnish with organs: ઇંદ્રિયવાન કરવું. 2. To systematize: યોજના કરી રચવું.

Orgasm,(ઑર્ગૅઝમ્)*n.*Excitement:ગુસ્સો;ક્ષોભ.

Orgies,(ઑર્જીઝ્) *n. pl.* [Gr. *orgia*, secret rites]A sacrifice accompanied by certain ceremonies: કેટલીક ક્રીયા કરીને ભોગ આપવો તે.

Oriel,(ઑરિએલ્)*n.*[L.*auriolum*,a porch.]A sort of recess:ઝરૂખો;ગોખ.

Orient,(ઑરિએન્ટ્)*a.*[L.*orior*,I rise.]Rising as the sun:ઉગતું;ઉદય થતું;ઉદયમાન 2.Eastern; oriental:પૂર્વખંડ-દેશનું.3. Bright:ચળકતું; ઉજ્વલ;તેજદાર;પાણીદાર;ચકચકીત.*n.* The east:પૂર્વદિશા;ઉગમણું 2.The countries of Asia or the east:એશિઆના અથવા પૂર્વના દેશો.

Oriental,(ઑરિએન્ટલ્)*a.*Of or pertaining to the orient or eastern country:ઉગમણું;પૂર્વનું-તરફનું; દેશીય;પૂર્વદેશસ્થ;પૂર્વાત્ય. *n.* A native of the orient,an Asiatic:પૃથ્વીના પૂર્વ દેશનો રહેવાશી;પૂર્વદેશવાસી.

Orientalism,(ઑરિએન્ટલિઝમ્) Any system, doctrine,custom,expression,etc.,peculiar to Oriental language:પૂર્વ દેશ વાસીઓનું વિશેષ મત પદ્ધતિ-ની ભાષા-રૂઢી.2.Knowledge of oriental languages,history,literature etc:પૂર્વની ભાષા,તવારીખ ચોથી વિગેરેનું જ્ઞાન તથા તેનો ઉપયોગ.

Orientalist,(ઑરિએન્ટલિસ્ટ્) *n.* An inhabitant of the Eastern parts of the world: પૂર્વ દેશનો વાસી. 2. One versed in Eastern languages, literature,etc: પૂર્વદેશની ભાષાઓ તથા વિદ્યામાં પ્રવીણ પુરૂષ;પૂર્વવિદ્યાજ્ઞ.

Orifice,(ઑરિફિસ્)*n.* [L *os*, *oris*,a mouth & *facio*,I make.]A mouth:વેહ;બાકું;ગડો;કાણું.

Origin.(ઑરિજિન્)*n.* [L. *orior*, I rise.] The first existence or beginning of any thing; the birth:પ્રારંભ;મૂળ;આરંભ;શરૂઆત;ઉત્પત્તિ. 2. The spring; the cause:નિમિત્ત;કારણ;બીજ.

Original, (ઑરિજિનલ્) *a.* First in order:ઉત્પત્તિનું-ને લગતું;મૂળ;અસલ.*n.*First copy:મૂળ-અસલ ગ્રંથ;મૂળપ્રત;અસલ પ્રત.2 An original thinker or writer:નવું લખનાર;કલ્પનાથી લખનાર..

Originality, (ઑરિજિનૅલિટિ) *n.* The quality or state of being original: અસલ-અસલપણું; કલ્પના શક્તિ;અપૂર્વ યોજકબુદ્ધિ.

Originally,(ઑરિજિનૅલિ) *adv.* In the original time:મૂળથી. 2. At first:અસલ;પહેલાં.

Originate,(ઑરિજિનેટ્) *vt.* To cause to be

new:નવું રચવું-પેદા કo. *vi.* To take first existence:ઉત્પન્ન થવું;પહેલ થવું.

Originator,(ઑરિજિનેટર્)*n.*One who originates:ઉત્પન્ન કરનાર;પ્રવર્તક;ઉત્પાદક;યોજક.

Orion,(ઑરિઑન્)*n.*[Gr.*Orion*,a mythological hunter.]A large and bright constellation on the equator between the stars Aldebaran head Sirius:દક્ષિણ બાજુનું તારામંડળ;મૃગશીર્ષ

Orison,(ઑરિઝૅન્)*n.* [L. *oratis*, prayer.] A prayer;a supplication:વિનંતિ;કાલાવાલા;બંદગી

Orlop, (ઑર્લૉપ્) *n.* The lowest deck of a vessel:વહાણનું તૂતક.

Ornament,(ઑર્નમેન્ટ્)*n.* [L *orno* I deck.] Embellishment;decoration: શણગાર; શોભા; ઘરેણું;અલંકાર.*vt.*To adorn:ઘરેણાં પહેરાવવા;શણગારવું

Ornamental,(ઑર્નમેન્ટલ્)*a.* Serving to ornament:શોભાવે તેવું;શોભાપ્રદ.

Ornamentation,(ઑર્નમેન્ટેશન્) *n.* The act of ornamenting:શોભાવવું;શણગારવું તે.

Ornate,(ઑર્નેટ્)*a.*[L *orno*, I adorn.] Adorned; decorated:શણગારેલું;આભૂષિત; અલંકૃત. *vt.* To adorn:શણગારવું;શોભાવવું.

Ornithology,(ઑર્નિથૉલૉજિ)*n.*[L. *ornithos*, a bird & *logos*. discourse.] That branch of zoology which treats of the natural history of birds and their classification: પક્ષિવર્ણન;પક્ષિવિદ્યા.

Orology,(ઑરૉલૉજિ)*n* [Gr.*oros*,mountain & *logos* speech.]The science or description of mountains:પહાડ-ડુંગરોનું શાસ્ત્ર-વર્ણન.

Orphan,(ઑર્ફન્)*n.*[L.*orbus*,bereft]A child bereaved of both father and mother:માબાપ વિનાનું છોકરું.*a* Bereaved of parents:નબાપું;અનાથ

Orphanage, (ઑર્ફનેજ્) *n.* The state of being an orphan; orphenhood: નબાપા-નમાયાપણું.2.An institution or asylum for the care of orphans:માબાપ વિનાનાં નગરનાં છોકરાંને રહેવાનું આશ્રમ;અનાથાશ્રમ; અનાથગૃહ.

Orpiment,(ઑર્પિમેન્ટ્)*n.* [L.*aurum*,gold & *pigmentum*,pigment.]Arsenic sesquisulphide:હરતાલ;હડતાલ.

Orrery,(આરેરિ)*n pl.* **Orreries.** An apparatus which illustrates by the revolution of balls, the relative size,periodic motions, positions,orbits etc.,of bodies in the solar system:ગ્રહમંડળગતિસૂચક યંત્ર;ગ્રહગતિસૂચકયંત્ર.

Orthodox,(ઑર્થૉડૉક્સ)*a.*[Gr. *arthos*, right & *doxa*,an opinion.]Sound in opinion or doctrine:સન્માર્ગી;ખરો; ધર્માનુસાર; યથાશાસ્ત્ર.

Orthodoxy,(ઑર્થૉડૉક્સિ) *n.* Soundness of faith:ખરોમાર્ગ;દક્ષિણમાર્ગ-આચાર;સન્માર્ગ;સત્પથ.

Orthoepist,(ઑર્થૉએપિસ્ટ્) *n.* One who is skilled in orthoepy:શુદ્ધ-સાફ ઉચ્ચાર કરનાર.

Orthoepy,(ઑર્થૉએપિ)*n.* [Gr. *orthos*, right & *epos*,a word.]A correct pronunciation of words:શુદ્ધ ઉચ્ચારવિદ્યા:શુદ્ધઉચ્ચાર;શુદ્ધોચ્ચારણ.

Orthographical, (ઑર્થૉગ્રૅફિકલ્) *a.* Of or pertaining to right spelling:શુદ્ધ લખવા-લેખન સંબંધિનું.

Orthography,(ઑર્થૉગ્રૅફિ)*n.*[Gr *orthos*,right & *grapho*,I write.]The part of grammar which treats of the letters, and of the art of spelling correctly:વર્ણવિચાર.

Ortive,(ઑર્ટિવ્)*a* [L:*orior*, I rise.]Of or relating to the time or act of rising:ઉગતું.

Oscillate,(ઑસિલેટ્) *vi.* [L. *oscillum*, a swing.]To move backward and forward: ઝોલાં ખાવાં;ઝુલવું;-ની વધઘટ-ચડઉતર થવી.

Oscillation,(ઑસ્સિલેશન્)*n.*A swinging or moving backward and forward:ઝોલાં ખાવાંતે.

Oscillatory,(ઑસ્સિલેટોરિ)*a.*Swinging;oscillating; vibratory:ઝુલતું;ઝોલા ખાતું.

Oscitation,(ઑસ્સિટેશન્)*n.*[L.*os*,the mouth & *ciere*, to move.]The act of yawning or gaping:બગાસું.

Osiar,(ઑઝિઅર્)*n.* [Gr. *oisco.*]A kind of willow:ટોપલાં-ટીઓ બનાવવાનું એક જાતનું નેતર.

Ossicle, (ઑસિકલ્)*n.*[L.*os*,*ossis*,a bone.] A little bone:નાનું હાડકું.

Ossify,(ઑસિફાઇ)*vt.* To form into bone:-નું હાડકું બનાવવું.*vi* To become bone:-નું હાડકું થવું.

Ossivorous,(ઑસસિવૉરસ્)*a.* [L. *ossis*, bone & *voro*,I devour.]Feeding on bones;eating bones:હાડકાં ખાનારું-ખાતું.

Ostensible,(ઑસ્ટેન્સિબલ્)*a.*[L.*obs* & *tendo*, I stretch.] Capable of being shown:બતાવવાલાયક યોગ્ય.2 Apparent:દેખીતું;ઉપરનું;બહારનું.

Ostensibly,(ઑસ્ટેન્સિબ્લિ) *adv.* Avowedly; professedly:કહ્યાનું;ખુલ્લું;ઉપરથી.

Ostentation,(ઑસ્ટેન્ટેશન્)*n.* [L. *ostendo*,I show.]Unnecessary show:ભપકો;ડોળ.

Ostentatious, (ઑસ્ટેન્ટેશસ) Pretentious; boastful:ઢોંગી;ડોળડમાકવાળું;ભભકાદાર;દંભી.

Osteology, (ઑસ્ટીઑલૉજિ) *n.* The science which treats of the bones of the vertebrate skeleton:અસ્થિ શાસ્ત્ર;અસ્થિવિદ્યા.

Ostiary,(ઑસ્ટિઅરિ)*n.pl.* [L. *ostium*, door.] The mouth of a river;an estuary:નદીનું મ્હોં

Ostracism,(ઑસ્ટ્રૅસિઝ્મ્) *n.* [Gr. *ostakon*, a tile.] Banishment by popular vote:ઘણાની સંમતિથી કરેલો દેશનિકાલ;દેશવટો.

Ostracize, (ઑસ્ટ્રૅસાઇઝ) *vt.* To banish by a popular vote, as at Athens: લોકમતે દેશનિ-

કામ કરવું. [શાહામૃગ.
Ostrich,(ઑસ્ટ્રિચ્) *n.* A kind of large bird:
Other,(અધર્)*conj.*Either:બેમાંનું એક.*Pron* & *a.* Not the same: અન્ય; જુદું; બીજું. 2 Not this,but the contrary:પેલી તરફનું. 3. Alternate;second:એક મૂકીને બીજું. *The* **O.** *world:* પરલોક.
Otherwise,(અધર્-વાઈઝ્) *adv* In different manner;differently:બીજી-જુદી રીતે.2.In different circumstances:નહિં તો.
Ottar,Otto,(ઑટ્ટર્ ઑટ્ટો)*n.*Atter: અત્તર;ગુલાબનું અત્તર. [જળબિલાડી
Otter,(ઑટર) *n.* Any carnivorous animal:
Ottoman,(ઑટ્ટોમન્)*a.*Of or pertaining to the Turks: તુર્ક લોકો સંબંધિનું *n. pl.* **Ottomans** The turks:તુર્ક.
Ouch,(આઉચ્)*n.* A socket or bezel holding a precious stone:અંગુઠી; વીંટીનું ખામણું-ઘર.
Ounce,(આઉન્સ્)*n.*[L. *uncia*,the twelfth.] A weight, the sixteenth part of a pound Avoirdupois,and containing 437½ grains: આંઉસ;અર્ધટાંક.2. (*Troy Weight.*) The twelfth part of a troy pound:આંઉસ;અર્ધટાંક.
Our-Ours, (ઑઅર્-ઑઅર્સ) Possessive *pron.* Of or pertaining to us; belonging to us: અમારૂં;આપણું.
Ourself-selves, (ઑઅર્સેલ્ફ્-ઑઅર્સેલ્વ્ઝ્) Reflexive *pron* An emphasized form of the pronoun of the first person plural: અમે પોતે-જાતે.
Oust.(આઉસ્ટ્)*vt.*To take away;to remove:લઈ ખસેડી લેવું.2.To turn out:(ભાડુતને)કાઢીમેલવું.
Out,(આઉટ્)*adv.* Away; not in;from home: બહાર.2.To the end; completely:પૂર્ણ રીતે.3 In a state of loss: તંગી-નુકશાનમાં. *Out and out:*નઠારે.**O.***of cess*,beyond measure:અતિશય **O** *of character*, unbecoming:નાલાયક. **O.***of conceit with*,not pleased with:-ની સાથે-થી ખુશ ન થવાથી. **O.** *of door*, **o.** *of doors*, from the house:ઘર બહાર.**O.** *of favor*, under displeasure:મહેરબાનીથી ઉતરેલું .**O** *of hand*,immediately: તરતજ. **O** *of one's head*,beyond commanding one's mental powers:પોતાની મનશક્તિ શક્તિ પહોંચે તે ઉપરાંત.**O** *of order*,disarranged: અવ્યવસ્થિત. **O** *of place*, not in the usual or proper place:કઢંકાણે;કઢંકાણાનું.**O** *of print*,not in market,the edition printed being exhausted: ન મળે તેવું (પુસ્તક) જેની બધી પ્રત ખપી ગયેલી હોય તેવું **O.** *of question*, impossible to be favorably considered:બીનતકરારી.**O.***of reach:*પહોંચ ઉપરાંત;મેળવી ન શકાય તેવું.**O.***of season*, untimely: બે વખતનું **O.** *of sorts*,unwell:અસુખી.**O.***of temper*,irritated: ગુસ્સે થયેલું.**O.***of tune*,not in harmony:બેતાલ **O.** *of use*, not in use: વાપરમાથી ગયેલુ **O.** *of the way.*(*a*) on one side: એક બાજુએ **O.** *of the woods*,free from difficulty: સહિસલામત *To put* **o** *of the way*,to kill:મારી નાંખવું.*vt.* To eject;to expel:કાઢી મુકવું.*Interj.* Expressing impatience, anger,a desire to be rid of:દૂર જા **O.***upon or on*! equivalent to shame upon !" " away with !". ચલ જા;તારૂં કાળું કર.
Out-balance,(આઉટ્-બૅલેન્સ્)*vt.*To outweigh: તોલમાં વધવું. [ing:લિલામ-હરાજીમાં વધવું.
Out-bid,(આઉટ્બિડ્) *vt.* To exceed in bidd-
Out-bound,(આઉટ્-બાઉન્ડ્)*a.*Outward bound: પરદેશે જવું;બીજે દેશે જવા સારૂં તૈયાર થયેલું.
Out-brave, (આઉટ્બ્રેવ્) *vt.* To defy with superior courage: બહુ હિંમત તથા અપમાનથી મારીને હરાવવું.
Outbreak-burst,(આઉટ્બ્રેક્-આઉટબર્સ્ટ્) *n.* A bursting forth;eruption;insurrection:ફાટ્ ફાટેલો.
Out-cast,(આઉટ્-કૅસ્ટ્) *a.* Cast out:ભ્રષ્ટ;નાતબહાર;બહિષ્કૃત.*n.*One who is expelled:દેશનિકાલ કરેલો બહાર કાઢી મૂકેલો પુરૂષ.
Out-come,(આઉટ્કમ્)*n.* Issue:result;consequence;upshot:ફળ;પરિણામ;ઉત્પન્ન;હાંસલ.
Out-cry.(આઉટ્ક્રાઈ) *n.* A vehement or loud cry;clamor:પોકાર;બુમ;શોર;ગુમાટ;ઘોંઘાટ;કોલાહલ.
Out do, (આઉટ્-ડૂ) *vt.* To go beyond in performance; to excel:ચઢીઆતા થવું.
Out-door, (આઉટ્-ડૉર્) *a.* Being or done in the open air:ઘરની બહારનું;બહારનું.
Outer (આઉટર્)*a.* (*Compar.* of **out**) Being on the outside;external:ઉપરનું;બહારનું.
Outermost.(આઉટર્મોસ્ટ્) *a.* Being on the extreme external part:સૌથી બહારનું.
Out-face, (આઉટ્ફેસ્)*vt.*To face or look out of countenance;to brave:શેરને માથે સવાશેર થવું
Out-fit,(આઉટ્-ફિટ્)*n.*A fitting out or equipment,as of a ship for a voyage:મુસાફરી સફરની સઘળી સામગ્રી-સાહિત્ય;પ્રવાસ સાહિત્ય.
Out-flank, (આઉટ્-ફ્લૅન્ક્)*vt.* To go beyond, or be superior to:બાજુ-એથી આગળ નિકળવું.
Out-general, (આઉટ્-જેનરલ્) *vt.* To exceed generalship:સામાવાળાપર ફાવવું;સેનાપતિના કામમાં ચઢીઆતા થવું.
Out-go, (આઉટ્ગો) *vt.* To surpass;to outdo: પાછળ પાડવું;હઠાવવું;ચઢીઆતા થવું.
Out-going, (આઉટ્-ગોઈંગ્) *n.* The act or state of going out: બહાર જવું તે 2. Outgo: ખર્ચ *a* Going out:જવું;જતું રહેવું.
Out-grow,(આઉટ્-ગ્રો)*vt.imp.* **Outgrew,** *p. p* **Outgrown,** To surpass in growing:

ઉગીને ફાલીને વધી જવું;અતિશય મ્હોટું થવું.

Out-house,(આઉટ્-હાઉસ્) *n.* A small house or building at a little distance from the main house:ઘરની પાસે ઘરના કબજાની નાની ઓરડી;પરચાળ;ઉપગ્રહ. [native:પરદેશી;દૂર દેશવાસી.

Out-landish,(આઉટ્ લૅન્ડિશ્) *a* Foreign; not

Out-last,(આઉટ્ લૅસ્ટ્) *vt.* To survive;to endure longer than:લાંબી મુદત સુધી ચાલવું-ટકવું.

Outlaw,(આઉટ્લૉ)*n.* A person excluded from the benefit of the law:બારવટે નિકળેલો પુરૂષ; બારવટિયા. *vt.* To declare to be an outlaw: રાજ્યના રક્ષણમાંથી દૂર મૂકવું.

Outlawry,(આઉટ્લૉરિ)*n.* The act of outlawing:રાજ્યરક્ષણબહિષ્કાર.2. The state of being an outlaw:બારવટું.

Outlay,(આઉટ્લે)*vt.* To lay out; to spread out પાથરવું;મૂકવું.*n.* A laying out or expending: ખરચવું તે.2.Expending:ખર્ચ. 3 An outlying haunt:બહારનું રહેઠાણ.

Outlet,(આઉટ્લેટ્)*n.* A passage out:બાકું;બહાર જવાનોમાર્ગ;નિકાલ;દ્વાર;માર્ગ;મુખ;નિર્ગમ;બારૂ.

Outline,(આઉટ્લાઇન્) *n.* The line which marks the outer limits of an object or figure;the exterior line:સીમાની રેખા-આકૃતિ. 2.A sketch:ડોહોળીયું;ખાખું.3.A preliminary or general indication:ખરડો *vt.* To draw the outline of:બહાની આકૃતિ કાઢવી.

Out live,(આઉટ્લિવ્)*vt.* To live longer than: થી વધારે જીવવું.

Out-look,(આઉટ્ લુક્)*vt.* To inspect thoroughly: તપાસવું; પસંદ કરવું; ચુંટી કાઢવું. *n.* The act of looking out; watch:તપાસ;અવેક્ષા. 2. Scope of vision;sight:દેખાવ;દૃષ્ટિ;નજર.

Out-lying, (આઉટ્ લાઇન્ગ્) *a* Exterior; remote;detached:બહારનું;આઘું;વેગળું;દૂર;છેવાડુ.

Out-manœuvre,(આઉટ્-મેનૂવર્)*vt* To surpass to outgeneral:લશ્કરને યુક્તિથી ચલાવવામાં ચડવું.

Outmost,(આઉટ્મોસ્ટ્)*a* Farthest outward; outermost:ઘણું દૂરનું;છેટેનું;સૌથી બહારનું.

Out-number,(આઉટ્ નમ્બર્)*vt.* To exceed in number:સંખ્યામાં અધિક ચઢીઆતાહોવું-થવું.

Out-of the way, (આઉટ્-ઑફ્-ધી-વે) *a.* Improper;unusual:વિષય બહારનું;નવાઇનું;અસાધારણ

Out-post,(આઉટ્-પોસ્ટ્)*n.* (*a*) A post or station at a distance from the main body of an army, for observation of the enemy: શત્રુની હીલચાલ જોવાને માટે ફોજના મુખ્ય ભાગથી થોડે છેટે કરેલો મુકામ-થાણું. (*b*) The troops placed at such a distance:મુખ્ય ભાગથી થોડે છેટે રાખેલી થાણામાંની ટુકડી.

Out-pour,(આઉટ્ પોર્)*vt.* To pour out:પુષ્કળ નાંખવું;પાડવું;રેડવું.*n.*A flowing out:વહેવું તે.

Out-pouring, (આઉટ્પોરિન્ગ્) *n.* A flowing out;a free discharge:ખુબ રેડવું તે;વર્ષણ;ઉત્સર્ગ.

Outrage, (આઉટ્રેજ્) *n.* Excessive abuse; wanton mischief:મોટો જુલમ;અન્યાય; ઉપદ્રવ. *vt.* To commit outrage upon:ના ઉપર મોટો જુલમ કરવો.2.To violate:બળાત્કાર ગુજારવો. *vi.* To act outrageously:જુલમીપણે વર્તવું.

Outrageous,(આઉટ્રેજીઅસ્)*a.*Of the nature of an outrage;violent:લાજ વગરનું;ઉન્મત્ત;જુલમી

Outre,(ઉટ્રે)*a.* [L. *ultra*, beyond.] Extravagant;bizarre:વિચિત્ર;વિલક્ષણ;અસાધારણ.

Out reach,(આઉટ્ રીચ્)*vt,*To reach beyond: માર્ગ-રસ્તો ભુલવો;ફસવવું;થકવવું;મુંડવું;ધૂતવું.

Out-ride, (આઉટ્-રાઇડ્) *vt.* To surpass in speed of riding:ઝડપથી ઘોડો દોડાવવો.

Out-rider,(આઉટ્-રાઇડર્) *n.* One who rides out on horseback:ઘોડા ઉપર સ્વારી કરનાર.

Out-right,(આઉટ્-રાઇટ્) *adv.* Immediately; at once:તત્ક્ષણ તરતજએકદમ. 2. Completely: પુરેપુરૂં.

Out-run (આઉટ્રન્) *vt* *Imp.* **Outran.** *p. p.* **Outrun.** To run faster than: દોડવામાં પાછળ મૂકવું;અતિક્રમણ ક૦.

Out-sail,(આઉટ્-સેલ્)*vt.* To excel,or to leave behind, in sailing:આગળ હંકારી જવું.

Outset,(આઉટ્-સેટ્) *n.* A beginning: શરૂઆત; મંડાણ;પ્રારંભ.

Out shine,(આઉટ્-શાઇન્)*vt.*To excel in splendor:વધારે ચળકવું-શોભવું;અધિક શોભા આપવી.

Out-side, (આઉટ્-સાઇડ્) *n.* The external part of a thing:કોઇ ચીજનો ઉપરનો-બહારનો ભાગ. 2. The outer side: બહારની બાજુ. *a.* External:ઉપરનું.

Outsider,(આઉટ્ સાઇડર્) *n* One disconnected in interest:પરાયો;પારકો;બહારનો માણસ.

Out-skirt,(આઉટ્-સ્કર્ટ્)*n.*A part remote from the centre;border:સિમાડો;હદ;મર્યાદા;છેડો.

Out-spread,(આઉટ્-સ્પ્રેડ્) *vt.* To spread out; to expend:ફેલાવવું; ખુલ્લું કરવું.

Out-standing, (આઉટ્-સ્ટૅન્ડિન્ગ્) *a.* Undischarged;uncollected:પત્યા વગર-બાકી રહેલું.

Out stretch,(આઉટ્ સ્ટ્રેચ્)*vt.*To stretch out: અતિશય વધારવું.

Out-strip,(આઉટ્-સ્ટ્રિપ્)*vt.*To go faster than: પાછળ મૂકવું-થી આગળ વધવું.

Out-vie,(આઉટ્-વાઇ) *vt.* To exceed in vying: હઠાવવું;થી ચઢીયાતા થવું;-થી સરસ થવું.

Out-vote,(આઉટ્-વોટ્) *vt.* To exceed in the number of votes given:વધારે મતથી જીતવું.

Out-walk,(આઉટ્ વૉક્)*vt.* To excel in walking:ચાલવામાં પાછળ મુકવું.

Outward, (આઉટ્-વર્ડ્) *a.* External: બાહ્ય;

ઉપરનું.2. Manifest:દેખીતું;ખુલ્લું. 3. Foreign: પરદેશનું.*The o. letters, &c*:જાવક.

Outwardly (આઉટ્ વર્ડ્ લિ) *adv.* Externally: બહારથી;ઉપરથી;ઉપર; બહાર.

Out-wear, (આઉટ્ વેર્) *vt.* To wear out: ઘસાઈ ઘસાઇને નાશ પામવું. 2. To last longer than:લાંબા વખત સુધી ચાલવું.

Out-weigh,(આઉટ્-વે)*vt* To exceed in weight or value:ઉપયોગ-વજન-તોલમાં વધારે થવું.

Out-work,(આઉટ્-વર્ક્)*vt.* To work more or faster than:-ના કરતાં વધારે ઉતાવળથી કામ કરવું

Oval,(ઓવેલ્)*a* [L. *ovum* an egg.] Having the figure of an egg:અંડાકાર;અંડાકૃતિ.2.Of or pertaining to eggs:ઇંડાં સંબંધિ.

Ovary,(ઓવેરિ)*n.* [L *ovum*,egg.]That part of the pistil which contains the seed:ગર્ભાશય

Ovate,(ઓવેટ્)*a.* [L *ovum*, egg.]Shaped like an egg:ઇંડાકાર·ઇંડાકૃતિનું.

Ovation,(ઓવેશન)*n.*[L.*ovo*,I exult]A lesser kind of triumph allowed to a commander for an easy,bloodless victory:નાનો જય કરી આવનાર સેનાપતિને આપેલું માન; લોકસન્માન.

Oven (આવન્)*n.*[L.*ignis*,fire]A place arched over with brick or stone work,and used for baking: ભઠ્ઠી; ચૂલો; ચૂલ. 2. Baking plate:તવો;થોઢી.

Over,(ઓવર્) *Prep.* [L. *super.*] Above or higher than:-ની ઉપર.2. Across; from side to side of:ઉપર થઇને-થી.3.Upon the surface of:ઉપર;ઉપર બધે 4.Above: ઉપર;ના કરતાં 5.Above in authority or station:ઉપર;માં ઉપરી દાખલ. 6. In excess of:-ના કરતાં વધારે. *Over head and ears*,completely:પૂર્ણ રીતે. At an end, completely:પૂર્ણ રીતે; સંપૂર્ણ.*All* o. (*a*) upon all parts; completely:સઘળા ભાગ ઉપર. (*b*) At an end:છેડે.O.*again*,once more:ફરી ફરીને. O. *against*, opposite:સામું;સન્મુખ. O. *and above*,In addition:ઉપરાંત.O.*and over*, repeatedly:ફરી ફરીને. *To throw* o., to abandon:તજી દેવું.

Overalls,(ઓવર્ ઓલ્ઝ્)*n.pl.*A kind of loose trousers:એક જાતનો લાંબો લેંઘો-જાર.

Over-arch,(ઓવર્-આર્ચ્)*vt & vi.*To make or place arch over;કમાન દરવાજો કરવો.

Over awe,(ઓવર્-ઓ)*vt.*To awe exceedingly:ધાકથી હલાવવું; બીવરાવી નાંખવું; ધાક બેસારવો.

Over-balance, (ઓવર્ બેલૅન્સ) *vt.* To outweigh:-થી વજન-તોલ-ભાર બોજ અગત્યતામાં વધારે થવું-હોવું *n.* Excess of weight or value:વધારાનું તોલ.

Over-bear, (ઓવર્-બૅર્) *vt.* To overcome: દાબી નાંખવું; જોરથી ન આવવા દેવું. 2. To overcome by insolence:ઉદ્ધતાઇથી દાબી નાંખવું.*vi.* To be too prolific:અતશય ફળદ્રુપ હોવું.

Overbearing. (ઓવર્ બૅરિંગ્) *a.* Arrogant; tyrannical:મીજાજ;અપમાન કરે તેવું;જુલમી;ઉદ્ધત.

Over-board,(ઓવર્-બોર્ડ્)*adv.*Over the side of a ship:વહાણમાં ઉપરથી;વહાણની બાજુએથી.*To throw* o.,to discard:વહાણમાંથી નાંખી દેવું.

Over-burden,(ઓવર્-બર્ડન)*vt* To load with too great weight:ઉચકાય તે કરતાં વધારે ભાર મુકવો.

Over cast,(ઓવર્-કૅસ્ટ્) *vt.* To cloud:આચ્છાદન કo; ઘનઘોર કરવું.

Over charge, (ઓવર્-ચાર્જ્) *vt.* To charge beyond a fair rate or price:-ના કરતાં વધારે કીંમત માંડવી.*n* An excessive charge in an account:વધારે લખેલી માંડેલી રકમ.

Over-come,(ઓવર્કમ્)*vt.*To get the better of; to conquer:પાર પાડવું;જીતવું.2.To reduce: જેર કo. 3. To come or pass over:-ના ઉપર થઇને જવું.*vi.*To be victorious:ફતેહમંદ થવું-હોવું.

Over do, ઓવર્-ડુ) *vt.* To do too much:ઘણું; અતિશય કરવું.2 To fatigue:થકવી નાંખવું;શ્રમિત કo.3.To surpass:શ્રેષ્ઠ-ના કરતાં ચઢીયાતા કo.*vi.* To labor too hard:ઘણી મહેનત-સખ્ત મજુરી કo

Over dose,(ઓવર્-ડોસ્)*n.*Too great a dose: ઘણી મોટી ફાકી-પાન *vt.* To dose to excess:ઘણું મોટું અતિશય પાન કરવું

Over-draw, (ઓવર્-ડ્રૉ) *vt.* To exaggerate: અતિશયોક્તિ કo. 2. To make drafts upon or against, in excess of the proper amount or limit:પોતાના જમે હોય તેથી અધિક ઉપાડ કરવો

Over-estimate,(ઓવર્-એસ્ટિમેટ્)*vt* To estimate too highly:ઘણો ઉંચો અડસટ્ટો કo.*n.*An estimate that is too high:ઘણો ઉંચો અડસટ્ટો.

Over-feed, (ઓવર્ ફીડ)*vt. & vi.* To feed to excess:ઢોરાને અતિશય ખવરાવવું.

Over flow, (ઓવર્ફ્લો) *vt.* To spread over; to overwhelm:ઉપર ફરી વળવું.2.To flow over the brim of:છલકાઈ જવું.*vi.* To run over the bounds:હદ ઉપરાંત જવું.*n.*An inundation:પૂર;રેલ.

Over-flowing,(ઓવર્-ફ્લોઇંગ્) *n.* An overflow;exuberance;copiousness:રેલછેલ;પુષ્કળતા.

Over grow,(ઓવર્-ગ્રો)*vt.*To grow over: ઝાડપાનથી ઢંકાઈ જવું.*vi.*To grow beyond the natural size:કુદરતી કદ કરતાં વધારે ઉગવું.

Over-grown, (ઓવર્ ગ્રોન્) *a.* Covered with growth or herbage:ઝાડ પાનથી વધારે ઢંકાઈ ગયેલું.

Over growth, (ઓવર્-ગ્રોથ્) *n.* Excessive growth:અતિશય વધવું-ફાલવું તે; અતિવૃદ્ધિ.

Over-hang, (ઓવર્-હૅંગ્) *vt.* To impend or hang over:ઉપર ઝુકી રહેવું;લટકવું;લબડવું. *vi.*To jut over:બહાર ઉપર નિકળતું હોવું.

Over-haul, (ઓવર્-હૉલ્) *vt.* To inspect; to

examine thoroughly with a view to corrections:સમરાવવાના ઈરાદાથી સારી પેઠે તપાસવું. *n.* A strict examination with a view to corrections or repairs:બારીક તપાસ:સૂક્ષ્મ પરીક્ષા.

Over-head,(ઓવર્-હેડ્)*adv.* Aloft;above;in the zenith:માથા ઉપર;ઉંચે.

Over hear, (ઓવર્ હીર્) *vt.* To hear by accident or artifice:વેગળેથી છાનામાના સાંભળવું

Piety,(પાઇએટિ)*n*. [L.*pius*, pious.] Veneration of the supreme being:ભક્તિ;ભક્તિભાવ; ઈશ્વર ભક્તિ:ધર્મપરાયણતા; ધર્મશીલતા.
Pig, (પિગ્) *n*. The young one of swine; a hog:ભુંડ-ડુક્કરનું બચ્ચું. 2. One who is hoggish:લાલચુ-લોભી માણસ.
Pigeon,(પિજન્)*n*. [L. *pipio*,I peep, chirp.] Any bird of the order Columbae:કબુતર.
Pigeon-hearted, (પિજન્-હાર્ટેડ્) *a*. Timid; easily frightened:બાયલું;બીકણ.
Pigeon hole,(પિજન્ હોલ્) *n*. A small compartment in a desk or case for the keeping of letters:ખાનું;પડ.
Piggery,(પિગરી) *n*. A place where swines are kept:ડુક્કર રાખવાની જગા.
Pigmean,(પિગ્મીઅન્)*a* Short:ઠીંગણું;વામનજી.
Pigment,(પિગ્મેન્ટ્) *n*. [L. *pingo*,I paint.] Any material from which a dye may be prepared:ચિતારાનો રંગ.
Pigmy,(પિગ્મિ)*n*.A short man:ઠીંગણું માણસ.
Pike,(પાઇક્)*n*. [L *spica*,a point] A pointed head or a spike:બરછી;બરછો; ભાલો. 2. A pointed or peaked hill:શિખરવાળી ટેકરી.
Pile, (પાઇલ્) *n*. [L. *pilus*, hair.] A mass of things heaped together:ઢગલો;ગંજ. 2. A funeral pile:ચિતા;ચે. 3. A large building: ઈમારત. *vt*. To drive piles into: થાંભલા-ખુંટા ઠોકવા 2.To lay or throw into a pile:સીંચવું: ગંજ વાળવો 3.To cover with heaps:ઢગલા ક૦.
Piles,(પાઇલ્સ્)*n*.[L. *pila*,a ball.] The small troublesome tumors about the anus and lower part of the rectum which are technically called *hemorrhoids*:હરસ;ગુદરોગ; મસા હર્ષ.
Pilfer,(પિલ્ફર્)*vi* [L *pilo*,I plunder.]To steal in small quantities or articles of small value:હલકી ચોરી ક૦. *vt*. To take by petty theft;to filch:ચોરવું;ગજવામાં મુકવું.[ચોરી કરનાર.
Pilferer,(પિલ્ફરર્)*n*. One who pilfers:નાની
Pilgrim,(પિલ્ગ્રિમ્)*n*.[L.*peregrinus*,a foreigner.] One who travels far to visit some holy place: જાત્રાળુ. *a*. Pertaining to a pilgrim:જાત્રાળુ સંબંધિ. [pilgrim:જાત્રા-યાત્રા
Pilgrimage,(પિલ્ગ્રિમેજ)*n*.The journey of a
Pill,(પિલ્) *n*. A medicine in the form of a little ball:ઓસડની ગોળી. *vt* To deprive of hair:તાલ પાડવી.
Pillage,(પિલેજ્) *n*. Robbery: લુંટ; લુંટફાટ. 2. That which is taken from another by open force:લુંટનો માલ.*vt*. To plunder:લુંટવું.
Pillar,(પિલાર્)*n*. [L. *pila*, a pillar.] A supporter or mainstay: સ્તંભ; ટેકણ; થાભલો. *a*. Having a support in the form of a pillar: સ્તંભના આકારના આધારવાળું.
Pillion,(પિલિઅન્)*n*.[L. *pellis*.] A panel or cushion saddle:ઘોડા ઉપર બેરાંને બેસવાની ગાદી.
Pilliory,(પિલોરિ)*n*.[L.*pila* a pillar]A frame boards erected on a post having holes through which the head and hands of an offender were thrust so as to be exposed in front of it:ફજેતીનું લાકડું;અપમાનસ્તંભ.
Pillow,(પિલો) *n*. [L. *pulvinus*.] Anything used to support the head of a person when reposing:તકીઓ;ઓસીકું.*vt*. To support:-ની તળે તકીઓ મુકવો.
Pilot,(પાઇલોટ્) *n*.One employed to steer a vessel:બંદર વીગેરે અઘરી જગોએ સુકાનીનું કામ કરનાર;નાવિક;કર્ણધાર 2.A guide:વળાવો; ભોમિઓ. *vt*. To direct the course of: અઘરી જગોએથી રસ્તે પાડી આપવું.
Pimp,(પિમ્પ્)*n*.A procurer:ભડવો;કુટણો *vt* To procure women for the gratification of other's lusts; to pander:ભડવાઈ ક૦.
Pimple,(પિંપલ્)*n*. Any small acuminated elevation of the cuticle:ખીલ.
Pin,(પિન્)*vt*. [L. *penna*, a feather.] To fasten with a pen: ટાંકણી ઘાલવી. *n*. A peg; a bolt:નચુકી;સળી;ખીલી;મેખ.2.A small pointed and headed piece of brass or other wire, largely used for fastening clothes attaching papers &c:ટાંકણી; ટાંચણી. 3. The ball's eye,the centre:મધ્યબિંદુ.4.Caligo:આંખની છારી.
Pincers,(પિન્સર્ઝ)*n*.Instrument for griping drawing nails,&c.:સાણસી;ચીપીઓ.
Pinch,(પિંચ્) *vt*. To press hard or squeeze between the ends of the fingers,between teeth or claws:ચુંટી ખણવી.*vi*.To compress: દબાવું.2.To take hold:પકડવું.*n*. A nip: ચુંટી. 2.Any very small quantity:ચપટી.
Pinch-beck,(પિન્ચ્-બેક્)*n*.An alloy of copper and zinc resembling gold:વિલાયતી સોનું.
Pine,(પાઇન્)*n*. [L. *pinus*,a pine tree.] Any tree of the coniferous genus *Pinus*:વિલાયતી સરળ.2.The wood of the pine tree:પાઇનનું લાકડું.3.A pineapple:અનનાસ.*vt* [L *poena*, penalty.] To inflict pain upon:પીડા ક૦.મુઝાવવું.*vi*. To suffer:દુઃખી થવું.2.To languish: ઝુરવું. [અનનાસ.
Pine-apple,(પાઇન્-ઍપલ્)*n* A tropical plant;

Pinion,(પિન્યૅાન્)*n.*[L. *pinna*,a feather.] A feather:પાંખ; પીછાં. 2. A wing:પાંખ. *vt.* To bind or confine the wings of:-ની પાંખ બાંધવી.2.To disable by cutting off the pinion joint:પાંખનો સાંધો કાપીને શક્તિહીન ક૦.

Pink,(પિંક્)*n.* A vessel with a very narrow stern:પાછલો ભાગ સાંકડો હોય એવું વહાણ. 2. A color of a pure vivid red with more or less white:લપકાદાર ખુલ્લો ગુલાબી રંગ. *vi.* To wink: આંખ મલકાવવી. *vt.* To pierce with small holes:કાણાં પાડવાં.

Pin-money, (પિન્મની) *n.* An allowance of money made by a husband to his wife:પોતાની સ્ત્રીને પરચુરણ ખરચ સારૂ આપેલા પૈસા.

Pinnace,(પિનેસ્)*n* [L *pinus*,a pine tree.] A small vessel propelled by sails or oars: બે ડોળનું ન્હાનું વહાણ.

Pinnacle,(પિનેકલ્)*n* [L *pinna*,pinnacle.]A lofty peak;a pointed summit:શિખરની ટોચ; શિખર;કલશ. *vt.* To build or furnish with a pinnacle:ટોચ-શિખરવાળું ક.

Pint,(પાઈન્ટ્)*n.* A measure equal to half a quart:અડધો ક્વાર્ટનું માપ.

Pioneer,(પાઇઍાનીર્) *n.* [L. *pes*, foot] One who goes before,into the wilderness preparing the way for others to follow:પહેલ કાઢનાર;અગ્રેસર.*vt.*To go before,and prepare a way for:પહેલાં જઈ રસ્તો તૈયાર ક૦.

Pious,(પાઈઅસ્)*a* [L. *pius*.] Religicus; devout:ઈશ્વરનિષ્ઠ;ભક્તિવાન;ધાર્મિક;ધર્મિષ્ઠ.

Pip,(પિપ્)*n.*[L *pituita*-slime.]A seed,of an apple or orange: એપલ અગર નારંગીનું બી. *vi.* To cry or chirp as a chicken:ચીંચીં ક૦.

Pipe,(પાઇપ્)*n.*[L. *pipo*, I chirp.] A wind instrument of music:વાંસળી;બંસી: મુરલી 2. Any long tube or hollow body of wood, metal,earthenware,or the like:નળી;ભુંગળી. 3 A boatswain's whistle,to call the crew to their duties:ખલાશીઓને કામે લગાડવા માટે વગાડેલી શીસોટી.*vi.*To play on a pipe:વાંસળી વગાડવી.2.To whistle:સીસોટી વગાડવી.

Pipe clay,(પાઇપ્.ક્લે)*n.*An elastic,clay of a grayish white color: ધોળી મટોડી. *vt.* To whiten with pipe clay:ખડીથી ધોળવું.

Piquancy,(પીકન્સિ)*n.* The quality or state of being piquant:ઝાટકો;કડવાટ;ચણચણાટ.

Piquant,(પીકન્ટ્)*a.*Sharp;pungent:ઝાટકો લાગે એવું;ઝમઝમાટ;મરચાં લાગે એવું.

Piuc, (પીક્) *n.* A cotton fabric, figured in the loom:સાળમાં વણેલું સુતરાઉ કાપડ2 A feeling of hurt:ચટકો;ઝાટકો.*vt.*To offend:માઠું લગાડવું. 2.To stimulate:.ને ચટકો લગાડવો.3.To pride or value:અભિમાન રાખવું. [તની પાનાની રમત.

Piquet, (પિકેટ્) *n.* A game at cards: એક જા-

Piracy, (પાઇરૅસિ) *n.* The act or crime of a pirate:ચાંચીઆનું કામ ધંધો.2.Robbery on the high seas:વહાણ લુટવાનો ગુન્હો.

Pirate,(પાઇરેટ્)*n.*[Gr. *peirao*,I try.] Arobber on the high seas:ચાંચીઓ.2.An armed ship which sails without a ligal commission,for the purpose of plundering other vessels:વહાણ લુંટનારૂં ચાંચીઆનું વહાણ 3.One who infringes the law of copyright: રજા વગર બીજાનું બનાવેલું પુસ્તક છપાવનાર.*vi.*To play the pirate:ચાંચીઆનો ધંધો ક૦.*vi* To publish, books or writings without the permission of the author: બનાવનારની રજા શિવાય કોઈ પુસ્તક છપાવવું.

Piratical, (પાઇરૅટિકલ્) *a.* Pertaining to a pirate:ચાંચીઆનું કામ કરનાર;ચાંચીયાનું.

Piscator,(પિસ્કેટૉર્)*n.* A fisherman;an angler:માછલાં પકડનાર માછી.

Pisces,(પિસીઝ્) *n.* [L. *piscis*,a fish.] The twelfth sign of the zodiac:બારમી રાશી;મીન.

Piss,(પિસ્)*vt.*To discharge urine:પેશાબ કરવો. *n.*Urine:પેશાબ.

Pistachio,(પિસ્ટેશિઓ)*n.*[L *pistacium*]The nut of the *Pistacia* vera:પીસ્તાં.

Pistil,(પિસ્ટિલ્) *n.* [L *pinso*, I pound]The seed-bearing organ of a flower:ફુલનો કેસર.

Pistol,(પિસ્ટૉલ્)*n.*The smallest firearm:પિસ્તોલ.*vi.*To shoot with a pistol:પિસ્તોલ મારવી.

Piston, (પિસ્ટૉન્) *n.* [L. *pinso*, I pound.]A sliding piece which either is moved by,or moves against fluid pressure:બંબા વીગેરે યંત્રોમાં પાણી ખેંચીને લેવા તથા હડસેલી બહાર કાઢવાને અંદરથી જે નક્કર લટ્ટો હોય છે તે.

Pit,(પિટ્)*n* [L.*puteus*,a well] A large cavity or hole in the ground:ખાડો;કબર;નરક;ફાંદો. *vt.* To put into a pit:ખાડામાં મુકવું.

Pit-a-pat,(પિટ્ઍપેટ્) *n.* A light, repeated sound:ધીમો વારે વારે થતો અવાજ. *adv.* In a flutter:ધબક ધબક.

Pitch,(પિચ્)*n.* A thick black, lustrous and sticky substance obtained by boiling down, tar:(વહાણનો)તાર. *vi.* To cover over:ઢાંકવું. 2. To thrust or plant in the ground,as stakes or poles:મારવો; ઠોકવો. *vt.* To fix or place a tent or temporary habitation:તંબુ ઠોકવો.*n.* A point or peak:શીખર 2.Height:ઉંચાઇ. 3. Gravity of a tone:સુર.4 પ્રમાણ;દરજ્જો 5.અંતર.

Pitcher,(પિચર્) *n.* One who pitches anything:કાંઇ ઠોકનાર.2.A wind-mouthed,deep vessel;નાળચાવાળો ઘડો-કરવડો;ચંબુ.

Pitch-fork,(પિચ્‌ફૉર્ક્‌)*n*. A fork or farming utensil used in pitching hay:પંજેઠી;કાંટો;સુળ. *vt*.To pitch with a pitchfork:પંજેઠી મારવી.
Pitch-pipe,-(પિચ્‌-પાઈપ્‌)*n*.A musical instrument:સુર-તાળ મેળવવાનું યંત્ર. [દયામણું;દીન;રંક.
Piteous,(પિટીઅસ્‌)*a*.Compassionate:દયાવંત;
Pith,(પિથ્‌) *n*. The spongy interior substance of a feather: ગર્ભ;માવો; મગજ. ગર. 3. Force; vigor:બળ;શક્તિ;કસ;રસ; તત્વ; સાર;જીવ.
Pithless,(પિથ્લેસ્‌)*a*. Destitute of pith,or of strength;feeble:સત્વ-સારરહિત;નિર્માલ્ય;નિઃસત્વ.
Pithy,(પિથિ)*a*.Consisting wholly or in part of pith:કસદાર;સત્વપૂર્ણ;ગર્ભવાળું.
Pitiable,(પિટિઅબલ્‌)*a*. Deserving pity:દયાપાત્ર;દુઃખી;દયાયોગ્ય;કરૂણાયોગ્ય;દીન.
Pitiful,(પિટિફુલ્‌) *a*. Filling pity:કૃપાળુ.
Pitiless, (પિટિલેસ્‌) *a*. Destitute of pity; hard hearted નિર્દય;દયાશૂન્ય;ક્રૂર;દયારહિત.
Pittance,(પિટૅન્સ્‌)*n*.[T. *pitantia*, food in general.] An allowance of food bestowed in charity:અચ્થુ;કકડો રોટલો;સિધુ;શેર સિધુ.
Pituite,(પિટ્યુઆઇટ્‌)*n*.[L. *pituita*, plegm.] Mucus;plegm:બળગમ;કફ.
Pituitous,(પિટ્યુઇટસ્‌)*n* Full of mucus; discharging mucus:બળગમ-કફ હોય એવું-વાળું.
Pity,(પિટિ)*n*.[D.*pietas*,piety.] Fellow feeling;compassion:દયા;કરૂણા.2.A thing to be regretted:અફસોસની વાત.*vt*.To feel pity:દયા લાવવી
Pivot,(પિવૉટ્‌)*n* [L *palus*, a stake.] A short axis, on the end of which a wheel turns: ખીલી;ધરી;કાંટો.2.A turning point or condition:આધાર;મુખ્ય વિષય.
Placability,(પ્લૅકૅબિલિટિ)*n*. The quality or state of being placable:શાંત કરી શકાય એવું.
Placable,(પ્લૅકૅબલ્‌) *a*.[L. *placo*, I quiet.] Ready to be pacified:રોશ મુકાવાય એવું.
Placard,(પ્લૅકર્ડ્‌) *n*. [Or. *plax*, *plakos*, any thing flat & broad.] License; જાહેરનામું. 2 A written or printed paper;a poster:લખેલો અગર છાપેલોખબરપત્ર.*vt*. To post placards upon or within:જાહેર ખબર ચોડવી.
Place, (પ્લેસ્‌) *n*. [L. *platea*, a street.] A site;ground;spot:જગા;ઠામ;સ્થાન 2. Vacated space; room:જગો ઠેકાણું. 3. Anopen space: ચોક;ચોગાન;મેદાન;પાધર.4. Anofficial post:પદ; દરજ્જો;પાયરી.5.Adwelling house:ઘર.મકાન 6. A town:ગામ;શહેર.*Out of* p ,inappropriate; અનુચિત;કવેળા.*Togive* p.,to makeroom:-નેજગો આપવી.*To take* p.,to come to pass:બનવું;થવું. *To take the* p *of*, to be substituted for:-ને બદલે આપવું *vt*.To put or set in a particular rank office or position:મુકવું;નિમવું.
Placeman,(પ્લેસ્‌મૅન્‌)*n*.One who holds or occupies a place:સરકારી કામદાર;અધિકારી;અમલદાર.
Placid(પ્લૅસિડ્‌)*a*.[L *placeo*,I please.]Pleased;contented:શાંત;સૌમ્ય;પ્રસન્ન;અવ્યગ્ર;સંતુષ્ટ.
Placidity,(પ્લૅસિડિટિ)*n*.The quality or state of being placid:સંતોષ;શાંતતા,સૌમ્યતા,અવ્યગ્રતા.
Plagiarise,(પ્લૅજિઅરાઈઝ્‌)*vt*. To steal from the writings of another:લખાણ ચોરી લેવું *vi*. To commit plagiarism:લખાણની ચોરી કo.
Plague,(પ્લેગ્‌)*n*. [L. *plaga*, a blow.] An acute malignant contagious fever:મરકી;મહામારી.2.ગજબકેર;પીડા જંજાળ.*vt*.To infect or afflict with disease:મરકીથીપીડવું.
Plaguy,(પ્લેગી) *a*. Vexatious; troublesome: પીડા-દુઃખવાળું;ક્લિષ્ટ.
Plaid,(પ્લેડ્‌) *n*.[L.*pellis*, a skin.]A rectangular garment:ઊનનો પચરંગી પટકો-દુપટ્ટો.
Plain,(પ્લેન) *vi*.[L. *planus*, flat.] *a*. Open; equal;clear:ખુલ્લું;ઉઘાડું;સાફ.2. Artless;સરળ; ભલું;ભોળું;સીધુ 3.(*a*) Void of extraneous beauty:સાદુ. (*b*) Free from show:ભપકા વગરનું (*c*)Candid;honest:નિષ્કપટ;નિખાલસ.*n*.Level land:મેદાન;પાધર.2 રણ; રણભૂમિ. *vt*. To plane or level:સ્પષ્ટ-સરખું કo.
Plain-dealing, (પ્લેન્‌-ડીલિંગ્‌) *a* Practising plain dealing;artless:સીધું;ભલું;નિખાલસ.
Plain-hearted,(પ્લેન્‌-હાર્ટેડ્‌) *a*. Frank:ભોળું.
Plainness,(પ્લેનનેસ્‌)*n* The quality or state of being plain:ભોળાપણું;સાદાપણું.
Plain-spoken, (પ્લેન્‌-સ્પોકન્‌) *a*. Speaking with plain unreserved sincerity:સાફ;ખુલ્લું.
Plaint, (પ્લેન્ટ્‌) *n*. [L. *plango*, I beat.] Lamentation:complaint:રોદણાં;ફરિયાદ 2. An accusation:ફરિયાદી;અરજી;દાવાઅરજી.
Plaintiff,(પ્લેન્ટિફ્‌)*n*. One who commences a suit to obtain a remedy for an injury to his rights:ફરિયાદી;વાદી.
Plaintive,(પ્લેન્ટિવ્‌)*a*.Complaining: ફરિયાદી કરતું.2.Mournful:શોકાતુર.
Plait,(પ્લેટ્‌)*n*.[L.*plico*,I fold.] A flat fold: પાટલી;કલી 2. A braid: વેણી *vt* To fold:કલી કરવી;પાટલી વાળવી.2 To braid:ચોટલો ગુંથવો.
Plan,(પ્લૅન્‌)*n* [L *planus*, flat.] A draught or form:નમુનો;નકશો; આલેખન.2. A scheme: રચના;યુક્તિ;યોજના.3.A method: ઘાટ; રીત. *vi*. To draught:નમુનો;કાઢવો.2.To devise:યુક્તિકરવી.
Planch,(પ્લૅન્ચ્‌)*n*.A plank:પાટીયું.*vt*.To cover with planks;to plank:ફરેતાળ ભરવી,પાટીયાં ભરવાં.
Plane,(પ્લેન્‌)*n*.[Gr.*planus*,broad.]Any tree of the genus *Platanus*:ઝાડ.*a*. [L.*planus*,a plane.]Even:સપાટ;સમાન;સમતલ.*n*.A surface

real or imaginary:ક્ષેત્ર; સપાટી; સમતલ 2. A tool for smoothing boards:રંધો.*vt.*To make plain or smooth:રંદાથી સાફ કરવું; રંદો દેવો.

Planet,(પ્લૅનેટ્)*n.*[Gr.*planao,* I wander.]A celestial body which revolves about the sun in an orbit of a moderate degree of eccentricity:ગ્રહ;ખેચર.

Planetary,(પ્લૅનેટરિ)*a.* Pertaining to the planets:ગ્રહ સંબંધિનું; ગ્રહવિષયક; ગ્રહમય. 2. Consisting of planets:ગ્રહનું.

Planisphere,(પ્લૅનિસ્ફીર)*n.*The representation of the circle of the sphere upon a plane:ગ્રહનો નકશો.

Plank,(પ્લૅન્ક્)*n.* [L. *planca,* Gr. *plax,*anything flat & broad.] A broad piece of sawed timber:પાટીયું. 2. That which supports or upholds:આધાર. *vt.* To cover or lay with planks:પાટીઆં જડવાં.

Plant,(પ્લૅન્ટ્)*n.* [L. *planta,* a sprout.] A vegetable:રોપો;છોડવો 2.(*a*) A bush or young tree:ઝાડવું;રોપો.*vt.*To put in the ground and cover as seed for growth:વાવવું; રોપવું.

Plantain,(પ્લૅન્ટેન્)*n.*A treelike perennial herb of tropical regions: કેળ; કદળી. 2 The fruit of this plant:કેળું.

Plantation,(પ્લૅન્ટેશન્)*n.* [L. *planto,*I set] The act or practice of planting; વાવણી; રોપણી.2. The place planted:વાડી;બાગ;વાવેતર. 3. An original settlement in a new country; colony:નવું સંસ્થાન;થાણું.

Planter,(પ્લૅન્ટર્)*n.*One who plants:વાવનાર. 2.One who owns or cultivates:વાડીનો ધણી. 3.A colonist in a new or uncultivated territory:નવી વસ્તી વસાવનાર. [ના; કૂણગો

Planticle(પ્લૅન્ટિકલ્) *n.* A young plant:ઝવે-

Plash,(પ્લૅશ) *n.* A small pool of standing water:ખાબોચીયું.2. To dabble in water:પાણીમાં છબરવું.*vt.*To splash,as water:પાણી ઉછાળવું

Plasmatic,(પ્લૅસ્મૅટિક્)*a.* Forming: ડોળ આપનારૂં 2. Pertaining to plasma:ઢાળ પાડવાના બીબા સંબંધિ.

Plaster,(પ્લૅસ્ટર્)*n.*[Gr:*en*,& *plasso,*I form.] A composition of lime, water and sand used for coating walls:કોલ; પ્લાસ્ટર. *vt.* To cover with a plaster:પટ્ટી મારવી.2.To overlay with plaster:સલ્લો દેવો;પલાસ્તર ક૦.

Plastic,(પ્લૅસ્ટિક્)*a* [Gr *plasso,* I form.]Having the power to give form or fashion to a mass of matter:નવા નવા ઘાટો બનાવી શકે એવું.

Plat,(પ્લૅટ્)*vt* [Gr.*platus,* broad.] To braid; to plait:ગુંથવું;વણવું.2.To lay out in plats:-ના કકડા ક૦.*n.* Work done by platting:કલી; ઘડી;વેણી.

Plate,(પ્લેટ્)*n.*A flat piece of metal:જાડું સપાટ પતરૂં.2. Domestic vessels and utensils wrought in gold or silver:સોનારૂપાના વાસણ; (રકાબીવીગેરે)4.A small,shallow and usually circular vessel of metal or wood or of earth:વિલાયતી થાળી;તાટ;રકાબી 5. A piece of metal on which anything is engraved for the purpose of being printed:છાપ;ચિત્ર; છાપો. *vt* To cover with silver:-નો ઢોળ ચઢાવવો;-થીમઢવું.2.To adorn with plated metal: પતરાં જડવાં.3.To cover with plates of metal: બખતર પહેરાવવું. 4. To beat into thin, flat pieces:પાતળાં પોહોળાં પતરાં ઘડવાં.

Plateau,(પ્લૅટો)*n.* A table-land:ઉચ્ચ પ્રદેશ.

Plated,(પ્લેટેડ્)*a.* Covered with silver &c : રસેલું-રૂપાનો ઢોળ ચઢાવેલું. [આરસીનો કાચ.

Plate-glass,(પ્લેટ્-ગ્લૅસ્)*n.*A glass of plate:

Platform, (પ્લૅટ્ ફૉર્મ્) *n.* A horizontal surface;a landing;a dais; a standing place; a raised place:પ્લેટફોર્મ;મંડપ ઉંચી કરેલી જગા. 2. To form a plan of:યોજના કરવી.

Platina,Platinum, (પ્લૅટિના·પ્લૅટિનમ્) *n.* A kind of metal like silver:રૂપાનાજેવીએક ધાતુ.

Platitude,(પ્લૅટિટ્યુડ્)*n.* Triteness:રસહીનતા. 2.A truism;a common place:સ્વતઃસિદ્ધપ્રમાણ.

Platonic,(પ્લૅટૉનિક્)*a.*[L *Platonicus*] Pertaining to Plato,or his philosophy,school or opinion:પ્લેટોનું-ના મતનું.*n.* A follower of Plato:પ્લેટોના મત પ્રમાણે ચાલનાર.

Platter,(પ્લૅટર્)*n.*One who plats or braids: વણનાર;કલી કરનાર 2. A large plate:રકાબી.

Platting,(પ્લૅટિંગ્)*n.*Plaited strips of bark, cane, straw &c.,:ગુંથેલું-વણેલું કામ.

Plaudit,(પ્લોડિટ્)*n.*[L *plaudo,* I praise.]A mark or expression of applause:શાબાશી.

Plausible,(પ્લોઝિબલ્) *a.* [L. *plaudo,* I applaud.] Specious:સત્યાભાસાત્મક; દેખીતું ખરૂં.

Play,(પ્લે)*vi* To frolic;to sport: રમવું;ખેલવું. 2. To contend,or take part in a game;to gamble:રમવું;દાવ ખેલવો 3.To perform on an instrument of music:વગાડવું;બજાવવું.4.To act: ચલાવવું 5. To act on the stage: વેશ લેવો-લઈ ને રમવું.*To* **p**.*into a person's hands*:કોઈ માણસને લાભ થાય એવી રીતે વર્તવું.*To* **p** *off,*to affect:ઢોંગ ક૦;છળ પ્રપંચ રમવો.*To* **p** *upon,*to deceive:છેતરવું.*To* **p** *false*:દગો દેવો.*vt* To perform music upon:ગાવું;વગાડવું;બજાવવું.2 To exhibit in action:બજાવવું.3.(*a*)To act or perform:કરવું;લેવું;વેશ ભજવવો,(*b*)To behave like:-ની માફક વર્તવું.*To* **p**.*off,*:બતાવવું; વાપરવું. *To* **P**.*one's cards*,યુક્તિ ક૦.*n* Amusement; ક્રીડા;મોજ; વિ-

નોદ;રમત;ખેલ;વિલાસ;લિલા.2.A dramatic composition:નાટક. 3. The representation of a comedy:દેખાવ;નાટક.4. Manner of dealing: રીત;કુતિ;વ્યવહાર.5. Room for motion:અવકાશ; છુટું;અવસર;લાગ.*A* p.*upon words*: શબ્દવિનોદ. *To bring into* p.to bring into use;વપરાશમાં લાવવું. *To hold in* p. to keep occupied: ગુંથાયેલા રાખવું.*Foul* p.:અન્યાય;ગેરઈનસાફ.

Player, (પ્લેઁઅર્) *n.* One who plays: રમનાર રમત-કરનાર.2.A dramatic actor:નટ; નટી;પાત્ર. 3. One who plays on an instrument of music:બજાવનાર.4 A gambler:જુગારી.

Play-fellow, (પ્લેઁ-ફેલેઁ) *n.* A companion in amusements or sportive:સાથે રમનાર;સોબતી.

Playful,(પ્લેઁફુલ્)*a.* Sportive: રમતીયાળ;લ્હેરી.

Playfulness,(પ્લેઁફુલ્નેસ્) *n.* The act or play: રમતીયાળીપણું;ક્રીડાબુદ્ધિ;ક્રીડાસક્તિ;ટોળ;રમુજ.

Play-house,(પ્લેઁ હાઉસ્) *n.* A building used for dramatic exhibition: નાટકશાળા-ગૃહ.2 A house for children to play in:છોકરાને રમવાનુંઘર.

Plea,(પ્લી)*n.*[L *placo,*I please.] That which is alleged or pleaded:દલીલ;તકરાર;સબબ;બહાનું An urgent prayer:નું;સમજ;અરજ.

Plead,(પ્લીડ્)*vi* [L. *placitam.* an opinion.] To argue in support of a claim:પક્ષ ધરીને બોલવું 2.To present an answer:હકીકત તકરાર જાહેર કરવી;જવાબ;રદીયો આપવો. *vt.*To agrue at the bar:નું કારણ સબબ બતાવવો.2.To adduce in proof:-નું કારણ-સબબ બતાવવો.

Pleader,(પ્લીડર્)*n.*One who pleads: વકીલ.

Pleadings, (પ્લીડિંગ્ઝ્)*n.* The mutual pleas and replies of the plaintiff and defendant: પક્ષકારોની તકરાર;ઉત્તરવાદ;હેતુવાદ. [રમુજી;વિનોદી

Pleasant,(પ્લેઝૅન્ટ્)*a.*Pleasing:ખુશકારક;મનોહર;

Pleasantly,(પ્લેઝૅન્ટ્લિ) *adv.* In a pleasant manner:સંતોષ-આનંદથી:મનરંજન થાય તેવી રીતે.

Pleasantry,(પ્લેઝૅન્ટ્રિ)*n.*Cheerfulness: રમુજ; મનક;ટોળ;મશ્કરી;ટીખળ;હાસ્યવિનોદ.

Please,(પ્લીઝ્)*vt.* [L. *placo,* I please.] To gratify:આનંદ આપવો-ક૦;સંતોષવું;ખુશી-રાજી ક૦ રિઝવવું.2.To choose:મરજીમાં આવવું.3.To seem good to:ને લાગવું-રૂચવું.*vi.*To afford pleasure: ખુશી હોવી;ગમવું. [મનોરંજક;સુખપ્રદ;સુખકર.

Pleasing,(પ્લીઝિંગ્)*a.*Giving pleasure:રૂચિકર;

Pleasure,(પ્લેઝ્યૂર્) *n.* The gratification of the senses or of the mind:ખુશી;આનંદ;સંતોષ;મઝા.2.(*a*)Amusement; sport: રમત;-ગમત; ક્રીડા;રમુજ. (*b*) Sensual gratification: વિષયભોગ,ઇશકબાજી.3 Will;choice;wish:મરજી:રૂચિ; અભિલાષ.

Plebeian,(પ્લેબીઅન્)*a* [L.*plebis,*the common people.] Pertaining to the Roman Plebs or common people:મધ્યમ હલકી વર્ગના લોકનું.

Pledge,(પ્લેજ્)*n.*[L. *præbeo,* I prefer.] (*a*) The transfer of possession of personal property from a debtor to a creditor as security for a debt or engagement:ગીરો.(*b*) The contract created between the debtor & the creditor by a thing being so deposited:ગીરો કરાર.(*c*)Something put in pawn: ઘરેણે-ગીરો-ગીરવી મૂકેલી જંગમ મિલ્કત.2.A guarantee:ખાતરી;પતીજ;ભરોસો;પ્રતીતિ.3. Promise: વચન;પ્રતિજ્ઞા.*To hold in* p.,to keep as security: જામિન તરીકે રાખવું. *vt.* To deposit in pledge:ઘરેણે મૂકવું.2.To guarantee:ની ખાતરી કરી આપવી.3. To secure performance of by pledge: પ્રતિજ્ઞા-વચન આપવું. 4. To bind by promise:વચનથી બંધાવું. [ધડી;પેલ.

Pledget,(પ્લેજેટ્)*n.*A small plug: પુમડું; પેલ;

Plenary,(પ્લીનૅરિ)*a.*[L.*plenus,*full.] Full;entire:પૂરેપૂરૂં;સંપૂર્ણ;બધું;સ્વતંત્ર;સકર.*n.*Decisive procedure:સંપૂર્ણ-ભરપૂર રીત.

Plenipotence,(પ્લેનિપૉટેન્સ્)*n.* The quality or state of being plenipotent:પુર્ણ અખ્તિયાર.

Plenipotent,(પ્લેનિપૉટેન્ટ્)*a.*[L *plenus,*full.] Possessing full power:પુર્ણ અખ્તિયારનું

Plenitude,(પ્લેનિટ્યૂડ્) *n.* [L *plenus,* full.] Fullness;completeness:પુષ્કળતા;ભરપૂરપણું.

Plenteous,(પ્લેન્ટીઅસ્)*a.* Abundant: બહુ; ભરપૂર.2.Fruitful;productive:ફળદ્રુપ;આબાદ. 3. Abounding;rich:પુષ્કળ;સમૃદ્ધ.

Plentiful,(પ્લેન્ટિફુલ્)*a.*Copious:પુષ્કળ;આબાદ.

Plenty,(પ્લેન્ટિ)*n* [L *plenus,*full.]Full supply પુષ્કળતા;સુકાળ;આબાદી;રેલછેલ.*a.*Plentiful:ઘણું.

Pleonasm,(પ્લીઑનૅઝ્મ)*n* [Gr. *pleoum,*full.] Redundancy of language in speaking or writing: શબ્દાતિશય;શબ્દાધિક્ય.

Pleonastic,(પ્લીઑ-નૅસ્ટિક્)*a.* Pertaining to pleonasm: ખપ કરતાં વધારે શબ્દો વાપર્યા જેવું.

Plethoric, (પ્લેથૉરિક્)*a.*Having a full habit of body:લોહીવાળું;લોહીવાળું.

Pleurisy,(પ્લ્યૂરિસિ)*n.* [Gr. *pleura,* the rib] An inflammation of the pleura:છાતીની અંદર લાહે બળવી તે;ફેફસાંનો;વરસોલ.

Plexiform, (પ્લેક્સિફૉર્મ) *a.* Like network; complicated:જાળીદાર;જાળીના કામ જેવું.

Pliability,(પ્લાઇઅબિલિટિ)*n.* The quality or state of being pliable:વાળીએ તેમ વળે એવો ગુણ.

Pliable,(પ્લાઇઅબલ્) *a.* Flexible: વળી શકે એવું.2 Flexible in disposition:સમજી જાય એવું.

Pliancy(પ્લાઇઅન્સિ)*a.*The quality or state of being pliant in any sense:ઢંગવિનાના હોવું તે.

Pliant,(પ્લાઇઅન્ટ્)*a.* Capable of bending:વળી જાય એવું નરમ;અક્કડ;ઢંગ વિનાનું.

Pliers,(પ્લાઇઅર્ઝ્)*n*.A kind of small pinchers with long jaws:પકડ;એક જાતનો ચિપિયો;ચીમટો

Plight,(પ્લાઇટ્) *vt*. To braid:ઘડી-કરી વાળવી. 2.To pledge:વચન આપવું. *n*. Network:જાળીકામ 2.A security:વચન;ગ્રડપ;બ્હાંયધરી.3.Condition;state:અવસ્થા;દશા;ગતિ;ગત;દુર્દશા.

Plighter,(પ્લાઇટર્)*n*.One who or that which plights:જામીનગીરી આપનાર;ખાતરી કરનાર.

Plod,(પ્લૉડ્)*vi*. To travel slowly but steadily;to trudge: ધીમે ધીમે ચાલ્યાં જવું; ફર્યા ક૦.2. To toil; to drudge:વૈતરું કર્યાંજ ક૦.

Plot,(પ્લૉટ્) *n*. A small extent of ground; plat:ખેતરનો કકડો.2. A plantation laid out: વાવેતર3.A conspiracy: કાવતરું; દગો; તરકટ. 4. Contrivance:યુક્તિ. 5. The story of a play: ચોકડું;બંધારણ;વસ્તુ; કથા. *vt*. To make a plot or plan of:કાવતરું ક૦. [રચવા તે;કારસ્થાન.

Plotting,(પ્લૉટિંગ્) *n*.The act of a plot:દગા

Plough,(પ્લાઉ)*n*.A well-known implement, drawn by horses.mules,oxen on the soil to prepare it for bearing crops:હળ;હૅાળ;સાંતિ. 2.A joiner's plane for making grooves: ખાંચો પાડવાનો રંધો. *vt*. To till with a plow: ખેડવું.2.To furrow:ચાસ પાડવા.

Plough-man,(પ્લાઉમૅન્)*n*. One who plows: હળ ફેરવનાર;ખેડુત;કૃષીવલ.2.A rustic:ગામડીયો.

Ploughland, (પ્લાઉલૅન્ડ્) *n* Land that is plowed: ખેડેલી જમીન.

Plough-share,(પ્લાઉશેર્)*n*. The share of a plow or that part which cuts the slice of earth:હૅાળનું ચવડું;હળપૂણી.

Pluck,(પ્લક્)*vt*.To pull;to draw:ખેંચવું; તાણવું.2.(*a*)To pull; with sudden force:આંચકો મારવો;તાણવું.(*b*)To gather:તોડવું;ચૂંટવું. 3. To reject at an examination for degress:કાઢી નાંખવું;નાપાસ કરવું*To* **p**.*away*,to pull away. ઉખેડી કાઢવું;છુટું પાડી દેવું *To* **p**. *down*,to pull down:તોડવું.*To* **p**.*off or out*,to pull or tear off:તોડી-કાઢવું.*To* **p**. *up*, to tear up by the roots:જડમૂળથી ઉખેડી નાંખવું *To* **p** *up courage* હિમ્મત ધરવી.*n*.A pull:આંચકો.2.Spirit;courage: હિમ્મત:છાતી;દમ;પાણી.

Plug,(પ્લગ્)*n*.Any piece of wood or metal used to stop a hole:દાટો;ડુચો; ડટ્ટો 2 A flat oblong cake of pressed tobacco: તમાકુનો પડો.3. A high,tapering silk hat: રેશમી ઉંચી ટોપી.*vt*.To stop with a plug:દાટો દેવો.

Plum,(પ્લમ)*n*.The edible drupaceous fruit of the *Prunus domestica*:વિલાયતી ફળ;આલુ. 2.A grape dried in the sun:સુકી દ્રાક્ષ.

Plumage, (પ્લૂમેજ્) *n*. The entire clothing of feathers of a bird:પીછાં;કલગી

Plumb,(પ્લમ્) *n*.[L. *plumbum*, lead.]A little mass or weight of lead;a plummet:કડીઆનો ઓળંબો.*vt*. To cause to be perpendicular:ઓળંબામાં આણવું 2. To sound with a plumb:તાગવતી દરિયાની ઉંડાઈ લેવી-માપવી.

Plumbago,(પ્લમ્બેગો)*n*.[L *plumbum*,lead.] Graphite:સિસાપેન બનાવવાની ધાતુ; પ્લમ્બેગો.

Plumber,(પ્લમર્)*n*.One who works in lead સીસાનું કામ કરનાર;સીસાગર.

Plumbery, (પ્લમરિ) *n*. The business of a plumber:સીસાઘડનારનું કામ.2.A place where plumbing is carried on:સીસાકામનું કારખાનું.

Plumb-line,(પ્લમ્લાઈન્)*n*.The string of the plumb:ઓળંબાની દોરી.

Plume,(પ્લૂમ્)*n*.[L *pluma*,the feather.]The feather:પીછું;પીંછ;પક્ષ.2.An ornamental tuft of feathers: પીંછાનો ગુચ્છો. *vt*. To pick and adjust the plumes of:-ના પીંછાં સમારવાં.3.To adorn with feathers:પીંછાં પહેરવાં 4.To pride પતરાજી-શેખી ક૦;બડાઈ હાંકવી;ફુસ મારવી.

Plummet,(પ્લુમેટ્)*n*.A small plume:ઓળંબો; પાણીની ઉંડાઇ માપવાનું હથીઆર.

Plump,(પ્લમ્પ્)*a*.Full;fleshy;fat:તાજું;ગોટમોટ. *vi*.To grow plump:ફુલવું.*vt*.To make plump; to fill or support: ફુલવવું. 2. To give, as a plumber:એકનાજ લાભમાં મત આપવો.

Plumpness, (પ્લમ્પનેસ્) *n*. The quality or state of being plumb:ફુલાવો;સરેલાપણું;પુષ્ટ.

Plumy, (પ્લ્યૂમિ)*a*. Covered with plumes: પીછાંવાળું;સપક્ષ. [Robbery:લુંટ.

Plunder (પ્લંડર્)*vt* To spoil; to rob:લુંટવું.*n*.

Plunderer,(પ્લંડરર્) *n*. One who plunders or pillages:લુંટારો;પીંઢારો;અપહારય.

Plunge,(પ્લંજ્) *vt* To immerse:ગ્રબ દઇને બોળવું;ધોવવું;ઝોકવું 2.To baptize by immersion: સિંચન કરી જળસંસ્કાર આપવો.*vi*.To rush in:ગ્રબદઇનેપેશીજવું.*n* The act of thrusting into: મજ્જન;ડુબકી.*The* **P**.*of a kite*: પતંગની ગોથ.

Pluperfect,(પ્લૂપર્ફેક્ટ્) *a*. [L. *plus*, more & *perfectus*,perfect.]Past perfect:પૂર્વ-દ્વિતભૂત.

Plural,(પ્લૂરલ્)*a*.[L.*plut, phuris*,more.] *n*. The plural number;a word in the plural form:અનેક વચન;બહુ વચનનો શબ્દ.

Plurality,(પ્લૂરૅલિટિ)*n*. The state of being plural:અનેકતા;બહુત્વ;બહુતા.

Plus,(પ્લસ્)*a*.[L.,more.] More; required to be added;positive:વત્તા.

Pluto,(પ્લૂટો) *n*. The dark and gloomy god of the lower world:યમરાજ.

Plutus,(પ્લૂટસ્)*n*.The son of gason & Ceres & the God of wealth:કુબેર ભંડારી.

Pluvial,(પ્લુવિઍલ્) *n*. [L.*pluvia*,rain.]*n* A

priest's cope:પાદરીનો ઝભો.*a.*Pertaining to rain:ભીનું;વરસાદવાળું.

Pluviameter,Pluviometer, (પ્લુવિઍામટર્) (પ્લુવિઑમિટર્) *n.* [L. *pluvia*,rain & meter.]An instrument for ascertaining the amount of rain fall at any place in a given time:વરસાદ માપવાનું યંત્ર; વૃષ્ટિમાપ યંત્ર;વૃષ્ટિમાપ.

Ply,(પ્લાઇ)*vt imp. & p.p.* **Plied,**[L. *plico*, I fold.] To bend: વાળવું. 2. To employ diligently: કર્યા જવું;-ની પાછળ પડયા રહેવું. 3. To work at:કર્યા જવું-કo.ખેડવું.4.To urge:સતાવવું; બાઝવું.

Pneumatic,(ન્યૂમૅટિક્)*a* [Gr.*pneuma*,wind] Resembling air;gaseous:વાયુનું-ના જેવું;વાતરૂપ.

Pneumatics, (ન્યૂમૅટિક્સ્) *n.* That branch of science which treats of the mechanical properties of air and other elastic fluids: વાતશાસ્ત્ર;વાયુવિદ્યા;વાયુશાસ્ત્ર.

Pneumonia.Pneumonitis,(ન્યૂમોનિએ-ન્યૂમૉનાઈટિસ્)*n.* Inflammation of the lungs: ફેફસાંનો સોજો-દાહ;કફજ્વર.

Poach,(પૉચ્)*vt.*To cook as eggs,by breaking them into boiling water:જરાતરા બાફવું. *vi.* To steal or pocket game: ચોરી લઇ જવું; ચોરવું;ઉડાવવું.2. To stab:ભોકવું.3.To force or dive into anything:ઠોકી ઘાલવું.

Poachy,(પૉચિ)*a.* Wet and soft: પોચું-મીનું.

Pock,(પૉક્)*n.*A pustule raised on the surface of the body in voriolous and vaccine diseases:અછબડા-સીતળાનો ફોલ્લો;દાણો.

Pocket,(પૉકેટ્)*n.*A bag or pouch:ગજવું;ખીસું; ગુંજું.**P.** *money*: હાથખર્ચી; ગજવાખર્ચી *vt.* To put or conceal in the pocket:ગજવામાં મુકવું; સંતાડવું.To **p.** *an insult*,to receive an affront without resentment: મુંગે મોઢે અપમાન સહન કo.

Pocket-book,(પૉકેટ્બુક્)*n.*A small book for carrying papers,money in the pocket:ગજવામાં રહે એવી ચોપડી;ખલેચી.

Pock-mark-pit, (પૉક્-માર્ક્-પિટ્)*n.* A mark or pit made by smallpox:સીતળાનું ચાઠું.

Pocky,(પૉકિ)*a.*Full of pocks;affected with smallpox:અછબડાથી ભરેલું.

Pod,(પૉડ્)*n.* A capsule of a plant:શીંગ;ફળી. *vi.*To swell;to fill:ફુલી આવવું;ભરાવું.

Podagric-cal,(પૉડૅગ્રિક્-કલ્)[Gr *podos*, foot, *agra*,catching.] Gouty; caused by gout: સંધિવાવાળું; [આવી હોય એવું.

Podded,(પૉડેડ્) *a.* Having pods: ઝાડને શીંગ

Poem,(પોએમ્)*n.*[Gr. *poieo*,I make.]A metrical composition:પદ;કાવ્ય;કવિતા;કવન.

Poesy,(પોએસિ)*n.*[L.*poesis*.]The art of composing poems:કવિતા;શક્તિ;કવિતા;કાવ્યવિદ્યા.

Poet,(પૉએટ્)*n* [Gr.*poieo*,I make.]One skilled in making poetry:કાવ્ય કરનાર;કવિ; કાવ્યકાર.*A ready.***p**.:શિઘ્ર કવિ.

Poetaster(પૉએટૅસ્ટર્)*n.*An inferior rhymer or writer of verses:જોડકણાં જોડનાર;કુકવિ.

Poetical,(પૉએટિકલ)*a.*[L.*poeticus.*]Pertaining to poetry:કાવ્ય સંબંધી-વિષયક;કાવ્ય;કવિતામય.

Poet-laureate, (પૉએટ્લૉરિએટ્) *n.* A royal poet:રાજકવિ.

Poetise,(પૉએટાઇઝ્)*vi.* To write as a poet; to compose verse:કવિતા બનાવવી;કવિ થવું.

Poetry,(પૉએટ્રિ)*n.*The art of apprehending and interpeting ideas by the faculty of imagination.*n.* Verse:પદ્ય;કવિતા;કાવ્ય; કવન.

Poignancy, (પૉઇનૅન્સિ) *n.* The quality or state of being poignant:તેજી;તીક્ષ્ણતા,તીવ્રતા.

Poignant,(પૉઇનૅન્ટ્)*a.* [L. *pungo*, I prick] Pricking;sharp:ઝાટકો લાગે એવું;અતિતિક્ષ્ણ;મર્મભેદ.

Point,(પૉઇન્ટ્)*n.* [L *pungo*,I prick.] That which pricks or pierces:અણી; ધાર. 2. An instrument which pricks as a sort of needle:ટાંકણું. 3. Small promontory or cade: ભૂશિર; ભૂશાલાકા. 4. The mark made by the end of a sharp, piercing instrument, as a needle;a prick:બિંદુ.5.A mark of punctuation:બિંદુ;વિરામચિન્હ. 6. A salient feature:લક્ષણ.7.Important feature of argument:પકડેલી વાત;દલીલ.8 A fixed conventional place for reference or zero of reckoning in the heavens:બિંદુ 9 One of the points of the compass:દિશા.10 Degree:દરજ્જો;અંશ. 11 Punctilio: ઝીણીબાબત; બારીકી 12. Aim; object:મુદ્દો;લક્ષ્ય;મતલબ; નિશાન; ચોટ;મર્મ 13. A string:કસ;બંધન; ફીત. *To carry one's* **p.** to accomplish one's object:ધારેલી મતલબ હાંસલ કo.*To make* **a.p.** *of*, to attach special importance to:-ને ખરેખરૂં મહત્વનું ગણવું. **p.** *at issue*:વિવાદ વસ્તુ વિષય.*vt.*To give a point to:-ની અણી કાઢવી. 2. To direct the point of something:આંગળી બતાવવી.

Pointed,(પૉઇન્ટેડ્)*a.* Sharp: અણીવાળું; અણીઆળું;ધારદાર;તીક્ષ્ણ.2.Terse: સચોટ;મર્મનું ભરેલું.

Pointer,(પૉઇન્ટર્)*n.*One who points:બતાવનાર.2.The hand of a time-piece:કાંટો.

Pointless,(પૉઇન્ટ્લેસ્)*a.* Having no point; blunt;obtuse:અણીવિનાનું;ધારરહિત;બુઠું;જાડું.

Poise,(પૉઇઝ્)*n.*[L.*pensum*,a portion weighed out.]Weight;gravity: ભાર; વજન;તોલ. 2. Equipoise:સમતોલપણું; સમતોલ. *vt.* To balance:સમતોલ રાખવું. 2. To counterpoise:બરાબર રાખવું;ધડો કo.

Poison,(પૉઇઝન્)*n.*[L. *potie*, a drink.] Any substance which, when introduced into the animal organism, tend to destroy its life:ઝેર;વિખ;ગરલ;ગર.2.That which taints or destroys moral purity or health:નુકશાન કરનાર પદાર્થ.*vt.*To put poison upon or into: માંઝેર ચાલવું; ભેળવવું. 2. To kill by poison:ઝેર દઈ મારી નાંખવું. 3. To corrupt:બગાડવું; ખરાબ કo. To p. *one's ears*:-ના કાન ભંભેરવા.

Poisonous,(પૉઇઝનસ્)*a.* Having the qualities or effects of poison;baneful:ઝેરી.

Poke, (પૉક્) *vt.* To thrust against into with anything pointed:ઘોચવું.2.To thrust with the horns: શીંગડા મારવાં. 3. To put a poke on: કોટમાં હડો પહેરાવવો:હેડ ઘાલવી.*To buy a pig in a* p., આંધળા થઈને વેચાતું લેવું.*n.* A thrust:ઘોંચકો.

Poker,(પૉકર્)*n.*One who pokes:ખોસનાર.

Polar,(પૉલર્) *a.* Pertaining to one of the poles of the earth,or of a sphere:ધ્રુવનું-પાસેનું.

Polarize, (પૉલૅરાઈઝ્) *vt.* To communicate polarity to:ધ્રુવ તરફ જવાનો ગુણ આપવો.

Polary,(પૉલૅરિ)*a.*Tending to a pole;having a direction toward a pole: ધ્રુવ તરફ ફરતું.

Pole,(પૉલ્)*n.*A native of Poland:પોલંડનો રહેવાસી.*n.*[L.*pango*, I make fast.] A long, slender piece of wood:સોટો;વાંસ.(*a*)A carriage pole:ઊધ;પોલ.2. A measuring stick: સાડા પાંચવારનું માપ.*vt.*To furnish with poles for support:ટેકાને માટે થાંભલા મૂકવા.2 To impel by a pole, as a boat: વાંસવતે ધકેલવું. *n.* Either extremity of an axis of a sphere:ધ્રુવ.

Pole-axe,(પૉલ્ઍક્સ્)*n.*A kind of battle-axe with a long handle:ફરશી;કુહાડો.

Pole mic-al,(પૉલેમિક્-કૅલ્)*a.* Of or pertaining to controversy:તકરારી;વિવાદરૂપ 2. Disputatious:વાદકુશલ.*n.*One who writes in support of one opinion in opposition to another:પ્રતિપક્ષ લઈને લખનાર;વિવાદકુશળ.

Polc star,(પૉલ્સ્ટાર્)*n.*Polaris or the north star:ધ્રુવનો તારો;ધ્રુવ.

Police,(પોલીસ્)*n.*[L.*politea*,Gr.*polis*,a citizen.]A judicial and executive system,for the government of acity:નગરવ્યવસ્થા; શહેરનું પોલીસ કામ.2. The organized body of civil officers in a city પોલીસ;નગરપાલો.P *station*: ચોકી.*vt.* To keep in order by police: સીપાઈથીબંદોબસ્ત રાખવો.

Police-magistrate,(પોલીસ્-મૅજિસ્ટ્રેટ્)*n* A constable:કોટવાળ:ફોજદાર;પોલીસ અમલદાર.

Police man, (પોલીસ્-મૅન્) *n.* A member of a body of police:પોલીસનું માણસ-સિપાઈ.

Policy,(પૉલિસિ)*n.* [L. *politia.*] The settled method by which the government and affairs of a nation are administered:રાજ્ય ચલાવવાની રીત;રાજનીતિ.2.System of management:કોઇ કામ-કારખાનું ચલાવવાની રીત. 3. Administration based on temporal interest: રાજ્યકૌશલ્ય.4 Worldly wisdom:યુક્તિ; વ્યવહાર.5 Motive:ઇરાદો. 6. The writing or instrument in which a contract of insurance is embodied:વિમાનો કરાર;પોલીસી.*Open* p.:જે કરારનામામાં વિમો ઉતારેલી મિલ્કતની કિંમત ન નોંધી હોય તેવું કરારનામું. *Valued* p.: જે કરારનામામાં વિમો ઉતારેલી મિલ્કત જણાવી હોય તે કરારનામું.

Polish,(પૉલિશ્)*a.*Pertaining to Poland:પોલંડ સંબંધિ.

Polish,(પૉલિશ્)*vt* [L.*polio*, I smooth.] To make smooth and glossy:માંજવું:ઓપવું;પાલીસ કo.2. To refine: સુધારવું. *vi.* To become smooth: સુંવાળું થવું. *n.* A smooth glossy surface:સુંવાળી જમીન.2. Anything used to produce a gloss:ઓપ 3.Refinement:સભ્યતા.

Polished,(પૉલિશ્ડ્)*a.*Polite;refined:સુધરેલું.

Polite,(પોલાઈટ્)*a.* [L. *polio*,I polish.]Well-bred;courteous:વિનયી;વિનયશીળ;સભ્યતાવાળું.

Politely,(પૉલાઇટ્લિ)*adv.*In a polished manner:સભ્યતા;વિનયપૂર્વક,શિષ્ટસંપ્રદાયાનુસાર.

Polite-ness,(પૉલાઇટ્નેસ્) *n.* Refinement of manners; courteous behaviour:સભ્યતા;વિનય;વિવેક.

Politic,(પૉલિટિક્)*a* [L *politicus*, political.] Pertaining to the polity:political:રાજનીતિમાં કુશળ.2.Well devised:ચતુર 3. Wise;prudent:ડાહ્યું;કુશળ4Cunning:લુચ્ચું;મતલબી;પહોંચેલું.

Political, (પૉલિટિકૅલ્) *a.* Having a settled system of administration:રાજકીયનું.2. Politic;wise:ડાહ્યું.P.*affairs*:રાજ્યકાર્ય. P.*science* રાજનીતિશાસ્ત્ર.P. *economy*:અર્થશાસ્ત્ર.

Politician,(પૉલિટિશૅન્) *n.* One devoted to politics;a statesman:રાજનીતિમાં પ્રવીણ માણસ. 2.One primarily devoted to his own advancement in public:ખટપટીયો; કારસ્થાની.

Politics,(પૉલિટિક્સ્) *n.* The science of government:રાજનીતિશાસ્ત્ર;રાજનીતિ.2.The management of a political party:રાજખટપટ.

Polity,(પૉલિટિ)*n.* [L. *politia.*] The form or constitution of the civil government of a nation:કોઈ રાજ્યનું બંધારણ;રાજનીતિ.

Poll,(પૉલ્)*n* A parrot:પોપટ.*n.*2.The head: માથું;ડોકું.3.The casting of the votes of registered electors: નોંધાયેલા મત આપનારાઓનો આપેલો મત. 4. The place where the votes are cast:મત લેવાની જગા.*vt.* To remove the

poll or head of:ટોચ-છેડા કાપી નાંખવા. 2. To impose a tax upon:કર-વેરો નાંખવો.

Pollard,(પૉલર્ડ)*n.*A clipped coin:કાપેલો શીક્કો ખોટો સિક્કો.*vt.*To lop the tops of:ટોચો કાપવી.

Pollen,(પૉલેન્)*n.*[L.*pollen*,fine flour.] Fine bran or flour:ઝીણો લોટ-ચૂર્ણ:ભુક્કો.

Poll tax,(પૉલ્‌ટૅક્સ્) *n.* A tax levied by the hand or poll:જજીઓ;માથા દીઠ લેવાતો વેરો.

Pollute,(પૉલ્લ્યૂટ્)*vt* [L *polluo*,I defile.] To defile:બગાડવું;વટાળવું;મેલું-ગંદુ ક૦ 2. To debauch: બગાડવું;-ની કાયા ભ્રષ્ટ ક૦. 3. To render ceremonially unclean: અપવિત્ર ક૦; ભ્રષ્ટ ક૦; વટાળવું.

Pollution,(પૉલ્લ્યૂશન્)*n.* Defilement;impurity:બગાડ;વટાળ;ભ્રષ્ટતા;અપવિત્રતા;અપવિત્રીકરણ; દુષિતપણું.2. The emission of semen at other times than in sexual intercourse:સ્વપ્નદોષ;સ્વપ્નાવસ્થા-વિર્યપાત.

Poltroon,(પૉલ્‌ટ્રૂન્) *n.* A dastard;a craven: હીજડો;બાયલો;નામર્દ;પીતીયા પેહું;ડરકણુ.

Poltroonery,(પૉલ્‌ટ્રૂનરી)*n.*Cowardice;want of spirit:બાયલા-હીજડાપણું;નામર્દાઇ.

Polyandry,(પૉલિઍન્ડ્રિ)*n* [Gr.*polys*, many *andros*,man.]The possession by a woman of more than one husband at the same time:એકજ વખતે ઓરતે ઘણા ધણી પરણવાનો ચાલ.

Polygamy,(પૉલિગૅમિ)*n.* [Gr.*polys*,many & *gamos*,marriage.]The practice of having more than one wife:એક કરતાં વધારે સ્ત્રી કે વર પરણવાનો ચાલ.

Polygon,(પૉલિગૉન્)*n.* [Gr. *polys*, many & *gonia*,angle.]A plane figure having many angles:બહુ કોણ;બહુ કોણાકૃતિ.

Polygraphy,(પૉલિગ્રૅફિ)*n.*[Gr.*polys*,much & *grapho*,I write.]Much writing:ઘણું લખાણ.

Polyhedron,(પૉલિહીડ્રૉન્)*n.*[Gr.*polys*,many & *hedra* sides.]A body or solid contained by many sides or polyscope or planes:ઘણી બાજુવાળી આકૃતિ 2.A multiplying glass:એકનું અનેક દેખાય એવો કાચ.

Polypus,(પૉલિપસ)*n.* A tumor:ગુમડું.

Polysyllable,(પૉલિસિલ્લૅબલ્)*n.* A word of many syllables:બહુ સ્વરવાળો શબ્દ;બહુ સ્વર.

Polytechnic(પૉલિટેક્નિક્)*a.*[Gr *polys*,many & *techne*,art.]Comprehending many arts& sciences:જ્યાં ઘણી વિદ્યા-હુન્નર શીખવતાં હોય એવું.

Polytheism, (પૉલિથીઝમ્) *n* [Gr. *polys*, & *theos*,god]The doctrine or belief in a plurality of gods:ઘણા દેવ છે એવો મત;અનેક દેવવાદ.

Pomatum,(પૉમેટમ્)*n.* A perfumed composition for the hair:ખુશબોદાર પદાર્થ;પોમેટમ.

Pomegranate,(પૉમગ્રૅનેટ્)*n.*[L. *pomum*,a fruit & *granum*,a grain.]The fruit of the tree *Punica granatum*:દાડમ;અનાર.

Pommel,(પૉમેલ્)*n.*A knob;ball:મોગરો;ગુલ્મ; પિંડો.The high part of a saddle bow:જીનનો ઉંચો ભાગ.*vt.* To beat soundly:મારવું;મેથીપાક જમાડવો;કૂટવું.

Pommelion,(પૉમ્મિલિઑન્)*n.*The cascabel or hindmost knob,of a cannon:તોપનો મોગરો.

Pomology,(પૉમૉલૉજિ) *n.* [L *pomum*,fruit &*logos*.]The science of fruits:ફળ વધારવાની કૃતિ.

Pomp,(પૉમ્પ્)*n.*[Gr.*pempo*,I send.]Parade, display:દમદમાટ;ઠાઠ; દબદબો; દમામ; આડંબર.

Pomposity, (પૉમ્પૉસિટિ) *n.* The quality or state of being pompous:ઠાઠમાઠ:ડોળ;દંભ;શેખી

Pompous,(પૉમ્પસ્)*a.*Stately:દબદબાવાળું.

Pond,(પૉન્ડ્)*n.*A lake:તલાવ;કુંડ;હોજ;તડાગ.

Ponder,(પૉન્ડર્)*vt* [L. *pondeo*,I weigh.] To weigh in the mind: મનમાં તોળવું;-નો વિચાર ક૦.*vi.*To think:વિચાર ક૦.

Ponderable,(પૉન્ડરેબલ્)*a.*Capable of being weighed:તોળાય એવું;ચિંત્ય;ચિંતનીય.

Pondrosity,(પૉન્ડ્રૉસિટિ)*n.* Gravity:ભાર.

Ponderos,(પાન્ડરસ્)*a* [L *pondus*,a weight.] Very heavy;weighty:ભારેસલ;ઘણું ભારે;જબરૂં.

Poniard,(પૉનિઆર્ડ)*n.*[L *pungo*, I prick.]A kind of dagger:નહાની કટાર; ખંજર.

Pontiff,(પૉન્ટિફ્)*n*,[L.*pons*, *pontis*,a bridge] A high priest;the Pope:ધર્મનો અધિકારી;પોપ.

Pontifical, (પૉન્ટિફિકલ્) *a.* Pertaining to a pontiff:મોટા ધર્માધિકારીનું. 2. Pertaining to the building of bridges:પુલનાં માન સંબંધી.

Pontificate,(પૉન્ટિફિકેટ્) *n.* The state of a high priest:પોપની પદવી.*vi.*To perform the duty of a pontiff:પોપનું કામ ક૦.

Pontoon,(પૉન્ટૂન્)*n.*[L.*pons*,*pontis*,a bridge.] A wooden flat-bottomed boat:લશ્કરને જવા સારૂ જેના ઉપર કાચો પુલ નાંખે છે તે હોડી.

Pony,(પૉનિ)*n.* A small horse:ટટ્ટુ;ટટ્ટુ.

Pooh,(પૂ)*interj* Pish;nonsense:છટ્;છીટ્.

Pool,(પૂલ્)*n.*A reservoir for water:ખાબોચીયું.

Poop,(પૂપ્)*vi.*To make a noise:અવાજ કરવો.*n.* A deck raised above the afterpart of a vessel:વહાણના સુકાનવાળા ભાગમાં કઠડીના ડોલ સુધી જે તુતક હોય છે તે.

Poor,(પૂર્)*a.*[L.*pauper*,poor.] Destitute of property;needy: ગરીબ; નિર્ધન; કંગાલ.2. (*a*) Wanting in fat:દુબળું.(*b*)Wanting in strength:નબળું;પોચું;ઢીલું;નરમ.(*c*)Of little value: તુચ્છ;નિર્માલ;હલકું.(*d*)Destitute of beauty:નઠારૂં.2.Worthy of pity or sympathy:બાપડું; બિચારૂં.3.Not proud;meek:ગરીબ; સાલસ. **P.** *man's treacle*,onion:ડુંગળી; કુષ્માવલી.

Poor-box, (પુર્-બૉક્સ્) *n.* A receptacle in which money given for the poor is placed:ભીખનો ગલ્લો-પેટી.

Poor-house,(પુર્-હાઉસ્)*n.*A dwelling house for paupers maintained at public expense:અનાથાલય:કંગાલશાળા;ગરીબ શાળા;અનાથાશ્રમ.

Poorly,(પુર્લિ) *adv.* In a poor manner: ગરીબાઈથી.2. Indifferently:નબળું.3. Meanly:નબળી રીત્યે.

Poorness,(પુર્નેસ્)*n.*The state or quality of being poor:નિર્ધનતા;કંગાલીઅત;નિર્ધનાવસ્થા.

Pop,(પૉપ્)*n.* A small, sharp, quick explosive sound or report: ફટ્ટ દઇને થયેલો અવાજ. *vi.* To make a pop or sharp sound: ફટ્ટ અવાજ કo. 2. To dart: એકદમ ધસવું. *vt.* To thrust suddenly:ચપટ દઇને ઘાલવું. *To* p. *the question*,to make an offer of marriage to a lady:હું મારી સાથે લગ્ન કર એવી સ્ત્રીને માગણી કo.

Pope,(પૉપ્)*n.*[L *papa*,father.] The Bishop of Rome:રોમન કેથોલિક ધર્મનો ઉપરી પાદરી;પોપ.

Popedom,(પૉપ્ડમ્) *n.* The place, office or dignity of pope:પોપની પદવી.2.The jurisdiction of the pope:પોપનો મૂલક.

Pop gun,(પૉપ્ગન્) *n.* A child's gun:છોકરાંને રમવાની નાની બંદુક;ફટકનલી.

Popinjay, (પૉપિંજે) *n.* The green wood pecker; a parrot:પોપટ;શુક.2.છેલ;લાલાલોક.

Popish,(પૉપિશ્)*a.*Pertaining to the Pope: પોપ ધર્મનું;પોપનું.

Poplin,(પૉપ્લિન્)*n.*A fabric usually made of silk and worsted:રેશમ અને ઉનનું કાપડ.

Poppy, (પૉપિ) *n.* Any plant of the genus *Papaver*:ખસખસ;ખસખસનાં છોડવા.

Populace,(પૉપ્યૂલૅસ્)*n.*[L.*populus*.]The common people;the vulgar:લોક;પ્રજા;સામાન્ય લોક

Popular,(પૉપ્યૂલર્)*a.* [L *populus*, people.] Pertaining to the common people: લોકપ્રજાનું.2.Beloved by the people:લોકને વહાલું; લોકપ્રિય 3. Prevailing among the people: લોકમાં પ્રચાર પામેલું;રૂઢ.P.*accusation*:લોકાપવાદ.

Popularity,(પૉપ્યૂલૅરિટિ) *n.* The quality or state of being popular:લોકનું રાજીપણું.2 The state of being pleasing to common people: લોકપ્રિયતા;જનપ્રિયતા;લોકપ્રીતિ.

Popularly, (પૉપ્યૂલર્લિ) *adv.* In a popular manner:લોક રાજી થાય એવી રીતે;લોક રંજનાર્થે.

Populate,(પૉપ્યૂલેટ્)*a.*[L.*populus*, people.] Populous: વસ્તીવાળું. *vt.* To furnish with inhabitants; to people:વસાવવું;વસ્તી કo.

Population,(પૉપ્યૂલેશન્)*n* The whole number of people:લોક;વસ્તી;જન;પ્રજા; લોકસંખ્યા; દેશજનતા.

Populous,(પૉપ્યૂલસ્)*a.*[L.*populus*,people.] Abounding in people: વસ્તીવાળું;આબાદ.

Porcelain,(પૉર્સેલન્)*n.* [L. *porcus*, pig.] A fine translucent kind of earthenware,made first in China & Japan:ચિનાઈ કામ-વાસણ.

Porch,(પૉર્ચ્)*n.*[L.*porta*,a gate.]A covered and inclosed entrance to a building:બારણા આગળની પરસાળ;દિવટી;રંગમંડપ;સભામંડપ.

Porcine,(પૉર્સાઇન્)*a.*Pertaining to the pigs: સુવર;ડુક્કર-ભૂંડ સંબંધિ.

Porcupine,(પૉર્ક્યુપાઇન્)*n* [L.*porcus*&*spina* a thorn.] Any animal having the back covered with long, sharp, quills:સાહુડી.

Pore,(પૉર્) *n.* [L. *porus*.] One of the minute orifices in an animal or vegetable membrane:રૂવાંટીનું છિદ્ર.*vi.* To fix the attention:એકી નજરે જોવું. [હોવું તે.

Poriness,(પૉરિનેસ્)*n.*Porosity:બહુ કાણાંવાળું

Pork,(પૉર્ક્)*n* [L. *porcus*.hog.]The flesh of swine:ડુક્કરનું માંસ-ગોશ.

Porosity,(પૉરૉસિટિ)*n.*The quality or state of being porous:મશાવકાશતા;સછિદ્રતા;રંધ્રવિશિષ્ટતા

Porous,(પૉરસ્)*a.* Full of pores:કાણાંવાળું.

Porphyry,(પૉર્ફિરિ)*n* [L *porphyra*,purple.] A rock consisting of a fine grained base: એક જાતનો ખૂબસુરત આરસપહાણ;પાણીખડક.

Porridge,(પૉરિજ્)*n.*[L *porrus*,leek]A food made by boiling some leguminous substance:વિલાયતી કાંજી-ઘેંશ. [વાડકો;કટોરો;પ્યાલો.

Porringer, (પૉરિંજર્) *n.* A porridge dish:

Port,(પૉર્ટ્)*n.*[L.*portus*.]A dark red or purple astringent wine made in Portugal:પોર્ટુગાલમાં થતો પોર્ટ જાતનો દારૂ. *n.* A harbor: બંદર.2.A harbor where vessels are admitted to discharge and receive cargoes:ગોદી; બારૂં.*n.* A gate:દરવાજો. *vt.*[L.*porto*,I carry.] To carry: ફેરવવું લઇ જવું. 2. Carriage; deportment: રીતભાત. *vt.* To turn to the left side of a ship:ડાબે સુકાને ફેરવવું.

Portable,(પૉર્ટેબલ્) *a.* Easily transported: સહેલાઇથી લેઈ જવાય એવું.

Portage, (પૉર્ટેજ્) *n.* A sailor's wages:મજુરી.*vt.*To carry goods &c:માલ વિગેરે લઈ જવું.

Portal,(પૉર્ટલ્)*n.*[L.*porta*,a gate] A door: દરવાજો;ખડકી 2.A prayer book:પ્રાર્થના પોથી.

Porte,(પૉર્ટ્)*n.*[L.*porta*.]The ottoman court: તુરકી સરકારની અદાલત.

Portend,(પૉર્ટેન્ડ્)*vt.*[L *pro* & *tendo*, I stretch.]To foreshow:આગળથી બતાવવું-સૂચવવું.

Portent, (પૉર્ટેન્ટ્)*n.* That which portends, evil:અપશુકન;અવચિન્હ;અવલક્ષણ.અશુભ લક્ષણ.

Portentous, (પૉર્ટેન્ટસ્)*a.* Of the nature of

a portent:માઠું થવાની સૂચના કરનારૂં; અરિષ્ટ-અશુભ સૂચક.

Porter,(પૉર્ટર્)*n.*[L. *porta*,a gate.] A door keeper:દરવાન;દ્વારપાલ; પ્રતિહારી.2.A currier: વેતરો;ભારવાહ;મજુર;હેલકરી.

Porterage,(પૉર્ટરેજ્)*n.* The work of a porter:લેઇ જવા લાવવાની મજુરી; વેતરૂં.

Portfolio, (પૉર્ટ્ફૉલિઑ) *n.* A portable case for papers prints &c.:કાગળ રાખવાનું જોસ્તાન.

Port-hole,(પૉર્ટ્હોલ્)*n.* An embrasure in a ship's side:બારી;જંગી.

Portico,(પૉર્ટિકો)*n.* [L. *porticus*] A colonnade or covered ambulatory:મંડપ;દરવાજાના ઉપર ધાબાતળેનો ભાગ.

Portion,(પૉર્શન્)*n.*[L *pars-partis*,a part] That which is divided off or separated: ખંડ;વિભાગ;ભાગ.2.Share: ભાગ;હિસ્સો; અંશ.3. An inheritance:વારસો.4.A wife's fortune; a dowry:સ્ત્રીધન. *vt* To parcel:-ના ભાગ ક૦.

Portliness, (પૉર્ટ્લિનેસ્) *n.* The quality or state of being portly;stateliness:ભવ્યપણું.

Portly,(પૉર્ટ્લિ) *a.* Of a noble appearance; imposing:ભવ્ય; ખુબસુરત; ગંભીરાકૃતિ.

Portmanteau,(પૉર્ટ્મૅન્ટૉ)*n* A leather bag for carrying wearing apparel: લુગડાં રાખવાની પાકીટ;ખલેચી;પાકીટ;પૉર્ટ્ ફોલીયો.

Portrait,(પૉર્ટ્રેટ્) *n.*The likeness of a person painted,drawn or engraved:તસબીર;છબી;ચિત્ર;પ્રતિમા;આબેહુબ બ્યાન-વર્ણન.*vt.*To portray; to draw:તસવીર કાઢવી.

Portray,(પૉર્ટ્રે)*vt* [L. *pro* & *traho*,I draw.] To paint or draw the likeness of:-ની છબી કાઢવી.2.To describe in words:બ્યાન-વર્ણન ક૦.

Portrayal, (પૉર્ટ્રેઍલ્)*n.*The act or process of portraying:છબી પાડવાની કળા;વર્ણન.

Pose, (પૉઝ્)*n.*[L. *pausa*, a pause.] *vt.* To place in an attitude or fixed position for the sake of effect:ઠીકઠાક કરીને ગોઠવવું.*vt.*To interrogate: પૂછવું-સવાલ ક૦.

Poser, (પૉઝર્) *n* One who or that which puzzles:જવાબ દેતાં ગુંચવનાર.

Position,(પૉઝિશન્)*n.*[L. *pono*, I put.] The state of being placed:સ્થિતિ 2.Site:ઠેકાણું; સ્થળ;સ્થાન;જગો 3 A thesis: પૂર્વપક્ષ; પક્ષ. 4. Social rank:યોગ્યતા;સ્થિતિ;મોભો;દરજ્જો; પદવી 5. Condition: દશા;હાલત.

Positive (પૉઝિટિવ્)*a.*Real;actual:ખરેખરૂં;સાક્ષાત;વાસ્તવિક. 2. Definitely laid down:સ્પષ્ટ; ખુલ્લે ખુલ્લું;ચોખ્ખું; ખચિત.3. Certain:નક્કી;નિ:શંક.**P** *degree*:અન્યોન્યાપેક્ષક રૂપ **P** *quantity*: ધનપદ.**P**.,*sign*:વત્તાનું ચિન્હ. (*a.*) Electro positive:કેવળ અનન્ય સંબંધ.*n.* That which is capable of being affirmed: સત્યતા. 2. The positive degree:અન્યોન્યાપેક્ષકરૂપ.

Positively, (પૉઝિટિવ્લિ) *adv.* In a positive manner: સ્પષ્ટ રીતે;ખચીત.

Possess,(પૉઝેસ્)*vt.*[L.*possideo*, I have.] To occupy in person:હાથમાં કબજા-હવાલામાં હોવું.2. To own:-નું હોવું 3.To gain:મેળવવું.3 To put in possession: આપવું;-ને સ્વાધીન ક૦.

Possession,(પૉઝેશન્)*n.*The act or state of possessing:કબજો;ભોગવટો.2.Ownership:કબજો 3.The thing possessed:માલ;તાબાનો મુલક; સંસ્થાન. 4 Madness:ભૂતસંચાર;વળગણ. *vt.*To invest with property:વહીવટ કરવો.

Possessive,(પૉઝેસિવ્)*a.*Pertaining to possession:સંબંધક;સંબંધ વાચક.*n.*The possessive case:ષષ્ઠિસંબંધક વિભક્તિ.2.A possessive pronoun:સંબંધક સર્વનામ.

Possessor,(પૉઝેસર્)*n.* One who possesses; one who occupies: ભોક્તા;સ્વામી;અધિકારી.

Posset,(પૉસેટ્)*n.*[L.*poto*,I drink.] A beverage composed of hot milk curdled by some infusion: દુધનું શરબત. *vt.* To curdle: જમાવવું; આખરવું.

Possibility, (પૉસિબિલિટિ) *n.* The quality or state of being possible: શક્યતા;સંભવ.

Possible,(પૉસિબલ્)*a.* [L *potis*, able & *esse*, to be.]Able to happen:બની શકે એવું;શક્ય.

Possibly, (પૉસિબ્લિ) *adv.* In a possible manner:કદાચિત;કદાપિ.

Post,(પૉસ્ટ્)[L.*post*.behind.]A prefix signifying,back,after:પછાડી-પછીના અર્થમાં વપરાતો શબ્દ.*n.*[L *pono*,I place.]A pillar:થાંભલો;ટેકો. *n* (*a*)Station:મુકામ,સ્થાન.(*b*)A military station: લશ્કરી થાણું. 2. A postman: ડાકવાળો. 3. The post office:ટપાલ હાફીસ:(*b*). *Hence*, the carriage conveying the mail: ડાકગાડી. 4. A station office or position of service, trust,&c:સ્થાન;પદ;અધિકાર; હોદ્દો. *To ride* **p.**, to ride,rapidly:તાબડતોબ મજલ ક૦.*To travel* **p.**,to travel, as a post does: થોડે થોડે અંતરે ઘોડાનો ટપ્પો રાખી મુસાફરી ક૦. To set:મુકવું; બેસાડવું 2.To mail:કાગળ ટપાલમાં નાંખવો. *To* **p.** *off*, to put off:ઢીલ કરવી *vi.* To travel with post horses:ડાક ઘોડાથી જવું.

Postage,(પૉસ્ટેજ્)*n.*The price paid for the conveyance of letters:ડાક-ટપાલ ખરચ-લવાજમ

Postal,(પૉસ્ટલ્) *a.* Belonging to the post office or mail service:ટપાલ સંબંધિ-નું;ડાકનું.

Post-chaise,(પૉસ્ટ્-શેઝ્) *n.* A carriage for the mail:ટપાલની ગાડી.

Post-date,(પૉસ્ટ્-ડેટ્) *vt.* To date after the real time;પાછળની તારીખ નાંખવી.2. To affix-

the date to after the event:કંઈ બન્યા પછીથી તારીખ લખવી.*n.*A date put to a bill of exchange later than it was actually made: પાછલી તારીખ.

Post-diluvian, (પૉસ્ટ્-ડિલ્યૂવિઅન્) *a.* Being or happening after the deluge:જગરેલ પછીનું *n.* One who lived after the flood: જગરેલ પછી જીવનાર.

Poster, (પૉસ્ટર્) *n.* One who posts bills:જાહેરનામું ચોડનાર.2.One who travels expeditiously:ડાગવાળાની પેઠે ઝડપથી દોડનાર.

Posterior,(પૉસ્ટીરિઑર્)*a* [L *posterus*,coming after.]Later in time;પછીના વખત-જમાનાનું

Posteriority,(પૉસ્ટીરિઑરિટિ)*n.*The state of being later or subsequent: પાછળ થવું-હોવું તે.

Posteriors, (પૉસ્ટિરિઑર્સ્) *n.* The hinder parts,as of an animal's body:ગાંડ; નિતંબ.

Posterity,(પૉસ્ટેરિટિ)*n* [L. *posteritas.*] Descendants:વંશજો;પ્રજા;સંતાન;સંતતિ;પુત્રપૌત્રાદિક.

Postern, (પૉસ્ટેર્ન્) *n.* [L. *posterus* coming after.]A back door:પાછલું બારણું. 2. A subterraneous passage:જમીનની અંદરનું છાનુંબારણું.

Post-fix,(પૉસ્ટ્-ફિક્સ્)*n.* A letter,syllable or word added to the end of another word: અનુગ;પ્રત્યય.*vt.*To annex:અંતે મૂકવું-જોડવું.

Post-haste,(પૉસ્ટ્હેસ્ટ્) *n.* Haste in travelling:ઘણી ઝડપ-ઉતાવળ.*adv.*With speed or expedition:ઘણીજ ઝડપથી.

Posthumous,(પૉસ્થ્યૂમસ) *a.* [L. *postumus*-last] Born after the death of the father or taken from the dead body of the mother:બાપ મુઆ પછી જન્મેલું; સગર્ભા મરી ગએલી સ્ત્રીને ચીરીને કાઢેલું. 2. Published after the death of the author:ગ્રંથકાર મરી ગયા પછી પ્રગટ કીધેલું;છાપેલું.

Postil,(પૉસ્ટિલ્)*n.* [L. *postilla,* after those] A marginal note in the Bible: બાઇબલના હાંશીઆ ઉપર લખેલી ટીકા.2.To write marginal notes on:હાંશીઆપર ટીકા લખવી;ટીકા કo.

Postilion, (પૉસ્ટિલિઑન્) *n.* One who rides and guides the first pair of horses of coach:ઘોડા પેહેલ વહેલા હાંકનાર-જોડનાર.પલોટનાર.

Post-man,(પૉસ્ટ્મૅન્) *n.* A post of courier: ટપાલ-ડાગ-લઇ જનાર-લાવનાર;હલકારો.

Post-mark,(પૉસ્ટ્-માર્ક્) *n.* The stamp of a post office on a letter·પોસ્ટ ઑફીસની; કાગળો ઉપર મારેલી છાપ.

Post-master,(પૉસ્ટ્મૅસ્ટર્)*n.*One who has a charge of post office and the distribution and forwarding of mails: ટપાલ ખાતાનો ઉપરી;ટપાલ માસ્તર.

Procreant,(પ્રોક્રીઍન્ટ્)*a* Generating;productive;fruitful:ઉત્પાદક;સાધક; જનક; ગર્ભવંતુ. *n.* One who procreates:જન્મ આપનાર જનયિતા.

Procreate,(પ્રોક્રીએટ્)*vt.*[L.*pro* forth & *creo,* I create.]To generate:ને જન્મ આપવો.

Procreation,(પ્રોક્રીએશન્) *n.* The act of begetting:જનન;ઉત્પાદન;ઉત્પત્તિ;પ્રજોત્પાદન.

Procreative, (પ્રોક્રીએટિવ્) *a.* Having the power to beget:છોકરાં ઉત્પન્ન કરે એવું;ઉત્પાદક.

Proctor,(પ્રોક્ટોર્)*n.*[*pro,*& *caro,*I take care of.]An attorney;agent:વકીલ;પ્રતિનિધિ;મુખત્યાર.

Procurable,(પ્રોક્યૂરેબલ્) *a.* Capable of being procured;obtainable:મળી શકે એવું.

Procuration(પ્રોક્યૂરેશન્)*n.* The act of procuring;procurement:મળી શકે એમ કરવું તે.

Procurator,(પ્રોક્યૂરેટર્)*n.* An agent;a proctor:આડતીઓ,પ્રતિનિધિ;કારભારી;મુનીમ.

Procure,(પ્રોક્યૂર્)*vt.*[L.*pro* for& *curo,*I take care.] To bring into possession; to get: મેળવવું;લેવું 2.To effect;to cause:આણવું.3.To bring:લાવવું;ખેંચી લાવવું.

Procurement,(પ્રોક્યૂર્મેન્ટ્) *n.* Obtainment; attainment:સંપાદન;પ્રાપ્તિ;લાભ.

Procurer,(પ્રોક્યૂરર્) *n.* One who procures or obtains:પ્રાપક;સંપાદક;મેળવી આપનાર. 2. A pimp; a pander:કૂટણો;ભડવો.

Procuress,(પ્રોક્યૂરેસ્)*n.*A female procurer: કૂટણી;ભડવેણ;કુટિ;ભડવી.

Prodigal,(પ્રોડિગલ્)*a* [L.*pro.* forth & *ago,*I drive.]Given to extravagant expenditure ઉડાઉ;ખરાબ; ફુલ્લ ઢાળતું. *n.* One who expends

money extravagantly: ઉડાઉ-ધોતાળ માણસ.

Prodigality,(પ્રૉડિગૅલિટિ)*n*.Profusion;excessive liberality:ઉડાઉપણું.

Prodigious,(પ્રૉડિજસ્)*a* [L. *prodigium*, a prodigy.]Marvellous:વિલક્ષણ;વિચિત્ર.2 Vast; huge;immense:બે હદ;બે સુમાર;ગંજાવર.

Prodigy,(પ્રૉડિજિ) *n*. A portent; something extraordinary: અપૂર્વ વસ્તુ. 2. A marvel: અદ્ભુત શક્તિ ધરાવનાર મનુષ્ય.

Produce,(પ્રૉડ્યૂસ્)*vt*. [L. *pro*, forth & *duco* I lead.]To exhibit:દેખાડવું;હાજર કo.2 To bear: આપવું;પેદા થવું;પાક થવો; ઉપજાવવું. 3. To cause to happen:માંથી ઉપજાવવું; કાઢવું.4.To make;to manufacture:બનાવવું;કરવું.5.To extend:વધારવું.*vi*.To yield appropriate offspring:નિપજવું.*n*.(*a*)(પ્રૉડ્યુસ્)Product;proceeds: પેદાશ; ફળ.(*b*) Agricultural products:ઉપજ;નિપજ.

Product,(પ્રૉડક્ટ્) *n*. Anything that is produced;production:ઉપજ;પેદાશ; નિપજ; ઉત્પન્ન. 2.The number resulting from the multiplication of two or more quantities: ગુણાકાર.*vt*. To produce:ઉત્પન્ન કરવું.

Production; (પ્રૉડક્શન્) *n*. That which is produced;produce;fruit: ઉત્પત્તિ;નિષ્પત્તિ; પેદાશ;ઉપજ;નિપજ.

Productive, (પ્રૉડ્કિટવ્) *a*. Yielding or furnishing results:ફળ મળે એવું;ફલદાયક.2.Bringing into being producing,originative:ઉત્પાદક;ઉત્પત્તિકારક.3.Fertile:ફલદાયક;ફલપ્રદ;લાભકારી.

Proem,(પ્રૉએમ્) *n*. [Gr. *pro*, & *oimos*,way.] Preface:પ્રસ્તાવના;સૂચના;ઉપોદ્ઘાત. *vt*. To preface:પ્રસ્તાવના લખવી.

Profanation, (પ્રૉફેનેશન્) *n*. Desecration: અપવિત્રકરણ. 2. The act of treating with abuse:નિંદા.

Profane,(પ્રૉફેન્)*a* [L *pro*,before & *fanum*, a temple.] (*a*)Not holy or sacred: અપવિત્ર; ધર્મ પ્રકરણથી નિરાળું.(*b*) Relating to matters other than sacred: વ્યવહારિક. 2. Unclean: ભ્રષ્ટ.3.Irreverent: ઇશ્વરદ્વેષી; ધર્મનિંદક. *vt*. To pollute:અપવિત્ર કરવું.

Profanity-ness, (પ્રૉફૅનિટિ-પ્રૉફેન્નેસ્) *n*. The state of being profane:ધર્મનિંદા;ઇશ્વરનિંદા.

Profess,(પ્રૉફેસ્)*vt* [L *pro* before & *fateor*,I confess.] To avow; to acknowledge: છચોક જણાવવું;અંગીકાર કo 2.To set up a claim to: કહેવું.3. To pretend the knowledge of; to proclaim one's self versed:-માં પંડિત-પ્રવીણ કહેવડાવવું. *vi*. To confess: કબુલ કરવું. 2. To declare friendship:બાબિંધી છે એમ જણાવવું.

Profession,(પ્રૉફેશન્) *n*. Open declaration: પ્રસિદ્ધ કથન. 2.An avowal:અંગીકાર;સ્વીકાર 3. Calling;vocation:ધંધો;રોજગાર; પેશો.

Professional, (પ્રૉફેશનલ્) *a*. Pertaining to a profession; following a profession:ધંધો લઇ બેઠેલું;ધંધા સંબંધી.2.Engaged in by professionals:ધંધાદારી.*n*.A person who prosecutes anything professionally:ધંધો કરનાર.

Professor, (પ્રૉફેસર્) *n*. One who professes or publicly teaches science:ગુરૂ;આચાર્ય;પાઠક; અધ્યાપક;ઉસ્તાદ.

Professorship,(પ્રૉફેસર્ શિપ્) *n*. The office or position of a professor: આચાર્યની પદવી.

Proffer,(પ્રૉફર્)*vt*.[L.*pro*, forward & *fero*, I bring.] To offer for acceptance:આપવા માંડવું.2.To undertake:કરવાનું કહેવું.*n*. An offer made:કહેણ;વચન

Proficience-cy,(પ્રૉફિશેન્સ્-ન્સિ) *n*.The quality or state of being proficient; improvement;adeptness:હોંશીઆરી;ખબરદારી.

Proficient,(પ્રૉફિશેન્ટ્)*n*. [L. *pro*, before & *facio*,I make.]An expert:કાબેલ-પ્રવીણ-નિપુણ માણસ. *a*. Versed.કાબેલ;પ્રવીણ;નિપુણ.

Profile,(પ્રૉફાઇલ્)*n*. [L. *pro* before *filum*,a thread.] An outline or contour:રૂપરેખા;રૂપરેખા.2.The side face or half face;એકજ બાજુ જણાય એવી છબી.*vt*. To draw the outline of: છબી કાઢવી.

Profit,(પ્રૉફિટ્)*n*. [L.*pro* & *facio*,I make.] Avail;gain; benefit:કલ્યાણ;ફાયદો; લાભ.**P.** & *loss*:નફોટોટો.*vt*.To be good to;to avail:ફાયદો કરવો. *vi*. To gain; to advance: ફાયદો થવો.

Profitable,(પ્રૉફિટેબલ્)*a*. Gainful;lucrative: લાભ થાય એવું; ફાયદેમંદ; ફળદાયક.

Profitless, (પ્રૉફિટ્લેસ્) *a* Without profit; unprofitable:બિન ફાયદાનું;ફાયદા વિનાનું.

Profligacy, (પ્રૉફિગૅસિ) *n*. The quality or state of being profligate;dissoluteness:છેકલફંગાઇ;સોદાઇ;દુરાચાર;ભ્રષ્ટતા.

Profligate,(પ્રૉફિગેટ્)*a*. [L *pro* & *flago*, I strike.]Dissolute;vicious:દુરાચારી;વ્યસની.*n*. A dissolute person:દુરાચારી માણસ;લંપટ;વ્યસની; વિષયી.

Profound,(પ્રૉફાઉન્ડ્)*a*.[L *pro*,before & *fundus*, the bottom.] Deep: ઘણું ઉંડું; અગાધ. 2. Intellectually deep:ગંભીર;પ્રવીણ.*n*. The deep;the sea:સમુદ્ર;દરીઓ,સાગર; મહાસાગર.2. An abyss: ઘરો; ઉંડો ખાડો.

Profoundness,(પ્રૉફાઉન્ડ્નેસ્) } *n*. The state
Profundity, (પ્રૉફન્ડિટિ) }
of being profound;depth of place,knowledge, feeling,&c:ઘણી ઉંડાઈ;ગંભીરતા;ગાંભીર્ય; અગાધતા. 2. પ્રવીણતા;પ્રાવીણ્ય.

Profuse,(પ્રૉફ્યૂસ્)*a*.[L.*pro*,forth & *fundo*,

I pour.] Bountiful; exceedingly liberal: બહોળું વાપરનાર;દાતાર;ધીતાળ.2.Prodigal:ઉડાઉ. *vt.* To pour out:ઉડાવવું.

Profusely,(પ્રોફ્યુસ્લિ)*adv.*In a profuse manner:ધીતાળપણાથી;ઉદાર હાથે;મનસ્વીરીતે.

Profusion-ness, (પ્રોફ્યુઝન-પ્રોફ્યુસ્નેસ્) *n.* The act of one who is profuse:છેક ઉડાઉપણું. 2. Abundance: પુષ્કળતા; છાળ; રેલછેલ.

Prog,(પ્રોગ્) *vi.* To wander about and beg: ભિક્ષા સારૂ ભટકવું. *n.* Food; supplies: ભીક્ષા.

Progenitor,(પ્રોજેનિટર્)*n* [L. *pro*, forth & *gigno*,I beget.]An ancestor in the direct line; a forefather:મુળપુરૂષ;વડીલ;પૂર્વજ;પિતા.

Progeny,(પ્રોજેનિ)*n.* Children: સંતાન;પ્રજા.

Prognosis,(પ્રોગ્નોસિસ્)*n.* [Gr. *pro* & *gignosco*,I know.]The act or art of foretelling the course and termination of a disease: ચિકિત્સા; પરિભાષા.

Prognostic, (પ્રોગ્નોસ્ટિક્) *a.* Foreshowing; indicating something future:aiding in prognosis:ભવિષ્યસૂચક; પૂર્વસૂચક; ઉદ્બોધક. *n.* An indication;a sign;an omen:પૂર્વચિન્હ;પૂર્વલક્ષણ.

Prognosticate,(પ્રોગ્નોસ્ટિકેટ્)*vt.*To prophesy;to predict;to foreshow:ભવિષ્ય સુચવવું-કહેવું

Prognosticator,(પ્રોગ્નોસ્ટિકેટર્)*n.*One who prognosticates;a foreknower:ભવિષ્ય કહેનાર.

Programme,(પ્રોગ્રૅમ્)*n.*[L *pro* & *grapho*,I write.] A prospectus: કાર્યક્રમ; વ્યવસ્થાપત્રી.

Progress,(પ્રોગ્રેસ્)*n* [L *pro*,forward & *gradior* I step]In the growth of an animal or plant;increase:વધારો; વૃદ્ધિ.2. In knowledge or proficiency:વૃદ્ધિ;સ વૃદ્ધિ;પ્રાપ્તિ;અભ્યાસ;પ્રગતિ.3 A journey of state:પ્રવાસ *In* p : ચાલતું.*vi* To advance:આગળ વધવું 2.To make improvement:સુધરતા જવું.*vt.*To make progress in: સુધારો કરવો.

Progression,(પ્રોગ્રેશન્)*n.* The act of moving forward:આગળ જવું તે;ગતિ;વહન.2 Course: ક્રમ;કાલક્રમ.3 Regular advance in increase or decrease of numbers શ્રેણી.

Progressive, (પ્રોગ્રેસિવ્) *a.* Moving forward:આગળ વધતું જતું 2. Improving: સુધરતું જતું; ચડતું જતું.

Prohibit,(પ્રોહિબિટ્)*vt.*[L *pro*,forth & *habeo*, I have.] To forbid by authority:મનાઇ કo; ના કરવાનો હુકમ કo,વારવું;રોકવું;અટકાવ કo.

Prohibition,(પ્રોહિબિશન્)*n.* The act of prohibiting;interdict:બંધી;મનાઇ;નિષેધ; પ્રતિષેધ.

Prohibitive-tory,(પ્રોહિબિટિવ્ પ્રોહિબિટોરિ) *a.*Forbidding:નિષેધક;નિવારક;નિષેધી; નિષેધાર્થ.

Project,(પ્રોજેક્ટ્)*n*·[L *pro*,forward & *jacio*, I throw.] A plan; a scheme;a design:નવો મોટો વિચાર;યુક્તિ;ઉપાય. 2. An ideal scheme: શેખચલ્લી સાઇ વિચાર. *vt.* To shoot forth, to cast forward:પાડવું;નાખવું;ફેંકવું.2.To devise: તે વિષે વિચાર કરવો. *vi.* To shoot forward: આગળ નીકળવું;ફૂટવું;અણી નીકળવી.

Projectile,(પ્રોજેક્ટાઇલ)*n.*A body projected, or impelled forward by force: દૂરવેધીશસ્ત્ર; ફેંકેલું હથિયાર.*a.*Projecting: ફેંકનારૂં;દૂરવેધી.

Projection, (પ્રોજેક્શન્) *n.* A jutting out: શૃંગ; કાંગરો 2.Design:નકશો;ઘાટ;આલેખન.

Projector,(પ્રોજેક્ટર્)*n.*One who projects a scheme or design:યોજક;કલ્પક;યોજના કરનાર.

Projecture,(પ્રોજેક્ટ્યૂર્)*n.*A jutting out beyond a surface:શૃંગ;કાંગરો;અણી;ઢેકો.

Prolapse,(પ્રોલૅપ્સ્)*n.*[L *pro* & *labor*,I slide.] The falling down of a part through the orifice with which it is naturally connected:ગર્ભાશયભ્રંશ;ભ્રંશ.*vi* To fall down: ખસવું.

Prolate,(પ્રોલેટ્)*a.*[L.*pro* & *latus*, carried.] Stretched out;extended:સપાટ;ચપટું.

Prolation,(પ્રોલેશન્) *n.* Utterance; pronunciation:ઉચ્ચાર.2.Delay:ઢીલ;વિલંબ;વાર.

Prolepsis,(પ્રોલેપ્સિસ્)*n.*[Gr.*pro* & *lambano*, I take.]An error in chronology:અનેરો વખત કરતાં આગળનો વખત નાંખ્યો હોય એવી ઐતિહાસિક ભૂલ

Proleptic-cal, (પ્રોલેપ્ટિક્-કલ્) *a.* Anticipative:અગમચેતીનું; આગળથી ધારેલું; દીર્ઘદષ્ટિનું. 2. Anticipating the usual time: વખત ધારાની પહેલાંનું;અગાઉનું.

Prolific,(પ્રોલિફિક્)*a.*[L. *proles*, offspring & *facio*, I make.] Generative; fruitful; productive:છોકરાં-બચ્ચાં જણવાની શક્તિવાળું.

Prolix,(પ્રોલિક્સ્)*a.* [L. *pro* & *laxus*,wide.] Extending to a great length:ઘણું;લાંબુ.

Prolixity,(પ્રોલિક્સિટિ)*n.*Minute detail;great length:ઘણું લંબાણ;દીર્ઘસૂત્રતા;વાક્પ્રપંચ.

Prologue,(પ્રોલૉગ્)*n.*[Gr.*pro* & *lego*,I speak.] The preface to a discourse, poem or performance:પ્રસ્તાવના. 2. One who delivers a prologue:નાંદીકર;નાંદીવાદી. *vt.* To introduce with a formal preface:પ્રસ્તાવના બોલીને આરંભ કo

Prolong,(પ્રોલૉંગ્)*vt.*[L *pro*,forth & *longus*, long.]To extend in space or length:લંબાવવું.2.To continue:જારી રાખવું 3. To put off: મુલતવી રાખવું;ઝોળે નાંખવું.

Prolongation, (પ્રોલૉંગેશન્)*n.* Extension; protraction:વિસ્તાર;વૃદ્ધિ;લંબીકરણ;વધારો.

Promenade,(પ્રોમીનેડ્) *n.* [L *promino*, I drive forward.] A walk for pleasure:હવા ખાવાની ચાલવાની કસરત.2.A place for walking:હવાખાવાની જગા;ચક્રતરંગ.*vt.* To walk for pleasure:સહેલ કરવી;ફરવા જવું.

Prominence,(પ્રૉમિનેન્સ્) *n.* Conspicuousness:પ્રસિદ્ધિ;પ્રાધાન્ય.2. That which is prominent; a protuberance:ઉન્નતતા;ટેકરો.

Prominent,(પ્રૉમિનેન્ટ્)*a.*[L.*pro* & *mineo*,I jut.] Jutting: આગળ પડતું; ઉપડતું. 2. Conspicuous:પ્રકટ;પ્રસિદ્ધ.

Promiscuous,(પ્રૉમિસ્ક્યૂઅસ્) *a.*[L. *pro*,before & *misceo*,I mix.] Mingled; confused: ભેળસેળ; એક સામટું; અસ્તવ્યસ્ત; અવ્યવસ્થિત. 2. Common:વ્યવસ્થા વગરનું.

Promise,(પ્રૉમિસ્)*n.*[L *pro* & *mitto*,I send] A declaration,written or verbal made by one person to another which binds the person who makes it to do,a specified act: વચન;કોલ;પણ;પ્રતિજ્ઞા.To covenant;to engage: કબૂલ કરવું; વચન આપવું; વાયદો ક૦. *vi.* To give assurance by a promise:આશા આપવી;ખાત્રી પૂર્વક કહેવું.

Promisee,(પ્રૉમિસી)*n.* The person to whom a promise is made: વચન લેનાર.

Promiser,(પ્રૉમિસર્)*n.* One who promises: વચન આપનાર;વચનથી બંધાનાર;પ્રતિજ્ઞાવાદી.

Promising, (પ્રૉમિસિંગ્) *a.* Making a promise or promises:નામ કાઢે એવું;આશાજનક.

Promissory, (પ્રૉમિસૉરિ) *a.* Containing a promise or binding declaration of something to be done:બંધનકારક;પ્રતિજ્ઞાવિશિષ્ટ **P.** *note*:વ્યાજુચીઠી;વચનપત્રી.

Promontory,(પ્રૉમૅન્ટૉરિ)*n* [L *pro*,before & *mons*,*montis*,a mountain.] A high point of land;a high cape:ઉંચો-ઉચ્ચભૂશિર;ભૂશિશિર.

Promote,(પ્રૉમોટ્) *vt.* [L *pro*, & *moveo*, I move]To forward;to further:નો વધારો વૃદ્ધિ ક૦;ઉત્પત્તિ ક૦.2 To advance:પાયરી ચઢાવવી.

Promoter,(પ્રૉમોટર્)*n.*An encourager: વધારનાર; પ્રવર્તક; ઉપકારી. 2. One who sets on foot,a scheme for the organization of a corporation:માથે લેનાર,સ્થાપનાર.

Promotion,(પ્રૉમોશન્)*n.*The act of promoting;preferment:વધારો;વર્દ્ધન ચઢતી પાયરી.

Promotive, (પ્રૉમોટિવ્) *a.* Tending to advance or encourage:વૃદ્ધિકારક:વર્ધક;સાધક;પ્રવર્તક

Prompt,(પ્રૉમ્પ્ટ્)*a.*[L *pro*, & *emo*,I take.] Immediate;ready & quick to act: ઝડપ સત્વરતાવાળું:ચાલાક 2 Done quickly:ઝડપથી કરેલું To incite:ઉશ્કેરવું;પ્રેરવું.

Prompter, (પ્રૉમ્પ્ટર્) *n.* One who or that which prompts:ઉચકનાર;ઉશ્કેરનાર;પ્રવર્તક.

Promptitude ness,(પ્રૉમ્પ્ટિટ્યૂડ-પ્રૉમ્પ્ટ્નેસ્)*n.* The quality of being prompt; readiness; quickness of decision:ઉલટ;હોંશ;ચંચળાઈ.

Promptly,(પ્રૉમ્પ્ટ્લિ)*adv.*In a prompt manner: ચાલાકી-ઝડપથી.

Promulgate,(પ્રૉમલ્ગેટ્)*vt.*[L. *promulgo*,I promulgate.]To make known by open declaration; to publish: પ્રસિદ્ધ ક૦; ફેલાવવું.

Promulgation,(પ્રૉમલ્ગેશન્)*n.* The act of promulgating;open declaration:પ્રસિદ્ધિકરણ; ઢંઢેરો.

Prone,(પ્રૉન્)*a* [Gr.*pro* & *neuo*,I nod.]Disposed;propense;inclined:સ્વભાવવાળું-નું;શીલ.

Proneness,(પ્રૉન્નેસ્)*n.*Descent; declivity: ઢોળાવ;ઉતાર.2 Inclination of mind propensity;disposition:મનનું વલણ;પ્રવૃત્તિ;સ્વભાવ.

Prong, (પ્રૉન્ગ્) *n.* A sharp pointed instrument:ફણું;શુળ;કંટક.2.The tine of a fork:દાંતો.

Pronoun,(પ્રૉનાઉન્)*n.*A word used instead of a noun or name: સર્વનામ.

Pronounce,(પ્રૉનાઉન્સ્)*vt.* [L *pro*, forth & *nuntio*,I anounce.]To utter articulately; to speak with the proper sound & accent: -નો ઉચ્ચાર ક૦ 2.To utter officially:આપવું;કહી સંભળાવવું.*vi.*To give a pronunciation:કહેવું. ઉચ્ચારવું; બોલવું.

Pronounceable,(પ્રૉનાઉન્સૅબલ્)*a.*Capable of being pronounced:ઉચ્ચારવા-બોલવા જોગું;વાચ્ય.

Pronunciation, (પ્રૉનન્સિએશન્) *n.* Utterance;the mode of uttering words:ઉચ્ચાર.

Proof,(પ્રુફ્)*n.* [L. *probo*,I prove.] A test; a trial.અજમાયેશ;કસોટી; પરીક્ષા.2. Demonstration:સાબેતી;પુરાવો;પ્રમાણ.3 A trial impression: છાપેલાનો ખરડો; પ્રુફ. 4 A process for testing the accuracy of an operation performed: તાળો.*a* Firm in resisting: મજબૂત; દૃઢ; અબાધ્ય.

Proof-sheet,(પ્રુફ્-શીટ્)*n.*A trial impression, as from type taken for correction:છાપા ખરડો; પ્રુફશીટ.

Prop,(પ્રૉપ્)*vt.* To support or prevent from falling:ટેકણ આપવું.*n* A support:ટેકો;થાંભલો.

Propagate,(પ્રૉપૅગેટ્)*vt.*[L *pro*, & *pango*, I fasten.]To cause to continue or multiply by generation:-ની પરંપરા-ઉત્પત્તિ ચલાવ્યા જવી; -નો વિસ્તાર-વેલો વધારવો.2.To cause to spread: પસરે એમ ક૦. 3 To extend the knowledge of:વિદ્યાનો પ્રસાર કરવો.4.To increase: વધારવું.

Propagation, (પ્રૉપૅગેશન્) *n.* The act of propagating;continuance of the kind by generation:વંશવૃદ્ધિ.2.Diffusion:ફેલાવો;પ્રસાર.

Propagator, (પ્રૉપૅગેટર્) *n.* One who propagates:પ્રસારો કરનાર;વંશ વધારનાર.

Propel,(પ્રૉપેલ્)*vt.*[L.*pro*,forward & *pello*, I drive.]To drive forward; to move: ધકેલવું.

Propeller, (પ્રૉપેલર્) *n.* One who or that

which propels:ફેંકનાર; હડસેલનાર.

Propendency, (પ્રૉપૅન્ડેન્સિ) *n.* Propensity: વલણ.2.Attentive deliberation:મરજી;ઈચ્છા.

Propense,(પ્રૉપેન્સ્)*a.* Prone;inclined; disposed:મન વળેલું;વલણ પકડેલું;શીલ.

Propensity,(પ્રૉપેન્સિટિ)*n* Bias;bent: વલણ.

Proper,(પ્રૉપર્)*a* [L *proprius,*one's own.] Belonging to one:પોતાનું.2. Not common; peculiar;particular: સ્વાભાવિક.3 Right:યોગ્ય 4.Wellformed: બરાબર; સુંદર. 5. Not appellative:વિશેષ.*adv.*Properly:બરાબર રીતે.

Properly, (પ્રૉપર્લિ) *adv.* In a proper manner:બરાબર રીતે;યથાર્થ રીત્યે.

Property,(પ્રૉપર્ટિ) *n.* That which is proper to anything;an attribute:ગુણ;સ્વભાવ;ખવાસ સ્વધર્મ.2.An acquired quality:ધર્મ;ગુણ;લક્ષણ The *Properties*:ગુણત્રય.*viz*:સત્વ;રજ & તમ 3 Ownership;title:સત્તા;માલકી;ધણીપણું;સ્વામીત્વ.4.Thing owned;estate;wealth: માલ;માલમત્તા;મિલકત સંપત્તિ *Woman's* **p** :સ્ત્રીધન.

Prophecy,(પ્રૉફેસિ)*n* [Gr. *pro,* & *phemi,* I speak.]A foretelling; a prediction: ભવિષ્ય કથન.2 A book of prophecies:ભવિષ્ય ઈતિહાસ

Prophesy. (પ્રૉફેસિ) *vt.* To foretell; to predict:ભવિષ્ય કહેવું.2.To foreshow:આગળથી કહેવું

Prophet,(પ્રૉફેટ્)*n.*[Gr.*pro* & *phenio,*I tell] A foreteller; a predictor:ભવિષ્યવાદી-ભાષી-કહેનાર.2 One inspired or instructed by God પેગંબર

Prophetic-cal, (પ્રૉફેટિક્-કલ્)*a.* Foretelling events:ભવિષ્ય સુચક;ભવિષ્યદર્શક; ભવિષ્યમય.

Propinquity, (પ્રૉપિન્ક્વિટિ) *n* [L. *prope,* near.] Nearness in place:સમીપપણું.

Propitiate, (પ્રૉપિશિએટ્) *vt.* [L. *propitius,* favorable.]To make propitious to conciliate:મનાવવું;પ્રસન્નકર;આરાધવું.*vi* To make propitiation;to atone: આરાધના-પ્રસાદન કo.

Propitiation,(પ્રૉપિશિએશન્) *n.* The act of making propitious:આરાધના;પ્રસાદન;સાંત્વન.

Propitiator,(પ્રૉપિશિએટર્)*n.* One who propitiates or appeases:આરાધનાર;શાંતિ કરનાર.

Propitiatory,(પ્રૉપિશિએટોરિ)*a.* Having the power to make propitious: પ્રસન્ન; કરવાનું; શાંતિકર;શાંતિપ્રદ;આરાધક;પ્રસાદક.

Propitious, (પ્રૉપિશસ્) *a.* [L. *propitius,* flying forward.]Auspicious:મંગળ;શુભ; વરદ.

Proportion,(પ્રૉપોર્શન્)*n.* [L *pro,* before & *pars,partis,*a part.] Comparative relation ratio:પ્રમાણ;માપ.2. Lot; equal share: સરખો ભાગ ફાળો;વરાડ.3 (*a*)The equality of ratios: પ્રમાણ(*b*) The rule of three: ત્રિરાશી. *Compound* **p**:પંચરાશી. *vt.* To adjust in a suitable proportion:પ્રમાણમાં રાખવું.2.To divide into equal shares:સરખા ભાગ કo.

Proportionable, (પ્રૉપોર્શનબલ્) *a.* Capable of being proportioned:પ્રમાણસર;યથા પ્રમાણ.

Proportional, (પ્રૉપ્રોર્શનલ્) *a.* Having a due proportion:સમતોલ.2.Relating to proportion:પ્રમાણ સંબંધી. *n.* Any number in a proportion:સમપ્રમાણ અંક સંખ્યા.

Proportionate,(પ્રૉપ્રોર્શનેટ્)*a.*Adjusted to something else according to a proportion: કશાના પ્રમાણમાં કીધેલું-રાખેલું; પ્રમાણસર *vt.* To be proportional:પ્રમાણમાં હોવું.

Proposal,(પ્રૉપોઝલ્)*n.*A scheme or design; terms:દરખાસ્ત;માગણી;કહેણ;શરત.

Propose,(પ્રૉપોઝ્)*vt.*[L *pro,*forward & *pono,* I place.] To set forth:કહેવું; આગળ મુકવું. 2. To offer for consideration:આગળ મુકવું કહેવું -ની દરખાસ્ત કo. 3. To set before one's self or others as a purpose formed:દરખાસ્ત કરવી. To offer one's self in marriage: લગ્નની માગણી કo.

Proposition. (પ્રૉપોઝિશન) *n.* The act of offering:દરખાસ્ત 2.That which is proposed a proposal:માગણી;દરખાસ્ત;ઉક્તિ;પક્ષ 2.A statement in terms of a truth to be demonstrated:પ્રતિજ્ઞા;સિદ્ધાંત;સાધ્ય.

Propound,(પ્રૉપાઉન્ડ્)*vt.* [L. *pro,* before & *pono,* I put.] To exhibit: બતાવવું; દરખાસ્ત કરવી.2.To propose as a candidate for admission to communion with a church:પંથમાં દાખલ થવાને માટે ઉમેદવાર તરીકે નામ જણાવવું.

Proprietary, (પ્રૉપ્રાઈએટરિ) *n.* A proprietor or owner:માલેક;ધણી; સ્વામી;ખાવંદ; સત્તાધારી; માલકી;ધણીપણું.*a.* Belonging to a proprietor;owned:માલીક ધણી સંબંધિ.

Proprietor(પ્રૉપ્રાઇએટોર્)*n* One who has the legal right or exclusive title to anything; an owner:માલેક;ધણી;સ્વામી.

Proprietorship, (પ્રૉપ્રાએટોર્શિપ્) *n.* The state of being proprietor: ધણીપણું; માલીકી.

Propriety,(પ્રૉપ્રાઇએટિ)*n.*[L.*proprius,*one's own.]Fitness;appropriateness:યોગ્યતા; લાયકી;યથાયોગ્યતા;દુરસ્તી:સંભવ; સંભવના; યથાર્થતા.

Prorogation,(પ્રૉરૉગેશન) *n.* Prolongation: મુલતવી રાખવું તે;લંબાણ;વિલંબ.

Prorogue,(પ્રૉરૉગ્)*vt.*[L *pro* forward&*rogo,* I ask.] To prolong; to extend:લંબાવવું; વિસ્તારવું. 2. To defer:મુલતવી રાખવું

Proruption,(પ્રૉરપ્શન) *n.* [L. *pro,* forth & *rumpo,* I break.] A bursting out:ફાટવું તે.

Prosaic-cal,(પ્રૉઝેઈક્-કલ્)*a.*[L.*prosa,* prose.] Pertaining to prose: ગદ્યમાં લખેલું; ગદ્યમય;

ગદ્યાત્મક. [રંગભૂમિ;નાટકનો તક્તો.
Proscenium,(પ્રોસીનિયમ્)*n.* Stage:નાટકશાળા;
Proscribe,(પ્રોસ્ક્રાઇબ્)*vt.* [L *pro,* before & *scribo,*I write] To outlaw; to exile:-ને રાજ્ય રક્ષણ બાહ્ય-દેશનિકાલ ક૦.2.નીમના ક૦;નિષેધ ક૦
Proscription, (પ્રોસ્ક્રિપ્શન્) *n.* The act of proscribing; outlawry:બાહ્ય કરણ;દેશનિકાલ.
Prose,(પ્રોઝ્) *n.* [L. *prosus,* straight] The ordinary language of men in speaking or writing:ગદ્ય;વાંચન; ગાથા. p. & *verse*:ગદ્યપદ્ય. *a.* Not in verse:ગદ્યરૂપ;ગદ્યાત્મક
Prosecute,(પ્રોસીક્યૂટ્)*vt* [L *pro* & *sequor,*I follow.] To carry on: ચલાવ્યાં જવું 2. To seek to obtain by legal process:સરકાર દરબાર ચઢવું.3.To pursue with the intention of punishing: ના ઉપર ફરિયાદ કરવી. *vi.* To follow after: પૂંઠ પકડવી લેવી.
Prosecution(પ્રોસીક્યૂશન્)*n.* (*a*)The institution and carrying on of a suit in a court of law:દાવો;દીવાની. (*b*) The institution commencement of a criminal suit:ફોજદારીમાં ચાલતું કામ (*c*)The party by whom criminal proceedings are instituted:ફરિયાદી.
Prosecutor,(પ્રોસીક્યૂટર્)*n.*The person who institutes and carries on a criminal suit against another: સરકાર તરફથી ગુન્હેગાર ઉપર કામ ચલાવનાર ફરિયાદી;ફોજદારીમાં કામ ચલાવનાર.
Proselyte,(પ્રોસેલાઇટ્)*n.* [Gr. *pros,*& *erchomai,*I come.]A new convert:સ્વધર્મત્યાગી. *vt.*To convert to some religion:એક ધર્મમાંથી બીજા ધર્મમાં લાવવું.
Proselytize, (પ્રોસેલિટાઇઝ્) *vt.* To convert to some religion:નવા ધર્મમાં આણવું.
Prosodial-cal, (પ્રોસોડિઅલ્-કલ્)*a* Pertaining to the rules of prosody:પિંગળના નિયમ પ્રમાણેનું;છંદશાસ્ત્રનું;છાંદસ.
Prosody,(પ્રૉસોડિ)*n.*[L *prosodia,* the tone of a syllable.]That part of grammar which treats of the quantity of syllables,of accent,and of the laws of versification:પિંગળ;કવિતાશાસ્ત્ર;છંદશાસ્ત્ર.
Prospect,(પ્રૉસ્પેક્ટ્) *n.* [L. *pro* & *speceo,* I see.]View:દેખાવ;નજરઆગ 2 A landscape:લક્ષિત દૃગ્ભૂમિ 3 A lookout: દેખાવ જોવાની જગો. 4. Foresight;anticipation:આશા; ઉમેદ
Prospective,(પ્રૉસ્પેક્ટિવ્)*a.* Pertaining to a prospect: આશા સંબંધિ. 2. Acting with foresight:ભવિષ્યના વિચારવાળી.3.Relating to the future:ભવિષ્યને લગતું ભાવી.
Prospectus, (પ્રૉસ્પેક્ટસ્) *n.* A summary of something proposed:વિનતિપત્ર વિજ્ઞાપનપત્ર
Prosper,(પ્રૉસ્પર્)*vt.*[L *pro,*& *spes,* hope.] To favor:સફળ ક૦;પાર પાડવું; સિદ્ધ ક૦. *vi.* To be successful:આબાદ થવું 2. To grow:આબાદ થવું;ફાલવું.
Prosperity,(પ્રૉસ્પેરિટિ)*n.*Good fortune; attainment of the object desired; success: આબાદી;ચઢતી દશા;ઉત્કર્ષ;ફદય;ચઢતી પાયરી.
Prosperous, (પ્રૉસ્પરસ્) *a.* Favoring; favorable;helpful:આબાદ;અનુકૂળ;માંગલિક;શુભ;મંગળ.
Prostitute,(પ્રૉસ્ટિટ્યૂટ)*vt* [L *pro,* before & *statuo,*I put.] To offer, as a woman, to a lewd use:છિનાળું-બદકામ કરવા માટે આપવું. *a.* Openly given up to lewdness:નઠારા કામમાં લાગેલું.*n* A harlot:છિનાળ;વેશ્યા;ગુણકા.
Prostitution(પ્રૉસ્ટિટ્યૂશન્)*n.*Common lewdness of a woman:છીનાળું;વેશ્યાવૃત્તિ;ગુણિકાવૃત્તિ.
Prostrate,(પ્રૉસ્ટ્રેટ્)*a* [L.*pro* before&*sterno,* I spread] Stretched out: લાંબુ છડ-સચોટ પડેલું.2.Lying at mercy:લાંબાછડ થઈને પગે લાગેલું. 3.Lying in a humble posture:ક્ષીણ નષ્ટશક્તિવાળું *vt.* To lay flat:સુવાડી દેવું. 2 To cause to bow in humble reverence:સાષ્ટાંગ નમસ્કાર ક૦. 3.To cause to sink totally:નરમ કરી નાંખવું.
Prostration,(પ્રૉસ્ટ્રેશન્)*n.*The act of falling down or bowing in humility:સાષ્ટાંગ નમસ્કાર-પ્રણામ;દંડવત્,2.શક્તિભંગ;બેહોશી.
Prostyle,(પ્રૉસ્ટાઇલ્)*a* [Gr.*pro,*& *stulos,* pillar.]Having columns in front:ઇમારતના આગલા ભાગમાં થાંભલાની હારવાળું.
Prosy,(પ્રૉઝિ)*a* Like prose:ગદ્ય જેવું;ગદ્યરૂપ.
Protect,(પ્રૉટેક્ટ્)*vt.* [L *pro,*before& *tego,* I cover.]To defend:રક્ષણ ક૦;સાચવવું.
Protection,(પ્રૉટેક્શન્)*n.* Defence; shelter: રક્ષણ;સંરક્ષણ;આશ્રય;પાલન;બચાવ;ઓથ; હિમાયત.
Protective,(પ્રૉટેક્ટિવ્)*a.*Sheltering;defensive:રક્ષણનું;રક્ષક;આશ્રય પદ;આશ્રયભૂત.
Protector,(પ્રૉટેક્ટર્)*n.* A defender:રક્ષણ કરનાર-કર્તા;પાલક;રક્ષક 2 A regent:વાલી.
Protectorate,(પ્રૉટેક્ટૉરેટ્) *n.* Government by a protector:સંરક્ષણસત્તાક રાજ્ય.2.સંરક્ષતા.
Protege,(પ્રૉટેઝે)*n.*One under the care and protection of another:સાહ્યવાન;આશ્રિત.
Protest,(પ્રૉટેસ્ટ્)*vt.*[L. *pro* before & *testis,* a witness.] To bear witness; to declare solemnly; to avow:સાફ કહેવું.2 To make a solemn declaration: સામો વાંધો લેવો; ગેરવાજબી છે એમ કકડાવીને કહેવું. *vt.* To proclaim: છે એમ પ્રતિજ્ઞા પૂર્વક કહેવું. 2. To call as a witness in affirming:જુબાની આપવી.*n.* A solemn declaration: પ્રતિજ્ઞા પૂર્વકનિષેધ 2. A solemn declaration in writing:અસમ્મતિલેખ.
Protestant,(પ્રૉટેસ્ટન્ટ્)*n.*One who protests: સામો થનાર-પડનાર.Originally applied to the

followers of Luther: પોપાચાર્યના મતથી વિરૂદ્ધ મત આપનાર માણસ પ્રોટેસ્ટન્ટ.

Protestation, (પ્રૉટેસ્ટેશન્) *n.* A publica- vowal:પ્રતિજ્ઞા ઉપર કહેલી વાત;પ્રતિજ્ઞાપૂર્વક નિષેધ.

Prothonotary,(પ્રોથૉનૉટરિ)*n.* [Gr. *prothos*, first & L.*notarius*,a scribe.]A chief notary or clerk:શિરેસ્તદાર;ચિટનીસ. 2. One who had the charge of writing the acts of the martyrs:ધર્મને માટે પ્રાણાર્પણ કરનારનાં કૃત્યો લખનાર.

Protocol,(પ્રૉટૉકૉલ્)*n.*[Gr *protos*,first & *kolla*,glue.] The original copy of any writing:અસલ પ્રત 2.The minutes of an instrument:ખરડો;ટાંચણ. 3. A preliminary document upon the basis of which negotiations are carried on:સંધિપત્રને અસલ ખરડો. *vt.*To make a protocol of:ને મુસદો;ખરડો કo.

Prototype,(પ્રૉટૉટાઇપ્)*n* [L *protos*, first & *tupos*,type.]A primary form: મૂળ પ્રતિમા.

Protract,(પ્રૉટ્રેક્ટ્)*vt.*[L *pro*,forward & *traho* I draw.] To continue: લંબાવ્યા કરવું. 2. To delay:લાંબી મુદત ઉપર નાંખવું;મુલતવી રાખવું.

Protraction, (પ્રૉટ્રેક્શન્) *n.* Prolongation; delay:લંબાણ;વિલંબન;લંબાવણી;વિલંબ; વ્યાક્ષેપ.

Protractive,(પ્રૉટ્રેક્ટિવ્)*a* Prolonging;delaying:લંબાવતું;વિલંબ કરતું;વિલંબકારી.

Protrude,(પ્રૉટ્રૂડ્) *vt.* [L *pro*, forward & *trudo*,I thrust.] To push forward: હડસેલી કાઢવું.*vi.*To project:બહાર નિકળવું; ઉપસી આવવું.

Protrusion, (પ્રૉટ્રૂઝન્) *n.* The act of protruding: બહાર નીકળવું તે. 2. The state of being protracted:ફુટી નીકળવું તે.

Protuberance,(પ્રૉટ્યૂબરૅન્સ્)*n.* A swelling, a prominence:ટેકો;ગાંઠ;વિસ્ફોટ;ઢીમણું ;ગાંઠ-ગાડો.

Protuberant,(પ્રૉટ્યૂબરૅન્ટ્) *a.* Swelling: ટેકા જેવું; ઉપડેલું; ઉપસેલું; ઉન્નત.

Protuberate,(પ્રૉટ્યૂબરેટ્) *vi.* To swell or be prominent:ટેકા જેવું થવું;ઉપસવું.

Proud,(પ્રાઉડ્)*a.*Haughty:અહંકારી; અભિમાની. (*In good sense*):સદભિમાની. **P.** *of birth:* કુલાભિમાની.2.Splendid:મ્હોટું;ભપકાદાર.

Provable,(પ્રૂવેબલ્) *a.* Capableof being proved:સાબીત થાય એવું;પ્રતિપાદનીય;પ્રતિપાદ્ય.

Prove,(પ્રૂવ્)*vt.*[L.*probo*,I prove.]To try or ascertain by an experiment;to test:પારખવું; અજમાવવું.2.To evince,as truth:ખરૂં કરી આપવું.3.To verify:સાબીત કરવું;પ્રતિપાદન-સમર્થન કo. 4.To experience:ને અનુભવ લેવો.5.To test as the correctness of any operation: ને તાળો મેળવવો.*vi.*To make trial:અજમાશ કરવી 2. To turn out to be:સાબીત થવું;થવું;નિપજવું.

Provender, (પ્રૉવેન્ડર્) *n.* Dry food for domestic animals;feed:ચારો-ઘાસ;ઘાસદાણો;ચંદી.

Proverb,(પ્રૉવર્બ્)*n.* [L. *pro* before & *verbum*,a word.]An old and common saying: કહેવત;કહેણી;કહેતી;ઉખાણું.2 માર્મિકવચન.

Proverbial, (પ્રૉવર્બિઅલ્) *a.* Used as a proverb:કહેવતમાં ચાલતું. 2. Resembling a proverb:કહેવત જેવું.2.જગત પ્રસિદ્ધ;લોકપ્રસિદ્ધ.

Provide,(પ્રૉવાઇડ્)*vt.*[L *pro*,before & *video*, I see.] To procure beforehand: આગળથી એકઠું કરી ભરી રાખવું.2.To supply: આપવું; પુરૂ પાડવું;-નું પુરૂં કo.3. To stipulate: માં શરત-બોલી કo.*vi.* To procure supplies or means in advance (followed by *against* or *for*)-ન નડે એવો ઉપાય ઈલાજ કo. 2. To stipulate previously:માં સરત લખેલી હોવી.

Provided,(પ્રૉવાઇડેડ્)*conj.* On condition;by stipulation:એવી સરતથી કે;પણ એટલું ખરૂં કે;જો.

Providence,(પ્રૉવિડેન્સ્)*n.*(*a*) Foresight;care: દુરંદેશો;દીર્ઘદૃષ્ટિ;તેવડ; પૂર્વવિચાર. (*b*) God himself:પરમેશ્વર.2.A manifestation of the care and superintendence which God exercises over his creatures:ઇશ્વરીતંત્ર;ઈશ્વરીસૂત્ર.

Provident,(પ્રૉવિડેન્ટ્) *a.* Cautious, prudent in preparing for future exigencies: દીર્ઘદર્શી;દુરદેશી 2.કસરીયું.

Providential, (પ્રૉવિડેન્શલ્) *a.* Effected by divine direction:ઈશ્વર સત્તાનું;દૈવયોગનું.

Province,(પ્રૉવિન્સ્)*n.*[L *pro* before & *vinco*,I conquer.] A country dependent on a distant authority:તાબાનો મુલક;પ્રાંત; પ્રગણું. 2.A region of country;a tract:મુલક;દેશ.

Provincial, (પ્રૉવિન્શલ્) *a.* Constituting a province, of or pertaining to a province: ઇલાકેદાર;પ્રાંતિક 2.Not polished; rude:ગામડીયું; ગ્રામ્ય.*n* A person belonging to a province: પ્રાંતમાં રહેનાર.

Provincialism, (પ્રૉવિન્શલિઝમ્) *n.* A provincial characteristic: ગામડીયા બોલી.

Provision,(પ્રૉવિઝન્) *n.* Preparation: તૈયારી;તજવીજ;ઉપાય.2. (*pl.*) A stock collected; things provided:સાહિત્ય;સામગ્રી;સંગ્રહ;સરંજામ; સાધન (*b*)Victuals;food:સિધુસામાન; સીધું; અન્નપાણી;ખોરાકી;મોદીખાનું;ભાતું.3.A condition; a proviso:કરારનામાની સરત;કલમ.4. A nomination to a place:નિમણોક;ગોઠવણ.

Provisional,(પ્રૉવિઝનલ્) *a.* Serving as a provision for the time being:કામચલાઉ;ચાલતા કામનું;અલ્પકાળસ્થાયી.

Proviso,(પ્રૉવાઇઝો)*n.*An article or clause in any statute:શરત; પણવાક્ય; સંકેત.

Provocation, (પ્રૉવૉકેશન્) *n.* The act of provoking:ખીજવણી;ચીડવણું.2.An appeal to a court:અદાલતને કરેલી અપીલ.

Provocative,(પ્રોવૉકેટિવ્)*a.*Serving to provoke:આણનારૂં;પ્રકોપક;ઉદ્દીપક; ઉત્તેજક. *n.* Anything that is provocative:દીપન;અગ્નિવર્ધન.

Provoke,(પ્રોવૉક્)*vt* [L. *pro,* forth & *voco,*I call.](*a*)To call forth:આણવું (*b*)To incite or incense to action;to irritate:સળગાવવું;ચીડવવું; ખીજવવું; છેડવું. *vi.* To cause provocation or anger:ગુસ્સો ક૦.2.To appeal:અપિલ ક૦.

Provost,(પ્રૉવૉસ્ટ્)*n.*[L. *proe,*&*pono,*I put.] The chief magistrate in some cities: મુખ્ય ફોજદારી અમલદાર;વડો માજીસ્ટ્રેટ.2.The keeper of a prison:જેલર;દરોગો.

Prow,(પ્રાઉ)*n.* [Gr. *pro* & *borao,*I see.]The forepart of a vessel:વહાણનો આગલો ભાગ;નાળ. *a* Brave;gallant;valiant:હિમ્મતવાન; બહાદુર.

Prowess,(પ્રાઉએસ્)*n.* [L *pro,*& *esse,* to be.] Distinguished bravery;valor:શૌર્ય;પરાક્રમ;પ્રતાપ;બહાદુરી;જવાંમર્દી;સમશેર બહાદુરી.

Prowl,(પ્રાઉલ્)*vt.* To rove over,through,or about in a stealthy manner for prey or booty:શિકાર-લૂંટને માટે ભટકતા ફરવું.*vi.*To rove or wander stealthily:શિકાર પકડવાને માટે છાનામાના ફરતા ફરવું;શિકાર પકડવો;ભક્ષ ક૦.

Proximate,(પ્રૉક્સિમેટ્)*a.*[L. *proximus,* the nearest.]Nearest:છેક પાસે-નજદિકનું;નિકટનું;સંનિહિત;સંયુક્ત.P.*cause*:ઉપાદાનકારણ.

Proximity,(પ્રૉક્સિમિટિ)*n.*Immediate nearness:સમીપતા;સામીપ્ય;નિકટતા;સંનિધિ;સંસર્ગ.

Proximo, (પ્રૉક્સિમો) In the next month after the present:આવતો મહીનો.

Proxy, (પ્રૉક્સિ)*n.* The person who is substituted or deputed to act or vote for another:પ્રતિનિધિ;મુખત્યાર;અવેજ.2. A writing by which one person authorizes another to vote in his stead: મુખત્યારનામું; પ્રતિનિધિપત્ર.*vi.*To act or vote by proxy: પ્રતિનિધિદ્વારા કામ ક૦.મત આપવો.

Prude,(પ્રુડ્)*n.*A woman of affected modesty or coyness: નખરાંખોર સ્ત્રી.

Prudence,(પ્રુડેન્સ્)*n.*Discretion:ડહાપણ.

Prudent,(પ્રુડેન્ટ્)*a.* [L.*pro,* & *video,*I see.] Careful;cautious: ડાહ્યું;વિચારીને કામ કરનાર.

Prudential,(પ્રુડેન્શલ્)*a.* Prudent;discreet:ડહાપણનું;સવિવેક;પૂર્વાપર વિચારનું.*n.pl.*That which relates to the discretion:મતિ-ડહાપણની વાત

Prudery,(પ્રુડરિ)*n.*Stiffness; coyness: નખરાંખોરી;આરેખમપણું;નખરાંબાજી;વિનયાભિમાન.

Prudish,(પ્રુડિશ્)*a.* Like a prude; very formal:થોડાબોલું;નખરાંખોર;લજ્જાળુ;ઠાવકું;નખરાંમાજ.

Prune,(પ્રુન્) *vt.* To clear off useless material; to trim: કલમ ક૦. 2. To cut off or cut out:કાપી નાંખવું.

Pruning-hook, (પ્રુનિંગ-હુક્) *n.* A cutting instrument used in pruning trees &c:ધારીયું;કાતિર્ડુ.

Prurient,(પ્રુરિએન્ટ્)*a* Uneasy with desire; itching;lustful:તલપી રહેલું;તલપાપડ થઈ રહેલું.

Pry,(પ્રાઇ)*vi.*To gaze:સૂક્ષ્મ નિરીક્ષા ક૦;ખણખોતર ક૦.*n.* Curious inspection:બારીક તપાસ.

Prying,(પ્રાઇંગ્)*a.* Inspecting closely:ખણખોતરીયું:ચિકિત્સાખોર;સૂક્ષ્મદર્શી

Psalm,(સાંમ્) *n.* [Gr. *psallo,* I sing to the harp] A sacred song:ભજન. 2.One of the hymns by David and others collected into one book of the old Testament:દાઉદવિ૦એ કરેલું ખ્રિસ્તી ભજન.

Psalmist,(સાંમિસ્ટ્)*n.*A composer of sacred songs:ભજન બનાવનાર કવિ;સ્તોત્રકાર; સ્તોત્રકવિ.

Psalmody, (સાંમોડિ)*n.* The act of singing sacred songs:સ્તોત્ર ગાયન; સ્તોત્રગાન.

Pseudology,(સ્યૂડૉલૉજિ)*n.*[Gr. *pseudos,*falsity & *logos,*speech]Falsehood of speech: જુઠાણું;મિથ્યા વચન;કૃત્રિમવાણી.

Pshow,(શો!)*interj.*Pish;pooh:અરેચલ; છટ;એહ.

Psychology,(સાઈકૉલૉજિ)*n.*[Gr.*psyche,* the soul & *logos,* speech.] The science of the human soul:આત્મ તત્વવિદ્યા;અધ્યાત્મશાસ્ત્ર.

Ptolemaic,(ટૉલીમેઇક્)*a.* Pertaining to Ptolemy, the geographer and astronomer:ટોલીમી નામના ખગોળવેત્તાનું.

Ptyalism, (ટાઇયૅલિઝમ્) *n.* Salivation or an excessive flow of saliva:થુંક; અતિલાળ.

Puberty,(પ્યૂબર્ટિ)*n.*[L *puber,pubes,* adult.] The earliest age at which persons are capable of begetting or bearing children: જુવાની ફુટવાનો વખત;વય;યૌવન.*To arrive at* p. (*male*):ને જુવાની ફુટવી.(*female*):સ્ત્રીધર્મ પ્રાપ્ત થવો.

Pubescence,(પ્યૂબેસેન્સ્) *n.* The quality or state of being pubescent:જોબન; ભરજુવાની.

Pubescent,(પ્યૂબેસેન્ટ્)*a.*[L.*pubes,*adult.]Arrived at puberty: વેશે ચઢવું;પ્રૌઢ;તરૂણ;યુવાન.

Public,(પબ્લિક્)*a.*[L *populus,* the people] Pertaining or belonging to the people: સાર્વજનિક;સર્વસાધારણ.2 General:સૌના લાભનું; પ્રસિદ્ધ;ખુલ્લું;ઉઘાડું.3. Open to common use: સૌની વાપરમાં આવતું.P.*house,*an inn:ધર્મશાળા.

Publication,(પબ્લિકેશન્)*n.*Divulgation:પ્રકાશન;ઉદ્ઘાટન.2.The offering of a book to the public by sale:મુદ્રાંકિત લેખ પ્રકટીકરણ.3.That which is published: છપાઇ બહાર પડેલું ચોપાનીયું ચોપડી વિ૦.

Public hand, (પબ્લિકહૅન્ડ્) *n.* Help of the people:સર્વ લોકોની મદદ;સાર્વજનિક મદદ.

Public-house,(પબ્લિક્‌હાઉસ્) *n.* An inn:ધર્મ-

વની દુકાન;પીઠું.

Publicity-ness,(પબ્લિસિટિ-નેસ્)*n.* Notoriety;publicness:પ્રસિદ્ધતા;જનપ્રસિદ્ધિ;પ્રખ્યાતિ.

Publish,(પબ્લિશ્)[L.*publico*,I publish] *vt.* To make public: પ્રકટ-પ્રસિદ્ધ કo.2.To make known by posting:જાહેર કરવું.3.To print and issue from the press:બહાર પાડવું;પ્રકટ કo.

Publisher,(પબ્લિશર્)*n.* One who publishes: છાપી પ્રગટ કરનાર;પ્રસિદ્ધ કરનાર.

Pucker,(પકર્)*vt & vi.*To gather into small folds or wrinkles:કરચલી પાડવી. *n.* A wrinkle:કરચલી.2.Confusion:ગુંચવણ.

Pudder,(પુડર્)*vi.* To make a tumult: ઘોંઘાટ કરવો;ધીંગાણું મચવું વઉં *vt.*To perplex:ગભરાવવું. *n.*A bother;a tumult: ઘોંઘાટ.

Pudding,(પુડિંગ્)*n.*[Gr.*pudo*,I fill.]A species of food of a soft or of moderately hard consistence made of flour of meal with milk and eggs &c.:માવા જેવો નરમ કે જરા તેથી કઠણ લોટ, દુધ અને મેદાનો બનાવેલો પદાર્થ.

Puddle,(પડલ્)*n.*A muddy splash; a pond: તળાવડું;ખાબોચીયું; ગંદા-મેલા પાણીનું ખાબડું. *vt.* To make foul: ગંદુ કરવું. *vi.* To make a dirty stir:રગડવું;ડોળવું. [ગંદુ.

Puddly,(પડ્લિ)*a* Foul;muddy:.કાદવવાળું; મેલું;

Pudenda,(પ્યૂડેન્ડ)*n.pl.*The external organs of generation:ઉપસ્થ;ગુહ્યાંગ;યોની;ભગ;જનનેંદ્રિય.

Puerile,(પ્યુરાઈલ્)*a.*[L.*puer*,a child.]Boyish; trifling;childish:છોકરવાદ;નાદાની ભરેલું.

Puerility,(પ્યુરિલિટિ)*n.*The quality of being puerile;childishness:બાળકબુદ્ધિ;બાલધર્મ.

Puff,(પફ્)*n.* (*a*) A sudden and single emission of breath from the mouth: ફુંક. (*b*) A slight gust:પવનનો સપાટો.2.An exaggerated or empty expression of praise: વખાણ;ચઢાવણી;ભણભા.*vi.*To blow in puffs: ફુંફાડા મારવા. 2.To breathe quick and hard: ફુંફાડા મારવા.3.To swell with air:ફુલવું; ફુલીને દડો થવું. *vt* To drive with a puff:પવનના સપાટામાં ઘસડી જવું 2.To repel with words:કાઢી મુકવું.3. To inflate:ફુલાવવું 4.To inflate with pride: ફુલાવવું 5.To flatter:ચઢાવવું;-નાં વખાણ કo.

Puffy,(પફિ)*n* Swelled with air:ફુલેલું.

Pug,(પગ્)*vt* To mix and stir when wet:ગારો કેલ કo. 2. To fill or stop with clay by tamping:ચુના-માટીથી બંધ કરવું. *n.* Tempered clay:ગારો;ગુંદેલી માટી.*n* An elf:પિશાચ;ભૂત.

Pugh,(પૂ)*interj.* Pish;pshaw: એંહ છીટ;છટ

Pugil,(પ્યુજિલ્)*n* [L. *pugillum*,a handful.] As much as is taken up between the thumb and two first fingers:ચપટીભર;ચીમટો.

Pugilism,(પ્યુજિલિઝમ)*n.*[Gr.*pugme*,a fist.] The practice of boxing:મુક્કાબાજી.

Pug-mill, (પગ-મિલ્) *n.* A kind of mill for grinding and mixing clay:ચુનો પીસવાની ચક્કી.

Pugnacious,(પગ્નેશસ્)*a.*[L.*pugno*,I fight.] Fighting;quarrelsome:લડાઇખોર;લડવાડીયું.

Puisne,(પ્યૂની)*a.*[L.*post*,afterwards.] Later in age:નાનું;ઉતરતું;પછાનું.2 Petty:હલકું;ગૌણ;ક્ષુદ્ર.

Puissance,(પ્યૂઈસૅન્સ્)*n.*[L *posse*,to be able.] Power;strength;might:પરાક્રમ;બળ;પ્રતાપ.

Puissant,(પ્યૂઈસૅન્ટ્)*a.*[L *potens*, powerful.] Strong;powerful;mighty: બળવાન;પરાક્રમી.

Puke,(પ્યૂક્)*vi.*To vomit;to spew:ઉલટી થવી.

Puker,(પ્યૂકર)*n.*One who vomits:ઉલટી કરનાર.

Pule,(પ્યૂલ્)*vi.*[L.*pipio*, I pip.] To cry like a chicken:ઉંઉં-ચ્યું ચ્યું કર્યા કરવું.

Pull,(પુલ્) *vt.* To draw: તાણવું; ખેંચવું. 2. To tear:ફાડી-ચીરી નાંખવું.3.To pluck:તોડવું. 4.To move by the motion of drawing towards one: ખેંચવું. 5. To hold back: અટકાવવું. 6. To make as a proof or impression: છાપવું; દાબવું *To* p *down*,to demolish:તોડી પાડવું *To* p *off*,to draw off: ખેંચીને જુદું પાડવું. *vi.* To tug: જોર વાપરવું. *To* p.*up*, to stop:-ની લગામ ખેંચી રાખવી.*To* p *through*,to come successfully to the end:પસાર થઇ જવું. *n.* The act of pulling or drawing with force: આંચકો. 2.The act of rowing:હલેસાં મારવાં તે;હલેસું.

Pullet,(પુલેટ્)*n.*[L *pullus*,a young animal.] A young hen:નાની મરઘી;કુકડી.

Pulley,(પુલી)*n* [Gr.*poleo*, I turn.] A wheel with a broad rim:ઘરેડી.*vt.*To raise by means of a pulley:ઘરેડીથી ઉંચું ચઢાવવું.

Pulmonary,(પલ્મોનરિ)*a.*[L.*pulmo*,a lung.] Pertaining to the lungs: ફેફસાંમાંથી હોતું.

Pulp,(પલ્પ્)*n* [L *pulpa*,flesh.]The soft part of a fruit:ગર;ગલ;માવો;મેંદો.*vt* To reduce to pulp:માવો કરવો.

Pulpit,(પલ્પિટ્)*n.*[L *pulpitum*, a platform of boards.]An elevated place in a church in which the clergyman stands while preaching:ભાષણ કર્તાની બેઠક 2 A desk for an orator:ભાષણ કર્તાનું આસન.

Pulpous-py,(પલ્પસ્-પિ)*a.*Containing pulp: માવાદાર;ગળદાર;નરમ;મુલાયમ.

Pulsate,(પલ્સેટ્)*vi.* [L. *pello*, I beat] To throb as a pulse:નાડી તથા રક્તાશયનું ધડકવું.

Pulsation,(પલ્સેશન્)*n.*A beat of the pulse: નાડીનો ધબકારો;સ્ફુરણ;વેગ.

Pulsative,(પલ્સેટિવ)*a.*Beating:ધબકનારું.

Pulse,(પલ્સ્)*n.*[L.*puls*, a thick pap.] Leguminous plants,or their seeds:કઠોળ;વટાણા; અન્ન.*n.*[L *pello*, I strike.] The beating of

the heart:નાડીઓનો ધબકારો.*To feel one's* p. to ascertain its condition by the sense of feeling:નાડીપરીક્ષા કo.

Pulverable,(પલ્વરૅબલ્)*a.* Capable of being reduced to fine powder:બારીકભૂકો થાય એવું; ચૂર્ણિકરણ યોગ્ય.

Pulverization,(પલ્વરાઇઝૅશન્)*n.* The action of reducing to dust:બારીક ચુરો કરવો તે.

Pulverize,(પલ્વરાઇઝ્)*vt.*[L *pulvis,* dust.]To reduce to fine powder:ઝીણો ભૂકો-ચૂર્ણ કo.*vi.* To become reduced to powder:ઝીણોભૂકો થવો

Pump,(પમ્પ્)*n.* An hydrolic machine, constructed for raising fluids:બંબો;જળયંત્ર.*vt.* To raise with a pump:બંબાથી પાણી ચઢાવવું.

Pumpkin,(પમ્પકિન્)*n.*A well-known trailing plant and its fruit:કહોળું;કહોળાનો વેલો. *Long white* p.:દુધી;દુધીના વેલા.

Pun,(પન્)*n.* A play on words which have the same sound but different meanings; a quibble:શબ્દ વિનોદ.*vi.*To make puns:દ્વિઅર્થી શબ્દ કહેવો;શબ્દવિનોદ કo.*vt.*To persuade or affect by a pun:શબ્દ વિનોદ કરવો.

Punch,(પંચ્)*n.*[L.*pungo,* I prick.] A kind of wine:પંચદારૂ.*n.*The buffoon of a puppet show: પુતળાંની રમતમાંનો રંગલો; વિદૂષક. *n.* A short fellow:ઠીંગણો પુરૂષ *vt.* To thrust against:માં ગોદો મારવો. *n.* A thrust: ગોદો. *n.* A kind of tool:છેદ પાડવાનું ઓજાર;પંચ.2.A prop, as for the roof of a mine: થાંભલો; ટેકો; આધાર.*vt.*To perforate with an instrument: ઓજારથી કાણું પાડવું;પંચ કo;છેદ-સારક.

Punchbowl,(પંચબૉલ્)*n.* A large bowl in which punch is made: પંચદારૂનો પ્યાલો.

Puncheon,(પંશન્)*n.*[L.*punctio,*a pricking.] A figured stamp, die or punch, used by goldsmiths,cutlers,&c: બીબું;ઓજું.

Punchinello, (પંચિનેલો) *n.* A punch;a buffoon:તરકડીઓ;રંગલો;મશ્કરો.

Punctilio,(પંક્ટીલિઓ)*n.*[L.*punctum,*point A nice point of exactness in conduct: સૂક્ષ્મ વર્તન નીતિ;ઝીણવટ;વર્તનાચાર.

Punctilious,(પંક્ટિલિઅસ્) *a.* Attentive to punctilio;Precise:આદરમાન પર ધ્યાન આપનાર.

Punctual,(પંક્ટયૂઅલ્ ,*a.*[L.*punctum,*point.] Precise:બરાબર;ચોકસ;વચનાનર;સમયસેવી;સમય સાવધ.3 Done at a regular time: વાયદા પ્રમાણે બરાબર વખતે કરેલું-આપેલું.

Punctuality,(પંક્ટયૂઍલિટિ)*n.* The state of being punctual:વખતસર જવું તે;કાલપાલન.

Punctuate, (પંક્ટયૂએટ્) *vt.* To mark with points: વિરામચિન્હ મુકવા.

Punctuation, (પંક્ટયૂએશન્) *n.* The act or art of punctuating:વિરામચિન્હ મુકવા તે.

Puncture,(પંક્ટ્યૂર્)*n.*[L.*pungo,* I prick.] A small hole:કાણું.*vt.*To prick:કાણું પાડવું.

Pungency,(પંજેન્સિ)*n* Sharpness:તીક્ષ્ણતા.

Pungent,(પંજેન્ટ્) *a.* [L. *pungo,* I prick.] Pricking:તીવ્ર તીખું; મરચાં લગાડે એવું.

Puniness,(પ્યૂનિનેસ્)*n* The quality or state of being puny;feebleness: નગ્રપણું; ક્ષુદ્રતા.

Punish;(પનિશ)*vt.* [L. *pœna;* penalty.] To impose a penalty upon: સજા-શિક્ષા કરવી.

Punishable,(પનિશૅબલ્)*a.*Capable of being punished by law or right:શિક્ષાપાત્ર;દંડનીય.

Punishment, (પનિશ્મેન્ટ્) *n.* The act of punishing: સજા કરવી તે; શાસન; તાડન. 2. A penalty inflicted by a court of justice: શિક્ષા;સજા;નશીયત *Capital* p:દેહાંતદંડ;પ્રાણાંતદંડ

Punitive,(પ્યૂનિટિવ્)*a* Pertaining to punishment:દંડ આપનારૂં;શિક્ષાનું;દંડ દાખલ મુકેલું.

Punitory(પ્યૂનિટૉરિ)*a.*Punishing:શિક્ષાઆપનારૂ.

Punster;(પન્સ્ટર્)*n.* A quibbler:શબ્દની રમૂજ કરનાર,શબ્દ શ્લેષકાર.

Puny(પ્યૂનિ)*a.*Inferior;petty:નબળું;દુબળું;નાનું; ક્ષુદ્ર;પામર;હલકું.*n.*A youth;a novice:જુવાનીઓ.

Pup,(પપ્)*n.* A puppy:કુરકરીયું;બોઠીલું.

Pupa,(પ્યૂપ)*n.*A genus of air-breathing land snails:કોશેટું;એક જાતનો જીવડો.

Pupil,(પ્યૂપિલ)*n.*[L. *pupilla,* the pupil of the eye.]The aperture in the iris: આંખની કીકી-પુતળી;કનીનિકા *n* [L.*pupus,*boy.]A scholar;a disciple:શિષ્ય;નિશાળીઓ;ચેલો;વિદ્યાર્થી.

Pupilage,(પ્યૂપિલેજ)*n.* The state of being a pupil:શિષ્યતા;શિષ્યદશા;શિષ્યાવસ્થા.

Pupilary, (પ્યૂપિલૅરિ) *a.* Pertaining to a pupil:શિષ્યને લગતું. 2. Pertaining to the pupil of the eye:આંખની કીકીને લગતું.

Puppet,(પપેટ્)*n.*[L. *pupa,* a girl.] A small image in the human form;a doll: ઢીંગલું; પુતળું;ઢીંગલી. [mal:કુરકરીયું;બોઠીલું.

Puppy(પપિ)*n.* The young of a canine ani-

Puppism(પપિઝમ્) *n.* Extreme meanness; affectation or impudence: બેઅદબાઇ;તોર.

Pur,(પર્)*vi.*To utter a low sound:ઘ્યાઉં ઘ્યાઉં કo *n.*The low,murmuring sound of a cat: બિલાડીનો અવાજ.

Purblind,(પર્બ્લાઇન્ડ્) *a.* Wholly blind:તદન આંધળો.2. Dim sighted: મંદ;ઝાંખું દેખનાર.

Purchase,(પર્ચૅસ્) *vt.* To buy for a price: વેચાતું લેવું;ખરીદવું.*n.*Buying for money:ખરીદી; ખરીદ.2.That which is obtained for a price in money or its equivalent:ખરીદી;વેચાણ.

Purchaser,(પર્ચૅસર્)*n.*One who purchases: ગ્રાહક;ખરીદનાર.

Pure,(પ્યૂર્)*a.*[L.*purus*, pure.] Free from mixture: સાફ;સ્વચ્છ;નિર્મળ;ચોખ્ખું;શુદ્ધ. 2. (*a*) Free from moral defilement:પવિત્ર;શુદ્ધ.(*b*) Innocent:શુદ્ધ;પાક.3.Genuine:ખરું; વાસ્તવિક.

Purgation,(પરગેશન્) *n.* The act of purging:કચરો કાઢી સાફ કરવું તે 2.The clearing of one's self from a crime:દોષ નિવારણ.

Purgative,(પરગેટિવ્)*a.* Having the power or quality of purging;cathartic:જુલાબ લાગે એવું;રેચક;શોધક;સારક *n.* A purging medicine: જુલાબ;રેચ;વિરેચન.

Purge,(પર્જ્) *vt.* [L *purus*; pure, & *ago*, I make.] To cleanse, clear or purify:-માંથી કચરો કાઢી નાંખવો. 2. To operate on as a cathartic medicine:-નેજુલાબ લાગવો. *vi.* To produce frequent evacuations from the intestines: જુલાબ લાગવો. *n.* The act of purging:જુલાબ લાગે તે.2.That which purges જુલાબ;રેચ;વિરેચન.

Purification,(પ્યૂરિફિકેશન્) *n.* The act of purifying:વિશુદ્ધીકરણ.2 A cleansing from guilt:નિર્દોષીકરણ.

Purificatory, (પ્યૂરિફિકેટોરિ) *a.* Serving to purify:શુદ્ધ કરે તેવું;શોધક;પાપવિનાશી.

Purifier,(પ્યૂરિફાઇર્)*n.* One who purifies; a cleanser; a refiner: સાફ કરનારો;શોધન કર્તા.

Purify,(પ્યૂરિફાઇ)*vt*;[L *purus* pure & *facio*; I make.] To make pure:ચોખ્ખું ક૦;મેલ કાઢી નાંખવો;શુદ્ધ-સ્વચ્છ ક૦.2.To free from guilt or moral defilement:ગુન્હામાંથી નિર્દોષક૦;પવિત્ર -પાવન ક૦.*vi.* To grow pure:નિર્મળ થવું.

Puritan,(પ્યૂરિટન્)*n.* One who advocated simpler forms of faith and worship:એટલું બાઇબલમાંજ કહેલું માનનાર માણસ *a.*Pertaining to the puritans:પ્યુરીટન સંબંધી.

Purity,(પ્યૂરિટિ)*n.*[L.*purus*, pure.]The condition of being pure: સ્વચ્છતા; નિર્મળતા. 2. Innocence:નિર્દોષતા.

Purl,(પર્લ્) *vt.* To decorate with fringe or embroidery: ભરતથી સુંદર કરવું-ઘણગારવું. *n.* An embroidered and puckered border:તોઇ;ફીત.*vi.* To rise in circles, ripples: ભમરા આવવા.*n.* An eddy:ભમરો. [forest:પ્રાંત ભાગ.

Purlieu,(પર્લ્યૂ) *n.* The ground near a royal

Purling,(પર્લિંગ્) *n.* The motion of a small stream running: ખળખળાટ.

Purloin,(પર્લોઇન)*vt* To steal:છાનામાના ચોરવું. *vi.* To practise theft:હાથ મારવો.

Purparty,(પર્પાર્ટિ)*n* A share of an estate allotted to a copartener:અંશ;ભાગ;વાટો;હિસ્સો.

Purple,(પર્પલ્)*n.*[Gr. *puro* I stain.] A color formed by a combination of the primary colors,red and blue:જાંબુઓ રંગ.2.(*a*)Cloth dyed of a purple color or a garment of such color: જાંબુડા રંગનો જામો.*a.* Exhibiting the color called purple; of a deep red color: જાંબુઓ રંગ બતાવતું. 2. Regal: બાદશાહી. *vt.* To make purple:જાંબુઓ રંગ કરવો

Purpot (પર્પોર્ટ્)*n.*[L *pro*, & *porto*, I bear.] Meaning;import:મતલબ; ભાવ ભાવાર્થ; તાત્પર્ય. *vt.* To mean; to signify:મતલબ-સાર હોવો.

Purpose,(પર્પોસ્)*n.*[L.*pro*,before & *pono*, I place.]Intention:ધારણા;મતલબ; ઉદ્દેશ; હેતુ; અર્થ ઈરાદો. *To no* p.: વૃથા. *One who has effected his* p.:કૃતકૃત્ય;કૃતાર્થ *vt.* To design: વિચાર કરવો. *vi.* To discourse:વિચાર હોવો.

Purposeless, (પર્પોસ્લેસ્) *a.* Having no purpose or result; objectless: નિરર્થક; નકામું.

Purposely,(પર્પોસ્લિ)*adv.* With purpose or design:જાણી જોઇને-બુજીને;ઇચ્છાપૂર્વક; બુદ્ધિપૂર્વક.

Purr,(પર્)*vi.* See **Pur.**

Purse,(પર્સ્) *n.* A small bag: વાટવો; કોથળી. 2. A sum of money offered as a prize: ઇનામના પૈસા. *Light or empty* p, poverty: ખાલી ખીસાં;નિર્ધનતા *Long or heavy* p.,wealth: સમૃદ્ધિ;રિદ્ધિ સિદ્ધિ.p *pride*:ધનગર્વ;ધનમદ.*vt.*To put into a purse:કોથળી-થેલી-વાટવામાં મૂકવું-ભરવું

Purse-proud,(પર્સ્પ્રાઉડ્) *a.* Affected with purse pride:પૈસાના મદવાળું;ધનમત્ત-ધનોન્મત્ત.

Purser,(પર્સર)*n.* A clerk on steam passenger vessels;વહાણમાંનો હીસાબી કારકુન.

Pursuance,(પર્સ્યૂઍન્સ્)*n.* The act of pursuing:અનુવર્તન;અનુગમન.*In* p. *of*, in accordance with:મુજબ;પ્રમાણે;અનુસાર.

Pursuant,(પર્સ્યૂઍન્ટ્)*a.* Acting in consequence:અનુસરતું;પ્રમાણેનું.

Pursue.(પર્સ્યૂ)*vt* [L *pro*,forward & *sequor*,I follow]To follow with a view to overtake; to chase:-ની પાછળ પડવું-મંડવું:-ની પુંઠે પડવું.2. To seek;મેળવવાનો ઉદ્યોગ કરવો 3 To prosecute: ચલાવ્યાં જવું. 4. To persecute:-ને હેરાન ક૦.*vi.* To follow:પાછળ હોવું;અનુસરવું.

Pursuit,(પર્સ્યૂટ્)*n.* A following with haste; chase: પુંઠ; કેડો; અનુસરણ 2. Following with a view to reach: મેળવવાનો ઉદ્યોગ. 3: Course of business:ઉદ્યમ;ઉદ્યોગ;પ્રયત્ન;ઉપક્રમ; વ્યવસાય. 4 Prosecution:ચલાવ્યાં જવું તે.

Pursuivant,(પર્સિવૅન્ટ્)*n.* A state messenger: સરકારી જાસુસ; રાજદૂત. *vt.* To pursue: પાછળ પડવું

Purulence,(પ્યૂરૂલેન્સ્)*n.*(*a*) The quality or state of being purulent:પરૂ;પરૂ થવું-ભરાવું તે.

Purvey,(પર્વે) *vt.* [L. *pro*, & *video* I see.] To furnish with provisions: ખોરાક સામાન

પુરો પાડવો; સુખ વસ્તુ પુરી પાડવી. *vi.* To purchase provisions:ખોરાક વેચાતો લેવો.

Purveyance,(પર્વેઍન્સ્) *n.* Foresight: વ્યવસ્થા; તૈયારી 2 Food: ખોરાકી

Purveyor,(પર્વેઑર્)*n.* A victualer;a caterer:ખોરાક પુરો પાડનાર;મોદી.

Purview,(પર્વ્યૂ) *n.* The body of a statute: કાયદો 2 Limit of authority:સત્તા;હકુમત;નેમ.

Pus,(પસ્) *n.* The yellowish white opaque creamy matter produced by the process of suppuration: (ગુંમડાં વીગેરેમાંનું)પરૂ;પાચ.

Push (પુશ્) *vt.* [L. *pello*, I push.] To passe against with: હડસેલવું;ધકેલવું. 2 To press or urge forward: ઓકાવવું;આગળ પ્રેરવું.*vi* To make a thrust:ગોદો મારવો; ધક્કો દેવો. *n.* A thrust with a pointed instrument: ગોદો; ધકેલો. 2. A shove:હડસેલો. [વાળુ; ઉદ્યમી.

Pushing, (પુશિંગ) Energetic: જબરી છાતી-

Pusillanimity,(પ્યૂસિલૅનિમિટિ)*n.* Weakness of spirit;timidity:બીકણપણું;નામર્દાઇ;શૌર્ય હીનતા

Pusillanimous,(પ્યૂસિલૅનિમસ્)*a* [L. *pusillus*, very little & *animus*, the mind.] Destitute of a manly courage:બીકણ;બાયલો.

Puss,(પુસ્)*n.* A cat:બિલાડી 2 A hare:સસલું.

Pussy.(પુસિ)*n* A pet name for a cat:પાળેલી બિલાડી 2 The game of tipcat:એક જાતની રમત.

Pustulate,(પસ્ટ્યૂલૅટ્) *vt.* [L. *pustula*, a blister.]To form into pustules:ફોલ્લી થવી.*a.* Covered with pustules: ફોલ્લીવાળું.

Pustule,(પસ્ટ્યલ્) *n.* A vesicle: ફોલ્લો.

Put,(પુટ્)*n* [L.*pono*, I put.]A pit: ખાડો. *vt.* To place:મુકવું.2.To state:બતાવવું.3.To throw with a pushing motion:ફેંકીદેવું.To p *away*: ખસેડવું.To divorce:છુટા છેડા ફારગતિ આપવી.*To p back*;to put backward:પાછું હટેલવું *To* p.by, to turn,set,or thrust aside:પાછું ફેરવવું *To* p. *down*, (*a*) to lay down:મુકવું;મુકી દેવું.(*b*) To put a stop to: રદ-બાતલ કo; કમી કo. *To* p. *forward*,(*a*)to advance: ચઢાવવું. *To* p. *in*, to introduce with difficulty; to insert: મુકવું;ઘાલવું.*To* p. *in mind*, to remind: યાદ દેવડાવવું. *To* p. *off*,(*a*) to lay aside:કાઢી મુકવું; મુકી દેવું (*b*)To turn aside;to elude to disappoint: નાશીપાશ કo.(*c*) To postpone: ઢીલ કo; મુલતવી રાખવું.*To* p. *out*,(*a*) to eject:કાઢવું.(*b*) To put forth:મુકવું.(*c*)To extinguish: ઓલવી. નાખવું.(*d*) To place at interest: વ્યાજે મુકવું. આપવું. *To* p. *over*,(*a*) to place in authority over:અધિકાર આપવો.(*b*)To refer:સોંપવું;ને હવાલે કo.*To* p., *through*, to push to completion:પાર મુકવું; સિદ્ધ કo. *To* p. *to*, to add: ઉમેરો કo *To* p. *to a stand*, to stop: અટકાવી પાડવું;થોભાવવું *To* p.*to death*,to kill:મારીનાંખવું. *To* p. *two sums together*,to draw an inference:અનુમાન કાઢવું *To* p.*to it*,to press hard; to perplex:સંકટમાં નાંખવું.*To* p. *to rights*,to arrange in proper order: બરાબર ગોઠવવું. *To* p.*to the sword*,to kill with the sword:તરવારથી માથું કાપી નાંખવું.*To* p. *up* ,(*a*) to overlook, not to punish or resent; to put up with:ખમવું;સહન કo;દરગુજર કo. (*b*) To lodge; to entertain:-નેઉતારો-મુકામ આપવો;-ને ઉતારવું. *vi.*To go or move:જવું; ફરવું;હાલવું;વાવું. 2.To steer;to go:હંકારવું;જવું;વળવું.*To* p.*about*:બીજી તરફ જવું-વળવું.*To* p *back*, to return:પાછુ ફરવું. *To* p. *forth*,(*a*)to shoot:બહાર નિકળવું.(*b*)To leave a port or haven:બંદરમાંથી નિકળવું, *To* p.*in*,to enter a harbour: બંદરમાં પેસવું, *To* p. *in for*,to make a request or claim:-ને માટેહક-દાવો કo.*To* p.*off*,to go away:જતાં રહેવું; છોડી જવું.*To* p.*on*, to hasten motion:ઉતાવળ કo. *To* p. *over*,to sail over: હંકારવું.*To* p. *to* sea, to set sail:વહાણ હંકારવું;દરીયાની મુસાફરી શરૂ કo.*To* p.*up with*, (*a*)to suffer without recompense:ખમવું;સહન કo;જવું કo.

Putative,(પ્યૂટેટિવ્)*a* [L. *puto*, I reckon.] Supposed;reputed:લોકોમા મનાતું,જનપ્રસિદ્ધ.

Putid,(પ્યૂટિડ્)*a.*Rotten:base:અધમ;નીચ;હલકુ.

Putrefaction, (પ્યૂટ્રીફૅક્શન્) *n.* The process of putrefying: સડી જવું તે;સડો;કોહવાણ.

Putrefy, (પ્યૂટ્રીફાઇ)*vt.* [L *putris*, rotten & *facio*, I make.] To render putrid:કહોવાડી નાંખવું.*vi.*To become putrid:કોહોવાઈ જવું.

Putrescent,(પ્યૂટ્રેસેન્ટ્)*a.*[L *putris*, rotten.] Becoming putrid or rotten:કોહી-સડી જવું.

Putrid,(પ્યૂટ્રિડ્)*a.*[L.*putris*,rotten.]Rotten: સડેલું;કોહી ગએલું.

Putridity,(પ્યૂટ્રિડિટિ)*n.*The quality or state of being putrid:સળો;કહોવાણ.

Putty,(પટિ)*n.*A kind of thick paste: કાચ બેસાડવાની લાપી.*vt* To cement with putty:લાપી ચોડવી.

Puzzle, (પઝલ્) *n.* Something which perplexes:સામાને ગુંચવનાર વસ્તુ-વિષય; સમસ્યા 2. Perplexity:ગુંચવણ.*vt.* To confuse:ગુંચવવું;-ને ભ્રમમાં નાખવું. *vi.* To be bewildered:ગુંચવાડામાં પડવું.2.To work,as at a puzzle:સમસ્યા-કોયડો છોડવો.

Reckon,(રેકન્) *vt*. To count:ગણવું;ગણત્રી કરવી. 2.To esteem:માનવું;લેખવવું.3.To think;to suppose:ધારવું.ગણવું. *vi*. To make an enumeration:ગણવું.*To r for*,to answer for:જવાબદાર હોવું.*To r on or upon*,to depend on: આધાર રાખવો.*To r.with*: હિસાબ લેવો.*To r. without one's host*, to reckon erroneously: ગણવામાં ભૂલ કરાવી.
Reckoning, (રેકનિંગ)*n*. The act of one who reckons:ગણત્રી,ગણના; સુમાર. 2. An account made by a host at an inn:ઉતારૂઓનો હીસાબ.3.Esteem:ગણત્રી;લેખું.
Reclaim,(રીક્લેમ)*vt*.To claim back:હક કરીને પાછું માગવું.*vt* [L. *re* & *clamo*, I cry out.] To reduce from a wild to a tamed state: ઠેકાણે લાવવું.2.To reduce to a desired state by discipline:અસલસ્થિતિમાં લાવવું 3.To correct:સુધારવું.*vi*.To carry out in opposition: સામે કહેવું-જણાવવું.
Reclamation,(રીક્લેમેશન્) *n*. The act of reclaiming:સુમાર્ગપર વર્તન; કુપથ્યત્યાગ.2. Representation made in opposition:દલીલ.
Reclination, (રેક્લીનેશન્) *n*. The act of leaning:અઢીંગણુ.2.The act or process of removing a cataract, by applying the needle to its anterior surface:બહારના પ્રદેશને સોયો લગાડીને આંખનો મોતીયો કાઢવો તે.
Recline,(રીક્લાઈન્)*vt*.[L.*re* & *clino*,I lean.] To cause to lean:ટેકવીને અઢેલવું.*vi*.To lean: અઢેલવું.2.To assume a recumbent position: આડા થવું;લાંબા થઈને સૂવું;આરામ લેવો.
Reclose,(રીક્લૉઝ્)*vt*.To close again:ફરીથીબંધક.
Recluse,(રીક્લ્યૂસ્)*n*.A person who lives in seclusion from intercourse with the world: વાનપ્રસ્થ;એકાંતવાસમાં રહેનારો પુરૂષ;ત્યાગી;સન્યાસી. 2 The place where a recluse dwells:મઠ.
Reclusion,(રીક્લ્યૂઝન્)*n*. A state of retirement from the world:એકાંતવાસ;સંસારત્યાગ.
Recognition,(રેકૉગ્નિશન્) *a*. Acknowledgment;formal avowal:ઓળખવું તે;અંગીકાર;સ્વીકાર;પ્રસન્નતા;ઓળખ;સ્મરણ;ઓળખાણ.
Recognizable,(રેકૉગ્નાઇઝૅબલ્)*a*.Capable of being recognized:મુચરકો-હાથ જામીન લેવા જેવું.
Recognizance,(રીકૉગ્નિઝૅન્સ્) *n*. An obligation of record entered into before some court of record:કરારનામું;મુચરકો.2.A token: નિશાની;ચિન્હ.3 Avowal:અંગીકાર.
Recognize,(રેકૉગ્નાઇઝ્)*vt*. [L. *re*. *con*, & *nosco*, I know.] To know again: ઓળખવું. 2. To avow knowledge of: સ્વીકારવું. 3. To show appreciation:પ્રસન્નતા જણાવવી.
Recoil,(રીકૉઇલ) [L. *re*, & *culus* the fundament.]*vi*.To draw or go back:પાછા જવું. *n*. A rebound:પાછું આવવું તે.2.The state of having recoiled: પ્રત્યાઘાત;પરાવર્તન. [પાડવું.
Recoin,(રીકૉઇન્)*n*.To coin again:ફરીથી નાણું
Recoinage, (રીકૉઈનેજ્)*n* The act of coining anew:પાછું નાણું છાપવું તે.
Recollect,(રેકૉલ્લેક્ટ્)*vt*. [L.*re*.*con* & *lego*, I gather.] To remember:યાદ કરવું; યાદ આણવું. 2.To recover selfcommand:પોતાનો જીવ ઠેકાણે-શુદ્ધિમાં લાવવો. *vt*. To collect again:ફરીથી ભેગું કરવું.
Recollection, (રેકૉલ્લેકશન્) *n*. The act of recollecting;remembrance:સ્મૃતિ;સ્મરણ. 2. Remembrance;memory:યાદદાસ્ત;સ્મરણશક્તિ.
Recommence,(રીકૉમ્મેન્સ્)*vi*.To commence again:ફરી શરૂ થવું;ફરીથી પ્રારંભ થવો.*vt*.To commence again:નવેસરથી શરૂ કર.
Recommend,(રેકૉમ્મેન્ડ્)*vt*.[L *re*,*con*,*manus*,the hand & *do* I give.]To commend to the favorable notice of another:ની ભલામણ

કo;-ને માટે વગ પહોંચાડવી-કરવી.

Recommendation,(રેકૉમ્મેન્ડેશન્)*n.* That which recommends or commends to favour:સિફારસ;ભલામણ;ભલામણપત્ર. 2.The state of being recommended:સુપ્રત.

Recommendatory,(રેકૉમ્મેન્ડેટોરિ)*a.* Serving to recommend:ભલામણુ;પ્રશંસાકારી.

Recommit,(રીકૉમ્મિટ્)*vt.*To commit again; to give back into keeping:ફરીથી સ્વાધીન કo

Recompense,(રેકૉમ્પેન્સ્)*vt.* [L.*re* & *con* & *penso*,I weigh.] To requite; to remunerate:-નો બદલો વાળવો.2. To give in return:ને બદલે આપવું.*n.*Requital; suitable return:બદલો;સાટું;અવેજ પ્રતિફળ.

Recompose,(રીકૉમ્પોઝ્) *vt.* To form anew: ફરીથી બનાવવું.2.To restore to composure:સમાધાન કરવું;ઠેકાણે-શુદ્ધિપર લાવવું.

Reconcile,(રેકૉન્સાઈલ્)*vt.*[L.*re* & *concilio*,I bring together.] To cause to be friendly again:સમજુત કરાવવી; મેળાપ કo. 2. To make consistent:એક સરખું કo;બંધબેસતું કo. 3. To adjust:પતાવવું; નિકાલ કરી આપવો. *vi.* To be reconciled:સંપ થવો.

Reconcilement, Reconciliation, (રેકૉન્સાઈલ્મેન્ટ્-રેકૉન્સિલિએશન્)*n.*Restoration to harmony:નવેસરદોસ્તી;સમજુતી;સલાહ;સંધાન;સંધિ.

Recondite,(રેકૉન્ડાઇટ્)*a.* [L. *re* & *condeo*, I bring.] Secret:ગુપ્ત.2.Profound:ગહન.

Reconditory,(રેકૉન્ડિટોરિ)*n.* A repository;a storehouse:ત્વખાર;ભંડાર;કોઠાર.

Reconduct,(રીકૉન્ડક્ટ્)*vt.*To conduct back or again:ફરીથી લઇ જવું.

Reconnaissance,(રીકૉનેસૅન્સ્)*n.*The act of reconnoitering;preliminary examination દેશના કોઈ ભાગની તપાસ;સરવે;મોજણી; તપાસણી.

Reconnoitre,(રેકૉન્નોઇટર્)[L *re*,*con*&*nosco*, I know.] *vt.* To examine with the eye:તપાસવું;જોવું;ચારેગમ તપાસવું-નજર નાંખવી.

Reconsider.(રીકૉન્સિડર્) *vt.* To consider again:પુનઃવિચાર કરવો;તપાસવું.

Reconvey,(રીકૉન્વે)*vt.*To convey back or to the former place:પહેલી જગાપર પાછું લઇ જવું.

Record,(રીકૉર્ડ્)*vt.* [L *re* & *cor*,*cordes*, the heart]To make note of:લખી રાખવું;દફ્તરે દાખલો રાખવો.*n* A register:નોંધ;દફતર;લેખ; રજીસ્ટર.2.An official contemporaneous writing:દફતર.3. A monument; a memorial:અખેલી હકીકત-વાત; સ્મરણ.4. That which has been recorded:હકીકત;વૃત્તાન્ત.

Recorder,(રીકૉર્ડર્)*n.*One who records: રજીસ્ટર કરવાનું કામ જેને માથે છે તે હોદ્દેદાર;દફતરદાર.

Recount,(રીકાઉન્ટ્)*vt.*[L. *re* & *con* & *puto*, I reckon.]To relate in detail; to recite;to enumerate: સવિસ્તર-તપસીલવાર કહેવું. *n* A counting again,as of votes:ગણત્રી-

Recoup,(રીકૂપ્) *vt.* To keep back rightfully:આપવાના નુકસાનમાંથી કંઈકાપી રાખીને ઓછું કo 2.To get an equivalent:આવેલી ખોટ પુરી પાડવી.

Recourse,(રીકૉર્સ્)*n.*[L *re* & *curro*,I run.] A return;retreat;recurrence: રસ્તો; માર્ગ; ગતિઉપાય;આશ્રય કરણ. *To have* r. to:નો આધાર લેવો. To return;to recur:આશ્રય લેવો. 2. To have recourses:ઉપાય લેવો.

Recover,(રીકવર્)*vt.* [L. *re* & *capio*,I take.] To win back:ફરીથી મેળવવું. 2. To make up for:પાછું વાળી દેવું. 3. To restore from sickness:મટાડવું.4.To get the better:ઠેકાણે આવવું. 5.To obtain:મેળવવું. *vi.* To regain health: સાજું થવું;તંદુરસ્તી સુધરવી. 2. To obtain a judgment:-નો હક કોરટના ઠરાવથી સાબીત થવો.

Recovery, (રીકવરિ) *n.* The act of recovering:પાછું પ્રાપ્ત કo તે;પુનઃપ્રાપ્તિ.2.Restoration from sickness:રોગમુક્તિ;આરામ.3.વસુલ;વસુલાત

Recreant,(રેક્રીઅન્ટ્)*a.*[L *re*,back & *credo*,I believe.]Yielding;cowardly:બીકણ;નામર્દ.2 False:ખોટું.*n.* One who yields in combat and begs for mercy:બીકણ સ્વપક્ષ ત્યાગી.

Recreate,(રેક્રીએટ્)*vt.*[L.*re*& *creo*,I create.] To create or form anew:તાજું કo;ફરીથી-નવેસર કo.*vt.*To give fresh life to;ખુશ-આનંદી કરવું.

Recreation,(રેક્રીએશન્)*n.*Sport;diversion; pastime:ગમત;વિનોદ;આરામ; એશઆરામ;નિવૃત્તિ.

Recreative,(રેક્રીએટિવ્) *a.* Creating anew: નવેસર કરતું.2.Amusing:આરામ આપતું;આનંદકારી

Recrement,(રેક્રીમેન્ટ્)*n.* [L. *re* & *cretum*, separated.]Dross;scoria:કચરો;મેલ;કસ્તર;કીટું.

Recriminate,(રીક્રિમિનેટ્)*vi.*[L.*re* &*crimen* a charge.]To return one charge with another:સામો દોષારોપ મુકવો. *vt.* To accuse in return:સામું આળ ચઢાવવું.

Recriminative,(રીક્રિમિનેટિવ્)*a.*Recriminatory:સામો દોષ ચઢાવે એવું;પ્રત્યાભિયોગી.

Recruit,(રીક્રૂટ્)*vt.* [L. *re* & *cresco*,I grow.] To repair by fresh supplies: યથાસ્થિત કo; સમારવું.2.To renew in strength: તબીયત દુરસ્ત કo. 3. To supply with new men: નવા માણસની ભરતી કo.*vi.*To gainhealth:તંદુરસ્તી સુધરવી;ઠેકાણે આવવું;તંદુરસ્ત-તાજુ થવું.*n.*A supply of anythingwasted: ભરતી; જમાવ. 2. A newly enlisted soldier:નવો સિપાઈ.

Rectangle,(રેક્ટૅન્ગલ્)*n.* [L. *rectus*, right & *angulus*,angle.]A four sided figure having only right angles:કાટખુણાવાળી આકૃતિ.

Rectangular,(રેક્ટૅન્ગ્યુલર્)*a.*Right-angled;

કઠણપણું ફુતિ હોય તેવું.

Rectifiable, (રેક્ટિફ્ર્ઇઍબલ્) *a.* Capable of being rectified:સુધારવા જોગ.

Rectification, (રેક્ટિફિકેશન્) *n.* The act of rectifying:શુદ્ધિ કરણ;શોધન;સુધારો.

Rectify,(રેક્ટિફાઈ)*vi.*[L.*rectus*,right&*facio*,I make.] To make or set right: સુધારવું. 2. To refine or purify by repeated distillation:સત્વશુદ્ધિ કo;કસ કાઢવો.3.To produce by redistilling low wines:શોધવું;ગાળવું.

Rectilineal-near, (રેક્ટિલિનીઍલ્નીઅર્) *a.* Bounded by straight lines:સીધી લીટીનું.

Rectitude,(રેક્ટિટ્યૂડ્)*n.*[L. *rectus*, right.] Straightness:સિધાપણું 2.Honesty;uprightness of mind;uprightness:સાચવટ;પ્રમાણિકતા.

Rector,(રેક્ટૉર્) *n.* A clergyman:ધર્મોપદેશક. 2 The headmaster of a public school.નિશાળનો મુખ્ય શિક્ષક.

Rectorship, (રેક્ટૉર્શિપ્) *n.* The office of a rector:ધર્માધિકારીનો હોદ્દો.

Rectory,(રેક્ટૉરિ) *n.* The province of a rector:ધર્માધિકારીનો મુલક હકુમત-અધિકાર.2.A rector's mansion:ખ્રિસ્તિ ધર્માધિકારીનું મકાન.

Rectum,(રેક્ટમ્)*n.*[L.*rectus*,right.]The terminal part of the large intestine:મળાશય.

Recubation (રેક્યૂબેશન્) *n.* [L. *re* & *cubo*,I lie down]Recumbence:આરામ;વિસામો.

Recumbent,(રીકમ્બેન્ટ્)*a.*Leaning;reclining: વિસામો લઇ પડેલું;અઢી ઘેલું; અવલંબિત.

Recur,(રીકર્)*vi.* [L. *re* & *curro*, I run.] To come back; to come again to mind: પાછું યાદ આવવું 2.To occur at a stated interval: ફરીથી બનવું.3 To resort: પર આધાર રાખવો.

Recurrence-cy,(રીકરેન્સ-ન્સિ)*n.* The act of recurring;return:ફરીથી આવવું તે;સ્ફુરણ; ઉદય.

Recurrent-ing,(રીકરેન્ટ્-રિંગ્)*a.* Returning from time to time:વારંવાર ફરીથી આવતું.

Recuse,(રેક્યૂઝ્)*vt.* To refuse or reject,as a judge:ના કહેવી;ના કબુલ-ના મંજુર કરવું.

Red,(રેડ્)*vt.*To put in order:અનુક્રમમાં ગોઠવવું. *a.* Of the colour of blood: લોહીના રંગ જેવું; લાલ.**R.***lead*:સિંદુર. *n.* The colour of blood: લોહીનો રંગ;લેપ.

Red-book(રેડ્-બુક્)*n.*A book containing the names of all the persons in the service of the state: ઇન્ગ્લાંડમાં સઘળા નોકરીઆત માણસોની નોંધની ચોપડી.

Redden,(રેડન્)*vt.*To give a red color to:લાલ રાતું કરવું *vi.*To grow red:રાતું થવું;ચ્હેરો લાલ થઇ જવું.

Reddish,(રેડિશ્)*a.*Somewhat red:રતાશ પડતું.

Rede,(રીડ્) *vt.*To advise:શિખામણ દેવી. 2.To explain:સમજાવવું.*n.*Advice: શિખામણ; શિક્ષા.

Redeem,(રીડીમ્)*vt* [L. *re*,&*emo*,I buy.]To purchase back:ફરીથી ખરીદ કo.2.To recall,as an estate:કબજામાંથી ગએલાને ફરીથી કબજામાં લેવું. 3.To ransom:દંડ-અવેજ આપી પાછું મેળવવું.4. To rescue and deliver from the bondage of sin and the penalties of God's violated law:બચાવવું-નું રક્ષણ કo;ને પાપમાંથી તારવું.*To r: the time*:વખતનો સદુપયોગ કo.

Redeemer,(રીડીમર્)*n.* One who redeems: છુટકારો કરનાર. 2. The savior of the world: ઇસુ ખ્રીસ્ત.

Redemption,(રીડેમ્શન્)*n.*(*a*)The liberation of an estate from a mortgage:પરિક્રય:છોડવવું તે (*b*)Release:છુટકો; છુટકારો. (*c*) The ransom or deliverance of sinners from the bondage of sin and penalties of God's violated law:પરિત્રાણ;તારણ;મુક્તિ;ઉદ્ધાર.

Redhot,(રેડ્હૉટ્)*a* Red with heat:લાલચોળ.

Red-letter-day,(રેડ્લેટર્ડે)*n.*A day that is fortunate:તહેવાર;સપરમો દહાડો.

Redolence,(રેડૉલેન્સ્)*n.*Sweetness of scent, odor;fragrance:ખુશબો;પિમળ;વાસ;પરિમલ;સુગંધ.

Redolent,(રેડૉલેન્ટ્)*a.*(L.*re* & *oleo*,I emit a smell.]Scented;odorous:ખુશબોદાર;સુગંધિદાર.

Redouble,(રીડબલ્)*vt.*To double again:બેવડું કo.*vi.*To be multiplied:બમણું થવું;ત્રણું થવું.

Redoubtable, (રીડાઉટેબલ્) *a.* Formidable; dreadful;valiant:ભયંકર;વિકાળ;ભયાનક.

Redound,(રીડાઉન્ડ્)*vi.*[L.*re*& *unda*,a wave.] (*a*) To roll back, as a wave or flood:પાછું ગબડવું-આવી પડવું;લોટવું (*b*)To conduce:પરિણામી થવું-હોવું. 2. To be in excess: બહુ થઇ જવું. *n.* Result; return:પરિણામ;હાંસલ.

Redress,(રીડ્રેસ્)*vi.*To dress again:ફરીથી પોશાક પહેરવો-ધરવો. *vt.* To set right:બંદોબસ્ત કo.2.To repair as an injury: નો ઇલાજ-ઉપાય કo. 3. To make amends to: દાદ આપવી. *n.* Correction:સુધારો.2 Relief;remedy:દાદ;ઇલાજ.

Reduce,(રીડ્યુસ્)*vt.* [L. *re* & *duco*,I lead.] To bring to any inferior state: હલકી-નીચી સ્થિતિએ લાવવું 2.To bring to terms;to humble;to subdue:તાબે-વશ-સર કo;જીતી લેવું.3.To bring to a certain state as by grinding, &c :નો ભૂકો-ચૂર્ણ કo.4.To bring to the metallic state by separating from impurities: ધાતુ શોધવી.5.To diminish:ઉતારવું;ઘટાડવું.

Reducible,(રીડ્યૂસિબલ્) *a.* Capable of being reduced:-નું રૂપાંતર થાય એવું.

Reduction-ment, (રીડક્શન્-મેન્ટ્) *n.* Diminution;conquest:ન્યૂનતા;ઘટાડો;પરાભવ. 2. The act or process of reducing:સાંજણી.3. The correction of observations for known

errors of instruments:છૂટ;સુધારણી. 4. The process of making a copy of something: -ના પરથી નમુનો આલેખવાની રીત.

Redundance-cy, (રીડન્ડન્સ-ન્સિ) *n.* Superfluity;excess:અધિકાઈ;આધિક્ય;વ્યર્થતા;પુનરૂક્તિ.

Redundant, (રીડન્ડન્ટ્) *a.* Exceeding what is natural:ફાલતું;ફાજલ પડતું;વધારેનું.

Reduplicate, (રીડ્યુપ્લિકેટ્) *a.* Double; repeated:બેવડું; દુપટ; બમણું; દ્વિગુણ. *vt.* To redouble:દુપટ કરવું;બેવડવું;બમણું-દ્વિગુણ ક૦.

Ree,(રી)*vt.*To sift;to riddle:ચાળવું; ગાળવું.

Reecho,(રીએકો)*vt.*To echo back: પાછો પડઘો પાડવો.*vi.*To give echoes:પાછો અવાજ-પ્રતિધ્વનિ પડવો.*n.*The echo of an echo:પડઘાનો પડઘો

Reed,(રીડ્)*n.* A name given to many tall and coarse grasses or grasslike plants:બરૂ; નેતર.2.An arrow made of a reed:બરૂનો તીર.

Reef,(રીફ્)*n.*A chain or range of rocks:ખડક;ખરાબા. [વાળું.

Reefy,(રીફિ)*a.*Full of reefs or rocks:ખરાબા-

Reek,(રીક્)*n.*Vapor;steam:બાફ;ધુમાડો.*vi.* To steam;to smoke:બાફ-વરાળ-ધૂમાડો નિકળવો.

Reeky,(રીકિ)*a.*Smoke:ધુમાડાવાળું;બાષ્પમય.

Reel,(રીલ્)*n.* A machine on which yarn is wound and measured into lays and hand ચરખો;ફરકી;ચરખ.*vt.*To roll:વીંટવું.2.To wind upon a reel:ફીરકી ઉપર વીંટાળવું.*vi.* To stagger:ઝોકાં-ડોલાં ખાવાં.2. To be giddy:ફેર આવવા.*n.*The act or motion of reeling:ઝોકાં ડોલાં

Re-elect,(રીઈલેક્ટ્)*vt.* To elect again:બીજીવાર નિમણુંક કરવી.

Re-election, (રીઇલેક્શન્) *n.* Election a second time or anew:નવેસર ચૂંટણી.

Re-embark, (રીએમ્બાર્ક્) *vt.* & *i.* To go on board a vessel again:ફરીથી વહાણ ઉપર જવું

Re-enact,(રીએનૅક્ટ્)*vt.* To enact again:નવેસરથી કાયદા બાંધવા;ફરીથી કાયદો ક૦.

Re-enforce, (રીએન્ફોર્સ્) *vt.* To strengthen with new force:નવા સિપાઇ મોકલવા;કુમક મોકલવી.

Re-enforcement, (રીએન્ફોર્સમેન્ટ્) *n.* The act of re-enforcing:પુરતી;ભરતી;પુરવણી.2.Additional force:કુમક;પુષ્ટી;મદદ.

Re-engage,(રીએન્ગેજ્) *vt.*& *i.* To engage a second time:ફરી કામે લગાડવું;ફરીથી સરત કરવી.

Re-enter,(રીએન્ટર્)*vt.*To enter again:ફરીથી દાખલ ક૦ *vi.*To enter anew:ફરી અંદર પેસવું.

Re-establish,(રીએસ્ટૅબ્લિશ્)*vt.*To establish anew;to restore:પુનઃસ્થાપવું; પુનઃસ્થાપના ક૦.

Re-examine, (રીએક્ઝૅમિન્) *vt.* To examine anew:ફરીથી તપાસવું;નવેસર પરીક્ષા લેવી.

Re-export,(રીએક્સ્પૉર્ટ્)*vt.*To export again: આવેલો માલ ફરીથી દેશાવર મોકલવો.*n.*Any commodity reexported:ફરી મોકલેલો માલ.

Refection,(રીફેક્શન્)*n.*A repast:નાસ્તો.

Refectory,(રીફેક્ટોરિ)*n.*A room for refreshment:ખાવા-ઉપહારનો ઓરડો; ઉપહારશાળા.

Refer,(રીફર્)*vt* [L.*re* & *fero*,I bear]To carry or send back:પાછું લઇ જવું-મોકલવું;નેહવાલે ક૦. *vi.*To apply; to have recourse to:-માં જોવું; -ની મદદ લેવી.2.To point;to relate:સંબંધ હોવો 3.To direct inquiry for information:ને પૂછવું.

Referee,(રીફરી)*n* A judge;umpire:મધ્યસ્થ;ત્રાહિત;ત્રીજું માણસ.

Reference, (રેફરેન્સ્) *n.* That which refers to something;illusion:ઇસારો;સૂચના 2.Relation: સંબંધ; નિસબત. 3. One of whom inquiries can be made as to the integrity, capacity,&c ,of another:ઓળખાણ. 4. The act of submitting a matter in dispute to the judgment of one or more persons for decision:ત્રાહિતપુરૂષ પાસે નિવેડો કરાવવો તે.

Refine,(રીફાઈન્)*vt.* To purify:શોધવું;સાફ-શુદ્ધ ક૦;મેલકાપવો.2.સુધારવું;સભ્ય-શિષ્ટ ક૦.*vi.*To become pure:ચોખ્ખા થવું;સ્વચ્છ-નિર્મળ થવું.

Refined,(રીફાઇન્ડ્)*a.*Freed from impurities: નિર્મળ;સ્વચ્છ;સુધરેલું;સંસ્કૃત;શિષ્ટ;સભ્ય; વિનીત.

Refinement, (રીફાઈન્મેન્ટ્) *n.* Purification; polish;politeness;civilization:સ્વચ્છતા.

Refiner,(રીફાઇનર્)*n.*One who,or that which refines:શોધનાર;સુધારનાર;શોધક;સંશોધક.

Refit, (રીફિટ્) *vt.* To fit or prepare for use again:સમારવું;ફરીથી તૈયાર કરવું.

Reflect,(રીફ્લેક્ટ્)*vt* [L *re* & *flecto*,I bend.] To send back:પરાવર્તન થવું;પ્રતિબિંબ પાડવું.*vi.* To throw back light: પરાવર્તન થવું. 2. To throw or turn back the thoughts upon any thing:-નો વિચાર ક૦;ધ્યાનલગાડીને જોવું.3. To cast reproach:ના ઉપર દોષ મુકવો.

Reflection, (રીફ્લેક્શન્) *n.* The act of reflecting:પરાવર્તન.2.Meditation;contemplation:વિચાર;મનન;ચિંતન;વિમર્શ.(*a*)An image given back from a reflected surface: પડછાયો;પ્રતિબિંબ.3.Censure:ઠપકો;આક્ષેપ.

Reflective, (રીફ્લેક્ટિવ્) *a.* Throwing back images:પ્રતિબિંબ પાડનાર.2.Capable of exercising thought:વિચારશીલ;ધ્યાનશીલ.

Reflector, (રીફ્લેક્ટર્) *n.* One who or that which reflects:પ્રતિબિંબ પાડનાર.2Something having a polished surface for reflecting light:પ્રકાશ પાડવાને દીવાની પાછળ મુકેલી તખ્તિ.

Reflex,(રીફ્લેક્સ્)*a.*Directed back:પરાવર્તી;પ્રતિક્રિયાત્મક.*n* Reflection:પ્રતિબિંબ *vt.*To reflect:પ્રતિબિંબ નાંખવું.

Reflexibility,(રીફ્લેક્સિબિલિટી)*n.*The quali-

ty of being reflexible:પાછું વળે એવો ગુણ

Reflexive,(રીફ્લેક્સિવ્)*a.* Bending or turned backward:પરાવર્તી 2.Implying censure: ઠપકા ભરેલું; નિંદાયુક્ત.

Reflux, (રીફ્લક્સ) *a.* Returning or flowing back:ઉતરતું.Ebb;reaction: પાણીનો ઉતાર,ઓટ.

Reform,(રીફૉર્મ્)*vt.* [L. *re* & *formo,*I form.] To change from worse to better:સુધારવું; ઠેકાણે લાવવું;દુરસ્ત કo.*vi.*To return to a good state:સુધરવું.*n.* Reformation:સુધારો.

Reformation,(રેફૉર્મેશન્) *n.* Change from worse to better:સુધારો;સુધારણા. 2. The important religious movement commenced by Luther:લ્યુથરનો કરેલો ધર્મ સંબંધી સુધારો.

Reformatory,(રીફૉર્મેટરિ)*n pl.*An institution for promoting the reformation of offenders:ગુન્હેગારને સુધારવાનું મકાન ઘર.

Reformer,(રીફૉર્મર્) *n.* One who effects a reformation:સુધારો કરનાર.

Refraction, (રીફ્રૅક્શન્) *n.* The act of refracting:વક્રીભવન-કરણ.2.The change in the direction of a ray of light:પરાવર્તન; વક્રીભવન.

Refractoriness(રીફ્રૅક્ટૉરિનેસ્)*n.*The quality of being refractory:મસ્તી;હોંગાઇ;જીદ;હઠ;હઠીલાઈ.

Refractory,(રીફ્રૅક્ટૉરિ)*a.*Obstinate:હઠીલું;જીદ્દી

Refrain,(રીફ્રેન્)*vt.* [L.*re* & *frenum,*bridle] To restrain;to curb: અટકાવવું; અંકુશ રાખવો. 2.To abstain from:ન કરવું *vi.*To forbear:-થી વેગળા રહેવું *n.*The burden of a song:ટકડું;ધ્રુપદ;ટુક.

Refrangible,(રીફ્રૅન્જિબલ્)*a.*Capable of being refracted:વાંકું વળનારૂં;પરાવર્તનીય.

Refresh,(રીફ્રેશ્) *vt.* To make fresh again: તાજું કo;વીસામો ખાવો ઉતારવો;આરામ લેવો.

Refreshing,(રીફ્રેશિંગ્)*a* Reviving; reanimating:વિસામો આપનાર;ઉત્તેજન આપનાર.

Refreshment,(રીફ્રેશ્મેન્ટ્)*n.*Restoration of strength: વિસામો; આરામ. 2. An article of food or drink: નાસ્તો.

Refrigerant-ative, (રીફ્રિજરૅન્ટ્-જરેટિવ્) *a.* Cooling:ઠંડું કરે તેવું; શામક. *n.* That which makes cool:ઠંડું કરે તેવું ઓસડ.

Refuge,(રેફ્યુજ્) *n.* [L. *re* & *fugio,* I fly.] Shelter:આશ્રય;શરણ;આશરો; ઓથ; આધાર;અવલંબ. *vt.* To shelter: આશ્રય આપવો.

Refugee,(રેફ્યુજી)*n.*One who flees to a shelter:શરણાગત 2.One who,in times of persecution,flees to a foreign power:શરણાગત પુરૂષ.

Refulgence,(રીફલ્જેન્સ્)*n.*[L.*re* & *fulgeo,* I shine.] The quality of being refulgent splendor:અતિશય તેજ;ચળકાટ;તેજ;ઓપ.

Refulgent,(રીફલ્જેન્ટ્)*a.* Brilliant:ચળકતું.

Refund,(રીફન્ડ્)*vt.* [L. *re* & *fundo,*I pour.] To fund again or anew:નવેસર ભરવું 2 To pour back:-પાછું રેડવું.3.To repay: ભરી-વાળી આપવું.

Refusal, (રીફ્યૂઝલ્) *n.* Denial of anything demanded:નકાર;અસ્વીકાર 2. The choice of taking or refusing;option:લેવા-ન લેવાની ખુશી.

Refuse,(રીફ્યૂઝ્)*vt.* [L. *re* & *fundo,*I pour.] To decline to do or grant:ના પાડવી. 2. To reject:અસ્વીકાર કo 3.To disown:ના મુકર જવું; ના કબૂલ કo. *vi.* Not to comply: ન ગણવું. *n.* (રેફ્યૂસ્) Dregs; dross:કચરો;પુંજો.

Refutable,(રીફ્યૂટબ્લ્)*a.* Admitting of being refuted:ખંડનીય;ખંડન-યોગ્ય; ખંડનશક્ય.

Refutation,(રેફ્યૂટેશન્)*n.*Proof of falsehood or error:તોડ;ખંડન;નિરાકરણ;રદીયો;વિતંડા.

Refute, (રીફ્યુટ્) *vt* [L. *refuto,* I repe.] To prove to be false;to confute:-નું ખંડન કo.

Regain,(રીગેન્)*vt.* To get again:પાછું મેળવવું.

Regal,(રીગલ્)*a* [L *rex,regis,*a king.]Kingly; royal:રાજસંબંધી;વિષયક;રાજકીય;બાદશાહી.

Regale;(રીગેલ્)*n.*A prerogative of royalty રાજાનો હક.*vt.*[L *regelo,*I thaw.] To gratify; સંતુષ્ટ-ખુશી કo.*vi.*To feast: ઉજાણી આપવી. *n.* A repast:જ્યાફત.

Regalement,(રીગેલ્મેન્ટ્)*n.*The act of regaling;refreshment:ખુશાલી;સંતોષ;ઉજાણી.

Regalia, (રીગેલિઅ) *n.* [L. *regalis,* regal.] That which belongs to royalty:રાજચિન્હો; રાજલક્ષણો (*a*)The rights & prerogatives of a king: રાજાના હકો તથા દાવાઓ. (*b*) Royal estates & revenues:રાજાની જાગીરો;મહેસુલો.

Regality,(રીગૅલિટિ) *n.* Royalty; sovereignty:બાદશાહની હકુમત સત્તા;રાજ્યાધિકાર.2. An ensign or badge of royalty:રાજ્યચિન્હ.

Regard,(રીગાર્ડ)*vt.*To look out;to behold:જોવું. 2.To look toward:ના સામું જોવું 3.To observe attentively:પ્રત્યે લક્ષ દેવું. 4. To consider: ગણવું;ગણકારવું. 5. To have a certain feeling toward: લાગણી થવી. 6. To esteem: ગણકારવું. માનવું. 7. To take into consideration; to take account of:ધ્યાનમાં લેવું. 8.To respect; to touch:-ની સાથે સંબંધ હોવો.*n.*Look;view; ધ્યાન;નજર.2.Heed,notice:ધ્યાન;લક્ષ્ય;દરકાર.3. Respect:આબ;સન્માન. 4. Repute: માનપ્રતિષ્ઠા. 5.Thought:વિચાર.6.Relation:નિસબત;સંબંધ.

Regardful,(રીગાર્ડ્ફુલ્)*a.* Heedful:કાળજીવાળું.

Regarding, (રીગાર્ડિંગ્) *prep* Concerning; respecting:સંબંધી વિષે બાબતમાં.

Regency,(રીજેન્સિ)*n.* Deputed or vicarious government:રાજપ્રતિનિધિ.

Regenerate,(રીજેનરેટ્)*a.*[L.*re* & *genero,* I beget.] Reproduced: ફરીથી પેદા થએલું. 2. Born anew: પુનર્જન્મ પામેલું *vt.* To generate

anew:ફરીથી પેદા કo. 2. To convert from sin to holiness: આત્મિક પુનર્જન્મ આપવો. 3. To make a radical change for the better in the character of: સારો ફેરફાર કo.

Regeneration, (રીજેનરેશન) *n.* The act of regenerating:પુનરુત્પત્તિ.2.The entering in to a new spiritual life: પુનર્જન્મ; ઉદ્ધાર. 3. Reformation:સુધારો.

Regenerative, (રીજેનરેટિવ્) *a.* Tending to regenerate:નવું તાજું કરવું;ફરી પેદા કરવું.

Regent,(રીજેન્ટ્) *a.* [L. *rego* I rule] Ruling government:રાજકર્તા.2 Exercising vicarious authority; રાજપ્રતિનિધિનો અમલ બજાવતું *n.*Governor: અધિકારી. 2. One invested with vicarious authority:રાજપ્રતિનિધિ.

Regicide.(રેજિસાઇડ્)*n.*[L.*res,regis,*a king & *cædo,*I kill.]One who murders a king:રાજાનું ખુન કરનાર; રાજ્ય હત્યા. 2. The killing or the murder of a king:રાજાનું ખુન.

Regime,(રેઝીમ્)*n.*Mode or system of rule: રાજની રીત;અમલ;કારકીર્દી;રાજ્ય.

Regimen,(રેજિમેન)*n.* [L.*rego,* I guide.] A systematic course of diet:કરી;પરહેજી;પથ્ય

Regiment,(રેજિમેન્ટ્)*n.* A body of men: ટુકડી;પલટણ;રીજમીટ.

Regimental,(રેજિમેન્ટલ્) *a:* Belonging to a regiment:પલટણનું-સંબંધી;પલટણી.

Region,(રીજન્)*n.*[L. *regio,* a direction.] A province:પ્રદેશ;મુલક;દેશ.2.Place:જગા;સ્થાન.

Register,(રેજિસ્ટર્)*n* [L *re* & *gero,*I carry.] A memorial record:લેખ; નોંધ. 2. A record: નોંધ;ચોપડો;દફતર. *vt.* To enter in a register: નોંધવું.*vi.*To enroll one's name in a register: નામ નોંધાવું. [બારનીસ;દફતરદાર;રજીસ્ટ્રાર.

Registrar,(રેજિસ્ટ્રાર્)*n.*One who registers:

Registration,(રેજિસ્ટ્રેશન્)*n.* Registry; enrollment:નોંધવું તે;દાખલ કરવું તે; નોંધણી.

Registry,(રેજિસ્ટ્રિ) *n.* The act of writing in a register: રજીસ્ટરમાં લખવું તે. 2. The place where a register is kept:નોંધ રાખવાની જગા. 3. A record:નોંધ.

Regress,(રીગ્રેસ્)*n* [L *re* & *gradior,*I walk.] The act of passing back;return: પાછું જવું તે.2.The power of passingback:પાછું જવાની સત્તા.*vi.* To go back:પાછું જવું.

Regression,(રીગ્રેશન્)*n.*The act of passing back:પાછું જવું તે;પરાવર્તન.

Regret,(રીગ્રેટ્)*n.* Sorrow: અફસોસ; ખેદ; શોક; દીલગીરી. *vt.* To experience regret on account of.ખેદ-પસ્તાવો કરવો.

Regular,(રેગ્યુલર્)*a.*[L.*regula,* a rule.] Conformed to a rule:નિયમાનુસાર;રીતસર.2.Orderly:નિયમસર ચાલનાર.3.Constituted or selected in conformity with established usages: ચાલુ રીવાજ પ્રમાણે 4 Through:બરાબર;પૂર્ણ.

Regularity,(રેગ્યુલેરિટિ)*n* Method;conformity કાયદેશીરપણું;યથાવિધિતા;રીત;વ્યવસ્થા;બંદોબસ્ત.

Regulate,(રેગ્યુલેટ્)*vt.*[L.*rego,*I lay straight.] To direct by rule: વ્યવસ્થિત કo; ધોરણ-ક્રમ પ્રમાણે કo;કાયદો-નિયમ બાંધવો.2.To put in good order:બરાબર કરવું.

Regulation, (રેગ્યુલેશન્) *n.* The act of regulating or the state of being regulated: બંદોબસ્ત;વ્યવસ્થા;શાસન કાયદો;ધારો.

Regulator,(રેગ્યુલેટર્) *n.* One who or that which regulates:સુધારનાર;નિયંતા 3.A clock or other timepiece used as a standard of correct time:બરાબર ચાલતું ઘડીઆળ.

Regulus, (રેગ્યૂલસ્) *n. pl.* **reguluses, or.**

Reguli, [L *rex*. *regis* a king.] A petty king:નાનો રાજા; ઠાકોર.

Rehearsal,(રીહર્સલ્)*n* Repetition:પૂર્વપ્રયોગ.

Rehearse,(રીહર્સ્)*vt.* To tell over again; to recite:કહી સંભળાવવું *vt* To recite or repeat something for practice: કહેવું; અભ્યાસને માટે બોલી જવું.

Reign,(રેન્) *n.* [L. *rex,* a king.]The time during which a king possesses the supreme authority: કારકીર્દી, રાજ્ય *vi.* To rule:રાજ કo.2.To prevail; to be predominant:પ્રસરવું; પ્રવર્તવું. 3 To have superior dominion:પર કાબુ મેળવવો.

Reigning,(રેનિંગ્)*a.* Ruling:રાજ કરનારૂં.

Reimburse,(રીઇમ્બર્સ્) *vt.* To replace in a treasury or purse:પાછું ભરવું-ભરીદેવું.

Rein,(રેન્)*n.*[L. *re* & *teneo,* I hold.] The stran of a bridle fastened to the curb or snaffle on each side:લગામની વાધરી-દોરી; અછોડો;રેણ 2.Government; restraint: અધિકાર; અંકુશ.*To give* **r**.*to*:નિરંકુશ-સ્વતંત્ર કરવું; લગામ છોડવી.*To take the* **r.**:હાથ રાખવો *vt.*To direct with the reins:લગામવતી હાથમાં રાખવું *To* **r.** *in* or **r.***up*:લગામ ખેંચી રાખી થોભાવવું.

Reindeer,(રેનડીર્)*n.*A kind of deer: એક જાતનું હરણ;રેનડીઅર.

Reins,(રેન્ઝ્)*n.*[L *ren, renes,* the kidneys.] (*a*) The kidneys:મૂત્રપિંડ;ગુરદો.(*b*)The loins: કટિદેશ-પ્રદેશ;કેડ;કમ્મર.

Reinsert,(રીઇન્સર્ટ્)*vt.* [*re+insert.*] To insert again:ફરીથી અંદર દાખલ કરવું.

Reinspection, (રીઇન્સ્પેક્શન્) *n.* The act of reinspecting:પુનઃતપાસ;બીજીવારની પરિક્ષા.

Reinstall,(રીઇન્સ્ટોલ્)*vt.*To install again in ફરીથી સ્થાપવું-પદવી આપવી.

Reinstate,(રીઇન્સ્ટેટ્)*vt.* To place again in a former state:ફરીથી બહાલ ક૦.

Reinsurance, (રીન્સ્યૂરેન્સ્) *n.* Insurance a second time:વીમો ઉતારેલા માલપર ફરી ઉતારેલો વિમો.

Reinsure, (રીઇન્સ્યૂર્) *vt.* To insure again after a former insurance has ceased:મુદત પુરી થઈ ગયા પછી બીજીવાર વીમો ઉતરાવવો.

Reinvest,(રીઇન્વેસ્ટ્)*vt.* To invest again or anew:ફરીથી શણગારવું;ફરીથી રોકવું.

Reiterate,(રીઇટરેટ્)*vt* [L.*reitero*,I question again.]To repeat again and again:ફરીફરીને વારેઘડીએ બોલવું.

Reject,(રીજેક્ટ્)*vt.* [L. *re* & *jacio*, I throw.] To throw away:છોડી દેવું;તજી દેવું;વર્જવું 2. To refuse to receive:ના પસંદ કરવું; ના પાડવી. 3. To refuse to grant:ના કબૂલ કરવું;નામંજુર ક૦.

Rejection,(રીજેક્શન્)*n.*The act of rejecting: નાપસંદગી;નકાર;અસ્વીકાર;ત્યાગ;વર્જન.

Rejoice,(રીજોઈસ્) *vi.* [L. *re* & *gandeo*, I rejoice]To feel joy:હરખાઈ ખુશ થઈ જવું. *vt.* To enjoy:અનુભવવું;ભોગવવું.

Rejoicing, (રીજોઇસિંગ્) *n.* Joy: આનંદ; હર્ષ. *Public* r.:મહોત્સવ;ઉત્સવ;ઓચ્છવ.

Rejoin,(રીજોઇન્) *vt.* To join again: ફરીથી જોડવું;ફરીથી મળવું; એકઠું થવું. 2. To state in reply:જવાબમાં કહેવું.*vi.* To answer to a reply ઉત્તરનો પ્રત્યુત્તર આપવો.

Rejoinder,(રીજોઈન્ડર્) *n* An answer to a reply:પ્રત્યુત્તર.2.The defendant's answer to the plaintiff's application:પ્રતિવાદીનો જવાબ *vi.*To make a rejoinder:પ્રત્યુત્તર આપવો.

Rejuvenate,(રીજ્યૂવીનેટ્)*vt.*[L.*re*,& *juvenis* To render young again:ફરીથી જુવાન કરવું થવું

Relapse,(રીલૅપ્સ્)*vi.*[L *re* & *labor*,I slide.] To turn back: પાછા પડવું. 2. To turn back into a former state:પાછા અસલ સ્થિતિમાં જઈ પડવું; ઉથલો ખાવો; રોગ-દરદ પાછો ઉથળવો. *n.* A falling back:ઉથલો.

Relate,(રીલેટ્)*vt.*[L. *re* & *latus*, carried.] To refer:લાગુ પાડવું.2.To recount:કહેવું 3.To ally by connection:સંબંધ કરાવવો.*To* r.*one's self*:મળીને પોતાના વિચાર જણાવવા *vi.* To pertain; to refer:-ની સાથે સંબંધ હોવો.2.To make reference:બ્યાન કરવું.

Related,(રીલેટેડ્) *p p.* & *a.* Allied by kindred:સગું;સ્વજાતીય 2.Standing in relations: સંબંધ ધરાવતું 3 Narrated:બ્યાન કરેલું.

Relating (રીલેટિંગ્)*a* Connecting:સંબંધીનું.

Relation,(રીલેશન્) *n.* Account; narration: કથન;બ્યાન:વાર્તા;નિરૂપણ.2.Connection:સંબંધ; નાતો;નિસબત;લેવાદેવા 3.Relationship:સંબંધ; સગાઈ.4.A relative;a kinsman or kinswoman:સગુ;સંબંધી;સગોત્ર;પિંડ;બંધુ;બાંધવ.

Relationship,(રીલેશનશિપ્)*n.* The state of being related by kindred affinity or other alliance:સંબંધ;જ્ઞાતિભાવ;બંધુતા;સગપણ;સગાઇ.

Relative,(રેલેટિવ્)*a.*[L.]Referring;respecting:લાગતું;સંબંધી;લાગુ.2 Arising from relation:સંબંધવાળું.3 Indicating relation:સંબંધકરી *R.importance*:તારતમ્ય. *n.* One who or that which relates to:સગુ; સંબંધી. 2.A relative pronoun:સંબંધી સર્વનામ.

Relax (રીલૅક્સ્)*vt* [L. *re* & *laxo*,I lose.] To slacken:ઢીલું કરવું;શિથિલ ક૦.2 To make less severe or rigorous: ઓછું કરવું. *vi.* To become lax:-ની શક્તિ નરમ-ઓછી થવી.3.To remit attention or effort:અભ્યાસમાં ધીમા પડવું,

Relaxation,(રીલૅક્સેશન્)*n.* The act or process of relaxing:શિથિલતા;શાંતિ.2.Remission from attention and effort:વિસામો; ફુરસદ.

Relay,(રીલે)*n.*[L.*re* & *ligo*,I bind.] A supply of horses &c for affording relief: ટપ્પેટપ્પે બદલીને માટે રાખેલા ઘોડા.

Release,(રીલીસ્) *vt.* To let loose again;to let go:-ને છોડવું-છોડાવવું; બંધી ખાનામાંથી છુટું કરવું 2.To let go, as a legal claim:છોડવું;મુકીદેવું.*n.*Liberation or discharge from restraint of any kind:છુટકારો;છુટકો;મુક્તિ..2.A giving up or relinquishment of some right or claim:ફારગતી;ની દાવાચીઠી.

Relegation,(રેલીગેશન્) *n.* Exile; removal; banishment:દેશનિકાલ;દેશત્યાગ.

Relent,(રીલેન્ટ્)*vi* [L. *re* & *lentus*, pliant.] To feel compassion:-ને દયા આવવી;મન પીગળવું *vt* To slacken;to abate: ઓછું કરવું.2.To soften:નરમ પાડવુ.3.To molify:શાંત પાડવું.

Relentless. (રીલેન્ટ્લેસ્) *a.* Unyielding;unpitying:નિર્દય;કઠોર;વજ્ર છાતીનું.

Relevant,(રેલીવૅન્ટ)*a.* [L *re* & *levo*,I lift] Pertinent;applicable:મુદ્દાને લાગુ પડે એવું;પ્રસ્તુત.

Reliable,(રીલાઇએબલ્) *a.* Suitable or fit to be relied on:ભરોંસાદાર;વિશ્વાસુ;આધાર રાખવા લાયક.

Reliance,(રીલાઇઍન્સ્)*n.*Trust:ભરોસો; પતીજ.

Relic,(રેલિક્)*n.*[L.*relinquo*,I leave behind] A remnant:અવશેષ;શેષભાગ.2.A memorial: રહેલી નિશાની;સંભારણું;સ્મારક.

Relict,(રેલિક્ટ) *n.* [L. *relinquo*,I leave behind.]A widow:રાંડીરાંડ;વિધવા સ્ત્રી.

Relief,(રીલીફ્)*n.* [L *re* & *levo*, I lift up.] Comfort:શાંતિ;આરામ; કળ;શમન. 2. Release from a post: બદલી 3.Redress:છુટકારો;ઇનસાફ; દાદ;વહાર 4.The projection of a figure above the ground:સપાટ ભોંયપરથી ઉપસેલી આકૃતિ.

Relievable,(રીલીવૅબલ્)*a.*Capable of being

relieved:છુટકારો થાય એવું.

Relieve,(રીલીવ્)*vt.*[L *re,*& *levo,* I lift up.] To remove the monotony of:ફેરબદલી ક૦.2. To alleviate:અડચણ મટાડવી; ને આરામ ક૦. 3. To free from any burden:છુટું ક૦.4.To release from a post or duty:કામથી મુક્ત ક૦.

Religion,(રીલિજન્)*n.*[L. *re,*& *ligo,*I bind.] A system of faith and worship:ધર્મ;પંથ.

Religionist,(રીલિજનિસ્ટ્)*n.* One earnestly devoted to a religion:ધર્મમાં સ્વમતાભિમાની પુરૂષ.

Religious,(રીલિજસ્) *a* Pertaining to religion:ધર્મસંબંધી-નું;ધર્મવિષયક.

Relinquish,(રીલિંક્વિશ્)*vt* [L.*re,*& *linquo,* I leave behind.]To leave behind;to quit: છોડવું;મુકવું;તજવું.2.To give up:પરથી હાથ ઉઠાવવો.

Relinquishment, (રીલિંક્વિશ્મેન્ટ્) *n.* The act of relinquishing:ત્યાગ;વર્જન;ઉત્સર્ગ;મોચન.

Relish,(રેલિશ્)*vt.*[L.*re* and *lingo,*I lick up.] To taste or eat with pleasure:-નો સ્વાદ લાગવો.*vi.*To have flavor:આનંદ-સંતોષ પામવો *n.* A pleasing taste:રૂચી;અભિરૂચિ 2.Savor:પ્રસન્નતા

Relishable,(રેલિશૅબલ્)*a.* Capable of being relished; gratifying:સ્વાદિષ્ટ;રૂચિકર.

Reluctance,(રીલકટૅન્સ્)*n.*The state or quality of being reluctant:નાખુશી;નામરજી.

Reluctant,(રીલકટૅન્ટ્) *a.* [L. *re* & *luctor,* I wrestle.]Loth;unwilling:નાખુશ;નારાજ.

Rely,(રીલાઇ)*vi.*To trust:ભરૂસો-વિશ્વાસ રાખવો.

Remain,(રીમેન્)*vi.*[L. *re* & *maneo,*I stay.] To stay behind while others withdraw: પાછળ રહેવું.2. To abide:રહેવું; મુકામ ક૦.*vt.* To be left to:બાકી શીલક રહેવું-હોવું. *pl.* (*n*) That which is left of a human being after the life is gone:મડદું;શબ.2.શેષ; બાકી;ખંડિયેર.

Remainder,(રીમેન્ડર્)*n.*Anything that remains:બાકી;શેષ; શિલક.

Remaining,(રીમેનિંગ્)*a.*Left behind:બાકીનું.

Remains,(રીમેન્ઝ્)*n.* Dead body:મડદું;શબ 2. Ruined buildings:ખંડેરો.3 શેષ; બાકી.

Remand,(રીમૅન્ડ્)*vt* [L.*re* & *mando,* I commit to one's charge.]To recommit;to send back:ફરીથી તપાસ થવાને માટે પાછું મોકલવું. *n.* The act of remanding:મોકલવાનો હુકમ.

Remark, (રીમાર્ક્) *vt.* To take notice of; to observe mentally:ધ્યાનમાં લેવું.2. To say;to state:કહેવું;બોલવું;ટીકા ક૦.*vi.*To make a remark ટીકા કરવી.*n.* Notice.ધ્યાન.2. Hence,a casual observation,comment or statement:ટીકા;ચર્ચા

Remarkable,(રીમાર્કૅબલ્)*a.*Noticeable;conspicuous:પ્રખ્યાત;પ્રસિદ્ધ;નામાંકિત;અસાધારણ.

Remarriage,(રીમૅરિજ્) *n.* A second or repeated marriage:ફરીનું લગ્ન;પુનર્વિવાહ;નાતરૂં.

Remarry,(રીમૅરિ)*vt.&i.*To marry again:પુનર્લગ્ન કરવું;બીજીવાર પરણવું; નાતરૂં ક૦.

Remediable,(રેમીડિઍબલ્)*a.*Capable of being remedied or cured:ઉપાય કરવા જોગ.

Remediless,(રેમીડિલેસ્)*a.* Incurable; irrepairable:નિરૂપાય;બેઇલાજ;ઉપાય શૂન્ય-રહિત.

Remedy,(રેમીડિ)*n.*[L.*re* & *medeor,*I heal.] That which relieves or cures a disease: ઇલાજ;ઔષધ.2.Reparation;cure:ઉપાય;ઇલાજ. *vt.*To cure:મટાડવું;નિવારણ ક૦;બંદોબસ્ત-ઇલાજ ક૦.

Remember,(રીમેમ્બર્)*vi.* [L. *re* & *memor,* mindful.] To recollect: યાદ કરવું; સ્મરણ ક૦; સાંભરવું. 2. To put in mind;to remind:યાદ દેવડાવવું.*vi.* To exercise the power of memory:-ને સાંભરવું;-ને યાદ આવવું.

Remembrance,(રીમેમ્બ્રૅન્સ્) *n.* The act of remembering; recollection:સ્મરણ;યાદ; ફામ. 2.The state of being remembered; memory:યાદદાસ્તી;સ્મરણશક્તિ;સ્મૃતિ.3.Something remembered:યાદગિરી;સ્મરણ કરાવનારી વસ્તુ;સંભારણું.4. A memorial:યાદગિરી.

Remembrancer,(રીમેમ્બ્રૅન્સર્),*n.* One who or that which serves to bring to mind: સ્મરણ કરાવનાર;યાદ દેવડાવનાર;યાદગિરી;સંભારણું.

Remind,(રીમાઇન્ડ્) *vt.* To bring to the remembrance of:સંભારવું;-ને યાદ દેવડાવવું.

Reminder,(રીમાઇન્ડર્)*n.* One who or that which reminds:સ્મરણ કરાવનાર;સૂચવનાર.

Reminiscence-cy, (રેમિનિસેન્સ્-સિ) *n.* [L. *reminisco,*I recall to mind.]Remembrance memory:યાદદાસ્ત;સ્મૃતિ;સ્મરણ.

Remiss,(રીમિસ્)*a.* [L.*re* & *mitto,*I send.] Careless:બેદરકાર,બેપરવા.2.Languid: શિથિલ.

Remission, (રીમિશન્)*n.* The act of remitting,surrendering or giving up:પાછું આપવું તે.2.Pardon for transgression: માફી,ક્ષમા.

Remissness,(રીમિસનેસ્)*n.*Quality or state of being remiss:બેપરવાઈ;બેદરકારી;આફેલ;પ્રમાદ.

Remit,(રીમિટ્)*vt.*[L *re*&*mitto,* I send.] To send back:પાછું મોકલવું;પાછું આપવું 2.To transmit or send, *esp* to a distance:હુંડી કરાવી (પૈસા)મોકલવા;મોકલીઆપવું.3. To forgive.ક્ષમા -માફ કરવું;છોડી દેવું.4. To relax:સમાવવું;માફ ક૦; છોડીદેવું. 5. To refer:પર નાંખવું;આલવવું. *vi.* To abate in force or in violence: નરમ-હલકું પડવું;ઉતરવું.2.To send money:પૈસા મોકલવા.

Remittance,(રીમિટૅન્સ્)*n.* The act of transmitting money:મોકલવું તે.2. The thing or sum remitted:મોકલેલા પૈસા-અવેજ.

Remittent,(રીમિટેન્ટ્)*a.*Remitting;having remissions:રોજ આવીને ઉતરીજવું; ચઢઉતરવું; R, *fever*:વિષમજ્વર.

Remnant,(રેમ્નૅન્ટ્)*a*. [L. *re* & *manes*,I remain.]Remaining;yet left:વધેલું;બાકીનું;શેષ. *n*. Residue:શેષ;અવશેષ.2. A small portion: કડકો.3.An end of piece goods:ખંડ.

Remodel,(રીમૉડેલ્)*vt*.To model or fashion anew;to change the form of:ફરીથીનમુનોકરવો

Remonstrance,(રીમૉન્સ્ટ્રૅન્સ્)*n*.(*a*) Proof;a pointing out:સાબીતી;દાખલો.(*b*)Protest;expostulation:કાન ઉઘાડણી;દલીલ; પ્રબોધ વચન;ઉપદેશ

Remonstrate,(રીમૉન્સ્ટ્રેટ્)*vt* [L *re*&*monstro* I show.]To point out:સ્પષ્ટ રીતે બતાવવું.*vi* To expostulate:દલીલદાખલા પૂર્વક શિખામણ દેવી.

Remordency-remorse, (રીમૉર્ડેન્સિ-રીમૉર્સ્) *n*. [L.*re* & *mordeo*,I bite.]The anguish, excited by a sense of guilt:ખોટું કામ કર્યાને લીધે થતો ખેદ-પસ્તાવો;પશ્ચાત્તાપ 2.Pity:દયા-કરૂણા

Remorseful,(રીમૉર્સ્ફુલ્)*a* Full of remorse: પસ્તાવાભરેલું.2 Feeling tenderly: દયાળુ.

Remorseless(રીમૉર્સ્લેસ્)*a*.Cruel:નિર્દય.

Remote,(રીમૉટ્)*a*.[L *re*,& *moveo*,I move] Not near:દૂરનું.2 (*a*)Alien:પ્રતિકૂળ;અનુકૂળ નહી તેવું;વેગળું.(*b*)Not nearly related:દૂરનું;વેગળેનું

Remoteness,(રીમૉટ્નેસ્)*n*. Distance:અંતર.

Remount,(રીમાઉન્ટ્)*vt*.&*i*.To mount again: ફરીથી સ્વારી કo;ફરીથી સ્વાર થવું.

Removable, (રીમુવૅબલ્) *a*. Admitting of being removed:ખસેડી શકાય તેવું.

Removal(રીમુવૅલ્)*n*.The act of removing;or the state of being removed:સ્થાનાંતર;બરતરફી.

Remove(રીમુવ્)*vt*.[L. *re*& *moveo*,I move.] To displace:ખસેડવું;બદલવું.2. (*a*) To cause to cease to be;to take away:મટાડવું. (*b*) To banish:કાઢી મૂકવું.3.To dismiss:બરતરફ કo;રજા આપવી.*vi*.To change place in any manner: ખસવું. *n* A removal:સ્થલાંતર;સ્થાનભેદ.2 The transfer of one's business:ફેરફાર.3 Distance;stage:પગલું;પાયરી;પગથીયું.4.આંતરો;છેટું

Remunerate,(રીમ્યૂનરેટ્)*vt* [L *re*&*munus*, a gift.]To recompense:-નો બદલો આપવો.

Remuneration,(રીમ્યૂનરેશન્)*n* That which is given to remunerate:બદલો;પ્રતિફળ;અવેજ.

Remunerative,(રીમ્યૂનરેટિવ્)*a*. Affording remuneration:બદલો-મહેનત મળે-આપે એવું.

Renal,(રીનૅલ્)*a*.[L *renes*,the kidneys.] Pertaining to the kineys:મુત્રપિંડ સંબંધી:ગુર્દાનું.

Renard,(રેનાર્ડ્)*n*.A fox:શિયાળ;કોલું.

Rencounter,(રેન્કાઉન્ટર)*vt*. To meet unexpectedly:એકદમ-ઓચીંતા મળવું 2. To attack hand to hand:સામસામા લડવું.*vi*.To come in collision: સામસામા અથડાવું. *n*. A meeting of two persons or bodies:ભેટ;મુલાકાત 2. A casual combat or action:ઓચીંતી થતી મારામારી.

Rend,(રેન્ડ્)*vt*.To split;to burst:ચીરવું;ફાડવું; તોડવું.2.To part or tear off forcibly:જોર જુલમથી જુદાવી લેવું;બળાત્કારથી લેઈ લેવું. *vi*. To be parted:ફાટી જવું;જુદું પડવું.

Render,(રેન્ડર્)*n*.One who rends:ફાડનાર;ચીરનાર.*vt*.[L. *re*&*do*,I give.] To translate:તરજુમો કo; ભાષાંતર કo. 2. To interpret;to set forth:બનાવવું;બજાવવું;કરવું.*vi*. To give an account:હિસાબ આપવો.

Rendering,(રેન્ડરિંગ્)*n*.The act of one who renders:ભાષાંતર કરનારનું કામ. (*a*)A version; translation:તરજુમો;ભાષાંતર;સમજુત.

Rendezvous,(રેન્ડૅવૂ)*n*.*pl*.The appointed place for troops: ફોજનો નીમેલો મુકામ. 2. A meeting by appointment:સંકેતસ્થાન.*vt*.To assemble or meet at a particular place: અમુક જગાએ એકઠાં થવું *vt*. To bring together at a certain place:અમુક જગાએ એકઠા કરવા.

Renegade,(રેનીગેડ્)*n* [L.*re*,&*nego*,I deny.] An apostate from any form of religious faith: સદ્ધર્મ-સ્વધર્મત્યાગી.

Renew(રીન્યૂ)*vt*. To give new life to:તાજું કo.2.To continue in force:જારી રાખવું.3.To begin again:ફરીથી આરંભ કરવું.*vi*.To become new:નવું થવું.

Renewal,renovation, (રીન્યૂઍલ્-રેનોવેશન્) *n*.The act of renewing or being renewed: નવીકરણ;જીર્ણોદ્ધાર;પુનઃકરણ.

Renewed,(રીન્યૂડ્)*a*.Done again:ફરીથી થએલું.

Renounce,(રીનાઉન્સ્)*vt*. [L.*re* & *nuntio*,I announce.]To reject or decline formally; to disclaim:કબૂલ ન કરવું;ન માનવું. 2. To disown:-પરથી હાથ ઉઠાવવો;છોડી-મુકીદેવું; વર્જવું.

Renouncement,(રીનાઉન્સ્મેન્ટ્)*n*.The act of disclaiming or rejecting:પરિત્યાગ;ત્યાગ;વર્જન.

Renovate,(રેનોવેટ્)*vt* [L.*re*,& *novo*,I make new.]To makeover again;to renew:સમારવું.

Renown,(રીનાઉન્) *n*. Fame: નામ; કીર્તિ; યશ; ખ્યાતિ;વિખ્યાતિ;પ્રસિદ્ધિ;તારીફ.

Renowned,(રીનાઉન્ડ્)*a*. Famous:નામીચું.

Rent,(રેન્ટ્)*n* An opening made by rending: ચીરો;ફાટ;ગડકો.2.તૂટ;ફુટ;એ બનાવ.*n*.[L.*reddo*, I pay back.] A certain periodical profit: ભાડું.*Nominal* r.:સલામી.*vt* To lease: ગણોતે-ભાડે આપવું.2. To take and hold under an agreement to pay rent:ભાડેરાખવું-લેવું.

Rental,(રેન્ટૅલ્)*n*. A rent roll: આવકહાનીનીયાદ; વસુલભાડાંનીયાદ 2.A sum total of rents:ભાડું.

Renumerate,(રીન્યુમરેટ્)*vt* [*re* & *numero*, I count] To recount:ફરીથી ગણવું.

Renunciation, (રીનન્સિએશન્) *n*. [L. *re* & *nuntio*,I tell] Disavowal;denial: પરિત્યાગ.

Reorganization, (રીઑર્ગૅનાઈઝેશન) *n.* The act of reorganizing:ફરીથી કરેલીયોજના.

Reorganize, (રીઑર્ગૅનાઇઝ્) *vt.& i.*To organize again or anew:નવેસરથીગોઠવવું-રચવું-વ્યવસ્થા કo. [anew;ફરીથી બાંધવું.

Repack, (રીપૅક્) *vt.*To pack a second time or

Repair, (રીપૅર્) *vi.*[L.*re,*& *patria,*one's native country.]To return:પાછું જવું.*n.* The act of repairing or resorting to a place:ગમન;આવાગમન.*vt.* [L. *re.* & *paro,*I get ready,] To mend:સમરાવવું;દુરસ્ત કo 2.To make amends for: ભરી આપવું. *n.* Supply of loss: મરામત. સમરામણી.

Reparation, (રેપૅરેશન) *n* The act of renewing:મરામત;સુધારો.2.Amends:સાટું;બદલો;અવેજ

Repartee, (રીપાંર્ટી) *n.*[L *re & partis,*a part.] A smart and witty reply:હાજરજવાબ; સમયોચિત ઉત્તર. *vi.* To make smart and witty replies:હાજર જવાબઆપવો.

Repass. (રીપૅસ્) *vt.*To pass again:પાછું નિકળવું. *vi.*To pass or go back:પાછું જવું.

Repast, (રીપૅસ્ટ્) *n.*[L. *re,* & *pasco,*I feed again.] The act of taking food:ભોજન;જમણ. 2.A meal:જમણ;ખાણું;ખોરાક. *vt.* To supply food to;to feast:ખાવાનું આપવું.

Repay, (રીપે) *vt.* To pay back: પાછું આપવું. 2. To recompense:બદલો-વાળવો.

Repayment, (રીપેમેન્ટ્) *n.* The act of repaying:ભરી આપવું તે.2.The money repaid:ભરીપાછું આપેલું નાણું.

Repeal, (રીપીલ્) *vt.* [L. *re* & *appello,* I call upon.]To recall: ફરીથી બોલાવવું. 2. To abrogate by authority:બાતલ કo.

Repeat, (રીપીટ્) *vi.*[L *re* & *peto,*I seek.]To go over again; to recite:મોઢે કરેલું બોલવું.

Repeater, (રીપીટર્) *n.*One who repeats:ફરીફરીને બોલનાર (*a*) A watch with a striking apparatus:વાગતી ઘડીઆળ.

Repel, (રીપેલ્) *vt.*[L.*re* & *pello,* I drive.] To drive back:પાછું હઠાવવું 2.To resist effectually:અટકાવવું.

Repellent, (રીપેલેન્ટ્) *a.* Driving back:પાછું હઠાવનાર. *n.*That which repels:પાછો હઠાવનાર; નિવારક.

Repent, (રીપેન્ટ્) *a*[L.*re* & *pœniteo,*I make to repent.]*vi.*To feel pain, sorrow, or regret,for what one has done or omitted to do: પશ્ચાતાપ કરવો. 2. To cease to love and practise sin:પાપનો-ને માટે પશ્ચાતાપ-પસ્તાવોકરવો *vt.*To feel pain on account of:-નોપશ્ચાતાપકo.

Repentance, (રીપેન્ટન્સ્) *n.*The state of being penitent;sorrow for what onehas done: પશ્ચાતાપ;પસ્તાવો;અનુતાપ;શોકઃજીવ બળો.

Repentant, (રીપેન્ટન્ટ્) *a.* Sorrow for sin: પશ્ચાતાપી 2.Expressing sorrow for sin:પશ્ચાતાપયુક્ત.*n.*One who repents:પશ્ચાતાપ કરનાર.

Repercussive, (રીપર્કસિવ્) *a.* Having the power of sending back:પાછું મારવું-આવવું;પ્રતિઘાતી.

Repetition, (રીપીટિશન) *n.* [L. *re* & *peto,* I seek.]The act of repeating;reteration:પુનર્વચન;પુનરૂક્તિ;આવર્તન;પુનરાવર્તન.

Repine, (રીપાઇન્) *vi.* To fail,નિષ્ફળ થવું. 2. To continue pining:મનમાં બળયા કo;ઝુરવું.

Replace, (રીપ્લેસ્) *vi.*To place again:જ્યાં પહેલાં હતું ત્યાં મુકવું.2. To supply or substitute an equivalent for:-નીજગામાં બીજુંનવું મુકવું. 3. To take the place of:-ની ખોટ પૂરવી.

Replant, (રીપ્લૅન્ટ્) *vt.*To plant again:નવેસરથી વાવવું-રોપવું.

Replete, (રીપ્લીટ્) *a.*[L.*re* & *pleo,*I fill]Filled again;full:ભરપૂર;ભરેલું; પૂર્ણ. *vt* To fill completely:બરાબર ભરવું.

Repletion, (રીપ્લીશન) *n.*The state of being repleted;superabundant fullness:પરિપૂર્ણતા.

Repletive, (રીપ્લીટિવ્) *a.* Tending to make replete, filling:ભરેલું;ભરપૂર થવું.

Replication, (રેપ્લિકેશન) *n* [L *re* & *plico,*I fold] An answer:પ્રત્યુત્તર. 2. The reply of the plaintiff, in matters of fact, to the defendant's plea:વાદીનો જવાબ.

Reply, (રીપ્લાઈ) *vi.*[L.*re* & *plico,* I fold.]To answer:જવાબ આપવો 2 To answer a defendant's plea:પ્રતિવાદીએ આપેલા જવાબનો વાદીએ પ્રત્યુત્તર વાળવો.*vt.*To return for an answer: જવાબ વાળવો.

Report, (રીપોર્ટ્) *vt.*[L.*re* & *porto,* I carry.] To refer: હકીકત કહેવી-લખવી 2 To bring back: ખબર કહેવી.3.To relate;to circulate publicly:-નું બયાન કરવું 4.To give an official account or statement of:અધિકારની રૂએ હેવાલ આપવો;જાહેરકo. *vi.* To make a report: બીનાનો હેવાલ આપવો.2.To furnish in writing an account of a speech:છાપામાં લખવામાટે ભાષણનો હેવાલ લખી આપવો. *n.* That which is reported:હેવાલ; હકીકત. (*a*) An account or statement of the results of examination: કરેલી તપાસનો રીપોર્ટ.(*b*) A rumour:અફવા;ઉડતી ખબર.(*c*)Sound:અવાજ;ધડાકો (*d*)A sketch of a speech:ભાષણની ટુંકનોંધ (*e*)Fame:નામ;કીર્તિ.

Reporter, (રીપોર્ટર્) *n.*One who reports: ખબર આપનાર;બાતમીદાર.(*a*) An officer or person who makes authorized statements of law: બાતમી આપનાર અમલદાર.(*b*)One who reports

speeches,the proceedings of public meetings,news &c, for the newspapers:વાર્ષિક; રિપોર્ટર.[reposing:વિસામો;વિશ્રામ વિરામ;આરામ.

Reposal, (રીપોઝૅલ્) *n*. The act or state of

Repose,(રીપોઝ્)*vt* [L. *re* & *pono*, I put.] To lay at rest:આરામ લેવો. 2. To set;to intrust:મૂકવું;રાખવું.*vi*. To lie at rest; to rest: આરામ લેવો;સૂવું.*n*. Sleep;rest:આરામ; વિશ્રામ 2. Rest of mind:સમાધાન; ચેન.

Repository,(રીપૉઝિટરિ)*n*. A place where things are or may be reposited.ભંડાર;વખાર; કોઠાર. [પાછું કબજામાં લેવું.

Repossess,(રીપૉઝ્‌ઝેસ્)*vt*. To possess again:

Reprehend,(રેપ્રીહેન્ડ્)*vt*.[L.*re* & *prehendo* I lay hold of.]To chide; to blame:ઠપકો દેવો; ખીજવું;-ને માથે દોષ મૂકવો.

Reprehensible, (રેપ્રીહેન્સિબલ્) *a*. Culpable;blamable:ઠપકાલાયક;દોષપાત્ર;નિંદ્ય; દૂષણીય.

Reprehension,(રેપ્રીહેન્શન્)*n*. Reproof;censure;blame: દોષારોપ; નિંદા;દૂષણ; ઠપકો.

Represent,(રેપ્રીઝેન્ટ્)*vt*.[L. *re* & *præsento*, I place before.] To present again: બતાવવું. 2.To delineate:ઓળખવું;ચિતરવું 3. To personate:-નો સોંગ વેષ ધારણકરવો-લેવો.4.To stand in place of:-ના પ્રતિનિધિ થવું.To show;to set forth:વર્ણવવું;નિરૂપણ કo.5.To bring a sensation of into the mind;to present:દેખાડવું.

Representation,(રેપ્રીઝેન્ટેશન્) *n*. The act of representing,in any sense of the verb: દર્શન;વર્ણન.2.That which represents:વર્ણન. (*a*)A likeness:પ્રતિમા;મૂર્તિ;છબી;પુતળું.(*b*) A description:વર્ણન. (*c*) The body of those who act as representatives of a community:વકિલ:પ્રતિનિધિ. (*d*) Any collateral statement of fact:વિનંતિ;અરજ; વિજ્ઞાપના; ચાડી. *n*. The act of representing:પુનઃદર્શન-સૂચન.

Representative, (રેપ્રીઝેન્ટેટિવ્) *a*. Fitted to represent:સાંકેતિક. 2. Bearing the character or power of another:પ્રતિનિધિ રૂપ;વકીલદાખલ.*n*.One who represents or stands in the place of,another:વકીલ;પ્રતિપુરૂષ;મુખત્યાર

Repress,(રીપ્રેસ્)*vt*.[L,*re* & *premo*, I press.] To press again: ફરી દબાવવું. *vi*. To quell: બેસાડીદેવું;સમાવવું 2.To check:કાબુમાં રાખવું.

Repressive.(રીપ્રેસિવ્) *a*. Having power to repress:દાબમાં રાખે બેસાડી દે એવું.

Reprieve,(રીપ્રીવ્)*vt*.[L. *reprobo*, I reject.] To delay the punishment of; to give a respite to:-ની શિક્ષામાં વિલંબ કo.2 To relieve for a time:-માંથી થોડા વખત સુધી છુટું કરવું. *n*. A temporary suspension of the execution of a sentence,of death:દેહાંત દંડની શિક્ષા મુલતવી રાખવી તે;મહેતલ;તહકુબી 2. Interval of ease or relief:થોડી વારનો છુટકો; છુટકારો.

Reprimand,(રેપ્રિમૅન્ડ્)*n*.[L. *re*, & *premo*, I press,]Severe or,formal reproof:ઠપકો; દોષ. *vt*.To reprove severely:દોષ દેવો.

Reprint,(રીપ્રિન્ટ્) *vt*. To print again: ફરીથી છાપવું.2.To renew the impression of:ફરીથી નવી આવૃત્તી કાઢવી.*n*.A second or a new impression or edition of any printed work: ચોપડીનીનવીઆવૃતિ.

Reprisal,(રીપ્રીઝૅલ્)*n*.[L. *re*, & *prehendo*, I seize.]The act of taking from an enemy by way of retaliation:શત્રુએ જે કાંઈ લીધું હોય તેના બદલામાં શત્રુનું કાંઇ પકડી લાવવું તે;પ્રત્યપહરણ.

Reproach,(રીપ્રોચ્)*vt*.[L.*re* & *prope*,near.] To upbraid:ઠપકો દેવો *n* Abusive reflection: ઠપકો.2.Shame:બદનામી 3.Scorn:ધિક્કાર.

Reproachful, (રીપ્રોચ્ફુલ્) *a*. Upbraiding: તિરસ્કાર સહિત ઠપકાનું;નિંદા ભરેલું.

Reprobate,(રેપ્રોબેટ્)*a*.[L.*re* & *probo*, I disapprove.] Not enduring proof or trial; disallowed: નાપસંદ કરેલું. 2 Abandoned to punishment:પાપમાંગરકથઈગએલું. *n*. One morally abandoned and lost:વહી-વંઠી-બહેકી ગએલું માણસ. *vt*. To condemn as unworthy: ધિક્કારવું.

Reproduce,(રીપ્રોડયૂસ્)*vt*.To produce again: નવેસર ફરીથી પેદા ઉત્પન્ન કo. (*a*) To bring forward again:ફરીથી આગળ આણવું.

Reproof,(રીપ્રુફ્)*n*. An expression of blame or censure;reproach:નિંદાવાક્ય;બોલ;મેણું.

Reprovable,(રીપ્રુવૅબલ્)*a*.Worthy of reproof or censure:ધમકાવવા-ઠપકો દેવા જોગ-ઠપકા પાત્ર.

Reproval,(રીપ્રુવૅલ)*n*.Reproof: ઠપકો;નિંદા.

Reprove, (રીપ્રુવ્) To disprove; to refuse: ખંડન કo;ખોટું પાડવું.2.To chide:ઠપકો દેવો.

Reptile,(રેપ્ટાઇલ્)*a*.[L.*repo*,I creep.]Creeping;moving on the belly: પેટ ઘસડીને ચાલનારૂં;ઘણા નાના પગે ચાલતું *n*. An animal that crawls:પેટે ચાલનારૂં પ્રાણી;સાપ; અરોળી વિગેરે.

Republic,(રીપબ્લિક્)*n*. [L. *res* a thing, & *publicus*,belonging to the people.] Common weal: સાર્વજનિક હિત. 2 A common wealth:પ્રજાસત્તાક રાજ્ય;લોક સત્તાત્મક રાજ્ય.

Republican,(રીપબ્લિકૅન્) *a* Of or pertaining to a republic:પ્રજાસત્તાક રાજ્યનું.*n*.One who favors or prefers a republican form of government:પ્રજાસત્તાક રાજ્ય પસંદ કરે-પડતેમાણસ.

Republish,(રીપબ્લિશ્)*vt*.To publish anew: ફરીથી છપાવી પ્રસિદ્ધ કo.

Repudiate,(રીપ્યૂડિએટ્) *vt* [L. *re* & *pudo*, I am shamed.]To reject:છોડી દેવું;ત્યજવું.2. To

divorce,put away,or discard,as a wife:છેડો ફાડી આપવો;છુટા છેડા કરવા 3. To refuse to acknowledge or to pay:ના કબુલ કરવું.

Repudiation,(રીપ્યૂડિએશન્) *n.* The act of repudiating:તરછોડનાખવું;અસ્વીકાર; પરિત્યાગ.

Repugnance-cy,(રીપગ્નેન્સ્-ન્સિ)*n.* [L. *re* & *pugno*,I fight]Opposition:વિરોધ;પ્રતિકૂળતા. 2.Aversion:નાખુશી;વિરાગ;અણગમો;કંટાળો;ત્રાસ.

Repugnant,(રીપગ્નેન્ટ્)*a.*Hostile; contrary: પ્રતિકૂળ;સામું;ઉલટું;વિરૂદ્ધ વાંકું;વિપરીત; વિરોધી,

Repulse,(રીપલ્સ્)*vt.*[L.*re*; & *pello*,I drive.] To repel: પાછું હઠાવવું.2.To reject: ના પાડવી. *n.* The act of repelling:પ્રતિઘાત;હડસેલો. 2. Refusal:સામો અટકાવ.

Repulsive-sory,(રીપલ્સિવ્-સૉરિ)*a.* Serving to repulse:પ્રતિસારક;પ્રત્યાકર્ષક. 2. Offensive: ગમે નહીં એવું;અપ્રિય;અતડું;નિઃસ્નેહ:અપ્રીતિજનક.

Reputable,(રેપ્યૂટબલ્)*a.*Honorable;respectable:આબરૂદાર; પ્રતિષ્ઠિત;હુરમતદારી શિષ્ટ;શાહાજોગ

Reputation,(રેપ્યૂ ટેશન્)*n.* The estimation in which one is held;repute:કીર્તિ; પ્રસિદ્ધિ; ખ્યાતિ; યશ. 2 The character reputed to a person:ઇજ્જત;આબરૂ;સાખ;આંટ;નામ.

Repute,(રીપ્યૂટ)*vt.*[L.*re*, & *puto*,I reckon.] To hold: ગણવું; માનવું. *n.* Public estimate: માન;આબરૂ.2.Good character:ઇજ્જત;પ્રતિષ્ઠા.

Reputed,(રીપ્યૂટેડ્)*a.*Honorable;જગપ્રસિદ્ધ.

Request,(રીક્વેસ્ટ્)*n.*[L *re* & *quœro*,I seek.] Solicitation; prayer: પ્રાર્થના; વિનંતિ; અરજ. 2.That which is asked for :માગેલી વસ્તુ. *vt.* To solicit:માગવું-ઇચ્છા કo;પ્રાર્થના કo.2. To address with a request:વિનંતી કo

Require,(રીક્વાઇર્)*vt.*[L.*re* & *quœro*,I seek.] To demand: માગવું; હુકમ ફરમાવવો. 2. To need:જરૂરીઆત હોવી. 3. To ask as a favor: પુછવું;માગવું.

Requirement,(રીક્વાઇર્મેન્ટ્) *n.* The act of requiring; demand:સત્તાની-હકની માગણી. 2 An essential condition:ગરજ; જરૂરી.

Requisite,(રેક્વિઝિટ્) *n.* Something indispensable: જરૂરની-અગત્યની ચીજ.*a.*Necessary: જરૂરનું; અગત્યનું.

Requisition,(રેક્વિઝિશન્)*n.*[L.*requisitio*,a searching.]A notarial demand of a debt: ઉઘરાણી.2 That whichis required by authority: દાવો. 3. A written or formal call; an invitation;નોતરું;આમંત્રણ.

Requital (રીક્વાઇટલ્)*n.*Good or bad return; (*in a good sense*) compensation:બદલો.(*in a bad sense*,retaliation: પ્રતિદંડ;સજા.

Rescind,(રીસિન્ડ્)*vt.*[L.*re*,& *scindo*,I cut.] To cut off; to annul;રદ બાતલ-મોકુફ કo.

Rescission,(રીસિઝન્)*n.*The act of rescinding:ખંડન;વિલોપ;વિસર્જન.

Rescribe,(રીસ્ક્રાઇબ્) *vt.* [L. *re* & *scribo*, I write.]To write in reply:પ્રત્યુત્તરમાં લખવું.

Scaffold, (સ્કૅફ્ફોલ્ડ્) *n.* A temporary structure of timber, boards: પાલક. 2. A stage or elevated platform for the execution of a criminal: ફાંશી દેવાનેબાંધેલો માચડો; ફાંશી. *vt* To furnish with a scaffold: પાલક બંધાવવી.

Scaffolding, (સ્કૅફ્ફોલ્ડિન્ગ્) *n.* A scaffold: પાલક. 2. Materials for building scaffolds: ફાંશી દેવાનાં લાકડાં.

Scalade, (સ્કૅલેડ્) *n.* See **Escalade.**

Scald, (સ્કોલ્ડ્) *vt.* [L *ex* & *calidus*, hot.] To burn with hot liquid: બાળવું 2. To expose to boiling: ખુબ ઉનું કo. *n.* A burn or injury to the skin by some hot liquid; ડામ; ચપકો. *a.* Affected with the scab; scabby: ભીંગડાં-પોપડાંવાળું.

Scale; (સ્કેલ્) *n.* The dish of a balance; *hence*, the balance itself: ત્રાજવાનું પલ્લું. 2*pl.* The sign or constellation Libra: તુલારાશિ. *vt.* To weigh or measure according to a scale: માપવું; જોખવું. *n.* One of the small, thin, membranous, bony or horny pieces which form the covering of many fishes and reptiles: ભીંગડાં. *vt.* To strip or clear of scale or scales: ભીંગડાં કાઢી નાંખવાં-ઉખેડવાં. *vi.* To separate and come off in thin layers or lamina: પાતળાં પડ થઇને ખરી જવું; ભીંગડાંવળી ખરી પડવાં.

Scale, (સ્કેલ્) *n.* [L. *pl. scala*, a staircase.] A ladder; a series of steps: સીડી; નીસરણી (*a*) A mathematical instrument: ત્રેટી; સમાનઅંતરના લીટીઓ કે આંકાવાળું ઓજાર. (*b*) The graduated series of all the tones; gamut: ગ્રામ. 3 Gradation: ક્રમ-પંક્તિ; પાયરી. 2 Relative dimensions without difference in proportion of parts: ધોરણ; પ્રમાણ; પરિમાણ. *vt.* To climb by a ladder: નીસરણી મૂકીને ચઢવું.

Scalene, (સ્કૅલીન્) *a.* [Gr. *skazo*, I limp.] Having the sides and angles unequal: વિષમકોણ બાજુવાળું. *n.* A triangle having its sides and angles unequal: વિષમકોણ-બાજુવાળું ત્રિકોણ-ત્રિકોણાકૃતિ.

Scalp, (સ્કૅલ્પ્) *n.* That part of the integument of the head which is usually covered with hair: માથાની ચામડી; ખાલ. *vt.* To deprive of the scalp; to cut or tear the scalp from the head of: માથા ઉપરથી વાળવાળી ખાલ ઉખાડી નાંખવી.

Scaly, (સ્કેલિ) *a.* Covered or abounding with scales: ભીંગડાંવાળું; ભીંગડાંથી ભરપૂર.

Scamp (સ્કૅમ્પ્) *n.* [L. *ex*, & *campus*, the field.] A rascal; swindler; a rogue: લુચ્ચો; ધૂતારો; હરામી *vt* To perform in a hasty manner: હરામ હાડકાંથી કo.

Scamper, (સ્કૅમ્પર્) *vi.* [L. *ex*, & *campus*, the field.] To run with speed: સટકી જવું-નાસીજવું.

Scampish, (સ્કૅમ્પિશ્) *a.* Of, or like a scamp; knavish: હરામખોરીનું; લુચ્ચાઈ-ઠગાઈનું.

Scan, (સ્કૅન્) *vt.* [L. *scando*, I climb.] To show, in reading, the metrical structure of; to recite metrically: માત્રા ગણવી (કવીતા); માત્રા-ગણ માંડવા; માત્રા, તાલ જણાય એમ કવિતાઓ બોલવી. 2. To scrutinize: બારીકીથી તપાસવું; નિરીક્ષા કo.

Scandal, (સ્કૅન્ડલ્) *n.* [Gr. *scandalon*, a snare laid for an enemy.] Offence caused; disgrace: ફીટકાર; બેઆબરૂ; કલંક. 2. Reproachful aspersion; defamatory talk: બદનકરી; બદનામી. *vt.* To defame; to asperse: ફિટકાર પમાડવો; અપકીર્તિ-બે આબરૂ કo; બદનકરી કo.

Scandalize, (સ્કૅન્ડલાઇઝ્) *vt.* To offend the feelings or the conscience of; to bring shame, disgrace: ખોટું લગાડવું; અંતઃકરણ દુખવવું. 2. To libel; to defame: ની આબરૂ, ઇજ્જત લેવી.

Scandalous, (સ્કૅન્ડલસ્) *a.* Exciting reprobation: ખોટું-માઠું લાગે તેવું. 2. Bringing shame: શરમ ઉપજાવનારૂં; નામોશી ભરેલું. 3. Defamatory: બદનકરી ભરેલું.

Scant, (સ્કૅન્ટ્) *a.* Not full, large: થોડું; ઓછું; કમી 2. Parsimonious: કરકસરીયું. *vt.* To limit: હદ બાંધવી; સંકોચ પાડવો. 2. To cut short: ટુંકું કo. *vi.* To fail: ઓછું-થોડું થવું. *adv.* With difficulty: મુશ્કેલીથી.

Scantily, (સ્કૅન્ટિલિ) *adv* Sparingly: કરકસરથી.

Scantiness, (સ્કૅન્ટિનેસ્) *n.* The quality or condition of being scanty: ન્યૂનતા; તંગાસ; ખુટકો.

Scantling, (સ્કૅન્ટ્લિન્ગ્) *a.* Not plentiful; small જોઇએ તેટલું નહીં; ટુંકું; નાનું. *n.* A fragment:

નાનો કકડો. 2. The measure or dimensions of anything:માપ;પરિમાણ.

Scanty,(સ્કૅન્ટિ)*a.*Small;not abundant: અલ્પ; સાંકડું;ન્હાનું;થોડું 2.Insufficient:અપૂર્ણ.

Scape,(સ્કેપ્)*n.*[L.*scapus*,stem.]A peduncle rising from the ground:ફણગો;શાખ.*vt.& i.* To escape:નાસી-છટકી જવું. *n.* An escape:બચાવ;રક્ષણ.

Scape-grace,(સ્કેપ્-ગ્રેસ્)*n.* A graceless,unprincipled person:ભ્રષ્ટ-વહિ ગયેલો માણસ.

Scapula,(સ્કૅપ્યૂલૅ)*n.*The shoulder blade;the principal bone of the shoulder:ખભાનું હાડકું

Scar,(સ્કાર્)*n.* [L. *eschara,* hearth.] A cicatrix:ચાંદું;ચકામું.*vt.*To mark with a scar:ચાંઠાં-ચાંદાં પાડવા.*vi.*To form a scar: ચાંદું પડવું.

Scaramouch,(સ્કૅરૅમાઉચ્)*n.*A person characterized by boastfulness and poltroonery; a buffoon:વિદુષક;ભુંડણ;રંગલો;તરકડીઓ

Scarce,(સ્કૅર્સ્)*a.*Not plentiful:થોડું; કમી. *To make oneself* s.,to decamp;to depart:જતા રહેવું;ન્હાસી જવું.

Scarce Scarcely,(સ્કેર્સ્-સ્કેર્સ્લિ)*adv.*With difficulty;hardly: ભાગ્યેજ;મુશ્કેલીથી.

Scarcity-ness, (સ્કૅર્સિટિ-સ્કેર્સ્નેસ્) *n.* Deficiency;lack of plenty:તાણ,ભીડ;અછત;તંગાશ.

Scare,(સ્કેર્)*vt.*To frighten;to alarm:ચમકાવવું; બ્હીવડાવવું. *To* s. *away,* to drive away, by frightening:બીવડાવીને કાઢી મૂકવું, હાંકી કાઢવું.

Scare-crow,(સ્કેર્-ક્રો)*n.*Anything set up to frighten crows or other birds from cornfields: અનાજના ખેતરમાં કાગડા અથવા બીજાં પક્ષીઓને બીવડાવવા સારૂ કરેલો ચાડિયો.

Scarf,(સ્કાર્ફ્) *n.* A light shawl or handkerchief for the neck:ખેસ; ચલોડો. *vt.* To put on like a scarf:ખેસ-પીછોડીની પેઠે પહેરવું.

Scarify,(સ્કૅરિફાઇ)*vt.* [Gr.*skaiphos*,a pointed instrument.]To make small incisions in, by means of a lancet: નસ્તર-વહેતુ મુકવું.

Scarlet,(સ્કાર્લેટ્)*n.*A deep bright red tinged with orange or yellow; લાલચોળ રંગ. *a.* Of the color called scarlet:કીરમજી;ગુલખાર.

Scath-e,(સ્કેથ્-સ્કેધ્)*n.*Harm;damage:ઈજા;નુકશાન.*vt.*To do harm to:નુકશાન કરવું.

Scathful-ly, (સ્કેથ્ફુલ્-સ્કેથ્ફુલિ) *a.* Injurious; harmful;doing damage:નુકશાન-ઇજા કરનારૂં.

Scathless,(સ્કેથ્લેસ્)*a.*Unharmed:અખિશુદ્ધ.

Scatter, (સ્કૅટ્ટર્) *vt.* To strew about: વેરવું; પ્રસારવું.2.To dissipate:વિખેરવું.*vi.*To be dispersed or dissipated:વિખરાઈ જવું.

Scattering,(સ્કૅટ્ટરિન્ગ્) *a.* Going or falling in various directions:છુટું છુટું;જૂદું.*n.* Act of strewing about: ખેરવું તે.

Scavenger,(સ્કૅવેન્જર્) *n.* A person whose employment is to clean the streets of a city:ઝાડું વાળનાર;કચરાપટ્ટી;મંગીઓ.

Scene,(સીન્)*n.*[Gr *skene*,a stage; a tent.] The structure on which a play is exhibited;the stage:રંગભૂમિ.2. The decorations and fittings of a stage:નાટકગૃહના શૃંગાર,પડદા વિ૦.3.A subdivision of an act:પ્રવેશ.4. Place of occurrence:સ્થાન.5.A spectacle,a view:દેખાવ 6. A landscape:દેખાવ;સૃષ્ટિશોભા. *vt.*To make a scene of:-નો ખેલ તમાશો કરવો.

Scenery,(સીનરિ) *n.* The painted representation on the stage:નાટકના રંગભૂમિનાં ચિત્ર કે પડદા.2.General aspect:સામાન્ય-સમગ્ર દેખાવ.

Scenography,(સીનૉગ્રૅફિ)*n* [Gr *skene*,scene & *grapho,* I write.] Act or art of representing a body on a perspective plane: દર્શનાનુંશાસ્ત્ર પ્રમાણે ચિત્ર ચિતરવાની કળા-હુન્નર.

Scent,(સેન્ટ્) *vt.* [L. *sentio*,I feel.] To perceive by the olfactory organs;to smell: વાસ લેવી;સુંઘવું.2 To perfume:ખુશબોદાર કરવું. *vi.*To have a smell:સોડમ-વાસ આવવી.*n.*Odor smell:વાસ;સુગંધ.2.Course of pursuit:પગલે પગલે જવું તે.3.The power of smelling; the sense of smell:સુંઘવાની શક્તિ.

Scented,(સેન્ટેડ્) *a* Having a good odor; perfumed:ખુશબોદાર;સુવાસિત;સુગંધિદાર.

Sceptic,(સેપ્ટિક્) *n.* An inquirer after facts or reasons:સંદેહવાળો.2. A universal doubter:વહેમી.3. A person who doubts the existence of God: નાસ્તિક. 2. Doubting the sacred scriptures:ઇશ્વરોક્તશાસ્ત્રમાં અશ્રદ્ધા રાખતું.

Sceptre or Scepter,(સેપ્ટર્) *n.* [Gr. *skuptron,* a sceptre.] A staff or baton borne by a sovereign;a royal mace: રાજદંડ;છડી.2. Royal or imperial power or authority; sovereignty:રાજ્યાધિકાર;રાજ્યપદ.

Schedule,(સેડ્યૂલ) *n.* [L. *scheda*,a leaf of paper.] A printed scroll or sheet of paper:લખેલા-છાપેલા કાગળોનું ભુંગળું; દસ્તાવેજ. 2. A formal list or inventory:વિગતવાર નોંધ.*vt.* To form into or place in:પીંડું-ભુંગળુ બનાવવું.

Scheme,(સ્કીમ્)*n.*[L & Gr.*schema*,a shape, figure.] A combination of things connected and adjusted by design:યુક્તિ;રચના. 2.A design:a project:યોજના;હિકમત.*vt.& vi.* To make a scheme of:યોજના-યુક્તિ કરવી.

Schemer,(સ્કીમર્)*n.*A projector:યોજના.

Scheming,(સ્કીમિન્ગ્) *a.* Given to forming schemes;artful:કાવતરાં કરનાર;યુક્તિબાજ.

Schism,(સિઝમ્) *n.* [Gr. *schisma*,a split.] Division:જુદાઇ;ફાટ;તુટ. 2. Permanent divi-

sion or separation in the Christian church:ખ્રિસ્તી મંડળમાં કાયમફાટ-ફડચો.

Scholar,(સ્કૉલર્)*n*.[L. *schola*,a school.] A pupil;a student:શિષ્ય;નિશાળીઓ.2.One engaged in the pursuits of learning:વિદ્વાન; પંડિત.3.A man of books:પંડિત.4 An undergraduate who belongs to a college, and receives support in part from its revenues:પગાર લઇને ભણનાર વિદ્યાર્થી,'સ્કૉલર.'

Scholarly, (સ્કૉલર્લિ) *a*. Like a scholar or learned person:showing the qualities of a scholar:પાંડિત્યને યોગ્ય;વિદ્વતાવાળું.

Scholarship,(સ્કૉલર્શિપ્)*n*. Attainments in science or literature:વિદ્વતા;પાંડિત્ય: જ્ઞાન. 2. Literary education: વિદ્યા સંબંધી કેળવણી. 3.Maintenance for a scholar:વિદ્યાર્થિને પગાર.નેમણક. [શાળા-વિદ્યાલયનું.

Scholastic,(સ્કૉલૅસ્ટિક્)*a*.Scholarlike:વિદ્યાર્થિ-

Scholiast.(સ્કૉલિઍસ્ટ્)*n* A maker of scholia; a commentator or annotator: ટીકા કરનાર.

Scholium, (સ્કૉલિઅમ્) *n pl*. **Scholia**. A marginal annotation;an explanatory remark or comment:ટીકા;ભાષ્ય;ખુલાસો;ટીપ.

School,(સ્કૂલ્)*n*.A shoal;a multitude: જથો; ટોળું (મગરમચ્છનો)*n*.[Gr.*schole*, leisure.]An institution for learning:વિદ્યાલય 2.A place of primary education:નિશાળ.3 The canon precepts,or body of opinion or practice, sanctioned by the authority of a particular class or age:મત;પંથ; શાખા. *The s. of experience*:અનુભવની શાળા.S.*of six philosophy*:દર્શન.*vt* To educate at a school:કેળવવું; શિખવવું.2.To tutor,to chide and admonish: ગુરૂદીક્ષા આપવી;ઠપકો દેવો.

School-fellow, (સ્કૂલ્-ફેલૉ) *n* One bred at the same school:ગુરૂબંધુ;સાહાધ્યાયી,

School-house,(સ્કૂલ્-હાઉસ્) *n*. A house appropriated for the use of a school or for instruction:નિશાળનું મકાન;શાળા;નિશાળ.

Schooling, (સ્કૂલિન્ગ્) *n*. Instruction in school:કેળવણી;શિક્ષણ.2.Reproof,reprimand ઠપકો:દોષ 3.Compensation for instruction: ભણવાનોપગાર;ગુરૂદક્ષિણા;ફી.

Schoolman,(સ્કૂલ્મૅન્)*n*.One versed in the niceties of academical disputation:ખ્રિસ્તી ધર્મના મત વિષે અથવા વિદ્યા સંબંધી તર્ક વિષે વિવાદ કરવામાં કુશળ પુરૂષ.

School-master, (સ્કૂલ્-મૅસ્ટર્) *n*. A male teacher of a school:શિક્ષક;મહેતાજી;ગુરૂ.

School mistress,(સ્કૂલ્ મિસ્ટ્રેસ્)*n*.A female school teacher:મહેતીજી.

Schooner, (સ્કૂનર્) *n*. A small, sharp built vessel, with two masts: એક પ્રકારનું સાંકડું બેડેલવાળું વહાણ.

Sciatic,(સાઍટિક્)*a*.[Gr. *ischus*, strength.] Ischial;ischiatic: સાથળ તથા પગની મ્હોટી નસના રોગ;સંબંધી.*n*.(*Med.*).Sciatica:સાથળ પગ વિગેરેનો સંધિવા.

Sciatica, (સાઇઍટિકે) *n*. Neuralgia of the sciatic nerve:રાંઝણ;શ્રોણીવેદના;શ્રોણીશિરાવેદના.

Science,(સાઇએન્સ્) *n*. [L. *scio*, I know.] Knowledge; ascertained truth or facts: વિદ્યા.2.Philosophical knowledge:તાત્વિકજ્ઞાન 3.Any branch or department of systematized knowledge:વિદ્યા;ધર્મ.

Scientific-cal, (સાઇએન્ટિફિક્ કૅલ્) *a* [L. *scientia*,science & *facio*, I make.] Of, or pertaining to science:શાસ્ત્ર સંબંધી.2.Agreeing with or depending on, the rules or principles of science:શાસ્ત્ર નિયમાનુસાર. 3. Evincing science:વિદ્વાન;પંડિત.

Scimitar,(સિમિટર્)*n*.A saber with a much curved blade: નાની તરવાર;કટાર.

Scintillate,(સિન્ટિલ્લેટ્)*vi*. [L. *scintilla*, a spark.] To emit sparks, or fine igneous particles:તણખા નીકળવા.

Scintillation, (સન્ટિલ્લેશન્) *n*. The act of scintillating:-માંથી તણખા નીકળવા તે. 2. A spark of flash in scintillating:ચળકાટ;પ્રકાશ.

Sciolism,(સાઈઑલિઝમ્) *n*. The knowledge of a sciolist;superficial knowledge:ઉપર ચોટીઉં-ઉપલક જ્ઞાન;વેદીઉજ્ઞાન;પોપટિયું જ્ઞાન;પોથીજ્ઞાન.

Sciolist,(સાઈઑલિસ્ટ્)*n*. [L *scio*,I know.]A pretender to science:ઉપર ચોટિયું જાણનાર.

Scion,(સાઇઑન્)*n*.[L.*seco*,I cut.](*a*)A shoot of a plant:ફણગો. (*b*) A piece of a slender branch or twig cut for grafting:(ઝાડની)કલમ.2.Hence,a descendent;an heir:વારસ;વંશજ

Scirrhus,(સિરસ્)*n*. [Gr. *scirros*, hard.]An indurated gland:વરસોળી; માંસગ્રંથિ.

Scission,(સિઝન્)*n* [L.*scindo*,I cut.]The act of dividing with an instrument:કાપવું તે.

Scissors (સિઝર્ઝ્)*n*. *pl* [L. *scindo*,I cut.]A cutting instrument resembling shears:કાતર;કેંચી. [a fissure:લાંબો ચીરો-જખમ.

Scissure,(સિઝ્યૂર)*n*.[L.*scindo*,I cut]A cleft

Scoff,(સ્કૉફ્)*n*. Derision; mockery:હાંસી; મશ્કરી.2.An object of scorn:મશ્કરી-હાંસી કરવા લાયક.*vi*.To show mockery:હાંસી કરવી.*vt*.To mock at:-ની હાંસીક ૦.

Scoffer,(સ્કૉફર્)*n*.One who scoffs:મશ્કરી ખોર.

Scold,(સ્કૉલ્ડ્)*vi & vt*.To find fault with:ગાળ દેવી;બહુ ધમકાવવું.*n*. A rude, clamorous woman;a shrewd: કર્કશા; કજીઆખોર સ્રી. 2. A

scolding:કજીઓ.

Scolding,(સ્કૉલ્ડિંગ્) *a.* & *n.* Chiding:ઠપકો.

Sconce,(સ્કૉન્સ્)*n.* [L. *absconsus.*] A fortification, or work for defence:બચાવ-રક્ષણને માટે કરેલો કિલ્લો.2.A hut for protection and shelter:રક્ષણને માટે ઝુંપડી. 3. A protection for a light:દિવાલગિરિ;વાલશેટ.*vt.* To shut up in a sconce:કિલ્લામાં પુરવું.

Scoop,(સ્કૂપ્)*n.* [Gr. *skapto,* I dig.] A large ladle:ડોઇ; મ્હોટો પળો 2.A deep shovel:ફંડો પાવડો 2. A spoon-shaped instrument: ચમચાના આકારનું હથિયાર. 4. A place hollowed out:પોલાણ. *vt.* To lade out:ડોઇ વતી લેવું. 2. To excavate:પોલાણ ક૦;ખોદવું.

Scope,(સ્કોપ્)*n.*[L.*scopos*,a mark.](*a*) That at which one aims:લક્ષ્ય;તકાવેલી વસ્તુ;ચોટ.(*b*) Ultimate design:ઇરાદો;મનસુબો;હેતુ 2. Space for action:અવકાશ;પ્રસંગ;લાગ.

Scorch,(સ્કૉર્ચ્)*vt.* [L.*ex* & *cortexicis*, bark.] To burn superficially:શેકવું;ઉપરથી બાળવું.*vi.* To be burnt on the surface:ઉપરથી બળવું.

Score, (સ્કોર) *n.* A notch or incision:કાપો; આંકો;ઉઝરડો.2 Account;reason:બાબત;નિમિત્ત. 3.The number twenty:વીસ; કોડી. 4.A distance of twenty yards: વીસવારનું અંતર. 5. The number of points gained by the contestants:જીતેલા દાવ-હાથ.*vt* To cut notches: ખોલણ ક૦. 2. To set down to record; to charge:ખાતે લખવું.3. To make a score of: દાવ-હાથ જીતવો.4. To write down in proper order or arrangement: અનુક્રમ પ્રમાણે-નિયમિત રીતે લખવું. [or slag:ધાતુમાંથી મેલ કાઢવો.

Scorify, (સ્કૉરિફાઇ) *vt.* To reduce to scoria

Scorn, (સ્કૉર્ન) *n.* Extreme and lofty contempt:અતિશય તિરસ્કાર.2. An object of extreme disdain: અતિશય તિરસ્કારની વાત. *To think* s:ધિક્કારવા લાયક ગણવું. *To laugh to* s. to deride:-ની મશ્કરી ક૦ *vt.* To despise:ધિક્કારવું 2.To treat with extreme contempt: -ની સાથે અતિશય ધિક્કારથી વર્તવું.*vi.*To scoff:-ની મશ્કરી ક૦.

Scornful,(સ્કૉર્ન્ ફુલ્) *a.* Contemptuous;disdainful:ધિક્કાર ભરેલું;ધિક્કારવા લાયક;નિંદાત્મક.

Scorpio, (સ્કૉર્પિઓ) *n.* A scorpion: વિંછી. 2. The eighth sign of the zodiac:વૃશ્ચિક રાશી

Scorpion,(સ્કૉર્પિઑન્)*n.*[L.*scorpio.*] Any one of the numerous species of pulmonate arachnids of the order of Scorpiones:વિંછી;વિછું 2. A sign and constellation: વૃશ્ચિક રાશી નક્ષત્ર.

Scot,(સ્કૉટ્)*n.*A native of Scotland:સ્કૉટલાંડનો રહેવાશી.*n.* A portion of money assessed or paid;a tax:ઠરાવેલો કર.

Scotfree, (સ્કૉટ્ફ્રી)*a.* Free from payment of scot:કર-વેરામાંથી ઉગરેલું. *Hence,* unhurt;clear;safe:સલામત;ખેમકુશલ;અક્ષત

Scottish,(સ્કૉટિશ્)*a.*Of,or pertaining to the inhabitants of Scotland,their country or language:સ્કૉટલાંડના રહેવાશીઓ,તેમનો દેશ તથા તેમની ભાષાનું-સંબંધી.

Scoundrel,(સ્કાઉન્ડ્રેલ્)*n.* A mean,worthless fellow:લુચ્ચો;ધુતારો;ખળ;શઠ;હરામી.

Scoundrelism, (સ્કાઉન્ડ્રેલિઝ્મ્) *n* Baseness : rascality:હરામખોરી;લુચ્ચાઇ;નીચપણું;અધમપણું.

Scour,(સ્કાઉર્)*vt.*[L.*ex*,& *curo*,I take care.] To rub hard with something rough; to clean with friction:ઘસવું-ઉંટકવું;પોલીસ ક૦.2. To pass swiftly over:ફરીને તપાસ ક૦.*n.*Diarrhea or dysentery among cattle:ઢોરનો થતો મરડો-ઝાડો.

Scourge,(સ્કર્જ) *n.* A lash;a strap:કોરડો; ચાબુક.2.An infliction or affliction:વેરમાં કરેલી સજા; ઉત્પાત. *vt.* To whip severely; to lash સખત ફટકા મારવા.

Scourger,(સ્કર્જર્)*n* One who scourges or one who afflicts severely:ચાબુક મારનાર.

Scout,(સ્કાઉટ્)*n* A swift sailing boat:જલદી હંકારવામાં આવતી હોડી *n.*A person sent out to gain and bring tidings:જાસુસ 2.The act of scouting:તપાસણી. *vt.* To follow for the purpose of observation, as a scout:બાતમીદાર-જાસુસ તરીકે જવું-અનુસરવું *vi.*To go on the business of scouting: લશ્કરમાં દુશ્મનનો ભેદ લેવા જવું.

Scowl, (સ્કાઉલ્) *vi.* To wrinkle the brows: ગુસ્સાથી ભવાં ચઢાવવાં; ગુસ્સે દેખાવું. 2. To look gloomy,dark:ભયભીત દેખાવું. *vt.* To look at: પર ડોળા કાઢવા 2.To express by a scowl:આંખો કાઢી જણાવવું. *n.* The wrinkling of the brows:કટાક્ષ;ક્રોધમુદ્રા.2.Dark or threatening aspect:ભયભીત-તોફાની-ઘનઘોર દેખાવ.

Scrabble, (સ્ક્રૅબ્બલ્) *vi* To scrape, paw, or scratch with the hands:હાથ પગ ટેકવી ચાલવું. *vt.*To mark with irregular lines or letters: અનિયમિત લીટીઓ અથવા અક્ષરનાં નિશાન ક૦. *n.* The act of scrabbling:હાથ પગ ટેકીને ચઢવું.

Scraggy, (સ્ક્રૅગિ) *a.* Rough with irregular points:ખાડાખઇઆવાળુ 2. Lean and rough: પાતળું ને ખડબચડું.

Scramble, (સ્ક્રૅમ્બલ્) *vi.* To clamber with hands and knees:હાથ પગ ટેકીને ચાલવું 2.To struggle eagerly:એકદમ તલપીને ઝાલવું. *vt.*To collect by scrambling:ધીરેધીરે એકઠું ક૦. *n.* The act of climbing on all fours:ટેકીટેકીને

હાથ પગ ટેકવીને ચઢવું તે.

Scrap,(સ્ક્રૅપ્) *n.* A bit;a fragment:કકડો;ટુકડો. 2. *pl.* The crisp substance that remains after trying out animal fat: પ્રાણીની ચરબી ગાળી લીધા પછી રહેલો કચરો.

Scrap-book,(સ્ક્રૅપ્બુક્) *n.* A blank book in which extracts cut from books and papers may be pasted and kept:ચોપડીઓ તથા વર્તમાનપત્રોમાંથી કાઢેલા ઇન્તેખાબ ચોઢવાની કોરી ચોપડી

Scrape,(સ્ક્રેપ્) *vt.* To remove by scraping or rubbing:ઘસી-છોલી કાઢવું.*vi.*To rub harshly and noisily along: ઉપરથી ઘસાવું-છોલાવું. *n.* The act of scraping:છોલવું.ઉપર ઘસવું તે 2 A perplexity; a difficulty: ગભરામણ; મુશ્કેલાઇ; ગુંચવણ;મુસીબત;વિટંબણા;ધર્મસંકટ;આપદા.

Scraper, (સ્ક્રેપર્) *n.* An instrument with which anything is scraped: છોલવણી;છોણી.

Scrapings,(સ્ક્રેપિન્ગ્સ્) *n.* Something scraped of:છોલ;છોલાણ;કોતરામણ.

Scratch,(સ્ક્રૅચ્)*vt.*To rub and tear or mark the surface of, with something sharp or rugged:ઉઝેડવું;ઉજરડવું 2. To cancel by drawing one or more lines through:છેકવું;રદ કo. *vi.* To make scratches: ખણવું-ખોદવું તે. A slight wound:ઉઝરડો;લીસોટો.2.A fluke:અનાયાસે લાગેલો હાથ-દાવ.

Scrawl,(સ્ક્રોલ્)*vt.*& *vi.*To write hastily and carelessly:ઉતાવળથી જેવું તેવું લખી કાઢવું.*n.*Unskilful or inelegant writing:ઉતાવળથી લખેલા-ચિતરી કાઢેલા અક્ષર.

Scrawny,(સ્ક્રોનિ)*a.*Meagre,thin:નબળું;કમજોર.

Scream,(સ્ક્રીમ્)*vi.* To cry out with a shrill voice:ઝીણા અવાજથી બૂમ પાડવી.*n.* A shriek: બૂમ;ચીસ.

Screen,(સ્ક્રીન્)*n.* Anything that separates or cuts off inconvenience,injury or danger a shield or protection:બચાવ;રક્ષણ;પડદો. 2. A long,coarse riddle or sieve:મ્હોટી ચાળણી. *vt.* To shelter; to protect: છુપાવવું; બચાવવું; આશ્રય આપવો-દેવો.2.To pass through a sieve:ચાળવું.

Screw,(સ્ક્રયૂ)*n.*[L.*scrobis*,a ditch.]A cylinder having a continuous rib, called the *thread*,winding round it spirally at a constant inclination:પેચનો ખીલો;ઇસ્ક્રુ 2.A screw steamer;a propeller:ઇસ્ક્રુથી ચાલનારની આગબોટ. *To put the* s.*or* s *on*, to coerce:ઉપર બળાત્કાર વાપરવો.*To put under the* s.*or* s.s, to force:દબાણ નીચે મુકવું *vt.*To turn,as a screw: -માં ઇસ્ક્રુ ઘાલવો. 2. To force; as by screws: પરાણે-તાણી તૂંપીને ટકાવી રાખવું.3.To oppress by unreasonable exactions;ગેરવાજબી કર-વેરા નાંખી જુલમ કo. *To* s. *out*,to extort: નીચોવી-દાબી કાઢવું.*To* s *up*, to force:મહા બળાત્કારે કo. *To* s into:દાબી-ફેરવીને અંદર ઘાલવું.

Screw-driver, (સ્ક્રયૂ-ડ્રાઇવર્) *n.* A tool for driving screws:સ્ક્રૂ ફેરવવાનું ઓજાર.

Scribble, (સ્ક્રિબલ્) *vt.* To write hastily or carelessly:ઉતાવળ અથવા બેફિકરાઇથી લખી કાઢવું. *vi.* To write without care: ઘસડી કાઢવું. *n.* Hasty or careless writing:માલ વગરનું લખાણ.

Scribe,(સ્ક્રાઇબ્)*n.* [L. *scribo*,I write] One who writes:લખનાર; કારકુન. 2 A writer and doctor of the law:યાહુદી ધર્મશાસ્ત્રી-પંડિત. *vt.* To inscribe:લખવું. *vi.* To make a mark:નિશાની કરવી.

Scrimp,(સ્ક્રિમ્પ્)*vt.* To limit or straiten; to scant:ઘણું ન્હાનું-થોડુ કરવું;ઓછું કo. *a.* Short; scanty: ટુંકું; થોડું. *n.* A pincing miser; a niggard:કંજુસ;કૃપણ માણસ.

Scrip,(સ્ક્રિપ્)*n.*A small bag:નાની કોથળી-બેગી. *n.* A small writing:ચિઠ્ઠી;ન્હાનો ટુંકો લેખ.

Script,(સ્ક્રિપ્ટ્)*n.* [L *scriptum*, something written.] A written document: લખાણ; દસ્તાવેજ.2.An original instrument or document:અસલ લખાણ.

Scriptural,(સ્ક્રિપ્ટ્યૂરલ્)*n.*Contained in the Scriptures:શાસ્ત્રમા લખેલું; શાસ્ત્ર પ્રમાણે;ખ્રિસ્તિ ધર્મશાસ્ત્રમાંનું.

Scripture, (સ્ક્રિપ્ટ્યૂર)*n* [L *scribo*, I write.] The Bible:ખ્રિસ્તિ ધર્મશાસ્ત્ર 2 A passage from the Bible;the text:ખ્રિસ્તિ ધર્મશાસ્ત્ર'બાઇબલ'નું વાક્ય.3.Sacred writing;holy writ:ધર્મ-પુસ્તક.

Scrivener,((સ્ક્રિવેનર્)*n.* [L.*scribo*, I write.] A professional writer: દસ્તાવેજ-ખત લખનાર.

Scrofula,(સ્ક્રૉફ્યુલે)*n.* [L *scrofa*, a breeding sow.]A constitutional disease manifested by chronic enlargement and cheesy degeneration of the lymphaticglands:કંઠમાળ.

Scrofulous, (સ્ક્રૉફ્યૂલસ્) *a.* Pertaining to scrofula:કંઠમાળ સંબંધી.

Scroll, (સ્ક્રૉલ્)*n.* A roll of paper or parchment:વીંટો;ભુંગળું;ખીડો;લખોટો.

Scrotum, (સ્ક્રૉટમ્) *n.* The bag or pouch which contains the testicle: અંડકોશ.

Scrub, (સ્કબ્)*vt.* To rub hard: બહુ ઘસવું. *vi.* To be diligent and penurious:કંજુસાઈથી રહેવું.2.Something small and mean:ન્હાની અને નીચ-હલકી ચીજ-પદાર્થ.*a.*Mean;dirt: નીચ;અધમ.

Scrubby,(સ્કબિ)*a* Small and mean;stunted in growth:ઠીંગરાએલું;ઠીંગણું;ભિખારી;પાજી.

Scruple, (સ્ક્રૂપલ્)*n.* [L.*scrupus*, a rough or sharp stone anxiety.]A weight of twenty grains;third part of a dram:ચોવીસ ગ્રેન ભા-

રનું વજન;એક ડ્રામનો ત્રીજો ભાગ;સ્ક્રૂપલ.2.Hesitation:આનાકાની;આશંકા *To make* s ,to hesitate from conscientious motives:ખંચાવું;આંચકો ખાવો *vi.&vt.*To be reluctant or to hesitate આંચકો ખાવો.

Scrupulosity, (સ્ક્રૂપ્યૂલૉસિટિ)*n.* Nice regard to exactness and propriety; precision; doubt:કાળજી; વહેમ;સંદેહ;આશંકા;શંકા.

Scrupulous, (સ્ક્રૂપ્યૂલસ્) *a.* Inclined to scruple;nicely doubtful: ખંચાઇ ખંચાઇને-અનીતિથી બ્હીને ચાલનાર-વર્તનાર.2.Careful;exact કાળજી-સંભાળવાળું:ઘણી કાળજીનું.

Scrutinize,(સ્ક્રૂટિનાઇઝ્)*vt.*To examine closely:બારીકીથી તપાસ ક૦.*vi.*To make scrutiny: તપાસ ચોકસી ક૦.

Scrutiny,(સ્ક્રૂટિનિ)*n.*[L.*scrusa*,trash;trumpery]Close examination:ઝીણી તપાસ.

Scrutoire, (સ્ક્રૂટ્ક્વૉર્) *n.* An escritoire; a writing desk:કાગળ મૂકવાનું ખાનું-ડેસ્ક.

Scud,(સ્કડ્)*vi.*To move swiftly:ઝપાટાબંધ ચાલવું. 2. To be driven swiftly before a gale with no sail spread:સઢ ચઢાવ્યાવગર પવન આગળ હંકાર્યા જવું *vt.* To pass over quickly:-ના ઉપર થઈને જલદીથી જવું.*n.* A driving along: ઘસડાવું તે.

Scuffle, (સ્કફ્લ્) *vi.* To strive or struggle with a close grapple: બાથંબાથા-આવી જવું.2 To strive tumultuously: લડાઇ-મારામાર ક૦. *n.* A rough,haphazard struggle:બાથંબાથા. 2.A confused contest;a fight:મારામાર;લડાઇ.

Scull,(સ્કલ્)*n.*The skull:માથાનું તાલકું-ખોપરી; કપાળ *Necklace of* s.s:રૂંઢમાળા.

Scullery, (સ્કલરિ) *n.* [L.*scutella*, a waiter] A place where dishes, kettles and other culinary utensils,are cleansed and kept: રસોઈનાં વાસણ માંજવાની ઓરડી.

Scullion,(સ્કલિઅન્)*n* A menial servant:રસોઈનાં વાસણ માંજનાર રસોઇઓ;એઠવાડો કાઢનાર.

Sculptor,(સ્કલ્પ્ટર્)*n.*[L *sculpto*,I engrave.] One whose occupation is to carve statues,or works of sculpture: કોતરનાર; મૂર્તિકાર.

Sculpture,(સ્કલ્પ્ટ્યૂર્)*n* The art of producing figures and groups: કોતરકળા;નકશી. *vt.* To carve: કોતરવું;નકશી કામ ક૦.

Scum, (સ્કમ્)*n.* The scoria of metals in a molten state;dross:પ્રવાહી પદાર્થ ઉપર બાઝેલો કચરો. *vt.* To clear off the impure matter from the surface of: પ્રવાહી પદાર્થ ઉપરથી કચરો જૂદો કરવો.*vi.* To become covered with scum:ના ઉપર મેલ-કચરો થવો.

Scurf,(સ્કર્ફ્)Thin dry scales or scrabs upon the body: ખોડો;મેલ.2.The foul remains of anything adherent:ડાઘ;એબ;કલંક;નામોશી.

Scurfy,(સ્કર્ફિ)*a.* Covered with scurf;resembling scurf:માથામાં ખોડાવાળું-ના જેવું.

Scurrility,(સ્કરિલિટિ)*n.*[L.*Scurra*,a jester.] Obscene jocularity: મુર્ખતા;દુર્વાચ્યતા.2 Low buffoonery:અપશબ્દ.

Scurrilous,(સ્કરિલસ્)*n.*Using the low and indecent language of the meaner sort of people:ભાંડ જેવું;નાગું;ભાંડ;બિફાટ;નિર્લજ.

Scurvy,(સ્કર્વિ)*a.* Scabby,scurfy:રક્તપિત્તવાળું *n.*A disease characterized by livid spots: રક્તપિત્તનો રોગ;રક્તપિત્ત.

Scutch,(સ્કચ્)*vt.*To whip:ચાબુક મારવી. 2 To separate the woody fiber from(*flax,hemp etc.*) by beating: દાંતાવાળા ઓજારથી રેસા કાઢી નાંખવા. *n.* A wooden instrument used in scutching:કચરો વિગેરે સાફ કરવાનું લાકડાનું દાંતા વાળું ઓજાર.

Scutiform,(સ્કયૂટિફૉર્મ્)*a.*[L *scutum*,shield] Shieldshaped, scutate:ઢાલના આકારનું.

Scuttle,(સ્કટ્લ્)*a*[L *scuta*,a dish or platter.] A broad,shallow basket:પહોળી-છાબ્ડી-છાબડી; કંડિયો.2.To sink by making holes through the bottom of:-ને તળીએ બાકાં પાડી ડુબાવવું.

Scythe, (સાઇધ્)*n.*[L *seco*,I cut.]An instrument for mowing grass: દાતરડું.*vt.* To cut with a scythe:દાતરડાવતે કાપવું.

Sea,(સી)*n.* [L *sævus*,fierce.]One of the larger bodies of salt water:દરિયો; સાગર; સમુદ્ર. 2.Agitation of the water's surface; a billow:દરિયાનો ઉછાળો;દરિયાનું મોજું *At full* s.,at the height of flood tide:ભરદરિયે. *Beyond* s. *or Beyond the*s *or the*s.s,out of the state, territory:દેશ,રાજપાર;દ્વીપાંતરે.*Half* s.s *over*, half drunk:દારૂ પીને અર્દ્ધો મસ્ત થયેલો.

Sea-board, (સી-બૉર્ડ્)*n*, The seashore;sea-coast:દરિયાનો કિનારો;કાંઠો;સમુદ્ર તીર-તટ.

Sea-breeze,(સી-બ્રીઝ્)*n.*The cool wind produced by the sea: દરિયાની લહેર.

Sea-farer,(સી-ફેરર્)*n.*Amariner; a sailor:રહાણુવટી;ખલાસી;નાવિક;સફરી;ખારવો.

Sea-girt, (સી-ગર્ટ્) *a.* Surrounded by the water of the sea:દરિયાના પાણીથી ઘેરાયેલો.

Sea-going,(સીગોઇન્ગ્)*a* Goinguponthesea: ભરદરિયામાં વહાણ હંકારનાર.

Sea-green,(સી-ગ્રીન્)*n.* The green color of sea water:દરિયાના પાણીનો ફિરો લીલો રંગ.*a.*Of a beautiful bluish green color: ખૂબસુરત આસમાની રંગનું. [sea coast:સમુદ્રકુકટ;કરંટ.

Sea-gull,(સી-ગલ્)*n.* Any gull living on the

Seal,(સીલ્)*n.*Any carnivorous mammal:એક જળચર પ્રાણી.*n.*[L.*signum*,a mark;a sign.]

An engraved or inscribed stamp;સિક્કો;મ-હોર.2.Wax,water,or other tenacious substance: બીડવા ચોડવાનો લાખ. *vt.* To set or affix a seal to;*hence*,to ratify;to confirm: ઉપર સિક્કો-મહોર મારવી-છાપવી;કબૂલ-મંજુર ક૦.2. To mark with a stamp:ઉપર છાપ-મોહોર મારવી;છાપવું.3.To fasten with a seal:બીડવું; ઉપર મોહોર ક૦;બંધ ક૦4.To shut close:છાનું રાખવું. *vi.*To affix one's seal or a seal:સિક્કો મારવો લગાવવો.

Sealer,(સીલર્)*n.*One who seals:મોહોર કરનાર

Sealing-wax,(સીલિંગ્‌વૅક્સ)*n.*A compound of the resinous materials, pigment, etc:. મોહોર કરવાની લાખ.

Seam,(સીમ્)*n* [L.*suo*,I sew.]The fold or line formed by sewing together two pieces of cloth or leather:લુગડાં અથવા ચામડાના બે કટકા સાંધવાની સીવણ. *vt.* To join by sewing together:સીવવું.

Sea-man,(સીમૅન્)*npe.* **Seamen** A mariner, a sailor:ખારવો;ખલાસી;નાવિક;વહાણવટી.

Seaman-ship, (સીમૅન્ શિપ્) *n.* The art of working on a ship:વહાણ ચલાવવાની કુશળતા.

Sea-mark,(સીમાર્ક્) *n.* Any elevated object on land which serves as a guide to mariners: સમુદ્રમાં ખરાબો દેખાડવા સારૂ તેપર જે નિશાની મૂકે છે તે.

Seamster,(સીમસ્ટર્)*n.*One who sews well or whose occupation is to sew:દરજી;શીવનારો

Seamstress,(સીમસ્ટ્રેસ્)*n.*A woman whose occupation is sewing:દરજણ.

Sea-port,(સી-પોર્ટ્)*n.*A port on the seashore: દરિયા કાંઠાનું બંદર;નૌકાશ્રયસ્થાન.

Sear,(સીર્)*a.*[Gr *seiros*,hot.]Withered:સુકું; ચિમળાઈ ગયેલું.*vt.*To wither:ચિમળાવવું. 2. To cauterize:ડામવું.

Search,(સર્ચ્)*vt.*[L. *circa*,around.] To examine:શોધ ક૦;શોધવું;-નો ઝાડો-જડતી લેવી.2. To examine or explore by feeling with an instrument; to probe:માંહે ઓજાર ઘાલી તપાસ ક૦.To seek; to look for something: ખોળવું; શોધવું.*n.*Quest;inquiry:ખોળ;તપાસ;જડતી;ઝાડો.

Search-warrant,(સર્ચ્-વૉરંન્ટ્) *n.* A warrant legally issued,authorizing an examination of a house,or other place:ઝાડો લેવાનું વારંટ. [marine mollusk: છીપ; કોડો.

Sea-shell,(સી-શેલ્)*n.*(*Zool.*)The shell of any

Season,(સીઝન્)*n.*[L *satio* a sowing.] One of the divisions of the year:ઋતુ;મોસમ;રત *Hot* s.:ઉનાળો.*Cold* s.:શિયાળો. *Rainy* s.:ચોમાસું 2.A suitable or convenient time:લાયક વખત;તાકડો.3.A while;a time: વખત.4. That which gives relish;seasoning:વઘાર;મશાલો. *In* s.,in good time: ખરે-યોગ્ય વખતે. *Auspicious* s.: મુહૂર્ત. *Out of* s., beyond or out of the proper time:વગર પ્રસંગે;કવેળા. *vt.* To fit for taste;to make palatable: વઘારી ઘુંધરી મજેદાર ક૦. *vi.* To become mature:પાકવું.

Seasonable,(સીઝનૅબલ્) *a.* Suitable to the season;opportune:વખત-વેળાસરનું;પ્રસંગે આવેલું.

Seasonably,(સીઝનૅબ્લિ)*adv.* Opportunely: વખત-વેળાસર;ખરે તાકડે-પ્રસંગે;વેળા-વખતસર.

Seasoning, (સીઝનિંગ્) *n.* The act or process by which anything is seasoned: કોઈ પદાર્થ રસમય કરવાની રીત 2.A condiment:મીઠું મરચું;મશાલો;વઘાર.

Seat,(સીટ્)*n.*[L. *sedeo*,I sit.] The place or thing upon which one sits:બેઠક; આસન.2.A site;a post:ઠામ;ઠેકાણું;પદ 3. That part of a thing on which a person sits:બેઠક;બીછાયત. 4.Posture,or way of sitting,on horseback: ઘોડા ઉપર બેસવાનું આસન. *vt.* To place on a seat:બેસાડવું 2. To station; to establish; to fix; to settle:સ્થાપવું;ઠેરવવું;મુકરર કરવું;સ્થાપનાપ્રતિષ્ઠાપન ક૦.

Sea-term, (સી-ટર્મ્) *n.* A nautical word or phrase:વહાણવટીઓમાં બોલાતો શબ્દ.

Sea-thief,(સી-થીફ્)*n.* A pirate: ચાંચીઓ.

Sebaceous,(સીબેશસ્)*a.* [L. *sebum*, tallow: grease.]Pertaining to fat; having the appearance of fat:ચરબીનું સંબંધી; ચરબીનાં જેવું.

Secede,(સીસીડ્)*vi.*[L *se*,aside & *cedo*,I go, move.]To separate one's self by a solemn act:જુદુ પડવું;સંગત-સોબત છોડવી.

Secession, (સીસેશન્) *n.* Separation from fellowship or association with others:સંસર્ગ ત્યાગ;અપસરણ;અપગમન;મતાંતર સ્વીકાર.

Seclude,(સીક્લ્યૂડ્)*vt.*[L *se*,aside & *claudo*, I shut.] To shut up apart from others: બીજાથી જૂદું રાખવું; એકાંતવાસમાં લઇ જવું. 2. To shut or keep out:દૂર કરવું; બહાર કાઢવું.

Seclusion,(સીક્લ્યૂઝન્)*n.* Separation from society:એકાંતવાસ;વિવિક્ત હશા સ્થિતિ;રહસ્થાન.

Second,(સેકન્ડ્)*a.*[L *sequor*, I follow.] Immediately following the first;next to the first: બીજું. S. *estate*; the House of Peers: વિલાયતમાં ઉમરાવની સભા-હાઉસ ઑફ લૉર્ડ્સ.' S. *thought*,reconsideration: ફરીથી કરેલો વિચાર. *n.* One next in place time, rank, importance,excellence,or power:ઉતરતા અથવા બીજા દરજ્જાનું પ્રાણી-વસ્તુ.2.(*a*) A backer; an assistant: મદદગાર. 3. The sixtieth part of a minute of time,or of a minute of space or degree:મીનીટ-અંશનો સાઠમો ભાગ,સેકન્ડ;વિપળ.

S.*hand*,the hand which marks the seconds on the dial of a watch or a clock:ઘડીઆળનો સેકન્ડ કાંટો *vt.*To back;to assist:-ને પુષ્ટી-મદદ-આશ્રય આપવું 3.To support (*as a motion or proposal*):-ને ટેકા પુષ્ટી આપવી.

Secondary.(સેકન્ડેરિ) *a.* Not primary; subordinate: ગૌણ;ઉતરતું. 2. Possessing some quality in the second degree:બીજા દરજ્જાના ગુણવાળું. 3. Subsequent in origin:મૂળ ઉત્પત્તિમાં બીજું.4 (*a*)Dependent or consequent upon another disease: બીજા રોગ ઉપર આધાર રાખતું (*b*)Occurring in the second stage of a disease: અમુક દરદની બીજી સ્થિતિએ થતું. **S.**, *evidence*:ગૌણ પક્ષનો પુરાવો.Secondary education:ઉંચા પ્રકારની કેળવણી.**S.***planet*;A satellite: ઉપગ્રહ.

Second-hand, (સેકન્ડ્-હૅન્ડ્)*a.* Not original or primary; received from another:બીજાની મારફત દ્વારે-હાથે મળેલું.2. Not new: ઉતરેલું;વાપરેલું જુનું. [બીજું એકે;બીજું.

Secondly,(સેકન્ડ્લિ)*adv.*In the second place:

Second-rate, (સેકન્ડ્-રેટ્) *a.* Of the second rank, quality: મધ્યમ કદ-દરજ્જાનું.

Secrecy. (સીક્રેસિ) *n.* The state or quality of being hidden:ગુહ્યતા;ગુપ્તતા.2.That which is concealed;a secret:સંતાડેલી-છુપાવેલી ચીજ. 3.Seclusion privacy:છાની-છુપી ગુપ્ત જગા.

Secret,(સીક્રેટ્)*a.*[L.*se*,aside & *cerno*,I sift.] Hidden;concealed:છાનું;છુપાવેલું.2.In retirement or secrecy;secluded: એકાંતમાં રહેલું.3. Separate:જુદું;નિરાળું.*n.* Something studiously concealed:છાની-ગુપ્તવાત 2.What is unknown or unexplained;a mystery:રહસ્ય;મર્મ.3.*pl.*The genital organ:ગુહ્યાગ; જનનેંદ્રિય. In *secret*,in a private place;privately:છુપી જગ્યાએ;છુપી રીતે.

Secretariat,Secretariate,(સેક્રીટેરિઍટ્-સેક્રીટેરિઍટ્)*n.* The office of a secretary;the place where a secretary transacts business: મંત્રિનો હોદ્દો-જગ્યા.

Secretary,(સેક્રીટેરિ)*n* [L.*secratum*,a secret.] An officer in charge of a particular department of Government: કોઈ પણ ખાતાનો મુખ્ય અધિકારી;મંત્રિ;સેક્રેટરી.2. An escritoire: દફ્તરોતરો; કમલદાન.

Secretary-ship,(સેક્રીટેરિશિપ્)*n.*The office, or the term of office of a secretary:પ્રધાન-મંત્રિપણું-નો હોદ્દો.

Secrete,(સીક્રીટ્)*vt.*[L *se*,aside and *cerno*,I sift.] To hide:ગુપ્ત જગાએ મૂકવું;સંતાડવું.2. To separate from the blood and elaborate by the process of secretion: લોહી-વૃક્ષરસમાંથી પ્રવાહી રૂપે જુદું પાડવું.

Secretion, (સીક્રીશન્) *n.* The act of secreting or concealing:છુપાવવું-સંતાડવું તે.2. The act of secreting:લોહી-વૃક્ષરસમાંથી પ્રવાહિરૂપે જુદું પાડવું તે 3.Any substance or fluid secreted, as the gastric juice: લોહી વૃક્ષરસમાંથી છૂટો-જુદો પડેલો-ઝરેલો નિકળેલો પદાર્થ.

Secretory,(સીક્રીટોરિ)*a.*Secreting,secernent: ધાતુવર્ધક;રસ-કાઢનાર;ઉત્પાદક.

Sect,(સેક્ટ્)*n.*[L.*secto*,I cut.]A party dissenting from an established church:પંથ;ધર્મનો ફાંટો;સંપ્રદાય.

Sectarian,Sectary, (સેક્ટેરિઍન્-સેક્ટરિ) *n.* One of a sect:અમુક પંથ પાળનાર;પંથી.

Section,(સેક્શન્)*n.* [L. *secto*,I cut.]A part separated from something; a division; a portion:ભાગ; વિભાગ. (*a*) A distinct part or portion of a book or writing:કલમ;પ્રકરણ.2. A part of a musical period, composed of one or more phrases: પાદ;ચરણ.

Sectional, (સેક્શનૅલ્) *a.* Of or pertaining to a secting; local:પક્ષ-ભાગનું-સંબંધી-વિષે. 2. Consisting of sections,or capable of being divided into sections:ભાગ-પક્ષવાળું.

Sector,(સેક્ટર્)*n.* [L. *secto*,I cut.] The part of a circle comprehended between two radii and the included arc:બે વ્યાસાર્ધરેખા અને તેની વચ્ચેના વર્તુળના પરીઘનો કોઇપણ ભાગ; વૃત્તખંડ.2. A mathematical instrument: ખૂણા માપવાનું એક યંત્ર.3.An astronomical instrument: ખગોળનું યંત્ર.

Secular, (સેક્યૂલર્) *a.* [L. *saeculum* a race; generation.] Not immediately or primarily respecting the soul, but the body; worldly:વ્યવહારિક;સંસારી;સાંસારિક.2.Belonging to the laity;lay;not clerical:સંસારી પાદ્રી વગરના બીજા સાધારણ લોકમાંનું. *n.* One not bound by monastic rules:મઠવાસીના નિયમ નહિ પાળનારો.2 A layman:ગ્રહસ્થ;સંસારી;વ્યવહારી.

Secularity,(સેક્યૂલૅરિટિ)*n.*Worldliness:ઐહિકદૃષ્ટિ;ઐહિકબુદ્ધિ;ઐહિકાસક્તિ;પ્રપંચદૃષ્ટિ;સંસારાસક્તિ.

Secularize,(સેક્યૂલૅરાઇઝ્)*vt.*To convert from regular or monastic into secular:આશ્રમ કે મઠમાંથી કાઢીને વ્યવહારમાં નાંખવું.

Secure,(સીક્યૂર્)*a.* [L. *se*, without & *cura*, care.] Free from fear, care or anxiety: નિશ્ચિન્ત; નિર્ભય. 2. Not exposed to danger; safe:નિર્ભય;સહિસલામત.*vt.* To make safe; to protect: નિર્ભય-સહિસલામત કo. 2. To make certain:નક્કી-ખાત્રિ કરી લેવી.3.To make fast: પાકા બંદોબસ્ત કo.4 To get possession of:-નો કબજે લેવો.

Securely,(સીક્યૂર્લિ)*adv.* Without fear or apprehension;safely:નિશ્ચંતપણે;નિર્ભયપણે.

Security, (સીક્યૂરિટિ) *n.* The condition or quality of being secure:નિશ્રાંન્ત-નિર્ભયતા.(*a*) Freedom from apprehension,anxiety:નિરાંત;નિર્ભય-નિશ્રાંન્તપણું.2.Protection:રક્ષણ;આશ્રય.(*a*) Surety:બાંહેધરી; હામી;જામિની. (*b*) One who becomes surety for another:હામીદાર; જામીનદાર 3.An evidence of debt or of property:ખત;લેણદેણનો દસ્તાવેજ.

Security-bond, (સીક્યૂરિટિ-બૉન્ડ્)*n.* A bond for the security of anything: જામીનખત.

Sedan,(સીડૅન્)*n.* A portable chair or covered vehicle: ખુરશીના જેવી પાલખી-મીઆનો.

Sedate,(સીડેટ્)*a.*[L.*sedo*,I allay.]Calm;tranquil;serene;composed:શાંત;ગંભીર;ધીરૂં.

Sedative,(સેડેટિવ્)*a.* Tending to calm pain શાંતિકારક-જનક.*Specifically*(*Med*),assuaging pain:દરદ હલકું-ઓછું કરતું.*n* (*Med.*)A remedy which allays pain:ઝાળ-લ્હાય-દુઃખ ઓછું કરનાર ઘટાડનાર.

Sedentary,(સેડેન્ટરિ)*a.* [L.*sedeo*,I sit.] Accustomed to sit much or long:ઘણીવાર-ઘણું બેસી રહેનાર. 2.Characterized by,or requiring much sitting:બેઠું;બેઠાબેઠાં કરવાનું;ઘણું બેસી રહેવું પડે એવું.3.Caused by long sitting:ઘણી વાર બેસી રહેવાથી થયેલું.

Sediment,(સેડિમેન્ટ્)*n.*[L *sedeo*,I sit,settle.] Settlings;lees;dregs:નીચે બેઠેલો કચરો-મેલ;મળ.

Sedimentary,(સેડિમેન્ટરિ)*a.* Of or pertaining to sediment:નીચે બેઠેલા કચરા સંબંધી-નું.

Sedition,(સીડિશન્)*n.*[L.*se*,aside &*eo*,I go.] Excitement of discontent against the government:સરકારના સામું કરાવેલું હુલ્લડ;રાજદ્રોહ.

Seditious,(સીડિશસ્ *a* Of,or pertaining to sedition: દગા-હુલ્લડનું-સંબંધી;રાજદ્રોહી.

Seduce,(સીડ્યૂસ્)*vt.*[L. *se* & *duco*, I lead.] To entice to evil:કુમાર્ગે-ખોટે રસ્તે ચઢાવવું. 2. To induce to surrender chastity: સમજાવી ફોસલાવીને પતિવ્રતનો ભંગ કરાવવો.

Seducer, (સીડ્યૂસર્ , *n.* One who, or that which seduces:ફોસલાવનાર;ભુલ થાપ દેનાર.

Seduction, (સીડક્શન્)*n.* The act of seducing:શીલપાતન;સતીત્વનાશ.2.Means of leading astray:ફોસલામણી;કુમાર્ગે દોરવાનાં સાધન.

Seductive,(સીડક્ટિવ્)*a* Tending to lead astray:ભુલથાપ દે, ખોટે માર્ગે લઈ જાય એવું.

Sedulity,(સેડ્યૂલિટિ)*n.* Unremitting industry:મોટો પરિશ્રમ;મહેનત;ઉદ્યોગ.

Sedulous,(સેડ્યૂલસ)*a.*[L.*sedeo*,I sit.]Steadily industrious;assiduous:ઉદ્યમી;અભ્યાસી.

Sedulously,(સેડ્યૂલસ્લિ) *adv.* Assiduously; perseveringly:ઘણી મહેનત-ખંતથી-કરીને.

See,(સી)*n.*[L *sedeo*,I sit]*Specifically*,(*a*)A diocese;the jurisdiction of a bishop:ધર્માધ્યક્ષના તાબાનો મુલક.(*b*)The seat of an archbishop:ધર્માધ્યક્ષની ગાદીનું ઠેકાણું;ધર્માચાર્યની ગાદી (*c*)The office of the Pope:પોપનું સ્થાનક.

See,(સી)*vt.* [*Imp.* **Saw,**(સૉ) *p.p* **Seen,**[L. *scio*,I know.]To behold;to descry;to view: જોવું;દેખવું;નજરે આવવું 2To perceive by mental vision;to understand;to comprehend:જાણવું; સમજવું;નું જ્ઞાન થવું. 3. To watch; to regard attentively; to look after:તપાસ રાખવી. 4. To make a call upon;to visit:મળવું;-ની મુલાકાત કરવી.5.To fall in with;to meet or associate with:-ને મળવું *To* s. *one home*: કોઈને તેને ઘેર વળાવવા જવું.*To* s(*anything*) *out,* to see (*it*) to the end; to be present to the end: આખર-છેવટ સુધી હાજર હોવું; પુરૂં. *To see* (*one*)*through*,to help,(one)to the end of a course or an undertaking:કોઈને કોઇ કામમાં મદદ કરવી-ની સંભાળ રાખવી. *vi.* To have the power of vision:જોવું;ભાળવું;દેખાવું.*To* s.*about a thing*,to pay attention to it:ના તરફ લક્ષ-ધ્યાન આપવું.*To* s.*on*,to look at:-ના તરફ જોવું. *To* s.*to*,(*a*)to look at:-ને જોવું. (*b*) To take care about:-ની સંભાળ લેવી-રાખવી. (*c*) To see off:વળાવવા જવું.

Seed,(સીડ્)*n.pl.* **Seed** or **Seeds,** (સીડ્ઝ) A ripened ovule,consisting of an embryo with one or more integuments, or coverings:બીજ;બીયું;બી 2.Semen;sperm:વીર્ય;ધાત. 3.Race;birth:જાત;પેઢી;જન્મ.*vi.*To sow seed: બી વાવવું.2.To shed the seed:બાં પાડવું.3. To grow to maturity and to produce seed: પુખ્ત-પાકુ થઇને બી ઉત્પન્ન કરવું;જડમૂળ ઘાલવું. *vt.* To plant seeds in;to sow:માં બી વાવવાં.

Seedless,(સીડ્લેસ્)*a.* Wanting seeds:નિર્બીજ.

Seedling,(સીડ્લિંગ્)*n.* A plant reared from the seed:બીજમાંથી ઉછરેલો છોડ;રોપો;બીજાંકુર.

Seedsman,(સીડ્ઝ્મૅન્) *n. pl.* A sower; one who sows seeds:બીઆં વાવનાર. 2. A person who deals in seeds:બીજ-બીઆં વેચનાર.

Seedy,(સીડિ)*a.* Abounding with seed;bearing seeds:બહુ બીજ-બીઆંવાળું.

Seeing(સીઈંગ્)*conj.*Since,because:કારણકે;જોતાં

Seek,(સીક્)*a.vt.*[*Imp.*& *p p* **Sought,**(સૉટ્)] To go in search of:શોધવું;ખોળવું. 2. To inquire for; to ask for: માગવું. 3. To try to acquire or gain:મેળવવાને માટે યત્ન કo.4 To try to reach or come to:પહોંચવાનો યત્ન કo. *vt.*To make search or inquiry:શોધવું.*To* s. *after*,to make pursuit of: ની પાછળ લાગવું.

To s.*for*,to endeavour to find:શોધવું.*To* s. *upon*,to make strict inquiry upon:ની બારીક તપાસ કરવી.

Seem,(સીમ્) *vi*. To appear or to appear to be:દેખાવું;જણાવું;દીસવું.*It* s.s,it is said:તે ખરૂં છે એમ સમજાય છે;એવું કહેવાય છે.*vt*.To befit;to beseem:લાયક-યોગ્ય હોવું;ઘટવું.

Seemingly,(સીમિન્ગ્લિ)*adv*.In appearance; in show;apparently:રૂપરંગપરથી;બહારથી.

Seemliness,(સીમ્લિનેસ્)*n*.Comeliness; propriety:યોગ્યતા;લાયકી;ઔચિત્યરૂપલાવણ્ય.

Seemly, (સીમ્લિ) *a*. Suitable;fit:યોગ્ય; ઘટિત. *adv* In a suitable manner; becomingly: યોગ્ય રીતે.

Seen,(સીન્)*p p*.of **See**:જોયું;દીઠું;નિરખ્યું;નિહાળ્યું.

See-Saw,(સીસૉ)*n*.A play among children inwhich they are seated upon the opposite ends of a plank which is balanced in the middle,and moved alternately up and down: ચીંચવા; ચીચુડો. *vt*. To move backward and forward: ઉંચા નીચા હીંચકા ખાવા. *vi*.To cause to move backward and forward: આમતેમ-ઉંચા નીચા હીંચકા ખવડાવવા.

Seethe, (સીધ્) *vt*. To decoct;to boil:ઉનાપાણીમાં બાફવું-સિજવવું; ઉકાળવું. *vi*. To be in a state of ebullition;to boil:ઉકળવું;ખદબદવું.

Segment,(સેગ્મેન્ટ્)*n* [L. *seco*,I cut.]A section; a portion:ખંડ;ભાગ. 2. A part cut off from a figure by a line or plane: ગોળાનો ખંડ;વૃત્તખંડ 3.(*a*)A piece in the form of the sector of a circle:ગોળાનાખંડના આકારનો કકડો.

Segregate, (સીગ્રીગેટ્) *a*. [L. *se*, and *grex*, *gregis*,a flock or herd.] Separated from others of the same kind:એકજ જાતનાં બીજાંમાંથી-છૂટું પાડેલું.*vt*.To separate from others; to set apart:બીજાથી છૂટું જૂદું પાડવું.

Seignior,(સીન્યર્)*n*.[L.*senior*,elder.]A title of honor in the south of Europe: ઇંગ્રેજીમાં સર અથવા 'મીસ્તર' ના જેવો દક્ષિણ યૂરોપમાં વપરાતો માનનો ઈલકાબ. *Grand* s., thesultan of Turkey:તુર્કસ્તાનનો સુલતાન.

Seigniory,(સીન્યરિ) *n*. The power or authority of a lord:'લૉર્ડ'નામના અમીરની સત્તાઅધિકાર. 2. The territory over which a lord holds jurisdiction;a manor:'લૉર્ડ' નામના અમીરની હકુમતનો મુલક.

Seize,(સીઝ્)*vt*.To gripe or grasp suddenly: એકદમ પકડવું;ઝાલવું.2.To take possession of, by force:પડાવી-ખુંચાવી લેવું.3.To take sudden hold of:ઝપટાવી સપડાવી દેવું;-પર ત્રાપ મારવી.4. To take possession of by virtue of a warrant or other legal authority: વારંટથી-કે બીજી કોઈ કાયદાસર રીતે જપ્ત કરવું;નો કબજો લેવો. To be *seized* of,to have possession, or right of possession:નો કબજો હોવો.

Seizure,(સીઝ્યૂર્)*n*. The act of seizing; the state of being seized; sudden and violent grasp or gripe:કબજો;ધારણ.2. Hold;possession;ownership:કબજો;દાવો; માલકી. 3. That which is seized or taken possession of: ઝુંટાવી લીધેલી ચીજ.

Seldom,(સેલ્ડમ્)*adv*.Rarely; not often; not frequently:ભાગ્યેજ;વિરલું;જવલ્લે;કદાચ;કોઈજવાર.

Select,(સીલેક્ટ્)*a*.[L *se* & *lego*,I gather.] Selected;choice: પસંદ કરેલું;ચુંટી-વીણી કાઢેલું. *vt*. To choose and take from a number:પસંદ કરવું-ચૂંટી વીણી કાઢવું.

Selection,(સીલેક્શન્) *n*. The act of selecting,or the state of being selected;choice by preference:પસંદગી,ચૂંટણી.2.That which is selected;a collection of thing chosen: ચુંટી-પસંદ કરેલી વસ્તુ.

Selector,(સીલેક્ટર્) *n*. One who selects: પસંદ કરનાર;ચુંટી વીણી કાઢનાર. [ચંદ્રકાંત.

Selenite,(સેલેનાઇટ્)*n*.A variety of gypsum:

Self,(સેલ્ફ્)*a*.[L *sui*,same.]Same;particular; identical:તેજ;પોતેજ. *n*. A person as a distinct individual;a being regarded as having personality:પંડ;જાત.2.*Hence*,personal interest;selfishness:સ્વાર્થ;એકલપેટા.*To come to one's* s.:શુદ્ધિમાં આવવું *To enrich one's* s. પોતાનું ઘર ભરવું.*To spare one's* s.:હાડકાં ચોરવાં.

Self-abnegation,(સેલ્ફ્-ઍબ્નીગેશન્)*n*. Self-denial self-renunciation:ઈંદ્રિયદમન.

Self aggrandizement, (સેલ્ફ્-ઍગ્રૅન્ડાઇઝ્મેન્ટ્) *n*. The aggrandizement of one's self:પોતાની વૃદ્ધિ-ચઢતી;આત્મોન્નતિ.

Self-applause,(સેલ્ફ્-ઍપ્લૉઝ્)*n*. Applause of one's self:આત્મસ્તુતિ,પ્રસંશા;આત્મશ્લાઘા.

Self-born, (સેલ્ફ્-બૉર્ન્) *a*. Born or produced by one's self:સ્વયંભુ;પોતાની મેળે ઉત્પન્ન થયેલું.

Self-charity,(સેલ્ફ્-ચૅરિટિ)*n*.Self-love:પોતાની જાત-પંડનો-ઉપર પ્યાર

Self command, (સેલ્ફ્-કૉમ્મૅન્ડ્) *n*. Control over one's own feelings:આત્મસંયમ.

Self-conceit, (સેલ્ફ્-કૉન્સીટ્) *n*. Conceit of one's self:ગર્વ;મગરૂરી;અભિમાન.

Self-conceited, (સેલ્ફ્-કૉન્સીટેડ્) *a*. Having an overweening opinion of one's powers: અહંકારી;સ્વાભિમાની.

Self-confidence, (સેલ્ફ્-કૉન્ફિડેન્સ્)*n*.Self-reliance:આત્મનિષ્ઠા;સ્વબુદ્ધિનિષ્ઠા;પંડવિશ્વાસ.

Self-control, (સેલ્ફ્-કૉન્ટ્રોલ્) *n*. Control of one's self:ઇંદ્રિઓ વશ રાખવી તે; આત્મનિયમ.

Self-denial,(સેલ્ફ્-ડીનાઇઅલ્) *n.* The denial of one's self:આત્મસંયમ;આત્મનિરોધ.

Self destruction, (સેલ્ફ્-ડીસ્ટ્રક્શન્) *n.* Self-murder;suicide:આપઘાત-નાશ;આત્મહત્યા;નાશ.

Self distrust, (સેલ્ફ્-ડીસ્ટ્રસ્ટ)*n.* Want of confidence in one's self:પોતાની જાતનો અણભરોંસો.

Self esteem,(સેલ્ફ્એસ્ટીમ્)*n.* The holding a good opinion of one's self: પોતાનાપંડ-જાત વિશે સારો વિચાર.

Self evident, (સેલ્ફ્-એવિડેન્ટ્) *n.* Evident without proof:પોતાની મેળેજ જાહેર થયેલું.

Self government, (સેલ્ફ્ગવર્નમેન્ટ્) *n.* Democratic government; democracy: લોકરાજ્ય;પ્રજા સત્તાક રાજ્ય.

Self importance, (સેલ્ફ્-ઇમ્પૉર્ટન્સ્) *n.* An exaggerated idea of one's own importance or merit;self conceit:અભિમાન;મ્હોટમ;માન.

Self indulgent,(સેલ્ફ્ઇન્ડલ્જેન્ટ્) *a.* Indulging one's appetites,desires etc:વિષયી.

Self interest, (સેલ્ફ્-ઈન્ટરેસ્ટ્)*n.* Private interest:પોતાની મતલબ;સ્વાર્થ;આત્મહિત.

Selfish,(સેલ્ફિશ્)*a.*Caring supremely or unduly for one's self:મતલબી;સ્વાર્થીલું;એકલપેટુ.

Selfishness,(સેલ્ફિશનેસ્)*n.*Exclusive regard to one's own interest or happiness:એકલપેટા સ્વાર્થીપણું;સ્વાર્થબુદ્ધિ;સ્વાર્થનિષ્ઠા.

Self love,(સેલ્ફ્લવ્) *n.* Desire of personal happiness:મમતા;અહંમાન;આત્મપ્રીતિ.

Self possessed,(સેલ્ફ્-પૉઝ્ઝેસ્ડ્) *a.* Composed or tranquil in mind:સાવધ;સ્થિરાત્મા.

Self possession, (સેલ્ફ્-પૉઝ્ઝેશન્) *n.* Calmness;presence of mind:મનનું સાવધપણું.

Self-praise, (સેલ્ફ્-પ્રેઝ્) *n.* Praise of one's self:પોતે પોતાની કરેલી તારીફ, આત્મસ્તુતિ.

Self preservation,(સેલ્ફ્ પ્રીઝર્વેશન્) *n.*The preservation of one's self from destruction:નુકશાનમાંથી પોતાના પંડનો બચાવ.

Self-reliance,(સેલ્ફ્ રીલાઇઍન્સ્)*n.* Reliance on one's own powers of judgment: પંડપર આધાર રાખવો તે.

Self-respect,(સેલ્ફ્ રીસ્પેક્ટ્) *n.* Respect for one's self:પોતાની આબરૂની દરકાર.

Self-restraint,(સેલ્ફ્ રીસ્ટ્રેન્ટ્) *n.* Restraint over one's self:આત્મસંયમ;દમ;આત્મનિગ્રહ.

Self sacrifice,(સેલ્ફ્ સૅક્રિફીસ)*n.* The act of sacrificing one's self:આત્માર્પણ;પ્રાણાર્પણ.

Self same,(સેલ્ફ્ સેમ)*n.*Precisely the same; identical:એનું એજ;એજ;તેજ;અનન્ય.

Self sufficient,(સેલ્ફ્-સફિશિએન્ટ્)*a.*Sufficient for one's self without external aid: બહારની;બીજી કોઈ મદદ શિવાય પોતાના પંડને માટે સંપૂર્ણ જોઇએ તેટલું;સ્વનિષ્ઠ;સ્વસ્થ.

Self-willed, (સેલ્ફ્ વિલ્ડ્) *a.* Governed by one's own will;obstinate:હઠીલું;જક્કી;જીદ્દી

Sell,(સેલ્)*n.*[L *sedeo*,I sit.]*vt.*[*Imp.* & *p p.* **Sold.**] To transfer to another for an equivalent:વેચવું;વેચાતું આપવું.2.To make a matter of bargain:પૈસા ખાઇને નિમકહરામીથી પારકાને આપવું.*vi.*To be sold:વેચાવું.*To s.out:* વેચી દેવું;ઉસ્વી-વેચી મારવું.

Selvage,Selvedge,(સેલ્વેજ્-સેલ્વેજ્)*n.* The edge of cloth which is woven in such a manner as to prevent raveling: લુગડાની કોર;અંચળો.

Semaphore,(સેમૅફોર)*n* [Gr. *sema*, sign & *phero*,I bear.] A signal telegraph:વેગળેથી ઇશારત કરવાનો સાંચો.

Semblance,(સેમ્બ્લૅન્સ્)*n* [L. *similis*, like.] Likeness;similitude:સરખાપણું;મળતાપણું.

Semen,(સીમેન્)*n pl.***Semina** [L.*sero*,I sow] The seed of plants:છોડવાનાં બી.2.The seed or fecundating fluid of male animals; sperm:ધાતુ;ધાત;રેત;શુક્ર;વીર્ય;તુખમ.

Semi,(સેમિ)[L]A prefix signifying half and sometimes partly or imperfectly:અર્ધું-અડધું દર્શાવનારો ઉપસર્ગ;અર્ધ;નીમ.

Semi-breve,(સેમિબ્રીવ્)*n* A note of half the time or duration of the breve:દીર્ઘસ્વર.

Semi-castrate,(સેમિકૅસ્ટ્રેટ્)*vt.*To deprive of one testicle:એક અંડની ખાસી ક૦:-નું એક અંડ કાપી નાંખવું.

Semi-circle,(સેમિ-સર્કલ્)*n* (*a*)The half of a circle:અર્ધવર્તુળગોળ(*b*)A semi-circumference અરધો ઘેરાવો-પરીધ. 2.A body in the form of half a circle:અરધા વર્તુળ-ગોળાના આકારનો પદાર્થ.

Semi-colon,(સેમિકૉલૉન્)*n.*The punctuation mark [;] indicating a separation between parts or members of a sentencemore distinct than that marked by a comma:અર્ધવિરામ; ટાંપ; મિસલો.

Seminal,(સેમિનૅલ્)*a.*[L *semen*, seed:] Pertaining to, containing, or consisting of, seed or semen:ધાત-બીજ-સંબંધીવાળું.

Seminary,(સેમિનૅરિ)*n.* [L *semen*, seed] A nursery: ઝાડના છોડની જગ્યા. 2. A place of educating;a college:શાળા.

Seminate,(સેમિનેટ્)*vt.*To sow:રોપવું; વાવવું.

Semi-tone,(સેમિટૉન્)*n* Half a tone:અર્દ્ધસૂર.

Semi-transparent,(સેમિ-ટ્રૅન્સ્પેરેન્ટ્)*a.* Half or imperfectly transparent:અર્ધ-અપૂર્ણ પારદર્શક.

Semi-vowel,(સેમિ-વાઉએલ્) *n.* A sound intermediate between a vowel and a consonant:અર્દ્ધસ્વર.

Sempiternal,(સેમ્પિટર્નૅલ્)*a* [L.*semper*,al-

ways.]Everlasting;endless:અખંડ;અનંત.

Senate,(સેનેટ્)*n.*An assembly having the highest deliberative and legislative function:સભા (*a*) A body of elders appointed from among the nobles of the nation:અમીરોમાંથી પસંદ કરેલા પુરુષોની કાયદા ઘડનાર મંડળી.

Senator,(સેનેટૉર્)*n.*A member of a senate: રાજ્ય મંડળીનો સભાસદ.

Senatorial,(સેનેટૉરિઅલ્)*a.*Of,or pertaining to a senator or a senate:'સેનેટ'નામની મંડળી. સંબંધીનું.

Send,(સેન્ડ્)*vt.* To cause to go:મોકલવું.2. To give motion to; to cause to be borne:;ની સાથે મોકલવું.3. To cast: નાંખવું. *To* s.*for*, to request or require by message to come or be brought:બોલાવવા-તેડવા-લેવા મોકલવું *To* s *forth*:-માંથી નીકળવું.

Senescence, (સીનેસ્સેન્સ્) *n.* The state of growing old;decay by time:ઘડપણ;વૃદ્ધાવસ્થા; જીર્ણાવસ્થા.

Seneschal,(સેનીશૅલ્)*n.*[L *senex*,& *scale*,a servant.]A steward:કારભારી;વહીવટ કરનાર.

Senility,(સીનિલિટિ)*n.* The quality or state of being senile:ઘડપણ;વૃદ્ધાવસ્થા;જરા;ઘરડાપો.

Senior,(સીનિઑર્)*a.* [L. *senex*, *senis*, old.] Prior in age;elder:જ્યેષ્ઠ;વડિલ;પહેલી નિમણુંક; A person who is older than another:બીજા કરતાં મોટી ઉમરનો માણસ;જ્યેષ્ઠ;વડિલ.2.One prior in grade:પાયરીએ પદવીએ મ્હોટું હોય એવું માણસ

Seniority, (સીનિઑરિટિ) *n.* The quality or state of being senior:ઉપરીપણું;વડીલપણું.

Senna,(સેન્નૅ)*n.*The leaves of several leguminous plants of the genus *cassia*: સોનામુખી;સોનામક્કાઇ;મીંઢીઆવળ

Sensation,(સેન્સેશન્)*n.* An impression or the consciousness of an impression,made upon the central nervous organ through one of the organs of sense: ઇંદ્રિયજન્યજ્ઞાન; ઇંદ્રિયબોધ. 2. A purely spiritual affection: શુદ્ધ માનસિક હેત. 3. A state of excited interest or feeling:મનની વ્યાકુળતા.

Sensational,(સેન્સેશનૅલ્) *a* Of or pertaining to sensation:ઇંદ્રિયજ્ઞાન-સંબંધી.2. Of or pertaining to the doctrine that sensation is the sole origin of knowledge:ઇંદ્રિયજ્ઞાન એ જ્ઞાનનું મુખ્ય મુળ છે એવા મત સંબંધી. 3. Melodramatic:મનોરૂચિજનક.

Sense,(સેન્સ્)*n* [L *sentio*,I feel]A faculty, of perceiving external objects by means of impressions made upon certain organs of the body:પ્રાણીની જ્ઞાનેંદ્રિય *Evident to* s: પ્રત્યક્ષરિદ્ધ.*Object of* s.:ઇંદ્રિય વિષય.*Pleasure of* s.:વિષયસુખ.2.Sensation:ઇન્દ્રિયદ્વારેજ્ઞાન બોધ. 3.Apprehension;understanding:બુદ્ધિથી ભાન; સમજ 4.Correct judgment:અક્કલ; સમજ બુદ્ધિ. 5. Juagment:વિચાર; મત 6. Meaning: અર્થ. *Literal* s :શબ્દાર્થ;અક્ષરાર્થ. 7. Moral perception:.સારા નરસાની સમજ.S.*of obligation*:કૃતજ્ઞતા.*Loss of* s ક બુદ્ધિભ્રંશ *To come to* s.ક:શુદ્ધિમાં આવવું.*To lose one's* s.ક:બેશુદ્ધ થવું.

Senseless,(સેન્સ્લેસ્)*a.*Unconscious;stupid: foolish;unreasonable:અચેતન; બેશુદ્ધ;મુર્ખ.

Sensibility, (સેન્સિબિલિટિ) *n.* Capacity to feel or perceive:શુદ્ધિ;દેહ શુદ્ધિ;ચેતના.2.Experience of sensation;actual feeling:અનુભવ;લાગણી;સમજ;અક્કલ.

Sensible, (સેન્સિબલ્) *a.* Capable of being perceived by senses:લાગે-જણાય એવું;ઇંદ્રિયગોચર.2.Having the capacity of receiving impressions from external objects impressible:ચેતના-ભાનવાળું; સચેતન. 3. Sensitive; having nice perception:જાણીતું;ચાકેફ્ખાર. 4. Having moral perception:સમજદાર; વિવેકી; સમજુ.6. Intelligent:સુજ્ઞ;ડાહ્યું.

Sensibly,(સેન્સિબ્લિ)*adv.*In a sensible manner;sensitively: જણાય-સમજાય-ખબર પડે તેમ; પ્રત્યક્ષ રીતે.

Sensitive,(સેન્સિટિવ્) *a.* Highly susceptible; easily and acutely affected:તરત મનમાં ઘણું લાગે એવું. 2. (*a*) Having a capacity of being easily affected or moved:તરતજ અસર થાય અથવા ખસે તેવું. 4. Of or pertaining to sensation:depending on sensation:ઇંદ્રિયજ્ઞાન-લાગણી સંબંધી.

Sensitive-plant, (સેન્સિટિવ્-પ્લૅન્ટ્) *n.* Any plant showing motions after irritation:લજામણી.

Sensorial,(સેન્સૉરિઅલ્)*a.* Of or pertaining to the sensorium:જ્ઞાનતંતુ સમુહ સંબંધી-નું-વિષે-

Sensorium,(સેન્સૉરિઅમ્)*n.*[L. *sensus*, feeling.] The seat of sensation:જ્ઞાનસ્થળ; જ્ઞાન તંતુસમુહ.

Sensual,(સેન્સ્યૂઅલ્)*a.* [L. *sensus*, sense.] Relating to,or concerning,the body,in distinction from the spirit:ઇંદ્રિયવિષયક.2 Carnal:વૈષયિક 3.Lewd: વિષયલંપટ;વિષયી.

Sensualist, (સેન્સ્યૂઅલિસ્ટ્) *n.* One who is sensual;one given to the indulgence of the senses as the means of happiness: વિષયી લંપટ પુરૂષ;ઇંદ્રિયાદિક સુખ ભોગવનાર.

Sensuality,(સેન્સ્યૂઅલિટિ)*n.*Devotedness to the gratification of the bodily appetites lewdness:વિષયાધીનતા-લંપટપણું;કામાસક્તિ.

Sensuous, (સેન્સ્યૂઅસ્) *a.* Addressing the

senses:આધ્ય પદાર્થને લગતું-સૂચક.2.Highly susceptible to influence through the senses: ઇંદ્રિવિષયક;ઇંદ્રિયજન્ય. [કલેલું
Sent,(સેન્ટ્)*Imp.* & *p.p.*of **Send**.મોકલ્યું;મો-
Sentence, (સેન્ટેન્સ્) *n.* [L. *sentio*,I feel.] Condemnation pronounced by a judicial tribunal:ફોજદારી મુકદ્દમામાં શિક્ષાનો ઠરાવ;શિક્ષા નશીયત;દંડાજ્ઞા.2.A maxim:વચન;સૂત્ર;નીતિવચન 3.A combination of words which is complete as expressing a thought:વાક્ય.*vt.*To condemn to punishment:- ને શિક્ષા ક૦.
Sentient, (સેન્શિએન્ટ્) *a.* [L. *sentio*,I feel.] Having a faculty of sensation:સચેતન;ચૈતન્ય-પ્રાણવિશિષ્ટ.*n.*A sentient being:સચેતન પ્રાણી.
Sentiment,(સેન્ટિમેન્ટ્)*n* [L. *sentio*;I feel] A thought prompted by passion of feeling:મનોભાવ.2.Thought;opinion;judgment: વિચાર;અભિપ્રાય.3.Sensibility:મનોવૃત્તિ.
Sentimental, (સેન્ટિમેન્ટલ્) *a.* Abounding with moral reflections:didactic:સુવાક્યવાળું નીતિનાં વચન સરેલું.2 Inclined to sentiment:રસિક
Sentimentalist,(સેન્ટિમેન્ટલિસ્ટ્)*n.*One who has,or affects,sentiment or fine feeling:અતિશય કોમળપણું બારીક મનોભાવવિગેરે બતાવનાર.
Sentinel,(સેન્ટિનેલ્) *n.* [L. *sentio*,I feel.] A sentry:પહેરો ફરનાર. *vt* To watch over like sentinel: પહેરેગીર-ચોકીઆતની માફક તપાસ રાખવી-ચોકી કરવી.[a sentinel:પહેરેગીર;ચોકીઆત.
Sentry,(સેન્ટ્રિ)*n.*A soldier placed on guard;
Sentry-box,(સેન્ટ્રિ-બૉક્સ્)*n.*A box to cover a sentinel at his post:પહેરેગીરની કોટડી.
Separate,(સેપેરેટ્)*vt.* [L.*se*, apart & *pars*,a part.] To disunite:જુદું પાડવું. 2. To come between: વચ્ચે આવવું. 3. To set apart:ચુંટી કાઢવું.*vi.*To part: જૂદું થવું. *p. a.* Disjoined: જુદું;વિખુટું. [જુદું;અલાયદું;ભિન્ન;નોખું;નિરાળું.
Separately,(સેપેરેટ્લિ) *adv.* Distinctly:જુદું
Separation,(સેપેરેશન્)*n.*The act of separating or the state of being separated:વિયોગ; વિરહ;ફાટફુટ;કુસંપ *Specifically*(*a*)Chemical analysis:પૃથક્કરણ.(*b*) Divorce:ફારગતી.
Sepoy,(સીપૉઇ)*n.*An Indian soldier in the service of a European power:દેશી સિપાઇ.
Septangular,(સેપ્ટેન્ગ્યુલર)*a.* Septagonal:સપ્તકોણી.
Septilateral,(સેપ્ટિલૅટરલ્)*a.* [L. *septum* & *latus*,side.]Of seven sides:સપ્તબાજુસાતબાજુનું.
September,(સેપ્ટેમ્બર્)*a.* [L.*septem*,seven.] The ninth month of the year containing thirty days:અંગ્રેજી સાલનો ત્રીસ દિવસનો નવમો મહિનો;શ્રાવણ-ભાદરવો;સપ્ટેંબર.
Septennial,(સેપ્ટેનિઅલ્)*a.*[L.*septem*,seven & *annus*,year.] Lasting seven years:સાત વર્ષ સુધી ચાલતું.2.Happening once in every seven years:દર સાત વરસે-વરસમાં એકવાર થતું.
Septuple,(સેપ્ટ્યૂપલ્)*a.* Sevenfold: સાતગણું; સાતપુટ.*vt.* To multiply by seven;to make sevenfold:-ને સાતે ગુણવું;સાતગણું;કરવું.
Sepulcher-Sepulchre, (સેપલ્કર્) *n.* [L. *sepelio*,I bury.]A grave;a tomb:કબર;રોજો; સમાધ;ઘોર;છત્રી.*vt.* To bury;to entomb:દાટવું; -ની ઘોર કરવી.
Sepulture,(સેપલ્ટ્યૂર્)*n.* [L.*sepelio*,I bury.] Burial;interment:દાટવું તે;પૃથ્વીદાહ.
Sequel,(સીક્વેલ્)*n* [L. *sequor*,I follow.]A succeeding part:ઉત્તરભાગ.2.Consequence; effect:પરિણામ;અંત;અટકળ.
Sequence,(સીક્વેન્સ્)*n.* [L.*sequens*] Succession:પૂર્વાપરસંબંધ 2.Consequence:પરિણામ.
Sequent,(સીક્વેન્ટ્)*a.*[L *sequor*, I follow.] Following:પછીનું; ચાલતું.*n* A follower: પાછળ ચાલનાર. 2.That which follows as a result: પરિણામ;અંત.
Sequester, Sequestrate,(સીક્વેસ્ટર્-સીક્વેસ્ટ્રેટ્)*vt.* [L *sequester*,a depository] To separate from the owner for a time; to confiscate:જપ્ત ક૦;ટાંચ મારવી.2. To deprive કોઇને તેની મીલકત વિનાનો ક૦3.To seclude:સંસાર છોડવો; એકાંત વાસ લેવો.ક૦. *vi.* To withdraw:એકાંત વાસ લેવો.2.To renounce:પોતાના ધણીની મીલકત ઉપરથી પોતાનો હાથ ઉઠાવવો. *n.* Sequestration;separation:જપ્તિ;કલમબંધી.2 A mediator:પંચ;લવાદ
Sequestration, (સીક્વેસ્ટ્રેશન્) *n.* The act of separating a thing in controversy from the possession of both the parties that contend for it: જપ્તિ; ટાંચ. 2. Retirement; seclusion from society:એકાન્તવાસ;સંસારત્યાગ 3.Disunion;disjunction:કજીઓ;અણબનાવ;મતભેદ;જુદાપણું;તુટ;ફુટ.
Sequestrator,(સીક્વેસ્ટ્રેટર્)*n.* (*Law*) (*a*) One who sequesters property,or takes possession of it for a time,to satisfy a demand out of its rents or profits: જપ્તી કરનાર.
Seraglio,(સીરાંલ્યો)*n.* A harem; a place for keeping wives:જનાનખાનું;અંતઃપુર.*Royals*.: રાણીવાસો.
Serai,(સેરાઇ)*n.*(*also,in the East*)A caravansary,or rest house:મુસાફરખાનું;ધર્મશાળા;સરાઇ.
Seraph, (સેરફ) *n. pl. E* **Seraphs,** *Heb.*
Seraphim, One of an order of celestial beings: સૌથી ચઢતા દરજ્જાનો દેવદુત;ફિરસ્તો.
Seraphic,(સીરફિક્)*a.*Dry;withered;sublime;

pure;refined:દેવદૂતનું-જેવું-યોગ્ય;ઉત્કૃષ્ટ; નિષ્કલંક.
Sere,(સીર્)*a.* Dry; withered:સુકું;સુકાઈ ગયેલું. *n.*Claw:નોહોર.
Serene,(સીરીન્)*a* [L *serenus*,calm.] Bright; clean: સ્વચ્છ; નિર્મળ. 2. Calm: સ્વસ્થ. *vt.* To make serene:સ્વચ્છ નિર્મળ ક૦.
Serenity,(સીરેનિટિ)*n.* Quietness; stillness; peace:સ્વચ્છતા;નિર્મળતા.2Calmness of mind: મનની શાંતિ.
Serf,(સર્ફ્)*n.* [L.*servus*, servant.] A servant or slave employed in husbandry:ગુલામ-દાસ.
Serfdom,(સર્ફ્ડૉમ્)*n.* The state or condition of a serf:ખેતીના અંગનું દાસ્ય-ગુલામી;દાસ વૃત્તિ.
Serge,(સર્જ્)*n.*[L.*sericus*,silken.]A woollen twilled stuff:એકપ્રકારનું ઉનનેરેશમનું બનેલુંલુગડું.
Sergeant,(સાર્જન્ટ્)*n.* (Written also **Serjeant.**)[L *servo*, I serve.] A non-commissioned officer, whose duty is to instruct recruits in discipline:કવાયત શિખવનાર સનંદ વિનાનો હવાલદાર;સરજન્ટ. 3. A lawyer of the highest rank: સર્વથી ઉંચી પદવીનો વકીલ-બારીસ્ટર-જડજ.
Serial, (સીરિઅલ્)*a.* Of, or pertaining to a series:અનુક્રમનું.2. Pertaining to rows: હારબંધ. *n.* A tale, published in successive numbers of a periodicalએકવાર નીકળતી વાત.
Seriatim,(સીરિએટિમ્)*adv.*In regular order: અનુક્રમે;અનુક્રમ પ્રમાણે;હારબંધ;ક્રમવાર.
Sericeous,(સીરિશ્યસ્)*a.* [L.*sericus*,silken.) Of or pertaining to silk;silky: રેશમનું-રેશમવાળું;રેશમી.Having a silk like luster:રેશમના જેવા પ્રકાશવાળું.
Series,(સીરિઝ્)*n.* [L.*sero*,I bind or join together.] Sequence;course: માળા;વાંચનમાળા. 2.An infinite number of terms succeeding one another, by a fixed law: અનંત શ્રેણી. (*Alg*):વઢી.
Serio-comic, (સીરિઓ-કૉમિક્) *a.* Serious and comical:હાસ્ય તથા ગાંભીર્ય.
Serious, (સીરિઅસ્)*a.* [L. *serius*, grave.] Earnest:ગંભીર.2 Being in earnest:મશ્કરી વગરનું.3.Important:અગત્યનું.4.Attendedwith danger:ભયંકર.
Seriously,(સીરિઅસ્લિ)*adv.*Gravely;earnestly:ગંભીરતાથી;ગંભીરપણે;ખરાદીલથી;હાસ્ય વગર.
Seriousness, (સીરિઅસ્નેસ્) *n.* Graveness; earnestness:ગંભીરતા;શારેખમપણું;ગંભીરસ્વભાવ.
Sermon,(સર્મન્)*n.*[L.*sero*,I join]Adiscourse delivered in public bya clergyman:ધર્મ સંબંધી ભાષણ.3.A serious address;a homily: ઉપદેશ;શિખામણ.*vi.*To discourse:ભાષણ ક૦.*vt* To discourse to or of:-ને વિષે-ની આગળ ભાષણ કરવું.
Sermonize,(સર્મનાઇઝ્)*vi.* To write a sermon;to preach: બોધ કરવો.*vt.* To preach:-ને બોધ આપવો.
Serosity,(સીરૉસિટિ)*n.*The quality or state of being serous:લોહીના પાતળા અંશ જેવું હોવું.
Serous,(સીરસ્)*a.*(*a*)Thin:watery:પાણી જેવું.
Serpent, (સર્પન્ટ્) *n.* [*serpo*, I creep.] A snake;*especially*;alarge snake:સાપ;સર્પ;એરૂ.
Serpentine, (સર્પન્ટાઇન્) *a.* Resembling a serpent;meandering:zigzag:સાપના જેવું.
Serpigo,(સર્પિગો)*n.*[L.*serpo*,Icreep.]A dry, scaly eruption on the skin:એક પ્રકારનીદરાજ.
Serrate, Serrated,(સેરેટ્-સેરેટેડ્)*a.*[L *serra*, a saw.] Notched on the edge, like a saw:કરવત જેવા દાંતાવાળું.
Serried,(સેરિડ્)*a.* Crowded:ટોળે મળેલું.
Serum,(સીરમ્)*n.*[L.]The watery portion of certain animal fluids:દુધ-લોહીનો પાતળો અંશ.
Servant, (સર્વન્ટ્) *n.* [L. *servio*, I serve.] One who serves or does services:નોકર:ચાકર;દાસ. 2. One in a state of subjection or bondage:ગુલામ.
Serve,(સર્વ્)*vt.* [L. *servio*, I serve.] (*a*) To work for:to do service for:-ની નોકરી-ચાકરી-સેવા ક૦. (*b*) To worship:-ની ઉપાસના ક૦; સેવા ક૦.2.To be subordinate to:-ના તાબામાં કામ ક૦.4.To wait upon;to attend at meals;to supply with food:-ની ખીજમત-તાબેદારીમાં ઉભા રહેવું; પીરસવા રહેવું. 6. To be of use to; to benefit:-ને ઉપયોગ ખપના થવું.7.To promote: સાધવું;પારપાડવું.8.To answer or be *in place of something*:કામમાં આવવું;ચાલવું.To execute બજાવવું;-ની બજાવણી ક૦;as to serve summons *To* s.*an office*,to discharge a public duty: સાર્વજનિક સેવા બજાવવી.*To* s. *a process*:સમન બજાવવો.*To* s *one out*,to retaliate upon:-ના ઉપર વેર વાળવું. *To* s *one right*, to treat according to his deserts:-ના ગુણ પ્રમાણે બદલો આપવો.*To* s.*one's self of*, to make use of:-નો ઉપયોગ ક૦.*To* s *out*,to distribute,વહેંચવું. વહેંચણ ક૦;પીરસવું.*To* s.*the time or the hour*: વખત પ્રમાણે ઢોલકી બજાવવી. *vi.* To render menial service:ચાકરી-નોકરી સેવા ક૦. 2. To perform domestic offices:ઘર કામકાજ ક૦. 3. To be of use:-થી ચાલવું;તરીકે કામમાં આવવું.
Service,(સર્વિસ્)*n.* (*a*)The act of serving; the occupation of a servant: નોકરી; ચાકરી. (*b*)Spiritual obedience & love:ઉપાસના;પૂજા. 2.Duty done: સેવા. 3. Office of devotion: ભક્તિ;સેવા.4.A musical composition:સંગીત; ગાન.5.(*a*)Official function:ચાકરી.(*b*)Military

or naval duty:સિપાઇગિરી;સૈનિકવૃત્તિ. *Grant for* **s.**:સરંજામ 6 Profession of respect:બંદગી;નમસ્કાર;વંદન;પ્રણામ.7.(*a*)Order of dishes at table:પિરસણું;પિરસણ.(*b*)A set of vessels used at table: જમવાનાં વાસણ; ભોજનપાત્ર 8 The act of bringing to notice: બજાવણી

Serviceable,(સર્વિસેબલ્) *a.* Beneficial; advantageous:ગુણકારી;ઉપયોગી;ફાયદા-નફાકારક.

Service-book,(સર્વિસ્-બુક્)*n* A prayer book or missal:પ્રાર્થનામાળા-પોથી; નોકરીની ચોપડી.

Servient,(સર્વિએન્ટ્)*a.*Subordinate:તાબાનું.

Servile,(સર્વાઇલ્)*a.*[L. *servus*, a servant or slave.] (*a*) Of or pertaining to a servant or slave:નોકર-ચાકર અથવા ગુલામ સંબંધી. (*b*) Meanly submissive:હલકું; નીચ. 2. Held in subjection:પરાધિન;પરવશ.(*a*)Not belonging to the original root:મુળ ધાતુને ન લગતું.

Servility,(સર્વિલિટિ)*n.* The quality or state of being servile:ખુશામત;ગુલામગીરી.

Servitor,(સર્વિટોર્)*n.* A servant; an attendant;a follower or adherent:ચાકર;ખીજમતદાર

Servitude,(સર્વિટ્યૂડ્)*n.* Slavery; bondage: ચાકરી;દાસત્વ;ગુલામી;પરાધીનતા;બંધન; પરવશતા.

Sesame,(સેસૅમિ)*n.*[L.*sesamum.*] Either of two annual herbaceous plants of the genus Sesamum:તલ;તિલ.

Session,(સેશન્)*n.*[L.*sedeo*,I sit.]The act of sitting or the state of being seated:બેસણી; આસન.2.The actual sitting of a court,council legislature,etc, for the transaction of business:દરબાર;સભાની બેઠક.3.The time,during which a court, council, legislature, etc.,meet daily for business: સભા મળવાનો વખત;બેઠક.*Court of* **s.**:સેસનકોર્ટ.

Set,(સેટ્)*vt.*[L. *Imp.& p p.* **Set.**] To cause to sit;to put;to fix:મૂકવુ;બેસાડવું;ગોઠવવું;-ને જગ્યા આપવી.2.To fix,as a precious stone,in a border of metal:જડવું;બેસાડવું.*To* **s.***about* to begin:માંડવું;આરંભવું.*To* **s.***against*,(*a*) to oppose:સામું મૂકવું.(*b*)To set in comparison with:પડખે મુકવું;મુકાબલે લાવવું;નો મુકાબલો કo.*To* **s.***apart*,to reserve:જૂદું કાઢવું.*To* **s** *aside*,(*a*) to omit:કોરે મૂકવું.*To* **s.***at defiance*,to defy: પત ન કo.*To* **s.***at ease*,to quiet:નિરાંત વાળવી; શાંત કo.*To* **s.***at naught*, to undervalue; to condemn:નહિ ગણકારવું.*To* **s** *work* or *to* **s.**to *work*;(*a*)to cause to enter on work:કામે વળગાડવું;પાસે કામ કરાવવું.(*b*)To apply one's self: કરવા મંડવું.*To* **s.***before*,(*a*)to exhibit:દર્શાવવું. *To* **s.***by*, to set apart or on one side; to reject:જુદું મૂકવું.*To* **s.** *down*, to enter into writing:લખવું.*To* **s** *eyes on*,to see:જોવું.*To* **s.** *forth*,to manifest:બતલાવવું.*To* **s** *forward* to cause to advance: આગળ વધે તેમ કo. *To* **s** *free*,to liberate:બંધીખાનામાંથી છોડવવું;છોડવું મુક્ત કo.*To* **s.***in* to begin:શરૂ કરવું.આરંભવું.*To* **s** *in order*,to adjust:બરોબર ગોઠવવું *To* **s.***of*, to value:કિંમત કરવી *To* **s** *off*,(*a*)to separate from a whole:જુદું પાડવું (*b*)To adorn:શોભાવવું.*To* **s** *off against*,to place against as an equivalent:સામો અવેજ માગવો-વાળવો.*To* **s.***on or upon*,(*a*)to incite:ઉશ્કેરવું (*b*)To employ (*as,in task*):વળગાડવું *To* **s.***one's self against*, to place one's self in a state of enmity or opposition to:કોઈની સાથે દુશ્મનાવટ કo.*To* **s.** *on foot*,to put in motion:શરૂ કરવું.*To* **s.***out* (*a*)to allot:નક્કી કરવું.(*b*) To show:બતાવવું.*vi.* To pass below the horizon:અસ્ત પામવું;આથમવું.*To* **s.***about*,to commence:શરૂ કo.*To* **s.** *forward*,to move:આગળ ચાલવું.*To* **s.***off*,to start:બહાર જવા-નિકળવું.*To* **s** *on or upon*,to begin:શરૂ કo.*To* **s** *out*,to begin a journey or course:નીકળવું;મુસાફરીએ જવું.*To* **s.***to*,to apply one'sself to: પાછળ મંડવું. *To* **s.** *up*, to begin business,or a scheme of life:ધંધો માંડવો *a.* Firm; obstinate:દૃઢ.2. Regular:નિયમિત.3.Established:સ્થાપિત.4.Adapted:ગોઠવેલું.*Set* speech:આગળથી તૈયાર કરી રાખેલું ભાષણ. *n.* The act of setting;descent:આથમવું-અસ્ત પામવું તે;સૂર્ય અસ્તમન.2.An assortment;a suit:જોડ.3.A group:જુથ;મંડળ.4.Direction: માર્ગ;રસ્તો.*Dead* **s.**, a determined onset:ગુસ્સા ભરેલો હુમલો.*To make a dead* **s**,to make a determined onset:ગુસ્સાભેર હુમલો કo.

Setness,(સેટ્નેસ્)*n* Obstinacy:આડાઈ;જીદ;હઠ.

Set-off,(સેટ્-ઑફ્)*n.* An offset:સામો પડછો.2. A decoration:અલંકાર; શણગાર.

Seton,(સીટૉન્)*n.*[L *set*, a thick,stiff hair.] A few silk threads: કાકડો;વાટ.

Settee,(સેટ્ટી)*n.*A long seat with a back:તાવદાન;એક તરેહનું પીઠવાળું ઘણા બેસે એવું આસન.

Setter, (સેટર્) *n.* One who, or that which sets:બેસાડનાર.2.A hunting dog of a special kind:એક જાતનો શિકારી કુતરો.3. One who adapts words to music for composition: ગાયન રચવાને માટે શબ્દ ચૂંટનાર.

Settle,(સેટલ્)*vt.* (*a*) To establish:ઠેરવવું. (*b*) To establish in life:રોજગારે-ધંધે વળગાડવું.2, To render pure or clear:નિતરૂ-સ્વચ્છ ચોખ્ખુ કo 3.To cause to sink;to lower:તળે નીચે બેસાડવું.4.To determine:-નો નિર્ણય કo. ફેંસલો કo.5.To make a compromise:પતાવવું. 6.To colonize:-માં વાસ કરાવવો. *vi.* To become fixed or permanent:દૃઢ થવું;કાયમ થવું.2. To

enter into the married state:ઘર માંડવું. 3. To sink to the bottom:તળિએ-નીચે બેસવું.4. To adjust differences or accounts: કજીઆ હિસાબ પતાવવો;હિસાબ ક૦;નો નિકાલ-તોડ કાઢવો.

Settlement, (સેટલ્મેન્ટ્) *n.* The act of settling,or the state of being settled:વાસ;નિવાસ.(*a*) Establishment in life, business, condition,etc:ધંધે રસ્તે-રોજગારે પડવું તે.(*b*)The act or process of adjusting:સ્થાપન;તોડ;નિકાલ;ફડચો.2.(*Law.*)Disposition of property: મિલ્કતની વ્યવસ્થા-ગોઠવણ.(*a*) Sediment:કચરો. (*b*)A colony newly established: નવું થાણું. (*c*) A jointure made to a woman at her marriage:કન્યાને તેના લગ્ન વખતે કરીઆપેલી આવક;જીવાઈ.3.A settled place of abode:કાયમ રહેઠાણ.

Settler,(સેટલર્) *n.* One who settles:વસનાર;વસાવનાર 2. A colonizer; a planter:વસ્તિવાસ કરનાર. [ment:નીચે ઠરેલો કચરો-મેલ.

Settlings,(સેટ્લિન્ગ્ઝ્)*n.pl.*Lees;dregs;sedi-

Seven,(સેવેન્)*a*·[L.*septem*]One more than six:સાત. *n.* The number greater by one than six:સાતકડું;સાત સાતનું જુથ.2.A symbol representing seven units,as 7,or VII:સાત એકમ દર્શાવનારૂં ચિન્હ જેવુ કે ૭.

Seven-fold,(સેવેન્ફોલ્ડ્) *a.* Repeated seven times:સાત ગણું.*adv.* Seven times as much or as often:સાતવાર.

Seventeen,(સેવેન્ટીન્)*a.*One more than sixteen:સત્તર,૧૭.*n.*A symbol denoting seventeen units, as 17,or XVII:સત્તર એકમ દર્શાવનારૂં ચિન્હ જેવી કે ૧૭.

Seventeenth,(સેવેન્ટીન્થ્)*a.* Next in order after the sixteenth:સત્તરમું.

Seventhly,(સેવેન્થ્લિ) *adv.* In the seventh place:સાતમું એ કે.

Seventieth,(સેવેન્ટિએથ્) *a.* Next in order after the sixtyninth:સિત્તેરમું.

Seventy, (સેવેન્ટિ) *a.* Seven times ten: સિત્તેર. *n.* The sum of seven times ten:સિત્તેરની સંખ્યા રકમ. 2. A symbol representing seventy units,as 70 or LXX.: સિત્તેર એકમ દર્શાવનારૂં ચિન્હ-નિશાની,જેવી કે ૭૦.

Sever,(સેવર્)*vt.* [L. *sepero*,I sever.] To divide:જુદું કo-પાડવું. 2. To keep distinct; to except:જુદું રાખવું.*vi.*To be parted or rent asunder; tobeseparated:જુદું પડવું-થવું.

Severable,(સેવરૅબલ્) *a.* Capable of being severed:કાપવા;છૂટું-જુદું કo-ભાગ પાડવા લાયક.

Several, (સેવરલ્) *a.* [L. *separ*, separate.] Separate;distinct:જુદું;છૂટું;નોખું;ઇલાહિદુ.2. Diverse:જુદું જુદું.3.Diverse;sundry:કેટલાએક;અનેક.

Severally,(સેવરૅલ્લિ) *adv.* Separately; distinctly:જુદું જુદું;એક એક;પૃથક્ પૃથક્; નિરાળું.

Severance,(સેવરૅન્સ્) *n.* Partition;separation:અલગપણું;જુદાઇ;વિયોગ;વિચ્છેદ;પૃથક્કરણ.

Severe,(સીવિર્)*a.*[L.*severus.*]Harsh; rigorous:ભારીક;સખ્ત;જબર;કઠોર.2.Exact;critical; rigorous:કઠણ;સખત.

Severity,(સીવેરિટિ)*n. pl.* **Severities.** The quality or state of being severe:સખત કે અકઠોરપણું.(*a*)Extreme strictness:સખ્તાઇ.(*b*) Cruel treatment:નિર્દયપણું;સખ્તાઇ;અતિદંડ.

Sew,(સો)*vt.*[L.*suo*,I sew.] To unite or fasten together by stitches:સીવવું;સાંધવું.

Sewage, (સ્યૂએજ્) *n.* The contents of a sewer or drain:મોરીગટરનું પાણી-કચરો.

Sewer,(સ્યૂઅર્)*n.*[L.*ex*,out & *aqua*,water] A drain or passage to carry off water and filth under ground:મોરી;ગટર નળ;નીક.

Sewing,(સોઇન્ગ્)*n.* The act or occupation of one who sows:શીવવું તે;શીવવાનો ધંધો. 2. That which is sewed with the needle: શિવેલી ચીજ-પદાર્થ;સીવણકામ.

Sex,(સેક્સ્)*n.*[L. *seco*, I cut.] The physical difference between male and female:જાતિ; સ્ત્રી પુરૂષભેદ.2. One of the two divisions of organic beings formed on the distinction of male and female:જાતિ;લિંગ.*The fair* s,. the female sex:સ્ત્રીવર્ગ.

Sexagenary,(સેક્સૅજેનૅરિ)*a* [L. *sexageni*,sixty each.]Pertaining to,the number sixty: સાઠની સંખ્યા આંકડા સંબંધી-નું.*n.*Something composed of sixty parts or divisions:સાઠ ભાગ એકઠા કરીને બનાવેલો પદાર્થ.

Sexdigitist,(સેક્સ્ડિજિટિસ્ટ)*n.*One who has six fingers on a hand and six toes on a foot:હાથે પગે છ આંગળાંવાળું માણસ; છકડો; છક્કડ.

Sexennial,(સેક્સ્સેન્નિઅૅલ્)*a.*[L.*sex*,& *annus*, a year.] Lasting six years,or happening once in six years:છ વરસ ચાલે એવું;છછ વરસે થતું.

Sextant,(સેક્સ્ટૅન્ટ્)*n.*[L.*sex*, six.] The sixth part of a circle:વર્તુલનો ષષ્ઠાંશ.2.An instrument for measuring angular distances between objects:પદાર્થો વચ્ચેના કોણ અંતર માપવાનું યંત્ર.

Sexton,(સેક્સટૅાન્)*n.* An under officer of a church,whose business is to take care of the church building and the vessels,vestments,etc: ખ્રિસ્તી દેવળમાં દેવળની અને પરચુરણ વાસણ કુસણ,ઝબ્બા,જામા અથવા પોશાક વિગેરેની ખબર રાખનાર.

Sextuple,(સેક્સ્ટ્યૂપલ્)*a.* [L. *sextus*, sixth,]

Six times as much;sixfold:છગણું-પટ.2.Divisible by sixછએ-થી ભાગી શકાય તેવું.

Sexual,(સેક્સ્યૂઅલ્)*a* [L.*sexus*,sex.]Of or pertaining to sex or sexes:(સ્ત્રીપુરૂષની)જાત સંબંધી નું-વિષે,સ્ત્રીપુરૂષનું.S.*intercourse*:મૈથુન;સંભોગ.

Shabbiness,(શૅબિનેસ્)*n*.The quality or state of being shabby:ફૂપણુતા;જીર્ણતા-મલિનતા;અધમતા

Shabby, (શૅબિ) *a*. Torn or worn to rags: ફાટુંતુટું;ફાટેલું.2. Clothed with ragged, garments:ચિથરેહાલ.

Shackle,(શૅકલ્)*n.pl.*[Generally used in the plural.] Something which confines the legs or arms so as to prevent their free motion;a fetter:બેડી;કેદ;સાંકળી.2.A link for connecting railroad cars: આગગાડીઓ જોડવાનો આંકડો.*vt*.To bind with shackles:ના હાથ પગ બાંધવા;નેડાયકડી ક૦.

Shade,(શૅડ્) *n* Interception of the rays of light:છાયા;છાયડો:આળો.2.An obscure place; *hence*,a secluded retreat:એકાંત જગ્યા;ઘટા.4 A screen:ઢાંકણું;પડદો.4. Shadow:પડછાયો 5. The soul separated from the body;a spirit મુએલા માણસનો જીવ;પ્રેત.6.A minute difference or variation: મનફેર-જરા તફાવત. 7. The Nether World:પરલોક;અન્યલોક.*vt*. To shelter:છાયા ક૦. 2.To protect: રક્ષણ ક૦. 3 To obscure:ઝાંખું ક૦-પાડવું.4.To paint in obscure colors; to darken:ઘેરા-ઝાંખા રંગે રંગવું-ચિતરવું; ઘેરૂં ક૦. 5. To mark with gradations of light or color:ચડતા ઉતરતા રંગ પાડવા.

Shadow, (શૅડો) *n*. Shade caused by an object:પડછાયો;ઓળો.2.A spirit:પ્રેત; ભુત. *vt*. To throw a shadow upon:ઉપર છાયો-છાયડો ક૦ 2 To protect;to shelter from danger:રક્ષણ ક૦.3.To mark with gradations of light or color;to shade:ચડતો ઉતરતા રંગ ક૦-પુરવો. 4. To cloud;to cast a gloom over: અંધારું ક૦.

Shadowy, (શૅડોઇ) *a*. Full of shade or shadows:છાયા થાય એવું;છાયાવાળું.2. Unsubstantial; unreal:અવાસ્તવિક;કલ્પિત.

Shady, (શૅડિ) *a*. Overspread with shade: છાયા છાંયડાવાળું. *To keep s.*, to stay in concealment:ગુપ્ત છુપા રહેવું.

Shaft,(શૅફ્ટ્)*n*.[L.*scapus*,a staff.]An arrow: તીર;બાણ.2.(*a*)The long handle of a spear or similar weapon:ભાલા અથવા બીજા કોઈ શસ્ત્રનો લાંબો હાથો-દાંડો.(*b*)The pole or tongue of a vehicle:ગાડાની ઉધ;ધોરિયો.

Shag,(શૅગ્) *n*. Coarse hair or nap:લાંબા વાળ. 2. A kind of cloth having a long coarse nap:લાંબા વાળવાળું લુગડું.*a*. Hairy; shaggy: વાળવાળું.*vt*. To make hairy or shaggy:વાળવાળું કરવું.

Shaggy,(શૅગિ)*a*. Rough with long hair or wool:બરછટ-જાડા-ગુચ્છાવાળા વાળવાળું.

Shake, (શૅક્) *vt*. To make to tremble or shiver:હલાવવું;હલાવી નાંખવું.2.To move from firmness:ડગમગાવવું;ડોલાવવું.*To s. hands*:હાથ મેળવીને સલામ ક૦. *vi*.To tremble:ડોલવું:કાંપવું. ધ્રૂજવું.*n*.A trembling:કંપારો;ધ્રુજારી. *No great s.*,of on great importance:ઘણું અગત્યનું-જરૂરનું નહિ તેવું. The *shakes*, the fever ague: તાવનો ધ્રૂજારો;ધ્રુજારી આવે એવો તાવ.

Shaky,(શૅકિ)*a*.Shaking or trembling:ધ્રુજતું; કાંપતું 2. Tottering:ડગમગતું;હાલતું.

Shall, (શૅલ્) *vi*. To owe; to be under obligation for:ની ફરજ હોવી.2.As an auxiliary, *shall* indicates a duty or necessity,thus in the second and third persons *shall* expresses a command, a threat,or a promise: સહાયકારક ક્રિયાપદ તરીકે બીજા અને ત્રીજા પુરૂષમાં 'શૅલ'હુકમ-આજ્ઞા બતલાવે છે. In the first person *shall* only expresses the future action:'શૅલ' પહેલા પુરૂષમાં માત્ર ભવિષ્ય બતલાવે છે.In conditional sentences also it expresses simple futurity: સંકેતાર્થી વાક્યોમાં પણ એ ફક્ત ભવિષ્યજ બતાવે છે.

Shallop,(શૅલ્લૉપ્)*n*. A boat:મછવો;હોડી.

Shallow, (શૅલ્લો) *a*. Not deep;having little depth:છબછબીઉં;છાછરૂ 2 Superficial:-ઉપર ચોટિયું;ઉપર ટપકેનું.*n*.A shoal;a flat: છાછરા પાણીની જગ્યા.*vt*. To make shallow: છાછરૂં ક૦. *vi*. To become shallow:છાછરૂં થવું.

Shalt, (શૅલ્ટ્) *2nd per.sing. of* Shall:શૅલનો બીજો પુરૂષ એક વચન.

Sham,(શૅમ્)*n*.A make-believe:ઢગાઇ;છેતરબાજી.*a*.False: ખોટું; જુઠું; કૃત્રિમ. *vt*. To trick; to impose upon:ઠગવું.2.To imitate:ની નકલ ક૦. *To s.Abram*,or *Abraham*,to feign sickness;to malinger:માંદું આજારી છે એમ દેખાડવું.

Shamble,(શૅમ્બલ્)*n*.[L.*scammum*,a bench; stool.]A layer of ore:કાચી ધાતુનો થાર.2 *pl*.A place where butcher's meat is sold:ખાટકી વાડો.*vi*. To walk awkwardly and unsteadily,as if the knees were weak: લથડાતા પગે ચાલવું.

Shambling,(શૅમ્બ્લિન્ગ્)*a*.Characterized by an awkward,irregular pace:લથડતું ને બેઢંગું. *n*.An awkward,irregular gait:લથડતી ચાલ.

Shame,(શૅમ્)*n*.A painful sensation excited by a consciousness of guilt:લાજ;શરમ. 2.Dishonor:અપકીર્તિ.3.The cause or reason of shame:એબ-લાજ-શરમવાળી વાત.*For s.*,you should be ashamed:તમારે શરમાવું જોઇએ. *To*

put to s. to humiliate: શરમાવવું. *vt.* To shame: શરમાવવું. 2. To dishonor; to disgrace: -ની બે આબરૂ ક૦. *vi.* To be ashamed: શરમાવું.

Sham-faced, (શૅમ્ફેસ્ડ્) *a* Bashful: શરમાળ.

Shameful, (શૅમ્ફુલ્) *a* Bringing shame or disgrace: લાજ લાગવા જેવું. 2. Exciting the feeling of shame in others: બે શરમ.

Shameless, (શૅમ્લેસ્) *a* Destitute of shame: શરમ વિનાનું; અસભ્ય; ધૃષ્ટ; બે શરમ; નિર્લજ.

Shammy, (શૅમિ) *n.* A soft leather: સુંવાળું ચામડું.

Shampoo, (શૅમ્પૂ) *vt.* To press or knead the whole surface of the body of a person: દીલ ચાંપવું; ચંપી ક૦; મસળવું.

Shank, (શૅન્ક્) *n.* (*a*) The part of the leg from the knee to the foot; the shin: ઢીંચણથી ઘુંટી લગીનું પગનું હાડકું. 2. A large ladle for molten metal: ગાળેલી ધાતુ ઝાલવાનો મોટો ડંડો. 3. To ride *shank's* mare, to go on foot: પગે ચાલીને જવું; ચાલવું.

Shanker, (શૅન્કર્) *n* See Chancre: ચાંદી; ટાંકી.

Shape, (શૅપ્) *vt.* To form; to mold: બનાવવું; ઘડવું. 2. To regulate: ચલાવવું. 3. To conceive: કલ્પવું; ધારવું. *vi.* To suit; to be adjusted: ચાલવું; લાયક હોવું. *n.* Figure; form: ઘાટ; રૂપ આકાર. 2. A model: નમુનો.

Shapeless, (શૅપ્લેસ્) *a.* Destitute of shape or regular form; misshapen: બેડોળ; બદશિકલ.

Shapely, (શૅપ્લિ) *a.* Well formed; comely; symmetrical: ઘાટદાર; રૂપાળું; રૂપવાન; સુંદર.

Shard, (શાંર્ડ્) *n.* A piece or fragment of an earthen vessel: માટીના વાસણનો કકરો. 2 A boundary: હદ; સિમા; સીમાડો; મર્યાદા.

Share, (શૅર્) *n.* A certain quantity: a part: અમુક જથો; ભાગ અંશ. 2. An allotment: પાંતી; હિસ્સો. 3. One of a certain number of equal portions into which any property is divided: કોઇ મિલ્કતના અમુક સરખા ભાગમાંનો એક ભાગ; વાટો; હિસ્સો. *To go* s.s, to partake; to be equally concerned: સરખો ભાગ ક૦ S. *and* s. *alike*, in equal shares: સરખે ભાગે. *vt.* To distribute in portions; to divide: વહેંચવું 2. To have a portion of: -માં(-નો)ભાગ ક૦. 3. To cut; to shear: ભાગ ક૦. *vi.* To have a part: નો ભાગ હોવો.

Share-holder, (શૅર્-હોલ્ડર્) *n.* One who holds or owns a share: ભાગીઓ; ભાગીદાર; હિસ્સેદાર.

Shark, (શાંર્ક્) *n.* [L *carcharus*, a kind of dog-fish.] A kind of fish: એક જાતની માછલી; શાર્ક. 2 A rapacious, artful person: ધૂર્ત; ધૂતારો. *vi.* To practise fraud: ઠગવું; ધુતવું.

Sharp, (શાર્પ્) *a.* Of a nature to cut; keen: પાણીદાર; ધાર-વાળું. 2. Terminating in a point: અણીદાર; તીક્ષ્ણ. 3. To the taste or smell; pungent, acid, sour: તમતમાટવાળું. 5. Keen; severe: તીક્ષ્ણ. 6. Biting; sarcastic; severe; harsh: કડવું 7. Clever: હોશીયાર; ચતુર. 8. Eager in pursuit: જલદ. 9. Close and exacting in dealing; shrewd: પક્કું બારીક બુદ્ધિવાળું. *Look* s, attend: ધ્યાન આપો.

Sharp-edged, (શાંર્પ્ એજ્ડ્) *a.* Having a sharp edge; pointed: તેજ-ધાર વાળું-દાર.

Sharpen, (શાંર્પન્) *vt.* (*a*) To give a keen edge, or fine point to: તીક્ષ્ણ-બારીક ક૦; ધાર ચઢાવવી. (*b*) To make more pungent or intense: વધારવું; તીક્ષ્ણ ક૦. *vt.* To grow or become sharp: તીક્ષ્ણ-ધારદાર કરવું.

Sharper, (શાંર્પર્) *n* One who cheats in bargains: લુચ્ચો; સોદો; ધૂતારો.

Sharply, (શાંર્પ્લિ) *adv.* In a sharp manner; keenly; acutely: તીક્ષ્ણ રીતે; તીવ્ર રીતે; બારીકાઇથી.

Sharpness, (શાંર્પ્નેસ્) *n.* Keenness; acuteness: બારીકાઇ; તીવ્રપણું; તીવ્રતા; પાણી.

Sharp-shooter, (શાંર્પ્-શૂટર્) *n.* A good marksman: ધાર્યુંનિશાન-ચોટ મારનાર; તિરંદાજ.

Sharp-sighted, (શાંર્પ્ સાઇટેડ્) *a.* Having quick, acute sight: ઝીણી-તીક્ષ્ણ દૃષ્ટિ-બુદ્ધિવાળું.

Sharp-witted, (શાંર્પ્-હ્વિટેડ્) *a.* Having an acute discerning mind: શીઘ્રબુદ્ધિવાળું.

Shatter, (શૅટર્) *vt.* To break at once into many pieces: કકડેકકડા કરી નાંખવા. *vi.* To be broken into fragments: કચરઘાણ વાળવો; -ના કડકેકકડા થઇ જવા. *n.* A fragment of anything shattered: કકડો; ચુરો.

Shattery, (શૅટરિ) *a.* Not compact; loose of texture; brittle: હલકા કુમાશનું; ભાગી જાય એવું.

Shave, (શૅવ્) *vt* [L *scabo*, I scratch.] To cut off the hair with a razor: -ને મૂંડવું; -ની હજામત ક૦; -નું વતું ક૦; -ની દાઢી મુડવી. 2. To make bare or smooth by cutting off closely the surface or surface covering: છોલવું; સાફ ક૦. To s. *a note*: રીતસર વટાવ કરતાં વધારે વટાવ કાપીને લેવું *vi.* To use a razor: મુંડવું; હજામત ક૦; વતુ ક૦. *n.* The operation of cutting: હજામત; વતુ; મુંડન.

Shaveling, (શૅવ્લિન્ગ્) *n.* A man shaved; *hence*, a monk: મુંડીઓ; સન્યાસી; સાધુ.

Shaving, (શૅવિન્ગ્) *n.* The act of one who, shaves: હજામત ક૦ તે; હજામત; મુંડન; ક્ષૌર. 2. That which is shaved off: છોતરાં; છોડાં.

Shawl, (શૉલ્) *n.* A square or oblong cloth of wool, cotton or silk: દોશાલો; શાલ.

She, (શી) *Pron.* This or that female; the woman understood or referred to: તે સ્ત્રી; તેણી.

Sheaf, (શીફ્) *n. pl.* **Sheaves**. A bundle of grain or straw: પૂળો. 2. (*a*) A collection of

things bound together: ભારો;ભાથો. (*b*) A bundle of arrows: તીરનો ભારો. *vt.* & *vi.*To gather and bind in a sheaf:પૂળો બાંધવો.

Shear,(શીર્) *vt.* To cut, clip, or sever hair from with shears or a like instrument: કાતરવું;કાપવું *n.*A pair of shears: કાતર. **2.** A shearing:કાતરણી

Shearing,(શીરિન્ગ્)*n* The act or operation of clipping with shears:કાતરવું તે 2.The product of the act:કતરામણ:કાતરણ;કાતરણી;છાંટણી.

Shears,(શીર્ઝ્)*n. pl.* A cutting instrument: કાતર;કાતરવાનો સાંચો. [ગેરેનું મ્યાન.

Sheath,(શીથ્)*n.*A scabbard: તલવાર, છરી વિ

Sheathe,(શીધ્)*vt.* To put into a sheath,or scabbard:મ્યાનમાં ઘાલવું 2.To fit or furnish, as with a sheath: ઉપર મ્યાન-ઘર ક૦-જડવું;-નું ઢાંકણ ક૦-બેસાડવું.*To* **s** *the sword,* to make peace:સલાહ-શાંતિ ક૦.

Sheathing,(શીધિન્ગ્) **n.** The covering of a ship's bottom:વહાણના તળીએ જડેલાં પતરાં.

Sheave,(શીવ્)*n* The wheel of a pulley:ગરેડીમાંનુ પૈડું;ચાક.*vt.*To gather:-નો પૂળો બાંધવો.

Shed,(શેડ્)*n.* An outbuilding;a hut: ઝુંપડી; છાપરી *vt.*[L *scindo.* I cleave.] To emit; to diffuse:બહાર કાઢવું.2.To let fall;to throw off: પડવા દેવું. *vi.* To fall in drops;to pour: ટપકાં રૂપે પડવું.*n.*The act of shedding or spilling: પાડવું-ગ્રહેવા દેવું.

Sheep, (શીપ્) *n. Sing & pl.* Any one of several species of ruminants of the genus *Onus*:ઘેટું;મેંઢું.2.A weak,bashful,silly fellow:શરમાળ;મૂર્ખ માણસ

Sheep-biter,(શીપ્-બાઈટર્)*n.* One who practises petty thefts:હલકી નાની ચોરી કરનાર;ચોર.

Sheepish,(શીપિશ્)*a.*Of or pertaining to a speep:મેંઢા ઘેટા સંબંધી-નું વિષે.Bashful:બકરી જેવું;ગરીબ;શરમાળ;રાંક.

Sheeps-eye,(શીપ્સ્આઈ)*n.*A modest, diffident look;a loving glance:આંખનો ચાળો.

Sheep-walk,(શીપ્ વૉક) *n.* A pasture for sheep;a sheep run:ઘેટાંને ચરવાનું જંગલ.

Sheer,(શીર્)*a* Bright; pure; unmixed: ચળકતું;સ્વચ્છ નિર્મળ;ચોખ્ખું.2.Obvious;mere:તદ્દન; કેવળ;હડહડતું.*vt.*To shear: કાતરવું. *To* **s.***off* to move away:ખસી જવું.*To* **s.***up,*to approach obliquely:વાંકી-ત્રાંસી રીતે પહોંચવું.

Sheet,(શીટ્)*n* (*a*) A broad piece of cloth: ચાદર;ચોફાળ.(*b*)A broad piece of paper:તાવ; તાર.(*b*)A plate;a leaf (*of metal*):પાનું;વરખ. (*c*)A broad expanse of water:પાણીનો પહોળો પટ;જલસંઘાત.:2. A rope or chain of a sail: સઢનાં દોરડાં.*A* **s.***in the wind,* half drunk:અડધો પીધેલ ચડેલો.*Both* **s** *s.in the wind,*very drunk:ઘણોજ પીધેલો ચઢી ગયેલો. *vt.* To wrap in,or cover with,a sheet:ચાદરમાં લપેટવું.

Sheet-anchor,(શીટ્-ઍન્કર્)**n.** A large anchor:મોટું લંગર.

Sheeting (શીટિન્ગ્)*n.*Cotton or linen cloth suitable for bed sheets:ચાદર કરવાનું લુગડું.**2.** A lining of planks for protecting an embankment:બાંધના રક્ષણને માટે પાટીયાં જડવાં તે.

Sheik,(શીક્)*n.*The head of an Arab family or of a clan or a tribe:શેખ.

Shekel,(શેકલ્)*n.*A jocose term for *money*: પરમેશ્વર;પૈસો. [ડાઘાવાળું.

Sheld,(શેલ્ડ્)*a.* Variegated;spotted:રંગબેરંગી

Shelf,(શેલ્ફ્)*n pl.* **Shelves**. A board fixed on a wall:છાજલી;છાજ;અભરાઈ.*To lay on the* **s.**,to lay aside as unnecessary or useless: નકામું અથવા કામ વગરનું ગણીને કોરે મુકવું.

Shell,(શેલ્)*n.* (*a*) The covering or outside part of a nut:કાચલી;છોડું (*b*)A pod:શિંગ;ફળી. (*c*)The hard covering of an egg:ઇંડાનો કઠણ ઉપલો ભાગ; ઇંડાનું ઉપલું પડ. (*d*) Any mollusk having a covering:શંખલું;શંખ.(*e*)The hard calcareous or chitinous external covering of mollusks:છીપ;શીપ.**2** A hollow projectile of various shapes:છરાનો ગોળો. **3** The case which holds the powder,and shot:બંદુકનો દારૂ,છરા વિગેરે ભરવાની પેટી.**4** *pl.*The husks of cocoa seeds: છોડાં;છોતરાં;ફોતરાં. *vt.* To strip or break off the shell of-ની કાચલી ફોડવી;-ને ફોડવું-ભાંગવું;-નાં છોડાં કાઢવાં **2.**To bombard:-ઉપર છરાવાળા ગોળા મારવા *To* **s** *out,* to distribute freely:સ્વતંત્રતાથી વહેંચવું.

Shellac, (શેલૅક્)*n. See the note under* 2nd **Lac.**લાખના પતરાં;લાખ.

Shelter,(શેલ્ટર્)*n.* A protection; a screen: આશ્રય;રક્ષણ.**2.** The state of being covered and protected;protection:આશ્રય;આશરો. *vt.* To shield to protect:નું રક્ષણ-બચાવ ક૦.**2.**To betake to cover,or to a safe place: આશ્રય આપવો *vi.*To take shelter:રક્ષણ લેવું.

Shelterless,(શેલ્ટર્લેસ્)*a.*Destitute of shelter or protection:નિરાધાર;નિરાશ્રિત;અશરણ;નિરાલંબ.

Shelve,(શેલ્વ્)*vt.* To furnish with shelves: છાજલી-છાજલીઓ ક૦.**2.** To place on a shelf: છાજલી ઉપર મૂકવું *vi.* To incline gradually: ઢળતું-ઢોળાવવાળું હોવું.

Shelving, (શેલ્વિન્ગ્) **a.** Sloping gradually: ઢોળાવવાળું.*n.*The act of fitting up shelves: છાજલીઓ બેસાડવી તે.

Shepherd, (શેપર્ડ્) **n.** A man employed in tending,feeding,and guarding sheep:ભર-

વાડ;રબારી.2.The pastor of a church: દેવળનો ધર્મોપદેશક.S.'s.*crook*:છેડેઆંકડાવાળીભરવાડનીડાંગ

Shepherdess, (શેપર્ડેસ્) *n.* A woman who tends sheep:ભરવાડણ;રબારણ.

Sherbet(શર્બેટ્)*n.*A refreshing drink:શરબત

Sherd,(શર્ડ્)*n.* A fragment:કકડો;અંશ;ખંડ

Sheriff,(શેરિફ્)*n.*The chief officer of a shire or country:નાજીર;નાઝર;શેરીફ.

Sherry,(શેરિ)*n.*A Spanish light colored dry wine:એક જાતનો સ્પેનનો સુકો દારૂ.

Shew,(શો)*vt.* & *i* See *Show.*

Shide,(શાઇડ્)*n.* A thin board:પાતળું પાટીયું.

Shield,(શીલ્ડ્) *n* A broad piece of defensive armor carried on the arm;a buckler: ઢાલ. 2. Defence: આશ્રય;બચાવ. 3. One who protects or defends:બચાવ;રક્ષણ કરનાર.4.ઢાલના ઉપર કાઢેલાં ચિન્હો.*vt.* To cover from danger: બચાવ-રક્ષણ કo 2.To ward off;to keep off or out:દૂર-આઘે-છેટે રાખવું.

Shift,(શિફ્ટ્)*vt.*To change the place of: એક જગ્યાએથી બીજીએ જવું.2 To alter the bearings of:ફેરવવું;ખસેડવું.3. To change the clothing of:-નાં કપડાં બદલાવવાં. 4. To put off or out of the way by some expedient: ઉડાવવું; સમજાવી કાઢવું.*To s.off*,to delay:ઢીલ કરવી.(*Naut*) To slip to one side of a ship: વહાણની એક બાજુએ નમવું. *n.* (*a*) Change; substitution: ફેરફાર.(*b*)An expedient tried in difficulty: ઉપાય;યુક્તિ.2.A woman's under-garment;a chemise:બાયડીનું સાંહે પહેરવાનું બદન-કુરતુ.

Shiftless,(શિફ્ટ્લેસ્)*a.* Destitute of expedients:જેને યુક્તિ ન સુઝે તેવું;ઉપાયરહિત.

Shifty,(શિફ્ટિ)*a* Full of,fertile in,expedients: તરત યુક્તિ કાઢે એવું;સમયસૂચકતાવાળું.

Shillelah, (શિલ્લેલ)*n.* An oaken sapling or cudgel: ઓકની લાકડી;ડંગોરૈં;પુણુ;દંડો.

Shilling,(શિલિન્ગ્)*n.*A silver coin of Great Britain and its dependencies,equal totwelve pence; or the twentieth part of a pound: આઠ આનાની કિંમતનું અંગ્રેજી નાણું; શિલીંગ.

Shimmer,(શિમર્)*vi.* To shine faintly:આછું ચળકવું.*n.*A faint tremulous light;a gleam: ઝાંખું અજવાળું.

Shin,(શિન્)*n.*The shank:પગની નળી-નળો.

Shine,(શાઇન્) *vi.* To emit rays of light; to give light:પ્રકાશવું;ચળકવું. 2.To gleam;to be glossy:ચકચકવું;ઝગકવું.3. To be effulgent in splendor or beauty:ભભકા અથવા ખુબસુરતીમાં અતિશય તેજસ્વી હોવું. 4. To be eminent:દીપી આવવું; નામ કાઢવું. *To make, or cause the face to s.upon*,to be propitious:રહેમ નજરવાળા હોવું.*vt.* To cause to shine:-પ્રકાશે-ચળકે એવું કo. *n.* Brighbness: ચળકાટ; પ્રકાશ. *Sunshine*;fair weather: તડકો;તાપ;સુરજનો પ્રકાશ.

Shingle,(શિન્ગલ્)*n.*A piece of wood sawed or rived thin and small:પાતળું ટુંકું પાટીયું.2 A sign for an office or a shop: આફીસ અથવા દુકાનનીનિશાની;નામનુંપાટીયું.3.Round,water-worn and loose gravel and pebbles:મરડીયા; કાંકરાં;શિલાખંડ *vt.* To cover with shingles:. -ના ઉપર પાતળાં ટુંકાં પાટીયાં જડવાં.

Shining, (શાઇનિન્ગ્)*a.* Emitting light, radiant:ચળકતું;પ્રકાશ-તેજ મારતું;તેજસ્વિ.

Shiny,(શાઇનિ)*a.* Bright;luminous:ઝગકતું.

Ship,(શિપ્)*n.* Any large sea-going vessel: વહાણ.*To take s.*,to embark in a ship:કોઇ વહાણમાં બેસીને સફર કo. *vt.*To put on board a ship: વહાણમાં મોકલવું. 2. To receive on board a ship:વહાણપર લેવું *vi.*To embark on a ship:વહાણમાં બેસીને જવું;વહાણે ચઢવું.

Ship-board,(શિપ્-બોર્ડ્)*n.* Aship'sside:વહાણની બાજુ.*Hence*,by extension, a ship:વહાણ.

Ship-boy,(શિપ્-બૉઇ)*n.*A boy who serves in a ship:વહાણમાં નોકર રહેલો પોર્યો-છોકરો-ચેલકો.

Ship-chandler, (શિપ્-ચૅન્ડલર્)*n.* One who deals in cordage,canvas,and other furniture of vessels:દોર-કંતાન વિગેરે વહાણનો સામાન વેચનાર-વાળો.

Ship-master, (શિપ્-મૅસ્ટર્)*n.* The captain, master:વહાણનો કપ્તાન અથવા નાખુદા. [વાસી.

Ship-mate,(શિપ્-મેટ્)*n.* A fellow sailor:ખ-

Shipment, (શિપ્મેન્ટ્)*n.* The act of shipping: વહાણમાં માલ ભરવો તે. 2. That which is shipped:વહાણમાં ભરેલો માલ.

Shipping, (શિપિન્ગ્) *a.* Relating to ships: વહાણ, તેમના માલીક સંબંધી. 2. Relating to the forwarding of goods:માલ મોકલવા-ચઢાવવા સંબંધી.*n.* The act of one who, or that which ships:માલ ભરવો-મોકલવો તે.

Ship-shape, (શિપ્-શૅપ્)*a.*Tidy;orderly:રીતસર. *adv.* In a ship-shape or seamanlike manner:બરોબર:રીતસર;ઠીક કરીને.

Ship-wreck, (શિપ્-રેક્) *n.* The breaking in pieces of a ship by the violence of the winds and waves:પવન અને મોજાના જોરસાથી વહાણના ભાગીને કકડેકકડા થઇ જવા તે;નોકાસંગ 2. Wreckage: ભાંગેલું વહાણ *vt.* To destroy, as a ship at sea: વહાણ ભાંગવું-નો નાશ કરવો.

Ship-wright, (શિપ્રાઈટ્) *n.* A builder of ships or other vessels:વહાણ બનાવનાર.

Ship-yard, (શિપ્યાર્ડ્) *n.* A yard, place, or inclosure of ships:વહાણ;ગોદી.

Shire,(શાઇર્)*n.* A county:પ્રગણું.

Shirk,(શર્ક્)*vt.*To avoid;to neglect:-માંથી છટકી

જવું.*vi.*To live by shifts and fraud:કાવતરાં-કપટ છળ કરીને રહેવું. 2. To avoid the performance of duty, as by runnig away: નાશી જઇને ફરજ નહિ બજાવવી.*n.* One who lives by shifts and tricks:કપટ કરીને રહેનાર.

Shirt, (શર્ટ્) *n.* A loose under-garment for the upper part of the body: ખમીસ; બદન. *vt.* & *vi.* To cover or clothe with a shirt: ખમીસ-બદન-બંડી પહેરાવવી-પહેરવી.

Shiver,(શિવર્)*n.* One of the small pieces, or splinters:ચીરો;કટકો.2. A variety of blue slate.એક જાતનો વાદળી-ભુરો પથ્થર.3.Aspindle: તરાક;ચાક.*vt.*To shatter:ભાગીને કકડેકકડા કરી નાંખવા.*vi.*To be shattered: ભાગીને ચુરેચુરા-કકડેકકડા-થઈ જવા.

Shiver,(શિવર્)*vi.*To tremble:ધ્રુજવું;કાંપવું·*vt.* To cause to shake or tremble, as a sail, by steering close to the wind:હલાવવું.

Shivering, (શિવરિંગ્)*n.* Trembling; vibration:ધ્રુજારો.*a.*Trembling:ધ્રુજતું.

Shivery,(શિવરિ)*a.* Tremulous: ધ્રુજતું. 2. Easily broken; brittle: સહેજમાં ભાગી જાય એવું.

Shoal,(શૉલ્)*n.*Having little depth;shallow: છાછરા પાણીવાળું;છાછરૂં.*n.* A place where the water is shallow:a shallow:છાછરા પાણીવાળી જગા.

Shock,(શૉક્)*n.* A sudden violent impulse or onset: ધક્કો;આંચકો;હડસેલો. 2. A sudden agitation of the mind or feelings: આવેશ *vt.*To give a shock to:આંચકો-ધક્કોમારવો.*vi* To meet with a shock:ધકકો-આંચકો-હડસેલોલાગવો.

Shoking, (શૉકિંગ્) *n.* Causing to recoil with horror or disgust:કંટાળો ઉપજાવે એવું.

Shod,(શૉડ્) *Imp.&p p.* of **Shoe**.:જોડા પહેરેલા-પહેર્યું;નાળ જડયું જડેલું.

Shoe, (શૂ) *n.* A covering for the human foot, usually made of leather:પગરખું;જોડો. 2. A plate or rim of iron nailed to the hoof of an animal:નાળ·*Wooden* **s.**: પાદુકા; પાવડી.*vt.*To furnish with a shoe or shoes; to put a shoe or shoes on:નાળ જડવી.

Shoe-black, (શૂ-બ્લૅક્)*n.* One who polishes shoes:જોડાને બ્લાકિંગ લગાડનાર.

Shoe-maker,(શૂ-મેકર્)*n* One whose occupation is to make shoes: મોચી.

Shook,(શૂક્)*Pret.* of **Shake**: હલાવ્યું.

Shoot, (શૂટ્) *vt.* [*Imp.&p p.* **Shot**] To let fly:છોડવું;મારવું;ફેંકવું 2.To discharge:ગોળીછોડવી.3.To hit with a missile;to kill or wound with a firearm:આગ્નેયાસ્ત્રથી મારી નાંખવું.*vi.*To. discharge a missile:ફુટવું;-નો બારચવો.2.Tobe shot or propelled forcibly:-માંથી તીરના વેગથી-ઝડપથી જવું. *Shooting* pains: શૂળ. 3. To germinate:ફુટવું;ફુટી-ઉગી નીકળવું.4.To jut:આગળ નીકળવું.*n.*The act of shooting; a shot: બાર ગોળી મારવી તે. 2. A young branch or growth:અંકુર.

Shooter, (શૂટર્)*n.* One who shoots, as an archer or a gunner:તીર મારનાર;બંદુક છોડનાર. 2.A firearm:આગ્નેયાસ્ત્ર.

Shooting, (શૂટિંગ્) *n.* The act of one who or that which shoots: બંદુક-ગોળી-તીર છોડવું-મારવું તે.2.The killing of game:શિકાર.

Shooting-pain,(શૂટિંગ્-પેન્)*n* Pain darting with piercing sensation:ચસકા;શૂળ.

Shooting star,(શૂટિંગ્-સ્ટાર્)*n.*A starlike, luminous meteor,that darts quickly across some portion of the sky:પડતો ખરતો તારો.

Shop, (શૉપ્) *n.* A building or an apartment in which goods,wares,drugs,etc.are sold by retail:દુકાન;હાટ.*To shut up the* **s.** હડતાળ પાડવી.*vi.*To visit shops for the purpose of purchasing goods: માલ હોરવાને દુકાનોમાં જવું.

Shop-keeper,(શૉપ્-કીપર્) *n.* A trader who sells goods in a shop, by retail: છુટક માલ વેચનાર દુકાનદાર.

Shopman, (શૉપ્મૅન્) *n. pl.* **Shopmen** A shopkeeper;a retailer:છુટક માલ વેચનાર દુકાનદાર. 2.One who serves in a shop;a salesman:દુકાને વેચવા ગુમાસ્તી બેસનાર.

Shorage, (શૉરેજ્) *n.* Duty paid for goods brought on shore: કીનારે આણેલા માલ ઉપર બેઠેલી જકાત.

Shore,(શૉર્)*n.*A prop placed beneath any thing: કોઇપણ ચીજની નીચે-તળે મૂકેલો ટેકો. *vt.* To support by a shore; to prop:ટેકો-આધાર મૂકવો. *n.* The coast or land adjacent to a body of water as an ocean, lake or large river:તીર;કાંઠો; કીનારો; તડ; તટ.*vt.* To set on shore:કિનારા ઉપર મૂકવું.

Shoreless,(શૉર્લેસ્) *a.* Having no shore or coast;of unlimited extent:કિનારા વગરનું: અપાર;બેહદ;ઘણું વિશાળ-વિસ્તીર્ણ;અનંત.

Shorn,(શૉર્ન્)*p.p.* of **Shear.**:કાતરેલું;મુંડિત.

Short.(શૉર્ટ્) *a.* Not long: ટુંકું; ન્હાનું.2. Not extended in time:થોડીવારનું.3.Insufficient: થોડા દિવસ ચાલે એવું.4.Insufficiently provided lacking:ઉણું.5.Deficient: અધુરૂં 6 Not distant in time:પાસેનું.7 Brief:ટુંકું;થોડામાં.8.Not prolonged:હ્રસ્વ;ટુંકું 9.Short in stature:ઠીંગણું.*At* **s.***notice*,in a brief time:ટુંકા વખતમાં. *In* **s**,in few words:એકદમ. *adv.*In a short manner:એકદમ.*To sell* **s** : વાયદે વેચવું.*vt.* To shorten:ટુંકું કરવું;ટુંકાવવું.*vi.*To fail;to decre-

ase:નિષ્ફળ જવું;ઘટવું;કમી થવું.

Short-coming,(શૉર્ટ્‌કમિન્ગ્)*n.*Neglect of,or failure in performance of duty:ખામી;ખોડ.

Shorten,(શૉર્ટન્)*vt.* To make short in measure,extent or time:નાનું કo;ઘટાડવું.2.To lessen:સંક્ષિપ્ત કo.*vi.*To become short:ટુંકું-ઓછું-કમી થવું.

Short-hand,(શૉર્ટ્‌હૅન્ડ)*n.*Short writing;stenography:થોડા અક્ષરમાં લખવાની કળા;લઘુલિપિ.

Short-lived,(શૉર્ટ્‌લાઇવ્ડ્) *a.* Not living or lasting long; being of short continuance: ટુંકા આવરદાવાળું.

Shortly,(શૉર્ટ્‌લિ)*adv.* Soon; quickly:થોડામાં; જલદીથી;ટુંકા વખતમાં.2.In few words:થોડા શબ્દમાં;ટુંકામાં.

Shortness,(શૉર્ટ્‌નેસ્)*n.*Brevity;deficiency: ટુંકાપણું;સંક્ષિપ્તતા;ટુંકાણ; ન્યૂનતા;અલ્પતા.

Short-sighted, (શૉર્ટ્‌-સાઇટેડ્) *a.* Not able to see far;near-sighted: ટુંકી નજર-દૃષ્ટિવાળું.

Shot,(શૉટ્)*Imp.& p.p.*of **Shoot:**ગોળી મારવી. *n.* The act of shooting; discharge of weapon which throws a missile: ગોળી મારવી તે; બહાર. 2. A ball or bullet:ગોળો; ગોળી. 3. Small globular masses of lead of various sizes:જુદા જુદા કદના છરા.3. Marksman; one who practises shooting:ચોટ તાકનાર.

Shot-free,(શૉટ્-ફ્રી) *a.* Free from charge or expense;*hence*,unpunished;scot-free:કંઈપણ ખરચ લીધા વિના;નસીયત-સજા ન કરેલી હોય તેવું.

Shotten, (શૉટન્) *a.* Having ejected the psawn:માછલીએ ઇંડાં છોડેલાં હોય તેવું.

Should, (શુડ્) It is used as an auxiliary verb,to express a condition or contingent act or state:ભવિષ્યકાળ દર્શક.**Shall** શબ્દનું ભૂતકાળ;એનો અર્થ 'જોઇએ' એવો થાય છે.

Shoulder, (શૉલ્ડર્) *n.* The joint by which the fore limb is connected with the body ખભો; ખાંધ. 2. Support: ટેકો; આધાર. *vt.* To push or thrust with the shoulder:ખભેથી-વતી-ધક્કો-હડસેલો મારવો. 2.To take upon the shoulder or shoulders:ખાંધ-ખભા ઉપર લેવું.

Shoulder-belt,(શૉલ્ડર્-બેલ્ટ્)*n.* A belt that passes across the shoulder:ખભાપરનો પટો.

Shoulder-knot, (શૉલ્ડર્-નૉટ્) *n.* An ornamental knot of ribbon worn on the shoulder: ખભા ઉપર આવી રહે એવો કસબી ગોટો.

Shout,(શાઉટ્)*vi.*To utter a sudden and loud cry:એકદમ અને મોટેથી ચીસ પાડવી.*To s.out*,to deride or revile with shouts:બુમ મારીને મશ્કરી કo.*vt.*To utter with a shout:બુમ પાડીને બોલવું.*n.* A loud burst of voice on voices: પોકાર;હાક.

Shouting,(શાઉટિન્ગ્)*n.* Uttering a sudden and loud cry:પોકાર;બુમાબુમ;કીકીઆરી.

Shove,(શવ્)*vt.*To drive along by the direct and continuous application of strength;to push: હડસેલવું; ધકેલીને આગળ ચલાવવું. *vi* To push or drive forward: આગળ ચલાવવું-હાંકવું. *n.* The act of shoving:ધક્કો; હડસેલો.

Shovel,(શવેલ્)*n.*An implement consisting of a broad scoop: પાવડો; પાવડી. *vt.* To take up and throw with a shovel:પાવડાવતી લઇને ફેંકવું-નાંખવું.

Show,(શૉ)*vt.*To exhibit or present to view: દેખાડવું;બતાવવું.2.To direct:રસ્તો બતાવી લઇ જવું. 3.To prove:સાબીત કo.*To s forth*,to publish જાહેર કરવું;જાણીતું કo.To *s off*,toexhibit ostentatiously:ભભકો બતલાવવો.*To s up*,to expose: ઉઘાડું-ખુલ્લું મુકવું.*vi.* To appear:દેખાવું;જણાવું. *n.* Exposure to sight:દેખાવ.2.That which is shown or brought to view;a spectacle: નજર તમાસો:ખેલ.**S.***glass*,a mirror:આરસી;દર્પણ.

Show-bread,(શૉ-બ્રેડ્)*n.*Bread of exhibition loaves to set before God: નૈવેદ્ય;ભોગ.

Shower (શૉઅર્) *n.* One who shows or exhibits:બતાવનાર; દર્શાવનાર. 2. A mirror:આરસી દર્પણ;આરસી;આયનો.

Shower, (શાઉઅર્) *n.* A fall of rain or hail of short duration:વરસાદ;ઝાપટું.*vt.*To water. with a shower:ઉપર બહુ વરસાવવું.2.To rain: -નો વરસાદ વરસાવવો.*vi.* To rain in showers: વરસવું.

Shower-bath, (શાઉઅર્‌બૅથ્) *n.* A bath in which water is showered from above:ઉપરથી વરસાદની પેઠે પાણી પડે એવી રીતનું ન્હાવણ.

Showery,(શાઉઅરિ)*a.*Of or pertaining to a shower or showers:વરસાદ,ઝાપટા સંબંધી-નું વિષે.

Showy,(શૉઇ) *a.* Ostentatious; gaudy: ભપકાવાળું;દેખાવડું; ડોળદાર; સુભગ;ઢોંગી; રોનકદાર.

Shred, (શ્રેડ) *n.* A long, narrow piece cut or torn off;a strip:ચીંદરડી;લંબપટ.2.In general a fragment,a piece:કકડો. *vt.* To cut or tear intosmall pieces:ઝીણી કરચો કo;શાક મોળવું.

Shrew,(શ્રૂ)*a.*Wicked;malicious:ખરાબ;દુષ્ટ. *n.*A brawling,turbulent,vexatious woman; a scold:વઢકારી બાયડી;કર્કશા.*vt.*To beshrew;to curse:દુઃખ-સંકટ નાંખવું.

Shrewd,(શ્રૂડ્)*a.*Artful; wily;cunning:ચતુર-પેચવાળું.2.Sagacious;sharp-witted:તીવ્ર-ઝીણી નજરવાળું;હોશિયાર.

Shrewdly,(શ્રૂડ્‌લિ)*adv.*Sagaciously;keenly; acutely.તીવ્ર-બારીક નજરથી;ખરી અટકળ-તર્ક બાંધીને

Shrewish,(શ્રૂઇશ્)*a.*Having a scolding disposition;peevish:વઢકારું; કર્કશા જેવું.

Shriek,(શ્રીક્)*vi.*To utter a loud,sharp,shrill ચીસ પાડવી.*n.*A sharp,shrill outcry or scream:ચીસ;તીણી બૂમ.

Shrievalty,(શ્રિવૅલ્ટિ)*n.*The office or sphere of jurisdiction of a sheriff; sheriffalty: આખા જીલ્લાના નાજરની જગા.

Shrill,(શ્રિલ્)*a.*Sharp;piercing:તીક્ષ્ણ;તીણું;કર્ણકટુ;કર્ણવેધી.*n.*A shrill sound:ચીસ;બૂમ.*vi.&vt.* To utter in a shrill tone: ચીસ બૂમ પાડવી.

Shrillness,(શ્રિલનેસ્)*n.*The quality or state of being shrill:તીક્ષ્ણકટુતા;કરકસપણું;બારીક સ્વર.

Shrimp,(શ્રિમ્પ્)*vt.*To contract;to shrink:સંકોચાઈ જવું.*n.*A little wrinkled man;dwarf: ઠીંગણો;વામનજી.

Shrine,(શ્રાઇન્) *n.* [L. *scrinium*, a case or chest.]Any sacred place:પવિત્ર જગ્યા-સ્થાન;દેવળ.

Shrink, (શ્રિન્ક્) *vi* To contract into a less extent;to become contracted:સંકોચાવું; ચઢી જવું 2. To withdraw or retire,as from danger;અચકાવું;આંચકો ખાવો.3. To shudder: ધ્રુજવું. *vt.* To cause to contract or shrink: સંકોચાઇ-ચઢી જાય તેમ ક૦. 2. To draw back: પાછું હઠવું.*n.*The act of shrinking,contraction:સંકોચન;સંકોચ.

Shrival,(શ્રિવેલ્)*vi.*To draw,or be drawn into wrinkles;to shrink and form corrugations:સંકોચાઇને કરચલી વળવી-રળી જવી. *vt* To cause to shrivel or contract:કરચોલી વાળવી

Shroud,(શ્રાઉડ્) *n.* That which clothes, or protects;a garment:વસ્ત્ર;લુગડું.2.The dress for the dead:કફન-શબને ઓરાડેલું લુગડું.3.That which covers or shelters like a shroud: આચ્છાદન; ઢાંકણ.*vt.* To cover with a shroud લુગડું ઓરાડવું.2.To protect completely: સંપૂર્ણ રીતે રક્ષણ ક૦; ઢાંકવું.

Shrub,(શ્રબ્)*n.* A woody plant of less size than a tree: ન્હાનો છોડ;છોડવો.*vt.* To lop; to prune:ખુંટવું;ડાળવું.

Shrubbery, (શ્રબરિ) *n. pl.* **Shrubberies** A collection of shrubs:ઝાડી;છોડવાનો જથો-સંગ્રહ.2.A place where shrubs are planted: જે ઠેકાણે ઝાડ-છોડવા રોપવામાં આવ્યા હોય તે જગ્યા.

Shrubby,(શ્રબિ)*a.* Full of shrubs: છોડવા, ઝાડવાવાળું.

Shruff,(શ્રફ્)*n.* Rubbish: કચરો (*a*) Dross or refuse of metals:ધાતુનો મેલ (*b*) Light dry wood,used for fuel:બળતણતરીકે વપરાતું હલકું, સુકું લાકડું.

Shrug,(શ્રગ)*vt.&i.* To draw up or contract: ખભા મરડવા.*n.* A drawing up of the shoulders:(નાપસંદગી જણાવવા)ખભા મરડવા તે.

Shudder,(શડર્)*vi.*To tremble or shake with fear:બ્હીકથી થરથરવું,ધ્રુજવું.*n.* The act of shuddering as with fear:કંપારો;ત્રાસ.

Shuffle, (શફ્લ્)*vt.* To shove one way and the other:આગળ પાછળ ધકેલવું. 2. To mix up by pushing or shoving:સેળભેળ કરી નાંખવું.3. To remove or introduce by artificial confusion:યુક્તિથી સોસી દેવું.*To s off*,to rid one's self of:-થીઅળગા થવું *To s.up*, to throw together in haste:ઉતાવળમાં ભેગું નાંખવું *vi.* To change the relative position of cards in a pack:ચીપવું 2.To change one's position: પોતાની સ્થિતિ ફેરવવી. 3 To use arts or expedients:પ્રપંચ રચવો 4. To movein a slow manner: રગસ રગસ ચાલવું. *n* The act of shuffling:ચીપવું તે 2.A trick:પેચ;યુક્તિ.

Shun,(શન્)*vt.*To avoid;to keep clear:દુર ક૦; ત્યજવું;છોડી દેવું.

Sponge,(સ્પન્જ્)*n*.[L *spongia*.] The elastic, fibrous skeleton of many species of horny Spongiac:વાદળી.4.A mop for cleaning the bore of a cannon after a discharge: તોપ છોડયાપછી તેની નળી સાફ કરવાનો કુચડો.*To throw up the* s ,to give up a contest:હાર કબુલકo. પોતે હાર્યા એમ કબૂલ કo *vt* To cleanse or wipe with a sponge:વાદળીથી સાફ કo. *vi*. To suck in,or imbibe as a sponge:ચૂસી લેવું;પી જવું.

Sponge-cake,(સ્પન્જ્-કેક્)*n*.A kind of sweet cake:એક જાતની ગળી રોટલી;પુડો.

Sponger, (સ્પન્જર્)*n*. One who sponges or uses a sponge:વાદળી લગાડનાર;વાદળીનો ઉપયોગ કરનાર.

Spongy,(સ્પન્જિ)*a*.Having fluids,like a sponge:વાદળી જેવું; પાણી ચૂસે એવું.

Sponsal,(સ્પૉન્સલ્)*a*.[L.*spondeo*,I betrothe.] Relating to marriage:વિવાહ લગ્ન સંબંધી.

Sponsor, (સ્પૉન્સર્)*n*. [L *spondeo*,I engage myself.] A surety:જામીન;હામી. 2.A godfather or godmother:ધર્મપિતા; ધર્મમાતા.

Spontaneous,(સ્પૉન્ટેનીઅસ્)*a*.[L *sponte*,of free will.] Proceeding from natural feeling,temperament,or disposition:સ્વાભાવિક; સહજ.2.Produced without being planted, or without human labor:વાવ્યા શિવાય ઉત્પન્ન થયેલું; જંગલી:તરડીયું.

Spontoon,(સ્પૉન્ટૂન)*n*.A kind of half-pike, or halberd:અડધો ભાલો.

Spool,(સ્પૂલ્)*n*.A piece of cane or reed with a knot at each end,or a hollow cylinder of wood with a ridge at each end:ફરકડી;ફરકી. *vt* To wind on a spool or spools:ફીરકીપરલપેટવું

Spoon,(સ્પૂન)*n*. An implement consisting of a small bowl with a handle:ચમચો.

Spoonful,(સ્પૂન્ફુલ્)*n*.The quantity which a spoon contains:ચમચો;ચમચાપુર;ચમચામાં માય તેટલું.

Sport,(સ્પૉર્ટ્)*n*. Pastime:ગમત;રમત; ખેલ;મઝા; ક્રીડા 2.Mock:મજાક;હાસ્ય;મશ્કરી;ઠઠ્ઠો. 3.Diversion of the field:શિકાર-મૃગયા.In s:મશ્કરીમાં. *vt*.To play: ગમતમઝા-રમત કo.2.To practise the diversions of the field: શિકાર કરવા જવું. *vt* To divert;to amuse:ગમતરમત-મઝા કo.

Sportful,(સ્પૉર્ટ્ ફુલ્) *a*. Merry; frolicsome; playful;wanton:ગમતી;ખુશમીજાજી;આનંદી.

Sporting,(સ્પૉર્ટિન્ગ્)*a*.Of, pertaining to, or engaging in,sport or sports:રમતિયાળ;શિકાર કરનાર-રમત-શિકાર સંબંધીનું વિષે.

Sportive,(સ્પૉર્ટિવ્)*a*. Gay; frolicsome;playful;merry:મોજી;આનંદી;રમતિયાળ;ક્રીડાશીલ.

Sportiveness, (સ્પૉર્ટિવ્નેસ્)*n*. Playfulness; merriment:રમતિયાળપણું;મોજીલાપણું.

Sportsman,(સ્પૉર્ટ્સ્મેન્)*n pl*.One who pursues the sports of the field,one who hunts, fishes,etc:શિકારી;પારધિ.

Spot,(સ્પૉટ્)*n*.A blot:ડાઘ;ચાંદું;બિંદુ;અંક;લાંછન; ધાબુ.2 Disgrace;blemish:કલંક;ડાઘ;એબ;ખામી. 3.A small extent of space:સ્થાન;જગા. *On the* s , immediately before moving: ત્યાંના ત્યાંજ. *vt*. To discolor in or with spots; to stain:ઉપર ડાઘ પાડવો-છાંટા પાડવા 2.To stain; to blemish:-ને એબ લગાડવી. *vi*. To become stained with spots:ઉપર ડાઘ પડવા.

Spotless,(સ્પૉટ્લેસ્)*n*. Without a spot; free from reproach or impurity: ડાઘ વગરનું.

Spousal,(સ્પાઉઝલ્)*a*.Nuptial; metrimonial; conjugal: વિવાહ-લગ્ન-સાદી સંબંધી, વિષે-નું. *n*. Marriage;nuptials:લગ્ન;વિવાહ;સાદી;પાણીગ્રહણ.

Spouse,(સ્પાઉઝ્)*n* [L.*sponsum*, to promise solemnly.] A married person,husband or wife: પરણેલું માણસ;વહુ કે વર;ભાર્યા; વધૂ. *vt*. To wed;to espouse:પરણાવવું;લગ્ન-સાદીકo.

Spout, (સ્પાઉટ્) *vt*. To eject in a jet: ફુંકીને બહાર કાઢવું. કોગળો કરીને બહાર કાઢવું. *n*. That through which anything sprouts;a tube; a pipe:પરનાળ;નળી;તોટી ઝારી;નાળચું.

Sprain,(સ્પ્રેન)*vt*.[L:*ex & premo*,I press]To weaken,as a joint,muscle,etc:મરડાઈ-ચચકાઈ જાય તેવું કo;લચકાવવું; કરમોડ ખવડાવવો. *n*. The act or result of spraining:મોચ;કરમોડ;લચક.

Sprawl, (સ્પ્રૉલ્) *vi*. To lie with the limbs stretched out ungracefully:લાંબા થઈને સુવું.

Spray,(સ્પ્રે) *n*. A small shoot or branch; a twig: ડાળી; ફણગો. 2. A collective body of small branches:ન્હાનીન્હાની ડાળીઓનોસમૂહ. *n*. Water flying in small drops or particles: પાણીના ઉડતા છાંટા; તુષાર. 2. A jet of fine medicated vapor; ઓસડના ગુણ આપે એવી વરાળનો સબુકો. *vt*.To let fall in the form of spray:છાંટાને રૂપે પડવા દેવું.

Spread,(સ્પ્રેડ્)*vi.*To unfurl: ઉઘાડવું; ફેલાવવું. 2.To extend so as to cover something:કંઇ પણ ઢંકાઈ તેવીરીતે ઉઘાડવું;વિસ્તારવું.3.To divulge: બહાર પાડવું; પ્રસિદ્ધ કo. 4. To diffuse, as emanations;to emit(*as fragrance*):ફેલાવવું; ઉઘાડવું.5.To strew;(*as manure*):વેરવું;નાંખવું. *To spread cloth*, to unfurl sail:સઢ ચઢાવવો. *vi* To be extended or stretched:ઉઘડવું;ફેલાવું.*n.*Extent:compass:વિસ્તાર;ફેલાવો.

Spree,(સ્પ્રી)*n.*A merry frolic;*esp*,a carousal: મઝા;ગમત;મોજ શોખ;દારૂ પીવાની મઝા;પાનોત્સવ.

Sprig,(સ્પ્રિગ્)*n.* A small shoot or twig of a tree:નાની ડાળી;ડાંખળી;શાખા.

Spright,(સ્પ્રાઇટ્)*n.* Spirit; mind; soul: જીવ; આત્મા.2.An apparition:ભૂત;પિશાચ;પ્રેત.

Sprightly-Sprightful,(સ્પ્રાઇટ્લિ-સ્પ્રાઈટ્ફુલ્) *a.*Vivacious;lively;brisk:ચંચળ આનંદી.

Sprightfulness, (સ્પ્રાઇટ્ફુલ્નેસ્) *n.* Briskness;gayety:ચકોરપણું;ચંચળતા;આનંદ.

Spring,(સ્પ્રિંગ્) *vi.* To leap;to bound:કુદકો-ફલંગ મારવી. 2. To issue with speed: જોરથી નીકળવું.3.To become warped:આડું થવું;મરડાઈ જવું. 4.To shoot up: ફુટી નીકળવું; ફુટવું. 5. To result as from a cause:નીપજવું;જન્મ પામવું.6. To grow:to thrieve:ઉગવું.*Tos in*;to rush in એકદમ ધસી આવવું.*vt.*To bend by force:જોરથી બળ કરીને વાળવું. *n.*A leap;a bound;a jump: કુદકો;ઠેકડો;છલંગ;ફલંગ;કુદકારો.2.Elastic power or force: સ્થિતિસ્થાપકપણું;સ્થિતિસ્થાપકત્વ-તા.3. An elastic body of any kind: કોઈ પણ જાતનો સ્થિતિસ્થાપક પદાર્થ;કમાન.4. Any source of supply;a natural fountain:ઝરો:પાણીનો ઝરો મુળ.5.The vernal season:વસંત ઋતુ; વસંત. 6.Early portion:first stage:પહેલવહેલો ભાગ; પ્રથમ ભાગ;આરંભકાળ;પૂર્વકાળ. *S tide:* પૂર્ણિમાની ભારે ભરતી.

Springe,(સ્પ્રેન્જ્)*n.*A gin;a snare: ફાંસો;જાળ. *vt.*To catch in a springe:જાળમાં પકડવું-ફસાવવું.

Spring-head,(સ્પ્રિંગ્-હેડ્)*n* A fountain or source:મુખ્ય ઝરો;મૂળ;ખાણ;યોનિ;આદિકારણ.

Spring-tide,(સ્પ્રિંગ્ ટાઇડ્)*n.*The season of spring;springtime:વસંતકાળ.

Spring time,(સ્પ્રિંગ્-ટાઇમ્)*n.*The season of spring;springtide:વસંતકાળ;વસંતઋતુ.

Springy,(સ્પ્રિંગિ)*a.*Elastic: કમાન જેવું; (સ્થીતિસ્થાપક;હલકું.2.Wet;spongy:ભીનું;ભેજવાળું.

Sprinkle,(સ્પ્રિંકલ્)*vt.* To scatter in small drops or particles, as water: છાંટવું. 2. To scatter on:છાંટવું. 3. To baptize by the application of a few drops:-ને જળ સંસ્કાર કo; જળસિંચન કo *n.*A small quantity scattered વિખેરાયેલા પદાર્થનો થોડો જથો. 2. A sprinkler: છાંટવાનું વાસણ.

Sprinkling,(સ્પ્રિંક્લિંગ્)A small quantity falling in distinct drops or particles:થોડા છાંટા;ફરફર;ઝરમર.

Sprite,(સ્પ્રાઇટ્)*n.* A spirit; shade: ભૂત;પ્રેત.

Sprout,(સ્પ્રાઉટ્)*vi.* To shoot as the seed of a plant:ફણગો ફુટવો.2. To shoot into ramifications: -ના ફાંટા ફુટવા. *vt.* To cause to sprout: ફણગો ફુટે તેમ કo;ઉગાડવું.*n.* The shoot of a plant:ફણગો;સણગો;અંકુર.

Spruce,(સ્પ્રૂસ્)*n.* Any coniferous tree: એક જાતનું ઝાડ.*a* Neat without elegance: ટાપટીપીયું.2.Sprightly:અલબેલું;ચંચળ.

Spue,(સ્પ્યૂ)*vt.&vi.*To spew:ઓકવું;ઉલટી કo.

Spume,(સ્પ્યૂમ્)*n.* [L. *spuma.*]Froth;foam; scum:ફીણ;ફેમ.

Spun,(સ્પન્)*Imp & p.p.of* **Spin.**કાંત્યું કાંતેલું.

Spunge,(સ્પન્જ્)*n.*A sponge:વાદળી.

Spunk,(સ્પન્ક્)*n.* Wood that readily takes fire;touchwood:જલદીથી સળગે એવું લાકડું; સુકું સળેલું લાકડું.2.Spirit;mettle;pluck:પાણી;દમ; હિમ્મત;ધૈર્ય;જુસ્સો.

Spur, (સ્પર્) *n.* An implement secured to the heel,or above the heel,of a horseman, to urge the horse by its pressure:એડ;એડી મમરેજ 2.That which goads to action:ઉત્તેજન.3.A mountain that shoots from any other mountain:પર્વતની શાખા.4.The short wooden buttress of a post: થાંભલાની ટુંકી લાકડાની કુંભી.*On the* s *of the moment:*એકદમ. *vt.* To prick with spurs: એડી મારવી. 2. To put spurs on:-ને એડી ચોડવી લગાડવી.*vi.*To spur on one's horse:પોતાના ઘોડાને એડી મારી ચલાવવો.

Spurious,(સ્પ્યૂરિઅસ્) *a.* [L. *spurius.*] Not genuine;false;adulterate:બનાવટી;ખોટું;તકડી. 2.Not legitimate;bastard:રાંડના પેટનું.

Spuriousness(સ્પ્યૂરિઅસ્નેસ્)*n.*Adulteration ingenuineness:બનાવટ;કૃત્રિમતા;નકલીપણું;તકટ.

Spurn,(સ્પર્ન્) *vt.* To kick: લાત મારવી. 2. To reject with disdain:ધિક્કારવું *vi.* To kick or toss up the heels:પગ ઉંચા કo.*n.*A kick:લાત.

Spurt, (સ્પર્ટ્) *vi.* To rush from a confined place in a small stream:જોરથી દડુડી થઇ બહાર નીકળવું. *vt.* To throw out as liquid, in a stream: દડુડીની ધારે બહાર કાઢવું. *n.* A jet:દડુડી;દડુડો;ધાર.2.A shoot:ફણગો 3 A sudden outbreak:ભભુકો.

Sputum,(સ્પ્યૂટમ્)*n pl* **Sputa.**[L.*sputum*, spittle.]Spittle;saliva:થુંક;લાળ.

Spy,(સ્પાઈ)*vt.*[L.*specio*,I see.]To gain sight of:to see:જોવું;દેખવું.2.To discover by close search:બારીક તપાસથી શોધી કાઢવું. 3. To ex-

plore:આતમીદાર તરીકે શોધી-જોઇ કાઢવું. *vi.* To search narrowly:બારીકાઇથી તપાસ શોધ કરવી. *n.*One who keeps a constant watch of the conduct of others:આતમીદાર;ગુપ્તદૂત; ચાર.

Spy-glass,(સ્પાઈ-ગ્લૅસ્)*n.*A small telescope: નાનું દુરબીન.

Squab,(સ્કવૅાબ્) *a.* Fat; thick:જાડું; માતેલું.2. Unfeathered:પીછાં વિનાનું.*n.*A nestling of a pigeon or other similar bird: પીછાં વગરના કબૂતરનું તરત જન્મેલું બચ્ચું.*vi.*To strike at one dash,or with a heavy stroke: એકદમ પછડા-વું;અફળાવું.

Squabbish, (સ્કવૅાબિશ્) *a.*Thick;fat:જાડું.

Squabble, (સ્કવૅાબલ્) *vi.* To scuffle: લડાઇ-કજીઓ કo.2.To debate peevishly:તકરાર-બોલા ચાલી કo *vt.*To disarrange: અવ્યવસ્થિત કo.*n.* A scuffle:કજીઓ.

Squad,(સ્કવૅાડ્)*n.*[L.*ex* & *quadra*,a square.] A small party of men assembled for drill કવાયત માટે ભેગી કરેલી ટુકડી;ન્હાની ટોળી.

Squadron, (સ્કવૅાડ્રૉન્) *n.* A body of troops drawn up in a square: ચોરસ આકારમાં ઉભી કરેલી લશ્કરની ટુકડી.

Squalid,(સ્કવૅાલિડ્)*a.*[L.*squalere*,to be foul or filthy.]Foul;filthy:ગંધાતું;ગંદું;કચરાળું;મલિન.

Squall,(સ્કવોલ્)*n* A sudden and violent gust of wind,often attended with rain or snow: એકદમ ચઢી આવેલો વાવંટોળ;પવનનું તોફાન.*vt.*To cry out:ચીસ પાડવી.*n* A loud scream:બુમ.

Squally,(સ્કવોલિ)*a.*Abounding with squalls; gusty:વાવંટોળીઆવાળું;તોફાની.

Squalor,(સ્કવૅલૉર્)*n.*[L. *squalere*,to be foul or filthy.]Foulness;filthiness:ગંદવાડ;મલિનતા.

Squander,(સ્કવૅાન્ડર્)*vt.*To spend lavishly: ઉડાવી દેવું,ગુમાવી દેવું; બોર મુકવું. *vi.* To spend lavishly:ઉડાઉ-ખરચાળ હોવું.

Squanderer,(સ્કવૅાન્ડરર્)*n.*One who squanders:ઉડાઉ;ખરચી-ઉડાવીદેનાર;ધોતાળ;છુટા હાથનો.

Square,(સ્કવૅર્)*n.*[L *ex*& *quadrus*,a square] A figure having four equal sides and four right angles:સમચોરસ; ચોખંડી આકૃતિ. 2. A square piece or fragment: ચોરસ કકડો. 3. An area of four sides:ચોક;ચોગાન.4 An instrument having at least one right angle and two or more straight edges: કાટખૂણો. 5.The producer of a number or quantity multiplied by itself:વર્ગ; દ્વિઘાત. 6 A squadron:લડાઈના વહાણનો કાફલો.*On the* s. or *upon the* s.honestly:પ્રમાણીક વાજબીપણે *On* or *upon*,the s *with*,even with:-ની બરોબરીયા. *To be all* s.s,to be all settled;બરોબર નક્કી કરેલું હોવું.*To be at* s,to be in a state of quarrelling:-ની સાથે અણુરાગ હોવો.*To break no* s. s,to give no offence:-ને માઠું ખોટું ન લગાડવું. *To break* s s,to depart from an accustomed order:વિપરીત વર્તન કo-ચલાવવું.*a.* Having four equal sides and four right angles:સમચોરસ.S.*root*:વર્ગ મૂળ.*To get* s *with*,to pay off:આપી દેવું. *vt.* To form with four equal sides and four right angles: ચોરસ-ચોખૂણું કo. 2. To multiply by itself:-નો વર્ગ કo.*To* s *one's shoulders*:ખભા ચઢાવવા.*vi.* To suit; to fit:-ને બેસતું હોવું-થવું.

Squash,(સ્કવૅાશ્) *vt.* To beat or press into pulp or a flat mass;to crush: કચરી નાંખવું; વાળી-ચુંદીને ઢુગદી કo. *n.* Something soft and easily crushed:નરમ અને જલદી કચરાય એવો પદાર્થ.

Squat, (સ્કવૅાટ્) *vt.* To sit down upon the hams or heels:પલાંઠી વાળી બેસવું.2.To settle on another's land without title:પરાયી જમીન બથાવી પાડવી.*vi.*To bruise: પડવાથી ચગદાવું. *a.* Cowering:લપાઈ બેઠેલું.2 Short and thick:ટુંકું ને જાડું.*n.*The posture of one that sits on his heels or hams,or close to the ground:પલાંઠી

Squeak,(સ્કવીક્)*vi.* To utter a sharp, shrill cry:ચૂંચૂં-ચીંચીં કo;તીણો અવાજ કo.*n.*A sharp; shrill cry:તીણો અવાજ.

Squeal,(સ્કવીલ્)*vi.*To cry with a sharp,shrill prolonged sound:લાંબો-તીણો અવાજ કo.2.To betray a secret: છાની વાત ઉઘાડી કo. *n.* A shrill:લાંબો તીણો અવાજ.

Squeamish,(સ્કવીમિશ્)*a* Having a stomach that is easily turned or nauseated:સ્હેજમાં ઉલટી-ઉછાળો આવે એવા પેટવાળું.

Squeeze,(સ્કવીઝ્)*vt.*To press between two bodies:બે પદાર્થોની વચ્ચે દાબવું; નીચોવવું. 2. To harass:ઉપર જુલમ કo. 3. To force,or cause to pass,by compression: નીચોવી દબાવીને કાઢવું;પીલવું *vi.*To press:દાબવું.

Squib, (સ્કિવબ્) *n.* A little pipe or hollow cylinder of paper, filled with powder or combustible matter:ફટાકો;ટેટો;ફટાકીયો;પલીતા;જામગીરી.4.A writer of lampoons: નિંદાનું જુજ લખાણ લખનાર.*vi.*To throw squibs:નિંદાનું જુજ લખાણ લખીને તકરાર કo.

Squint,(સ્કિવન્ટ્)*a.* Looking obliquely:ત્રાંસું; આડું.2. Looking askance:આડું. *vi.* To see or look obliquely:ત્રાંસુ જોવું. 2. To deviate from a true line:ઢાળ પડતું હોવું.*vt.*To turn to an oblique position: ત્રાંસુ જોવું *n* The act or habit of squinting:ત્રાંસુ-આડું જોવાની ટેવ.

Squint-eyed, (સ્કિવન્ટ્ આઈડ્) *a* Having eyes that squint:બાડું.

Squire,(સ્કવાઇર્)*n.* A square; a measure; a

rule:કાટખૂણો. *n.*A shield-bearer or armour bearer who attended a knight:'નાઇટ'ના હ- લકાબવાળા માણસની સાથે રહેનારો ઢાલ અથવા બ- ખ્તરવાળો માણસ;સ્કવાયર 2.A title of dignity nextin degree below knight:સાહેબ;મહેરબાન

Squirrel,(સ્કિવરેલ)*n.*Any one of numerous species of small rodents belonging to the genus *sciurus*:ખીસકોલી.

Squirt(સ્કવર્ટ્)*vt.*To drive or eject in a stream out of a narrow pipe or orifice:પીચકારીછો- ડવી-મારવી. *vi.* To be thrown out or ejected in a rapid stream from a narrow orifice: દદુડી નીકળવી. *n.*An instrument from which a liquid is ejected in a small stream with force:. પીચકારી;દદુડી;ધાર.

Stab,(સ્ટેબ્) *vt.* To pierce with a pointed weapon:ઘોંચવું; ભોકવું; ભોકીને ઘાયલક૦. *vt.* To thrust with a pointed weapon:ભોકવું;ઘોંચવું. 2.To wound,or pain,as if with a pointed instrument:અણીવાળા હથિયારથી ઘાયલ ક૦.*To s.at,*to thrust a pointed weapon at:-ને ભો- કવું-મારવું.*n* A thrust of a pointed weapon: હુલનો ઘા જખમનું નુકસાન.

Stabiliment,(સ્ટેબિલિમેન્ટ્) *n.* [L. *stabilis* stable.]Firm support:પક્કો આધાર-આશરો.

Stability,(સ્ટેબિલિટિ) *n.* Steadiness;stableness;firmness:દ્રઢતા;મજબુતી;સ્થિરતા.2.Firmness of resolution or purpose:નિશ્ચય;આગ્રહ.

Stable,(સ્ટેબ્લ્)*n.*[L.*sto*,I stand.]A building or apartment with stalls for horses:તબેલો; ઘોડાર;ઘોડસાળ.*vt.*To put or keep in a stable: તબેલામાં મુકવું.રાખવું.*a.*Fixed:સ્થાયી; કાયમ; અ ચળ. 2. Steady in purpose: આગ્રહી; ધીર. 3 Durable;firm:કાયમ;સ્થિર;ટકાઉ.

Stable-boy,(સ્ટેબ્લ્-બૉઇ)*n.*A groom;a hostler:રાવત;ઘોડાનો ચરવાદાર;અશ્વપાલ.

Stack,(સ્ટેક)*n.*A large pile of hay, grainor straw:ગંજી;ઢગલો;ગંજ. 2. A pile of poles or wood, indefinite in quantity:લાકડાનો મોટો જથ્થો.*vt.*To lay in a conical or other pile: ખડકવું; ગંજ-ઢગલો ક૦.

Stack-yard,(સ્ટેક યાર્ડ્)*n.*A yard or inclosure for stacks of hay or grain-ગંજી ખડકવાનો વાડો.

Staddle,(સ્ટેડલ્) *n.* A staff: લાકડી; સોટો. 2. The frame of a stack of hay or grain: ઠુંઠાં;ઘાસ અગર અનાજ કાપી લીધા પછી રહેલાં ઠુંઠાં. 3.A row of dried or drying hay:સુકા-સુકાતા ઘાસની હાર *vt.*To leave the staddles of:- ના ઠુંઠા-ઠુંઠાં મુકવાં.2.To form into staddles, as hay:-ની પુળીઓ ક૦.

Stadium,(સ્ટેડિઅમ્)*n pl* **Stadia** A greek measure of length:એક ફરલાંગ. 2. A race course:શરતનો રસ્તો;શરત

Staff, (સ્ટેફ્) *n.* A long piece of wood; a stick:લાકડી;ડંડુકો;ડાંગ.2. A pole;stick,or wand borne as an ensign of authority: છડી; રાજદંડ.3.A pole upon which a flag is supported and displayed:જે લાકડીનો વાવટો બ- નાવવામાં આવેછે તે;વાંસી.4.An establishment of officer in various departments:લશ્કરની ટુકડી કે લશ્કરના અંગના માણસો.5. A body of assistants serving to carry into effect the plans of a superintendent or manager: કામદાર મંડળ.*The s.of life*,bread:રોટલી;રોટલો.

Stag,(સ્ટેગ્)*n.*The male of a deer:સાબર;હરણ; મૃગ 2 A colt or filly:વછેરો;વછેરી.

Stage, (સ્ટેજ્) *n.*[L. *sto,* I stand.] An elevated platform:ઉંચી બેઠક 2.A platform often floating and serving as a kind of wharf: બંદરનો તરતો ડક્કો.3.The theatre; the playhouse:નાટ્યશાળા.*Hence,*drama:નાટક.4. The scene of any noted action or career:રંગ- ભૂમિ;ભૂમિકા.*By full* s ક:સારમજલ,દડમજલ. S. *after* s :મજલ દર મજલ.5.A degree of advancement in a journey:ટપ્પો;મજલ.6. A degree of advancement in any pursuit: અમુક સ્થિતિ.7.A stage coach; an omnibus: ડાગગાડી.8 One of several marked phases of periods: ક્રમ, પાયરી ભૂમિકા. S *door,* the actors'and workmen's entrance to a theatre:રંગભૂમિમાં જવાનો દરવાજો.

Stage coach, (સ્ટેજ્-કોચ્) *n.* A coach that runs regularly from onestage, station or place to another:ડાગની ગાડી.

Stage-play,(સ્ટેજ્-પ્લે)*n.*A dramatic or theatrical entertainment:નાટક;ખેલ.

Stage-player,(સ્ટેજ્-પ્લેયર)*n.* An actor on the stage:નટ;નાટકમાં વેષધારી;પાત્ર.

Stager,(સ્ટેજર્)*n.*A person of experience: જ્ઞાનવૃદ્ધ;અનુભવી.

Stagger,(સ્ટેગર્) *vi.* Not to stand or walk with steadiness:લથડવું; લથડીયાંખાવાં. 2. To cause to stand firm;to fail:ડગવું; પાછું હઠવા માંડવું. 3. To begin to doubt:ડગમગવું. *vt.* To cause to reel or totter:ભમાવવું 2.To cause to doubt and waver: મનમાં શંકા આવવી. *n.* A reeling motion;a vertigo:લથડીયું.

Stagnant,(સ્ટેગ્નેન્ટ્)*a.*[L.*stagnum,*a piece of standing water.] Impure or foul from want of motion:બાંધ્યું;બંધ;સ્થિર;ગતિ;પ્રવાહહીન

Stagnate,(સ્ટેગ્નેટ્)*vi.*[L *stagnum,*a piece of standing water.] To cease to flow;to be motionless:સ્થિર રહેવું;વહેતું બંધ પડવું-ઠરીરહેવું. 2.To become impure or foul by want of

motion: ગતિવિનાનું હોવાથી મલિન થવું. 3. To become dull or inactive:ધીમું પડવું. *a.*Stagnant:સ્થિર;મેલું;મલિન.

Stagnation, (સ્ટૅગ્નેશન) *n.* Cessation of flowing or circulation:વહેવું બંધ પડવું તે. 2. The cessation of action, the state of being dull:મંદપણું;મંદતા.

Staid,(સ્ટેડ્)*Imp.& p.p.*of **Stay**:થોભ્યું;રહ્યું; થોભેલું;રહેલું. *a.*Grave:ગંભીરતાવાળું.

Stain,(સ્ટેન્)*vt.* To make foul: ડાઘ પાડવો 2. To dye:રંગવું.3 To spot with guilt or infamy:-ને કલંક-એબ લાંછન-ડાઘ-બટ્ટો લગાડવો. *vi.* To give or receive a stain; to grow dim: ડાઘ લાગવો. *n.* A spot:ડાઘ;ચાંદું;ડબકો;ધાબું. 2. Tarnish:કલંક;ડાઘ;એબ;બટ્ટો;લાંછન;દૂષણ;કાળોટીલી;નામોશી.3.Cause of reproach:કલંક-બટ્ટાનું કારણ;શરમ. [ષ; શુદ્ધ;ડાઘ વગરનું;નિષ્કલંક;ચોખ્ખું.

Stainless,(સ્ટેન્લેસ્)*a* Free from stain:નિર્દો-

Stair,(સ્ટેર્)*n.*One step of a series for ascending or descending to a different level: પગથિયું.2.A series of steps:દાદર;નિસરણી;સીડી. *Flight of s s,*the stairs which make the whole ascent of a story:સીડી;દાદર;નિસરણી.

Stair-case,(સ્ટેર્-કેસ્) *n.* A flight of stairs with their supporting frame work:સીડી

Stake,(સ્ટેક્) *n.* A pointed piece of wood: અણીવાળો લાકડી-ખુંટી.2.A stick inserted upright in a loop,eye or mortise:ગાડાનું આડું. 3.(*a*)The piece of wood to which a martyr was affixed to be burned:સ્વમતાર્થે પ્રાણ ત્યાગ કરનારને બાળી મૂકવા જે લાકડા સાથે બાંધેછે તે લાકડું. (*b*) Martyrdom by fire:ધર્મને માટે અગ્નિમાં પ્રાણ ભોગ 4.That which is laid down as a wager;a pledge: સરત-હોડમાં મૂકેલી વસ્તુ પદાર્થ.*At s.*,in danger;hazarded:ભય-જોખમમા *vi.*To fasten: લાકડી ખુંટીઓને આધારે ઉભું કo. 2.To wager:હોડ-સરતમાં મુકવું.

Stale, (સ્ટેલ્) *n.* Vapid or tasteless from age:વાસી;ટાઢું; બેસ્વાદ;જીર્ણ;જુનું. 2 Worn out; decayed:બગડી ગયેલું. *S. demand:* લાંબા વખત સુધી નહિ કરેલી માગણી.*vt.*To make vapid or tasteless:વાશી-ટાઢું કo.*n.*That which is stale or worn out by use:ઘણા વખત સુધી પડી રહેલો પદાર્થ-વસ્તુ.

Stalk,(સ્ટોક્)*n.*The stem or main axis of a plant:સાંઠો,થડ;શાડું *vi.* To walk slowly and cautiously:ધીમેધીમે સાવચેતીથી જવું.

Stalking-horse,(સ્ટોકિંગ્ હૉર્સ્)*n.* A horse behind which a hunter conceals himself from the game he is aiming at:પક્ષીનો શિકાર કરવાને માટે પારધી જે ઘોડાનીપાછળ સંતાઇ રહે છે તે ઘોડો.

Stall,(સ્ટોલ્)*n.* A stand; a station; a fixed spot:ઉભા રહેવાની જગા. 2. A stable; a place for cattle:તબેલો;ઢોર બાંધવાની જગા.3.A small apartment or shed in which merchandise is exposed for sale: માલ વેચવાની નાની દુકાન. *vt.*To put in a stall or stable:તબેલામાં બાંધવું મૂકવું *vi.*To live in;or as in,a stall;to dwell:રહેવું.

Stallion,(સ્ટેલ્યન્)*n.*A male horse not castrated; a male horse kept for breeding: વાલો ઘોડો;તુખમ વધારવાને રાખેલો ઘોડો.

Stalwart,(સ્ટૉલ્વર્ટ્) *a.* Brave: bold: બહાદુર.

Stamen,(સ્ટેમેન્)*n.* [L.*staman*, the warp.] A thread:દોરો;તાંતણો.*n.*The male organ of flowers:ફુલમાં નરતંતુ;કેસર;પુંકેસર.

Stamina, (સ્ટૅમિનૅ) *n. pl.* The fixed or firm part of a body; power of endurance: બળહેતુ;તેજ;દમ;જીવ;રસ;પાણી;આધાર.

Stammer, (સ્ટૅમર્)*vi.* To hesitate or falter in speaking: તોતડું બોલવું. *vt.* To utter or pronounce with hesitation: તોતડું બોલવું. *n* Defective utterance:તોતડું બોલવું તે.

Stamp (સ્ટૅમ્પ્)*vt.* To bring down (*the foot*) forcibly on the ground or floor:પગ ઠોકવો. 2.To crush:ચગદી નાંખવું 3.To impress with some mark or figure: સિક્કો-બિમ્બ પાડવું. 4. To impress;to imprint:છાપવું મહોર મારવી.5. To mint;to coin: સિક્કો પાડવો. 6.To stamp on,as for postage:પોસ્ટ ટીકીટ ચોડવી *To s.out,* to extinguish:બેસારી દેવું; સમાવી દેવું. *vi.* To strike:મારવું. 2.To strike the foot forcibly downward:પગ જોરથી પછાડવો. *n.* The act of stamping with the foot: પાદઘાત-પ્રહાર. 2. An instrument for making impressions on other bodies, as a die:છાપ; મ્હોર. 3. A mark imprinted;an impression:પડેલી-પાડેલી છાપ;મુદ્રા.4.An official mark:સરકારીછાપ;મહોર સિક્કો. 5. A stamped or printed device, issued by the government: સ્ટેમ્પનો છાપનો કાગળ;સરકારી ટીકેટ. 6. *pl.*Money,*esp.*, paper money:પૈસા;નોટ.*S Act*:સ્ટેમ્પનો કાયદો.

Stauch, (સ્ટાંન્ચ) *a.* Strong & tight sound; firm:મજબૂત;નક્કર. 2.Constant and zealous; loyal;hearty:ખરૂં; આગ્રહી;ડગે નહિ તેવું;દૃઢ;સ્થીર. 3.Close secret;private:છાનું-છૂપું;ગુપ્ત.

Stand,(સ્ટેન્ડ્)*vi* [L.*sto*, I stand.] (*a*) To be supported on the feet,in an erect or nearly erect position: ઉભું-રહેવું હોવું. 2. To be situated or located: આવેલું હોવું; આવી રહેવું. 3. To cease from progress:આગળ નહિ વધવું. 4. To be permanent; to endure; to last: જાયુ રહેવું-હોવું;ટકવું 5 To maintain one's ground;ઉભી આબરૂએ રહેવું.6.To be fixed:દૃઢ-સ્થિ-

ર-કાયમ રહેવું. 7.To offer one's self, or to be offered,as a candidate:પોતે ઉમેદવાર થવું હોવું; -ના ઉમેદવારતરીકે ઉભારહેવું.8.To stagnate:સ્થિર થઇ જવું.*To s.against,* to resist; to oppose: ના સામા થવું;-ની વિરૂદ્ધ પડવું. *To s by,(a)* to be near; to be present; પાસે-જોડે હોવું. (*b*) To maintain:રક્ષણ કo;મદદ આપવી.(*c*)To be supported by:નો ટેકો મળવો.*To s.off and on,* to remain near a coast:કિનારા પાસે રહેવું.*To s. out,(a)* to project; to be prominent:બહાર નીકળવું-પડવું.(*b*) To persist in opposition or resistance;not to yield or comply:ટક્કર લેવી -ઝીલવી. *To s to,* to remain fixed in a purpose or opinion:-ને વળગ્યા રહેવું.(*a*)To abide by,to adhere to:કબૂલ રાખવું;-ને વળગી રહેવું *vt.* To resist without yielding or receding; to withstand:આગળ ટકવું-નભવું;સામા થવું.2.To be at the expense of;to pay for:-નેમાટે આપવું-સરવું; નું ખર્ચ વેઠવું-વ્હોરવું. *To s. fire,*to receive the fire of arms from an enemy without giving way:ડગ્યા વગર શત્રુનો દારૂ ગોળીનો માર ખમવો.*n.*The act of standing:ઉભા રહેવું તે. 2. A stop or halt for the purpose of defence,resistance or opposition:બચાવ કરવાને અથવા સામા થવાને માટે અટકવું-થોભવું તે.*To come to,or make,a s.*:સ્તબ્ધ-શાંત થવું;ઉભારહેવું 3.A station in a city or town where carriages or wagons stand for hire:- જે ઠેકાણે ભાડુતી ગાડીઓ કે ગાંડાં મળે તે જગા. *To be at a s.*,to be stationary:સ્થિરગતિવિનાના હોવું.

Standard,(સ્ટૅન્ડર્ડ્)*n.*[L.*ex*&*tendo*,I spread out.]A flag;a banner:વાવટો;નિશાન. 2. The original specimen weight or measure sanctioned by government:સરકારે નક્કી કરેલું તોલ અથવા માપનું પ્રમાણ. 3. Criterian;test:ધોરણ; માન.4. The proportion of weights of fine metal and alloy established by authority: ચલણના સિક્કામાં સરકારે નક્કી કરેલી ચોખ્ખી ધાતુ. *a.* Being, affording, or according with, a standard for comparison and judgment: પ્રમાણભૂત;વજનદાર;આધારભૂત-ઉંચું.

Standardbearer,(સ્ટૅન્ડર્ડ્-બૅરર્)*n.*An officer of an army,company,or troop, who bears a standard:નિશાન-ઝુંડો-વાવટો ઉચકનાર.

Standing, (સ્ટૅન્ડિંગ્) *a.* Remaining erect: ઉભું રહેલું.કબુ;કાપીનહિ નાંખ્યું હોય તેવું. 2 Not flowing; stagnant:સ્થિર; બાંધ્યું. 3. Settled; established by law;permanent:સ્થાયી;ચાલુ: કાયમ; દૃઢ. 4. Not movable: ખસેડાય નહિ એવું; કાયમ.*n.*The act of stopping or coming to a stand:ઉભું રહેવું.હોવું તે.2.Duration:અવધિ; મુદત;કાળ. 3. Condition in society; સ્થિતિ; હાલત;માન;પ્રતિષ્ઠા;દરજ્જો.

Stand-point,(સ્ટૅન્ડ્-પૉઇન્ટ્)*n.* A fixed point or station;a basis or fundamental principle મુકરર કરેલું બિંદુ અથવા જગ્યા;નજર;સમજ; દૃષ્ટિ.

Standstill,(સ્ટૅન્ડ્સ્ટિલ્)*n.* A stop: ગતિસ્થંભ.

Stanza,(સ્ટૅન્ઝ)*n.*[L.*sto*,I stand.]A part of a poem:બેત;શ્લોક;કડવું.

Staple,(સ્ટેપલ્)*n.* A settled mart; an emporium: વેપારનુંમથક;બજાર. 2.The principal commodity of traffic in a market:વેપારનો મુખ્ય માલ. 3. Raw material: કાચો માલ. *a.* Pertaining to commodities:માલ-વેપારની જણસ સંબંધી. 2. Established in commerce: મુખ્ય.3.Fit to be sold:વેચવા લાયક.

Star,(સ્ટાર્)*n.*[L. *stella a star.*] One of the innumerable luminous bodies seen in the heavens: તારો. 2. The polestar; the north star:ઉત્તર ધ્રુવ.3. An asterisk [*thus*,*]:ફુદડી; ચોકુલી તારા જેવી આવી * નિશાની. 4.A person of brilliant and attractive qualities:ગુણવાળો;દીપે એવા પુરૂષ;હીરો;મણિ.5.ગ્રહ; સતારો.

Star-board, (સ્ટાર્ બૉર્ડ્) *n.* That side of a vessel which is on the right hand of a person who stands on board facing the bow:-ના સન્મુખ ઉભા રહેનાર માણસની જમણી તરફની બાજુ;દક્ષિણ પાર્શ્વ;જમણુ બુડદુ;ગોસ.

Starch,(સ્ટાર્ચ્)*n.* A widely diffused vegetable substance:કાંજી;આર;ખેળ.2. અતડાપણું.

Starched,(સ્ટાર્ચ્ડ્)*a.*Stiffened with starch: આરદીધેલું-ચઢાવેલું.2.Precise;formal:અતડું;અક્કડ.

Starchy,(સ્ટાર્ચિ)*a.*Stiff;precise:અક્કડ; ચિપાસિયું;ચોકસ.

Stare,(સ્ટેર્) *vi* To fasten an earnest and prolonged gaze on some object:તાકીને જોવું. જોઈ રહેવું.*vt.* To look earnestly at:સામું ટગર ટગર જોવું-જોઇ રહેવું.*n.*A fixed look with eyes wide open:સ્થિરદૃષ્ટિ-અનન્યદૃષ્ટિ.

Star-gazer,(સ્ટાર્-ગૅઝર્) *n.* One who gazes at the stars;an astronomer:શુકન જોનાર જોષી.

Stark,(સ્ટાર્ક્) *a.* Stiff;rigid:અક્કડ: મજબૂત. 2. Severe:સખ્ત 3.Mere:ફક્ત;કેવળ.*adv.*Wholly; entirely:બિલકુલ;છેક;સાફ;તદન.

Starry,(સ્ટારિ) *a.* Abounding with stars:તારાવાળું-થી ભરપૂર. *S. firmament*:તારાઓનું ખગોળ. 2. Shining like stars; sparkling:તારા જેવું ચળકતું-પ્રકાશિત.

Start,(સ્ટાર્ટ્)*vi.*To set out; to begin:નીકળવું; ઉપડવું *To s after*,to follow;to pursue:ની પાછળ લાગવું.*To s against*:-ની સામા ઉમેદવાર થવું. *To s for*:-ને વાસ્તે ઉમેદવારથવું હોવું. *To s. up,* (*a*)to rise suddenly:ચમકી ઝબકી ઉઠવું.(*b*)To come suddenly into notice or importance:

એકદમ નજરે ચઢવું. *vt.*To alarm; to rouse:ભડકાવવું.2. To originate;to invent:આણવું;ઉભું કરવું.3.To cause to move or act:ચલાવવું; ગતિમાં મૂકવું.*To get or have the* s.,to begin before another: બીજા પહેલાં શરૂ-આરંભ કરવો. *n.* The handle or tail,of a plough:હળનો હાથો.

Startle,(સ્ટાર્ટલ્)*vi.*To move suddenly,or be excited,on feeling alarm;to start:ચમકવું;ભડકવું.*vt.*To alarm;to surprise:ભડકાવવું;ચમકાવવું.*n.*A sudden motion:ચમક; ઝબક.

Start-up, (સ્ટાર્ટ-અપ્) One who suddenly comes into notice;an upstart:નવો શ્રીમંત.

Starvation,(સ્ટાર્વેશન્)*n.* The act of starving or the state of being starved:ભૂખમરો; અપવાસ;અનાહાર;આહારાભાવ.

Starve,(સ્ટાર્વ્)*vi.*To die; to perish:મરી જવું; મરવું;પ્રાણ છોડવા.2. To perish with hunger: ભૂખથી રીબાઇને મરવું.*vt.*To kill with hunger: ભૂખે મારી નાંખવું.

State,(સ્ટેટ્)*n* [L.*sto,* I stand.] The cirumstances or condition of a being or thing at any given time:સ્થિતિ;અવસ્થા;દશા;હાલત; હાલ 2 Rank;condition:દરજ્જો;પદવી.3. Condition of prosperity or grandeur;social importance:આબાદ સ્થિતિ;આબાદાની.4. Estate; possession:રાજ;જાગીર. 5. The bodies that constitute the legislature of a country: કાયદા કરનાર મંડળ;ધારાસભા.6.A form of government which is not monarchical:પ્રજાસત્તાક રાજ્ય;પ્રજાગણ રાજ્ય.7.A political body or body politic;a nation:રાજ્ય;સંસ્થાન; પ્રજા. S. *prison,*a public prison:સાર્વજનિક કેદખાનું S. *affairs*:રાજકાર્ય.*vt.* To set;to settle;to establish:નક્કી-મુકરર કર-સ્થાપવું 2.To express the particulars of:વર્ણન-બ્યાન કર; વિગતવાર કહેવું; નિવેદન કર:મજકૂર-હકીકત-વર્તમાન કર.

State-craft, (સ્ટેટ્-ક્રેફ્ટ્) *n.* State management; statesmanship:રાજ ચલાવવાની યુક્તિ.

Stated, (સ્ટેટેડ્)*a.* Established; fixed: મુકરર કરેલું,અમુક;નિમેલું;ઠરાવેલું.2.Recurring at regular times:અમુક વખતે થતું.

Stately,(સ્ટેટ્લિ)*a.*Lofty;majestic;grand:પ્રૌઢ; ઠાઠ દમામવાળું;મોટું;ઉંચું;ભવ્ય;ડોળદાર.

Statement,(સ્ટેટ્મેન્ટ્)*n.*The act of stating or presenting,orally or on paper:વર્ણવવું તે; કથન;નિવેદન;વર્ણન;હેવાલ;હકીકત;કેફીયત.

Statesman,(સ્ટેટ્સ્મૅન્)*n. pl.* **statesmen,** A man versed in public affairs and in the principles and art of government:રાજનીતિમાં કુશળ પુરૂષ;રાજનીતિજ્ઞ

Statesman-like, (સ્ટેટ્સ્મૅન્-લાઈક્)*a.* Having the wisdom of statesmen;becoming a statesman:ડહાપણ ભરેલું;રાજકારભારીને યોગ્ય.

Statesmanship,(સ્ટેટ્સ્મૅન્શિપ્)*n.*The qualifications, duties, or employments of a statesman:રાજકૌશલ્ય;રાજદરબારી કારભાર.

Statics,(સ્ટૅટિક્સ્)*n.*[Gr.*hestemi,*to make to stand]That branch of mechanics which treats of the equilibrium of forces or relates to bodies as held at rest by the forces acting on them:પદાર્થ સ્થિતિવિદ્યા;ગુરૂત્વવિદ્યા.

Station,(સ્ટેશન્) *n.* [L. *sto,*I stand] (*a*) A regular stopping place in a stage road or route;a place where railroad trains regularly come to a stand:મુકામ;સ્થાન;સ્ટેશન;સ્થળ;જગા.(*b*)The head-quarters of the police force of any precinct:થાણું;ચોકી;ગેટ;ચબુતરો. (*c*)A place calculated for the rendezvous of troops:લશ્કરને મળવાનું સંકેત સ્થાન.2. Post assigned;office; employment: નીમેલું કામ; હોદ્દો 3. Situation; position:સ્થિતિ; સ્થાન.4. State; rank:દરજ્જો;પદવી;હાલત.*vt.* To place, to set:બેસાડવું;મૂકવું;રાખવું;નીમવું.

Stationary,(સ્ટેશનરિ)*a* Not moving;stable: સ્થિર;કાયમ;અચળ;હાલે નહિ તેવું 2.Not improving; not growing wiser, greater or better:હોય તેવું ને તેવું;અવર્દ્ધમાન. 3. Appearing to be at rest as a planet: સ્થિર હોય તેમ દેખાતું;ગતિ રહિત.

Stationer,(સ્ટેશનર્)*n.*One who sells paper pens, quills,inkstands, pencils etc:કાગદી; લેખન સામગ્રી વેચનાર.

Stationery(સ્ટેશનેરિ)*n.*The articles usually sold by stationers,as paper,pens,ink,etc: કાગળ;કલમ;સહી વિ૦ લખવાનો સામાન.*a.*Belonging to, or sold by, a stationer: કાગળ કલમ આદિ વિ૦ વેચનાર સંબંધી.

Statistics, (સ્ટૅટિસ્ટિક્સ્) *n.* The science which has to do with the collection and classification of certain facts,respecting the condition of the people in a state:દેશસ્થિતિવિદ્યા

Statuary,(સ્ટૅટ્યૂઅરિ)*n.* [L. *statua,* statue.] One who practises the art of making statues:પૂતળાં કોતરનાર;મૂર્તિકાર.2. The art of carving statues or images,etc.,a branch of sculpture:પૂતળાં કોતરવાની કળા:મૂર્તિવિધાન કરણ.

Statue,(સ્ટૅટ્યૂ)*n.*[L.*sto,*I stand.]An image: પૂતળું;પ્રતિમા;બાવલું;મૂર્તિ.

Stature,(સ્ટૅટ્યૂર્)*n.*[L. *statura,* an upright posture.]The natural height of an animal body:માણસના શરીરની ઉંચાઇ-કાંઠું-કદ.

Status,(સ્ટેટસ્)*n.*[L.]State; condition;position of affairs: હાલત;સ્થિતિ;અવસ્થા;દશા;પદવી, દરજ્જો; મરતબો.

Statute,(સ્ટૅટ્યૂટ્)*n.*[L *sto* I stand.] A positive law:લખીત કાયદો 2 કાયદો;કાનુન.

Statutory,(સ્ટૅટ્યૂટૉરિ)*a* Enacted by statute depending on statute for its authority: કાયદા પ્રમાણે થયેલું;કાયદાનું;નિયમ સ્થાપિત.

Stave,(સ્ટેવ્)*n.*One of a number of narrow strips of wood or narrow iron plots:સાંકડી પાતળી લાકડાની અથવા લોઢાની ચીપ 2.A metrical portion;a stanza:કડવું;પદ.3.The staff.જેમાં ગાનના સુર મંડાય છે તે પાંચ લીટીઓ; ગાયનનો કોઠો *vt.*To break a hole in;to burst:-માં ચાર પાડવો.2.To push,as with astaff(with *off*:) દૂર વેગળું કo.

Stay,(સ્ટે)*vt.*To prop;to support:થંભાવવું;ટેકવી રાખવું 2.To withhold:પકડી રાખવું;બંધ રાખવું. 3.To hinder:ખાળવું;રોકવું. 4.To remain for the purpose of;to wait for: ને માટે વાટ-રાહ જોવી;થોભવું; ઉભા રહેવું. 5. To cause to cease; to put an end to:અટકે-બંધ પડે તેમ કo.*vi.*To remain; to stop:અટકવું;ઠરવું: રહેવું.2 To continue in a state:કોઇ અમુક સ્થિતિમાં રહેવું. 3 To wait; to attend:વાટ-રાહ જોવી; ઉભા રહેવું. 4.To dwell:મુકામ-વાસ કo *n.*That which serves as a prop;a support:ટેકો; આધાર:અન્વય.

Stead,(સ્ટેડ્)*n.* Place or spot,in general:જગ્યા-ઠેકાણું.2.Place or room which another had,has,or might have:બીજાની જગ્યા-ઠેકાણું. 3 A frame on which a bed is laid;a bedstead:ખાટલો;પલંગ. *In. s. of,* in place of:-ને ઠેકાણે બદલે *To stand in* s or *to do* s ,to be of use or great advantage:ઉપયોગી-ફાયદાકારક થવું

Steadfast, (સ્ટેડ્-ફૅસ્ટ્) *a.* Firmly fixed; fast fixed;firm:સ્થિર;અચળ;દૃઢ.

Steadfastly,(સ્ટેડ્ફૅસ્ટ્લિ)*adv.*In a steadfast manner;firmly:દૃઢતાથી;આગ્રહથી.

Steadily,(સ્ટેડિલિ)*adv.*In a steady manner: દૃઢતાથી;એક નિશ્ચયથી.

Steady,(સ્ટેડિ)*a* Fixed;firm:સ્થિર;અચળ;દૃઢ 2. Constant in feeling,purpose or pursuit;resolute:દૃઢ;ડગે-હચે નહિ એવું. To support:ટેરવી રાખવું;દૃઢ રાખવું;સ્થિર કo.*vi* To become steady દૃઢ સ્થિર-અચળ થવું

Steal, (સ્ટીલ્) *vt.* To take and carry away, feloniously: ચોરવું; ચોરી કo 2 To gain by insinuating arts or covert means:ચોરવું;હરવું;હરી લેવું *To* s *march*:-ને ધાપ મારવી.*vi.*To practise,or be guilty of theft:ચોરવું;તસ્કરવું.

Stealing-Stealth,(સ્ટીલિન્ગ્ સ્ટેલ્થ્) *n.* The act of stealing;theft: ચોરી કરવી તે; ચોરી. 2. The thing stolen:ચોરાએલી વસ્તુ 3.A secret procedure:ચોરી.

Stealthy,(સ્ટેલ્થિ)*a.*Done by stealth;secret; furtive:ચોરીથી કરેલું;ચોરીનું;છાનું;ગુપ્ત;ગૂઢ.

Steam,(સ્ટીમ્)*n.*Water in the state of vapor બાફ.2. Visible vapor:વરાળ;બાષ્પ.S. *power*, power derived from a steam-engine:વરાળ યંત્રથી ઉત્પન્ન થતી શક્તિ *vi.*To emit steam or vapor:વરાળ બહાર કાઢવી.2 To rise in vapor: વરાળ રૂપે ઉડી જવું. 3. To move or travel by the agency of steam:વરાળની સહાયતાથી ચાલવું.

Steam-boat,(સ્ટીમ્-બૉટ્)*n.* A boat or vessel propelled by steam power:આગ-આગની બોટ.

Steam-engine,(સ્ટીમ્-એન્જીન્)*n.* An engine moved by steam:વરાળયંત્ર;બાષ્પયંત્ર.

Steamer,(સ્ટીમર્) *n.* A vessel propelled by steam:આગબોટ 2. A steam fire engine; વરાળયંત્ર. 3. A road locomotive for use on common roads:રસ્તા ઉપર ફેરવવાનું વરાળયંત્ર.

Steamy,(સ્ટીમિ)*a.* Full of steam; vaporous; misty:વરાળ-બાફ જેવું-નું-વાળું;સબાષ્પ.

Steed,(સ્ટીડ્)*n.*A horse,especially a spirited horse for state or war:ઘોડો; પાણીવાળો ઘોડો.

Steel,(સ્ટીલ્)*n.*A variety of iron: ગજવેલ. 2. An instrument or implement made of steel:પોલાદનું બનાવેલું ઓજાર-હથીયાર શસ્ત્ર (*a*)A weapon as a sword,dagger,&c:તરવાર;કટાર.

Steep,(સ્ટીપ્)*vt.*To soak in a liquid: ઝબોળવું; પલાળવું *vi.*To undergo the process of soaking in a liquid:ઝબોળાવું;ડુબવું;બોળાવું.*n* Something steeped;પલાળેલો પદાર્થ.*a.*Lofty;elevated:ઘણું જ ઉચું-વિકટ *n.* A precipitous place, hill,mountain, etc:ઉભો ચઢાવ-ટેકરો.

Steeple,(સ્ટીપ્લ)*n.*A spire:શૃંગ;શિખર;મિનારો.

Steer,(સ્ટીર્)*n* A young male of the ox kind: વાછડો;ગોધો;ગોદ્દો *vt.* To castrate:ખાસી કo.

Steer,(સ્ટીર્)*vt.* To direct the course of;to govern; to guide:હંકારવું; ચલાવવું *vi* To direct a vessel in its course:વહાણ ચલાવવું. 2. To be directed and governed;to obey the helm:હંકાવું,ચાલવું.3.To conduct one's self: વર્તવું; ચાલવું

Steersman,(સ્ટીર્સ્મૅન્)*n.* One who steers;a helmsman of a vessel:સુકાન ફેરવનાર;સુકાની.

Stellar,(સ્ટેલર્) *a* [L. *stella,* a star] Of or pertaining to stars: તારા સંબંધી-નું-વિષે 2. Full of stars;starry:તારાથી ભરપૂર.

Stem,(સ્ટેમ્) *n.* The main stock; the part which supports the branches,or the head or top:થડ.2.The stock of a family;a race or generation of progenitors:વંશ;થડ; 3.A branch of a family:વંશ;કુટુંબની શાખા *From* s *to stern*:વહાણના એક છેડેથી બીજા છેડા સુધી *vt.* To remove the stems from:-નાં થડ કાઢી-કાપી નાંખવાં2.To stop or check the flow of

as a current:-નીગતિ અટકાવવી. *vi.* To move forward against an obstacle: અડચણ-વિઘ્ન-ખલલની સામે જવું;સામે પાણીએ જવું.

Stench,(સ્ટેન્શ્)*n* A smell;an odor:ગંધ;વાસ. 2.An ill smell,an offensive odor: દુર્ગંધ;બદબો. *vt.* To cause to emit a disagreeable smell:બદબો દુર્ગંધ ફેંકવી કાઢવી;ગંધ-વાસ મારવી.

Stenography,(સ્ટેનોગ્રફિ)*n.*[Gr. *stenos*,narrow & *grapho*,I write.]The art of writing in shorthand;shorthand:લઘુલીપી.

Stentorian,(સ્ટેન્ટોરિઅન્)*a.*[L. *stentoreus.*] Extremely loud:મોટા ઘાંટા અવાજવાળું.

Step,(સ્ટેપ્) *vi.* To move the foot in walking:કદમ-પગલું ભરવું.2 To walk;to go on foot ચાલવું.*To s.aside*,to walk a little distance from the rest:જરાબાજુએ જવું.*To s in or into*,to walk or advance into a place or state: અંદર જવું.*To s short*:ટુંકાં પગલાં ભરવાં. *vt.* To set as the foot:પગ મુકવો;ચાલવું. *To s. off*,to measure by steps or paces: પગલાથી માપવું-ભરવું.*n.*A pace:પગલું;કદમ.2.A rest or one of a set of rest,for the foot in ascending and descending as a stair:પગથિયું.3.The space passed over by one movement of the foot in walking or running:બે પગલાં વચ્ચેનું અંતર;ડગલું.4.A footstep: પગની નીશાની;પગલું.*To take s.s*,to take action:ઇલાજ ઉપાય કરવો.

Step-brother,(સ્ટેપ્-બ્રધર્)*n.*A brother by a marriage of one's father with the mother of another, or of one's mother with the father of another:ઓરમાન-સાવકો ભાઇ.

Step daughter,(સ્ટેપ્ ડૉટર્) *n.* A daughter of one's wife or husband by a former marriage:સ્રીની અથવા ધણીની પહેલાં લગ્નની છોડી.

Step-father,(સ્ટેપ્ફાધર્)*n.* The husband of one's mother by a subsequent marriage: ઓરમાન બાપ,

Step-mother, (સ્ટેપ્મધર્) *n.* The wife of one's father by a subsequent marriage: ઓરમાન-સાવકી મા.

Stepping-stone, (સ્ટેપિન્ગ્સ્ટોન્) *n.* A stone to raise the feet above the surface of water or mud in walking:પગથિયું 2. A means of progress or advancement:પાયરી વૃદ્ધિનું સાધન

Step-son,(સ્ટેપ્સન્) *n.* A son of one's husband or wife by a former marriage: ઓરમાન છોકરો.

Stereoscope(સ્ટેરીઑસ્કોપ્)*n.* [Gr. *stereos*, solid & *skopeo* I view.] An optical instrument:ચીત્રને આબેહુબ જોવાનું એક યંત્ર.

Stereotype,(સ્ટેરીઑટાઈપ્) *n.* [Gr. *stereos*, solid & *tupos*, form.] A plate forming an exact facsimile of a page of type or of an engraving,used in printing books,etc:ચોપડીઓ વિગેરે છાપવાનાં બીબાંનાં પતરાં.*vt.*To make the stereotype plates of: ચોપડીઓ છાપવાના બીબાંનાં પતરાં બનાવવા.

Sterile,(સ્ટેરાઈલ્) *a.* [L *sterilis*, barren.] Barren;unfruitful:ઉજ્જડ; ફળ નહિ આપે એવું. 2.Incapable of reproduction:વાંઝીયું;વંધ્ય.

Sterility,(સ્ટેરિલિટિ) *n.* The quality or condition of being sterile: ઉજ્જડપણું. 2. Infecundity:વાંઝીઆપણું.

Sterling, (સ્ટાર્લિન્ગ્) *n.* An English coin of standard value:ઇંગ્રેજી સીક્કાનું નામ છે *a.* Belonging to, or relating to, the standard British money of account, or the British coinage: ઇંગ્રેજી નાણાંનું-સંબંધી-વિષે.2. Genuine; pure:સિક્કાદ;શુદ્ધ;ખરૂં;ચોખ્ખું.

Stern,(સ્ટર્ન્)*a.*Rigid;rigorous;austere: સખત; આકરો;કરડું.*n.*The helm or tiller of a vessel or boat;a rudder:સુકાન.

Sternum,(સ્ટર્નમ્) *n. pl.* L. **Sterna**, *pl.* E. **Sternums**.The breastbone:છાતીનું હાડકું.

Sternutation,(સ્ટર્ન્યૂટેશન્)*n.*[L.*sternuto*,I sneeze.]The act of sneezing: છીંકવું તે;છીંક.

Stertorous,(સ્ટર્ટોરસ્)*a.*[L.*sterteo*, I snore.] Hoarsely breathing:ઘોરતું;નસકોરાં બોલાવતું.

Stethoscope,(સ્ટેથૉસ્કોપ્)*n.*[Gr. *stethos*, the breast & *skopeo*,I look at.]An instrument for examining the organs of the chest: છાતી તપાસવાની ભુંગળી.

Steven,(સ્ટેવેન્)*n.*Voice;speech:અવાજ; સાદ. 2.A loud call:મોટો ઘાંટો.*To set s.*,to make an appointment:વાયદો કo.

Stew,(સ્ટ્યૂ)*n.* A small pond or pool where fish are kept for the table: ખાણાના ઉપયોગ માટે રાખેલાં માછલાંવાળું તળાવ.*vt.*To boil slowly; to seethe:ધીમે તાપે ઉકાળવું.*vi.*To be seethed or cooked: ધીમે તાપે ઉકળવું. *n* A place of stewing or seething;a hot house:ધીમે તાપે ઉકાળવાની જગા.

Steward, (સ્ટ્યૂઅર્ડ્) *n.* A man employed in a large family to manage the domestic concerns:કારભારી.2.A person employed in a hotel,or a club,or on board a ship:હોટેલ વીશી વિગેરેમાં રસોડા ઉપર દેખરેખ રાખનાર માણસ.

Stewardship, (સ્ટ્યૂઅર્ડ્શિપ્) *n.* The office of a steward:કારભારીપણું;દિવાનપણું.

Stick, (સ્ટિક્) *n.* A rod;a wand;a staff:ડાંગ; સોટી;લાકડી.*To cut one's s. To cut s.*,to run away:નાસી જવું. *vt.* To attach by causing to adhere to the surface:ચોટાડવું; વળગાડવું *vi.* To adhere:ચોટવું.2.To [illegible] ng:ચોંટી-વળગી રહેવું.

Stickle, (સ્ટિક્લ્) *vt.* To separate combatants by intervening: લડનારાઓને વચ્ચે પડીને જુદા પાડવા. 2. To intervene in:વચ્ચે પડીને છેડો-અંત-આખર આણવી.
Stickler, (સ્ટિક્લર્) *n.* One who arbitrates a duel;a second;an umpire:પંચ;મધ્યસ્થ.
Sticky,(સ્ટિકિ)*a* Adhesive,gluey: ચીકણું.
Stiff,(સ્ટિફ્)*a.* [L. *stipes*,a post] Not easily bent;firm:કઠણ;અક્કડ;દૃઢ;ચીકણું.2.Constrained;affected: અક્કડપણાવાળું; 3.Violent:જબર. 4 Obstinate:હઠીલું;જક્કી;દુરાગ્રહી-અતડું.
Stiffen,(સ્ટિફ્ન્)*vt.* To make stiff:કઠણ, અક્કડ-વળે નહિ તેવું ક૦.
Stiff-necked,(સ્ટિફ્-નેક્ડ્)*a.* Stubborn:જક્કી.
Stiffness,(સ્ટિફ્નેસ્)*n.*The quality or state of being stiff:હઠીલાઇ;ઘટ્ટપણું;કઠણતા;દઢતા;કાઠિન્ય.
Stifle,(સ્ટાઇફ્લ્) *vt.* To choke; to suffocate: ગુંગળાવવું;દમ-શ્વાસ બંધ કર: ગુંગળાવી નાંખવું. 2. To stop; to extinguish;to quench: બુઝવવું; હોલવવું.3.To smother,to conceal from public knowledge: છુપાવવું; છાનું રાખવું; સંતાડવું. *vi.*To die by reason of obstruction of the breath:ગુંગળાવાથી શ્વાસ બંધ થવાથી મરી જવું.
Stigma,(સ્ટિગ્મૅ)*n.* A mark made with a burning iron; a brand:ડાહામ. 2.Sign of moral blemish:કલંક. 3.A small spot:છીદ્ર.4.A red speck upon the skin:ચામડીપરનું લાલ ચાઠું;લાખું.
Stigmatize, (સ્ટિગ્મૅટાઇઝ્)*vt.* To make with a stigma or brand: ડાહામ દેવો. 2.To set a mark of disgrace on:કલંક-એબ બટ્ટો,લગાડવો.
Stile, (સ્ટાઇલ્) *n.* A step or set of steps for ascending &descending in passing a fence or wall:વાડ કે કોટ ઉપરથી જવા આવવાનાં પગથિયાં
Stiletto, (સ્ટિલેટ્ટો) *n.* [L. *stius*, a pointed instrument.] A kind of dagger: અણીદાર કટારી.*vi.*To stab or kill with a stiletto:નાની કટારી ભોકવી-ભોકીને મારી નાખવું.
Still,(સ્ટિલ્) *a.* Motionless; at rest; quiet: સ્થિર;શાંત. 2.Quiet;calm;undisturbed: શાંત. 3.Constant;continual:હમેશનું.*adv.*To this time:આ વખત સુધી;હજી.2Always;ever;constantly:હમેશાં.3.In an increasing or additional degree:હજી પણ વધારે.4.Nevertheless તથાપી.5 After that: તે પછી; જે વર્ણવેલું હોય તે પછી. S. *and anon*,continually; ever and anon:વારંવાર.*vt.*To stop as noise:છાનું પાડવું. 2.To appease;to calm:શાંતપાડવું-ક૦
Still-born,(સ્ટિલ્-બૉર્ન્)*a.*Dead at the birth: પેટમાંજ મરણ પામી નીકળેલું;મુવેલુંજન્મેલું.
Stillness, (સ્ટિલ્નેસ્) *a.* Quietness; silence: શાંતપણું;ચુપકી.
Stilt,(સ્ટિલ્ટ)*n.* A crutch: લંગડાની ઘોડી; કાખ-ઘોડી.*vt.*To raise on stilts:ઘોડીપર ઉંચું ક૦.
Stimulant,(સ્ટિમ્યૂલૅન્ટ્)*a.*Serving to stimulate:ઉત્તેજક;પ્રવર્તક-ચેતના-હોંશ-જોમ આણે તેવું.*n.* That which stimulates,provokes or excites ઉત્તેજકવસ્તુ-પદાર્થ.2.A stimulating medicine: ઉદ્દીપકઓસડ-ઉપાય.
Stimulate, (સ્ટિમ્યૂલેટ્) *vt.* [L. *stimulus*, a goad]To excite,as if with a goad; to excite:ઉશ્કેરવું;ઉત્તેજનઆપવું;જાગૃતક૦;ચેતનમાં આણવું.
Stimulation-Stimulus, (સ્ટિમ્યૂલેશન્,સ્ટિમ્યૂલસ્)*n.* The act of stimulating or the state of being stimulated:ઉત્તેજન આપવું તે; ઉત્તેજન.
Sting, (સ્ટિન્ગ્)*n.* Any sharp organ of offence and defence:ડંખ;ડંશ.2 The thrust of a sting into the flesh:ડંખ મારવો તે;ડંશ;ડંખ. *vt.*To pierce or wound with a sting:ડંખમારવો
Stinginess, (સ્ટિન્જિનેસ્)*n.* The quality or state of being stingy:બખીલાઇ;કંજુસપણું.
Stingy,(સ્ટિન્જી)*a.*Stinging:ડંખ મારતું;ડંશતું.*a.* Niggardly;miserly;penurious:કૃપણ;બખીલ.
Stink,(સ્ટિન્ગ્ક્)*vi.*To emit a strong,offensive smell:ગંધ આવવી. *vt.* To cause to stink; to affect by a stink: ગંધ-બદબો આવે તેમ ક૦ *n.* A strong,offensive smell:ગંધ;બદબો; દુર્ગંધ.
Stint,(સ્ટિન્ટ્)*vt.* To bound.હદમાં રાખવું. 2.To put an end to: છેડો-અંત આણવો. *n.* Limit; bound;extent: હદ;મર્યાદા;સંકોચ.
Stipend,(સ્ટાઇપેન્ડ્)*n.* [L *stipis*,a gift] Settled pay or compensation for services:મુસારો; નિમણુંક;પગાર.*vt.* To pay by settled wages: પગાર આપવો.
Stipendiary, (સ્ટાઇપેન્ડિઍરિ) *a.* Receiving wages or salary:પગાર લેતું;પગારી.*n.*One who receives a stipend:પગારથી નોકરી કરનાર.
Stipulate,(સ્ટિપ્યૂલેટ્)*vi.* [L *stipulo*,I stipulate.]To bargain;to contract,to settle terms બોલી-સરત-ઠરાવ-કરાર ક૦.
Stipulation,(સ્ટિપ્યૂલેશન્)*n.* A contracting or bargaining;an agreement:ઠરાવ;કરાર. 2. That which is stipulated or agreed upon કરાર:બોલી;શરત;પટ્ટુણ.3.A material article of an agreement;a bargain:સાટું.
Stir,(સ્ટર્)*vt.*To change the place of in any manner:હલાવવું;ચલાવવું.2.To agitate:હલાવવું; માં ક્ષોભ ઉત્પન્ન ક૦.3.To instigate;to prompt: ઉશ્કેરવું;-ને ઉત્તેજન આપવું.*vi.*To move;to change one's position:હાલવું; ચાલવું; ખસવું.*n.*Agitation;tumult;bustle હાલચાલ;ગડબડાટ;ધામધુમ.
Stirring,(સ્ટરિન્ગ્)*a.* Active;active in business;accustomed to a busy life:ચપળ;ચકોર.
Stirrup,(સ્ટરપ્)*n.* A kind of ring, or bent

piece of metal,wood,leather, or the like: ઘોડાના જીનનું પેંગડું.

Stitch,(સ્ટિચ્)*n.* A single pass of a needle in sewing: ટાંકો;બખીઓ; ઓટણ; શિવણ. 2. A contortion or twist:આમળો;વળ.3.A furrow: ખાંચ;ખોભણ. *vt.* To form stitches in; સાંધા-બખીઆ દેવા-મારવા. 2.To sew, or unite together by stitches:સાંધવું;સીવવું;ઓટવું.

Stock,(સ્ટૉક્)*n.* The stem,or main body of a tree or plant; the trunk:ઝાડ-છોડનું થડ. 2. The stem or branch in which graft is inserted:જે ઉપર કલમ કરવામાં આવેછે તે થડ-ડાળી; થાંભલો.3. (*a*)The original progenitor: પુરૂષ; આદિ પુરૂષ.(*a*)Line;age;family:વંશ;કુટુંબ;કુળ; ઓલાદ. 4.Fund:મુદ્દલ;મૂળધન;ફંડ;સંડોળ; થાપણ; પુંજી.5.Supply provided:ખજાનો; સંડોળ;એકંદર સિલક;મુડી; પુંજી. 6. Domestic animals or beasts collectively:ઘરના ઢોર-પ્રાણીઓ;જીવધન; ઢોરઢાંકર.7.A Stockade: પ્રહાર. 8.*pl.*A frame of timber, with holes in which the feet, or the feet and hands of criminals were formerly confined by way of punishment: હેડ.*Dead* **s.**,the implements of husbandry, and produce stored up for use: ખેતીવાડીના ઓજારો અને ઉપયોગ માટે ભેગી કરીમૂકેલી પેદાશ.**S.** *company*, one incorporated company the capital of which is represented by marketable shares having a certain equal par value: નોંધાવેલી કમ્પની; સ્ટોક કમ્પની. *To take* **s.**, to take account of stock: સિલકની નોંધ-ટીપ કરવી;સિલક તપાસવી.

Stockade,(સ્ટૉકેડ્)*n.* A line of stout posts or timbers set firmly in the earth in contact with each other;to form a barrier or defensive fortification:રક્ષણને માટે કરેલો લક્કડકોટ;સ્તંભાવળી;લક્કડકોટ.*vt.*To surround with a stockade:ફરતો-રક્ષણને માટે લક્કડકોટ બાંધવો.

Stock-blind, (સ્ટૉક્-બ્લાઇન્ડ્) *a.* Blind as a stock;wholly blind:પૂર્ણ-સંપૂર્ણ-તદન આંધળું.

Stock-exchange,(સ્ટૉક્-એક્સચેંન્જ્)*n.*(*a*)The building or place where stocks are bought and sold; stock market:શેરની લેવડ દેવડની જગા-શેર બજાર. (*b*) An association or body of stock brokers:શેરના દલાલોની મંડળી.

Stock-holder, (સ્ટૉક્ હૉલ્ડર્)*n.* One who is a proprietor of stock in the public funds: જેની પાસે શેર કે લોન હોય તે ભાગીદાર.

Stocking,(સ્ટૉકિન્ગ્)*n.*A close fitting covering for the foot and leg:પગનું મોજું.

Stock-jobber, (સ્ટોકજોબર) *n.* One who speculates in stocks for gain:શેરનો સટ્ટો કરનાર.

Stock-still,(સ્ટૉક્-સ્ટિલ્) *a.* Still as a stock, or fixed post:લાકડા જેવો સ્થિર.

Stoic,(સ્ટોઇક્)*n.*[L.*stoicus.*]A disciple of the philosopher Zeno:ઝેનો નામના તત્વજ્ઞાનીનો ચેલો. *a.*Resembling the stoics or their doctrines:વિરાગી;ઉદાસીન;વિરક્ત.

Stoical, (સ્ટૉઇકલ્) *a.* Of or pertaining to stoics:ઝેનોના ચેલાઓ સંબંધી-નું વિષે.

Stoicism(સ્ટૉઇસિઝ્મ્) *n.* The opinions and maxims of the stoics: ઝેનોના ચેલાઓનો મત અને સિદ્ધાંત.

Stole,(સ્ટૉલ્)*Imp.* of **Steal:**ચોર્યું;ચોરી કરી.

Stolen,(સ્ટૉલન્)*p.p.*of**Steal:**ચોરેલું;ચોરી કીધેલું.

Stolidity,(સ્ટૉલિડિટિ)*n.*Dullness of intellect obtuseness;stupidity:બુદ્ધિનું જડપણું;મૂઢપણું.

Stomach,(સ્ટમૅક્)*n.* [Gr.*stoma*, an outlet.] Any cavity in which digestion takes place in an animal; a digestive cavity: હોજરી;પેટ;જઠર;અન્નકોષ;અન્નાશય;ઉદર.

Stomacher(સ્ટમૅકર્)*n.*An ornamental covering for the breast worn generally by women:તનમનિયું;કંઠી.

Stone,(સ્ટૉન્)*n.* Concreted earthy or mineral matter:પથ્થર;શિલા;પહાણો;પાષાણ.2.A precious stone;a gem:માણેક;હીરો;રત્ન.(*a*)A monument to the dead; a gravestone:મરી ગયેલા માણસના સ્મરણાર્થે ઉભો કરેલો પથ્થર;પાળીયો. 3.A calculous concretion, especially in the kidneys or bladder;પથરી.4.The hard endocarp of drupes: ઠળીઓ;ઠળીઓ;ગોટલો. 5. A weight which legally is fourteen pounds: ચૌદ શેરનું વજન. *Philosopher's* **s.**: પારસમણી. *To leave no* **s.** *unturned*,to do every thing that can be done:ચાલે તેટલા ઉપાય કરી જોવા; ઉપાય કરવામાં બાકી ન રાખવી. *vt.* To pelt with stones:પથ્થર મારવા.

Stone-blind,(સ્ટૉન્-બ્લાઇન્ડ્) *a.* As blind as a stone;completely blind:આંધળું;આંધળું ભીંત.

Stone-cutter,(સ્ટૉન્-કટર્)*n.* One whose occupation is to cut stone:સલાટ.

Stone-hearted,(સ્ટૉન્-હાર્ટેડ્)*a.*Cruel; pitiless;unfeeling: નિર્દય;ક્રૂર;ઘાતકી:કઠણ હૈયાનું.

Stony,(સ્ટૉનિ) *a.* Of or pertaining to stone resembling stone:પથ્થરનું-સંબંધી-વિષે-તાજેવું; પાષાણમય. 2.Converting into stone; petrifying:બદલીને પથ્થર બનાવે એવું.

Stook,(સ્ટૂક્)*n.*A small collection of sheaves set up in the field: એકઠી કરીને ઉભી રાખેલી પુડી;નાની ગંજી. *vt.* To set up, as sheaves of grain,in stooks:પૂળીઓ એકઠી કરીને ઉભી રાખવી.

Stool,(સ્ટૂલ્) *n.* A single seat with three or four legs and without a back:પીઠ વગરની ત્રણ ચાર પાયાની બેઠક;બાજઠ.2.(*a*)A seat used

in evacuating the bowels:ફેરે-ઝાડે જવાનો બાજઠ (b)A discharge from the bowels: ઝાડો. Loose s.:રેચ;જુલાબ. Window s.:બારીનો ઉમરો.

Stoop, (સ્ટૂપ્) *n.* To bend or lean forward વાંકા વળવું;નમવું; શરણથવું.2 To descend from rank of dignity;to condescend:પોતાની પદવીથી હલકું કામ ક૦.3.To pounce:ઉપર તૂટી પડવું. 4. To sink from the wing:ઉડતાંઉડતા ઉતરવું. *vt.*To bend to bow down:વાંકા વળવું; નમાવવું. *n.* The act of stooping, inclination forward:નમવું-વાંકા વળવું તે; નમન.

Stop,(સ્ટૉપ્)*vt.*[L.*stuppa*,the coarse part of flax.]To close,as an aperture:પુરવું;બંધ ક૦. 2.To obstruct;to render impassable: બંધ ક૦;રોકવું.3.To hinder:અટકાવવું;જવા ન દેવું;ઉભું રાખવું. 4. To cause to cease; to repress; to suppress;to interrupt;બંધપડે તેમ ક૦;થોભાવવું.5.To point,as a composition;to punctuate: બરોબર ચિન્હો મૂકવાં. *vi.* To cease to go on;to come to a stop: અચકવું;ઉભા રહેવું;રુબુર ક૦.2.To cease from any motion,or course of action:કોઇપણ જાતની ગતિમાંથી અટકવું.3.To stay;to tarry:થોડીવારરહેવું.*To s.over*,to break one's journey:પોતાને જે મુકામે જવાનું હોય તેથી આગલે મુકામે અટકવું. *n.*The act of stopping: અટકાવ; વિરામ; અડચણ; હરકત. 2. A mark of punctuation:વિરામ ચિન્હ.

Stoppage,(સ્ટૉપેજ્)*n.*The act of stopping,or arresting progress or motion;the state of beingstopped:બંધી;રોકાણ;અટકાવપ્રતિબંધ;અવરોધ

Stopper,(સ્ટૉપર્)*n.* One who,or that which stops,closes,shuts or hinders:બંધકરનાર;ઉભું રાખનાર;અટકાવનાર;રોકનાર;દાટો.

Storage,(સ્ટૉરેજ્)*n.* The act of depositing in a store or warehouse for safe keeping: વખારમાં ભરવું-ભરી મૂકવું તે.

Storax.(સ્ટૉરેક્સ્)*n.* [L.*storao.*]Any one of a number of similar complex resins obtained from the bark of several trees and shrubs of the Styrax family:સિલારસ.

Store,(સ્ટૉર્)*n.* A source from which supplies may be drawn:ભંડોળ; સંગ્રહ;ભંડાર;સંધરો.2.A place of deposit for goods;a storehouse:વખાર;ભંડાર;કોઠી. 3.Any place where goods are sold;a shop: દુકાન;હાટ 4 *pl.* Articles(*esp of food.*):ચીજો;પદાર્થો;વસ્તુઓ.*In* s.in a state of accumulation:ભેગું કરી મૂકેલું;પાસે તૈયાર.*To tell no s of,* to make no account of:કશી અગત્યતા નથી એમ ગણવું.*vt.* To collect as a reserved supply: ભરવું;ભરી મૂકવું. 2. To furnish:નો ભવિષ્યને માટે સંઘરો મૂકવો. 3. To deposit in a store:વખારમાં ભરવું.

Store-house,(સ્ટૉર્-હાઉસ્) *n.* A repository; a warehouse:વખાર;કોઠાર;કોઠી;કોષ. 2.A mass or quantity laid up:ભરી મૂકેલો જથો;સંગ્રહ.

Store keeper, (સ્ટૉર્ કીપર્) *n.* A man in charge of stores or goods: કોઠારી; વખારીયો; ભંડારી.

Stork,(સ્ટૉર્ક્)*n.* Any one of several species of large wading birds: શહામૃગ; જળકુકડી.

Storm,(સ્ટૉર્મ્)*n.* A violent disturbance of the atmosphere:તોફાન;વાવંટોળ. 2.A heavy shower or fall;violence:મોટું તોફાન.*vt* (*Mil*) To assault; to attack: ઉપર હલ્લો ક૦. *vi.* To raise a tempest:તોફાન ઉઠાવવું-ક૦.2.To rage; to be in a violent passion:ક્રોધથી ઉંચાનીચાથવું.

Stormy,(સ્ટૉર્મિ)*a.*Subject to storms;boisterous;tempestuous:તોફાનનું; વાવંટોળને વરસાદવાળું.2. Violent;passionate;rough:ધમધમાટવાળું;સખ્ત;ગુસ્સાવાળું.

Story,(સ્ટૉરિ)*n pl.* **Stories**.A division of a house reached by one flight of stairs:મેડો; માળ;મજલો.*n.*A description of past events: ચરિત્ર;આખ્યાન;બયાન;વાત;કથા;કહાણી. 2. A fictitious narrative less elaborate than a novel:જોડી કાઢેલી બનાવટી વાત.*To make a cock & bull* s.:લાંબું લપસંદર ક૦.

Story-teller,(સ્ટૉરિ-ટેલર્) *n.* A narrator of anecdotes:વાત કહેનાર;વહિવંચો.2 An historian:ઇતિહાસકર્તા.

Stout,(સ્ટાઉટ્)*a.* Strong; vigorous; robust: જબરો;મજબૂત;બળવાન;જોરાવર;લઠ.

Stoutness,(સ્ટાઉટ્નેસ્)*n.*The state or quality of being stout:બળ;જોર;હિમ્મત;જોમ;મજબુતી.

Stove,(સ્ટૉવ્)*n.* A hot house: ગરમ ઓરડી. 2. An apparatus,consisting essentially of a receptacle: ચૂલો; સઘડી. *vt.* To keep warm, in a house by artificial heat: આસપાસ દેવતા રાખીને ઓરડો ગરમ રાખવો.

Stow,(સ્ટૉ)*vt.*To place or arrange in a compact mass;to pack:ખડકવું;ગોઠવીને મૂકવું.2.To put away in some place: કોઈ જગ્યાએ મુકી દેવું.3.To arrange anything compactly in: પાસે પાસે ખડકીને ભરવું.

Straddle,(સ્ટ્રેડલ્)*vi.*To part the legs wide: પગ પહોળા રાખવા. *vt.* To place one leg on one side and the other on the other side of:ઉપર ઘોડો પલંગી-પલાણીને ઉભા રહેવું-બેસવું.*n.* The act of standing:પગ પહોળા રાખીને ઉભા રહેવું તે 2.The position,or distance between the feet,of one who straddles: પહોળા રાખેલા પગ વચ્ચેનું છેટું.

Straggle,(સ્ટ્રેગલ્)*vi.*To rove; to stray: ભમવું-રખડવું;હાર તોડવી; આડાઅવળા જવું; છૂટું પડવું.

2 To wander at large:ઘણું ભટકવું.

Straggler, (સ્ટ્રૅગ્લર્) *n.* One who rambles without any settled direction:ભટકનાર;રખડનાર 2.A roving vagabond:ભટકતો માણસ.

Straight,(સ્ટ્રેટ્)*a.*Right in a mathematical sense; direct: સીધું;પાંસરૂં. *A s. face,* one giving no evidence of merriment or other emotion:સુખ-દુઃખ, હર્ષ-શોક કે બીજી કોઈપણ તરેહની લાગણી ન જણાવે એવો ચ્હેરો.*adv* In a straight manner:સીધી રીતે. [સીધું-પાંશરૂં કo.

Straighten, (સ્ટ્રેટ્‌ન્)*vt.*To make straight:

Straight-forward,(સ્ટ્રેટ્ફૉર્‌વર્ડ્)*a.*Not deviating;honest;frank:સીધું;પ્રમાણિક;ઈનસાફી.

Straight-way,(સ્ટ્રેટ્‌વે)*adv.* Immediately; without loss of time;without delay:તરત.

Strain,(સ્ટ્રેન્)*n.*[L *stringo,* I bind tight.] To draw with force:જોરથી તાણવું-ખેંચવું.2.To exert to the utmost;to ply vigorously:થાય તેટલું-ઘણું બળ કo,હોયતેટલું જોર કાઢવું-વાપરવું; લંબાવવું.3.To stretch beyond its proper limit: અર્થનો અનર્થ કo. 4. To injure by drawing: ઘણું બળ-જોર આવવાથી તડકાઈ જવું;(*as muscle, wrist,etc*:મરડાઈ-મોચઇ જાયએવું કo.5 To squeeze,to press closely:સરસું દબાવવું 6.To force: તાણીતુષીને-પરાણે કરાવવું.7. To filter:ગાળવું. *To s. courtesy,* to go beyond what courtesy requires: વિવેક-મર્યાદાનું ઉલ્લંઘન કરીને કંઇ કo. *vi.* To make violent efforts:બને તેટલી મહેનત કo. 2 To be filtered: ગળાવું. *n.* A violent effort: અતિશ્રમ-અતિશય-તાણાતુસ. 2. A complete musical period or sentence:તાન; દીર્ઘસૂર;ઝડ;ઝમક.3.Any strained note;a song: ગાયન;ગીત.4.વંશકુળ.5. સ્વભાવ;પ્રકૃતિ. 6. દરજ્જો; પ્રકાર.7. તરાર;ઢોળ;ઢબ.

Strainer,(સ્ટ્રેનર્)*n.* One who strains:ખેંચનાર.2 A sieve or a filter:ગળણી;ચાળણી.

Strait,(સ્ટ્રેટ્)*n* [L *strictus,*drawn together.] *n. pl.* A narrow pass or passage:સાંકડો માર્ગ-રસ્તો;સંકટ માર્ગ. 2. A narrow passage connecting two large bodies of water: સામુદ્રધુની.3. Distress; difficulty; poverty: દુઃખ;સંકટ;વિપત્તિ;ઘણી સંકડામણ.*vt.* To put to difficulties:સંકટ-દુઃખ-વિપત્તિમાં મૂકવું.

Straiten,(સ્ટ્રેટ્‌ન્)*vt.*To make tense or tight; to tighten:તંગ-સખત કo;સજ્જડ-મજબૂત કo.2. To restrict:દુઃખ-સંકટ-સંકડામણ-મુશીબત-ભીડમાં નાંખવું.

Straitness,(સ્ટ્રેટ્‌નેસ્)*n.*The quality or condition of being strait:અડચણ;સખત તંગપણું.

Strand,(સ્ટ્રૅન્ડ્)*n.* The shore: કિનારો. 2. One of the twists or strings of which a rope is made:દોરડાની એક સેર; આંમળો.*vt.*To drive on a strand;*hence,* to run a ground:જમીન ઉપર ચડાવી દેવું.*vi.*To drift, or be driven on shore:કિનારા-જમિન ઉપર ચડી જવું.

Strange,(સ્ટ્રેન્જ્)*a.*[L *cœtra,*on the outside.] Belonging to another country; foreign: પરદેશનું-સંબંધી.2.Not before known:પહેલાં નહિ જણાયેલું-જોયેલું;અજાણ્યું.3 Novel;odd unusual:વિચિત્ર;ચમત્કારી.4.Backward: ધીમું. *S. woman* a harlot:વેશ્યા.*To make it s.,(a)*to assume ignorance:-ને વિષે અજ્ઞાનતા ધારણ કo. *To make s.,To make one's self s.,(a)*to profess ignorance:અજ્ઞાનતા-આશ્ચર્ય-અજાણ બતાવવો.

Strangely,(સ્ટ્રેન્જ્લિ)*adv.*In a strange manner:wonderfully:અજાયબ જેવી રીત્યે;વિચિત્રરીત્યે.

Stranger,(સ્ટ્રેન્જર્)*n.* (*a*) One who comes from a foreign land;a foreigner:પરદેશી (*b*) One who is unknown or unacquainted: અજાણ્યો-વગર ઓળખાણ-વાળો માણસ;ત્રાહિત.2.A guest; a visitor:પરોણો;અતિથિ.

Strangle.(સ્ટ્રૅન્ગલ્)*vt.* [L *strangulo,*I bind tight.]To choke to death by compressing the throat: ગુંગળાવીને શ્વાસ-રૂંધીને મારી નાંખવું. 2. To stifle; to suppress: બહાર ન આવવા દેવું;દાબી રાખવું *vi.*To be strangled or suffocated:ગુંગળાઇને-શ્વાસ રૂંધાવાથી મરી જવું.

Strangulation, (સ્ટ્રૅન્ગ્યૂલેશન્)*n.*The act of strangling:ગુંગળાવવું-ગુંગળાઇ જવું તે.

Strangury,(સ્ટ્રૅન્ગ્યૂરિ)*n.*[Gr.*stranx,* a drop & *ouron,*urine.] A painful discharge of urine,drop by drop,produced by spasmodic muscular contraction:મૂત્રકૃચ્છ;મૂત્રાવરોધ.

Strap,(સ્ટ્રૅપ્)*n.*A long,narrow,pliable strip of leather:ચામડા,લુગડા વિo નો પટો.2 Something made of such a strip:પટો.ચાપડો.3.A strap:ટાપટીપીયું 4.(*a*)A band, plate:ચાપડો; ચાંપ.*vt.* To beat or chastise with a strap: પટાથી મારવું. 2. To fasten or bind with a strap:પટાથી બાંધવું.[large:કેંચું;જબરૂંદડું;મોટું.

Strapping,(સ્ટ્રૅપિન્ગ્)*a.* Tall; strong; lusty;

Stratagem,(સ્ટ્રૅટૅજેમ્)*n.*[Gr.*stratos,*an army & *ago,*I lead.](*a*)Any artifice or trick in war, for deceiving the enemy: લડાઇનો દાવપેચ-કાવો દાવો.[strata or layers:થર-પડ બઝાડવાં.

Stratify,(સ્ટ્રૅટિફાઇ)*vt.*To form or deposit in

Stratum,(સ્ટ્રેટમ્)*n.*[L.*sterno,*I spread.] A bed of earth or rock of one kind,formed by natural causes:પૃથ્વી અંદરનુંમાટીનું થર-પડ.

Straw,(સ્ટ્રૉ)*vt.* To spread or scatter:પાથરવું; વિખેરવું;વેરવું.*n.*A stalk or stem of certain species of grain: પરાળ; ઘાસ. 2. The least possible thing: તણખલું. *Man of s., (a)* an affigy formed by stuffing the garments fo

a man with straw:પરાળનુંપૂતળું.*To be in the s.*,to be brought to bed:સુવાવડને ખાટલે સૂવું.

Straw-color,(સ્ટ્રૉ-કલર્) *n.* The color of a dry straw:સુંદર પીળચટો રંગ.

Stray,(સ્ટ્રે)*vi.*[L.*strata*, a paved road.] To wander:આડા ભમવું 2. To rove at large: વિખૂટું પડીને છુટું ફરવું 3. To wander from the path of duty:આડે માર્ગે જવું.*vi.* To cause to stray:આડે રસ્તે ભમાવવું.*a.*Strayed; wandering:આડે રસ્તે ગયેલું.

Streak,(સ્ટ્રીક્)*vt.* To stretch; to extend:લંબાવવું;ફેલાવવું.*n.*A stripe:લીટી; લીસોટો.*vi.* To variegate with lines of a different color or of different colors:ઉપર જુદા રંગના લીટા કo.

Streaky, (સ્ટ્રીકિ) *a.* Marked or variegated with stripes:જુદા જુદા રંગના લીસોટાવાળું.

Stream, (સ્ટ્રીમ્) *n.* A current of water or other fluid:વહેળો;વહેળિયું;ધાર;પ્રવાહ.2.A beam or ray of light:તેજનું કિરણ.3 Current;drift: પ્રવાહ; વલણ; ઓટ. *vi.* To issue or flow in a stream:વહેવું;-ની ધારા વેહેવી-ચાલવી;ધાર પડવી. 2.To pour out,or emit,a stream or streams: ભડભડ છુટવું;-નો પ્રવાહ ચાલવો. 3. To issue in a stream of light;to radiate:ચોતરફ વહેવું-નીકળવું.*vt.*To send forth in a current or stream;to pour:-માંથી નીકળવું-નો પ્રવાહ ચાલવો.

Streamer,(સ્ટ્રીમર્)*n.*An ensign,flag or pennance which floats in the wind:વાવટો;નિશાન.

Streamlet,(સ્ટ્રીમ્લેટ્) *n.* A small stream; a rivulet;a rill:ન્હાનો વેહેળો;વેહેળિયું;ઝરો.

Street,(સ્ટ્રીટ્)*n.*[L.*strata*,a paved road.]A public highway;a thoroughfare: માર્ગ;રસ્તો; મોહોલ્લો; શેરી; ફળીયું

Strength, (સ્ટ્રેન્ગ્થ્) *n.* Ability to do or to bear;force;vigor;power:બળ; જોર;કૌવત;શક્તિ; તાકાદ;સામર્થ્ય.2.Power to resist force:જીવ;જોર; કસ;મજબુતી.3.Support:આધાર;આશ્રય.4 Vigor of style; nervous diction: પ્રભાવ; ઓજ. 5. Spirit: ઉત્તમતા. *On or upon, the S. of,* in reliance upon:-ના ઉપર વિશ્વાસ-રાખીને.

Strengthen,(સ્ટ્રેન્ગ્થન્)*vt.* To make strong or stronger:મજબૂત કo;-ને બળ પુષ્ટિ આપવી.*vi.* To grow strong or stronger: મજબૂત-વધારે મજબૂત-જબરૂં થવું.

Strenuous, (સ્ટ્રેન્યૂઅસ્) *a.*[L. *strenuus*, strong.] *Zealous*;ardent;bold:ઉદ્યોગી; ઉદ્યમી.

Stress,(સ્ટ્રેસ્)*n.*[L.*strictus*.] Distress: દુઃખ; સંકટ.2.Pressure:ભાર; દબાણ 2. The force or combination of forces, which produces a strain:જોર;ભાર; બળ. 3. Force of utterance expended upon words or syllables:ભાર;દબાણ. *To lay s. upon*, to attach great importance to:ભાર-વજન મૂકવું.*vi.*To press: મુશીબત-અડચણ;અગવડમાં મૂકવું.

Stretch,(સ્ટ્રેચ્)*vt.*To reach out; to extend: લંબાવવું;લાંબુ કo.2. To draw out to the full length:લાંબુ કo.3.To spread: ફેલાવવું-ખેંચીને-પસારીને લાંબુ કo. 4. To draw or pull out: ખેંચવું;બળ કo-વાપરવું.*vi.* To be extended:લાંબુ થવું;ખેંચાવું; તણાવું.2.To extend or spread one's self or one's limbs: હાથ પગ લાંબા કo. 3.To strain the truth;to exaggerate:વધારીને-તાણી તુષીને મ્હોટું કo.*n.* Reach;effort:પ્રયત્ન;શ્રમ.2.The extent to which anything may be stretched:પ્રસાર.

Strew,(સ્ટ્રૂ)*vi.*[L.*sterno*,I spread.]To scatter;to spread by scattering:ભભરાવવું;પાથરવું; વેરવું.2.To cover,or lie upon,by having been scattered:ઉપર વેરીને ઢાંકી નાંખવું.

Striate Striated,(સ્ટ્રાઇએટ્-સ્ટ્રાઇઍટેડ્)*a.* [L. *stria*,a channel.]Showing narrow structural bands or lines:જુદા જુદા રંગના લીટાવાળું.

Strict,(સ્ટ્રિક્ટ્)*a* [L. *stringo*, I draw tight.] Drawnclose;tight:ઘણુંજ ખેંચેલું.2.Accurate: બરોબર; ચોકસ 3. Severe: આકરૂં. 4. Rigidly interpreted:અક્ષરશઃ

Strictness,(સ્ટ્રિક્ટ્નેસ્)*n* Quality or state of being strict:કઠોરતા;સખ્તિ;ચોકસાઇ;ચોકસપણું.

Stricture,(સ્ટ્રિક્ટ્યૂર્) *n.* [L. *stringo*,I draw tight.] Strictness: સખ્તાઈ; ચોકસાઈ. 2. A glance;a touch:નજર;દૃષ્ટિ;સ્પર્શ.3.A touch of adverse criticism; censure:સખત ટીકા.

Stride, (સ્ટ્રાઇડ્) *vi.* To walk with long steps: મોટી ફલંગો-ડગલાં ભરવાં-ભરીને ચાલવું. 2. To straddle;to bestride: પગ પહોળા કરીને ઉભા રહેવું.*n.*The act of striding;a long step: ફલંગ;મોટું ડગલું.

Strife, (સ્ટ્રાઇફ્) *n.* The act of striving; earnest endeavour:પ્રયાસ;પ્રયત્ન.2.Altercation: લઢાઈ;ઝગડો;તકરાર;કજીયો.3.સ્પર્ધા;હરિફાઈ.

Strike,(સ્ટ્રાઈક્)*vt.*[L.*stringo*,I touch lightly] To hit with some force; to smite: મારવું; લગાવવું;ઘા કo.2. To come in collision with: -ની સામે અથડાવું. 3. To give as a blow; to cast:ઘા મારવો-કo. 4. To stamp or impress with a stroke:છાપવું;પાડવું;બીબાની છાપ મારવી. 5.To punish; to afflict:સજા કo;મારવું.6. To lower; to let or take down: નીચે ઉતારવું-પાડવું.*To s. a ledger or an account*,to balance it:બાકી કાઢી હિસાબ નક્કી કo.*To s. hands with*: -ની સાથે હાથ સલામી કo.*To s. off*,(*a*)to erase from an account;to deduct:કાઢી નાંખવું; છેકી નાંખવું.*To s. on luck*, to shake hands with one & wish him good luck: -ની સાથે હાથ

મેલાવી તેની ફતેહમંદી ઇચ્છવી;ભાગ્યશાળી નિવડો એમ કહેવું.*To strike out*,(*a*)to produce by collision; to force out:ઠોકીને સામા અથડાવીને કાઢવું;પાડવું.*To* s.*up*,(*a*)to cause to sound:વગાડવું-વગાડવા માંડવું.(*b*)To begin to sing of play: ગાવા-વગાડવા માંડવું.*To* s *work*,to quit work; to go on a strike:કામ છોડી દેવું;હડતાળ પાડવી; અણુંજો પાળવો. *vi*. To give blows: ઝપાટો-ઘા મારવો;લગાવવું;ફટકાવવું.2.To collide; to clash: વાગવું;પછડાવું;અથડાવું.3.To be struck;to sound: વાગવું; નો અવાજ-સાદ થવો. 4. To lower, as a flag: નિશાન-વાવટો નિચો ઉતારવો. 5. To quit work in order to impel an increase, or prevent a reduction of wages:હડતાળ પાડવી;બંધી કo.*To* s.*at*,to aim a blow at:-ના ઉપર ઘા તાકવો;-પર નિશાન તાકવું-માંડવું. *To* s.*up*, to commence to play:ગાવા-વગાડવા માંડવું.*n*. The act of quitting work;an act by a body of workmen done as a means of enforcing compliance with demands made on their employer:કારીગરોની હડતાલ-બંધી.

Striking,(સ્ટ્રાઇકિંગ્)*a*.Surprising;forcible; impressive:અચંબો પમાડે એવું;અસરકારક;આબેહુબ.

String,(સ્ટ્રિંગ્)*n*.[L.*stringo*,I draw tight.] A cord,larger than a rope: દોરો; દોરી; રશી. (*a*) A thread or cord on which a number of objects or parts are strung or arranged:દોરો.3 A strip,as of leather:ચામડાની પટીપટો;બંધ.4.(*a*)The cord of a musical instrument:વાજીંત્રનો તાર;તાંત.5.The line or cord of a bow:કામઠાની દોરી;પણુછ. 6.Any concatenation:સંકળના;માળા;હાર;લાહાર.*vt*.To furnish with strings: તારવાળું કo;-ને તાર બાંધવા ચડાવવા.2.To put on a string; to file:પરોવવું.

Stringed, (સ્ટ્રિંગ્ડ્) *a*. Having strings: તંતુ યુક્ત;તાર વિશિષ્ટ;તારવાળું(વાજીંત્ર).

Stringy, (સ્ટ્રિંગિ) *a*. Fibrous; filamentous: તંતુમય;સૂત્રમય;રેસાવાળું.

Strip,(સ્ટ્રિપ્)*vt*. To deprive of:છીનવી-ખુંચાવી લેવું. 2. To divest of clothing; to uncover: નગ્ન-નાગું કo. 3. To deprive of all milk; to milk dry:-નું બધું દુધ કાઢી દોહી લેવું.4.To tear off the thread from a bolt or nut: ઇસ્કુનો પેચ ઉતારી લેવો.*vi*. To undress: નગ્ન-નાગું કo. *n*.A narrow piece, or one comparatively long:ટકડો;ચીંદરડી;પટો;પટી.

Stripe, (સ્ટ્રાઇપ્) *n*. A line,or long narrow division of anything of a different color or structure from the ground:જમીનથી જુદા રંગ-આકારનો પટો.2. A pattern produced by arranging the warp threads in sets of alternating colors:આડાપટાદાર નમુનો.*vt*.To variegate with stripes:જુદા જુદા રંગના થીંગડાં ચોડવાં.

Striped, (સ્ટ્રાઇપ્ડ્)*a*. Having stripes of different colors:પટાપટી-ચપટા પટાવાળું.

Stripling, (સ્ટ્રિપ્લિંગ્) *n*. A youth in the state of a dolescence;a lad:છોકરો;બાળક.

Stripping, (સ્ટ્રિપિંગ્) *n*. The act of one who strips:ખુંચવી-ઉતારી લેવું તે.

Strive, (સ્ટ્રાઇવ્)*vi*. To make efforts:યત્ન-કોશીશ કo;જોર મારવું.2 To struggle in opposition:મારવું;લડવું.3.To vie:હરીફાઈ કo.

Stroke,(સ્ટ્રોક્)*n*.A blow;a hit;a knock:ઝપાટો;ઘા;ઠોક;ફટકો.2. The striking of the clock to tell the hour:ઘડીયાળનો રણકો-અવાજ-ટકોરો. 3.A mark or dash in writing or printing; a line:છેકો; ચેરો; લીટો. 4. A sudden attack of disease; a fatal attack:ઝપાટો; સપાટો. 5. A touch: હાથ; હથોટી; હાથ કસબ. *vt*. To rub gently in one direction; to caress:પંપાળવું;હાથ ફેરવવો.

Stroll,(સ્ટ્રોલ્)*vi*.To wander on foot;to ramble idly or leisurely:રઝળવું.*n* A wandering on foot;a ramble:સહેલ;રખડપટ્ટી.

Strong, (સ્ટ્રોંગ્) *a*. Having the power of exerting great bodily force:જબરૂં; બળવંત; મજબૂત;બળવાળું;જોરાવર.2.Powerful: શક્તિવાન; બલિષ્ઠ.3. Full of spirit; intoxicating: ઘણા કેફવાળું; માદક. 4. Affecting any sense powerfully:કોઈપણ ઇંદ્રીને ઘણું અસર કરતું 5. Vigorous:બળવાન;અસરકારક;પ્રચંડ; ઉગ્ર;ભારે.

Strong-hold, (સ્ટ્રોંગ્-હૉલ્ડ્)*n*. A fastness; a fortified place;a place of security:ગઢ;કિલ્લો.

Strongly,(સ્ટ્રોંગ્લિ)*adv*.In a strong manner; powerfully;firmly.બળ-મજબૂતીથી.

Strop,(સ્ટ્રૉપ્)*n*.A strap:ટપટપી; ટાપટીપિયું. *vt*. To draw over,or rub upon,a strop sharper: ટાપટીપિયા ઉપર ઘસીને ધાર ચડાવવી.

Structure, (સ્ટ્રક્ટ્યૂર્)*n*. Manner of organization:રચના;નિર્માણ;વિધાન.2 That which is built;a building:ઇમારત;ઇમલો;મકાન;મંદિર;ભવન.

Struggle,(સ્ટ્રગલ્)*vi* To strive: તરફડીઆં મારવાં. 2. To use great efforts: અતિશય પ્રયત્ન કo;ફાંફાં મારવાં.3.To labor in pain or anguish; to be in agony:તરફડવું. *n*.A violent effort: તરફડાટ;તરફડીઆ.2. Great labour:માથાકુટ. 3. Contest:લડાઇ;કજીઓ.

Struggler,(સ્ટ્રગ્લર્)*n*.One who struggles:તરફડીઆં મારનાર;કજીઓ-લડાઈ કરનાર.

Strumpet,(સ્ટ્રમ્પેટ્)*n*.[L. *stuprum*, debauchery.]A prostitute;a harlot:કિસબણ;રંડી;વેશ્યા;પાતર;રંડા.*vt*.To debauch:જારકર્મ કo.

Strut,(સ્ટ્રટ્)*vi*.To walk with a lofty,proud gait,and erect head:ઠમકાથી ચાલવું;નખરાં કo.

n. A pompous step or walk:ઠમકો.

Strychnine, (સ્ટ્રિક્નાઇન્)*n.* A very poisonous alkaloid resembling brucine: ઝેરકચોલુ.

Stub, (સ્ટબ્)*n* The stump of tree: ઝાડનું મુળશેડું-થડ.2.A log;a block:લાકડાનો કકડો.3.The part of a leaf left in a check book,after a check is torn out:અડધિયું;હુંડી ફાડી લીધાપછી રહેલો ભાગ 4.A pen with a short,blunt nib: ટુંકી બુઠ્ઠી જીભવાળી કલમ *vt.* To extirpate:;નાં મુળ ઉખેડી નાંખવાં.

Stubborn,(સ્ટબ્બૉર્ન)*a.* Stiff;unbending;unyielding:અક્કડ;હઠીલું;જીદ્દી;જક્કી.

Stubbornness,(સ્ટબ્બૉર્નનેસ્)*n.*The state of being stubborn:હઠ;મમત;આગ્રહ; જીદ;હટ.

Stubby, (સ્ટબિ) *a.* Abounding with stubs: ઠુઠાં રાડાં-કચ્છવાળું. 2. Short and strong:ટુંકું ને મજબૂત.

Stucco,(સ્ટકો) *n.* Plaster of any kind used as a coating for walls: ઝીણો સાગોળ; ચુનાનો ગીલાવો 2.Work made of stucco:ઝીણા સાગોળથી કરેલું કામ-નકશી.*vt.*To overlay or decorate with stucco:ઝીણા સાગોળનો લેપ ક૦.

Stuck-up,(સ્ટક્ અપ્) *a.* Self-important and supercilious;arrogant:અહંકારી; અભિમાની.

Stud,(સ્ટડ્)*n.*A collection of breeding horses and mares or the place where they are kept:ઘોડા અને ઘોડીઓ અથવા તેમને રાખવાની જગ્યા; અશ્વશાલા. *vt.* To adorn with shining studs or knobs:શોભીતા ફોભાવાળા ખીલાથી શણગારવું-દીપાવવું.

Student,(સ્ટ્યૂડેન્ટ્)*n.*[L *studeo,*I study.] A person engaged in study;a learner;a pupil;a scholar:શિખનાર;ભણનાર;અભ્યાસી;વિદ્યાર્થી;શિષ્ય.

Studied,(સ્ટડિડ્)*a.* Closely examined:તૈયાર, અભ્યાસિત; પૂર્વ પઠિત. 2. Well versed in any branch of learning;learned:નિપુણ;કુશળ;પ્રવિણ.

Studio (સ્ટયૂડિઓ)*n.pl.***Studios,** The working ram of an artist:ચીતારી કારીગરની દુકાન.

Studious, (સ્ટયૂડિઅસ) *a.* Given to study: ઉદ્યોગી;વિદ્યા વ્યસની 2.Contemplative:વિચારવંત.3.Attentive:ઉદ્યોગી;ખંતીલું;તત્પર.

Study,(સ્ટડિ)*n* [L.*studeo,*I study.] Application of mind to books,arts or science; વિદ્યાભ્યાસ;અભ્યાસ;અધ્યયન. 2. Any particular branch of learning that is studied:અધ્યયન; અભ્યાસ 3.An apartment devoted to study or to literary work:અભ્યાસ કરવાની ઓરડી.*vi.* To muse;to ponder: મનન-વિચાર ક૦. 2. To apply the mind to books or learning:ભણવું શીખવું *vt.*To apply the mind to:શિખવું;ભણવું

Stuff,(સ્ટફ્)*n.*Material which is to be worked up in any process of manufacture:કાચોમાલ;વસ્તુ.2.Woven material not made into garments;fabric of any kind:લુગડું;કાપડ.3. Furniture; goods: સરસામાન. 4. Refuse or worthless matter: કચરો; કુચા. To fill by crowding something into:ઠાંસીને-દાબીને ભરવું. 2.To press:દાબવું;ભરવું 3.To fill the skin of, for the purpose of preserving as a specimen:-ના નાળીયા-ચામડીમાં મસાલો ભરવો 4. To crowd with facts; to cram the mind of: મન-મગજ ખીચોખીચ ભરી દેવું.

Stuffing,(સ્ટફિંગ્)*n.* That which is used for filling anything:(માંહે)ભરવાનીવસ્તુ;પુરણ;ભરણ.

Stultify,(સ્ટલ્ટિફાઇ) *vt.* [L.*stultus,* foolish & *facio,*I make.]To make foolish;to make a fool of:-ને બેવકુફ બનાવવો;બેવકુફ જણાય તેમ ક૦.

Stumble, (સ્ટમ્બલ્) *vi.* To trip in walking or in moving in any way with the legs:ઠોકર-ઠેસ ખાવી-લથડવું.2.To walk in an unsteady or clumsy manner:લથડતા ચાલવું;ડોલતાં ડોલતા ચાલવું.*vt.*To cause to stumble or trip:લથડાવવું;ગોથું-ઠોકર ખવડાવવી.*n.*A trip in walking or running:ઠોકર;ઠેસ;ગોથું;છક્કડ;અડબડિયું.

Stumbling-block-stone, (સ્ટમ્બલિંગ્-બ્લૉક્-સ્ટોન્)*n.*Any cause of stumbling,perplexity or error:ગોથું ખવડાવનાર-ખાવાનું કારણ.

Stump, (સ્ટમ્પ) *n.* The stub: ઝાડનું રહેલું થડ; કરચો-ઠુંઠું.2.*pl.* The legs:પગ;પાય. 3.One of the three pointed rods stuck in the ground to form a wicket and support the bails: ક્રિકેટની રમતમાં જમીનમાં ઘાલેલી લાકડી;સળીઓ.*vt.*To cut off the part of: ઠુંઠું ક૦. *To s.it.(a)*to go afoot;hence,to run away; to escape.નાશી જવું.*vi.* To walk clumsily;as if on stumps:ધબધબ ઠીંડવું-ચાલવું.

Stumpy,(સ્ટમ્પિ)*a.*Hard;strong: કઠણ;મજબૂત; જબરૂં.2.Short and thick:ટુંકું અને જાડું;ધીંગું.

Stun,(સ્ટન્) *vt.* [Skr. *stan* to thunder.] To make senseless or dizzy by violence:બેભાન અચેત-બેશુદ્ધ ક૦;-ને બ્હેરૂં ઠુંઠ બનાવી દેવું. 2. To overpower one's sense of hearing: બ્હેરૂં ક૦;કાનના પડદા ફોડી નાંખવા. [મારેલો હું.

Stung,(સ્ટન્ગ્)*Imp.&p p.* of *sting*:ડંખ માર્યો.

Stunt,(સ્ટન્ટ્)*vt.*To hinder from growing to the natural size: મ્હોટું થવા ન દેવું;વૃદ્ધિ પામતાં અટકાવવું.*n.*A check in growth:હીમાઈ ઠીંગરાઇ ગયેલું પ્રાણી.

Stunted,(સ્ટન્ટેડ્)*a.* Dwarfed: ઠીંગરાઇ ગયેલું; ઠીંગણું;પુરેપુરૂં નહિ વધેલું; હિમાઇ ગયેલું.

Stupefaction, (સ્ટયૂપીફૅકશન્)*n.* The act of stupefying or the state of being stupefied બેભાની;બેશુદ્ધ;જડતા;જડત્વ;મોહ;બેસાવધપણું.

Stupefy,(સ્ટયૂપિફાઇ)*vt* [L.*stupeo,* I am stu-

pefied and *facio*, I make.] To make stupid: બેભાન ક૦;બેહોશ ક૦; બહાવરૂ ક૦.2. To deprive of material mobility:અચેતન ક૦.

Stupendous, (સ્ટયૂપેન્ડસ)*a* [L.*stupeo*, I am astonished at.] Astonishing; wonderful. amazing:અજાયબ જેવું;અચંબો પમાડે એવુંઅતિશય મોટું:અદ્ભુત;આશ્ચર્ય કારક;વિસ્મયકારક-જનક;અજબ

Stupid,(સ્ટયૂપિડ્) *a.* Very dull; insensible; senseless;heavy;sluggish:મૂર્ખ;બેવકુફ;જડ.

Stupidity,(સ્ટયૂપિડિટિ)*n.*Insensibility;sluggishness:નાદાની;જડપણું;મંદબુદ્ધિવાળું;જડબુદ્ધિ.

Stupor,(સ્ટયૂપૅાર્)*n.*[L. *stupeo*, I am struck senseless.] Suppression of sense or feeling;lethargy:બેહોશી;બેશુદ્ધિ;બેસાવધપણું.

Sturdy,(સ્ટર્ડિ)*a.* Foolishly obstinate or resolute;unfeeling;stern:હઠીલો; જક્કી. 2. Resolute(in a good sense):પ્રબળ;દૃઢ; જબરૂં. 3. Strong:મજબૂત.4.Stiff;stout:લઠ;જબરૂં.

Stutter,(સ્ટટ્ટર્)*vt.*& *i.*[L *tundo*,I thrust.]To stammer: તોતડું બોલવું. *n.* The act of stuttering:જીભ અટકવી તે.2.A stammerer:તોતડો.

Sty,(સ્ટાઇ) *n.* A pen or inclosure for swine: ડુક્કરોને રાખવાનો વાડો;ડુક્કરખાનું.*vt.*To shut up as in a sty:વાડામાં (ડુક્કરને) પુરવું-ગોંધવું.*vi.*[L. *vestium*,footstep.] To soar;to ascend:ઉચે-ઉપર ચઢવું.*n.*An inflamed swelling or boil, on the edge of the eyelid:આંજણી.

Stygian,(સ્ટિજીઅન્) *a.* Of or pertaining to the river Styx:નરકમાંની વૈતરણી નદીનું-સંબંધી.

Style,(સ્ટાઇલ્) *n.* [L. *stilus*, a style.] Mode of expressing thought in language,whether oral or written;choice or arrangement of words in discourse; rhetorical expression: ઈબારત; બોલવાનીઅથવા લખવાની ધાટી-ઢબ; શૈલી;છટા.2.Mode 'of presentation: ગાવા-કવિતાની સરણી; ધાટી; ઢબ. 3. Fashion; manner which is deemed elegant:ચાલ;રીત;વાટી;ઢબ. 4.The title;mode of address:ખિતાબ; નામ; સંજ્ઞા;ખ્યાતિ.*vt.*To denominate:નું નામ પાડવું તરીકે વાંચવું-ગણવું-કહેવું.

Styptic,(સ્ટિપ્ટિક્)*a.*[Gr.*stupho*,I contract.] Producing contraction;astringent:લોહી વહેતું બંધ કરે એવું.*n.*A styptic medicine:લોહી બંધ કરનાર ઔષધ.

Styx,(સ્ટાઇક્સ)*n* The principal river of the lower world:વૈતરણી;પ્રેતનદી.

Suability,(સ્યૂઍબિલિટિ)*n.* (*Law.*) The state of being subject by law to civil process: દાવો થઈ શકે એવી જોખમદારી. [પાટ.

Suant,(સ્યૂઍન્ટ્)*a.*Uniform;even:એકસરખું;સ-

Suasion,(સ્વેઝન્)*n.*[L.*suadio*,I advise.]The act of persuading;persuasion:સમજુતી;ખાતરી

Suasive,(સ્વૅસિવ્)*a.*Having power to persuade;persuasive:સમજાવે-મનને અસર કરે એવું.

Suavity,(સ્વૅવિટિ)*n.*[L.*suavitus.*]Sweetness to the taste:સ્વાદિષ્ટપણું;મિઠાશ;મધુરતા.

Sub·acid,(સબ્ઍસિડ્)*a.*[L *subacidus.*]Moderately acid or sour:સમધારણ ખાટું;ખટમિઠું.

Sub·agency,(સબ્એજેન્સિ)*n.* A subordinate agency:હાથ નિચેનો કારભાર-આડત;પડઆડત.

Subah,(સુબં)*n.*A province:પ્રાંત;પરગણું.*Also*,a subhader:સુબેદાર;સુબો.A Governor: ગવર્નર.

Subaltern,(સુબોલ્ટર્ન્)*a.*[L.*sub*,under & *alter* the one or the other of two.] Subordinate; inferior:હાથ નિચેનું. *n.* A person holding a subordinate position: હાથ નિચેનો અમલદાર.

Sub·committee, (સબ્-કમિટિ) An under committee:પેટા મંડળી;ઉપસભા; સબકમિટિ.

Subdivide,(સબ્ડિવાઈડ્)*vt.*[L *sub* & *divido*, I divide.]To part into smaller divisions: ભાગના ભાગ ક૦;પેટાભાગ-વિભાગ-ન્હાના ભાગ ક૦.*vi.* To be or become subdivided:-ના વિભાગ થવા.

Subdivision, (સબ્ડિવિઝન્) *n.* The act of subdividing: વિભાગ ક૦ તે. 2. A part of a thing made by subdividing: ભાગનો ભાગ.

Subdue,(સબ્ડયૂ)*vt.*[L.*sub*, under & *duco*,I lead.] To bring under; to reduce under dominion;to vanquish:જીતવું;પરાજય કરવો.2. To render submissive; to bring under command:તાબે રહેતાં શિખવવું.3.To overcome as by persuasion:જીતી લેવું;મન ફેરવવું.

Subjacent,(સબ્જેસેન્ટ્) *a.* [L. *sub*,under & *jaceo*,I throw.]Lying under or below:નિચે-તળે પડેલું-આવેલું;તળેનું;હેઠળનું.

Subject,(સબ્જેક્ટ્)*a.* [L.*sub*,under & *jaceo*, I throw.] Placed under the power of another:-ને તાબે હોય એવું;તાબાનું.2. Exposed: માંડ્યું ઉપર પડે-થઇ શકે એવું.3.Obedient:-તાબાનું;-નું કહ્યું માને એવું. *n.* That which is placed under the authority:બીજાના તાબા-હુકમ-સત્તા નીચે રહેલો પદાર્થ.2.One who is under the authority of a ruler:પ્રજા;રૈયત 3.That which is subjected to any physical operation or process:અધિષ્ઠાન; પાત્ર;ભાજન. 4. That which is brought under thought or examination: વિષય;બાબત.5.The hero of a piece;the chief character:પુરૂષ;પ્રધાન પુરૂષ;નાયક.6.The theme of a proposition or discourse:વિષય.7.Substance:પદાર્થ 8.The principal theme,or leading thought or phrase,on which a composition or a movement is based:બીજ;વસ્તુ. *vt.*To make subject:તાબે ક૦.2. To expose: પાત્ર ક૦.3.To make subservient:તાબે-નમ્ર ક૦.

Subjection,(સબ્જેક્શન્) *n.* The act of subj-

jecting or subduing:તાબે કo તે.2.The state of being subject,or under the power,control,etc.,of another: અધીનતા; પરતંત્રતા; હુકમના બરદારી;તાબેદારી.

Subjective,(સબ્જેક્ટિવ્)*a.*Of or pertaining to a subject:બાબત-વિષય સંબંધી.2 Relating to the mind:માનસિક.

Subjoin,(સબ્જૉઇન્)*vt.*[L *sub* & *jungo*,I join.] To annex;to append:વધારવું;જોડવું;સાંધવું.

Subjugate,(સબ્જ્યૂગેટ્)*vt.*[L.*sub* & *jugum*,a yoke.] To subdue and bring under the yoke of power or dominion:હરાવીને વશ કo.

Subjugation,(સબ્જ્યૂગેશન્)*n.*The act of subjugating or the state of being subjugated: તાબે-વશ કo-શર કo-થવું તે;દમ;જય;પરાભવ;નિયમ.

Subjunctive,(સબ્જન્ક્ટિવ)*a.* Subjoined or added to something beforesaid or written:સંકેતરૂપ. S.*mood*:સંકેતવાચક-અર્થ;સંશયાર્થ.

Sublet,(સબ્લેટ્)*vt* To underlet;to lease:આડ ભાડે આપવું;પેટાભાડે આપવું.

Sublimate,(સબ્લિમેટ્)*vt.*[L *sublimis*,high.] To bring by heat in the state of vapour: (પાછું ઠારવા)વરાળના રૂપમાં આણવું.2.To heighten:ઉંચી પદવીએ પહોંચાડવું.*n.*A product obtained by sublimation:વરાળના રૂપમાં આણીને પાછી ઠારેલી ચીજ;રસકપૂર.

Sublime,(સબ્લાઇમ્)*a.* Lifted up;lofty:ઉંચું; ઘણું ઉંચું;ઉન્નત.2.Distinguished by lofty or noble traits; eminent:પ્રખ્યાત; નામાંકિત. 3. Dignified:ઉમદા;ઉત્કૃષ્ટ.4.Elevated by joy:ઘણું હરખાએલું.*vt.*To raise on high:ઉંચે-ઉંચું ચઢાવવું. *vi.*To pass off in vapour,with immediate condensation:વરાળરૂપે ઉડી જતાં જતાં ઠરી જવું.

Sublimity, (સબ્લિમિટિ) *n.* The quality or state of being sublime: ઉંચાપણું;ઉન્નતવૃત્તિ; પ્રૌઢતા.S.*of meaning*:અર્થગૌરવ.2.That which is sublime:પ્રૌઢ-ઉન્નત-પદાર્થ-વસ્તુ.

Sublunary,(સબ્લ્યૂનરિ) *a.*Situated beneath the moon:earthly:પૃથ્વી ઉપરનું;સાંસારિક.

Submarine, (સબમેરીન્)*a.* Being, acting or growing,under water in the sea:સમુદ્ર તળેનું તળે ઉગેલું;સમુદ્રતલસ્થ.

Submerge,(સબ્મર્જ્)*vt.* [L. *sub* & *mergeo*, I plunge.]To put under water:બોળવું;ઝબોળવું. *vi.* To plunge into water or other fluid: ડુબી-બુડી જવું.

Submersion, (સબ્મર્શન) *n.* The act of plunging under water;મજ્જન;નિમજ્જન.

Submission,(સબ્મિશન્)*n.*The act of submitting;obedience:આધિનતા;આજ્ઞાપાલન;આજ્ઞાસેવન.

Submissive, (સબ્મિસિવ્)*a.* Yielding; obedient:આધીન;આજ્ઞાધીન;તાબેદાર;આજ્ઞાંકિત.

Submissively,(સબ્મિસિવ્લિ)*adv.*Obediently humbly:તાબેદારી-આધીનતાથી;દીનતા,નમ્રતાપૂર્વક.

Submit,(સબ્મિટ્)*vt.* [L.*sub*&*mitto*,I send.] To yield to power, will or authority (with the reflexive pronoun):ને વશ રહેવું;-ની આજ્ઞામાં રહેવું.2. To leave or commit to the discretion or judgment of another or others; to refer: આગાડી ધરવું;-ને સોંપવું;નિર્ણય માટે મુકવું;નમ્રતાથી કહેવું.*vi.* To give up resistance;to surrender:શરણ તાબે થવું-ડેવું.2. To be subject;to acquiesce:બીજાના આગળ નમવું; બીજાનું કહ્યુ માથે ચઢાવવું-માનવું;-ના તાબામાં રહેવું.3. To be submissive or resigned; to yield without murmuring:બબડયા વિના તાબે થવું.

Submultiple,(સબ્મલ્ટિપલ્)*n.*A number or quantity which is contained in another an exact number of times, or is an aliquot part of it:હદભાજક;નિઃશેષભાજક.

Subordinate,(સબૉર્ડિનેટ્)*a* [L *sub*&*ordino*, I arrange.] Holding a lower or inferior position:ઉતરતા દરજ્જાનું.2.Inferior in order, power:હલકું;ઉતરતું;ગૌણ;અપ્રધાન. *n.* One who stands in order or rank below another: ઉતરતા દરજ્જાનો-તાબેદાર માણસ.

Subordination,(સબૉર્ડિનેશન્)*n.*Inferiority of rank or dignity;subjection:તાબેદારી;હલકી સ્થિતિ 2.Place of inferior rank:નિચલા દરજ્જાની જગા; તાબાની પદવી.

Subpoena,(સબ્પીનૅ)*n*[L.*sub*,&*poena*,punishment.]A writ commanding the attendance in court,as a witness,of the person on whom it is served,under a penalty:સમન;કોરટનુંતેડું; સાક્ષીસમન. *vt.*To serve with a writ of subpoena;સમન પહોંચાડવો;સાક્ષીસમન કરી બોલાવવો.

Subscribe,(સબ્સ્ક્રાઇબ્)*vt.*[L. *sub*,&*scribo*,I write.]To write underneath;to sign one's name: નીચે લખવું;ઉપરપોતાની સહી કo.2.To sign with one's own hand:મતુ કo.3.To promise to give by writing one's name with the amount:(ટીપમાં)ભરવું-મુકવું.*vt.*To sign one's name to a letter or other document:સહી-મતુ કo.2.To enter one's name for a newspaper book, etc:ના ઘરાક થવું;પ્રથમી ગ્રાહકથવું.

Subscriber, (સબ્સ્ક્રાઇબર્) *n* One who subscribes:કબુલ કરનાર-રાખનાર;સહી કરનાર.2.One who enters his name for a paper,book,etc: ઘરાકમાં નામ ઘલાવનાર;અગાઉનો ગ્રાહક;વર્ગણીદાર.

Subscription, (સબ્સ્ક્રિપ્શન્) *n.* The act of subscribing: નીચે લખવું;-સહી કરવી તે; કબુલત; મંજુરી. (*a*) A paper to which a signature attached to a paper:સહી કરેલો કાગળ.(*b*)The signature attached to a paper: સહી; મતુ.

(c) The sum subscribed: રકમ;ટીપ;ફાળો.
Subsequent,(સબ્સીક્વેન્ટ્)*a.*[L.*sub* &*sequor* I follow.] Following in time: પાછળનું. 2. Following in order of place; succeeding: પછીનું;પાછળથી થએલું.
Subservient,(સબ્સર્વિએન્ટ્)*a.* Useful in an inferior capacity:ઉપયોગી;મદદગાર;સાધનભૂત.
Subside,(સબ્સાઇડ્)*vt* [L.*sub* & *sideo*,I sit.] To sink or fall to the bottom: તળીએ-નીચે બેસવું.2. To be calmed; to abate: શાંત નરમ પડવું;ધીમું પડવું;ઉતરી જવું.
Subsidiary,(સબ્સિડિઅરિ)*a.* Assisting;auxiliary;helping;tributary:સહાયકારી;મદદ કરનાર. 2.Of or pertaining to a subsidy: વધારાનું; પૂર્વણી *n.*An assistant: સહાય-મદદ કરનાર.
Subsidy, (સબ્સિડિ) *n.* [L. *subsideo*,I lie in want.] Support; aid:મદદ; ટેકો; સહાય. 2. A sum of money paid by one sovereign to another to purchase the co-operation:કોઇ રાજાએ બીજાને નાણારૂપે આપેલી મદદ.
Subsist,(સબ્સિસ્ટ્)*vt.*[L.*sub* & *sisto*,I stand.] To be supported;to live:-નું ખોરાક અને કપડાથી ભરણ પોષણ કરવું;ગુજરાન કo. *vt.* To feed; to maintain:ખવરાવવું;સંભાળવું.
Subsistence, (સબ્સિસ્ટેન્સ્) *n.* Livelihood; provisions; means of support:ગુજરાન; નિર્વાહ;ગુજારો;ભરણપોષણ.2.અસ્તિત્વ.
Subsoil,(સબ્સૉઇલ્)*n.*The bed or stratum,or earth which lies immediately beneath the surface soil:સપાટી અને તળીઆ વચ્ચેની જમીન.
Substance, (સબ્સ્ટન્સ્) *n.* [L. *sub* & *sto*, I stand.] The main part;essential import; તાત્પર્ય;સાર.2.Body;matter:વસ્તુ;પદાર્થ;દ્રવ્ય. 3 Property;resources: પુંજી; મિલકત;જીવ.
Substantial,(સબ્સ્ટૅન્શલ્)*a.* Actually existing:ખરેખર જીવતું-હયાત.2. Not illusive; real: વાસ્તવિક;બળવાન.3. Strong; stout:જબરૂં; મજબૂત;પાકું.4.Possessed of goods or an estate; moderately wealthy:ખાતુંપીતું.
Substantially, (સબ્સ્ટૅન્શલિ) *adv.* In substance;essentially.ખરી-વાસ્તવિક રીતે.
Substantials,(સબ્સ્ટૅન્શલ્ઝ્)*n. pl.* Essential parts:તત્વ; સત્વ; સારભાગ.
Substantiate, (સબ્સ્ટૅન્શિએટ્) *vt.* To make to exist; to make real: હયાતી હોય-આવે તેમ કo;ખરૂં કo 2.To establish the existence or truth of by proof:પુરાવાથી સાબેત-ખરૂં કરી આપવું.
Substantive, (સબ્સ્ટન્ટિવ્) *a.* Expressing existence:હયાતી દર્શાવનારૂં.2.Depending on itself:પોતાનાજપર આધાર રાખતું.3.Enduring: સંગીન;વાસ્તવિક.*n.*(*Gram.*)A noun:નામ;વિશેષ્ય.
Substitute,(સબ્સ્ટિટ્યૂટ્)*n.*[L.*sub*,& *statuo*, I place.] One who or that which, is substituted or put in the place of another: અવેજમાં-બદલે મૂકેલી વસ્તુ; અવેજી; પ્રતિનિધિ. *vt.* To put in the place of another person or thing:બીજાને ઠેકાણે અવેજી મૂકવું.
Substitution,(સબ્સ્ટિટ્યૂશન્) *n.* The act of substituting:અવેજી; બદલી. 2. The state of being substituted for another:બીજાને બદલે. મૂકાવું તે. 3.The office or authority,of one acting for another:અવેજી; પ્રતિનિધિત્વ.
Substract,(સબ્સ્ટ્રૅક્ટ્)*vt.* [L. *sub*,& *traho*, I draw.]To subtract;to withdraw:બાદ-ઓછું કo.
Substratum,(સબ્સ્ટ્રેટમ્)*n* [L.*sub* & *sterno*, I strew.] That which is laid under:નીચેનું પડ-થર;ભોંયનું નીચેનું પડ.2.The permanent subject of qualities:પદાર્થ; અધિકરણ; આધાર.
Subtenant,(સબ્ટેનૅન્ટ્)*n.*(*Law.*)An undertenant:પેટા ભાડુત; આડભાડુત.
Subterfuge,(સબ્ટર્ફ્યૂજ્)*n.*[L.*subter*,under & *fugeo*,I flee.]A shift;an evasion:પ્રપંચ; યુક્તિ;ઓઠું;પેચ;ખેલ;છળ.
Subterranean(સબ્ટેરેનીઍન્)*a.* [L. *sub* & *terra*,earth.]Situated within the earth,or under ground:ભોંયમાંનું;જમીનની તળે આવેલું.
Subtile, (સબ્ટિલ્) *a.* Thin; not dense or gross:પાતળું;બારીક.2.Nice; fine:બારીકીવાળું. બારીક.3 Acute; piercing:તીક્ષ્ણ; તીવ્ર.4.Sly: cunning:ખંધું;પ્રપંચી.
Subtilize,(સબ્ટિલાઈઝ્)*vt.* To make fine or thin:પાતળું-ઝીણું-બારીક કo.
Subtility,(સબ્ટિલિટિ)*n.* Thinness;fineness: પાતળાપણું;નાજુકાઈ.2. Cunning:લુચ્ચાઇ;ઠગાઇ.
Subtle, (સટલ્) *a.* [L. *sub* & *texo* I weave.] Sly in design;artful: ખંધું; પક્કું. 2. Crafty: કપટી;પેચી 3 Nicely discriminating:સૂક્ષ્મદર્શી ચતુર. (b) Difficult of apprehension: નજરખ્યાલમાં ન આવે તેવું.
Subtlety,(સટલ્ટિ)*n.*Cunning;craftiness:ખંધાઇ;પક્કાઇ;પ્રપંચ;દાવ;પેચ; યુક્તિ.
Subtract, (સબ્ટ્રૅક્ટ્) *vt.* [L. *sub* & *traho*, I draw.] To withdraw, or take away,as a part from the whole: બાદ-કમી ઓછું કo.
Subtraction,(સબ્ટ્રૅક્શન્) *n.* The act or operation of subtracting or taking away a part:બાદ-કમી-ઓછું કo તે.2. The taking of a lesser number or quantity from a greater of the same kind or denomination:બાદબાકી.
Suburb,(સબર્બ્) *n.* [L. *sub* & *urbs*, a city.] Any outlying part of a city or town:પરૂં.
Suburban,(સબર્બન્)*a* Of or pertaining to suburbs;inhabiting,or being in the suburbs of a city:શેહેર બહાર-પરા-સંબંધી.*n.*One who

dwells in the suburbs:પરાંમાં રહેનાર માણુસ.
Subversion,(સબ્વર્શન્)*n.*Entire overthrow; utter ruin;destruction:નાશ;પાયમાલી;ખરાબી.
Subversive,(સબ્વર્સિવ્)*a.* Tending to subvert:ફ્યલાવે-ઉંધું વાળે-નાશ-ખેદાન મેદાન કરે એવું.
Subvert,(સબ્વર્ટ્)*vt.*[L.*sub* & *verto*,I turn.] To overthrow,to ruin utterly:પાયમાલ-નાશ કo;તોડી પાડવું;ખેદાન મેદાન-ખરાબખસ્ત કo.2.To corrupt: ભ્રષ્ટ-પાપી કo. 3.To be subversive: પાયમાલ નાશ થવું.
Succeed,(સકસીડ્)*vt.*[L *sub*,&*cedo*,I go.]To follow in order; to come next after: પછી આવવું; અનુક્રમ વાર આવવું. 2. To fall heir; to inherit: ના વારસ થવું; વારસામાં મળવું. *vi.* To follow: પાછળથી-પછી-ને ઠેકાણે આવવું થવું. 2. To ascend the throne after the removal or death of the occupant: ના મોત પછી ગાદીએ આવવું. 3. To descend, as an estate or an heirloom, in the same family: ના હાથમા આવવું. 3. To have a prosperous issue or termination; to be successful: સફળ-ફતેહ-મંદ થવું;-ની ફતેહ થવી.
Success, (સકસેસ્) *n.* The attainment of a proposed object; prosperous issue:સફળતા; ફતેહમંદી;જય.
Successful,(સકસેસ્ફુલ્)*a.*Prosperous;happy; fortunate:ફતેહમંદ;યશસ્વી;સફળ;ગુણાવહ.
Succession, (સકસેશન્) *n.* The act of succeeding or following after;sequence:અનુક્રમ; ઉત્તરોત્તરક્રમ. 2. A series of persons or things according to some established rule of precedence:અનુક્રમ.3.Lineage:ઓલાદ;વંશ. 4.The succeeding or right of succeeding to a throne:ની પાછળ ગાદીએ આવવું; બેસવું તે.
Successive, (સકસેસિવ્) *a.* Following in order or in uninterrupted course:એક પછી એક આવતું;અનુક્રમવાર;ક્રમવાર. 2. Inherited by succession; hereditary:વારસામાંઆવતું.
Successor,(સકસેસર્)*n.*One who succeeds or follows:એકએકની પછી આવનાર;વારસ;ઉત્તરાધિકારી
Succinct,(સકિસન્ગ્ટ્)*a.* [L. *sub* & *cingo*, I gird.] Girded or tucked up;bound:બાંધેલું. 2. Brief; concise:ટુંકું.
Succour,(સકર્) *vt.* [L.*sub* &*curro*, I run.] To run to support; to help in difficulty: મુશ્કેલી-સંકટ-દુઃખમાં મદદ કo આપવી-સહાય કo.*n.* Aid; assistance:સહાય;મદદ.
Succulent, (સક્યૂલેન્ટ્)*a.* [L. *sucus*, juice.] Full of juice; juicy:રસ-કસદાર;રસીલું; રસભર્યું.
Succumb,(સકમ્) *vi.* [L. *sub* & *cubo*, I lie down.]To yield;to submit:તાબે-વશ-શરણ થવું.
Such,(સચ્)*a.*Of that kind;like;resembling; similar:એવું;તેવું;એના જેવું;એને મળતું આવતું.
Suchwise,(સચ્વાઇઝ્)*adv.*In such a manner: આવી-તેવી-એવી રીતે; આ પ્રમાણે;આમ.
Suck,(સક્)*vt.*[L.*sugo*, I suck.]To draw,as a liquid by the action of the mouth and tongue:ધાવવું;ચુસવું;સ્તનપાન કo.2.To absorb: ચુસી-શોશી-ખેંચી લેવું. 3. To draw or drain: ખેંચાવું.*To* s.*in*,to draw in the mouth:મોંમાં ખેંચી લેવું. *To* s.*out*, to empty by suction: ચુશીને બહાર કાઢી નાંખવું. *vi.* To draw or attempt to draw,something by suction:ચુશી-શોશી-ખેંચી લેવું.*n.*The act of drawing with the mouth:ધાવવું-ચુસવું તે;ચોષણ;શોષણ.2.Milk drawn from the breast:ધાવણ.
Suckle,(સકલ્) *vt.* & *i.* To give suck to; to nurse at the breast:ધવડાવવું;સ્તનપાન કરાવવું.
Suckling,(સકિલન્ગ્)*n.*A young child or animal nursed at the breast:ધાવતું-ધાવણું બાળક.
Suction,(સકશન્)*n* [L.*sugo*,I suck.]The act or process of sucking: ચૂષણ; સોષણ.
Sudden,(સડેન્) *a.* [L. *sub* & *eo*,I go.] Immediate;instant;speedy:અણધાર્યું;અણચિંતું 2. Hastily prepared:ઉતાવળથી તૈયાર કરેલું.
Suddenly,(સડેન્લિ)*adv.* Unexpectedly:અણધાર્યું;ઓચિંતું;એકાએક;આકસ્મિક;સહસા;અચાનક.
Sudorific,(સ્યૂડૉરિફિક્)*a.*[L. *sudor* sweat & *facio*,I make.]Causing sweat:ધામ-પરશેવો-લાવે-કરે એવું.*n.*A sudorific medicine:પરશેવો કરે એવી દવા.
Sue,(સ્યૂ)*vt.* [L. *sequi*.] (*a*) To seek justice or right from,by legal process:-ની ફરિયાદી કo.(*b*)To proceed with, as an action,and follow it up to its proper termination:અરજ કo. *vi.* To seek by request: અરજી કરીને માગવું.2.To prosecute:-પર દાવો કo.3.To woo: -ની પ્રીતિ-પ્યાર મેળવવા પ્રયત્ન કo.
Suent,(સ્યૂએન્ટ્)*a.*Even;smooth:સપાટ; સરખું.
Suffer,(સફર્)*vt.*[L.*sub*& *ferro*,I bear.] To submit to with distress or grief;to undergo:ભોગવવું;વેઠવું;ખમવું;સહન કo.2.To allow;to permit:થવા દેવું;રજા દેવી.*vi.*To feel or undergo pain of body or mind:-ને દુઃખ લાગવું; દુઃખ ભોગવવું. To undergo punishment: શિક્ષા-દંડ ભોગવવો.
Sufferable,(સફરેબલ્)*a.* Able to endure or suffer; patient:સહન કરવા જોગ;સહનશીલ.
Sufferance,(સફરેન્સ્) *n.* The state of suffering;endurance:સહનશીલતા;અનુભવ;ભોગ 2. Misery:દુઃખ;પીડા.3.Loss:નુકશાન.4.Patience સહનશીલતા;ખામોશ.
Sufferer, (સફરર્) *n.* One who suffers:દુઃખી માણુસ;દુઃખ ખમનાર; ભોક્તા;ભોગી.

Suffering,(સફરિંગ્)*n*. Pain endured;loss: દુઃખ;પીડા;કષ્ટ;સંકટ.*a*.Being in pain or grief: દુઃખી;કષ્ટ-પીડા-નુકશાન સહન કરનાર.

Suffice,(સફાઇસ્)*vi* [L *sub*,& *facio*,I make.] To be enough or suffcient: બસ-પુરતું હોવું. *vt*. To satisfy:-ને સંતોષ પમાડવું.

Sufficiency, (સફિશિન્સિ) *n*. Adequacy: પુરતા-બસપણું;જોઇએ તેટલું હોવું તે; યથેષ્ટતા;પર્યાપ્તિ.2. Adequate substance or means:ખરચ પુરતી કમાઇ.3.Supply equal to wants:જોઈએ તેટલી વસ્તુ.

Sufficient, (સફિશેન્ટ્) *a*. Enough; ample; જોઇએ તેટલું પુરતું;બસ.

Sufficiently, (સફિશેન્ટ્લિ) *adv*. To a sufficient degree;enough: જેટલું જોઇએ તેટલું;બસ; ખપ જેટલું;પુરતું;યથેષ્ટ.

Suffix, (સફિક્સ્)*n*. [L *sub*, & *figo*, I fix.] A postfix: પ્રત્યય. *vt*. To add or annex to the end, as a letter:પ્રત્યય લગાડવો.

Suffocate,(સફોકેટ્)*a*. [L *sub*,&*faucis*, the throat.] *vt*. To stifle; to smother: ગુંગળાવી નાંખવું.*vi*.To become stifled or smothered: ગુંગળાઇ જવું.

Suffocation,(સફોકેશન્)*n*.The act of suffocating or the state of being suffocated: રૂંધાર;શ્વાસાવરોધ,પ્રાણરોધ;કંઠસ્તંભન.

Suffrage, (સફ્રેજ્) *n*. [L. *sub*, & *frango*, I break.] Assent; vote: મત; અનુમતિ.2. Witness:સાક્ષી;હા;સમ્મતિ 3.A short petition:ટુંકી અરજ. (*b*)Prayer: પ્રાર્થના. 4.Aid:મદદ *vi*. To vote for;to elect:ને માટે મતઆપવો.

Suffuse,(સફ્યૂઝ્)*vt*.[L *sub*&*fundo*,I pour.] To fill or cover, as with something fluid: ફેલાવવું;વ્યાપ્ત કર-માં પાથરવું;-થી ઢાંકી-ભરી નાંખવું.

Sugar,(શુગર્)*n*. A sweet, white substance obtained by crystallizing the evaporated juice of certain plants,as the sugar cane: ખાંડ;ગુળ;સાકર;શર્કરા *vt*. To mix sugar with: -માં ખાંડ નાંખવી-મેળવવી.

Sugar-candy,(શુગર્-કેન્ડિ) *n*. Sugar clarified and concreted or crystallized:સાકર.

Sugar-cane,(શુગર્-કેન્)*n*.(Bot.)A tall perennial grass:શેરડી.

Sugarmill, (શુગર્-મિલ્) *n*. A machine for pressing out the juice of sugar cane:શેરડી પીલવાનું કોલ.

Sugary,(શુગરિ) *a*. Resembling or containing sugar;sweet:ખાંડ જેવું-વાળું;ગળ્યું;મીઠું.

Suggest,(સજેસ્ટ્)*vt*.[L.*sub*, & *gero*,I carry.] To introduce indirectly to the thoughts: સૂચવવું; સુઝાડવું. 2. To hint: સુચના કo. 3. To inform secretly:છાનામાના ખબર આપવી.

Suggestion,(સજેશન્)*n*. The act of suggesting:સુઝાડવું-સૂચવવું તે.2.(*a*) A hint: સૂચના.

Suggestive,(સજેસ્ટિવ્)*a*.Containing a suggestion,hint:સુચનાવાળું;સૂચવનારૂં.

Suicidal,(સ્યૂઈસાઇડલ્)*a*. Partaking of,or of the nature of,the crime of suicide:પોતાનો ઘાત કરે એવું;આત્માઘાતક;આત્માઘાતી;આત્મનાશી.

Suicide,(સ્યૂઈસાઇડ્)*n*.[L.*sui*,of one's self& *cædo*, I cut.] Selfmurder: આત્મહત્યા;આત્મઘાત.2.One guilty of selfmurder: આત્મઘાત.હત્યા કરનાર.

Suit,(સ્યૂટ્)*n*. [L.*secta*.] The solicitation of a woman in marriage;courtship:પરણવાના વિચારથીસ્ત્રીની પ્રિતિ મેળવવાનો ઉદ્યોગ.2.The attempt to gain an end by legal process:દાવો અરજ;મુકદ્દમો;ફરિયાદ. 3.A company of attendants or followers: ખવાસો; નોકરો. 4. A set: એક જોડાની-જાતની ચીજો; જોડ. 5. Regular order:ક્રમ;અનુક્રમ.*Out of* s.,having no correspondence: અણુરાગવાળું; બેરાગ. *vt*. To fit: ને લાયક-યોગ્ય કo. [યોગ્ય;શોભતું;ઘટતું.

Suitable,(સ્યૂટેબલ્)*a*. Fitting; proper:લાયક;

Suitably,(સ્યૂટેબ્લિ)*adv*.Accordantly;properly;agreeably:લાયક યોગ્ય-ઘટતી રીતે.

Suite, (સ્વીટ્) *n*. A retinue or company of followers or attendants:ચાકર;નફર વિગેરે અનુયાયી વર્ગ.

Suitor,(સ્યૂટર્)*n* A petitioner;an applicant: અરજ કરનાર;અરજદાર. 2.A wooer;a lover: સ્ત્રી પરણવા માટે તેની પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ કરનાર.

Sulks,(સલ્ક્સ્)*n*.*pl*. The condition of being sulky;a sulky mood or humor:રીસ;ક્રોધ.

Sulky,(સલ્કિ)*a*.Sullen;sour:obstinate;morose splenetic:ચીઢીયું;હઠીલું;ગુસ્સાવાળું;બળીએલ.

Sullen,(સલેન્)*a*.[L.*solus*,alone.] Cross,sour; morose:ઉદાસ;ચીઢિયું. 2. Heavy:dull: આળસુ; જડ;સુસ્ત.

Sulliage,(સલિએજ્)*n*.Foulness;filth: ગંદકી.

Sully,(સલિ)*vt*.To soil;to dirty;to tarnish:મેલું-મલીન-કચરાવાળું કo;ડાઘ લગાડવો-પાડવો;દુષિત કo. *vi*.To become soiled or tarnished: મલીન. થવું-હોવું.*n*.*pl* Soil;tarnish;stain:મેલ;કચરો;ડાઘ.

Sulphur,(સલ્ફર્)*n*.A nonmetallic element combined as in the sulphides:ગંધક.

Sulphureous, **Sulphurous**, (સલ્ફ્યૂરીઅસ્-સલ્ફરસ્)*a*. Consisting of sulphur; impregnated with sulphur:ગંધકનું-વાળું;ગંધકમય-યુક્ત.

Sulphury, (સલ્ફરિ)*a*. Resembling sulphur; having the qualities of sulphur:ગંધક જેવું.

Sultan,(સલ્ટન્,સુલ્ટાન્)*n*.A ruler or governor of a Mohamedan state:મુસલમાની બાદશાહનો કિતાબ;સુલતાન.

Sultana, (સુલ્ટાના)*n*. The wife of a sultan;

a sultaness:સુલતાનની રાણી-બેગમ; સુલતાના.
Sultriness, (સલ્ટ્રિનેસ્) *n.* The quality or state of being sultry:ધામ;ગરમી;કકારો.
Sultry,(સલ્ટ્રિ)*a.* Very hot;burning;and oppressive:ઘણું ગરમ-ઉષ્ણ;ઘણી ગરમી-ઉષ્ણતાવાળું.
Sum, (સમ્) *n.* [L. *summus*, highest.] The amount or whole of any number of individuals or particulars added together: સરવાળો;એકંદર; જુમલો;સંગ્રહ. 2. Any amount, indefinitely:રકમ;અવેજ.3.The substance;the compendium: તાત્પર્ય; મતલબ. *vt.* To bring together into one amount:નો સરવાળો ક૦ 2 To comprise in few words;to condense:-નો સાર-મતલબ-સારાંશ વાળવો.
Summary,(સમૅરિ)*a.* Short;brief: ટુંકું;સંક્ષિપ્ત. *n.* A general or comprehensive statement: મુખ્તેસર હેવાલ;સાર;સાંરાંશ;સારસંગ્રહ.
Summer,(સમર્)*n* One who casts up an account:હિસાબ ગણનાર. *n.* The first period of the year: ઉન્હાળો; ગ્રીષ્મઋતુ. *vi.* To pass the summer;to spend the warm season:ઉનાળો ગાળવો કાઢવો.*vt.*To feed during the summer ઉનાળામાં ખવડાવવું.
Summer-house, (સમર્-હાઉસ્) *n.* A rustic house or apartment in a garden or park, to be used as pleasure resort in summer: બંગલો;ઉનાળાને સારૂ બગીચો;ગ્રીષ્મ-ઋતુગૃહ.
Summit,(સમિટ્)*n.*[L.*summus*,the highest] The top; the highest point:ટોચ;શિખર.
Summon,(સમન્)*vt.* [L.*sub* & *moneo*, I admonish.] To call; to notify to come or appear:બોલાવવું;તેડવું.2.To give notice to,or command to appear to cite by authority: સમન ક૦; આવવાનું-હાજર થવાનું ફરમાવવું. 3. To call upon to surrender, as a fort: ને કિલ્લો સ્વાધીન કરાવવાને માટે બોલાવવું; શરણ થવાનું કહેવું. *To* s. *up*:એકઠું ભેગું ક૦.
Summons, (સમન્ઝ્)*n.* A call by authority: આહ્વાહન પત્ર. 2. A warning to appear in court:સમન;હાકેમનું તેડું.*vt.*To summon:બોલાવવું;સમન કાઢવો.
Sumpter,(સમ્પ્ટર્)*n.*[L.*sagma*,a pack saddle.] The driver of a pack horse: ભારખાનાનો ઘોડો હાંકનાર 2.A pack:બોજો.3.A baggage horse:ભારખાનાનો ઘોડો.
Sumptuous,(સમ્પ્ટયૂઅસ્) *a.* [L. *sumptus*, expense.]Costly;expensive:ઘણા મુલ-કિમ્મતનું ભારે.Splendid;magnificent:ઉમદા;ભભકાદાર.
Sun, (સન્) *n.* The luminous orb,the light which constitutes day, and its absence night: સુરજ;સૂર્ય;રવિ. 2. The direct light or warmth of the sun:તડકો;તાપ;ગરમી ઉષ્ણતા.
Sunbeam,(સન્બીમ્)*n.*A beam or ray of the sun:સૂર્યનું કીરણ;સૂર્યરશ્મિ;સૂર્યાંશુ.
Sun-day,(સનડે)*n.*The first day of the week; the Christian Sabbath:રવી-આતવાર.
Sunder,(સન્ડર્)*vt.*&*vi.*To part;to separate; to divide;to sever:જૂદું પાડવું;કાપવું;ભાગવું. *n.* A division or severance:ભાગ; વિભાગ; અંશ.
Sundial,(સન્ડાઇઅલ્)*n.* An instrument to show the time of day by means of the shadow of a gnomon:શંકુછાયા યંત્ર;ઘડી;સૂર્યઘડી.
Sundries,(સન્ડ્રીઝ્)*n.pl.* Many different or small things:ઘણી જુદી નાની ચીજો.
Sundry,(સન્ડ્રિ) *a.* Several:કેટલીક; એક અથવા બે કરતાં વધારે;જુદું જુદું;ભિન્ન ભિન્ન.
Sunflower,(સનફ્લાઉઅર્)*n.*Any plant of the genus *Helianthus*:સૂરજમુખીફુલ;સૂરજફુલ.
Sunk,(સન્ક્)*imp.*& *p.p.*of **Sink**:ડુબ્યું;ડુબેલું. S.*fence*,a ditch with a retaining wall:ઉંચી દીવાલવાળી ખાઈ.
Sunken,(સન્કન્)*a.*Lying on the bottom of a river or other water;sunk:નદી અથવા બીજા કોઇ પાણી તળીએ પડેલું;ડુબેલું.
Sunless,(સન્લેસ્) *a.* Destitute or deprived of the sun;shaded:સુરજના તાપ વગરનું;છાયાવાળું.
Sunny,(સનિ)*a.*Of,or pertaining to the sun: સૂર્ય સંબંધી-નું વિષે. 2. Shining; bright; brilliant:ચળકતું;પ્રકાશિત;તેજસ્વિ ઝગઝગતુ 3.Cheerful; genial:આનંદી;મોજીલું.
Sunrise-rising, (સનરાઇઝ્ રાઇઝિન્ગ્) *n.* The first appearanceof thesun above the horizon in the morning:સૂર્યોદય;સૂર્યનો ઉદય.
Sun-set-setting, (સન્સેટ્-સન્સેટિન્ગ્) *n.* The descent of the sun below the horizon:સૂર્યનો અસ્ત;સૂર્યનું આથમવું તે.
Sun-shine,(સન્શાઇન્)*n.*The light of the sun or the place where it shines:સૂર્યનો પ્રકાશ.2. Warmth;illumination;brightness:તેજ;પ્રકાશ; ચળકાટ.2.(Fig)હુંફ;કૃપા;મહેરબાની.
Sun-stroke,(સન્સ્ટ્રોક્)*n.* An affection produced by the action of the sun on some part of the body: સુરજના તાપની ઝાળ;લુખ;લૂ.
Sup,(સપ્)*vt.*To take into the mouth,to sip: નરમ પદાર્થ ખાવો.*n.*A small mouthful, as of liquor broth; a sip: ઘુટડો. *vi.* To eat the evening meal:સાંજનું ભોજન ખાવું.*vt.*To treat with supper: વાળુ આપવું પીરસવું.
Superable,(સ્યૂપરેબલ્)*a.* [L. *super*,above.] Capable of being overcome: કોઇ કામ બને તેવું;જીતી શકાય તેવું.
Super-abound,(સ્યૂપરઍબાઉન્ડ્) *vi.* To be very abundant;to be more than sufficient: જોઈએ તે કરતાં વધારે હોવું; પૂરતું હોવું.

Super-abundance, (સ્યૂપર્‌ઍબન્ડન્સ્) *n.* A superabundant quantity:અધિકતા;પુષ્કળતા.

Super-abundant, (સ્યૂપર્‌ઍબન્ડન્ટ્) *a.* Abounding to excess:વધારાનું;જોઈએતે કરતાં વધતું

Super-add, (સ્યૂપર્-ઍડ્)*vt.*To add over and over;to add to what has been added:વધારવું.

Super-annuated,(સ્યૂપર્-ઍન્યૂએટેડ્) *a.* [L. *Super*& *annus*.year.]Impaired or disqualified on account of age or infirmity:ઘડપણથી ના લાયક થયેલું;વયાતીત.

Superb,(સ્યૂપર્બ્)*a.*[L.*super*,above.] Grand: magnificent;stately:પ્રૌઢ;મહાન;ભવ્ય;ભભકાદાર;ઉમદા.2.Rich; elegant:નકશીદાર;ભારે,કિંમતી.

Supercilious,(સ્યૂપરસિલિઅસ્)*a.* [L *super*, & *cilium*, an eyelid.] Lofty with pride; haughty;arrogant:મીજાજી;મગરૂબ;પતરાજીખોર.

Throw, (થ્રો) *vt.* To fling, cast or hurl with a certain whirling motion of the arm: ફેંકવું-નાંખવું.2 To cause to take a position: અમુક સ્થિતિમાં ગોઠવવું.3.To overturn;to prostrate in wrestling:પાડવું; પાડી નાંખવું. 4. To cast,as dice;to venture at dice:પાસા નાંખવા *To* t *down*,to subvert;to destroy:પાડી-ભાંગી-તોડી નાંખવું.*To* t.*in*,to inject,as fluid:માં દાખલ કરવું;અંદર ઉતારવું *To* t *off*,(*a*) to expel; to free one's self from-થી મુક્ત થવું;-ને મટવું; મારી કાઢવું.*To* t *one's self on* or *upon*, To fall upon:-ના ઉપર પડવું.*To* t *out*,to cast out; to expel: કાઢી નાંખવું-મૂકવું. *n.* The act of hurling or flinging;a cast:ફેંકી-નાંખી દેવું તે; પ્રક્ષેપણ; નિક્ષેપ. 3. The distance to which a missile is,or may be,thrown: ટપ્પો;પલ્લો.

Throwster,(થ્રોસ્ટર્)*n.* One who throws or twists silk;a thrower:પટવો;રેશમ કાંતનાર.

Thrum, (થ્રમ્) *n.* One of the ends of weaver's threads:છેડો;આંતરી;રેસા;ઝુંથા.2 A thread-like part of a flower; a stamen: તંતુ; કેસર. 4.A mat made of canvas and tufts of કેનવાસ અને સુતરના ઝુંથાની બનાવેલી સાદડી. *vt.* To furnish with thrum :દોરા-તાર કાઢી ગુંથવું.

Thrush,(થ્રશ્)*n.*Any one of numerous species of singing birds: એક જાતની મેના; મદનસારીકા;સારીકા.*n* An affection of the mouth, fauces,etc:મોઢું પાકવું તે;મુખપાક.

Thrust, (થ્રસ્ટ્) *vi.* To push or drive with force:જોરથી મારવું;હડસેલવું; ધકેલવું.2. To stab: ભોકવું *To* t.*away* or *from*, to push away: ને હડસેલો-ધક્કો મારીને આઘું કાઢવું.*To* t. *in*, to push or drive in :ખોસવું;પેસાડવું.*vi.*To enter by pushing;to squeeze in:ઘુસવું-ઘુસીને વચ્ચે પડવું.*n.*A stab:ભોકવું-મારવું તે ઠોંસો;હડસેલો.

Thrustings, (થ્રસ્ટિન્ગ્ઝ્) *n. pl.* The white whey, or that which is last pressed out of the curd by the hand, and of which butter is sometimes made: દહીંમાંની દાબી કાઢેલી મલાઇ-તર.

Thug,(થગ્)*n* One of an association of robbers and murderers in India: ફાંસીઆ;ઠગ.

Thumb,(થમ્)*n.*[L.*tumo*,I swell.]The short, thick first digit of the human hand; the pollex:હાથનો અંગુઠો; અંગુષ્ઠ T.*mark*: અંગુઠાનું નિશાન. *Under one's* t.: completely under one's power:વશ-આધીન;મુઠીમાં;કબજામાં;હાથમાં *vt.*To handle awkwardly: અનઘડપણાથી હાથમાં લેવું. 2. To cover with the thumb: અંગુઠો મુકીને બંધ કરવું.

Thump,(થમ્પ્) *n.* The sound made by the sudden fall of a heavy body:ધબકારો 2. A heavy fall:ધબાકો.*vt.*To strike with something thick or heavy:ધબ-ઠબ્બ લઇને અફાળવું. *vi.*To strike with a heavy blow: ધબ લઇને અફળાવું.

Thunder,(થન્ડર્) *n.* [L. *tono*, I thunder.] The sound which follows a flash of lightning:કડાકો;ગર્જના.ગડગડાટ.T.& *lightning*:આજવીજ.2. The discharge of electricity:મેઘ વરસાદની-ગર્જના.3.Any loud noise (*as,of cannon, etc.*) ગડગડાટ; ભડાકો. *vi.* To produce thunder:ગર્જના થઈ રહેવી 2.To utter violent denunciation:હોંકારો નાદ કરવું;ઢાક વગાડવી.*vt.*To utter vehemently:હોંકારો કરવું;ધમકી પૂર્વક કહેવું.

Thunder-bolt, (થન્ડર્ બૉલ્ટ્) *n.* A shaft of lightning:વિજળીનો લાંબો લીસોટો;વિદ્યુલ્લેખા;વજ્ર.

Thunder storm, (થન્ડર્-સ્ટૉર્મ) *n.* A storm accompanied with lightning and thunder આજવીજ-સાથેનું વાવાઝોડું-વાનું તોફાન.

Thunderstruck,(થન્ડરસ્ટ્રક્)*a.*Astonished,

or struck dumb:ચકિત;છક;ચક;દિઙ્મુઢ.

Thursday, (થર્સડે) *n.* The fifth day of the week following Wednesday:ગુરૂવાર.

Thus, (ધસ્)*n.adv.*In this or that manner; on this wise:આ-એ રીતે-પ્રકારે-પ્રમાણે;આમ એમ.

Thwart, (થ્વોર્ટ્) *a.* Transverse: આડું; ત્રાંસું. 2. *Fig.* Perverse: હઠીલું. *adv.* Obliquely: આડી રીતે. *Prep* Athwart: આડું *vt.*To move across or counterto;(*as an arrow*):-માં આડા થઇને જવું.2.To oppose:-ની સામા થવું-ફરાવવું.

Thy,(ધાઇ) *Pron.* Of thee, or belonging to thee: તહારૂં; તારૂં.

Thyself, (ધાઇસેલ્ફ્) *Pron,* An emphasized form of the personal pronoun of the second person:તારી મેળે;તારે હાથે.

Tiara(ટાઇઍરે)*n*[Gr.*tiara,tiaras.*]The Pope's triple crown:(પોપનો)મુગટ;તાજ *Fig* The papal dignity:પોપનો હોદ્દો પોપ.

Tibial,(ટિબિઍલ્)*a.*[L *tibia*,the shin bone.] Of or pertaining to a tibia: પગની નળીનું. *n.*(*Anat*)A tibial bone;a tibiale:નળો;નળાનું; હાડકું.

Tick,(ટિક્)*n.*Credit:શાખ. *To buy on* **t**:.ઉધાર લેવું.*vi.*To go on trust or credit:ઉધારે ચાલવું. *n.*[L.*theca*,case.] The cover, or case of a bed:ગોદડાનું ખોળિયું. 2. Ticking: સુસી; ખોળીયાનું લુગડું.3. A quick audible beat as of a clock:(ઘડિઆળનું) ટકટક; ટિકટિક.*vi.* To beat: મારવું; કુટવું.

Ticken,Ticking,(ટિકેન્-ટિકિન્ગ્)*n.*A closely woven linen or cotton fabric, of which ticks for beds are made:ખોળિયાનુંલુગડું;સુસી.

Ticket, (ટિકેટ્) A certificate or token of right of admission to a place of assembly, or of a passage in a public conveyance: પાસ;ટિકિટ.2.A label to show the character or price of goods: માલની જાત અથવા કિમ્મત દર્શાવનારી ચીઠ્ઠી.3 A certificate or token of a share in a lottery: ચિઠ્ઠિ;ટિકિટ *vt.*To distinguish by a ticket;to put a ticket on: -ના ઉપર ચીઠ્ઠી ચોડવી. 2. To furnish with a ticket: ટિકિટ આપવી કo.

Tickle,(ટિકલ્)*vt.*To touch lightly so as to produce a peculiar thrilling sensation:-ને ગલીપચી કo;-ને ગલી કo.*vi.*To feel titillation: -ને ગીલી-ગીલીપચી લાગવી-થવી.*a* Ticklish;easily tickled:જલદીથી ગલીપચી લાગે એવું 2 Unstable: દ્દઢ નહિ તેવું.

Ticklish,(ટિકિલશ્)*a* Sensible to slight touches;easily tickled:જલદીથી ગલીપચી લાગે તેવું.

Tidal,(ટાઇડલ્)*a.* Of or pertaining to tides: having tides:ભરતી-જુવાર-ઓટનું સંબંધી.

Tide,(ટાઇડ્)*n.*The alternate rising and falling of the waters of the ocean,and of bays rivers,etc:જુવાર;ભરતીઓ.2. Course,current: ગતિ;વેગ.*Atmospheric* **t** *s*:વાતાવરણીય વેલા.*To work double* **t** *s*:ત્રણદહાડાનું કામ બે દહાડામાં કo. *Bore or swell of the* **t**.:ઘોડા.*Spring* **t**.:પુનેમ-અમાસની મોટી ભરતી *Neap* **t** :નાની ભરતી *vt.*To cause to float with the tide:ભરતીની સાથે હોય ત્યારે તરે તેમ કo *vi.*To betide:બનવું;થવું.2. To pour a tide or flood: ભરતીઓટ આવવી થવી.

Tidings,(ટાઇડિન્ગ્ઝ્)*n. pl.* Account of what has taken place and was not before known; news:ખબર;ખબરઅંતર;સામાચાર;બાતમી;પત્તો;વાતો.

Tidy,(ટાઇડિ)*a.*Arranged in good order;neat: સફાઇ;સ્વચ્છતાવાળું;સ્વચ્છ; સાફ. *n. pl* **Tidies,** A cover,often of tatting, drawn work, or other ornamental work,for the back of a chair, the arms of a sofa,or the like:ગલેફ; કવર;ઢાંકણ.

Tie,(ટાઈ)*n.*A knot;a fastening:ગાંઠ;બંધ;કસ 2. A knot of hair, as at the back of a wig: અંબોડો;શિખા;વેણી *Worldly*.**t**.*s*:સંસારબંધ *vt.* To fasten with a bond or cord:બાંધવું;બાંધી રાખવું.2. To knit: બાંધવું; ગાંઠવું. 3. To unite firmly;to fasten;to hold:દઢ જોડવું;મજબૂત બાંધવું. 4 To make an equal score with,in a contest;to be even with-ની સાથે સરખા ઉતરવું-હોવું. To **t**.*down*,(*a*) to fasten so as to prevent from rising:ઉઠતાં-ઉઠાવતાં અટકે તેવી રીતે બાંધવું.

Tier,(ટીર્)*n.*One who,or that which ties:બાંધનાર. *n.* A row *especially* one of two or more rows placed one above, or higher than another:(વિશેષે કરીને એક ઉપર એક એવી) હાર;ઓળ.

Tiff, (ટિફ્) *n.* Liquor:દારૂ. 2. A fit of anger: બોલાબોલી;રંટો.*vi.*To be in a pet:તકરાર-બોલાચાલી કo.*vt.*To deck out; to dress: શણગારવું.

Tiffin,(ટિફિન્)*n.*A lunch,or slight repast,between breakfast and dinner: નાસ્તા અને જમવાની વચ્ચેનું ભોજન;ટિફિન;ફરાળ.

Tiger,(ટાઇગર્)*n* [L *tigris.*]A very large and powerful carnivore:વાઘ;વ્યાઘ્ર.

Tight,(ટાઇટ્)*a.* Firmly held together:સજ્જડ;સજ્જડ બેઠેલું,2.Not leaky:કાણું અથવા ફાટ ન હોય તેવું.3.Fitting close,or too close,to the body:બેસતું;તંગ.4.Not ragged; whole;neat: છયયું.5. Firmly stretched; tight:તાણેલું;ખેંચેલું.6.Handy:ચાલાક;ચપળ.7.Somewhat intoxicated:થોડો ઘણો પીધેલ હોય એવો.

Tighten, (ટાઇટન્)*vt.* To draw together; to straiten;to make more close in any manner:ચુસ્ત બેસવું,તંગ કo.

Tigress,(ટાઇગ્રેસ્)*n*.The female of the tiger: વાઘેણ;વ્યાઘ્રી.

Tile,(ટાઇલ્) *n*. [L. *tego*, I cover.] A plate, or thin piece,of baked clay:નેવું;નળીયું.2.(*a*) A small slab of marble or other material used for flooring:જમિનપર ચોટાડવાનાં આરસનાં નાનાં ચોરસાં. (*b*) A plate of metal used for roofing:છાપરાં જડવાના કામમાં આવતાં ધાતુનાં પતરાં 4. A draintile: માટીનો નળ. To cover with tiles (*as a house*): ઉપર નળીઆં ઢાંકવાં ચઢાવવાં.

Till,(ટિલ્)*n*. (*a*) A drawer: પેટીનું ખાનું,(*b*) A money drawer in a shop: ગોલખ; ગલ્લો. *n*. deposit of sand,clay and gravel,without lamination:ભાઠાની માટી.*Prep* Up to;as far as;until:સુધી;લગી.**T** *now*,the present time: હાલ સુધી.**T**.*then*, to that time:તે વખત સુધી. *Conj*. As far as; upto the place:અત્રે સુધી; અહીં સુધી.*vt*. To cultivate:ખેડવું. *vi*. To cultivate land:જમીન ખેડવી.

Tillage,(ટિલેજ્)*n*.The operation of tilling: ખેડવાનું કામ-ખેતી;કૃષીકર્મ 2. A place tilled or cultivated:ખેડેલી જમીન.

Tiller,(ટિલર્)*n*.A husbandman:ખેડુત;કૃષીકાર *n*.(*a*) A shoot of a plant:ઝાડનો ફણગો.2. A young timber tree: ન્હાનું ઇમારતી લાકડાનું ઝાડ. *vi*.To put forth new shoots from the root: નવા ફણગા ફુટવા.

Tilt,(ટિલ્ટ્) *n*. A covering over head;especially, a tent:તંબુ.2.The cloth,covering a cart:ગાડી ઢાંકવાનું લુગડું.3 The cloth-cover of a boat:હોડીનું લુગડું.*vt*.To cover with a tilt, or awning:ઢાંકણ કઠ-દેવું.*vt*.To point or thrust a weapon at:કોઇને કાંઇ હથિયાર મારવું.*vi*.To run or ride and thrust with a lance: ને દોડતાં-દોડતે ઘોડે ભાલો મારવો *n*.A thrust,as with a lance:ભાલો મારવો.2.A tournament:ભાલાબાજી

Timber,(ટિમ્બર્)*n*.That sort of wood which is proper for buildings:ઇમારતી લાકડું.2. A single piece or squared stick of wood intended for building,or already framed: ઘરના ચોકઠાનું લાકડું.

Timbrel,(ટિમ્બ્રેલ્)*n*.[L *tympaum*.]A kind of drum:એક પ્રકારનું વાજું ઢોલ.

Time,(ટાઇમ)*n*.Duration:વખત;કાળ.2.A point or portion of duration:વેળા;સમય; પ્રસંગ.3. Age; period; era:કાળ; જમાનો; સમો. 4 The duration of one's life:હયાતીનો વખત;આયુષ્યકાળ 5 A proper time;a season;બરોબર વખત; તક;તાકડો.6 Repetition:વાર;વખત.7. Leisure: ફુરસદ.*Astronomical* **t**.:જ્યોતિષ્ય-ખાગોલિક કાળ. *At* **t**.*s*,now and then;વારેઘડીએ. *In* **t**.(*a*) in good season:સારેવખતે;સવેળા.(*b*) Eventually: આખર. *Quick* **t**. (*Mil*.) ૨૮-૨૯ ઇંચનું એક એવાં ૧૧૦ પગલાં એક મિનિટમાં ભરાય એવી રીતે ઉતાવળે કુચ કરવાનો વખત. *To kill* **t**., to waste time: વખત નકામો ગાળવો **T**.*immemorial*:અનાદિકાળ. **T**.*book*:હાજરી *Course of* **t**.:કાળગતિ; કાળચક્ર. *An adverse* **t**.:વેળા;વિપત્તિ.*Unseasonable* **t**. કહોડો;કવેળા.*Auspicious* **t**.:શુભ અવસર.*Dark & troublous* **t**.:કલિકાળ.*At the right* **t**.:તાકડે; ખરે પ્રસંગે *Hard* **t**.*s*:આપત્કાળ.**T**.*serving*:કાળાનુવર્તી.*Out of* **t**.:મુદત બહાર. *vt*. To appoint the time for:-ને માટે વખત ઠેરવવો. 2. To regulate as to time:-નો વખત કે કાળ રાખવો 3. To ascertain or record the time:વખત-ગતિ નોંધવી.4. To measure as in music or harmony:-નો તાલ મેળવવો. *vi*. To keep or beat time:વખત રાખવો:વખતસર ચાલવું.

Time-honored, (ટાઇમ્-ઑનર્ડ્) *a*. Honored for a long time:લાંબા વખતથી પુજ્ય ગણાતું.

Time-keeper, (ટાઈમ્-કીપર્) *n*. A clock, watch or other chronometer;a timepiece: મ્હોટું ડાબડિયું ઘડીયાળ.2 A person who keeps marks,regulates:વખત નોંધનાર.(*a*)A person who keeps the time of workmen;મજુરોની હાજરી રાખનાર.(*b*)One who gives the time for the departure of conveyances: ગાડીઓ વિગેરે ઉપાડવાનો વખત જણાવનાર.

Timeless, (ટાઈમ્લેસ્) *a*. Untimely: કવેળાનું; કવખતનું.2. Premature;immature:પુખ્ત-પાકું ન હોય તેવું;કવેળાનું 3.Having no end:જેનો છેડો-અંત ન હોય તેવું;અપાર.

Timely,(ટાઇમ્લિ)*a*.Occurring in good time: વખતસર; બરોબર સમયે. 2 Keeping time or measure:વખત,માપ રાખનારૂં *adv*.Early;soon; in good time:વેળા-વખતસર

Time-piece,(ટાઇમ્-પીસ્)*n*. A clock,to measure or show the progress of time: મોટું કે ડાબડીવાળું ઘડિયાળ

Time-server(ટાઇમ્-સર્વર્)*n*.One who adapts his opinions and manners to the times: મોટા કહે તે હાજી હા જમાને સાજિ કરનાર;કાલાનુસારી.

Time-serving, (ટાઈમ્સર્વિંગ્) *a*. Obsequiously complying with the spirits of the times:સમયાનુસારી;રૂખ રાખનારૂં.

Time-table,(ટાઈમ્-ટેબલ્)*n*.A tabular statement of the time when, several things are to take place:વખત પત્રક.

Timid,(ટિમિડ્) *a*. [L. *timeo*, I fear.] Easily frightened:બ્હીકણ;ભડકણ; ભયશીલ;ડરકણ.

Timidity,(ટિમિડિટિ)*n*.The quality or state of being timid:બીકણપણું;બાયલાપણું.

Timocracy,(ટાઈમૉક્રસિ)*n*. [Gr.*time*,honour

&crato,I govern]A state in which the love of honor is the ruling motive:માન-આબરૂ પ્રત્યેનો પ્રેમ પ્રધાન ગણાતો હોય એવી સ્થિતિ-વખત.

Timorus, (ટિમરસ્) *a.* [L. *timor,* fear.] Fearful of danger;timid:બ્હીકણું;બડકણું;નામર્દ.

Tin, (ટિન્) *n.* An elementary substance found as an oxide in the mineral cassiterite: કલાઇ; કથીર. 2. Thin plates of iron covered with tin:કલાઈનાં પત્રાં. *vt.* To cover with tin:-માં કલાઈ ચઢાવવી;ને કલાઇ દેવી.

Tincal,(ટિંકલ્)*n.* Crude native borax:ટંકણખાર,ટંકણ.

Tincture,(ટિંક્ટ્યૂર્)*n* [L *tingo,*I tinge,dye] A tinge or shadow of color;a tint:છાંટ;રંગ; પાસ.2.An extract cf a part of a substance: સત્વ.3. Spirit containing medicinal substances in solution: ઔષધમિશ્રિત મદ્યાર્ક. *vt.* To tinge:મેળવવું.2.To imbue the mind of; to tinge:-ને કશાની અસર બેસાડવી.

Tinder,(ટિન્ડર્) *n.* Something very inflammable:ઝટ સળગે એવી વસ્તુ.

Tine,(ટાઈન્)*n.*Trouble;distress:હેરાનગતી;મહેનત;દુઃખ;સંકટ;પીડા.*vt.*To kindle;to set on fire: સળગાવવું;ચેતવવું.*vi.*To kindle;to rage:સળગવું.

Tinfoil, (ટિન-ફૉઈલ્) *n.* A foil or thinnest plate of tin:કલાઇનો વરખ અથવા છેક પાતળું પતરૂં.

Tinge,(ટિન્જ્)*vt.*[L *tingo,*I dye.] To colour slightly:નો રંગ લાવવો;નો રંગ દેવો *n.*Tincture color:છાંટ-રંગ;આભાસ;અસર.

Tingle,(ટિંગલ્)*vi.*To feel a kind of thrilling sensation:ઝણઝણ થતું હોય તેમ જણાવું 2. To feel a sharp, thrilling pain:આખે શરીરે ઝણઝણી છુટવી.

Tinker,(ટિંકર્)*n.* A mender of brass,kettles,pans,and other metal ware:કંસારો:તાબા પીતળનાં વાસણ ઘડનાર.*vt.*To mend or solder as metal wares:વાસણ ઘડવાં;ને ઝાળણ દેવું.

Tinkle,(ટિંગલ્)*vi.*To clink:ખણખણ થવું *vt.*To cause to clink:ખખડાવવું.*n.* A small,sharp quick sound,as that made by string metal:રણકો;ખણખણાટ.

Tinkling,(ટિંક્લિંગ્)*n.*A tinkle or succession of tinkles:રણકો;ખણખણાટ;રણકારો;ઘણઘણાટ

Tinman,(ટિન્મૅન્) *n. pl.* **Tinmen.**A manufacturer of tin vessels;a dealer in tin ware: કલાઈગરો;કલાઇના વાસણ બનાવવાનો ધંધો કરનાર.

Tinsel,(ટિન્સેલ્)*n* A shining material used for ornamental purposes: કિનારી-કસબ 2. Something shining and gaudy: કોઇ ચળકતો પદાર્થ.*a.* Showy to excess: બહારથી ખોટી રીતે ઓપનારૂં.

Tint,(ટિન્ટ્)*n* [L *tingo,*I dye.]A slight coloring:પાસ;છાંટ *vt.* To give a slight coloring to:-ને રંગ લગાડવો.

Tiny,(ટાઇનિ)*a.*Very small;little:અતિશય ન્હાનું.

Tip,(ટિપ્)*n* The point or extremity of anything:અગ્રભાગ;છેડો;ટોચ;ટેરવું *vt.*To form as a point upon:-ની ટોચપર કંઇ મૂકવું 2.To strike slightly;to tap:-ને ધીમેથી ટકોરો મારવો. *To* **t.** *off,*to pour out: બહાર રેડવું. *To* **t.** *over,* to overturn:ઢંધું વાળવું.*To* **t.***the wink,*to give a hint:આંખનો મચકારો કo.*vi.*To fall,or incline to one side:એક બાજુએ નમવું. *n.*A slight touch:થબડાક.*From* **t.***to toe*:નખશિખ;સર્વાંગે.

Tip-cat,(ટિપ્કૅટ્)*n.*A kind of game: મોઇદંડા; ગીલીદંડાની રમત.

Tippet, (ટિપેટ્)*n.* [L. *tapete,* tapestry.] A cap or scarflike garment for covering the neck:(ઓરતોને) બોચીપર રાખવાનું નાનુંવસ્ત્ર;કંઠવસ્ત્ર *To turn* **t** ,to change:બદલવું-ફેરવવું.

Tipple, (ટિપલ્) *vi.* To drink spirituous or strong liquors habitually: દારૂ પીવો-પીવાનું વ્યસન હોવું.*vt.* To drink, as strong liquors in excess:ખૂબ દારૂ પીવો *n* Liquor taken in trippling;drink:દારૂ;નિશો.

Tippler, (ટિપ્લર) *n.* One who keeps a tippling:કલાલ.2.One who habitually indulges in the excessive use of spirituous liquors: છાકટો;મદ્યપાની;મદ્યપી;દારૂડિયો,વ્યસની.

Tippling,(ટિપ્લિંગ્)*n.* The quality or state of indulging in the use of spirituous liquors:છાકટાપણું;નિશાબાજી.

Tipstaff,(ટિપ્સ્ટૅફ્)*n.pl.* **Tipstaves.** A staff tipped with metal: ખોલીવાળો દંડ-લાકડી. 2. An officer who bears a staff tipped with metal: પોલીસનો સિપાઇ. [ચીધેલ.

Tipsy,(ટિપ્સિ)*a.*Fuddled;intoxicated:છાકટું;

Tiptoe,(ટિપ્ટો)*n.* The end or top of the toe: આંગળીનું ટેરવું કે હાથનો અંગુઠો;અગ્ર; છેરો. *To be,* or to *stand,*a **t.**or *on* **t**, to be awake: કશા વિષે આતુર રહેવું;ટાંપી રહેવું.*a.* Lifted up:ઊંચું કરેલું.*vi.*To step or walk on tiptoe:પગના અંગુઠાપર ચાલવું **T.** *mirth,* the highest degree of mirth:ઘણીજ ખુશી;અત્યાનંદ.

Tiptop,(ટિપ્ટૉપ્) *n.* The highest or utmost degree:(કંઇ)ઘણુંજ હોવું તે;પરાકાષ્ઠા.*a.*Very excellent;perfect:ઘણુંજ સારૂં.

Tirade,(ટિરેડ્)*n.* A declamatory strain or flight of censure or abuse:નિંદાત્મક ભાષણ; આક્ષેપ;ઠપકો;આરોપ.

Tire,(ટાઈર્)*n.*A tier, row, or rank:ઓળ;હાર; પંક્તિ.*n.*Attire;apparel:પોશાક.*vt.* To adorn. શણગારવું.*vi.*To seize,rend,or tear something,as prey:-પર પડવું;પકડવું *vt.* To fatigue:

થકવી નાંખવું.*To t. out*,to weary:થકવી નાંખવું.
Tiresome,(ટાઇર્સમ્)*a*.Fatiguing;wearisome tedious:હેરાન કરનારૂં;કંટાળોઆપે-થકવે એવું.
Tiresomeness,(ટાઇર્સમ્નેસ્)*n*. The state of being exhausted:wearisomeness:કષ્ટ;કંટાળો
Tissue,(ટિશ્યૂ)*n*. [L.*texo*, I weave.] A texture: કોઈ પ્રાણી અથવા વનસ્પતિ પદાર્થના ગમે તે ભાગના છિદ્રો તથા ઝીણી શિરાઓનો ગુચ્છો;પેશી. 2. Web; texture; જાળ;પાશ. *A t. of falsehood*: અસત્યજાળ. *T paper*,very, thin, gauze like paper:પાતળો પારદર્શક કાગળ.*vt*.To form tissue of:જુદેજુદા તરેહવાર કાપડ વણવું.
Tit,(ટિટ્)*n*. A morsel; a bit:કકડો ટુકડો. 2. A woman (*used in contempt*):સ્ત્રી.*T.for tat*: અદલાનો બદલો;સાટાપાટી.
Titan,(ટિટન્)*n*. Mythological being: દાનવ; રાક્ષસ; દૈત્ય; અસુર.
Titbit,(ટિટ્બિટ્)*n* Same as **Tidbit**.: ખાવાના પદાર્થનો સુવાળો-મુલાયમ કકડો; સુગ્રાસ.
Tithe,(ટાઇધ્) *n*. A tenth; the tenth part of anything: દશાંશ;દશમો ભાગ.*a*.Tenth:દશમું.
Tithingman, (ટાઇધિન્ગ્મૅન્) *n*. A head borough; one elected to preside over the tithing:પ્રગણાનો અમલદાર 2.A peace officer: સુલેહનો અમલદાર.
Titillation, (ટિટિલેશન્) *n*. A tickling sensation:ગલીપચી.
Title,(ટાઇટલ્)*n*. [L.*titulus* an inscription.] An inscription put over or upon anything as a name by which it is known:જે નામથી કોઈ વસ્તુ ઓળખાતી હોય એવું કશાઉપર લખેલું નામ. 2.The inscription in the beginning of a book:નામ. 3. An appellation of dignity; distinction etc:ખિતાબ;પ્રતિષ્ઠાનામ;ઈલ્કાબ.4.A name:નામ; ઉપનામ;હક્ક;દાવો;ઘલાખો. *T deeds* (*Law*.) the muniments or evidences of ownership:દસ્તાવેજી પુરાવો.
Titled,(ટાઇટ્લ્ડ્)*a*.Having or bearing a title: ખિતાબ;ઇલ્કાબવાળું;ખિતાબી;ઇલ્કાબી.
Title-page,(ટાઇટલ્પેજ્)*n*.The page of a book which contains its title:મુખપૃષ્ઠ;મુખપત્ર.
Titter,(ટિટર્)*vi*.Tolaugh with restraint:ખીખી-હીહી,મનમાં ને મનમાં હસવું.*n*.A restrained laugh:ખીખી-મનમાં ને મનમાં હસવું.
Tittle,(ટિટલ્)*n*. A particle; a minute part; an iota:લેશ;અણું;બિંદુ;રજ;કણ;અણુમાત્ર.
Tittle-tattle, (ટિટલ્-ટૅટલ્) *n*. Idle, trifling talk;empty prattle:બકબકાટ; ખોટો લવારો.*vi*. To talk idly:બકબકવું;ખોટો લવારો ક૦.
Titular,(ટિટ્યૂલર્)*a*.Existing in title or name only:નામનું;નામ ધારી ઓઠાં-પૂતળાં જેવું.
Titulary, (ટિટ્યૂલૅરિ) *n*. A person invested with a title:ઈલ્કાબી;ખિતાબી;હોદ્દેદાર.*a*. Consisting in a title;titular:નામનું;નામધારી.2.Of or pertaining to a title:ખિતાબ-ઈલ્કાબ-સંબંધી.
To,(ટૂ) *Prep*, The preposition **to** indicates approach and arrival:પાસે;કને;સોડે;ને;એ;તરફ 2. *Hence*, it indicates motion, course, or tendency towards a time,a state or condition,an aim,etc:-માં;એ;ને;ઉપર;તરફ.As a sign of the infinitive:-વું;ને;વા;માં. 3. It denotes or implies,(*a*)Extent;limit;degree of comprehension:સુધી; લગી; પર્યંત. (*b*) Effect;end; consequence:(કોઈ અમુક રીતનો)પરિણામ નીકળતા સુધી-નીકળે એવી રીતે.(*c*)Comparison: જોતાં; ની સાથે સરખાવી જોતાં.(*f*)Addition:વધારામાં;વળી;સાથે (*g*)Accompaniment:સાથે.*T.& again* to and fro: આમ તેમ. *T. & fro*, forward & backward:આમ તેમ.*T.the face*, in front of: ની આગળ;સન્મુખ.*T.wit*,to know:જાણવું;તેએકે.
Toad,(ટોડ્)*n*.Any one of numerous species of batrachians:એક જાતનો મ્હોટો દેડકો;મેંડક;દુર્દુર.
Toad-eater,(ટોડ્ઇટર્)*n*.A mean sycophant; a flatterer;a toady: ખુશામતિયો;નીચ માણસ.
Toady,(ટોડિ) *n.pl.* **Toadies**. A mean flatterer: ખુશામતિયો. *vt*. To fawn upon with mean sycophancy:ની ખુશામત ક૦.
Toast,(ટોસ્ટ્) *vt*. [L.*tostum*, parched.] To dry and brown by the heat of a fire:દેવતા ઉપર પકવીને રાતીચોળ બનાવવી;સેકવું;ભૂંજવું 2.To name when a health is proposed to be drunk:નેનામે-તુંનામ દઈને દારૂનો પ્યાલો મોંએ માંડવો *n*.Bread dried and browned before a fire:સેકેલી રોટલી.
Tobbacco,(ટોબૅકો)*n*.An American plant of the nightshade family:તંબાકુનો છોડ-છોડવો. 2. The leaves of the plant prepared for smoking;chewing,etc:તંબાકુ;તમાકુ.
Tobacconist, (ટોબૅકોનિસ્ટ્) *n*. A dealer in tobacco: તંબાકુવાળો-વેચનાર. 2. A smoker of tobacco:તંબાકુપીનાર.
Tocsin,(ટોક્સિન્)*n*.An alarm bell,or the ringing of a bell for the purpose of alarm:(હુલ્લડ-વિપારંભ થવાની સૂચના આપવા રાખેલા) ઘંટનો અવાજ-રાખેલો ઘંટ-યુદ્ધ ઘંટ; યુદ્ધ ઘંટનાદ.
To-day,(ટૂ-ડે)*adv*. On this day;on the present day:આજ *n*.The present day:આજ.
Toddle,(ટોડલ્)*vi*.To walk with short,steps: ટુંકાં ટુંકાં પગલાં-ડગલાં ભરવાં-ભરીને ચાલવું. *n*. A todding walk:ટુંકાં ટુંકાં ભરેલાં પગલાં.
Toddy,(ટૉડિ)*n*.A juice drawn from various kinds of palms in the East Indies:તાડી.
Toe,(ટો)*n*.One of the terminal members or digits,of the foot of a man or an animal: પગનો અંગુઠો.*vt*.To touch or reach the toe; સુધી આવી પહોંચવું. *To t.in*: બે પગનાં આંગળાં

એક બીજા તરફ રહે એવી રીત્યે ચાલવું.

Toga,(ટોગે)*n.* [L. *tego*, I cover.] The loose outer garment of the ancient Romans: પ્રાચીન રોમન લોકોનું અંગવસ્ત્ર.

Together,(ટુગેધર્)*adv.* In company or association with respect to place or time: એકઠાં;ભેગાં.2. In or into union: સાથે; સંગાથે. *Together with*, in union with; along with:સાથે;એકઠું.

Toggery,(ટોગેરિ)*n.*Clothes:કપડાં;લુગડાં.

Toil,(ટોઇલ્)*n.*[L.*texo*, I weave.] A net or snare:જાળ.*vi.*To labor;to work:સખત.મહેનત કo;કામ કo.*vt.*To weary:ઘણું કામ કરવાથી.થાકી જવું.2.To labor;to work:મહેનત કo.*n.*Labor with pain and fatigue:સખતમહેનત; પરિશ્રમ.

Toilet,(ટોઇલેટ્) *n.* A covering of linen,or silk: શણ; રેશમ કે ભરતનું ઢાંકણ 2. A dressing table:કપડાં પહેરવાનું ટેબલ.3.Act or mode of dressing:શણગાર.T *glass*:શણગાર સજતી વખતે જોવાનું દર્પણ.*To make one's* t.,to dress one's self:શણગાર સજવો.

Toilsome,(ટોઇલ્સમ્)*a.*Laborious;wearisome: મહા-સખત મહેનતનું-કરવી પડે તેવું;કષ્ટસાધ્ય.

Token, (ટોકન્) *n.* A sigh;a symbol: નિશાની લક્ષણ. 2. A memorial of friendship;a momento;a souvenir:સંભારણમાં આપેલી કંઇવસ્તુ.

Tola,(ટોલે)*n.*A weight of British India:તોલો.

Tolerable, (ટોલરેબલ્) *a.* Capable of being borne or endured:ખમી-સહી શકાય એવું; સહ્ય 2 Passable:મધ્યમ; વચલા બાંધાનું-વડનું-ઠીકઠીક; માફકસર.

Tolerance,(ટોલરેન્સ્) *a.* The act of endurance:ખમવું-સહન કરવું તે;સહનતા.સહનશીલતા.

Tolerant,(ટોલરેન્ટ્) *a.* Favoring toleration; forbearing;indulgent:ખણખોદ નહિ તેવું.

Tolerate,(ટોલરેટ્)*vt* [L. *tollero*, I lift up.] Not to restrain:ખમ્યા-સાંખ્યા કo;છૂટી મૂકવી.

Toleration, (ટોલરેશન્) *n.* The allowance of that which is not wholly approved:ઉપેક્ષા;અનિષેધ;અપ્રતિબંધ.2. The allowance of religious opinions and modes of worship: સ્થાપિતધર્મથી વિરૂદ્ધ અથવા ઉલટો મત માનવા-પાળવા દેવો તે.

Toll,(ટોલ્)*vt.* To cause to sound, as a bell, with strokes slowly and uniformly repeated:ઘંટો વગાડવો.2.To strike, or to indicate by striking,as an hour:ઘંટો વગાડીને કલાક દર્શાવવો.*n.*The sound of a bell produced by strokes slowly and uniformly repeated: શોકનાદ-ઘંટ *n.* A tax paid for some liberty or privilege,particularly for the privilege of passing over a bridge or on a high way:પુલ ઉતરવા સરકારી રસ્તે થઇને જવા આદિ સારૂ બેસાડેલો કર;રાહદારી;ટોલ.

Toll-house,(ટોલ્-હાઉસ્)*n.*A house occupied by a receiver of tolls:કર લેવાની ચોકી;માંડવી.

Tomato,(ટોમેટો)*a.*The fruit of a plant of the Nightshade family: અમેરિકન રીંગણુ-વેંગણ.

Tomb, (ટૂમ્) *n.* [L. *tumulus*, a mound.] A grave;a sepulchre:ઘોર; કબર.2. A house or vault formed for the dead:હજીરો;કબર.

Tomboy,(ટોમ્બોઈ)*n* A romping girl;a holden: તોફાની-મસ્તાની છોડી-છોકરી.

Tomb-stone,(ટૂમસ્ટોન્) *n.* A stone erected over a grave: કબર;ચૈત્ય.

Tom-cat,(ટોમ્કૅટ્)*n.*A male cat:બિલાડો;માંજરો.

Tom-foolery,(ટૉમ્ ફૂલરિ)*n.*Folly; trifling:મૂર્ખાઇ;બેવકૂફી;મૂર્ખાઈ ભરેલું-નિરૂપયોગી કામ.

Tomorrow,(ટુમૉરો) *adv.* On the day after the present day;on the next day: કાલ.*n.* The day after the present:આવતી કાલનો દિવસ.

Tomtom,(ટોમ્ટોમ્)*n.*The Indian drum:ઢોલ.

Ton,(ટોન્) *n.* (*Com*) A measure of weight or quantity;the weight of twenty hundred-weight: છપન મણ;૨૨૪૦ શેર-રતલ;ટન.

Tone,(ટોન્)*n.*[L.*tonus*,a sound.] Sound or the character of a sound: અવાજ; ઘાંટો. 2. Modulation of the voice:અવાજની ઢબ.3. A whining style of speaking: કાઢેલો રાગ. 4. (*Mus*)(*a*)A sound considered as a pitch: સુર (*b*) The peculiar quality of sound in any voice or instrument:સુર; શબ્દ; કંઠ. 5. General prevailing character or style:એકંદર તરેહ-તાસીર ડોળ;સ્વરૂપ *vt.*To utter with an affected tone:રાગ કાઢવો;રાગ કાઢીને બોલવું. *To* t *down*. To give a lower tone to: સુર નીચે ઉતારવો.

Toneless,(ટોન્લેસ્)*a.* Unmusical: સુર વગરનું; બેસુર.

Tongs,(ટોન્ગ્ઝ્)*n.pl.*An instrument,consisting of two parts or long shafts, jointed together at or near one end: ચીમટો;ચીપિયો.

Tongue,(ટન્ગ્)*n.*[L.*lingua*.]An organ situated in the floor of the mouth or most vertebrates and connected with the hyoid arch:જીભ;જિહ્વા;રસના.2.A language: બોલી; જબાન;ભાષા. 3.(*a*) A projection or slender appendage or fixture of a balance:કાંટો;કાંટાની સળી.(*b*) A projection on the side, as of a board, which fits into a groove: ચીપ; કડી *To hold the* t ,to be silent: મૂંગાં-ચૂપ રહેવું.*On tip of the*-t.:હ્રવાગ્રે;ટેરવે.

Tongue-tied,(ટન્ગ્ટાઇડ્)*a.*Unable to speak freely,from whatever cause:જીભનું બંધ.

Tonic,(ટૉનિક્)*a.*Increasing strength:બોઅલ-

બળ વધારનારૂં.*n*.The medicine that increases the strength and gives vigor of action to the system:કૌવતનું ઓસડ;વાજીકર.

To-night,(ટૂનાઇટ્)*adv*. On this present or coming night:આજે રાતે.*n*. The present or the coming night:આજની રાત-રાત્રી.

Tonnage, (ટનેજ્) *n*. The weight of goods carried in a boat or a ship:કોઇ વહાણમાં જેટલો માલ ભરેલો હોય તે બધાનું એકંદર વજન.2.A duty or impost on vessels,estimated per ton:જકાત-કરનો દર;દસ્તુર.

Tonsil,(ટૉન્સિલ્)*n*.[L. *tonsillæ*]One of the two glandular organs situated in the throat:જીભના મૂળ આગળની ગાંઠ;ચોરીયો;અમૃતકળા.

Tonsure,(ટૉન્સ્યૂર્)*n*.[L.*tonsura*,a shearing] The act of clipping the hair or of shaving the crown of the head:વાળ ઉતારવા તે; હજામત;મુંડન. *The first* **t**.*of* a *Hindoo child* મુંડણ;ચૌલ.

Tontine,(ટૉન્ટાઇન્) *n*. [L. *tontina*]An annuity, with the benefit of survivorship: બારમાસે મળતું લવાજમ;સાલિયું;વર્ષાસન

Too,(ટૂ)*adv* Over; more than enough: (જોઇએ તેથી) વધારે;બહુજ.2.Also;in:તેની સાથે;વળી.

Took,(ટુક્)*imp*,of **Take**.:લીધું.

Tool,(ટૂલ)*n*.An instrument;an implement: ઓજાર;હથીયાર.2.Any instrument of use or service:હથિયાર;સાધન.3.A weapon: હથિયાર. 4. A person used as an instrument by another person:કબજાનો માણસ.

Tooth,(ટૂથ્)*n pl*.**Teeth**,[L. *dens, dentis*, a tooth.]One of the hard,bony appendages which are borne on the jaws:દાંત;દંત.2.Any projection corresponding to the tooth of an animal,in shape,position or office;(*of a comb*):દાંતો.3 (*a*) A projecting member resembling a tenon: દાંતો; ધાર. *In spite of the teeth*,in defiance of opposition:દરેક યત્નની સામે વિરૂદ્ધ.*In the teeth*,directly;in front: રૂબરૂ;નજર આગળ;સામે;અનાદર કરીને.*To cast in the teeth*,to retort reproachfully:મ્હેણું મારવું.**T**.*and nail*,with one's utmost power:મહામેહેનતથી.*To show the teeth*, to threaten: બીવડાવવું.*Wisdom* **t** :અક્કલદાઢ.*To clean the* **t**. દાતણ કo.*To grind or gnash the* **t** :દાંત પીસવા.

Tooth-ache,(ટૂથ્એક્)*n*.Pain in a tooth or in the teeth;odontalgia:દાંતમાં થતું દરદ;દંતવેદના.

Tooth-brush,(ટૂથ્બ્રશ્)*n*.A brush for cleaning the teeth:દાંત સાફ કરવાનો કુચડો.

Toothless,(ટૂથ્લેસ્)*a*.Having no teeth:બોખું.

Tooth-powder,(ટૂથ્પાઉડર્)*n*. A powder for cleaning the teeth;a dentifrice:દાંતનું મંજન.

Top,(ટૉપ્) *n*. A boy's toy: ભમરડો. *n*. The highest part of anything; summit:મથાળું; ટોચ;શિખર.2 The utmost degree:સીમા;અવધી 3 The highest rank;the most honorable position:મોટો દરજ્જો.*vt*.To cover on the top; to tip;to cap:ને મથાળે મૂકવું;-નું મથાળું ઢાંકવું.

Topaz,(ટૉપેઝ્)*n*.[L *topazon*,a kind of precious stone.]A mineral occurring in rhombic prisms: પોખરાજ;પુષ્પરાજ;પુષ્પરાગ.

Tope,(ટૉપ્)*n*. A groove or clump of trees: ઝાડી;ઝાડોની ઘટા.

Toper,(ટૉપર્)*n*.A drunkard;a sot:દારૂડિયો.

Topful,(ટૉપ્ફુલ્) *a*. Full to the top or brim; brimful:કાંઠા-કાંના સુધી ભરેલું;ઠોઠાઠ ભરેલું.

Top-heavy,(ટૉપ્હેવિ) *a*. Having the top or upper part too heavy: ઉપરથી ભારે.

Tophet, (ટૉફેટ્) *n*. A place lying east or southeast of Jerusalem:નરક;દોઝખ.

Topic,(ટૉપિક્) *n*. [L. *topica*, the title of a work of Aristotle.]*pl*. An argument or reason:તકરાર.2.A matter;a head:વિષય;પ્રકરણ. *a* Topical: સ્થાનિક;અમુક વિશેષ ઠેકાણા-જગ્યાનું.

Top-knot, (ટૉપ્ નૉટ્) *n*. A crest of a bird: કલગી;અંબોડો;તોરો.

Top-mast,(ટૉપ્-મૅસ્ટ્)*n*.The second mast or that which is next above the lower mast: વહાણના તળીઆના ડોલપરનો કુવો.

Top-most,(ટૉપ્-મૉસ્ટ્)*a*.Highest;uppermost: સૌથી ઉંચું;ઉંચામાં ઉંચું;સર્વોત્કૃષ્ટ.

Topography,(ટૉપૉગ્રૅફિ)*n*. The description of a particular place, city, town, manor, of land:અમુક જગ્યાનું સવિસ્તર બયાન.

Top-sail, (ટૉપ્સેલ્) *n*. The sail next above lowermost sail on a mast: છેક તળીઆના કુવાપરના ડોલપર ચઢાવેલો સઢ.

Topsy-turvy,(ટૉપ્સિ-ટર્વિ)*adv*. In an invert posture;upside down:તળે ઉપર; ઉલટું સુલટું.

Torch,(ટૉર્ચ્)*n*.A large candle:કાકડો;મશાલ.

Torch-bearer, (ટૉર્ચ્બેરર્) *n*.One whose office it is to carry a torch:મશાલચી.

Torment,(ટૉર્મેન્ટ્)*n*. [L. *torqueo*, I twist.] 2.Extreme pain:દુઃખ; સંતાપ.*vt*. To put to extreme pain or anguish:અતિવેદના-પીડાથી દમવું.

Tormenter-or,(ટૉર્મેન્ટર્-ટૅર્)*n*. One who or that which torments:દુઃખ-વેદના કરનાર.

Torpedo,(ટૉર્પિડો) *n*.[L. *torpeo*, I am stiff or numb.]An engine for destroying ships by blowing them up:વહાણો નાશ કરવાનું યંત્ર. 2.A kind of shell or cartridge buried in the earth:જમીનમાં દાટેલો ગરમ ભાંડનો ગોળો.*vt*. To destroy by, or subject to the action of, a torpedo:'ટૉર્પિડો'નામના યંત્રથી વહાણોનો

નારા કo.

Torpid,(ટૉર્પિડ્) *a* Numb; benumbed: બહેર મારી ગયેલું;બેશુદ્ધ;બધિર;શૂન્ય;મુડદાલ;સુપ્ત.

Torpidity-Torpor,(ટૉર્પિડિટિ-ટૉર્પૉર્)Numbness;inactivity:સુપ્તિ;બહેરાપણું;જડતા.

Torrefy, (ટૉરીફાઇ) *vt.* [L. *torreo,* I parch & *fy.*]To dry by a fire: ભુંજવું;શેકવું.

Torrent,(ટૉરેન્ટ્)*n.*[L.*torrens,* burning.] A violent stream suddenly raised and running rapidly: નદીનો ઉછાટો પ્રવાહ. 2. A violent flood:પ્રવાહ;વેગ.

Torrid,(ટૉરિડ્)*a.*[L. *torreo,* I parch.] Parched with heat:બળી જવાય એવું;વધારે ગરમ.

Torrid-zone, (ટૉરિડ્ઝોન્) *n.* That space or broad belt of the earth, over which the sun is vertical at some period:ઉષ્ણકટિબંધ.

Tort,(ટૉર્ટ્)*n.*[L.*tortus,* twisted.] Mischief: નુકશાન;ઈજા.2.Any civil wrong: નુકશાની. *a.* Stretched tight:મજબૂત ખેંચેલું.

Tortious, (ટૉર્શસ્) *a.* Injurious; wrongful: ઇજાકારક;નુકશાન ભરેલું.

Tortoise,(ટૉર્ટોઇસ્) *n.* [L. *tortus,* twisted.] Any species of reptiles:કાચબો;કૂર્મ.

Tortuous,(ટૉર્ચ્યૂઅસ્)*a* [L.*torqueo,*I twist.] Writhed;twisted;winding: વાંકુંચૂંકું; વાંકઆમળાવાળું.

Torture,(ટૉર્ટ્યૂર) *n.* [L. *torqueo,*I twist.] Extreme pain;pang: અસહ્ય વેદના; ઘણું દુઃખ. *vt.*To put to torture: અસહ્ય વેદના થાય તેમ કo.2.To punish with torture: દુઃખ દેવાનાં ઓજાર લગાડી રીબાવવું. 3. To wrest from the proper meaning:અવળો અર્થ કo.

Tory,(ટૉરિ)*n.*A member of the conservative party:રાજાના પક્ષનો માણસ;રાજપક્ષકાર.

Toss,(ટૉસ્)*vt.*To throw with the hand;*esp,* to throw upward:ઉછાળવું;ઉંચું ફેંકવું.2.To lift or throw up with a sudden or violent motion:એકદમ ઉંચું કo-કરી દેવું.3.To cause to rise and fall:ઉંચું જાય અને પાછું નીચું પડે તેમ કo.*To t.off,*to drink hastily:એકદમ-એકજ ઘુંટડે પીવું. *vi.* To roll and tumble: આમતેમ ગબડવું. 2. To be tossed (*as a fleet on the ocean*):હાલકડોલક થવું.*To t.up,* to throw a coin in the air,and wager on which side it will fall:છાપે કે કાંટે રમવું.*n.*A throwing upward, as with a jerk:ફેંકવું-નાંખવું તે.

Toss-pot,(ટૉસ-પૉટ્)*n.*A drunkard:દારૂડિયો.

Total,(ટૉટલ્)*a.* [L.*totus,*all,whole.] Whole; entire:કુલ;પૂર્ણ.*n.*The whole;the whole sum or amount:કુલ સરવાળો;જમા; જુમલો; સમગ્રતા. *vt.* સરવાળો કo.

Totally,(ટૉટલિ)*adv.*Wholly;entirely:બધું.

Totter,(ટૉટર્) *vi.* To vascillate;to stagger: લથડવું;લથડિયાં ખાતા ખાતા ચાલવું.

Touch, (ટચ્) *vt.* To come in contact with: અડકવું;અડવું.2. To perceive by the sense of feeling:સ્પર્શેન્દ્રિયથી લાગવું-જાણવું. 3 To speak of,or deal with; to treat of -નું નામ લેવું. 4. To move; to melt:-નું હૃદય પલળે-પીગળે તેમ કo 5.To mark or delineate with touches: ઉપર કલમ-હાથ ફેરવવો.6.To make an impression upon:-ના ઉપર અસર કo. *vi.* To be in contact:અડવું;અડકવું;-નો સ્પર્શ થવો.2.To take effect:અસર થવી-લાગવી;લાગુ થવું-પર અસર કo.3. To treat anything in discourse:-ને અડકવું-હાથમાં ઝાલવું;-ની વાત કાઢવી;-નું નામ લેવું.*To t at,* to come or go to,without tarrying:(વહાણ) રાખવું;થોભવું;-એ બંદર કo.*n.*Contact:અડકવું તે. 2. Act or power of exciting emotion:લાગણી-ભાવ ઉત્પન્ન કરવો તે.3.A single stroke on a drawing or a picture:(ફેરવેલો) હાથ; કલમ; 4. (*a*) The act of the hand on a musical instrument:વગાડવું બજાવવું તે;બજાવણી. (*b*)*pl.* Musical notes:રાગ;સુર *To be in* t.,to be in contact,or in sympathy:-ના સંસર્ગમાં હોવું;-ની દયા-લાગણી થવી.*To keep* t.,(*a*) to be true to a promise:વચન પાળવું.T. *and go,*a phrase descriptive of narrow escape: મરતાં મરતાં બચવું તે.

Touch-hole,(ટચ્હોલ્)*n.*The vent of a cannon or other firearm,by which fire is communicated to the powder of the charge: રંજક મૂકવાનો છેદ;કાન.

Touching,(ટચિંગ્) *n.* Affecting; moving; pathetic:ગદ્ગદિત કરે તેવું;હૃદય-મન પીગાળી નાંખે એવું.*Pron.*Concerning;with respect to:સંબંધી;લગતું.

Touchstone, (ટચ્-સ્ટોન્) *n.* Lydian stone; [basanite:કસોટી.

Touch-wood,(ટચ્-વુડ્)*n.* Wood so decayed as to serve for tinder:મોરવણ;ચેતવણ.

Tough,(ટફ્) *a* Yielding to force without breaking:ચિકણું. 2 Able to endure hardship;firm;strong:ચિકમડ;ચિવટ; મજબૂત;દૃઢ.

Tour,(ટુર્)*n.* A journey in a circuit:પર્યટન; દેશાટન;સફર.*vi.*To make a tour:મુસાફરી કo.

Tourist,(ટુરિસ્ટ્)*n.*One who makes a tour or performs a journey in a circuit:પ્રવાસી.

Tournament, (ટુર્નમેન્ટ્) *n.* A mock fight or warlike game;અમથી અમથી લઢાઇ.

Tow,(ટો)*n.* The coarse and broken part of flax or hemp,separated from the finer part by the hatchet or swingle:પંજેટાથી ગાંઠાગાંઠાવાળું રહેલું શણ. *vt.* To draw through the water: વહાણને દોરડેવતી પાણીમાં ઘસડી લઇ જવું.

n. A rope by which anything is towed:કંઈ પણ ચીજ ખેંચી લઇ જવાનો દોર.

Toward-Towards,(ટૉઅર્ડ્-ટૉઅર્ડ્ઝ)*Prep.* In the direction of;to:ની તરફ;સામું.2.With respect or reference to:ની તરફ; પ્રતિ.3. Near about:પાસે;નજીક *adv.*Near;at hand:લગભગ;પાસે

Toward,(ટૉઅર્ડ્) *a.* Approaching: પાસે જતું. 2.Forward:બહાદુર;આગળ પડનાર.3.Apt:લાયક.

Towel,(ટાઉએલ્)*n.*A cloth used for wiping: અંગૂછો;ટુવાલ;રૂમાલ.

Tower,(ટાઉઅર્)*n* [L. *turris.*](*a*)A mass of building standing alone and insulated: મીનારો.(*b*)A projection from a line of wall: બુરજ.2.A citadel: કિલ્લો. *vt.* To be lofty or very high:ઘણું ઉંચા-ઉંચે હોવું.*Hence*,to soar: ઉંચે હવામાં ઉડવું. [ed:ઘણુંજ ઉંચું;પ્રૌઢ;ઉન્નત.

Towering,(ટાઉઅરિન્ગ્)*a.*Very high;elevat-

Town,(ટાઉન્)*n* Any collection of house larger than a village and not incorporated as a city:મ્હોટો કસ્બો;શહેર.2.The metropolis or its inhabitants:રાજધાની અથવા નગરના લોકો રહેવાશીઓ.**T.***talk*:લોકવાર્તા;ગામગપાટા.

Town-hall,(ટાઉનહોલ્) *n.* A public hall or building,belonging to a town:શેહેરના લોકને એકઠા મળી વિચાર કરવાની જગા.

Towns-folk,(ટાઉન્સ્ ફોક્)*n.*The people of a town:શેહેર નગરના રહેનારા;નગરવાસીઓ;શેહેરીઓ

Toy,(ટૉય્) *n.* A plaything for children; a bawble: રમકડું. *vi.* To trifle; to play: રમવું.

To-year,(ટુ-યીર્)*adv.*This year:આ વર્ષે-સાલે.

Trace,(ટ્રેસ્)*n.*A track: પત્તો;પગલું. 2. Remains:નીશાની નામ. *vt.* To mark out; to draw or delineate with marks: નીશાની ક૦. આળેખવું.2 To follow by footsteps: ને પગલે પગલે ચાલ્યાં જવું. 3.To copy;to imitate:આભાસ ઉપરથી ચીતરવું. [શ્વાસ નળિ-નલિકા;શ્વાસ-પ્રાણમાર્ગ.

Trachea,(ટ્રેકિઅ)*n.* [L.*trchia.*]A windpipe:

Tracing, (ટ્રેસિન્ગ્) *n.* The act of one who traces: આભાસ ઉપરથી ચીતરવું તે. 2. Regular path or track:હમેશાં જવા આવવાનો રસ્તો.

Track, (ટ્રેક્) *n.* A mark left by something that has passed along:કોઇના જવાથી પડી રહેલી નિશાની.(*as of a wheel*):ચીલો;પગથી. 2 Trace: પગલું;ડગલું.3.A beaten path:રસ્તો; પગવાટ.*vt.* To follow the tracks or traces of:પગલાં ઉપર થઇને જવું.

Trackless,(ટ્રેકલેસ્)*a.* Untrodden: જ્યાં કોઇનું પગલું નહિ ફરેલું-પડેલું એવું;ઉજ્જડ.

Tract,(ટ્રેક્ટ્) *n.* A written discourse or dissertation,generally of short extent:નિબંધ. *n.*[L.*traho*,I draw.]A region or quantity of land or water,of indefinite extent:જમીન કે પાણીનો ગમે તેવડો ભાગ;પ્રદેશ.2.The footprint of a wild beast: કોઇ જંગલી પ્રાણી-પશુનું પગલું. 3.Track;trace:નામઠામ;પગલું.

Tractability,(ટ્રેક્ટૅબિલિટિ)*n.*Docility;tractableness:જેમ કહે તેમ કરે એવો ગુણ; કહ્યાગરાપણું.

Tractable,(ટ્રેક્ટેબલ્)*a.*Docile; manageable: governable:કહ્યાગરું;વશવર્તી;હુકમબરદાર;હુકમી.

Traction,(ટ્રેકશન્)*n.*[L *traho,* I draw.] The act of drawing,or the state of being drawn: ખેંચવું-ખેંચાવું તે;આકર્ષણ.

Trade,(ટ્રેડ્)*n Specif,* Commerce; traffic:વેપાર;આપ લે;વ્યાપાર.**T.***comprehensively*: વેપાર વણજ 2.Occupation:કસબ;ધંધો 3 *pl.*The trade winds:ઇશાન કોણનો વા;વ્યાપારને અનુકૂળ પવન.*vi.* To barter,or to buy and sell: આપ લે-વેપાર વેચાણ ક૦. 2. To buy and sell or exchange property in a single instance: વેચવું.*vt* To sell or exchange in commerce; to barter: નો વેપાર ક૦.

Trade-mark,(ટ્રેડ્-માંર્ક્)*n.*A peculiar distinguishing mark affixed by a munufacturer to his goods:વેપારની નિશાની.

Trader, (ટ્રેડર્)*n.* A merchant;a trafficker: વેપાર કરનાર ચલાવનાર;વેપારી.2.A vessel engaged in the coasting or foreign trade:પારકા દેશો સાથે વેપાર કરવામાં કામે લગાડેલું વહાણ;બારકસ.

Tradesman,(ટ્રેડ્ઝ્મેન્)*n.pl.* **Tradesmen,** One who trades,a shopkeeper:વેપારી.

Trade-wind,(ટ્રેડ્-ઉવિન્ડ્)*n.* A wind in the torrid zone, and often a little beyond it, which blows from the same quarter throughout the year,except when affected by local causes: વહાણવટીઓનો કામનો થઇ પડે છે તે ઈશાનકોણનો વા;વ્યાપારાનુકૂલ વાયુ.

Tradition, (ટ્રેડિશન્) *n.* [*trado,* I give up] The transimission of any knowledge, opinions or practice without written memorials: લેખી પુરાવાથી નહિ પણ મોંની વાતથી કોઇ જ્ઞાન,વિચાર કે રૂઢિનો પરંપરાગત ઉતાર;સંપ્રદાય. 2. વડવાઓથી સાંભળેલી-પરંપરાથી ચાલી આવેલી વાત; દંત-કથા.

Traditional-nary, (ટ્રેડિશનૅલ્નૅરિ) *a.* Of or pertaining to tradition,transmitted from age to age without writing:દંતકથાસંબંધી.

Traduce,(ટ્રેડ્યૂસ્)*vt.*[L.*trans*,across& *duco* I lead.]To transfer:બદલવું.2.To translate from one language into another:એક ભાષામાંથી બીજીમાં તરજુમો ક૦.3.To exhibit:બતાવવું.

Traffic,(ટ્રેફિક્)*vi.*[L.*trans*,across and *faceo,* I make.] To buy or sell goods:વેપાર ક૦. 2. To trade meanly or mercenarily:પૈસા માટે કામ-ધંધો ક૦.*vt.*To exchange in traffic:વેચવું

સાટવું. *n.* Interchange of goods and commodities:વેપાર.2.The business done upon a railroad,steamboat line etc:ઉતારૂ તથા માલગાડી બાબતનું કામ.

Trafficker,(ટ્રેફિકર્)*n.* A trader:વેપારી.

Tragedian,(ટ્રજીડિઅન્)*n.* A writer of tragedy:કરૂણારસ ઉત્પન્ન કરે એવો નાટક કરનાર.

Tragedy,(ટ્રૅજીડિ)*n* [Gr.*tragos*,a goat & *ode*, a song.] A dramatic poem, composed in an elevated style:કરૂણારસ પ્રધાન નાટક 2. A fatal and mournful event:જેમાંન કરવા જેવો કોઈએ ગજબ કરવાથી માણસોના જીવ ગયા હોય એવી વાત

Tragic cal.(ટ્રજિક્ કલ્) *a.* Of or pertaining to tragedy:કરૂણારસ સંબંધી.2.Fatal to life: જીંદગીને નુકશાન કરે એવું.2.Expressing sorrow શોકાતુર.

Trail,(ટ્રેલ્)*vt.* [L. *traha*,a drag.] To hunt by the track:-ને પગલે પગલે જઈને તેને શોધી કાઢીને શિકાર ક૦ 2.To tread down the grass, by walking through it:ઘાસમાં ચાલીને તેને ચગદી નાંખવું. *n.* A scent left of the ground by the animal pursued:શીકાર કરવાની પશુની રહી ગયેલી ગંધ.2. Anything drawn behind in long undulations; a rein:લટ;સેર.

Train,(ટ્રેન્)*vt.* [L. *traho*,I draw.]To teach and form by practice;to educate; to discipline:-ને શિક્ષણ આપવું;કેળવવું; શિખવવું;ને તરબિયત આપવી.(*as soldiers*:)કવાયત કરતાં શિખવવું. *To* **t.**, or *to* **t.** *up* to educate; to teach: શિખવવું; શિખવીને તૈયાર ક૦. *vi.* To be drilled in military exercises: કવાયત શિખવી;તાલીમ લેવી.2 (*a*)That part of a gown which trails behind the wearer:ચાળ;ઝુલ;દામણ;છેડો. 3.A number of followers:અનુયાયી વર્ગ;રસાલો;ખટલો. 4. A succession of connected things; a series:માલા:હાર;પરંપરા.**T.***of artillery*:તોપખાનું.

Trainer,(ટ્રેનર્) *n.* One who trains; an instructor: શિખવનાર; કેળવનાર.

Training,(ટ્રેનિન્ગ્) *n.* The act of one who trains;education:કેળવણી;કવાયત;શિક્ષા શિક્ષણ.

Trait,(ટ્રેટ્) *n.* [L. *traho*, I draw] A peculiarity:વિશેષ ગુણ-લક્ષણ; ચિન્હ; ખોડ. *Bad* **t.**: કુલક્ષણ;દુર્લક્ષણ. *Good* **t**:સુલક્ષણ.

Traitor,(ટ્રેટર્)*n.* [L. *trado*,I deliver.]One who violates his allegiance and betrays his country; one guilty of treason:રાજદ્રોહી;ફિતુરી;બંડખોર; દેશશત્રુ.

Traitorous, (ટ્રેટરસ્) *a.* Guilty of treason; treacherous:faithless:રાજ-દેશ દ્રોહી.

Tralation,(ટ્રેલેશન)*n.*[L. *tralatio.*]A metaphor;a trope:શબ્દના ઉપયોગ વાપરવામાં ફેરફાર.

Trammel,(ટ્રેમેલ્)*n.*[L.*tres*,three&*macula*, a mesh]A kind of net for catching fishes birds,&c.:માછલીઓ, પક્ષીઓ પકડવાની એક જાતની જાળ. 2. A kind of shackle:બેડી; પાશ; બંધન. *vt.*To entangle,as in a net;to catch:જાળમાં પકડવું. 2. To confine;to shackle:પુરવું; ગોંધવું;બેડી ઘાલવી.

Tramontane,(ટ્રૅમૉન્ટેન્)*a.*[L *trans*,beyond &*mons*,mountain]Lying or being beyond the mountains:પહાડ-મ્હોટા ડુંગરની પેલી તરફનું Hence,foreign;barbarous:પારકા દેશનું;પરદેશી *n.*One living beyond the mountains: પર્વતોની પેલી તરફ રહેનાર માણસ.

Tramp, (ટ્રૅમ્પ્) *vt.* To tread upon forcibly and repeatedly:પગથી ખુંદવું.2.To travel or wanderthrough:-માં થઈને મુસાફરી ક૦. 3. To cleanse as clothes, by treading upon in water:કપડાં ઉપર પાણી છાંટીને તેમને પગેવતી દબાવીને સાફ ક૦.*n.* The sound of the foot,or of feet, on the earth: જમીન ઉપર ચાલતી વખતે પગનો થતો થબકારો.

Trample,(ટ્રૅમ્પલ્) *vt.* To tread under foot: પગતળે ચગદી નાંખવું.*n.*The act of trampling under foot:મર્દન;સમ્મર્દન.

Tram-road-way,(ટ્રમરૉડ્વે) *n.* A road proposed for easy transit of trams or wagons, by forming the wheel tracks of smooth beams of wood,blocks of stone,or plates of iron:રાહદારી રસ્તાપર લોઢાના પાટાની નાંખેલી સડક.

Trance,(ટ્રૅન્સ) *n.* [L. *trans* & *eo*, I go.] A state in which the soul seems to have passed out of the body into another state of being or to be rapt into visions; an ecstacy:એકાગ્રચિત્ત; સમાધિ.*vt.*To entrance: સમાધિમાં નાંખવું.

Tranquil,(ટ્રૅન્ક્વિલ્) *a.*[L. *trans* & *quietus*, quiet.]Quiet;calm;peaceful:સ્વસ્થ;શાંત;સ્થિર

Tranquillity (ટ્રૅન્કિવલિટિ) *n.* Calmness; composure:સ્થિરતા;સ્વસ્થતા;શાંતિ;ટાઢક.

Tranquillize, (ટ્રૅન્કિવલાઇઝ્) *vt.* To render tranquil-peaceful: શાંત-ઠંડું-સ્થિર-સ્વસ્થ અવ્યગ્ર ક૦.

Transact,(ટ્રૅન્સૅક્ટ્)*vt.* To do; to perform;to manage: વહીવટ ક૦.To conduct matters:કામ ક૦;ચલાવવું

Transaction,(ટ્રૅન્સૅક્શન્)*n.*[L *trans* & *ago*, I drive.]Management of any affair; performance:વહિવટ.2.That which is done;an affair;કામકાજ;કામ;મામલો;બનાવ; કિસ્સો.

Transactor,(ટ્રૅન્સૅક્ટૉર્)*n.*One who performs, any business:વહિવટ કરનાર.વ્યવહાર ચલાવનાર.

Transatlantic, (ટ્રૅન્સ્-ઍટ્લૅન્ટિક્)*a.*Lying or being beyond the Atlantic Ocean:આટલાં-

ટિક મહાસાગરની પેલી તરફનું.

Transcend,(ટ્રેન્સેન્ડ્)*vt* [L.*trans* &*scando*, I climb.] To rise above: ઉંચે ચઢવું. 2. To pass over;to exceed:ની પેલી તરફ-ને ઓળંગીને જવું.3.To surpass:-ના કરતાં ચઢિયાતા-વધારે સારા હોવું*vi*.To climb;to mount:ઉપર ચઢવું.

Transcendent-al,.(ટ્રેન્સેન્ડેન્ટ્ લ્)*a*. Very excellent:ઘણુંજ ઉત્તમ-શ્રેષ્ઠ.બીજા કરતાં ચઢિયાતું. 2.Transcending,or reaching beyond the limits of human knowledge:મનુષ્યની અક્કલમાં ન આવે એવું;અનુભવાતીત

Transcribe,(ટ્રેન્સ્ક્રાઇબ્)*vt*.[L.*trans*&*scribo*, I write.]To write over again:નો ઉતારો ક૦.

Transcriber.(ટ્રેન્સ્ક્રાઇબર્)*n* One who writes from a copy:લહીયો ઉતારો કરનાર.

Transcription, (ટ્રેન્સ્ક્રિપ્શન્) *n*. The act or process of transcribing:ઉતારો-નકલ ક૦ તે. 2 A copy;a transcript:નકલ;ઉતારો;પ્રત;પ્રતિલેખ.

Transfer, (ટ્રેન્સ્ફર્) *vt*. [L *trans* & *ferro*, I bear.]To convey from one place or person to another: સ્થાનાંતર ક૦; એક જગોએથી માણસ પાસેથી બીજી જગોએ-બીજા માણસ પાસે લઈ જવું. મોકલવું.2.To make over the possession or control of;to pass:બીજાને આપવું;ને સ્વાધીન-ના હવાલામાં આપવું.*n*. The act of transferring or the state of being transferred: એક જગોએથી બીજીએ લાવવું તે;બદલી;ફેરફારી;સ્થલાંતર.2. The conveyance of right, title, or property, either real or personal: પરહસ્તદાન. 2.That which is transferred,as a picture, drawing or writing, a soldier from one troop to another etc:ઉતારેલું લખાણ.

Transferable, (ટ્રેન્સ્ફરેબલ્) *a*. Capable of being transferred or conveyed from one place or person to another:એક જગોએથી બીજી જગોએ મોકલાય એવું;બીજાના નામપર ચઢાવાય એવું.

Transferee,(ટ્રેન્સ્ફરી)*n*.The person to whom a transfer is made:જે માણસના નામ ઉપર ચઢાવ્યું હોય તે.

Transference,(ટ્રેન્સ્ફરેન્સ્)*n*.The act of transferring;transfer:ફેરફાર;બદલી.

Transfiguration, (ટ્રેન્સ્ફિગ્યૂરેશન્) *n*. A change of form or appearance:આકાર અથવા રૂપમાં ફેરફાર;રૂપાંતર.

Transfigure,(ટ્રેન્સ્ફિગ્યૂર્) *vt*. [L. *trans* & *figura*, figure.] To change the outward form;to transform:-નું રૂપ બદલવું.

Transfix,(ટ્રેન્સ્ફિક્સ્)*vt*. [L. *trans* & *figo*, I fix.] To pierce through: વિંધવું;જડી દેવું.

Transform,(ટ્રેન્સ્ફૉર્મ્)*vt* [L.*trans* & *formo*, I form] To change the form of,to metamorphose:નું સ્વરૂપ બદલવું.2. To transmute; ફેરવવું;બદલવું;રૂપાંતર ક૦.3.To convert: સ્વભાવ, અન્તઃકરણ-વિગેરેમાં ફેરફાર ક૦. *vi*. To be changed in form:નું રૂપાંતર થવું.

Transformation,(ટ્રેન્સ્ફૉર્મેશન્) *n*. (*a*) Any change in an organism:આકારભેદ; રૂપાંતર;દેહાંતર. (*b*) Transmutation: એક ધાતુ બદલાઈને બીજી ધાતુ થઇ જવી તે;દ્રવ્યવિશેષ વિકાર.(*c*)A change in disposition,heart,character,or the like;conversion:નાસ્તિકના આસ્તિક થવું તે.

Transfuse,(ટ્રેન્સ્ફ્યૂઝ્)*vt*.[L.*trans* & *fundo*, I pour.]To pour,as liquid; to transfer by pouring: રેડવું;-માં નાંખવું. 2. To transfer,as blood,from the veins of one man or animal to those of another:એક પ્રાણીની રગમાંનું લોહી બીજા પ્રાણીની રગમાં લાવવું.

Transgress,(ટ્રેન્સ્ગ્રેસ્)*vt*. [L. *trans* & *gradior*,I go.]To break or violate, as a law, civil or moral:નું ઉલંઘન ક૦; અતિક્રમણ ક૦.2. To offend against;to vex:ચીડવવું.*vi*.To offend against the law:હુકમ તોડવો;આજ્ઞા લોપવી.

Transgression, (ટ્રેન્સ્ગ્રેશન્) *n*. Breach of command:ઉલંઘન;ભંગ;આજ્ઞાલોપ;ગુન્હો.

Transgressor,(ટ્રેન્સ્ગ્રેસર્) *n*. One who violates any known rule or principle of rectitude:આજ્ઞા તોડનાર;હુકમ નહિ માનનાર.

Tranship,(ટ્રેન્શિપ્)*vt*.Same as **Transship.** એક વહાણથી બીજા વહાણમાં મૂકવું;વહાણાંતર ક૦.

Transient,(ટ્રેન્શિએન્ટ્)*a* [L.*transitum*, passed over.] Fleeting; transitory: ક્ષણભંગુર; અનિત્ય;ક્ષણિક.ઝાંખું;આભાસરૂપ;જેવુંતેવું 3. Staying for a short time:થોડા વખત સુધીરહેનાર;ઘડીનું

Transit,(ટ્રેન્સિટ્)*n*.[L. *transeo*, I go over.] The act of passing;passage through or over અવસ્થાંતર;સંક્રાંતિ.2.Conveyance:લઈ જવું-આવવું તે.3.A line or route of passage or conveyance: માર્ગ; રસ્તો. *vt*. To pass over the disk (*as a heavenly body*):સંક્રમણ ક૦.

Transit-duty,(ટ્રેન્સિટ્-ડ્યૂટિ)*n*. A duty paid on goods that passed through a country: દાણ-જકાત-મ્હેસુલ;ચોકીદાણ;રાહદારી;રાહદારી જકાત.

Transition,(ટ્રેન્સિઝન્)*n*.Passage from one place or state to another; change: સ્થલાંતર ગમન;ફેરફાર.2.Change from one form to another:એક આકારમાંથી બીજામાં જવું-બદલાવું તે.

Transitive,(ટ્રેન્સિટિવ્) *a*. Passing over to an object:સકર્મક.

Transitory,(ટ્રેન્સિટૉરિ)*a*. Fleeting; evanescent;brief;transient:અસ્થાયી;ક્ષણિક;ક્ષણભંગુર

Translate,(ટ્રેન્સ્લેટ્)*vt*.[L.*trans* & *latus*,carried.] To remove from one place to another;to transfer(*as a tree*):એક જગા-ઠેકાણેથી કાઢીને ઉઠાવીને-ઉપાડીને બીજીએ લઈ જવું.2.To re-

move to heaven without a natural death: મનુષ્ય દેહે સ્વર્ગે લઇ જવું-તેડવું;શમશરીરે લોકાંતરે લઇ જવું 3 (*a*)To render into another language to interpret:-નો તરજુમો-ભાષાંતર કo. *vi.* To a translation:તરજુમો-ભાષાંતર કo.

Translation, (ટ્રૅન્સ્લેશન) *n.* The act of translating or removing;removal: સ્થલાંતર વહન કરવું; બદલી; સ્થાનાંતરકરણ. 2. The act of rendering into another language; interpretation:ભાષાંતર-તરજુમો કરવો તે.3. A version:તરજુમો-ભાષાંતર.

Translator, (ટ્રૅન્સ્લેટર) *n.* One who translates, *esp,* one who renders into another language:ભાષાન્તર કર્તા;ભાષાન્તરકાર;તરજુમો કરનાર.

Translucent,(ટ્રૅન્સ્લ્યુસેન્ટ્) *a.* [L. *trans* & *luceo,*I shine.]Partially transparent:અર્ધ પારદર્શક;સ્વચ્છ;નિર્મળ;નિતર્યું;ચોખ્ખુ.

Transmigrate,(ટ્રૅન્સ્મિગ્રેટ્)*vi.*[L. *trans* & *migro,*I migrate.]To migrate: બીજી હદમાં-બીજા દેશમાં દેશાંતર જઇ વસવું 2. To pass from one body or condition into another (*as souls*):ખોળિયું બદલવું;પુનર્જન્મ લેવો-ધરવો;જન્માંતર થવો;બીજા જન્મમાં જવું;દેહાંતર કo.

Waver,(વેવર્)*vi*.To play or move to and fro;to reel;to swing: આમતેમ હાલવું;ડોલવું. 2. To vacillate; to fluctuate:-માં ઢચુપચું થવું, આનાકાની ક૦;ડગવું;ચળી જવું.

Wavering,(વેવરિંગ્)*a*. Unsteady; unsettled:અસ્થિર;અદૃઢ;ઢચુપચું;અનિશ્ચિત. 2. Moving to and fro:આમતેમ હાલતું-ડોલતું.

Wax,(વૅક્સ્) *vi*. To increase in size: કદમાં વધવું; મોટું થવું *n*. A fatty solid substance produced by bees and employed by them in the construction of their comb:મીણ 2. Cerumen or earwax:કાનનો મેલ. **W** *light*, a candle or taper of wax:મીણબત્તિ; મોમબત્તિ. *vt* To smear or rub with wax:મીણ પાવું;પર મીણ ચોપડવું.

Waxed-cloth,(વૅક્સ્ડ્-ક્લૉથ્)*n*. A cloth covered with a coating of wax:મીણીયું.

Waxen,. (વૅક્સન્) *a*. Made of wax: મીણનું બનેલું.2.Covered with wax:મીણ પાએલું.

Wax-end, (વૅક્સેન્ડ્) *n*. A thread covered with wax used in sewing leather: જોડા શીવવાનો મીણ પાએલો દોરો.

Wax work, (વૅક્સ્-વર્ક્) *n*. Work made of wax:મીણનું બનાવેલું કામ; મીણનાં પુતળાં.

Waxy,(વૅક્સિ)*a*.Viscid;adhesive;soft;resembling wax:મીણના જેવું પોચું-નરમ-મૃદુ;ચિકણું.

Way, (વે) *n*. [L. *veho*, I carry.] That by, upon or along which one passes; passage; road:રસ્તો;વાટ;માર્ગ;પંથ 2.A moving;passage journey: મુસાફરી રસ્તો. 3. Scheme: device: યુક્તિ;કળા;ઉપાય.4. Manner:તરેહ;રીત;પ્રકાર. *By the* **w**.,in passing;aside: બાજુએ;એક તરફ.*By* **w**. *of*, for the purpose of: ને માટે-વાસ્તે; ની રૂઈએ *Covert* **w**.,(*fort.*):ચોરવાટ. *In the* **w**., (*a*) so as to meet: રસ્તામાં. *In family* **w**., pregnant: સગર્ભા; ભારેવાઈ; ગર્ભવંતી. *Milk* **w**., galaxy:આકાશગંગા.*On the* **w**.,travelling or going:જતાં *Out of the* **w**.,on one side;not on a right path: આડે માર્ગે.*To go one's* **w**, or *come one's* **w**.,to go or come:આવવું-જવું; રસ્તો લેવો.*To go the* **w**.,*of all the earth*, to die:મરીજવું.*To make one's* **w**., to advance in life by one's personal efforts:ઉંચું ચઢવું. ફતેહ પામવું.*Ways and means*,(*a*)methods; resources: રીત; સાધન; સગવડતા. **W**. *of the rounds*.: પહેરો ફરવાની જગા. **W**. *passenger*.: અધવચથી બેસાડેલો ઉતારૂ.**W** *s.of God,his* providential government or his works:પ્રભુનાં કામ-કૃત્ય.**W**.*warden*,the survey of a road: રસ્તો માપનાર. *Right* **w**.: સન્માર્ગ; સુપંથ. *The* **w**.*of all the earth*:મરણ;મોત. **W**. *by land*: ખુશ્કી. **W**. *by water*:તરી;જળમાર્ગ.

Way-faring,(વેફેરિંગ્)*a*.Travelling;passing:જતું;મુસાફરી કરતું; માર્ગી; રાહગીર;પથિક.

Way-lay,(વેલે)*vt*.To lie in wait for;to beset in ambush: સંતાઈ રહીને રસ્તામાં લુંટવું.

Way-layer,(વેલેયર્)*n*. One who waylays another:લૂંટવાને રસ્તામાં ભરાઇ રહેનાર; વાટપાડુ.

Way-less (વેલેસ્) *a*. Having no road or path:રસ્તા વિનાનું-ભૂલું પડેલું.

Way mark,(વેમાર્ક્)*n*.A mark to guide in travelling:રસ્તો જડવાની નિશાની.

Way-ward,(વે-વૉર્ડ્)*a*. Taking one's own way; disobedient:હઠીલું;જીદ્દિ; સ્વચ્છંદી.

Way worn,(વે-વ્‌વાર્ન્)*a*.Wearied by travelling:મુસાફરીથી થાકી ગએલું.

We,(વી) *pro*. of *I* The plural nominative case of the pronoun of the first person: અમે:આપણે;આપણ.

Weak,(વીક્)*a*.[L *vicis*,a change;turn.] (*a*) Feeble;infirm;sickly:દુર્બળ;નબળું;અશક્ત;કમ-

જોર;કમકોવત (*b*)Not able to sustain a great weight:નરમ;પોચું.(*c*)Wanting in point or vigor of expression: નિર્જીવ; નિરર્થક; નબળું. (*d*)Lacking in elements or political strength:કમજોર.2.Pertaining to designating a verb which forms its imperfect & past participle by adding to the present the suffix *ed&d*:નિયમિત.W.*conjugation*(*gram*) the conjugation of weak verbs:નિયમિત ક્રિયાપદનાં રૂપાંતર.W. *side*,weakness:નબળાઇ:અશક્તિ.*A* w. *point*:છિદ્ર;દોષ; એબ;દુષણ;ખોડ.

Weaken,(ૡીકન્) *vt.* To make weak;to debilitate:દુર્બળ-નબળું-કમજોર-કરવું; અશક્ત કo.2. To reduce in quality, strength or spirit: મોળું કરીનાંખવું;ફીકું કરવું.*vi*.To become weak or weaker:નરમ થવું.

Weak-hearted,(ૡીક્-હાર્ટેડ્)*a*.Having little courage;dispirited:નબળા મનનું;દમ વિનાનું.

Weakly,(ૡીક્લિ)*adv*.Feebly: નબળી રીતે;કમજોરપણે. *a* Infirm; feeble:નબળું.

Weak-minded, (ૡીક્-માઇન્ડેડ્) *a.* Feeble minded;foolish;idiotic:નબળા મનનું;મૂર્ખ;ગાંડુ

Weak-ness, (ૡીક્-નેસ્) *n.* Lack of vigor; want of resolution or strength:અશક્તિ;કમજોરી;કમકોવતી;દુર્બળતા; અશક્તતા; દૌર્બલ્ય. 2. A fault;a defect:ખોડ;દોષ;ખામી.

Weal,(ૡીલ્)*n*.The mark of a stripe:સોળની નિશાની.*vt*.To mark with stripes:પટા પાડવા; સોળ ઉઠાડવા. *n.* Prosperity; welfare: કલ્યાણ; સુખ;શ્રેય W.*or woe*:શુભાશુભ.

Weak-side,(ૡીક્સાઇડ્)*n*. Weakness;Infirmity:ખોડ;ખામી;દોષ;અપૂર્ણતા;દૂષણ. [મેદાન.

Weald,(ૡીલ્ડ્)*n*.A wood or forest:જંગલ;રાન.

Weals-man,(ૡીલ્સ્-મૅન્)*n*. A statesman; a politician:રાજદરબારી માણસ; રાજનિતિજ્ઞ પુરૂષ.

Wealth,(ૡેલ્થ્)*n* Riches; estate;opulence: સંપત્તિ દોલત;ધન;અર્થ;વિત્ત;સમૃદ્ધિ.

Wealthy, (ૡેલ્થિ) *a.* Having wealth; opulent;rich:સંપત-દોલત-ધનવાન;દ્રવ્યવાન;ધનવંત.

Wean, (ૡીન્) *vt.* To take finally from the breast or udder:ધાવણ મુકાવવું. 2. To reconcile to the want or loss of anything:ઉપરથી મન-દીલ ઉઠાવવું;પ્યાર ઉતારવો.

Weanling,(ૡીન્લિંગ્)*n*. A child or animal newly weaned:ધાવણ છોડાવેલું મુકાવેલું છોકરૂં.

Weapon,(ૡેપૉન્)*n*.An instrument of offensive or defensive combat:અસ્ત્ર;શસ્ત્ર;હથિયાર.

Wear,(ૡેર્)*vt*.[L.*vestio*, I clothe.] To carry or bear upon the person; to have on: શરીરે ઘાલવું-ઓઢવું-પહેરવું.2.To have or exhibit an appearance of as an aspect or manner ચહેરા ઉપર કૃપાદૃષ્ટિ જણાઈ આવવી; મંદમંદ હાસ્ય કo.*To* w. *away*, to consume; to impair: ધીમે ધીમે ઘસી નાંખવું.*To* w.*out*,to consume or render useless by attrition or decay: જીર્ણ-જુનું કરી નાંખવું. *vi.* To be wasted or consumed by use: ધીમે ધીમે ઘસાઇ, વપરાઇ જવું.*To* w.*off*,to pass away by degrees:ધીમે ધીમે જવું રહેવું.*To* w.*on*,to pass on:ચાલ્યા જવું. *n.*The act of wearing or the state of being worn:વાપરથી ફાટી જવું તે;ઘસારો. W.*and tear*.the loss by wearing:પહેરફાડ;ઘસારો.

Weariness, (ૡીરિનેસ્) *n.* Exhaustion of strength;fatigue:થાક;શ્રમ;કષ્ટ;શ્રાંતિ;ખેદ.2.The quality or state of being weary:કંટાળો.

Wearisome,(ૡીરિસમ્)*a*.Tiresome;tedious: કંટાળા ભરેલું;થકવી નાંખે એવું;શ્રમ-ખેદજનક.

Weary,(ૡીરિ) *a.* Tired; fatigued: થાકેલું 2. Tiresome;tedious:કંટાળેલું.3.Tired;sick:કંટાળા ભરેલું;ત્રાસદાયક.*vt*.To tire;to fatigue:થકવવું; થકવી નાંખવું.2.To make weary of anything: ને કંટાળો આપવો.3. To harass by anything irksome:હેરાન કo.*vi*.To grow tired: થાકવું.

Weazand,Weasand,(ૡીઝૅન્ડ્)*n*.The wind pipe:શ્વાસ લેવાની નળી.

Weasel, (ૡીઝલ્) *n.* Any one of various species of small carnivores belonging to the genus *Putorius*;Amungoose: નોળીઓ.

Weather,(ૡેધર્)*n*. Meteorological condition of the atmosphere: હવા; રૂતુ. 2. Vicissitude of season:રૂતુમાં ફેરફાર.*To make fair* w.,to flatter:-નાં વખાણ-સ્તુતિ કo. *Under the* w.,ill:માંદો *Also*,financially embarrassed: પૈસા સંબંધી તંગીવાળું. *vt*.To place(*a hawk*) unhooded in the open air:હવામાં ઉડાવવું;ઉડતું મેલવું.*To*w.*a point*,to pass a point of land leaving it on the lee side: પવનની સામેની બાજુએ હંકારી અમુક સ્થળ પસાર કo.*To* w.*out*: મુશ્કેલીથી-નડવાછતાં પાર પાડવું. *vi.* To undergo or endure the action of the atmosphere: હવામાં ફેરફાર થવો.

Weather-beaten, (ૡેધર્-બીટન્)*a.* Beaten by the weather:પવનના ઝપાટા સહન કરેલું.

Weather-board,(ૡેધર્-બૉર્ડ્)*n*.(*a*) Side of a vessel which is toward the wind: પવન તરફની વહાણની બાજુ. (*a*) A piece of plank placed in porthole to keep out water:પાણી અંદર અંદર આવતું અટકાવવાનું પાટીયું.

Weather-cock, (ૡેધર્-કૉક્) *n.* A vane or weather vane:પવનની ગતિ જણાવનારૂં યંત્ર. 2. Any thing or person that turns easily: ચંચળવૃત્તિનું માણસ;ચલિત. [પવનથી રક્ષણ કરવું.

Weather-fend, (ૡેધર્ ફેન્ડ્)*vt.* To shelter:

Weave,(ૡીવ્)*vt.* To entwine or interlace

into a fabric:વણવું 2. To form as cloth by interlacing threads:વણવું;જોડી કાઢવું. *vi.* To work with a loom:સાળ ઉપર કામ કરવું.

Weaver,(ઉવીવર્)*n.*One who weaves: વણકર; સાળવી;વણનાર.2 A weaver bird:સુગરી.

Weaving, (ઉવીવિંગ્)*n.* The act of one who or that which weaves: વણવું તે;વણતર;વણાટ.

Weazen,(ઉવીઝેન્)*a.* Thin;sharp; withered: આગળ આવેલું;પાતળું;ક્ષીણ;લાંબું;તીણું.

Web,(ઉવેબ્)*n.*That which is woven; a texture;textile fabric:વણેલી વસ્તુ; વણાટ; વણતર. 2. A whole piece of linen cloth woven: તાકો;થાન. 3. The membrane which unites the fingers or toes either at their bases: જળચર પક્ષિનાં આંગળાં ત્વચા-ચામડી. 4.જાળું-બાવું. *vt.* To unite or surround with a web; to entangle:જાળમાં ફસાવું;પકડાવું.

Webbed, (ઉવેબ્ડ્) *a.* Provided with a web: જાળવાળું. 2. Having the toes united by a membrane or web:પાતળી ચામડીથીજેનાં પગનાં આગળાં જોડાએલાં છે એવું.

Web footed,(ઉવેબ્ ફૂટેડ્)*a.*Having webbed feet; palmiped: જેનાં પગનાં આંગળાં ચામડીથી જોડાએલાં હોય એવું.

Webster,(ઉવેબ્સ્ટર્)*n.* A weaver; a female weaver:વણનાર,વણનારી સ્ત્રી.

Wed,(ઉવેડ્)*n.* [L.*vas,vadis*,security.]*vt.* To marry;to espouse:વિવાહ લગ્ન કo;પરણાવવું;-ની સાથેવરવું-પરણવું.*vi.*To marry:લગ્ન થવું-પરણવું.

Wedded, (ઉવેડેડ્) *a.* Joined in wed-lock; married:પરણેલું;લગ્ન થએલાં હોવું.

Wedding,(ઉવેડિંગ્)*n.*Marriage;nuptials:લગ્ન વિવાહ;શાદી;વિવાહોત્સવ;લગ્નસમારંભ.

Wedding-favor, (ઉવેડિંગ્-ફેવર્) *n.* A marriage favor:વરમાળા;લગ્ન વખતે પહેરાતી પટ્ટી.

Wedge,(ઉવેજ્)*n.* A piece of metal thick at one end and tapering to a thin edge at the other used in splitting wood:ફાચર;ખિલો.2.To force or drive:માં ફાચર મારવી. 3.To press closely:ઠાંસી-દાબીને ભરવું. 4. To fasten with a wedge or wedges:ફાચર મારવી.

Wed-lock, (ઉવેડ્-લૉક્) *n.* Ceremony or the state of marriage;matrimony:વિવાહ;લગ્ન.

Wednesday,(ઉવેન્ઝ્-ડે)*n.*The fourth day of the week:બુધવાર.

Wee,(ઉવી)*n.*A little; a bit:થોડી જગો; કકડો. *a.* Very small;little:થોડું;ઝીણું;નાનું;અલ્પ.

Weed, (ઉવીડ્) *n.* A garment: પોશાક. 2. An article of dress worn in token of grief: શોકની નીશાનીમાં પહેરાતુ લુગડું.

Weed,(ઉવીડ્) *n* Underbrush; low shrubs: ઝાડવાં.2.An useless or injurious plant:પાક ને નુકશાનકારક છોડવા;નિંદણ. *vt.* To free from noxious plants:ઘાસ કાઢી નાંખવું-નિંદવું.

Weeding-hook-tongs, (ઉવીડિંગ્-હુક્-ટોન્ગ્ઝ્) *n.* A hook used for cutting away weeds: નિંદવાનું ઓજાર;દાતરડું;નિંદણી;ખરપડી.

Weeding,(ઉવીડિંગ્)Act of removing or freeing from weeds:નિંદવું તે;નિંદણ.

Weedy,(ઉવીડિ)*a.*Consisting of weeds:રોપાથી ભરેલું;ઘાસવાળું;નકામા ઝાડપાલાનું બનેલું 2 Abound ing with weeds:નિંદણથી ભરપૂર.

Week,(ઉવીક્)*n.*[L.*vicis*,turn,alteration.]A period of seven days:અઠવાડીઉં;સપ્તાહ;વારસમક.

Week day,(ઉવીક્-ડે)*n.*Any one of the seven days except Sunday: રવિવાર શિવાય અઠવાડીઆનો ગમે તે દિવસ.

Weekly, (ઉવીક્લિ) *a.* Of or pertaining to a week or week day:અઠવાડીઆનું વિષે વિષયક.2. Coming,happening or done once a week: અઠવાડિએઅઠવાડિયેઆવતું,બનતું,થતું;કરાતું,અપાતું નીકળતું,બહાર પડતું.*n* (*pl.*) A publication issued once in seven days or appearing once a week: અઠવાડીએ છપાતું-નીકળતું પત્ર; અઠવાડિયા પત્ર.*adv.*Once a week:દર અઠવાડીએ.

Weel,(ઉવીલ્)*n.*A kind of trap or snare for fish made of twigs:માછલાં પકડવાની જાળ.

Ween,(ઉવીન્)*vi.*To think:ધારવું;કલ્પના કરવી.

Weep,(ઉવીપ્)*vi.* To shed tears; to cry:રડવું; રોવું; રૂદન કરવું. 2. To lament;to complain: શોકકરવો;પોતાનું દુઃખ રડવું;દીલગીરી બતાવવી. To lament;to bewail;to bemoan: વિલાપ કરવો; શોક કરવો.2 To shed tears:આંસુ ઢાળવા-પાડવાં.

Weeper,(ઉવીપર્) *n.* One who weeps: વિલાપ કરનાર;શોક કરનાર;રડનાર.

Weeping,(ઉવીપિંગ્) *a.* Grieving: વિલાપ કરતું. દિલગીરી કરતું.*n.*Shedding of tears;lamentation with tears:વિલાપ;શોક;રૂદન.

Weft,(ઉવેફ્ટ્)*n.* A thing waved, waived or cast away; a waif: જેનો કોઇ માલીક નથી એવો જડેલો માલ. *n.* The woof of cloth: વાણો; કપડાંનું આડું સૂતર.2 હાથનો ઈશારો;સાન.

Weftage,(ઉવેફ્ટેજ્)*n.*Texture:પોત;કુમાસ.

Weigh,(ઉવે) *vt.* [L *veho*, I carry.] To bear up;to raise: ઊપાડવું. 2 To examine by the balance:તોલ કo;તોળવું;જોખવું. 3. To be equivalent in weight: તોલમાં થવું.4 To pay,or allot તોલથી આપવું.5.To examine;to ponder in the mind:મનમાં તોલ કo;વિચારવું;તુલના કo. *To* **w.***down*, (*a*) to overbalance: તોલ-વજન -ભારમાં વધારે હોવું-થવું. *vi.* To have weight: વજન-તોલમાં હોવું.2.To bear heavily; to press hard:દબાણ ભાર હોવો થવો.3.To judge:વિચાર કo.

Weighage,(ઉવેએજ્) *n.*A duty or toll paid

for weighing merchandise:કાંસલ·જોખામણ.

Weight,(હવેટ્)*n.*The quality of being heavy તોલ; ભાર; વજન. 2. The quantity of heaviness:તોલ;ભાર.3.Importance:વજન;ભાર;ઓજ; વજનદારી 4 A mass used as a standard for weighing:કાટલું;વજન 5.ઓજો;દબાણ;ઉદાસી.

Weightless,(હવેટ્લેસ્)*a.* Light; having no weight:નજીવું;વિસાત વગરનું;હલકું;લઘુ.

Weighty,(હવેટિ)*a.*Having weight; heavy; ponderous:ભારે;વજનદાર;સંગીન.2.Important; અગત્યનું;વજનદાર;ગંભીર.

Weird,(હવીર્ડ્)*n* Fate;destiny: નશીબ;કર્મ.2. A spell or charm: જાદુ; મંત્ર. *a.* Concerned with destiny:નશીબને લગતું·સંબંધી.2. Of or pertaining to witch-craft:ડાકેણનું.

Welcome,(હવેલ્કમ્)*a.* Received with gladness: સ્વાગત; આદરસત્કાર આપવા જોગ ભલે આવ્યું. 2.Pleasing: આનંદદાયક. *n.* Salutation to a new comer:અભિનંદન.2 Kind reception of a guest-આગતાસ્વાગતા;સન્માન. *To bid* **w**,to receive with profession of kindness:સ્નેહપૂર્વક અંગીકાર કo.*vt.*To receive and entertain hospitably and cheerfully:આગતાસ્વાગતા કo.

Weld,(હવેલ્ડ્)*vi* To wield: ચલાવવું;વાપરવું. *n.* Dyer's broom; dyer's rocket; wild wood: જરદાનું ઝાડ.2.To unite closely or intimately સાથે જોડાવું.*n.* The state of being wedded: સાંધો;સાધ. [સુખ;આબાદી;ચઢતી; કલ્યાણ.

Wele,(હવેલ્)*n.* Prosperity;happiness;weal:

Welfare,(હવેલ્ફેર્)*n.*Prosperity;happiness: કલ્યાણ;ક્ષેમ;શુભ;કુશળતા; ખેરિયત;આબાદાની.

Welfaring,(હવેલ્ફેરિંગ્) *a* Faring well;prosperous:ફતેહમંદ; ચઢતી પદવીએ પહોંચતું.

Welk,(હવેલ્ક્)*vi.*To wither;to fade:કરમાઈ જવું;સુકાઇ જવું. *vt.* To cause to wither: કોહવા દેવું.2.To contract:ટુંકું કo.3. To soak:સખત માર મારવો.*n.*A pustule:પરૂથી ભરેલી ફોલ્લી.

Welkin,(હવેલ્કિન્) *n.* The vault of heaven; the sky:આકાશ;ગગન; નભ;નભોમંડળ.

Well,(હવેલ્)*n.* A pit or hole sunk into the earth to such a depth as to reach a supply of water:કુવો;વાવ;વાવડી. *vi.* To flow;to spring:વહેવું;-માંથી નીકળવું.*vt.* To pour fourth as from a well:કુવામાંથી પાણી કાઢવું·તાણવું. *adv.* Justly; rightly: બરાબર·વાજબી-ખરી રીતે;ઠીક. *As* **w**.*as*,and also:પણ;અને પણ;અને તેની સાથે; વળી.**W**.*enough*,well or good in a moderate degree:જોઇએ તેવું સારૂં; સારૂંજ. *a.* Being in health;healthy:તંદુરસ્ત,નિરોગી;સુખી; કુશળ.2. Safe:સહીસલામત.

Well-a-day, (હવેલ્ અડે) *Interj.* Alas ! wel-away !:હાયહાય; હાય;અફસોસ.

Well-being,(હવેલ્-બીઇંગ્)*n.* Welfare; happiness;prosperity:સુખ;કલ્યાણ;આબાદાની;ક્ષેમ;હિત.

Well born, (હવેલ્બૉર્ન્) *a* Born of a noble family:ઊંચા કુળમાં જન્મેલું; ખાનદાન; કુલીન.

Well-bred,(હવેલ્બ્રેડ્)*a* Refined in manners; polite:સારી રીતભાતવાળું;મર્યાદાશીલ;સભ્ય.

Well-disposed, (હવેલ્ડિસ્પૉઝ્ડ્) *a.* Of good temper; gentle: સુશીળ; સારા સ્વભાવનું.

Well doer,(હવેલ્-ડુઅર્)*n.* A benefactor:સારું કરનાર હિતસ્વી;હિતૈષી.

Well-done,(હવેલ્-ડન્) *Int.*:ભલે !વાહવાહ ! વાહરેવાહ ! શાબાશ ! ખાસું ! ખૂબ ! બેશ !

Well-favored, (હવેલ્-ફેવર્ડ્) *a.* Handsome; beautiful:શોભિતું;દેખાવડું;ખુબસુરત;રૂડું;રૂપાળું.

Well-informed,(હવેલ્-ઇન્ફૉર્મ્ડ્) *a.* Correctly informed;intelligent:સુજાણ;સુજ્ઞ;જ્ઞાતા,બહુ શ્રુત.

Well-known,(હવેલ્નૉન્)*a* Fully known: સારી રીતે જણાયેલું;સુજ્ઞાત;જાહેર;પ્રસિદ્ધ; જગપ્રસિદ્ધ.

Well-meaning (હવેલ્-મીનિંગ્)*a.* Having a good intention:ભલું;સજ્જન; સદાશયવાળું; હિતબુદ્ધિનું. [લગમગ;સોવસા.

Well-nigh,(હવેલ્ નાઇ) *adv.* Almost;nearly:

Well-off, wall-to-do, (હવેલ્ઑફ્-હવેલ્-ટુ-ડુ) *a.* Happy;in good condition:સુખી; સારી સ્થીતિમાં;આબાદ; પૈસેટકે સુખી.

Well read,(હવેલ્-રેડ્) *a.* Deeply versed:જેણે ઘણું વાંચેલું એવું;જેણે ઘણા ગ્રંથો વાંચેલા એવું;બહુ શ્રુત.

Well-seen,(હવેલસીન્)*a.* Accomplished;experienced: અનુભવી; હોશીઆર.

Well-spring (હવેલ્-સ્પ્રિંગ્)*n.* A fountain; a spring:ઝરણ;ઝરો;ફુવારો. [શાબાશ; ભલે·ભલે.

Well-Well,(હવેલ્-હવેલ) *Int.* Thanks:શાબાશ·

Well-Wisher, (હવેલ્-હવીશર્) *n.* One who wishes another well:કલ્યાણ ઈચ્છનાર;હિતેચ્છુ.

Welt,(હવેલ્ટ્)*n.*(*a*) An edge of cloth folded on itself usually over a cord, and sewed down:કોર;આંતરી; કિનારી. (*b*) A hem, border or fringe:કીનારી;કોર;મગજી;સંજાપ;ઝૂલ;ફ્રેમ. *vt.* To furnish with a welt:પટી ચોડવી.

Welter, (હવેલ્ટર્)*vi. vt.* To roll; to tumble about;to wallow:-માં રગદોળાવું;કાદવવાળું થવું;રગદોળવું;રોળવું.2.To wither; to wilt:કરમાવી નાખવું;-થી ખવાઇ જવું.*n.* Filth; mire:કચરો; કાદવ.

Wem,(હવેમ્)*n.*The abdomen;the uterus,the womb:ગર્ભાશય;કમળ;ગર્ભસ્થાન *n.*Spot;blemish: ડાઘ;કલંક.*vt.*To stain:બટ્ટો લગાડવો.

Wen,(હવેન્)*n.* An indolent encysted tumor of the skin:રસોળી; ગાંઠ.

Wench,(હવેન્ચ્)*n.* A young woman;a girl;a maiden:જુવાન સ્ત્રી;છોકરી;કુમારીકા;કન્યા;તરૂણી.*vi.* To frequent the company of wenches:વેશ્યા-છિનાળ બૈરીઓની સંગત કરવી.

Wencher,(હ્વેન્શર)*n.* A lewdman:છિનાળવો; કાછડી છૂટો પુરૂષ;લીલ'પટ.

Went,(હ્વેન્ટ્)*imp.* & *p.p.* of *wend.* Imperfect of *go*:ગયો;ગઇ;ગયું. [રસ્તો;માર્ગ;પંથ.

Went,(હ્વેન્ટ્)*n.* Course; way;path;journey:

West,(હ્વેસ્ટ્) *n* The point in the heavens where the sun is seen to set at the equinox પશ્ચિમ-આથમણી દીશા.2 A country or region of country with regard to some other country or region situated in the direction toward the west:પશ્ચિમ દિશામાં આવેલો દેશ-પ્રાંત વિગેરે.3.The Occident:પશ્ચિમ ભાગ:પશ્ચિમ ગોળાર્દ્ધ *a* Lying toward the west:પશ્ચિમ તરફ આવેલાં. *adv.* Westward: પશ્ચિમે. *vi.* To pass to the west:પશ્ચિમમાં જવું.2.To turn or move toward the west: પશ્ચિમ તરફ વળવું.

Westerly, (હ્વેસ્ટર્લિ) *a.* Toward the west; western:પશ્ચિમ તરફનું.*adv.*Westward:પશ્ચિમે.

Western,(હ્વેસ્ટર્ન)*a.* Being in that quarter where the sun sets:પશ્ચિમ તરફનું; પાશ્ચાત્ય.2. Moving toward the west:પશ્ચિમ તરફ જવું;પશ્ચિમમાંથી આવવું.

Westerner,(હ્વેસ્ટર્નર)*n.* An inhabitant of the west:પશ્ચિમ દિશાનો રહેવાશી.

West-ward (હ્વેસ્ટ્વર્ડ્)*adv.* Toward the west પશ્ચિમે.*a.*Lying toward the west:પશ્ચિમે આવેલું.

West-wardly,(હ્વેસ્ટ્વર્ડ્લિ) *adv.* In a westward direction:પશ્ચિમ તરફ. [આવે એવું.

Westy,(હ્વેસ્ટિ)*a.*Dizzy;giddy:ફેર-ચક્કર-તમ્મર

Wet,(હ્વેટ્)*a* Containing water;moist: ભીનું; 2.Very damp;rainy:વરસાદનું W *goods*, intoxicating liquors:દારૂ-માદક પદાર્થ.*n.* Water or wetness:પાણી,ભીનાશ.*vt.*To fill or moisten with water or other liquid:ભીનું કo,ભીંજવવું.

Wether,(હ્વેધર્)*n.*[L *vetus*,old]A castrated ram: ખાસી કરેલો મેંઢો-ઘેટો.

Wetness,(હ્વેટ્નેસ્)*n.*Moisture:ભિનાશ. 2. A watery state of atmosphere: શરદી;ઠંડી.

Wet nurse,(હ્વેટ્નર્સ્)*n.* A nurse who suckles a child:ધવાડનારી સ્ત્રી;ધાવ,ઉપમાતા;ધાત્રી.

Whack, (હ્વૅક) *vt.* To strike;to beat:મુક્કી મારવી.*vt.*To strike anything with a smart blow:મુક્કી મારવી.

Whale,(હ્વેલ્)*n.*Any aquatic mammal of the order Cetacea .especially any one of the large species some of which become nearly one hundred feet long: મગરમચ્છ; વ્હેલ નામની માછલી.

Whale-man,(હ્વેલ્ મૅન્)*n.* A man employed in the whale fishery:મગરમચ્છનો શીકાર કરનાર માણસ.

Whaler,(હ્વેલર્)*n.*A vessel or person employed in the whale fishery:મગરમચ્છ પકડનાર વહાણ અગર પુરૂષ.

Wharf,(હ્વૉર્ફ્)*n.* A quay;a pier:બંદર; ડક્કો; ફુરજો; ધક્કો; ઘાટ. W. *rat.* (*a*) the common brown rat:ભુરો કાળ *vt.* To guard or secure by a firm wall of timber or stone constructed like a wharf: ડક્કો બાંધી સુરક્ષિત કo. 2.To place upon a wharf:ડક્કે ઊતારવું.

Wharfage, (હ્વૉર્ફેજ્) *n.* Pierage; quayage; the fee or duty paid for the privilege of using a wharf:બંદરપરનો કર જકાત.

Wharfinger, (હ્વૉર્ફિન્જર્) *n.* A man who owns a wharf: ઘાટ બંદરનો ધણી-માલેક.

What, (હ્વૉટ્) *pro* As an interrogative pronoun used in asking questions regarding either persons or things: કોણ; શું; કયો. 2.As an exclamatory word:(*a*)Used absolutely or independently:અરે! શું ! અહો !(*b*) Used adjectively,meaning *how great*:કેવી; કેટલી બધી.3 As a relative pronoun:(*a*)Used substantively with the antecedent *that which*:જે;તે;જેઓ-તેઓ (*b*) Used adjectively equivalent to *the...which*;*the sort of...which* rarely *the...on,orat,which*:કયું;કેવું.4 Partly; somewhat:કંઈક;જરાક;અંશે;કેટલે દરજ્જે.W *ho!* an exclamation of calling: અરે! હો !W.*if* what will it matter if:જો તે બનશે તો શું; તો શું;તેથી શું. W.*though*,even granting that; supposing that:એમ હોયતોપણ;તેમ હોય તો શું.

What-ever, What-so ever, (હ્વૉટ્એવર્-હ્વૉટ્સોએવર્)*pron.*Anything soever which being this or that;one thing or another: જે જે;જે કાંઈ જેટલું તેટલું.

Wheat,(હ્વીટ્) *n.* A cereal grass and its grains which furnishes a white flour for bread used by the human race:ઘઉં.

Wheaten,(હ્વીટન્)*a.*Made of wheat:ઘઉંનું; ઘઉંનું બનેલું *Fine* W *flour*:મેંદો.

Wheedle, (હ્વીડલ્) *vt.* To entice by soft words;to cajole:ફોસલાવવું; પટાવવું;લલચાવવું.

Wheel,(હ્વીલ્)*n.*A circular frame turning about an axis:પૈડું;ચક્ર.(*a*)A spinning wheel રેંટીઓ. (*b*) A potter's wheel: કુંભારનો ચાક. A *w.within.* w. or *wheels within wheels*;a complication of circumstances,motive,etc ગુંચવાડો; અટપટી બાબત. *vt.* To convey on wheels:ગાડીમાં ઘાલી લઇ જવું 2 To cause,turn or revolve:ફેરવવું ફરવું. *vi.* To move about;to revolve: ફરવું;ચક્કર મારવો 2. To go round in circuit:આસપાસ ફરવું;ચક્કર મારવું.

Wheeze,(હ્વીઝ્)*vi.* To breathe hard and with an audible piping or whistling sound

as persons affected with asthma:ગળામાં કફ બોલવો;ગળામાં સસણી બોલવી.*n.*A piping sound: ગળામાં કફ બોલવો તે;સસણી.

Whelm, (હ્‌વેલ્મ્)*vt.* To overwhelm; to ingulf:ચુરાડવું;બોલવું;ઝબોળવું. 2. To cover completely:માં ગરકાવ-લીન કરી દેવું.

Whelp, (હ્‌વેલ્પ્)*n.* A puppy: કુરકુરીયું.

When, (હ્‌વેન)*adv.*At what time:ક્યારે; કીયે વખતે. 2 At what time; at, during or after the time that;the moment that:પછી;જ્યારે-ત્યારે;ક્યારે;કીએ વખતે.3.While:જ્યારે;જે વારે.4. Which time:તે વારે;તે વેળા વખત.

Whence, (હ્‌વેન્સ્) *adv.* From what place: how:ક્યાંથી;કેણીગમથી.2.From what or which place,source,material,cause,etc:શાથી:ક્યાંથી

Where, (હ્‌વેર્)*adv.* At or in what place: જ્યાં;જે ઠેકાણે;જે ન ગ્યાએ જ્યાંમાં (*Interrog*): ક્યાં;કયે ઠેકાણે;કઇ જગ્યાએ *Conj.*Whereas: જ્યાં

Where-about-s, (હ્‌વેર્ અબાઉટ્-ટ્સ્) *adv.* About where; near what or which place: ક્યાં:ક્યાં ક્યાં;કયે ઠેકાણે જગ્યામાં.2.About which: જેને વિશે;જેમાં.*n.* The place where a person or thing is:સ્થાન;ઠેકાણું;સ્થળ.

Whereas, (હ્‌વેર્‌ઍઝ)*ad.& conj* Considering that;it being the case that જ્યારે-ત્યારે; તેટલા માટે;છે તેથી.2.When in fact; while in the contrary:ખરૂં પૂછાવો તો;કારણ કે ખરૂં કહેતાં.

Where-at, (હ્‌વેર્-ઍટ્) *adv.* At which; whereupon::શાથી;શાણે;શા ઉપરથી;કેમ;શા માટે.

Where-by, (હ્‌વેર્ બાઈ)*adv.* By which:જેણે કરીને;જેથી.2.By what:શા ઉપરથી.

Where fore, (હ્‌વેર્-ફોર્) *adv. & conj.* For which reason:જે કારણ સારૂં માટે લીધે 2. For what reason;why:કાં;કેમ;શા સારૂ-વાસ્તે.

Where-in, Where-into, (હ્‌વેર્-ઇન-ઇન્ટૂ) *adv.* In which place:જેમ; જેથી કરીને. 2. In what:શેમાં;શામાં ક્યામાં.

Where-of, (હ્‌વેર્-ઑફ્) *adv.* Of which; of whom:જેનું;જેમાંનું 2.Of what:જેનું,જેમાંનું.

Where soever, (હ્‌વેર્‌સોએવર્)*adv.*In what place soever;where ever:જ્યાં જ્યાં;જ્યાં કહીં; જેજે ઠેકાણે; ઠેકાણે ઠેકાણે;જ્યાં.

Where to, (હ્‌વેર્ ટૂ)*adv.*To which: જેને; જે; જ્યાં સુધી.2.To what;to what end:ક્યાં સુધી

Where-upon, (હ્‌વેર્-અપૉન) *adv.* Upon which;after which:તે ઉપરથી;પછી.

Where-with, Where-withal, (હ્‌વેર્-વિથ્-વિધૉલ્)*adv.*With which:જેણે કરીને; જેવડે

Wherry, (હ્‌વેરિ)*n.* (*a*) A passenger barge on rivers: નદી ઉપરના ઉતારૂઓને બેસવાની હોડી.

Whet, (હ્‌વેટ્)*vi.*To sharpen by attrition: ઘસવું;ધાર કાઢવી-ચઢાવવી;તીણું કરવું; સરાણપર ચઢાવવું *n.*The act of whetting:પ્રદીપન; ઉત્તેજન.

Whet stone, (હ્‌વેટ્‌સ્ટોન્)*n.*(*Min.*) Novaculite:પથરી;સરાણ;નિસણો.

Whether, (હ્‌વેધર્)*Pron.* Which (*of two*); which one (*of two*):કઇ;કીયું;જે કંઇ.*Conj* In case;if:કે અથવા નહિ કે,અગર;કિંવા.

Whey, (હ્‌વે) *n.* The serum or watery part of milk separated from the curd: છાશ;દહિનું પાણી;તક્ર.

Which, (હ્‌વિચ્)An interrogative pronoun used both substantively and adjectively and in direct and indirect questions to ask for or refer to an individual person or thing among several of a class:કીયું;કઈ; કયો. 2. A relative pronoun used *esp.*, in referring to an antecedent noun or clause but sometimes with reference to what is specified or implied in a sentence or to a following noun or clause:જે;તે.

Whichever-soever, (હ્‌વિચ્‌એવર્ સોએવર્) *Pron,* Whether one or the other; which: જેજે;જે કોઈ-કંઇ,જે.

Whiff, (હ્‌વિફ્) *n.* A sudden expulsion of air from the mouth:ફુંક;દમ.2. A glimpse: આભાસ;લ્હેર;લ્હેરો.*vt.*To throw out in whiffs; to puff:દમ મારવો. 2.To puff or blow away: ફુંક મારવી.*vi* To puff:ફુંક મારવી.

Whiffle, (હ્‌વિફલ્) *vi.* To waver or shake: હાલવું;કંપવું 2 To use evasions:ઢચુપચુ થવું.*vt.* To scatter:પસારવું;ફેલાવવું.

Whig, (હ્‌વિગ્)*n.*One of the political party which grew up in England in the seventeenth century in the reigns of Charles I and II:પહેલા અને બીજા ચાર્લસના વખતમાં લોકોના હક જાળવવાને પ્રયત્ન કરનારૂં રાજદ્વારી મંડળ;વિગટોળી.

While, (હ્‌વાઇલ્)*n.*Space of time;વખત;વેળા; વાર;કાળ.*The* w.:mean time:દરમીઆન. *Within a* w.,soon:જલદી. *Worth* w.,worth the time and pains;*hence*,worth the expense: વખત અને મહેનતને યોગ્ય-હાંસલ-ઉપયોગ-લાભ-જોગ *Not worth* w.: નકામું;નિરર્થક;નિષ્ફળ.*vt.* To spend or pass: ખુશીથી કાઢવું-ગાળવું; વિતાવવું. *coj* As long as; whilst: જ્યાં સુધી.

Whiles, (હ્‌વાઇલ્સ્)*adv.* Meanwhile; meantime:દરમીઆન 2.At times:વખતે વખતે.*Conj.* while:જ્યારે. [જ્યારે. 2 Until: જ્યાં સુધી.

Whilst, (હ્‌વાઇલ્સ્ટ્) *adv.* While: એટલામાં;

Whim, (હ્‌વિમ્) *n.* A freak; a fancy; a humor:ફિતૂર;તુરંગ;લહેર લ્હેર. *vi* To be giddy or freakish:લ્હેર આવવી. [sical:તુરંગી;લ્હેરી.

Whimmy, (હ્‌વિમિ)*a* Full of whims; whim-

Whimsical, (હ્‌વિમ્‌સિકલ્) *a* Having pe-

culiar motions;strange, freakish:સ્વચ્છંદી; મનમોજી; તુરંગી;લ્હેરી;મનસ્વી

Whine,(હ્વાઇન્)*vi* & *vt*. To moan with a childish noise: ધીમે ધીમે રડવું; દુઃખ રડવું. *n*. Plaintive tone: કકળાટ; શોક ભરેલો; રડતો હોય તેવો અવાજ. [neigh:ખોંખાટ.

Whinny,(હ્વિનિ)*vi*.To neigh:હણહણવું.*n*. A

Whin-yard, (હ્વિનયાંર્ડ્) *n*. A sword or hanger:તરવાર;ખંજર

Whip,(હ્વિપ્)*vt*.[L.*vibro*,I shake.]To lash: ચાબુક મારવી. 2.To punish with a whip:ચાબકાથી મારવું. *To* w., *the cat*, (*a*) to practise extreme parsimony: ઘણી બખીલાઈ-કંજુસાઈ કo.*n* An instrument for driving horses or other animals consisting usually of a lash, attached to a handle:ચાબુક;ચાબકો;કોરડો.**W.** *and spur*, with the utmost haste:ઘણીજ ઉતાવળે-ઝડપથી. [ચાબકાનો માર.

Whipping,(હ્વિપિંગ્)*n*.Beating; lashing:

Whirring,(હ્વરિંગ)*n*.A buzzing or whizzing sound produced by rapid or whirling motion:ભરરર કરીને થતો અવાજ. *vi*. To whirl round;to whiz: ભરરર કરીને ઉડવું;ફરી જવું.

Whirl, (હ્વર્લ્) *vt*. To turn round rapidly: સઘળી તરફ-ચક્રરમાં-ફેરવવું 2.To snatch;to hurry:ઉતાવળથી ફેરવવું;ઉતાવળે ઘસડી જવું. *vi*.To be turned round rapidly:ગોળ ચક્રરમાં-ફરવું-ગોળ ગડગડ ફરવું. *n*. A turning with rapidity or velocity; rapid rotation; quick gyration: ફેરી;ભ્રમણ;ચક્રાવર્તન.

Whirligig, (હ્વર્લિગિગ્) *n*. A child's toy spun or whirled around like a wheel upon axis or like a top:ભમરડો.

Whirl-pool,(હ્વર્લ્પૂલ્)*n*.An eddy or vortex of water:વમળ;ભમરો;આવર્ત્ત.

Whirlwind,(હ્વર્લ્વિન્ડ્)*n*.A vortex of air; a violent wind storm of limited extent: વાવંટોળ;વાવાઝોડું;વંટોળીઓ.

Whisk, (હ્વિસ્ક્) *n*. A sudden motion or quick puff; a rapid sweeping motion:ઝપટ;ઝપાટો.2.A small bunch of grass, straw; twigs, hair or the like used for a brush:કુચડી.પીંછી;કુચડો.*vt*.To sweep brush:વાળી નાંખવું.

Whisker, (હ્વિસ્કર્) *n*. One who or that which moves with a quick sweeping motion:ઝાટકનાર;ઝાટકી નાંખનાર 2.A mustache:મૂછ. 3 *pl* That part of the beard which grows upon the sides of the face: થોભીઆ;થોભા.

Whisket,(હ્વિસ્કેટ્)*n*. A basket:ટોપલી. 2.A small lathe for turning wooden pins:સંઘાડો.

Whiskey,(હ્વિસ્કિ)*n*. A kind of liquor: એક જાતનો દારૂ;ઘઉં-જવ વિ૦માંથી કાઢેલો દારૂ.

Whisper, (હ્વિસ્પર્) *vi*.To speak softly; to talk slowly:કાન ફુંકવા-સંભેરવા;કાનમાં ગુપચુપ કહેવું-વાત કરવી;ધીમે ધીમે બોલવું-વાત ક૦;ના કાન કરડવા.*vt*.To say under the breath:ધીમે રહીને કહેવું. *n*. A low, soft sibilant voice which can be heard only by those near at hand: ધીમો નહિ સંભળાય એવો અવાજ; ગુપચુપ. 2. A cautious speech: ચેતવણી આપતી વાત. 3. A suggestion:સૂચના;ખબર;ગુપ્તવાત.

Whisperer,(હ્વિસ્પરર્)*n*. One who whispers:કાનમાં વાત કરનાર;ધીમે રહીને બોલનાર. 2.A tattler;backbiter:છૂપીવાતકહેનાર-કરનાર;ચાડીઓ.

Whist,(હ્વિસ્ટ્)*Interj*. Be silent hush; be still:ચૂપ;છાનો;મુંગો રહે.*vt*.To hush:ચૂપ-છાનું-મુગું રાખવું *a*.Silent:ચૂપ મુગું.

Whistle,(હ્વિસલ્) *vi*. To make a kind of musical sound by forcing the breath through a small orifice formed by contracting the lips:સીસોટી-સીટી વગાડવી.*vt*. To form,utter or modulate by whistling:સીસોટી વગાડી રાગ કાઢવો.*n*.A sharp shrill musical sound made by forcing the breath:સીટી;સીસોટી.

Whit,(હ્વિટ્)*n*. A bit;a jot:તલમાત્ર;જરા;લેશ.

White,(હ્વાઇટ્)*a*. Snowy: સફેત;ધોળું; ઉજળું; શ્વેત.2.Gray;hoary:ધોળું;પાકી ગએલું.સફેત. **W.** *feather*, a mark of cowardice: બ્હીકણપણા-બાયલાપણાની નિશાની. *n*. The color of pure snow;whiteness:સફેત-ધોળો રંગ;સફેદી;શ્વેતતા. 2.Something white: ધોળો સફેત ભાગ. 3. A person with a white skin: ગોરી ચામડીવાળો માણસ.**W**.*of an eye*: આંખનો સફેત ડોળો:શુક્લમંડળ.*vt*.To whitewash:ધોળવું;ચૂનો લગાડવો.

Whiteant, (હ્વાઇટ્એન્ટ્) *n*. Insects which are often very destructive to buildings and furniture:ઉધઈ. [વું;ચૂનાથી ધોળેલું.

Whited,(હ્વાઇટેડ્)*a*.Whitewashed:સફેત કરે-

White-lead,(હ્વાઇટ્-લેડ્)*n*.Ceruse:સફેતો.

White-livered, (હ્વાઇટ્લિવર્ડ) *a*. Having a pale look;feeble: ફિક્કું;નિસ્તેજ-નબળું.

Whiten,(હ્વાઇટન્)*vi*. To grow white: સફેદ થવું.*vt*.To make white:ધોળું-સફેત કરવું.

Whiteness,(હ્વાઇટ્નેસ્) *n*. The quality or state of being white:સફેતી;ધોળાશ.

Whites,(હ્વાઇટ્સ્)*n pl*. Leucorrhoea: પ્રદર; શ્વેતપ્રદર;સ્રીને રોગ તરીકે યોનીમાંથી જતી સફેત ધાત.

White-Wash,(હ્વાઇટ્વૉશ્)*n*. A composition of lime and water: પાણી સાથે મેળવેલો ચૂનો.*vt*.To whiten:ધોળવું 2. To make white બહારથી સાફ સોજું દેખાય તેમ કરવું.

Whither, (હ્વિધર્) *adv*. To what place: ક્યાં;કયે ઠેકાણે.2. To what or which place: તે જગ્યાએ ઠેકાણે;જ્યાં;ત્યાં.

Whither-soever, (હ્વિધર્-સોએવર્) *adv.* Where-soever:જેજે જગ્યાએ;જ્યાં;જ્યાં;જેજે સ્થળે

Whitlaw,(હ્વિટ્લૉ)*n.* The inflammation of fingers or toes:નખછર-નખમુળ;આંટણ.

Whittle,(હ્વિટલ્)*n.*A knife:ચાકુ; નાનો ચપ્પુ; *vt.* To cut off the surface of with a small knife:ચાકુએ-વતિ છોલવું;છિલવું.

Whiz,(હ્વિઝ્) *vi.* To make a humming or hissing sound like an arrow or ball flying through the air: સણણણ-સુંસું અવાજ થવો; સણસણવું; સુસવાટો ક૦. *n.* A hissing sound: સુંસું;સણણણાટ;સુસવાટો.

Who.(હુ) Relative *pro.* One;any one:જે.Interrogative one:કોણ !

Whoever-soever, (હુએવર્-સોએવર્) *pron.* Whatever person:જે કોઈ;હરકોઈ.

Whole,(હોલ્)*a.*Total;all;entire:આખું;સઘળું. 2.Complete;entire:આખું;પૂર્ણ.3.Well;sound તંદુરસ્ત;સારૂં.*n.*The entire thing;totality:તમામ;સાકલ્ય;સમાસ.*Upon the* **w.**,considering all things:એકંદરે;એ પ્રમાણે;બધાનો વિચારકરીલેતા.

Whole-sale, (હોલ્સેલ્) *n.* Sale of goods at large:જથાબંધ વેચાણ *By* **w.**,in the mass:જથાબંધ.*a* Pertaining to trade:સામટા વેચાણનું.

Whole-some,(હોલ્સમ્)*a.*Favoring health; salubrious:ગુણકારી;તંદુરસ્ત;સુખાકારી.2. Favourable to morals,religion,or prosperity; sound;salutary:આરોગ્યકારી;ગુણકારી; હિતકારક.

Wholly,(હોલ્લિ)*adv.* Entirely; completely: પુરેપુરી રીતે.2.Totally;fully:તમામ.

Whom,(હુમ્) *pron.* The objective case of who:જેને;કોને.

Whoop,(હૂપ્)*vi.*To cry out: બૂમ પાડવી. 2.To cough or breathe with a sonorous inspiration:ઘરડ ઘરડ શ્વાસ લેવો.*vt.* To insult with shouts:બુમો ચીચીઆરી પાડી અપમાન ક૦. *n.* A cry:બૂમ;ચીસ.2.A loud sound as in whooping cough:હમુજળમાં નીકળતો અવાજ;સસણી.

Whooping cough, (હૂપિંગ્કૉફ્) *n.* Chin cough;hooping cough:ઉટાંટીઓ;ઉધરસ.

Whore,(હોર્)*vt.* [L *carus*,dear.]A prostitute; a harlot:કસબણ;પાતર.*vi.*To practise lewdness: પૈસા લેઈ પરપુરૂષ સાથે વ્યભિચાર-સંગ-છિનાળું ક૦.

Whoredom,(હોર્ડમ્)*n.* Lewdness: ભાટકર્મ;અદફેલી;છીનાળું;વ્યભિચાર;અદકર્મ.

Whore master-monger,(હોર્-મૅસ્ટર્ મંગર્) *n.* A lecher: રંડીબાજ; છીનાળવો; રાંડ રાખનાર. 2. A procurer:ભડવો.

Whose,(હૂઝ્)*pron.*The possessive case of who or which:કોનું;જેનું.

Why,(વાઇ) *adv.*For what cause;wherefore: કાં;કેમ;શું કામ;શા માટે 2. For which: જેને માટે. 3. On what account:શા કારણથી;શા વાસ્તે.

Wick,(વિક્)*n.*A bundle of fibres made of soft spun cotton threads:વાટ;દીવેટ;બત્તી.

Wicked,(વિકેડ્) *a.* Evil in principle or practice,sinful:દુષ્ટ;પાપી.2.Cursed:નુકશાનકારક.

Wickedness,(વિકેડ્નેસ્)*n.*Immorality;sinfulness:દુષ્ટપણું-તા-દુષ્ટબુદ્ધિ;કુમતિ;કુભાવ.

Wicker,(વિકર્) *n.* A small pliant twig: નાની ડાળી 2. A basket: ટોપલી. *a* Made of twigs:નેતર;ઝાડની ડાળીઓનું બનાવેલું.

Wicket,(વિકેટ્)*n.* A small frame work at which the ball is bowled:ક્રિકેટમાં જે ત્રણ દાંડા અગાડી ઉભા રહીને દડો નાંખવામાં આવે છે તે ત્રણ દાંડા 2. The ground on which the wickets are fixed:જ્યાં દાંડા ખોસ્યા હોય તે જગ્યા.

Wide,(વાઇડ્)*a.* Having considerable distance or extent between the sides;broad: પોહોળું;પોહોળાઈવાળું.2.Extended.વિશાળ; ગંભીર 3. Of large scope;liberal;broad;વિશાળ; ઘાડી;અથાગ.4.Of a certain measure between the sides:પહોળું.5. Far; remote:આઘે. *adv.* To a distance;far;widely:ઘણે દૂર.*n.*Width; extent:પહોળાઈ; પહોળપણ;વિસ્તાર.

Widely,(વાઇડ્લિ)*adv.* Far:ઘણે લાંબે સુધી; વિસ્તારીને. 2. Very much:ઘણુંજ.

Widen,(વાઇડન્)*vt.*To make wide or wider: પહોળું કરવું.*vi.*To grow wide:પહોળા થવું.

Wideness, (વાઇડ્નેસ્) *n.* Breadth; width: પહોળાઇ;પહોળપણ;પનો.2. Broadness:પહોળાઇ.

Wide spread,(વાઇડ્-સ્પ્રેડ્) *a.* Widely extended: અતિશય ફેલાયલું.

Width,(વાઇડથ્) *n* Breadth:પહોળાઇ;પનો.

Widow,(વિડો)*n.*A woman who has lost her husband by death:વિધવા;રાંડીરાંડ;બોડકી; રાંડ. *vt.*To reduce to the condition of a widow: વિધવા ક૦;રાંડવું.

Widowed,(વિડોડ્) *a.* Bereaved of a husband:રાંડેલી;રંડાપો આવેલો હોય એવી;ખૂણે બેઠેલી.

Widower,(વિડોઅર્)*n.*A man who has lost his wife:રાંડેલો-રંડાએલો પુરૂષ.

Widow hood, (વિડોહુડ્) *n.* The state of being a widow: રંડાપો;વૈધવ્ય;વિધવાવસ્થા.

Wield,(વીલ્ડ્)*vi* [L.*valeo*,I am strong]To govern; to rule:રાજ ચલાવવું;પર રાજ્ય ક૦. 2. To use with full command or power: પુરૂ અખત્યારથી કામ ચલાવવું.

Wieldy,(વીલ્ડિ)*a.* Wiable:વાપરવા જેવું;ધારણ થાય તેવું. [આર્દ્ર.

Wiery,(વીઅરિ)*a.*Wet; moist:ભીનું; ભેજવાળું;

Wife,(વાઇફ્)*n.* A married woman:પરણેલી સ્ત્રી.2.The lawful consort of a man:પરિણિત બૈરી-સ્ત્રી;વહુ;પત્નિ.

Wig,(વિગ્)*n.*A cap of hairs:વાળ-વાળની ટોપી. *vt.* To scold:ઠપકો દેવો;ધમકાવવું.

Wight,(વાઇટ્) *n.* A whit;a bit;a jot:જરીક; લવલેશ;અણુ.2. A supernatural being:અલૌકિક માણસ *a* Swift;nimble:તિક્ષ્ણ;ચંચળ.

Wild,(વાઇલ્ડ્) *a.* Living in the forest;not tamed or domesticated:રાની;જંગલી;રગડાઉ. 2.Native;not cultivated:ખેડયા વગર ઉગતું થયેલું.3.Desert:ઉજ્જડ;વેરાન.4 Savage;uncivilized;rude:જંગલી;અનાડી;વનચર.5 Turbulent; violent નિરંકુશ;તોફાની;ઘણા ગુસ્સાવાળું;મસ્તાન. 6.Indicating strong emotion:ઉન્મત્ત; અતિવ્યાકુળ.*n.*A forest or desert:રાન રણ;જંગલ.

Wilderness,(વિલ્ડર્નેસ્)*n.*A desert;waste: અરણ્ય;વન;જંગલ;રણ;રાન;વગડો.

Wildly,(વાઇલ્ડ્લિ)*adv.* In a wild manner: rudely:જંગલી રીતે;ખેડયા વગર;ઠેકાણા વગર.

Wildness,(વાઇલ્ડ્નેસ)*n.*Rudeness;savageness:જંગલીપણું;દુરાચારીપણું.

Wile,(વાઇલ્)*n.*A trick or stratagem;an allurement:કપટ;કાવાદાવો;છળભેદ.*vt.*To deceive: છેતરવું;કપટ ક૦.2.To while away:ગાળી નાંખવું.

Wilful,(વિલ્ફુલ્)*a.*Stubborn;perverse: મમતી;આડું;જક્કી;જીદ્દી;સ્વચ્છંદી;હઠીલું.

Wilfulness,(વિલ્ફુલ્નેસ્)*n.* Stubbornness:હઠીલાપણું;જક;હઠ;મમત;સ્વચ્છંદ.

Wiliness,(વિલિનેસ્)*n.*Craftiness;cunning; guile:લુચ્ચાઇ;છળભેદ;કાવતરૂં;ખળતા.

Will,(વિલ્)*n.*The power of choosing:ઈચ્છા. 2.Choice:મરજી;ખુશી.3.Command:હુકમ;આજ્ઞા; મરજી.4. Testament:વસિયતનામું. *At* W., at pleasure: ખુશી પ્રમાણે; મરજી મુજબ. *Ill* W., enmity:દુશ્મનાઈ. *To have one's* W., to do what one pleases:મન પ્રમાણે થવું;મરજી મુજબ ક૦.*To have one's* W.:-ની મરજી પ્રમાણે થવું *vt.* [L. *volo*, I wish.]To wish;to desire:ચાહવું; ઇચ્છવું.2.To devise:મૃત્યુપત્રથી માલ મિલકત આપવાનો ઠરાવ કરી આપવો;વસીયતનામું ક૦. *vi.* To wish; to desire:મન હોવું; ઈચ્છા હાવી.

Willing, (વિલિંગ્) *a.* Desirous: ખુશી; રાજી; તૈયાર 2 Chosen; desired:ખુશીનું; રાજી ખુશીથી કબૂલ કરેલું.

Willingness(વિલિંગ્નેસ્)*n.*Free choice or consent of the will:ઉત્સાહ;હોંશ;સંતોષ.

Will-o-the-wisp, (વિલૉ-ધિ-વિસ્પ) *n.* A light that appears in the night over marshy ground:રાત્રે થતા ભૂતના ભડકા. [લુચ્ચું.

Wily,(વાઈલી)*a* Crafty; artful: પ્રપંચી; કપટી;

Wimble,(વિમ્બલ્)*n.*A gimlet: સાયડી; કાણું પાડવાનું હથિયાર *vt.*To bore:કાણું પાડવું.

Win,(વિન્) *vt.* To gain by superiority in competition or contest:જીતવું;ફતેહ જય પામવું; જીતી લેવું.2.To allure to kindness:મેળવી લેવું; મન હરણ કરી લેવું 3.To gain over to one's side or party: પોતાની તરફ ખેંચી લેવું. *vi.* To gain the victory; to triumph: જીતવું; જય મેળવવો. *To* W. *on or upon*, to gain favor with:મન સંપાદન કરવું;નો પ્યાર મેળવવો.

Wince,(વિન્સ્)*vi.* To shrink:અંગસંકોચવું.2. To kick when unsteady of a rider: અધીરૂં થઇને લાત તરફડીઆં મારવાં.

Wind,(વાઇન્ડ્)*vt* To twine;to twist: વિંટાળવું;લપેટવું.2.To entwist:લપેટવું.3. To cover or surround with something coiled about: પર વિંટવું-લપેટવું.*To* W.*off*,to unwind:ઉકેલવું. *To* W.*out*,to extricate:છુટું ક૦.*To* W.*up*.(*a*) a coil into a ball:વિંટાળીને ગુંછળું બનાવવું.(*b*) To bring to conclusion:આટોપી લેવું;છેડો આણવો.(*c*)To put in a state of continued motion as a clock:-ને કુંચી આપવી.(*d*) (*Fig.*)To put in order anew:નીંભે તેમ ક૦ *vi.* To turn completely:-ને વિંટાળવું; લટાવું. *n.* A turn; a bend:વલણ;વાંક.

Wind,(વિન્ડ્)*n.*[L. *ventus*, a gale.] A current of air:વા;વાયરો; વાયુ; પવન; હવા, 2. Air artificially put in motion:પવન;વા;વાયરો.3. Breath:દમ;શ્વાસ. 4. Power of respiration; breath:શ્વાસ;દમ 5.Flatulence:પેટમાં થતા વાયુના ગોળા;વાયુ;આફરો.*Down the* W.,(*a*) in the direction of and moving with the wind: પવન તરફ; વાની દિશાએ. *To be in the* W., to suspect or surmise: વિશે વહેમ આવવો. *To take* W. *on to get* W. to become public: જાહેર થવું.W. *pump*, a pump,moved by a wind mill:પવન ચક્કીથી ચાલતો નળ.*vt.* To expose to the wind: પવન આવે તેમ મૂકવું; હવા આવવા દેવી.

Wind-fall,(વિન્ડ્ફૉલ્) *n.* Anything blown down or off by the wind:પવનથી પડેલું.

Winding,(વાઇન્ડિંગ્)*n.*A call by the boatswain's whistle:વહાણવટીની સીસોટીથી બોલાવવું તે.*n.*A bend;a curve:વાંક;ગલી; કુંચી;આડીવાટ *a.*Circuitous:વાંકુંચુંકું.

Winding-sheet,(વાઇન્ડિંગ્શીટ્)*n.* A sheet in which a corpse is wound:ચોફાળ;કફન.

Wind-lass, (વિન્ડ્લૅસ્) *n* A shift;a roundabout course:યુક્તિ;ફેરફાર.*vi.*To take a roundabout course:યુક્તિ કરવી. *n.* A machine for raising weights:ભાર ઉચકવાનું યંત્ર.*vi.*To raise with a windlass:દુનકલાસથી ભાર ઉપાડવો.

Windmill, (વિન્ડ્મિલ્) *n.* A mill operated by the power of the wind:પવનચક્કી-વાયુપેષણી.

Window, (વિન્ડો) *n.* An opening in the wall of a building for the light and air:બા-

રણાવાળી બારી.2.The shutter:ફરેડી;બારીનાં બારણાં *vt.*To furnish with windows:બારીઓ મુકવી.

Wind-pipe,(વિન્ડ્-પાઈપ્)*n.*The passage for the breath:શ્વાસ માર્ગ;દમ લેવાની નળી;ટટોરી.

Windward, (વિન્ડ્વર્ડ્) *n.* The side from which the wind blows:પવનની દિશા.*a.* Situated toward the point from which the wind blows:પવનની દિશાનું-તરફનું.*adv.*Toward the wind:પવન તરફ.

Windy,(વિન્ડિ)*a.*Consisting of wind:વાયુનું; પવનનું.2.Windward:પવન તરફનું. 3. Tempestuous:તોફાની.4.Caused by wind:પવનથી થએલું.

Wine,(વાઈન્)*n.*[L.*vitis*,vine.] The expressed juice of grapes *esp*, when fermented: દ્રાક્ષનો દારૂ;દ્રાક્ષરસ.2.A liquor prepared from the juice of any fruit:કોઈપણ ફળનો દારૂ.

Wing, (વિંગ્) *n.* One of the two anterior limbs of a bird:પાંખ.2. Means of flight or of rapid motion:ઉડવાનાં સાધન;પાંખ 3(*a*) A side building,less than the main edifice: ઘરની બાજુ; ગૃહપક્ષની પાંખ. (*b*) The right or left side of an army:સેના પક્ષ;સૈન્ય પક્ષ;પાર્શ્વસ્થદળ;ફોજની ડાબી અગર જમણી બાજુ. 4.Protection:રક્ષણ;આશ્રય;ઓથ;સંભાળ. *On the* w (*a*) flying: ઉડતું. (*b*) *To take* w.:ઉડી જવુ. *vt.* To furnish with wings:પાંખો આપવી; ઝડપથી ચલાવવું. 2. To supply with wings:બાજુઓ બાંધવી-ઇ૦.3 To cause to fly:ઉડતું કરવું; ઉડાવવું. 4. To fly through:માં થઈને ઉડવું. 5. To cut off the wings of:પાંખને ઘાયલ કરવી.

Winged,(વિંગ્ડ્)*a.* Furnished with wings: પાંખોવાળું.2 Soaring with wings; lofty;sublime:ઉન્નત;પ્રૌઢ.3.Swift:પવનવેગી 4. Wounded in the wing:પાંખમાં ઘાયલ થએલું.

Wink,(વિંક્)*vi* To nod;to sleep; to nap: ઉંઘવું;ઝોકાં ખાવાં.2 To nictitate:આંખ મટકાવવી; મટમટાવવી 3.To give a hint by the motion of the eyelids:આંખ મારવી. 4.To avoid taking notice (with *at*):જોયું ન જોયું અખાડા ક૦. *vt.*To cause to wink:પલકારો ક૦ *n.*The act of closing the eyelids quickly;hence,moment:પલકારો;પલ;નિમેષ. 2. A hint given by shutting the eye:આંખની ઇસારત.

Winker, (વિંકર્) *n.* One who winks: આંખનો પલકારો કરનાર. 2. A horse's blinder: ઘોડાની અંધારી.

Winning,(વિનિંગ) *a.* Attracting; charming:મોહનીહારક;મનોહર. *n.*The act of obtaining something by competition:જય;વિજય

Winnow,(વિનો) *vt.* [L. *vanus*, a fan.] To fan;to separate & drive off.ઝાટકી નાખવું 2. To separate as bad from good:સારાથી નઠારાં જૂદાં પાડવાં.

Winnowing-fan, (વિનોઇંગ્ફૅન્) *n.* A fan for separating chaff from grain:સુપડું.

Winsome, (વિન્સમ્) *a.* Cheerful; merry; gay:હસમુખું.2.Gladsome: ખુશી કરે એવું.

Winter,(વિન્ટર્)*vi.* The coldest season of the year:શિયાળો. 2. The period of decay, old age,death or the like:વૃદ્ધાવસ્થા;મૃત્યુકાળ. *vi.*To pass the winter:શીયાળો ગાળવો-કાઢવો.

Winter-beaten,(વિન્ટર્-બીટન્)*a.* Harassed by severe winter:શીયાળાની ઠંડીથી,ઈજા પામેલું.

Wintery-wintry, (વિન્ટરિ-વિન્ટ્રિ) *a.* Cold; stormy;brumal,hyemal:ઠંડા દીવસોનું શિયાળાનું.

Wipe, (વાઈપ્) *vt.* To clean by rubbing:લોહાવું;લુછવું.2.To rub off: ભૂસી નાંખવું.*n.* Act of rubbing:છેકો;ઘીસોટો. [કરે છે તે;સાફ કરનાર.

Wiper,(વાઇપર્) *n.* That which wipes: સાફ

Wire,(વાઇર્)*n.*A thread or slender rod of metal:તાર;સૂત્રવાળો;સળી. 2. A telegram,wire or cable:તાર *To pull the* w. s: રમતનાં પુતળાંઓના તાર ખેંચીને તેમને નચાવવાં. W. *rod*, a metal rod from which wire is formed by drawing:તાર ખેંચવાનો લોઢાનો સળીઓ. *vt.* To bind with wire: તાર બાંધવા. 2. To send by telegraph:તારથી સંદેશો મોકલવો.

Wire-draw,(વાઈર્ડ્રૉ)*vt.*To form into wire by drawing it:ખેંચીને તાર કરવો.

Wiry,(વાઇરિ)*a.*Made of wire: તારના જેવું.

Wis,(વિસ્)*adv.*Really;indeed:ખરેખર; ખરેખાત;નક્કી;જરૂર *vt* To think:જાણવું; વિચારવું.

Wisdom,(વિઝડમ્)*n.* Sagacity; skill; knowledge:ડહાપણ;ચતુરાઈ;શાણપણ;સમજ;બુદ્ધિ.

Wise,(વાઇઝ્)*a* Having knowledge; knowing;learned:erudite:ડાહ્યું;શાણું;બુદ્ધિમાન;જાણ; સુજાણ;અક્કલમંદ;સમજુ;વિવેકી.2 Sagacious:ચતુર.

Wiseacre,(વાઇઝેકર્)*n* A learned or wise man:મહેલોમાણસ;પંડિત;વિદ્વાન.2 A would-be wise person:દોઢડાહ્યો;અક્કલનો દુશ્મન.

Wisely,(વાઇઝ્લિ)*adv.*In a wise manner;discreetly:ડહાપણથી,વિવેકથી;વિવેક પૂર્વક;શાણપણથી.

Wish, (વિશ્) *vi.* To have a desire or yearning;to long:ઈચ્છા હોવી;ઈચ્છવું.2.To be disposed or inclined:-ની મરજી હોવી.*vt* To desire;to long for:ઇચ્છા રાખવી;ઈચ્છવું.*n.*Desire; longing:ખુશી;ઇચ્છા;મરજી;મનોરથ;મનકામના.

Wished for,(વિશ્ડ્-ફોર્)*ad.* Desired;liked: ધારેલું;ચાહેલું;ઈચ્છેલું; ઇચ્છિત;ઈષ્ટ;આકાંક્ષિત.

Wishful,(વિશ્ફુલ્)*a.* Longing:ઇચ્છાથી ભરેલું.

Wishing,(વિશિંગ્)*a.*Wishful;liking:ઈચ્છતું.

Wisket,(વિસ્કેટ્)*n* A basket: ટોપલી;ડાલી.

Wisp,(વિસ્પ્)*n.* [L. *virga*, a bundle.] A small bundle:નાની પૂળી;કુચડો;કુચલી;ઝંડળી. 2.

A whisk on small broom:નાની સાવરણી. 3. A will-o the wisp:ભૂતના ભડકા.

Wistful, (વિસ્ટ્ફુલ્) *a.* Longing; wishful; desirous:આતુર:કાળજીવાળું;ઉત્સુક.

Wit,(વિટ્)*vt.& vi.*To know;to learn:જાણવું *n.* Intellect;sense:સમજ;બુદ્ધિ; અક્કલ. 2. To be at one's *wits'* end:ના ઉપાય-ઇલાજ ખૂટી જવા; ના હાથ હેઠા પાડવા. 3. A person of eminent sense or knowledge:બુદ્ધિમાન;બુદ્ધિકુશળ;હાજરજવાબી;રસિક બોલનાર 4.*Pl* શુદ્ધિ;ભાન;હોશીયારી.

Witch,(વિચ્)*n.* Sorcerer; sorceress: ડાકણ. 2 An ugly woman;a hag:કદરૂપી સ્ત્રી. *vt.* To enchant;to bewitch:મોહ પમાડવું;જાદુ કરવું.

Witch-craft,(વિચ્ક્રેફ્ટ્)*n* Sorcery;enchantments:જાદુ;મંતર;ઇલમ;ટુચકા.

Witchery,(વિચરિ)*n.*Sorcery:જાદુ;મંતર;ચેટક.

With,(વિધ્) *Pre. With* denotes nearness proximity, association or connection: સંગાથે;જોડે;સાથે; સંગે; મદદમાં; પડખે; તરફ;-થી-થકી; લીધે;વડે;કરીને;સુદ્ધાં;સહિત.

Withal,(વિધોલ્)*adv.*With this;with that આ સાથે;તે સાથે.2.Together with this;at the same time;also:તેજ વખતે;વળી;આ ઉપરાંત.

Withdraw, (વિધ્ડ્રૉ) *vt.* To draw back;to take away:પાછું ખેંચવું;પાછું લઇ લેવું.2.To take back; to recall or retract: માંડી વાળવું;પાછું ખેંચી લેવું-જવું.*vi* To retire; to retreat;to go away:જવું;જતા રહેવું.

Withdrawalment, (વિધ્ડ્રૉઅલ્મેન્ટ્) *n.* Withdrawal:રાજીનામું;સંહાર;સંહરણ;ઉપાડ.

Withe, (વિથ્) *n.* A flexible slender twig or branch used as a band:વળે એવી ડાળી-ડખળી-ડાળ.2 A partition between flues in a chimney:પડદો.*vt.* To bind or fasten with withes:ડાળીઓથી બાંધવું.

Wither,(વિધર્)*vi.*To fade;to become sapless:કરમાઇ-ચીમળાઇ જવું.*vt* To cause to fade and become dry:કરમાવી-સુકવી નાંખવું.

Withhold,(વિધ્હોલ્ડ્) *vt.* To hold back; to restrain;to keep from action:અટકાવવું;દાબી રાખવું;અટકાવી રાખવું.

Within,(વિધિન્)*Prep.* Inside of;not without:-માં અંદર;માંહે;મધ્યે.

Without,(વિધાઉટ્)*Prep.* On or at the out side of;out of:બહાર; બહારની બાજુએ.2 Not with;otherwise than with:વિના રહિત;વગર; શિવાય *conj* Unless;except:શિવાય;વગર.*adv.* On or at the out side;outwardly; not within:બહારનું.

Withstand,(વિધ્સ્ટૅન્ડ્)*vt.* To stand against to oppose,to resist with physical or moral force:સામા થવું; રોકવું;-ની આડે આવવું;માં બાધક થવું;સાંખવું;-ખમી રહેવું.

Witless, (વિટ્લેસ્) *a.* Destitute of understanding:બુદ્ધી વગરનું;કમઅક્કલ;મતિ-બુદ્ધિહીન.

Witling,(વિટ્લિંગ્) *n.* A person who has little wit:કમ અક્કલવાળો પુરૂષ.

Witness,(વિટ્નેસ્)*n.* Testimony: સાખ; સાહેદી; સાક્ષી.2 That which furnishes proof: સાક્ષી;સાહેદ.3 One who is cognisant:પ્રત્યક્ષ-નજરે જોનાર: સાક્ષાત્ દ્રષ્ટા. *vt.* To see or know by personal presence: પોતે-જાતે-પોતાની નજરે જોવું. 2. To testify to:સાક્ષી પુરવી. *vi.* To testify:સાક્ષી પુરવી.

Witsnapper (વિટ્સ્નૅપર્)*n.*Witcracker: હાજર જવાબ આપવાનું ડોળ ઘાલનાર;હાજર જવાબી.

Witticism,(વિટિસિઝમ્ *n.*A conceit;a witty saying:હાસ્યજનક વાકય;ટુચકો;નર્મ ભાષણ.

Wittily,(વિટિલિ)*adv.*Wisely;artfully:રસિકપણે;હાસ્યજનક રીતે;બુદ્ધિ;કૌશલ્ય પૂર્વક.

Wittingly, (વિટિંગ્લિ) *adv.* Knowingly; by design:જાણી જોઇને-બુજીને;જાણીને;બુદ્ધિપૂર્વક.

Witty,(વિટિ)*a.* Wise;skilful:ડાહ્યો; હુંશીઆર; ચતુર;પક્કુ.2 Humorous;satirical: વિનોદી;ઠઠ્ઠેબાજ;પરિહાસજનક.

Wizard,(વિઝર્ડ્)*n.*A magician;a conjurer: જાદુગર;ઈલમી;ઈલમબાજ *a.* Charming:મનોહારી.

Wizen,(વિઝન્) *vi.* [L. *virus*, poison.] To wither;to dry:સુકાઇ જવું;કરમાઈ જવું *a.*Withered:સુકાઇ ગએલું.

Woe,(વો)*n* Grief,sorrow;misery: દુઃખ; ક્લેશ; ખેદ. 2. A curse: શ્રાપ; શાપ. **W.,** *worth the day:* બન્યો તે દુઃખનો દિવસ. *a.* Woeful; sorrowful:દુઃખી;ખેદકારક.

Woe-be-gone,(વો-બી-ગૉન્)Beset with woe; woeful:દુઃખના દરીઆમાં બુડેલું.

Woeful,(વોફુલ) *a.* Full of woe;sorrowful: દુઃખી;કષ્ટી;દુઃખાન્વિત:દુઃખનું;આપત્તિનું.

Wolf,(વુલ્ફ્)*n* Any one of several species of wild and savage carnivores belonging to the genus canis and closely allied to common dog:વરૂ. [ક્રૂર-વિકરાળ;ઘાતકી.

Wolfish,(વુલ્ફિશ્)*a.* Like a wolf: વરૂના જેવું;

